

गीधीती





DANDI MARCH: Gandhiji with seventy-nine followers — *By Nandalal Bose*

ગાંધીજી

તેમનું જીવન અને કાર્ય



મુદ્રક અને પ્રકાશક
ઈન્દ્રવદન બળવંતરાય ઠાકોર
પ્રજાબંધુ પ્રેસ · રેવડી બજાર
અમદાવાદ

રંગચિત્રો, ચિત્રો, છબીઓ,
જેકેટ અને નકશાઓ
સંપાદકો તરફથી મુદ્રિત

મૂલ્ય રૂપિયા સાડાબાર

લોક પ્રકાશન લિમિટેડ · અમદાવાદ

બે બોલ

આ સાહસને સારૂ મારી પ્રસ્તાવનાની યોગ્યતા કોણ સ્વીકારે ? પણ દરિદ્રનારાયણની કોથળી ભરાય તો મને શો વાંધો હોઇ શકે ? પુસ્તક કંઇ મને ભેટ આપવા સારૂ નથી થતું. તે વેચીને જે ઉપજ થાય તે દરિદ્રનારાયણની થેલીમાં જાય. હું બે બોલ લખું તો જરૂર હેતુની સફળતામાં મદદ મળે. આટલી લાલચ મારે સારૂ બસ હતી. આ પુસ્તકમાં અહિંસા, સત્ય ઈ. વિષેના મારા વિચારો બરોબર અપાયા હશે તો મારી ખાત્રી છે કે એના પ્રચારથી લાભ જ થશે. લખનારનાં નામો મેં જોયાં છે એ ઉપરથી માનું છું કે મારા વિચારોને તેઓએ ન્યાય આપ્યો હશે.

મોહનદાસ ગાંધી

...આઝાદીના દ્વારે

ગાંધીનું વ્યક્તિત્વ પશ્ચિમને માટે સહજગમ્ય નથી. કેટલાક તેમની ભર્ત્સના કરે છે, કેટલાક ઉપેક્ષા કરે છે અને જેઓ શાણા છે એ પ્રશંસા કરે છે. મહાન વિભૂતિઓના બોધને એમણે શબ્દશઃ અપનાવી ને આચરી બતાવ્યો હોવાને લઈને ખુદ ખ્રિસ્તીઓ પણ એમના સામે દિઙ્મૂઢ બની જાય છે અને એમની નિંદા થવા પામે છે. પરંતુ સઘળીજ મહાન વ્યક્તિઓની નિંદા અને ભર્ત્સના તથા ક્યારેક તો ઉપહાસ થવા પામ્યાં છે. ગાંધીની એ મહત્તા છે કે એમણે ભર્ત્સનાની ઉપેક્ષા કરતા રહીને હાસ્યનો અંગીકાર કરેલો છે તથા પંડે સ્વસ્થતા જાળવી રાખી છે. ગમે તેમ પણ એ પંડ હજુ યે અવિચલિત છે, જ્યારે ઉપહાસ નાબૂદ થતો જાય છે અને ભર્ત્સના વિફળ બનતી જાય છે.

મારે મને તો ગાંધી, એમના પોતાના વ્યક્તિત્વ દ્વારા, હિંદ જે કંઈ છે તેની અભિવ્યક્તિરૂપ રહ્યા છે. વિશેષાંશે એ આપણે જે કંઈ છીએ તેનું તે જ છે, માનવભાવયુક્ત છતાં શોધ શીલ, પરિવર્તનશીલ છતાં સાતત્યશીલ, વ્યવહારશીલ અને સ્વપ્નશીલ, ચકોર અને નિઃસ્વાર્થ. પરંતુ ગાંધીમાં રહેલાં વિરોધાભાસ અને વૈવિધ્ય હિંદનાં લાક્ષણિક રહ્યાં છે, અને જે કંઈ વિરોધાભાસી જણાય છે તે સર્વમાં જે એકવાક્યતા રહેલી છે તે હિંદની અગાધ એકવાક્યતા હોવાની સાથોસાથ એમનામાં સ્વાતંત્ર્યનો સંકલ્પ અને અવિજેય-દેહની બંધનવશતા છતાં મુક્ત એવો આત્મા રહેલ છે.

ગાંધી સંબંધે શક્ય એટલું બધું જાણી કાઢીને, એમને સમજવાનો પ્રયત્ન કરીને, હિંદના સઘળા વિરોધાભાસો છતાં, હિંદને કંઇક અંશે પણ સમજી શકી છું.

પોતાની પ્રજાની કલગીરૂપે કોઈ એક જ વ્યક્તિનો થતો આવો આવિર્ભાવ હમેશાં સૂચક હોય છે. એ એક જ માનવમૂર્તિ

દ્વારા પ્રજાનું શુદ્ધીકરણ થઈ રહ્યું હોવાનો જ એનો અર્થ નથી થતો. એનો અર્થ એ પણ થાય છે કે પ્રજા શુદ્ધીકરણ માટે તત્પર બની છે, નહિતર તો એવી મૂર્તિ એ નીપજાવી જ શકી ન હોત. પ્રજા પોતે શું માગે છે એથી એને સજ્ઞાત થવામાં ગાંધીએ સહાય કરેલ છે અને સ્વાતંત્ર્યના પથે એનું દૃઢ પદારોપણ કરાવ્યું છે, પરંતુ એમના એમ કરવા પહેલાં, એ પોતે તેમની સ્ફટિકીકરણ પામી રહેલી સ્વાતંત્ર્યેચ્છાની નીપજરૂપ હતા. એ તેમની આકાંક્ષાઓનું પોતાનામાં સમન્વય થવા દેવા તત્પર ન રહ્યા હોત તો એ આકાંક્ષાઓનું વાહન ન બની શક્યા હોત. હિંદની પ્રજા જે માગે છે અને પોતે જે છે તે એમણે અભિવ્યક્ત કરેલ છે.

તાત્પર્ય એ કે, માનવ ઇતિહાસમાં થઇ ગએલા મહાનમાં મહાન પ્રજાકીય નેતાઓમાંના એ એક છે. એવો નેતા, પોતાની નિસર્ગદત્ત શક્તિ દ્વારા પ્રજાની આવશ્યકતા અનુભવનાર અને એની આકાંક્ષાને વ્યક્ત કરનાર એક સમર્થ વ્યક્તિના જન્મ સાથે પ્રજાની એ આવશ્યકતા તથા આકાંક્ષાના થતા સંગમમાંથી જ ઉદ્ભવે. મને કદી ક્ષણવારને માટે પણ એ સંદેહ નથી થતો કે ગાંધીના ઉદ્દેશો સિદ્ધ થશે જ. એમણે એમની પ્રજાને ખુદ આઝાદીના દ્વારે આણી મૂકેલ છે. એ દ્વાર જો ખોલવામાં આવતાં ન હોય, તો હિંદના લોકો એ ખોલવાના.

પર્લ એસ. બક

ગાંધી વિષે આઇન્સ્ટાઇન

કશા બાહ્યાધિકારના ટેકા વિના એમની પ્રજાના નેતા; એવા એક રાજદ્વારી કે જેમની સફળતા કશી હુન્નરી તરકીબો વિષયકચાતુર્ય કે વર્ચસ્વ પર નહિ પરંતુ કેવળ તેમના વ્યક્તિત્વના પ્રતીતિકર સામર્થ્ય પર નિર્ભર છે; બળના પ્રયોગને સદા તિરસ્કારતા આવેલા એક વિજયી લડવૈયા, નિશ્ચયાત્મકતા તથા અધિકારી સુસંગતતાથી સજ્જ એવા પ્રજ્ઞ અને નમ્ર આદમી કે જેમણે પોતાની સઘળી શક્તિ પોતાની પ્રજાના ઉદ્ધાર તથા તેની સ્થિતિની સુધારણા પાછળ ખર્ચેલ છે; એવા એક પુરુષ, જેમણે એકાદ અદના માનવીના ગૌરવપૂર્વક યુરોપની પાશવતાનો સામનો કરેલ છે, અને એ રીતે સર્વદા શ્રેષ્ઠતાને વર્યા છે.

સંભવ છે કે, આવતી પેઢીઓના કદાચ એ માન્યામાં પણ ભાગ્યે જ આવે કે આવો કોઈક ક્યારે યે આ પૃથ્વી પર સદેહે વિચરતો હતો.

એ. આઈન્સ્ટાઈન

સંપાદકો તરફથી

બાપુને અપાએલી અંજલિઓનો આ ગ્રંથ નથી; એમને એવા ગુણાનુવાદની જરૂર પણ નથી. બાપુ અટકાયતમાં હતા ત્યારે, એમને જન્મજયંતીના અભિનંદન રૂપે, આ ગ્રંથની યોજના કરવામાં આવેલી. એમની ૭૫ મી જન્મજયંતીના અવસરે એમના પ્રત્યેની કૃતજ્ઞતાનું આ એક પ્રતીક છે.

અહીં અમે જગતના વિચાર તથા પ્રગતિમાં ખાસ કરીને હિંદની તરક્કીમાં એમનો જે સ્થાયી હિસ્સો રહેલો છે તેનું પુનઃ મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરેલો છે.

પશ્ચિમને માટે બાપુની જે સૂચકતા રહેલી છે તે, આપણા યુગના ઉદાત્ત આત્માઓમાંનાં બે આલબર્ટ આઇન્સ્ટાઇન તથા પર્લ એસ. બકના અમને મળેલા સંદેશામાં સૌથી સુંદર રીતે વ્યક્ત થઈ છે. હિંદમાંનાં આપણ કરોડોને માટેની એમની સૂચકતા જવાહરલાલ નહેરુ દ્વારાજ સર્વોત્તમ રીતે વ્યક્ત થઈ શકે, અને બાપુના વ્યક્તિત્વનો એમનો અંદાજ એમની આત્મકથામાંથી પુનઃ પ્રકટ કરવાનું શકય બન્યું છે તે બદલ અમે આભારી છીએ.

બાપુના તો, અમે, કસ્તુરબાની જીવનકથા એમના પોતાના શબ્દોમાં કહેવા દેવા બદલ, અત્યંત ઋણી છીએ.

આ ગ્રન્થની મર્યાદાઓ દેખીતી જ છે. પોતાના ગાઢ અનુભવ અને જ્ઞાનના લાભ વડે આ ગ્રંથને સમૃદ્ધ બનાવી શકત એવા બાપુના ઘણાખરા નજીકના સહવાસીઓ જેલના સળિયા પાછળ છે. એમ છતાં આમાંના લેખો બાપુનો પ્રભાવ કેટલો વ્યાપક છે તે દર્શાવી રહે છે. લેખકોનો તેમના ઉદાર સહકાર બદલ અમે આભાર માનીએ છીએ.

જુદી જુદી—અંગ્રેજી તથા હિંદની—ભાષાઓમાંની આ ગ્રન્થની આવૃત્તિઓના વેચાણનો ચોખ્ખો નફો બાપુને, તેમને પ્રિય એવા કાર્યો અર્થે અદના હિસ્સા તરીકે, સમર્પિત થનાર છે.

સંપાદકો

ડી. જી. તેંડુલકર · એમ. ચલપતિ રાવ · મૃદુલા સારાભાઇ · વિઠ્ઠલભાઈ ઝવેરી

પ્રકાશકની નોંધ

'ગાંધીજી: તેમનું જીવન અને કાર્ય' એ અંગ્રેજી ગ્રંથનાં સંપાદકોની અનુમતિથી તેનું આ ગુજરાતી પ્રકાશન અમે સાદર કરીએ છીએ. અંગ્રેજી ગ્રંથનો ઉઠાવ અને છટા જાળવવા અમે પૂરો પ્રયત્ન કર્યો છે છતાં તેમાં તે અસરકારકતા ન જણાય તો અમે દરગુજર ચાહીએ છીએ. અંગ્રેજી ગ્રંથ પાછળના સંપાદકોનાં શ્રમને આ ગુજરાતી પ્રકાશનથી અન્યાય ન પહોંચે તે માટે આની ત્રુટીઓને અમારી લેખવા સૌને વિનવીએ છીએ. અંગ્રેજી પ્રકાશનની સાથોસાથ જ આ ગુજરાતી ગ્રંથનો પ્રારંભ તો અમે કર્યો હતો, પરંતુ અંગ્રેજી પ્રકાશનોને સાંપડતી સુલભતાને અભાવે ગુજરાતી પ્રકાશનમાં વિલંબ અનિવાર્ય બન્યો છે.

ગાંધીજીના વિચારો અને ગાંધીજીના પત્રો એવા બે નાના વિભાગો અંગ્રેજી ગ્રંથમાં આપેલા છે. એ વિભાગોમાં ગાંધીજીના લેખોનું દોહન અને તેમના પત્રોનું અવતરણ છે. આ અનુવાદમાં એ વિભાગો અમારે જતા કરવા પડયા છે. અસલ ગુજરાતીમાં લખાયેલાં એ મોટા ભાગનાં લખાણોને અનુવાદ થયેલા અંગ્રેજીમાંથી પુનઃ ગુજરાતીમાં ઉતારવાનું અમને અનુચિત લાગ્યું છે, અને પ્રયત્નો છતાં તે બધાનું અસલ કે અધિકૃત ગુજરાતી ઉપલબ્ધ નહિ થવાથી ગાંધીજીનાં લખાણોનો ગુજરાતીમાં ત્રીજો અવતાર કરીને રજૂ કરવાની ધૃષ્ટતા અમે નથી કરી શકયા.

અનુવાદ એક જ કલમે થાય એવી ઇચ્છા અને પ્રયત્ન હતાં, પરંતુ એ રીતે પ્રકાશનના કાર્યને પાર પાડવામાં ખૂબ વિલંબ થવાનો ભય લાગતાં એ કામની વહેંચણી કરવી પડી છે. ગ્રંથનો મુખ્ય અને મોટો ભાગ ગાંધી સાહિત્યના સારા અભ્યાસી શ્રી. અશોક હર્ષને હાથે અનુવાદ થવા પામ્યો છે. અમને વિશ્વાસ છે કે તેમની લેખિની વાચકોને રોચક બનશે. અને શ્રી. કપિલરાય મહેતા, શ્રી. યશવંત શુકલ, શ્રી. રણછોડલાલ લીલાધર અને શ્રી. મોહનલાલ શેઠે બાકી રહેલો અનુવાદનો બોજ ઉપાડયો છે.

ગ્રંથના નફા વિષે તેના સંપાદકોએ સ્પષ્ટતા કરેલી જ છે, આ ગુજરાતી પ્રકાશન પ્રમાણમાં સસ્તી કિંમતે બહાર પાડવામાં આવ્યું છે છતાં જે કાંઈ નફો રહેશે તે બધો ગાંધીજીને ભેટ ધરવામાં આવશે. વાચનની દૃષ્ટિએ અને તેની પાછળ રહેલા ઉદાત્ત હેતુની દૃષ્ટિએ ગુજરાત આ પ્રકાશનને આવકારશે એવી અમને શ્રદ્ધા છે.

પ્રકાશક

લેખાનુક્રમ

પાનું

પાનું



ચિત્રાનુક્રમ





ભારતનો પ્રાણ

જવાહરલાલ નેહરુ

સુકલકડી દેહના આ નાના શા માનવીમાં કશુંક એવું પોલાદી, કશુંક એવું અડીખમ રહેલું છે, જે ચાહે તેવા મહાન ભૌતિક સામર્થ્યને પણ વશ નથી થતું. અને કશી છાપ ન પાડે એવો દેખાવ તથા ખુલ્લું શરીર અને લંગોટી છતાં એનામાં એવી ઉદાત્તતા તથા સર્વશાસકતા રહેલી છે, જે બીજાઓની આપોઆપ વંદના માગી લે છે સભાનપણે અને વિચારપૂર્વક નમ્ર અને સૌમ્ય હોવા છતાં એ સત્તા અને અધિકારથી ખચિત હતા અને એ પોતે તેથી વાકેફ હોઇને ક્વચિત કડક બની એવાં ફરમાનો બહાર પાડતા જે પાળ્યે જ છૂટકો. એની શાંત ઊંડી આંખો કોઇને પણ મંત્રમુગ્ધ બનાવી રાખી ધીમે રહીને તેનું અંતર ફંફોસી વળે; એનો ચોખ્ખો અને સ્પષ્ટ અવાજ હૃદયપર્યંત પોતાનો માર્ગ આસાન બનાવીને લાગણીભર્યો પ્રત્યુત્તર જગાવે. એમનો શ્રોતાગણ એક જણનો બનેલો હોય કે એક હજારનો, પરંતુ એ પુરુષની મોહકતા તથા આકર્ષકતા તેના પર્યંત પહોંચ્યા વિના ન રહેતાં, અને પ્રત્યેકને વક્તા સાથે આત્મીયતાની લાગણી થતી. જોકે મગજ પરની અસરની પણ તદ્દન અવગણના કરવામાં નહોતી આવતી, છતાં આ લાગણીને મગજ સાથે બહુ લાગતુંવળગતું નથી. મગજ અને બુદ્ધિનું સ્થાન અવશ્ય ગૌણ રહેતું.

'મંત્રમુગ્ધતા'ની આ પ્રક્રિયા કશા વાક્પ્રભાવ કે મૃદુ શબ્દાવલિની મોહનીથી સાધ્ય નથી થયેલી. ભાષા સદા સાદી અને મુદ્દાસર જ રહેતી, અને ભાગ્યે જ કશો બિનજરૂરી શબ્દ વાપરવામાં આવતો. એ વ્યક્તિ તથા તેના વ્યક્તિત્વની કેવળ નિખાલસતા જ આકર્ષી રાખે તેવી હતી; શક્તિના અતુલ આંતરિક સંચયની છાપ એ પાડતી. એની આસપાસ રચાયેલી પરંપરા પણ કદાચ અનુકૂળ વાતાવરણ સર્જવામાં સહાયક હતી. આ પરંપરાથી અજ્ઞાન અને પરિસ્થિતિને સુસંગત નહિ એવા કોઈ ત્રાહિતને કદાચ આ મુગ્ધતા કશી લાગણી ન પ્રેરે, અથવા, કંઈ નહિ તો, એટલી હદે તો નહિ જ. અને તેમ છતાં યે, પોતાના વિરોધીઓને જીતી લેવાની અથવા કમમાં કમ તેમને નિઃશસ્ત્ર બનાવી દેવાની વસ્તુ ગાંધીજી વિષેની સૌથી નોંધપાત્ર વસ્તુઓમાંની એક હતી અને હજુ યે છે.

નૈસર્ગિક સૌન્દર્યને વખાણવા છતાં ગાંધીજીને માનવનિર્મિત પદાર્થોમાં સૌન્દર્ય કે કલાચાતુર્યનો બહુ ઓછો ભાવ રહેલો. તાજમહાલ એ એમને માટે ફરજિયાત મજૂરી તથા તેથી કંઈક વિશેષનું મૂર્તિમાન સ્વરૂપ હતું. તેમની પારખશક્તિ બહુ કાચી હતી. અને તેમ છતાં પોતાની રીતે એમણે જીવવાની કળા શોધી કાઢી અને પોતાના જીવનને સમગ્રતયા કલાત્મક બનાવ્યું. એમના પ્રત્યેક હાવભાવમાં કશી કૃત્રિમતા વિનાનાં તાત્પર્ય તથા ચારુતા રહેલાં. આપણા મધ્યમવર્ગો કમનસીબે જેમાં ટપી જાય છે એવા કશા ખૂણાખાંચરા એમના જીવનમાં નથી, અસભ્યતા કે સામાન્યપણાનો અંશ સુધ્ધાં નથી. આંતરિક શાંતિ જડી ગયા

પછી તેમણે બીજાઓ તરફ તેનો સંચાર કર્યો અને જીવનના જટિલ માર્ગોએ થઈને દૃઢ અને અપ્રતિહત પગલે આગળ ધપ્યા.

વક્તૃત્વ તથા સમજાવટની આટલી વિપુલ શક્તિ ધરાવતા ગાંધીજીએ એ સઘળી શક્તિપૂર્વક અહિંસાનો, શાંતિપૂર્ણ અસહકારનો માર્ગ અપનાવવાની હિમાયત કરવા માંડી. એમની ભાષા સાદી અને અનલંકૃત રહેલી, એમનાં સ્વર તથા સ્વરૂપ કશી પણ ઊર્મિલતાથી રહિત, સ્પષ્ટ તથા શાંત રહેલાં, પરંતુ એ હિમશીત બાહ્યાવરણ પાછળ પ્રજ્વળતી આગ અને એકાગ્રવૃત્તિનો તાપ રહેલો, તેમજ તેમના બોલેલા શબ્દો આપણા મન તેમજ હૃદયના અંતસ્તમ ઊંડાણપર્યંત પહોંચીને ત્યાં અનનુભૂત આવેશ પ્રેરી રહેતા. એમણે નિર્દેશેલો માર્ગ કઠોર અને મુશ્કેલ હતો, પરંતુ એ વીરોચિત માર્ગ હતો, અને સ્વાતંત્ર્યની તીર્થભૂમિ ભણી દોરી જતો લાગતો.

લોકો પરના પોતાના આશ્ચર્યકારક તથા લગભગ અનિવાર્ય એવા આકર્ષણ તથા અપ્રતિમ પ્રભાવથી યુક્ત ગાંધીજી કેવા અદ્ભુત પુરુષ હતા. એમનાં લખાણો તથા ઉક્તિઓ એ પાછળ રહેલી વ્યક્તિનો બહુ ઓછો ખ્યાલ આપતાં; એ પરથી એમના વિષે બંધાતા ખ્યાલ કરતાં એમનું વ્યક્તિત્વ વધુ મહાન હતું. અને હિંદની કેટલી વિપુલ સેવા એમણે બજાવેલી! તેની પ્રજામાં એમણે હિંમત અને મર્દાનગી, શિસ્તબદ્ધતા અને સહનશીલતા, સાધ્ય અર્થે હસતે મોંએ આત્મસમર્પણનું સામર્થ્ય તેમજ પોતાની સઘળી વિનમ્રતા છતાં ગર્વ પણ પ્રેરેલાં. તેમણે જણાવેલું કે, નિર્ભયતા એ ચારિત્ર્યનો એક અચૂક પાયો છે. નિર્ભયતા વિના કશી નીતિ, કશો ધર્મ, કશો પ્રેમ ન સંભવે. 'ભયને પાત્ર રહ્યો હોય ત્યાં સુધી સત્ય કે પ્રેમનું અનુસરણ કોઈ ન કરી શકે.' હિંસા પ્રત્યેની આટલી બધી ઘૃણા છતાં તેમણે આપણને જણાવેલું કે 'નામર્દાઈ એ તો હિંસા કરતાં પણ વધુ ધિક્કારપૂર્ણ વસ્તુ છે.' અને, 'શિસ્ત એ તો વ્યક્તિની કાર્યતત્પરતા અંગેની વચનબદ્ધતા તથા ગેરંટી છે. આત્મસમર્પણ, શિસ્ત કે આત્મનિગ્રહ વિના કશી મુક્તિ કે આશા નથી. શિસ્ત વિનાનું આત્મસમર્પણ નિષ્ફળ નીવડવાનું.' એકલા શબ્દો જ, અને ઉત્કટ, કદાચ કંઈક અંશે ચર્વિતચર્વણરૂપ વાકયો, છતાં એ શબ્દો પાછળ સામર્થ્ય રહેલું અને હિંદને પ્રતીત થયેલું કે આ લઘુ માનવી ખરેખર કાર્ય કરવા માગતો હતો.

આશ્ચર્યજનક હદે એ હિંદનું પ્રતિનિધિત્વ ધરાવતા તથા એ પ્રાચીન અને સંતપ્ત ભૂમિના સાચા પ્રાણને અભિવ્યક્ત કરતા બની રહ્યા. પ્રાયઃ એ પોતે જ હિંદ હતા, અને એમની નિષ્ફળતાઓ એ હિંદની જ નિષ્ફળતાઓ હતી. એમનો અનાદર એ ભાગ્યે જ એમની અંગત બાબત રહેલી, રાષ્ટ્રભરનું એ અપમાન હતું; અને આવી ઘૃણાસ્પદ ચેષ્ટામાં મગ્ન રહેતા વાઈસિરોયો તથા બીજાઓને ભાગ્યે જ ખ્યાલ રહેતો કે પોતે કેવો ભયંકર પાક પકવી રહ્યા હતા. ઈ. સ. ૧૯૩૧ માં ગોળમેજી પરિષદમાંથી પાછા વળતી વખતે પોપે ગાંધીજીને મુલાકાત આપવાની પાડેલી ના જ્યારે પહેલવહેલી મારે કાને પડી ત્યારે કેવો આઘાત લાગેલો તે હજુ મને સાંભરે છે.

ગાંધીજીનો અંગત પરિચય જેમને નથી અને માત્ર તેમનાં લખાણો જ વાંચ્યાં છે, એવા લોકો, સહેજે માની લે કે તેઓ એકાદ ધર્માચાર્ય સમા ખૂબ ચોખલિયા, સોગિયા, પ્રારબ્ધવાદી, નિરુત્સાહપ્રેરક એકાદ કષાયધારી મૂર્તિ સમા હશે. પરંતુ પ્રારબ્ધવાદી ધર્માચાર્ય કરતાં એ તદ્દન વિરુદ્ધ જ કોટિના છે. એમનું સ્મિત આહ્‌લાદક છે, એમનું હાસ્ય પોતાનો પાશ લગાડનારું છે અને એ પોતે પ્રફુલ્લતા ફેલાવતા રહે છે. એમના વિષે શિશુસદૃશ એવી કશીક મોહકતા રહેલી છે. જે સ્થાને એ પ્રવેશે છે ત્યાં પોતાની સાથે તાઝગીભરી હવા લેતા આવે છે, જે વાતાવરણને હળવું બનાવી દે છે.

હિંદના ખેડૂત સમુદાયના એ પ્રતિનિધિ છે; એવા લાખો લેખેની પ્રકટ–અપ્રકટ ઇચ્છાના એ સારાંશરૂપ છે. કદાચ પ્રતિનિધિત્વ કરતાં પણ એમનામાં વિશેષતા છે; કારણ કે એ વિશાળ સમુદાયના એ આદર્શમૂર્તિ છે. અલબત્ત, એ પોતે સરેરાશ ખેડૂત નથી. તીક્ષ્ણ બુદ્ધિમત્તા, પરિષ્કૃત લાગણી, ઉત્કૃષ્ટ રસવૃત્તિ અને વિશાળ દૃષ્ટિ ધરાવતા; ખૂબ માનવભાવી અને છતાં પોતાની વૃત્તિઓ અને લાગણીઓના દમન દ્વારા તેમનું સમૂર્ધ્વીકરણ સાધીને તેમને આધ્યાત્મિક પ્રવાહમાં યોજનાર એકાદ યોગી સમા; ચુંબક પેઠે લોકોને પોતાની તરફ આકર્ષતું પ્રચંડ વ્યક્તિત્વ; અને જલદ વફાદારી તથા આસક્તિ માગતી આ વ્યક્તિ—ખેડૂતને માટે આ બધું તદ્દન અણછાજતું અને તેના ગજા ઉપરાંતનું છે. અને આ બધું છતાં એ મહાન ખેડૂત છે, બનતા બનાવો પ્રત્યે ખેડૂતનો દૃષ્ટિકોણ ધરાવે છે, અને જીવનની કેટલીક બાજુઓ પ્રત્યે ખેડૂતના જેવી જ ઉપેક્ષાવૃત્તિ ધરાવે છે. પરંતુ હિંદ એ ખેડૂત હિંદ છે, અને એને લઈને પોતાના હિંદને એ વધુ સારી રીતે પિછાણે છે, અને એના સહેજસરખા સંક્ષોભનો જવાબ વાળે છે, પરિસ્થિતિનો ચોક્કસ અને બહુધા અંતઃપ્રેરણાપૂર્વક તાગ પામી લે છે અને યોગ્ય મનઃસ્થિતિની પળે જ કાર્ય કરવાની કુનેહ ધરાવે છે.

માત્ર બ્રિટિશ સરકારને નહિ, પણ તેમની પોતાની પ્રજાને તથા તેમના અત્યંત નજીકના સહકારીઓને પણ એ કેવા મૂંઝવનારા અને સમસ્યારૂપ થઈ પડયા છે! કદાચ બીજા બધા દેશોમાં આજે એ જૂનવાણી સ્વરૂપના બની રહે, પરંતુ પાપ, મુક્તિ અને અહિંસાની વાતો કરતા એ પેગંબરી–ધાર્મિક પ્રકારના માનવીને હિંદ હજુ સમજતું અથવા કંઈ નહિ તો એમનો આદર કરતું રહ્યું છે. આત્મસમર્પણ તથા સ્વેચ્છાપૂર્વકના આત્મદમનના તપોબળ વડે જમા કરેલા ‘પુણ્યરાશિ’ દ્વારા કેટલાક ગૌણ દેવતાઓનાં સિંહાસનો ડોલાવી દેનાર અને સ્થાપિત શાસનને ઉથલાવી પાડનાર ઋષિઓની વાતોથી હિંદી પુરાણકથાઓ ભરેલી છે. આધ્યાત્મિકતાના અતલ ભંડારમાંથી આવતાં હોય એવાં ગાંધીજીનાં અદ્‌ભુત શક્તિ અને આંતરિક સામર્થ્ય મેં નીરખ્યાં છે, ત્યારે આ પુરાણકથાઓ મને ઘણી વાર સાંભરી આવી છે. દેખીતી રીતે જ એ જગતના ચલણી સિક્કામાંના નહિ પરંતુ કોઈ જુદા જ અને વિરલ પ્રકારે મુદ્રિત થયેલા હતા અને અજ્ઞેયત્વ અનેક વાર એમનાં નેત્રોમાંથી તગતગી રહેતું.

હિંદ, ખુદ શહેરી હિંદ, નવા ઔદ્યોગિક ભારત સુધ્ધાં પર ખેડૂતની છાપ રહેલી

હોઈને પોતાના આ પુત્રને પણ આટલી હદે આત્મસદૃશ છતાં તેટલે જ અંશે ભિન્ન બનાવવો એ તેમને માટે સહજ હતું. એક આરાધ્ય અને સર્વપ્રિય નેતા તરીકે એણે પુરાણાં અને અર્ધ વિસ્મૃત સ્મરણોને પુનઃ સ્મૃતિમાં આણ્યાં અને તેના પોતાના આત્માનો તેને સાક્ષાત્કાર કરાવ્યો. વર્તમાનકાળની ઘોર કંગાલિયતથી કચડાયેલી ભારતમાતાએ નિઃસહાય બડબડાટમાં તથા ભૂત અને ભાવિનાં ધૂંધળાં સ્વપ્નોમાં જ આશ્વાસન શોધવાનો પ્રયાસ કરેલો; પરંતુ એ આવ્યો અને એના ચિત્તને આશાતા તથા ખૂબ જર્જરિત દેહને સામર્થ્ય પ્રદાન કર્યાં—અને ભાવિ એ તેને માટે એક સુરમ્ય દર્શન બની ગયું. દ્વિશીર્ષ ગ્રીક દેવ જેનસની માફક ભારતમાતા, પાછળ ભૂતકાળ તથા આગળ ભવિષ્ય એમ બંનેમાં નજર પરોવતી એ બેઉના સમન્વયનો પ્રયાસ કરવા મંડી.

આપણામાંના અનેકો આ ખેડૂત-દૃષ્ટિથી વેગળા પડી ગયા છે અને આચારવિચાર તથા ધર્મનાં પુરાણાં સ્વરૂપો આપણને અપરિચિત જેવાં બની ગયાં છે. આપણે આપણી જાતને આધુનિક ગણાવવા લાગ્યા અને 'પ્રગતિ' તથા ઉદ્યોગીકરણ, ઊંચું જીવનધોરણ તથા સમુદાયીકરણના પર્યાયમાં વિચારવા લાગ્યા. ખેડૂતનો દૃષ્ટિકોણ આપણે પ્રત્યાઘાતી ગણવા લાગ્યા, અને કેટલાક, વધતી જતી સંખ્યામાં, સમાજવાદ તથા સામ્યવાદની હિમાયત કરવા લાગ્યા. તો પછી આપણે રાજકીય નજરે ગાંધીજી સાથે શી રીતે જોડાવા પામ્યા અને ઘણા દાખલાઓમાં તો તેમના ચુસ્ત અનુયાયીઓ કેમ બન્યા? આનો જવાબ આપવો મુશ્કેલ છે, અને ગાંધીજીને ન ઓળખનારાને કોઈ જવાબ સંતોષી શકે તેમ નથી. વ્યક્તિત્વ એ એક અવ્યાખ્ય ચીજ, માનવ આત્માઓ પર શાસન કરતું કોઈ અસામાન્ય પરિબળ છે, જેની સંપૂર્ણ માત્રા તેમનામાં રહેલી છે, અને તેમની સમક્ષ આવનારને ઘણી વાર તેઓ જુદા જ સ્વરૂપે દેખાય છે. લોકોને એમણે આકર્ષ્યા, પણ અંતતઃ તો તેમને ત્યાં આકર્ષીને ત્યાં જ જકડી રાખનાર તેમની માનસિક પ્રતીતિ જ હતી. એ લોકો જિંદગીની એમની ફિલસૂફીથી કે એમના ઘણાખરા આદર્શોથી પણ સંમત નહોતા. ઘણી વાર તો એમને સમજી પણ શકતા નહિ. પરંતુ એ જે કાર્ય સૂચવતા એ બુદ્ધિપૂર્વક સમજી તથા ચકાસી શકાય એવા ગ્રાહ્ય સ્વરૂપે. આપણા નિર્માલ્ય રાજકારણે પોષેલી નિષ્ક્રિયતાની લાંબી પરંપરા પછી કશી પણ સક્રિયતાને વધાવી લેવામાં આવી હોત; પરંતુ નૈતિક ઓજસ ધરાવતી નિર્ભય અને પ્રભાવપૂર્ણ સક્રિયતામાં મન તથા હૃદય બંનેને માટે અપ્રતિકાર્ય એવી ચોટ રહેલી. રફતે રફતે એમણે કાર્યના વાજબીપણાની પ્રતીતિ આપણને કરાવી આપી અને આપણે એમની ફિલસૂફીથી સંમત ન હોવા છતાં એમની સાથે થયા. કાર્યને તેના ઉદ્દિષ્ટ વિચારથી અલગ પાડવાની પ્રક્રિયા કદાચ વાજબી નહોતી અને પાછળથી માનસિક ઘર્ષણ તથા મુશ્કેલી તરફ જ દોરી જાય તેમ હતી. ગાંધીજી એ મુખ્યત્વે કાર્યપ્રાણ વ્યક્તિ હોઈને તથા બદલાતી પરિસ્થિતિની સારી પેઠે તમીજ ધરાવતા હોઈને, આપણે એવી કંઈક અસ્પષ્ટ આશા સેવેલી કે આપણને વાજબી લાગતા માર્ગે તે આગળ વધશે. —અને દરેકોઈ પ્રસંગે એમણે લીધેલો માર્ગ અત્યાર સુધી તો વાજબી જ રહ્યો છે.

માનવપ્રેમી ગાંધીજી

લેખક : એફ્ આર. મોરેસ

ગાંધીજીના જીવનકાર્યને આવતી પેઢી જ્યારે મૂલવવા બેસશે ત્યારે રાજકીય નેતા કરતાં માનવપ્રેમી તરીકેનું એમનું મૂલ્ય કદાચ ઊંચું આંકે એમ બને. લૌકિક અને પારમાર્થિકનું અનુસંધાન એમના જેટલી સફળતાથી આપણા સમયમાં બીજું કોઈ કરી શક્યું નથી. બેમાંથી એકે અંશનું મહત્ત્વ ઘટાડચા વિના એ અનુસંધાન થયું છે, તેમાં જ તો એની ખૂબી છે. ઈહલોક કાજે ગાંધીજીએ સમાજકલ્યાણનાં બે ધોરણો પશ્ચિમ કનેથી અપનાવ્યાં છેઃ એક ન્યાયભાવના ને બીજું સ્વાતંત્ર્યભાવના. પણ બન્નેને ગાંધીજીએ પૂર્વનું વિશિષ્ટ રૂપ આપ્યું છે. ન્યાયભાવના એટલે એમને મન દલિતો ને પીડિતોના ઉદ્ધાર કાજેનું જીવનસમર્પણ. હિંદ પર રાજ ચલાવતી બ્રિટિશ હકુમત ઉપર ગાંધીજીનો જે મુખ્ય આક્ષેપ છે, કે પ્રજાના ગરીબવર્ગનું એથી અધઃપતન થતું રહ્યું છે, તેમાં આ જ રહસ્ય સમાયેલું છે. એ જ રીતે, હિંદુધર્મનું કલંક ધોવાને માટે એમણે અસ્પૃશ્યતાનિવારણની પ્રવૃત્તિ ઉપાડી છે. સ્વાતંત્ર્યનો પણ ગાંધીજીએ એવો જ મૌલિક અર્થ ઉપજાવ્યો છે. અધિકારો ભોગવવા એને નહિ, પણ કર્તવ્ય આચરવું એને ગાંધીજી સ્વાતંત્ર્ય ગણે છે. ગાંધીજીના શબ્દકોશમાં સ્વદેશાભિમાન એ લોકસેવાનો પર્યાય છે.

સ્વદેશાભિમાન કે સ્વદેશપ્રેમ વિષેની ગાંધીજીની આ માન્યતાથી એમના રાજકારણને ધર્મનો કેવો તો પાકો રંગ બેઠો છે તેનો ખ્યાલ આવી શકશે. વર્ષો પર એમણે લખેલું: “ધર્મ વિનાનું રાજકારણ હું કલ્પી શકતો નથી.” પશ્ચિમનાં ધોરણોમાં ઊછરેલાને આ વિધાન ચોંકાવનારું લાગે, પણ ગાંધીજી રાજકારણને ધર્મથી જુદું ન જ ગણે; કેમકે એમના પૂરતો બન્નેનો ઉદ્ભવ એક જ માનવસેવાના આદર્શમાંથી થયો છે. એમની માન્યતા પ્રમાણે રાજપ્રકરણી નેતા અને ધર્મ આચરનાર ભક્ત માનવકલ્યાણ માટે મથનારા એક જ પ્રકારના કાર્યકરો છે. ગાંધીજીએ એવી ટકોર પણ કરી છે, કે પશ્ચિમે રાજકારણ અને ધર્મને વિખૂટાં રાખ્યાં છે તેથી જ ત્યાંના રાજકારણે નીતિને વિસારે પાડી છે. પશ્ચિમવાસી એમ સામો ટાણો લગાવી શકે કે ધર્મ અને રાજકારણની સેળભેળ કરવાથી કેવું પરિણામ આવે તે જોવા માટે હિંદ બહાર નજર કરવાની જરૂર નથી. અને પોતાના દેશવાસીઓને પોતાની ઉચ્ચ નૈતિક અવસ્થાએ પહોંચાડવાની પ્રવૃત્તિમાં ગાંધીજીએ માનવસ્વભાવ વિશે ઘણુંબધું વધારેપડતું ધારી લીધું છે, એની પણ કેમ ના પડાશે?

પણ કોઇ કોમવાદી રાજકારણમાં ધર્મનું લાકડું ઘાલે તેમાં અને દેશના જાહેર જીવનમાં નૈતિક અને ધાર્મિક ભાવનાઓનો સંચાર કરવાની ગાંધીજીની પ્રવૃત્તિમાં આભજમીનનો ફેર છે. પોતાને ચુસ્ત સનાતની હિંદુ તરીકે ઓળખાવનાર ગાંધીજી

ધર્મને નૈતિક બળ સમજે છે, તેમાં સાંપ્રદાયિક શ્રદ્ધા કરતાં ઘણો ઊંડો મર્મ સમાયેલો છે. બીજા ધર્મો પ્રત્યેનું એમનું વલણ માત્ર સહિષ્ણુતા આગળ આવીને અટકી જતું નથી, સ્પષ્ટ આદરભાવથી એ અંકિત થયું હોય છે. દાખલા તરીકે, ઇશુખ્રિસ્તનું જીવન અહિંસાના સિદ્ધાન્તનું જોરશોરથી સમર્થન કરે છે, એમ હોંસથી ગાંધીજી કહ્યાં કરે છે. એમનાં પત્નીના અંત્યેષ્ટિસંસ્કાર વખતે પણ મીરાંબહેને ગાંધીજીને અતિપ્રિય એવું Lead kindly light[1] એ ખ્રિસ્તી પ્રાર્થનાગીત ગાયું હતું. ગાંધીજીએ કુરાનનો પણ અભ્યાસ કર્યો છે અને ઇસ્લામના ભ્રાતૃભાવના તેમજ કડક સાદાઇના આદર્શ વિશે એમણે વારંવાર પોતાની ઊંડી સન્માનવૃત્તિ જાહેર કરી છે. ધર્મ વિશેની પોતાની સમજ એમણે એક વાર આ પ્રમાણે વ્યક્ત કરી હતી: "ધર્મનો હું શો અર્થ કરું છું તે સમજાવું. જેને હું બીજા સઘળા ધર્મો કરતાં વિશેષ ગણું છું એ હિંદુધર્મ તે આ ધર્મ નથી. એ તો હિંદુધર્મથી યે પર છે. મનુષ્યના આખા સ્વભાવને એ પલટી નાખે છે અને એના અંતર્યામી સાથે એને કાયમને માટે જોડી આપે છે. બુદ્ધિને એ સદાય નિર્મળ કરે છે. મનુષ્યસ્વભાવમાં વસતું એ સનાતન તત્ત્વ ગમે તે ભોગે પણ પૂર્ણપણે પ્રકટ થવાને તલસે છે, અને જ્યાં સુધી આત્માએ આત્માને, પોતાના સરજનહારને ઓળખ્યો ન હોય, ને આત્મા ને પરમાત્માના સાચા સંબંધનું એને ભાન ન થયું હોય, ત્યાં સુધી એને ઠરીને રહેવા દેતું નથી." આ વિચાર નવો નથી. મનુષ્ય વિચારતો થયો ત્યારથી આમ કહેવાતું આવ્યું છે. પ્રાચીન ઋષિમુનિઓની માફક ગાંધીજી પણ ધર્મને આત્મસાક્ષાત્કારની પ્રવૃત્તિ માને છે; એટલે કે, લોકસેવા, તિતિક્ષા અને ત્યાગભાવના રૂપે માનવીનો અંતરાત્મા પ્રકટ થવા મથે, તેને એ ધર્મ માને છે. એ કહે છે કે, "કોઇ પણ પ્રવૃત્તિને આપણે સામાજિક, રાજકીય અને ધાર્મિક એવાં જુદાંજુદાં ખાનાંમાં નાખી શકીએ નહિ. માનવપ્રવૃત્તિ સાથે એકરૂપ થયો ન હોય એવો કોઈ ધર્મ હોય તો હું જાણતો નથી."

ગાંધીજીની પ્રવૃત્તિઓને આ ધોરણ લાગુ પાડી જુઓ, એટલે અનેકાનેક પ્રશ્નોને એ કઇ રીતે સ્પર્શે છે, તેનો ખ્યાલ આવી જશે. કોઈ રસ્તે જનાર માણસને આપણે પૂછીએ, કે રાજકારણ વિશેનો એનો ખ્યાલ શો છે, તો ઘણુંખરું કહેશે કે, "રાજકારણ એ શાસનની કલા છે." માગ અને પુરવઠાના થોડાક નિયમો, સોનાનું ધોરણ, અટપટું નાણાશાસ્ત્ર અને વિનિમયની આંટીઘૂંટીઓ—એ હશે એનો અર્થશાસ્ત્ર વિશેનો અસ્પષ્ટ ખ્યાલ. પણ ગાંધીજીની રાજકારણ અને અર્થશાસ્ત્ર વિશેની સમજ મૂલગત અને તાત્ત્વિક હોવાને કારણે જ ઘણાને એ બાલિશ લાગે છે! ગાંધીજીના અર્થશાસ્ત્રનો પાયારૂપ સિદ્ધાન્ત એ છે, કે માણસને પેટપૂરતું ખાવાનું મળવું જોઇએ. "તંગીનું નિવારણ" એ એમના અર્થશાસ્ત્રનું મુખ્ય સૂત્ર છે, અને પોતાની આખી યે જાહેર કારકિર્દી દરમ્યાન પોતાના દેશવાસીઓને નિર્ધનતાની નાલેસીમાંથી ઉગારવાને એ ઉગ્રપણે મથ્યા છે.

૧. "પ્રેમલ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ"

૧૯૨૨માં જ્યારે પહેલી વાર એમના પર કેસ ચાલ્યો, ત્યારે એમણે જે દિલ હલાવી નાખે એવું ભાષણ કર્યું હતું, તેમાંની એક કંડિકા એવી છે જેમાં એમણે બ્રિટિશ સરકાર ઉપર જ નહિ પણ હિંદના નગરવાસીઓ ઉપર સુધ્ધાં, ગરીબ બાપડા ખેડૂતોની દાઝ નહિ જાણવાનું આળ મૂક્યું છે: "અડધી ભૂખી રહેતી ગામડાંની ગરીબ પ્રજા ધીમે ધીમે કેવી મરી રહી છે, તેની શહેરમાં રહેનારાઓને કશી જ ખબર નથી. જાતને અને બીજાને છેતરવા માટે ગમે તેટલી દલીલો કરીએ, કે આંકડાના દાવપેચ રમીએ, પણ નરી આંખે દેખાતાં ગામડાંનાં હાડપિંજરોનો પુરાવો ઉડાવી દઈ શકાય એમ નથી. જો માથે ઈશ્વર બેઠો હશે તો ઈતિહાસમાં જેનો જોટો જડવો મુશ્કેલ છે એવા માણસજાત સામેના આ અપરાધનો ઈંગ્લેંડને અને હિંદુસ્તાનનાં નગરવાસીઓને જવાબ દેવો પડશે એમાં મને લવલેશ શંકા નથી." બે દશકા પછી બંગાળામાં જે ભયંકર ભૂખમરો પ્રવર્ત્યો તેણે આ આક્ષેપની ભીષણ સત્યતા પુરવાર કરી આપી છે.

એમની પહેલાંના રાજદ્વારી આગેવાનોથી ગાંધીજી જુદા તરી આવે છે, તે, લોકોને ઘડીભર નજરથી દૂર નહિ કરવાના એમના ગુણને લીધે જ. એક અંગ્રેજ મિત્રે પ્રસંગ નોંધ્યો છે: ગાંધીજીને એક વાર પૂછવામાં આવેલું કે, 'તમે જે લોકસેવા કરી રહ્યા છો, તે હેતુ પ્રત્યેના પ્રેમને કારણે કે જેમની સેવા કરો છો તેમની પ્રત્યેના પ્રેમને કારણે?' જરા પણ અચકાયા વિના ગાંધીજીએ જવાબ વાળેલો કે 'લોકો પ્રત્યેનો પ્રેમ જ એમને સેવાકાર્યમાં પ્રેરતો હતો.' એમણે કહેલું: "લોકોની સેવા કર્યા વિના હેતુની આરાધના કરવી મિથ્યા છે."

માત્ર કચ્છ પહેરીને ફરતા અને સાદામાં સાદું જીવન ગાળતા ગાંધીજી હિંદુસ્તાનના ગરીબ ગામડિયા સાથે તદ્રૂપ તો બન્યા છે જ, પણ, તે ઉપરાંત તેમણે જનતાના હૃદય ઉપર પોતાની નૈતિક ભાવનાની મહોર સુધ્ધાં મારી છે, જેનું થોરોએ "મમત્વરહિત ઉપભોગનો આનંદ"[1] એવું વર્ણન કર્યું છે, તેનું રહસ્ય સમજીને એનો આસ્વાદ લેવાનું કદાચ સૌનું ગજું નહિ હોય. પણ ગાંધીજીના સાદા જીવનની ભીતરમાં તો, એમણે સિદ્ધ કર્યું છે તેમ, જીવનની આખી ફિલસૂફી રહેલી છે. દાખલા તરીકે, એની પાછળ સ્વદેશી અને ખાદીનું અર્થશાસ્ત્ર રહેલું છે.

હિંદની સમાજવ્યવસ્થામાં ઊંડેઊંડે સ્વાવલંબનની ભાવના રહેલી છે, તેને ગાંધીજીએ પોતાની સ્વદેશીની હિલચાલનો પાયો બનાવ્યો છે. છેક ૧૯૧૬ માં મદ્રાસમાં ભરાયેલી મિશનરી કૉન્ફરન્સમાં સ્વદેશીની ભાવનાનું વર્ણન કરતાં એમણે જણાવ્યું હતું કે, "આપણી જરૂરિયાતની ચીજો જ્યાં સુધી આપણી નજીકમાં નજીકના ભાગમાં તૈયાર થઈને મળી રહેતી હોય ત્યાં સુધી આઘેનીને ખરીદીને વસાવવી નહિ, એનું નામ સ્વદેશી-વ્રત." સ્વાવલંબન અથવા ગામડાની સ્વયંપર્યાપ્તતાનો એ સિદ્ધાન્ત નથી તો બીજું શું છે? એક બીજે સ્થળે આશ્રમજીવનના આદર્શો સમજાવતાં આ જ ભાવનાને મહાત્માજીએ

૧. સરખાવો : तेन त्यक्तेन भुंजि थाः ।

વિસ્તારથી વર્ણવી છે: "એટલે જો આપણને એમ માલૂમ પડે, કે એવી ઘણી ચે ચીજો છે, જે હિંદમાં મળતી નથી, તો એમના વિના ચલાવી લેવાનો આગ્રહ રાખવો જોઈએ. એમ કરતાં આપણે ઘણી વસ્તુઓ વિના ચલાવી લેવાનું આવે. પણ હું ખાતરીપૂર્વક કહું છું કે, જ્યારે તમે તમારા મનને એ રીતે કેળવશો ત્યારે તમારા જીવન પરથી ઘણો મોટો બોજો ઊતરી ગયાનો તમને અનુભવ થશે; જેમ પેલા અદ્વિતીય પુસ્તક Pilgrim's Progress[1] માંના યાત્રીનો ભાર ઊતરી ગયો હતો ને, બરાબર તેમ જ. યાત્રામાં આગળ વધતાંવધતાં એવી સ્થિતિ આવી, કે જ્યારે, પોતાને ખબર પણ ન પડે એવી રીતે જે ભાર તે વહી રહ્યો હતો તે એકાએક સરી પડયો, ને યાત્રારંભે હતો ત કરતાં ય એ વિશેષ મુક્ત બન્યો. એ જ રીતે જો તમે અખંડી સ્વદેશીવ્રતનો અંગીકાર કરશો તો અત્યારે છો તેના કરતાં વધારે મુક્ત થશો." આની આ જ વાત બીજે રૂપે કહીએ તો, સ્વદેશીવ્રત એટલે સાદું જીવન. કોઈકે કહ્યું છે તેમ, સ્વદેશી એ મહાત્માજીની આત્મસુધારણાની પદ્ધતિનું ઉત્તમ દૃષ્ટાન્ત છે.

સૌને ખપપૂરતું સઘળું મેળવી આપવાનો સ્વદેશીનો દાવો છે. વારંવાર ગાંધીજીએ કહ્યું છે કે, હિંદ કાંતીને સ્વરાજ મેળવી શકે. સ્વદેશીની હિલચાલના શરુઆતના દિવસોમાં ગાંધીજી જોરશોરથી કહ્યા કરતા હતા, કે કાપડના ઉદ્યોગને જોરે જ ઇંગ્લેન્ડ હિંદને ગુલામીમાં જકડી રાખે છે. એમનો એવો પણ પ્રસ્તાવ હતો કે પરદેશી કાપડની આયાતને જો અટકાવવામાં આવે અને ગૃહઉદ્યોગોને જો સજીવન કરવામાં આવે, તો વર્ષોવર્ષ અહીંથી જે નાણાંની રેલ ઇંગ્લેન્ડ તરફ વહે છે, તેમાંથી ૫૦ થી ૬૦ કરોડ રૂપિયા ઉગારવાને દેશ સમર્થ બને. ગાંધીજીએ એક વાર એમ પણ કહેલું કે, "જો એ ધન તણાઇ જતું અટકાવવાને દેશ સફળતાપૂર્વક મથે, તો એ એક જ કાર્યથી સ્વરાજ મળે એમ છે." આજની પરિસ્થિતિનો ખ્યાલ કરતાં એમનાં આ વચનોમાં અતિશયોક્તિ લાગે, પરંતુ એટલું તો ખરું જ કે સ્વદેશીની ભાવના આત્મનિગ્રહ અને આત્મત્યાગની ભાવના પર નિર્ભર છે. જો આ આદર્શોને સિદ્ધ કરવા પાછળ હિંદ કેડ બાંધીને મંડી પડે, તો એ દુર્જય નીવડે એ નિઃસંશય છે.

ગાંધીજીનો એવો પણ મત છે કે ખેડૂતો જો રેંટિયો ફેરવીને સ્વદેશીવ્રતનું પાલન કરે, તો તેમની આવકમાં ઉમેરો થાય અને બેકારી અને નિર્ધનતાના દુઃખમાંથી એ બચી જાય. પણ ગાંધીજી આખો દિવસ ચરખો ચલાવવાનું જ કહેતા નથી. આવક કરાવતો જે ધંધો માણસ કરતો હોય તેમાં ટેકારૂપે રેંટિયાનો ઉપયોગ થઇ શકે. વળી આમ કહીને ગાંધીજી મસમોટી મૂડીના રોકાણ પર નભતા જંગી ઉદ્યોગોમાંથી મજૂરોને પાછા વાળીને એ ઉદ્યોગો સાથે અથડામણ ઊભી કરવા નથી માગતા. ઘણાં વર્ષો ઉપર એમણે લખેલું: "રેંટિયો સૂચવવાનું કારણ એ છે કે આ દેશમાં કરોડો માણસોને પૂરતું કામ નહિ મળવાથી અર્ધબેકાર અવસ્થામાં દિવસો વિતાડવા પડે છે. જો આવી સ્થિતિ ન હોત તો રેંટિયાને મુદ્દલ અવકાશ ન રહેત એ હું કબૂલી લઉં છું."

---

૧. જ્હૉન બનિયનકૃત








कस्तूरबा

યંત્રોથી ચાલતા ઉદ્યોગો સામે ગાંધીજીનો જે વિરોધ છે તે પણ આ જ માનવકલ્યાણની ભાવનાથી પ્રેરાયેલો છે. યંત્રો વિશેનું ગાંધીજીનું જે દૃષ્ટિબિન્દુ છે તેને વિશે જેટલી ગેરસમજ ઊભી થઇ છે, અથવા એનો જેટલો અવળો અર્થ કાઢવામાં આવ્યો છે, તેટલું એમના બીજા કોઇ સિદ્ધાન્ત વિશે બન્યું નથી. એમ કહેવું કે યંત્ર માત્ર પ્રત્યે એમને વિરોધ છે તે સત્યથી વેગળું છે. ગાંધીજી જેને સમાજવિરોધી ગણે છે, તે તો એ પ્રકારનું સાંચાકામ છે, જે કારીગરોનું કામ બથાવી પડીને દેશની બેકારીમાં ઉમેરો કરે છે. ૧૯૦૮માં લખાયેલા "હિંદસ્વરાજ"માં એમણે આ દૃષ્ટિબિન્દુ સ્પષ્ટ રીતે રજૂ કર્યું છે. એક વાર એમને પૂછવામાં આવેલું કે, "તમે યંત્ર માત્રનો વિરોધ કરો છો?" ત્યારે એમણે ઉત્તર વાળેલો કે, "જ્યારે હું એમ જાણતો હોઉં કે ખુદ આ શરીર જ એક નાજુક પ્રકારનું સાંચાકામ છે ત્યારે કેમ હું એનો વિરોધ કરી શકું? રેંટિયો પણ એક સાંચો જ છે. અરે, એક નાની દાંતખોતરણી પણ સાંચો છે. હું કંઇ યંત્રોનો વિરોધ નથી કરતો. હું તો યંત્રો માટેની ઘેલછાનો વિરોધ કરું છું. એ ઘેલછા તે શ્રમ ઉગારે એવાં યંત્રો વસાવવાની છે. મૂઠીભર માણસો યંત્રોની મદદથી શ્રમ ઉગારે છે, પણ પરિણામે હજારો શ્રમજીવીઓ કામધંધા વિનાના બનીને રસ્તા પર રવડે છે ને ભૂખે મરી જાય છે. સમય ને શ્રમ બચાવવા તો હું યે માગું છું, પણ તે ગણ્યાગાંઠ્યા માણસો કાજે નહિ, આખી માનવજાત કાજે. ધનની અભિવૃદ્ધિ થાય એમ તો હું યે ઇચ્છું છું, પણ તે બેચાર માણસોના ધનની નહિ, પણ સૌના ધનની. આજે યંત્રોને જોરે આંગળીને વેઢે ગણાય એટલા માણસો લાખ્ખો માણસોની પીઠ પર સવાર થઇ ગયા છે. તેઓ પરમાર્થ કરવા માટે નહિ પણ લોભના માર્યા એમ કરે છે. આ સ્થિતિની સામે મારામાં છે તેટલું જોર વાપરીને હું લડી રહ્યો છું. મ રે મન માણસ પહેલો. યંત્રો એને નિષ્ક્રિય અને નિરાધાર બનાવી મૂકે તે હું કેમ સાંખી લઉં?"

ઉદ્યોગોના યંત્રીકરણ પ્રત્યેનું એમનું વલણ હમણાંહમણાંનું પલટાયું નથી? પલટાયું હોય એમ દર્શાવનારાં કેટલાંક ચિહ્નો છે જ. પણ એમનું દૃષ્ટિબિન્દુ પલટાયું છે, એમ કહેવા કરતાં વિકસ્યું છે એમ કહેવામાં વિશેષ યથાર્થતા છે; કેમકે જે મૂલગત સિદ્ધાન્ત છે તે હજી યે એવો ને એવો જ છે. બેકારીમાં ઉમેરો કરે તેવા યંત્રવાદનો હજી યે તેઓ વિરોધ કરે છે, અને મોટા પાયા પર ચાલતા જે ઉદ્યોગો ઘણાને ભોગે થોડાને માલેતુજાર બનાવે છે તેની સામેનો તેમનો વિરોધ પણ શમ્યો નથી. 'A Week with Gandhi' નામની પોતાની અતિ રસપ્રદ પુસ્તિકામાં લુઈ ફિશરે તા. ૭મી જૂન ૧૯૪૨ ને રોજ ગાંધીજી સાથે થયેલા એક મહત્ત્વના વાર્તાલાપની નોંધ લીધી છે. ધનનો એક જ સ્થળે ઢગલો થાય તેના કરતાં સર્વત્ર એનો ફેલાવો થાય એ ઇષ્ટ છે એ પોતાનો પ્રિય સિદ્ધાન્ત ચર્ચતાં ગાંધીજી સૂચના કરે છે કે હિંદની ભૌતિક સંપત્તિ સાત લાખ ગામડાંમાં સરખે હિસ્સે વહેંચી દેવી જોઇએ. ફિશર સવાલ કરે છે કે, "ઈંગ્લેન્ડની ઈમ્પીરિયલ બેંકમાંથી એમની કને પાછાં આવેલાં એ નાણાંનો" ગામડાં શો ઉપયોગ કરશે? તે વખતે ગાંધીજીએ પોતાનો મનોવિચાર કહેલો તેનો અહેવાલ નીચે પ્રમાણે:

ગાંધીજી—એક વાત બનશે. આજે સ્થિતિ એવી છે કે જે નાણાં રોકે છે, તેને કંઈ જ વળતર મળતું નથી. દલાલો જ બધું મારી જાય છે. જો ખેડૂતો એમને મળેલાં નાણાંના સાચા માલિક હશે, તો એમને ઠીક લાગશે એ રીતે એનો ઉપયોગ કરશે.

ફિશર—પણ ખેડૂત તો ધનને જમીનમાં દાટે છે.

ગાંધીજી—ના, ના, એ જમીનમાં કદી નહિ દાટે. એને પણ જીવવું જોઈશે ને ? એ લોકો એમની પોતાની બૅંક પાસે જશે અને બૅંકની સૂચના પ્રમાણે ઉત્તમ માર્ગે નાણાં ખરચશે. એમ કરીને પછી તેઓ પવનચક્કી ચલાવે કે વીજળી પેદા કરે કે મન ફાવે તેમ કરે. આમાંથી એક મધ્યસ્થ રાજતંત્ર પ્રકટ થશે, પણ એ પ્રજાની ઇચ્છા પ્રમાણે વહિવટ ચલાવશે અને પ્રજાના સંકલ્પો સિદ્ધ કરશે.

ફિશર—પછી એ રાજ્ય, મારી કલ્પના પ્રમાણે તો, મોટા પાયા પર ઉદ્યોગોની યોજના કરશે અને ઉદ્યોગોથી દેશને આબાદ કરશે.

ગાંધીજીએ તરત તો આનો કંઈ જ ઉત્તર ન વાળ્યો, પણ બીજે દિવસે જ્યારે ફિશરે વાતને એ જ પાટે ચડાવવા માંડી ત્યારે એમણે છણકો કર્યો: "તમારે મારી પાસે બળે બળે કબુલાવવું છે કે અમારે ઝટ ઝટ ઉદ્યોગોનું યંત્રીકરણ કરવાની જરૂર છે. પણ એમ હું કબૂલી દેવાનો નથી. અમારો સૌથી પહેલો પ્રશ્ન બ્રિટિશ રાજને અહીંથી કાઢવાનો છે. એ રીતે બહારની આડખીલીઓ દૂર થશે ત્યાર પછી જે કંઈ કરવાની જરૂર છે તે કરવાને અમે સ્વતંત્ર થઈશું."

ગાંધીજી મતાંધ નથી પણ દૃઢાગ્રહી છે; છતાં ફિશરે જે અહેવાલ આપ્યો છે તેથી એટલું સ્પષ્ટ થાય છે જ કે ઉદ્યોગોના યંત્રીકરણ વિશે ભૂતકાળમાં એમને ગમે તેવા પૂર્વગ્રહો હોય, આજે તો એમણે ચિત્તને પૂર્વગ્રહમુક્ત રાખ્યું છે. સ્વતંત્રતા પ્રાપ્ત કરીને પોતાનો દેશ પોતાને ઉત્તમ લાગતો નિર્ણય કરે એટલાથી એ રાજી છે. ઘણા માણસો એક વાત ભૂલી જતા લાગે છે કે હિંદી ઉદ્યોગોને રક્ષણ આપવા માટે ગાંધીજી, બહારથી આયાત થતા માલ ઉપર ભારે જકાત નાખવાનો મત ધરાવે છે. ઉદ્યોગવાદના કટ્ટર વિરોધી જોડે આ હકીકતનો મેળ કેમ કરીને બેસાડી શકાશે ? આ બધાનો છેવટે અર્થ આટલો જ કે મહાત્માજી યંત્રોને રુખસદ આપવાની કે વિજ્ઞાનનો છાંયો સુધ્ધાં નહિ લેવાની હઠ પકડીને બેઠા નથી. એમને તો એટલું જ જોઈએ છે કે લોકોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિને અનુકૂળ એ રહે. જે ઉદ્યોગ લોકોને હલકે વળગાડે અને સર્વોદય પ્રેરે તેને આવકારવાનો ભાગ્યે જ એમને વાંધો હોય. ૧૯૩૮માં હિંદી રાષ્ટ્રીય મહાસભાએ પંડિત જવાહરલાલ નેહરુની પ્રેરણાથી જે રાષ્ટ્રનિયોજન સમિતિની રચના કરી હતી, તેના કાર્યપ્રદેશમાં મોટા પાયા પરના ઉદ્યોગોના વિકાસનો પણ સમાવેશ થતો હતો. એ બતાવે છે કે મહાસભાને પણ કોઈ રીતે ખોટા આર્થિક વાદોનો વળગાડ નથી.

ગાંધીજીના સિદ્ધાન્તોમાં એમનો માનવપ્રેમ ખૂબ પ્રકાશી ઊઠે છે. અહિંસાના સિદ્ધાન્તમાં તો ખ્રિસ્તીધર્મની બે મુખ્ય ભાવનાઓ વણાઈ ગઈ છે: એક તો કોઈ અહિત કરે ત્યારે

બદલામાં હિત કરવાનો આદેશ છે; ને બીજું પેલું વચન કે જે વિનમ્ર છે તેનો જ આખરે વિજય થશે. બળ વાપરવાને બદલે સામાને પ્રેમથી સમજાવીને વશ કરવાની નૈતિક ભાવના જગતમાં નવી નથી, પરંતુ સામાજિક અને રાજકીય પુનરુત્થાન કાજે એને પ્રયોજવાનો જશ ગાંધીજીને ફાળે જાય છે. અત્રે એ યાદ કરવું ઘટે કે શરુઆતમાં મહાત્માજી પોતાને ટૉલ્સ્ટોયના શિષ્ય માનતા હતા અને સત્યાગ્રહની જે પહેલવહેલી લડત એ દક્ષિણ આફ્રિકામાં લડ્યા તેનો અહેવાલ પણ એમણે ટૉલ્સ્ટોયને મોકલી આપેલો. ટૉલ્સ્ટોયે એનો જે વળતો ઉત્તર આપ્યો તેમાં ભવિષ્યની આગાહીરૂપ વચનો હતાં: "દુનિયાને આ છેડે રહ્યાં રહ્યાં અમને તો એમ લાગે છે કે ટ્રાન્સવાલમાંની તમારી પ્રવૃત્તિ જગતમાં અત્યારે જે કંઈ થઈ રહ્યું છે તેમાં સૌથી વધુ અગત્યની છે. જ્યારેત્યારે એકલાં ખ્રિસ્તી રાષ્ટ્રોને જ નહિ, પણ સમસ્ત દુનિયાનો એમાં જોડાયે જ છૂટકો થવાનો છે." રાજકીય લડતની નવી જ પદ્ધતિના જનક તરીકે ગાંધીજી ચિરસ્મરણીય બનશે એમાં કોઈ શક નથી. એડવર્ડ થોમ્પસને કહ્યું છે તે પ્રમાણે: "જે થોડાક મહાપુરુષોએ પોતાના યુગ પર પોતાની ભાવનાની મહોર મારી છે, તેઓ પૈકીના એક તરીકે ગાંધીજીને લોકો સદાકાળ સંભારશે. એમની એ ભાવના તે અહિંસા છે."

મહાભારતકારનું વચન છે: **अहिंसा परमोधर्म:।** સત્યાગ્રહ જે અહિંસાનું જ વ્યાવહારિક રૂપાન્તર છે, તે, હિન્દની પરિસ્થિતિને અને કદાચ હિન્દી પ્રજાની મનોદશાને—જોકે આ વાત ચર્ચાસ્પદ છે—સર્વથા અનુકૂળ એવું ગાંધીજીએ ઘડેલું શસ્ત્ર છે.

સત્યાગ્રહનું નૈતિક શસ્ત્ર ઉગામતાં પહેલાં સમાધાનનો માર્ગ યોજવાની અને પ્રતિપક્ષીને સમજાવીને સાચે માર્ગે વાળવાનો પ્રયત્ન કરવાની સત્યાગ્રહીની ફરજ છે. જર્મની અને જાપાનની હિંસક મહત્ત્વાકાંક્ષાઓ સામેનો પોતાનો વિરોધ ગાંધીજીએ કદી સંતાડી રાખ્યો નથી. બન્ને સત્તાઓને શાંતિ જાળવવાની અરજ ગુજારતા કાગળો પણ તેમણે લખ્યા હતા. જ્યારે લડાઈ સળગી ઊઠી ત્યારે ગાંધીજીએ પોતાના "હરિજન" પત્રમાં હિટલર ઉપરનો પત્ર પ્રસિધ્ધ કરીને નોંધ ઉમેરી કે, "એટલે હમણાં હું હિંદની મુક્તિનો વિચાર કરતો નથી. એ તો આવશે, પણ લડાઇમાં જો ફ્રાન્સ કે ઇંગ્લેન્ડ હારે કે પછી સર્વનાશ પામેલા અને દીન બનેલા જર્મની ઉપર તે વિજય મેળવે તો એ મુક્તિની કિંમત કેટલી?" આ મનોભાવમાં ગયા મહાયુદ્ધ વખતે ગાંધીજીએ જે પ્રસિદ્ધ વચનો ઉચ્ચાર્યાં હતાં કે, "હિંદનું ભલું કરવા માટે હું ઈંગ્લેન્ડ કે જર્મનીનું અહિત નહિ કરું" તેનો જ પડઘો સંભળાશે. શાંતિવાદીને મન દેશદેશના સીમાડાનાં બંધનથી પર એવી માનવતા જ સર્વોપરી છે. હિંદી સરકારે પ્રગટ કરેલા સત્તાવાર તહોમતનામામાં વર્ણવાયું છે તેમ, આ યુદ્ધ દરમ્યાન, મહાત્માજીએ "જાપાન સાથે વાટાઘાટ ચલાવવાની ઇચ્છા વ્યક્ત કરી" તેમાં એમની માન્યતા સાથે અસંગત એવું કશું જ આચરણ એમણે કર્યું નથી.

પોતાના સમયના બૌદ્ધિક શાંતિવાદીઓ, જેમાં બર્ટ્રાન્ડ રસલ અને આઈન્સ્ટીન જેવી પ્રસિદ્ધ વ્યક્તિઓનો સમાવેશ થાય છે, તેમનો સથવારો નહિ હોવા છતાં અસીમ દ્રઢતાથી ગાંધીજી પોતાના શાંતિવાદી સિદ્ધાન્તોને વળગી રહ્યા છે. જીવસટોસટના ભયંકર

શસ્ત્રસંઘર્ષનો ભોગ બની રહેલું જગત શાંતિવાહના ફિરસ્તાની આજે અવગણના કરી રહ્યું છે; અને એ પણ નિખાલસપણે કબૂલવું રહ્યું ને, કે સામુદાયિક અહિંસાની વ્યવહાર્યતા હજી સિદ્ધિ થવી બાકી છે! તથાપિ સત્તાની માફક હિંસા પણ વંઠે છે, અને પશુતારૂપે પ્રગટે છે, એનો પ્રતિવાદ થઈ શકે એમ નથી. પણ કોઈક દિવસ સદ્‌ભાવનાનો ક્ષીણ પણ નિશ્ચલ સૂર યુદ્ધથી કાયર બનેલા જગતને કાને પડશે ખરો.

અહિંસા, જેનો અર્થ હિંસારહિતતા થાય છે, તે આમ તો નિષેધાત્મક પદ્ધતિ છે. પરંતુ ગાંધીજીએ તેનો ઘણો જ વ્યાપક અર્થ કર્યો છે એ સ્પષ્ટ છે. પારકાનું લોહી રેડવાની ઘસીને ના પાડવાનું તો એમાં આવે છે જ, પરંતુ તે ઉપરાંત, એમાં પ્રતિપક્ષીને પ્રેમથી જીતવા જાતે દુઃખ વહોરી લેવાને તત્પર રહેવું પડે છે. સત્યાગ્રહ સબળનું હથિયાર છે, નિર્બળનું નહિ. એમાં ગર્ભરૂપે માનવકલ્યાણની એ ભાવના રહેલી છે, કે પ્રતિપક્ષી પર વિજય મેળવવા માટે હથિયારનો કે પશુબળનો ઉપયોગ કરવા કરતાં એના તરફથી આવતાં દુઃખ પ્રેમથી ખમી લેવાથી એ જ હેતુ સિદ્ધ થઈ શકે છે. ગાંધીજી કહે છે: "સભાઓ ભરવાથી કે દેખાવો કરવાથી આપણો વિજય નહિ થાય; એ તો મૂંગી તિતિક્ષાથી જ થશે." અન્યત્ર એ કહે છે: "સત્યાગ્રહ એ તો સત્ય માટેની તપસ્યા છે."

સત્યાગ્રહ અને શાંત અથવા નિઃશસ્ત્ર પ્રતિકારનો ભેદ લોકોના મનમાં બરાબર સ્પષ્ટ નહિ થયો હોવાથી ઘણી વાર ગૂંચવાડો ઊભો થાય છે. એ બન્ને શબ્દોના અર્થમાં તાત્ત્વિક ફરક છે. નિઃશસ્ત્ર પ્રતિકાર કરનાર પોતાના શત્રુને ચાહવાનો ધર્મ સ્વીકારતો નથી, જ્યારે સત્યાગ્રહીને એ સ્વીકારવાનો રહે છે. નિઃશસ્ત્ર પ્રતિકારમાં, ગાંધીજી વર્ણવે છે તે પ્રમાણે "દ્વેષ હોઈ શકે છે, અને તેનું અંતિમ સ્વરૂપ હિંસામાં પ્રગટી શકે છે." સત્યાગ્રહીનો ઉદ્દેશ જાતે દુઃખ સહન કરવાનો છે અને એમ કરીને પ્રતિપક્ષીને નમાવવાનો છે. નિઃશસ્ત્ર પ્રતિકાર નિર્બળનું હથિયાર છે, જ્યારે સત્યાગ્રહ સબળનું હથિયાર છે, એમાં સંશય જ નથી.

હિંસાની સામે હિંસા આચરવાનો લેશ પણ ખ્યાલ મનમાં આણ્યા વિના, આવી પડે તે તમામ દુઃખો ધીરજથી સહન કરીને, સત્યાગ્રહી, અન્યાય આચરનારને શરમાવી, એના સૂતેલા અંતર્યામીને જાગ્રત કરી, એને ન્યાયને માર્ગે વાળવાનું કરે છે. પ્રતિપક્ષીને એમાં પશુબળથી કચડી નાખવાનો હોતો નથી, માત્ર એનો નૈતિક પરાભવ કરવાનો હોય છે.

ઉપવાસ પણ તિતિક્ષાનો જ એક પ્રકાર છે, ને એમાં પણ આ જ હેતુ પ્રવર્તે છે. ઉપવાસની પ્રથા આજકાલની નથી. દેણદારને ઉંબરે લાંઘવા બેઠેલા લેણદારનું દૃશ્ય કંપની બહાદુરના વખતમાં રોજનું થઇ પડયું હતું. પણ એનું ક્ષેત્ર વિસ્તારીને ગાંધીજી અંગત હેતુને બદલે એને રાજકીય હેતુસર પ્રયોજે છે. ૧૯૪૩ ના ફેબ્રુઆરીમાં ગાંધીજી જ્યારે "શક્તિ પહોંચે ત્યાં લગીના ઉપવાસ" પર ઊતર્યા ત્યારે એમણે અજમાવેલી રીતથી પશ્ચિમવાસીઓ ગમે તેટલા મૂંઝવણમાં પડયા હોય કે ગુસ્સે થયા હોય પણ એમના દેશવાસીઓને એનો મર્મ સમજાવવો પડે એમ નહોતો. બ્રિટિશ સરકારને ઉંબરે ગાંધીજી પણ "ધરણું" કરવા બેઠેલા. પોતાના પ્રતિપક્ષીને શરમાવીને, એનું નીતિભાન જાગ્રત કરીને એની પાસે

ન્યાયાચરણ કરાવવાનો એમનો એ પ્રયાસ હતો. કોઈ વ્યવહારુ હેતુ એ ઉપવાસથી સિદ્ધ ન થયો તેથી હિંદીઓને મન એના નૈતિક વિજયની માત્રા ઘટી નહોતી.

સ્વદેશીની જેમ સત્યાગ્રહની પછવાડે પણ આત્મસુધારણાનો ગાંધીજીનો સિદ્ધાન્ત રહેલો છે. એમણે ઠોકીવગાડીને કહ્યું છે તેમ અહિંસા એ સબળનું હથિયાર હોવાથી એના પ્રયોગ કાજે ભરપૂર આત્મસંયમની જરૂર રહે છે. પોતાની નિર્વીર્યતા કે અસહાયતાનો ખ્યાલ કરીને નહિ પણ આંતરિક સામર્થ્યની પ્રતીતિ કરીને એ શસ્ત્રનો ઉપયોગ કરવાનો હોય છે. એની ખૂબી એમાં રહેલી છે કે જેની સામે શસ્ત્ર ઉગામવામાં આવે તેને નહિ પણ જે ઉગામે તેને ભાગે કષ્ટ સહન કરવાનું આવે છે.

લોકસેવાની ગાંધીજીની ભાવનાએ અનેક વ્યવહારુ રૂપો ધારણ કર્યાં છે એમ કહેવામાં હરકત નથી; જોકે એમના કેટલાક રાજકીય પ્રયોગો માટે એમ કહેવાય તેમ નથી. છેક નાની ઉંમરથી માંદાની માવજત કરવાનો ઉત્સાહ એ બતાવતા આવ્યા છે અને પોતાના બાળપણમાં પિતાની અનેક માંદગીઓમાં એમણે સારવાર કરેલી એમ એમણે નોંધ્યું છે. તે પછી તો ઇસ્પિતાલોમાં, સારવાર–ટુકડીઓમાં અને ઘરમાં એ વખતોવખત પોતાની સેવા આપતા નજરે ચડે છે. પોતાના સૌથી નાના પુત્રના જન્મ વખતે દાઈની મદદ વિના પોતે જ પ્રસવ કરાવેલો એ પ્રસંગ એમણે આત્મકથામાં વર્ણવ્યો છે.

દક્ષિણ આફ્રિકામાં વસનારા પોતાના દેશબાંધવોની મેલા રહેવા માટે અને ઘરબાર સ્વચ્છ નહિ રાખવા માટે વખતોવખત એમણે ઝાટકણી કાઢી હતી. ૧૮૯૭ માં આપણે એમને ડર્બનમાં હિંદીઓના વાસમાં ઘેરઘેર ફરીને સ્વચ્છતા પળાવતા જોઈએ છીએ. સ્વચ્છતા માટેનો મહાત્માજીનો આગ્રહ હંમેશાં તીવ્ર રહ્યો છે અને પાયખાનાં સાફ કરવા જેવું હલકામાં હલકું મનાતું કામ પણ એમણે ખુશીથી ઉપાડી લીધું છે. એમના સ્વભાવમાં સુગાળવાપણાનો રજમાત્ર અંશ નથી.

બોલે કંઈક ને કરે કંઈક એવા મુત્સદ્દીઓ જ્યારે લોકશાસનની ભાવનાને મોં ભરીને વખાણી રહ્યા છે, તેવે સમયે રાજકીય પુનર્ઘટના વિશેના ગાંધીજીના વિચારોનો, એમને ઉતારી પાડનારાઓએ કર્યો છે, તે કરતાં વિશેષ તટસ્થતાથી અભ્યાસ થવાની જરૂર છે. પોતાનો અસલનો પહેરવેશ ગાંધીજીએ છોડી દીધો એ કૃત્યમાં એમની ભાવનાના સંકેત ઉપરાંત કંઈક વિશેષ તત્ત્વ રહેલું છે. એ પહેરવેશની સાથોસાથ એમણે ઘણી રૂઢિજડ માન્યતાઓ પણ છોડી દીધી છે. વૈષ્ણવ સંપ્રદાયના ઉદાર અને માનવતાપૂર્ણ સંસ્કારોમાં ઊછરેલા ગાંધીજી આમ તો રૂઢિભંજક છે, ને તેમ છતાં અનેક બાબતોમાં રૂઢિચુસ્ત પણ છે. નીતિ અને શુદ્ધ ચારિત્ર્યનો એમનો આગ્રહ પણ એવો જ તીવ્ર છે. આત્મનિગ્રહ અને બંડખોર વૃત્તિના, ઉદ્દામ વિચારો અને રૂઢિચુસ્તતાના આ મિશ્રણને કારણે ગાંધીજી પોતાના દેશવાસીઓ સાથે ભળી ગયા છે અને તેમની પ્રીતિ સંપાદન કરી શક્યા છે. કાયદાનો અભ્યાસ કરવાને એ લંડનમાં રહેલા તેમ છતાં પશ્ચિમની કેળવણીની અસર એમના બાહ્ય જીવનમાં આજે વરતાતી નથી. રાજકારણ અને અર્થશાસ્ત્રનું એમનું જ્ઞાન ઘણું અધૂરું છે. પોતાની લાક્ષણિક નિખાલસતાથી

પરદેશનાં વર્તમાન રાજકારણ વિશેનું પોતાનું અજ્ઞાન એ કબૂલી લે છે. તેમ છતાં હિંદના ખેડૂતોને એ જેટલા ઓળખે છે તેટલું બીજું કોઈ નથી ઓળખતું, અને એમના પ્રશ્નો પરત્વે એમના જેટલી ઊંડી સૂઝ અને સહાનુભૂતિ પણ કોઈ નથી ધરાવતું. કંઈક અંશે આનું કારણ એ છે, કે ખેડૂતોની જેમ ગાંધીજી પણ સહજબુદ્ધિથી વિચારે છે ને વર્તે છે. એમનો અંતરનાદ પણ અપરોક્ષ જ્ઞાન (Intuition) અથવા સહજદર્શન નથી તે બીજું શું છે? ઊર્મિજન્ય નિર્ણયોને બુદ્ધિગમ્ય બનાવવાનો એ પ્રયત્ન કરે છે છતાં એમનાં લખાણોમાં પણ વિચાર ઉપર લાગણીનું અને બુદ્ધિ ઉપર વૃત્તિનું આધિપત્ય છે, એ કળી જવું મુશ્કેલ નથી. મૂળભૂત સિદ્ધાન્તોને ચીવટથી વળગી રહેવાની એમની ટેવને લીધે કોઈને એ સિદ્ધાન્તવાદી હશે એમ લાગે. અને એ વાતે ખરી, કે તત્કાલ મળતો લાભ પડાવી લઈને એનો કસ કાઢવા કરતાં આખરી ધ્યેય આગળ ધીમી પણ દૃઢ ગતિએ પહોંચવાનું એમને વધારે પસંદ છે. રાજદ્વારી મંત્રણાઓમાં એ ઝાઝે ભાગે કેમ યશસ્વી નથી નીવડતા તેનો ખુલાસો આ હકીકતમાંથી મળી જશે. બીજી ગોળમેજી પરિષદમાં એમણે જે વ્યાખ્યાન આપેલું તે પણ કહેવા લાગશે કે વર્તમાન રાજકારણના કાવાદાવામાં એમને જરા ય રસ નથી. એમને તો એમનો હેતુ જ વ્હાલો છે. નગરરાજ્યની કલ્પના પ્લેટોની છે. ગાંધીજીનો આદર્શ છે સ્વાયત્ત ગ્રામતંત્ર. હિંદનું પ્રત્યેક ગામડું સ્વાયત્ત રાજદ્વારી એકમ બને એવી એમની કલ્પના છે. ગ્રામવાસીઓની ઇચ્છા મુજબ રચાયેલા આવા સાત લાખ એકમો, પછી મતપ્રદાન કરે. ફિશરને સમજાવતાં ગાંધીજી કહે છે: "એટલે પછી હિંદના રાજતંત્રને ચલાવવા માટે ચાળીસ કરોડ નહિ પણ સાત લાખ મત પડશે. બીજી રીતે કહું તો, પ્રત્યેક ગામડું એક એક મત આપશે. ગામડાં જિલ્લાનાં વહિવટી તંત્રો ચૂંટી કાઢશે, જિલ્લાનાં તંત્રો પ્રાંતનાં તંત્રોને ચૂંટશે અને પ્રાન્તીય તંત્રો એક પ્રમુખની ચૂંટણી કરશે, જે રાષ્ટ્રનો મુખ્ય સત્તાધારી બનશે."

"આ તો કંઈક સોવિયેટ યોજના જેવું જ થયું." ફિશરે ટકોર કરી.

"એમ? એની મને ખબર નથી," ગાંધીજીએ કબૂલી લીધું, "પણ તેનો કંઈ વાંધો નહિ."

સમાજસુધારાની ગાંધીજીની પ્રવૃત્તિનું મુખ્ય અને ઘણે અંશે નોંધપાત્ર લક્ષણ એ છે, કે એના પાયામાં સંરક્ષણવાદી અને ક્રાન્તિવાદી વિચારોનું સંમિશ્રણ છે. એમણે જાહેર કર્યું છે તેમ, "હું અઠંગ સુધારક છું, પણ સુધારાના ઉત્સાહમાં હિંદુધર્મનાં પ્રાણરૂપ અંગોને હું કદાપિ તરછોડું નહિ." મનુષ્યમાત્રની સમાનતાને એ સ્વતઃસિદ્ધ માને છે, એટલે હિંદુ સમાજવ્યવસ્થાનું ઘોર દૂષણ તો એ ગણે જ છે, પણ તે ઉપરાંત એને આખી માનવજાત સામેનો ઘોરમાં ઘોર અપરાધ ગણીને એનો વિરોધ કરે છે. એમનો એ વિરોધ જેટલો ઉગ્ર છે તેટલો જ નિશ્ચલ છે. રહસ્યભરી વાત એ છે, કે અસ્પૃશ્યતાને શાસ્ત્રાધાર નથી એમ એમણે હંમેશાં ભારપૂર્વક જણાવ્યું છે. પણ એ બીજી બાજુએ, નાતજાતનાં સખત બંધનો, જડતા અને બીજાં દૂષણોને વખોડી કાઢવા છતાં એ પ્રથાને નિર્મૂળ કરવાનો મત એ ધરાવતા નથી. એમના મત મુજબ, વર્ણાશ્રમ ધર્મ "સૌ સૌનો ધર્મ નક્કી કરી આપે છે, અધિકારોની લહાણ કરતો નથી. ઈશ્વરે રચેલી આ સૃષ્ટિમાં સૌ સેવા કરવાને જનમ્યા છે.

બ્રાહ્મણે જ્ઞાનથી, ક્ષત્રિયે રક્ષણ કરવાની શક્તિથી, વૈશ્યે વ્યાપારકૌશલ્યથી, અને શૂદ્રે શરીરશ્રમથી સેવાધર્મ બજાવવાનો છે. એનો અર્થ એવો ન જ હોય કે સૌ પોતપોતાનું મુકરર થયેલું કામ સંભાળીને જ બેસી રહે. દાખલા તરીકે બ્રાહ્મણ શરીરશ્રમની કે પોતાનું કે અન્યનું રક્ષણ કરવાની ફરજમાંથી મુક્ત રહી શકે નહિ.... એ જ રીતે, પોતાને મનમાન્યું જ્ઞાન પ્રાપ્ત કરવામાં શૂદ્રને અટકાયત કરે તેવું કશું જ હોઈ શકે નહિ." અહીં પણ, સ્થાન તે અધિકારો ભોગવવા નહિ પણ કર્તવ્યપાલનને માટે જ હોઈ શકે, એ ગાંધીજીનો જાણીતો સિદ્ધાન્ત કામ કરી રહ્યો જણાશે. પણ જ્ઞાતિપ્રથા કે જૂની વર્ણવ્યવસ્થાના ગાંધીજીએ પ્રબોધેલા આદર્શરૂપનો સામાન્ય લોકવ્યવહાર સાથે પૂરેપૂરો મેળ બેસે એમ નથી. અસ્પૃશ્યતા દૂર કરવાને માટે તો એ પ્રથાને નાબૂદ કરવી એ જ એકમાત્ર ઉપાય છે.

તેમ છતાં, સેવાવૃત્તિ એ એમના જીવનનો પ્રધાન આવેશ છે, અને જે નિઃસ્વાર્થબુદ્ધિને લીધે આજે ગાંધીજી પૂજાય છે, તે જ નિઃસ્વાર્થબુદ્ધિને લીધે લોકો એમને સદાકાળ સ્મૃતિમાં જડી રાખશે. સંતો ભાગ્યે જ સમજવા સહેલા હોય છે. એમની અટપટી માનસિક પ્રક્રિયાઓથી પશ્ચિમવાસીઓ વારંવાર મૂંઝવણમાં પડી જાય છે. પણ ગાંધીજીસમા કર્મયોગીના ચિત્તતંત્રનો પાર પામવો એ રમતવાત નથી. દક્ષિણ આફ્રિકાની એમની આરંભની પ્રવૃત્તિએ બતાવી આપ્યું છે તેમ દુર્બળ દેખાતા એ માણસમાં શારીરિક હિંમતનો તોટો નથી. એમની નૈતિક હિંમતના તો જોઈએ તેટલા દાખલા છે. પણ લોકો એમને સંભારશે તે કોઈ ભારે મોટી દુન્યવી સિદ્ધિ એ પાછળ મૂકતા જશે, તે કારણે નહિ, પણ જે ભાવના કાજે એ જીવ્યા ને જેને પોતાના દેશવાસીઓનાં હૃદયમાં પ્રસ્થાપિત કરવાને એ મથ્યા, તેને કારણે, એમને સંભારશે એમાં સંશય નથી. લોકોનાં ચિત્તને કબજે કરનારી અનેક પ્રતાપી વ્યક્તિઓ આજ પહેલાં આવી ને ગઈ છે; પણ લોકોનાં ચિત્તમાં પ્રવેશ કરીને કામ તો એમણે એમના ભ્રાતૃભાવનો ને શિવસંકલ્પોનો ઉચ્છેદ કરવાનું જ કર્યું છે. જગતની સંસ્કૃતિને ગાંધીજીનું જો કોઈ મોટામાં મોટું અર્પણ હોય, તો તે એ, કે માનવીઓનાં હૃદયમાં સ્થાન મેળવીને એમણે ભલી લાગણીઓને નિર્મૂળ કરવાને બદલે એમના હૃદયને પોતાના માનવબંધુઓ પ્રત્યે અધિક પ્રેમાર્દ્ર બનાવવાનું કર્યું છે.



ગાંધી અને ગુરુદેવ

લેખક : કે. આર. કૃપાલાની

ટૉલ્સ્ટૉય અને લેનિન! ટાગોર અને ગાંધી! વર્તમાન યુગમાં રશિયનો અને હિંદીઓ સિવાય બીજી કોઈ પણ પ્રજાએ પોતાના લોકોની બુદ્ધિમત્તાના દૃષ્ટાન્તરૂપ અને પોતાની સિદ્ધિઓની ઉચ્ચતા તેમજ ગુણવત્તા માટે આટલા બધા પ્રમાણમાં નોંધપાત્ર એવા સમકાલીનોની બેલડી ઉત્પન્ન કરી નથી.

ટૉલ્સ્ટૉય અને લેનિન એકબીજાની બુદ્ધિમત્તાને પડકારે તેમજ વખોડે છે. અને રશિયન સંસ્કૃતિના વિકાસમાં વિરોધી બળોનું ત્રાજવું દર્શાવતા જણાય છે; જ્યારે ટાગોર અને ગાંધીએ એકબીજાને સમર્થન તેમજ ટેકો આપ્યો છે અને હિંદી સંસ્કૃતિની મૂળભૂત સંવાદિતાનું તેઓ પ્રતિનિધિત્વ ધરાવે છે. કદાચ જ્યારે સમાજવાદનો રશિયન અખતરો પૂરેપૂરો અમલમાં આવશે ત્યારે ટૉલ્સ્ટૉય અને લેનિનના આત્માઓ વચ્ચે સમાધાન થશે. ગાંધી અને ટાગોર વચ્ચે સરખામણી કે વિરોધ બતાવવાનો આપણો ઇરાદો નથી. અમુક પ્રકારની બુદ્ધિશાળી વ્યક્તિનો તદ્દન જુદા જ પ્રકારની બુદ્ધિશાળી વ્યક્તિ સાથે મુકાબલો થઇ શકતો નથી.

ગાંધીની બુદ્ધિમત્તા ટાગોરની બુદ્ધિમત્તા સાથે સરખાવી શકાય તેવી નથી. આમ છતાં આ બન્ને જણ એક જ હિન્દમૈયાના પુત્રો છે, એક જ સંસ્કૃતિના ખોળામાં ઊછર્યા છે, એક જ વારસાના ધાવણનું પોષણ મેળવ્યું છે, એક જ આદર્શથી પ્રેરાયેલા અને એક જ ધ્યેયના ભેખધારી છે. તેઓની બુદ્ધિભાવનાની આ એકવાક્યતા, અને મતભેદોના જૂથમાંથી જે સમાન્તર રેખાએ તેઓની જીવનસાધના વહી રહેલી છે, તેને ખોળી કાઢવાનો તથા ચર્ચવાનો આપણે પ્રયાસ કરીશું. જોકે એથી વધુ જમાનાથી આપણો બુદ્ધિશાળી વર્ગ બૌદ્ધિક અને નૈતિક પ્રેરણા માટે પશ્ચિમ તરફ મીટ માંડતો આવ્યો છે; છતાં આપણી ભવિષ્યની પેઢીઓ ગાંધી અને ટાગોર તરફ જ સગર્વ અને સાભાર જોશે; કેમકે બીજા કોઈના કરતાં, આ બન્ને જણે માનવજાત નહિ તો હિન્દના સર્વોચ્ચ વિચાર અને આચારને મૂર્તિમન્ત કર્યા છે. તેઓના વ્યક્તિત્વમાં એમના લોકોના વારસાનું, તેઓના પ્રયાસોનું, તેઓની આશાઓનું શ્રેષ્ઠ તત્ત્વ એક તીવ્ર વાસ્તવિકતામાં એકરૂપતા પામે છે. હિન્દની આધ્યાત્મિક લાગણી પશ્ચિમની ભાવનાનો પ્રત્યાઘાત કરે છે, એના પ્રોત્સાહનને પડઘો આપે છે, પણ એના આક્રમણનો સામનો કરવા કૃતનિશ્ચયી બની છે. આમાં જ આ બન્ને જીવનોનું શાશ્વત મહત્ત્વ છૂપાયેલું છે.

ઉપરટપકે જોનારને આ બન્ને જણ, બે મનુષ્યો એકબીજાથી જેટલા પ્રમાણમાં અલગ હોઇ શકે, તેટલા અલગ દેખાય છે. દરેક રીતે અલગ—શારીરિક દેખાવમાં, માનસિક સરંજામમાં, લાગણીમાં, વંશપરંપરા અને કૌટુમ્બિક પ્રણાલિકાની અસરમાં,



শ্রীরবীন্দ্রনাথ ঠাকুর মো. ক. গান্ধী

Dear Mr Gandhi

That you could think of my school as the right and the likely place where your Phœnix boys could take shelter when they are in India has given me real pleasure — and that pleasure has been greatly enhanced when I saw those dear boys in that place. We all feel that their influence will be of great value to our boys and I hope that they in their turn will gain something which will make their stay in Shanti Niketan fruitful. I write this letter to thank you for allowing your boys to become our boys as well and thus form a living link in the <u>sādhanā</u> of both of our lives.

Very sincerely yours
Rabindranath Tagore

તેઓના શરુઆતના ઉછેર અને કેળવણીમાં, માર્ગમાં તેમને થયેલા અનુભવો મુજબ પોતપોતા માટે અખત્યાર કરેલા રાહમાં. કાઠિયાવાડના નાનકડા દેશી રાજ્યના મધ્યમવર્ગના વૈશ્ય કુટુંમ્બથી હિંદના તે વખતના રાજકીય, વ્યાપારિક અને બૌદ્ધિક પાટનગર કલકત્તાના જમીનદારોના અમીરી બ્રાહ્મણ કુટુમ્બનું અંતર ઘણું મોટું છે. યુવાન ગાંધીની સરખામણીમાં યુવાન ટાગોરને જન્મ અને ઉછેરના તમામ લાભો હતા. બંગાળમાં તે વખતે સાહિત્યિક, સામાજિક અને ધાર્મિક પ્રબોધકાળનો પૂર્ણજુવાળ હતો. આજે બંગાળ જે વિચારે છે, તેનો, આવતી કાલે બાકીનું હિંદ વિચાર કરતું થઇ જશે એવી બંગાળીઓની મગરૂરીમાં તે વખતે જેટલું તથ્ય હતું તેટલું કયારે ય નહોતું. પહેલ કરનારાઓની બહાદુર જમાતમાં, ઉદાર અને જ્વલંત વર્તનથી રાજવી તરીકે ઓળખાતા રવીન્દ્રનાથના દાદા દ્વારકાનાથ, મહાન ચારિત્ર્ય અને આધ્યાત્મિક પ્રજ્ઞાચક્ષુથી મહર્ષિ તરીકે ઓળખાતા એમના પિતા દેવેન્દ્રનાથ, તત્ત્વવેત્તા તરીકે જાણીતા થયેલા એમના સૌથી મોટા ભાઈ દ્વિજેન્દ્રનાથ, અને ક્ષણવાર માટે માર્ગને ઝળહળિત કરતા ધૂમકેતુ સમી જિંદગી ભોગવનાર એમના મોટા ભાઈ જ્યોતીન્દ્રનાથ વગેરે હતા. સત્યના પ્રયોગો કરનારા હિન્દી ઋષિઓના ઇતિહાસમાં જેમનું જીવન સત્તાવાર પ્રકરણ તરીકે નોંધાયેલું પડયું છે એવા મહર્ષિની અસરે એમના પુત્રની કેળવણીની આધ્યાત્મિક પૂર્વભૂમિકા રચી આપી. આનાથી હિન્દી ગેટે (જર્મન મહાકવિ) કવિના પંથના નૈસર્ગિક પાખંડમાંથી ઊગરી ગયા અને એમને ગાંધીના આધ્યાત્મિક કુટુમ્બીજન બનાવ્યા.

યુવાન ગાંધીનું શું ? જોકે તેઓ પ્રામાણિક માબાપના સારા અને આદરપાત્ર કુટુમ્બમાં જન્મ્યા હતા છતાં, યુવાન ટાગોરની માફક તેમને નસીબની યારી મળી નથી. શરમાળ અને ઓછાબોલા, દેખાવ કે શક્તિમાં બીજાથી અલગ પડી જાય એવી અસાધારણ શ્રેષ્ઠતા વગરના એમણે પોતાની પાછલી જિંદગીમાં જે અસાધારણ, લગભગ દૈવી સ્વરૂપ ધારણ કરવાનું હતું તેની બાલપણમાં આશા ઊભી કરી નહોતી. કુદરતે જ જાણે કે પોતે જે નાજુક અને કીમતી સાધન ઘડી રહી હતી તેની ઈર્ષ્યા લાવીને પ્રત્યેક કુદૃષ્ટિથી તેને દૂર રાખવાની ઇચ્છા કરી હતી અને એને સામાન્ય મ્યાનમાં સંતાડી રાખ્યું હતું! ખુદ એ સાધનને પોતાને પણ બાહ્યજગતમાં તેની રાહ જોઈ રહેલા મહાભારત કાર્યની ખબર નહોતી. બુદ્ધિમત્તાની કોઈ સભાનતા તેનામાં વસી નહોતી. બિનમહત્ત્વના બાલપણની શાન્ત સપાટીને કોઈ ફિરસ્તાની ધૂને વણસાડી નહોતી. આત્માની ઊંડી ગિરિકન્દરામાંથી ઉત્કટ લાલસાએ પોતાનો માર્ગ કાઢ્યો નહોતો. એમનું મન પરિપકવ થાય અને બોજાને હળવેથી સગર્વ અને આછકલાપણા વગર સહન કરી શકે ત્યાં સુધી, પોતાના ભાવિનિર્માણ અંગેની જબ્બર સભાનતા કે જેણે ઘણી બુદ્ધિશાળી વ્યક્તિઓ અને ફિરસ્તાઓના સર્જન અને ઘાણ કાઢ્યા છે તેના અપકવ શ્રમમાંથી તેઓ બચી ગયા. એ સાચું છે કે માબાપ પ્રત્યે વફાદારીની ઊંડી લાગણીની ફરજ પ્રત્યેની એકનિષ્ઠા, સત્યવક્તાપણું અને બીજાઓનું અનિષ્ટ વાંછવાની અનિચ્છા વગેરે નાનકડા નિશાળિયામાં પણ દેખાતા હતા; પણ જે વાતાવરણમાં તેઓ જન્મ્યા અને ઊછર્યા તેમાં આ ગુણો કદાચ બહુ અસાધારણ નહોતા. તેમ જ

જગતના એકાદ સૌથી વધુ મહાન ક્રાન્તિકારીના પરિવર્તક માનસનું એમાં કોઈ સૂચન નહોતું.

આ ગુણોએ કોઈપણ માણસને ગાંધીના ભાવિનિર્માણ વિશે ભલે આગાહી કરવા પ્રેર્યા ન હોત, છતાં એ જ ગુણો હજી એમના ચારિત્ર્યના ચણતર–પગથાર રહ્યા છે, અને વર્ષો સાથે તેની મર્યાદા વિશાળતર થતી જાય છે. માબાપ પ્રત્યેની વફાદારી હિન્દમૈયા પ્રત્યેની વફાદારી બની છે. ફરજ પ્રત્યેની ભક્તિ મનુષ્યજાતની સેવા માટેની અડગ દીક્ષા બની છે. સત્યવક્તાપણું સત્યની શોધના પ્રયાસરૂપ બન્યું છે. બીજાઓનું બૂરું વાંછવાની અનિચ્છા પોતાના રાજકીય વિરોધીઓ પ્રત્યેની સહિષ્ણુતા અને ન્યાયીપણું બની છે. પોતાના ખભા ઉપર કાવડમાં આંધળા માબાપને યાત્રા કરવા લઈ જતા શ્રવણના ચિત્રથી જેના ઉપર ઊંડી અસર થઈ હતી તે નાનો બાળક, મોટી વયે પોતાના ખભા ઉપર અંધ દેશભાઈઓનો બોજો ઊંચકીને સ્વરાજની યાત્રાએ લઈ જવાનો હતો.

બાળકો તરીકે ટાગોર અને ગાંધી બહુ જ શરમાળ હતા; અને તેઓ પોતાના નિશાળિયા મિત્રોના સહવાસનો ત્યાગ કરતા; અને નિશાળ છૂટ્યા પછી ગાંધીજી જણાવે છે તેં મુજબ "કોઈ મારી મશ્કરી કરશે એ બીકે" તુરત જ ઘેર દોડી જતા. ગાંધીજી આપણને જણાવે છે કે "સામાન્ય રીતે મારી નિશાળની ચોપડીઓ સિવાય બીજું કાંઈ વાંચવાનો મને શોખ નહોતો. રોજનું લેસન કરવું જ પડતું હતું, કેમકે મારા શિક્ષકને છેતરવાનું જેમ મને ગમતું નહિ તેમ એ મને સજા કરે તે પણ મને રુચતું નહોતું." યુવાન ટાગોરને પોતાના અભ્યાસ પ્રત્યે આવી કોઈ વૃત્તિ નહોતી અને નેકદિલ શિક્ષક જે વરસાદને દિવસે પણ ફરકી આવતા તેનાથી માંદગીનો ઢોંગ કરતાં પણ અચકાતા નહિ. પણ એમને નિશાળનાં પાઠ્યપુસ્તકો સિવાયનાં બીજાં જે કોઈ પુસ્તકો હાથ ચડતાં તે વાંચી નાખવાનો અમર્યાદ અનુરાગ હતો. એક વખતે જ્યારે જયદેવનું "ગીતગોવિંદ" (બંગાળી લિપિમાં લખાયેલું) એમના હાથમાં આવ્યું ત્યારે તે આખું એમણે રણકદાર રીતે ગાઈને વાંચી કાઢ્યું; જોકે એમને સંસ્કૃત આવડતું નહોતું અને શ્લોક ભાગ્યે જ સમજી શકતા, પણ શબ્દની ગેયતાએ એમને મંત્રમુગ્ધ કર્યા અને એમણે સમગ્ર પુસ્તકની પોતાના ઉપયોગ માટે નકલ કરી લીધી. એ જ પ્રમાણે કાલિદાસના "મેઘદૂત"માં એક પછી એક પાનાં એક લીટી પણ સમજ્યા વગર બેસીને ગાયે રાખતા. "બાલપણને યાદ કરતાં," તેઓ આપણને જણાવે છે કે, "જીવન અને વિશ્વ બન્નેને ભરી દેતી અગમ્ય વસ્તુ એવી છે, જે વારંવાર દેખા દે છે. જાણે કુદરતે પોતાની મુઠ્ઠીમાં કાંઈક છુપાવ્યું હતું અને અમને સ્મિતપૂર્વક પૂછતી હતી કે મારા હાથમાં શું છે?" ૧૪ વર્ષની ઉંમરે આ યુવાન છોકરો દેશભક્તિનાં કાવ્યો લખતો હતો. અને હિન્દુ મેળા જે તે વખતે બંગાળમાં સ્વદેશી ચળવળનું કેન્દ્ર હતા તેમાં ગાતો હતો. આમાનું એક કાવ્ય જ્યારે ચોમેર દુકાળ ફાટી નીકળ્યો હતો ત્યારે લૉર્ડ લિટને ભરેલા દિલ્હી–દરબારના ભપકા અને દમામ ઉપરનો આકરો કટાક્ષ છે.

એ જ ઉંમરે અગર તો એથી સહેજ વહેલાં નાનો ગાંધી પણ દેશભક્તિના ઉમળકાની પહેલી લાગણીઓ અનુભવી રહ્યો હતો; અને શાન્તિથી તથા તદ્દન ગુપ્તતાપૂર્વક સત્યનો

પહેલો અખતરો કરી રહ્યો હતો. એક નાલાયક મિત્રની અસર હેઠળ બ્રિટિશ ધમકીને પહોંચી વળવા માટે પોતાના લોકોમાં નવશક્તિનો સંચાર કરવા માંસભક્ષણ આવશ્યક છે એવી પ્રામાણિક માન્યતાથી તે માંસના સ્વાદ માટે પોતાને તાલીમ આપતો હતો. એમના લાગણીવશ મનને કેટલી વેદના થઈ હતી તે તો તેમણે પોતે જ આપણને કહ્યું છે.

હિન્દમૈયાના આ બે વિચિત્ર નાના બાળકોનાં બાલપણ અને સાહસો માટે એ બન્ને જણે આપણને જે આત્મકથાઓ આપી છે, તે સિવાય આપણી પાસે બીજી કોઈ સત્તાવાર નોંધપોથી નથી. ગાંધીજીએ કાળજીભરી સત્યપ્રિયતા અને લાક્ષણિક નમ્રતાપૂર્વક પોતાના અંગત અને ખાનગી જીવનની સૌથી વધુ ગુપ્ત વિગતો આપણી સમક્ષ ખુલ્લી કરી છે; જ્યારે ટાગોરે એના ઉપર વિવેકભર્યો પડદો નાખી દીધો છે. ગાંધીનું વ્યક્તિત્વ સત્યની એક શોધ પાછળ જ એકલીન બન્યું છે, અને તમામ મનુષ્યજાતને સદૈવ કીમતી એવા પ્રયોગો માટે પોતાના જીવનનાં દ્વાર પ્રયોગશાળાની માફક ખુલ્લાં રાખે છે. એમના પોતાના જ શબ્દોમાં કહીએ તો "જે એક મનુષ્ય માટે શક્ય છે, તે તમામને માટે શકય છે એવું હું માનતો આવ્યો છું; એટલે મારા પ્રયોગો બંધબારણે નહિ પણ ખુલ્લામાં કરવામાં આવ્યા છે." ગાંધી પોતાની નમ્રતાને લઈને પોતામાં કોઈ આજન્મ ખાસ બુદ્ધિમત્તા હોવાનો ઈનકાર કરે છે; અને એમ માને છે કે, જો આપણે પ્રમાણિકપણે માત્ર પ્રયાસ જ કરીએ તો આપણાંમાંનો કોઈ પણ જણ એમના જેવો થઈ શકે; અને એટલે આપણને ઉત્સાહિત કરવા તેઓ પોતાના અસામાન્ય સદ્‌ગુણોની વાતો ઓછી કરે છે અને પોતાની માનવસહજ ક્ષતિઓ વધુ જણાવે છે. આપણી સમક્ષ "મારા કાકાએ ફેંકી દીધેલી સિગારેટોનાં ઠૂંઠાં ચોરતાં," અને "દેશી બીડી ખરીદવા માટે નોકરના ખિસ્સામાંથી પૈસા તફડાવનારા" તેમજ પોતાના ભાઈની પેટીમાંથી થોડુંક સોનું કાપીને લઈ જનારા નાનકડા છોકરાનું ચિત્ર દોરે છે. તમામની કુતૂહલભરી નજર સમક્ષ પોતાનો ભૂતકાળ ઉઘાડો કરવાની હિંમત માત્ર નિર્લજ્જ નાસ્તિક કે ગાંધી જેવા સત્યના નમ્ર ઉપાસકમાં જ હોઈ શકે.

જવાહરલાલ નેહરુએ કવિવરના અવસાન પછી થોડા જ દિવસે ૧૯૪૧ના ઑગસ્ટમાં લખ્યું હતું કે "ગુરુદેવ અને ગાંધીજી બન્નેએ પશ્ચિમ અને બીજા દેશોમાંથી ઘણું લીધું છે. ગુરુદેવે ખાસ કરીને. આ બેમાંથી કોઈ પણ સંકુચિત રીતે રાષ્ટ્રવાદી નથી. તેઓનો પયગામ સમગ્ર વિશ્વ માટે છે; અને છતાં બન્ને જણ ૧૦૦ ટકા હિંદના બાળકો છે; તેઓ હિન્દની સનાતન સંસ્કૃતિના વારસદારો, પ્રતિનિધિઓ, અને વ્યંજકો છે. તેઓના વિશાળ જ્ઞાન અને સંસ્કૃતિ છતાં તેઓ કેટલી તીવ્ર રીતે હિંદી રહ્યા છે! અજબ વસ્તુતો એ છે કે આ બન્ને જણ જેમનામાં સામ્ય ઘણું નથી, અને એક જ જ્ઞાન, વિચાર અને સંસ્કૃતિને આરેથી પ્રેરણા મેળવતાં છતાં એકબીજાથી આટલા બધા મોટા પ્રમાણમાં જુદા પડે છે! ગાંધી અને ટાગોર જેટલા જુદા પડે છે, તેટલા બીજા કોઈ પણ બે જણ કદાચ નહિ પડતા હોય."

હા, તે બન્ને જણ પ્રત્યેક બાબતમાં જુદા પડતા દેખાય છે. મધ્યાહ્નના ઘેરા-ભૂરા આકાશથી, સૂર્યોદયની રંગોળીનો ભપકો જેટલો જુદો પડે, સાદી વાંસળી વીણાથી જેટલી

જુદો પડે, હાથવણાટનો શણનો ટુકડો કીમતી કિનખાબથી જેટલો જુદો પડે, એટલા પ્રમાણમાં તેઓ જુદા પડતા દેખાયા છે. પણ આમાં યે સૌથી વધુ અજબ વસ્તુ તેઓ કેટલા અલગ પડે છે તે નહિ પણ અલગ પડતા દેખાતા હોવા છતાં તેઓના મૂળભૂત ચારિત્ર્યમાં, તેઓની આજીવન સાધનાના પ્રકારમાં, તેઓની સમર્પણની ભાવનામાં, તેઓએ પોતાના દેશભાઈઓને આપેલા સંદેશાઓ—પછી ભલે એની ભાષા અને ઉચ્ચારમાં ખૂબ જ જુદાઈ હોય—માં કેટલું બધું સામ્ય દેખાય છે! એક જ મંદિરના આ યાત્રીઓ જુદે જુદે રસ્તેથી આવ્યા છે.

બન્ને ઊંડી રીતે ધાર્મિક છે. દરેકને અલગ દૃષ્ટિબિંદુ છે. પણ બન્ને આત્માની નિરપેક્ષ વાસ્તવિકતામાં એક જ સરખી શ્રદ્ધાનો આશરો લેતા માનવઆત્મા, વિશ્વાત્મા કે ઈશ્વર સાથે સાયુજ્ય મેળવી શકશે એવી બન્નેને શ્રદ્ધા હતી. બન્ને જણા પોતપોતાની રીતે આ આદર્શ સિદ્ધ કરવા ઝૂઝ્યા છે. ગાંધી પોતાની આત્મકથામાં લખે છેઃ "હું જે મેળવવા માગું છું—આ ત્રીસ વર્ષોથી હું જે મેળવવા ઝઝૂમી અને ઝરી રહ્યો છું, તે છે આત્મસાક્ષાત્કાર, ઈશ્વરને નજરોનજર જોવા, મોક્ષ મેળવવા. આ ધ્યેયની શોધમાં હું ભમી રહ્યો છું. બોલીને, લખીને હું જે કાંઈ કરી રહ્યો છું, તે બધું જ તથા રાજકીય ક્ષેત્રમાંનાં મારાં તમામ સાહસો આ ધ્યેય માટે દોરાયેલાં છે." ટાગોર ગાય છેઃ "સેંકડો સ્વરૂપોમાં—યુગાન્તર અને જન્માન્તરમાં મેં તને હંમેશ ચાહ્યો છે. હવે જો કશું જ બાકી ન રહેતું હોય તો, મારી પાસે જે કાંઈ નહિવત્ રહ્યું છે તે રહેવા દે, જેથી મારા સર્વસ્વને હું તારું નામ આપું." ધ્યેય સિદ્ધ થયું નથી એટલું સ્વીકારવા જેટલા બન્ને નમ્ર અને સત્યવક્તા હતા. "મેં એને હજી મેળવ્યો નથી. પણ હું એની શોધ કરી રહ્યો છું." એવો સ્વીકાર એક જણ કરે છે.

> જે ગીત ગાવા અહીં આવિયો હું
> હજી ય ગાયા વિણ તે પડી રહ્યું;
> હૈયાતણાં ગાઢ ઊંડાણમાંહે
> છુપાયલો–કિન્તુ મને ન લાધ્યો.

એવો બીજાનો વિલાપ છે.

બન્નેએ પ્રેમ વાટે એની શોધ કરી. એક જણે શિવમાં પ્રકટ થતા સત્યસ્વરૂપે, બીજાએ સંવાદિતાથી પ્રકટ થતા સૌંદર્યરૂપે. "અનંતમાંથી આવતું ઝરણું સાન્તભણી વહી રહ્યું છે. એ સત્ય, એ શિવ, એનો પડઘો જે અનંતભણી પાછો વળે છે તે સૌંદર્ય અને આનંદ."

આ બેમાંથી કોઈએ પણ પોતાને થયેલી ઝાંખી કોઈ મંદિરને ખૂણે કે કોઈ ગુફાની એકલતામાં, કે ધર્મવિધિઓમાં કરી નથી. વળી યોગ તરીકે જાણીતા ધર્મની સુસ્પષ્ટ અને પરંપરાપ્રાપ્ત હિન્દી સાધનાને પણ તેઓ અનુસર્યા નથી. એકે પોતાના જાતભાઈઓની સક્રિય સમર્પણભરી સેવા દ્વારા, બીજાએ સૃષ્ટિના પ્રત્યેક પ્રકાર સાથે પોતાની એકતાનતાના પ્રત્યક્ષ અંતરલીન સાક્ષાત્કાર દ્વારા. "તારી મૂર્તિ ધૂળમાં ભુક્કા થઈને પડી છે, જે બતાવી આપે છે કે ઈશ્વરની ધૂળ તારી મૂર્તિ કરતાં વધારે મહાન છે" એમ ટાગોર વદે છે.

ગાંધીનું માનસ વધુ તાર્કિક છે, એમની ભક્તિ વધુ એકનિષ્ઠ છે, એમની ભાવના ઓછા વૈવિધ્યવાળી અને વધુ તીવ્ર છે. એમની હિંમત અને યાતના સહન કરવાની એમની ઇચ્છા તથા શક્તિ ટાગોરના કરતાં વધારે મોટી છે. હિંદની નવી માનવતાના તેઓ યોદ્ધા અને જેહાદ જગાવનારા છે. જ્યારે ટાગોર એના 'સંદેહવાહક' અને ગાયક હતા. ટાગોર પોતાની મર્યાદાઓ જાણતા હતા અને સર્વોચ્ચ નમ્રતાપૂર્વક એમણે એનો સ્વીકાર કર્યો છે. "જ્યારે હું તારા ચરણસ્પર્શ માટે પ્રયાસ કરું છું ત્યારે મારી અર્ચના અતિશય ગરીબો, હીનો અને ભૂલા પડેલાઓની વચ્ચે જ્યાં તારા પગ પડ્યા છે ત્યાં, તેટલા ઊંડાણ સુધી પહોંચી શકતી નથી. ધર્મગુરુને પણ તેઓ ઠપકો આપતા કે ઇશ્વરને મંદિરની ઝાંખી સંધ્યામાં નહિ પણ માનવકસોટીના ખુલ્લા અને ધૂળિયા માર્ગમાં, જ્યાં ખેડૂત જમીન ચાસી રહ્યો છે અને કડિયો પહાણા ભાંગી રહ્યો છે ત્યાં શોધ. એમને ઇશ્વિર ત્યાં દેખાયો, ત્યાં એને પ્રણામ કર્યો, પણ ત્યાં એમનો સહવાસ રાખી ન શક્યા. ગાંધી એને ત્યાં જુએ છે, ત્યાં ખોળી કાઢ્યો છે, અને ત્યાં એની સાથે રહે છે.

ગાંધીમાં યોગી જેવું, સદાના આત્મત્યાગી તપસ્વી જેવું છે. ત્યાગમાં એમને આનંદ થાય છે. ટાગોર કવિવર અને જીવનના ચાહક હતા. કોઇ ગાયક પોતાનાં વાદ્યોને જેટલી શ્રદ્ધાથી માણે તેટલી શ્રદ્ધાથી એમણે પોતાની ઇન્દ્રિયોને ચાહી છે, સરભરા કરી છે અને માણી છે.

ઉદ્ધાર ના ત્યાગ મહીં મને દીસે.
આનંદના કૈંક સહસ્ર બંધને
વિલાસ–આલિંગન મુક્તિનો મળે!
નહિ, ન કો'દિ મુજ ઇન્દ્રિયોનાં
કમાડ વાસું! દગ, શ્રોત્ર સ્પર્શનો
વિલાસ તારો વહશે પ્રમોદ.

તેન ત્યક્તેન ભુંજિ થાઃ એ ઉપનિષદના સૂત્રને એમણે શણગાર્યું, છતાં એ સુખોપભોગી નહોતા. એમનું અંગત જીવન સાદું અને સ્વચ્છ હતું, અને કેટલીક વખત તો, એમની સાથે રહેલા માણસો જાણે છે તેમ, છેક તપની હદે જતું. પણ તેઓ જાણતા હતા કે હિન્દુ આધ્યાત્મિક રૂઢિએ આત્મત્યાગની બાબત વધુપડતી કહી નાખી છે; અને જીવનને ગમગીન વેરાન જેવું બનાવ્યું છે. તેઓ ત્રાજવાને સુધારવા માગતા હતા; તથા જીવનને ગ્રામ્ય બનાવ્યા સિવાય આનંદ માણવાની કલા લોકોને શીખવવા માગતા હતા.

રે દેશ! આનંદવિહીન મારા
કેં જ્ઞાનના બોજ થકી લખેલું
જરીપુરાણું મૃગચર્મ ઓઢી
તેં સૃષ્ટિનું કૂડ બધું નિહાળ્યું,
વિહાર એવો તુજ કલ્પનાનો.

પણ આધ્યાત્મિક તાલીમ તરીકે સ્વેચ્છાપૂર્વક આત્મદમન એમના સ્વભાવથી વિરુદ્ધનું હતું; છતાં જિંદગીમાં વિશુદ્ધિકારક બળ તરીકે દુઃખની આવશ્યકતા તેમણે પિછાની હતી અને તેનું મહત્ત્વ આંક્યું હતું. ગાંધી સાથે તેઓ સંમત થતા કે "દુઃખ એ માનવજાતનું ચિહ્નન છે. એ શાશ્વત ધર્મ છે. દુઃખ જે આપણી હસ્તીની એકમાત્ર અનિવાર્ય શરત છે, તેની અગ્નિપરીક્ષામાંથી પસાર થઈને શુદ્ધ થયા સિવાય કોઇપણ દેશ આબાદ થયો નથી." પણ એમણે ઉમેર્યું પણ હોત કે આનંદ માટેની શક્તિ પણ આપણી હસ્તીની એટલી જ અનિવાર્ય શરત છે. ગાંધી પણ એ હકીકતનો ઇનકાર અલબત્ત ન જ કરે. તેઓ માત્ર એના ઉપર ભાર દેવાની બાબતમાં જ જુદા પડે. ૧૯૪૦ ના નવેમ્બરમાં, પોતાના અવસાન પહેલાં થોડા જ મહિના અગાઉ ટાગોરે લખ્યું:—

મનુષ્યનો દેહ અતીવ અલ્પ,
અગાધ કેવી રહી દુઃખશક્તિ?

———

અજેય ઇચ્છા થકી અર્પતો એ
અનંતનાં મૂલ્ય પળેપળોને
અનામી ને પુણ્યપ્રકાશવંતી
આવી કદીયે જગશોધ ભાળી?
જ્યાં પંથપંથે સહગામી યાત્રા
થતી જ! જ્વાલામુખી ફોડી આવતાં
સેવાજલો પૂત, અનંત પ્રેમના
ભંડાર મોંઘા વહતા સદૈવ?

ગાંધીની પોતાની શોધ અને યાત્રાને અનામી અને પ્રકાશ આપનારી કહેવી એ કેવી ભવ્ય અંજલિ!

ગાંધી અહિંસાના સર્વોત્તમ પયગંબર છે. એ એમનો જીવનશ્વાસ છે; જે માનવજાતને તેના ધિક્કાર અને કતલના દુઃસ્વપ્નમાંથી એક દિવસે ઉગારી લેશે. પણ થોડા જ લોકો જાણતા હશે કે ગાંધીએ પોતાની શ્રદ્ધા અને પંથની શક્યતાઓ ઘડી કાઢીને અમલમાં મૂકી તે પહેલાં જ ટાગોરે આવા ફિરસ્તાના આગમનને વધાવી લીધું હતું. એમના ૧૯૦૯ માં પ્રસિદ્ધ થયેલા "પ્રાયશ્ચિત્ત" નાટકમાં અને ૧૮૮૩ માં પ્રસિદ્ધ થયેલી નવલકથા "બન–ઠાકુરાનીરહાટ" અને ફરીને "મુક્તધારા" (૧૯૨૨) નામના નાટકમાં એમણે ધનંજય વૈરાગીમાં લગભગ ગાંધીની પ્રતિકૃતિ ઊભી કરી છે. આ પાત્રે, એનું નામ સૂચવે છે તે મુજબ તમામ અંગત મિલકતનો ત્યાગ કર્યો છે; અને રાજા જે ક્રૂર રીતે કરવેરા ઉઘરાવે છે તેની સામે નાકરની લડતમાં પોતાના નિઃશસ્ત્ર જાતભાઈઓની આગેવાની લીધી છે. સત્ય, અહિંસા અને અભય ઉપર રચાયેલી સામુદાયિક પાયા પરની રીતસરની સત્યાગ્રહની લડત અહીં છે.

એ વાત જાણીતી છે કે ટાગોરે બંગાળમાં સ્વદેશી ચળવળના શરુઆતના દિવસોમાં સક્રિય ભાગ લીધો હતો. એમનાં કાવ્યો, ગીતો અને ભાષણોએ બંગાળમાં દેશભક્તિનો જુસ્સો પેટાવ્યો હતો; અને સામનો કરવાની લોકોની ઇચ્છાશક્તિને મજબૂત બનાવી હતી. પણ બીજા કોઈએ ન કર્યું હોય એટલા પ્રમાણમાં એમણે જોકે લાગણીઓ ઊભી કરી અને વિચારને વેગ આપ્યો; છતાં તેઓ પોતાના લોકોના વર્તનને કાબૂમાં રાખી શક્યા નહિ અને એને દોરવણી આપી શક્યા નહિ. એમના અને ગાંધી જેઓ આજીવન નેતા છે તેમના વચ્ચે આ એક મહાન ફરક છે. ગાંધી મૂર્તિમંત થયેલી માનવઇચ્છા છે. તે પોતાની ઇચ્છાશક્તિના માલિક છે. અને તેથી કરીને તેઓ બીજાની ઇચ્છાને કાબૂમાં અને દોરવણીમાં રાખી શકે છે. જ્યારે બંગાળની લોકઉશ્કેરણીનો કુદરતી પ્રવાહ હિંસક પ્રવૃત્તિઓ તરફ ઢળ્યો ત્યારે ટાગોરે અણગમો બતાવી એ ક્ષેત્રમાંથી ખસી જઈને પોતાની કાવ્યદેવીમાં આશ્વાસન શોધ્યું.

આમ છતાં છેક ૧૯૦૪માં સ્વદેશી સમાજ પરના પોતાના ભાષણમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિનો કાર્યક્રમ એમણે કેવી સ્પષ્ટતાથી રજૂ કરીને લોકોને સમજાવ્યો હતો તે યાદ કરતાં અજાયબી ઉત્પન્ન થાય છે. અને ૧૯૦૮ માં પબના ખાતે બંગાળ પ્રાન્તિક પરિષદમાં પ્રમુખસ્થાનેથી એમણે કરેલું ભાષણ, ગાંધીએ ઘડેલી અને સંગઠિત કરેલી રચનાત્મક પ્રવૃત્તિના કાર્યક્રમને મળતું આવે છે. અસહકાર, હિન્દુ–મુસ્લિમ એકતા, અસ્પૃશ્યતાનિવારણ, ગ્રામપુનર્રચના, હાથઉદ્યોગોનો પુનરુદ્ધાર, ગ્રામકેળવણી, જેમાં હાથમહેનત, ગ્રામસ્વરાજ, અને સ્વયંસેવક સંસ્થાઓ ઉપર ખાસ ભાર—આ બધાંની એમણે જોરદાર સહૃદયતાભરી ભાષામાં હિમાયત કરી હતી. ટાગોર શહેરમાં જન્મેલા અને ઊછરેલા હોવા છતાં એમનું હૃદય ગ્રામહિન્દ સાથે છે. એનાં કુદરતી દૃશ્યોમાંથી એમની કવિતાએ અચૂક પ્રેરણા લીધી હતી. અને એના ઉપેક્ષિત, મૂંગા માનવસમુદાય તરફ એમનું હૃદય હંમેશાં વળતું હતું:—

“મૂંગા, ક્ષીણ, અને વિમૂઢ જનને આદેશ દેવો રહ્યો,
આ કૂંગાયલ ભગ્નઆશ ઉરને પ્રોત્સાહ દેવો નવો;
ને ચીંધી નવમાર્ગ, હાકલ થકી કૈં પ્રાણને ફૂંકવો:
ઊઠો, આ ક્ષણમાં જ, એક થઈને, થાઓ ખડા સૌ તમે,
જેનાથી થથરો તમે—અધિક તે પાપી ધ્રૂજે પાપથી,
જાગ્યા જે ક્ષણ સૌ તમે, વિપળમાં નાસી બધાયે જશે.”

જોકે ગાંધી હિન્દી રાષ્ટ્રવાદના અગ્રેસર બન્યા હતા અને ટાગોર આંતરરાષ્ટ્રીયતાના ફિરસ્તા તરીકે ગણાતા હતા, છતાં ગાંધીનો મુક્તિપયગામ સમગ્ર માનવજાતને આવરી લે છે. અને ટાગોરનો દેશપ્રેમ ગાંધીના દેશપ્રેમ જેટલો ઊંડો અને તીવ્ર હતો. “હું હિન્દને વરેલો છું,” ગાંધી જણાવે છે, “કેમકે હું નિરપેક્ષ રીતે માનું છું કે જગત માટે હિન્દ પાસે સંદેશો છે. મારા ધર્મને ભૌગોલિક મર્યાદાઓ નથી. મને એમાં જીવંત શ્રદ્ધા છે, જે ખુદ હિંદ પ્રત્યેના મારા પ્રેમથી પણ ચડી જાય છે.” વળી, “મારે મન દેશપ્રેમ અને માનવપ્રેમ એ બે એક જ છે. હું દેશપ્રેમી છું કેમકે હું માનવ અને માનવપ્રેમી છું. મારો

દેશપ્રેમ એકલપેટો નથી. હિન્દની સેવા માટે હું ઈંગ્લેંડ કે જર્મનીને હાનિ ન કરું. જો કોઈ દેશભક્ત અધકચરો માનવપ્રેમી હોય તો તે એટલા પ્રમાણમાં અધૂરો દેશભક્ત છે." ટાગોરના દેશપ્રેમને વકીલાતની જરૂર નથી. ફાંસીને માંચડે ચડતા બંગાળના શહીદોના હોઠ પર એમનાં ગીતો રમતાં રહ્યાં છે. હિન્દ પોતાની એકલતામાં પુરાઇ જાય, કે બીજા દેશો ઉપર સ્વામિત્વ ભોગવે, એટલા માટે તેઓ હિન્દની આઝાદી માગતા નહોતા; પણ તે પોતાની શ્રેષ્ઠ બક્ષિસો જગતને આપી શકે અને બીજાઓને જે શ્રેષ્ઠ બક્ષિસો આપવાની છે તેનો સ્વીકાર કરી શકે એટલા માટે તેઓ એ માગતા હતા. હિન્દની રાજકીય ગુલામીનો તેઓ વિરોધ કરતા હતા; કેમકે બીજા લોકોની કચરાટોપલીમાંથી કાયમને માટે ચીંથરાં વીણે રાખવાં એ મોટામાં મોટી નાલેશી છે. "તમામ માનવજાતની સૌથી મહાનમાં મહાન વસ્તુ મારી છે. મનુષ્યનું અનંત વ્યક્તિત્વ તમામ માનવજાતિઓની ભવ્ય સંવાદિતામાંથી આવશે. મારી પ્રાર્થના એ છે કે હિન્દ પૃથ્વી પરની તમામ પ્રજાઓના સહકારનું પ્રતિનિધિત્વ ધરાવે. હિન્દ માટે એકતા એ સત્ય છે અને ભાગલા અનિષ્ટ છે."

આ બન્ને જણે પોતાના દેશનું મહત્ત્વ જેટલું વધાર્યું છે અને પોતાના દેશભાઇઓને ગર્વ લેવા માટે જેટલું આપ્યું છે તથા તેઓના વારસાની મહત્તા અને ભાવિની શક્યતાઓ જેટલી આબેહૂબ રીતે બતાવી આપી છે, તેટલી બીજા કોઈ બે હિંદીઓએ તાજેતરના યુગમાં બતાવી નથી. એમ છતાં બેમાંથી કોઇએ પણ પોતાની પ્રજાની અહંતાને પંપાળી નથી કે રાષ્ટ્રીય કે જાતીય આત્મનિશ્ચિતતાને ઉત્તેજી નથી. પોતાના દેશભાઇઓની ક્ષતિઓના તેઓ સૌથી વધુ કટ્ટર ટીકાકાર રહ્યા છે. "જો હિંદીઓ સામ્રાજ્યના 'પારીઆ' (અધમ કૂતરા) બન્યા હોય તો," ગાંધીએ કહ્યું છે. "ન્યાયી ઈશ્વર આપણને સજાત્મક ન્યાય આપી રહ્યો છે."

ટાગોર કહે છેઃ—

> રે! કેદી, તું જણાવ, બેડી તુજની કોણે અતૂટી રચી?
> "એ તો મેં," વદતો જ કેદી, "રચી આ સંભાળથી શૃંખલા."
> જેને તેં અપમાનથી અવગણ્યા તેની બધી વંચના
> રે! મારા હતભાગી દેશ! તુજને મીટ્ટી મહીં રેલશે.

જવાહરલાલ નેહરુએ કહ્યું છેઃ "હિન્દમાં જુગુપ્સા ઉત્પન્ન કરે તેવું બધું જ છે અને ઉમદા હોય તેવું બધું જ છે. તમને ઠીક પડે તે લો." ટાગોર અને ગાંધીએ જવાહરલાલની જેમ કોઈ પસંદગી કરી નથી. તેઓએ પોતાના દેશનો સમગ્ર રીતે સ્વીકાર કર્યો છે; એના મહાનુભાવપણાને બઢાવ્યું છે, એની જુગુપ્સા ઉત્પન્ન કરે એ વસ્તુને સાફ કરીને ઉગારી લીધી છે. સ્વરાજનો અર્થ બન્નેએ પરદેશી ધૂંસરીમાંથી માત્ર મુક્તિને બદલે કાંઇ વધુ નક્કર હોવાનો કર્યો છે. બન્ને નૈતિક મૂલ્યોના ઈર્ષ્યાળુ રખેવાળ છે. બન્ને જણ જડવાદી અને યાંત્રિક સંસ્કૃતિના ભયો સામે અઠંગ અને ઉગ્ર ઉપદેશકો છે. કાર્યક્ષમતાના બહાના હેઠળ પોતાનાં પૈડાંઓની નીચે વ્યક્તિને નિર્દય રીતે દળી નાખતી યંત્રસંસ્કૃતિની ભાવનાને ટાગોર ધિક્કારતા. જોકે પાશ્ચાત્ય વિજ્ઞાનના તેઓ પ્રશંસક હતા,



અને એવું માનતા હતા કે, જો યોગ્ય રીતે અંકુશમાં લેવામાં આવે તો યંત્રને માનવ જરૂરિયાતોની સેવામાં ઉપયોગમાં લઈ શકાય અને ઉપયોગમાં લેવું જોઇએ. માનવકલ્યાણુ માટે ઔદ્યોગિક સંસ્કૃતિની લાયકાત પ્રત્યેની ઉદાસીનતામાં ગાંધી આથી યે વધુ ક્રાન્તિકારી છે. "હિંદમાં રેલરસ્તાઓ ન હોય તો હું જરાય આંસુ ન સારું." એ ખરું છે કે હમણાંહમણાંમાં તેઓ એ પ્રશ્ન પરત્વે એટલા પ્રમાણમાં સમાધાન ઉપર આવવા માગે છે, કે જો હિન્દીઓની માગણી હશે તો હિન્દના ઔદ્યોગિક વિકાસના માર્ગમાં હું આડે આવીશ નહિ. પણ માનવજરૂરિયાતોને પંપાળવાનું સરળ બનાવવા જતાં એ અનેકગણી વધી જશે એવી યોગીની બીતિ તેમને છે. જોકે બન્ને જણ દીનજનોના મિત્રો છે, છતાં બેમાંથી કોઈ પણ આપણે સમજીએ છીએ તે અર્થમાં સમાજવાદી નથી. બન્નેએ એવી માન્યતાથી આરંભ કરેલો કે ધનિકો પોતાને ગરીબોના ટ્રસ્ટીઓ તરીકે ગણતા થાય એવું ધનિકોને સમજાવવાનું શકય છે. માનવવર્તનમાં નૈતિક મૂલ્યોને ધ્રુવતારક ગણવા માટેનો તેઓનો આગ્રહ અને માનવસ્વભાવમાંની તેઓની અગાધ શ્રદ્ધા તથા રાજ્યના જડ અને બિનમાનવ પ્રકારમાંના તેઓના અવિશ્વાસે તેમને એ રીતે વિચાર કરતા કરી મૂકવાનું અનિવાર્ય બનાવ્યું હતું. જોકે ટાગોરને જિંદગીના અંત સમયે સોવિયેટ રશિયા પ્રત્યે ખૂબ જ સહાનુભૂતિ અને માન હતું; છતાં સમાજવાદમાં તેઓ કયારેય માનતા હોય એ શંકાસ્પદ છે. એથી ઊલટું ટ્રસ્ટીપણાનો ગાંધીનો સિદ્ધાન્ત એટલો સ્થિતિસ્થાપક છે અને પૂંજીરહિતોના હિત માટેની એમની ચિંતા એટલી અડગ છે, કે પૂંજીપતિઓના હિતની વળતર વગરની વહેંચણીની હિમાયત કરવી એ એમને તદ્દન શકય અને સુસંગત અગર તો સહી લેવા જેવી જણાય છે.

બન્ને હાડોહાડ ફેસિસ્ટ–વિરોધીઓ છે. અને બન્નેએ ખુલ્લી રીતે અને જુસ્સાભેર ચીનમાંના જાપાની આક્રમણને એવે સમયે વખોડી કાઢયું હતું, જ્યારે બ્રિટિશ મુત્સદ્દીગીરી પણ ખુલ્લી અને શરમજનક રીતે એને પંપાળતી હતી.

એ એક નોંધપાત્ર રીતે બંધબેસતું આવે છે કે બન્ને જણે જાપાની પ્રજા, જે અન્યાય કરી રહી હતી તેમાંથી તેઓ અટકે એવું તેમને સમજાવવા માટે જાપાન જવાની તત્પરતા વ્યક્ત કરી હતી. માનવસ્વભાવમાં આવો તેમનો વિશ્વાસ હતો, અને આવી તેમની સર્વદેશીય સહાનુભૂતિ હતી કે કોઇ પણ પ્રજા એમની સરકારો દુષ્ટ માર્ગે જઈ રહી હોય તો પણ અન્તર્ગત અને સમગ્ર રીતે દુષ્ટ છે એવું તેઓ કદી માની શકયા જ નથી. તે બન્નેના મત પ્રમાણે યુદ્ધો કોઈ અમુક રાષ્ટ્રની ખાસ દુષ્ટતાને આભારી નથી, પણ પશ્ચિમની ઔદ્યોગિક અને જડવાદી સંસ્કૃતિએ જન્માવેલી હિંસા અને લાલસાના સામાન્ય આવેશને આભારી છે. યુદ્ધને અટકાવવાનો એકમાત્ર આખરી માર્ગ હિંસાનો ત્યાગ કરવામાં, અને લાલસાને અંકુશમાં રાખવામાં તથા નૈતિક મૂલ્યોના સર્વોપરીપણાને માન આપવામાં રહેલો છે. જિરાલ્ડ હર્ડ જણાવે છે કે, "આધુનિક હથિયારો—પછી એનો ઉપયોગ ગમે તે કરે—સંસ્કૃતિનો નાશ કરી શકે તેમ છે. આધુનિક પલટણીકરણ જે આધુનિક હથિયારોના કાર્યક્ષમ વાપર માટે અનિવાર્ય પૂર્વશરત છે, તે તમામ માનવતાનો

નાશ કરશે. કયા ઝંડા હેઠળ, કયા સૂત્ર હેઠળ તમે આ પદ્ધતિ અખત્યાર કરો છો તે બાબત મહત્ત્વની નથી. તમે 'ઝેર'ને આપઘાત કરવા પીઓ કે ઔષધ માનીને પીઓ, પણ પરિણામ તો એ જ આવશે. સાધનો જ ધ્યેયને અંકુશમાં રાખે છે. જો આજે જિરાલ્ડ હર્ડ અને આલ્ડસ હક્સ્લી જેવા યુરોપીય વિચારકો ધ્યેય ઉપર સાધનોનો કાબૂ છે એવું સમર્થન કરતા હોય, તો એનું કારણ એ છે કે, ગાંધી અને ટાગોર પા સદી કરતાં વધારે સમયથી એનો ઉપદેશ કરી રહ્યા છે અને એ સિદ્ધાન્તને જીવનમાં ઉતારી રહ્યા છે.

બ્રિટનના ઇરાદાઓ સારા છે એવા વિશ્વાસથી બન્નેએ આરંભ કરેલો અને તેઓ એવું માનતા હતા કે હિન્દમાં બ્રિટિશ લોકો જે અન્યાય કરી રહ્યા છે તેની જાણ જ તેઓને કરવામાં આવે તો તેઓ અટકી જશે. ધીમેધીમે બન્નેનો ભ્રમ ભાંગી જવા નિર્માયો હતો. અને તેઓને એવી ખબર પડી કે બ્રિટિશ લોકોને ઘરવપરાશ માટે એક જાતના સિદ્ધાન્તો છે અને હિન્દ તથા સંસ્થાનોમાં નિકાસ કરવા માટે જુદા અને તદ્દન અલગ જ સિદ્ધાન્તો છે. હિન્દે પોતાનું ધ્યેય હાંસલ કરવા માટે બ્રિટિશ સામ્રાજ્યવાદની શૃંખલા સંપૂર્ણ રીતે ભાંગી નાખવી જોઇએ. બીજો કોઇ માર્ગ નથી. પણ આ ભાનની કટ્ટરમાં કટ્ટર પળોમાં પણ તેઓએ ધિક્કાર કે પૂર્વગ્રહ બતાવ્યો નથી; અગર તો આત્મ-ન્યાયીપણામાં ખૂંચી રહ્યા નથી, કે પોતાની મનુષ્યજાતની વિશાળ દૃષ્ટિ ગુમાવી નથી. આ બન્નેની ભાષામાં અને દુશ્મનો સામેની સ્ટેલિન, રૂઝવેલ્ટ અને ચર્ચિલની ભાષામાં કેટલો ભેદ છે? પોતાની સર્વદેશીય સહિષ્ણુતાનું ગુમાન રાખતા ઇંગ્લંડ અને અમેરિકાના મહાન બુદ્ધિશાળીઓ અને 'ગિરિપ્રવચન' (Sermon on the Mount) ઉપરનાં ભાષ્યોનો ઉપદેશ દેનારા મહાન ધાર્મિક આગેવાનો "ભલા ધિક્કાર"ના ગાંડપણનો આશરો લેવાની લાલચને રોકી શકયા નથી.

"ભક્તિનો અંચળો ઓઢી પ્રાર્થનામંદિરે થતા
ભેગા સૌ, સૈનિકોને તો પુકારે જોરશોરથીઃ
"મારો, ઠાર કરો," એના ગર્જને લય પામતું
ગીત એ ભજનોનું ને, મનુપુત્ર વ્યથા મહીં
પ્રાર્થતો, "દૂરેદૂરે તું ફેંકી દે, ફેંકી દેવ! દે,
કટુ ઝેર થકી આવા ભરેલા ઘોર પાત્રને"

(ટાગોર)

હિન્દની આકરામાં આકરી મુક્તિની લડતને બરોબર ટાંકણે અને એ લડતની આગેવાની ધારણ કરતી વખતે પણ ગાંધી કહી શક્યા છે કે, "આપણે આપણા હૃદયમાંથી બ્રિટિશ પ્રત્યેના ધિક્કારને દૂર કરવો જોઇએ. કમમાં કમ મારા હૃદયમાં તો આવી કોઇ ધિક્કારવૃત્તિ નથી. ખરી રીતે તો હું હતો તેના કરતાં યે અત્યારે બ્રિટિશનો હું વધારે મોટો મિત્ર છું. આનું કારણ એ છે કે અત્યારની પળે તેઓ આફતમાં છે. એમ કદાચ બને કે ગુસ્સાના આવેશમાં તેઓ એવાં પગલાં ભરે જેનાથી આપણે ઉશ્કેરાઇ

જોઈએ આમ છતાં, તમારે હિંસાનો આશરો લેવો નહિ; અને અહિંસાને શરમમાં મૂકવી નહિ...." માનવજાતની આઝાદીની લડતના સમગ્ર ઇતિહાસમાં આવી ભવ્ય નૈતિક શિસ્તનો જોટો નથી.

હિન્દના પુનરુત્થાનના આ બન્ને ફિરસ્તાઓ વચ્ચે અસહકારની પહેલી લડત દરમ્યાન અને પછીથી થોડા સમય પૂરતી જ કાંઇક ગેરસમજૂતી અને વિરોધ જેવું હતું, એ આશ્ચર્યજનક નથી. જ્યારે આવી એકદમ તીવ્ર, મહત્ત્વની અને મૌલિક એવી જબ્બર વિભૂતિઓ વચ્ચે ઝઘડો થાય ત્યારે ખુલ્લા ઝઘડામાં એક વખતે બન્નેએ એકબીજાને પડકાર કર્યો હતો એમાં આશ્ચર્ય નથી, પણ પોતાના સમગ્ર જીવન દરમ્યાન તેઓનો સંબંધ ઊંડામાં ઊંડા આદર, સમજૂતી અને મિત્રતાની ભાવનાથી અંકિત થયેલો છે એમાં આશ્ચર્ય રહેલું છે. જ્યારે બન્ને વચ્ચે મતભેદ થતો ત્યારે પણ પારસ્પરિક આદરની ભાવનામાં તેઓ એક જ હતા.

તેઓનો અંગત સંપર્ક ૧૯૧૫ની સાલથી શરુ થયો છે. એ સાલમાં જ્યાં એમના ફિનીક્સ આશ્રમના સભ્યોને દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા બાદ કામચલાઉ આશરો મળ્યો હતો તે શાન્તિનિકેતનની ગાંધીએ પહેલી જ વાર મુલાકાત લીધી. એ મુલાકાત દરમ્યાન પોતાના વર્તનને અનુરૂપ શિક્ષકો અને વિદ્યાર્થીઓને એવું સૂચન કર્યું હતું કે તેમણે રસોઇયાઓ તથા બીજા નોકરોની સેવા વગર ચલાવવું જોઈએ, અને બધું જ કામ પોતાની જાતે કરવું જોઇએ. જ્યારે આ સૂચના કવિવર પાસે મૂકવામાં આવી ત્યારે એમણે વિદ્યાર્થીઓને કહ્યું કે "આ અખતરામાં સ્વરાજની ચાવી રહેલી છે." જોકે આ અખતરો લાંબો ચાલ્યો નહિ. પણ શાન્તિનિકેતન આશ્રમ હજીયે દર વરસે ૧૦મી માર્ચને 'ગાંધીદિન' તરીકે ઊજવે છે; અને તે વખતે ઝાડુવાળાઓ સહિત તમામ નોકરોને એક દિવસની રજા આપવામાં આવે છે અને તેમનું બધું કામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો કરે છે.

તેઓ ૧૯૧૭માં ફરીને મળ્યા તે વખતે કવિવરે કલકત્તા કોંગ્રેસના ઉદ્ઘાટન સમારંભ વખતે પોતાની વિખ્યાત "હિન્દની પ્રાર્થના" ગાઈ હતી અને ગાંધીએ ટાગોરના ઘરમાં "પોસ્ટ ઓફિસ" નાટક ભજવાયું તેમાં હાજરી આપી હતી.

૧૯૧૯માં પંજાબમાં જલિયાંવાલા બાગનો હત્યાકાંડ થયો. કડક લશ્કરી સેન્સરશિપ છતાં જ્યારે આ સમાચાર બંગાળમાં પ્રસર્યા ત્યારે જાહેર વિરોધ ઉઠાવવામાં ટાગોર પહેલા હતા. ટાગોરે ૧૯૧૯ની ૩૦મી મેએ પોતાના નાઈટહૂડના ઇલકાબને ફગાવી દેતો વાઈસરોયને જે પત્ર લખ્યો હતો તેને ૧૯૨૦ના ઓગસ્ટની પહેલી તારીખે ગાંધીએ પોતાનો કૈસરે-હિન્દ-ચાંદ પાછો મોકલતી વખતે વાઈસરોયને જે પત્ર લખ્યો હતો તેની સાથે સરખાવવો રસિક થઈ પડશે. "એવો સમય આવી પહોંચ્યો છે," ટાગોરે લખ્યું, "જે વખતે માનનાં ચિહ્નો અમારી શરમને અપમાનના નિર્મળ સંબંધમાં વધારે ઉઘાડી પાડે છે. હું પોતે તો મારા દેશભાઇઓ જેઓને એના કહેવાતા નાચીજપણા માટે મનુષ્યોને લાયક નહિ એવી અધમતા સહન કરવાની હોય છે, તેમની પડખે આવાં

તમામ ખાસ માનચાંદ વગરનો થઈને જ ખડો રહેવા ઇચ્છું." ગાંધીએ લખ્યું હતું કે, "જે સરકાર પોતાની અનીતિનું રક્ષણ કરવા માટે ઉપરાઉપરી અન્યાયો ભણી જઈ રહી છે, તેને માટે આદર કે પ્રેમ હું રાખી શકું તેમ નથી." મહાન ભવ્યતા અને જુસ્સાભર્યા શબ્દોમાં વીંટાયેલા બન્ને નૈતિક વિરોધો હતા; પણ ટાગોરનો વિરોધ ખિતાબના ત્યાગમાં જ અટકી ગયો, જ્યારે ગાંધીએ અસહકારની લડત શરૂ કરી. ટાગોર જેઓ અસહકારની આ ઉમદા અને નાટકીય હિલચાલ કરવામાં પહેલા હતા, તેઓ ગાંધીએ ઉપાડેલી સામુદાયિક લડતના મહત્ત્વની કદર ન કરી શકયા એ આશ્ચર્યજનક છે. ૧૯૨૧ ના સપ્ટેમ્બરમાં કલકત્તા ખાતે ગાંધી એમને મળ્યા. એ મુલાકાતની કોઈ નોંધપોથી અસ્તિત્વ ધરાવતી નથી, પણ એવું જણાય છે કે બન્ને એકમેક સાથે અસંમત થઈને જ જુદા પડયા હતા.

આ મતભેદોનું શ્રેષ્ઠ નિવેદન અને વિવરણ એક પરદેશી જે આ બન્નેને પિછાનવા અને તેનો અર્થ ઘટાવવા જેવો મહાન હતો—તે રોમાં રોલાંએ આપણને આપ્યું છે. એના શબ્દો ટાંકવા સિવાય આપણે વધુ સારું કરી શકીએ નહિ.

"ટાગોર અને ગાંધી વચ્ચેનો, મહાન માનસ ધરાવનારા આ બન્ને વચ્ચેનો ઝઘડો મહત્ત્વનો છે. બન્ને પારસ્પરિક પ્રશંસા અને આદરથી પ્રેરાયેલા છે, પણ એક તત્વવેત્તા એક ફિરસ્તાથી જેટલા અનિવાર્ય પ્રમાણમાં અલગ હોય છે—સેંટ પોલ પ્લેટોથી જેટલો અલગ—છે તેટલું અલગપણું તેઓની લાગણીઓમાં છે. કેમકે એક બાજુએ આપણી પાસે નવી માનવતા સ્થાપવાનો પ્રયાસ કરવા મથતી ધાર્મિક શ્રદ્ધા અને ઉદારતાની ભાવના છે, બીજી બાજુએ આપણી પાસે તમામ મનુષ્યજાતની ભાવનાઓ સહાનુભૂતિ અને સમજૂતીમાં એક કરવા મથતી મુક્તજન્મા, શાન્ત અને વિશાળ બુદ્ધિ પડી છે. ૧૯૨૧ ના એપ્રિલની ૧૦ મી તારીખે ટાગોરે લંડનથી લખ્યું હતું કે, 'મનુષ્યના દૈવી આત્મામાંની હિન્દની ભાવના હજીયે જીવંત છે એવું હિન્દને માનવાની ગાંધીએ આપેલી તક માટે આપણે ગાંધીના ઓશિંગણ છીએ.'

"આમ છતાં બન્ને વચ્ચેનો મતભેદ વધુ વિશાળ બને એ અનિવાર્ય હતું. એ સમયે ટાગોર કાંઇ 'કવિવર'જ નહોતા પણ યુરોપ માટેના એશિયાના આધ્યાત્મિક દૂત પણ હતા; જ્યાં એમણે શાન્તિનિકેતન ખાતે વિશ્વ યુનિવર્સિટી ઊભી કરવા માટે સહકાર આપવા લોકોને હાકલ કરી હતી. જે વખતે બીજે છેડે અસહકારનો ઉપદેશમંત્ર અપાઈ રહ્યો હતો, બરોબર તે જ વખતે દુનિયાને બીજે છેડે પશ્ચિમ અને પૂર્વ વચ્ચે સહકારનો તેઓ ઉપદેશ કરે એ વિધિની કેવી ઘટના છે!

"અસહકાર એમની વિચારપદ્ધતિ સાથે અથડામણમાં આવતો હતો. કેમકે એમના માનસે, એમના બુદ્ધિવૈભવે વિશ્વની તમામ સંસ્કૃતિઓમાંથી પોષણ મેળવ્યું હતું....બીજા શબ્દોમાં ૧૮૧૩ માં ગેટેએ જેવી રીતે ફ્રેંચ સંસ્કૃતિ અને વિકાસનો ત્યાગ કરવાની ના પાડી હતી તેવી રીતે ટાગોર પણ પાશ્ચાત્ય સંસ્કૃતિને દેશનિકાલ કરવાની ના પાડે છે.

ગાંધીનો સિદ્ધાન્ત પૂર્વ અને પશ્ચિમ વચ્ચે કોઈ ખરેખર આડ બાંધતો નથી. જ્યારે ટાગોર જાણે છે કે હિન્દુ રાષ્ટ્રીયતા એક વાર જાગી ઊઠી એટલે એમ જ કરશે. ટાગોરે માનસિક જુલ્મની આફત નજીક આવતી જોઈ હતી અને ૧૯૨૧ ના ઑક્ટોબરના મોડર્ન રીવ્યુમાં એમણે ખરેખર 'સત્યને એક વિનંતિ' એવો જાહેર ઢંઢેરો બહાર પાડયો; જે આ અંધ તાબેદારી સામે બંડનો પોકાર હતો. આ વિરોધ ખાસ કરીને જોરદાર હતો; કેમકે ગાંધીને સુંદર અંજલિ આપ્યા પછી બહાર પડયો હતો.

"ટાગોરના ઉમદા શબ્દો, જે દેશને ઉદ્દેશીને ઉચ્ચારાયેલા સુંદરતમ શબ્દોમાંના થોડાક છે, તે સૂર્યપ્રકાશના કાવ્યમાં દેખા દે છે; અને એની એક જ ટીકા થઇ શકે કે એ શબ્દો બહુ જ ઊંચે વિહરે છે.

"ટાગોરને આપેલા જવાબમાં ગાંધીએ મતભેદોમાં બતાવ્યો હતો તેના કરતાં વધુ જુસ્સો બતાવ્યો છે. ૧૯૨૧ ના ઑક્ટોબરની ૧૩ મીએ 'યંગ ઇંડિયા'માં એમનો જોરદાર જવાબ પ્રસિદ્ધ થયો છે. હિંદની સન્મુખ રહેલાં ભયસ્થાનો સામે હિંદને ચેતવણી આપવા માટે ગાંધી 'મહાન સંત્રી'નો આભાર માને છે. ટાગોર સાથે તેઓ સંમત થાય છે, કે સૌથી વધુ આવશ્યક તો મુક્ત આત્માને ટકાવી રાખવાની બાબત છે. ટાગોર પહેરેગીર છે, જે મતાંધતા, એદીપણું, અસહિષ્ણુતા, અને જડતારૂપી દુશ્મનોના આગમનની ચેતવણી આપે છે. પણ ટાગોરની આશંકાઓ વાજબી હોય એમ ગાંધીને લાગતું નથી. મહાત્મા હંમેશા બુદ્ધિને જ અસર કરે છે."

ગાંધીએ લખ્યું છે કે "દુકાળિયા અને એદી લોકોને માટે ઈશ્વર દર્શન દેવાની હિંમત કરે એવું એક જ સ્વીકાર્ય સ્વરૂપ છે અને તે રોજી અને વેતન તરીકે ખોરાકનું વચન. ભૂખરૂપી દલીલ એવી છે જે હિંદને ચરખા ભણી ખેંચી રહી છે.

"કવિવર આવતીકાલ માટે જીવે છે અને આપણે પણ એમ કરીએ એમ ઇચ્છે છે. દુઃખથી પીડાતા આજાર મનુષ્યોને કબીરના ભજનથી આશ્વાસન આપવાનું મને અશક્ય જણાયું છે.

"તેઓને ખાવા મળે એટલા પૂરતું કામ આપો, મારા જેવો જેને ખોરાક માટે કામ કરવાની જરૂર નથી તેણે શું કામ કાંતવું જોઈએ? એવો કદાચ પ્રશ્ન પુછાય. કેમકે હું જે ખાઉં છું તે મારી માલિકીનું નથી. હું મારા દેશભાઈઓના શોષણ ઉપર જીવું છું. તમારા ગજવામાં આવતા પ્રત્યેક સિક્કાનું મૂળ શોધો અને તમને હું જે લખું છું તેના સત્યની ઝાંખી થશે. દરેકે કાંતવું જ જોઈએ, બીજાઓની માફક ટાગોર કાંતે, એઓ પોતાના પરદેશી કપડાં સળગાવી દે, એ આજની એમની ફરજ છે. ઈશ્વર આવતીકાલની સંભાળ લઈ લેશે. ગીતામાં ભગવાન કહે છે તે 'સાચું કરો.'"

રોમાં રોલાં ચર્ચા કરતાં લખે છે કે આ શબ્દો "ગમગીન અને કરુણ છે. આમાં આપણી પાસે કલાના સ્વપ્ન સમક્ષ વિશ્વની વ્યથા ખડી થતી અને પોકારી ઊઠતી જણાય છે કે 'મારા અસ્તિત્વનો ઇનકાર કરવાની હિંમત કરો છો?' ગાંધીની ઉત્કટ લાગણી સાથે સહાનુભૂતિ ન બતાવે, અને એમાં ભાગ ન લે એવું કોણ છે? અને છતાં ય એમનો જવાબ જે આટલો બધો ગૌરવશીલ અને આટલો બધો તીવ્ર

છે તેમાં એવું કાંઈક તો છે જ જે ટાગોરની શંકાઓને વાજબી ઠરાવે અને ધ્યેયની કડક શિસ્તને અનુસરવાનું જેને કહેવામાં આવ્યું છે એવી વ્યક્તિ ઉપર મૌન લાદે છે. જેનું પહેલું ફરમાન 'કાંતો' એવું છે તે સ્વદેશીના કાયદાનું વગરચર્ચાએ પાલન કરો."

કેવી કરુણ અને બિનઆવશ્યક તકરાર! અહીં આ કવિ, જેણે પોતાનાં કાવ્યોમાં, ભાષણોમાં, નાટકોમાં અને નવલોમાં જેના આગમનની રાહ જોઈ હતી અને જેને માટે પ્રાર્થના કરી હતી, જેની પદ્ધતિઓની અપેક્ષા રાખી હતી અને એને આશીર્વાદ આપ્યા હતા, તે જ વ્યક્તિને પડકાર દઈ રહેલ છે.! આજે ગાંધી મોખરે આવીને એ વાતનો સ્વીકાર કરે કે મહાન સંત્રીએ રોટલા માટેનો પોતાનો હક્ક પ્રાપ્ત કરી લીધો છે અને પોતાની હસ્તી માટે એમણે કાંતવાની જરૂર નથી.* આમ છતાં કવિવરને ચૂપ કરી દેવામાં આવ્યા. એમણે પોતાની જાતને જ ચેતવણી આપી નહોતી? "જો તારા દેશભાઇઓના ઇતિહાસની સૌથી વધુ મહાન કટોકટીમાં તારી કૂચકદમ તું મિલાવી શકતો હો તો તેઓ ખોટા છે, અને તું સાચો છે એમ કહેતાં અટકી જજે. કતારમાંનું તારું સ્થાન છોડી દેજે અને તારા કવિના ખૂણામાં પાછો જઈ બેસજે અને હાંસી તથા જાહેર કલંક માટે તૈયાર થઈ રહેજે." કવિના ખૂણામાં બેસીને એમણે 'મુકતધારા' નાટક લખ્યું. જેમાં ગાંધીને અને એમની અહિંસાની જેહાદને એમણે આપેલી અંજલિ સૌથી વધુ મહાન છે. આમ આ ઝઘડો જેણે બન્નેની અન્તર્ગત મહત્તા અને તેમના આત્માઓનું ચિરંતન એકરાગીપણું જ બહાર આણ્યું છે તેનો અંત આવ્યો.

વર્ષો વીત્યાં, ગાંધી યરવડા જેલમાં પુરાયા, અને અન્યાયી કોમી ચુકાદાનો આમરણાંત સામનો કરવાનો નિર્ધાર કર્યો. આ ઐતિહાસિક ઉપવાસ પોતાના દેશભાઈઓ અને એના પરદેશી શાસકોનો આત્મા જાગ્રત કરવા માટેના હતા. ૧૯૩૨ ના સપ્ટેમ્બરની ૯ મીના ઐતિહાસિક પ્રભાત પહેલાં તેઓ પોતાના મહાન આધ્યાત્મિક મિત્રને યાદ કરે છે અને આ પ્રમાણે લીટીઓ એમને લખે છેઃ-

પ્રિય ગુરુદેવ,

અત્યારે મંગળવારના ૩ વાગ્યાનું વહેલું પરોઢ છે. હું બપોરે આગના દ્વારમાં પ્રવેશું છું. જો આપ એને આશીર્વાદ આપી શકતા હો તો મારે એની જરૂર છે. તમે મારા સાચા મિત્ર રહ્યા છો, કેમકે તમે નિખાલસ મિત્ર રહ્યા છો; અને ઘણી વાર તમારા વિચારો જોરશોરથી ઉચ્ચારો છો. જો તમારું અંતર આ પગલાંને પસંદ કરતું હોય તો તમારા આશીર્વાદ હું માગું છું. એ મને ટકાવી રાખશે. હું આશા રાખું છું કે મેં પૂરતી સ્પષ્ટતા કરી છે— મારો પ્રેમ, મો. ક. ગાંધી.

પણ આ પત્ર મોકલાય તે પહેલાં કવિવરનો તાર એમના હાથમાં મૂકવામાં આવ્યો. "હિંદની એકતા અને એની સામાજિક અખંડતા ખાતર કીમતી જીવનનું બલિદાન બહેતર છે. અમારાં શોકાતુર હૈયાં તમારી ભવ્ય તપશ્ચર્યાને ભક્તિ અને પ્રેમપૂર્વક અનુસરશે."

૨૪ મી તારીખે કવિવર પૂના જવા રવાના થયા; અને બ્રિટિશ સરકારે નમતું આપ્યું

---

* અમે નથી માનતા કે ગાંધીજી આવું કાંઈ કબુલ કરે. કલાકાર કાંતે તો તેની કલા વધુ સમૃદ્ધ બનશે એવું ગાંધીજીએ કયાં નથી કહ્યું? કવિવરે જે અર્પ્યું છે તે ગાંધીજી બેશક સ્વીકારે, પરંતુ હાથકંતાઈની બદલીમાં તેઓ કશું જ ન સ્વીકારે. **તંત્રીઓ**

છે અને ગાંધી જીત્યા છે એવા સુખદ સમાચાર મળતી વખતે તેઓ યરવડા જેલમાં ગાંધીની પથારી પાસે હતા. પારણાં થાય છે ત્યારે ગાંધીને પ્રિય એવું પોતાનું સુંદર ગીત ગાંધી પાસે ગાય છે.

"જ્યારે હૃદય સુકાયને શોષાય ત્યારે ઓ પ્રભુ!
તું આવજે તુજ વૃષ્ટિ કરુણાથી ભરી દેતો મને!"

૧૯૩૬ ના માર્ચ માસમાં દિલ્હીમાં, અને કલકત્તા ખાતે ૧૯૩૮ નાં માર્ચમાં તેઓ ફરીને મળ્યા. આ બન્ને પ્રસંગોએ ગાંધી કવિવરની વહારે ધાયા, અને વિશ્વભારતીને મુશ્કેલીઓ તરી જવા માટે ફંડ એકઠું કરી આપ્યું. તેઓની આખરી મુલાકાત—જે તમામ મુલાકાતોમાં સૌથી વધુ દર્દભરી અને સુંદરતમ હતી—તે ૧૯૪૦ ના ફેબ્રુઆરીમાં શાન્તિનિકેતનમાં થઈ હતી. તે વખતે કવિવરે ગાંધી માટે વાપરેલા શબ્દોમાં "ભિખારીના લેબાશમાં છુપાયેલો આ મહાન આત્મા" કવિવરને મળવા આવ્યો હતો. થોડા મહિના પછીથી જ્યારે ટાગોર કલકત્તામાં પથારીવશ હતા અને જીવનમરણ વચ્ચે ઝોલાં લેતા હતા ત્યારે ગાંધીએ પોતાના રહસ્યમંત્રી મહાદેવ દેસાઈને મળવા માટે મોકલ્યા હતા. મહાદેવ દેસાઈએ એમને ગાંધીનો પત્ર આપ્યો કે તરત જ કવિવરના હાથ લાગણીવશ થઈને ધ્રૂજી ઊઠયા અને આંસુની ધારા એમના કપોલ પરથી ટપકી પડી. જે દુઃખમાં કદી રડ્યા નહોતા તે આનંદમાં રડી પડ્યા. આ બન્નેને જુદા પાડતા દેખાતા ઘણા મતભેદો હોવા છતાં આખર સુધી ટકેલી આ મિત્રતાને એમના દેશભાઈઓ બન્નેની મહત્તાની અમર સાક્ષી તરીકે સંભારી રાખશે. આ બેમાંથી કોઈ પણ જો ઓછો મહાન હોત તો તેઓ ઝઘડી ઊઠયા હોત. બન્નેની લાગણીક્ષમતા, અને જીવનપદ્ધતિઓ એટલી બધી તીવ્ર રીતે ઊલટી હતી, તેઓનાં પ્રવૃત્તિક્ષેત્રો એટલાં વ્યાપક રીતે અલગ હતાં અને દરેકની આસપાસ માલિકો જેટલી જ સહિષ્ણુતા અને સમજૂતી વગરના પ્રશંસકો હતા કે બન્ને વચ્ચે ગેરસમજૂતી થવી ખૂબ જ સહેલી હતી. તેઓએ એમ ન કર્યું એ એમની ઉચ્ચતાનું માપ બતાવે છે.

ટાગોર હવે નથી. પોતાના શબ્દબ્રહ્મમાં જ હવે તેઓ જીવે છે. અને મનુષ્યો સૌંદર્ય માટે પ્રેમ સેવ્યા કરશે ત્યાં સુધી એમાં જ તેઓ જીવ્યા કરશે. એમના વિચારોનો સ્વીકાર કરવામાં આવે કે વખોડવામાં આવે તો પણ એમની લાગણીઓને માનવહૈયાં જીવંત છે ત્યાં સુધી પડઘો મળ્યા કરશે; અને જ્યાં સુધી શબ્દો મનુષ્યહૃદયને અસર કરવાની શક્તિ ધરાવે છે, ત્યાં સુધી એમના અમર શબ્દો વાચકોને આનંદ આપવાનું અને તેમનાં હૃદય ઉદાત્ત બનાવવાનું ચાલુ જ રાખશે. સદ્‌ભાગ્યે ગાંધી હજીયે આપણી સાથે છે. લાખો મનુષ્યો એને ચાહે છે અને હજારો એને અનુસરે છે. લાખો માણસો એમને પૂજ્યા જ કરશે. જો તેઓ પોતાના જીવનકાર્યમાં સફળ થશે તો કોઈ મનુષ્યે કદી ન મેળવી હોય એવી સિદ્ધિ તેઓ મેળવશે. જો તેઓ નિષ્ફળ જશે તો ટાગોરના શબ્દોમાં "મનુષ્યોને દુષ્ટતામાંથી પાછા વાળવામાં બુદ્ધ જેવી રીતે નિષ્ફળ ગયા અને ઈશુખ્રિસ્ત નિષ્ફળ ગયા, તેવી રીતે ગાંધી નિષ્ફળ જશે. પણ જેણે પોતાના જીવનને યાવત્‌ચંદ્ર દિવાકરૌ ઉપદેશમય બનાવ્યું છે એવી વ્યક્તિ તરીકે તેઓ ચિરકાળ યાદ રહેશે.

❀

સૌન્દર્યમાં સત્ય

લેખક : ડી. જી. તેન્ડુલકર

> " સત્ય અને સૌંદર્ય હું ઝંખુ છું,
> એને માટે જ જીવું છું, અને એ ખાતર મરું પણ ખરો."
>
> —મોહનદાસ ગાંધી

ગાંધીજીના પ્રશંસકો પણ ઘણી વાર એવું કહેતા સંભળાય છે કે કળા અને સંસ્કૃતિની ગાંધીજીને મન કશી કિંમત નથી. એમણે એ વિષય ઉપર જ સીધી રીતે ભાગ્યે જ કશું લખ્યું છે એ વાત જોકે સાચી છે, પરંતુ એમનાં આચરણો અને ઉદ્‌ગારોમાં વ્યક્ત થતી એવી એમની એક પ્રકારની મૌલિક ફિલસૂફી તો છે, જે એમના પોતાના જીવન ઉપર અને આપણાં જીવન ઉપર પણ અસર પાડી શકી છે.

પંડિત જવાહરલાલે યોગ્ય રીતે જ કહ્યું છે કે "એમણે એમની પોતાની રીતે જ જીવનની કલા શોધી કાઢી છે અને એમના પોતાના જીવનને સંપૂર્ણ કલાયુક્ત બનાવી શક્યા છે. અંતઃસ્ફુરિત શાંતિ પ્રાપ્ત કરીને તેઓ એનો પ્રકાશ બીજાઓને પણ આપી રહ્યા છે."

ગાંધીજીના જીવનની ભવ્ય મહત્તા આપણામાંના ઘણાને સૂઝતી જં નથી એમાં કશું આશ્ચર્ય નથી, કેમકે જમાનાઓથી 'સાહેબ' આપણો માર્ગદર્શક અને ફિલસૂફ બની રહ્યો છે. પોપટની જેમ આપણે એની ભાષા પઢ્યા અને એના પહેરવેશનું પણ અનુકરણ કર્યું. 'સાહેબ'નાં ચશ્માંથી જ આપણે બધી વસ્તુઓનું માપ કાઢવા શીખ્યા. અજન્ટા અને ઇલોરા આપણી એ દૃષ્ટિએ તો નર્યાં ખંડેરો જ બની રહ્યાં હતાં. આપણા અદ્‌ભુત શિલ્પને આઘું હડસેલી આપણે આપણાં ઘરોમાં પશ્ચિમની શંકાસ્પદ કલાકૃતિઓ ઠાંસીને ભરી. આપણાં સાહિત્ય, ફિલસૂફી, કલા અને સંસ્કૃતિ તરફ આપણે નાક ચઢાવ્યાં.

બ્રિટિશોએ આપણી કેળવણી, એવી રીતે યોજી કે આપણે એમના સામ્રાજ્યની પૂર્તિરૂપ જ બની રહીએ. હિંદને મૅકૉલેની એ બક્ષિસ વિષે ટીકા કરતાં રશબ્રૂક વિલિયમ્સે લખ્યું છે કે "એવું ધારી લેવામાં જ આવ્યું હતું કે એક વાર ભણેલો વર્ગ અંગ્રેજી ભાષામાં જ કેળવાયો, એટલે અંગ્રેજી જેનું માધ્યમ છે એવી પાશ્ચાત્ય કેળવણી ધીમે ધીમે વર્ગોના થરોમાંથી ગળાતી ગળાતી આમવર્ગ સુધી પ્રસરી જશે. સમય જતાં લગભગ બધા જ પશ્ચિમના રંગે રંગાશે અને, પરિણામે, દરેક જણ ખ્રિસ્તી બની જશે." —પણ એક અચ્છા જાદુગર તરીકે ગાંધીજીએ આ આખી મોહિનીને પરાસ્ત કરી દીધી!

ગાંધીજીએ તો કહ્યું જ છે કે "કેળવણીની અત્યારની પદ્ધતિ, એક તદ્દન જ અન્યાયી સરકાર સાથેના એના સંબંધ ઉપરાંત પણ, ખૂબ જ ખામી ભરેલી છે........સ્વદેશી સંસ્કૃતિને લગભગ સંપૂર્ણ રીતે દૂર રાખીને એ કેવળ પરદેશી સંસ્કૃતિ ઉપર જ રચાયેલી


蔣中正



છે." વળી તેઓ કહે છે કે "રાષ્ટ્રીય કેળવણી હિંદની દેશીભાષાઓને અત્યારની અણુછાજતી અવમાનનામાંથી બચાવવા અને તેમને રાષ્ટ્રીય પુનરુજ્જીવન અને હિંદી સંસ્કૃતિની જ્ઞાનપરબો બનાવવા માગે છે. એથી એમ ફલિત થાય છે, કે સંપૂર્ણ જીવન–કેળવણી માટે પાશ્ચાત્ય વિજ્ઞાનોના અભ્યાસ કરતાં, એશિયાઇ સંસ્કૃતિઓનો પદ્ધતિસરનો અભ્યાસ પણ સહેજે ઓછી અગત્યનો નથી. રાષ્ટ્રના પ્રતાપનું ઉગમસ્થાન ક્યાં રહેલું છે એ શોધવા માટે તો સંસ્કૃત અને એરેબિક, પર્શિયન અને પાલી, અને માગધીના વિશાળ જ્ઞાનભંડારોને આપણે બચાવી જ લેવા જોઇએ. એનો આશય એવો નથી કે પ્રાચીન સંસ્કૃતિઓ ઉપર જ જીવવું અથવા એની પુનઃસ્થાપના કરવી. રાષ્ટ્રીય કેળવણી તો ભૂતકાળની પ્રણાલિકાઓ ઉપર રચાયેલી, પરંતુ પછીના જમાનાઓના અનુભવે સમૃદ્ધ બનેલી એવી નવી સંસ્કૃતિ નિર્માણ કરવાની આશા રાખે છે. હિંદમાં સ્થિર થયેલી જુદી જુદી સંસ્કૃતિઓ જેણે હિંદી જીવન ઉપર અસર પહોંચાડી છે અને આ ભૂમિની ભાવનાઓની અસરો જેણે અપનાવી પણ છે—એવી બધી સંસ્કૃતિઓનો સમન્વય સાધવાની એ હિમાયતી છે. આવો સમન્વય સ્વાભાવિક રીતે જ, દરેક સંસ્કૃતિને એના વાજબી સ્થાનની ખાતરી મળે એવી સ્વદેશી ઢબનો જ હશે. જ્યાં એક સંસ્કૃતિનું પ્રભુત્વ જામે અને એ બીજી બધીને પોતામાં સમાવી લે તેવી અમેરિકન ઢબનો સમન્વય નહિ હોય; કેમકે કૃત્રિમ અને ફરજિયાત ઐક્યનું ધ્યેય કદી રખાયું જ નથી."

અત્યારની ફૅશન પ્રમાણે એમનું વલણ 'બુદ્ધિશાળી' છે કે કેમ એ પ્રશ્નમાં ગાંધીજીને જરાય રસ નથી. એકલા ભણેલાઓના ધોરણે ચકાસી જોતાં તો, એમના બધા અભિપ્રાયો જાણે એકસાથે, ચોંકાવનારી રીતે ક્રાંતિકારી અને ચોંકાવનારી રીતે પ્રત્યાઘાતી દેખાય છે.

સંસ્કૃતિની લાંબી યાત્રા માનવીની પોતાની ફિલસૂફીની રચનાથી જ શરુ થાય છે. ગાંધીજીના સંબંધમાં તો એમણે એમની ફિલસૂફી એવા સ્વરૂપે અને એવા હેતુસર વ્યક્ત કરી જ દીધેલી છે, કે એણે આખા રાષ્ટ્રજીવન ઉપર નિશ્ચિત અસરો પહોંચાડી છે.

ગાંધીજી સંસ્કૃતિ ઉપર પ્રવચનો કરતા નથી પણ એ જીવી રહ્યા છે. "વ્યવહારના ચેતનના પીઠબળ સિવાયનો એકલો બૌદ્ધિક સ્વીકાર એ તો મસાલો ભરી રાખેલા શબ જેવો છે; કદાચ દેખાવમાં સુંદર હોય પણ એ પ્રેરણા કે સંસ્કાર તો આપી શકે જ નહિ" એ એમનો સિદ્ધાંત છે. સંસ્કૃતિ પ્રત્યેનું એમનું વલણ એમના પોતાના શબ્દો દ્વારા જ શ્રેષ્ઠ રીતે નિરૂપી શકાય.

"જે કોઈ હિંદુસ્તાનને સાચેસાચ સમજે છે અને ચાહે છે, તેમણે તો એક બાળક પોતાની માતાની છાતીએ વળગી રહે તેવી જ રીતે પોતાના દેશની સંસ્કૃતિને વળગી રહેવું જ જોઈએ."

"પણ હિંદી સંસ્કૃતિ," ગાંધીજી ધ્યાન ખેંચે છે કે, "સંપૂર્ણ રીતે હિંદુ, ઇસ્લામી અથવા બીજી કોઈ નથી. એ બધાયનું એમાં સંમિશ્રણ છે, અને તત્ત્વમાં એ પૂરેપૂરી

પૌરસ્ત્ય છે....અને જેઓ પોતાને હિંદી કહેવડાવે છે, તે દરેક સ્ત્રીપુરુષની એ સંસ્કૃતિને મોંઘી ચીજની જેમ જાળવવાની, એના ટ્રસ્ટી બની રહેવાની અને એની ઉપરના દરેક આક્રમણનો પ્રતિકાર કરવાની ફરજ છે....મારા ઘરની આસપાસ તમામ દેશોની સંસ્કૃતિઓનો પવન, બની શકે તેટલી સ્વતંત્રતાથી ભલે ફૂંકાય એમ જ હું તો ઇચ્છું છું. પણ એમાંની કોઈથી પણ હું મારા સ્થાન ઉપરથી ઊખડી પડવાનો તો ઇનકાર જ કરું છું. બીજા લોકોનાં ઘરોમાં પંચાતિયા તરીકે કે ભિખારી અથવા ગુલામ તરીકે જીવવાનો હું ઇનકાર કરું છું."

"આપણે એકાંતિક બની જઈએ અથવા અવરોધો ઊભા કરીએ એવો વિચાર તો મને સ્પર્શતો પણ નથી. મારો એવો દૃઢ અભિપ્રાય છે કે આપણી સંસ્કૃતિમાં જે કીમતી ખજાનો ભરેલો છે તેવો બીજી કોઈમાં ય નથી. આપણે એ જાણતા નથી, એટલું જ નહિ પણ એના મૂલ્યને તરછોડવાનું પણ આપણને શિખવવામાં આવ્યું છે. આપણે એ સંસ્કૃતિ જીવતા લગભગ અટકી જ પડ્યા છીએ........મારો ધર્મ, જેમ મારા પોતાના ધર્મને અપનાવવાનો અને એને જીવવાનો આગ્રહ કરે છે, તેમ બીજી સંસ્કૃતિઓની ઓછી કિંમત આંકવા અથવા તેમને તુચ્છકારવાની મને મનાઈ પણ ફરમાવે છે."

ગાંધીજી કબૂલ કરે છે કે "યુરોપીય સંસ્કૃતિ બેશક યુરોપિયનોને માફક આવે તેવી છે," પણ આપણને ચેતવે છે કે "પણ જો આપણે એનું અનુકરણ કરવાનો પ્રયાસ કરીશું, તો હિંદનો વિનાશ એમાંથી સર્જાશે." આનો અર્થ એવો નથી કે એમાં જે કંઈ સારું અથવા સમન્વયને યોગ્ય હોય તેનો આપણે સ્વીકાર અને સમન્વય ન જ કરવો, તેમ, એમાં જે કંઈ ખરાબ તત્ત્વો ઘૂસી ગયાં હશે તેને યુરોપિયનોએ પણ ત્યજવાનો વખત નહિ આવે એવો પણ એનો અર્થ નથી. ગાંધીજી કહે છે કે "કેવળ ભૌતિક સુખસગવડો અને તેના ગુણાકાર માટે જ અહોનિશ મથામણ કરવી એ પોતે જ એક એવું દુષ્ટ તત્ત્વ છે કે, જો યુરોપિયનોને અત્યારે જેના તેઓ ગુલામ બની રહ્યા છે એ સુખસગવડોના બોજા હેઠળ જ નાશ પામવું નહિ હોય, તો તેમણે પણ પોતાની જીવન-દૃષ્ટિને નવેસરથી ઘડવી જ પડશે."

એક 'બુદ્ધિશાળી' માણસ એના આગ્રહી વલણને લીધે માત્ર શબ્દોને જેટલા એની છાતીસરસા જકડી રાખે છે, તેટલો વિચારોને જકડી નથી રાખતો. ગાંધીજીનું મન અને વિચારો અપાર્થિવ નહિ પણ જીવતા માણસ સાથે ભળે છે, સાચા જીવનના ઝરણામાં, સમાજના સંપૂર્ણ અને આત્મભાનવાળા જીવનના ઝરણામાં તરબોળ હોય છે. એથી, એમનું લાગણીપ્રધાન મન રોજિંદા જીવનની ઘટમાળની અંદર છુપાયેલી કલાયુક્ત દુનિયાની કદર બૂઝી શકે છે અને તેના અસ્તિત્વની ઝાંખી કરાવી શકે છે." "પહેલી શોધ કરવા જેવી વસ્તુ તો સત્ય જ છે, અને સૌંદર્ય અને સારપ તો તમારામાં એની મેળે આવી વસશે" એ તેમનો ધ્રુવસિદ્ધાંત છે.

ગાંધીજીએ ફૈઝપુરમાં તો કહ્યું હતું કે "ઈશ્વરે મને કલાદૃષ્ટિ આપી છે." સંસ્કૃતિના પંથે એમણે કરેલી યાત્રા એક રસભર્યો અભ્યાસ થઈ પડે તેવી છે, અને એમના કલાયુક્ત જીવનને વ્યક્ત કરે છે.

સાદાઈ અને સત્યમાં સૌંદર્યના મહાન ઉપાસકો રસ્કિન, ટૉલ્સ્ટૉય, થોરો અને એમર્સન—એ ચારે યે એમના ઉપર ખૂબ ઘેરી અસર પાડી છે. રસ્કિન વિષે ગાંધીજીએ લખ્યું છે: "મારા હૃદયના ખૂબ ઊંડાણમાં રહેલી માન્યતાઓ 'સર્વોદય' (Unto This Last) માં પ્રતિબિંબિત થયેલી મને જડી આવી એમ હું માનું છું, અને એ પુસ્તકે મને જીતી લીધો એનું રહસ્ય એ જ છે. કવિઓ બધાની ઉપર એકસરખી અસરો નીપજાવતા નથી." આ સાહિત્યસમ્રાટોની કૃતિઓ ગાંધીજીના હૃદયને સ્પર્શી ગઈ છે એનું કારણ એ જ છે કે એમની અને ગાંધીજીની વચ્ચે ઘણું સામ્ય છે. ગાંધીજીનાં પોતાનાં લખાણો પણ મહાન સૌંદર્ય અને સંસ્કૃતિમાં તરબોળ હોય છે અને એને સમજવાં એ પણ સંસ્કારિતાની એક કીમતી કેળવણી છે. ગાંધીજીને મન સંસ્કૃતિ એ કંઈ કેવળ વાતો કરવાની નહિ પણ જીવવાની અને કદર બૂઝવાની વસ્તુ છે.

હિમાલયમાં હરદ્વાર પાસે લક્ષ્મણઝૂલા ગયા ત્યારે ગાંધીજીએ એવી ટકોર કરેલી કે "પહેલાં જ્યાં દોરડાંનો સુંદર પુલ હતો ત્યાં હવે ઝૂલતો કમાનવાળો પુલ આવી ગયો છે." અને એ સ્થળની આસપાસના આઘાતજનક દેખાવથી તો ગાંધીજીને ખૂબ જ દુઃખ થયેલું. "પુલને સામે પાર, ગાલ્વેનાઇઝ પતરાંનાં કેટલાંય કઢંગાં દેખાતાં ઝૂંપડાં છે." સેવાગ્રામની ગાંધીજીની પોતાની કુટિર એ એમની પસંદગીનો નમૂનો છે. સાદાઈમાં સૌંદર્યની એ એક સુંદર કૃતિ છે. કૉંગ્રેસનાં અધિવેશનો ગામડાંમાં ભરાવાં જોઈએ એ વિચાર મૂળ તો ગાંધીજીનો જ છે. એ વિચાર કેવળ આમજનતાના સંપર્કના જ હેતુવાળો નહોતો; એથી તો એમણે કૉંગ્રેસનાં ગ્રામ્ય અધિવેશનોની યોજના કરવા અને તેની રચના કરવા પ્રખ્યાત કલાકાર શ્રી. નંદલાલ બસુને પસંદ કર્યા હતા. એમણે બંનેએ કેટલાય દિવસો સુધી યોજનાઓની ચર્ચા કરી અને પરિણામે શ્રી. નંદબાબુ એક વ્યવહારુ આદર્શવાદીની કલ્પનાઓ અપનાવીને તેને મૂર્ત સ્વરૂપ આપી શક્યા.

"કૉંગ્રેસનગરની રચના અસાધારણ સાદી હતી. બ્રહ્મપુત્રાને કિનારે ઊભી કરેલી ખૂબ સાદી છતાં કલામય ઝૂંપડીઓ માટે આસામના વાંસ, આસામની માટી, આસામની કડબ, આસામની ખાદી અને આસામની મહેનત—એ બધું ય આસામી જ ઉપયોગી નીવડ્યું. બીજી બધી વ્યવસ્થા પણ આ કલાત્મક સાદાઈ સાથે બંધબેસતી આવે તેવી જ હતી." એ ઉદ્ગારોથી ગૌહત્તી મહાસભાની વ્યવસ્થાને ગાંધીજીએ વધાવી લીધી હતી. ફૈઝપુરનું ગ્રામ્ય અધિવેશન એ પ્રકારનો પહેલો જ અખતરો હતો. શહેરી લોકો એની ખૂબીની કદર કરી ન શક્યા. 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' એ એવી ટીકા કરેલી કે "ત્યાં તો બધું ય અતિશય કઢંગું છે....જાણે વાંસનું જ આખું નગર." પણ પછી તો થોડા જ સમયમાં ઍંગ્લો-ઇન્ડિયન ભેજાંઓમાં પણ સૌંદર્યનો ખરો ખ્યાલ પ્રગટ્યો ખરો. એક વર્ષ પછી જ હરિપુરામાં એ જ જાતની રચનાની એ જ અખબારે પ્રશંસા પણ કરી!

શ્રી. અરવિંદ ઘોષે કહ્યું છે કે, "હિંદમાં તો, કેવળ અર્થપ્રાપ્તિના હેતુવાળી અને આત્માવિહોણી કેળવણીએ, અમારી સંસ્કૃતિ અને પ્રણાલિકાનાં પ્રાચીન મૂળમાંથી અમને જુદા જ પાડી નાખ્યા છે; પ્રજાના સ્વભાવમાં જ રહેલી, હજી સાવ નાશ નહિ પામેલી

પણ સુષુપ્ત બની રહેલી કલ્પનાશક્તિ, લાગણી અને આધ્યાત્મિક કોમળતા દ્વારા જ એમાં કંઈકે સુધારો થઈ શકે છે." ગાંધીજીએ પણ આપણી પ્રજાની આ જ કલ્પનાશક્તિ, લાગણી અને આધ્યાત્મિક કોમળતાને આપણી ભુલાયેલી હસ્તકળાઓને પુનર્જીવન આપવા માટે ઢંઢોળવાની વિનંતિઓ કરેલી છે. રોમાં રોલાંએ એક સ્થળે ટકોર કરી છે કે "જ્યારે તેઓ (ગાંધીજી) હિંદુસ્તાનના અતિપ્રાચીન સંગીત, ચરખાનું સંગીત, જેણે સંત કબીર જેવા કવિ-વણકરને પણ આનંદ આપ્યો હતો, તેનું વર્ણન કરે છે ત્યારે લગભગ કવિ બની જાય છે."

"નિષ્કલંક શ્વેત ખાદી અને તેના સુંવાળા ખરબચડાપણામાં રહેલાં કલા અને સૌંદર્ય" વિષે ગાંધીજી એક કવિ હોય એમ જ બોલે છે. "જો આપણી સુરુચિ સાવ અધોગતિએ ન પહોંચી હોત તો આપણે શરીરે ચીકણાં ચોંટતાં ઝીણાં વસ્ત્રો કરતાં ખાદીને જ પહેલી પસંદગી આપત." એમ તેઓ કહેતા. તેઓ જેને ખાદીમાં રહેલી આધ્યાત્મિક કળા કહે છે તે વિષે એમણે આપણને સભાન કર્યા જ છે. "કળા એવી હોય જે મારે અને એવી પણ હોય જે જિવાડે. પશ્ચિમમાંથી અથવા દૂરપૂર્વમાંથી આપણે જે ઝીણું કાપડ આયાત કર્યું છે તેણે આપણાં લાખો ભાઈબ્હેનોને સાચેસાચ મારી જ નાખ્યાં છે, અને આપણી હજારો વહાલી બહેનોને શરમભરી જિંદગીમાં હડસેલી દીધી છે. સાચી કળા તો એ કહેવાય જે એના યોજકોના સુખ, સંતોષ અને શુદ્ધતાની સાબિતીરૂપ હોય. અને જો એવી કલાને આપણે આપણામાં પુનર્જીવન આપવા ઇચ્છતા હોઈએ, તો તમારામાંના ઘણાખરાને માટે ખાદી વાપરવી એ ફરજરૂપ બની રહે છે."

શ્રી. સકલાતવાળાએ ગાંધીજીને જ્યારે પૂછ્યું કે ખાદીનો હેતુ શું છે, ત્યારે તેમણે કહેલું કે "એનું ધ્યેય કઢંગાપણું નહિ, પણ સાદાઈ છે. ગરીબોનાં શરીર પણ એનાથી સારી રીતે ઢંકાઈ રહે છે અને, પ્રાચીન સમયમાં બનતું તેમ, સહુથી વધુ શ્રીમંત અને કલાપ્રેમી માણસોનાં શરીરને એ શણગારી પણ શકે છે. એ પ્રાચીન હિંદી કલા અને હુન્નરને પુનર્જીવન આપે છે." આમ એમણે ખાદીને આઝાદીની જ માત્ર નહિ, પણ હિંદની ભુલાયેલી કલાની પણ છડીદાર બનાવી મૂકી છે.

ગાંધીજી ચરખાને "જેની આસપાસ બીજા બધા હાથહુન્નરો પરકમ્મા કરે છે એવો સૂર્ય" કહે છે. એમણે સ્પષ્ટ આર્ષદૃષ્ટિએ જોયું કે "એક વાર જે દુનિયાની ઈર્ષ્યા અને નિરાશાના કારણરૂપ હતાં એવાં પ્રાચીન સુંદર, સમૃદ્ધ અને રંગીન વસ્ત્રોને ફરી જીવતાં થતાં જોઈને હિંદુસ્તાને હતાશ થવાની કંઈ જરૂર નથી. અર્ધભૂખ્યા રહેતા રાષ્ટ્રને કોઈ ધર્મ, કોઈ કલા કે કોઈ સંગઠન હોઈ શકે જ નહિ; આ આંધળા બગાડને તો એક ચરખો જ અટકાવી શકે. આ બગાડને લીધે તો આપણે એક પ્રકારની મૂર્છિત દશામાં પડેલા છીએ. જો દરેક ઘર ફરી વાર એક કાંતવાની મિલ બની રહે, અને દરેક ગામડું વણવાની મિલ બની જાય તો જ એને પુનર્જીવન આપી શકાય. એની સાથે સાથે જ ગ્રામકલા અને ગ્રામસંગીતને પણ એકદમ નવું જીવન પ્રાપ્ત થશે."

ગ્રામોદ્યોગ અને હુન્નરોને લોકપ્રિય બનાવવા અને પ્રજાની કલાવૃત્તિનું ધોરણ ઊંચું લાવવા એમણે ખાદી અને ગ્રામોદ્યોગોનાં પ્રદર્શનોનો કાર્યક્રમ યોજ્યો. દરેક કૉંગ્રેસ અધિવેશન વખતે તેમણે હંમેશાં આ કાર્ય નંદલાલ બસુને જ સોંપ્યું. હરિપુરામાં શ્રી. નંદબાબુએ છેક પ્રાચીન સમયથી આજ સુધીમાં હિંદની કલાનો વિકાસ કેવી રીતે થયો તે દેખાડવાનો પ્રયાસ કર્યો હતો. ગાંધીજીએ આવાં પ્રદર્શનોનો અભ્યાસ કરવાનો હંમેશાં આગ્રહ સેવ્યો છે અને બીજાઓને પણ પોતાનું અનુકરણ કરવા આગ્રહ કરતા રહ્યા છે. હાથના હુન્નરોને લોકપ્રિય કરવા માટે તેમણે અખિલભારત ચરખા સંઘના ખાદીભંડારોને હંમેશાં "બાહ્ય દેખાવો કરતાં વધારે તો ખાદીની ચઢિયાતી જાતો ઉપર પહેલું ધ્યાન" આપવાની સલાહ આપી છે. "ખાદીભંડારોમાં મૌલિકતા આવવી જોઇએ, તેમણે શહેરોમાં ગામડાંનાં કળા–હુન્નર દાખલ કરવાં જોઇએ અને અંતે તેઓ સફળ થશે જ એવો વિશ્વાસ રાખવો જોઈએ." જો હજી આપણા ખાદીભંડારો પોતાનાં કબાટો અને પ્રદર્શકોને ચિત્રવિચિત્ર વસ્તુઓથી ઠાંસીને ભરતા હોય તો એ માત્ર એટલું જ સૂચવે છે કે આપણે અસંસ્કારી ભૌતિકવાદીઓ છીએ.

ગાંધીજીના મનમાં તો હાથના હુન્નરો કલાના શ્રેષ્ઠ વ્યક્ત સ્વરૂપ તરીકે વસે છે. "ખરેખર તો બધીય સાચી કલા નિર્જીવ શક્તિથી ચાલતાં યંત્રોમાંથી પ્રગટતી નથી, પણ સ્ત્રીઓ અને પુરુષોના હાથના કોમળ અને જીવંત સ્પર્શ દ્વારા જ તે વ્યક્ત થઈ શકે છે" એમ તેઓ કહે છે. જ્યારે લોર્ડ લૉથિયનને તેમને ગ્રામોદ્યોગોનો હેતુ સમજાવવા કહ્યું ત્યારે ગાંધીજીએ જવાબ આપ્યો કે "રદ્દીમાંથી સમૃદ્ધિ કેમ સર્જવી" એ પ્રજાને સમજાવવું એ જ તેનો હેતુ છે.

જો ગાંધીજી સૌંદર્ય અને સંસ્કારિતા શું છે એ જાણે છે, તો તેમણે પોતડી પહેરવાનું શા માટે પસંદ કર્યું એમ કદાચ કોઈ પૂછે. નામસવાદિયા ચર્ચિલે એમને રમૂજી કટાક્ષમાં "અર્ધ–નગ્ન ફકીર"નું નામ આપ્યું છે. કેટલાય કહેવાતા સંસ્કારી માણસોએ એ જ સૂર અપનાવ્યો અને ગાંધીજીના પોષાકની મશ્કરી ઉડાવી. એમની એવી દૃઢ માન્યતા હશે કે "એક નૂર આદમી હજાર નૂર કપડાં" (Kleider machen die Menschen).

પણ એ પોતડીના ટીકાકારોને ગાંધીજી જવાબ આપે છે કે "પોતડીની સંસ્કૃતિનો તો અહીં પ્રશ્ન જ નથી. મારે માટે તો પોતડી ધારણ કરવી એ એક જરૂરિયાત બની હતી. પણ મારી એ પોતડી જેટલે અંશે સાદાઈ વ્યક્ત કરે છે તેટલે અંશે ભલે એ હિંદી સંસ્કૃતિની પ્રતિનિધિ બનતી." વર્ષો પહેલાં ગાંધીજીએ પોતાની ટોપી અને કૂડતાનો ત્યાગ કર્યો અને આ પોતડી અને ચાદરનો પોષાક, ગરીબોની સાથે એકરૂપતા સાધવા માટે ધારણ કર્યો. 'ગરીબનો ઇલાજ' એવા મથાળા હેઠળ "યંગ ઇન્ડિયા"ના તા. ૨૯ મી સપ્ટેમ્બર ૧૯૨૧ ના અંકમાં તેમણે પ્રજાને પરદેશી કાપડનો ત્યાગ કરવાની અને તેનું સ્થાન ખાદીને આપવાની અરજ ગુજારી. એ જ લેખમાં એમણે એ પણ સ્પષ્ટ જ કર્યું, કે જ્યાં સુધી તેમને ખરેખર પોતાના કામ માટે એ જરૂરી લાગે એ સિવાય સહકાર્યકરો પણ એવી પોતડી ધારણ કરે એવી તેમણે આશા રાખી જ નથી.

ગુરુકુળના વિદ્યાર્થીઓને ઉદ્દેશીને પ્રવચન કરતાં એક વાર ગાંધીજીએ કહેલું કે, "આપણા પોષાકની પદ્ધતિને, બેશક, આપણી આસપાસના સંજોગો સાથે સંબંધ છે જ. પાયજામા ઉપર ખમીસ પહેર્યું હોય ને ફરફરતું હોય અને તેની ઉપર નૅકટાઇ વિના જ જાકીટ પહેરેલું હોય, તેની ખુલ્લી પટ્ટીઓ પીઠ પાછળ ઝૂલતી હોય એવો હિંદી કંઇ બહુ સોહામણો લાગતો નથી." ગાંધીજીએ લંગોટ પહેરીને પણ દેખાડયું છે કે સાદાઇ એટલે કઢંગાપણું તો નહિ જ. સાદાઈમાં પણ છટા પ્રત્યે તો તેમની આંખ ખૂબ જ ચકોર પરીક્ષક હોય છે. એક વાર ખૂબ જ ઠાઠમાઠથી લૂગડાં પહેરેલી સ્ત્રીઓને ઉદ્દેશીને એમણે કહેલું કે "હું તો મલબારની સ્ત્રીઓનો ચાહક બની ગયો છું. આસામ સિવાય હિંદુસ્તાનમાં બીજી કોઈ સ્ત્રીઓને મેં મલબારી સ્ત્રીઓ જેટલી સાદાઇથી છતાં છટાદાર કપડાં પહેરેલી જોઈ નથી."

એમનું લાગણીપ્રધાન મન કઢંગાપણા અને મેલની સામે બંડ પોકારે છે. "એકાદું નર્યું ચીંથરું ગમે તેમ રંગેલું હોય એવો ધ્વજ, જે મહાન ભક્તિભાવની લાગણીને આપણે રાષ્ટ્રધ્વજમાં આરોપી શકીએ એ લાગણી કયાંથી જ પ્રગટાવી શકે?" એવા શબ્દો પણ તેઓ બોલ્યા છે.

જાહેર જીવનમાં પ્રવેશ કર્યો ત્યારથી જ તેમણે આરોગ્ય અને સ્વચ્છતામાં ખૂબ ઊંડો રસ લીધા કર્યો છે. એમને મન તો એ "તમારા રચનાત્મક કાર્યનો પાયો અને સ્વરાજ માટેની લાયકાત છે." તેઓ કહે છે કે "મને ગંદવાડ–મેલની તો ભારે ચીડ છે. હું ગંદી થાળીમાં જમું નહિ કે મેલા રૂમાલ કે ચમચાને અડકું પણ નહિ. પરંતુ કચરો જે સ્થળે કચરો મટી જાય છે ત્યાં એને ખસેડવામાં હું જરૂર માનું છું."

એકાદ કલાવિવેચકના હૃદયને જેમ ચિત્રો સ્પર્શી જાય તેમ જ અક્ષરો, અવાજ અને ભાષાનું સૌંદર્ય તેમના હૃદયને સ્પર્શે છે. એમણે દેવનાગરી લિપિની એના 'સમાન મરોડ અને સૌંદર્ય' માટે પ્રશંસા કરી; સંસ્કૃત શબ્દોના જાદુભર્યા ઉચ્ચારો તો સંગીતની જેમ એમના મગજને ઝુલાવે છે, તેથી જ તેઓ એવું સૂચવે છે કે તમામ હિંદુ ધાર્મિક વિધિઓ તો સંસ્કૃતમાં જ થવી જોઇએ. "અનુવાદ ભલે ગમે તેવો સારો હોય પણ મૂળ શબ્દોનો જાદુભર્યો ઉચ્ચાર એમાંથી ઊપજતો જ નથી."

ખરાબ મુદ્રણના તો તેઓ ભારે વિરોધી છે અને તેને 'હિંસા' કહે છે. શબ્દોને તેઓ વૈજ્ઞાનિકની ચોકસાઇથી તપાસે છે, છતાં તેમની વાણી કે કલમમાંથી શબ્દો તો નૈસર્ગિક રીતે વહ્યા જ આવે છે. કેટલાક કહે છે "શૈલી એ જ વ્યક્તિત્વ છે." ગાંધીજીના સંબંધમાં તો એ અધિક સાચું છે. કવિની જેમ અતિશય સુંદર સાહિત્ય તેમની કલમમાંથી ઝર્યા કરે છે અને ઘણી વાર તો તેઓ એ સાહિત્યના કર્તાને પણ પિછાની શકતા નથી! આગાખાન મહેલના કારાવાસમાં એમના જન્મદિને શ્રી. સરોજિની નાયડુએ એમની પાસે સાહિત્યનાં કેટલાંક સુંદર મૌક્તિકો વીણીને મૂક્યાં. "ગૌમાતા એ તો દયાની કવિતા છે" એ સુંદર વાક્યના કર્તા પોતે જ છે એ પણ તેઓ ઓળખી ન શક્યા.

ભાષાના અનંત સૌંદર્યની દૃષ્ટિએ તો આજે ગાંધીજીનું ગુરુપદ પામે એવું કોઈ જ નથી. તેમને તો રસ્કિન, થોરો કે ટૉલ્સ્ટૉય સાથે જ સરખાવી શકાય.

સંગીત પણ એના જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, અર્થાત્ એમના જીવનનું એક અંશ જ બની ગયું છે. "સંગીત એટલે જ સંવાદિતા, સુવ્યવસ્થા. એની અસર તો વિજળીક છે. એ તત્ક્ષણ મનની શાંતિ પ્રેરે છે." એમ ગાંધીજીએ કહ્યું છે. એમના સાબરમતી આશ્રમમાં તો સંગીત એ કેળવણીનું એક ખૂબ મહત્ત્વનું અંગ ગણાતું. જ્યારે એમણે આશ્રમ છોડ્યો ત્યારે ગુજરાતને એમણે સલાહ આપેલી કે "શ્રી. ખરેએ સંગીતમાં જે રસ લગાડ્યો છે તે ચાલુ જ રાખજો."

"આપણાં શાસ્ત્રોની જેમ, સંગીત પણ અમુક ગણતરીના માણસોનો જ અધિકાર બની રહ્યું છે" એ ગાંધીજીને દુઃખ આપે છે. "મારું ચાલે તો દરેક રાષ્ટ્રગીતો બરોબર એક જ રાગમાં ગવાય એવું હું ફરજિયાત કરું. અને એ ખાતર દરેક કૉંગ્રેસ અધિવેશન, અથવા દરેક પરિષદમાં મહાન સંગીતકારો હાજર રહી સંગીત શીખવે એવું કરું." કોઈ પણ સાચા સંગીતપ્રેમીની જેમ જ તેમને પણ હારમોનિયમ સામે સૂગ છે.

શાંતિનિકેતનના એક કલાના વિદ્યાર્થી સાથેની વાતચીતોમાં એમણે કલા વિષે ખૂબ પ્રેરણાદાયી વિચારો દર્શાવ્યા હતા. એમણે કહ્યું કે "મારા આત્માના સાક્ષાત્કારમાં હું કશા પણ બાહ્યોપચાર વિના ચલાવી શકું છું એમ મને લાગ્યું છે. તેથી, હું એવો દાવો કરી શકું કે, તમે જોકે મારી આસપાસ કલાકૃતિઓ દેખો નહિ છતાં મારા જીવનમાં સાચેસાચ પૂરતી કલા ભરેલી જ છે. છતાં, આનો અર્થ એવો તો નથી જ કે હું કલાકૃતિઓના મૂલ્યની કદર કરવાની ના પાડું છું. બાહ્યસ્વરૂપોની કિંમત તો, જેટલે અંશે એ માણસના આત્માને વ્યક્ત કરતાં હોય તેટલે અંશે જ આંકી શકાય. હું સત્યમાં અને સત્ય દ્વારા સૌંદર્ય જોઈ અને મેળવી શકું છું. માત્ર બધા સાચા વિચારો જ નહિ પણ તમામ સત્યો, સાચી મુખાકૃતિઓ, સાચાં કાવ્યો એ બધું ય ખૂબ જ સુંદર હોય છે. જ્યારે આપણે સત્યમાં જ સૌંદર્યને જોતા થશું, ત્યારે જ સાચી કલાનો જન્મ થશે. સાચા કલાકારને મન તો, એના બાહ્ય દેખાવ કરતાં તદ્દન જુદી જ રીતે અંદરના આત્મામાં રહેલા સત્યથી પ્રકાશતી મુખાકૃતિ એ જ સાચી સુંદરતા હોય. મારે મન સૉક્રેટિસ રૂપાળો છે, કેમકે એનું આખું ય જીવન સત્યની શોધમાં મથતું હતું....અને ફીડીઅસ જોકે એક કલાકાર તરીકે બાહ્ય સ્વરૂપમાં સૌંદર્ય જોવા ટેવાયેલો હતો છતાં, એને સૉક્રેટિસનું બાહ્ય સ્વરૂપ, એનામાં રહેલા સત્યના સૌંદર્યની કદર કરતાં રોકી શક્યું નહોતું!"

આવા વિચારો, "કલાની ખાતર કલા"ના વિદ્યાર્થીઓને અપાર્થિવ જેવા લાગશે. પણ એમના મહાન પુરોગામીઓ સૉક્રેટિસ, રસ્કિન અને ટૉલ્સ્ટૉય પણ કલા વિષે આવા જ વિચારો ધરાવતા હતા.

જ્યારે ગાંધીજી લંડનથી હિંદ પાછા આવતાં રોમ ગયા, ત્યારે વૅટિકન (પોપનગર)નો કલાભંડાર એમને જોવા માટે ખુલ્લો મુકાયો હતો. એમાંની કલાસમૃદ્ધિઓ એમના હૃદયના ઊંડાણને સ્પર્શી શકેલી. લાંબી, પડઘા પાડતી, ખાલી પરસાળોમાં તેઓ સાવ એકલા જ હતા.

સિસ્ટિન ચૅપેલે તો એમને પ્રભાવ અને વિસ્મયથી સ્તબ્ધ બનાવી દીધા. " મેં ત્યાં ઈશુખ્રિસ્તની આકૃતિ જોઈ. એ અદ્‌ભુત હતી. હું ત્યાંથી ડગલું ય ખસી શકયો નહિ. જેમ એકતાન થઈને જોતો ગયો તેમ મારી આંખમાં ઝળઝળિયાં ઊભરાયાં."

કલા અને સાહિત્યના રસાસ્વાદની બાબતમાં કોઈની સુરુચિ ગમે તેવી વિશુદ્ધ થાય તોપણ, જગતના જીવનથી જાગતી ઊર્મિલતાની તોલે એ કદી આવી શકે નહિ.

વ્યક્તિની સાચી કેળવણીનો એ આરંભ અને અંત બન્ને છે. કુદરત પ્રત્યેની રોમાંચક ઊર્મિલતાનો વ્યક્તિના અંતરતમ ઊંડાણમાં આવિષ્કાર થાય એ ક્રિયા તો ખૂબ ધીમી અને ક્રમશઃ થનારી છે. ગાંધીજીનો નિસર્ગપ્રેમ તો ખૂબ મશહૂર છે. " મારા ઓરડાની દીવાલો ભલે સાવ ખાલી હોય, અને ઉપર, સૌંદર્યના એક અનંત વિસ્તાર જેવા પ્રસરેલા તારાજડિત આકાશ સામે હું મીટ માંડી શકું એ માટે હું કદાચ છાપરાને પણ તિલાંજલિ આપું. તારાઓથી ચમકતા એ આકાશ તરફ હું નજર માંડું ત્યારે જે ભવ્ય વિરાટદર્શન મારી સામે ઊઘડે એવું દર્શન કયા માનવીની સભાન કળા મને આપી શકે ? આત્માના ઉડ્ડયનમાં જે કંઇ અંતરાયરૂપ હોય તે બધું ય ભ્રમરૂપ અને પ્રલોભન જેવું છે."

આ ઉપરથી કદાચ કોઇ એમ માનવા પ્રેરાય કે ગાંધીજીનું વલણ જર્મન કહેવત " Mian Reich in dur Luft " એટલે હવાનું સામ્રાજ્ય એ જ કલાની દૃષ્ટિ—એના જેવું હશે. પણ એથી તો તદ્દન ઊલટું, લેનિનની જેમ તેઓ પણ કહે છે કે " ભૂખે ટળવળતા કરોડોને જે કંઈ ઉપયોગી બને એ મારે મન સુંદર જ છે. એમને જીવનની પ્રાણરૂપ વસ્તુઓ પહેલાં આપીએ તો જીવનની બધી ય શોભા અને આભૂષણો તો એની મેળે પાછળ આવશે. મારે તો કરોડોને સ્પર્શે એવી કળા અને સાહિત્ય જોઇએ છે."

સંસ્કૃતિના મહાન સંરક્ષક કવિવર ટાગોર સાથેની સુપ્રસિદ્ધ ચર્ચા દરમ્યાન ગાંધીજીએ પોતાનું દૃષ્ટિબિંદુ અને તાત્કાલિક કાર્યક્રમ સમજાવ્યાં હતાં. " એના કવિહૃદયની સ્ફુરણાને વશવર્તીને કવિ આવતીકાલ માટે જીવે છે. અને આપણે પણ એને અનુસરીએ એમ આશા રાખે છે. આપણી પ્રશંસાભરી મીટ સામે એ પ્રાતઃકાળમાં આકાશમાં વિરહતાં વિહરતાં ગુણ-ગાન ગાતાં પક્ષીઓનું સુંદર ચિત્ર રજૂ કરે છે. આ પક્ષીઓને તો એમનો દિવસનો ખોરાક મળી ગયેલો છે, અને જેની નવી નસોમાં નવું લોહી આગલી રાતે વહેતું થયું છે એવી આરામ પામેલી પાંખોથી તેઓ વિહરે છે. પણ મારે તો, શક્તિને અભાવે જેની પાંખો ફફડાવવા જેટલાં પણ ગોદાવી ન શકાય એવાં પક્ષીઓ દુઃખપૂર્વક જોવાં પડે છે. હિંદી આકાશ હેઠળનું માનવપક્ષી તો જ્યારે તે આરામ લેવાનો ઢોંગ કરે છે, ત્યાર કરતાં, ઊઠે છે ત્યારે વધુ નબળું હોય છે ! કરોડો માટે જાણે આ જીવન એક અનંત મથામણ અથવા અનંત તંદ્રા છે. આ સ્થિતિ એવી તો અવર્ણનીય દુઃખકારક છે, કે એનું ભાન થવા માટે એ અનુભવવી જ પડે તેવી છે. કબીરનું ભજન ગાઇને યાતના ભોગવી રહેલા દર્દીને શાંતિ આપવાનું મને તો અશક્ય જ લાગ્યું છે. ભૂખ્યાં કરોડો તો એક જ કવિતા માગી રહ્યાં છે અને તે સ્ફુર્તિદાયક ખોરાકઃ એમને એ આપી શકાય તેમ નથી, તેમણે એ માટે કમાવું પડે તેમ છે.

અને એ કમાણી તો પરસેવો પાડીને જ તેઓ કરી શકે તેમ છે.” લેનિન અને ગોર્કીની જેમ જ, ગાંધીજી અને કવિવર ઉગ્ર મતભેદમાં પણ ખાસ મિત્રો રહી શક્યા હતા.

પૂજ્ય કસ્તૂરબાની ચિતા પાસે, એક વૃક્ષ નીચે બેઠેલા ગાંધીજી અતિશય ધીમા અવાજે બોલ્યા હતા કે “ હું ખાતરીપૂર્વક માનું છું કે વિચારો એક સ્થળેથી બીજે સ્થળે જરૂર ભ્રમણ કરે છે—ભલે એ શબ્દોમાં વ્યકત થતા ન હોય. ” સંસ્કૃતિ પ્રત્યેના આપણા વલણમાં આપણે આજે જે ફેરફાર જોઈ રહ્યા છીએ એ ગાંધીજીએ વ્યકત કર્યા કરતાં વધુ તો જીવી બતાવેલી સંસ્કારિતાની ફિલસૂફીને જ મહદ્ અંશે આભારી છે. એમણે આપણા જીવનને સાદાઈમાં વાળ્યું છે અને એથી આપણા જીવનનું નવેસરથી ઘડતર કરવાની અને નવેસરથી વિચારવાની શક્તિ આપી છે. આજે જો આપણે અજન્ટા માટે સભાન અને સગર્વ હોઈએ, શ્રી. નંદબાબુને એક મહાન કલાકાર તરીકે પિછાનતા હોઈએ, હિંદી શાસ્ત્રીય સંગીત ચાહતા હોઈએ, કાલિદાસ અને ટાગોરમાંથી રસના ઘૂંટડા પીતા હોઈએ, હિંદી કલાથી આપણાં ઘરો શણગારતા હોઇએ, અને કાપડમાં હિંદી આકૃતિઓ અને છાપ પસંદ કરતા હોઈએ, તો, એનો ઘણોખરો યશ તો ગાંધીજીને જ ઘટે છે. એમણે જ એવાં શક્તિશાળી પરિબળો ફેલાવ્યાં જેણે આપણી માનસિક ગુલામીની શૃંખલાઓ તોડી. આજે પણ આપણામાંના કેટલાક પોતાના માબાપને ‘મમા’ અને ‘ પપા ’ કહી બોલાવે છે, હિંદી સાડીઓ પહેરીને પારકા નાચ નાચે છે, આપણી સમૃદ્ધ ભાષાઓને બદલે બાળકોને અંગ્રેજી શીખવવું પસંદ કરે છે, આપણાં ગીતોમાં પરદેશી નાચના સૂરો ભેળવી દે છે અને ગાંધીજીની ‘ લંગોટ–વૃત્તિ ’ની મજાક ઉડાવે છે. પણ આ બધું ય ક્ષણજીવી છે, અને આપણા ઉત્કર્ષ પામતા રાષ્ટ્રના જીવનને કોઈ રીતે અસર નહિ કરતા—તદ્દન ઉપેક્ષા કરી શકાય તેટલા ઓછા—વર્ગમાં જ મર્યાદિત બનેલું છે.

ગાંધીજી આજે એમના દેશબાંધવોના હૃદયમંદિરમાં જ માત્ર વિરાજેલા નથી, પશ્ચિમની સંસ્કારી દુનિયામાં પણ ભારે માનાર્હ સ્થાન મેળવી ચૂક્યા છે. સર્વશ્રેષ્ઠ સંસ્કારિતાની મૂર્તિ સમા મહર્ષિ રોમાં રોલાંએ પોતાની દીવાલોને, પોતે જેને સન્માનવામાં આનંદ માને છે એવી આઠ મહાન વ્યક્તિઓની છબિઓથી શણગારી છે. એ આઠ વ્યક્તિઓ તે ગોએથે, બિથોવન, ટોલ્સ્ટોય, લેનિન, ગોર્કી, આઈન્સ્ટીન, ટાગોર અને ગાંધી.



વ્યવહારમાં અહિંસા

લેખક : ગંગાધરરાવ દેશપાંડે

ગાંધીજીના નામ તથા તેમના સમગ્ર જીવન સાથે જોડાયેલો અહિંસાનો મહાન સિદ્ધાંત એ હિંદના ધર્મ કે તત્વજ્ઞાનમાં કેવળ નવો વિચાર નથી. આત્મશુદ્ધિના સિદ્ધાંત તરીકે અહિંસાના મહત્ત્વ પર આપણા પ્રાચીન ઋષિમુનિઓએ જેટલો ભાર આપેલો છે તેટલો બીજા કોઇએ નથી આપેલો. હિંસામાત્રનો ત્યાગ એ આપણા દેશમાં સમસ્ત આધ્યાત્મિક જીવનના પાયારૂપ રહેલ છે. પરંતુ તેનું મૂલ્ય વ્યક્તિગત મોક્ષના, ભૌતિક, સાંસારિક જીવનના બંધનમાંથી મુક્તિના ક્ષેત્રમાં જ મર્યાદિત રહેતું આવ્યું છે. અહિંસાના સિદ્ધાંતાનુસાર જીવન ગાળવા માટે સાંસારિક પ્રવૃત્તિઓનાં સઘળાં બંધનોનો ક્રમશઃ ત્યાગ કરી, માનવઅસ્તિત્વના સતત ચાલતા કલહથી દૂર, આત્મસ્થ રહેવાનું આપણને શીખવવામાં આવ્યું છે.

અહિંસાના સિદ્ધાંતનું ગાંધીજીએ આપેલું વિવરણ આ પરંપરાપ્રાપ્ત દૃષ્ટિથી મૂલતઃ જુદું છે. વ્યક્તિના અંતિમ આત્મકલ્યાણ પ્રત્યેની ગતિના નિયમરૂપ જ નહિ, પરંતુ માનવતા પોતાના સામાજિક જીવનનું નિર્માણ જે પર કરી શકે—અને તેણે તેમ કરવું જ જોઇએ—એવા નિયમરૂપ તેને બનાવેલ છે. સઘળા જ પ્રશ્નોમાં—રાજકારણ, અર્થકારણ અને અન્ય પ્રવૃત્તિઓમાં એમણે અહિંસાને યોજેલ છે. બીજી રીતે કહીએ તો, પોતાના ઉપદેશ તેમજ વર્તન બન્ને દ્વારા એમણે આપણને શીખવેલ છે કે અહિંસા એ જેનું શુદ્ધમાં શુદ્ધ સ્વરૂપ છે એવું નૈતિક સામર્થ્ય સઘળાં અનિષ્ટો પર, રાજકીય અને સામાજિક અન્યાય, જાતિવાદ, મૂડીવાદી શોષણ તેમજ સત્તા કે વર્ચસ્વ અર્થેના લોભ સુદ્ધાં પર વિજયી નીવડે તેમ છે. એમના કહેવા મુજબ, આધ્યાત્મિક સામર્થ્ય જેવા જ કેવળ અહિંસાબળે, પશુબળ પર નિર્ભર અને તજ્જન્ય અનિષ્ટ પર પણ વિજય મેળવી શકાય છે. આપણા પ્રાચીન ઋષિમુનિઓએ કરેલા અર્થ કરતાં અહિંસાના હાર્દનું આ વિવરણ તેના વ્યાપક અને સયુક્તિક વિસ્તારમાં ઘણું આગળ છે.

અહિંસાના કાર્યક્ષેત્રની આ વિશાળતાની સૌથી મહત્ત્વની પરિણતિ એ છે, કે તે સિદ્ધ કરવા માટે સાધ્ય અને સાધન વચ્ચે રહેતું જબરું અંતર ગાંધીવાદમાં હમેશ માટે સંધાઈ ગયું છે. સાધ્ય અને સાધન બન્ને અહિંસામાં સમાવિષ્ટ છે. ઉભય એ જાતે જ છે. કડક અહિંસાના નિયમનું ઉલ્લંઘન કરતું કશું સાધ્ય, ન્યાય્ય સાધ્ય ન બની શકે. હિંસક સાધનોએ તેની પ્રત્યક્ષ પ્રાપ્તિ તેના પોતાના હેતુનો દ્રોહ કરતી હોઈને આત્મઘાતક છે. અનૈતિક સાધનો દ્વારા સિદ્ધ થઈ શકે અથવા થાય તેવું કોઈ નૈતિક સાધ્ય ન સંભવે. એક રીતે જોતાં સાધ્ય અને સાધન બંને તદ્રૂપ હોઈને એકબીજાથી જુદાં પાડી ન શકાય. સાધનોનું

વાજબીપણું સાધ્ય દ્વારા નિશ્ચિત થતું હોવાનું જે નીતિસૂત્ર સિદ્ધાંતમાં નહિ તો વ્યવહારમાં આટલી હદે સામાન્ય સ્વીકાર પામ્યું છે તેને ગાંધીજીનો આ ઉપદેશ પ્રાણાંતક નીવડે છે.

ગાંધીજી જ્યારે હિંદના જાહેર જીવનમાં પ્રવેશ્યા ત્યારે રાજકીય સ્વાતંત્ર્ય મેળવવાના એક સાધન તરીકે આતંકવાદનો પુરસ્કાર થયેલો હતો, અને કેટલાકનાં મનમાં તેનાં મૂળ ઊંડે સુધી ગયેલાં. આ માર્ગનો બચાવ કરનારાઓ માનતા હતા કે આતંકવાદી એ એક હિંમતબાજ, નિઃસ્વાર્થી અને દેશભક્ત તરુણ હતો, અને તેણે યોજેલાં સાધનો વિષે આપણે ગમે તે માનીએ છતાં, સાધ્યને લક્ષમાં લેતાં એનું ધ્યેય આપણામાંના જ હરકોઈના જેવું રહેલું. આતંકવાદી કૃત્યોને હૃદયપૂર્વક ધિક્કારનારા ઘણાખરાને પણ, સાધનોથી ભિન્ન એવા સાધ્ય તથા તેના હેતુની પ્રશસ્યતા માન્ય હતી. પ્રેમના મંત્રદ્રષ્ટા ગાંધીજીએ એની વિરુદ્ધ કેડ કસી. અને અનેક યુવાનોને એ માર્ગેથી પરાવૃત્ત કરવામાં એ મોટેભાગે સફળ થયા. રિવોલ્વર અને બૉંબમાંની શ્રદ્ધા નિર્મૂળ કરવામાં સરકારના દમન કરતાં એમનો નૈતિક પ્રભાવ વધુ કાર્યસાધક નીવડ્યો. હિંસા પણ અહિંસાથી જિતાવી જોઈએ અને હિંસા સામે હિંસાનો ઉપયોગ તો આપણે જે અનિષ્ટને ઉચ્છેદવા માગીએ છીએ તેને કાયમ કરે છે, એવા પોતાના મંતવ્યના પ્રચાર માટે ગાંધીજીએ ચલાવેલા પ્રચંડ પ્રચારકાર્ય છતાં એટલું કબૂલ કરવું જોઈએ કે, હિંસા સામે હિંસાની, આતંકવાદના અનંત ચક્રાવા સામે દમનની પદ્ધતિ હજુ અવારનવાર આપણી રાષ્ટ્રીય લડતમાં માથું ઊંચકે છે.

'સાધનોનું વાજબીપણું સાધ્ય દ્વારા નિશ્ચિત થતું હોવા'માં રહેલી શ્રદ્ધા જે બીજું સ્વરૂપ લે છે તે, ઓછાથી સંતોષ માનવાની તત્પરતા છુપાવીને પોતાની માગણીઓને શક્ય એટલી ઊંચામાં ઊંચી કક્ષાએ પહોંચાડવાની રાજકારણના ક્ષેત્રમાંની સોદાગરી પદ્ધતિનું, જેને હળવી ભાષામાં મુત્સદ્દીગીરી કહેવામાં આવે છે. આપણા દેશમાં રાજકારણનું "અધ્યાત્મીકરણ" સાધવાનો પ્રયાસ કરવામાં ગોખલે સૌ પહેલા હતા. સીધાં પગલાં અથવા તો પોતે જેને સત્યાગ્રહ કહે છે તેના સૌથી મહાન ઉદ્‌ગાતા ગાંધીજી, એમના સમયના વિનીત નેતા ગોખલેને પોતાના રાજકીય ગુરુની નજરે કેમ જુએ છે તેનું કારણ કદાચ આ પરથી મળી રહે છે. રાજકારણનું અધ્યાત્મીકરણ સાધવાનો ગોખલેનો હેતુ ગાંધીજી દ્વારા તાત્ત્વિક ભૂમિકા અને જીવંત નિર્મિતિ પામ્યો. સિદ્ધાંતને ગાંધીજીએ વિરોધીઓનાં મનમાં પણ આશ્ચર્ય અને પ્રશંસાભાવ પ્રેરે એવી સામુદાયિક હિલચાલની ભૂમિકામાં ફેરવી નાખ્યો. પોતે સહન કરીને બીજાનાં હૃદય જીતી લેવાં, વિરોધ કરનરાંઓ કે અનિષ્ટના સમર્થકો પ્રત્યે તિરસ્કાર નહિ, પરંતુ પ્રહાર કરવા માગનારાઓ પ્રત્યે પણ પ્રેમ એ એમની સઘળી પ્રવૃત્તિઓનો નિચોડ છે. બીજાઓ સાથેના પોતાના અંગત વ્યક્તિગત વ્યવહારમાં જ માત્ર નહિ, પરંતુ વ્યવહારના આંતરિક તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં પણ એમ જ છે. સાધનો પણ શુદ્ધ હોવા પર ગાંધીજીએ મૂકેલા આ ભારને લઈને જ હિંદના લાખો લોકોનાં—દેશના દુર્ગમમાં દુર્ગમ ખૂણાઓમાં વસતી સાદી અને ગ્રામપ્રજાના હૃદયમાં પણ તે વસી ગયા. પોતાના દેશની બહારનાં

મનુષ્યોનાં પણ ચિત્તનો મેળવેલો કબજો એ જીવનનાં સઘળાં ક્ષેત્રોમાં અહિંસાના નૈતિકબળની ક્રિયાત્મકતાની સાબિતીરૂપ છે.

ગાંધીજીના કેટલાક ટીકાકારો માનવસ્વભાવની બેવડી ખાસિયતનો, સારા અને નરસાના તેમાં થયેલા મિશ્રણનો નિર્દેશ કરે છે, અને એવું પ્રતિપાદન કરે છે, કે તેની રચનામાં રહેલો અનિષ્ટ અંશ અહિંસાથી જિતાવો કદાચ શકય ન રહે. ગાંધીજીનો જવાબ એ રહ્યો છે કે માનવસ્વભાવમાંના અનિષ્ટ તત્ત્વને લઈને સિદ્ધાંતમાંની આપણી શ્રદ્ધા ડગમગી જવાનો ભય ન રાખવો જોઇએ. કહેવાતું આ મિશ્રણ એ વસ્તુતઃ અનૈતિક બળો સામે ઝૂકી પડવાની આપણી ટેવ જ છે, અને ઇચ્છે તો દરેક વ્યકિત નિર્ણયપૂર્વક એ ટેવનું નિવારણ કરી શકે તેમ છે. તમે એક વાર, બે વાર કે ત્રણ વાર નિષ્ફળ જાઓ, એ તમારી નિષ્ફળતાઓ તમારી પોતાની જ નબળાઇના પરિણામરૂપ છે. અને તેનો ઇલાજ તમારે એથી વધુ બુદ્ધિ પ્રાપ્ત કરવામાં રહેલો છે, જેનું સામર્થ્ય પહેલાંના કરતાં અધિક જ હોવાનું. ઉપરાંત, રડ્યાખડ્યા દાખલાઓમાંની નિષ્ફળતા કંઇ મહત્ત્વની નથી. કારણ, નિર્ભેળ અહિંસાનો માર્ગ અનુસરવામાં કોઈને પરાવૃત્ત કરે એવી નિષ્ફળતા એટલે શું? અહિંસા અને હિંસા, સત્ય અને અસત્ય વચ્ચેના યુદ્ધમાં નિષ્ફળતા સંભવી જ ન શકે. તમે પ્રેમ અને સત્યના આયુધ વડે લડ્યા છો એ હકીકત જાતે જ તેની સફળતા, તેનું પારિતોષિક છે.

ગાંધીજીએ તાજેતરમાં જ ફરી વાર જાહેર કર્યું છે કે, "માત્ર શિસ્ત કે સગવડની વસ્તુ તરીકે નહિ પણ જીવનનાં સઘળાં ક્ષેત્રોમાં વર્તનના એક નિયમ તરીકે અહિંસાને વરેલા માનવી લેખે" તેઓ અસત્યપૂર્ણ કે હિંસાત્મક એવું કશું મંજૂર રાખી શકે નહિ. ગાંધીજીએ જણાવેલ છેઃ "એટલું કહેવું બસ થઈ પડશે કે આપણે જેટલી હદે સત્ય તથા અહિંસાને વળગી રહ્યા તેના ગાણિતિક પ્રમાણમાં આપણે સફળ થયા હોવાની દૃઢ પ્રતીતિ અનુભવે મને કરાવી આપી છે. છેલ્લાં ૨૫ વર્ષમાં લોકોની જાગૃતિ કેવળ આપણાં સાધનોની શુદ્ધતા પર જ નિર્ભર હતી. અને જેટલે અંશે અસત્ય તથા હિંસા તેમાં પેઠાં છે તેટલે અંશે તેમણે પ્રગતિને અવરોધી છે." પેગંબરી શબ્દો છે આ, અને એ શબ્દો આપણાથી કદી વીસરી નહિ શકાય.

ઈ. સ. ૧૯૩૨ ની સવિનય ભંગની લડત દરમિયાન એક વખત સરોજિનીદેવી તરફથી હું તેમની ધરપકડ બાદ 'સરમુખત્યાર' નિમાયો હતો. સત્યાગ્રહ પ્રવૃત્તિઓનું સંચાલન કરતાં હું દેશના બધા ભાગોમાં ચાલતી, ખાસ કરીને મારા પોતાના પ્રાંત કર્ણાટકમાં ચાલતી ચળવળના નજીકના સંપર્કમાં રહેલો. એ પછી મારી ગિરફતારી અને સજા આવ્યાં. હું જ્યારે છૂટ્યો ત્યારે શ્રી. મહાદેવ દેસાઇએ યરવડા જેલના દરવાજે મારું સ્વાગત કર્યું અને એ વખતે ગાંધીજી પોતાના ઉપવાસ પછી આરામ લઈ રહ્યા હતા, એ 'પર્ણકૂટિ' માં મને લઇ ગયા. તેઓ એ વખતે જેના લાંબા અને આગળ પડતા જાહેર જીવનની શુદ્ધિ શંકાથી પર છે એવા એક સુપ્રસિદ્ધ નેતા સાથે

વાતચીત કરી રહેલા જણાયા. મેં ગાંધીજી સમક્ષ ચળવળ જે રીતે ચાલતી હતી તેનું નિવેદન કર્યું. લડતના પ્રકારમાં ગુપ્તતા, છળ. જૂઠાણું, ગિરફતારીથી છટકવા માટે વેશપલટો તથા અન્ય પદ્ધતિઓના લેવાઈ રહેલા આશ્રયનું મેં વિવરણ કર્યું. શારીરિક ઇજા સિવાયનું સર્વ કંઇ ત્યારે અહિંસક યુદ્ધરીતિમાં આવી જતું ગણાતું. સત્યાગ્રહનો ગાંધીજીનો ખ્યાલ ત્યારે આટલો પ્રચલિત નહોતો અને એના ગર્ભિતાર્થે આપણાં મન ઉપર એટલી અસર નહોતી ઉપજાવી. જે નેતામહોદય ત્યાં હાજર હતા અને આખી વાત સાંભળેલી, તેઓ બહુ ખુશ થઇને બોલી ઊઠ્યાઃ "એ તો ખૂબ ચાલાકીભર્યું હતું." પરંતુ ગાંધજીએ ગંભીરતાપૂર્વક મારું બધું સાંભળીને પોતાની હંમેશની લાક્ષણિક નજરે જણાવ્યું: "હા, એ ખૂબ ચાલાકીભર્યું હોઇ શકે, પરંતુ એ સત્યાગ્રહ તો બેશક નહોતો જ." હું કેવો ખિન્ન બની ગયો !

આપણી ધ્યેયપ્રાપ્તિમાં આપણે જે સાધનો યોજીએ છીએ તેનું ગાંધીજીને મન કેવું મૂલ્ય છે તે આ પ્રસંગ સમજાવી રહે છે.

પોતાના ખ્યાલ મુજબનાં અહિંસા તથા સિદ્ધાંતના સત્યનાં જુદાં જુદાં અંગોની સંપૂર્ણ સમજણ ગાંધીજીનું પ્રવૃત્તિમય જીવન તથા તેમનાં અનેક લખાણો તથા ભાષણો આપી રહે છે. તેમનું જીવન અને કાર્ય સદા વ્યક્તિઓના તેમજ સમગ્ર માનવતાના શુદ્ધતર અને અધિક સુખપૂર્ણ જીવન માટેની માનવજાતની લડતમાં તેના માર્ગદર્શક દીપસ્તંભ સમાન રહેશે.



ગાંધીમાર્ગ

લેખક : જે. બી. કૃપાલાની
[સામાન્ય મંત્રી અખિલ હિંદ મહાસમિતિ]

ગાંધીવાદ પર લખવાનું મને કહેવામાં આવેલું, પરંતુ મેં તો ‘ સામાજિક અને આર્થિક પ્રશ્નો પ્રત્યે જોવાની ગાંધીજીની રીત ’ અથવા ટૂંકામાં ‘ ગાંધીમાર્ગ ’ એ જ નામ પસંદ કર્યું છે. કારણ, હું માનું છું તેમ ગાંધીવાદ જેવું હજુ કશું જ નથી. ‘ વાદો ’ ઊભા થાય છે, તે, જેમના નામે તેમનો બોધ અને પ્રચાર થવા પામે છે એમની પ્રેરણા દ્વારા નહિ, પરંતુ તેમના મૂળ ખ્યાલ પર અનુયાયીઓએ લાદેલી મર્યાદાઓ દ્વારા. સર્જક પ્રતિભાને અભાવે અનુયાયીઓ તેમને રૂઢ અને આયોજિત કરે છે. આમ કરતાં એ વાદોનાં તારુણ્યસૂચક તાઝગી તથા આકારક્ષમતાથી તેમને વંચિત બનાવી દઈને તેમના મૂળ સિદ્ધાંતોને અફર, સખ્ત, એકપક્ષી અને મતાંધતાયુક્ત બનાવી દે છે. વળી, ગાંધીજી કંઇ દર્શનશાસ્ત્રી નથી. એમણે કોઇ પદ્ધતિ સરજી નથી. પહેલેથી જ એ તો વહેવારુ સુધારક રહ્યા છે. એને લઇને પ્રશ્નો જેમ ઊભા થતા જાય છે તેમ તેઓ તેની છણાવટ કરતા કે તે પર લખતા આવે છે. મુખ્યત્વે તેઓ એક કાર્યપ્રાણ માનવી હોઇને વાજબી રીતે જ તેમને કર્મયોગી કહેવામાં આવે છે. એને લઇને સંભવિત છે કે એમનાં ભાષણો, લેખો તથા કાર્યમાંથી પ્રમાણશાસ્ત્રીય કે દર્શનશાસ્ત્રીય કોઈ પદ્ધતિ ન મળી આવે. આ બાબતમાં તેઓ જૂના વખતના પેગંબરો તથા સુધારકોને મળતા છે. એમને પણ પ્રત્યક્ષ, રોજેરોજના પ્રશ્નોનો સામનો કરવો પડ્યો હતો. તેમને અફર પ્રણાલીઓમાં સંડોવ્યા સિવાય તેમના ઉકેલનો માર્ગ એમની પાસે હતો. મુખ્ય માનસશાસ્ત્રીય સિદ્ધાંતો તો કદાચ નિહિત જ હતા, પરંતુ દરેક વ્યક્તિ દ્વારા તેનાં ખાસ સંયોગો તથા આવશ્યકતાઓ અનુસાર તેમને વિગતવાર બનાવવાનું રહેતું હતું. ફિલસૂફી, તેની પદ્ધતિ તથા અફરપણું એ કાર્ય તો જેમની જિંદગી પ્રત્યેની નજર તથા દૃષ્ટિની વિશાળતા સંકુચિત હતાં તેવી ગૌણ વ્યક્તિઓનું હતું.

ગાંધીજી કદી પોતાનાં મંતવ્યો અંતિમ હોવાનો દાવો નથી કરતા. પોતાની પ્રવૃત્તિઓને તેઓ સત્યની શોધ અથવા તે માટેના પ્રયોગો તરીકે નિરૂપે છે. આ પ્રયોગો થતા જ રહ્યા છે. કોઈના પણ દ્વારા એ પ્રયોગોના સત્ય તરીકેના સ્વીકાર અથવા દાવાને આનુમાનિક જ કહી શકાય. એ સાચું છે કે શાણપણ કરતાં વધુ ઉત્સાહ ધરાવતા એમના કેટલાક અનુયાયીઓ તેમનાં મંતવ્યોના અંતિમપણાનો દાવો કરે છે; પરંતુ એ પોતે તો એવો કશો દાવો નથી કરતા. ભૂલો એ કબૂલ કરે છે ને તેમને સુધારવાની કોશિશ કરે છે. તેમના માત્ર બે મુખ્ય સિદ્ધાંતો—સત્ય અને અહિંસા—માટે તેઓ કોઈ પણ પ્રકારની અચૂકતાનો દાવો કરે છે. બાકીના સિદ્ધાંતો માટે તો પોતે જેને સત્ય ગણે છે એ શીખવવા માટે એ જેટલા આતુર છે એટલા જ શીખવા માટે પણ છે. એમના બે મુખ્ય

સિદ્ધાંતોની પ્રયોજ્યતાની બાબતમાં પણ કશું સખ્તાઈ જેવું નથી. અલગ અલગ સંયોગો અને પરિસ્થિતિઓમાં તેમની અલગ અલગ પ્રયોજ્યતા તેઓ છૂટથી કબૂલ રાખે છે. એમનું આ વલણ જ એમના અનુયાયીઓ તથા બીજાઓને ઘણી વાર મૂંઝવી મારે છે, અને અમુક પ્રકારના સંયોગોમાં તેઓ શી રીતે વર્તશે તેની કશી ચોકસ આગાહી મોટે ભાગે મુશ્કેલ બનાવી દે છે. વૃદ્ધિ અને વિકાસક્ષમ વ્યક્તિ હોવાને લઈને એમના માટે વિચાર કે કાર્યની કશી છેવટની નિર્ણિત પ્રણાલી ન સંભવી શકે. એમનો નજીકનો પરિચય ધરાવનારાઓએ એ નીરખ્યું છે. વસ્તુઓ અને વિચારો પ્રત્યેના તેમના બદલાયેલા વલણ દ્વારા તે બહુધા બહાર આવવા પામે છે. માર્ગદર્શક અંતઃસ્રોત તથા આત્મા, જેના તે રહેલા હોય છે, પરંતુ અભિવ્યક્તિમાં ફેરફાર થવા પામે છે. એમને તારુણ્યની તાઝગી બક્ષીને સમયની સાથેસાથ ખભા મેળવતા રાખનાર એ જ છે. એમના ઘણાખરા જુવાન અનુયાયીઓ ક્રિયાજડ બનીને પોતાની સ્ફૂર્તિ ગુમાવી દે છે ત્યારે પણ તેઓ સદા કાર્યપ્રાણ, સક્રિય અને સ્ફૂર્તિપૂર્ણ રહે છે. તરુણ પેઢીનો યૌવનસુલભ સ્વચ્છંદ બીજાઓને જ્યારે અકળાવી મૂકે છે, ત્યારે તેઓ સદા સમજુ અને ધીર રહીને નવાં વિધાનોને ખુલ્લા અને પ્રમાણમાં નિર્દ્વેષ દિલે તપાસે છે. આને લઈને જ હજુ સુધી ગાંધીવાદ જેવી કોઈ ચીજ અસ્તિત્વમાં નથી આવી, પરંતુ અક્કર, ઔપચારિક કે અંતિમ નહિ એવાં ગાંધીમાર્ગ અથવા ગાંધીદૃષ્ટિ માત્ર રહ્યાં છે. અંતિમ કે હમેશને માટે વિગતો નક્કી કરવાના પ્રયત્ન વિના એ માત્ર દિગ્દર્શન સૂચવે છે.

સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં ગાંધીજીનો પ્રવેશ આપણા દેશના વિશિષ્ટ સંયોગોને આભારી છે. એમના કેટલાક વધુ સુસ્થિત દેશભાઇઓની માફક તે ઇંગ્લેંડ ગયા, બૅરિસ્ટર થયા અને પૈસા કમાવા તથા પોતાને અને પોતાના કુટુંબને સુખશાંતિમાં રાખવા ધંધાદારી કારકિર્દી શરુ કરી. પરણી તો એ ત્યાર પહેલાં ચૂકેલા. પોતાની ધંધાદારી પ્રવૃત્તિ દરમિયાન એ દક્ષિણ આફ્રિકા ગયા. સંયોગવશાત્ તેમને તેમનું ભાગ્ય ત્યાં વસતા તેમના દેશભાઈઓ સાથે જોડવાનું અને તેમની વતી લડવાનું પ્રાપ્ત થયું. એમનામાંના ઘણાખરા અભણ અને ગરીબ હતા. ગણ્યાગાંઠ્યા તાલેવરો હતા, તે તો ત્યાં કમાણી કરવા રહ્યા હતા. તેમનામાં જાહેર જુસ્સાનો તથા રાજકીય પ્રેરણાત્મકતાનો અભાવ હતો. વર્ણદ્વેષ અને આર્થિક ઈર્ષાથી ખદબદતા પારકા દેશમાં સૌને માર્ગદર્શન તથા દોરવણીની જરૂર હતી. એમને તરેહવાર સામાજિક અને રાજકીય લાચારીઓ વેઠવી પડતી અને માનભંગ કરતા અનેક અંકુશો તેમના પર રહેલા. પોતાના દેશભાઈઓએ અપનાવેલી ભૂમિમાં તેમના લુપ્ત થતા જતા અધિકારો જાળવી રાખવા માટેની લડતમાં ગાંધીજીને સંડોવાવું પડ્યું. એક વખત અંદર પડ્યા પછી પોતાની સઘળી સહૃદયતા, શક્તિ તથા ઉગ્રતાનું પીઠબળ તેને આપ્યું. જે કંઈ પણ કિંમત ચૂકવવી પડે તેની કશી દરકાર કર્યા વિના, તેમણે પોતાની જાત તેને સમર્પિત કરી. થોડા જ સમયમાં દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓના તે એકમાત્ર નેતા અને માર્ગદર્શક થઈ પડ્યા. એ લડતમાં એમણે સામૂહિક અન્યાયોના નિવારણનો એક નવો જ વ્યૂહ વિકસાવ્યો અને સત્યાગ્રહના

વિસ્તીર્ણ સિદ્ધાંતો શોધી કાઢ્યા. ચાલ્યું આવે છે તેમ, તત્ત્વાર્થનો અમલ પહેલો થયો, જ્યારે તેનાં નામકરણ અને સિદ્ધાંતનિરૂપણ પાછળથી. લડત દરમિયાન ગાંધીજીને જણાઈ આવ્યું કે સત્ય અને અહિંસાનું આચરણ અંગત અને કૌટુંબિક સંબંધોમાં જ હિતાવહ નહોતું, પરંતુ સમૂહેસમૂહ વચ્ચેના સંબંધોના નિશ્ચય કરવામાં પણ તે અસરકારક શસ્ત્રો હતાં. સિદ્ધાંતો કંઇ માનવઇતિહાસમાં નવા નહોતા. જૂના સમયના કેટલાક પેગંબરો દ્વારા તેમનો વ્યવહાર તેમજ ઉપદેશ થવા પામેલો. પરંતુ રાજકીય સંબંધો અને ઝઘડાઓ માં તેમને યોજવાનો કશો વિસ્તૃત પ્રયાસ નહોતો થયો. વ્યક્તિગત સંબંધોમાં હિતાવહ એવા નૈતિક અને ભદ્ર વર્તનનાં ધોરણો સમૂહેસમૂહ વચ્ચેના સંબંધોમાં પણ હિતાવહ અને અસરકારક હોવાનું મોટા પ્રમાણમાં દર્શાવી આપવાનો યશ ગાંધીજીને ફાળે જાય છે. સત્ય અને અહિંસાને બહારનાં અસરકારક કાર્યમાં યોજીને વિરોધને મુશ્કેલ બનાવી શકાય છે, એ પણ એમણે દર્શાવી આપ્યું. એમણે શોધી કાઢ્યું કે શુભ ઉદ્દેશ માટે લડનારો જો પોતે પસંદ કરે તો હિંસાનો પુરસ્કાર કર્યા વિના પોતાના અન્યાયોનું નિવારણ કરાવી શકે, અને અહિંસાનાં ચાલુ શસ્ત્રો કરતાં સત્ય અને અહિંસા એને માટે અન્યાય અને વિષમતા સામેનાં વધુ અસરકારક શસ્ત્રો નીવડે.

સઘળી સફળ પ્રવૃત્તિના પાયા તરીકે સત્ય અને અહિંસા રહેલાં છે, એ પુરવાર કરવા માટે ગાંધીજીએ બીજી કસોટીઓ વચ્ચે એક સાદી કસોટી અજમાવી. સત્યને પોતાની સફળતા માટે અસત્ય અને અહિંસાનાં સહકાર તથા સમર્થનની જરૂર નથી રહેતી, જ્યારે એમને તો સફળ થવા માટે હંમેશાં સત્યની ગરજ રહે છે. જીવનની કોઈ પણ પ્રવૃત્તિ ગમે તેટલી સ્વાર્થી કે અસામાજિક હોય છતાં એમાં રોકાયેલાઓનો પરસ્પર વિશ્વાસ જાળવવામાં જ તેનાં મૂળ હોવાં જોઈએ. દા. ત. વેપાર એ એવું ક્ષેત્ર છે જેમાં સ્વાર્થ અને લોભને બીજે ક્યાંય કરતાં કદાચ વધુ મુક્તવિહાર મળે છે. આમ છતાં વેપારીઓ પરસ્પર વિશ્વાસ ન રાખે અને શબ્દને લખત જેવો જ ન માને, તો વેપારમાં પણ કોઈ સોદો (અથવા ઠગબાજી સુદ્ધાં) શક્ય ન રહે. ચોરો અને ખૂનીઓને એકબીજામાં વિશ્વાસ રાખવો પડે છે. કેટલીક વાર વ્યક્તિગત લાભનો ભોગ આપીને આ વિશ્વાસ તેમને જાળવી રાખવો પડે છે. ગમે તેટલા મર્યાદિત પ્રમાણમાં પણ સત્યના કોઇ ને કોઈ સ્વરૂપને મૂળભૂત સિદ્ધાંત તરીકે સ્વીકાર્યા વિના કોઈ જ પ્રવૃત્તિ ચાલી ન શકે. એવું જ અહિંસાનું છે. બહોળા પ્રમાણમાં અને યોજિત હિંસા પણ તેમાં રોકાયેલાઓ પોતાની હરોળમાં અહિંસાના સિદ્ધાંતો ન પાળે તો શક્ય ન રહે. આ મૂળભૂત સિદ્ધાંત વિના સંભવતઃ તેઓ દુશ્મન સાથેની લડત આગળ ચલાવી ન શકે. કોઈ પણ સૈન્ય માત્ર હિંસામાં જ શ્રદ્ધા ધરાવતું હોય, તો પછી એ દુશ્મન સામે તેનો ઉપયોગ કરી શકે ત્યાર પહેલાં તો પોતાનો સંપૂર્ણ નાશ કરી બેસે.

સુયોજિત એવા સમસ્ત જીવનના મૂળભૂત સિદ્ધાંતો તરીકે ગાંધીજી આ બન્નેને ગણતા હોઇને, પરિણામદર્શી નજરે જોઇએ તો, જેમાં કપટ અને હિંસા એ સદૈવ વધુ અસરકારક ગણવામાં આવ્યાં છે એવા રાજકારણના ક્ષેત્રમાં, ગાંધીજી તેમને પ્રયોજે છે.





આમ છતાં પરિણામજનક કામગીરી વરિષ્ઠસત્તાના હાથમાં રહેવા દઈને કેવળ અમૂર્ત સિદ્ધાંતો પર જ ગાંધીજી આધાર નથી રાખતા. એક સાધન તરીકે ઇચ્છનીય ગણતા હોવા છતાં વિરોધીના માત્ર હૃદયપલટામાં એ નથી માનતા. પરંતુ સૌથી વિશેષ તો તેઓ વિષમતા અને અન્યાયથી પીડાનારાઓને વ્યવસ્થિત અને બળવાન બનાવવાનો યત્ન કરે છે. એ યોગ્ય રીતે વ્યવસ્થિત થઈ શકે તેટલા માટે સઘળી વિષમતા, સઘળા ભાગલા, સઘળી બીક તથા સઘળાં સ્વાર્થી અને ક્ષુદ્ર હિતો તેઓ ખંખેરી નાખે તેમ ઇચ્છે છે. એ રીતે મજબૂત અને વ્યવસ્થિત થયા પછી એમના દ્વારા વિષમતા અને જુલ્મને જે કંઈ સહાય મળતી હોય તે પાછી ખેંચી લેવામાં આવે એમ તેઓ ઇચ્છે છે. ટૂંકામાં કહીએ તો, અનિષ્ટ પરિબળો સાથે તેમનો અસહકાર એ ઇચ્છે છે.

ભૂતકાળમાં ગમે તેમ હોય, પરંતુ આજની દુનિયામાં તો જુલ્મનો ભોગ બનનારાઓના જ ઐચ્છિક કે અનૈચ્છિક, સભાન કે અભાન, મુક્ત કે પરાણે લદાયેલા સહકાર દ્વારા જ જુલ્મગારી શક્ય બની છે. એવો ભોગ બનનારાઓ જો કશા પણ સહકારની ના પાડી દે અને એવા ઇનકારનાં પરિણામો ભોગવવા તૈયાર રહે, તો વિષમતા અને અન્યાયને લાંબો સમય ચાલવાનું મુશ્કેલ બની રહે. ઔદ્યોગિક ઝઘડાઓમાં એ જોવામાં આવે છે. જ્યારેજ્યારે મજૂરોએ પોતાનો સહકાર અસરકારક રીતે પાછો ખેંચી લીધો છે, ત્યારેત્યારે મૂડીવાદીઓ અચૂકપણે નમતા આવ્યા છે. ઔદ્યોગિક ઝઘડાઓમાંના ગમે તે એકાદનું પરિણામ જોઈએ તો પોતાની તકરાર શમાવવા માટે તેમજ રાજકીય અને ક્રાન્તિકારી હેતુઓ માટે શ્રમજીવી વર્ગ સાર્વત્રિક હડતાળોની વાતો કરતો થયો છે. હવે જોઈએ તો, બાહ્ય નજરે હડતાળ એ અસહકાર-સત્યાગ્રહ વિના બીજું શું છે? ઔદ્યોગિક ઝઘડાને પ્રેરતી અંતર્ભાવના ગાંધીજીના સત્યાગ્રહના ખ્યાલ કરતાં જુદી છે; જોકે એમ જ હોવાનું આવશ્યક નથી, પરંતુ સહકાર પાછો ખેંચી લેવાની બંનેની પદ્ધતિ તો એકસરખી જ છે. સહકાર પાછો ખેંચી લેવાની એ પદ્ધતિ ઔદ્યોગિક ઝઘડાઓમાં સહજગ્રાહ્ય પરિણામો આણતી હોય તો પછી સત્યાગ્રહને અંગે કશો સંશય શા માટે? સત્યાગ્રહ એ હડતાળ વત્તા કશુંક વિશેષ છે. એ કશુંક વિશેષ તે, લડત ચલાવનારાઓમાં વધુ સારા નૈતિક જુસ્સાની પૂર્તિ કરે છે. વિરોધીમાં નૈતિક જુસ્સાના વધુ હ્રાસનું તે સૂચક છે. વળી તટસ્થો તરફની વધુ સહાનુભૂતિનો પણ ભાવાર્થ એમાં રહ્યો છે. સહકાર પાછો ખેંચી લેવાનાં બાહ્ય આયુધોને અહીં વધુ મનોધર્મીય અને સૂક્ષ્મ પ્રભાવનાં સહાય તથા બળ સાંપડે છે. સત્યાગ્રહી એ વધુ સારો અસહકારી અથવા હડતાળિયો છે. એની નિર્ણયબુદ્ધિ આવેશ, ક્રોધ કે તિરસ્કારથી આચ્છાદિત નથી બનતી. પોતાના વિરોધીઓને એ નિઃશસ્ત્ર બનાવી દે છે. એ અધિક સહાનુભૂતિ પ્રાપ્ત કરે છે. વળી સ્વેચ્છાએ સહન કરેલું કષ્ટ હમેશાં વ્યક્તિની પ્રગતિમાં પૂર્તિરૂપ થાય છે, એવી શ્રદ્ધાથી તે રક્ષિત હોય છે. પરંતુ ધારો કે તેના પક્ષે કામ કરી રહેલાં આ સઘળાં નૈતિક અને માનસશાસ્ત્રીય કારણો તથા પરિબળો દૂર કરવામાં આવે અને સહકાર પાછો ખેંચી લેવાની કેવળ બાહ્ય હકીકત પર જ નિર્ભર રહેવામાં આવે, તોપણ છેલ્લાં દોઢસો વરસ થયાં

ઔદ્યોગિક ઝઘડાઓમાં ઓછીવત્તી સફળતાપૂર્વક ચાલુ રહેલી અને જેના વિના સાર્વત્રિક હડતાળો, સમાજવાદ કે સામ્યવાદનો કશો ભાવ ન પુછાત એવી પદ્ધતિની બાબતમાં અગમ્ય એવું શું છે? સત્યાગ્રહ એ કશી અજ્ઞાત, અજ્ઞેય અને અવ્યવહાર્યની સંજ્ઞારૂપ હોય તો જ તેમાં કશી અગમ્યતા કે આધ્યાત્મિકતા સંભવે. સાર્વત્રિક હડતાળ એ કેટલેક અંશે પ્રયોજ્ય, નક્કર અને ગ્રાહ્ય છે. તો પછી સત્યાગ્રહ શા માટે બુદ્ધિગ્રાહ્ય ન રહે? જ્યાં કશો તફાવત જ નથી, ત્યાં વાક્પ્રચારો, શબ્દો અને નામોમાં ગૂંચવાઈ જઈને એ રીતે તફાવતો ઊભા કરવાનું માણસો માટે કેટલું છે? ગાંધીજીની વાણીમાં અને સત્યાગ્રહની પરિભાષામાં તમે વાત કરો અને જે નક્કર અને સહજગ્રાહ્ય લડત છે, તે અગમ્ય, આધ્યાત્મિક, આદર્શવાદી અને પરિણામે અવાસ્તવિક બની જાય છે. સાર્વત્રિક હડતાળની પરિભાષામાં તમે વાત કરો અને એની એ જ વસ્તુ સીધેસીધી વૈજ્ઞાનિક બની જાય છે, અરે એટલું જ શા માટે, એક ઐતિહાસિક આવશ્યકતા યે બની જાય છે.

સત્યાગ્રહની આ બાબતમાં નહિ, પરંતુ રાજકારણને લાગુ પાડવામાં આવતા ગાંધીજીના સત્યના સિદ્ધાંતની બાબતમાં પણ, અર્વાચીન માનસ તેની તાત્ત્વિકતા ચૂકી જાય છે. સમૂહેસમૂહ અને દેશેદેશ વચ્ચેના સંબંધોમાં સત્ય એ આજે જગતની પરિસ્થિતિની જીવંત જરૂરિયાત ગણાય છે. મુત્સદ્દીગીરી જો આજે છે તેવી ને તેવી પ્રવર્તમાન રહે, તો આધુનિક સંસ્કૃતિનું આખું યે તંત્ર છિન્નભિન્ન થઇ જવાનો બહુ મોટો ભય આજે ઉપસ્થિત થયો છે. ડૉ. વૂડરો વિલસન તથા બીજા અનેક વહેવારુ રાજદ્વારીઓને ગયા મહાયુદ્ધમાં એ સ્પષ્ટપણે સમજાઇ ગયું હતું. હવે રાજકારણમાં સત્ય એ જેને ખુલ્લી મુત્સદ્દીગીરી તરીકે કહેવામાં અને પ્રશંસવામાં આવે છે, એ સિવાય બીજું શું છે? ડૉ. વિલસને જ્યારે આ સિદ્ધાંત જગતનાં રાષ્ટ્રો સમક્ષ મૂક્યો અને પ્રજાસંઘની રચના માટે એ જ સિદ્ધાંતાનુસાર સલાહ આપી, ત્યારે કોઇએ તેને અગમ્યવાદી, અધ્યાત્મવાદી કે અવહેવારુ રાજદ્વારી નહોતો માન્યો. જ્યારે રશિયા અને સમાજવાદ તથા સામ્યવાદ ખુલ્લી મુત્સદ્દીગીરીની વાત કરે છે, ત્યારે આધુનિક માનસને કશું નિંદ્ય નથી જણાતું. તેઓ ગંભીર અર્થમાં એ નથી લેતા, એ કારણ તો એ પાછળ નથી રહ્યું ને? પરંતુ ગાંધીજી રાજદ્વારી સંબંધમાં જ્યાં સત્યની વાત કરે છે ત્યાં સઘળા વિદ્વાનો અને ડાહ્યા માણસો તેનો ભયભર્યો વિરોધ કરતાં પોકારી ઊઠે છે કે, એ શક્ય નથી, માનવસ્વભાવ થા રાજકારણ જેવાં હંમેશાં હતાં અને છે તેવાં ને તેવાં જ રહ્યાં છે. ચાલતું આવ્યું છે તેમ મતાંધતા મારામારી કરે છે શબ્દો પર. એનું ઉદાહરણ આપણને ધર્મમાં મળી આવે છે. કોઇ ખ્રિસ્તી જણાવે કે દૈવી આત્મા પારેવારૂપે ઊતરી આવ્યો, તો તે બુદ્ધિગ્રાહ્ય; પરંતુ હિંદુઓ જો કહે કે માનવના ઉચ્ચ સ્વરૂપે તે અવતીર્ણ થયો તો એ સઘળી પૌર્વાત્ય વહેમજાળ. જો હિંદુ કોઈ મૂર્તિને નમે તો તેમાં યે પાછો વહેમ આવ્યો, જ્યારે સેંકડો અસ્તર નીચેની એકાદ કિતાબ કે ધર્મપુસ્તકને જેટલી વાર અડવામાં કે ઉઘાડવામાં આવે તેટલી વાર ચૂમવામાં આવે એ બુદ્ધિગ્રાહ્ય. જો કોઇ ખુલ્લી મુત્સદ્દીગીરીની વાત કરે તો તે વહેવારુ અને રાજદ્વારી, જ્યારે રાજકારણમાં સત્યની વાત કોઇ ઉચ્ચારે તો તે અગમ્યવાદી, સંત, અને એટલા માટે

બિનવહેવારુ રાજદ્વારી. સાર્વત્રિક હડતાળના પર્યાયમાં વાત કરો અને તમે વૈજ્ઞાનિક ગણાશો, પરંતુ સત્યાગ્રહની વાત કરો કે એકાએક તમે અવૈજ્ઞાનિક અને પ્રત્યાઘાતી બની જાઓ છો.

આગળ ચાલીએ તો, ગાંધીજીએ પોતાની યુદ્ધપદ્ધતિ તથા પોતાનો વ્યૂહ દક્ષિણ આફ્રિકામાં શોધ્યાં તથા વિકસાવ્યાં. તેમણે કંઈક અસરકારકતાપૂર્વક તેમનો ત્યાં ઉપયોગ કર્યો. અહીં પણ એમણે ચંપારણ્યમાં તથા અસહકારની ત્રણ લડતોમાં એમ જુદાજુદા પ્રસંગે સત્યાગ્રહના એ જ શસ્ત્રનો ઉપયોગ કરેલો છે. એ બધાયે દાખલાઓમાં એમણે સ્વકીય કે રાષ્ટ્રીય ધ્યેય પ્રાપ્ત ન કર્યું હોય ત્યારે પણ સારી જેવી સફળતા પ્રાપ્ત કરેલી છે. સશસ્ત્ર બંડ પણ પહેલા ઝપાટે કે એક જ પ્રયાસે સફળ નથી થતું. કોઈ ઉદ્દેશના રક્ષણ માટે લંબાયેલા યુદ્ધમાં તો અનેક લડાઈઓ, ઝપાઝપીઓ અને ઘેરા, હાનિ અને સફળતા રહેવાનાં. જો કોઈ પરિબળ નાના ઝઘડાઓમાં સફળ નીવડે તો તેણે પોતાની જાતને સફળ લેખવી જોઈએ અને વખત જતાં સંપૂર્ણ વિજયપ્રાપ્તિ તથા લક્ષ્યસિદ્ધિની યોગ્ય રીતે જ આશા રાખી શકે. નાના ઝઘડાઓમાં નિષ્ફળતા મળે તો પણ સૈન્ય જો પોતાની કૂચ નિરંતરાય ચાલુ રાખે, એનો નૈતિક જુસ્સો અણુઓસર્યો રહે, એની પ્રતિકારની લઢણ વિકાસ પામતી રહે અને પ્રગતિકારક રીતે પોતાનો બહેતર ને બહેતર હિસાબ ચૂકવવા એ શક્તિમાન નીવડે, તો પછી, ધ્યેય સિદ્ધ ન થયું હોવા છતાં યોજાયેલી પદ્ધતિને સારી ગણવી પડે. હવે ભાગ્યે જ કોઈ ઇનકાર કરશે કે દેશે ગાંધીજીની રાહબરી નીચે ચલાવેલી દરેક લડતમાં તેની ગતિ પુરોગામી રહી છે, અને તેની પ્રતિકારશક્તિમાં વૃદ્ધિ થવા પામી છે. સત્યાગ્રહની આ લડતોનું મુદ્દામ પરિણામ સામર્થ્ય, સમર્પણ, વ્યવસ્થિતતા, નિર્ભીકતા અને નૈતિક જુસ્સાના પર્યાયમાં રાષ્ટ્રીય પ્રગતિમાં આવ્યું હોવાનું માત્ર પૂર્વગ્રહપૂર્વક જ નકારી શકાય. દરેક લડતદીઠ વૃદ્ધિ પામેલા દમને વધુ ને વધુ મુશ્કેલીઓ અને યાતનાઓ આણી છે, પરંતુ દરેક વખતે તેનો સામો જવાબ અને પ્રતિકાર પણ વધવા પામ્યાં છે. ઇ. સ. ૧૯૩૦ માં દેશે ૧૯૨૦–૨૧ ના કરતાં પોતાનું વિશેષ પાણી બતાવ્યું. ઇ. સ. ૧૯૩૨–૩૩ માં એથી યે વધુ પાણી બતાવ્યું. લડતનું બાહ્ય પરિણામ ઇ. સ. ૧૯૩૦ ના જેવું સાનુકૂળ નહોતું જણાતું, પરંતુ દેશને માટે એ લડત લાંબી નીવડી અને તેમાં એક જબરા આઘાતનો એણે પ્રતિકાર કર્યો. દમન વધુ નિર્ઘૃણ અને વધુ સંપૂર્ણ હતું અને દેશને જોકે દુશ્મનના કેવળ દબાણ તથા તેના પરિણામરૂપ થાકને લઈને લડત મુલતવી રાખવી પડી, છતાં તેનું આનુગતિક સામર્થ્ય ઇ. સ. ૧૯૩૦ ના કરતાં ઘણું વધારે હતું. ધારાસભાની ચૂંટણીઓ માટેની મતનોંધણી પ્રસંગે દેશને મળેલા નક્કર વિજયમાં તે તરત જ પ્રતીત થવા પામ્યું. દેશ એ વખતે સત્યાગ્રહને પકડી રાખીને પોતાની યાતનાને લંબાવવા માટે તૈયાર નહોતો, પરંતુ તેનું દિલ મજબૂત અને તેનો નૈતિક જુસ્સો જેવો હતો તેવો ને તેવો જ રહેલો. પરાજય, સંધિ અને પુનઃ પરાજય એ રીતે એ ત્રણ લડતોનું તાત્કાલિક પરિણામ ચાહે તે આવ્યું હોય, છતાં દેશ સ્થિર પગલે પોતાના લક્ષ્ય ભણી આગળ વધી રહ્યો હતો. સઘળે

સરવાળે અંતિમ લક્ષ્યને તો એક જ વાર પહોંચી શકાય, ઉપરાઉપરી સફળતાઓની શ્રેણી પણ આપણને કદાચ અંતિમ લક્ષ્યપર્યંત ન પહોંચાડે, પરંતુ દેખીતી સફળતા કે નિષ્ફળતા છતાં આપણને વિશેષ સામર્થ્ય ભણી દોરનાર જે કંઈ હોય તેને આપણે આવશ્યકતઃ એક સફળતા ગણવી જોઇએ; કારણ કે તે આપણને અંતિમ લક્ષ્યની વધુ નજીક પહોંચાડે છે.

હવે આપણે સત્યાગ્રહ પહેલાંની પદ્ધતિઓ વડે દેશ આગળ વધી શક્યો હોત કે કેમ તે જોઇએ. કલ્પી શકાય તેવા સઘળા સંજોગો બંધારણીય પદ્ધતિઓને જ વરી ચૂકેલાઓને બાદ કરીએ તો સ્વસ્થ ચિત્તનો દરેક આદમી કબૂલ રાખશે કે બંધારણીય ચળવળના કરતાં, ગાંધીજીના પ્રવેશ પહેલાં અરજી, આર્જવતા અને વિરોધપ્રદર્શનથી જ ચિહ્નાંકિત કોંગ્રેસના રાજકારણના કરતાં સત્યાગ્રહ એ બેશક વધુ સારી પદ્ધતિ છે. ટીકાકારો કદાચ એમ પણ કહે કે, જૂની પદ્ધતિ કરતાં આ પદ્ધતિ વધુ અગ્રગામી હતી અને દેશને એણે થોડાક આગળ વધાર્યો, છતાં તેનું કાર્ય હવે ખલાસ થયું છે અને તેનું મિશન સંપૂર્ણ થયું છે. હવે વધુ વખત તે આપણને કામ લાગી શકે તેમ નથી. જો એમ જ હોય તો, એના કરતાં વધુ સારી અને અસરકારક પદ્ધતિનાં સલાહસૂચનો એવા ટીકાકારને માથે રહે છે. અત્યાર સુધીમાં એવા કોઇ ટીકાકારે વ્યવસ્થિત પ્રતિકારની કોઈ નવી પદ્ધતિ આપણા સમક્ષ મૂકી છે? એથી ઊલટું એ તો દેખીતું જ છે કે વિચાર કરતા સઘળા લોકો, પ્રગતિશીલ કહેવાતા સમૂહોમાં જોડાયેલા સુધ્ધાં એમ માની રહ્યા છે કે જગત અને ખાસ કરીને હિંદ આજે જે સ્થિતિસંયોગોમાં મૂકાયેલ છે, તે જોતાં લડતની પદ્ધતિ અહિંસક જ રહેવી જોઈશે. યુદ્ધ અને સંહારનાં આધુનિક શસ્ત્રો એ રાજ્યો અને સરકારોનો જ ઇજારો રહેલો હોઇને બંદૂક કે પિસ્તોલ સુધ્ધાં જૂના જમાનાનાં તીરકામઠાં કે લાઠી કરતાં જરા યે બહેતર નથી. વૈમાનિક અને રાસાયનિક યુદ્ધના આ જમાનામાં, એ યુદ્ધનાં સઘળાં સાધનો સરકારોને હસ્તક રહ્યાં હોઇને, કોઇ સશસ્ત્ર પ્રજાનો પણ રાજ્ય સાથેનો ભૌતિક સંઘર્ષ એક નિરર્થક કૃત્ય બની રહે. તો પછી હિંદ જેવા એક નિઃશસ્ત્ર દેશ માટે તો એ કેટલી નિર્થક બની રહે? વળી ખુલ્લેખુલ્લી રીતે આપણે લશ્કરી દૃષ્ટિએ આ યોજના કરી શકીએ એ અશક્ય છે. માત્ર અહિંસક પદ્ધતિએ આપણે આપણી જાતને આયોજિત કરી શકીએ. અને એ સઘળું છતાં ભૌતિક સંઘર્ષ સુધ્ધાંમાં પણ આયોજના, શિસ્ત, ઐક્ય, શૌર્ય અને સમર્પણ જેવા નૈતિક ગુણો જ વધુમાં વધુ મહત્ત્વના રહે છે. સત્યાગ્રહ આ ગુણો શ્રેષ્ઠ રીતે નિષ્પન્ન કરે છે. અંતિમ ફટકો હિંસા કે અહિંસા ગમે તે દ્વારા લાગે, પરંતુ તે દરમિયાનમાં તો ગાંધીજીની રાહબરી નીચે દેશ ક્રમશઃ જે ગુણો પ્રાપ્ત કરી રહ્યો છે, તે મેળવવા અને કેળવવા યોગ્ય છે. શાંતિપૂર્ણ પદ્ધતિએ અત્યંત વિપુલપણે તે કેળવી શકાય. આ સઘળા નૈતિક ગુણો ધરાવતા એકાદ નાના ગુપ્ત ક્રાન્તિકારી સમૂહનું અસ્તિત્વ શક્ય છે. પરંતુ સમગ્રતયા આખો દેશ અથવા તો તેનો કોઇ મોટો ભાગ ખાનગી પદ્ધતિઓ વડે આ ગુણો ન વિકસાવી શકે. એટલા જ માટે અંતિમ હિંસક લડતમાં પણ સત્યાગ્રહે હિંદી ચારિત્ર્યમાં

વિકસાવેલા આ ગુણો ઇષ્ટ છે; કારણ કે હિંસક કે અહિંસક સઘળી લડતોના તે પાયારૂપ છે. આમ હોઇને હમેશને માટે નહિ તો કમમાં કમ આગામી અનેક વર્ષો માટે તો સત્યાગ્રહ અથવા હડતાલની એકમાત્ર પદ્ધતિ જ આપણા માટે ખુલ્લી રહે છે. વહેવારુ સુધારકને માટે ભવિષ્યમાં લાંબે સુધી નજર દોડાવવાનું શક્ય નથી, તેમ ઇચ્છનીય પણ નથી. એ માત્ર આજનો જ વિચાર કરે એ ગેરમાર્ગે દોરાવા બરાબર છે. એ જ રીતે અતિ દૂરના ભવિષ્યના પર્યાયમાં એ વિચારે એ પણ ગેરમાર્ગે દોરાવા બરાબર છે. બંને અંતિમતાઓ વચ્ચેના શક્ય ફડચા પર તેણે ઊતરવું જોઈએ. સ્વરાજ માટે સત્યાગ્રહની આપણી અહિંસક લડત એ શક્ય માધ્યમ આપી રહે છે. એને લઈને, રાજકીય સત્તાપ્રાપ્તિના કોઈ પણ ક્રાન્તિકારી કાર્યક્રમને લાગેવળગે છે ત્યાં સુધી તો, એવો કોઈ પક્ષ નથી જણાતો જેણે ગાંધીજીએ યોજેલી અને વિકસાવેલી સત્યાગ્રહપદ્ધતિનું સ્થાન લે એવી દૂરદૂરની પણ કોઈ માફકસરની પદ્ધતિ સૂચવી હોય.

સંઘર્ષ જ્યારે શક્ય નથી હોતો, રાજકીય દમન અથવા થકાવટને લઇને વાસ્તવિક લડતમાં રહેલાં જોખમો અને કષ્ટો માટે દેશ જ્યારે તૈયાર નથી હોતો, એવા જે તબક્કાઓ આવે છે તેમના જેટલું જ મહત્ત્વ ક્રાન્તિકારી લડતમાં વાસ્તવિક સંઘર્ષને રહેલું છે. એવા સમયે દેશને કશીક રચનાત્મક અને ઉપયુક્ત પ્રકારની પ્રવૃત્તિ પૂરી પાડવી જોઇએ છે. જો એમ ન થવા પામે તો લડતની હરોળો પિંખાઈ જવા પામે. સત્યાગ્રહના સૈનિકોએ અવારનવાર પોતાની છાવણીઓમાં પાછા ફરવું જોઈએ. આ છાવણીઓએ તેમને સ્વસ્થ અને સારા દિમાગમાં રાખે તેવી પ્રવૃત્તિઓ પૂરી પાડવી જોઇએ. તુલનાત્મક રીતે શાંતિના કહી શકાય એવા ગાળાઓનો ઉપયોગ પણ દળને મજબૂત કરવામાં થવો જોઇએ. આ સર્વેની જો ઉપેક્ષા કરવામાં આવે, તો નવી લડતના પ્રારંભે દેશ પોતાને છિન્નભિન્ન અસ્વસ્થ દશામાં જોશે. રાજકીય મંદી અને ખામોશીના આવા સમય માટે પોતે જેને રચનાત્મક કાર્યક્રમ તરીકે ઓળખાવે છે એવો કાર્યક્રમ ગાંધીજીએ યોજી કાઢ્યો છે. ખાદી, ગ્રામોદ્યોગ, ગ્રામસેવા, રાષ્ટ્રીય કેળવણી, હરિજનસેવા, હિંદુસ્થાની પ્રચાર વગેરે એમણે યોજેલી અને સંસ્થાપેલી પ્રવૃત્તિઓમાંની કેટલીક છે. આ પ્રવૃત્તિઓ સ્વતઃ જ ઇષ્ટ હોઇને કાર્યકરદળને કાર્યરત રાખે છે. દેશ પણ એ પ્રવૃત્તિઓમાં પોતાનો હિસ્સો તથા સહાય આપીને જાહેર સેવા તથા જવાબદારીની આદત શીખે છે. એટલું જ બસ નથી. સવિનયભંગ મોકૂફ રહે છે ત્યારે પણ વિશિષ્ટ પ્રશ્નો પર સરકાર સાથેની સ્થાનિક લડતો ચાલુ જ રહે છે. બારડોલી એ એવા જ પ્રકારની એક લડત હતી.

આ રચનાત્મક અને એકાંગી પ્રવૃત્તિઓ સીધી રાજકીય કામગીરીમાં ન માનતા કે રાજકીય કરતાં સામાજિક કાર્યમાં વધુ રસ ધરાવતા લોકોને પણ પોતાની સાથે વણી લે છે. ગાંધીજી અને તેમના સહકારીઓ આ પ્રવૃત્તિઓને રાજકીય તેમજ સામાજિક ઉભય દૃષ્ટિકોણથી જુએ છે. આ પ્રવૃત્તિઓમાં રચ્યા રહેવા છતાં પોતે પ્રાથમિકતઃ તો સ્વાતંત્ર્યની લડતના સૈનિકો છે એ તેઓ કદી નથી ભૂલતા. એને લઇને આ પ્રવૃત્તિઓને માત્ર મર્યાદિત સામાજિક સુધારણા તરીકે કે "ડોશીમાના કામ" તરીકે અથવા પ્રત્યાઘાતી

તરીકે જોવી કે નિરૂપવી એ એમના પર કલંક લગાડવા સમાન છે, પ્રશ્નને ગૂંચવાવી દેવા જેવું એ છે. લશ્કરી ખાસિયત વિનાની કોઈ પણ પ્રવૃત્તિને ઉપરછલ્લી કે સહૃદયતારહિત નજરે જોવામાં આવશે તો તે ક્રાન્તિકારી નહિ પણ સુધારક સ્વરૂપની લાગશે. પરંતુ લક્ષ્ય અને ધ્યેયને જો વિસારે પાડવામાં ન આવે તો એની એ જ પ્રવૃત્તિઓ સુધારક તેમજ ક્રાન્તિકારી બંને બની રહે છે—સુધારક એમનાં તાત્કાલિક પરિણામોમાં, અને ક્રાન્તિકારી જ્યારે પણ લડત ઉપસ્થિત થાય ત્યારે તે પરના અંતિમ પ્રભાવમાં. સૈન્ય જ્યારે લડતું નથી હોતું અને બરાકોમાં હોય છે, ત્યારે એવી અનેક વસ્તુઓ કરે છે, જે બિનકેળવાયેલા માનસને ખરેખરા યુદ્ધ સાથે કશી નિસ્બત ધરાવતી ન લાગે. ફરી પાછી પૂરી જ દેવાની હોય છે એવી ખાઈઓ તે ખોદતા હોય છે. કશા પણ લક્ષ્ય વિનાની લાંબી કૂચો તેઓ યોજે છે. તેઓ નિશાન તાકે છે અને તેમના બારથી કોઇ મરતું હોતું નથી. કૃત્રિમ યુદ્ધો તેઓ યોજે છે. આ સઘળી જ પ્રવૃત્તિઓને ખરેખરા યુદ્ધ સાથે એમને કશી ખાસ નિસ્બત ન હોવાને કારણે જ નિષિદ્ધ ગણવામાં આવે, તો સૈન્યની વ્યવસ્થા એથી પડી ભાંગે અને ખરેખરી કામગીરીનો વખત આવી લાગવાના સમયે તેને નકામું બનાવી દે. ખુદ ક્રાન્તિકારી પક્ષોને પણ પોતાના રોજિંદા સુધારણાત્મક કાર્યક્રમો હોય છે. માત્ર આ કાર્યક્રમો પરથી જ તેમના વિષે નિર્ણય ન બાંધી શકાય. જો એમ કરવામાં આવે તો એ નિર્ણયો ઉચિત ન ગણાય. શહેરી મજૂરવર્ગનું સંગઠન તો થવું જ જોઈએ. એ શી રીતે થઇ શકે? માત્ર ટ્રેડ યુનિયનોની દ્વારા જ તે થઈ શકે. હવે કોઈ પણ ટ્રેડ યુનિયન ચાહે તેવો ક્રાન્તિકારી ઉદ્દેશ ધરાવતું હોવા છતાં કેવળ ક્રાન્તિકારી ભૂમિકા પર તેની આયોજના ન થઇ શકે. મજૂરોની રોજિંદી જરૂરિયાતો અને આવશ્યકતાઓ જ તેનો પાયો બનવો જોઇએ. આ જરૂરિયાતોને ક્રાન્તિકારી લક્ષ્ય સાથે કશો સંબંધ નથી હોતો. તત્કાળ માટે તો મજૂરસંઘોની પ્રવૃત્તિઓ અહીંતહીં થોડીઘણી સુધારણાથી જ નિસ્બત રાખશે. મજૂરીના દરમાં થોડોક વધારો, કામના કલાકોમાં થોડોક ઘટાડો અને સામાજિક સગવડમાં થોડોક સુધારો, એ જ તેમની નિસ્બત હશે. કોઈ પણ ટ્રેડ યુનિયન એકમાત્ર અને કેવળ ક્રાન્તિકારી પાયા પર કદી આયોજિત ન થઈ શકે. ખેડૂત-સંસ્થાઓને પણ એ જ પ્રકારે કાર્ય કરવાનું રહેશે. રોજેરોજનાં કામોમાં તે સુધારણાત્મક રહેશે, જ્યારે એમનું ધ્યેય ક્રાન્તિકારી રહેશે. સુધારાના કાર્યને ક્રાન્તિવિરોધી તરીકે અને પ્રત્યાઘાતી તરીકે ઉતારી પાડવું એ સઘળા જ મોરચા પર ચલાવવાની ક્રાન્તિકારી લડતનાં જુદાંજુદાં પાસાં ચૂકી જવા બરાબર છે.

હજુ સુધી તો મેં એવું નથી જોયું કે ગાંધીજીએ રજૂ કરેલા અને કોંગ્રેસે સ્વીકારી લીધેલા કાર્યક્રમોનું સ્થાન લે એવા કશા કાર્યક્રમો કોઇ પક્ષે કે સમૂહે ધરાવ્યા હોય. કેટલાક 'રેડિકલ' અને ક્રાન્તિકારી કાર્યક્રમો અંગે મેં ઘણી વાતો સાંભળી છે, પરંતુ એમને ક્યાંય વ્યવહારમાં પ્રત્યક્ષ થતા નથી જોયા.

ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાંથી ખાદીના ઉત્પાદન અને વેચાણનો જ એક મુદ્દો લો. બિનગાંધીપક્ષીય પ્રકારનો ક્રાન્તિકારી સામાન્ય ખરીદનારને કેવી શિખામણ

આપે એ મેં હજુ સાંભળ્યું નથી. નિઃશંક એ ખાદીની ભલામણ તો ન જ કરી શકે, કારણ કે એ તો પ્રત્યાઘાતી થયું. તો પછી એ મિલના કાપડની ભલામણ કરશે? એમ તે કરી શકે તેમ નથી, કારણ કે એ તો જેમનાં જોરતલબી અને લોભ પર અંકુશ મૂકવા માટેની જરૂરી રાજકીય સત્તા પોતાની પાસે નથી એવા ઘડીએ ને કલાકે મજૂરોનું શોષણ કરનારાઓને સીધેસીધી સહાય કરવા માટે ખરીદનારાઓને કહેવા જેવું થયું. પરદેશી કાપડની ભલામણ એ કરશે? બીજા કશાની વાત જવા દઈએ તો પણ તાત્કાલિક રાજકીય લડત માટે એવી ભલામણ માનસશાસ્ત્રીય નજરે હાનિકારક નીવડે. એવું બોલાતું પણ મેં સાંભળ્યું છે કે, ઔદ્યોગિક જીવનનો વિકાસ થવા પામે તે સાથે ક્રાન્તિના સદા ઉચિત સાધનરૂપ શહેરી મજૂરવર્ગની સંખ્યામાં વૃદ્ધિ થવા પામશે એવી આશામાં ને આશામાં હિંદની મિલોના કાપડની તે ભલામણ કરે. જો એ તેવી ખાતરી આપતો હોય તો તેને એવી દલીલની છૂટ રહે. પરંતુ એ ગમે તે બોલે કે ચાલે, પરંતુ હિંદી ઉદ્યોગોનાં વિસ્તાર કે શક્તિસંપન્નતા એ સાધી શકે તેમ નથી. અમુક સંકુચિત હદથી આગળ હિંદી ઉદ્યોગોને કદી વધવા દેવામાં નથી આવતા એ માટે આપણે પરદેશી સરકારનો આભાર માનવો જોઈએ. વસતિગણતરીના અહેવાલો જણાવે છે કે વધતી જતી વસતિની સાથોસાથ એ ઉદ્યોગો પોતાને નથી રાખી શકયા અને ધીમે ને ધીમે વધુ ને વધુ લોકો જમીન પર આધાર રાખતા બન્યા છે. સમગ્ર વસતિના પ્રમાણમાં ઔદ્યોગિક વસતિનું પ્રમાણ ઘટતું જ જાય છે.

બીજી જે દલીલ આગળ ધરવામાં આવે છે તે એ કે, હિંદી ઉદ્યોગોને સહાય કરતા રહેવાથી ભવિષ્યમાં આપણે જેના પર આપણા ઉદ્યોગો વિકસાવવાના છે એવું કશુંક આપણને મળી રહે છે. આ દલીલમાં પણ વજૂદ નથી. રશિયાએ દર્શાવી આપ્યું છે કે સત્તા હાથમાં લીધા પછી પાંચ કે દશ વર્ષની યોજના દ્વારા આખા દેશનું સંપૂર્ણ ઉદ્યોગીકરણ થઈ શકે. સત્તા આપણા હાથમાં આવશે ત્યારે આ જરીપુરાણા અને અશક્ત ઉદ્યોગો ઔદ્યોગિક પુનઃરચનાની આપણી ભાવિ યોજનાઓમાં ભાગ્યે જ કશી સહાય આપી શકશે. એટલા માટે ભવિષ્યના શંકાસ્પદ લાભ બદલ ગરીબ વર્ગનો આજનો નિઃશંક લાભ જતો કરવો એ નીતિ શાણપણયુક્ત ન લેખાય. ગત અનુભવનો યે આપણે લાભ ઉઠાવી શકીએ. બંગભંગના કાળની સ્વદેશી હિલચાલનો દુઃખદ અંત આવ્યો, કારણ કે દેશે મિલ–એજન્ટો પર મદાર બાંધ્યો હતો. તેમણે કાપડના ભાવો વધારી મૂકયા અને રાજદ્વારીઓનો હેતુ મારી નાખ્યો. રાજદ્વારીઓએ કેવળ ઉદ્યોગપતિઓનાં શુભનિષ્ઠા અને દેશદાઝ પર મદાર બાંધેલો. પરિણામ ખતરનાક આવ્યું. આપણે જો સ્વદેશીનો લાભ ઉઠાવવો હોય અને દેશદાઝ વિનાના તથા ટૂંકી દૃષ્ટિના મૂડીવાદના હાથમાં અસહાયપણે આપણી જાત સોંપી દેવી ન હોય, તો આપણે બીજા કશાક પર મદાર બાંધવો જોઈએ. ખાદી અને ગ્રામોદ્યોગની ચળવળમાં ગાંધીજીએ એવાં નવાં આલંબનો ઊભાં કર્યાં છે. ખેડૂતના ફુરસદના મહિનાઓ માટે પણ આ પ્રવૃત્તિઓ કામગીરી પૂરી પાડે છે. તો પછી એ પ્રવૃત્તિઓ શી રીતે પ્રત્યાઘાતી ગણાય? કેટલાક બુદ્ધિવાદી વિચારકો જણાવે છે કે

આ પ્રવૃત્તિઓ ગરીબવર્ગની દશા સુધારીને તેમની હાલતમાં વધુ સુધારો કરતી હોઈને તેમનો ક્રાન્તિકારી ઉત્સાહ હરી લેશે. જો ખાદીને માટે એ સાચું હોય તો પછી હડતાળો સુધ્ધાં ટ્રેડ યુનિયનોની દરેક પ્રવૃત્તિ માટે સાચું છે. ખુદ હડતાળ સુધ્ધાં પણ સામાન્ય ક્રાન્તિકારી હેતુ અર્થે નહિ પરંતુ કશાક નક્કર સુધારણાત્મક ધ્યેય અર્થે અપનાવવામાં આવે છે. ક્રાન્તિ માટેનો જે વ્યાયામ તે આપી રહે છે તે તો તેની ગૌણ નિષ્પત્તિ છે.

ખાદી અને ગ્રામોદ્યોગોને જ્યાં સુધી લાગેવળગે છે ત્યાં સુધી ગાંધીજી પોતે સંપૂર્ણ જાગ્રત હોવાની પૂરતી સાબિતી આપી શકે તેમ છે. ઓછામાં ઓછું જીવનધોરણ અને તે પણ કશી રાજદ્વારી સત્તા વિના નક્કી કરવા કરતાં વધુ ક્રાન્તિકારી બીજું કશું ન હોઈ શકે. તેમ છતાં પ્રેમાળમી સલાહ તથા દોરવણી નીચે કામ કરતી સઘળી સંસ્થાઓમાં ગાંધીજીએ એ ક્રાન્તિકારી પગલું અપનાવ્યું. કાર્યકરો અને આયોજકોએ પૂરા પાડેલા વેપારી આંકડા પર નિર્ભર એવી નિષ્ણાતોની સલાહ છતાં તેમણે તેમ કર્યું છે. હકીકતોની ઉપેક્ષા કરીને એમણે પોતાનાં ક્રાન્તિકારી દર્શન તથા ઉત્સાહ સાબિત કરી આપ્યાં છે. જે થોડુંઘણું ખાદીકામ ચાલતું હશે તે પણ નષ્ટ થઈ જશે એવી ચેતવણી મળ્યા છતાં સ્પષ્ટપણે ન્યાયયુક્ત અને ક્રાન્તિકારી એવા સિદ્ધાંત કાજે પોતાની પ્રિય યોજનાનો નાશ પણ એમણે પસંદ કર્યો. એમનાં દર્શન અને એમની શ્રદ્ધા ન્યાય્ય પુરવાર થઈ ચૂક્યાં છે. નવા અખતરાઓથી ખાદીને બહુ સોસવું નથી પડયું.

વળી ઔદ્યોગિક મજૂરવર્ગનો દાખલો લો. એમના વિચારોથી દોરાતો અને પ્રેરાતો એક મજૂર મહાજન સંઘ છે. અમદાવાદના મજૂર મહાજન સંઘ કરતાં વધુ સુયોજિત કે આર્થિક નજરે વધુ સ્થાયી સંઘ આજે હિંદભરમાં ભાગ્યે જ બીજો કોઈ હશે. બીજા કોઈને એથી વધુ ખરેખરી અને લવાજમી સભ્યસંખ્યા નથી રહેલી. વળી બીજા કોઈ પણ સંઘ સાથે શિશુવિકાસગૃહો, બાળકો અને મોટેરાંઓ માટે દિવસની અને રાત્રિની શાળાઓ, છાત્રાલયો, હરિજન સંસ્થાઓ, સહકારી ભંડારો અને એ પ્રકારની સંસ્થાઓ જોડાયેલી નથી.

ગાંધીજી પોતે સ્વરાજ માટે આકુળ હોઈને પોતાની યોજનાઓ એ વિશાળ અને કાયમી પાયા પર મૂકતા રહે છે. એક વર્ષમાં સ્વરાજના પર્યાયમાં એ વાતો કરી રહ્યા હતા ત્યારે પણ એ પોતાની સંસ્થાઓને લાંબી કામગીરીના પાયા પર યોજિત અને વ્યવસ્થિત કરી રહ્યા હતા. રાષ્ટ્રીય કેળવણી, ખાદી, હિંદુસ્તાની–પ્રચાર, હરિજનસેવા વગેરે એક જ વર્ષમાં સંપૂર્ણ ન થઈ શક્યાં હોત. કારણ કે યોજનાઓ અને સંસ્થાઓ અનેક વર્ષો માટેના ખ્યાલપૂર્વક કલ્પવામાં આવી હતી. તાત્કાલિક રાજકીય ધ્યેય પ્રાપ્ત નહોતું થયું, પરંતુ સંસ્થાઓ પોતે આયોજિત અને સંપૂર્ણ બનતી રહી અને એ રીતે ક્રાન્તિની ચિનગારી જીવંત રાખતી રહી. એ સઘળી અવ્વલ સંસ્થાઓ હતી. એ નિષ્ફળ પણ નીવડે, એમની કામગીરી ઘટાડી પણ નાખવી પડે, ભવિષ્યને માટે વધુ સારી અને વધુ મોટી યોજનાઓ પણ ઘડવી પડે; પરંતુ આ સંસ્થાઓ દ્વારા દેશને થયેલા લાભ તથા તેણે સાધેલી પ્રગતિની અવજ્ઞા કે ઉપેક્ષા તો રાષ્ટ્રીય ચળવળના કોઈ તદ્દન છીછરા અભ્યાસીથી જ થઈ શકે.

ઉતારી પાડવું કે ટીકા કરવી સહેલી છે. પરંતુ ટીકાકારો પોતે જ્યારે કાર્ય કરવાનું કે આયોજના કરવાનું માથે લે છે, ત્યારે તેમને માલૂમ પડ્યા વિના નથી રહેતું કે સર્વવ્યાપી ક્રાન્તિના એમના જાગતિક દર્શનના પર્યાયમાં એમની પ્રવૃત્તિઓ એ ધ્યેય સાથે મુદ્દલ સંબંધ ન ધરાવતી એવી રોજેરોજની ગૌણ કામગીરી સાથે જ સંકળાયેલી માત્ર સુધારણાત્મક પ્રવૃત્તિઓ જ હોય છે. કાર્યાલયનાં પરબીડિયાં પર ટિકિટો ચોડવાની કામગીરી જેને સુપરત થઇ હોય એવો ક્રાન્તિકારી ચળવળનો એકાદ સ્વયંસેવક લો. પોતાના પક્ષ દ્વારા નિર્ધારિત આગામી ક્રાન્તિ સાથે તેના આ નમ્ર, અદના, કંટાળાભરેલા અને એકરાગી કામનો સંબંધ એ શી રીતે જોડી શકે? વિશાળ દૃષ્ટિ અને જીવંત શ્રદ્ધાને એણે સહાયમાં બોલાવવાં પડે છે. પોતાનું અદનું કામ પણ ક્રાન્તિમાં એક જરૂરી હિસ્સારૂપ હોવાનું એ રીતે જ તે માની શકે. સઘળાં કાર્યોમાં જેનો અંતર્ભાવ રહ્યો છે એવો આ સિદ્ધાંત સમજવાની દૃષ્ટિ તેમજ શ્રદ્ધા ગાંધીજી પાસે છે. પ્રત્યેક આત્મામાં પોતાનો પરમાત્મા જોનાર ધર્મનિષ્ઠ મનુષ્યની પેઠે એ પોતે જે કંઈ પણ પ્રવૃત્તિ હાથમાં લે છે કે બીજાઓને લેવાની સલાહ આપે છે, એ દરેક નાનીસરખી સુધારણાત્મક પ્રવૃત્તિમાં પણ ગાંધીજી પોતાનો પ્રભુ તથા સ્વરાજ નિહાળે છે. બ્રિટિશ સિંહની કેશવાળી ધ્રુણાવતા એ લડતને મોખરે રહ્યા હોય, નાનકડા ચરખાને સરખો કરી રહ્યા હોય કે સેગાવના નાના ગામડાની સાંકડી શેરીઓ વાળી રહ્યા હોય, પરંતુ એ દરેક કાર્ય એમને મન ક્રાન્તિકારી કાર્ય—દરિદ્રનારાયણોને જેમાં જોઇતી સ્વસ્થતા મળી રહે એવા પોતાના પૂર્ણ-સ્વરાજની સ્વપ્નસિદ્ધિનું કાર્ય—બની રહે છે. એ પોતે એવી શ્રદ્ધાથી કામ કરતા હોઇને પોતાના અનુયાયીઓ તથા સહકારીઓને પણ એવી જ શ્રદ્ધાનો ચેપ લગાડે છે.

આ રીતે ગાંધીજીએ દેશ માટે બેવડા પ્રકારનો કાર્યક્રમ વિકસાવીને તેની સમક્ષ મૂક્યો છેઃ એક તો રાજકીય જીવનનો મનોવેગ જ્યારે ચડતી કળાએ હોય તેવા સક્રિય અને ક્રાન્તિકારી તબક્કાઓ માટે, અને બીજો, સરખામણીમાં એવા શાંતિપૂર્ણ તબક્કાઓ માટે કે રાષ્ટ્રીય જીવન જ્યારે મંદોત્સાહ અને સમધારણ રહ્યું હોય—આ બે આવશ્યક સમયાંતરો માટે કોઇ વ્યક્તિએ કે પક્ષે આના કરતાં વધુ સારા કાર્યક્રમો યોજી કાઢ્યા નથી. એ સાચું છે કે આ કાર્યક્રમો સ્વાતંત્ર્ય માટે કલ્પવામાં આવ્યા છે; શ્રમજીવીઓની સરમુખત્યારી કે ખેડૂતો ને મજૂરોના પ્રજાસત્તાકની સ્થાપના માટે નહિ. પરંતુ એમનો કાર્યક્રમ અને એમનું સ્વરાજ સુધ્ધાં હિંદી જનતાનું હિત નજર સામે રાખીને કલ્પવામાં આવ્યાં છે. ગોળમેજી પરિષદ સમક્ષ બોલતાં એમણે જાહેર કરેલું કે, હિંદી રાષ્ટ્રીય મહાસભાએ રજૂ કરેલું ધ્યેય હતું "પરદેશી ધૂંસરી નીચેથી એકેએક અર્થમાં સંપૂર્ણ સ્વાતંત્ર્ય, અને તે પણ મૂંગા કરોડોને માટે. એને લઈને આ હિતોથી વિરુદ્ધ જતા દરેક હિતમાં સુધારો થવો જોઇએ અને જો સુધારાને યોગ્ય ન હોય તો તે પદભ્રષ્ટ થવું જોઇએ."

માત્ર શ્રમજીવી સરમુખત્યારી દ્વારા જ જનતાનાં હિતો સર્વોત્તમ રીતે જળવાઇ શકે એ તદ્દન સંભવિત છે. પરંતુ અત્યારના સમયે તો એવી યોજનાઓ હિંદી જનતાનાં હિતો સર્વોત્તમ રીતે જાળવી શકે એમ ગાંધીજી નથી માનતા. એ વચગાળાના સમયમાં શ્રમજીવી શાસનને માત્ર સિદ્ધાંતમાં જ જકડી રાખવાને બદલે તેના હિમાયતીઓને પોતાનો બેવડો કાર્યક્રમ ઘડી કાઢીને દેશ સમક્ષ તેનો અમલ કરી બતાવવાનો માર્ગ ખુલ્લો છે.

સિદ્ધાંત અને વ્યવહારમાં, સિદ્ધાંત કરતાં પણ વ્યવહારમાં અધિકાંશ આવા કાર્યક્રમો આપણી પાસે નહિ હોય ત્યાં સુધી આપણે જ્યાં છીએ ત્યાંના ત્યાં જ પડયા રહીએ તો નવાઈ નહિ. ગાંધીજી સત્ય અને અહિંસાના માત્ર આદર્શ અને સિદ્ધાંત પર લોકોને આમંત્રવા નહોતા નીકળ્યા, પણ એની સાથોસાથ કાર્યનો આખો ક્રમ ઉપસ્થિત કર્યો હતો. જગતની વિચારસરણી કરતાં એમનો આદર્શ ભલે સૈકાઓ જેટલો અગાડી રહ્યો હોય, પરંતુ હિંદી જનતા પોતાનો આદર્શ પચાવી શકે એવો સમય આવી લાગવાપર્યંત એમણે રાહ ન જોઈ. એને બદલે પોતાના આદર્શવાદી ખ્યાલે કલ્પેલું કાર્ય દેશ સમક્ષ મૂકીને પોતાના આદર્શની કાર્યસાધકતા દર્શાવી આપી. એમની એ ધારણા વાજબી જ હતી, કે કશા આદર્શના ઉપદેશ સુધ્ધાંને શ્રેષ્ઠ માર્ગ એ છે કે ગમે તેવા અદના પ્રકારે પણ તેને અમલી બનાવવો. એમના જેવી જ અભિલાષા ધરાવનારા બીજાઓએ પણ, તેઓ જો પોતાના ખાસ અને વિશિષ્ટ આદર્શોને ગંભીર ભાવે જોતા હોય તો, એમને જ પગલે ચાલવું બહેતર છે. ગમે તેમ પણ ગાંધીજીનો આદર્શ અને તેનો વ્યવહાર આપણા માટે નવાં હતાં. એમની સાથે જોડાવામાં આપણા ભૂતકાળ સાથે, આપણી આચારવિચારની ટેવો સાથે અને આપણાં મૂલ્યાંકનો સાથે જબરા વિચ્છેદની જરૂર હતી. બીજી કોઈ પણ વ્યક્તિ કે સમૂહ એમના કરતાં વધુ સારો અને વધુ પ્રયોજ્ય કાર્યક્રમ આપણી સામે મૂકે તો આપણે તદનુસાર જ વર્તવાના એવી ખાતરી સહેજે આપી શકાય. અંતે પણ ગાંધીજીએ પોતાના અનુયાયીઓ સમક્ષ ગરીબી અને કષ્ટ જ મૂકયાં છે. એથી ઓછું કષ્ટ સહીને કે ઓછો ભોગ આપીને જો તેઓ કશાં પ્રત્યક્ષ પરિણામ આણી શકતા હોય તો એવા મૂર્ખા એ નથી કે એવી તક જતી કરે. એમાંના કેટલાક તો પોતાના કામધંધા તથા બેઠી આવક છોડીને ખાદી તથા ગ્રામોદ્યોગની પ્રવૃત્તિમાં પડેલા છે. એ કામ ગરીબને કદાચ રોજના બે આના આપે છે, જ્યારે કાર્યકર્તાને એ સત્યાગ્રહની લડત ખરેખરી રીતે ચાલુ ન હોય તેવા વખતની પ્રવૃત્તિ પૂરી પાડે છે. ગરીબોનાં ખીસાંમાં રૂપિયો કે એથી વધારે જાય તેવો અને વળી પરદેશી શાહીવાદથી પણ લડવાનો વધારે સારો અને ખાતરીભર્યો માર્ગ જો કોઇ તેમને દર્શાવી આપે, તો તેઓ એવા નથી કે એવી આકર્ષક માગણીનો નકાર કરે. લોકો જેને જીવનમાં ઉપયોગી માને છે એવા પોતાના ધંધાઓ તથા આવકોનો નાનીસરખી વસ્તુઓ માટે ભોગ આપનારાઓ સમક્ષ જો ઊંચી અને સારી વસ્તુઓ મૂકવામાં આવે તો એથી જરા યે ઓછો ભોગ ન આપે. ગાંધીજીની નવીન પદ્ધતિઓના ઇતિહાસમાં કદી ન યોજાયેલી અને અપૂર્વ એવી પદ્ધતિઓના એમણે પોતાને યોગ્ય શિષ્યો સિદ્ધ કર્યા છે. જો વધુ પરિચિત સુયોજ્ય અને સરળ પદ્ધતિઓ તેમના સમક્ષ મૂકવામાં આવે તો તેઓ નિઃશંકપણે તે સત્કારે. પરંતુ ચોખ્ખેચોખ્ખું કહીએ તો તેમને પોતાનો માર્ગ સ્પષ્ટ નથી દેખાતો. કશો પણ પ્રકાશ જોતાંવેંત અત્યારે જેમના સાથે મતભેદ ધરાવે છે તેવા અન્ય મિત્રો સાથે તેઓ જોડાઈ જાય તેમ છે. દરમિયાનમાં તેમને પોતાની યોજનાઓ નિરંતરાયપણે ઘડવા દેવી જોઇએ. એના બદલામાં બીજા સમૂહોને તેમના પોતાના આદર્શ મુજબની પોતપોતાની યોજનાઓ ઘડવા દેવા તેઓ તૈયાર છે.

આમ છતાં સવાલ એ ઊભો થાય છે કે, કૉંગ્રેસનું તંત્ર કોના હાથમાં રહેશે? અહીં પણ ગાંધીજીનો માર્ગ આપણને પથસૂચક બની શકે. એમની ચંપારણ્યની લડતમાં

કૉંગ્રેસની સહાય એમને બક્ષવામાં આવેલી. એમણે એનો ઈનકાર કરેલો. એમણે કહેલું કે કૉંગ્રેસ એ મહાન અને અગત્યની સંસ્થા છે. નવા અને અમલમાં ન મૂકાયેલા અખતરા એનાથી ન થઇ શકે. કોઇ પણ પ્રશ્નનાં સંપૂર્ણ મથિતાર્થ કે પરિણામો જાણ્યા વિના અજાણપણે તેમાં સંડોવાઇને પોતાની સ્વસ્થતા અને સ્થિરતા માટેની પ્રતિષ્ઠાને જોખમમાં મૂકી ન શકે. ગાંધીજીએ માત્ર નૈતિક ટેકો માગ્યો, એથી વિશેષ કશું નહિ. પોતાના ઇતિહાસ તથા વિકાસની પ્રતિભાક્ષમતા અનુસાર કૉંગ્રેસ પોતે પોતાનો જ માર્ગ અનુસરે એ એમની ઇચ્છા હતી. ઈ. સ. ૧૯૨૦ માં પણ ખિલાફતના પ્રશ્ન પર એમણે સત્યાગ્રહ તો શરુ કરી દીધેલો. કૉંગ્રેસ સમક્ષ પોતાની દરખાસ્તો એમણે મૂકેલી. કૉંગ્રેસને એમણે જણાવેલું કે આ ખાસ પ્રશ્ન ઉપાડી લેવામાં આવે એ એ સંસ્થાને માટે હિતાવહ હતું; પરંતુ એ જો તેમ ન કરવાનું પસંદ કરે, તો પણ પોતે તો આગળ ધપ્યે જ રાખશે. કૉંગ્રેસ સ્વીકારશે તો જ પોતાની યોજનાઓ અમલમાં આવશે એવું તેમણે નહોતું કહ્યું. ફરી પાછા સ્વરાજપક્ષના દિવસોમાં સામાન્ય મત એમની તરફેણમાં હોવા છતાં પોતે નિવૃત્ત થઇને સ્વરાજિસ્ટોને મુક્તક્ષેત્ર કરી આપ્યું. એટલે, બધા જ પક્ષોને પોતાની યોજનાઓ કૉંગ્રેસ સમક્ષ મૂકવા દો, પરંતુ એ યોજનાઓ જો સ્વીકાર ન પામે તો તેમણે જાતે મેદાને પડીને એ યોજનાઓ પાર પાડી, તેનાં નક્કર પરિણામોની પ્રતીતિ કરાવી આપીને કૉંગ્રેસનું સુકાન હાથ કરવું જોઇએ. એ પરિણામો યોજનાની સફળતાનાં જ હોવાં જોઇએ તેવું કશું નથી. પરંતુ આયોજના, યત્ન અને અંતિમ સફળતા માટેની પ્રામાણિકતા તે પાછળ હોવી જોઇએ. એ એવી હોવી જોઇએ કે શંકાવાદીઓ પણ થોડાંક પગલાં આગળ જોવાને શક્તિમાન બને. પરંતુ જુદીજુદી દિશામાંના ઉપયોગી કાર્યને બદલે વરિષ્ઠ સ્થાનેથી કૉંગ્રેસનું સુકાન હાથ કરવાનો જ એ પ્રયત્ન હશે તો વિજેતા પક્ષને તરત માલૂમ પડયા વિના નહિ રહે કે સોનાનું ઈંડું મૂકતી મુરઘી પાસેથી વધુમાં વધુ મેળવવાની ઉતાવળી અપેક્ષામાં તેમને હાથે તેનો ઘાત જ થવા પામ્યો છે. ગમે તેમ પણ કૉંગ્રેસ એ કંઈ સરકાર નથી કે જેનું તંત્ર હાથ કર્યા પછી સ્વયં તે સત્તા ભણી દોરી જાય. આપણે આપણા પોતાના દ્વારા, આપણી દેશસેવા દ્વારા, આપણાં સંગઠન, આત્મભોગ અને યાતનાઓ દ્વારા જે કંઈ પૂરી છે એથી વધુ સત્તા કૉંગ્રેસ પાસે નથી. એને લઈને વરિષ્ઠ સ્થાનેથી કૉંગ્રેસનું સુકાન હાથ કરવાની કોઈ પણ પ્રકારની ઉતાવળ કોઈ પણ પક્ષને લાભદાયી નહિ નીવડે. કૉંગ્રેસને જબરી પ્રતિષ્ઠા છે એ સાચું; પરંતુ તેનો લાભ માત્ર તેઓ જ પામી શકે જેઓ કાર્ય કરે છે, સંગઠન સાધે છે અને કષ્ટ કે બલિદાન માટે તૈયાર રહે છે—બીજા કોઈ પણ નહિ.

વાચકો સમક્ષ મેં ગાંધીજીનો બેવડો કાર્યક્રમ રજૂ કર્યો છે—સીધાં પગલાંનો તથા રચનાત્મક પ્રવૃત્તિનો. કૉંગ્રેસના તંત્ર પ્રત્યેની એમની વૃત્તિ તથા દૃષ્ટિ પણ મેં સૂચવ્યાં છે. એ સઘળી વસ્તુઓના બળે આપણે આજે ઊભા છીએ. એ ત્રણે પદ્ધતિઓનું સ્થાન લઈ શકે તેવી બહેતર પદ્ધતિઓ માટે આપણે રાહ જોઈએ છીએ, અને એ જ્યારે મળી રહશે ત્યારે, શીખવા માટે સદા તત્પર અને કશા અફર કે અક્કડ નિયમોથી પોતાની જાતને બાંધી ન દેનારા ગાંધીજીને પગલે ચાલીને આપણે દેશના સ્વાતંત્ર્ય અર્થે લડનારાઓની આગલી હરોળમાં આપણને મૂકીશું એવી આશા હું રાખું છું. એ ધ્યેયને જ આપણે આપણું જીવન સમર્પિત કર્યું છે, અન્ય કશા સિદ્ધાંત કે મતપ્રણાલીને નહિ, એવી આશા રાખીએ.

પૂર્વ-પશ્ચિમના વાયરા


લેખક : માર્જોરી સાઈક્સ

મનુષ્યનો પ્રધાન જીવનહેતુ ઈશ્વરનો મહિમા ગાવાનો, અને પોતામાં એને ભરી દઈ, સદા એનો આનંદ માણવાનો છે.
—લઘુ પ્રશ્નોત્તરી, સ્કોટલૅન્ડ ચર્ચ

મારે જે કરવું છે, જેની હું વર્ષો થયાં ઝંખના કરી રહ્યો છું, તે તો આત્મદર્શન છે; તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે, મોક્ષ છે. મારું ચલનવલન બધું એ જ દૃષ્ટિએ થાય છે.
—મહાત્મા ગાંધી

જગતના મહાપુરુષોનાં જીવનકાર્યો અને તેમના ચારિત્ર્યનું મૂલ્યાંકન કરતી વેળાએ સાધારણ રીતે એમના પુરોગામીઓના જીવન અને લેખનનો તેમના જીવન પર કેવો 'પ્રભાવ' પડ્યો છે તેની ચર્ચા કરવામાં આવે છે; અને એવા તુલનાત્મક અભ્યાસને અંતે પોતાનું કહી શકાય એવું એમણે જગતને શું ને કેટલું આપ્યું તેનો નિર્ણય કરવાનો પ્રયાસ થાય છે. ઈશુખ્રિસ્તનાં જીવન અને ભાવનાનો ગાંધીજી ઉપર જે પ્રભાવ પડેલો તેનું પૃથક્કરણ કરવાનો આ લેખનો આશય નથી. આપણી પોતાની જ વાત લઈએ તો આપણે ચોક્કસપણે કહી એમ કહી શકીશું કે અમુક એક જ ગુરુ, કવિ કે ચિન્તકે આપણા જીવનને અમુક અંશે અમુક દિશામાં વાળ્યું છે? મનુષ્યજીવનરૂપી છોડનાં સૌન્દર્ય અને સાફલ્ય કેટલે અંશે એના બીજને, એ જેમાં ઊગે છે એ ધરતીને, એનાં મૂળને પોષણ પૂરું પાડતા વરસાદને, અને જેની સમક્ષ એ પોતાની શાખાઓ પ્રસારે છે તે સૂર્ય અને વાતાવરણને આભારી હશે, તેનો નિર્ણય કરવો એ તે કંઈ સહેલ વાત છે? અને જેને આપણે ગાઢપણે ઓળખીએ છીએ તે આપણી જાત વિશે જ જો આ પ્રકારના પ્રશ્નોનો સંતોષકારક ઉત્તર નથી આપી શકતા, તો અન્યનાં વ્યક્તિત્વની ગૂઢતાનાં પડ ઉકેલવાનું આપણું શું ગજું? તેમ છતાં એક માનવજીવન એના સ્વીકૃત જીવનહેતુઓમાં અને કાર્યો દ્વારા થતાં એમના પ્રકટીકરણમાં આપણને પરિચિત એવાં બીજાં સુંદર અને સમર્થ જીવનોને કઈકઈ રીતે મળતું આવે છે તેનો અભ્યાસ કરવો શક્ય છે. તો નઝરેથના જિસસ અને એમણે પ્રેરેલા ખ્રિસ્તી ધર્મના અન્ય મહાન ધર્મચિન્તકોના આચારો અને વિચારો તેમજ મહાત્મા ગાંધીજીના આચારો અને વિચારોમાં સામ્ય ક્યાં ક્યાં રહેલું છે? આ લેખની મર્યાદામાં આ પ્રશ્નનો સંપૂર્ણ ઉત્તર નહિ વાળી શકાય, તથાપિ, ઓછામાં ઓછું, એ સામ્યનાં આગળપડતાં લક્ષણો જરૂર દર્શાવી શકાશે.

ગાંધીજીને ખ્રિસ્તી ધર્મનો પહેલવહેલો પરિચય રાજકોટની નિશાળમાં એ ભણતા હતા ત્યાં થયેલો. એ પરિચય ઉપરઉપરનો અને કંઈક અંશે કાને પડેલી વાતોને આધારે થયેલો. બાળપણથી જ ગાંધીજીમાં સાચી અને ઊંડી ધર્મજિજ્ઞાસા હતી અને પોતે ઊછર્યા હતા પણ ઘરના ધાર્મિક વાતાવરણમાં; એટલે ખ્રિસ્તી ધર્મના બાહ્યાચારો તેમજ ખ્રિસ્તી ધર્મોપદેશકો હિંદુ ધર્મની બદગોઈ કરતા હતા તે પ્રત્યે તેમને અભાવ પેદા થયો. ખ્રિસ્તી





Romain Rolland   M K Gandhi

ધર્મ એટલે દારૂ, ગોમાંસ, અંગ્રેજી પોશાક અને આ દેશના ધર્મ અને રીતરિવાજોની નિંદા એવો અર્થ એમના મનમાં સ્થપાયો. પણ સાચા ધર્મની ખોજ કરવાની જે વૃત્તિએ રાજકોટના ઉપદેશ પ્રત્યે અભાવ પેદા કર્યો, તે જ વૃત્તિ, પાછળથી, એમને ખ્રિસ્તી ધર્મનાં મૂળતત્ત્વોના ઊંડા ને ઊંડા અભ્યાસમાં તાણી ગઈ. એમના ખ્રિસ્તી મિત્રોનું ધર્માનુરત જીવન નજરે જોઈને, જે સત્યને તેઓ અનુસરતા હતા તેની શોધ કરવાને એ પ્રેરાયા. આ પ્રકારના એમના મિત્રોમાં સૌથી પહેલા એક અંગ્રેજ ખ્રિસ્તી સજ્જન હતા, જેમણે ગાંધીજી જ્યારે ૧૮૮૯ માં લંડનમાં ભણતા હતા ત્યારે એમને બાઈબલ વાંચી જવાનો આગ્રહ કરેલો.

આવો એક જુવાન બાઈબલના 'જૂના કરાર'ની રચના કે ભૂમિકા વિશે કંઈ પણ જાણ્યાકર્યા વિના લાગલો જ વાંચવા માંડે, ને પરિણામે એને કંઈ જ સમજ ન પડે ને કંટાળો ય આવે, તો એમાં નવાઈ પામવા જેવું શું છે? પણ 'નવા કરાર'ની વાત જુદી હતી. એના વાચનથી પોતાને જે ઊંડી અસર થઈ તે ગાંધીજી આ પ્રમાણે નોંધે છેઃ "જ્યારે 'નવા કરાર' પર આવ્યો ત્યારે જુદી જ અસર થઈ. ઈશુના ગિરિપ્રવચનની અસર બહુ સારી પડી. તે હૃદયમાં ઊતર્યું. બુદ્ધિએ ગીતાજીની સાથે તેની સરખામણી કરી. 'તારું પહેરણ માગે તેને અંગરખું આપજે.' 'તને જમણે ગાલે તમાચો મારે તેની આગળ ડાબો ધરજે' એ વાંચીને મને અપાર આનંદ થયો. શામળ ભટ્ટનો છપ્પો યાદ આવ્યો."[1]

એમની ધર્મબુદ્ધિના વિકાસની દૃષ્ટિથી વિચારીએ તો નોંધવા જેવું એ છે કે ગિરિપ્રવચન હૃદયસ્પર્શી બન્યું તેનું કારણ, કંઈક અંશે, નાનપણથી જ પ્રિય અને પરિચિત એવા છપ્પાની ને ગિરિપ્રવચનની ભાવનામાં રહેલું સામ્ય છે.

આ પ્રકારની સાચી ધર્મવૃત્તિને લીધે "ધર્મશાસ્ત્રોનું માત્ર જ્ઞાન મિથ્યા છે" એ સમજનો ઉદય ગાંધીજીમાં ઘણો વહેલો થયો હતો. ધર્મના અનુભવ વિનાનું શાસ્ત્રજ્ઞાન આપત્તિવેળાએ "થોથાં સમાન" લાગે છે એમ એમણે જણાવ્યું છે. ૧૮૯૦ માં પારિસમાં ભરાયેલા મહાપ્રદર્શનમાં એ ગયા ત્યારે ત્યાંનાં મોટાં દેવળોની ભવ્યતાની, શાન્તિમયતાની, ને ઉપાસકોના હૃદયના ઊંડા ભક્તિભાવની ગાંધીજીના ચિત્ત ઉપર ત્વરિત અસર થઈ. તે પછીને વર્ષે એ હિંદ પાછા ફર્યા ત્યારે કવિ–વેપારી રાયચંદભાઈની ભક્તિજ્વાલાની આંચ ગાંધીજીને લાગી. ગાંધીજી લખે છેઃ "જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજા કોઈ નથી પાડી શકયા. તેમનાં ઘણાં વચનો મને સોંસરાં ઊતરી જતાં"

---

૧. એ છપ્પો આ પ્રમાણેઃ

પાણી આપને પાય, ભલું ભોજન તો દીજે;
આવી નમાવે શીશ, દંડવત કોડે કીજે.
આપણ ઘાસે દામ, કામ મહોરોનું કરીએ;
આપ ઉગારે પ્રાણ, તે તણા દુઃખમાં મરીએ
ગુણ કેડે તો ગુણ દશગણો, મન, વાચા, કર્મે કરી;
અવગુણ કેડે જે ગુણ કરે, તે જગમાં જીત્યો સહી.

૧૮૯૩ માં જ્યારે ગાંધીજી પહેલવહેલા દક્ષિણ આફ્રિકા ગયા ત્યારે વળી પાછા એ કેટલાક ધર્મપરાયણ ખ્રિસ્તીઓના ગાઢ સંસર્ગમાં આવ્યા. મેસર્સ દાદા અબદુલ્લાની કંપની વતી પ્રિટોરિયામાં કામ કરતા હતા ત્યારે એમને મિ. બેકર, મિ. કોટ્સ અને બીજા ભાવિક ખ્રિસ્તીઓનો પરિચય થયો. એમણે એમને ખ્રિસ્તી ધર્મ સંબંધી પુસ્તકો વાંચવાને આપ્યાં, ચર્ચાઓ કરી અને ખ્રિસ્તી ધર્મમાં આવવાને ખૂબ આગ્રહ કર્યો. ગાંધીજીએ જવાબ આપ્યો કે મારો ધર્મ હું પૂરો સમજ્યો ન હોઉં ત્યાં લગી બીજો ધર્મ અંગીકાર કરવાનો વિચાર હું ન કરી શકું. (તે કાળે હિંદુ ધર્મનો અભ્યાસ એમણે કર્યો ન હતો.) તે પછી જો મને એમ લાગે કે મારો ધર્મ મને ખ્રિસ્તી ધર્મ જેટલો સંતોષ આપે એમ નથી તો જ હું તેનો સ્વીકાર કરું. "ખ્રિસ્તી થવાનો અંતર્નાદ આવે તો તેનો સ્વીકાર કરતાં કોઈ પણ વસ્તુ મને આડે આવે તેમ નહોતી એમ પણ મેં કહ્યું." એવો અંતર્નાદ કદી આવ્યો જ નહિ. તેમ છતાં ગાઢ ધાર્મિક ભ્રાતૃભાવનાના આ કાળને ગાંધીજી પોતાના જીવનનો અતિ મહત્ત્વનો કાળ ગણે છે: "આમ, જોકે હું ખ્રિસ્તી મિત્રોએ ન ધારેલે માર્ગે ચડ્યો છતાં તેમના સમાગમે મારામાં જે ધર્મજિજ્ઞાસા જાગૃત કરી તેને સારુ તો હું તેમનો સદાયનો ઋણી બન્યો."

આ રીતે જાગ્રત થયેલી ધર્મજિજ્ઞાસા મંદ ન પડી, ઊલટી વિકસી. એ જ વર્ષે (૧૮૯૩) ખ્રિસ્તી ધર્મભાવના સાથે થયેલા એમના યોગનું બીજું મહત્ત્વનું સીમાચિહ્ન ગાંધીજી આ પ્રમાણે દર્શાવે છે: "ટૉલ્સ્ટૉયના 'વૈકુંઠ તમારા હૃદયમાં છે.'[1] એ પુસ્તકે મને ઘેર્યો. તેની છાપ મારા ઉપર બહુ ઊંડી પડી. આ પુસ્તકની સ્વતંત્ર વિચારશૈલી, તેની પ્રૌઢ નીતિ, તેના સત્ય આગળ મિ. કોટ્સે આપેલાં બધાં પુસ્તકો શુષ્ક લાગ્યાં." એ પછી થોડેક વખતે, જ્યારે એ ડર્બનમાં હતા ત્યારે, ટૉલ્સ્ટૉયનાં પુસ્તકોનું વાચન એમણે વધારી મૂક્યું. "તેનું 'નવા કરારનો સાર',[2] 'ત્યારે કરીશું શું?'[3] વગેરે પુસ્તકોએ મારા મન ઉપર ઊંડી છાપ પાડી."

આ સઘળો વખત ગાંધીજી, દક્ષિણ આફ્રિકામાં રહ્યાંરહ્યાં તેમજ હિંદ પાછા ફરીને પણ, પત્રવ્યવહારથી, વાચનથી અને અંગત મૈત્રીથી હિંદુ ધર્મનો, વિશેષ કરીને ગીતાનો અભ્યાસ સતત વધારતા જ રહ્યા હતા. તે પછી ફરી વાર છેક ૧૯૦૩ માં, ને તે ય દક્ષિણ આફ્રિકામાં જ, બીજા એક ખ્રિસ્તી લેખકના શકવર્તી પુસ્તકના પરિચયમાં એ આવ્યા તે પ્રસંગને ગાંધીજી આ પ્રમાણે વર્ણવે છે: "પોલાક તો મારી બધી વાતો જાણતા થઈ જ ગયા હતા. મને મૂકવા સ્ટેશન (જોહાનિસબર્ગ) પર આવેલા ને, 'આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય એવું છે. તે વાંચી જજો. તમને ગમશે.' એમ કહી રસ્કિનનું Unto This Last મારા હાથમાં મૂક્યું. આ પુસ્તકને લીધા પછી હું છોડી ન જ શક્યો. તેણે મને પકડી લીધો....આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઇરાદો કર્યો."

---

૧. The Kingdom of God is within you.

૨. Gospels in Brief.

૩. What then must we do?

ગાંધીજીની ધાર્મિકતાના વિકાસનાં જે મુખ્ય સીમાચિહ્નો છે, તેમાંથી ખ્રિસ્તી ધર્મભાવનાનાં કયાં તત્ત્વો વરતાય છે તેનો આપણે હવે જરાક ઝીણવટથી વિચાર કરીએ. સાથેસાથે, ખ્રિસ્તી ધર્મના જે આદેશોનો મેળ જીવનવીરોની પોતાની સૂઝ સાથે મળવાનો નથી એમ માનીને તેનાથી તેઓ ઊફરા ચાલ્યા ગયા તેનું પણ સ્વરૂપ તપાસીએ. ઈશુના 'ધર્મ'નાં બે વાનાં એમને ખૂબ ગોઠી ગયાં છેઃ એક તો ધર્માનુભવની અંતરાભિમુખતા અથવા આત્મદર્શન વિશેનો એનો આગ્રહ; અને બીજું, "પ્રેમ મૂલક સદાચાર"ની ભાવનાની સમગ્ર સામાજિક નીતિ ઉપર થતી ગંભીર ને ક્રાન્તિકર અસર. આત્મદર્શન અને આત્મશુદ્ધિની સર્વોપરિતા જેને મન વસી હોય તેને પ્રેરણા અને પ્રાયશ્ચિત્ત વિશેની યાંત્રિક કે તર્કજાળ જેવી માન્યતાઓ રુચે નહિ એ સમજી શકાય એવું છે. દક્ષિણ આફ્રિકામાંના વસવાટના શરુઆતના દિવસોમાં પણ બાહ્ય ઉપાધિઓમાં જેમનું ચિત્ત ચોંટયું હતું તેવા 'પ્લીમથ બ્રધરન' સમક્ષ આંતરિક મુક્તિનો પોતાનો આદર્શ ગાંધીજીએ રજૂ કર્યો હતો: "હું પાપના પરિણામમાંથી મુક્તિ નથી માગતો; હું તો પાપવૃત્તિમાંથી, પાપી કર્મમાંથી મુક્તિ માગું છું." ઈશ્વરનો કાયદો જો આપણે તોડીએ તો એ ક્રિન્નો લેવા ખાતર નહિ પણ શુદ્ધ કરવા ખાતર આપણને સજા કરે છે. એમાંથી ઉગારો શોધવો આપણને ન શોભે. નમ્ર ભાવે એ સજા આપણે માથે ચઢાવવી ઘટે. ઈશ્વર વિશેની આવી ઉચ્ચ ભાવનાનાં મૂળ, પોતે કદી વીસર્યા નથી એ પેલા બાળપણના અનુભવમાં જડશે. પોતે આચરેલા દોષની પિતાને જાણ કરીને તેમણે અનુભવેલું કે પિતાના પ્રેમે હૃદયને શુદ્ધ બનાવ્યું છે ને પોતાનું પાપ ધોવાઈ ગયું છે. એ જ પ્રમાણે, ઈશુખ્રિસ્ત એ જ એક ઈશ્વરનો પુત્ર છે એ માન્યતાને ગાંધીજી એક રૂપક તરીકે જ સત્ય માને છે; એટલે કે નૈતિક અને આધ્યાત્મિક અર્થમાં જ એ ઈશ્વરનો સુપુત્ર હતો, કોઈ અતિપ્રાકૃતિક અર્થમાં નહિ.

લંડનમાં ભણતા વિદ્યાર્થીને બાઈબલના ઉપદેશનો ઉત્તમાંશ ગિરિપ્રવચનમાંથી લાધેલો અને પછી પણ એ જ ક્રમ ચાલુ રહેલો. ૧૯૨૭માં કોલંબોમાં યંગમેન્સ ક્રિશ્ચન એસોસિયેશન સમક્ષ ભાષણ કરતાં એમણે કહેલુંઃ "હું સમજ્યો છું તે પ્રમાણે સમગ્રરૂપે અનશુદ્ધ એવો ઈશુનો સંદેશ ગિરિપ્રવચનમાં સમાઈ જાય છે." આવી જેની ચિત્તવૃત્તિ હોય તેને ઓગણીસમી સદીના નીતિવાદી અને માનવહિતવાદી ખ્રિસ્તી સમાજવાદીઓ સાથે—અમેરિકાના ઇમર્સન અને થૉરો, ઇંગ્લૅન્ડના કિંગ્સ્લી, કાર્લાઈલ ને રસ્કિન, અને રશિયાના ટૉલ્સ્ટૉય સાથે—બનતી રાશ આવે એ સ્વાભાવિક છે. આ સઘળા વિચારકો પોતપોતાના દેશની પરિસ્થિતિને લક્ષમાં લઈ, પોતપોતાના દૃષ્ટિકોણથી યંત્રોની ગુલામી અને ધનના સંઘરા ઉપર રચાયેલી, સ્વાર્થને જ માનવવ્યવહારના એકમાત્ર ચાલક બળ તરીકે સ્વીકારતા અર્થશાસ્ત્રનો ટેકો લેનારી ભ્રષ્ટ સભ્યતાનો સડો નીરખી રહ્યા હતા. દરેકે પોતપોતાની રીતે મનુષ્યોને જીવનનો પ્રાથમિક અગત્યનો સારો વ્યવહાર ફરી અપનાવવાનો અને રોજેરોજના નિર્વાહ કાજેની સામગ્રી જંગલો અને ખેતરોમાં શ્રમ કરીને સંપડાવવાનો બોધ કર્યો. દરેકે સાદ પાડીને સંભળાવ્યું કે પ્રકૃતિએ નિર્મેલો

સ્વાભાવિક માર્ગ જ્યાં સુધી માણુસ ગ્રહણ ન કરે ત્યાં સુધી એની મુક્તિ ને કલ્યાણની આશા નથી.

ઈમર્સન સમર્થ ચિન્તક હતો. એનો બોધ સોંસરો ઊતરી જાય તેવો હતો. તથાપિ એનાં લખાણોએ પ્રેરેલા પ્રયોગોમાં એણે જાતે કશો સક્રિય ભાગ ન લીધો. પરંતુ એનું સાટું એના યુવાન મિત્ર થૉરોએ વાળી આપ્યું. વૉલ્ડનના તળાવકાંઠે પોતાને હાથે બાંધેલા ઘરમાં થૉરો બે વર્ષ સુધી (૧૮૪૫–૪૭) એકલા રહ્યા અને ખેતરોમાં કામ કરીને પોતાનો નિર્વાહ કર્યો. તે સમયે અને તે પછીના પોતાના ટૂંકા આયુષ્યકાળ દરમ્યાન એમણે ખરેખરું સંસ્કારી જીવન ગાળવા માટે જરૂરી એવી વસ્તુઓ કેવી તો સાદી અને થોડી છે એ બતાવવાનું જ કામ કર્યું. એ લખે છે કે, "મનુષ્યની વર્તમાન અવસ્થાની ખરેખરી પ્રગતિ એટલે સભ્યતા, પરંતુ એ લાભ મેળવવા કાજે અત્યારે કેટલી બધી ખોટ વહોરવી પડે છે! કેટલો બધો ભોગ આપવો પડે છે!" એ માનતા હતા કે, "આપણે એવી જીવનરચના કરી શકીએ કે જેથી જરા પણ ગેરલાભ વેઠ્યા વિના એમાંથી પૂરેપૂરો લાભ ઉઠાવી શકાય." પોતાના એક પત્રમાં એ આ પ્રમાણે પ્રશ્ન ઉપસ્થિત કરે છેઃ "હું શા માટે આટલું સાદું જીવન ગાળી રહ્યો છું?" અને પછી ઉત્તર વાળે છે કે, "સાદાઈને ખાતર સાદાઈ અપનાવવાનો મારો હેતુ નથી, પરંતુ જે જમીનને વેડીને મેં ચોખ્ખી-ચંદન બનાવી રાખી છે, તેનો ઉપયોગ વધારે કલ્યાણકર અને વધારે ઉન્નત જીવન ગુજારવા માટે હું કરી શકું, એ એની પાછળનો હેતુ છે." આવો અપરિગ્રહ અથવા દૈવી સંપત્તિ વિકસાવવા કાજે ભૌતિક સંપત્તિનું વિસર્જન એ હિંદને માટે નવી વાત નથી. કદાચ હિંદુ તેમજ બૌદ્ધધર્મની વિચારસરણીઓથી થૉરો પરિચિત પણ હોય. તેમ છતાં ગિરિપ્રવચને તેના હૃદય પર કરેલી અસર અને આમૂલ પરિવર્તન કરાવવાની એની શક્તિનો એણે સ્પષ્ટ સ્વીકાર કર્યો છેઃ

"આટલી બધી ઓછી વંચાતી (નવા કરાર) બીજી કોઈ ચોપડી મેં ભાળી નથી. સાથે જ, આવી વિલક્ષણ, રૂઢિભંજક અને લોકોમાં અકારી થઈ પડેલી બીજી કોઈ ચોપડી નહિ હોય." તે પછી એ જિસસનાં થોડાંક ઉપદેશવચનો ટાંકે છે; જેવાં કેઃ "સૌથી પહેલાં તું ઇશ્વરનું ધામ શોધી કાઢ અને તેના પુણ્યાચરણનો પાર પામ; તે પછી જે કંઇ પામવા જેવું છે તે સઘળું તું પામીશ." "દુનિયામાં જન્મીને તારે પોતાને કાજે ધનભંડારો જમાવવાના નથી." "તારી પાસે જે કંઇ હોય તે વેચી નાખ અને ગરીબોમાં વહેંચી આપ." અને પછી ભાષ્યરૂપે થૉરો કહે છેઃ "આ દેશની એકાદ પણ વ્યાસપીઠ પરથી આમાંના એક પણ વાક્યનો સાચો અર્થબોધ કરાવો અને જુઓ કે એ વ્યાખ્યાનગૃહની એક કાંકરી પણ પછી સલામત રહે છે?"

સંત ફ્રાન્સિસની માફક મહાત્મા થૉરો પણ પ્રાણીઓને પોતાનાં નગરવાસીઓ અને બંધુજીવો ગણતા. એમને જુદાં લક્ષણો અને જુદી ઉપયોગિતા ધરાવતો એવો મનુષ્ય-યોનિનો જ એક જુદો પ્રકાર માનીને એ વર્તતા. દેહધારી જીવોની સૃષ્ટિને એક કુટુંબરૂપે કલ્પીને માનવીને અનેકમાંનો એક ભાઈ–કુટુંબી–ગણવો એ ભાવના ઈશુના પ્રેમ અને

દયામૂલક ધર્મમાંથી નીપજી તો રહે છે જ, પરંતુ દુઃખની વાત છે કે એ ભાવના જેટલી થવી જોઇએ તેટલી વ્યાપક થઇ નથી. એ પણ એક હકીકત છે કે હિંદુ ધર્મ ખ્રિસ્તી ધર્મ કરતાં ચડિયાતો છે એ નિર્ણય પર ગાંધીજી આવ્યા તેનું એક કારણ તો અન્ય જીવો પ્રત્યેની આવી સમદૃષ્ટિનો અભાવ ખ્રિસ્તી ધર્મમાં એમને વરતાયો એ જ.

૧૯૩૦ માં અમદાવાદમાં ભરાયેલા છાત્ર-સંમેલનમાં ગાંધીજીએ જ્યારે "પ્રાર્થનાનું રહસ્ય" એ વિષય ઉપર ભાષણ આપ્યું ત્યારે તે નીચે પ્રમાણે બોલ્યા હતા. "આપણે આપણા ભાઇઓની સેવા કરવાને અર્થે જન્મ લીધો છે અને જો આપણે પૂરેપૂરા જાગૃત ન હોઇએ તો એ હેતુ સિદ્ધ ન થાય." એ વાકય જાણે થોરોના "વૉલ્ડન"માંની નીચેની સુંદર કંડિકાનો જ મથિતાર્થ ન હોય એટલું બધું સામ્ય એ બેઉ વિચારોમાં છેઃ

"જ્યારે હું જાગ્રત હોઉં ને મારામાં પ્રકાશનો ઉદય થાય ત્યારે પ્રભાત પ્રગટ્યું સમજું છું. આત્મશુદ્ધિ એ ઊંઘને હાંકી કાઢવાનો ઇલાજ છે....લાખો મનુષ્યો મહેનતમજૂરી કરવા પૂરતા જાગ્રત હોય છે, પણ એ લાખોમાંથી બુદ્ધિથી વિચાર ચલાવવા જેટલો જાગ્રત એકાદ જ હોય છે; અને કાવ્યમય કે પ્રભુમય જીવન જીવવા પૂરતો જાગ્રત તો કરોડોમાંથી એકાદ મળી આવે છે. જાગવું એટલે જ જીવવું. સંપૂર્ણ જાગ્રત એવો કોઈ મનુષ્ય હજી લગી મેં જોયો નથી. મળે તો એની નજરમાં નજર મેળવવાની ય મારી હિંમત ચાલે ખરી ?"

૧૮૬૦ માં જ્યારે રસ્કિનનું 'સર્વોદય'[૧] પ્રગટ થયું ત્યારે રૂઢિચુસ્ત અંગ્રેજ સમાજ ખળભળી ઊઠ્યો હતો. એમાં સમાજ અને અર્થકારણના ક્ષેત્રની જડવાદી માન્યતાઓ ઉપર ખ્રિસ્તી ધર્મમાં આસ્થા રાખનારે કરેલા માર્મિક, સૂચક અને નિર્ભય પ્રહારો છે. 'શ્રીમંત' એટલે શું, એમ રસ્કિન પૂછે છે. શ્રીમંતાઈ એ મનુષ્યોને ધનહીન કરીને તેમના પર બેસાડેલી સત્તા નથી તો બીજું શું છે ? "જે માણસો ધનવાન બને છે તે ઘણું કરીને ઉદ્યમી, આગ્રહી, ગર્વિષ્ઠ, લોભી, અપ્રમાદી, પદ્ધતિયુક્ત, સમજુ, સ્થૂળ બુદ્ધિના લાગણીહીન અને અજ્ઞાની હોય છે....જે લોકો નિર્ધન રહે છે તે પૂરેપૂરા મૂર્ખ, પૂરેપૂરા શાણા, પ્રમાદી, પરિણામની પરવા વિનાના, વિનમ્ર, વિચારશીલ, કઢંગા ને ઓશિયાળા, ચોરી કરીને કબૂલી લેનારા, અત્યંત દયાળુ, ન્યાયી અને ધર્મપરાયણ હોય છે."

આ ઉપરાંત રસ્કિન એમ પણ સૂચવે છે, કે મોટા મોટા બૌદ્ધિક વ્યવસાયોને (વ્યાપારને અપવાદરૂપ ગણીએ તો) પ્રતિષ્ઠિત માનવામાં આવે છે તેનું કારણ એ છે, કે એવા વ્યવસાયમાં પડનાર હરકોઈ વ્યક્તિ સ્વાર્થ માટે નહિ પણ સમાજસેવાર્થે, જરૂર પડે તો જીવન પણ સમર્પી દઈને, પોતાનાં કર્તવ્યો બજાવે છે એમ સ્પષ્ટ રીતે નહિ તો ગર્ભિત રીતે સ્વીકારાયું છે. "સૈનિકે પોતાને સોંપેલી જગાએથી ખસવા કરતાં, દાક્તરે મરકી ફાટી નીકળે ત્યારે ગામ છોડીને ભાગી જવા કરતાં, પાદરીએ જૂઠાણાનો પ્રચાર કરવા કરતાં ને વકીલે અન્યાયનું સમર્થન કરવા કરતાં મરવાનું અધિક પસંદ કરવું જોઈએ. વેપારીએ—અરે,

૧. Unto This Last

પણ વેપારીને માટે મરવાનું યોગ્ય ટાણું કયું હશે જે ?....કેમકે વેપારીનો ધર્મ તો રાષ્ટ્રને નિર્વાહનાં સાધનો પૂરાં પાડવાનો છે. અને લોકોએ પણ સમજવું જોઈએ કે શહીદી કંઈ ધર્મ કે રાજકારણનો જ ઈજારો નથી. વેપારમાં પણ એ સંભવે છે. વળી વીરત્વ યુદ્ધમાં જ નહિ, વેપારમાં યે દાખવી શકાય છે.”

પછી આવે છે એનું ભવ્ય ઉદ્બોધનઃ “જીવન સિવાય અન્ય સંપત્તિ સંભવતી જ નથી—જીવન, જેમાં પ્રેમ, આનંદ અને આદરની અતલ શક્તિનો સમાવેશ થાય છે. જે જે દેશમાં ઉદાર પ્રસન્નાત્માઓ અધિકતમ સંખ્યામાં પાકે છે તે જ દેશ શ્રીમંતમાં શ્રીમંત છે.”

પોતાની આત્મકથામાં ‘સર્વોદય’નો પોતે ઘટાવેલો સંદેશો ગાંધીજી નીચે પ્રમાણે સંક્ષેપમાં રજૂ કરે છેઃ

૧. બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

૨. વકીલ તેમજ વાળંદ બન્નેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ; કેમકે આજીવિકાનો હક બધાને એકસરખો છે.

૩. સાદું મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

સમાજધર્મની રસ્કિને પ્રબોધેલી ખ્રિસ્તી ભાવનાએ ગાંધીજીના મન પર જે પ્રબળ છાપ પાડી તેની પૂર્વભૂમિકારૂપે ગાંધીજીની ધર્મભાવનાનો જે વિકાસ થયો હતો તે દર્શાવવો સહેલો છે. દક્ષિણ આફ્રિકાના છેક આરંભના દિવસોમાં પણ ઉચ્ચોચ્ચ નીતિ નહિ સ્વીકારવાને પરિણામે ધર્મને વેપારના પ્રદેશમાંથી રુખસદ મળે છે તે સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. “વેપારને ને સત્યને ન બને એમ કહેનારા વેપારી મિત્ર આજ પણ પડયા છે. તેઓ વેપારને વ્યવહાર કહે છે, સત્યને ધર્મ કહે છે અને દલીલ કરે છે કે વ્યવહાર એક વસ્તુ છે, ધર્મ બીજી.” તે પછી તરત પોતાના જ વ્યવસાય પરત્વે એ રસ્કિનવાદી મંતવ્ય પ્રગટ કરે છેઃ “વકીલનું કર્તવ્ય પક્ષકારોની વચ્ચે પડેલી તૂટ સાંધવાનું છે.”

થોડેક મહિને “ત્યારે કરીશું શું?” વાંચ્યા પછી (મઝાની વાત એ છે કે હૃદયને સ્પર્શવાની એ પુસ્તકની ભરપૂર શક્તિ છતાં તે સમયે એ ગાંધીજીને કર્તવ્યપંથે દોરી ન જઈ શક્યું. એ માર્ગે જવાની હાકલ તો દશ વર્ષ પછી રસ્કિનના પુસ્તકે જ પાડી.) સાદું અને સ્વાવલંબી જીવન ગુજારવાનો પ્રયોગ કરતાં આરંભમાં પોતાનો કૉલર પોતે ધોયો હતો ને વાળ પણ હાથે કાપ્યા હતા—એ પ્રસંગોને ગાંધીજી રમૂજથી વર્ણવે છે. “વીમો ઉતરાવવામાં કંઈક ભીરુતા ને ઇશ્વરને વિશે અવિશ્વાસ છે” એવા નિર્ણય પર આવીને ભવિષ્યને નિશ્ચિન્ત કરવાને ઉતરાવેલી વીમાની પૉલીસી એ રદ થવા દે છે. ભગવદ્ગીતાના ઉપદેશમાંથી અપરિગ્રહનો સિદ્ધાન્ત એમના ચિત્તનો કબજો લે છે.

આવી રીતે વર્ષોના અનુભવ અને મનનને પરિણામે વિકસેલા અને ટૉલ્સ્ટૉયે પ્રકાશિત કરેલ ગિરિપ્રવચનના રહસ્યથી ઘેરા રંગાયેલા ગાંધીજીના ચિત્તમાં Unto This Last નો પ્રકાશ પડયો તે જાણે સુરંગમાં પલીતો ચાંપ્યો હોય એવો બનાવ હતો. “પુસ્તકમાં

સૂચવેલા વિચારોને અમલમાં મૂકવાનો ઇરાદો કર્યો" તે કંઈ ઇરાદો જ ન રહ્યો, પરંતુ પ્રચંડ વેગથી કાર્યમાં મૂર્ત સુધ્ધાં થયો. પરિણામે "ઇન્ડિયન ઓપીનિયન" પ્રેસ ડર્બનથી ખસેડી ફિનિક્સ લઈ જવામાં આવ્યું અને ત્યાં આશ્રમની પણ સ્થાપના થઈ. જીવનને સાદું બનાવવાના પ્રયોગ વેગથી થવા લાગ્યા અને "ગરીબોની કાંધેથી ઊતરી જાઓ" એ ટૉલ્સ્ટૉયની હાકલના ઉત્તરમાં જાતમહેનતથી નિર્વાહ કરવાનું રાખીને તેમજ પગાર આપીને માણસોને ગુલામ બનાવવાની પ્રથાનો ત્યાગ કરીને રસ્કિનના સિદ્ધાંતોમાં બળ પૂર્યું. ટૉલ્સ્ટૉય ફાર્મ એ ફિનિક્સ આશ્રમનું સ્વાભાવિક પરિણામ હતું. પાછળથી ચરખાનો મંત્ર પણ એની જ પ્રેરણાથી લાધ્યો.

પણ ગાંધીજીના વિચારજીવનમાં ટૉલ્સ્ટૉયનું જે મહત્ત્વ છે તે સાદા જીવનના અને જાતમહેનતના રસ્કિનવાદી સિદ્ધાન્તોનું સમર્થન કરનાર કરતાં વિશેષ તો ગિરિપ્રવચનમાં સમાતી સાચી ખ્રિસ્તી નીતિભાવનાના ઉપદેશક તરીકેનું છે. "વૈકુંઠ તમારા હૃદયમાં છે" એ પુસ્તકનો મુખ્ય વિષય આ જ છે. ૧૮૯૧ માં પ્રસિદ્ધ થયેલા એ પુસ્તકમાં એકલા યુદ્ધને જ નહિ પરંતુ હિંસાનાં સઘળાં સ્વરૂપોને આકરામાં આકરા શબ્દોથી વખોડી કાઢવામાં આવ્યાં છે. ટૉલ્સ્ટૉયે એમાં જાહેર કર્યું છે કે, "જે રાજસત્તા પશુબળનો ઉપયોગ કરે તે અનીતિના પાયા પર રચાયેલી હોય છે, અને ગરીબવર્ગને ભોગે શ્રીમંતો ને બળિયાઓના લાભમાં ટકી રહી હોય છે." ટૉલ્સ્ટૉય આગ્રહપૂર્વક કહે છે કે આવી રાજસત્તાઓનો બહિષ્કાર કરવો, કોઈ પણ બાબતમાં તેમને મદદ ન કરવી અને તેમની સાથે સંપૂર્ણ અસહકાર (જોકે આ શબ્દ તેમણે વાપર્યો નથી.) કરવો એ આપણો ધર્મ થઈ પડે છે.

આ તો નિષેધાત્મક પ્રવૃત્તિની વાત થઈ. ભાવાત્મક દૃષ્ટિએ વિચારતાં ટૉલ્સ્ટૉયને ખ્રિસ્તી ધર્મભાવનાના અર્કરૂપ, જિસસે બોધેલી જીવનપદ્ધતિરૂપ "પરમ શાન્તિના પાંચ આદેશો" સૂઝે છે. એ ગિરિપ્રવચનનો જ સાર છે એમ એમનું માનવું છે:

૧. સૌની સાથે હળીમળીને રહો, માણસ ગમે તે પાયરીનો હોય તો પણ તેની પ્રત્યે આદરથી વર્તો અને કોઈની ઉપર ક્રોધ ન કરો.
૨. દરેક પુરુષ એક જ પત્ની કરે, ને દરેક સ્ત્રી એક જ પતિ કરે. છૂટાછેડા ને પાપાચારને તિલાંજલિ આપો.
૩. શપથ લેવાનું માંડી વાળો. સોગંદવિધિનો ત્યાગ કરો.
૪. પ્રતિકાર કર્યા વિના, વેર લેવાનો વિચાર કર્યા વિના કે ઘાટ ઘડ્યા વિના અન્યાયને સહી લો.
૫. રાષ્ટ્ર—રાષ્ટ્ર કે પ્રજા—પ્રજાના ભેદભાવને ગણકાર્યા વિના મનુષ્યમાત્ર પ્રત્યે એકસરખો પ્રેમ રાખો; સૌનું એકસરખું કલ્યાણ કરો.

આ આદેશોના અર્થનો વિસ્તાર કરી તેમનું મહત્ત્વ દર્શાવવાની અહીં કશી જરૂર નથી; કેમકે યૌવનને આરંભે જ ગાંધીજી આ ભાવનાના નિકટ પરિચયમાં આવ્યા હતા. એ અવસ્થામાં ગાંધીજીની તેજસ્વી મેધા પછીના દિવસોને મુકાબલે સહેજ ઊતરતા

પ્રમાણમાં પણ આ પ્રશ્નનો તાગ લેવા મથી રહી હતી: કોઈ પણ રાજ્ય ન્યાયપૂર્ણ રીતે શાસન કરે તે માટે અધિકાર વિશેની ભાવના કેવી હોવી જોઈએ અને કેવી પરિસ્થિતિ એ માટે પ્રગટાવવી જોઇએ? એ પછી તો આ પ્રશ્ન હમેશાં એમની જાહેર પ્રવૃત્તિઓની પીઠિકારૂપે રહ્યો છે.

અપરિગ્રહ અને અપ્રતિકાર, સાદાઈ અને જાતમહેનત—એટલાં વાનાં ગિરિપ્રવચનને સદાચારી જીવનના ધોરણ તરીકે ગંભીરતાથી ઘટાવવા માગતા સમાજનાં લક્ષણો છે, એમ ખ્રિસ્તી ધર્મચિન્તકો અને ગાંધીજી પણ માને છે. ઈશુએ ઉપદેશેલા પ્રેમભાવમાંથી પણ આ જ ફલિત થઈ રહે છે. આ પ્રેમ તે કંઈ પોચા વેવલાવેડા નથી, પરંતુ દિવ્ય પિતાનાં સઘળાં સંતાનો પ્રત્યેનો—આપણા સમાજનાં દરિદ્ર, પામર અને પતિત પ્રત્યેનો તો ખરો જ, પણ 'શત્રુ' પ્રત્યેનો સુદ્ધાં એવો—કાર્યમાં પરિણત થતો શિવસંકલ્પ છે.

આપણે હમણાં વિચારી ગયા તે ભ્રાતૃભાવનાં મૂળ જેમાં રહેલાં છે તે ખ્રિસ્તી ધર્માનુભવના સૂક્ષ્મતર સ્વરૂપનો હવે આપણે વિચાર કરીએ. એ છે અંતરમાં થતી ઈશ્વરના પ્રેમની પ્રતીતિ.

પહેલેથી જ ગાંધીજીને સાફ સમજાઈ ગયેલું કે સાચો ધર્મ કંઈ શાસ્ત્રજ્ઞાનમાં કે અમુક સંપ્રદાયનો બુદ્ધિથી સ્વીકાર કરવામાં કે ધાર્મિક કર્મકાંડના ઝીણવટભર્યા પાલનમાં આવી જતો નથી; એ તો સત્ય—જે પોતે જ ઈશ્વર છે—ને પોતાનું જીવન સમર્પી દેવામાં, એની કૃપાનો સંપૂર્ણ વિશ્વાસ રાખવામાં અને એની ઇચ્છાનું પાલન કરવામાં રહેલો છે. ઈશુ બોધ કરતા કે સઘળાં શાસ્ત્રો અને સઘળા પેગંબરોને જે કંઈ કહેવાનું છે તેનો સાર આ બે મહાન આદેશોમાં આવી જાય છે: (૧) "ઈશ્વરને, તારા સ્વામીને, તારામાં હોય તેટલી શક્તિથી, બુદ્ધિથી ને હૃદયથી ચાહજે;" (૨) અને, "તારા પંડને ચાહે તેમ તારા પાડોશીને ચાહજે."

જેને સર્વાત્મભાવે કરેલું સમર્પણ જ ખપે છે એવા આ સત્યમય ઈશ્વરને ગાંધીજી વિશ્વાધાર અને **एकमेवाद्वितीयम** એવો પરમપદાર્થ માને છે. "હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું. એ એક જ સત્ય છે, અને બીજું બધું મિથ્યા છે." વળી કહે છે: "આ સત્ય તે સ્થૂલ–વાચાનું–સત્ય નહિ. આ તો જેમ વાચાનું તેમ વિચારનું પણ ખરું. આ સત્ય તે આપણે કલ્પેલું સત્ય જ નહિ, પણ સ્વતંત્ર ચિરસ્થાયી સત્ય; એટલે કે પરમેશ્વર જ." પણ આમ કહીને ગાંધીજી એમ નથી મનાવતા કે એ પરમપદાર્થની ઝાંખી સુદ્ધાં થઈ શકે એમ નથી. ઊલટું, એ તો એમ માને છે કે એની ઝાંખી કરવી એ જ માનવજીવનનું મુખ્ય ધ્યેય, એની શોધ ચલાવવી એ જ એનો મુખ્ય વ્યવસાય. એ લખે છે કે, "માનવી એની અપૂર્ણ દશામાં સત્યમય ને પ્રેમમય એવા ઈશ્વરનો પૂરેપૂરો પાર કદી નહિ પામી શકે, કેમકે ઈશ્વર તો અનંત છે; તેમ છતાં આપણા જીવનને યોગ્ય માર્ગે વાળવા પૂરતું એ અંતર્યામીને આપણે અવશ્ય પિછાનીએ છીએ." 'આત્મકથા'ની પ્રસ્તાવનામાં વળી એ લખે છે: "એ સત્ય મને જડયું નથી, પણ એનો હું શોધક છું." આગળ ચાલતાં એ કહે છે: "પણ એ સત્યનો હું સાક્ષાત્કાર ન કરું ત્યાં લગી મારો

અંતરાત્મા જેને સત્ય ગણે છે તે કાલ્પનિક સત્યને મારો આધાર ગણી, મારી દીવાદાંડી ગણી, તેને આશ્રયે મારું જીવન હું વ્યતીત કરું છું." આમ, નિરપેક્ષ એવા પરમ સત્યની ઝાંખી ન થાય ત્યાં સુધી આપણને સૂઝેલા સાપેક્ષ સત્યને આધારે પ્રગતિ સાધવાની છે.

અકળ એવી ઈશ્વરની આ ગૂઢતા ને ભવ્યતા વિશેનો અહોભાવ તે સઘળી ઉન્નત ખ્રિસ્તી ધર્મભાવનાનું પ્રાણરૂપ તત્ત્વ છે. એ જો કાઢી લેવામાં આવે, તો ઈશુખ્રિસ્તે પિતા તરીકેનું ઈશ્વરનું જે મહિમાગાન કર્યું છે તેનાં ગૌરવ અને અપૂર્વતા ઓસરી જાય, અને ઈશ્વરમાં માનવધર્મારોપનો ભય પ્રત્યક્ષ થાય. એ જ રીતે, ખ્રિસ્તી ધર્માનુયાયી પણ એમ જ માને છે કે, આ પરમપદાર્થ નિજરૂપનો એટલો અંશ વ્યક્ત કરે છે, જે આપણા જીવનને યોગ્ય માર્ગે વાળવાને પૂરતો થઈ પડે. આમ સાચી ખ્રિસ્તી ધર્મભાવના ઈશ્વરસાક્ષાત્કારના વિષયમાં બુદ્ધિ અને હૃદયને ઉતારી પાડતી નથી. ઈશુ તો ઈશ્વરને સર્વાત્મભાવે ચાહવાનું અને સત્યનો પાર પામવાને બુદ્ધિનો ઉપયોગ કરવાનું ઉપદેશે છે. એથી જ ટૉલ્સ્ટૉય પોતાના "બુદ્ધિ અને ધર્મ"[1] (૧૮૯૪) નામના પુસ્તકમાં એમ સ્થાપિત કરે છે કે બુદ્ધિનો ઉપયોગ કરીએ તો જ સત્ય દ્વારા આપણો ચિત્તવિકાસ થાય. એની પૂર્તિરૂપે એક પત્રમાં એ જણાવે છે કે, "મનુષ્યમાત્રનું એક મુખ્ય ને પવિત્ર કર્તવ્ય એ છે કે એને લાધ્યાં હોય એવાં સઘળાં ધાર્મિક સત્યોને એ વિશુદ્ધ ને વિશદ રૂપ આપે."

ખ્રિસ્તી ધર્મપરંપરા અને ગાંધીજીની ધર્મભાવના બન્નેમાં આ એક વિરોધાભાસ (અનુભવનો વિરોધાભાસ) વરતાય છે, કે ઈશ્વર આમ જોકે અનંત અને સર્વાતીત છે, છતાં, "આપણા હાથપગ કરતાં, અરે, આપણા શ્વાસોચ્છ્વાસ કરતાં યે આપણી વિશેષ સમીપ છે." ગાંધીજી લખે છે: "એ આપણામાં છે ને તો ય આપણાથી ઊંચે ને આઘે છે." વળી લખે છે: "ઈશ્વર કંઈ કાબા કે કાશીમાં નથી. એ તો આપણ સૌમાં વસે છે." અને, "જો આપણે વિષયોમાંથી મનને પાછું વાળીએ તો ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકીએ. અહોરાત આપણા હૃદયમાં એનું દિવ્ય સંગીત ચાલી રહ્યું હોય છે." અંતર્ગુહામાં પેસીને એકાગ્રચિત્તે બેઠેલાને ઈશ્વર બોલતો સંભળાશે, એમ પણ એ કહે છે. "આપણા અંતરમાં વસીને જે નિરંતર આપણને કંઇક કહી રહ્યો હોય છે, તેનો પ્રશાન્ત ક્ષીણ સ્વર સાંભળવાને આપણે શક્તિમાન થઇએ એ જ મૌનનું રહસ્ય છે." પણ રખેને એમના આ ઉદ્ગારોમાંથી સાંભળનારા એવો અર્થ કાઢે કે પ્રાર્થના સ્વયંસૂચન કે અંતઃપ્રેરણા માટેની તાલીમ છે એ બીકે ગાંધીજી કહે છે: "કોઈ એમ આક્ષેપ કરે કે હું કોઈ બહારની શક્તિની પ્રાર્થના કરી રહ્યો છું તો હું વાંધો ન ઉઠાવું. હું અનંત ઈશ્વરનો જ એક અંશ છું, પણ અણુથી યે નાનો હોવાથી મને એમ જ લાગે છે કે એ મારાથી પર છે." આપણા અંતર્વાસીનો આવો સાક્ષાત્કાર તે કોઈ એક ધર્મનો ઇજારો નથી; એ તો સર્વત્ર વસતા એના સંતોનો લહાવો છે. આ સાક્ષાત્કારને જ ખ્રિસ્તીઓ પવિત્ર આત્માની સાચી દોરવણી અને ઉપસ્થિતિ કહે છે.

---

૧. Reason and Religion.

ખ્રિસ્તી ધર્મની નિરનિરાળી શાખાઓમાંથી (ખ્રિસ્તી ધર્મનું પાલન કરતી વ્યક્તિઓથી વિશિષ્ટ એવા અર્થમાં) જો કોઈની પણ સાથે ગાંધીજીને નિકટમાં નિકટ ધર્મસંબંધ હોય, તો તે મિત્રસમાજ (Society of Friends) અથવા ક્વેકરો સાથે છે. પોતાની સમૂહપ્રાર્થનામાં ક્વેકરો પ્રાર્થનાની કોઈ પૂર્વનિયત વિધિને અનુસરતા નથી, પરંતુ અંતરાત્મા તત્ક્ષણ જે સુઝાડે તેનો જ આધાર લે છે. છેક છેલ્લી વખત ગાંધીજી ઇંગ્લૅંડ ગયા ત્યારે ક્વેકરોની ઉપાસનામાં એક કરતાં વધારે વાર એમણે ભાગ લીધેલો. ગાંધીજીની જેમ ક્વેકરો પણ આત્મદર્શન માટે આંતરબાહ્ય સંપૂર્ણ શાન્તિને આવશ્યક સમજે છે અને એ પ્રાપ્ત કરવા મથે છે.

પરમાત્માના દર્શનને અને આત્મશુદ્ધિ તેમજ ઈશ્વરાજ્ઞાના પાલનને ગાઢ—જીવાતુભૂત સંબંધ રહેલો છે, એમ ખ્રિસ્તી ધર્મપરંપરા અને ગાંધીજી બન્ને ભાર દઈદઈને જણાવે છે, એ બન્નેના દૃષ્ટિબિંદુનું બીજું મળતાપણું છે. જિસસે ઉચ્ચારેલું: "જેમનાં હૃદય નિર્મળ છે તેઓ ધન્ય છે, કેમકે તેઓ ઈશ્વરનાં દર્શન કરશે." અને ગાંધીજીએ કહેલું: "જો હું જાનને જોખમે પણ દુર્વૃત્તિઓ સામે ઝૂઝું નહિ તો ઈશ્વરને કદી ન પામી શકું. જેમજેમ હું શુદ્ધ થતો જાઉં છું, તેમતેમ એની સમીપ ગયાનો હું અનુભવ કરું છું." વળી એક સ્થળે કહે છે: "ઈશ્વરના તેજોમય સિંહાસનની સમીપ અશુદ્ધ હૃદય લઈને કોઈ પણ સ્ત્રી કે પુરુષ જઈ શકે નહિ." આજ્ઞાધીનતા વિશે જિસસ સખત શબ્દોમાં ચેતવણી આપે છે: "જેમને 'પ્રભુ' 'પ્રભુ' કહીને સંબોધી રહ્યા છે તે બધાને કંઈ વૈકુંઠમાં (ઈશ્વરના સાન્નિધ્યમાં) પ્રવેશવા દેવાના નથી. જે મારા દિવ્ય પિતાની ઇચ્છાને અનુસરશે તેમને જ માત્ર પ્રવેશ મળશે." આ શબ્દો ટાંકીને, એનો તત્ત્વાર્થ ગ્રહીને ગાંધીજી પોતાના અનુયાયીઓને ઉદ્દેશીને કહે છે: "દીનદુખિયાં ને નિરાધારની સેવા એ જ ધર્મ છે." આ સેવાપરાયણતા જ હૃદયને પ્રાર્થનાથી ભરી મૂકે છે, અને, "ઈશ્વર પણ એનું આસન પોતાના માનવબંધુઓની સેવા કરનારના હૃદયમાં જ માંડે છે."

જિસસ અને ગાંધીજી બન્ને જોકે આત્મશુદ્ધિ અને આજ્ઞાધીનતાને ધર્મનાં મૂળભૂત તત્ત્વો માને છે, તોપણ કોઈ એમાંથી અવળો અર્થ કાઢે, ને નીતિનિયમના બાહ્યાચાર તેમજ સૌની નજરે ચડે તેવી અને જેને વિશે ગર્વ ધરી શકાય તેવી આડંબરી 'સેવાપ્રવૃત્તિ'ને પોતાના 'ધર્મ'નાં મહત્ત્વનાં અંગોમાં ખપાવે, એ ભયસ્થાન પણ એમની ધ્યાનબહાર નથી. એટલે જિસસે પોતાના ઉપદેશો દ્વારા અને ગાંધીજીએ પોતાનાં લખાણો દ્વારા અહંકાર કે આત્મવંચનાનો જેમાં પડછાયો સુધ્ધાં ન હોય એવી આત્મવિલોપનયુક્ત ભક્તિનો અસંદિગ્ધ રીતે બોધ કર્યો છે. જિસસે કહ્યું છે: "ઘઉંનો દાણો જ્યાં સુધી જમીન પર પડીને જમીનમાં ગળી ન જાય ત્યાં સુધી એ એકલો દાણો જ રહે છે; પણ જો એ જમીનમાં ગળી ગયો, તો એ એકમાંથી અનેક દાણા ફૂટે છે." વળી, "જે જાન બચાવવા માગશે, તે જ એને ગુમાવશે; પણ જે મારે કાજે ને ઈશ્વરના સુબોધને કાજે પોતાનો જાન આપી દેશે, તે શાશ્વતકાળપર્યંત અજરામર રહેશે." ગાંધીજીનાં લખાણોમાં પણ આવો જ આત્મવિલોપન પ્રત્યેનો ઝોક છે. "વિનમ્રતા વિનાની સેવા તે બીજું કંઈ નહિ પણ સ્વાર્થ અને અહંકાર જ

છે.” વળી, “પામવા યોગ્ય એવી જે એકમાત્ર મુક્તિ છે, તેના મૂલ્ય તરીકે ઈશ્વર આપણી કનેથી સંપૂર્ણ આત્મસમર્પણ માગે છે. આવી રીતે જ્યારે મનુષ્ય પોતે પોતાનો લોપ થવા દે, કે તરત જ એને પ્રાણીમાત્રની સેવા કરવાનો ધર્મ સૂઝી રહે છે.” અને, “જ્યાં સુધી તમે તમારી જાતને શૂન્યવત્ ગણો નહિ ત્યાં સુધી ઈશ્વર કે પ્રાર્થનાનો અર્થ તમે સમજવાના નથી.”

ખ્રિસ્તી ધર્મવિચાર સાથે પુષ્કળ મળતું આવતું ગાંધીજીના ધર્મવિચારનું એક આગ્રહી તત્ત્વ તે ભૌતિક જગત, શરીરધર્મ અને તપશ્ચર્યા વિશેનું તેમનું દૃષ્ટિબિંદુ છે. વારંવાર એ ઈશ્વરને વિશે ‘કર્તા’ (પ્રાચીન ખ્રિસ્તી સંપ્રદાય કહે છે તેમ ‘સ્વર્ગ અને પૃથ્વીનો સરજનહાર’) શબ્દનો પ્રયોગ કરે છે અને એમ કરીને આ ભૌતિક જગતને અને આપણા માનવદેહને સારી વસ્તુઓ તરીકે ઘટાવે છે; કેમકે એ પણ ઈશ્વરની જ કૃતિ છે. શરીરને એ ઈશ્વરનું મંદિર કહે છે, તે પણ ખ્રિસ્તી શબ્દપ્રયોગ છે. એ કહે છે કે બ્રહ્મચારી જમે તે તો “શરીરરૂપી તીર્થક્ષેત્રને નભાવવા પૂરતું દેહને ભાડું આપવા” જ. એમની સંયમ અને તપશ્ચર્યા વિષેની ભાવના ભૌતિક પદાર્થોના પાવિત્ર્યની તેમની દૃષ્ટિ સાથે કોઈ રીતે અસંગત નથી. શ્રદ્ધા, ભક્તિ અને નમ્રતા વિહોણા તપ અથવા દેહદમનને એમણે જ્યારે હોય ત્યારે મિથ્યા કષ્ટ અને દંભ કહીને વખોડી કાઢયું છે. એ કહે છેઃ “મેલું મન ઉપવાસથી શુદ્ધ થતું નથી.” સાચો ઉપવાસ તો આત્માની પરમાત્મામાં લીન થઈ જવાની તીવ્ર ઝંખનાનો, એને જ સર્વોપરી માનવાની તીક્ષ્ણ વૃત્તિનો એક સ્વાભાવિક ભૌતિક સંકેત અથવા ધાર્મિક વિધિ છે.

ગાંધીજીની ધર્મભાવના અને ખ્રિસ્તી ધર્મભાવનામાં રહેલાં સમાન તત્ત્વોનો ઉપર જે ઉલ્લેખ થયો છે, એમાં તુલના કાજે સમસ્ત ખ્રિસ્તી સંપ્રદાયની શ્રેષ્ઠ અને પ્રતિનિધિરૂપ ધર્મદૃષ્ટિને—ખ્રિસ્તી સંતો અને મહાત્માઓની ધર્મદૃષ્ટિને—લક્ષમાં લીધી છે, અને એનાં સ્ખલનો તેમજ ભ્રાન્તિજન્ય આગ્રહો પ્રત્યે દુર્લક્ષ કર્યું છે. ખ્રિસ્તી ધર્મભાવનાનો મુખ્ય પ્રવાહ અને ગાંધીજીની ધર્મભાવના વચ્ચે જે ભેદ છે તે, એક જ અપવાદ બાદ કરીએ તો, મૌલિક દૃષ્ટિભેદ નહિ, કિન્તુ અમુકઅમુક તત્ત્વો પરત્વેના આગ્રહોનો જ ભેદ છે. આ આગ્રહભેદના એક દૃષ્ટાન્ત તરીકે પાપનો એકરાર કરી તેમાંથી મુક્ત થવા વિશેની જે ભાવના પ્રાર્થના તેમજ નીતિમાં છે, તેને ટાંકી શકાય; જોકે, આ વિશે પણ જે નિરનિરાળી ખ્રિસ્તી માન્યતાઓ છે તેમાંથી ક્વેકરોની માન્યતા ગાંધીજીના દૃષ્ટિબિન્દુ સાથે વિશેષ મળતી આવે છે. ઊંડો ને તાત્ત્વિક દૃષ્ટિભેદ તો કદાચ ઈશ્વરની કલ્પના વિશે છે. જિસસે જેનું રહસ્ય સમજાવ્યું હતું તે “આપણા પિતા” એ શબ્દો ખ્રિસ્તીઓને મન ઈશ્વરના સર્વોચ્ચ અને પવિત્રતમ વ્યક્તિત્વના વાચક છે. કલ્પનાતીત એવા એ પરમપદાર્થના સ્વરૂપનો કંઈક તાગ લેવા માટે આપણી મર્યાદિત બુદ્ધિ ખપમાં લઈ શકે એવું ઓછામાં ઓછું અયથાર્થ જો કોઈ નામરૂપ હોય તો તે, તે છે. તદુપરાંત ખ્રિસ્તીઓ જિસસને પોતાને, સંપૂર્ણ પ્રેમમય એવા એના જીવનને ઈશ્વરના પિતૃત્વના રહસ્યનું જગતમાં થયેલું પ્રકટીકરણ માને છે. અદૃશ્ય ઈશ્વરના મહિમાનું દૃશ્ય રૂપ માને છે. આની તુલનામાં ગાંધીજીનો ઈશ્વર

વધારે અપૌરુષેય છે. એમણે કહ્યું છે: "હું ઈશ્વરને કોઈ પુરુષવિશેષ માનતો નથી.... મારે મન તો સત્ય એ જ પરમેશ્વર છે." તેમ વળી, ઈશુના જીવન દ્વારા વ્યક્ત થતા ઈશ્વરત્વમાં એમને કશું અસાધારણ પણ નથી લાગ્યું. "ઈશુને એક ત્યાગી, મહાત્મા, દૈવી શિક્ષક તરીકે હું સ્વીકારી શકતો હતો, પણ તેને અદ્વિતીય પુરુષરૂપે નહોતો સ્વીકારી શકતો. ઈશુના મૃત્યુથી જગતને ભારે દૃષ્ટાન્ત મળ્યું, પણ તેના મૃત્યુમાં કંઈ ગુહ્ય ચમત્કારી અસર હતી એમ મારું હૃદય સ્વીકારી નહોતું શકતું." છતાં એમણે જાહેર કર્યું છે: "જેઓને હાજરાહજૂર ઈશ્વર જોઈએ તેમને મન ઈશ્વર પુરુષરૂપ છે. જેમને એનો સ્પર્શ જોઈએ તેમને મન એ શરીરધારી છે. જેને જેવો જોઈએ તેવો એ છે." હવે આ દૃષ્ટિભેદ ઘણાને લાગ્યો છે તે પ્રમાણે તાત્ત્વિક છે કે કેમ, એ વિશે પણ મતભેદ સંભવે છે.

અંતમાં, ગાંધીજીએ પોતાની ધર્મશ્રદ્ધા વિશે જે સુંદરમાં સુંદર ઉદ્ગારો કાઢ્યા છે તેમાંથી એકને અહીં ટાંકીને આ લેખને સમાપ્ત કરીશું:

"મેં કરેલાં અગણિત પાપોની ખુલ્લે દિલે મેં કબૂલાત આપી છે. પરંતુ એમનો ભાર ઊચકીને હું ફરતો નથી. મને લાગે છે તેમ, જો હું પ્રતિક્ષણે ઈશ્વરની સમીપ જઈ રહ્યો હોઉં, તો ચિન્તા કરવાનું મારે કારણ નથી. એની નિકટ વસીને એનો પ્રકાશ ને હૂંફ હું પ્રતિક્ષણે અનુભવું છું. મારાં વ્રતો, ઉપવાસો ને પ્રાર્થનાઓ મને તારશે એમ માનીને એમના પર જ બધું નાખી દઉં, તો એથી મારો કશો અર્થ સરે નહિ એ હું જાણું છું. પરંતુ પોતાના સરજનહારના ખોળામાં થાકેલું મસ્તક મેલીને નિર્ભયપણે સૂવાની આત્માની ઝંખનારૂપે એ સર્વ થતું હોય, તો એમની કિંમતનો કંઈ પાર રહેતો નથી."





A. I. C. C., AUGUST 8, 1942 — *by BABU HERUR*

હિંદી ક્રાન્તિ

લેખક : હુમાયું કબીર

હિંદમાં કદાચ એવું કોઈ નથી જેણે મોહનદાસ કરમચંદ ગાંધીનું નામ ન સાંભળ્યું હોય. હિંદ બહાર પણ ભાગ્યે એવી અરધોએક ડઝન વ્યક્તિઓ મળશે જે આટલી સુપ્રસિદ્ધ હોય. હિટલર અને સ્ટાલિન, રૂઝવેલ્ટ અને ચર્ચિલની માફક ગાંધીનું નામ આંતરરાષ્ટ્રીય ભાષાના ચલણમાં પ્રવેશી ચૂકયું છે. જગતના સાંપ્રત ઇતિહાસમાં એક પરાધીન દેશના વતનીએ આવો દરજ્જો તથા પ્રતિષ્ઠા કદાચ કદી નહિ મેળવ્યાં હોય. માત્ર એક મહાન રાજકારણી પુરુષ કે રાજદ્વારી નેતા જ નહિ, પરંતુ માનવજાત માટે નવસંદેશ સાથેના એક વિચારનેતા તરીકે તેમને માનનારા લોકો પણ છે. ખ્રિસ્તી સિદ્ધાંતોએ આધુનિક યુરોપિયન સંસ્કૃતિનો પાયો રચ્યો છે. પશ્ચિમવાસીઓ હજુ એ એકરાર કરે છે, કે આધુનિક જગતની અન્ય કોઈ પણ વ્યક્તિ કરતાં પૂર્વના આ અર્ધનગ્ન ફકીરનાં જીવન અને વર્તન તેમને વધુ સંપૂર્ણ રીતે ઉદાહરણરૂપ બન્યાં છે. એક બાજુએ આપણે રાજકારણી પુરુષ તથા વિચારનેતા તરીકે ગાંધીનો વિપુલ પ્રભાવ જોઇએ છીએ, બીજી બાજુ વર્તમાન હિંદના ભૌતિક સમૃદ્ધિ તથા આધ્યાત્મિક સ્રોતોમાં અકથ્ય કંગાલિયત નિહાળીએ છીએ. બંને વચ્ચેની અસમાનતા જબરી છે, અને સ્વાભાવિક જ, આવો યોગાનુયોગ થવા જ કેમ પામ્યો એવા પ્રશ્ન ઉપસ્થિત કરે છે.

આ સવાલ એક બીજો પ્રશ્ન જન્માવે છે. ગાંધીના સામર્થ્યનું રહસ્ય શું? એમના પ્રશંસકોમાં એવા પણ લોકો છે, જે ધારે છે કે, ગાંધીનાં સત્તા તથા પ્રભાવશીલતા પૃથક્કરણને હંફાવે તેવા આધ્યાત્મિક અને અલૌકિક સ્રોતમાંથી નિષ્પન્ન થયાં છે. છતાં, આને ભાગ્યે જ જવાબરૂપ ગણી શકાય; કારણ, એમની સત્તાનો સ્રોત ચાહે તે રહ્યો હોય પરંતુ તેનો વ્યવહાર તો પાર્થિવ ભૂમિકા તથા કુદરતી ઘટનાઓ પર જ થવા પામે છે. માનવપીઠિકા અને કાર્યક્ષેત્ર વિના અલૌકિક શક્તિઓ સુદ્ધાંના આવિર્ભાવને કશો અવકાશ નથી રહેતો. કેવળ શૂન્ય એ અબાધિત સત્તાનું પણ શૂન્ય રહે. એટલા માટે ગાંધીનાં સત્તા અને પ્રભાવ માનવપર્યાયમાં જ સમજાવવાં જોઇએ છે. હિંદના ભૂખ્યા, નાગા અને અભણ લોકો સાથેની એકાત્મભાવના એ જ ગાંધીની સત્તાનું રહસ્ય છે. એમની ક્રિયાશક્તિ તથા લોકોની નિષ્ક્રિયતા વચ્ચેનો વિરોધ પહેલાં તો આપણને મૂંઝવણમાં નાખે તેમ હોવા છતાં, એ જ એમનાં પ્રભાવ તથા સત્તાના રહસ્યને સમજવાની ચાવીની ગરજ સારે છે.

આ મુદ્દાનું વધુ સ્પષ્ટીકરણ થવું જોઇએ છે. વિશાળ માનવમહાસાગરરૂપ હિંદમાં આપણને જીવનનું ભાગ્યે જ કશું સ્પંદન જણાય છે. મૃત્યુની શાંતિ સદૃશ ઊંડી નિઃસ્તબ્ધતાનું શાસન સર્વત્ર પ્રવર્તે છે. પ્રગતિની કશી તીવ્ર ઉત્કંઠાને બદલે કશાં દમન કે યાતના પણ

ભાગ્યે ક્ષુબ્ધ કરી શકે એવી નિષ્ક્રિયતા વર્તાય છે. બંડ કે ક્રાન્તિનાં ઓછાં જ ચિહ્નો લોકો દર્શાવે છે. એથી ઊલટું, સદીઓ થયાં પરાજય તથા વિફળતા તેમનામાં નિરાશા તથા નિર્વેદનો મનોભાવ પ્રેરતાં આવ્યાં છે. સામુદાયિક ઘર્ષણ કે ઝઘડા એટલા માટે જ હિંદના ઇતિહાસનું કદીયે સર્વસામાન્ય લક્ષણ નથી બન્યાં. તવારીખ આપણને જમાના થયાં ખિન્ન છતાં ખામોશ શરણાગતિ જ કથતી રહી છે. માનવપ્રયત્નના મિથ્યાત્વની આપણી ભાવનાએ કાર્યાભાવ અને નિષ્ક્રિયતાના સમર્થનની ગરજ સારી છે. એને લઈને હિંદનો જનસમુદાય શાંત અને નિષ્ક્રિય છે, પરંતુ વિફળતા અને નિષ્ક્રિયતા હવે એવી કક્ષાએ પહોંચ્યાં છે, જ્યાંથી કશી પાછીપાની કે પીછેહઠ શક્ય નથી. મરણને કાંઠે પહોંચ્યાપર્યંત હિંદના લોકો પોતાનો એક પછી એક દાવો જતો કરતા આવ્યા છે. સંપૂર્ણ નાબૂદીને પીઠ દઈને એમણે નિરાશા દ્વારા સહન કરવાનું જે સામર્થ્ય કેળવ્યું છે, તે ઇતિહાસમાં અજોડ છે. તેથી કરીને તેમનું સામર્થ્ય સક્રિયતા કે પ્રગતિનો ખંગ વાળી આપે તેવું નથી રહ્યું. પોતાનાં સ્વપ્નોમાંથી નવી દુનિયા સરજવાની તેમની મકસદ નથી. પરાજય, યાતના કે અપમાન પ્રત્યેની ઉદાસીનતાએ એમનામાં શાંત સહનશક્તિ જન્માવી છે, જે વિરલ એટલી જ લક્ષપાત્ર છે. હિંદના લોકસમુદાયનું સામર્થ્ય અકીકના સામર્થ્ય જેવું છે. અકીક પોતે અનિશ્ચિતરૂપે જે ગજબનાક શક્તિ ધરાવતું હોય છે તેનું બહારથી કશું જ ચિહ્ન દર્શાવતું નથી. બાહ્યત: જડ, અસંચારક અને નિશ્ચેષ્ટ છતાં સહનશીલતા તથા ધૈર્યની જે શક્તિઓ તે ધરાવે છે, તે શક્તિનાં વધુ સક્રિય અને ક્ષીયમાણ સ્વરૂપોને લાંબે ગાળે પરાજિત કરે છે. હિંદનો ક્રિયાજડ જનસમુદાય નિષ્ક્રિયતાના દેખાવ પાછળ લક્ષાવધિ વ્યક્તિગત જીવનોનાં પ્રસન્નતા અને વિષાદ, કલહ અને ઘર્ષણ છુપાવી રાખે છે. વિજ્ઞાનીઓ આપણને જણાવે છે કે પથ્થરના એક જ ટુકડાના અણુઓની શક્તિને મુક્ત કરી શકાય તો જગતભરના શક્તિના પ્રશ્નનો નિવેડો આણી આપે. હિંદી પ્રજાને લાક્ષણિકતા અર્પતી સહનશીલતાની શક્તિ એવી જ રીતે મુક્ત થવાની રાહ જોતી શક્તિની અનામત ધરાવી રહે છે. કોઈ રાજદ્વારી માત્ર આ શક્તિઓને મુક્ત કરીને તેના આવિર્ભાવ માટેનો પ્રવાહમાર્ગ શોધી કાઢે, તો તે જગતના ઇતિહાસનો ક્રમ બદલાવવાને પણ શક્તિમાન નીવડે.

ગાંધીની ક્રાન્તિકારી સૂચકતા હિંદી પ્રજાની સહનશીલતામાં સંનિહિત શક્તિઓને મુક્ત કરવાના પ્રયત્નમાં રહેલી છે. સારા યે જગતનું રૂપાંતર કરવામાં ભલે એ સફળ ન નીવડ્યા હોય, પણ માનવચિત્તને સર્વત્ર સળવળાવી તો મૂક્યું છે. એમના યત્નો સાવ વિફળ નથી નીવડ્યા તેની એ જાતે જ સાબિતી છે. સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરવી એ એવા દાખલાઓમાં કદાચ અસંભવિત છે. પર્વત પોતે ગ્રીષ્મના વાદળમાં તો માત્ર કવિકલ્પનામાં જ પલટાય છે, તેમ છતાં તેવું રૂપાંતર કદી થવા પામે તો તેનો અર્થ સૃષ્ટિના વિસર્જનનો જ થયો. ગાંધીનું સ્વપ્ન પણ સંપૂર્ણ સફળતામાં ઊણું રહ્યું છે. હિંદી સમસ્યાનું અસ્તિત્વ તેમને એ સફળતા હજુ યે થાપ આપી રહી હોવાની સાબિતી છે. બીજી બાજુ, હિંદનું તોળાઈ રહેલું સ્વાતંત્ર્ય તેમના યત્નો ફળદાયી નીવડ્યા હોવાના સ્વયં પુરાવારૂપ છે.

એટલા માટે જ ગાંધીનો રાજકીય પ્રયત્ન હમેશાં હિંદી પ્રજાની આત્મચેતનામાં આધ્યાત્મિક એકતાની પુનર્લબ્ધિનો રહ્યો છે. પશ્ચિમના સંપર્કે આ એકતા છિન્નભિન્ન કરી

નાખી હોઈને હિંદીઓને માલૂમ પડયું કે પોતે વિભક્ત આત્મચેતનાવાળી પ્રજા હતી. વર્ગો અને સમુદાય એકબીજાથી દૂર હડસેલાતા ગયા, તે એટલે સુધી, કે તેમને કશું સંપર્કબિંદુ ન રહ્યું. ગાંધી આ સંપર્કબિંદુઓની પુનર્લબ્ધિ તથા એકતાની પુનઃપ્રતિષ્ઠા પાછળ પડ્યા. તેમને પ્રથમ હરોળના ક્રાન્તિકારી નેતા બનાવનાર એ જ બ્રિટિશ સત્તાનાં દેદીપ્યમાનતા તથા ઐશ્વર્યે જ્યારે હિંદની બુદ્ધિપ્રતિભાને આંજી નાખેલી અને પ્રજાની લાગણીઓ તથા નિર્ણયબુદ્ધિ સુધ્ધાં પર પ્રભાવ જમાવેલો, એવા સમયે તેમનો જન્મ થયેલો. પ્રજાની સ્મૃતિમાંથી ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામની યાદ ભૂંસાઈ ગઈ નહોતી, ક્રૂરતા તથા કડવાશનાં તત્ત્વો દાયકાની પ્રક્રિયા દ્વારા ધીમે ધીમે વિસ્મૃતિમાં ગરકતાં જતાં હતાં. હિંદી મુસલમાનો વિભાજિત, નિષ્ક્રિય અને કટુતાખચિત હતા. તેમ છતાં હિંદુઓમાં પરાજય કે કડવાશનો તેવો જ મનોભાવ નહોતો. માત્ર હિંદમાં જ નહિ, પણ જગતમાં બીજે યે બ્રિટિશનું રાજકીય નેતૃત્વ લગભગ સ્વતઃસિદ્ધ સત્ય તરીકે સ્વીકાર પામ્યું હતું.

વૈજ્ઞાનિક જ્ઞાનની પ્રગતિએ વિપુલ શક્યતાઓની એક નવી જ દુનિયા ઉઘાડી આપી. પાર્થિવ ભૂમિકા પર એ પ્રગતિ ઉદ્યોગકુશળતાના અભૂતપૂર્વ વિકાસ તરફ દોરી ગઇ. બૌદ્ધિક ભૂમિકા પર એણે ઓગણીસમી સદીના બુદ્ધિવાદનો ઉદય કર્યો. રાજકીય ભૂમિકા પરનો એનો ઉત્કૃષ્ટ આવિર્ભાવ ઉદાર લોકશાહી અને રાષ્ટ્ર-રાજ્યનો હતો. અકથ્ય સિદ્ધિના કૉલે હિંદી બુદ્ધિજીવીઓને પ્રેરણા આપી. યુરોપિયન પ્રભાવે બૌદ્ધિક ભૂમિકાને પાર કરીને ભાવનાજગતને અસર પહોંચાડી. વધુ મુક્ત અને પૂર્ણતર જીવનની હિંદી આકાંક્ષા સુધ્ધાંએ યુરોપિયન પોત અપનાવ્યું. બ્રિટિશ સહકાર અને સહાય એ સ્વાતંત્ર્ય અર્થેના કોઈ પણ પ્રયાસમાં આવશ્યક તત્ત્વો ગણાવા લાગ્યાં. જુદીજુદી સંસ્કૃતિઓના સંપર્ક તથા સમન્વય સદા નવી સંસ્કૃતિના ઉદય પ્રત્યે દોરી જાય છે. પરંતુ તેમાં પ્રજાઓ વચ્ચેના સહકારની આવશ્યકતા રહે છે. હિંદી બુદ્ધિજીવીઓ યુરોપિયન સંસ્કૃતિના ઝગમગાટથી એટલા બધા અંજાઇ ગયા હતા, કે ખુદ હિંદી પ્રજાના સહકાર વિના જ તેમણે સંસ્કૃતિસમન્વયનો યત્ન આદર્યો. ઇન્ડો-એન્ગ્લીઅન સમાજનાં સ્વરૂપો અને પ્રણાલીઓ આવાં હાંસીપાત્ર બન્યાં તેનું કારણ એ જ કે નવી સંસ્કૃતિ નિષ્પન્ન કરવાના એ યત્નનાં કશાં મૂળ પ્રજાકીય જીવનમાં નહોતાં.

હિંદી રાજકીય જીવનના વિકાસમાં ગાંધીનો મુખ્ય ફાળો હિંદી રાજકારણમાં અપાતા ભાર તથા તેની દિશાને યુરોપથી હિંદ પ્રત્યે ઉન્મુખ કર્યા એ હકીકતમાં રહેલો છે. નકલી યુરોપ ઊભું કરવાના પ્રયત્નને બદલે સાચેસાચું હિંદ સર્જવા પાછળ એ પડ્યો. તેમના જાહેરમાં આવ્યા પહેલાં હિંદી રાજદ્વારીઓએ પોતાના દેશની પ્રજા અર્થે કામગીરી બજાવેલી. પરંતુ તેમના વલણમાં ઘણી વાર મિજાજખોરીનું તત્ત્વ રહેતું. સભાનપણે પરોપકાર કરનાર જેટલું વાંધાપાત્ર ભાગ્યે જ અન્ય કોઇ ગણાય. સભાનપણે બીજાઓનું ભલું કરનાર ઘણી વાર પોતાના શ્રેષ્ઠત્વથી એટલો સભાન હોય છે કે, જે લોકોની તે સેવા કરવા માગે છે, તેઓ જ તેને અસહ્ય બોજારૂપ ગણી રહે છે. હિંદની રાજકીય સમાનતા

ઉત્તેજનાર હિંદી રાજદ્વારીને આ લાગુ નથી પડતું. તેમ છતાં એનો ઇનકાર થઈ શકે તેમ નથી કે ઘણી વાર તેઓ પોતાના દેશભાઈઓ કરતાં પોતાને શ્રેષ્ઠ ગણતા હતા. લોકો સાથે એકાત્મતા કેળવવામાં તેમને રોકનાર તેમની પોતાની આ શ્રેષ્ઠત્વની જ વૃત્તિ હતી. પરિણામે ગાંધીજીના પ્રવેશ પહેલાંની હિંદની રાજકીય પ્રવૃત્તિ તથા ચળવળો મુખ્યત્વે મધ્યમ અને ઉચ્ચ વર્ગો આસપાસ જ કેન્દ્રિત થયેલી હતી. મૂંગા, જડ અને નિષ્ક્રિય હિંદી લોકો એવાઓને ભાગ્યે જ સમજી શકયા અને તેમની વિનતિનો ઉત્તર વાળવાને ભાગ્યે જ કશું કર્યું.

અધ્યાત્મવાદી સમાજના પુનરુદ્ધારનું કાર્ય સહેલું નથી એવી પ્રતીતિ ગાંધીને થવા પામી. સિદ્ધિનું પહેલું પગથિયું સર્વસામાન્ય જીવન સાધિત કરવાનું હોવું જોઈએ. એટલા માટે હિંદના રાજકીય કાર્યકર્તાઓ પાસે એની પહેલી માગણી એ રહી છે કે તેમણે આચાર અને જીવન, વાણી અને વિચાર, આદત અને પોશાક, આહાર અને રહેણીની રીતભાતમાં હિંદની માનવતાના ભૂખ્યા, નાગા અને અભણ સમુદાય સાથે એકરૂપ બનવું. એ કારણે રાજકીય વ્યવસાયના સઘળા વ્યવહારોમાં પણ એમણે લોકોની જ ભાષા અપનાવી છે. હિંદી પ્રજાની વિશાળ બહુમતીરૂપ ખેડૂતો ને શ્રમજીવીઓના કરતાં એમની જીવનપદ્ધતિને જુદી તારવી શકાય તેમ નથી. તેમણે પણ તેમની પોતાની ભાષા વાપરતો, તેમનો પોતાનો પોશાક પહેરતો, તેમનો જ ખોરાક ખાતો, ટૂંકામાં તેમના જીવન સાથે તદ્રૂપ એવો તેમનો પોતાનો નેતા અને પ્રતિનિધિ એમનામાં ભાળેલ છે. વિદેશી શાહીવાદીએ નાગા ફકીર તરીકે એમની મજાક ઉડાવવાનો પ્રયાસ કરેલો છે. આવી મજાક શાહીવાદનાં મતિમાંદ્ય તથા મૂર્ખતાના જ માત્ર પુરાવારૂપ છે. મજાક ઉડાવનારને હજુ પ્રતીત નથી થયું કે, તેણે જેને મજાકનો વિષય માનેલ છે તેમાં તો વસ્તુતઃ ગાંધીના સામર્થ્યનું રહસ્ય સમાયેલું છે.

અને એટલું જ બસ નથી. આપણે હિંદી લોકોની જડતા અને સહનશીલતાનો નિર્દેશ કરી ચૂક્યા છીએ. કિન્તુ જાડ્ય અને નૈષ્કર્મણ્યની એ હિંદી ખાસિયતને ગાંધીએ સામર્થ્ય અને સ્ફૂર્તિના સ્રોતોમાં પલટાવી દીધેલ છે. દેશના રાજકીય જીવનમાં તેમને માટેનો કાર્યપ્રકાર એમણે શોધી કાઢ્યો છે, અને એ કદાચ એમની મહાનમાં મહાન સિદ્ધિ છે. વીસ વરસ પહેલાં હિંદી જનસમુદાયનું બંધારણ એવું હતું કે સક્રિય અને સ્ફૂર્તિયુક્ત ક્રાન્તિની હિંદમાં ભાગ્યે જ કશી શક્યતા રહેલી. ગાંધીએ હકીકતો સાથે બાથ ન ભીડતાં પોતાના હેતુ અર્થે એ હકીકતોનો ઉપયોગ શોધી કાઢ્યો. આક્રમક અને યુયુત્સુ સંગ્રામને બદલે એમણે પ્રજાની નિરાક્રમકતા તથા સહનશીલતા પર નિર્ભર એવી અસહકારની ચળવળ યોજી કાઢી. હિંદી પ્રજામાં આક્રમણની શક્તિનો અભાવ છે, પરંતુ સહનશીલતા તથા સંરક્ષણની શક્તિમાં એ અજોડ છે. ગાંધી એ આજે હિંદની જનસામાન્ય આત્મજાગૃતિના પ્રતિનિધિ તથા હિંદના નેતા છે;. કારણ કે, હિંદની સહનશક્તિનું આયોજન તથા કેન્દ્રીકરણ કરીને તેમણે એને રાજકીય સ્વરૂપ આપ્યું છે.

ગાંધીના પ્રયોગો તેમ છતાં દેશની સામાજિક અને રાજકીય નીતિના હિંદીકરણના યત્નથી જ ખલાસ નહોતા થતા. આધુનિક યુગની આવશ્યકતાઓ સાથે હિંદી પ્રજાની પરંપરા તથા આનુવંશિક પ્રતિભાની એકવાક્યતા સાધી શકે એવા સમાજ તથા રાજ્યની અભિનવ ધારણા ઉત્ક્રાન્ત કરવાને પણ એમણે યત્ન કરેલ છે. હિંદની રાજકીય દૃશ્યભૂમિકાનું રૂપાંતર સાધનાર એમની પ્રવૃત્તિઓએ એમને હિંદના સૌથી મહાન લોકનાયક બનાવ્યા છે. વિચારક્ષેત્રમાં એમનો નેતૃત્વનો દાવો ખુદ મનોરચનાને પલટાવવા પાછળના તેમના પ્રયોગો પર નિર્ભર છે. એમણે અર્પેલી જીવન તથા કાર્યના તત્ત્વજ્ઞાનની રૂપરેખાએ જગતભરના ચિંતકોના રસ તથા ગુણાનુવાદ આકર્ષ્યા છે. એમની પદ્ધતિઓ પશ્ચિમમાં આજકાલ પ્રચલિત રૂઢિબદ્ધ પ્રણાલીઓ દ્વારા રાજકીય તથા સામાજિક સમસ્યાઓનો જે દિશાવરોધ થવા પામ્યો છે તેમાંથી મુક્તિમાર્ગ સૂચવતી જણાય છે.

૧૮મી અને ૧૯મી સદીના અખતરાઓએ મનુષ્યને શિખવાડયું છે, કે રાજકીય સ્વાતંત્ર્યમાં ઘણીયે વાર અનિષ્ટમાં અનિષ્ટ પ્રકારની આર્થિક ગુલામી છુપાયેલી હોય છે. બાર વરસની અંદરનાં બાળકોને વ્યક્તિના કરાર–સ્વાતંત્ર્ય તથા સ્વેચ્છાનુસાર શ્રમવિક્રયના રહેલા સ્વાતંત્ર્યની દલીલો હેઠળ સતત ૧૬ કલાકની સખ્ત મહેનતમાં રોકવામાં આવેલા. વકીલો, રાજદ્વારીઓ, દાક્તરો અને ધર્માધિકારીઓ સુધ્ધાં કાનૂની, રાજકીય, વૈદકીય અને ધાર્મિક પ્રયોજનોએ આગળ પડીને આવાં રોકાણોનો બચાવ કરતા જણાયા છે. એને લઈને ૧૯મી સદીની શરુઆતમાં એવી માગણી ઉપસ્થિત થઇ કે, રાજ્યે માત્ર રાજકીય સ્વાતંત્ર્યનાં બાહ્ય સ્વરૂપોની જ ખાતરી ન આપવી જોઇએ, પરંતુ વ્યક્તિ માટેની આર્થિક સ્વાતંત્ર્યની સ્થિતિને પણ રક્ષણ આપવું જોઇએ. વિજ્ઞાનના વિકાસની પ્રગતિ સાથે ઉત્પાદનની સમસ્યાઓમાં ઉદ્યોગકુશળતા યોજાતાં ક્રમશઃ એવી સ્થિતિ ઊભી થવા પામી કે જેમાં જગતની એકેએક વ્યક્તિને પર્યાપ્તપણાની ખાતરી આપી શકાય.

સિદ્ધાંતના ક્ષેત્રમાં તો દરેકે એ વિધાનનો સ્વીકાર કરેલો કે તંગી તથા ભયમાંથી મુક્તિની ખાતરી આપી શકે એ જ રાજ્ય તથા સમાજ મનુષ્યના સહયોગનો દાવો કરી શકે. મનુષ્યોએ એ સાધ્ય સિદ્ધ કરવા અર્થેના સાધનમાર્ગોનો જ્યારે વિચાર કર્યો ત્યારે આ એકાનુમતી અદૃશ્ય થઈ ગઈ. એવા પણ વિચારકો હતા જે કહેતા, કે રાજ્ય એ મનુષ્યની સામાજિક સંપ્રજ્ઞતાનું મૂર્ત સ્વરૂપ હતું, અને વ્યક્તિના આર્થિક અને સામાજિક અધિકારો તેમજ ફરજો વચ્ચેની સમતુલાનું પ્રતિનિધિત્વ જાળવતું હતું. તેમના કહેવા મુજબ અગત્યના માનવપ્રશ્નોનો ઉકેલ સઘળી આર્થિક અને સામાજિક સત્તાના રાજ્યહસ્તક કેન્દ્રીકરણમાં રહેલો. એમની દલીલ હતી કે રાજ્ય જો સર્વસામાન્ય સામાજિક હેતુએ વૈયક્તિક જીવનનાં આયોજન અને શાસન હાથમાં લે, તો અસમાનતાઓ અદૃશ્ય થઈ જાય અને અન્યાય તથા દમનના જમાનાજૂના આંકનો અંત આવી જાય. બીજી બાજુ એવા વિચારકો હતા જે કહેતા, કે સત્તા એ સર્વ અનિષ્ટોનું મૂળ છે. "સત્તા

ભ્રષ્ટ કરે છે અને અનિયંત્રિત સત્તા અનિયંત્રિતપણે ભ્રષ્ટ કરે છે." મૂડીવાદી સમાજમાત્રનાં અનિષ્ટો મૂડીના એકહથ્થુ સંચય દ્વારા વ્યક્તિની સત્તામાં થયેલી વૃદ્ધિમાંથી જ ઉત્પન્ન થતાં હતાં. એટલા માટે સઘળી આર્થિક અને રાજકીય સત્તા માત્ર રાજ્ય હસ્તક જ કેન્દ્રિત રહે, તો રાજ્યની જબરદસ્તી વ્યક્તિને કચડી નાખે, અને મુક્તિની શક્યતાનો નાશ કરે. અનિયંત્રિત સત્તાપર્યંત રાજ્યને ચડાવવું એ સાચું જોતાં સરમુખત્યારશાહી જ ગણાય. સરમુખત્યારશાહી માત્ર અંગત સ્વતંત્રતાઓ સાથે જ નહિ, પરંતુ ખુદ સમાજના અંતિમ કલ્યાણ સાથે પણ અપ્રયોજ્ય હતી. એટલા માટે એવા વિચારકોનું કહેવું એ હતું કે માનવસ્વાતંત્ર્ય તથા સામાજિક કલ્યાણ માત્ર રાજસત્તાનો નાશ કરવાથી જ સિદ્ધ થઈ શકે. આધ્યાત્મિક અરાજકતાવાદે સામાજિક અને રાજકીય અનિષ્ટોમાંથી છટકવાની એકમાત્ર આશાનું પ્રદાન કર્યું. વિચારકોના ત્રીજા સંપ્રદાયે એ ઉપાયો ઉદ્દામ ગણ્યા અને વિદ્યમાન સામાજિક સ્વરૂપોનાં સંરક્ષણ તથા સુધારણામાં સામાજિક અને વ્યક્તિગત કલ્યાણ એમણે શોધ્યું. એમનું કહેવું એ હતું કે સમાજની વિદ્યમાન પ્રથાઓમાં અનેક ક્ષતિઓ છતાં એમાં વ્યક્તિગત સ્વાતંત્ર્ય તથા ભાવિ વિકાસનો કૉલ સમાયેલો હતો. રાજ્યની સરમુખત્યારી સ્વતંત્રતા તથા પ્રગતિની આશા તદ્દન નષ્ટ કરી નાખશે, જ્યારે અરાજકતાવાદ સમાજનાં રાજકીય તથા સામાજિક પરિબળો પરનો સઘળો કાબૂ પડતો મૂકીને માનવસંસ્કૃતિ તથા સંસ્કારિતાનો પાયો ખેરવી નાખશે.

ઓગણીસમી આખી યે સદી દરમિયાન આ પ્રશ્નોએ માનવચિત્તને ઉત્તેજી મૂકેલું. ગાંધીની યુવાનીનો પ્રારંભ આવી ચર્ચાઓ જ્યારે અપૂર્વ તીવ્રતા પર પહોંચેલી એવા સમયાનુપાતે થયેલો. એક બાજુ વિનીત બુદ્ધિવાદીઓએ સાર્વજનિક કેળવણીના પ્રસાર દ્વારા પ્રચલિત સામાજિક સ્વરૂપોની સુધારણામાં પ્રગતિનો સંભવ જોયેલો છેઃ સર્વસત્તાત્મક ફિલસૂફીમાં માનનારાઓએ રાજ્યની સત્તાના વિસ્તારમાં માનવકલ્યાણ નિહાળ્યું છેઃ ક્રાન્તિકારી અરાજકતાવાદીએ રાજસત્તાના નિવારણના પોતાના આદર્શમાં જ એક અભિનવ સ્વર્ગનો કૉલ શોધ્યો છે—ગાંધી પર એ ત્રણે વિચારપ્રણાલીઓની અસર થયેલી. તેમનાં ઘર્ષણ તથા અસંબદ્ધતાએ એમને જાતે જ સમન્વય અર્થેના પ્રયાસ કાજે પ્રેર્યા. હિંદના ઇતિહાસ તથા પરંપરાની પીઠિકા લક્ષમાં રાખીને એમનો મેળ બેસાડવાના તેમના પ્રયાસના ફળરૂપ તેમનું જીવનદર્શન વિકસ્યું. ગાંધીની રાજકીય તથા સામાજિક વિચારણામાંની ક્રાન્તિકારી શક્યતાઓને પાશ્ચાત્ય આંતરપ્રવાહોનો હિંદી પીઠિકામાં થયેલો આ સમાસ સમજાવી રહે છે.

આધુનિક જગતના પર્યાયમાં ઔદ્યોગિક અને યાંત્રિક સંસ્કૃતિનો નિષેધ અશક્ય છે. યંત્રના વિકાસ દ્વારા નિપજાવેલી વિપુલતા વડે જ પ્રત્યેકની જરૂરિયાતો પૂરી પાડવાનું શક્ય છે. ઉદ્યોગકુશળતાની પ્રગતિનો આપણે પૂરેપૂરો લાભ ન ઉઠાવીએ, ત્યાં સુધી માનવપ્રાણીઓના મોટા ભાગને નસીબે તંગી તથા અછત રહેવાનાં જ. આપણી જરૂરિયાતોના ઉકેલમાં વિજ્ઞાન યોજવાથી પ્રાકૃતિક તથા શારીરિક લાચારીઓ સતત કાબૂમાં આવતી જાય છે. આવા ઉકેલ, પહેલાં તો સમાજમાંના થોડાકની સેવા બજાવે છે;

પરંતુ તેમનો વિસ્તાર અવશ્યમેવ થાય છે, અને સરવાળે દુનિયાની એકેએક વ્યક્તિને લાભદાયી નીવડે છે. મૂડીના એકહથ્થુ કેન્દ્રીકરણ પ્રત્યે દોરી જનાર યંત્રનો દુરુપયોગ જ છે. એ રીતે નિષ્પન્ન થતી સામગ્રી તથા સેવા સામાન્ય માનવીના ઉપયોગમાં કામે લાગવાને બદલે દમન તથા શોષણનાં સાધનોમાં ફેરવાઇ ગયેલ છે. શ્રમજીવીઓની યાતનાઓ સાબિત કરે છે કે આજની મૂડીવાદી સંસ્કૃતિમાં યંત્ર એ સાધ્ય બન્યું છે, જ્યારે મનુષ્યો સાધનો. ગાંધીનો યંત્ર પ્રત્યેનો અણગમો યંત્ર તરીકેના તેના નિષેધરૂપે નહિ, પરંતુ માનવતાના અધઃપાત સામેના વિરોધરૂપે જ સમજી શકાય. યંત્રોનો ઉપયોગ માનવસેવામાં જ થવો જોઇએ. માનવીની યંત્રની તાબેદારી શ્રમજીવીઓ માટે ઇચ્છનીય નથી. માનવમૂલ્યોને એ નીચાં પાડતી હોઈને સમાજનાં સાચાં હિતોની પણ તે વિરુદ્ધ છે.

યંત્રના દુરુપયોગ સામેનો ગાંધીનો પ્રત્યાઘાત એટલો પ્રબળ છે કે ક્વચિત એ ઔદ્યોગિક સંસ્કૃતિ પરના આક્રમણની પણ ભ્રાન્તિ પ્રેરે. પરંતુ એ પરનું મનન દર્શાવી આપે તેમ છે કે વસ્તુતઃ તેમ નથી. ગાંધી ઇચ્છે તો પણ યંત્રનો સર્વથા નિષેધ એ ન કરી શકે. રેંટિયો અને ઘાણી પણ યંત્રો જ છે. અલબત્ત એ નાનાં અને માનવશક્તિથી સંચાલિત છે, પરંતુ એથી એમના યંત્ર તરીકેના લક્ષણનો નાશ નથી થતો. અવારનવાર એમની વચ્ચે ભેદ આંકવાના તથા એવું કહેવાના પ્રયાસો થયેલા છે, કે માનવશક્તિ દ્વારા ચાલતાં નાના પાયા પરનાં યંત્રો એ ઓજારો હોઈને તિરસ્કૃત ન થવાં જોઈએ. મનુષ્ય કેવળ ચાકર તરીકેની ગરજ જેમાં સારે છે એવા માત્ર મોટા પાયા પરના ઉદ્યોગો જ મનુષ્યનું ક્રમશઃ નિર્મનુષ્યીકરણ કરે છે. મનુષ્યને તેઓ યંત્રની કક્ષાએ ઉતારી પાડતા હોઈને માનવમૂલ્યોના સંરક્ષણાર્થે તેમનો નિષેધ જ થવો જોઇએ. ગાંધીના મનમાં આ તફાવત જ કદાચ રમતો હોવો જોઇએ. આપણા અનુભવમાંની હકીકતો જોતાં એવા તફાવતમાં કંઈક વજૂદ પણ રહેલું છે. નાના પાયા પરનાં ઓજારો અને યંત્રો આપણા કૌટુંબિક જીવનમાં સહેલાઈથી બંધબેસતાં થઈ જાય છે. કૌટુંબિક સંબંધો કે ગૃહજીવનને એ ધાસ્તીરૂપ નથી. મોટા પાયા પરનાં ઔદ્યોગિક એકમોમાં એથી ઊલટું જ છે. તેઓ કુટુંબને તોડી પાડે છે, ગૃહોનો નાશ કરે છે અને સહસ્રાવધિ સ્ત્રીપુરુષો તથા છોકરાછોકરીઓનું નિર્મનુષ્યીકરણ કરીને તેમને માત્ર શ્રમના ગુલામોમાં ફેરવી નાખે છે.

મોટા પાયા પરના ઉદ્યોગીકરણના આ ભયે જ ગાંધીને સમાજના એકમ તરીકે સ્વશાસિત અને સ્વાયત્ત ગામડાની કલ્પના પ્રેરી. શક્ય હોય ત્યાં સુધી દરેક ગામડાએ જાતે પોતાના આર્થિક અને સામાજિક જીવનનું નિયમન કરવાનું રહે. આવાં નાનાં એકમોમાં વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ એવો મજબૂત રહેશે, કે માત્ર રાજકીય કે સામાજિક સંબંધોની અવૈયક્તિક ક્રૂરતા તથા ઉદાસીનતાનો તે નિરોધ કરી રહેશે. નાનકડા સમાજમાં માનવ સંબંધોનાં વૃદ્ધિવિકાસ સ્વાભાવિક છે. આવા ગ્રામ–સમાજોમાં વ્યક્તિગત સ્વતંત્રતા માટે અવકાશ રહેશે, પરંતુ સ્વચ્છંદ કે અરાજકતામાં તેની વ્યાપ્તિ થવા નહિ પામે. રાજ્યની અબાધિત સરમુખત્યારી અને રાજ્યહીનતાની અબાધિત અરાજકતા એ બન્ને સાથે અનેક જોખમો સંકળાયેલાં છે. ગામડાના નાના એકમમાં મનુષ્યો આ બન્ને ભીતિઓનું

નિવારણ કરશે અને ઔદાર્ય તથા સામંજસ્યના વિકાસાર્થે યોગ્ય ક્ષેત્ર શોધી કાઢશે. ૧૯મી સદીના બુદ્ધિવાદીઓની ભૂલ આર્થિક, સામાજિક કે રાજકીય એકમોના પ્રસ્તારને મર્યાદા બાંધવાના તેમના ઇનકારમાં રહેલી. પ્રાગૈતિહાસિક પ્રાણીઓના અનુભવથી વિસ્મૃત બનીને તેમણે ધારી લીધેલું કે સામાજિક અને રાજકીય સત્તાના પ્રસ્તાર તથા પ્રભાવમાં જ મુક્તિ રહેલી છે. પરિણામે એકાકારતાના દબાણ હેઠળ માનવતાને દબાવી દેવામાં આવી અને જગતની વસતિના બહુસંખ્યત્વમાં વ્યક્તિનો લોપ થઇ ગયો. એને લઇને જ આધુનિક જગતમાં માનવીનાં વિશાળ મંડળો હોવા છતાં તેમાં વ્યક્તિઓને અન્યોન્યમાં રસ ન હોવાનું આપણી નજરે પડે છે. નિઃસીમ તેમજ નિર્મનુષ્યીકરણ સાધતી ગરીબીની સાથોસાથ અકથ્ય સમૃદ્ધિ અને વૈભવના સર્જનાર્થે અર્થશાસ્ત્રના નિયમો કામ કરી રહ્યા છે. રાજકારણની ભૂમિકા પર લક્ષાવધિ લાચારોની નિઃસહાયતા અને વિપત્તિની પીઠિકા સામે અનિયંત્રિત અને વર્ચસ્વશાળી બલિષ્ઠતાનું તાંડવ આપણે જોઇએ છીએ.

એટલા માટે જ, ગાંધીની વિચારણાનું લક્ષ્ય સંસ્કૃતિના અભિનવ પ્રકારના સર્જનનું છે. એનો આદર્શ એવી સંસ્કારિતાનો છે, જે હિંદની ગ્રામ–સંસ્કૃતિની પરંપરા સાથે આધુનિક રચનાકૌશલ્યનો યોગ સાધે. જૂના ગ્રામ્ય અર્થકારણમાં ઊતરતી ખામીઓ તથા આધુનિક સંસ્કૃતિની કારવાઈનાં પ્રત્યક્ષ સ્ખલનોનું નિવારણ કરવા એ મથશે. આપણે ઉલ્લેખ કર્યો જ છે તેમ, યંત્રના વિવિધ પ્રકારો તથા કક્ષાઓ વચ્ચેનો ભેદ કદી અંતિમ ન બની શકે. હાથઉદ્યોગનાં ઓજારો જ સતત સુધારણા અને વિકાસ દ્વારા આધુનિક ઉદ્યોગનાં જંગી કારખાનામાં પરિણમ્યાં છે. કાંતવાની મિલ એ રેંટિયામાં થયેલો સ્વાભાવિક વિકાસ દર્શાવે છે, જ્યારે પ્રાથમિક ઘાણીઓ આજની જંગી રિફાઇનરીઓ તથા તેલની મિલોમાં વિકસી છે. જે જરૂરનું છે તે યંત્રનો યંત્ર તરીકેનો નિષેધ નહિ, પરંતુ તેનો માનવસેવામાં વિનિયોગ. જગતની ભાવિ સંસ્કૃતિમાં, ગ્રામ્ય સંસ્કારિતાએ પોતાનો હિસ્સો પુરાવવાનો હોય, તો ગામડાના જીવનનાં ક્ષુદ્રક વિદ્વેષ તથા વ્યયખોરીને કાબૂમાં આણવાં જોઈએ. ભૂતકાળના તેમજ વર્તમાનનાં શ્રેષ્ઠ તત્ત્વોનો જેમાં સમન્વય થવાનો છે એવી નવી સંસ્કૃતિની ઉત્ક્રાન્તિ તો માગે છે માનવતાની વિશાળ માગણીઓ દ્વારા સંકુચિત મતાંધતાઓ પર વિજય મેળવે એવી સ્થિતપ્રજ્ઞતા.

તાજેતરનો કેટલોક વિકાસ એ દિશામાં આશાસ્પદ છે. એ સાચું છે કે ૧૯મી સદીમાં યંત્રોના વિસ્તારે માનવપ્રાણીઓને ઉદ્યોગના ગુલામોમાં ફેરવી નાખેલા. તેમ છતાં તે માટેનું એક મુખ્ય કારણ એ હકીકતમાં શોધવાનું રહ્યું કે આ સમયે યંત્ર માટેનું ચાલકબળ વરાળ હતી. વરાળના એન્જિન પર નિર્ભર ઉદ્યોગ નાના વિસ્તારમાં મોટી સંખ્યાનું કેન્દ્રીકરણ માગે છે. ઉદ્યોગના એકમના કદની વૃદ્ધિનો અર્થ વધુ ને વધુ મોટાં યંત્રોના ઉપયોગનો થતો હતો. મોટાં યંત્રો સંભાળવાને જરૂરી શ્રમશક્તિ પૂરી પાડવા માટે સ્ત્રીઓ ને પુરુષોને તેમનાં સામાજિક મૂળમાંથી ઉન્મૂલ કરી દેવામાં આવ્યાં. આનું પરિણામ કુટુંબની વિચ્છિન્નતા, ગામડાંઓની નિર્જનતા તથા ગૃહજીવનના વિનાશમાં

આવ્યું. આધુનિક યુગમાં શક્તિના મુખ્ય સ્રોત તરીકે વરાળનું સ્થાન વીજળીને અપાતાં પરિસ્થિતિ આમૂલ પલટાઈ ગઈ છે. વીજળી જ્યાં ચાલકબળ રહી છે ત્યાં હવે પછી ઔદ્યોગિક નગરોમાં ટોળેબંધ જમાવ તથા ખોલીઓનો વસવાટ અનિવાર્ય નથી રહેતો. ઉદ્યોગની વધુ વિસ્તાર પરની વહેંચણીને વીજળી શકય બનાવે છે. ગ્રામોદ્યોગોના જમાનામાં જે પરિસ્થિતિ પ્રવર્તતી તેના સરખી પરિસ્થિતિની સ્થાપનાની શકયતા તે આગળ ધરે છે.

ભૂતકાળમાં ગ્રામોદ્યોગોએ સામાજિક અર્થકારણના પાયાનો ભાગ ભજવેલો છે. એવાં ઔદ્યોગિક એકમોમાં નજીકના માનવસંપર્કની ઉપલબ્ધિ છતાં લોકોની દરિદ્રતા તથા આર્થિક પરિબળોનું દબાણ પરિશ્રાંત શ્રમ તથા શોષણ તરફ દોરી ગયાં. તેમ છતાં ઔદ્યોગિક અને વ્યાપારિક એકમના કદના વિસ્તારે શોષણનો અંત ન આણ્યો; કારણ કે એ વિસ્તાર માનવશ્રમના કેન્દ્રીકરણ તથા સઘળા માનવસંપર્કોની હાનિના ભોગે સધાયો હતો. આજના સંજોગોમાં વિકેન્દ્રીકૃત જીવન પ્રત્યેનું પુનઃ પ્રયાણ પહેલાંના સમયના આર્થિક ત્રાસના પુનરાવર્તનની આવશ્યકતા વિના જ માનવસંબંધોની પુનઃ પ્રતિષ્ઠાનો કૉલ આપે છે. ગ્રામસંસ્કૃતિ અને ગ્રામોદ્યોગોના જમાનામાં ભયંકર તંગીએ માનવસંબંધોમાં ભ્રષ્ટતા અને કડવાશ આણેલી. વરાળ પર નિર્ભર ઉદ્યોગો તથા આધુનિક નાગરિક સંસ્કૃતિએ ભૌતિક પદાર્થોમાં ખૂબ વિપુલતા આણી છે, પરંતુ માનવસંપર્કની હાનિએ બધા જ સામાજિક સંબંધોને યાંત્રિક તથા ભાડૂતી બનાવી દીધા છે. ભવિષ્ય આ બંને વિકલ્પોમાંથી વીજળી પર નિર્ભર એવા નવા ઔદ્યોગિક સમાજના સર્જન દ્વારા મુક્તિમાર્ગ બક્ષે છે. ગતકાળની ગ્રામ્ય તથા નાગરિક સંસ્કૃતિઓનાં સર્વોત્તમ તત્ત્વોના સમન્વયનો કૉલ તેમાં રહેલો છે. જગતની સમૃદ્ધિમાં વૃદ્ધિ સાથે ઉચ્ચ માનવસંબંધોનો સમન્વય ત્યારે જ થઇ શકે. ઊંડી ઊર્મિપ્રાણ જીવનશક્તિની સાથોસાથ પ્રત્યેકને માટે વિપુલતાની ઉપસ્થિત માનવશક્તિઓને અવનવાં સર્જનાત્મક સાહસ અર્થે મુક્ત કરી શકે. ઉદ્યોગોના વિકેન્દ્રીકરણ તથા નાનાં અને સ્વસત્તાક એકમો ઊભાં કરવાના ગાંધીજીના આગ્રહને લઇને તેઓ ભાવિ સંસ્કૃતિના અગ્રદૂત રહ્યા છે.

ગાંધીજીની વિચારસરણીની ક્રાન્તિકારી સૂચકતાનું એક બીજું અંગ પણ અહીં હાથ ધરી શકાય. યુરોપિયન સંસ્કૃતિના એમના અનુભવે વ્યક્તિના આર્થિક સ્વાતંત્ર્યના મહત્ત્વની પ્રતીતિ એમને કરાવી આપી છે. આમ છતાં એમને લાગ્યું છે કે આર્થિક સ્વાતંત્ર્યના પાયારૂપ સમાનતા તો શાંત અને અહિંસક પદ્ધતિએ જ સિદ્ધ થઈ શકે. રક્તરંજિત ક્રાન્તિ દ્વારા સ્વાતંત્ર્ય મેળવી શકાય અને ઘણી વાર મેળવાયું પણ છે. એવું સ્વાતંત્ર્ય હમેશાં અપૂર્ણ અને પ્રતિક્રાન્તિ દ્વારા વિનાશની ધાક સામે ખુલ્લું રહે છે. તરવારનો આશ્રય લેનાર બહુધા તરવારથી જ નાશ પામેલ છે. વ્યક્તિની મુક્તિ અને સ્વતંત્રતાની માત્ર અહિંસક સાધનો વડે માનવીના હૃદયપલટા દ્વારા થયેલી પ્રાપ્તિમાં જ સાતત્ય અને સ્થિરતાને અવકાશ રહે છે. હિંસક ક્રાન્તિનાં પરિણામો હમેશાં પ્રતિક્રાન્તિ દ્વારા ઊથલી પડવાને જ નિર્માયાં છે. મનુષ્યની આર્થિક અને રાજકીય સ્વતંત્રતા તિરસ્કારભાવના પરના

વિજય દ્વારા જ સિદ્ધ થવી જોઈએ એનો ગાંધીજીએ આટલો ભારપૂર્વક કરેલો આગ્રહ આ સાક્ષાત્કારને જ આભારી છે.

(૩)

પ્રજાના સ્વમાનનો પુનરુદય એ એટલા માટે હિંદી રાજકારણમાં ગાંધીજીનો મુખ્ય ફાળો છે. આ ક્રાન્તિના સ્વરૂપવિશેષની આજે પ્રતીતિ થવી મુશ્કેલ છે, કારણ કે તેણે આપણા આત્મભાનને અકલ્પ્ય હદે પલટાવી દીધેલ છે. એમણે પ્રથમ દેખાવ આપ્યો ત્યારે હિંદમાં રાજકીય પ્રવૃત્તિ બ્રિટિશ અધિકારી વર્ગને કેવળ અરજીઓ અને આજીજીઓમાં જ, અને તે પણ દેશના જીવન તથા પરંપરા સાથે સંપર્ક ખોઈ બેઠેલા તેમજ પ્રેરણા માટે પશ્ચિમને તાકતા રહેલા મૂઠીભર બુદ્ધિજીવીઓમાં મર્યાદિત રહેલી. પરિણામે ન તો તેઓ પંડે કશું કાર્ય કરી શકતા કે ન તો લોકોને કાર્યાર્થે પ્રેરી શકતા. એમની ચળવળનું સ્વરૂપ આ કારણે માત્ર ઔપચારિક અને બંધારણીય રહેલું. એતરો કે કારખાનાંમાં કામ કરનારાઓ જેટલું જ સત્તાધારીવર્ગ પણ એ પ્રત્યે દુર્લક્ષ કરતો.

ગાંધીજી પ્રજાના સ્વમાનના ઉદય તથા તેની કાર્યશક્તિના પુનર્નિર્માણ અર્થે મથ્યા. માત્ર પાશ્ચાત્ય પ્રકારો પર આધાર ન રાખતાં એમણે હિંદી પરંપરામાંથી જ દેશને શ્રેષ્ઠ રીતે અનુકૂળ એવી પદ્ધતિ શોધી કાઢી. પોતાને જે નિર્બળતાઓ તળે કામ કરવાનું હતું તેમની તેમણે ઉપેક્ષા ન કરી; પરંતુ તેની સાથોસાથ એ નિર્બળતાઓથી પોતાને ભયભીત કે લાચાર બનવા પણ ન આપ્યું. સદીઓના દમનથી નિર્બળ અને હતવીર્ય બનેલી પ્રજામાં એમણે લડત અને પ્રતિકારનો જુસ્સો પાછો આણ્યો. એ જાણતા હતા કે એમણે તેમને ધીમેધીમે આત્મભોગ અને આપત્તિઓ અર્થે કેળવવા પડશે. સૌ પ્રથમ એમણે ધરપકડ તથા કારાવાસના ભય પર વિજય મેળવવાનું કાર્ય હાથ ધર્યું. તેમના સમયપર્યંત અરજીઓ અને બહુબહુ તો, વિરોધપ્રદર્શનથી જ ખુલ્લી રાષ્ટ્રીય પ્રવૃત્તિની મર્યાદા આવી જતી. ગાંધીજીએ શક્ય પરિણામોના સંપૂર્ણ ભાનસહિત અસ્વીકાર્ય કાયદાઓના ઇરાદાપૂર્વકના તિરસ્કાર દ્વારા હિંદી રાજકારણની ખાસિયત બદલાવી નાખી. એમણે નિષ્પન્ન કરેલી માનસિક ક્રાન્તિનો આજે આપણને ભાગ્યે જ ખ્યાલ આવે. રાજકીય કારણે કારાવાસ એ સમકાલીન હિંદમાં શહાદતનું તત્ત્વ ધરાવે છે. વર્તમાન સદીની પહેલી વીશીમાં જેલોએ હજુ પોતાની ભયપ્રદતા ગુમાવી નહોતી. ગાંધીજીએ હિંદની રાજકીય આત્મજાગૃતિને રૂંધી રહેલી સાંકળનો પહેલો જ અંકોડો છેદી નાખ્યો.

ગાંધીજી માટે જબરી પ્રશંસાનો દાવો કરવા છતાં એ જ મોંએ માત્ર એમની નીતિને નહિ પણ સભાન છેહ આપનાર તરીકે ખુદ એ વ્યક્તિને પણ ઉતારી પાડનારા આડંબરી માર્ક્સવાદીઓ પડ્યા છે. તેમના કહેવા મુજબ, ગાંધીજીએ હિંદની સ્વાતંત્ર્યની લડતને એક વાર નહિ, બેવાર નહિ, પરંતુ ૧૯૨૨, ૧૯૩૧ તથા ફરી વાર ચાલુ યુદ્ધને ટાંકણે ૧૯૩૯ માં—એમ જુદાજુદા ત્રણ પ્રસંગે છેહ આપ્યો છે. ચૌરીચૌરાના બનાવ પછી અસહકારની ચળવળની મોકૂફીને તેઓ બેકાબૂ બનવાનો ભય ઊભો કરતી સામુદાયિક

ક્રાન્તિકારી ચળવળને છેહ આપવાનું લક્ષણ ગણે છે. ચૌરીચૌરા પછીના ગાંધીજીના નિર્ણયના વાજબીપણા માટે હમેશાં મતભેદ રહેવાનો. ઘણાઓ માને છે કે અસહકારની ચળવળનો પ્રારંભ નહિ પણ તેની મોકૂફી જ હિમાલય જેવડી ભૂલ હતી. એમ છતાં એ દર્શાવવું જોઈએ કે ગાંધીજી સમક્ષ એ સિવાય કશો વિકલ્પ નહોતો. અસહકાર એ જ એમને માટે સર્વોત્તમ મૂલ્ય હતું એટલું જ નહિ, પરંતુ સાધ્ય અને સાધન વચ્ચેનો ભેદ એમને માન્ય નહોતો—જે ભેદ જ માત્ર સાધ્યને સિદ્ધ કરતાં સાધનોને ન્યાય્ય ઠરાવતી ફિલસૂફી ભણી દોરી જાય છે. ઉપરાંત, ગાંધીજી માટે વ્યક્તિ સ્વયં અને સ્વતઃ મૂલ્યવાન હતી. આપણે માત્ર ભાવાત્મક પર્યાયમાં વિચારીએ ત્યારે જ મોટા સમુદાયના હિત ખાતર નાના સમુદાયના ભોગની વાત કરી શકીએ; પરંતુ જેમનો ભોગ લેવાય છે એ વ્યક્તિઓને આવો ભેદ નિર્મૂલ્ય હોય છે. ગાંધીજીને લાગ્યું કે પોતે માત્ર મૂલ્યવાન ગણી શકે એવું સ્વાતંત્ર્ય વ્યક્તિ દ્વારા અસહકારની શિસ્ત વડે હાંસલ થવું જોઈએ. એ શિસ્તથી પરાઙ્મુખ બનાવતી કોઈ પણ ચીજ માનવગૌરવની અપકીર્તિ કરનારી હતી. ગાંધીજી સાથે આપણે સંમત થઈએ કે નહિ, પરંતુ આપણે કબૂલ કરવું જોઈએ કે અસહકારની ચળવળ મોકૂફ રાખવામાં એમણે પોતાના સિદ્ધાંતો અને હેતુઓથી સુસંગત પગલું જ ભર્યું હતું.

ગમે તેમ પણ હિંદી લડતની નિષ્ફળતા બદલ ગાંધી પર ટીકા કરવાનો માર્ક્સવાદીઓને કશો અધિકાર નથી. ઐતિહાસિક આવશ્યકતામાં તથા મનુષ્યના ભાવિને દોરી રહેલા અફર એવા આર્થિક નિયમોની પ્રક્રિયામાં તેઓ પોતાની શ્રદ્ધા જાહેર કરે છે. આ કારણે ઈ. સ. ૧૯૨૨માં અસહકારની ચળવળની મોકૂફી દ્વારા ગાંધીજીએ હિંદી સ્વાતંત્ર્યની પ્રાપ્તિ અટકાવી દીધી એમ કહેવાનું તેમને પ્રાપ્ત થતું નથી. એક જ વ્યક્તિ એક દેશની સ્વતંત્રતા આણી શકે એ માનવું વહેમભરેલું હોય તો એક વ્યક્તિ, સ્વાતંત્ર્યપ્રાપ્તિને અટકાવી શકે એ પણ એટલું જ વહેમયુક્ત છે. હિંદના લોકોની પરિસ્થિતિ તથા માનસથી વાકેફ વ્યક્તિ કદી એમ નહિ કહે કે ૧૯૨૨માં તેઓ સ્વાતંત્ર્ય અર્થે તૈયાર અને યોગ્ય હતા અને માત્ર ગાંધીજી તેમાં નડતરરૂપ હતા. જો ખરેખર એમ જ હોત, તો તેમણે એમને એક કોરે ફેંકી દીધા હોત અને તેમની માગણીઓને વાચા આપતો નવો નેતા શોધી કાઢ્યો હોત. હકીકત એ છે કે લોકો સદીઓની સુસ્તીમાંથી હજુ જાગતા હતા અને બીજા કશા પણ કરતાં ગાંધીજીના આહ્વાને એ જાગૃતિ આણી હતી. પોતાના તલસ્પર્શી જ્ઞાન તથા તેમની સાથેની ઊંડી સમાજભાવના વડે એમને પ્રતીત થયેલું કે તેમના નવપ્રાપ્ત સામર્થ્ય પર ખૂબ સખ્ત ખેંચ નાખવી ભૂલભરી થઈ પડશે. લડત અને બલિદાનમાં પહેલું પગલું ખસૂસ કરીને ઊંચામાં ઊંચી કસોટીથી નીચે અટકવું જોઈએ. લોકોએ પોતાની જેલની બીક ખંખેરી નાખેલી એ જ પૂરતું હતું. સામુદાયિક ઉન્માદના અવારનવારના ઊભરા છતાં ધ્યેયપ્રાપ્તિ અર્થે જિંદગીનો કે મિલકત સુધ્ધાંનો ભોગ આપવા તેઓ તત્પર નહોતા.

ક્રાન્તિકારી આત્મજાગ્રતિના વિકાસનો બીજો તબક્કો ઈ. સ. ૧૯૩૦–૩૧ ની સત્યાગ્રહ ચળવળથી અંકાયો. ઈ. સ. ૧૯૨૦ ની ચળવળ ધાર્મિક અપીલના સંયોજને

આગળ ધપેલી. આ સમયે ઉપસ્થિત મુદ્દા વિશેષતઃ રાજકીય હતા અને ગાંધીજીનું લક્ષ્ય મિલકતનાશના ભયથી પ્રજાને મુક્ત કરવાનું હતું. અસહકારની ચળવળના અનુભવ પછી સરકારે શોધી કાઢયું હતું કે વ્યક્તિના કરતાં તેના ખીસા પરનો પ્રહાર જ વધુ અસરકારક હતો. જેલની કે શારીરિક આક્રમણ સુધ્ધાંની ઓછી દરકાર કરનાર લોકો પણ હંમેશના નિર્ધનીકરણથી અચકાતા હતા. સત્યાગ્રહની ચળવળે મોટા ભાગનાં સ્ત્રીપુરુષોમાંથી એ ભય નાબૂદ કર્યો અને દેશને વિશેષ પ્રગતિ માટે કટિબદ્ધ બનાવ્યો. ગાંધીજીએ અહીં પણ પુનઃ કુશળ સેનાનીનો ભાગ ભજવ્યો, જે પોતાનું સામર્થ્ય સાચવી રાખે છે—એક જ ગાંડા વિહ્વળ સપાટા પર પોતાનું સર્વ કંઈ ખર્ચી નથી બેસતો. આડંબરી માર્કસ્વાદીઓ ગાંધી–ઇરવીન સંધિને ઉતારી પાડે છે, પરંતુ એમણે પોતે ૧૯૩૦ ની લડતમાં ભાગ લઈને તેને વિજયી અંત તરફ કેમ ન દોરી તેનો કશો ખુલાસો નથી આપતા. રાજકારણમાં જેમને કશો ગંભીર ભાવ કે જવાબદારી નથી એવાઓ પોતે બેફામ અને અયુક્ત વિધાનો કરવાને સ્વતંત્ર છે. ૧૯૩૦ ની ચળવળમાં ઝંપલાવનારાઓ સારી પેઠે જાણે છે કે લડતની શક્તિ લગભગ ક્ષીણ થવા આવેલી ત્યારે આ સંધિ એક સત્કારપાત્ર વિસામારૂપ થઈ પડી હતી. ચળવળ પોતાની ટોચ પસાર કરી ચૂકી હતી અને પ્રાયઃ શિથિલ થવા લાગી હતી. એવા સમયે સંધિ કરી લેવામાં આવેલી. તોળાઈ રહેલા ભય સામે રાષ્ટ્રની શક્તિ તથા આત્મશ્રદ્ધા જાળવી રાખવાનો પ્રયત્ન એણે અંકિત કર્યો.

આ આડંબરી માર્કસ્વાદીઓ જેને ક્રાન્તિકારી સામુદાયિક લડત કહે છે તેનાં મંડાણ ગાંધીજીએ આ યુદ્ધ શરુ થતાં જ કેમ ન કર્યાં. તે બદલના તેમના પરના એમના આક્રમણને લક્ષમાં લેતાં એમની ટીકાની કેવળ અવાસ્તવિકતાનો સ્ફોટ થઈ જાય છે. એવી છાપનો પ્રતિકાર થવો મુશ્કેલ છે કે આ માર્કસ્વાદીઓએ અન્ય દેશોમાં થયેલી ક્રાન્તિ પરનાં કેટલાંક પાઠ્ય પુસ્તકો વાંચ્યાં છે; પરંતુ દેશદેશની પરિસ્થિતિમાં તફાવત હોય છે, અને સ્થાનિક વિશેષતાઓને અનુરૂપ થવા માટે સિદ્ધાંતોને હળવા બનાવવા જોઈએ છે, તે એ લોકો ભૂલી ગયા છે. ઇ. સ. ૧૯૩૯ ની લડત ઊંચા જતા ભાવો તથા મજૂરીના દરો વચ્ચે ઉપસ્થિત થઈ હોત. યુદ્ધનાં પ્રારંભિક સ્વરૂપોએ ખેતીની પેદાશના ભાવોમાં વધારા સાથે ચાહે તેવા અલ્પ પ્રમાણમાં છતાં મજૂરીના દરમાં પણ સુધારા ભણી દોર્યા. વિશ્વયુદ્ધની પીઠિકા નિર્માણ થવાની અણી પર હતી અને મુસ્લિમ લીગ દ્વારા ફેલાવવામાં આવતી દુષ્ટ વાતો દ્વારા કોમી ઘર્ષણ જાગવાની શકયતાઓ હતી. માર્શલ લૉ દ્વારા દમન કે આંતરિક મતભેદો દ્વારા ભંગાણને સહજ સ્વીકારી લઈ શકાય તેમ નહોતું. સરકાર તરફથી ભયોત્તેજકતા તથા કોમી આવેશ ઉશ્કેરવાને ધાર્મિક પોકારના ઉપયોગ દ્વારા સ્થાપિત હિતોના આક્રમણની દહેશત માત્ર સંભવિત નહિ પરંતુ નિઃશંક હતી. હિંદી પ્રજા જબરી વિષમતાઓ સામે તથા એક કરતાં વધુ મોરચે લડવા માટે આર્થિક તેમજ સામાજિક નજરે મજબૂત બની હોય તો જ લડતનાં અંતર્ભૂત જોખમો ન્યાય્ય ઠરે. લડત લાંબી અને સખ્ત નીવડવાનું ગાંધીજી જાણતા હોઈને કશા વીરત્વપ્રદર્શનને એમણે અવકાશ નહોતો આપ્યો. એટલા માટે તો પસંદગીની થોડીક

વ્યક્તિઓ પર જ એમણે અખતરો કર્યો. પરંતુ જગતની આર્થિક અને રાજકીય પરિસ્થિતિ જ્યારે ખાતરી આપે ત્યારે મોટે પાયે લડતનાં મંડાણ કરવાની જ એ માત્ર તૈયારી હતી. આ ગણતરી છતાં ગાંધીજીએ યુદ્ધ શરુ થતાંવેંત લડતનાં મંડાણ કર્યાં હોત તો લોકયુદ્ધની પોતાની પોપટિયા ગુલબાંગ સાથેના આડંબરી માર્કસ્‌વાદીઓએ આજે શું કહ્યું હોત એ એક આશ્ચર્ય છે. લોકોની સ્વાતંત્ર્યની લડતમાં એમણે ટેકો આપવો ચાલુ રાખ્યો હોત કે પછી જગતભરના સ્ટાલિનવાદી કૉમ્યુનિસ્ટોની ઉત્તમોત્તમ પરંપરા અનુસાર તેમણે તે તોડી પાડી હોત?

એ સ્પષ્ટ હતું કે ઈ. સ. ૧૯૪૨ માં યુદ્ધની કટોકટી આવી લાગી હતી. આંતરરાષ્ટ્રીય નજરે, યુદ્ધમાન સત્તાઓ અન્યોન્યને અનિશ્ચિત સમતુલામાં ધરી રહી હતી, જ્યારે હિંદમાં ભાવોના વધારાએ મજૂરીના દરોને ખૂબ પાછળ મૂકી દીધા હતા. વધતી જતી આર્થિક અને રાજકીય મુશ્કેલીઓએ ક્ષુલ્લક કોમી વિતંડાવાદમાંથી પ્રજાનું મન દેશની સ્વાતંત્ર્યપ્રાપ્તિની સર્વોચ્ચ આવશ્યકતા ભણી વાળ્યું હતું. અંતસ્તઃ અને બાહ્યતઃ હિંદની સ્વાતંત્ર્ય અર્થેની લડત માટેની ભૂમિકા નિર્માણ થઈ હતી. અને ગાંધીજીએ ફરી એક વાર સાદ દીધો હતો. પહેલાંની બે લડતોએ લોકોને કષ્ટ અને બલિદાન અર્થે કેળવેલ હોઈને આ વખતનો સાદ વિજય યા મૃત્યુ માટેનો હતો. 'કરેંગે યા મરેંગે' નો અર્થ એ જ કે પ્રજાએ મૃત્યુનો ભય જીતવો. રાષ્ટ્ર જીવંત રહે તે માટે વ્યક્તિએ મૃત્યુ માટે તૈયાર રહેવું જોઈએ. ગાંધીજીએ જ્યારે કહેલું કે નિરર્થક વાતોથી ક્રાન્તિ નિષ્પન્ન નથી થતી ત્યારે તેમના મનમાં કદાચ આડંબરી માર્કસ્‌વાદીઓ જ રહ્યા હશે. જ્યારે ક્રાન્તિ થવા પામે છે ત્યારે સાચા ક્રાન્તિકારીથી જૂઠા ક્રાન્તિકારીને તે નિર્દય રીતે જુદો પાડી દે છે. એક જ ધ્યેય કે એક જ શરત સિવાય સામુદાયિક યત્ન કે યાતનાની કશી હદ બાંધવામાં આવી નહોતી. હિંદી ક્રાન્તિમાં ભાગ લેનારાઓ પોતે અહિંસક રહે ત્યાં સુધી તેઓ ચાહે તે કરી શકે. આ મર્યાદાનું શાણપણ સમજવું સહેલું છે. ફ્રાન્સ જેવા દેશનું જો હિંસક પદ્ધતિએ પતન થયું તો પછી હિંદ જેવા નિઃશસ્ત્ર કરાયેલા મુલ્ક માટે પોતાના સ્વાતંત્ર્યની પ્રાપ્તિ અને રક્ષણ માટે અહિંસાનો પ્રયોગ જ વાજબી નહોતો? હિંસાના નીતિશાસ્ત્રને વેગળું મૂકતાં પણ, અહિંસા એ અત્યારના શાહીવાદી યુદ્ધમાં હિંદની તટસ્થતાની જાહેરાતરૂપ નહોતી? ઉન્માદ પર નૈતિકતાનો એ વિજય હતો. આયોજિત હિંસા તથા બે સદીઓના શોષણ સામે પણ અહિંસાને વળગી રહેવું એ શાંતિના સમયમાં યે મુશ્કેલ હોય છે. શોષણકર્તા સામે જ્યારે પ્રબળ અને હિંસક શત્રુઓનો ભય તોળાઈ રહ્યો હોય ત્યારે એને વળગી રહેવું એ તો લગભગ અશક્ય છે. શોષણકર્તાના દુશ્મન સાથે એકપ્રાણ બનવાનો ઇનકાર કરનાર આધ્યાત્મિક સમતોલતાની સિદ્ધિ એ ગાંધીજીની અર્થસૂચકતાનો પુરાવો છે.

બ્રિટિશોએ ગાંધીજીને ઈ. સ. ૧૯૪૨ની ક્રાન્તિનું સંચાલન કરવા દેવાની હિંમત ન કરી. એ જો સુકાની રહ્યા હોત તો એ ક્રાન્તિના આકારપ્રકાર કેવા રહેત એ માત્ર કલ્પનાની જ વસ્તુ રહી શકે. માત્ર એક વાત નક્કી છે. ગાંધીજીએ ઇ. સ. ૧૯૪૨ માટેની

લડતને હિંદના સ્વાતંત્ર્ય અર્થેની લડતમાં અંતિમ ભૂમિકા તરીકે કલ્પી હતી. તેનાં કાર્યાવકાશ તથા પદ્ધતિ અહિંસક રહેલાં. પ્રજાની માત્ર રાજકીય ગુલામી જ નિવારવાનું નહિ પણ ખેતરો તથા કારખાનાંમાં કામ કરનારાઓની આર્થિક ગુલામી નિવારવાનું એનું ધ્યેય હતું. મિલકતનિવારણનો ખ્યાલ ગાંધીજી સાથે જોડનારાઓ બહુ ઓછા નીકળશે. એ પણ સાચું છે કે પહેલાં તેમનું મંતવ્ય એવું હતું ખરું કે જમીનદારો ને મૂડીદારો પ્રજાના વાલીઓ તરીકે રહેશે તો સ્વતંત્ર હિંદમાં તેમની કામગીરી ચાલુ રહેવા દેવામાં આવશે. ઈ. સ. ૧૯૪૨ની લડતનાં મંડાણ કરતાં પહેલાં તેમના વિચારો આ બાબતમાં ધરમૂળથી પલટાઈ ગયા હતા. તેઓ એ વલણ પર આવ્યા હતા કે જમીન માત્ર તેના ખેડનારા સિવાય અન્ય કોઈની ન હોઈ શકે. બ્રિટિશ વર્ચસ્વનો અંત એ એમને માટે સર્વોપરી સમસ્યા રહી હતી. હવે એમણે જોયું કે એ માત્ર તો જ સાધ્ય થઇ શકે, જો ગામડાંઓમાં ખેડૂતો કરવેરા ભરવાનું બંધ કરી દે, સત્તા તરફના પ્રતિબંધ છતાં મીઠું પકવવા માંડે અને એવી બાબતોમાંની સફળતાથી પ્રોત્સાહિત થઇને સ્વતંત્ર કાર્યશક્તિ વિકસાવી દેશનો કબજો મેળવી લે. ઈ. સ. ૧૯૧૭ માં લેનિનના મંતવ્ય જેવું જ ગાંધીજીનું પણ એ મંતવ્ય હતું, કે જમીનદારો જમીનથી નાસી છૂટીને ખેડૂતોને કદાચ સહકાર આપે. તેઓ ન નાસી છૂટે, તો પણ પોતે ખેડતા એ જમીનનો કબજો ખેડૂતો શીઘ્ર મેળવી લે. એ તો કશો બદલો આપ્યા વિનાની જપ્તી જેવું થાય, એવા વાંધા સામે ગાંધીજીની એક માત્ર ટીકા એ હતી કે જમીનદારોને બદલો આપવાનું આર્થિક નજરે અશક્ય હતું. ઉમેરવાની ભાગ્યે જ જરૂર રહે છે કે જમીનદારો માટેનો કાર્યક્રમ મૂડીદારોને એથી પણ વધુ સરળતાથી લાગુ પાડી શકાય.

ગાંધીજીના દક્ષ તથા ક્રિયાપ્રાણ વ્યક્તિત્વનું રહસ્ય હકીકતોનો સામનો કરવાની એમની ક્રાન્તિકારી તત્પરતામાં મળી આવે તેમ છે. પૂર્વકલ્પિત ખ્યાલો કે તૈયાર પૂર્વગ્રહોપૂર્વક એમણે કવચિત જ કોઈ પ્રશ્ન હાથ ધરેલ છે. લોકોને પોતાને પણ પોતાની આશાઓ અને આશંકાઓ સ્પષ્ટ થવા પામે તે પહેલાં પ્રજા સાથેની ઊંડી એકાત્મભાવનાને લઇને ગાંધીજીને તેનું ભાન થઇ જવા પામે છે. લેનિનની માફક એ પણ લોકોની નાડ પારખી લે છે, અને એમની સાથેના સંસર્ગમાંથી જ પોતાનાં સામર્થ્ય તથા પ્રેરણા મેળવે છે. પ્રજાના જીવનમાંના એમના સાયુજ્યે કૉંગ્રેસની નિઃસત્ત્વ રાજકીય ઔપચારિકતાઓને પ્રજાની ક્રાન્તિકારી ઝંખનાઓમાં ફેરવી નાખવાને એમને શક્તિમાન બનાવ્યા. તેણે એમની વિચારણાને પશ્ચિમના દાસત્વમાંથી મુક્ત કરી છે અને નવા સામાજિક આદર્શો તથા પદ્ધતિઓ સાથે અખતરા કરવાને તેમને શક્તિમાન બનાવ્યા છે. એથી યે મહત્ત્વનું એ છે, કે તેણે કુંઠિતતા અટકાવીને એમને સતત પરિવર્તન અને વિકાસ પામતા રાખ્યા છે. એને લઇને આમૂલ નિખાલસતા અને અદ્‌ભુત ચૈતન્યે એમના સમગ્ર આચારવિચારને લાક્ષણિકતા અર્પી છે. આજે તેમના ૭૫ મા વર્ષમાં પણ તે એમને સમકાલીન જગતમાં અત્યંત પ્રગતિશીલ અને ક્રાન્તિકારી પરિબળોમાંના એક બનાવી રહે છે.

માર્ગભેદ

લેખક : મહાદેવ દેસાઈ

ગાંધીજી મહાસભાના કાયદેસર સભ્ય તો ન હતા, પણ મહાસભાનું એકે પગલું એવું ન હતું કે જેને માટે તેઓ જવાબદાર ગણાતા ન હતા. દરેક પગલાની પાછળ તેમની સલાહ, તેમનું માર્ગદર્શન હોય જ. ૨૧ મી જૂને વર્ધામાં કાર્યવાહક સમિતિએ જે ઠરાવ કર્યો તે ઠરાવથી તેમનું આ પ્રકારનું માર્ગદર્શન અને મહાસભાનાં નીતિ અને કાર્યક્રમ સાથેની તેમની એકતા બંધ થાય છે. અહિંસાની નીતિ તો કાર્યવાહક સમિતિ સ્વીકારે છે, પણ એ નીતિને ગાંધીજી જેટલે અંશે લઈ જાય છે તેટલે અંશે લઈ જવાની તેમની શક્તિ નથી, ગાંધીજી જેટલે ઊંચે ઊડે છે તેટલું ઊડવાની તેમની શક્તિ નથી, એમ તેમણે જાહેર કર્યું; અને ગાંધીજીને ગળે કાર્યવાહક સમિતિનું દાણું બાંધેલું હતું તે છોડી નાખી તેમને મુક્ત રીતે પોતાના પ્રયોગો કરવા દેવા એવો ઠરાવ કર્યો. દિલ્હીમાં આ સમિતિ એથી કાંઇક આગળ ગઇ એમ કહી શકાય. જોકે એક રીતે તો ગયા વર્ષના સપ્ટેમ્બરમાં લડાઇ શરુ થઇ ત્યારે તેમણે જે ઠરાવ કર્યો હતો, તે ઠરાવના ગર્ભમાં જે હતું તે જ તેમણે સ્પષ્ટ કર્યું એમ કહી શકાય.

પણ આમ હોય તો ગાંધીજીને ખસી જવાનું શું પ્રયોજન હતું, એમ કોઇને થશે. આને માટે વાંચનારે ઇતિહાસનું થોડું પુનરાવર્તન કરવું પડશે. આપણી સ્મૃતિ એટલી ટૂંકી છે કે નજર આગળ બનેલી વસ્તુઓ પણ આપણે ભૂલી જઇએ છીએ.

ગાંધીજીનું પગલું ખરું જોતાં છેલ્લાં વીસ વરસના ઇતિહાસમાંથી ફલિત થાય છે એમ આપણે જોશું. વીસ વરસ ઉપર ગાંધીજીએ જ્યારે હિંદુસ્તાનને સત્યાગ્રહનો પાઠ આપ્યો, ત્યારે તે દેશને માટે નવી વસ્તુ હતી. ગાંધીજીએ પોતે તો તેનો પ્રયોગ દક્ષિણ આફ્રિકામાં કરેલો હતો, અને તેનો વધારે વ્યાપક ક્ષેત્રમાં અહીં પ્રયોગ કરવાનો તેમણે આરંભ કર્યો એમ કહેવાય. પણ સદીઓથી કચડાયલા લોકોને એક નવું શસ્ત્ર મળ્યું, તેઓ જાગ્રત થયા અને નવી દવાની ખુમારીથી તેમણે ન કરવાનાં કામ કર્યાં. ગાંધીજીએ જોયું કે અહીં એમ ઉતાવળે આંબા ન પાકે. હમેશાં અંતર્મુખદૃષ્ટિ રાખીને જોનારા તેમણે લોકોની ભૂલ પોતે ઓઢી લીધી. અને કહ્યું કે “ જે લોકોને આજ્ઞાપાલનની ખબર નથી, તેમની સામે આજ્ઞાભંગની જલદ વસ્તુ મૂકવામાં મારાથી હિમાલય જેવડી ભૂલ થઈ છે. ” લોકો ચમક્યા, ઘણાકને લાગ્યું કે, આવા નેતાની સાથે સંઘ ગોદાવરી ભાગ્યે જ જશે. પણ ગાંધીજીએ થોડા જ દિવસમાં પાછા તેમને આશાનાં કિરણ જોતા કરી મૂક્યા. બારડોલીમાં વ્યાપક સત્યાગ્રહની તેમણે હાકલ કરી, પણ હાકલ કરતાંની સાથે જ તેમને ઈશ્વર તરફથી પાછી ચેતવણી મળી. ચૌરીચૌરામાં કૉંગ્રેસ અને ગાંધીજીને નામે ભારે અત્યાચારો થયા, એટલે ગાંધીજીએ પાછી પીછેહઠ જાહેર કરી. આ લાંબી પીછેહઠ હતી; પણ તેમની પાસે


અખૂટ ધીરજ હતી. તેમણે લોકોની આગળ રચનાત્મક કાર્યક્રમ મૂક્યો. અને તેની તાલીમમાંથી નીકળે તો જ સત્યાગ્રહને માટે તેઓ લાયક થાય એમ એમણે જાહેર કર્યું. પડતાઆખડતા છેક ૧૯૩૦ માં લોકો તૈયાર થયા, અને ગાંધીજીએ મોટો વ્યાપક પ્રયોગ ચલાવ્યો. તેમાં ઠીક ઠીક સફળતા મળી. પણ તેને દાબી દેવા માટે સરકારે વધારે પાકે પાયે કમર કસીને ત્રણ વર્ષમાં દેશને હંફાવ્યો. ફરી પાછું જાહેર કર્યું, "આપણી અહિંસાની કસોટી થઈ છે, અને આપણે એમાં પાર નથી ઊતર્યા. હવે તો સત્યાગ્રહ મને એકલાને કરવા દો."

આ બધાં પગલાં ગાંધીજીને માટે તો અહિંસા તરફની કૂચની એક પછી એક મજલ હતી એમ સમજાશે. ૧૯૧૯ પહેલાં પણ તેમણે સત્યાગ્રહ કરેલો—બિહારમાં. તે વેળા મહાસભાની સાથે તેમને અને દેશને કશો સંબંધ ન હતો. પણ પછી મહાસભા તેમના પ્રયોગોમાં આકર્ષાતી ગઈ. હવે એમની પાસે એ સવાલ આવીને ઊભો રહ્યો કે, આમ મહાસભા પોતાની પાછળ તણાતી જાય છે તે તણાવા દેવી કે મહાસભાને મુક્ત કરવી? કારણ, ઘણાને માટે આખો પ્રયોગ કૃત્રિમ થઈ પડ્યો હતો. અહિંસાનું નામ લેતા હતા, પણ કામ ઊલટાં કરતા હતા. ખાદી અને રેંટિયા વિષે શ્રદ્ધા ન હતી, પણ તે વડે રળી ખાવા માગતા હતા. આપણી રગેરગમાં જો અહિંસા વ્યાપી હોય તો આપણે પાછળ પડવાને બદલે આગળ વધીએ, પણ આપણે તો વીરની અહિંસા કેળવવાને બદલે કાયરના હથિયાર તરીકે એને વાપરી છૂટ્યા હતા. "આના કરતાં હું મારો પ્રયોગ છૂટો થઈને કરું, અને મહાસભાને મારા કચરી નાખતા બોજામાંથી મુક્ત કરું એ સારું ન હોય?" આવા ઉદ્ગારો એમણે ૧૯૩૪ના સપ્ટેમ્બર માસમાં બહાર પાડ્યા, અને જાણે પોતાના કથનની કસોટી તરીકે ૧૯૩૪માં ભરાયેલી મહાસભામાં મહાસભાના બંધારણની પહેલી કલમમાં સુધારો સૂચવ્યો—'શાંતિમય અને કાયદેસર ઉપાયો' શબ્દને બદલે 'અહિંસક અને સત્યમય ઉપાયો' શબ્દ દાખલ કરવાનું સૂચવ્યું. વિષયવિચારિણી સભાએ આ સુધારો ઉડાવી દીધો, અને ગાંધીજીનાં પગલાંની યોગ્યતા સિદ્ધ કરી દીધી. ગાંધીજી મહાસભાના કાયદેસર સભ્ય બંધ થયા.

મહાસભામાંથી નીકળી તેમણે એવા રચનાત્મક કાર્યમાં પોતાનો પૂરો સમય આપવા માંડ્યો કે જેમાં અહિંસા ઝળકતી હોય—હરિજનકાર્ય, ગ્રામોદ્યોગવિકાસ, ગ્રામઉદ્યોગ દ્વારા શિક્ષણ વિ., પોતે હિંદુસ્તાનના એક કનિષ્ઠમાં કનિષ્ઠ ગામડામાં જઈને વસ્યા. આ નવા પ્રયોગો દ્વારા પણ એમણે તો હિંદુસ્તાનને અહિંસાને પંથે આગળ ધપાવવું હતું. ત્રણ વર્ષે આ શાંત પ્રયોગને અંતે મહાસભાએ પ્રધાનપદાં લેવાં કે નહિ એ સવાલ આવીને ઊભો રહ્યો. ગાંધીજી મહાસભાના સલાહકાર તો રહ્યા હતા જ. આ સવાલનો ફડચો કરવામાં તેમની સલાહ પ્રમાણે જ દેશે ચાલવાનો નિશ્ચય કર્યો, અને એમની સલાહને પરિણામે જ મહાસભાવાદીઓએ પ્રધાનપદાં લીધાં.

આ નવો પ્રયોગ આદરતાં ગાંધીજીએ સૌ પ્રધાનોને અને દેશને સંભળાવ્યું કે એ અસાધારણ પ્રયોગ જ્યાં સુધી દેશ પચાવી શકે ત્યાં સુધી ચાલુ રહેશે; નહિ તો છોડવો





પડશે. બ્રિટિશ સરકારનું સ્થાન આપણે લીધું હતું, પણ બ્રિટિશ સરકારનું જોર તો તેનાં લશ્કર અને તલવાર–બંદૂક ઉપર હતું. આપણે તેવું સ્થાન લેવાના હતા; પણ જો આપણે પણ તેમની જેમ તલવાર–બંદૂક ઉપર આધાર રાખીએ, તો બ્રિટિશના કરતાં આપણે શું સારા? સંભવ છે કે છેવટે આપણે તેના જેવા અથવા તેના કરતાં પણ બૂરા નીવડીએ. એટલે આપણે તો લોકોનો પ્રેમ અને મરજી સંપાદન કરીને રાજ્ય ચલાવવાનું છે, શેઠ બનીને નહિ. આટલા પૂરતી તંત્રની લગામ ગાંધીજીએ પોતાના હાથમાં રાખી એમ કહેવાય. લગામ તો પ્રધાનોના હાથમાં હતી, છેવટે મહાસભાના હાથમાં હતી, પણ પ્રયોગ અહિંસાને માર્ગે ચાલે છે કે નહિ એ જોવાનું કામ ગાંધીજીએ પોતાને હસ્તક રાખ્યું, એટલા પૂરતી તેમના હાથમાં હતી.

કસોટીના પ્રસંગો તો એક પછી એક આવવા લાગ્યા. પ્રધાનો ઘણે ઠેકાણે પહોંચી વળતા; પણ કેટલેક ઠેકાણે તેમનું ન ચાલતું, અને ન છૂટકે પોલીસ અને લશ્કરનું શરણું લેવું પડતું. ઑગસ્ટ ૧૯૩૭માં શોલાપુર અને કાનપુરમાં આવા પ્રસંગ આવ્યા. ગાંધીજીએ પોકારીને કહ્યું: "જો આપણે સત્ય અને અહિંસાના આપણા ઠરાવેલા માર્ગથી ચલિત થશું, તો આપણે પ્રધાનપદાં લેવામાં ભારે ભૂલ કરી છે એમ સિદ્ધ થવાનું છે."

૧૯૩૮માં સંયુક્ત પ્રાંતમાં વધારે રમખાણો થયાં. તેને દાબી દેતાં વિલંબ થયો. પ્રધાનોના વિરોધીઓએ કહ્યું: "પ્રધાનોએ શિથિલતા દાખવી છે." પ્રધાનોએ બચાવમાં કહ્યું: "અમે શિથિલતા નથી દાખવી, બીજી કોઈ પણ સરકાર કરતાં વધારે ત્વરાથી અમે રમખાણો શાંત કર્યાં છે." આ બચાવમાં જ આપણી નબળાઈ પ્રતીત થતી હતી. મહાસભાનું રાજ્ય એટલે મહાસભાવાદીઓનું જ રાજ્ય નહિ, પણ મહાસભાવાદીઓના વિરોધીઓનું પણ. રામરાજ્યમાં રામે પોતાની નિંદા કરનારને પણ રીઝવ્યા, એટલે મહાસભાએ વિરોધીઓને પણ રીઝવીને કામ લેવાનું છે, એમ પ્રસંગેપ્રસંગે ગાંધીજી જાહેર કરતા ગયા. પણ તેમનો અંતરાત્મા અધીરો થતો જતો હતો; કારણ, પોલીસ અને લશ્કરની મદદના પ્રસંગ વધતા જતા હતા. ડેલાંગમાં ગાંધી સેવાસંઘની બેઠક થઈ. ત્યાંની એક વાતચીતમાં તેમણે દુઃખથી આ ઉદ્ગારો કાઢેલા: "આ બધાથી મને શરમ થાય છે. મને લાગે છે કે બ્રિટિશનો વિજય થયો અને આપણી હાર થઈ. આપણી અહિંસા કેમ આવે પ્રસંગે પડી ભાંગે છે? એ દૂબળાની અહિંસા છે કે સબળાની? જો એ સબળાની હોય તો આપણામાં એટલું બળ હોવું જોઈએ કે, આપણે કહીએ કે ગુંડાઓ પણ આપણા દેશબંધુઓ છે, એમને અમારા પ્રાણ લેવા હોય તો ભલે લે, અમારે એમના પ્રાણ નથી લેવા."

એ જ અરસામાં એમણે કહેલું: "જ્યાં સુધી આપણા વિરોધીઓના હિતના પણ આપણે પ્રતિનિધિ ન થઈ શકીએ, ત્યાં સુધી બ્રિટિશ સરકારનું સ્થાન લેવાને અને સ્વતંત્ર રાજ્ય તરીકે કામ કરવાને આપણે તૈયાર થઈ શકવાના નથી."

સંઘની સભામાં તેમણે કહેલું: "ધારો કે વાઈસરોય કાલે રાષ્ટ્રપતિને બોલાવે અને પૂછે કે 'મહાસભાની શી માગણી છે?' તો રાષ્ટ્રપતિ કહી શકશે ખરા કે

‘મહાસભા આખો વહીવટ લેવાને તૈયાર છે, બ્રિટિશ ભલે આજે જ ચાલ્યા જાય ?’ તમને લાગે છે ખરું કે આપણે વાઇસરોયને કહી શકીએ કે ‘અમને પોલીસ અને લશ્કર વિના ચાલી શકશે, અને રાજાઓ, જમીનદારો અને મુસલમાનોની સાથે અમે સમજૂત કરી લઈ શકીશું ?’ મને લાગે છે કે આપણામાં એ કહેવાની શક્તિ નથી; અને છતાં આપણામાં સબળાની અહિંસા હોત તો આટલું કરવામાં અને જાહેર કરવામાં આપણને મુશ્કેલી ન આવત.”

આ આપણી અશક્તિ મહાસભાવાદી પ્રધાનોએ રાજીનામાં આપ્યા ત્યારપછી જોઇ શકયા. મહાસભાનાં વિરોધી બળો જે ખળભળી ઊઠ્યાં તે હજી શમ્યાં નથી, અને બ્રિટિશ સરકારને પૂર્ણસ્વરાજ જાહેર કરવામાં આ દુર્ગમ અંતરાય છે એમ કહેવાનું બહાનું મળ્યું છે.

આમ મહાસભાવાદીઓને અવારનવાર ગાંધીજીની ચેતવણી મળતી જતી હતી. ત્યાં સપ્ટેમ્બર ૧૯૩૮ માં ઝેકોસ્લોવેકિયા ઉપર આફત આવી. જર્મની એને હડપ કરી જવાને તૈયાર થયું. બ્રિટિશ અને ફ્રેંચ રાજધુરંધરોએ દોડાદોડ કરી મૂકી. આપણે ત્યાં કાર્યવાહક સમિતિની બેઠક દિલ્હીમાં દિવસો સુધી મળી, અને સૌએ ગાંધીજીને કહ્યું કે, બ્રિટન લડે તોપણ અહિંસા સિવાય આપણો આરો નથી. પણ તે ટાણે બ્રિટન લડયું નહિ, મ્યુનિકમાં બ્રિટિશ અને ફ્રેંચ રાજધુરંધરોએ હિટલરને પ્રણિપાત કર્યા અને યુરોપની શાંતિ ખરીદી લીધી. એટલે આપણા ઉપર ઝઝૂમી રહેલી કસોટી આવતી અટકી. ગાંધીજી જગતને કહી શકયા : “કાર્યવાહક સમિતિએ તો લગભગ ઠરાવ કરી દીધો હતો કે આપણે બ્રિટનની સાથે સોદો નથી કરવો, આપણે તો ઝેકોસ્લોવેકિયાના અને હિંદુસ્તાનના બચાવને માટે અહિંસા જ એક ઉપાય છે, એમ જગતને જાહેર કરવું છે.”

પોતે તો પોતાને માટે જાહેર કર્યું—જે આજે ખરું સિદ્ધ થાય છે—કે, “સરકાર મહાસભાને આખું રાજતંત્ર સોંપી દે તોપણ હિંદુસ્તાનને લડતમાં જોડાવાની સંમતિ મારાથી ન આપી શકાય. અહિંસામાં અસાધારણ અને અશકય શું છે ? શું ૫૦ વર્ષ ઉપર કોઈ કહી શકયું હોત કે વિમાનો–રેલવે જેવાં સામાન્ય થઈ પડશે ? ૩૦ વર્ષ ઉપર કોઈ એમ કહી શકયું હોત કે હજારો સ્ત્રી–પુરુષ અને બાળકો જેલમાં જવાને તૈયાર થશે કે લાઠીમાર વધાવી લેશે ? અહિંસાને માટે અલૌકિક સ્ત્રી–પુરુષોની જરૂર નથી, સામાન્ય માટીનો માનવી એનો પ્રયોગ કરી શકે છે. કાર્યવાહક સમિતિના પંદરેપંદર સભ્યો પોતાની અહિંસાને કસોટીએ ચડાવવાની તૈયારી બતાવશે એવી મેં તો આશા રાખી ન હતી.”

પણ કસોટી આવી નહિ, અને ‘બાંધી મૂઠી લાખની’ વાળી વાત થઈ. ગાંધીજીને અનેક આશાઓ બંધાઈ.

વર્ષ પહેલાં જે લડાઈ આવતી અટકી હતી, તે ૧૯૩૯ ના સપ્ટેમ્બરમાં આવીને ઊભી. પ્રધાનોએ રાજીનામાં આપ્યાં એ તો રૂડું થયું. અનેક આફતોમાંથી આપણને ઈશ્વરે ઉગાર્યા. પણ રાજીનામાં પછી ? રાજીનામાં પાછાં ખેંચી લેવાની શરત અટપટી હતી.

બ્રિટિશ સરકાર હિંદુસ્તાનની સ્વતંત્રતા કબૂલ કરે, અને એ સ્વતંત્રતાને અંગે આજના તંત્રમાં જેટલા ફેરફાર કરવા ઘટે તેટલા કરી નાખે, તો હિંદુસ્તાન સરકારને મદદ આપે, એમ જાહેર થયું. ગાંધીજીએ પ્રથમ બિનશરતી મદદ આપવાનું જાહેર કર્યું હતું. પણ એ મદદ સૈનિકો, ધન, કે બીજી સામગ્રી મોકલીને નહિ, પણ બ્રિટનની સાથે સહાનુભૂતિ દાખવીને આપવાની હતી. આ બિનશરતી મદદ બ્રિટનને પરવડત, પણ સ્વતંત્રતા જાહેર કરવાની શરતે મળતી આ મદદ બ્રિટનને લૂખી લાગી. ગાંધીજી તો જેમજેમ તક આવતી ગઇ તેમતેમ જાહેર કરતા ગયા કે આ નૈતિક મદદ એ આર્થિક મદદના કરતાં વધારે કીમતી છે.

બ્રિટનના પેટનું પાણી હાલતું ન હતું, એટલે આપણે ત્યાં સત્યાગ્રહની વાત ચાલતી હતી. પણ સત્યાગ્રહનું વાતાવરણ ? લોકોને સત્યાગ્રહ કરવો છે, પણ તેને અનુકૂળ વાતાવરણ બનાવવાની પરવા નથી એમ ગાંધીજીને લાગતાં ગાંધીજીએ કાર્યવાહક સમિતિની વિનવણી શરુ કરી કે મને મુક્ત કરો. રામગઢમાં મૌલાના સાહિબને એમણે બહુ વીનવ્યા. "તમે ન જ માનો, તો હું ચાલે છે એમ ચાલવા દઇશ; કારણ, હજુ હું અંતરાત્માની વિરુદ્ધ જઇને કશું કરું છું એમ નથી. પણ મને અતિશય તણાવું પડે છે. મને મુક્ત કરો અને મારો અહિંસાનો પ્રયોગ અલગ થઇને કરવા દો તો સારું," એમ તેમણે કહ્યું. પણ મૌલાનાની તેમને છોડવાની હિંમત ન હતી. આ ન બન્યું એટલે અહિંસાની આકરી શરત તેમણે રામગઢમાં સંભળાવી.

પણ એમનો આત્માનો ખળભળાટ ચાલુ હતો. લડાઇમાં અણીની ઘડી આવીને ઊભી રહી. પૉલૅંડ ગયું, ફિનલૅંડ ગયું, નૉર્વે, હૉલૅંડ, ડૅન્માર્ક, બૅલ્જિયમ અને આખરે ફ્રાન્સની વારી આવી. બધા દેશો પડ્યા. ગાંધીજીની અહિંસા, આ ઘટનાઓથી વધારે સતેજ થતી ગઈ. લડાઈ અહીં આવીને ઊભી રહે તો ? દેશમાં યાદવી જાગે અથવા દેશ ઉપર જાપાન–રશિયા જેવા કોઈ ચડી આવે તો ? ગાંધીજીએ કાર્યવાહક સભાને સંભળાવ્યું કે, "આપણી પાસે બન્ને માટે અહિંસા સિવાય કોઈ સાધન નથી. વીસ વર્ષ થયાં આપણા સ્વયંસેવકોએ અહિંસાની પ્રતિજ્ઞા લીધી છે, તે શું નકામી ? અને વીસ વર્ષ થયાં દેશની આગળ અહિંસા રજૂ કરતા આવ્યા છીએ તે નકામી ? આપણા હાથમાં તંત્ર આવે તો એ નિશ્ચય કરીને જવું કે હથિયારબંધ પોલીસ કે લશ્કરનો ઉપયોગ આપણે નથી કરવો આંતરશત્રુઓની સામે કે નથી કરવો બાહ્યશત્રુઓની સામે. ફ્રાન્સ જેવાં લશ્કરો—જેની ગણતરી યુરોપના ઉત્તમોત્તમ લશ્કરમાં થતી હતી—તેનાં કશાં ગજાં ન રહ્યાં, તો આપણે, જેમને દોઢસો વર્ષ થયાં હથિયારની તાલીમ મળી નથી, તેમનું ગજું શું ? આપણે નાનકડા ક્ષેત્રમાં અહિંસાનો પ્રયોગ કરી બતાવ્યો છે. ભલે તે નબળાની અહિંસાનો હોય, પણ નબળા નબળાની અહિંસક સેનાની સામે હિટલરને વિચારવું પડે." ગમે તેમ હોય, પણ ગાંધીજીને માટે તો વીસ–બાવીસ વર્ષના શિક્ષણને ભૂંસી નાખવું એ થૂંકેલું ગળવા બરોબર છે.

કાર્યવાહક સભા દહાડાના દહાડા બેઠી; ગાંધીજીએ તેમની આગળ પોતાનો આત્મા નિચોવ્યો. તેમણે પણ ગાંધીજીની આગળ પોતાનાં હૈયાં ઠાલવ્યાં. પણ અંતે તેમને

પ્રમાણિકપણે પોતાની નબળાઈ જાહેર કરવી પડી. ગાંધીજીએ કહ્યું: "તમે કર્યું તે બરાબર કર્યું. તમે એમ ન કરત તો તમારું સત્ય લાજત. પણ હું પણ જે કરવા ધારું છું તે ન કરું તો મારું સત્ય લાજે. હું તમારાથી છૂટો પડીને દેશની, મહાસભાની વધારે સેવા કરીશ. આજે તો મને લાગે છે કે દરિયામાં આગ લાગી છે. 'દરિયામેં લગી આગ, બુઝા કોન સકેંગે?' પણ સંભવ છે કે તમને તમારી ભૂલ સમજાશે. મરવાની ઘડી તો હજુ આવે છે—તમે પહોંચી વળશો કે કેમ તે તમે ન કહી શકો, હું ન કહી શકું. મારી સામે બંદૂકની ગોળી ચાલે તેની સામે હું ઊભો રહીશ જ એમ હું શી રીતે કહી શકું? પણ મારો ઊભો રહેવાનો ધર્મ છે એમ તો હું કહું જ. તે જ રીતે તમે પણ કહી શકતા હતા. આજે તો મને લાગે છે કે તમે મરણ આવ્યા પહેલાં મરવા જેવું કરો છો, એ બરાબર નથી. પણ તમને એ ઊગી ન જાય ત્યાં સુધી શું થાય?"

દરમ્યાન ગાંધીજી ધીરજ ધરીને બેઠા છે, અને પ્રાર્થના કરે છે કે, "મારે એકલે હાથે જ પૂર્ણ શ્રદ્ધાથી કામ કરવાનું રહ્યું, કે જેથી આજે જે વસ્તુ હું મારા દેશબાંધવોની આગળ નથી વ્યક્ત કરી શકતો, તે કોઈક વાર આપોઆપ તેમની સમક્ષ પ્રગટ બની જાય. અથવા ઈશ્વરની ઇચ્છા હશે તો તે મારી જીભ ઉપર બંધબેસતો શબ્દ મૂકીને અથવા એવું કોઈ બંધબેસતું કાર્ય કરવાની મને પ્રેરણા કરીને પ્રગટ કરાવશે." આ શબ્દો ૧૯૩૪ માં બોલાયા હતા પરંતુ જાણે હજી ગઈ કાલે જ ન બોલાયા હોય એવા એ શબ્દો છે.

[૧૯૪૦]

સૌથી મહાન ભેટ

લેખક : આર. આર. દીવાકર

ખોજ કરતા અને કંટાળેલા જગતને, માનવજાતની એકમાત્ર આશા સમાન નીવડે તેવા વલણ અને પદ્ધતિની ભેટ આપનાર તરીકે ગાંધીજી પસંદગી પામેલા છે. તેમણે સામાજિક, આર્થિક અને રાજકીય અનિષ્ટો સામે કિન્નાખોરી અને કટુતા વિના લડવાનો એક વિલક્ષણ માર્ગ આપણને દર્શાવ્યો છે. વ્યક્તિગત જીવન ગાળવાની બાબતમાં ગાંધીજી જેટલા જ મહાન અને તેમનાથી વધુ મહાન એવા પુરુષો થઈ ગયા છે, પરંતુ સામાજિક અનિષ્ટોનો સામનો કરવા માટેનું તથા સામાજિક ઘર્ષણો સામે લડવા માટેનું અને તેનો ઉકેલ લાવવા માટેનું અદ્વિતીય હથિયાર માત્ર ગાંધીજી જ ઘડી શક્યા છે, અને આપણને આપી શક્યા છે. સત્યનો આગ્રહ રાખીને અહિંસા કે પ્રેમ દ્વારા અનિષ્ટ પર વિજય પ્રાપ્ત કરવાના તેમના સત્યાગ્રહરૂપી ઉપાયની ભેટ આપવા માટે આપદ્ગ્રસ્ત માનવજાત તેમની ઋણી છે. તેમણે પોતાની અપ્રતિમ વેધકતા અને નિર્ભેળ મૌલિકતા વાપરીને સહન કરવાના પ્રાચીન કાનૂનને અપનાવી લીધો છે, અને તેનો ઉપયોગ હિંસાના સ્થાને કર્યો છે. ધિક્કારને સ્થાને પ્રેમ, ભયને સ્થાને નિર્ભયતા અને ગુપ્તતાને સ્થાને ખુલ્લાદિલી સ્થાપવાનો અને હત્યા કરવાને બદલે જાતે જ મરી ફીટવાનો રાહ તેમણે દર્શાવી આપ્યો છે.

આ નવીન પદ્ધતિ તેમના સત્યમય જીવનમાંથી વિકાસ પામી. છેક બાલ્યાવસ્થાથી જ તેમને સત્ય પ્રત્યે સૌથી ભારે પ્રેમ રહેતો આવેલો છે. જીવના જોખમે પણ સત્યને વળગી રહેનાર પ્રહ્લાદ અને રાજ્યને જતું કરીને પ્રતિજ્ઞાપાલન કરનાર હરિશ્ચંદ્ર ગાંધીજીના બાળપણમાં ગાંધીજીના વીરો હતા. 'સત્યાગ્રહ' શબ્દ ૧૯૦૬માં યોજાયો, પરંતુ તેની પહેલાંના ઘણા લાંબા સમયથી ગાંધીજી અહિંસાના સિદ્ધાંતને અનુસરી રહ્યા હતા અને સત્યાગ્રહી તરીકેનું જીવન ગાળી રહ્યા હતા. તેઓ આત્મકષ્ટ દ્વારા સત્યને વળગી રહેતા હતા. 'અપકારનો બદલો ઉપકારથી વાળો' એ સૂત્રે તેમની કલ્પનાનો કબજો લીધો હતો, અને હાલ પણ તેમને તે પ્રેરણા આપે છે.

ગાંધીજી સર્વ જીવોને એક જુએ છે. તેમને તેમાં જીવનસત્યનું દર્શન થાય છે. અભેદ અને આકર્ષણના સિદ્ધાંત સમાન પ્રેમ, એ જીવનનો કાનૂન છે. તેમને સર્વ પર પ્રેમ છે અને નિરંતર સેવા તથા બલિદાન દ્વારા તેઓ સર્વનું કલ્યાણ કરવા મથે છે. ઘર્ષણનો પ્રસંગ આવે ત્યારે તેઓ સત્યને વળગી રહીને આત્મવેદના આમંત્રી લે છે, પરંતુ બીજાઓને ઇજા કરવાનો વિચાર કદી ય કરતા નથી. કોઇ ભાઈના સ્ખલનને કારણે તેમની સમક્ષ મૃત્યુ આવી પહોંચે તો તેઓ તેને દેહ પર આત્માનો વિજય ગણે છે. વિરોધીઓ સામે પણ તેઓ કદી દ્વેષ રાખતા નથી. પોતાની સત્યતા વિષે તેઓ કદી ય જક પકડતા નથી અને જાતે જ સહન કરી લઈને તેઓ વિરોધીના મનમાં વાજબીપણાની અને ન્યાયની બુદ્ધિને જાગ્રત કરાવવા પ્રયાસ કરે છે.

ગાંધીજીને મૅરિટ્ઝબર્ગમાં પ્રથમ વર્ગના ડબ્બામાંથી અન્યાયી રીતે બહાર કાઢી મૂકવામાં આવ્યા, પૉર્ડબર્ગમાં ગાડીવાને તેમની પર પાશવી હુમલો કર્યો, ડર્બનમાં ગોરાઓનાં ટોળાએ તેમની જિંદગીને ભયમાં મૂકી અને જોહાનિસબર્ગમાં એક ભૂલેલા પઠાણ અનુયાયીએ તેમને લાકડીથી માર્યા, તે સર્વ પ્રસંગોમાં ગાંધીજીનું વલણ અને વર્તન લાક્ષણિક સત્યાગ્રહીને છાજે તેવું હતું. આ અપમાનો અને હુમલા તેમણે દ્વેષ કે વૈરવૃત્તિ રાખ્યા વિના અને અદાલતનો આશ્રય લીધા વિના ધીરજથી સહી લીધાં હતાં. સત્યાગ્રહને સામાજિક શસ્ત્ર બનાવવામાં આ અનુભવોએ તેમને સહાય કરી. ગાંધીજીએ વિચાર કર્યો કે વધુ વ્યાપક એવા સામાજિક ઘર્ષણના ક્ષેત્રમાં પણ આત્મકષ્ટના શસ્ત્રને શા માટે ન વિસ્તારવું? તેમણે અફર નિર્ણય કર્યો. તેમના જાહેર તથા ખાનગી જીવનમાં સત્ય અને અહિંસા તેમના ધ્રુવતારકો બની રહ્યા. સમૂહો ઝઘડતા હોય અને રાષ્ટ્રો લડતાં હોય ત્યારે જૂઠાણાને અને ખૂનને, છેતરપિંડીને અને મુત્સદ્દીગીરીને સદ્ગુણોમાં ખપાવનારી બેધારી નીતિના ધોરણને નિર્મૂળ કરવાનો ગાંધીજીએ પ્રયત્ન કર્યો છે. તેઓ આજે એમ સ્થાપિત કરવા માગે છે કે માત્ર શુદ્ધ સાધનો જ સદ્હેતુ પ્રત્યે દોરી જઈ શકે, શુભ ઇરાદાઓ કાંઈ શુદ્ધ સાધનોનું સ્થાન નથી લઇ શકતા.

દક્ષિણ આફ્રિકામાં ૧૯૦૬માં લડત ચાલી ત્યારથી લગભગ ચાર દાયકા થયા સત્યાગ્રહ ચાલતો રહ્યો છે. તેનો ઇતિહાસ વિવિધરંગી છે. નાના તેમજ મોટા બન્ને પ્રકારના હેતુઓમાં તેનો ઉપયોગ થયો છે. જમીનમહેસૂલમાં ઘટાડો કરાવવા બારડોલી જેવા નાના તાલુકામાં જો સત્યાગ્રહનો ઉપયોગ થયો હતો, તો હિંદની સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે રાષ્ટ્રવ્યાપી ધોરણે પણ તેનો ઉપયોગ થયેલો છે. છેક ૧૯૦૯માં સત્યાગ્રહના સર્જક ગાંધીજીએ કહ્યું હતું કે "ફક્ત ટ્રાન્સવાલમાં આપણાં સંકટો માટે નહિ, પરંતુ હિંદમાં આપણાં દેશબાંધવો વેઠી રહ્યા છે તે સર્વ રાજકીય અને ઇતર ઉપાધિઓ માટે પણ સત્યાગ્રહ, કદાચ ધીમો ઉપાય હશે, તોપણ, તેને જ હું સંપૂર્ણતઃ અચૂક ઉપાય માનું છું." ૧૯૪૩ ના જુલાઇમાં તેમણે કહ્યું હતું કે "છેલ્લાં ૩૮ વર્ષ, જેમાંનાં પહેલાં આઠ વર્ષ દક્ષિણ આફ્રિકામાં ગાળ્યાં હતાં તેનો મારો અનુભવ મને એવી પ્રબળ આશાથી ઓતપ્રોત કરે છે, કે હિંદનું અને જગતનું ભાવિ અહિંસા અખત્યાર કરવામાં રહેલું છે. માનવજાતના પાદાક્રાન્ત થયેલા સમૂહને થયેલા રાજકીય અને આર્થિક અન્યાયોને પહોંચી વળવાને તે સૌથી હાનિરહિત અને તેટલો જ અસરકારક માર્ગ છે." તાજેતરમાં જૂન ૧૯૪૪ માં તેમણે ઉદ્ગારો કાઢ્યા હતા કે "કેટલાક મિત્રોએ મને એમ કહ્યું છે કે રાજકારણમાં અને દુન્યવી વ્યવહારમાં સત્ય અને અહિંસાને સ્થાન નથી. હું તેમાં સંમત થતો નથી. વ્યક્તિગત મુક્તિનાં સાધનો તરીકે મારે મન તે નિરુપયોગી છે. આ સઘળા સમય દરમિયાન તેમને દૈનિક જીવનમાં ઉતારવાનો અને આચરવાનો હું પ્રયોગ કરતો રહ્યો છું. મારું જે કાંઈ સામર્થ્ય હોય તે સંપૂર્ણતઃ એ હકીકતને આભારી છે, કે હું સત્ય અને અહિંસાનો ઉપાસક છું."

આમ સત્યાગ્રહના ઉદયકાળથી માંડીને આજ દિન સુધી ગાંધીજીનું સત્યાગ્રહનું દર્શન એટલું જ સાફ અને સતેજ રહ્યું છે, તેની પ્રત્યેની તેમની શ્રદ્ધા એટલી જ અડગ

રહી છે અને જીવનનાં સર્વ ક્ષેત્રોમાં તેમનો સત્યાગ્રહનો ઉપયોગ એવો જ અવિરત અને અસરકારક રહ્યો છે.

કેવળ રાંક હિંદુ જ આ શસ્ત્રથી નથી લડતો. લડાયક શીખે તેને હોંસપૂર્વક અપનાવી લીધેલું છે, અને તેની સહાયથી લડીને અનેક સામાજિક ઝઘડાઓમાં વિજય મેળવ્યો છે. બંદૂક સાથે જ જન્મેલા કહી શકાય તેવા સરહદના પઠાણને આ શસ્ત્રમાં પોતાના ફિરકાની મુક્તિ દેખાઈ છે. આ નવીન શસ્ત્રની કદર હિંદમાં જ થાય છે તેમ નથી. પ્રત્યેક દેશમાં એવાં હજારો પ્રામાણિક સ્ત્રીપુરુષો છે જેઓ લોહીભીના ઝઘડાઓમાંથી કોઇ બીજો માર્ગ શોધી કાઢવાનું ગંભીરતાપૂર્વક વિચારી રહ્યાં છે. વિનીતો, શાંતિવાદીઓ, યુદ્ધવિરોધીઓ, આંતરરાષ્ટ્રીયતાવાદીઓ, એ સર્વ કોઇક વૈકલ્પિક પદ્ધતિ માટે આતુર છે. છેક ૧૯૧૦માં વિલિયમ જેમ્સે પોતાના 'મૉરલ ઇકિવવેલન્ટ ઑફ વૉર' નામક ગ્રંથમાં આ ઝંખના વ્યક્ત કરી હતી. તેણે કહ્યું હતું કે, "ફક્ત યુદ્ધ જ અત્યાર સુધી લોકસમસ્તને શિસ્તબદ્ધ રાખનારું બળ રહ્યું છે, અને તેની બરોબરી કરનારી બીજી પદ્ધતિ યોજાશે નહિ ત્યાં સુધી, હું માનું છું કે, યુદ્ધ પોતાની રીતે ચાલ્યા જ કરશે. સામાન્ય મનુષ્યનું સામાન્ય અભિમાન અને શરમ એક વાર ચોક્કસ કક્ષાની તીવ્રતાએ પહોંચે, તો મેં જેની રૂપરેખા દોરી છે તેવી, યુદ્ધનું સ્થાન લેનારી નૈતિક પદ્ધતિ તેમાંથી યોજાશે; અને મનુષ્યની મર્દાનગીને જાળવી રાખવા માટે તે યુદ્ધ જેવી જ અસરકારક હશે તે વિષે મને કશી જ શંકા નથી." પાછળથી વૉલ્ટર લીપમૅન એવા જ ધ્વનિમાં લખે છે કે "લશ્કરી સદ્ગુણોનું સ્થાન લેનારી પદ્ધતિ સૂચવવી એ પૂરતું નથી. લશ્કરી પદ્ધતિઓ અને ધ્યેયોની બરોબરી કરનારી અન્ય પદ્ધતિ યોજી કાઢવી તે વિશેષ મહત્ત્વનું છે. યુદ્ધ એ માત્ર વ્યક્ત થવા મથતા અમુક આત્મલક્ષી આવેશોનું જ પ્રકટીકરણ નથી. યુદ્ધ તો માનવજાતને સ્પર્શતા મહાન નિર્ણયો કરવાના માર્ગોમાંનો એક માર્ગ પણ છે. તે જો ખરું હોય તો અત્યાર સુધી યુદ્ધથી નક્કી કરાતા એ મુદ્દાઓનો નિર્ણય કરવા અન્ય માર્ગો શોધી કાઢવામાં આવે તે પર જ યુદ્ધની નાબૂદીનો મુખ્ય આધાર રહેશે."

યુદ્ધની બરોબરી કરનાર નૈતિક પદ્ધતિ હોવાનો દાવો સત્યાગ્રહ ખુશીથી કરી શકે તેમ છે. હિંદની સ્વતંત્રતાની ઝુંબેશને લાગેવળગે છે ત્યાં સુધી ગાંધીજીએ વારંવાર કહ્યું છે કે સત્યાગ્રહ સંપૂર્ણતઃ સશસ્ત્ર બળવાના અવેજ સમાન છે. અને સત્યાગ્રહ એવો જ પુરવાર થયો છે. હિંદના રણક્ષેત્રમાં જો સત્યાગ્રહ ન હોત તો હિંદના સ્વાતંત્ર્યપ્રેમીઓ હિંસાથી સ્વાતંત્ર્ય મેળવી ચૂકેલા ઇતર દેશોના માર્ગે જ વળ્યા હોત. ઇતર દેશો પરત્વે પણ કહેવું જોઇએ કે, જો પરસ્પર કતલ અટકવાની હોય તો તેમણે યુદ્ધનું સ્થાન લેનાર અન્ય પદ્ધતિ ટૂંક સમયમાં શોધી લેવી પડશે. નિદાન હાલની પળે તો હિંસાનું સ્થાન લેવા સત્યાગ્રહ સિવાય કોઈ પણ અન્ય પદ્ધતિ નથી.

યુદ્ધ અને સત્યાગ્રહ વચ્ચેની સરખામણી બોધક અને રસદાયક છે. બન્ને સીધા પ્રતિકાર છે. બન્નેનો ઉપયોગ અંતિમ આલંબન તરીકે થાય છે. બન્નેનું ધ્યેય આખરી નિર્ણય કરાવવાનું હોય છે અને બન્નેમાં પક્ષોને પોતાનું સર્વસ્વ હોડમાં મૂકી દેવાનું હોય છે. બન્નેમાં ફરજ પાડનારું તત્ત્વ હોય છે. વીરતા, બલિદાન, સાહસનો જુસ્સો અને

સહનશક્તિની જરૂરિયાત બન્નેમાં એકસરખી હોય છે. બન્ને સર્વોચ્ચ પ્રયાસ માગી લે છે, અને શહાદતની કીર્તિ તરફ દોરી જાય છે. આટલેથી સામ્ય પૂરું થાય છે. યુદ્ધ શારીરિક બળ દ્વારા ફરજ પાડવાનો યત્ન કરે છે: સત્યાગ્રહનું લક્ષ્ય નૈતિક દબાણ દ્વારા પલટો કરાવવાનું કે ફરજ પાડવાનું હોય છે. યુદ્ધ, વિરોધીના ખમીર પર ભય દ્વારા આક્રમણ કરે છે, સત્યાગ્રહ, વિરોધીની નૈતિક ભાવનાને આત્મકષ્ટ દ્વારા જાગ્રત કરે છે. યુદ્ધ, દુશ્મનના વિનાશ કે શરણાગતિની માગણી કરે છે, સત્યાગ્રહ, નુકસાન નહિ કરવાની તથા 'જીવો અને જીવવા દો'ની હિમાયત કરે છે. યુદ્ધમાં બન્ને પક્ષો માટે અપરંપાર યાતનાઓ સમાયલી હોય છે, સત્યાગ્રહ કેવળ એક જ પક્ષ માટે યાતના વહોરી લે છે, જે યુદ્ધ કરતાં નિઃસંશય ઘણી ઓછી હોય છે. યુદ્ધ અંધ તાકાતને જાગ્રત કરે છે, સત્યાગ્રહ હૃદય દ્વારા ન્યાયબુદ્ધિને જાગ્રત કરે છે. યુદ્ધ અનૈતિક હેતુઓ માટે ખેલી શકાય, સત્યાગ્રહ કેવળ ન્યાયી અને નૈતિક ધ્યેયોને હાથ ધરી શકે. યુદ્ધ પોતાની પાછળ ધિક્કાર, ક્રોધ અને વેરનો વારસો મૂકી જાય છે, જ્યારે સત્યાગ્રહ માટે તે નકામાં છે. યુદ્ધ માનવજાતને પાશવી બનાવે છે, સત્યાગ્રહ તેને શિક્ષા કરીને સુધારે છે. ઘણી વાર એક જ મનુષ્ય, કે શરીરે નિર્બળ હોય તેવો પક્ષ સત્યાગ્રહ કરીને વિજયી નીવડવાની આશા રાખી શકે છે. જ્યારે યુદ્ધમાં કાંઈ નહિ તો બરોબરિયા શારીરિક બળની જરૂર પડે છે. શ્રી. સી. એફ. એન્ડ્રુઝ યુદ્ધના મુકાબલામાં સત્યાગ્રહને ક્રિશ્ચિયન પદ્ધતિ કહે છે. ગાંધી માનવજાતને એ જ સાદો પાઠ શીખવવા માગે છે. સી. ઈ. એમ. જોડે વાજબી રીતે કહ્યું છે કે "ગાંધી એક નૈતિક પ્રતિભા છે અને તેમની પદ્ધતિ આગામી પેઢીઓને વારસારૂપ છે. ઝઘડાઓની પતાવટ માટે તેમણે એવી પદ્ધતિ જાહેર કરી છે કે જે બળની પદ્ધતિની ઉપરવટ થવાનો સંભવ છે એટલું જ નહિ, પરંતુ વિનાશની કળામાં મનુષ્યં વધુ બળવાન થતો જાય ત્યારે જો સંસ્કૃતિ ઊગરી જવાની હોય તો આ પદ્ધતિ તેની ઉપરવટ થવી જ જોઈએ."

ગાંધીજી માટે સત્ય એ ઈશ્વર છે અને અહિંસા અથવા પ્રેમ તેને શોધવાનો માર્ગ છે. આ બે વાસ્તવિકતાઓ અને સાધન તથા સાધ્ય તરીકેનો તેમનો પરસ્પર સંબંધ સમજીએ તો, સત્યાગ્રહનું તત્ત્વજ્ઞાન સહેલાઈથી સમજી શકાય છે. સત્યાગ્રહ સત્યને કર્મ દ્વારા વ્યક્ત કરવાનો યત્ન કરે છે. તેના ઉચ્ચારણ કરતાં તેના આચરણમાં એ વિશેષ પ્રવૃત્ત રહે છે. નિરુપાય નિષ્ક્રિયતાને કે ઉચ્ચ તાબેદારીને તે કદીય અહિંસાના નામ હેઠળ પસાર થવા દેતો નથી. ગાંધીજીના ધ્વજ હેઠળ નામર્દોને સ્થાન નથી. તેમ જ ગાંધીજીની શાંતિપ્રિયતાને ક્રિયાશૂન્યતા લેખવાની ભૂલ પણ ન જ કરવી જોઈએ.

સત્યાગ્રહ એ ગાંધીજીએ અર્પેલી સૌથી મોટી ભેટ છે. રોમાં રોલાં કહે છે તેમ "માનવજાતનું હિંસા સિવાય રૂપાંતર કરવાને મિ. ગાંધીનો સત્યાગ્રહનો પ્રયોગ એ હાલ જગતમાં અસ્તિત્વ ધરાવનાર એકમાત્ર તક છે. તે જો નિષ્ફળ નીવડશે, તો માનવજાતના ઇતિહાસમાં હિંસા વિના બીજો કોઈ નિકાલનો માર્ગ બાકી રહેશે નહિ. એ કારણથી જ સામાજિક સુસંવાદિતા અને શાંતિની ભાવના હૈયે રાખનારા સર્વ માણસોએ હિંદને પોતાની સમગ્ર તાકાતથી સહાય કરવી જોઈએ."

અસહકારનો જન્મ

લેખક : સૈયદ અબ્દુલા બ્રેલવી

આજે મહાત્મા ગાંધી હિંદના વિવાદાતીત નેતા છે. આપણામાંના ઘણાખરાનાં માનસ અને હૃદય ઉપરના એમના પ્રભુત્વથી આપણે એટલા બધા ટેવાઈ ગયા છીએ કે એમની નેતાગીરીને આપણે માન્ય જ કરી લીધેલી છે. અને આ દેશના રાજકીય જીવનમાં એમણે જે ક્રાન્તિ આણી છે તેની સાચી અન્તર્ગત બાબતની જાણ આ જમાનાના બહુ થોડા માણસોને જ હશે. આપણામાનાં જે લોકો આ સૈકાના પ્રારંભનાં વર્ષોમાંથી પસાર થયા છે તેઓને કદાચ એ ક્રાન્તિની અન્તર્ગત બાબતનો કાંઇક ખ્યાલ હશે.

એ સમય દરમ્યાન ફિરોઝશાહ મહેતા રાજકીય હિંદના બેતાજ પાદશાહ હતા. કૅાંગ્રેસની વિચારણાઓમાં એમનો અવાજ નિર્ણયાત્મક હતો. ગોખલે જેઓ આ સમયની બીજી મહાન વ્યક્તિ હતા. તેઓ ફિરોઝશાહના અનિવાર્ય અનુગામી જણાતા હતા. બીજા પણ કેટલાક હતા, જેઓ રાજકીય ભૂમિકા ઉપર અધિરાજ્ય ભોગવતા હતા—વકતા સુરેન્દ્રનાથ બેનરજી, રણકદાર વાગ્વૈભવી માલવિયા, 'ઉદ્દામ' આવેશી દીનશા વાચ્છા, અને 'ઉદ્દામ' ત્રિપુટી—લાલ, બાલ અને પાલ—(લાલા લજપતરાય, બાલ ગંગાધર તિલક અને બિપિનચંદ્ર પાલ). પણ ફિરોઝશાહ મહેતા અને તે સમયના કૅાંગ્રેસી નેતાઓ ખાસ કરીને બંધારણવાદીઓ હતા. એ સાચું છે કે લાલા લજપતરાયને બર્મામાં દેશનિકાલ કરવામાં આવ્યા હતા. અને લોકમાન્ય તિલકને અનેક વખત સજાઓ થઈ હતી, જેમાંની છેલ્લી સજા છ વર્ષની હતી. પણ હજી સુધી રાજકીય ધ્યેય સિદ્ધ કરવા માટે બંધારણ સિવાયના સામુદાયિક પગલાનો ખ્યાલ જન્મ્યો પણ નહોતો. કૅાંગ્રેસે નોંધપાત્ર રાજકીય જાગ્રતિ આણી દીધી હતી.

દાદાભાઈ નવરોજીએ ૧૯૦૬ માં કલકત્તાની કૅાંગ્રેસ વખતે સ્વરાજનો મંત્ર પોકાર્યો હતો. તિલકે કેદીના પાંજરામાંથી એવી જાહેરાત કરી હતી કે જો જેલમાંની મારી યાતનાથી દેશના ધ્યેયની સેવા થતી હોય તો હું આનંદપૂર્વક એ યાતના સહન કરીશ. અને પહેલા વિશ્વવિગ્રહ દરમ્યાન એમની, શ્રીમતી બિસેન્ટની, અને બીજાઓની દોરવણી હેઠળ ચાલેલી હોમરૂલની ચળવળે લોકોના બેમર્યાદ ઉત્સાહને જાગ્રત કર્યો હતો. પણ સ્વરાજના મંત્રને વાસ્તવિક બનાવવા માટે એમાં યોગ્ય પગલાની ખામી હતી. તિલક, લજપતરાય અને બીજાઓએ આપેલા ભોગની પ્રશંસા કરવામાં આવી. પણ એનું અનુકરણ કરવામાં ન આવ્યું. અને હોમરૂલની ચળવળનું દબાણ કાંઇ એટલું બધું મજબૂત નહોતું, કે નોકરશાહી, પ્રજાની ઇચ્છાશક્તિ આગળ નમતું આપે. ક્રાન્તિકારી પ્રયાસ માટેનાં સાધનોનો અભાવ હતો એવું કાંઈ નહોતું. 'લોકશાહી માટે જગતને ઉગારવા'માં, અને નાના તેમજ મોટા પ્રત્યેક રાષ્ટ્રના આત્મનિર્ણયના હક્કને સિદ્ધ કરવા માટે યુદ્ધ ખેલવામાં

મદદ કર્યા પછી હિંદના લોકોનો ભ્રમ કટ્ટર રીતે ભાંગી ગયો હતો. ઈતિહાસમાં ભાગ્યે જ કોઈ પ્રજાને થયું હશે એટલું બધું અપમાન પંજાબમાં લશ્કરી કાયદાના અત્યાચારોથી તેઓને થયું હતું. તુર્કીને તોડી નાખવાને અને પાકભૂમિ ઉપર પરદેશી વર્ચસ્વ લાદીને જે વિશ્વાસભંગ કરવામાં આવ્યો હતો તેથી મુસ્લિમોનાં હૃદય ચિરાઈ ગયાં હતાં. પ્રજાની ધીરજનો અંત આવ્યો હતો, અને તેઓનો રોષ પ્રકટી ઊઠયો હતો. પગલું ભરવા તેઓ તૈયાર હતા. નિઃશસ્ત્ર હોવાથી તેઓનાં પગલાંએ અસંગઠિત હિંસાનું સ્વરૂપ લીધું હોત અને સરકારની સંગઠિત હિંસાને કારણ આપ્યું હોત. હિંદ તેમજ જગતને સદ્ભાગ્યે પ્રજાને ગાંધીજી નેતા તરીકે સાંપડયા અને તેઓની અવ્યક્ત વેદનાને યોગ્ય પગલામાં વ્યક્ત કરવા માટે જરૂરનું હથિયાર સત્યાગ્રહમાં મળી આવ્યું.

હિંદી પ્રજાએ પોતાના નેતાની દોરવણી હેઠળ આ હથિયાર કેવી રીતે વાપર્યું તે વિશે ઘણી વાર કહેવામાં આવ્યું છે. મુંબઇના ગવર્નર સર જ્યોર્જ લોઇડને એવો સ્વીકાર કરવો પડ્યો હતો કે પહેલા અસહકારની લડત લગભગ સફળ થઈ હતી. સર જ્યોર્જ એક એવા ગવર્નર હતા જેમણે આ લડતને ચગદી નાખવા ખૂબ જ જહેમત ઉઠાવી હતી. અલીભાઇઓ, બીજા ખિલાફતી આગેવાનો તેમજ મહાત્મા ગાંધીની ગિરફતારી માટે મોટેભાગે તેઓ જ જવાબદાર હતા. એમના તરફથી આ ચળવળને જે અંજલિ મળી છે, તેનાથી એવી હકીકત બહાર આવે છે કે, દુનિયાના ઇતિહાસમાં પહેલી જ વાર એક રાષ્ટ્રને હિંસક સાધનોનો આશરો લીધા સિવાય જ પોતાની મુક્તિ મેળવવામાં લગભગ સફળતા મળી હતી.

ગાંધીજીના કેટલાક ટીકાકારોએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે ગાંધીજીએ પોતાને અને કૉંગ્રેસને ખિલાફત ચળવળ સાથે એક કરવામાં મોટી ભૂલ કરી હતી, અને હિન્દુ–મુસ્લિમ–પ્રશ્નની અત્યારની મુશ્કેલીઓ અને જટિલતાઓનું કારણ આ 'ભૂલ' હોવાનું તેઓએ જણાવ્યું છે. આમ છતાં આ ટીકાકારો ભૂલી જાય છે કે ખુદ અસહકારની લડત પોતે જ ખિલાફત ચળવળમાંથી જન્મી છે. ૧૯૨૦ ના માર્ચની ૧૦ મી તારીખે બહાર પાડેલી જાહેરાતમાં મહાત્મા ગાંધીએ પહેલી જ વાર અસહકારની પોતાની યોજનાઓનો તથા તેના નજીકના પ્રેરણાસ્થાનનો નિર્દેશ કર્યો હતો. એમણે એ જાહેરાતમાં જણાવ્યું હતું કે "આપણા માટે અસહકારનો ઇલાજ બાકી રહ્યો છે. એ સૌથી વધુ સ્પષ્ટ ઇલાજ છે, તેમજ સૌથી વધુ અસરકારક છે; અને તે તમામ હિંસામાંથી તદ્દન મુક્ત છે. જ્યારે સહકારનો અર્થ પતન, અગર તો અપમાન, અગર તો આપણી પ્રિય ધાર્મિક લાગણીને હાનિરૂપ થતો હોય ત્યારે આ ઉપાય કર્તવ્ય બને છે. મુસ્લિમોને માટે જે જીવનમરણની બાબત છે તે હક્કો, ગેરવાજબી રીતે છીનવી લેવામાં આવે, તેને સેંઢાની માફક આપણે તાબે થઇશું એવી આશા ઇંગ્લેંડ રાખી શકે નહિ." ૧૯૨૦ ના મેની ૧૪મી તારીખે તુર્કી સાથેની સુલેહની શરતોની પ્રસિદ્ધિએ મુસ્લિમ આલમમાં રોષ ઉત્પન્ન કર્યો. ૧૯૨૦ ના મે ની ૨૮ મીએ મુંબઈમાં ખિલાફત કમિટી મળી અને અસહકારનો કાર્યક્રમ અપનાવ્યો. ડૉ. પટ્ટાભિ સીતારામૈયા પોતાના "કૉંગ્રેસના ઇતિહાસ" માં લખે છે

કે, "લગભગ આ વખતે જ ગાંધીએ અસહકારનો પ્રશ્ન જે અત્યાર સુધી તો મુખ્યત્વે કરીને ખિલાફત ચળવળ સાથે જ સંબંધ ધરાવતો હતો તેને અલ્લાહબાદ ખાતે ૧૯૨૦ના જૂનની બીજી તારીખે મળેલી સર્વપક્ષી નેતાપરિષદ સમક્ષ રજૂ કરવાનો નિર્ણય કર્યો. આ પરિષદમાં અસહકારની નીતિ નક્કી કરવામાં આવી અને કાર્યક્રમ ઘડી કાઢવા માટે ગાંધી અને કેટલાક મુસ્લિમ આગેવાનોની બનેલી કમીટીની નિમણુક થઈ. કમિટીએ પોતાનો કાર્યક્રમ પ્રસિદ્ધ કર્યો, જેમાં શાળા, કૉલેજો અને અદાલતોના બહિષ્કારનો સમાવેશ થતો હતો. ખરી રીતે તો ૧૯૧૯ ના નવેમ્બરમાં દિલ્હી ખાતે મળેલી અખિલ હિંદ ખિલાફત પરીષદે ગાંધીજીની સલાહથી સરકારને સહકાર ન આપવાનો નિર્ધાર કર્યો હતો. કલકત્તા અને અન્ય સ્થળની મુસ્લિમ સભાઓમાં, તેમજ ૧૯૨૦ ના એપ્રિલની ૧૭ મીએ મદ્રાસ ખિલાફત પરિષદમાં આ નિર્ણયનું પુનરૂસમર્થન કરવામાં આવ્યું હતું."


મદ્રાસની ખિલાફત પરિષદમાં અસહકારની પ્રગતિશીલ યોજનાની વધુ વ્યાખ્યામાં ઇલકાબો, કાઉન્સિલોમાંના હોદ્દાઓ અને સભ્યપણાનો તથા પોલીસ અને મિલિટરીમાંની નિમણૂકોનો ત્યાગ અને કર આપવાના ઇનકારનો સમાવેશ કરવામાં આવ્યો. આમ એ સ્પષ્ટ છે કે ગાંધીજીએ વહેતી મૂકેલી અસહકારની લડતની મૂળભૂત ઉર્મિ ખિલાફતની ચળવળમાંથી આવી હતી. ફરીને ડૉ. પટ્ટાભિ સીતારામૈયાના "કૉંગ્રેસનો ઇતિહાસ" માંથી અવતરણ આપીએ તો "૧૯૨૦ ના ઉનાળા સુધીમાં ખિલાફત, પંજાબનો અન્યાય, અને અધૂરા સુધારાના અદૃશ્ય પ્રવાહની 'ત્રિવેણી' છલોછલ ઊભરાઈ, અને એના સંગમે રાષ્ટ્રીય અસંતોષના ઝરણાને કદ અને સંપર્કથી સમૃધ્ધિ બનાવ્યું. ખુદ લોકમાન્યે પણ અખિલ હિંદ મહાસમિતિના નિર્ધાર મુજબ વર્તવાનું વચન આપ્યું." અસહકારના કાર્યક્રમની રીતસરની પ્રારંભવિધિ ઑગસ્ટની પહેલી તારીખ—જે દિવસે લોકમાન્યનું અવસાન થયું તે દિવસે થઈ, અને કલકત્તા ખાતે સપ્ટેમ્બરમાં મળેલા કૉંગ્રેસના ખાસ અધિવેશને ૧૮૮૬ વિરુદ્ધ ૮૮૪ મતે એવો ઠરાવ પસાર કર્યો કે જ્યાં સુધી ખિલાફત અને પંજાબના અન્યાયને સુધારવામાં નહિ આવે તથા સ્વરાજની સ્થાપના કરવામાં ન આવે ત્યાં સુધી મહાત્મા ગાંધીએ શરુ કરેલા પ્રગતિશીલ અસહકારની નીતિ અપનાવ્યા સિવાય હિંદી પ્રજા પાસે બીજો કોઇ માર્ગ રહેતો નથી. એજ વર્ષના ડિસેમ્બરમાં કૉંગ્રેસના નાગપુર ખાતેના અધિવેશનમાં પ્રતિનિધિઓની જંગી બહુમતીએ અસહકારના ઠરાવનું પુનરૂસમર્થન કર્યું હતું. નાગપુર કૉંગ્રેસ આધુનિક હિન્દના ઇતિહાસનું પરિવર્તક ચિહ્ન છે—જે વખતે હિન્દની પ્રજાએ આઝાદીની લડતને પોતાની બનાવવાનો નિર્ધાર કર્યો.

ગાંધીજીએ પોતાને અને કૉંગ્રેસને ખિલાફત ચળવળ સાથે જોડી દેવાનો નિર્ણય કર્યો ન હોત તો કૉંગ્રેસે અસહકારના કાર્યક્રમને મંજૂરી આપી હોત કે નહિ તે કહેવું મુશ્કેલ છે. પણ એ વાતનો ઇનકાર થઇ શકે તેમ નથી કે ખિલાફત ચળવળ અસહકારની લડતનું ઉદ્‌ભવસ્થાન હતી. અને દેશની રાજકીય પરિસ્થિતિ એવી હતી કે ગાંધીજી અને કૉંગ્રેસને માટે એની સાથે એકરૂપ ન થવું એ અશક્ય હતું, અને આનું કારણ સ્પષ્ટ જ હતું.

તમામ હિન્દીઓ પછી તેઓ ખિલાફત અગર તો પંજાબના અન્યાયને સુધારવા માગતા હોય—પણ તે બધાને ખાતરી થઈ ગઈ હતી કે સ્વરાજની પ્રાપ્તિ એ એક જ માર્ગ છે, અને સ્વરાજના આગમનને ઝડપી બનાવવા માટે ગાંધીજીએ માગેલાં બલિદાનો છેવટની હદ સુધી આપવા તેઓ તૈયાર હતા. હિંદુઓ અને મુસ્લિમોએ અગાઉ કદી ન બન્યું હોય એમ ખભેખભા મિલાવીને લડત ચલાવી. ગાંધીજીને બાદ કરીએ તો, આવો સુખદ સહકાર ઊભો કરવા માટે બીજા બધા કરતાં વધુ જવાબદાર બે આગેવાનો—તે અલીભાઈઓ હતા.

તે વખતના હિંદના વાઈસિરોયે અસહકારની લડતને "તમામ મૂર્ખ યોજનાઓમાં સૌથી વધુ મૂર્ખ" તરીકે ગણાવી હતી. પણ તરત જ એમને અને એમના જેવો અભિપ્રાય ધરાવનારા બીજાઓને ખબર પડી કે આ લડતે તો દેશમાંના બ્રિટીશ સામ્રાજ્યના પાયા હલાવી નાખ્યા છે, અને 'લગભગ સફળ બનવા આવી' છે. એ લડતે એથી પણ વધુ કર્યું. એણે રાષ્ટ્રીય ધ્યેયો પ્રાપ્ત કરવાના સાધન તરીકે અહિંસાની અમાપ અન્તગર્ત શક્તિઓ ઉદાસીન જગતને બતાવી આપી. ૧૯૨૩ની કોકોનાડ કૉંગ્રેસના પ્રમુખપદેથી બોલતાં મૌલાના મહમદઅલીએ પ્રથમ અસહકારની લડતની પ્રાપ્તિઓનો સારાંશ નીચેના શબ્દોમાં આપ્યો હતો: "અસહકારના ઉદય પછી હિંદી પ્રજાએ જેટલી તીવ્ર રીતે લાગણીઓ અનુભવી છે તેટલા બધા પ્રમાણમાં હિન્દના ઇતિહાસમાં અગાઉ તેણે કદી અનુભવી નથી; અને અજાયબીની વસ્તુ એ નથી કે લોકોનો આવેશ આટલી બધી ખૂનરેજીમાં પરિણમ્યો, પણ આટલી બધી ઓછી ખૂનરેજીથી હિંદના પુરુષાતનનું સફળતાપૂર્વક પુનરુત્થાન થયું એ અજાયબી છે. માનવજાતના ઇતિહાસમાં જ્યાં કરોડો લોકોને પોતાની આઝાદી માટે ખડા કરવામાં આવ્યા હોય અને મહાત્મા ગાંધીની આગેવાની હેઠળ હિંદી પ્રજા જેટલી શાન્ત રહી તેટલા બધા પ્રમાણમાં તેઓ શાન્ત રહ્યા હોય એવો બીજો કોઈ દાખલો બતાવવાનો હું કોઇને પણ પડકાર આપું છું." આવું કૌતક મહાત્મા ગાંધીએ કર્યું હતું. એમણે લોકોને એવી અડગ શ્રદ્ધાની પ્રેરણા આપી હતી કે એમની આગેવાની હેઠળ જગતની કોઇ પણ શક્તિ તેમની અને તેમના દેશની મુક્તિની વચ્ચે ઊભી રહી શકે તેમ નથી. એ મૌલાના મહમદઅલી જ હતા, જેમણે દેશની લડતને સંક્ષિપ્તમાં બ્રિટિશ સરકાર સાથે ઓછામાં ઓછા સહકાર અને હિંદી પ્રજામાં વધુમાં વધુ સહકારના સમન્વય તરીકે વર્ણવી હતી. પ્રથમ અસહકારની લડતનો એ નોંધપાત્ર બોધપાઠ હતો.







સરહદની ક્રાન્તિ

લેખક : ખાનસાહેબ

પઠાણ એ બહાદુર અને નિર્ભય આદમી છે અને મહાત્મા ગાંધી પ્રત્યે એ આકર્ષાયો હોવાનું કારણ એ છે કે તેઓ જગતમાં સૌથી બહાદુર અને સૌથી નિર્ભય છે. દક્ષિણ આફ્રિકામાં રહેલા થોડાઘણા પઠાણોમાંથી ગાંધીજીને મિત્રો હતા અને એમાંના કેટલાક તેમના અસીલ હતા. પઠાણોએ સત્યાગ્રહની ચળવળમાં પૂરેપૂરો ભાગ લીધેલો અને એમાંના કોઇએ કાળા કાયદાને નમતું નહોતું આપ્યું. જનરલ સ્મટ્સ સાથેના પ્રથમ સમાધાન અન્વયે ગાંધીજીએ ઈ. સ. ૧૯૦૮ માં મરજિયાત નામનોંધણીની હિમાયત કરેલી ત્યારે કેટલાક હિંદીઓએ તેનો વિરોધ કરેલો અને કેટલાક પઠાણોને પોતાના પક્ષમાં લીધેલા. એક દિવસ ગાંધીજી જ્યારે નામનોંધણીના દફતરે જતા હતા ત્યારે એમના એક જૂના અસીલ મીર આલમ તથા તેના જોડીદારોએ તેમના પર લાઠીપ્રહાર કર્યો. ગાંધીજી જમીન પર પડી ગયા. તેમણે એમને વધુ ગડદાપાટુ માર્યાં. ગોકીરાને લઇને ત્યાંથી પસાર થતો એક યુરોપિયન એ ભણી વળ્યો અને મીર આલમ તથા તેના જોડીદારોને પકડીને પોલીસને હવાલે કરવામાં આવ્યા. ગાંધીજી ભાનમાં આવ્યા ત્યારે તેમને હવે કેમ હતું એવો પ્રશ્ન કરવામાં આવ્યો. પરંતુ એમને તો સૌ પહેલો વિચાર મીર આલમનો આવ્યો. મીર આલમની બીજાઓ સાથે ધરપકડ કરવામાં આવેલી એવું જ્યારે એમને કહેવામાં આવ્યું ત્યારે ગાંધીજીએ કહ્યું: " તેમનો છૂટકારો થવો જોઇએ," અને એડ્વોકેટ–જનરલને એવો તાર કર્યો કે પોતે મીર આલમ તથા બીજાઓને પોતાના પરના હુમલાના અપરાધી નથી ગણતા, અને એમના સામે કામ ચાલે એવું તો કોઈ રીતે નથી ઇચ્છતા. મીર આલમ ત્યાર પછી ગાંધીજીનો મિત્ર બની રહ્યો.

હિંદી જનસમાજને કરેલા એક નિવેદનમાં ગાંધીજીએ જણાવ્યું: " હુમલો મુસલમાન અથવા મુસલમાનો દ્વારા થયેલો, એ જોતાં હિંદુઓને કદાચ આઘાત થવા પામે. જો એમ જ હોય તો તેઓ જગતની અને પોતાના સ્રષ્ટાની નજરે ખોટું કરશે. એથી ઊલટું, મારી તો એવી હૃદયપૂર્વક પ્રાર્થના છે કે આજે રેડાયેલું લોહી બંને કોમોને અવિચ્છેદ્યપણે એકબીજી સાથે જોડે. પ્રભુ એ બર આણે."

ગાંધીજીની બહાદુરી અને આત્મભોગના આ પગલાએ હિંદમાંના પઠાણો પર પણ અસર કરી અને આપણને આપણા લક્ષ્ય ભણી દોરી જનાર ખરેખરી વ્યક્તિ એ જ હતી એમ એમને થયું. એને લઇને પઠાણો ગાંધીજીના મિત્રો અને અનુયાયીઓ બન્યા. અહિંસાની સમજણ એ પઠાણોને માટે એક અજાણી ચીજ છે; છતાં ધીમે ધીમે તેઓ તે સમજતા થયા છે.

મારા ભાઈ બાદશાહખાન (સરહદના ગાંધી) ગાંધીજીના સંપર્કમાં આવ્યા એ ઈ. સ. ૧૯૨૦ માં કલકત્તા મુકામે ભરાયેલા કોંગ્રેસના અધિવેશન સમયે. જોકે હું તો એમને અંગત રીતે ઓળખતો થયો તે ઈ. સ. ૧૯૩૩ માં મારી જેલમુક્તિ પછી જ. ઈ. સ. ૧૯૩૦ નું વર્ષ ગાંધીજી અને કૉંગ્રેસ સાથે સરહદની પ્રજાના વધારે નજીકના સંપર્કથી અંકિત થયું છે.

સવિનયભંગની શરુઆત થઇ ત્યારે સરહદ પ્રાંતની સરકારનો દમનકોરડો ખૂબ સખ્ત હતો અને અમારે સહાય માટે કઈ દિશામાં નજર દોડાવવી તે અમે જાણતા નહોતા. સરહદ પર જે બની રહ્યું હતું તેથી બાકીનું હિંદ વાકેફ બને એવી અમારી ઇચ્છા હતી. મદદ માટે અમે પ્રથમ મુસ્લિમ લીગ કને પહોંચ્યા, પણ તેણે તેની ના પાડી દીધી. પરંતુ પંડિત જવાહરલાલ નેહરુ કને પહોંચ્યાનો અમારો પ્રયાસ સફળ થયો. પટેલ તપાસ સમિતિની નિમણૂક કરવામાં આવી. પરંતુ એ સમિતિને સરહદમાં પેસવા જ દેવામાં ન આવી. તેઓ રાવલપિંડીમાં રહ્યા અને ત્યાં તેમને સાક્ષીપુરાવા પૂરા પાડવાની અમે વ્યવસ્થા કરી. સરકાર દ્વારા સમિતિના દફતર પર છાપો મારવામાં આવેલો, પરંતુ સદ્‌ભાગ્યે તેમણે પોતાનો અહેવાલ તૈયાર કરી દઈને પ્રસિદ્ધિ માટે સલામત સ્થાને મોકલાવી આપેલો. અહેવાલ હજુ પણ પ્રતિબંધ હેઠળ છે.

ગાંધી–ઈરવિન વાટાઘાટો શરુ થઈ ત્યારે સરહદપ્રાંતની સરકારે બાદશાહખાનને કૉંગ્રેસથી છૂટા થવા માટે સમજાવવાને પોતાથી બનતું બધુંયે કર્યું. સરકાર સાથે જુદી તડજોડ કરી લેવી એ તેમની કોમના હિતમાં હતું એવું તેમને સાબિત કરી આપવાને માટે જુદાજુદા પ્રાંતોમાંથી એણે માણસો મોકલ્યા. પરંતુ તેમણે તો એમને મળવાની યે ના પાડી દીધી. ગાંધીજીને પણ સરહદ પ્રાંતના પ્રશ્નને પડતો મૂકીને સમાધાન પર આવવાનું દબાણ સરકારે કરેલું, પરંતુ તેઓ તો અચળ હોઇને એવી કોઈ ચીજથી સંમત થાય તેમ નહોતું. ગાંધી–ઇરવિન સંધિ પછી થયેલા મારા ભાઈના છૂટકારા બાદ લાલ ખમીસવાળાઓ કૉંગ્રેસ સંસ્થાના એક અંગરૂપ બની રહ્યા.

લાલ ખમીસોની શરુઆત એ એક ઐતિહાસિક પ્રસંગ હતો, અને અહિંસામાં તેમનું મતપરિવર્તન એ એથી યે વધુ ઐતિહાસિક. ઈ. સ. ૧૯૨૯ ના સપ્ટેમ્બરમાં એક દિવસે અફઘાન જિરગાની મળેલી બેઠક બાદ એક સક્રિય સ્વયંસેવકદળ ઊભું કરવા માટે બાદશાહખાને કેટલાક કાર્યકરોને ચર્ચા માટે એકઠા કર્યા. કશા ધાર્મિક કે અન્ય પૂર્વગ્રહો વિના માનવજાતની સેવા બજાવે એવા કાર્યકરો પોતાને જોઇતા હોવાનું જણાવીને સંસ્થાના નામ તરીકે એમણે 'ખુદાઈ ખિદમતગાર' નામ સૂચવ્યું. ઈ. સ. ૧૯૨૯ ની લાહોર કૉંગ્રેસમાં જઈ આવનાર સરહદના કેટલાક તરુણોને ગણવેશ અપનાવવાની પ્રેરણા થઈ. શરુઆતમાં તો ગણવેશ માત્ર સફેદ ખાદીનો રહેલો, જે તરત જ મેલો થઈ જતો. સ્વયંસેવકોમાંના એકે ગેરુનાં પાણીમાં પોતાનાં કપડાં રંગી નાખ્યાં અને એ રીતે પહેલવહેલા લાલ ખમીસનો જન્મ થયો.

લાલ ખમીસવાળાઓની પહેલી અધિકૃત બેઠક સવિનય ભંગની હિલચાલ શરુ થયા પહેલાં થોડાક દિવસ પર ઈ. સ. ૧૯૩૦ ના એપ્રિલની ૧૮ મી અને ૧૯ મીએ મળેલી. લગભગ ૨૦૦ લાલ ખમીસવાળાઓએ તેમાં હાજરી આપેલી. એપ્રિલની ૨૩ મીએ સવિનય ભંગ શરુ થયો. બાદશાહખાન પેશાવર પહોંચે તે પહેલાં જ તેમની ધરપકડ થઈ. શહેરમાં પોલીસે ગોળીબાર ચલાવ્યો. ચારસદ્દા પેટાવિભાગની સરકારી કોઠીમાં બાદશાહખાનને જ્યાં રાખવામાં આવ્યા હતા ત્યાં હજારોની મેદની ઘેરી વળી. લોકોને અહિંસક રહેવાનું સમજાવવા હું મોટરમાં ચારસદ્દા પહોંચ્યો. બીજે દિવસે બાદશાહખાનને મોટરમાં મર્દાન લઈ જવામાં આવતા હતા ત્યારે તે અટકાવવા માટે લોકો રસ્તામાં આડા સૂઈ ગયા હતા. પરંતુ લશ્કરી પોલીસને પોતાને લઈ જવા દેવા માટે તેમણે લોકોને સમજાવ્યા


ત્યારપછી લાલ ખમીસવાળાઓને અહિંસાની દીક્ષા મળી. બીજે દિવસે ઉસમાનઝાઈમાં એક સભા ભરવાની હતી અને હિંસા ફાટી નીકળવાનો સંભવ રહેલો. આ કારણે હું મોટરમાં પેશાવરથી ઉસમાનઝાઇ પહોંચ્યો. સભાના નિયત સમય પહેલાં બે કલાક વહેલો હું પહોંચી ગયો અને લોકો પાસે જે કંઇ હથિયારો હતાં તે લઈ લેવામાં સફળ થયો. જાહેર સ્થાનમાં મારું પહેલવહેલું રાજદ્વારી ભાષણ મેં અહીં આપ્યું. મેં મારું ભાષણ પૂરું કર્યું, ત્યાં કોઈકે આવીને જણાવ્યું કે ઘોડેસવાર ટુકડી આવી પહોંચી છે. પરિસ્થિતિનો સામનો ન કરી શકે તેવાઓને સભા છોડીને ચાલ્યા જવાની મેં તાકીદ આપી. પરંતુ કોઇ ન ગયું. લાલ ખમીસવાળાઓને મેં વ્યાસપીઠ પર આવી જવાનો હુકમ કર્યો. ઘોડેસવાર ટુકડીના નાયકે જણાવ્યું કે સભા વિખેરી નાખવામાં નહિ આવે તો ગોળીબાર કરવામાં આવશે. પરંતુ લોકોએ કશું લક્ષ ન આપ્યું. હું કંઈ કરી શકું તેમ છું કે નહિ એવો પ્રશ્ન નાયકે મને કર્યો. મેં તેને જવાબ આપ્યો કે સભા ખલાસ થઈ હતી, અમે અમારું કામ પૂરું કર્યું હતું, "તમારે માટે સર્વોત્તમ માર્ગ તો એ છે કે તમે પાછા ફરો અને અમે અમારે મુકામે ચાલતા થઇશું. પરંતુ તમારે કશો પણ ગોળીબાર ચલાવવાનો હોય તો અત્યારે જ ચલાવો; કારણ કે એક વખત અમોએ સ્થાન છોડયું પછી ગોળીબાર બહુ બહાદુરીની વસ્તુ નહિ રહે." નાયકે મને ઊધડો લેવાનો પ્રયાસ તો કર્યો, પરંતુ અંતે પોતાના માણસો સાથે ચાલતો થયો અને લાલ ખમીસવાળાઓ પોતાના બૅન્ડ સાથે એક મસીદની બાજુના સ્થાનકે પહોંચ્યા. ત્યાં તેમને સમૂહોમાં વહેંચાઈ જઇને પોતપોતાને મથકે કૂચ કરી જવાનો હુકમ અપાયો. રસ્તે જતાં જ એમના પર બ્રિટિશ ઘોડેસવાર ટુકડીએ હલ્લો કર્યો. લાલ ખમીસવાળાઓને દોરતા મોહમ્મદ આલમખાને તેમને જમીન પર પડી રહેવાનો હુકમ કર્યો. ઘોડેસવારો તેમના પર ધસતા, પરંતુ પહેલી કતાર સુધી પહોંચતાં જ થંભી જતા. બેએક વાર આમ કર્યા પછી તેમણે ચાલતી પકડી. અધિકારીઓને પોતાનાં માથાં ગુમાવવાં પડ્યાં અને દમનને માઝા મૂકી દીધી. પરંતુ તેનું પરિણામ એ આવ્યું કે સપ્ટેમ્બરના અંત સુધીમાં અમારી પાસે ૮૦,૦૦૦ સ્વયંસેવકો થઈ ગયા. ગાંધી–ઇરવિન સંધિ પછી સંખ્યાબંધ સ્વયંસેવકોને એટલી ઝડપે ઠાર કરવામાં આવ્યા કે કામને પહોંચી વળવા અમે અશક્ત બની ગયા.

સંસ્થાને અપાયેલું 'લાલ ખમીસવાળાઓ'નું નામ બ્રિટિશ અમલદારોએ આપેલું અને તે એવા બહાના પર કે અમે રશિયા સાથે જોડાયેલા હતા. સંસ્થાનો નાશ કરી નાખવાના તેમના પ્રયાસ માટેનો એ એક બચાવ જ હતો. મેં એક વાર એક અમલદારને કહેલું કે રશિયા સાથે અમને કશી લેવાદેવા નથી, અને એ પોતે જો એવું સાબિત કરી આપે, તો મને ફાંસીએ ચડાવવાનું મારા હાથે લખી આપવાની તેને બાંહેધરી આપી. પાછળથી આમસભામાં એવી અધિકૃત જાહેરાત કરવામાં આવી કે રશિયા સાથે અમને કશો સંબંધ નહોતો.

ગાંધીજી સ્વાભાવિક રીતે જ લાલ ખમીસવાળાઓથી મગરૂબ છે; કારણ કે અહિંસાએ તેમનામાં ઊંડાં મૂળ નાખ્યાં છે. એક વાર પોલીસથી ઘેરાઈ ગયેલા અને માર ખાધેલા એક પઠાણે રિવોલ્વર ખેંચેલી, પરંતુ એવું કહેતાં તેણે એ જમીન પર ફેંકી દીધી કે, "મને અહિંસક રહેવાનું કહેવામાં આવ્યું છે. એમ ન હોત તો મને પહોંચી વળવા પહેલાં તમને સઘળાને પૂરા કરી દેવા એ કંઇ મુશ્કેલ વાત નથી." ઈ. સ. ૧૯૩૦ થી સરહદ પ્રાંતનો એ જ જુસ્સો રહ્યો છે.

લાલ ખમીસવાળાને પ્રાથમિક રસ છે સ્વાતંત્ર્ય માટેની લડતમાં. પોતાના પ્રાંતની વિશિષ્ટ પરિસ્થિતિ અનુસાર ગાંધીજીનો રચનાત્મક કાર્યક્રમ એણે અપનાવ્યો છે. સંસ્થાનું નિર્માણ લશ્કરી પાયે થયેલું છે. છતાં ચુસ્તપણે અહિંસક છે. લાલ ખમીસવાળો સ્વયંસેવક સારો કાંતનારો કદાચ નહિ હોય પણ સારો કાર્યકર્તા તો છે જ. પોતાનો પ્રબળ વિરોધ કરનારા લોકોનાં પણ ઘરો ને શેરીઓ એ વાળે છે. ઝઘડાઓનું—જેનો મોટો ભાગ જમીનને લગતો હોય છે—અહિંસક રીતે સમાધાન કરે છે. લોકોને તેમની લગભગ બધી જ મુશ્કેલીઓમાં મદદ કરે છે. સ્ત્રીઓની કોઇ નિયમિત સંસ્થા નથી, પરંતુ કાર્યમાં તેમનો હિસ્સો સારો જેવો રહેલો છે; અને પરદા પાછળની એ સક્રિય સહાયકો છે. બાદશાહખાન એ આખી યે સંસ્થાના ટોચભાગે છે અને લોકો પરનો તેમનો કાબૂ અપૂર્વ છે.

બંને 'ગાંધીઓ' અનેક જબરા અંતરાયો છતાં શાહીવાદ સામેની એકસરખી લડતમાં પરોવાયેલા બે બહાદુર આદમીઓ છે. બંને નિર્ભય અને નિઃસ્વાર્થ છે, અને સ્વાભાવિક રીતે જ તેમના આચારવિચારમાં સામ્ય રહેલું છે. લોકો સામે આપણે દાવો કરતા હોઇએ તે જાણ્યે કે અજાણ્યે આપણે બર ન લાવી શકીએ, તો આપણા વિચાર અને આચારમાં તફાવત પડી જવાનો. ભોગ આપવા માટે તત્પર હોય તેમને માટે તો માત્ર એક જ કર્તવ્યમાર્ગ છે. બાદશાહખાન અને ગાંધીજીની બાબતમાં તેમ જ છે.







ગાંધીજી અને યંત્રસમુદાય

લેખક : મોરિસ ફ્રીડમેન

સેવાગ્રામ ખાતેના મારા છેલ્લા મુકામ વખતે એક વિલક્ષણ પ્રતિનિધિમંડળે ગાંધીજીની મુલાકાત લીધેલી. એક મોટરલારી, એક યાંત્રિક શાળ, સીવવાના સંચા, વાયરલેસ સેટ, વીજળીક ચૂલા તથા બીજાં કેટલાંક નાનાંનાનાં આલતુફાલતુ યંત્રો સહિત પૌઢ વયનું અને માનનીય એક રેલવે એન્જિન—એ સઘળાં મહાત્માજીની નાનીશી કુટિરની આસપાસ ખીચોખીચ ભરાઇ ગયાં. સારી પેઠે ગૂંચળું વાળેલી મજબૂત કમાન, પોલાદી પેશીઓ, રબરના સ્નાયુ, મીનાકારી કરેલી સગડી અને ક્રોમિયમનું પડ ચડાવેલો યંત્રકામનો આત્મા પણ ઉપસ્થિત હતો. ખૂબ જ અગારા મારતા તેના કપાળ પર ટેલિવિઝનના ચકચકતા ભૂરા કોશની જોડી સાથે યોગ્ય સૂરસંવાદ સાધેલું એક ધ્વનિવર્ધકયંત્ર રહેલું હતું. જગતમાં અસ્તિત્વ ધરાવતાં સઘળાં યાંત્રિક ક્ષેત્રોમાં બેવડા વર્ગીકરણવાળા અને પત્રાનુક્રમ ધરાવતા અધિકારપત્રો એની બગલમાં રહેલા.

મને લાગે છે કે ગાંધીજી આવા શંભુમેળાનો સત્કાર કરવામાં સંમત થશે કે કેમ એવો વિશ્વાસ પ્યારેલાલજીને નહોતો. પરંતુ દયાળુતા ફરી પાછી આ દુનિયામાં એક અમર્યાદિત વસ્તુ સિદ્ધ થઈ અને પ્રતિનિધિમંડળને વખતસર ગાંધીજીની રૂબરૂ કરવામાં આવ્યું. એકમાત્ર રેલવે એન્જિને બહાર રહીને ટેલિફોનનું કામચલાઉ જોડાણ મેળવી લીધું.

યંત્રોના આત્માએ ખખણાટ સાથે બોલવાનું શરુ કર્યું: “મહાત્માજી, અમારા સાંભળવા મુજબ આપનો ઇરાદો અમારી જાતને પૃથ્વીના પટ પરથી નાબૂદ કરી દેવાનો હોઇને ઉદ્વેગ તથા સંશયવશ બનીને અમે ઉતાવળે અહીં આવી પહોંચ્યા છીએ—દયા યાચવા નહિ પરંતુ ન્યાય યાચવા. આપના કરતાં કોઇ ગૌણ વ્યક્તિ હોત તો તો તેને જોઈ લેવાનું અમે અમારી માતા કાલગતિ પર જ છોડી દેત. પરંતુ અમારા પિતા શ્રીમાન માનવચિત્ત પર આપનો પ્રભાવ જબરો અને સતત વૃદ્ધિ પામતો રહ્યો હોઇને અમને ભય લાગે છે કે અમારા જાતિસંવર્ધનથી અને અમારી સાથે ગેલ કરવાથી આપ એમને પરાઙ્મુખ બનાવી દેશો. માનવજાતના ભૌતિક કે આધ્યાત્મિક અથવા તો એ ઉભય પ્રકારના કલ્યાણને અમે ખરેખર હરકતરૂપ છીએ એવી પ્રતીતિ જો આપ અમને કરાવી આપશો, તો સંપૂર્ણ નાબૂદીના આપના ચુકાદાને પણ અમે શિરોધાર્ય ગણીશું.”

ગાંધીજી હસ્યા : “મને ખાતરી કરાવી આપવાનું બહુ દુર્ઘટ કાર્ય તમારે માથે છે.”

“અમે સેવાગ્રામ આવ્યા ત્યાં સુધી અમે પણ એમ જ ધારતા હતા. અહીં આશ્રમના નિયમિત અંતેવાસીઓ તરીકે અમારા એટલા જાતભાઇઓ અમારી નજરે પડ્યા કે અમોએ સાંભળેલી વાતો નાપાયાદાર હોવાનું માની લેવા અમે લગભગ તૈયાર

છીએ. આપનાં અત્યંત પૂજનીય ચશ્માંએ અમને પહેલે જ સૂચના કરી દીધી છે, કે અમારી બાજુ નિરાશાજનક નથી. નાની અને પ્રતિભાવંત એવી અમારી વહાલી બહેન દીવાસળીને આપને પડખે જોઈને આપને એની પ્રત્યે ખાસ વહાલ હોવાનું અમે માની લઇએ છીએ. મિસ ફાઉન્ટનપેન પણ આપની પાસે છે અને લોહીનું દબાણ માપવાનું મીટર પણ આપની દરરોજ મુલાકાત લે છે. આપની મલાઈ તે માટેના યંત્ર વડે નીકળે છે અને આપનાં ખેતરો પણ યાંત્રિક રેંટોથી સિંચાય છે. માનનીય મોટરકારને પોતાની સેવા અહીં પ્રસંગોપાત્ત સત્કાર પામતી જણાય છે. અને માનવંતાં રેલવેબાઈને આપની મુરબ્બીવટ બદલ પ્રશંસા સિવાય અન્ય કશો ભાવ નથી. આપની નજીક નજરે પડતાં ટિકિટોવાળાં પરબીડિયાં અને તારનાં પાનિયાં અવિસ્મરણીય શબ્દોમાં અમને કહી દે છે કે, આપને અમારા પ્રત્યે રહેતી ચીડ નાપાયાદાર ન હોય તોપણ ખૂબ અતિશયોક્ત છે; કારણ કે તાર–ટપાલખાતાનો ઉપયોગ કરે છે તે બાઈસિકલથી માંડીને ટેલિવિઝન સુધીના અમારી જાતના લગભગ બધા જ પ્રતિનિધિઓનો ઉપયોગ કરે છે.”

“આપની ભૂલ થાય છે,” ગાંધીજીએ એવા તો ઠંડાપણે જવાબ આપ્યો કે તેના ઉષ્ણતાનિયામકની બે ધાતુની બનેલી કમાન ખટાક કરતી સંકોચાઈ ઊઠી. “યંત્રકામ સામેની મારી ફરિયાદ મારી પોતાની મરજીએ નથી. સંસર્ગદૂષિત દુનિયામાં મારે તેમ કરવું પડે છે, અને મારી જાતને ચેપ લાગવા ન દેવાની ગમે તેટલી કાળજી છતાં મને, અલબત્ત હળવા પ્રમાણમાં, પણ એનો ચેપ લાગ્યો છે. સ્વેચ્છાપૂર્વક તમે રગતકોઢિયાઓ સાથે રહો તો તમને પણ એ થાય જ, પરંતુ એટલા માટે રગતકોઢ કંઈ આવકાર્ય નથી બનતો. યંત્રખચિત જગતમાં યંત્રનિર્મુક્ત થવા માટે મારે પણ કેટલીક યાંત્રિક રચનાઓ વાપરવી પડે. એનો હોમિયોપેથિક ઘૂંટ તમે કબૂલ રાખશો જ. મારે કંઇ બહેન દીવાસળી માટે કે મિસ ફાઉન્ટનપેન માટે વહાલ ઊભરાઇ જતું નથી. મારો સાચો નિવાસ તો એવો દિક્કાલથી પર છે, કે જ્યાં સંપર્કસાધક વ્યવહારોનો કશો અર્થ નથી.”

યંત્રાત્મા થથરી ઊઠ્યો : “મહાત્માજી, દિશા અને કાળમાં તો આપણાં જીવન, પ્રવૃત્તિ તથા પ્રાદુર્ભાવ રહેલાં છે. કાલાતીતમાં પણ કાલનો અને દિશાતીતમાં દિશાનો અંતર્ભાવ રહેલો હોઇને અમારા સર્જકોના પણ સર્જકના મનમાં અમારે માટે સ્થાન છે.”

“હું કબૂલ કરું છું કે જ્યાં સુધી હું દિક્કાલાનુબદ્ધ છું ત્યાં સુધી ભૌતિક કે માનસિક કશી સેન્દ્રિયતાનો ઉપયોગ મારે કરવો જ પડે. પરંતુ મારે એ સેન્દ્રિયતાને વધારે બોજાથી શા માટે લાદવી જોઇએ? ઓછામાં ઓછાથી શા માટે સંતોષ ન માનવો? મારી દૃષ્ટિ, શ્રુતિ કે પ્રવૃત્તિની કક્ષા શા માટે વિસ્તારવી જોઈએ? હું જાતે વાણિયો રહ્યો એટલે પ્રામાણિક લેવડદેવડ એ મારો કાનૂન છે. એટલા જ માટે હું પૂછું છું કે, ‘મૂલ્ય શું?’ અને મને જણાય છે કે ભૌતિક રીતે હું જે કંઈ પ્રાપ્ત કરું છું તે આધ્યાત્મિક રીતે ગુમાવું છું. મને એ મૂલ્ય બહુ ભારે પડે છે. હું એવી લેવડદેવડની ના પાડું છું.”

“મહાત્માજી, કાં તો આપની ગેરસમજણ થાય છે અથવા તો અમે આપનો મુદ્દો સમજી શકતા નથી. બાઈસિકલ પર સવારી કરતાં કે બસની ટિકિટ ખરીદતાં આપને આધ્યાત્મિક દૃષ્ટિએ શું ગુમાવવાનું રહે છે?”

"મારું ખુદ શરીર જ સમર્યાદ હોઇને એની શક્તિનો કશો પણ વિસ્તાર તેની મર્યાદામાં જ વધારો કરે છે."

"તો પછી અમારી સૌની સાથે જ દેહોત્સર્ગ કેમ નથી કરતા?"

"હું એમ જ કરું, પરંતુ તે પ્રમાણિત માર્ગે કુદરતી મૃત્યુ અથવા તો આત્મસિદ્ધિ દ્વારા એનો નાશ કરવાનો મને કશો અધિકાર નથી."

"અને અમારો નાશ કરવાનો આપને શો અધિકાર છે?"

"એક સર્જકનો અધિકાર. મારી મૂર્ખાઇમાં મેં તમારું સર્જન કર્યું અને પ્રજ્ઞતાપૂર્વક તમારો નાશ કરીશ."

"આપણે મુદ્દા પર આવતા જઈએ છીએ," નિરાંતના એક દમ સાથે યંત્રાત્મા બોલ્યો: "અમારું અસ્તિત્વ મૂર્ખાઇને આભારી છે એવું આપનું વિધાન આપ કઈ રીતે ન્યાય્ય ઠરાવો છો? પહેલવહેલાં કયા માણસે લાકડું કાપ્યું, પથ્થર છોલ્યો અને પહેલવહેલી કુહાડી બનાવી? એ શું મૂર્ખ હતો? એણે પહેલવહેલો દેવતા સળગાવ્યો અને પહેલવહેલા પોતાની કામળીને ટેભા માર્યા ત્યારે શું એ મૂર્ખ હતો? એણે પહેલવહેલું સૂતર કાંત્યું અને પહેલવહેલું કાપડ વણ્યું ત્યારે શું મૂર્ખ હતો? પોતાનો નિવાસ બાંધવામાં કે ખોરાક પકવવામાં એણે મૂર્ખાઈ કરી હતી? કુંભારનો ચાકડો કે ઘંટીનું પડ ફેરવવામાં એ મૂર્ખ હતો? પાણી પાસેથી અનાજ દળાવવામાં કે પવન પાસેથી જહાજો હંકારાવવામાં એ એની મૂર્ખાઈ હતી? એની પોતાની શક્તિ પૂરતી ન જણાતાં પશુશક્તિ દ્વારા કામ લેવામાં એની મૂર્ખાઇ હતી? પહેલાં પશુવર્ગ, પછી પાણી અને પવન, પછી વરાળ અને વીજળી. ક્યાં અટકવું? વધુ ને વધુ શક્તિ શા માટે નહિ? આણુવિક શક્તિ હાથવેંતમાં છે, ત્યારપછી વૈશ્વશક્તિ, ત્યારપછી વળી અન્ય કશીક, કોણ જાણી બેઠું છે? અણુની શક્તિથી ચાલતા અંતરિક્ષયાનમાં બેઠેલા મનુષ્ય કરતાં ગધેડા પર બેસતો માણસ કયા પ્રકારે વધુ આધ્યાત્મિક છે?"

"મારા મિત્રો, તમારી દલીલો ખોટી છે."

"મહેરબાની કરીને સમજાવો. એમ સંક્ષેપમાં ઉડાવી ન દો. અમે ખુદ અમારા અસ્તિત્વ માટે લડી રહ્યા છીએ."

"એથી જ તમે સાચા છો એવું સાબિત નથી થતું. પહેલેપ્રથમ તો સૌ પહેલા માણસ અને પહેલી કુહાડી વિષેના તમારા કથન સામે હું પ્રશ્નાર્થ મૂકું છું. યાંત્રિક પ્રગતિ એ એકલો ઉચ્ચગામી વળાંક જ હોય એમ હું નથી માનતો. ચડતી અને પડતી સંસ્કૃતિઓની, શિખરોની અને ગર્તાઓની એ આખી શ્રેણિ છે. અત્યારની સંસ્કૃતિના ઉદય પહેલાં કેટલીનો લય થયો છે એ કોણ જાણે છે? અને આ સંસ્કૃતિ પણ કદી વિનાશ નહિ પામે તેની શી ખાતરી? આટલી બધી તો વિનાશ પામી ચૂકી છે, તો પછી આ શામાટે નહિ?"

"જાગતિક સંસ્કૃતિ આ પ્રથમ જ છે. બીજી સર્વે સ્થાનબદ્ધ હતી. જગત સાથે જ એનો નાશ થશે, અન્યથા નહિ."

"મને એવી ખાતરી નથી. એનામાં એના પોતાના જ વિનાશનાં બી રહેલાં જ છે, એ નષ્ટ થવા જ નિર્માઈ છે અને જગત એના વિના પણ વધુ સુખી રહેશે."

"આપ શાના પર જવા માગો છો એ હવે જણાયું. અમારા ઉત્પાદક દ્વારા નિઃશંક અમારો ગેરઉપયોગ થાય છે, એના પોતાના દુષ્કાર્યના અનેકવાર અમને હાથા બનાવવામાં આવે છે, પરંતુ એ તો એમનો વાંક થયો, અમારો નહિ. અમારા સ્વભાવમાં એવું કશું નથી જે ગેરઉપયોગને નિમંત્રે. કુહાડીની શોધ કર્યા પછી જ માણસ કંઈ તિરસ્કાર કેળવતો નથી થયો. એ પહેલાં પણ એ તિરસ્કારતો, ઘાત કરતો, ગળાં દબાવતો અને પીંખી નાખતો હતો જ. સારું કહો કે નરસું, કુહાડીએ એને વધુ કાર્યસાધક બનાવ્યો એટલું જ."

"પોષવું મુશ્કેલ છે જ્યારે મારવું આસાન છે. એટલે કે, કાર્યસાધકતાનો સર્વાંગીણ વધારો એ સર્વાંગીણ વિનાશ જ નોતરશે."

"ઇતિહાસ એથી વિરુદ્ધ જ પુરવાર કરે છે. જગતની પ્રજાસંખ્યા વધી ગઈ છે. તમે બળતણ, કપડાં અને તેનાં સાધનો લઈ લો, અને જુઓ, કે એક જ વર્ષમાં એમની અને જગતની સ્મૃતિ પાછી નરવાનરયુગની બની જાય છે કે નહિ."

"હું બળતણ, વસ્ત્રો કે માણસો માટેનાં આશ્રયસ્થાનોની વિરુદ્ધ નથી; હું તો યાંત્રિકતાનો વિરોધી છું. કુહાડી, છરી કે હળ જેવાં ઓજારો એ યંત્રો નથી."

"ઓજારો અને યંત્રો વચ્ચે કોઈ ચોક્કસ ભેદરેખા નથી. ચરખાને આપ દેવપ્રતિષ્ઠ બનાવી રહ્યા છો. એનું કદ જરાક મોટું કરીને એમાં થોડાક ફેરફારો કરો એટલે લાગલા તે પર સવાર થઇ શકો. ચરખો ને બાઈસિકલ બંને એક જ ગોત્રનાં છે. એવી જ સગાઇ જળચક્કી અને વીજળીજનક યંત્ર વચ્ચે છે. એવી જ શઢ અને વરાળયંત્ર વચ્ચે."

"હું ચરખાની તરફેણ એટલા માટે કરું છું કે તેનો દુરુપયોગ થઇ શકે તેમ નથી. એનો ખુદ સ્વભાવ જ કલ્યાણક છે."

"મહાત્માજી, કૃપા કરીને અમારામાં શ્રદ્ધા રાખો કે અમે શસ્ત્રોનો કે યુદ્ધતંત્રનો બચાવ નથી કરતા. એથી તો અમે શરમાઈ મરીએ. અમારા વચ્ચે એ જાતિભ્રષ્ટો સમાન છે."

"એમ છતાં યે તિરસ્કાર, લોભ અને ભયથી ગાંડીતૂર બનેલી માનવજાતના તમે હાથારૂપ છો."

"આપ અમારો ઉચ્છેદ કરી નાખશો તેથી માનવજાત સ્થિતપ્રજ્ઞ બની જશે?"

"તમારા ઉચ્છેદ વિના સ્થિતપ્રજ્ઞ બનવાનો એને સમય નહિ મળે. ત્યારપહેલાં જ એ તો આત્મનાશ વહોરી લેશે."

"આપ એટલી સરળતાપૂર્વક તો અમને ઉચ્છેદી નહિ શકો. અમારા ઉત્પાદકો તેમ થવા નહિ દે આપ સઘળા યત્નો એળે કરી રહ્યા છો. માનવજાત અમને છેહ દેવાની નથી. પરંતુ અમારો રચનાત્મક દૃષ્ટિએ ઉપયોગ કરવાનું તેને શીખવી શકાય તેમ છે. બાળક પોતે લખવાને બદલે લીટા તાણવા માંડે એટલા પરથી તેની પાસેથી તમે પેન લઈ લેતા નથી, પરંતુ માત્ર એ યોગ્ય રીતે લખે એવો આગ્રહ દર્શાવો છો."

" એ સરખામણી વજૂદ વિનાની છે. તમે તો ભયંકર શસ્ત્ર લઈ લેતા આવ્યા છો."

" યાંત્રિક શાળ એ કંઈ ભયંકર શસ્ત્ર નથી, અને ઘડિયાળ તો બેશક નહિ જ."

" ફૂણીના કરતાં યાંત્રિક શાળ બેહદ ભયંકર છે."

" અદના તકલીને પણ કાતિલ શસ્ત્રોમાં ફેરવી શકાય છે. એ કંઈ તકલીનો અપરાધ ન થયો."

" તમારે સમજવું જ નથી લાગતું. યાંત્રિક શાળ એ સ્વતઃ જ માનવજીવન અને સુખશાંતિનો વિનાશ કરનારી છે. એના માટે તમારે દુષ્ટ બનવાની જરૂર નથી રહેતી. એ પોતે પોતાનું કામ કરતી રહે છે. નષ્ટ કરવા સિવાય એ રહી જ ન શકે."

" ના, મહાત્માજી, યાંત્રિક શાળ તો નિર્દોષ છે. સઘળો આધાર તેનો ઉપયોગ કરનાર પર રહે છે."

" મારી ઇચ્છા મુજબની માનવજાત જો નિપજાવી શકાતી હોત તો હું સૌ કોઈને સંપૂર્ણ બનાવત અને આપણને આ બાબતની અત્રે ચર્ચા જ કરવાની ન રહેત. માનવજાત સંપૂર્ણ નથી. અને જેવી છે, તેવી સારા કે નરસા માટેની તેની સંભાવ્યતા સહિત આપણે તે સ્વીકારી લેવી જોઈએ. અને એવી હોઈને યંત્રોનો દુરુપયોગ એ નથી કરતી. એક જ દિવસમાં હું તેનું સ્વભાવપરિવર્તન ન કરી શકું. પણ લાંબે ગાળે તેમ કરી શકું ખરો. અને એ માટેનું પહેલું પગલું છે વધુ અટકચાળાંની લાલચ દૂર કરવાનો. ઉત્પાદક યંત્રરચના અંતસ્તઃ ખરાબ નથી, પરંતુ ખરાબપણા માટેની જબરી લાલચ તો તે બેશક ધરાવે છે. એટલા માટે એ જવી જ જોઈએ."

" અમે અંતસ્તઃ ખરાબ નથી એવી આપની કબૂલાતથી અમે ખુશ થયા છીએ."

" એટલા બધા ખુશ ન થતા. આ જગતમાં અંતસ્તઃ સારી કે ખરાબ તો કોઈ જ વસ્તુ નથી હોતી. માનવજાત એનો કેવો ઉપયોગ કરે છે એ પર જ સઘળો આધાર રહે છે."

" માનવજાત કોઈ દિવસ અમારા યોગ્ય ઉપયોગ પર પહોંચશે એવી કશી આશા જ નથી ?"

" માનવ જરૂરિયાતો મર્યાદિત છે. ઉત્પાદકશક્તિ દેખીતી જ અમર્યાદિત છે."

" સુયોજિત સમાજરચનામાં એનો અર્થ સૌને માટે અમર્યાદિત ફુરસદ એવો થાય."

" સિવાય કે તે માટે થોડાઘણા રાજી કે નારાજ ગુલામો માટે. એકને બદલે બીજા છેડા પર નીસરણી મૂકવા જેવું એ થયું. અત્યારે તો તમારી પાસે ફુરસદમાં સડતા થોડાઘણા માલિકો અને કુંઠિત બનાવી દેતી વેઠથી સ્થાનભ્રષ્ટ બનેલા સંખ્યાબંધ ગુલામો રહેલા છે. તમારા યાંત્રિક રામરાજ્યમાં સંખ્યાબંધ માલિકો ફુરસદમાં સડતા અને થોડાઘણા ગુલામો યંત્રોની ચાકરી કરતા રહેશે."

" ગુલામો શા માટે ? ઊંચી રીતે કેળવાયેલા યંત્રનિષ્ણાતો, શોધકો, વિજ્ઞાનીઓ."

" કબૂલ, પણ એ તો ઓલામાંથી ચૂલામાં પડયા જેવું થશે. કેવળ પોતાની સત્તાની તૃષ્ણા સંતોષવા માટે માનવજાતના વિશાળ સમુદાયને આરોગ્ય અને સ્વાસ્થ્યપૂર્વક રાખનાર

નિષ્ણાતોની બનેલી યંત્રાત્મક સરમુખત્યારી તો સુગઠિત, સુશિક્ષિત, કલાકારીગરી અને રમતગમતો શીખેલા અને પોતાના ઉપકારકોની પ્રશંસાનાં રોજિંદાં ઈંજેકશન લેતા પાળેલા માનવીઓનું જ એક ઉછેરઘર જગતને બનાવી રહેશે."

"ગુલામો અથવા તો શોષકો—માનવજાતને માટે અન્ય કશો ઈલાજ જ નથી?"

"હા, ગુલામો યે નહિ અને શોષણકર્તાઓ પણ નહિ."

"ત્યાં જ અમારે કહેવાનું રહે છે. યંત્રો વિના માણસ એકધારા શ્રમથી શી રીતે મુક્ત થાય? સતત શ્રમ એમાંથી છટકવાની ઇચ્છા જન્માવે છે. બળવાન વ્યક્તિ પોતાના જાતભાઈઓને ગુલામ જ બનાવશે. વધુ બુદ્ધિશાળી હશે એ યંત્ર ઊભું કરશે. સર્વસ્પર્શી છતના જમાનામાં જ શોષણ કરવાની કે ગુલામ બનાવવાની લાલચથી મુક્ત રહી શકાય."

"ના, કારણ કે છતના જમાના જેવો કોઇ જમાનો જ નથી. માનવ જરૂરિયાતો મર્યાદિત છે. પરંતુ માનવ આકાંક્ષાઓ નહિ. આજે એક માણસ ઈંગ્લેંડની મુસાફરીની ઇચ્છા કરે છે, આવતી કાલે ચન્દ્રની મુસાફરીની આકાંક્ષા ધરાવશે."

"ચન્દ્રની મુસાફરીમાં ખોટું શું છે?"

"ઈંગ્લેંડની મુસાફરી કરતાં કશું વિશેષ નહિ. એ બિનજરૂરી છે."

"તે કેમ? માનવજિજ્ઞાસા શું તૃપ્ત થવી ન જોઈએ?"

"એને કશો અંત નથી હોતો."

"શા માટે હોય?"

"મારા મિત્રો, ગમે તેમ પણ તમે યંત્રો છો, તમારા ઉત્પાદકોનાં ક્ષણિક સ્ખલનોનાં સંતાનો છો. તમારું અસ્તિત્વ ભૂલને આભારી છે. પરંતુ તમે એ કદી કબૂલ નહિ કરો." પોતાના શ્રોતાગણથી પોતે પર હોવાના જ્ઞાનપૂર્વક વાત કરતા એકાદ નિઃસ્પૃહ આદમીની અદાથી ગાંધીજી બોલ્યા.

"અમે કમમાં કમ એ સ્ખલનનો પ્રકાર જાણવા માગીએ જ છીએ."

"માનવજાતને યંત્રો વિના પણ છત રહેલી. પુષ્કળ અન્ન, વસ્ત્ર, નિવાસસ્થાન તથા ચિંતનનો સમય."

"ઇતિહાસ એનો ઇનકાર કરે છે."

"ઇતિહાસનું તમને શું ભાન? છેલ્લાં કેટલાંક હજાર વર્ષ એ તો એક યુગની સમાપ્તિ માત્ર છે. પરંતુ એ યુગ વિષે આપણે શું જાણીએ છીએ? પુષ્કળ અન્ન, વસ્ત્ર કે આશ્રયસ્થાનો, પુષ્કળ સ્વસ્થ ચિત્તો અને પ્રેમાળ હૃદયો કશાં ચિહ્નો મૂકી જતાં નથી. માટીની ઝૂંપડી માટીમાં જ મળી જશે, પછી તેમાં રહેનારા લોકો ગમે તેટલા સુખી કે શાણા હોય. પિત્તળનાં બાવલાં ને પાષાણના થાંભલા દૂષિત અંતરાત્માને આભારી હોય છે. સુખી પ્રજા પોતાની કશી નિશાની મૂકી નથી જતી. યંત્રોનો આવિર્ભાવ જો સંસ્કૃતિ કાજે હોય, તો પછી માનવજાતના સઘળા મહાન ઉપદેશકો જંગલીઓ જ ગણાય. પરંતુ ભૌતિક કાર્યક્ષમતાની દુર્ભાવનાથી મુક્ત એવા એ લોકો જ સાચી સંસ્કૃતિના જ્યોતિર્ધરો હતા."

" કાર્યક્ષમતા એ અનિષ્ટ છે ? "

" તેની વિપુલતા સ્વાભાવિક માનવજરૂરિયાતોને સંતોષવાનું એટલું સહેલું બનાવી દે છે, કે બીજી વધારે જરૂરિયાતો કૃત્રિમ રીતે થોડા જ સમયમાં ઊભી થવા પામી, તો પછી એમનો કશો પાર જ આવવા નથી પામતો. બેશક માનવી ત્યારે જગત પર પ્રભુત્વ મેળવે છે, પરંતુ પોતાનો આત્મા તો ગુમાવે જ છે. "

" એટલે કે આપ સંસ્કૃતિ માગો છો, પરંતુ યંત્રાત્મક સમૃદ્ધિયુગ નહિ. પરંતુ વ્યવહારસાધનોના અત્યંત વિકાસ વિના સૌને માટે સંસ્કૃતિ શી રીતે સંભવે ? "

" તમારાં છાપાંઓ અને નવલકથાઓ, સિનેમાઓ ને ગ્રામોફોનો તથા વાયરલેસ ને ટેલિવિઝન—એ સઘળાં કલંકરૂપ છે. આટલાં વર્ષો થયાં એ ધરાવતા હોવા છતાં આપણે અધોગતિની જેટલા નજીક હોઈ શકાય તેટલા નજીક રહ્યા છીએ. સત્ય અને સહૃદયતા એ કોઈ પણ સાચી સંસ્કૃતિના પાયારૂપ છે. એ કયાં છે ? જૂઠાણું, તૃષ્ણા ને તિરસ્કારને આજે ફેલાવવામાં આવે છે, છપાવવામાં આવે છે, જાહેર કરવામાં આવે છે અને એમને સુગમ, સુપ્રાપ્ય અને સસ્તાં બનાવવામાં આવે છે. લોકોને આપણે વાંચતાં શીખવીએ છીએ અને તેમને વાંચવાને આપીએ છીએ કચરાપટ્ટી. "

" એટલે કે આપને છાપખાનાં પ્રત્યે પણ કશો દયાભાવ નથી, એમ ને ? "

" મારા મિત્રો, માનવજાતના મહાનમાં મહાન ઉપદેશો મુખપાઠ અથવા તો હાથનાં લખાણોમાં જ ઊતરતા આવ્યા છે. માણસને જ્યારે મોંએ યાદ રાખવાનું અથવા તો હાથે નકલ ઉતારવાનું રહેતું, ત્યારે એ એટલો શ્રમ લેવાને યોગ્ય છે કે કેમ તેની ખાસ દરકાર રાખતો. "

" છપાયેલું હોવા છતાં યોગ્ય માણસ યોગ્ય પુસ્તકની જ પસંદગી કરશે. "

" પહેલાં તો લગભગ બધાં પુસ્તકો સારાં જ પુસ્તકો હતાં, જ્યારે આજે તો હજારે પણ એકાદ નહિ. "

" ખરાબ પુસ્તકો વાંચવાની તમને કોઈ ફરજ નથી પાડતું. "

" પરંતુ એ રહ્યાં જ છે, અને કાં તો ગેરરસ્તે દોરે છે અથવા તો કેવળ સમયનો વ્યય કરે છે. પુસ્તકો એ એક સંભાવ્ય ઔષધ થઈ પડયાં છે. "

" તો પછી સંસ્કૃતિનો આપનો આદર્શ શો ? "

" પહેલી વાત તો એ કે એ યંત્રસાધિત સંસ્કૃતિ નથી. એ સંપૂર્ણ વ્યક્તિગત છે. એને ભૌતિક સમૃદ્ધિ સાથે કશી લેવાદેવા નથી. માનવીની સામાન્ય જરૂરિયાતો એ કહેવાય જે તૃપ્ત થયા પછી શરીર અને મનને કાર્યપ્રવણ અને પોતાના કાબૂ નીચે રાખે; કારણ, તેમને પણ પોતાનું કર્તવ્ય હોય છે. "

" કયું કર્તવ્ય ? "

" વાસ્તવિક, અનંત સત્ય અને પ્રેમ શોધી કાઢવાનું દુર્ઘટ કર્તવ્ય છે. માનવજાતને અન્ય કશું કર્તવ્ય નથી; અને બીજા કશા અર્થે એ કામ કરે છે, તે તેના પોતાના વિનાશાર્થે જ કરે છે. "

" અમારા ઉત્પાદકોનું જીવનધ્યેય એ અમારા ગજા બહારની વસ્તુ છે, એ અમે કબૂલ કરીએ છીએ. પરંતુ તેમ છતાં બીજા કશામાં નહિ તો સારાં અન્ન, વસ્ત્ર અને આશ્રયસ્થાનોના ઉત્પાદનમાં તો અમે સહાયભૂત થઈ શકીએ તેમ છીએ."

" તદ્દન સાદાં ઓજારોથી પણ તે પ્રાપ્ત થઈ શકે તેમ છે."

" કશી સહાય વિના આપને ફુરસદ બહુ રહેશે."

" સતની શોધ એ કંઈ ફુરસદનો ધંધો નથી. કાર્યપ્રવણતા એ એનું જ અંગ છે. અલબત્ત, યંત્રોની વેઠ નહિ, પરંતુ ખેતર, બગીચા, મિત્રો કે કુટુંબમાંનું સુખના ઉલ્લાસભર્યું કાર્ય."

" પરંતુ આપની વસ્તુયોજનામાં વિજ્ઞાનને આમ છતાં યે સ્થાન છે."

" એટલું જ કે જ્યાં સુધી એ ચિદ્દજ્ઞાન તરફ દોરી જાય ત્યાં સુધી."

" અને કલાને ?"

" એ પરમસૌન્દર્ય ભણી દોરી જાય ત્યાં સુધી જ."

" અને શોધવૃત્તિને ?"

" એ સર્વોચ્ચ શોધ ભણી દોરી જાય ત્યાં સુધી જ."

" મહાત્માજી, આપની યોજનામાં અમને કશું સ્થાન નથી. હવે એ સ્પષ્ટ થઈ ચૂકયું છે. અમારે હવે આપના જેવી એકાંગી દૃષ્ટિ ન ધરાવનારાઓ પાસે જ આશ્રય લેવાનો રહ્યો. આપનો માર્ગ છે સ્રષ્ટા ભણીનો, સર્જનથી વિમુખ. બીજો માર્ગ પણ સંભવિત છે—સર્જન દ્વારા, દરેક વસ્તુની છત દ્વારા. એ માર્ગે હજુ અમારે માટે સ્થાન રહ્યું છે."

" સઘળા માર્ગો એક જ લક્ષ્ય ભણી જાય છે. સઘળા જ માર્ગે છેવટે તો તમને પડતા જ મૂકવામાં આવશે. હું એ પ્રારંભથી જ કરી રહ્યો છું. કારણ કે સત્ય અને પ્રેમના માર્ગે તો ઝડપીમાં ઝડપી અંતરિક્ષયાનમાં બેઠેલા માનવીને પણ લાંબામાં લાંબો સમય લાગે. કોઇના હૃદયમાં પ્રવેશવા માટે એક ડગલું સુદ્ધાં ભરવાની જરૂર નથી રહેતી."

" નમસ્તે, ગાંધીજી, આપ જો સાચા હશો તો કોઈક દિવસે સુંદર નાનાં ચપ્પુઓ, કોદાળીઓ અને હળોના રૂપમાં અમે પાછા આવીશું."

" નમસ્કાર, રખે પાછા આવતા. તૈયાર સામગ્રીની અમને જરૂર નથી. માતા ધરતી પર તમે કાટ ખાતા રહો."

હતપ્રભ બનેલું પ્રતિનિધિમંડળ ઝૂંપડી છોડી ગયું. તેમને વિદાય આપવા હું તેમની સાથે હતો. યંત્રાત્માએ મને સાશંક નજરે જોયો અને યાંત્રિક શાળે હતાશાપૂર્વક મારો ખાદીનો ઝભ્ભો તપાસ્યો. પરંતુ મેં એક ઇજનેર તરીકે મારી ઓળખાણ આપી, એટલે એમની જીભ મીઠી બની.

" ઉચ્છેદકો વચ્ચે એક ઉત્પાદક શા માટે ?" રેલ્વે એન્જિન એના તીણા સાદે બોલ્યું, " તમે એમનું મતપરિવર્તન કરવા માગો છો ?"

" હું દિલગીર છું કે મારા અંત્રેના મુકામ પાછળ બરાબર એ જ હેતુ નથી રહેલો." મેં જણાવ્યું, " ઊલટું હું કયાંક એમના મતનો થવા નીકળી પડ્યો હોઉં એમ લાગે છે."

"એટલે કે એમનો ભોગ બનનારામાં તમે એક છો."

"સર્વથા તેમ નથી. હું કશી ફિલસૂફીની નહિ પણ હિંદ અને માનવજાત અંગેની હકીકતોની શોધમાં નીકળ્યો છું. ગાંધીજી હિંદને જાણે છે, એ જ હિંદ છે. એમને સમજવા એ એમના દેશને સમજવા બરાબર છે. જે કંઈ હિંદી છે એ સઘળાનો નિચોડ એમનામાં છે, અને એને લઈને તેઓ સર્વોત્કૃષ્ટ માનવભાવી છે."

"અમારી વાતચીત તમે સાંભળેલી છે." યંત્રાત્મા બોલ્યો, "એ સીધીસાદી છે. એ ચકમકની કુહાડી અને ઊનની કામળી પ્રત્યે પુનઃપ્રયાણ કરવા માગે છે."

"સર્વથા તેમ નથી. શોધકબુદ્ધિને એ સત્કારે છે, પણ તે એવા પ્રકારની નહિ કે જે જરૂરિયાતોની ગૂંચવણ પ્રત્યે, ઉત્પાદનના કેન્દ્રીકરણ પ્રત્યે અને માનવજાતની પરસ્પર બેહદ અધીનતા તરફ દોરી જાય. સર્જનાત્મક ચિંતન અને સૌન્દર્યની અંતઃપ્રેરણા જ્યાં એટલી ઘનિષ્ટ છે કે ચરખો, હાથશાળ કે ખાદીનો કકડો પણ પદાર્થ પર આત્માના પ્રભુત્વ દ્વારા આધ્યાત્મિક નજરે જોવામાં આવે છે, ત્યાં એકાદ પથરો કે લાકડાનો કકડો, મૂઠીભર કપાસ કે ઊન, થોડાંક સૂકાં પાંદડાં કે નજીકમાં ઊગતા ઝાડની છાલ લઈને સાદાંમાં સાદાં સાધનો વડે કલા કે કારીગરીની કૃતિનું સર્જન કરવું. રેલવે એન્જિન કે યાંત્રિક શાળમાં આવું કશું વજન નથી અપાતું."

"શા માટે નહિ? શોધકોની પેઢીઓ ને પેઢીઓએ આપણને આજને તબક્કે પહોંચાડેલ છે."

"એ તો કલાકારોની પેઢીઓની પેઢીઓએ ચીતરેલા ચિત્ર જેવું થયું. એને કશી વ્યક્તિમત્તા ન રહે."

"પરંતુ બીજી કોઈ રીતે કશી પ્રગતિ કેમ થઈ શકે?"

"સાચું કૌશલ્ય કે સાચી શોધકબુદ્ધિ એ સાચી કલા જેવાં જ છે—સર્જનના સ્વયંસ્ફુરિત સંવેદન સમાં, જે તાત્કાલિક કશી ઉપયુક્ત અને સૌન્દર્યયુક્ત વસ્તુની નિષ્પત્તિ માટે સાદાંમાં સાદાં સાધનોનો ઉપયોગ કરે છે. સામાન્ય માણસ માટે યંત્રકામ ખૂબ દુર્ગમ હોય છે. એ ન તો એ નિપજાવી શકે કે ન તો એનો આદર સુધ્ધાં કરી શકે."

"તો પછી શું?"

"ગાંધીજી માત્ર થોડાક નિષ્ણાતોને નહિ પણ સૌ કોઈને સર્જક બનાવવા માગે છે."

"એ તેઓ કેવી રીતે સાધી શકશે?"

"યોગ્ય પ્રકારની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપીને. સર્જનાત્મકતા માટે તક આપીને. વિઘ્નોનું નિવારણ કરીને."

"મહેરબાની કરીને સ્પષ્ટીકરણ કરો."

"જ્યારે સામુદાયિક પાયે ઉત્પાદન ચાલે અને દરેક ગામને પોતાની તાત્કાલિક જરૂરિયાતો પોતે જ ઉપજાવી લેવાની રહેશે, ત્યારે લાખો કારીગરો સાધનો ને ઓજારોની બનાવટમાં પરોવાઈ જશે. તેમને, પોતાને ત્યાંનાં જ સાધનો વાપરવાં પડશે, પોતાને ત્યાંની જ પ્રણાલી અને પરંપરાને અનુસરવું પડશે અને આયોજના તેમજ સમાપ્તિ બંને

વિષે પોતાની વ્યક્તિગત નિર્ણયબુદ્ધિનો પૂરેપૂરો ઉપયોગ કરવો પડશે. માત્ર થોડાંઘણાં પારંગત ભેજાં ખડકલાં પર ખડકલા રચતા જાય છે અને જનતાનો ખૂબ મોટો ભાગ તે બનાવતો ને વાપરતો જાય છે, એવી અત્યારની પદ્ધતિના કરતાં એ પદ્ધતિ શોધકબુદ્ધિ અને સર્જનવૃત્તિ, અનેકગણો અપાર અવકાશ કરી આપશે એ વિષે કશી શંકાને સ્થાન નથી."

"પરંતુ અમારે માટે ક્યાંયે અવકાશ છે ખરો?" યંત્રાત્માએ પૂછ્યું.

"કલાનો જ પ્રશ્ન હાથ પર લો. ફિલ્મ પોતે કલા હોવાનો દાવો કરે છે—પરંતુ એ યંત્રનિર્મિત કલા છે, વિક્રયનિમિત્ત કલા છે—અને એટલા માટે ભાગ્યે જ કશી કલા જેવું રહે છે. નજીકના શહેરમાં ફિલ્મ જોતો ગામડિયો લાગણીની નજરે કે રસદૃષ્ટિએ વધુ કંગાલ બનીને જ બહાર નીકળે છે. પરંતુ સ્થાનિક બુદ્ધિશક્તિએ લખાયેલું એકાદ નાટક ભજવવામાં આખું ગામ ઉત્સાહપૂર્વક ભાગ લે છે અને પોતાનાં કૌશલ્ય કે શોધકબુદ્ધિ દર્શાવી આપવાની ગામડાના પ્રત્યેક કારીગરને પૂરતી તક આપવામાં આવે છે. બધો ખરચ જણસમાં કે રોકડ અપાયેલા મરજિયાત ફાળામાંથી કાઢવામાં આવે છે, અને કશી ટિકિટો વેચવામાં નથી આવતી—ત્યારે સૌ કોઈ એથી સમૃદ્ધ થાય છે, કોઈ જ કંગાલ નથી બનતું. એ જ રીતે મિલમાં થતું લાખો વાર લેખે સૂતરનું ઉત્પાદન એ જબરો સામાજિક વ્યય છે. માત્ર પૈસાનો જ વ્યય નહિ, પરંતુ કારીગરને રહેતા સર્જનાત્મક અભિમાનનો, કપાસના નાના છોડનો અને નમતા શાંત બપોરે છોકરાંછૈયાં વચ્ચે બેસીને કાંતવાના કલાકનો પણ એ દુર્વ્યય છે."

"તો પછી અમારે માટે કશી આશા જ નથી? તમારી યોજનામાં અમને મુદ્દલ સ્થાન જ નહિ?"

"તમારી ચાકરીનું જોખમ માણસ વહોરી શકે તેમ નથી. તમે તમારા ચાકરોને સામાન્યતઃ કચરીને છૂંદો બનાવી દો છો. પરંતુ જ્યારે તમે ઘરના કે ખેતરના સાદા, સુંદર અને કાર્યક્ષમ એવા નાનાસરખા દોસ્તો બની જશો, ત્યારે ગાંધીજીને તમારા પ્રત્યે પ્રેમ સિવાય અન્ય કશી લાગણી નહિ રહે તેની મને ખાતરી છે. તમને જરૂર છે પુનર્જન્મની. કાંતવાનું યંત્ર ફરી પાછું મીઠું સંગીત ગાતો રેંટિયો બની જવો જોઈએ, યાંત્રિક શાળ ફરી પાછી વણકરની વફાદાર સાથી બની જવી જોઈએ. એવું જ તમારા સૌને વિષે."

"એ આશાકિરણ બદલ આપનો આભાર." યંત્રાત્મા બોલ્યો, "અમે તો તમે અમને જેવા બનાવો છો તેવા છીએ, અમે તમારો નાશ ન કરીએ એ તો તમારે ઉત્પાદકોએ જ જોવાનું રહે છે. અમે તો તમારી જ સંતતિ છીએ."

"તમે અમારા લોભ અને ઉન્માદનાં ફરજંદ છો. એટલા માટે તમારો તો ગયે જ છૂટકો. પરંતુ આશ્ચર્યકારક સાદાઈ અને સુંદર બુદ્ધિપ્રભા ધરાવતાં, પ્રેમ અને સાનુકંપાનાં સંતાનો તરીકે તમે પાછાં અમને આવી મળશો. અને ત્યારે તમે, તમારા સર્જકોનાં હૃદય અને મનની સર્વ સમૃદ્ધિ વડે જાજ્વલ્યમાન વસ્તુઓ તરીકે હમેશને માટે અમારી સાથે રહેશો."

ગાંધીજી અને ખ્રિસ્તી મિશનો

લેખક : એસ. કે. જ્યૉર્જ

હિંદમાંનાં ખ્રિસ્તી મિશનો પ્રત્યે પોતે કેવું વલણ ધરાવે છે તેની ચર્ચા ગાંધીજીએ ખ્રિસ્તી મિશનરીઓ સાથેની પોતાની અસંખ્ય મુલાકાતો દરમિયાન તેમજ 'યંગ ઇન્ડિયા' અને 'હરિજન' પત્રોનાં પાનાંમાં અવિરતપણે કરેલ છે. હજુ પણ એ પ્રશ્ન જો વાદગ્રસ્ત રહ્યો હોય, તો તેનું કારણ એ નથી કે ગાંધીજીનાં તે પરનાં મંતવ્યો તદ્દન સ્પષ્ટ નથી; પરંતુ એ મંતવ્યોથી સંમત થવામાં અને તદનુસાર વર્તવામાં ખ્રિસ્તી મિશનરીઓને જણાતી મુશ્કેલી, કદાચ તે માટેની નામરજી, તેના કારણરૂપ છે. ડૉ. જોન આર. મૉટે ગાંધીજીની બીજી વાર મુલાકાત લીધી ત્યારે, એ બંને વચ્ચે બે વર્ષ પર ચર્ચાયેલા પ્રશ્નો અંગે કશી પ્રગતિ કે સમજૂતી થવા પામેલી કે નહિ એવા તેમના સવાલનો ગાંધીજીએ ઉત્તર આપેલો કે, "કાર્યમાં કશી જ પ્રગતિ નહિ, એમ હું બેધડક કહું છું. મારા લક્ષ પર જે આવ્યું છે તે એ કે, જ્યાં સુધી વિચારને લાગેવળગે છે ત્યાં સુધી સાચી દિશામાં ગતિ રહેલી છે પરંતુ કાર્યસાધક નીવડે એવી સાચી પ્રતીતિ તો કાર્યમાં જ પરિણત થવી જોઇએ."[૧] સઘળા ખ્રિસ્તી મતપ્રકારો સામેના ગાંધીજીના પ્રત્યાઘાતો ફરી ને ફરી વાર કહેવાયેલા એમના પોતાના જ શબ્દોમાં જાણવાની જેમને ઇચ્છા હોય તેમણે અમદાવાદના નવજીવન કાર્યાલય તરફથી પ્રસિદ્ધ થયેલા 'ક્રિશ્ચિયન મિશન્સ: ધેર પ્લેસ ઇન ઇન્ડિયા' નામક તેમનાં ભાષણો અને મુલાકાતોનો આ વિષય પરનો સંગ્રહ વાંચી જવો. એ સ્થિતિ હજુ યે પ્રતીતિકારક હોય અને એ પ્રતીતિ કદાચ સક્રિયતામાં પરિણમે એવી આશાએ કરવામાં આવેલો આ પ્રયાસ એ તેના સંક્ષિપ્ત નિવેદનરૂપ છે.[૨]

ખ્રિસ્તી ધર્મ અને ખ્રિસ્તી મિશનો સાથેનો ગાંધીજીનો સંસર્ગ છેક એમના નાનપણથી શરૂ થયો છે, અને પુષ્કળ પ્રવૃત્તિમય એવા એમના લાંબા જીવનકાળ દરમિયાન તે ચાલુ રહ્યો છે. લંડનમાં તરુણ વિદ્યાર્થી તરીકે, દક્ષિણ આફ્રિકામાં ધારાશાસ્ત્રી અને સામાજિક કાર્યકર્તા તરીકે તથા હિંદી જનસમુદાયના નિર્વિવાદ નેતા તરીકે એમનો સંસર્ગ ઇંગ્લેંડના પ્લીમથ બ્રધ્રનથી માંડીને જાપાનના ડૉ. કાગાવા સુધીના અને ધર્મપ્રાણ ક્વેકર-પંથીઓથી માંડીને ચુસ્ત કેથોલિકો સુધીના સઘળા મતાનુયાયીઓ દ્વારા સાધવામાં આવ્યો છે, એમને ધર્મબોધ આપવામાં આવ્યો છે અને એ માટે પ્રાર્થવામાં પણ આવ્યા છે.

ગાંધીજીના ખ્રિસ્તી ધર્મના અસ્વીકાર બદલ સંતાપ અનુભવતા ખ્રિસ્તીઓ તરફથી કેટલીક વાર એવું વિચારવામાં અને જણાવવામાં આવે છે કે પોતાના ખ્રિસ્તી સંસર્ગમાં

૧. ક્રિશ્ચિયન મિશન્સ, પૃ. ૨૫૨

૨. હિંદમાંનાં ખ્રિસ્તી મિશનોની ઐતિહાસિક ભૂમિકા, બદલાતી પરિસ્થિતિ અને શક્ય રૂપાંતરની ચર્ચા માટે લેખકના 'ગાંધીઝ ચેલેન્જ ટુ ક્રિશ્ચિયાનિટી (એલન એન્ડ અનવિન)' માંનું આ વિષયક પ્રકરણ જુઓ.

એ કમનસીબ નીવડચા છે. લેડી એમિલી કિન્નેર્ડે પોતાની મુલાકાત દરમિયાન ગાંધીજીને એ જ કહેલું કે, "તમને મળવાયોગ્ય લોકોને તમે મળ્યા નથી." પરંતુ પોતાના નાનપણના અને પ્રભાવક્ષમ દિવસોમાં પોતે રૂબરૂ કે લખાણ દ્વારા ડૉ. એફ. ડબલ્યુ. મેયર, એન્ડ્રુ મરે અને સ્પેન્સર વૉલ્ટન જેવા પ્રભાવ અને અંતર્દૃષ્ટિવાળા તથા ઉત્તર જીવનમાં ચાર્લી એન્ડ્રૂઝ, જોન આર. મોંટ અને કાગાવા જેવા ખ્રિસ્તીઓના સંસર્ગમાં આવી ચૂકેલ છે એમ જણાવીને ગાંધીજીએ તેને સુદ્ધાં નિરુત્તર બનાવી દીધેલી. એમણે તેને કહેલું, "એફ. ડબલ્યુ. મેયરે જ મારી સાથે લાંબા સંભાષણ પછી મને એકલો રહેવા દેવાનું અન્ય ખ્રિસ્તી મિત્રોને જણાવેલું."[3] પરંતુ તેમણે એમને એકલા રહેવા નથી દીધા. નહિ, ગાંધીજી આજે ખ્રિસ્તી ન હોય તો તેનું કારણ એ નથી કે તેમના પર વેળકવેળ ખ્રિસ્તી ધર્મનું દબાણ લાવવામાં નથી આવ્યું કે તેના ઉત્તમ કે ઉદાત્ત આવિષ્કારના પરિચયમાં નથી આવ્યા.

સર્વોચ્ચ ખ્રિસ્તી તત્ત્વની પસંદગીના આ અવિરત આગ્રહ સાથે સત્ય અર્થેની એમની પોતાની અવિરામ શોધ રહેલી છે. એમનું સમગ્ર જીવન સત્યના પ્રયોગરૂપ રહેલું અને હજુ યે રહ્યું છે; અને જીવનનાં અન્ય સઘળાં ક્ષેત્રોની માફક તેઓ તેને ધર્મદૃષ્ટિએ અનુસર્યા છે. "સત્ય પ્રકાશની પ્રાપ્તિ અર્થે હું કશો પ્રયત્ન બાકી નહિ રાખું એવું જે પવિત્ર વચન મારા સૌથી પ્રિય ખ્રિસ્તી મિત્રોમાંના કેટલાકને આપેલું તેની પૂર્તિ અર્થે" મહાન હિંદી ખ્રિસ્તીઓમાંના એક શ્રી. કાલિચરણ બેનરજીની પોતે લીધેલી મુલાકાત વિષે ગાંધીજીએ ઈ. સ. ૧૯૨૫માં કલકત્તા મુકામે મિશનરીઓને કરેલા એક અત્યંત નિખાલસ સંબોધનમાં જણાવેલું:[4] "હું જો પ્રકાશ પામી શકીશ તો પછી કશો પાર્થિવ લાભ મને એથી વંચિત રાખી નહિ શકે એવી મારા મિત્રોને આપેલી ખાતરી મેં તેમને જણાવી. હું પાછો ફર્યો તે ખેદ, અવસાદ કે નિરાશાપૂર્વક નહિ, પરંતુ શ્રી. બેનરજી જેવા પણ મને પ્રતીતિ કરાવી ન શક્યા એ બદલ અફસોસ તો રહ્યો જ." આ અંગત સંબંધોની સાથોસાથ બાઈબલનું ધ્યાનપૂર્વકનું વાચન ચાલુ રહેલું. જૂના કરારના પ્રારંભિક ખંડો— ખાસ કરીને 'બૂક ઑવ નમ્બર્સ' એમને પરાવૃત્ત કરતા હોવા છતાં લાક્ષણિકતઃ એમણે બાઈબલનું વાચન જારી રાખ્યું. "'નવા કરારે' જુદી જ છાપ પાડી—ખાસ કરીને ગિરિપ્રવચને, જે સીધું મારા દિલમાં ઘર કરી ગયું." ગાંધીજી બાઈબલના માર્મિક અભ્યાસી રહ્યા છે અને પોતાનાં થોડાંક પ્રિય પુસ્તકોમાં તેને પણ કીમતી સ્થાન આપે છે. વસ્તુતઃ એક વાર તો, ગુજરાત રાષ્ટ્રીય વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સમક્ષ બાઈબલ વાંચવાની અને સમજાવવાની ગાંધીજીએ આપેલી અનુમતિ પરથી તેઓ ખાનગીમાં ખ્રિસ્તી હોવાનો આક્ષેપ મૂક્તા. જે અનેક રોષભર્યા પત્રો તેમના પર આવવા માંડેલા તે સામે તેમને પોતાનો બચાવ કરવો પડેલો.

---

૩. ક્રિશ્ચિયન મિશન્સ, પૃ. ૨૮૪
૪. એ જન, પૃ ૫૦ ।

સત્યના આ પ્રયોગો કેવળ કે મુખ્યતઃ બુદ્ધિનાં કે લાગણીનાં જ ક્ષેત્રોમાં નહિ, પરંતુ અત્યંત ગીચ પ્રવૃત્તિભર્યા એમના જીવનની પ્રયોગશાળામાં ચાલતા રહીને ગાંધીજીને કેટલાક નિર્ણયો પ્રત્યે દોરી ગયેલ છે. પોતે અભિનવ કે અધિક પ્રકાશ અંતે પ્રાપ્ત કર્યો છે અથવા તો તે સામે પોતાના મનના દરવાજા વાસી દીધા છે એમ નથી. સત્ય એ જ ઈશ્વર હોવાના એમના મૂળભૂત ખ્યાલથી તે વિરુદ્ધ જાય છે. હજુ યે તે એક બાળક સમા નિખાલસ અને ગ્રાહકવૃત્તિના રહ્યા હોઈને અદ્યાપિપર્યંત પોતે સત્યના એક વિનમ્ર શોધક તરીકે જ પોતાની જાતને કબૂલ રાખે છે. પરંતુ અત્યાર સુધીમાં જે સત્ય એમને પ્રત્યક્ષ થયું છે તે તેમણે તદ્દન અસંદિગ્ધ શબ્દોમાં અને કશા માનસિક ક્ષોભ વિના નિવેદિત કર્યું છે. અને એમની સાથે વહેવાર કરનારા—ખાસ કરીને ધાર્મિક બાબતોમાં—પણ એવા ક્ષોભ વિના જ તેમને પ્રત્યુત્તર વાળે તે માટે તેઓ ખૂબ આગ્રહી છે. માત્ર ખ્રિસ્તી કે હિંદુ ધર્મના જ નહિ, પણ અન્ય ધર્મોના યે પ્રાર્થનાયુક્ત અભ્યાસ પછી એ જે નિર્ણય પર આવ્યા છે તે એ કે, “સઘળા ધર્મો સાચા છે અને સઘળા ધર્મોમાં કંઈ ને કંઈ ક્ષતિ રહેલી છે.”[5] સહિષ્ણુતાનો એટલે કે ધર્મોની સમાનતાનો આ સિદ્ધાંત ગાંધીજી એટલા પ્રબળ અને સ્પષ્ટપણે ધરાવે છે, કે પોતાના આશ્રમના મુખ્ય નિયમોમાં તેનો સમાવેશ કર્યો છે.[6] તેમનાં આ નીચેનાં નિવેદનો મુખ્ય છેઃ “પ્રેમના નિયમને અનુસરતો સત્યશોધક તત્કાળ આ એકરાર (પોતાના ધર્મની અપૂર્ણતાનો) કરી લેવાનો. સત્યનું સમગ્ર દર્શન આપણે પામ્યા હોત તો સત્યના શોધકો જ ન રહેતાં આપણે ઈશ્વર સાથે તાદાત્મ્ય સાધી ચૂક્યા હોત, કારણ કે સત્ય એ જ ઈશ્વર છે. પરંતુ માત્ર શોધકો હોવાને કારણે આપણી શોધ આપણે ચલાવ્યે રાખીએ છીએ અને આપણી અપૂર્ણતાથી અજ્ઞાત રહ્યા છીએ. અને આપણે જાતે જ અપૂર્ણ હોઈએ તો આપણે કલ્પેલો ધર્મ પણ અપૂર્ણ હોવો જોઈએ. આપણે ઈશ્વરનો સાક્ષાત્કાર નથી કર્યો એ જ રીતે ધર્મનો પણ સમગ્રતયા સાક્ષાત્કાર નથી કરેલો. આપણો કલ્પેલો ધર્મ આ રીતે અપૂર્ણ હોઈને સદા ઉત્ક્રાન્તિની પ્રક્રિયાને તથા પુનર્વિવરણને પાત્ર રહ્યો છે. સત્ય પ્રત્યેની, ઈશ્વર પ્રત્યેની ગતિ એ આવી ઉત્ક્રાન્તિને લઈને જ શક્ય છે. અને મનુષ્ય દ્વારા દોરેલા બધા ધર્મો અપૂર્ણ હોય તો પછી તુલનાત્મક ગુણવિશેષતાનો પ્રશ્ન જ ઊભો થવા નથી પામતો. બધા જ ધર્મોમાં સત્યનો આવિર્ભાવ રહ્યો છે, પરંતુ બધા જ અપૂર્ણ અને ક્ષતિને પાત્ર છે. અન્ય ધર્મો પ્રત્યેની માનદૃષ્ટિને કારણે આપણે તેમના દોષો પ્રત્યે દુર્લક્ષ કરવાની કશી જરૂર નથી. આપણા પોતાના ધર્મની ખામીઓ પ્રત્યે પણ આપણે તીવ્ર જાગૃતિ રાખવી જોઈએ, પરંતુ એ કારણે જ એનો ત્યાગ કરવાને બદલે એ ખામીઓ દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. સર્વ ધર્મોને સમદૃષ્ટિએ જોવાથી અન્ય ધર્મોનાં સ્વીકાર્ય અંગોનો આપણા ધર્મમાં સમન્વય કરતાં આપણે અચકાશું નહિ એટલું જ નહિ, પણ આપણી ફરજરૂપ ગણીશું.”

૫. એજન પૃ. ૧૯૦.

૬. ફ્રોમ યેરવડામંદિર, ૧૦ તથા ૧૧, ક્રિશ્ચિયન મિશન્સમાં ઉધ્ધૃત પૃ. ૩–૧

વળી, "વૃક્ષને જેમ થડ એક જ છતાં અનેક શાખાઓ ને પાંદડાં હોય છે, એ જ રીતે સાચો ને સંપૂર્ણ ધર્મ એક જ હોવા છતાં માનવ–માધ્યમમાં પસાર થતાં તે બહુસંખ્ય થાય છે. એ એકમેવ ધર્મ શબ્દાતીત છે. અપૂર્ણ મનુષ્યો પોતાને સાધ્ય એવી ભાષામાં તે નિરૂપે છે અને તેમના શબ્દો પાછા તેમના જેટલા જ અપૂર્ણ મનુષ્યો દ્વારા વિવક્ષિત થાય છે. એટલા માટે જ સહિષ્ણુતા આવશ્યક છે, જેનો અર્થ પોતાના ધર્મ પ્રત્યેની ઉદાસીનતાનો નહિ પરંતુ એ પ્રત્યેના વધુ સમજણપૂર્વકના અને શુદ્ધતર પ્રેમનો થાય છે. સહિષ્ણુતા આપણને આધ્યાત્મિક અંતર્દષ્ટિ અર્પે છે, જે ધર્માંધતાથી તો ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ સુધીના અંતર જેટલી દૂર હોય છે. ધર્મનું સાચું જ્ઞાન ધર્મધર્મ વચ્ચેની આડ તોડી નાખે છે. બીજા ધર્મો પ્રત્યે સહિષ્ણુતાની કેળવણી આપણને આપણા પોતાના ધર્મની વધુ સાચી સમજણ આપશે. દેખીતી રીતે જ સહિષ્ણુતા કંઈ સત્યાસત્યની કે સારાસારની વિવેકદૃષ્ટિને અંતરાયરૂપ નથી. અહીં થયેલો નિર્દેશ સ્વાભાવિક રીતે જ પહેલેથી તે છેલ્લે સુધી જગતના મુખ્ય ધર્મો સંબંધે છે. સર્વસામાન્ય તત્ત્વો પર એ સઘળા નિર્ભર છે. સઘળાએ મહાન સંતો નિપજાવ્યા છે."

પોતાના બીજા સઘળા આદેશોની માફક આને પણ ગાંધીજીએ આચારમાં ઉતારેલ છે અને આચારની કસોટીએ તે પાર ઊતરેલ છે. દક્ષિણ આફ્રિકા તથા હિંદમાંના એમના આશ્રમોમાં હિંદુઓની પેઠે મુસ્લિમ તથા ખ્રિસ્તી અંતેવાસીઓ પણ મંડળીની ધાર્મિક પ્રેરણામાં સંપૂર્ણ સમભાગી રહેલા. આશ્રમની પ્રાર્થનાઓમાં એમને પ્રિય રામનામને સ્થાને સૌનાં સરખાં સ્વીકાર તથા પ્રેરણાને પાત્ર એવાં ઈશુ, અલ્લાહ, અહુરમઝદ—એ સૌનાં નામ વપરાતાં રહેલાં. એમનાં પ્રિય સ્તોત્રોમાંનાં કેટલાંક ખ્રિસ્તી સ્તોત્રશાસ્ત્રમાંથી લેવામાં આવ્યાં છે. આશ્રમનાં ભજનો વખતે ઘણી વાર કુરાન તથા બાઈબલનો પાઠ કરવામાં આવે છે. અને આ સઘળું ખાસ પ્રસંગો પૂરતા દેખાવ માટે કે રડયાખડયા મુલાકાતીઓને રીઝવવા કાજે નહિ, પરંતુ તેઓ અને તેમના સાથીદારો પ્રચંડ આંદોલનોભરી કારકિર્દી વચ્ચે જે આત્મસમર્પણયુક્ત જીવનને વરેલ છે તેના પોષણ કાજે.

ખ્રિસ્તી મિશનરીઓને માન્ય રાખવો મુશ્કેલ જણાય છે તે ધર્મોની સમાનતાનો આ સિદ્ધાંત, અને એ મુદ્દા પર તો પ્રખર મિશનરીઓ ગાંધીજી સાથે ચર્ચાના મેદાનમાં ઊતરી ચૂકેલ છે. સૌથી પ્રથમ તો ખ્રિસ્તી ધર્મનો એ અનન્ય અને નિઃશેષ દાવો રહ્યો છે, કે એ પોતે જ સાચો ધર્મ છે, માત્ર એક ઇશુ જ પ્રભુનો અવતાર છે, પ્રભુથી જન્મેલો એકમાત્ર પુત્ર છે. ગાંધીજીએ ઈશુ માટેના આ નિઃશેષ દાવાનો નિશ્ચિતપણે ઇનકાર કરેલો છે. "એકમાત્ર ઈશુને જ પ્રભુથી જન્મેલો પુત્ર માનવો એ મારા મતે પ્રમાણબુદ્ધિથી વિરુદ્ધ છે, કારણ કે ઈશ્વર પરણી તેમજ સંતતિ ઉત્પન્ન કરી શકે નહિ. 'પુત્ર' શબ્દ ત્યાં માત્ર આલંકારિક અર્થમાં યોજી શકાય. એ નજરે ઈશુની કક્ષાનો હરકોઈ પ્રભુપુત્ર જ છે. કોઈ માણસ આધ્યાત્મિકતામાં આપણાથી નેજનો લેખે આગળ હોય, તો આપણે કહી શકીએ કે, અમુક વિશિષ્ટ નજરે એ પ્રભુપુત્ર છે; જોકે આમ તો આપણે સઘળાં જ

પ્રભુનાં બાળકો છીએ. આપણાં જીવનમાં એ સંબંધ આપણે નકારીએ છીએ, જ્યારે તેનું જીવન એ સંબંધની જ સાક્ષીરૂપ છે."[૭] એથી આગળ જતાં તેઓ માનવજાતના મહાન ઉદ્ધારકોના દિવ્યાંશનો નિર્ણય કરવાના સઘળા પ્રયત્નોને પણ તુચ્છકારે છે. "ઈશુ ૯૯ ટકા દિવ્ય હતો જ્યારે મહંમદ ૫૦ ટકા અને કૃષ્ણ ૧૦ ટકા એમ જણાવવું, એ વસ્તુતઃ પોતાને જેની સાથે કશું લાગતુંવળગતું નથી એવું અનધિકાર કાર્ય માથે લેવા બરાબર છે." એક અન્ય પ્રસંગે એમણે કહેલું, "અનેક પ્રભુપુત્રોમાંના એક તરીકે હું તેને (ઈશુને) ગણતો હોવાને લીધે મારા જીવન પરનો તેનો પ્રભાવ ઓછો થતો નથી. 'જન્મેલો' એ વિશેષણનો મારા માટે તેના શાબ્દિક અર્થ કરતાં વધુ ગહન, કદાચ વધુ ભવ્ય અર્થ રહેલો છે. મારા માટે તેમાં આધ્યાત્મિક જન્મનો ધ્વનિ રહેલો છે. તેના પોતાના સમયમાં એ ઈશ્વરની સૌથી નજીક હતો."[૮] સૃષ્ટિના ઇતિહાસમાં ચિરકાળને માટેના ઈશ્વરના અનન્ય કાર્યના ખ્રિસ્તી દાવા સંબંધે પણ ગાંધીજી એટલા જ સ્પષ્ટ છે. મિશનરીઓને એમણે જણાવેલું, "ઈશ્વરે ૧૯૦૦ વર્ષ પહેલાં જ ક્રૉસ નહોતો વેઠ્યો, પણ આજે ય તે વેઠે છે એમ હું સૂચવું. ૨૦૦૦ વર્ષ પહેલાં મૃત્યુ પામેલા ઐતિહાસિક ઈશ્વર પર જ દુનિયાએ આધાર રાખવાનો હોય તો એ બહુ કંગાલ આશ્વાસન થઈ પડે. તો પછી ઇતિહાસના ઈશ્વરને ન પ્રબોધો, પરંતુ આજે એ જે રીતે જીવે છે એ રીતે તમારી મારફત એને વ્યક્ત કરો." તેઓ પોતે જીવંત ખ્રિસ્તનો સાક્ષાત્કાર અનુભવે છે કે કેમ, એવા આહ્વાનનો એમણે જવાબ આપેલો, "તમે જેનો નિર્દેશ કરો છો એ ખ્રિસ્ત ઉપનામ પામેલો ઐતિહાસિક ઈશુ હોય તો મારે કહેવું જોઇએ કે, ના. જો ઈશ્વરનાં અભિધાનોમાંના એકને સૂચવતું એ વિશેષણ હોય તો મારે કહેવું જોઇએ કે ઈશ્વરનો સાક્ષાત્કાર હું અનુભવું છું. પછી તેને ખ્રિસ્ત કહો, કૃષ્ણ કહો, કે રામ કહો. મારામાં જો ઈશ્વરનો સાક્ષાત્કાર હું ન અનુભવતો હોઉં તો, દરરોજ એટલાં બધાં સંતાપ તથા નિરાશા મારી નજરે પડે છે, કે હું પ્રલાપ કરતો એક પાગલ જ બની જાઉં અને હુગલી એ જ મારો મુકામ બને."

ધર્મોની સમાનતાનો સિદ્ધાંત સ્વીકારવો ખ્રિસ્તી મિશનરીને મુશ્કેલ લાગવાનું બીજું કારણ લોકાનુમત, હિંદુધર્મના સારા જેવા ભાગની વિચિત્રતાઓની, ખાસ કરીને હિંદુ સમાજના જાતિભ્રષ્ટોની—જડપૂજાની તેને રહેતી ભ્રાન્તિ છે. મિશનરી કહેશે કે આ કોઇ પણ રીતે ચલાવી લઇ ન શકાય; અને પોતાના વહેમથી મુક્ત થયેલો જાતિભ્રષ્ટ એવું કાર્ય બજાવવામાં પૂરેપૂરો રસ ધરાવતા ધાર્મિક પ્રચારકના જ હાથ નીચે રહે છે. પરંતુ ગાંધીજીની સહિષ્ણુતા જડપૂજકપર્યંત સુધ્ધાં પહોંચે છે. પહેલી વાત તો એ કે, એમની વિચિત્ર માન્યતાઓ સુધ્ધાંને એક કોરે મૂકી દેવાનું ન્યાય્ય ઠરાવતા વર્ચસ્વનો દાવો એમને નામંજૂર છે. મિસ ઇવલીન અંડરહિલના આ કથન સાથે એ સંમત થતા લાગે કે "સઘળી જ પૂજા પવિત્ર છે; કારણ કે એના સૌથી પતિત સ્વરૂપમાં, સૌથી અજ્ઞાન અને

૭. ક્રિશ્ચિયન મિશન્સ, પૃ. ૧૭૧-૨

૮. એજન, પૃ. ૧૧


મૂર્ખ પૂજકો સુધ્ધાંમાં પણ હજુ દિવ્યતાની કંઈક સાચી શોધવૃત્તિ રહેલી છે, અને અત્યંત ભવ્ય વિધિ તથા ઊંચામાં ઊંચી તત્ત્વમૂલક નિર્ણયાત્મકતા તેમજ તેમની વચ્ચે એટલું તો નજીવું અંતર છે, કે સ્વર્ગમાંના સંતો તેની સસ્મિત ઉપેક્ષા જ કરે, એમ આપણે માનવા પ્રેરાઈએ."[૯] ગાંધીજી પૂછે છેઃ "આદિવાસીઓ તથા આસામના ગિરિવાસીઓ સમક્ષ મારે મારા નગ્ન રૂપે જવા સિવાય બીજું શું લઈ જવાનું હોય? મારી પ્રાર્થનામાં જોડાવાનું તેમને કહેવાને બદલે હું જ તેમની પ્રાર્થનામાં સામેલ થાઉં."[૧૦] તેમને ધર્મોપદેશ આપવાનો ખ્રિસ્તી દાવો એમને મન વિનમ્રતાના અંચળામાં ઉદ્ધતાઈના જ ઉદાહરણરૂપ લાગે છે.

રાજકીય સત્તાની લાલચ આ લાખો કમનસીબોને પણ જ્યારે પોતાની વર્તમાન પરિસ્થિતિ તથા ભાવિ શક્યતાઓનું ભાન કરાવી રહી હતી, ત્યારે દેશમાંના બીજા આક્રમક ધર્મોની અણછાજતી હરીફાઈમાં ઊતરીને જેટલા ઝડપાય એટલા આ અસ્પૃશ્યોને ઝડપી લેવાનો ખ્રિસ્તી પ્રયાસ પણ ગાંધીજીને ઊંડી વ્યથા પ્રેરે છે. હિંદુધર્મના દેહછેદન સામે, દલિત વર્ગોને એક જુદી કોમ તરીકે અલગ પાડવા સામે, ગોળમેજી પરિષદમાં ગાંધીજીએ પોતાનું જીવન સમર્પિત કરી દેવાનું પણ લીધેલું. એ પ્રશ્ન એમના માટે તેની રાજકીય કે કોમી પ્રતિક્રિયા કરતાં પણ વધુ દૂરગામી હતો. હરિજનો એ એમના માટે હિંદુ સમાજના જ અંગાંગીભૂત છે. સ્મરણાતીત કાળથી તેઓ હિંદુધર્મમાં સમાઈ ગયા છે. તેઓ આ ભૂમિના જ છે અને તેમનાં મૂળ તેમાં ઊંડે સુધી રહેલાં છે. એમનાં અન્ય કોઈ પણ એકનિષ્ઠ કાર્યો કરતાં અસ્પૃશ્યતા–અસ્પૃશ્યતાનિવારણ અર્થેનું એમનું સમર્પણ પ્રથમ અને ઊંડું છે. તેમની લાચારીઓ નિવારવાનું, તેમને માટે મંદિરો ખુલ્લાં મૂકવાનું કાર્ય એ એમને મન જાતિભ્રષ્ટો પ્રત્યે સવર્ણોનાં ઋણમુક્તિ તથા પ્રાયશ્ચિતરૂપ રહ્યું છે. વાજબી કહી શકાય એવી પોતાની અકળામણ કે અધીરાઈને લઈને કોઈ જાતિભ્રષ્ટ મંદિરપ્રવેશ ન માગતાં હિંદુધર્મનો જ ત્યાગ કરી જાય તેની એમને બહુ દરકાર નથી. "હિંદમાંના હરિજનો બીજા ધર્મનો અંગીકાર કરે અને માત્ર એક જ હરિજન હિંદુધર્મમાં રહે, તોપણ હિંદુ મંદિરો ખુલ્લાં મૂકવાનો આગ્રહ હું પકડી રાખું. હરિજનો તરફથી કોઈ પણ પ્રકારના બદલાની અપેક્ષા વિના આપણા પોતાના કર્તવ્યપાલન દ્વારા હિંદુધર્મની સંશુદ્ધિ થવા પામે તો જ માત્ર તે બચી શકે. આ ધાર્મિક વલણ જ હરિજનોના પ્રશ્નને બીજા બધા પ્રશ્નોથી જુદો પાડવામાં અને તેને વિશિષ્ટ મહત્ત્વ આપવામાં કારણરૂપ રહેલું છે."[૧૧]

ખ્રિસ્તી મિશનોને હરીફ ધર્મોથી હાથ મિલાવીને આ ઊભરાનો લાભ હરિજનોને પોતાના પંથમાં આકર્ષવામાં લેતા જોઈને, અસ્પૃશ્યતાના જુગજૂના દૈત્ય સાથેના જીવસટોસટના આ જંગમાં ઊતરેલા તથા પોતાની જિંદગી અને પ્રતિષ્ઠાનો તેને ભોગ આપી ચૂકેલા ગાંધીજી મર્મભેદી આઘાત અનુભવતા હતા. વિરલ વ્યક્તિગત અપવાદોને જતા કરીએ

૯. ઈ અંડરહિલઃ 'વર્શીપ' તા ૧૦–૭–૩૭ ના 'હરિજન'માં અવતરણ
૧૦ ક્રિશ્ચિયન મિશન્સ, પૃ. ૧૯૨
૧૧ એજન, પૃ. ૮૬ તથા ૮૭





તો, અસ્પૃશ્ય સમુદાયમાં નવી આધ્યાત્મિક ભૂખ જાગી હોવાનો, અને એ ભૂખ એમને પક્ષે તનતોડ શ્રમ માગી લેતી હોવાનો એ લોકો દાવો કરી રહ્યા હતા. આંબેડકરમાં તેમને આધુનિક મોઝીઝ પ્રતીત થતો હોવાનું તે જણાવતા, જે પોતાની દલિત પ્રજાની સામુદાયિક હિજરતને એક નવી તીર્થભૂમિ ભણી દોરી રહ્યો હતો. દરેક હરીફ પંથને અરમાન રહેતો કે પોતાનો જ પંથ એ તીર્થભૂમિ નીવડશે. દા. ત. ક્રિશ્ચિયન મિશનરી સોસાયટીએ, 'આ મહાન પ્રવૃત્તિ જ્યાં ચાલતી એ ભાગોને બીજાં પાંચ વર્ષ દરમિયાન વધારાની ગ્રાન્ટો આપવાનું શક્ય બને તે માટે ૨૫૦૦૦ પૌંડના એક પ્રસંગોપાત્ત ભંડોળ' માટે અપીલ કરેલી, એટલું જ નહિ પણ સમગ્ર ખ્રિસ્તી ધર્મસંસ્થાને પણ પોતાના આ પ્રયાસમાં સહાય માટે અપીલ કરેલી.[૧૨] ગાંધીજીએ કેટલાક ઉચ્ચ વર્ણીય હિંદુઓ સહિત હિંદના હજારો અસ્પૃશ્યોના ખ્રિસ્તી ધર્મમાં વટાળ બદલ તેમજ આ નવી આધ્યાત્મિક ભૂખની સાબિતી કાજે શોધ ચલાવી, પણ વ્યર્થ. રાષ્ટ્રહિતમાં તેમજ આ દેશમાં ખ્રિસ્તીધર્મના ભવિષ્યમાં રસ ધરાવનારા કેટલાક શુભનિષ્ઠ હિંદી ખ્રિસ્તીઓના પ્રયાસો પણ અર્ધદગ્ધ થઈ પડયા; કારણ કે એક બાજુ શંકાનિરસનના પ્રયાસો સાથે બીજી બાજુ ધર્મપરિવર્તનના અધિકારને તેઓ વળગી રહેવા માગતા હતા. ગાંધીજીએ એમના મેનિફેસ્ટોનો ઉલ્લેખ 'એક કમનસીબ ખત' તરીકે કરેલો; કારણ કે હિંદુઓની ખળભળી ઊઠેલી લાગણીઓને શાંત પાડવાના તેમજ ધર્માંતર માટેના પોતાના ગેરમઝહબી દાવથી ખ્રિસ્તી મિશનોને પરાવૃત્ત કરવાના પોતાના બેવડા હેતુને સિદ્ધ કરવામાં તે નિષ્ફળ નીવડેલો. એક ઐતિહાસિક બિના તરીકે તો એ 'મહાન પ્રવૃત્તિ' દિશાસૂન્ય જ હતી. ડૉ. આંબેડકર આજે યે હિંદુ જ રહ્યા છે, અથવા કંઈ નહિ તો, પોતાની તીર્થભૂમિ તો હજુ તેમને દૃષ્ટિગોચર નથી થઈ; જ્યારે હિંદના અસ્પૃશ્યોનો મોટો સમૂહ સામાન્ય હિંદુ સમાજમાં ઝડપી સમાસ પામી રહ્યો છે. ખ્રિસ્તીધર્મ સહિત દેશમાંના બીજા ધર્મોને પણ જેનો ચેપ લાગેલો એ અસ્પૃશ્યતાના કલંકથી વિનિર્મુક્ત થયેલા જાગ્રત હિંદુધર્મમાં સ્વભાવિક રીતે જ તેમને પોતાની આધ્યાત્મિક ભૂખ સંતોષાતી લાગી. ખ્રિસ્તીધર્મ સંસ્થાને આધ્યાત્મિક મૂલ્યો માટે સાચેસાચી દરકાર હોત, હિંદના નવજન્મ સાથે એને ખરેખર નિસ્બત હોત, તો પોતાના એક સહોદર ધર્મે સાધેલી આ વિશુદ્ધિ પર તેણે નિર્વ્યાજ આનંદ અનુભવ્યો હોત; અને તેની મૂંઝવણોમાં ઉમેરો કરવાને કે પોતાના અધિકારોનું પ્રતિપાદન કરવાને બદલે તેને બિરાદરીનો જમણો હાથ સોંપ્યો હોત.

મિશનરીઓ આજના નાસ્તિકતા તથા જડવાદના જમાનામાં સૌ કોઈમાં આધ્યાત્મિક ભૂખ જગાડીને તેમના સંપ્રદાયમાં પોતાના સંદેશનો પ્રત્યુત્તર વાળે એવા લોકો એકત્ર કરવાના પોતાના અધિકારને ચુસ્તપણે વળગી રહે છે. પરંતુ ગાંધીજી આ બાબતમાં અધિકાર તથા ફરજ વચ્ચે ભેદરેખા દોરે. "ફરજ એ જ્યારે અધિકાર બની જાય છે ત્યારે તે ફરજ તરીકે મટી જાય છે. ફરજની બજાવણી એક ગુણવિશેષતા માગે છે,

---

૧૨. એજન, પૃ. ૯૫

અને તે કષ્ટસહન તથા આત્મનિરીક્ષણની. જ્યારે અધિકારનો અમલ જે ગુણવિશેષતા માગે છે, તે તે તેના દાવાદાર મારફત પ્રયોજાયેલી શિક્ષા દ્વારા અથવા તો પોતાના અધિકારના અમલ માટે તે જેને મદદે બોલાવે છે એ કાયદા મારફત પોતાની ઇચ્છા તેનો પ્રતિકાર કરનાર પર લાદવાની સત્તાની. સંદેશવાહક પોતાને પ્રાર્થના તથા ઉપવાસ દ્વારા યોગ્ય વાહન બનાવે ત્યારે જ આધ્યાત્મિક સંદેશવહનની ફરજ અદા થઈ ગણાય. અધિકાર તરીકેના તેના ખ્યાલને લઈને તે માટે નામરજી ધરાવતા પક્ષો પર સહેજે તે લદામણીરૂપ થઈ પડે."[13] પોતે ખ્રિસ્તમાં અનુભવેલી સુરક્ષાના સાક્ષીરૂપ બનવાની ખ્રિસ્તીની ફરજનો ઇનકાર કરવામાં ગાંધીજી સૌથી છેલ્લા રહે. એને તો એમણે સદા આવકારપાત્ર ગણેલી છે. ગાંધીજીએ હિંદના રાષ્ટ્રીય તાણાવાણામાં ખ્રિસ્તીધર્મને વણી લેવા માટેનાં ચાર સૂચનો કર્યાં હોવાનું પ્રસિદ્ધ ઈવાન્જેલિસ્ટ ડૉ. સ્ટેનલી જોન્સે ન્યુયોર્કની એક સભામાં જણાવ્યું હતું, જેનો હેવાલ તાજેતરનાં જ કેટલાંક રોજિંદાં છાપાંમાં આવેલો. "તમે ખ્રિસ્તી લોકોએ તમારા ધર્મને ભ્રષ્ટ કે શિથિલ બનાવ્યા વિના તે આચરવો જોઇએ. તમે ખ્રિસ્તી લોકોએ, ખાસ કરીને મિશનરીઓએ બહુધા ખ્રિસ્ત માફક જીવવાનું શરુ કરવું જોઇએ. તમારે પ્રેમના બોધનો વધુ પ્રચાર કરવો જોઈએ. અને અન્ય ધર્મોની સહાનુભૂતિભરી સમજણ માટે બિનખ્રિસ્તી ધર્મોનો અભ્યાસ કરવો જોઈએ." તેમના કહેવા મુજબ ઈશુના બોધને પોતાના પ્રભાવ કે સ્વીકાર માટે બહારના કશા પ્રચારની જરૂર નથી રહેતી. પોતાનું વક્તવ્ય સમજાવવા માટે અનેક વાર એમણે ગુલાબનું દૃષ્ટાંત વચ્ચે આણ્યું છે. "ગુલાબને જેવી રીતે વાણીની જરૂર નથી રહેતી પરંતુ કેવળ પોતાની સૌરભ પાથર્યે રાખે છે, તેવી રીતે તમારું જીવન અમારા પ્રત્યે બોલી ઊઠવા દો. ગુલાબને દેખી ન શકતા આંધળાઓ સુધ્ધાં તેની સૌરભ અનુભવે છે. ગુલાબના બોધનું આ રહસ્ય છે. પરંતુ ઇશુએ ઉપદેશેલ બોધ ગુલાબના બોધ કરતાં પણ વધુ માર્મિક અને સૌરભપૂર્ણ છે. ગુલાબને કોઈ આડતિયાની જરૂર ન હોય, તો ખ્રિસ્તના બોધને તો કોઈ આડતિયાની એથી યે ઓછી જરૂર છે."[14]

મિશનરી સમક્ષ ગાંધીજીની માગણી એ છે, કે પોતાના ધર્મના પ્રચારક બનવાનું પડતું મૂકીને તેણે તે પોતે અપનાવેલા દેશમાં જીવી બતાવવો જોઈએ. આ એક એવા વિશેષ પડકારરૂપ છે કે, મિશનરીઓએ પોતાના ધર્મ પ્રત્યે અથવા તો પોતે જેની સેવા બજાવવા આવે છે તે દેશ કે પ્રજા પ્રત્યે તેમણે દર્શાવેલ છે તે કરતાં ઓછો નહિ પણ અધિક સમર્પણભાવ તથા સંપૂર્ણ અને વધુ હાર્દિક નિષ્ઠા માગી લે છે. તાત્ત્વિક ખ્રિસ્તીધર્મમાં પોતાના જ ધર્મનું સંબંધીપણું જોતા હોવાને લઇને ગાંધીજી તેમની પાસેથી વધુ અપેક્ષા રાખે છે અને સર્વોત્તમપણા કરતાં લગીરે ઓછાથી સંતોષ નથી માનતા. સારા પ્રકારના મિશનરીઓ સુધ્ધાંના, એમના સંસર્ગમાં નૈરાશ્યનો તલસાટભર્યો ધ્વનિ રહેલો

---

૧૩. એજન, પૃ. ૧૩૦

૧૪. એજન, પૃ. ૨૨૬

હોય છે તેનું કારણ આ. જાપાનના ડૉ. કાગાવા સમા નામાંકિત ખ્રિસ્તી સાથેની મુલાકાતમાં પણ એ નિરાશ થયા વિના નહોતા રહ્યા તેનું કારણ પણ એ જ. હિંદમાં ખ્રિસ્તી મિશનોની પતિતોદ્ધાર અંગેની કાર્યક્ષમ પ્રવૃત્તિના પક્ષમાં પોતે હોઈને સહકારી તથા આર્થિક ક્ષેત્રમાં કાગાવાની જ્વલંત સિદ્ધિઓના રહેલા આંક બદલ તેમને સંપૂર્ણ આદર રહેલો. પરંતુ ગાંધીજી માત્ર એટલાથી જ સંતોષ માને તેમ નથી. ધર્મે જીવનસમગ્રનાં સંસ્પર્શ તથા પરિવર્તન સાધવાં જોઇએ, એવા પોતાના ચાલુ મંતવ્યને લઈને ડૉ. કાગાવાને એ પૂછ્યા વિના ન રહ્યા કે, ચીન પરના જાપાની આક્રમણના સંબંધમાં તેમણે કેવું વલણ અખત્યાર કર્યું હતું. ડૉ. કાગાવા માત્ર જે જવાબ આપી શક્યા તે એ કે, પોતાની પ્રતીતિ શાંતિવાદી અને ખ્રિસ્તી હોવા છતાં પોતાના રાષ્ટ્રની આક્રમક રાજનીતિ સામે પોતાનાં મંતવ્યો બહાર પાડીને ક્રોસનો રાહ અખત્યાર કરવામાં અને ‘એમ કરીને તમારા મૃત્યુ દ્વારા જાપાનને જિવાડવા’ માં પોતે પાછા પડચા હતા. “પ્રતીતિ તો મોજૂદ છે, પરંતુ મિત્રો મને તેથી પરાવૃત્તિ થવાનું કહી રહ્યા છે.”[૧૫] કાગાવાએ જવાબ આપ્યો. “વારુ, પરંતુ તમારામાં રહેલો મિત્ર જ્યારે કહે કે ‘આ કર’ ત્યારે બીજા મિત્રોને ન સાંભળતા.” ગાંધીજીએ શિખામણ આપી. ગાંધીજી ખ્રિસ્તી ધર્મસંસ્થા સાથે ન જોડાયા હોવા બદલ ખેદ અનુભવતા ખ્રિસ્તી મિત્રો દ્વારા ઘણી યે વાર કહેવાઈ ચૂકયું છે કે, જો તેઓ સપ્રતિજ્ઞ ખ્રિસ્તી થયા હોત તો હિંદમાંના ‘પ્રભુના રાજ્ય’ માં તેઓ એક મહાન પરિબળ બની રહેત. ડૉ. કાગાવાનો દાખલો કદાચ એથી વિરુદ્ધ જ પુરવાર કરે છે. પોતાના દેશનો મોટામાં મોટો ભાગ જેનો બનેલો છે એ પોતાના જન્મના સમાજથી પોતાની જાતને છેદી નાખવાની હકીકત જ ડૉ. કાગાવાને એ સમાજ સામે પડેલા જીવંત પ્રશ્નોની બાબતમાં કશો પડકાર આપતાં રોકે છે, જ્યારે ગાંધીજી પોતે હિંદુ રહ્યા હોઇને પોતાના લોકોને એવો પડકાર આપતાં મુદ્દલ ક્ષોભ નથી અનુભવતા. રાષ્ટ્રવાદી હિંદમાં ક્રોસ એમની સમક્ષ વધુ સ્પષ્ટપણે પ્રકાશમાન થશે. હિંદના બ્રિટન સાથેના સંબંધનો જે પ્રશ્ન છે તે પરત્વે મિશનરી પાસેથી ગાંધીજી પોતાના સઘળા વિનય સહિત ડૉ. કાગાવા જેવી, કાર્યમાં ઊતરેલી અને ક્રૂસારોહણની હદ સુધીની પ્રતીતિ માગે છે. હિંદમાં મિશનરીઓએ ઉપદેશેલા અને હિંદી ખ્રિસ્તીઓના મોટા ભાગ દ્વારા આચરાતા ખ્રિસ્તીધર્મની ગેરરાષ્ટ્રીય વૃત્તિને મંદ પાડવા પ્રત્યેના ઝોકની કદર એ કરે છે. પરંતુ હિંદ સમક્ષ ખ્રિસ્તને રજૂ કરનારાઓ પાસેથી એ એના કરતાં યે ઘણું વિશેષ માગે છે. આવી ઉદ્‌ઘોષણા કરનાર તરફથી આવતો પડકાર વધુ તીક્ષ્ણ જ હોય કે: “સાંપ્રદાયિક નજરે મારાથી ખ્રિસ્તી હોવાનો દાવો જોકે ન થઈ શકે, પરંતુ ઈશુની યાતનાનું ઉદાહરણ એ અહિંસામાંની મારી અમર્ત્ય શ્રદ્ધાના એક અંગરૂપ છે અને મારાં ઐહિક, આયુષ્મિક સઘળાં કાર્યોનું તે શાસન કરે છે. પ્રેમના શાશ્વત નિયમથી જ સમસ્ત જીવનનું નિયમન કરવાનું આપણને ન શિખવાડયું હોત તો ઈશુનાં જન્મ અને મૃત્યુ એળે જ ગયાં હોત.” આ પડકાર જ્યારે રાસ્ત અને નિખાલસ રીતે

૧૫. એજન, પૃ. ૨૭૦

ઝીલી લેવામાં આવશે, ત્યારે ખ્રિસ્તી ધર્મોપદેશ એક અપાયરૂપ તથા હિંદ માટે નડતરના એક નિમિત્તરૂપ મટી જશે અને અપૂર્વ એવા પ્રકારે સ્વીકાર્ય બનશે. રાષ્ટ્રવાદી હિંદમાં પોતાની સામેના કશા ભિન્નભાવનો ખ્રિસ્તી સંદેહ ત્યારે સૂરજ સામે ધુમ્મસની પેઠે અદૃશ્ય થઈ જશે. ગાંધીજીએ આ સંબંધે પોતાનું હૃદય ખુલ્લું મૂકેલું હોઈને એ વિષે એમને વધુ સતાવવા એ કોઈ રીતે વાજબી નથી. સિલોનમાં એક વાર બોલતી વખતે તેમણે જણાવેલું: "પરસ્પરના સંપર્ક દ્વારા વધુ સારી પ્રજા બનવા માટે માત્ર હિંદના જ નહિ પરંતુ જગતભરના અને જુદાજુદા ધર્મના સઘળા મનુષ્યોને મારે ચાહવા જોઈએ; અને જો એમ થાય તો આજના કરતાં જગત એ જીવવા માટેનું વધુ સારું સ્થાન બની જાય. હું વધુમાં વધુ સહિષ્ણુતાની હિમાયત કરું છું અને એ જ લક્ષ્ય અનુસાર કામ કરું છું. દરેક ધર્મને તે તે ધર્મના અનુયાયીના જ દૃષ્ટિકોણથી તપાસવાનું હું લોકોને જણાવું છું. હું જે હિંદનું સ્વપ્ન સેવું છું તે કોઈ એક જ ધર્મ, એટલે કે કેવળ હિંદુ, કેવળ ખ્રિસ્તી કે કેવળ મુસલમાન ધર્મ વિકસાવે તેવી અપેક્ષા મને નથી; પરંતુ તેના ધર્મો એકબીજાને પડખે રહીને કાર્ય કરી રહ્યા હોય એવું પૂર્ણભાવે સહિષ્ણુ હિંદ હું ઇચ્છું છું."[૧૧]

૧૧ એજન, પૃ. ૧૮૬



ઇસ્લામના મિત્ર

લેખક : ખ્વાજા અહમદ અબ્બાસ

જૂહુના કાંઠા પરની પેલી સ્મરણીય સંધ્યાઓમાંની એ એક હતી. ગાંધીજીની સાયંપ્રાર્થનામાં જોડાવા દસહજારની મેદની એકઠી થઈ હતી. આમ છતાં એ તો પોતાના આશ્રમવાસીઓ દ્વારા ગવાતી ભિન્ન ભિન્ન ધર્મોની પ્રાર્થનાઓને સાંભળતા મૂર્તિવત્ બેઠા હતા.

સંસ્કૃત સ્તોત્ર તથા તુલસીદાસનું હિંદી ભજન તો ત્યાં હાજર રહેલાઓના કાનને પરિચિત હતાં. પરંતુ એકાએક સંધ્યાનું શાંત વાતાવરણ મંજુલ છતાં સૌમ્ય, સાંત્વનાભર્યા છતાં પ્રેરણાપ્રદ એવા આ નવા અપરિચિત સૂરથી વ્યાપી ગયું—'બિસ્મિલ્લાહિર્રહમાનુર્રહીમ' (દયાનિધિ અને કૃપાળુ પ્રભુના નામે), 'અલહમ્દુલિલ્લાહિરબ્બીલ અલઅમીન અર્રહમાનુર્રહીમો મલિકેવઉમુદ્દીન....' (જે સર્વે વિશ્વોનો અધિષ્ઠાતા છે, જે દયાનિધિ અને કૃપાળુ તથા અંતિમ ન્યાયદિનનો શાસક છે એવા પ્રભુને જ સઘળો યશ છે.)

હાજર રહેલી મેદનીના ભાગ્યે એક ટકા જેટલા જાણી શકયા કે કુરાને શરીફની એક આયાત ગવાઈ રહી હતી અને ઇસ્લામના ધર્મગ્રંથમાંની કેટલીક આયાતોનો સમાવેશ થયા વિના ગાંધીજી કદી પોતાની પ્રાર્થનાને સંપૂર્ણ નથી ગણતા. અને જે જાણી શકયા હતા એમાંના પણ બહુ જ થોડા એ પ્રસંગની અર્થસૂચકતા પર વિચાર કરવાને રોકાયા હતા.

એ બની જ શી રીતે શકે કે ઝનૂની કોમીવાદીઓ દ્વારા જે વ્યક્તિ પર મુસ્લિમો અને ઇસ્લામના દુશ્મનો હોવાનો ઇલ્જામ લગાડવામાં આવે છે તે કુરાનની આયાતોમાંથી પ્રેરણા મેળવે?

તા. ૯ મી ઑગસ્ટના એ ધન્ય પ્રભાતે પોલીસ જ્યારે એમને લઈ જઈ રહી હતી ત્યારે પોતાની પ્રાર્થનાવિધિ પતાવવાનો સમય એમણે માગેલો. એમાં પણ કુરાનની આયાતોનો સમાવેશ હતો. પોતાની સાથે અરધોએક ડઝન જેટલાં પુસ્તકો એ લેતા ગયેલા. એમાંનું એક કુરાન હતું.

શું એ દાંભિકતા હોઇ શકે? મુસ્લિમોને ફોસલાવી લેવા અર્થે એક રાજકરણપટુની યુક્તિ એ હોઈ શકે? એનો જવાબ છે નિશ્ચયાત્મક 'ના.' કારણ, ગાંધીજીનો ઇસ્લામમાંનો રસ તથા તે પ્રત્યેનો આદર કમમાં કમ ૫૦ વર્ષ જૂનાં—એમની રાજકીય કારકિર્દીથી પણ વધુ જૂનાં છે. અને એમના જીવનભરમાં એવો એકે વખત નથી આવ્યો કે સંખ્યાબંધ મુસ્લિમ મિત્રો તથા સહકાર્યકરોનાં પ્રેમ તથા વિશ્વાસનું પાત્ર એ ન રહ્યા હોય. એમની ધાર્મિકતા વિષે બીજું ગમે તે કહેવામાં આવે, પરંતુ કેવળ સ્વમતાગ્રહી હોવાનો આક્ષેપ તેમના પર કદી કોઈ મૂકી શકે તેમ નથી.

પોતાના નાનપણથી જ ગાંધીજીમાં 'હિંદુધર્મના બધા સંપ્રદાયો તથા અન્ય ધર્મો પ્રત્યેની સહિષ્ણુતાનો પાયો નખાયેલો' તેમણે પોતાની આત્મકથા ('સત્યના પ્રયોગો')માં

નોંધ્યો છે. એમના પિતાને ‘ મુસલમાન અને પારસી મિત્રો ’ હતા. તેઓ ‘ પોતાના ધર્મો સંબંધે તેમનાથી વાર્તાલાપ કરતા, અને તેઓ તે હમેશાં આદરપૂર્વક અને ઘણી વાર રસપૂર્વક સાંભળતા. મને આ વાર્તાલાપ પ્રસંગે હાજર રહેવાની તક ઘણી વાર મળતી. બીજા ધર્મો પ્રત્યેની સહિષ્ણુતાનો ભાવ મારા મનમાં દૃઢ કરતી બીજી અનેક વસ્તુઓનો યોગ ત્યાં થવા પામતો. ’

અલબત્ત, ધર્મની ખરેખરી શોધ તથા સમજણનો ઉદય એમનામાં પાછળથી થયો. પરંતુ એ પણ એક કુતૂહલ છે કે, સંખ્યાબંધ મુસ્લિમ મિત્રોના અત્યંત નજીકના મૈત્રીસંબંધમાં આવવાના એમના જીવનના ગાળા સાથે જ એમની ધાર્મિક જિજ્ઞાસાના ઉદ્‌ભવનો યોગ થવા પામ્યો છે. એ પણ યાદ કરવું ઘટે છે કે એ વખતના આશાસ્પદ બૅરિસ્ટર ગાંધીજી દક્ષિણ આફ્રિકા ઊપડેલા તે પણ અબદુલ્લાહ શેઠ નામક એક મુસ્લિમ વેપારીના નિમંત્રણથી. અબદુલ્લાહ શેઠ સાથેનો, અને તેમના દ્વારા ઇસ્લામ સાથેનો પોતાનો પ્રથમ સંપર્ક તેઓ આ રીતે વર્ણવે છેઃ

“ એ (અબ્દુલ્લાહ શેઠ) ઇસ્લામ પર મગરૂબ હતા અને ઇસ્લામી ફિલસૂફી પર સંભાષણ આપવું એમને ગમતું. જોકે અરબીનું જ્ઞાન એમને નહોતું, પરંતુ પવિત્ર કુરાન અને સામાન્ય ઇસ્લામી સાહિત્યનો એમને સારો જેવો પરિચય હતો. ઉદાહરણો તો એમની પાસે પુષ્કળ, જ્યારે જોઇએ ત્યારે તૈયાર જ હોય. એમની સાથેના સંપર્કે મને ઇસ્લામનું સારા જેવા પ્રમાણમાં વહેવારુ જ્ઞાન આપ્યું. અમે એકબીજાની વધુ નજીકમાં આવ્યા ત્યારે ધાર્મિક બાબતો અંગેની અમારી ચર્ચાઓ લાંબી ચાલતી. ”

દક્ષિણ આફ્રિકાના પોતાના લાંબા વસવાટ દરમિયાન જ ગાંધીજીએ ધર્મોનો તુલનાત્મક અભ્યાસ માથે લીધો. ઉપનિષદો તેમજ હિંદુધર્મ સમજાવતી અન્ય કૃતિઓમાં જ નહિ, પરંતુ ઇસ્લામ, ખ્રિસ્તી અને જરથોસ્તી ધર્મશાસ્ત્રોમાં પણ એ ઊંડા ઊતર્યા. પોતાની આત્મકથામાં એ નોંધે છે, “ આ સઘળાએ હિંદુધર્મ પ્રત્યેનો મારો આદર વધાર્યો અને તેની ખૂબીઓ મને વધુ દૃષ્ટિગોચર થવા લાગી. ” પરંતુ ધર્માંધ કે કેવળ સ્વમતાગ્રહી થવાથી એ દૂર જ હતા. કારણ, તેઓ જણાવે છે તેમ, “ આમ છતાં મને બીજા ધર્મો પ્રત્યે એથી પૂર્વગ્રહ ન ઊપજ્યો. ” મહાન ધર્મોના પ્રસ્થાપકોનાં જીવનચરિત્રો—ખાસ કરીને ઇસ્લામના પેગંબર પર એમણે પુષ્કળ વાંચ્યું. એ કહે છે તેમ, “ આ પુસ્તકોએ મારી નજરે મહમ્મદનો આદર વધાર્યો. ” આ પરથી એ જોઇ શકાશે કે, ધર્મમાં એમનો રસ વધ્યો તે સાથે તેમની સહિષ્ણુતા તથા માનવતા પણ વિકસિત થઇ અને એને લઇને પોતાના જન્મજાત ધર્મ સાથે બીજા સર્વે ધર્મો પ્રત્યે એમનામાં સંમાનવૃત્તિ વિકાસ પામી. વિશેષમાં, “ અભ્યાસે મારું આત્મનિરીક્ષણ ઉત્તેજ્યું અને મને જે કંઈ ઠીક લાગે તે વહેવારમાં મૂકવાની ટેવ મારામાં જન્માવી. ” આ રીતે, ધર્મોના આ તુલનાત્મક અભ્યાસમાંથી, એક ધર્માંધ, સંકુચિત વૃત્તિના હિંદુનો નહિ, પરંતુ પ્રત્યક્ષ માનવતાવાદીનો પ્રાદુર્ભાવ થવા પામ્યો. જેમની શ્રદ્ધા અને પ્રેરણા ધર્મની ઊંડામાં ઊંડી અને અત્યંત

સાર્વજનીન લાગણીઓમાંથી નિષ્પન્ન થતી હતી અને વર્ણ કે સંપ્રદાયની પરવા કર્યા વિના સમસ્ત માનવજાતની સેવા અર્થે એમાંથી પ્રેરણા મેળવતા હતા.

આને લઈને તરતમાં જ આ હિંદુ બૅરિસ્ટરે જેનો મોટો અને અસરકારક ભાગ મુસ્લિમોનો બનેલો હતો એવા દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદી જનસમાજનાં આદર અને વિશ્વાસ જીતી લીધાં હોય એ બહુ નવાઈભર્યું નથી. હિંદી રાષ્ટ્રીય મહાસભામાં ઔપચારિક રીતે જોડાયા ત્યારપહેલાં ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં પોતાના મુસ્લિમ મિત્રો અને સહકાર્યકરોની, ખાસ કરીને દાદા અબ્દુલ્લાહની સક્રિય સહાયથી નાતાલ હિંદી કૉંગ્રેસરૂપે તેની પ્રતિકૃતિની શરુઆત કરી દીધી હતી. બેશક, આફ્રિકાના પોતાના આખા યે લાંબા વસવાટ દરમિયાન હિંદીઓ માટે નાગરિક હક્કો મેળવવાની ગાંધીજીની લડત એ હિંદી જનસમાજના અધિકાંશરૂપ મુસ્લિમો વતીની જ લડત હતી. એમની સઘળી પ્રવૃત્તિઓ ધાર્મિક સંપ્રદાય અથવા તો સામાજિક કે આર્થિક દરજ્જાના ભેદભાવ વિના સર્વે હિંદીઓના હક્કો સુરક્ષિત રાખવાની દિશામાં જ હતી. એમના નેતૃત્વ નીચે નાતાલ હિંદી કૉંગ્રેસ એ વેપારીઓના અધિકારો માટે લડતી, એટલા જ જોશપૂર્વક ગીરમીટિયા મજૂરોના હક્કો માટે લડતી, એક બિનકોમી અને લોકશાહી સંસ્થા હતી.

હિંદ પાછા ફરતાં, એ વખતે તુર્કીના પ્રશ્ન અંગે સત્તાધિકારીઓ સાથે તીવ્ર ઘર્ષણમાં ઊતરેલા હિંદી મુસલમાનોના નેતાઓ સાથે એમણે મૈત્રિભર્યો સંપર્ક તથા ભાઈચારાનો સંબંધ સ્થાપવાની એકે તક જતી નહોતી કરી. અલીબિરાદરો, હકીમ અજમલખાન, મૌલાના અબ્દુલ બારી, અબ્દુલમજિદ ખ્વાજા, શેખ કુરેશી, ડૉક્ટર અનસારી, મઝરૂલ હક અને બીજાઓ સાથે એમણે મૈત્રી બાંધી તે આ જ સમયે. પોતાની આત્મકથામાં તેઓ નોંધે છે તેમ, "સારા મુસલમાનોની સોબત હું શોધતો હતો, અને તેમના વિશુદ્ધ અને રાષ્ટ્રભક્ત પ્રતિનિધિઓના સંપર્ક દ્વારા મુસલમાન માનસ સમજવાને હું આતુર હતો. એને લઈને, એમના નજીકના સંસર્ગમાં આવવા માટે, તેઓ મને જ્યાં લઈ જાય ત્યાં જવામાં મને કદી કશા દબાણની જરૂર નહોતી રહી."

એ પછીનાં કેટલાંક વર્ષ દરમિયાન એમણે ખિલાફત ચળવળમાં હૃદયપૂર્વક ભાગ લીધો અને અલીબિરાદરો કૉંગ્રેસના મજબૂત થાંભલા થઈ પડ્યા તે સાથે એ ત્રણે પોતાના પ્રવાસમાં અવિયોજ્ય મિત્રો બની રહ્યા, અને એમના કરોડો દેશવાસીઓની નજરે તેઓ હિંદુ–મુસ્લિમ ઐક્યના પ્રતીક સમા ગણાવા લાગ્યા. મુસલમાનોની ઊર્મિઓ અને આકાંક્ષાઓ સાથે એમણે સાધેલું સંપૂર્ણ તાદાત્મ્ય ખરેખર આશ્ચર્યકારક છે. ભાઈચારાનો એવો અજબ જુવાળ એમણે આણ્યો કે હિંદુઓને ખરેખર મુસ્લિમોની મસ્જિદોમાં ભાષણ આપવાને આમંત્રવામાં આવતા હતા.

પોતાની આત્મકથામાં એ લખે છે: "મિત્રો અને ટીકાકારોએ ખિલાફતના પ્રશ્ન અંગેની મારી વલણની ટીકા કરેલી છે. એ ટીકા છતાં મને લાગે છે કે, એ સુધારવાનું કે મુસ્લિમો સાથેના મારા સહકાર માટે પસ્તાવાનું કોઈ કારણ નથી. એવો પ્રસંગ ઉપસ્થિત થાય તો હું ફરીને પણ એ જ વલણ અખત્યાર કરું."

ખિલાફત ચળવળને પોતે આપેલા ટેકાનાં કારણો ગાંધીજીએ વાઇસરોય પરના એક પત્રમાં સ્પષ્ટ રીતે દર્શાવ્યાં છે: "મુસ્લિમ રાજ્યો માટે અમુક ચોક્કસ બાંહેધરીઓ આપવાને નામદાર શહેનશાહના પ્રધાનોને આપ જણાવો એમ હું ઇચ્છું. મને ખાતરી છે કે પ્રત્યેક હિંદી મુસ્લિમ તેમાં કેટલો ઊંડો રસ ધરાવી રહેલ છે તે આપ જાણો છો. એક હિંદુ તરીકે હું તેમના પ્રશ્ન પ્રત્યે ઉદાસીન ન રહી શકું. એમના સંતાપો એ અમારા જ સંતાપો ગણાવા જોઇએ."

એ પણ યાદ રાખવાનું છે કે, આ પ્રશ્નને હિંદુઓ અને મુસ્લિમો વચ્ચેનો અદલાબદલીનો સોદો બનાવવાની ગાંધીજીએ મક્કમતાપૂર્વક ના પાડેલી. "ખિલાફતના પ્રશ્નને જો ન્યાય્ય અને કાયદેસરનો પાયો હોય, અને હું માનું છું કે તે હતો, અને સરકારે જો ખરેખર ગંભીર અન્યાય કર્યો હોય, તો પછી ખિલાફતનો અન્યાય દૂર કરવાની મુસલમાનોની માગણીમાં હિંદુઓએ સાથ પુરાવવો જ જોઇએ. આ સંબંધે ગાયનો પ્રશ્ન આગળ લાવવો, કે મુસલમાનો સાથે શરતો કરવાને આ પ્રસંગનો ઉપયોગ કરવો એ ઠીક નથી; એ જ રીતે, ખિલાફતના પ્રશ્નમાં હિંદુઓની સહાયની કિંમત ગાયોની કતલ બંધ કરીને ચૂકવવી એ મુસલમાનોને પક્ષે પણ ઠીક નથી."

ઈ. સ. ૧૯૨૩ માં કોકનદ મુકામે મૌલાના મહમદઅલીના પ્રમુખપદે ભરાયેલી કોંગ્રેસની બેઠકમાં પ્રમુખસ્થાનેથી અપાયેલા સ્મરણીય ભાષણનો પ્રારંભ 'અલ્લાહો અકબર' (ઈશ્વર મહાન છે)થી થયો હતો અને 'મહાત્મા ગાંધી કી જય' થી તેની પૂર્ણાહુતિ થઈ હતી. એ ભાષણમાં મર્હુમ મૌલાનાએ તે સમયે જેલમાં રહેલા ગાંધીજીને કેટલીક ઉત્કૃષ્ટ અંજલિઓ આપેલી છે:

"બીજા કોઇ પણ સમય કરતાં આજે આપણને આપણા મહાન નાયક મહાત્મા ગાંધીની જરૂરિયાત છે.... અલબત્ત, મહાત્મા ગાંધીના તુરંગવાસ માટે સૌથી જવાબદાર વ્યક્તિએ એવી આશા રાખી હતી કે, તેના કહેવા મુજબ મહાત્માને 'જીવતા દાટી દેવા' થી એમણે રાષ્ટ્રમાં પ્રેરેલા પ્રાણને નષ્ટ કરી નાખશે; પરંતુ મને ખાતરી છે કે મહાત્મા પોતે જીવે છે એ જ રીતે નિઃશંક એ પ્રાણ પણ જીવંત છે.... મિત્રો, તમને દોરી શકે એવી વ્યક્તિ માત્ર એક જ છે, અને તે કોંગ્રેસની દરેક બેઠકને તેના પોતાના ચૂંટાયેલા પ્રમુખો હોવા છતાં, જેણે તમને અમૃતસર, કલકત્તા, નાગપુર અને અમદાવાદ મુકામે દોરવણી આપેલી એ. આપણા સેનાપતિ દુશ્મનના હાથમાં યુદ્ધકેદી બન્યા છે, અને આપણા વચ્ચેની એમની ગેરહાજરીની ખોટ કોઇથી પૂરી શકાય તેમ નથી.... કષ્ટ દ્વારા આત્મશુદ્ધિ, સરકારની જવાબદારીઓ અર્થે નૈતિક તૈયારી, સ્વરાજ પહેલાં આત્મસંયમની પૂર્વભૂમિકા—મહાત્માની આ પ્રતીતિ અને એ જ એમનો પંથ રહેલો; અને કોંગ્રેસની અમદાવાદ મુકામેની બેઠકમાં પરાકાષ્ટાએ પહોંચનાર ગૌરવભર્યાં વર્ષમાં જીવવાનું સૌભાગ્ય આપણામાંના જે કોઇને મળેલ છે, તેમણે જોયું છે કે, માનવતાના આવા વિશાળ સમુદાયનાં વિચારો, લાગણીઓ અને કાર્યોમાં એમણે કેવું શીઘ્ર પરિવર્તન સાધેલું છે."

એ જ ભાષણમાં મૌલાના મહમદઅલીએ જાહેર કરેલું, "એ ચુસ્ત હિંદુ મહાત્મા ગાંધી ઇસ્લામના હેતુનું સમર્થન કરવા બદલ જેલ ગયેલા છે." અને, "ખિલાફત ચળવળને આવી નિઃસ્વાર્થ રીતે દોરવાનું એમનું કાર્ય લાક્ષણિકતઃ ઉદાર અને પરહિતનિષ્ઠ હતું." હું ઇચ્છું છું કે મહાત્મા ગાંધીની અત્યારે બુલંદ અવાજે બદગોઈ કરી રહેલા કેટલાક—અરે, ઘણાખરા—મહમદઅલીએ તેમને આપેલી આ અંજલિઓ વાંચે, અને પોતાની જાતને પૂછી જુએ કે, ઇસ્લામના હેતુનું સમર્થન કરવા બદલ આ 'ચુસ્ત હિંદુ' જેલ ગયેલ ત્યારે તેઓ ક્યાં હતા અને શું કરતા હતા!

એ 'ચુસ્ત હિંદુ'એ એની માનવકલ્યાણ વૃત્તિને કદી પોતાની હિંદુત્વની ઓશિયાળી બનવા નથી દીધી, એનો ધર્મ કદી કોઈ અમુક મતાગ્રહમાં બંધિયાર નથી બન્યો, પરંતુ એમની પ્રાર્થનાઓ દ્વારા નિર્દિશિત થાય છે તેમ, સઘળા સાચા ધર્મોના પાયારૂપ રહેલા મૂળતત્ત્વોમાંના સર્વે ઉદાત્ત આદર્શોનો પુરસ્કાર કર્યો છે. એને લઈને આ 'ચુસ્ત હિંદુ'એ અલીબિરાદરો, ઇમામ બાવઝીર, અબ્બાસ તૈયબજી, ડૉક્ટર અનસારી, હકીમ અજમલખાન, મૌલાના અબ્દુલ બારી અને મૌલાના અબુલ કલામ આઝાદ જેવા 'ચુસ્ત મુસ્લિમો'ને પોતાના ઘનિષ્ઠ મિત્રો અને રાજદ્વારી સહકાર્યકરોમાં ગણ્યા હોય તેમાં નવાઈ નથી. એ ખરેખર સૂચક છે કે મુસ્લિમોને ગાંધીવિરોધી બનાવવા માટે નામમાત્રના મુસ્લિમોએ કેવળ રાજદ્વારી કારણોએ 'ઇસ્લામ ખતરામાં' હોવાની બૂમ ઉડાવેલી, ત્યારે પણ, ખરેખરા ધર્મિષ્ઠ માનસના મુસ્લિમો ખાસ કરીને ગાંધીજીને પડખે રહેલા. રાષ્ટ્રીય કેળવણીની યોજના ઘડી કાઢવા માટે ગાંધીજીએ ડૉક્ટર ઝાકિરહુસેન જેવા અગ્રગણ્ય મુસ્લિમ શિક્ષણશાસ્ત્રીને જ પસંદ કર્યા. અને છેલ્લાં વીસ વર્ષ દરમિયાન એમણે કરેલો મહત્ત્વનો એવો એકે નિર્ણય નથી જેમાં એમણે મરહૂમ ડૉક્ટર અનસારીની (એમની હયાતી દરમિયાન) અથવા મૌલાના અબુલ કલામ આઝાદની સલાહ ન લીધી હોય.

હમેશની પેઠે ગાંધીજી ઇસ્લામ અને મુસ્લિમોના ચુસ્ત મિત્ર રહ્યા છે. ઇસ્લામને ખાતર ઈ. સ. ૧૯૨૨ માં કારાવાસનો પુરસ્કાર કરનાર વ્યક્તિ મુસ્લિમોના વાજબી હક્કોને ચોક્કસ કશી હાનિ ન પહોંચાડે કે ઇસ્લામને ખતરામાં ન ઉતારે. કારણ, આ એક એવી વ્યક્તિ છે, જે નાત, જાત, પંથ કે વર્ણની ક્ષુલ્લક ગણનાથી પર છે અને જેનો ધર્મ આ અર્થસૂચક શબ્દોમાં સંચિત છે કે:

'सत्यान्नास्ति परो धर्मः।'

સ્ત્રી: જીવનસાથી

લેખિકા : કમલાદેવી

જે ભૂમિમાંથી મનુષ્યનો ઉદ્ભવ થાય છે એ ભૂમિને તે ખૂબ મળતો આવે છે. ગાંધીજીના સ્ત્રીઓ પ્રત્યેના વલણનો તથા તેમની ફિલસૂફીએ કે જીવનસરણીએ તેમને માટે જે કંઈ કરેલ છે તેનો મર્મ આથી મળી રહે છે. હિંદની ભૂમિમાંથી રચાયેલી પરંપરા સ્ત્રીજાત માટે ગૌરવપૂર્ણ અને ઉચ્ચ દરજ્જાની રહેલી. પરંતુ કોઈ પણ મહાન વ્યક્તિનો સમાજ સાથેનો સંબંધ તથા તેના કોઈ પણ અંગ પ્રત્યેની ભાવના બહુધા એ કાળે પ્રવર્તતાં સામાજિક બળોની સપ્રમાણતા દ્વારા નિશ્ચિત થાય છે; કારણ કે તેનું ઈતિકર્તવ્ય જ એ હોય છે, કે સમાજના કોઈ પણ અણબંધબેસતા અંતર્ગત ભાગને સમગ્ર સાથે બંધબેસતો કરવામાં તે સહાય કરે, અને સતત પરિવર્તનશીલ જગતમાં સમાજને સમતોલપણું જાળવવામાં મદદરૂપ થાય. એક મહાન નેતા એ પ્રગતિશીલ આંદોલનોને ગતિમાન કરવાની કામગીરી બજાવતું એક પરિબળ છે. નેતાનું માનસિક વલણ એટલી હદે પ્રચલિત વિષમતાઓથી ઘડાવા પામે એ સ્વાભાવિક છે. ગાંધીજીના યુગના હિંદની વિષમતાઓ રાજકીય તેમજ સામાજિક છે, અને બંને પરસ્પર સંકલિત અને અન્યોન્યાશ્રિત છે. દેશ તેમજ પ્રજાને નૈસર્ગિક સંવાદિતા હાંસલ કરવી હોય તો આવા સંજોગોમાં કોઇ પણ અગ્રગણ્ય વ્યક્તિએ રાજકીય તેમજ સામાજિક બંને પ્રકારના નેતા બનવું જોઇએ.

આ પીઠિકાને લક્ષમાં લેતાં સમાજમાં ગાંધીજીની ભૂમિકા સ્પષ્ટ થઈ જાય છે. ડૅનિશ લેખક બ્રાન્ડીસે લખ્યું છે કે, “ જે બુદ્ધિ ધરાવે છે તેણે નિર્ભયતા પણ ધરાવવી જ જોઈએ. ” નિઃશંક, માનવીના સઘળા ગુણસમન્વયમાં આ સમન્વય વધુ ફલદાયી છે. કારણ કે બુદ્ધિ એ એવું સંવેદનક્ષમ બીજ છે, જે માત્ર નિર્ભયતાથી જ ઊછરી અને ફળી શકે, નહિતર કુંઠિત બનીને વેરાન થઇ જાય. ગાંધીજીની સૌથી આગળપડતી લાક્ષણિકતા મૌલિક રીતે વિચાર કરીને જૂના ચીલાને બદલે નવા માર્ગોના સાહસ માટેની નિર્ભયતા છે. આમ છતાં તેઓ અહીંની ભૂમિને અને તદન્વયે અહીંની પ્રજાને નિકટ રહ્યા હોઈને પરંપરાનુબદ્ધ છે. પરંતુ વહેતી નદીને જેવું કિનારાનું હોય છે, એવું જ એમને માટે પરંપરાનું છે. એ કદી પણ એને અંતરાયરૂપ બનવા દેતા નથી. કોઇ પણ નેતાને તેના જીવનનો આદર્શ, તેનો માર્ગદર્શક, તેના કાર્યનો મુદ્રાલેખ કહી શકાય તેવા મૂળભૂત ખ્યાલ પર નિર્ભર એવી ફિલસૂફી પણ હોવી જોઇએ. ગાંધીજી પાસેની એ ફિલસૂફી તે અહિંસા છે, અને એમનામાં રહેલા એ પ્રાણવાન પરિબળની બૂઝ વિના એમની ફિલસૂફીનો અથવા તો સમાજનાં વિવિધ અંગો દા. ત. સ્ત્રીઓ પ્રત્યેની એમની વલણનો મર્મ પામી ન શકાય. “ મારો દેશ એ જ વિશ્વ છે, મારા દેશબંધુઓ એ જ સમસ્ત માનવજાત છે ” એ ગુલામી સામે મહાન જેહાદ જગવનાર વિલિયમ લોઈડ ગેરિસનનો મુદ્રાલેખ હતો. ગુલામી ત્યારે

એક આંતરરાષ્ટ્રીય અનિષ્ટ હતી. જોકે જુદા રૂપે ને જુદા સ્વાંગમાં એ હજુ યે ચાલુ છે, અને હિંસક શસ્ત્રો વડે માણસ જ્યાં સુધી માણસને તાબે રાખવા માગે છે, ત્યાં સુધી ચાલુ રહેશે.

ગાંધીજી જગતના નેતા પણ છે. હિંદની સમસ્યા એ જગતની જ સમસ્યા હોવાની સંપૂર્ણ પ્રતીતિ વિના તેઓ એ ન થઈ શકયા હોત. હિંદની સ્વતંત્રતાને તેઓ સ્વપર્યાપ્ત સાધ્ય તરીકે નહિ પણ સાધ્યના માત્ર એક સાધન તરીકે જુએ છે. જગતનું સ્વાતંત્ર્ય જેના પર નિર્માવાનું છે એવા એક ચણતર તરીકે તેઓ તેને કલ્પે છે. માનવજાતના સ્વાતંત્ર્ય સાથે સંબદ્ધ હોય તો જ એમને મન હિંદી પ્રજાના સ્વાતંત્ર્યનો કશો યે અર્થ રહેલો છે. એટલા માટે એમની ફિલસૂફી સમગ્રતયા સંપૂર્ણ છે. જીવનનાં સર્વે અંગો તે પોતામાં સમવી લે છે. માનવજીવનની કોઇ વિગત એવી મામૂલી નથી જેને ગણનાપાત્ર ન ગણાય. કારણ કે અહિંસાની એમની ફિલસૂફી ઉચ્ચ વિકાસ સાધેલાં સ્ત્રીપુરુષો ને બાળકોના બનેલા સમાજમાં જ મૂર્ત થઇ શકે તેમ છે.

ગાંધીજીનો સ્ત્રીઓ પ્રત્યેનો ભાવ તેમના પોતાના અદ્વિતીય શબ્દોમાં સર્વોત્તમ રીતે વ્યક્ત થાય છેઃ "આ મહાન સમસ્યામાં મારો ફાળો વ્યક્તિઓ માટે કે રાષ્ટ્રો માટે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સ્વીકાર અર્થે સત્ય તથા અહિંસાની રજૂઆત કરવામાં રહેલો છે. મેં એવી આશા ધરેલી છે કે સ્ત્રી એમાં બિનજવાબ નેતા બનશે અને માનવઉત્ક્રાન્તિમાં આ રીતે પોતાનું સ્થાન મેળવીને પોતાની લાઘવગ્રંથિ ખંખેરી નાખશે....હું ખરેખર માનું છું કે યુરોપ જો અહિંસાનો પાઠ પચાવશે તો તેના સ્ત્રીવર્ગ દ્વારા જ....અનાક્રમક પ્રતિકાર એ નિર્બળોનું શસ્ત્ર માનવામાં આવે છે, પરંતુ મારે જેના માટે તદ્દન નવો શબ્દ યોજવો પડ્યો હતો એ પ્રતિકાર તો સમર્થોમાં સમર્થોનું શસ્ત્ર છે. મારો ભાવાર્થ સમજાવવાને માટે મારે નવો શબ્દ યોજી કાઢવો પડેલો. પરંતુ એની અજોડ ખૂબી તો એમાં રહેલી છે કે સમર્થમાં સમર્થનું શસ્ત્ર હોવા છતાં તે શરીરે નિર્બળ, વૃદ્ધ અને બાળકોથી પણ તેમનાં દિલ જો મજબૂત હોય તો વાપરી શકાય તેમ છે. અને સત્યાગ્રહમાં પ્રતિકાર એટલે પોતે સહન કરી લેવાનું હોઇને મુખ્યત્વે સ્ત્રીઓ માટે તો એ પ્રકટ શસ્ત્ર છે. ગયે વર્ષે આપણને જણાઈ આવ્યું કે હિંદી સ્ત્રી ઘણા દાખલાઓમાં પોતાના ભાઇઓના કરતાં કષ્ટ સહન કરવામાં વધી જતી હતી અને લડતમાં બંને ઉમદા ભાગ ભજવી રહ્યાં હતાં. કારણ કે જાતે કષ્ટ સહી લેવાના ખ્યાલનો ચેપ લાગતાં તેઓ પોતાની જાતને વિસારે પાડી દઇને અદ્ભુત કાર્યો પર ઊતરેલાં. યુરોપનાં સ્ત્રીબાળકો માનવપ્રેમથી જ્વલંત બને તેમ હોય તો તેઓ પુરુષજાતિ સામે ઊમટી પડીને, માની પણ ન શકાય તેટલા અલ્પ સમયમાં લશ્કરવાદને નહિવત્ બનાવી દે. તાત્પર્ય એ છે કે સ્ત્રીઓ, બાળકો તથા બીજાઓમાં એકસરખો જ આત્મા, એકસરખી જ શક્તિ રહેલાં છે. પ્રશ્ન માત્ર સત્યની અનહદ શક્તિને બહાર ખેંચી આણવાનો છે."

ગાંધીજીની ઉચ્ચ અંતઃપ્રેરિત ભાવના પણ એટલી જ વૈજ્ઞાનિક છે. સ્ત્રીપુરુષ સંબંધની એમની વ્યાખ્યાને આદર્શલક્ષી સાથે વ્યવહારલક્ષી બનાવનાર વસ્તુ તે આ જ.

કારણ કે આદર્શને કશો વૈજ્ઞાનિક પાયો રહેલો હોય તો જ માત્ર તેને કશી વાસ્તવિકતા અને એટલા માટે કશી વહેવારુ કિંમત હોઈ શકે; પછી કોઈ ભલે અંતઃપ્રેરણાથી નિર્ણય પર આવે, કોઈ વૈજ્ઞાનિક પરિશીલન દ્વારા. અહિંસા એ માત્ર સુઘટિત સમાજની જ નૈસર્ગિક અભિવ્યક્તિ હોઈ શકે. પરંતુ એવી સુઘટિતતા જેનું પ્રત્યેક અંગ અરુદ્ધ હોય, જેની નૈસર્ગિક વૃદ્ધિ અને અભિવ્યક્તિ કુંઠિત ન હોય એવા સમાજનાં મુક્ત તત્ત્વોની સપ્રમાણતા દ્વારા જ નીપજી શકે. એક ભાગ જ્યાં સુધી બીજા પર વર્ચસ્વ ધરાવી રાખે ત્યાં સુધી સંવાદિતા ક્ષુબ્ધ બન્યા વિના ન રહે; કારણ કે જુલ્મ અને દમન કદી અન્યોન્યને સમતોલ ન રાખી શકે. આ દુર્ઘટના તિરસ્કાર, ઘર્ષણ, કલહ અને શાંતિભંગ પ્રત્યે જ દોરી જાય. અહિંસા એ શાંતિનું સમાન ઘટક છે. એક વિના બીજું રહી ન શકે.

આપણો સમાજ આજે શ્રીમંતો અને ગરીબો, શાસકો અને શાસિતો, ઉચ્ચ વર્ણો અને નીચ વર્ણો, સ્ત્રીઓ અને પુરુષો—એમ અનેકવિધ વિષમતાઓથી ગૂંચવાઈ જવા પામ્યો છે. એ સઘળી એકના એક સિદ્ધાંતની જ જુદીજુદી બાજુઓ છે. સુસંવાદભર્યા સામાજિક અસ્તિત્વના હિમાયતીએ આ જુદાંજુદાં પરિબળો વચ્ચે સમતોલપણાની પુનઃસ્થાપના માટે મેદાને પડવું જોઇએ. વિષમ સમાજરચના બળ પર નિર્ભર હોય છે અને સબળા ભાગો નબળાઓ પર પશુબળ વડે વર્ચસ્વ ભોગવતા હોય છે. એટલા માટે જ હરકોઈ મહાન નેતાએ સ્ત્રીપુરુષ વચ્ચેના સંબંધોમાં યોગ્ય સમતા માટે અનિવાર્યપણે ખડા થવું જોઇએ.

ગાંધીજી આ પ્રશ્ન પર લખતાં જણાવે છેઃ "મારો પોતાનો અભિપ્રાય એ છે કે સ્ત્રીપુરુષ એક જ હોઇને એમનો પ્રશ્ન પણ તત્ત્વતઃ એક જ હોવો જોઈએ. બંનેનો આત્મા સરખો હોય છે. બંને સરખું જીવન જીવે છે. બંનેની લાગણીઓ સરખી છે. બંને એકબીજાંની પૂર્તિરૂપ છે. એકની સક્રિય સહાય વિના બીજું જીવી ન શકે....બંનેના કાર્યક્ષેત્રના વિભાગો માન્ય રાખીએ તો, બંનેને માટે આવશ્યક ગુણો તથા સંસ્કારિતા એકસરખાં જ છે....સ્ત્રી એ પુરુષની જોડીદાર છે અને એના જેટલી જ માનસિક શક્તિથી નવાજાયેલી છે. પુરુષની પ્રવૃત્તિઓની બારીકમાં બારીક વિગતોમાં ભાગ લેવાનો તેને હક્ક છે અને એટલો જ હક્ક તેની સાથે સ્વતંત્રતા અને છૂટનો છે. જેવી રીતે પુરુષને પોતાના કાર્યક્ષેત્રમાં છે એવી જ રીતે સ્ત્રીને પોતાના કાર્યક્ષેત્રમાં સર્વોચ્ચ સ્થાનનો અધિકાર છે. આ વસ્તુસ્થિતિ કુદરતી જ હોવી જોઇએ અને નહિ કે માત્ર વાંચવાલખવાના શિક્ષણના પરિણામરૂપ. જે માટે પોતે લાયક નથી હોતા અને ન જ હોવા જોઇએ એવા અજ્ઞાન અને નિર્માલ્ય પુરુષો કેવળ અનિષ્ટ રૂઢિબળે સ્ત્રીઓ પર પ્રભુત્વ ભોગવતા હોય છે. આપણી અનેક ચળવળો અધવચ્ચે જ અટકી જાય છે તેનું કારણ આપણા સ્ત્રીવર્ગની દશા છે. આપણું ઘણુંખરું કાર્ય ઉચિત પરિણામો નથી આણતું....સ્ત્રી અને પુરુષ બંને સમાન કક્ષાનાં છે પરંતુ એકરૂપ નથી. એકબીજાને પૂર્તિરૂપ એવું એ અનુપમ યુગલ છે; દરેક બીજાને મદદરૂપ છે, જેથી એકના વિના અન્યના અસ્તિત્વનો ખ્યાલ સુધ્ધાં આવી ન શકે. અને એને લઈને આ હકીકતો પરથી જે જરૂરી તારણ નીકળે છે તે એ કે, બંનેમાંથી એકના પણ સ્થાનને જોખમાવનાર કશું એ બંનેનો સરખો જ નાશ નોતરે છે..."

તેઓ સારી પેઠે જાણે છે કે પ્રાચીન દૃષ્ટાંતોનો ઉપયોગ હવે કામનો નથી અને એક સમયનો ધોરીમાર્ગ હવે ઝાડીઝાંખરાંથી ખચાઈ ગયો હોઇને તથા એક વખતની નિર્મળ વાવ શેવાળથી દૂષિત બની ગઈ હોઇને, એ માર્ગને અનુસરવું એ ઝાડીમાં ભૂલા પડવા જેવું, તથા એ વાવનું પાણી પીધે રાખવું, એ રોગના જંતુઓને ગટગટાવી જવા જેવું છે.

સ્ત્રીઓ પ્રત્યેના સ્મૃતિઓના વલણ વિષે ગાંધીજી જણાવે છેઃ " મનુમાં આરોપાયેલું **न स्त्री स्वातंत्र्यमर्हति** એ સૂત્ર મને શાસ્ત્રસંમત નથી લાગતું. એનો પ્રચાર થયો હશે તે સમયે સ્ત્રીઓ પરાધીન દશામાં હશે એટલું માત્ર એ દર્શાવે છે....ઘાતકી રૂઢિને ધાર્મિક અનુમતિ આપવી એ અધર્મ છે. સ્મૃતિઓ વિરોધાભાસથી ભરપુર છે. વિરોધાભાસોમાંથી જે એકમાત્ર બુદ્ધિગ્રાહ્ય તારતમ્ય સારવી શકાય તેમ છે, તે એ કે, જાણીતા અને સ્વીકાર પામેલા નીતિસિદ્ધાંતોની, ખાસ કરીને સ્મૃતિકથિત નીતિસિદ્ધાંતોની વિરુદ્ધ જે જે પાઠ જતો હોય તે સઘળાને ક્ષેપક તરીકે અમાન્ય ગણવો જોઇએ. માનવમાં રહેલા પશુને ઉત્તેજિત કરનાર લેખિની એના એ સમયે આત્મનિગ્રહ પર પ્રેરણાભર્યા શ્લોકો ન જ લખી શકે....પોતાના જેટલું જ સ્ત્રીઓનું પણ સ્વાતંત્ર્ય ઝંખનાર અને માનવજાતના માતૃપદે તેની પ્રતિષ્ઠા કરનાર તરફથી કશો આદર ન પામી શકે એવો પાઠ સ્મૃતિઓમાં હોવાનો ખ્યાલસરખો પણ દુઃખદ છે. "

ધાર્મિક સ્વાંગ હેઠળ છુપાઇને અશક્તો તથા અસહાયો પર અકથ્ય કષ્ટ ઉતારતી પુરાણી રૂઢિઓને પણ એ ઝાટકી કાઢે છે. જેરુસલેમના દેવસ્થાનમાંના ખ્રિસ્તની પેઠે એમનો મજબૂત હાથ મલિન વસ્તુઓ બાળી નાખીને એ સ્થાનને નિર્મળ બનાવવાને ઝાડુ પકડે છે; કારણ કે માણસ જ્યાં ગૌરવ અને સ્વાસ્થ્યપૂર્વક રહી શકે, ત્યાં જ નિઃશંક ઈશ્વર વસી શકે. મેઝિનીએ કહેલું તેમ, " કોઈ પણ દેશની સંમાન્યતા પોતાના ગુણોની શેખી હાંકવાને બદલે પોતાના દોષોના નિવારણ પર અવલંબે છે. "

એટલા માટે જ પ્રાચીન હોવા છતાં જે કાઢી નાખવા જેવું હોય તે ગાંધીજીને મન શાસ્ત્રાનુમત નથી. રૂઢિઓના બોજ નીચે સહન કરનારાઓ માટે એમનું હૃદય દ્રવે છે. એવાંઓમાં બાલવિધવા કદાચ સૌથી પહેલી આવે. પોતાના સમગ્ર જીવનમાં એમણે આવાં અસહાય ભોગ બનનારાંઓ માટે અસરકારક, આવેશયુક્ત અને પ્રાણવાન હિમાયત કરેલી છે. યહોવાહના પ્રબળ રોષની પેઠે એમનો વાજબી રોષ સમાજને સળગાવી રહ્યો છેઃ " બાળલગ્નની આ પ્રથા શારીરિક તેમજ માનસિક બંને રીતે અનિષ્ટ છે. કારણ કે આપણી નીતિમત્તા તેમજ શરીરશક્તિનો તે હ્રાસ કરે છે. આવી રૂઢિઓ નભાવી રાખીને આપણે સ્વરાજ તેમજ ઈશ્વરથી દૂર થતા જઇએ છીએ. છોકરીની કુમળી વયનો વિચાર ન કરનાર માણસને ઈશ્વરનો પણ કશો વિચાર નથી આવતો. અને માયકાંગલાં માણસોમાં સ્વતંત્રતા માટે લડવાનું, તે પ્રાપ્ત કરવાનું કે ટકાવી રાખવાનું સામર્થ્ય નથી હોતું. સ્વરાજ માટેની લડતનો અર્થ માત્ર રાજકીય જાગૃતિનો જ નહિ પણ સામાજિક, શૈક્ષણિક, નૈતિક,

આર્થિક અને રાજકીય—એમ સર્વાંગીણ જાગૃતિનો થાય છે....નાનાં બાળકોના દાખલામાં કન્યાદાનનો અર્થ શો ? પિતાને તેની સંતતિ પર કશો માલિકીહક્ક રહ્યો છે ? એ એમનો રક્ષક છે, માલિક નહિ. અને એને લઇને પોતાના રક્ષણ નીચેનાંઓના સ્વાતંત્ર્યનો સોદો કરવા એ જ્યારે નીકળી પડે છે, ત્યારે પોતાનો રક્ષણાધિકાર ગુમાવી દે છે....બાળકોના મેળાપને લગ્નનું નામ આપવું અને પછી છોકરીનો કહેવાતો પતિ મરી જાય ત્યારે તેના પર વૈધવ્ય લાદવું એ ઈશ્વર તેમજ મનુષ્ય બંને સામેના અપરાધ બરાબર છે....વિધવાઓ બ્રહ્મચર્ય પાળે તો મોક્ષ મેળવે એવા વિધાનને અનુભવમાં કશો પાયો નથી જણાતો. અંતિમ નિર્વાણપ્રાપ્તિમાં બ્રહ્મચર્ય ઉપરાંત બીજી અનેક ચીજો જરૂરી છે. અને પરાણે બ્રહ્મચર્યમાં કશો ગુણ ન હોઇને ઘણી વાર ખાનગી અનીતિને જન્મ આપે છે, જે એ અનીતિ નભાવતા સમાજની નીતિમત્તાનો હ્રાસ કરે છે.”

એમની ન્યાયવૃત્તિ તેમજ પ્રમાણબુદ્ધિ આ ઘાતકી રૂઢિઓનો ભોગ બની ચૂકેલી કુમળી બાળાંઓ માટે ઉપાય સૂચવવા તેમને પ્રેરે છે. આ ઉપાય તે વિધવાના પુનર્લગ્નની તેમની હિમાયત છે. સનાતન હિંદી મંતવ્ય સાથે ઘર્ષણમાં ઊતરતા હિંદના અનેક જટિલ પ્રશ્નોમાંનો આ એક છે. એટલા માટે તેઓ ફરી ને ફરી વાર હિમાયત કરે છે....“ ફરી ને ફરી વાર હું કહી ચૂકયો છું કે દરેક વિધુરને પરણવાનો જેટલો હક્ક છે, એટલો જ વિધવાને છે. નાની વયની સઘળી વિધવાઓને એટલા માટે....ફરીથી લગ્ન કરવાને દરેક પ્રકારનું ઉત્તેજન મળવું જોઈએ, અને એમને માટે યોગ્ય પતિની પસંદગીનો દરેક પ્રયત્ન થવો જોઈએ.....માનસિક દુર્બળતાને વશ બનીને પોતાની બાળકપુત્રીને એકાદ વૃદ્ધ કે કિશોરને આપીને પોતાના વાલીપણાનો દુરુપયોગ કરનાર માવિત્રોએ ઓછામાં ઓછું એ પુત્રી વિધવા થાય ત્યારે તેને ફરી પરણાવીને પાપમુક્ત થવું જોઇએ. એક આગલી નોંધમાં મેં કહેલું તેમ એવાં લગ્નો પહેલેથી જ ફોક ગણાવાં જોઈએ....અજ્ઞાન અથવા હૃદયહીન માવિત્રો નાની વયની બાળાને તેના હિતની ગણના કર્યા વિના અને તેની જાણ કે સંમતિ વિના આપી દે, તેમાં લગ્ન જેવું કશું જ નથી. નિઃશંક એ શાસ્ત્રાનુમત નથી અને એટલા માટે એવી છોકરીનું પુનર્લગ્ન એક ફરજ રૂપ થઈ પડે છે.”

પરંતુ ગાંધીજી માત્ર સર્વસામાન્ય અપીલથી જ સંતોષ નથી માનતા. આ જહેમતભર્યા કાર્યમાં વિદ્યાર્થીવર્ગનો સક્રિય સહકાર નોંધવાના પ્રયાસ દ્વારા તેઓ તેને વહેવારુ સ્વરૂપ આપવા માગે છે. વિદ્યાર્થીઓને સીધા જ તેઓ આ રીતે સંબોધે છેઃ “ તમારી પાસેથી, મારી આસપાસના તરુણો પાસેથી હું જે માગું છું, તે તમારામાં સ્ત્રીસંમાનની ભાવનાનો સંસ્પર્શ. તમે આવો પવિત્ર સંકલ્પ કરો એમ હું માગું છું, કે જે વિધવા ન હોય તેવી છોકરીને તમે પરણવાના નથી. નિર્ણય કરો અને જગતને, માવિત્રો જો હોય તો માવિત્રોને અથવા તમારી બહેનને તેની જાણ કરો....તમે માનો છો ખરા, કે પોતાની મૂળભૂત ઇચ્છા તૃપ્ત કરવા માગતી છતાં તેમ કરવામાં ઉગ્રતાપૂર્વક અટકાવવામાં આવતી એક પણ વિધવા જ્યાં સુધી હોય, ત્યાં સુધી આપણે આપણી જાત પર કે બીજાઓ પર અમલ ચલાવી શકીએ તેમ છીએ ? અથવા તો ૪૦ કરોડના રાષ્ટ્રનું ભાગ્યનિર્માણ કરી શકીએ તેમ છીએ ? એ ધર્મ નહિ પણ અધર્મ છે.”

એમનું દર્શન આળાંજાળાંને ભેદીને સીધું વસ્તુના મર્મપર્યંત પહોંચી જાય છે. એમને રોટલા સાથે કામ છે, ટપટપ સાથે નહિ. એક વખત એક સતીનો દાખલો એમને જણાવવામાં આવતાં તેમનો લાગલો જ પ્રત્યાઘાત આવ્યો: "પતિનું મૃત્યુ થતાં પોતાની જાતની આહુતિ આપી દેવી એ સદ્જ્ઞાનનું ચિહ્ન નથી, પરંતુ આત્માના સ્વભાવ વિષેનું ભયંકર અજ્ઞાન સૂચવે છે. આત્મા તો અજર, અમર અને સર્વવ્યાપી છે....વળી, સાચું લગ્ન એ માત્ર શરીરોનું જ જોડાણ નથી; આત્માઓનું જોડાણ પણ એ સૂચવે છે."

પત્નીધર્મ પરનાં એમનાં મંતવ્યો એથી પણ વધુ સ્પષ્ટ અને અસંદિગ્ધ છે. લગ્ન એ કદાચ સૌથી વધુ પ્રાચીન અને સૌથી વધુ દુરુપયોગ પામેલી સંસ્થા છે. સ્ત્રીઓ પર લદાયેલી સામાજિક સપ્લાઈ સામે તેમની આ વિષમ લડતમાં લગ્ન જેટલો મહત્ત્વનો ભાગ બીજા કશાએ નથી ભજવેલો. વસ્તુતઃ તેમના પરનાં સતત આક્રમણો માટેનું એ એક મથક રહ્યું છે. પુરુષ માટે પોતાના પરના સામાજિક ઋણના દ્રોહનાં સંખ્યાબંધ સ્ખલનોના ઢાંકપિછોડા માટે એક અંચળાની ગરજ એ સારે છે. આ સગવડિયા અંચળાનો સ્પર્શ સુદ્ધાં કરવાની અનેક મહાન નેતાઓની પણ હિંમત નથી ચાલી. પરંતુ ગાંધીજીની સત્યની શોધ કશી હદ નથી સ્વીકારતી. નગ્ન વાસ્તવિકતા ખુલ્લી પાડવા માટે બનાવટીને એમણે એક કોરે કરી મૂકેલ છે. "પુરુષ કરતાં સ્ત્રીને અત્યંત ગૌણ પદ આપવાની બાબતમાં હિંદુ સંસ્કૃતિએ થાપ ખાધી છે અને પત્નીનો પતિમાં જ સંપૂર્ણ સમાસ થતો હોવાનો આગ્રહ ધરી રાખ્યો છે. આનું પરિણામ એ આવે છે, કે પતિ પોતાનો અધિકાર અન્યાયીપણે ધરી રાખીને તેનો અમલ કરે છે, જે તેને પશુની કક્ષામાં મૂકી દે છે. એટલા માટે જ આવી અતિરેકતાઓનું નિદાન કાયદામાં નહિ પણ સ્ત્રીઓના યોગ્ય શિક્ષણમાં રહેલું છે."

સઘળા જ પ્રશ્નો જેને મન વાસ્તવિક મહત્ત્વના છે એવી વ્યક્તિ, જેને મૌખિક સહાનુભૂતિ કહી શકાય તેવાં માત્ર મંતવ્યો દર્શાવીને જ સંતોષ નથી માની બેસતી. ગાંધીજી તત્ત્વતઃ એક કાર્યપ્રાણ વ્યક્તિ છે. એમની બાબતમાં, પ્રતીતિ થઈ એટલે તે કાર્યમાં ઊતરવાની જ. મોજૂદ અંતરાયોથી તે પાછા નથી પડતા. કાયદેસરની જોગવાઈનો અભાવ એ એમને મન નિશ્ચળ બેઠા રહેવાનું બહાનું ન બની શકે. તેઓ સ્પષ્ટ દિશાસૂચન કરે છે કે: "પતિ કે પત્નીમાંથી કોઈ પણ જ્યારે સામાન્યના કરતાં જુદાં મંતવ્યો ધરાવે છે ત્યારે કલહ ઊભો થવાનો સંભવ રહે છે. પતિની વાત કરીએ તો તેને તો કશો વિક્ષોભ નથી નડતો. પોતાના જીવનની સમભાગિનીની ઇચ્છાઓ સમજવાનું કશું બંધન પોતાને હોવાનું એ નથી માનતો, પોતાની સ્ત્રીને એ પોતાની મિલકતરૂપ માને છે, અને પતિના એ દાવામાં માનનારી બિચારી સ્ત્રી ઘણી વાર પોતાની જાતનું દમન આદરે છે. પોતે સાચી હોય તેમજ પોતાનો પ્રતિકાર ઉદાત્ત હેતુ માટે હોય ત્યારે, પોતાના પ્રશ્નને વળગી રહેવાનો સ્ત્રીને સંપૂર્ણ હક્ક છે...."

ગાંધીજીનું ક્રાન્તિકારી માનસ સામાન્ય રિવાજોની નાનીનાની આડખીલીઓને કૂદાવી જાય છે. એમની અંતર્દૃષ્ટિ તો પ્રચ્છન્ન રહેતા અપ્રકટ હાર્દ પર રહે છે. તેઓ

ભારપૂર્વક જણાવે છે કે: "શીલ એ કંઈ પરાણે વિકસતો ગુણ નથી. તે કંઈ પરાણે લાદી ન શકાય. પર્દાની દીવાલથી ઘેરી વળીને પણ એને સાચવી ન શકાય. એ તો અંતરમાંથી જ ઊગી નીકળવું જોઈએ, અને પોતાનું કશું પણ મૂલ્ય એણે અંકાવવું હોય તો આવી લાગતી દરેક લાલચનો સામનો કરવા તેણે શક્તિમાન બનવું જોઇએ. માણસની નજરથી એ ચળી જાય એ તો બહુ કંગાલતા ગણાય. સ્ત્રીઓને જે રીતે પુરુષવર્ગમાં વિશ્વાસ મૂકવો પડે છે, એ જ રીતે પુરુષોએ પણ પોતે મનુષ્ય રહેવું હોય, તો પોતાના સ્ત્રીવર્ગમાં વિશ્વાસ મૂકવાને શક્તિમાન બનવું જોઇએ. એક અંગ સંપૂર્ણતઃ અથવા તો અમુક અંશે પાંગળું રાખીને આપણે ન જીવીએ....નૈતિકતાની જડ આપણાં પોતાનાં હૃદયની પવિત્રતામાં રહેલી છે...." કોમળ પુષ્પોની ચીતરી ચડાવે એવી બંધનાવસ્થા સામે એમના સમગ્ર વ્યક્તિત્વે બંડ ઉઠાવેલ છે. એક 'પર્દાસભા' અંગેના પોતાના પ્રત્યાઘાત નોંધતાં એમણે સખેદ ટીકા કરેલી છે: "મારા શ્રોતાવર્ગને, કે જેની સંખ્યા હું નહોતો જાણતો, તે પર્દા પાછળ રહ્યો હોવાનું દૃશ્ય મને ખેદ ઉપજાવતું હતું. મને એથી બહુ ઊંડે સુધી દુઃખ અને કચવાટ જણાતાં હતાં. દાખલ થયો હોય ત્યારે એ રિવાજનો ગમે તે ઉપયોગ રહ્યો હોય, પરંતુ આજે તદ્દન નિરુપયોગી અને દેશને અમાપ હાનિ પહોંચાડી રહેલા આ જંગલી રિવાજને વળગી રહીને હિંદની સ્ત્રીઓ પ્રત્યે તેના પુરુષવર્ગે જે અન્યાય આદર્યો છે, તેનો વિચાર હું કરવા લાગ્યો. છેલ્લાં ૧૦૦ વર્ષથી આપણે લીધે રાખેલા શિક્ષણે આપણા પર ભાગ્યે જ કશી અસર નિપજાવી હોય તેમ લાગે છે; કારણ કે હું જોઉં છું તેમ, કેળવાયેલાં કુટુંબોમાં પણ પડદાનો રિવાજ ચાલુ રહ્યો છે. કેળવાયેલા પુરુષો પોતે તેમાં માને છે એટલા માટે નહિ, પરંતુ એ ઘાતકી રિવાજનો મર્દાનગીપૂર્વક સામનો કરીને પોતે એકીસપાટે તેનો ઉચ્છેદ કરી નાખે તેમ નથી એટલા માટે...." એ જ્યારે આમ કહે છે ત્યારે સાચી જ નાડ પકડે છે કે: "સ્ત્રીપુરુષ બંને વચ્ચેના સંબંધમાં સદ્ભાવ પ્રવર્તવો જોઈએ. બંને વચ્ચે કશા અંતરાયો ઊભા થવા ન જોઇએ. પરસ્પરનો તેમનો વર્તાવ સ્વાભાવિક અને સહજ હોવો જોઇએ...."

ગાંધીજી એ સેવાનું મૂર્તસ્વરૂપ છે. "સાચું જીવન એ વ્યક્તિવિશેષનું નહિ પણ સર્વસામાન્ય જીવન છે. સૌએ બીજાઓનાં જીવન માટે શ્રમ લેવો જોઇએ." પોતાના પરનો જેનો મહાન પ્રભાવ ગાંધીજી કબૂલ કરે છે એ ટોલ્સ્ટોયનું આ કથન છે. આત્મસિદ્ધિનો ગાંધીજીનો આ જ માર્ગ છે, અને બીજા અનેકોને, ખાસ કરીને સ્ત્રીઓને તેમણે આ જ ઉમદા માર્ગ પ્રબોધ્યો છે. સ્ત્રીઓ સમક્ષ રહેલા અનેક પ્રશ્નોનો ઉકેલ આથી મળી રહેવાનું તેઓ માને છે....વિધવાઓ તથા ત્યક્તાઓને રહેતી દમન, લાચારી અને ક્ષુદ્રતાની લાગણીને, પ્રમાદી શ્રીમંતોને નસીબે રહેલી મનઃકુંઠિતતાને, શિક્ષિત તરુણોની લક્ષ્યહીન ગતિને આ પ્રકારે ચમત્કારિક રીતે ઉદ્દેશપૂર્વકના કાર્ય તથા સમૃદ્ધ અનુભવયુક્ત સહેતુક જીવનમાં ફેરવી નાખી શકાય. વિદ્યાર્થિનીઓના એક સમૂહ સમક્ષ એમણે કહેલું: "તમારાં માવતરો તમને ઢીંગલીઓ બનવા માટે શાળાઓમાં નથી મોકલતાં; એથી ઊલટું, તમારે તો દયાની દેવીઓ બનવું જોઇએ છે....પોતાનો ખ્યાલ ઓછો રાખીને





પોતાના કરતાં વધુ ગરીબ ને વધુ કમનસીબનો ખ્યાલ રાખનાર તત્કાળ દયાની દેવી બની જાય છે...."

સામાન્ય જનહૃદયને સ્પર્શીને તેને પોતાની સમક્ષ મહાન ભાવિ પડ્યું હોવાની, મોટા પાયા પરના રાષ્ટ્રીય પ્રસંગોએ તેણે પણ મહત્ત્વનો ભાગ ભજવવાનો હોવાની પ્રતીતિ કરાવી આપીને, ગાંધીજી આજે હિંદી પ્રજાના દિલમાં પ્રમુખસ્થાન ભોગવી રહ્યા છે. સામાન્ય દલિત માનવીની જેમ સ્ત્રીઓ પણ વિસ્મૃત, બિનજરૂરીમાંની ગણાતી હતી. એવે સમયે ગાંધીજી એકાદ ચમત્કારિક પુરુષની જેમ ઉપસ્થિત થયા. એમને અનેક વાર 'જાદૂગર' તરીકે વર્ણવવામાં આવ્યા છે. એમની સિદ્ધિઓ એટલી પ્રાણવાન, એટલી ઝડપી, એટલી ક્રાન્તિકારક છે, એમનાં કૃત્યો એટલાં અદ્ભુત છે, કે એમની અલૌકિક શક્તિને લગભગ શ્રદ્ધાની નજરે જોવા કોઈ પ્રેરાય. પરંતુ અતિમાનવતા કરતાં અધિકાંશે એ માનવ રહ્યા કરે છે. એમની મહત્તાનું એ રહસ્ય છે. આપણામાંના જ એ એક છે. એ બાપુ છે. સિનાઇના પહાડ પરથી આદેશો આપતા એ દેવપિતા નથી. આપણી પોતાની નબળાઇ અને લાગણીવિવશતા તેમને ભેદી શકે છે. પોતે સહન કરીને આપણને તે મગ્ન રાખે છે. એને લઈને જ તેઓ આપણી આટલા નજીક છે. તંદ્રાવશ બનીને જડવત પડેલા હિંદમાં એમનો અવાજ પ્રાણસંચાર કરી શક્યો તે આ જ કારણે.

બીજાઓની પેઠે સ્ત્રીઓ પણ પોતાની સઘળી કાર્યપ્રેરણા, પોતાના ગૌરવ અને આત્મસંમાનનો સઘળો ભાવ ગુમાવીને નિરુત્સાહ બની ગયેલી. ઘરનાં વૈતરાંથી અને પુરુષની છાયારૂપ રહેવાથી એણે સંતોષ માની લીધો હતો. એવી અજ્ઞાત રીતે એ પોતાના ઉચ્ચ સ્થાનેથી સરી પડેલી કે તેની સ્મૃતિ સુધ્ધાં ઝાંખી બની ગયેલી. એના જીવનને એની પોતાની કશી દિશા નહોતી રહી. એક જ ધ્રુવતારક—પુરુષ દ્વારા તે ઘસડાઇ રહી હતી. એવે સમયે એ શાંત જણાતી સપાટી પર ગાંધીજીનો અવાજ આવ્યો, અને એમની બાબતમાં તો એમના શબ્દે ખરેખર દેહ ધર્યો. એમણે લખ્યું: "કેટલીયે વાર સ્ત્રીનો સમય જરૂરી ઘરકામ પાછળ નહિ પણ પોતાના પ્રભુ અને માલિકની અહંભાવયુક્ત ખુશી તથા પોતાની ફિશિયારી સાચવવા પાછળ વ્યતીત થાય છે. મને તો સ્ત્રીઓની આ ઘરગુલામી આપણા જંગલીપણાના ચિહ્નરૂપ જણાય છે. મારા મતે રસોડાની ગુલામી એ જંગલીપણાનો એક અવશેષ છે. આપણા સ્ત્રીવર્ગે આ વળગાડથી મુક્ત થવાનો સમય હવે પાકી ગયો છે. ઘરકામે જ સ્ત્રીનો બધો સમય પચાવી પાડવો ન જોઇએ...."

ગાંધીજીએ સ્ત્રીઓને તેમની જાતે જ બંધનમુક્ત થવાની ફરજ પાડી. પહેલી જ વખત સ્ત્રી પોતાના સ્વતંત્ર અસ્તિત્વથી, જીવનમાં પોતાના કર્તવ્યોદ્દેશથી સભાન બની. એની પોતાની શૃંખલાઓમાં સમાજ પરિબદ્ધ હતો, એને ગર્તામાં હડસેલી દઇને પુરુષ પણ તેની પાછળ ઊંધે માથે પટકાયો હતો, તેનું તેને ભાન થયું. એના પુનરુદ્ધાર સાથે રાષ્ટ્રનો પુનરુદ્ધાર સંકળાયેલો હતો. નિર્માલ્યતા, નિઃસહાયતાના દુઃસ્વપ્નમાંથી તે સત્તા અને સામર્થ્યનું જાગૃતિસ્પંદન અનુભવતી થઇ. પોતાનું સ્થાન અનેક રીતે અનિવાર્ય હોવાનો ખરેખરો અનુભવ તેને થયો. રાષ્ટ્રીય આશાસિદ્ધિનું તે વાહન હતી. ઘરના પોતાના પુરાણા

સીમાડા કરતાં તેનો કર્તવ્યોદ્દેશ હવે રાષ્ટ્રીય સીમાડાઓ સુધ્ધાંથી આગળ જતો હતો. ગાંધીજીનો જાગૃતિનાદ ગાજી ઊઠચોઃ "આ અહિંસક યુદ્ધમાં એમનો ફાળો પુરુષો કરતાં પણ ઘણો મહાન હોવો જોઈએ. સ્ત્રીને નબળી જાતિ કહેવી એ તેની બદનક્ષી છે; સ્ત્રી પ્રત્યે પુરુષનો એ અન્યાય છે. બળ દ્વારા પશુબળ જ સૂચવાતું હોય તો સ્ત્રી એ પુરુષ કરતાં ઓછી પશુ છે. બળ દ્વારા જો નૈતિક બળ સૂચિત થતું હોય, તો પછી સ્ત્રી પુરુષ કરતાં અમાપ હદે ચડિયાતી છે. એનામાં સહનશીલતાની વધુ શક્તિ, વધુ હિંમત નથી? એના વિના મનુષ્યનો સંભવ ન રહે. અહિંસા એ આપણી હસ્તિનો કાયદો હોય તો ભવિષ્ય સ્ત્રીઓના હાથમાં જ છે."

જેરીકોની દીવાલો એક વાર ધસી પડેલી, એ રીતે રૂઢિની પુરાણી દીવાલો ધસી પડી. ગઈ કાલની લાચાર કુમારિકાઓ આજની બહાદુર સૈનિકો હતી. આ લઘુ માનવીના નમ્ર સ્પર્શે ઇતિહાસનું આખું પાનું ફેરવી નાખ્યું. એમની દાંડીકૂચના પ્રસંગે સ્ત્રીઓને મેદાનમાં આણવા માટેના એક ખાસ સંદેશ માટે એમની સાથે દલીલો કર્યાનો એક પ્રસંગ મને યાદ આવે છે. "પણ તમે શા પરથી માની લો છો કે મારા તરફના ખાસ સંદેશાની તેમને જરૂર છે?" એમણે પૂછ્યું. "કારણ કે સ્ત્રીવર્ગ હજુ સંપૂર્ણ જાગ્રત નથી થયેલો. હજુ એ પોતાની પુરાણી તંદ્રાને વશ છે. જો તમે ખાસ કશું નહિ લખી આપો, તો પોતાની તક, અમારા જીવનકાળની આ એકની એક તક, એ ગુમાવશે." મેં લાચારીભરી અધીરાઈથી જવાબ વાળ્યો. "જો એ જ તમારો અંદાજ હોય, તો હું માત્ર એટલું જ કહી શકું તેમ છું, કે તમે તમારી બહેનોને ઓળખી શકયાં નથી." જાણભર્યા સૌમ્ય સ્મિતપૂર્વક એમણે જવાબ આપ્યો. આમ છતાં એમણે સંદેશો તો આપ્યો જ, કદાચ મને ખોટી સાબિત કરવા માટે જ.

દાંડીકિનારે ગાંધીજીએ લગભગ મસ્તીખોર આનંદપૂર્વક મીઠું ઉપાડચાનો એ મહાન દિવસ આવી પહોંચ્યો, અને હિંદે કેટલાંક માની ન શકાય તેવાં પરિણામો જોયાં. પરંતુ એમાં યે સંગ્રામને મોખરે કૂચ કરતી સ્ત્રીઓના જેવું વિસ્મયજનક બીજું કશું ન હતું. સૂની આંખો અને લજ્જાભર્યા ગાલવાળી, રેશમી પડદાની પાછળ સુકુમાર માવજત પામેલી, ભીડવાળો માર્ગ કે અજાણ્યો ચહેરો કદી જોવા ન પામેલી સ્ત્રીએ પોતાના રેશમી પડદા હઠાવી દીધા, નાજુક આચ્છાદનો ફેંકી દીધાં અને પોતાની જાતને દિવસની ઝળાંહળાં રોશનીમાં ખડી કરી—કોઈના આશ્રય વિના, કોઈની સહાય વિના, કોઈના રક્ષણ વિના! જેમના ચરણો ગુલાબની પાંદડીઓ જેવા મુલાયમ હતા, જેમની કાયા ઇરાનના પોચા ગાલીચાઓમાં દટાયેલી રહેવા ટેવાયેલી, તે જખમ અને ઉઝરડાથી બેપરવા બનીને કઠણ પથ્થરોવાળા માર્ગે ચાલવા બહાર પડી. સુંવાળામાં સુંવાળી વાનીઓ પર ઊછરેલીઓ જેલની કઠણ અને કાંકરીવાળી રોટીઓ બહાદુરીથી ચાવવા લાગી. તેમના નાજુક અવયવો ખડબચડા ધાબળા પર આરામ લેવા લાગ્યાં. આંખોમાં સુખદ પ્રકાશ અને અંગોમાં સ્ફૂર્તિ સાથે ભય અને આપદાનો સામનો તે કરવા લાગી. તેમનાં ઘરની સંકુચિત દીવાલોએ તેમને એકાએક એવી નવી વિશાળ દુનિયા માટે માર્ગ કરી આપ્યો, કે જેમાં

તેમને ઉચ્ચ સ્થાન હતું. એમના પ્રાંગણની માફક એમની પરંપરાગત ફરજો પણ વિસ્તીર્ણ બની. એમના જીવને વિશાળ બનીને નવો અર્થ ગ્રહણ કર્યો. તેમનાં વિચાર કે કાર્યની હવે દરકાર થવા લાગી, અને ૪૦ કરોડનાં જીવનમાં એમણે અનંત પરિવર્તન આણ્યું. અભણ અને અશિક્ષિત ગણાનારીઓએ પોતાને શિક્ષિતો જેટલી જ શક્તિસંપન્ન અને કાર્યદક્ષ પુરવાર કરી. તેમણે ઉચ્ચ પદાધિકારો સંભાળ્યા અને કાળજી તથા ઉદ્યમપૂર્વક પોતાની ફરજો અદા કરી. એ ડિક્ટેટરો ને કૅપ્ટનો બની. ગાંધીજીના કાળજૂના સ્વપ્નને આકાર આપતા વિદેશી કાપડના બહિષ્કાર તથા પિકેટિંગના કાર્યક્રમોનું આયોજન તથા સંચાલન એ કરવા લાગી. પરેશાની, પ્રહાર, આક્રમણ વગેરેનો અપ્રતિહત હિંમતથી એ સામનો કરવા લાગી. એમને નમાવવી મુશ્કેલ હતી, તોડી પાડવી અશક્ય. એ પોતે જ માત્ર આપી શકે એવી અર્થવાહકતા અને વાસ્તવિકતા એમણે આ અહિંસક લડતને આપી. ગાંધીજીએ કહેલું તેમ, "આ લડતમાં સ્ત્રીઓએ ભજવેલો ભાગ સુવર્ણાક્ષરે લખાવો જોઇએ."

ગાંધીજીની સૌથી મહાન સિદ્ધિઓમાંની આ એક હોવા બાબતમાં કશી શંકાને સ્થાન નથી. સત્યાગ્રહની ચળવળમાં સ્ત્રીએ વસ્તુતઃ શું કર્યું એ કરતાં તો લડતે તેના માટે શું કર્યું એ વસ્તુ મહત્ત્વની છે. હિંદી સમાજની સિકલ એણે ફેરવી નાખી. અરધી સદી થયાં સમાજસુધારકો જે માટે મથી રહ્યા હતા તે ગાંધીજીએ નિમિષમાત્રમાં કરી બતાવ્યું. સ્ત્રીઓનું સ્થાન સમગ્રપણે બદલાઇ ગયું, કારણ કે જીવનમાં પ્રતિગમન જેવું કશું ભાગ્યે જ હોય છે. સ્ત્રીઓ આજે નવા ગૌરવ અને વિશાળ જવાબદારીઓના ભાન સાથે પોતાને ધપાવી રહી છે.

ગાંધીજીના સ્ત્રીઓ સાથેના જીવંત સંબંધને તેમના પોતાના જીવનની મોજણીથી માપી શકાય તેમ છે. એમના જીવનમાં અત્યંત ગાઢ પરિચયમાં એમનાં માતા તથા એમનાં પત્ની એમ બંને સાથેના પ્રસંગો સ્ત્રીઓ સાથેના હતા. માતા સાથે બાળકનો ગાઢ પરિચય જગતભરના સમગ્ર સંબંધો પર અસર કરતો હોવાનું કહેવાય છે. આપણે માની લઇ શકીએ કે એ બંને વચ્ચેનો સંબંધ એ ગાંધીજી પરના ઉદાત્ત પ્રભાવરૂપ હતો. માતાની સમર્થ દોરવણી એમના નાનપણમાં રહેલી અને એમની આત્મકથા તેનું નિઃશંક સમર્થન કરે છે.

એટલો ને એટલો મહાન પ્રભાવ એમનાં પત્નીનો હતો. જોકે તેમના સંસર્ગમાં આવવાની તક મળી છે એવા બહુ ઓછા લોકો તે જાણતા હતા. સામાન્ય માન્યતા એવી છે કે તેમનાં પત્ની એ ખૂબ જ દલિત એવી હિંદી સ્ત્રીના નમૂનારૂપ હતાં. સત્યથી ખૂબ જ વેગળી એ માન્યતા છે. એમનું દૃઢ સંકલ્પબળ ગાંધીજીનો પણ મુકાબલો કરતું. કમમાં કમ પોતાનું વ્યક્તિત્વ તો એમણે ગાંધીજીને બંધબેસતા થવામાં તથા બંનેના જીવનમાં મહાન પરિવર્તન સધાયાના સમયે પણ ધરી રાખ્યું હતું. પોતાને કદી કચડી નાખવા ન દે એવું એમનું માનસ હતું. પોતાને જે કરવું ઠીક લાગે તેમાં, એ જેમના દૃષ્ટિપાત પર લાખો અવલંબતા, લાખો જેમના સમક્ષ પ્રભાવવશ નમન કરતા, જેમનો એક શબ્દ લાખોને માટે કાયદારૂપ હતો, તેમનો સામનો કરતાં પણ ન અચકાતાં. બંને

વચ્ચે સંપૂર્ણ સૌખ્ય અને સ્વતંત્રતા હતાં, જે માત્ર એ યુગલને જ સુખી બનાવતાં એમ નહિ, પરંતુ સ્ત્રીઓ સાથેના ગાંધીજીના સામાન્ય સંબંધને પણ સુખદ બનાવતાં. ગાંધીજી બાપુ બન્યા તો એ પણ જગતનાં બા બન્યાં—અને તે એમના પોતાના બળે, ગાંધીજીની છાયારૂપે નહિ. આ અત્યંત સૂચક છે. પોતાના તદ્દન લૌકિક પ્રસંગો તે ગાંધીજીને કહી સંભળાવી શકતાં અને એ સૌ ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળતા ને જવાબો આપતા સોબતી તેમને ગાંધીજીમાં મળી રહ્યા હતા. એ બંનેના જીવનના સુખદ સંગાથનું રહસ્ય આ હતું. ગમે તેટલા પ્રયાસે કે કષ્ટે એમણે એ સિદ્ધ કર્યું હતું. પતિના પડછાયા જેમ ચાલનારી નહિ, પણ તેનો પોતાનો પ્રકાશ પાથરતી પત્ની એ હતાં.

સ્ત્રીવર્ગને માટે તો જેના પ્રત્યે પૂજ્યભાવ અને માનવવૃત્તિ ધરાવવાં જોઈએ એવા નેતા કરતાં ગાંધીજી ઘણું વિશેષ છે. એમને માટે તો તેઓ ચાહી શકે ને વિશ્વાસ મૂકી શકે, પોતાની નાનીનાની મુશ્કેલીઓ ને ઝઘડા જેની પાસે લઈ જઈ શકે એવા પિતાસ્થાને એ છે.

ગાંધીજી સ્ત્રીવર્ગને પોતાના કાર્ય માટે જોઈતાં વજન અને સ્થિરતા આપનારા નીરમ તરીકે ગણતા હોઈને તેમની પાસેથી ઘણી આશા રાખે છે. એમને સૌથી વધુ પ્રિય એવાં ખાદી અને હરિજનસેવા બંનેમાં એમણે તેમને ઉચ્ચ સ્થાન આપ્યું છે. "શાહીવાદી ધૂંસરીમાંથી છૂટવાની હિંદની શાંતિપૂર્ણ લડતના કેન્દ્રસ્થાને ચરખાનો પુનરુદ્ધાર સ્ત્રીઓને વિશિષ્ટ સ્થાન અપાવે છે. કાંતવામાં એમને પુરુષો કરતાં સ્વાભાવિક લાભ છે....કાંતવાનો મુખ્ય ભાર, પહેલાંની માફક, તમારે માથે રહેવો જોઈએ. બસો વર્ષ પહેલાં હિંદની સ્ત્રીઓ માત્ર ઘરવપરાશ માટે નહિ પરંતુ પરદેશો માટે પણ કાંતતી....આમ હોઈને હિંદનો આર્થિક તેમજ નૈતિક ઉદ્ધાર મુખ્યત્વે તમારા હાથમાં છે. હિંદનું ભાવિ તમારે ચરણે છે, કારણ કે આવતી પેઢીનો ઉછેર તમારે હાથે છે. હિંદનાં સંતાનોને તમે સાદાં, ઈશ્વરનો ડર રાખનારાં બહાદુર સ્ત્રીપુરુષો નિપજાવી શકો છો, અથવા તો તેમને લાડ લડાવીને માયકાંગલાં તથા જીવનની તડકીછાંયડીનો સામનો કરવાને નાલાયક પણ બનાવી શકો છો. મારા રેંટિયા અને ભિક્ષાની ઝોળી સાથે હું દેશભરમાં ઘૂમી રહ્યો છું તે હિંદની સ્ત્રીઓ માટે—જેમનો મોટો ભાગ તો રોજનો એક આનો સુધ્ધાં નથી મેળવતો તેમને માટે."

કોઈ પણ સ્ત્રી ન ઉવેખી શકે એવા આ હૃદયદ્રાવક શબ્દોમાં ગાંધીજીએ હિંદની સ્ત્રીઓને માથે એક મહાન ફરજ મૂકી છે. એટલું જ મહાન અને જવાબદારીભર્યું કામ એમણે પોતાના હરિજન કાર્યક્રમમાં તેમને માટે નિયત કરેલ છે. આ નીચેના શબ્દોમાં સ્ત્રીઓને સંબોધતાં પોતાની હૃદયેચ્છા એમણે અસંદિગ્ધપણે વ્યક્ત કરેલી છે કેઃ

"બીજી કોઈ પણ વસ્તુ કરતાં તમારી પાસે હું એ માગું છું કે તમારાં દિલમાંથી અસ્પૃશ્યતાને તમે નિર્મૂળ કરો અને હરિજન છોકરાછોકરીઓની, તમે તમારાં પોતાનાં બાળકોની કરો એ રીતે, બરદાસ્ત કરો. તમારાં પોતાનાં સ્નેહીસંબંધીઓ તરીકે, તમારાં

પોતાનાં ભાઈબહેન તરીકે, એક જ ભારતમાતાનાં સંતાનો તરીકે તેમને ગણો. સ્ત્રીજાતિને હું સેવા અને સમર્પણની ભાવનાની જીવંત પ્રતિકૃતિરૂપે પૂજતો આવ્યો છું. કુદરતે તમને નવાજેલી નિઃસ્વાર્થ સેવાભાવના સાથે પુરુષ કદી તમારી બરાબરી કરી ન શકે. સ્ત્રીનું દિલ એવું સાનુકંપાભર્યું હોય છે, કે કષ્ટના દૃશ્યમાત્રથી એ દ્રવી ઊઠે છે. તો પછી હરિજનોનાં કષ્ટો તમારાં હૃદય હલાવી નાખે અને તમે અસ્પૃશ્યતાની સાથોસાથ ઉચ્ચનીચના ભેદભાવો જતા કરો, તો હિંદુધર્મની એટલી વિશુદ્ધિ થશે અને હિંદુસમાજ આધ્યાત્મિક પ્રગતિની દિશામાં એક મહાન પગલું ભરશે....અંતે તો એ સમગ્ર હિંદના એટલે કે ૪૦ કરોડ માનવોના કલ્યાણમાં જ પરિણમશે. અને માનવજાતનો પાંચમો ભાગ આશ્ચર્ય પ્રેરે એવી જે વિશુદ્ધિકારક પ્રક્રિયામાંથી પસાર થશે તે સમગ્ર માનવજાત પર સ્વાસ્થ્યયુક્ત પ્રત્યાઘાત પાડ્યા વિના નહિ રહે...."

આવી હૃદયદ્રાવક અપીલો સામે પછી નિષ્ઠુરમાં નિષ્ઠુર અને મગરૂબમાં મગરૂબ સ્ત્રીઓ, તરુણ કુમારિકાઓ અને નાની છોકરીઓ સુધ્ધાં પોતાનું જરઝવેરાત ઉતારીને બાપુને ખોળે ધરી દે એમાં કશી નવાઈ છે? કારણ કે આપણી વચ્ચે રહેલી એ બદીઓને દૂર કરવાના એમના પોકારનો, આપણા પોતાના અંતરનાદનો પ્રતિકાર કોનાથી થઈ શકે તેમ છે?

સામાજિક પ્રશ્નો અને વધુ વિશાળ પાયા પરના રાજકીય પ્રશ્નો વચ્ચે રહેલા સંબંધ વિષેનો ગાંધીજીનો ખ્યાલ એમના પોતાના જ શબ્દોમાં ઉત્તમ રીતે સમાયેલો છે. "આપણાં અનેક સામાજિક અનિષ્ટો સ્વરાજ પ્રત્યેની આપણી કૂચને અવરોધી રહ્યાં છે એ જેટલું વહેલું સમજાશે, એટલી આપણા ઇપ્સિત ધ્યેય પ્રત્યેની આપણી પ્રગતિ વિશેષ થશે. સ્વરાજપ્રાપ્તિપર્યંત સામાજિક સુધારણાને મુલતવી રાખવી એ સ્વરાજનો અર્થ ન જાણ્યા બરાબર છે...."

ગાંધીજી અને મજૂર ચળવળ


લેખક : ગુલઝારીલાલ નંદા

હિંદની પ્રજાને પરદેશી ધૂંસરીમાંથી મુક્ત કરવા માટે પૂ. ગાંધીજીએ આરંભેલી અવિરત લડત પ્રત્યે આ દેશના તેમજ પરદેશના તમામ લોકોનું ધ્યાન ચોંટયું છે, પરંતુ જાહેર પ્રવૃત્તિઓના તેમના આખાયે સમય દરમિયાન તેઓ એક નવી સામાજિક તથા આર્થિક રચનાની ઇમારતના ચણતરમાં એક પછી એક ઇંટો પણ ગોઠવતા રહ્યા છે, તે હકીકતનો લોકોને બરાબર ખ્યાલ આવ્યો નથી. ખરેખર તો, નૂતન સમાજની એમને જે ઝાંખી થઈ તેમાંથી જ તેમને હિંદી જનતાને પૂર્ણ સ્વાતંત્ર્યના ધ્યેય તરફ ક્રમિક પ્રગતિથી દોરવાના અદ્ભુત પ્રયાસો કરવાની વૃત્તિ અને પ્રેરણા મળી. આ લેખમાં પૂ. ગાંધીજીએ મજૂરવર્ગ માટે અત્યાર સુધી જે કાંઇ કર્યું છે, તેનો ટૂંક સાર આપવાનો તથા તેનું મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

મજૂર ચળવળ અંગેની પૂ. ગાંધીજીની મોટા ભાગની પ્રવૃત્તિઓ તો અમદાવાદની કાપડ–સૂતરની મિલોમાં કામ કરતા મજૂરોમાં જ કરવામાં આવી છે; પરંતુ તેઓ મજૂરોના પ્રશ્નોમાં પહેલેથી જ રસ લેતા આવ્યા છે અને આખા દેશના વાહનવ્યવહાર, કારખાનાં, ખાણ, ખેતી તથા બગીચા વગેરેના મજૂરોનું હિત એમને હૈયે વસ્યું છે.

સને ૧૯૧૮ ની સાલમાં શ્રીમતી અનસૂયાબહેને અમદાવાદની મિલોમાં કામ કરતા શાળખાતાના મજૂરોની વતી પૂ. ગાંધીજી પાસે મદદની માગણી કરી, અને તરત જ તેઓ ફેબ્રુઆરી માસમાં ચંપારણથી અમદાવાદ આવી પહોંચ્યા. દેશની મજૂરચળવળ સાથે તેમનો સંબંધ આ સમયથી બંધાયો. ત્યારથી અત્યાર સુધીમાં, પૂ. ગાંધીજી અનેક કટોકટીના પ્રસંગોએ મજૂરોની વહારે ધાયા છે અને અમદાવાદના મજૂરસમુદાયે જ્યારે પણ તેમની મદદ માગી છે, ત્યારે તેઓએ તે વિનાસંકોચે આપી છે. આમ છતાં પણ સને ૧૯૧૮ ની સાલની શાળખાતાના કારીગરોની હડતાળ તો હિંદની મજૂરચળવળના ઇતિહાસમાં એક ચિરઃસ્મરણીય પ્રસંગ તરીકે નોંધાશે. આ હડતાળ પૂ. ગાંધીજીએ શરુઆતથી તે તેના અંત સુધી જાતે જ ચલાવી હતી. મજૂરોને લડતમાં દોરતાં પહેલાં તેમણે તેમના ઝઘડાના ગુણદોષની બારીક તપાસ કરી લીધી હતી. મજૂરોની માગણી પગારના વધારા માટે હતી. પૂ. ગાંધીજીની સૂચનાથી શ્રી. શંકરલાલ બેંકરે મજૂરોની રહેણીકરણીની સ્થિતિ અંગે તપાસ કરી અને તેમના ઘરખર્ચના આંકડા એકઠા કર્યા. આપણા દેશમાં આ જાતનું કામ કદાચ આ પહેલી જ વખત થયું હશે. ત્યારબાદ પૂ. ગાંધીજીએ માલિકો સાથે વાટાઘાટો શરુ કરી અને સમાધાન કરવા માટે તનતોડ પ્રયત્નો કર્યા, પરંતુ મિલમાલિકોએ મચક આપી નહિ. ઝઘડાનું નિરાકરણ








પંચ મારફતે કરાવવાની પૂ. ગાંધીજીની માગણી પણ મિલમાલિકોએ નકારી. ઉદ્યોગ સાથે સંબંધ નહિ ધરાવનાર એવા કોઈ પણ બહારના માણસની દખલગીરી સહન કરવા મિલમાલિકો તૈયાર નહોતા. કામગીરી અંગેની શરતો નક્કી કરવામાં મજૂરોને માલિક જેટલો જ પોતાનો મત દર્શાવવાનો સમાન અધિકાર હોવો જોઈએ એ સિદ્ધાંતના સ્વીકાર માટે પૂ. ગાંધીજીએ ઐતિહાસિક બનેલી અહિંસક લડતના મોરચા માંડ્યા. લડત માટે જરૂરી એવી મજૂરોને તાલીમ આપ્યા પછી પૂ. ગાંધીજીએ તેમની પાસે જ્યાં સુધી તેમની માગણી મંજૂર ન થાય અથવા તો માલિકો પંચનો સ્વીકાર ન કરે, ત્યાં સુધી કામ પર નહિ જવાની પ્રતિજ્ઞા લેવરાવી. લડત દરમિયાન પૂ. ગાંધીજી મજૂરોના સંપૂર્ણ સંસર્ગમાં રહેતા, હંમેશાં મજૂરોની વિરાટ સભાઓમાં ભાષણો આપતા, અને પત્રિકાઓ બહાર પાડતા. રોજ ને રોજ મજૂરો શહેરના રસ્તાઓ પર શાંતિમય સરઘસો કાઢતા. આમ છતાં પણ ત્રણેક અઠવાડિયાંને અંતે હડતાળ પર ઊતરેલા મજૂરોમાં નબળાઈનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. કેટલાકનાં મન ડગમગવા લાગ્યાં. મજૂરો કહેવા માંડ્યા કે તેઓ તથા તેમનાં બાળબચ્ચાં ભૂખે મરે છે. ૧૨મી માર્ચની સવારે મજૂરોની સભા સમક્ષ પૂ. ગાંધીજીએ એક અણચિંતવી જાહેરાત કરી. તેમણે જાહેર કર્યું કે જ્યાં સુધી મજૂરોની પ્રતિજ્ઞા પૂરી ન થાય ત્યાં સુધી તેઓ પોતે અન્નને અડકશે નહિ. હિંદમાં આવ્યા પછી પૂ. ગાંધીજીનો કોઈ જાહેર કાર્ય સાથે સંકળાયેલો આ પ્રથમ ઉપવાસ હતો. મજૂરો તો આ જાહેરાતથી હચમચી ઊઠ્યા, અને તેમનામાં ફરીથી ચેતન આવ્યું. પૂ. ગાંધીજીને આટલું જ જોઈતું હતું. ઉપવાસ મજૂરોની નબળાઈ દૂર કરવા માટે જ હતા. ઉપવાસની મિલમાલિકો પર પણ અસર થઈ અને નિષ્ક્રિયતા છોડી તેઓ પણ ઉપવાસથી ઊભી થયેલી પરિસ્થિતિમાંથી નીકળવાનો રસ્તો શોધવા લાગ્યા. ત્રણ દિવસને અંતે માલિકોએ પંચનો સ્વીકાર કર્યો અને પૂ. ગાંધીજીએ ઉપવાસ છોડી પારણાં કર્યાં. મજૂર તથા માલિક વચ્ચેના ઝઘડાનો નિકાલ પંચ મારફતે થવો જોઈએ એ સિદ્ધાંતનો આપણા દેશમાં સહુથી પહેલાં આ હડતાળ વખતે સ્વીકાર થયો, અને અમદાવાદનો મજૂર મહાજનસંઘ આજે જે સ્થિતિ પ્રાપ્ત કરી શક્યો છે, તે પણ ઘણે અંશે આ સિદ્ધાંતના પાલનને આભારી છે.

સને ૧૯૨૦ ના ફેબ્રુઆરી માસની ૨૫ મી તારીખે પૂ. ગાંધીજીએ કાપડ–સૂતરના ઉદ્યોગમાં કામ કરતા મજૂરોના પ્રથમ વ્યવસ્થિત મહાજનની સ્થાપના કરી. એ જ વર્ષના મે માસમાં તેમણે માલિકો પાસે કામના કલાકો, જે તે વખતે બાર હતા, તેમાંથી દસ કરવાની અને સાથેસાથે મજૂરોના પગારમાં ઠીકઠીક વધારો કરવાની પણ માગણી કરી. ઝઘડો પંચ સમક્ષ મૂકવામાં આવ્યો, પરંતુ પંચના સભ્યો એકમતે ચુકાદો પણ આપી શક્યા નહિ કે સરપંચની પસંદગીમાં પણ એકમતે નક્કી કરી શક્યા નહિ; અને તેથી પૂ. ગાંધીજીએ મજરોને હડતાળ પર જવાની સલાહ આપી. હડતાળ દસ દહાડા ચાલી. જ્યારે પંચોએ ઉદ્યોગમાં કામ કરતા મજૂરો પાસેથી રોજના દસ કલાક કામ લેવું એવો અને જુદાંજુદાં ખાતાંઓમાં કામ કરતા મજૂરોને ૨૫ ટકાથી માંડીને ૬૨½ ટકા સુધીનો

પગારમાં વધારો આપવો એ મતલબનો સંયુક્ત ચુકાદો આપ્યો, ત્યારે મજૂરોએ પાછું કામ શરુ કર્યું.

આ પ્રસંગે પૂ. ગાંધીજીએ મજૂરોને એમ જણાવ્યું હતું કે જીત તેમની નહોતી થઈ, પણ ન્યાયની જીત થઈ હતી; અને તેથી બન્ને પક્ષોની જીત થઇ ગણાય. આ ઝઘડા પછી પૂ. ગાંધીજીને અમદાવાદના માલિકો અને મજૂરો વચ્ચેના ઝઘડાઓમાં વારંવાર વચ્ચે પડવું પડયું હતું. અતિ મહત્ત્વના રાજદ્વારી અને દેશના બીજા પ્રશ્નો અંગેનાં રોકાણો છતાં પણ પૂ. ગાંધીજીએ મજૂરોને મુશ્કેલીને સમયે મદદ કરવા માટે હંમેશાં સમય ફાજલ પાડયો છે, અને જ્યારે પણ જરૂર પડી છે, ત્યારે તેમને સલાહ આપી છે. પંચમંડળના મજૂરપક્ષના સભ્ય તરીકે તેમણે જે ચુકાદાઓ લખ્યા છે તે ચુકાદાઓ હિંદુસ્તાનના મજૂરોના હક્કપત્રો સમાન લેખી શકાય.

દેશના અન્ય પ્રાંતોના મજૂરો સાથેના પૂ. ગાંધીજીના સંબંધનો પણ અહીં થોડો ઉલ્લેખ કરવો ઘટે. જમશેદપુરના મજૂરોને તેમણે જે મદદ કરી હતી તે ત્યાંના મજૂરો વીસરી શકે તેમ નથી. સને ૧૯૧૮ની સાલમાં મદ્રાસમાં 'લોક–આઉટ' જાહેર થયો હતો તે સમયે, મજૂરોએ પૂ. ગાંધીજીની મદદ માગી હતી અને તેમણે રેવ. એન્ડ્રુઝને મજૂરોની મદદે મોકલ્યા હતા. તેમની ભારતવર્ષની અનેક મુસાફરીઓ દરમિયાન તેઓ મદ્રાસ, બિહાર અને બીજા પ્રાંતોના મજૂરોને મળતા ને તેમની સભાઓમાં ભાષણો કરતા. મુંબઈના મજૂરો જોકે તેમની સેવાઓનો લાભ ઉઠાવી શક્યા નથી, છતાં તેમની સ્થિતિથી તેઓ વાકેફ રહેતા આવ્યા છે.

તેમના દક્ષિણ આફ્રિકાના વસવાટ દરમિયાન પણ મજૂરોની સેવાઓમાં તેમનો પુષ્કળ વખત જતો, અને ત્યાં પણ તેઓ તેમને કાયદાની ને બીજી મદદ આપતા.

પૂ. ગાંધીજીએ તેમના લેખોમાં કે ભાષણોમાં કોઈ સ્થળે મજૂરપ્રશ્ન અંગેના પોતાના વિચારોને વ્યવસ્થિત રજૂ કર્યા નથી. તેમણે કોઈ એવી સંપૂર્ણ યોજના રજૂ નથી કરી, કે જે યોજના એકસામટી સ્વીકારી લેવાય અને જેનો અમલ થાય. તેમણે જે વિચારો અને સૂચનો રજૂ કર્યાં છે, તે તો મજૂરોએ જ્યારેજ્યારે તેમની મદદ માગી છે, ત્યારેત્યારે પ્રસંગને અનુસરીને તેમને જે સ્ફુરણાઓ થઈ છે તેના પડઘારૂપ છે. આવા વિચારો અને સૂચનો સંખ્યાબંધ મળી આવે છે, અને મજૂરોના પ્રશ્ન અંગે તેમણે જે લખ્યું છે અને કહ્યું છે, તે બધું જો એકઠું કરવામાં આવે, તો એક મોટું પુસ્તક લખાય; ને તેમાંથી મજૂરોના લગભગ તમામ પ્રશ્નોના ઉકેલના માર્ગો મળી આવે.

'મજૂરીની મહત્તા' એ શબ્દો તો સૈકાજૂના છે. પૂ. ગાંધીજીએ આ શબ્દોને જીવંત બનાવ્યા છે, અને આ દેશના શિક્ષિતવર્ગને એ શબ્દોનો અર્થ સમજાવ્યો છે. સને ૧૯૨૦ની ૨૫મી ફેબ્રુઆરીની મજૂરોની એક સભામાં તેમણે કહ્યું હતું કેઃ પોતાની જાતને મજૂર તરીકે ઓળખાવવામાં તેઓ અભિમાન લે છે. આપણા દેશના સામાજિક જીવનમાં જાતે મહેનત કરનારાઓનું સ્થાન ઘણું ઊંચું છે. એ જે પરાપૂર્વથી પ્રણાલિકા ચાલી આવે છે,

તેને પૂ. ગાંધીજીએ અનેક રીતે મજબૂત બનાવી છે. તેમનું અને તેમના સાથીઓનું રોજબરોજનું જીવન, હંમેશાં થોડું ઉપયોગી મહેનતનું કામ દરેકે કરવું જોઇએ એવો તેમનો આગ્રહ, માત્ર સૂતર કાંતવાથી મહાસભાનો મતાધિકાર મળી શકે એવું તેમનું મંતવ્ય અને શિક્ષણપદ્ધતિમાં પણ હસ્તઉદ્યોગને અગત્યનું સ્થાન મળવું જોઇએ એવો તેમનો અભિપ્રાય—એ બધું ઉપરના કથનને પુરવાર કરે છે.

૧૯૨૧ના ઑક્ટોબર મહિનામાં અમદાવાદના મજૂરોની એક સભામાં ભાષણ કરતાં પૂ. ગાંધીજીએ મજૂરોને તેમનો અને માલિકો વચ્ચેનો સંબંધ સમજાવતાં કહ્યું હતું કે, "મજૂરોનો ઉદ્યોગમાં માલિકો જેટલો જ ભાગ છે." એક પ્રસંગે તેઓએ માલિકોને ચેતવણી આપી હતી કે, "જો તેઓ મજૂરો સાથે શેઠ અને નોકર જેવો સંબંધ રાખશે, તો એ એક ગંભીર ભૂલ ગણાશે." તેમણે જણાવ્યું હતું કે "મજૂરો નોકર નહિ પણ ઉદ્યોગના સહભાગીદારો છે. ઉદ્યોગ ચલાવવા માટે મૂડીદાર પોતાની મૂડી રોકે છે, જ્યારે મજૂરો પોતાની મજૂરી રોકે છે. ખરી રીતે તો મજૂરી એ જ ખરી મૂડી છે, કેમકે તેને લીધે જ બધું દ્રવ્ય ઉત્પન્ન થાય છે." પૂ. ગાંધીજી તો એમ ઇચ્છે છે કે, હલકામાં હલકી મજૂરી કરનાર મજૂર અને દેશનો સૌથી વધુ શકિતવાળો માણસ એ બન્ને શહેરી તરીકે સરખા હક્કો ભોગવતા હોય. મજૂરોનું સ્થાન સમાજમાં માલિકના જેટલું જ છે એ હકીકત સ્થાપિત કરવાના એક ઉપાય તરીકે પૂ. ગાંધીજીએ માલિકો અને મજૂરો બન્નેની પાસે પંચનો સિદ્ધાંત કબૂલ કરાવવા પારાવાર મહેનત કરેલી છે. સમાજમાં આર્થિક સમાનતા પણ હોવી જોઈએ એ વાત પૂ. ગાંધીજીએ તેમનાં લખાણોમાં ભારપૂર્વક જણાવી છે અને તેમના આ મંતવ્યને મજૂરોના પ્રશ્ન સાથે ખૂબ નિકટનો સંબંધ છે.

માલિકો સમક્ષ મજૂરોનો પક્ષ રજૂ કરતાં તેમણે તેઓને અનેક વખત કહ્યું છે કે, માલિકો અને મજૂરો વચ્ચેનો સંબંધ બાપ અને છોકરાના જેવો હોવો જોઇએ, અને માલિકોનું મજૂરો પ્રત્યેનું વર્તન પ્રેમાળ હોવું જોઇએ. પણ જો માલિક મજૂરોની વાજબી માગણીઓ સંતોષે નહિ, તેમનું અહિત થાય તેમ વર્તે, તેમનું શોષણ કરતા અટકે નહિ અને પોતાના આપખુદીભર્યા હુકમોનું પરાણે પાલન કરાવે, તો પૂ. ગાંધીજીની મજૂરોને સલાહ છે કે તેમણે માલિકોનો સામનો કરી લેવો.

મજૂરોના હક્કો વિષે પૂ. ગાંધીજીએ જે વિચારો પ્રદર્શિત કર્યાં છે તેની ટૂંકી યાદી નીચે આપવામાં આવી છે. આમાંના ઘણાખરા વિચારો તો તેમણે પંચમંડળ સમક્ષ મૂકવામાં આવેલ સંખ્યાબંધ ઝઘડાઓના ચુકાદાઓ આપતાં પ્રદર્શિત કરેલા છે.

(૧) કામગીરીની સ્થિતિનો નિર્ણય કરતી વેળા મજૂરો તથા માલિકોનો અવાજ સરખો જ હોવો જોઈએ. જો મતભેદ પડે તો નિષ્પક્ષ પંચનો નિર્ણય બંને પક્ષોએ સ્વીકારવો જોઇએ.

(૨) ઉદ્યોગના વહીવટ અને સંચાલનમાં પણ મજૂરોનો હિસ્સો હોવો જોઇએ. કંપનીના ભાગીદારો કરતાં પણ કારખાનામાં કામ કરતા મજૂરોનું સ્થાન આ બાબતમાં

ઊંચું હોવું જોઈએ. ઉદ્યોગની આર્થિક સ્થિતિ તેમજ કામકાજ અંગે મજૂરોને સંપૂર્ણ માહિતી મળવી જોઈએ. માલિકને પોતાના ઉપયોગ માટે ઉદ્યોગમાંથી કાંઈ પણ રકમ ઉપાડવી હોય તો તે માટે મજૂરોની સંમતિ લેવી જોઈએ.

(૩) ઉદ્યોગમાં કામ કરતા તમામ માણસોના પગાર બની શકે તેટલા સરખા હોવા જોઈએ. મજૂરોને પેટપૂરતા પગાર આપવા માટે જે ખર્ચ થાય તે ઉદ્યોગના કુલ નફામાંથી સૌથી પહેલાં વસૂલ થઈ જવું જોઈએ. જ્યાં સુધી મજૂરોને પેટપૂરતા પગાર આપવામાં આવતા ન હોય, ત્યાં સુધી ઉદ્યોગમાં મંદી આવી છે એ કારણ બતાવીને પગાર ઘટાડી શકાય નહિ. પણ જો પેટપૂરતા પગાર આપવાનું ચાલુ રાખવાથી ઉદ્યોગમાં રોકવામાં આવેલી અસલ મૂડીમાં વધુ ને વધુ હાથ નાખવો પડે તો જ પગાર કાપવા એ વાજબી લેખાય. અને આવો નિર્ણય કરતી વેળાએ આખા ઉદ્યોગની સ્થિતિની ગણતરી કરવી જોઈએ, અને નહિ કે એકએ કારખાનાંની. સામાન્ય સંજોગોમાં જે ઉદ્યોગ પોતાના કારીગરોને જીવનનિર્વાહ પૂરતી રોજી આપી શકતો નથી, તે પોતાનું અસ્તિત્વ ધરાવવાનો હક્ક ગુમાવે છે. દેશના સંક્રાન્તિકાળ દરમિયાન ઉદ્યોગ પૂરેપૂરી કુશળતા અને કરકસર વધારવાના બધા ઉપાયો લેવા છતાં પોતાના કામદારોને જીવનનિર્વાહ પૂરતી રોજી આપવા જેટલી ઉત્પાદનશક્તિ ન ધરાવે, ત્યારે જ ઉપર જણાવેલી અપવાદરૂપ રીતિ અમલમાં મુકાય. ત્યારે પણ ઓછામાં ઓછી રોજીની મર્યાદા તો હોય જ છે. જેમાં કશો ઘટાડો કરી શકાય નહિ. આ મર્યાદિત રકમ માત્ર ગુજરાન પૂરતી હોઈ પૂ. ગાંધીજી માને છે કે, તેમાં કોઇ પણ સંજોગોમાં કાપ મૂકી શકાય નહિ.

(૪) પૂ. ગાંધીજીની પેટપૂરતા પગારની વ્યાખ્યા પ્રમાણે પુખ્ત ઉંમરના મજૂરની કમાણી એટલી હોવી જોઈએ કે તે પોતાની તથા આખા કુટુંબની તંદુરસ્તી અને કાર્યશક્તિ જાળવી શકે અને જીવનની બીજી જરૂરિયાતો તથા વ્યાવહારિક ખર્ચને પણ પહોંચી શકે. મજૂરને ઓછો પગાર મળે ને તેને પરિણામે તેનાં સ્ત્રી–બાળકોને ગુજરાન માટે કામ કરવું પડે એ ચલાવી શકાય નહિ.

(૫) કામના કલાકો અને કામના પ્રકારો એટલા અને એવા ન હોવા જોઈએ કે જેથી મજૂરો થાકી જાય. મજૂરોને આરામને માટે પૂરતો સમય મળવો જોઇએ, એટલું જ નહિ પણ પોતાના ઘરકામ તથા બીજાં સામાજિક કામો માટે પણ સમય મળવો જોઇએ.

(૬) કારખાનાની કામની સ્થિતિ તથા કારખાનામાં વપરાતો માલ–સામાન એવો ન હોવો જોઇએ કે જેથી મજૂરો પર વધારેપડતો કામનો બોજો પડે અથવા તો તેમની તંદુરસ્તીને તથા બીજી કોઈ હાનિ પહોંચે.

(૭) કામના સમય દરમિયાન મજૂરોની માનવી જરૂરિયાતો માટે યોગ્ય વ્યવસ્થા કરવી જોઇએ. મજૂરોને આરામ લેવા માટે અને જમવા માટે સારી વ્યવસ્થા કરવી, સ્વચ્છ પાણી પૂરું પાડવું અને સફાઇ અને સુઘડતા બરાબર જાળવવી એ માલિકની ફરજ છે, અને એ ફરજના પાલન પર પૂ. ગાંધીજી ખૂબ ભાર મૂકે છે. એ જાણીને આશ્ચર્ય

થશે કે પૂ. ગાંધીજીએ આ સંબંધમાં પોતાનાં મંતવ્યો આવા પ્રશ્નોને લગતા કાયદાઓ ઘડાયા નહોતા અથવા તો હજી ઘડવાની તૈયારીમાં હતા તે પહેલાં રજૂ કર્યાં હતાં.

(૮) પૂ. ગાંધીજીના અભિપ્રાય મુજબ કારખાનામાં કામ કરતા તમામ મજૂરોને તેમની સ્વતંત્રતા ઉપર અંકુશ મૂકયા વગર, રહેવા માટે મકાનો પૂરાં પાડવાં એ માલિકોની ફરજ છે.

(૯) સંગઠિત બનવું, મહાજનો સ્થાપવાં, અને માલિકો સાથે સમજૂતી કરવી એ મજૂરોનો મૂળભૂત હક્ક છે. મજૂરો મહાજન બાંધે તેમાં કે મહાજનો ચલાવે તેમાં માલિકોએ અંતરાય નાખવો નહિ જોઇએ, કે મહાજનની પ્રવૃત્તિ માટે કોઈ મજૂરનો ભોગ લેવો નહિ જોઇએ. મજૂરોના ચૂંટાયેલ પ્રતિનિધિને કામ પરથી છૂટો કર્યાં પહેલાં તેના મહાજન સમક્ષ એ હકીકત માલિકે રજૂ કરવી જોઇએ.

કારખાનામાં મજૂરો પોતાના મહાજનનું લવાજમ ઉઘરાવી શકે તેવી સગવડ કરી આપવી એ પણ માલિકોની ફરજ છે. જે ઉદ્યોગમાં મહાજન પંચનો સિદ્ધાંત સ્વીકારતું હોય ત્યાં માલિકોએ મહાજન બહારના મજૂરોને કામ પર લેવા ન જોઇએ.

(૧૦) જો માલિકો પંચનો સ્વીકાર નં કરે અથવા તો પંચના ચુકાદાનો ભંગ કરે, કે પછી તે ચુકાદાનો અમલ કરવામાં કારણ વગર વિલંબ કરે, તો મજૂરોને હડતાળ પર જવાનો સંપૂર્ણ હક્ક છે.

પૂ. ગાંધીજીએ તેમના લેખો અને ભાષણોમાં મજૂરોના હક્કો અને અધિકારો કરતાં પણ તેમની ફરજો પર વિશેષ ભાર મૂકયો છે. મજૂરોની જવાબદારીઓ અનેક છે, અને તેમના ચારિત્ર્યની કસોટી માટેનું ધોરણ તેમણે આકરું રાખ્યું છે. પ્રથમ તો મજૂરે પોતા પ્રત્યેની અને કુટુંબ પ્રત્યેની જવાબદારી અદા કરવી રહી. મજૂરે સ્વચ્છ જીવન ગાળવું જોઇએ અને દારૂ તથા એવાં બીજાં વ્યસનોથી દૂર રહેવું જોઈએ. મજૂરે દુનિયામાં અને ખાસ કરીને પોતાની આસપાસ બનતા બનાવો વિષે રસ લેવો જોઈએ, તે માટે જ્ઞાનમાં વધારો કરવો જોઇએ અને પોતાના વ્યવહારમાં સંપૂર્ણ પ્રમાણિકતા જાળવવી જોઈએ. સ્ત્રીઓ અને બાળકોનું કલ્યાણ સાધવાનો હેતુ બર લાવવા તેમને કારખાનાના જીવનમાંથી મૂક્ત રાખવાં અને તેમને યોગ્ય કેળવણી અને તાલીમ આપી તેમને માટે યોગ્ય વાતાવરણ ઉત્પન્ન કરવું, એમ ગાંધીજી સૂચવે છે. ફુરસદના સમયનો ઉપયોગ મજૂરો પોતાનો વિકાસ સાધવામાં અને નિર્દોષ વ્યવસાયોમાં ગાળે, પણ નકામી વાતો કરવામાં કે નુકસાનકારક પ્રવૃત્તિઓમાં ન બગાડે. કમાણી વધે તેનો ઉપયોગ બાળકોનો સારો ઉછેર કરવામાં, સ્ત્રીઓને કેળવણી આપવામાં, સારું પોષણ અને કપડાં આપવામાં અને સામાન્ય રીતે જીવનનું ધોરણ સુધારવામાં કરવો જોઇએ. અંગત જીવનમાં મજૂરો ઉપભોગ નહિ પણ આત્મસંયમને નેમ લેખીને વર્તે. ઉદ્યોગ પ્રત્યેની પોતાની જવાબદારી અદા કરવામાં મજૂર પોતાની ફરજનું ઉચ્ચ પ્રકારનું ભાન દર્શાવે એવી તેની પાસેથી આશા સેવવામાં આવે છે. મજૂરથી સમયની ચોરી થાય નહિ કે તેના અધિકારીઓ

પ્રત્યે અણછાજતું વર્તન કરાય નહિ, તેમજ સામા પક્ષ ઉપર ખોટું દબાણ કરી ગેરવાજબી માગણીઓ મંજૂર કરાવવાની ઇચ્છા રખાય નહિ. શિસ્ત અને કાર્યકુશળતા જાળવવા માટે મજૂરે તે અંગેની જરૂરિયાતો અદા કરવી ઘટે. મજૂરને અન્યાય કરવામાં આવે ત્યારે તેણે પોતાના કેસની રજૂઆત કરી યોગ્ય માર્ગે ન્યાય મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. તેની માગણીમાં જૂઠાણું કે અતિશયોક્તિ ન હોવાં જોઈએ. જ્યાં સુધી નક્કી કરેલાં બધાં પગલાં ન લેવાય અને છેવટે પંચની માગણી કર્યા સિવાય મજૂરો હડતાળ ન પાડી શકે. મજૂરોએ કામ પર હોય ત્યારે કે હડતાળ દરમિયાન સંપૂર્ણ શાંતિમય રીતો અખત્યાર કરવી અને કોઇ પણ પ્રકારનું હિંસાનું તત્ત્વ દાખલ ન થવા દેવું. મજૂરોએ પોતાના કરતાં દુઃખી હોય તેવા પોતાના ભાંડુઓ પ્રત્યેની અને દેશના પ્રશ્નો અંગેની પોતાની જવાબદારી અદા કરવા વિશાળ દૃષ્ટિ કેળવી તૈયાર થવું જોઇએ. સામાન્ય હિત સાધવા માટે દરેક મજૂર પોતાના વ્યક્તિગત હિતનો કેટલે અંશે ત્યાગ કરી શકે છે તેના પર મજૂરવર્ગની પ્રગતિનો આધાર રહે છે.

પૂ. ગાંધીજીએ મજૂરો માટે જે દરજ્જો મેળવવાની કલ્પના કરી છે, તે ધ્યેયની દૃષ્ટિમર્યાદામાં પણ દેશભરમાં કોઇ (મજૂરો) હજી પહોંચી શક્યા નથી. મજૂરોના હક્કો અને અધિકારોનો એમનો જે ખ્યાલ છે, તેટલા તો અમદાવાદમાં પણ પ્રાપ્ત થયા નથી. અત્યારના ઉત્પાદન અને મૂડી વચ્ચેના સંબંધો અને રાજકીય પદ્ધતિ યથાસ્થિત રહે ત્યાં સુધી મજૂરો પોતાના હક્કો પ્રાપ્ત કરે એવી આશા કેવી રીતે રાખી શકાય? "સડેલ સામાજિક રચનાને તેમાં થોડા સુધારા કરી ટેકો આપવાનો કશો અર્થ નથી, એ તંત્રને તોડી પાડો. આપણે તો નૂતન સમાજ રચવો છે, અને કેવળ ક્રાંતિ મારફતે જ તે થઈ શકશે." એવી દલીલો પણ કરવામાં આવે છે.

ગાંધીજીને પણ વર્તમાન સામાજિક તંત્ર પરત્વે સંતોષ નથી. ગાંધીજીએ કલ્પેલી હિંદુસ્તાનની ભાવિ સામાજિક વ્યવસ્થામાં "નિર્ધન અને ધનિકના ભેદ નહિ હોય, બેકારી નહિ હોય અને અત્યારે નજરે પડતી વર્ગો વચ્ચેની અસમાનતા નહિ હોય." આર્થિક સમાનતા ગાંધીજીની વ્યાખ્યા મુજબ "રાષ્ટ્રના મોટાભાગના ધનનો જે થોડા ધનિકો પાસે સંગ્રહ છે, તે એક બાજુ ઓછો થાય અને બીજી બાજુ નાગા અને અર્ધા ભૂખ્યા મજૂરોની સ્થિતિ સુધરે ત્યારે થાય."

ગાંધીજી પણ ક્રાંતિ ઝંખે છે, પરંતુ તે શાંતિમય ક્રાંતિ હોવી જોઇએ. સામાજિક તંત્ર જે ખોખામાં આજે ગોઠવાયું છે તેને બદલે નવું ખોખું ઘડવાથી, કે જે કાયદાના તંત્રનો તેને આધાર છે તેમાં થોડા ફેરફારો કરી એને કોઈ રૂપાળું નામ આપવાથી, કશો ખાસ ફેર પડવાનો નથી. ખરેખરી મહત્ત્વની બાબત તો અંદરનું કલેવર છે—લોકોની વૃત્તિઓ અને પરસ્પરના સંબંધો, તેમની વિચારસરણી અને કૃત્યો, તથા તેમની સમજ અને શક્તિની વિપુલતા—એ મહત્ત્વની બાબતો છે. બહારનો પોષાક તો આપમેળે મળી રહેશે. કલેવરની અંદર જે ફેરફારો થાય, આઘાત અને પ્રત્યાઘાત થાય તેને અનુકૂળ થવા બાહ્ય આવરણ આકાર બદલશે, પરંતુ જો પ્રત્યાઘાત બહુ જલદ હશે તો આવરણ તૂટવાનું.

પરંતુ આ ફેરફાર પણ શાંતિથી થઈ શકે. ગાંધીજીએ સને ૧૯૨૬ ની સાલમાં જ્યારે અમદાવાદ મજૂર મહાજનસંઘના બંધારણમાં સંસ્થાના હેતુઓમાં નીચેનું વાક્ય ઉમેર્યું: "અને અંતે, યથાસમયે, કાપડસૂતરનો ઉદ્યોગ પ્રજા હસ્તક કરવો," ત્યારે આવી જ કોઈ પદ્ધતિ તથા અંતની તેમણે કલ્પના કરી હશે.

ગાંધીજી, આંતરિક સુધારણા કેટલો મહત્ત્વનો ફાળો આપે તે બાબત પર હંમેશ ભાર મૂકતા આવ્યા છે એ તો સ્પષ્ટ છે. સાચા સામાજિક પલટામાં આંતરિક સુધારણા નિર્ણાયક તત્ત્વ છે એમ તેઓ માને છે. જહાંગીરી વટહુકમથી કાંઇ એવા ફેરફારો ન થઇ શકે. એ તો બહુ ધીમો અને મુશ્કેલ ક્રમ છે; એમાં ટૂંકા કેડા લેવા નહિ પાલવે. માણસ પર આજુબાજુના વાતાવરણની ઘણી અસર થાય છે એ વાતની કોઇ ના પાડતું નથી. માનવજનતા પોતાના ધ્યેયની દિશામાં વધુ સરળતાથી કૂચ કરી શકે તેવી મદદ કરવા માટે બહારના વાતાવરણનું નવસર્જન કરવામાં કશો વાંધો નથી. આર્થિક અને રાજકીય સમાનતાના આદર્શો જનતાના જીવનમાં ઉતારવા માટે ઘણા સમાજજીવનને સ્પર્શતા પ્રશ્નો વિષે કાયદાઓ ઘડવા પડશે એમ ગાંધીજી માને છે.

વૈજ્ઞાનિક સમાજવાદીઓ–સોશ્યાલિસ્ટો અને સામ્યવાદીઓ કરતાં પણ ગાંધીજીને શોષણ પ્રત્યે વધુ ઘૃણા છે. ગાંધીજી તો ન માની શકાય એવી જગાએ પણ શોષણની શક્યતા પારખી લે છે. થોડાં રજવાડાંઓ અને શાહુકારો પાસેથી સત્તા અને ધન છીનવી લેવાથી જ એમને નિરાંત નહિ થાય. ગમે તે નામ કે ઓઠા નીચે ફરી પાછી સત્તા અને ધન કોઈ બીજી ટોળકી પાસે જમા થઈ જાય, એવું બનવા જ ન પામે એવું કરવાનો તેમનો આગ્રહ છે. સમગ્ર જનતામાં સત્તા અને ધન વહેંચાઇ જાય તે માટે તેમનો પ્રયત્ન છે. ઉત્પાદન કરવાની રીત અને તેની વ્યવસ્થા (બહુ મહત્ત્વની બાબતો છે) સાથે રાજકીય સત્તાની વહેંચણી અને લોકોના સંસ્કારી જીવનનો બહુ જ સીધો અને ગાઢો સંબંધ છે, એ હકીકત ગાંધીજીના સંપૂર્ણ ખ્યાલમાં જ છે. આપણા આર્થિક તંત્રમાં, તેથી જ ગાંધીજી યંત્રોથી ચાલતાં વિશાળ કારખાનાંઓને ગૌણસ્થાન આપે છે એ આથી સમજાશે. સામાજિક પલટો થાય ત્યારે ચાલુ રચના મૃતઃપ્રાય થાય અને નવી રચનાનો ખરેખર પ્રાદુર્ભાવ થાય એ વચ્ચે સંક્રાન્તિકાળ પણ રહેવાનો જ, એ વિચારથી ગાંધીજી પરિચિત છે. આ વચગાળાના સમય દરમિયાન શ્રમજીવીઓની સરમુખત્યારી રહે એવો રસ્તો સામ્યવાદીઓએ કાઢ્યો છે. ગાંધીજી આ વચગાળાના સમય માટે વાલીપણાના (ટ્રસ્ટીશિપ) સિદ્ધાંતને અમલમાં મૂકવાનું વધુ પસંદ કરે છે.

"હેતુઓ (સંસ્થાના) સિદ્ધ કરવા માટે જે સાધનો ખપમાં લેવામાં આવે તે સત્ય અને અહિંસાના ધોરણ પર જ ઘડાયેલાં હોવાં જોઇશે." ૧૯૨૬ ની સાલમાં આ કલમ મજૂર મહાજનસંઘના બંધારણમાં ઉમેરવામાં આવી હતી. અમદાવાદમાં મજૂરચળવળની શરુઆત થઈ ત્યારથી જ સત્ય અને અહિંસક સાધનોનો જ ઉપયોગ કરવામાં આવશે એવી સ્પષ્ટ સમજૂત મજૂરોને આપવામાં આવી હતી. મજૂરોના પ્રશ્નોનો આ રીતે નિકાલ

કરવા માટે તેને અંગેનું રોજ–બ–રોજનું કામ કરવાની પ્રણાલિકા, મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવાની રીતિનીતિ, મજૂરો સાથે માલિકો કેવી રીતે વર્તે તે વાજબી ગણાય, ફરિયાદોના નિકાલ માટે શાંતિમય માર્ગો યોજાય, અને માલિકો દુરાગ્રહ કરે કે લાગણીવિહીન વર્તન ચલાવે ત્યારે લડત કરી તેમને જીતી લેવા—આ માટે વિગતવાર કાર્યપદ્ધતિ ધીમેધીમે વિકસી છે. પ્રથમ તો મજૂરોની આંતરિક શક્તિનો વિકાસ કરવા તનતોડ પ્રયત્નો કરવા જોઈએ. સંખ્યાબળ જરૂરી છે. પરંતુ કટોકટીની વેળાએ તો વ્યક્તિગત મજૂરના નૈતિક બળ ઉપર જ સફળતાનો આધાર રહે. જે સૈનિકને એક પછી એક સફળતા મેળવવી હોય તે વ્યસન, અજ્ઞાન અને અસહિષ્ણુતાના બોજથી ભારે મરતો હોય એ ન પાલવે. જો તે સારાસાર સમજવાની વિવેકબુદ્ધિ ન રાખે કે સંયમ ન પાળી શકે, તો ગમે ત્યાં અથડાઈ પડવાનો. રોજ કાંઈ ને કાંઈ સેવા તથા આત્મત્યાગનું કાર્ય કરી, મજૂર એવી તાલીમ લે કે જેથી ભારે ભોગ આપવાની કસોટીની વેળા માટે પણ તૈયાર જ હોય. તાલીમથી પેદા થયેલી આવી ઠંડી તાકાત એ સંઘરી રાખે અને વિવેકથી તેનો ઉપયોગ કરે.

અન્યાય થાય ત્યારે મજૂર તે સાંખી ન લે, પરંતુ પોતાના અધિકાર માટે ઝઝૂમતી વેળાએ ખાતરી કરી લીધી હોવી જોઈએ કે એણે પોતાની ફરજ પ્રમાણિકપણે બજાવી છે; કેમકે એથી એનું લડત કરવાનું જોર વધે છે. એના પોતાના વર્તનમાં કશી ક્ષતિ ન હોવી જોઈએ. કેવળ સત્ય ઉપર જ આધાર રાખી તેણે વાજબી હોય તેના કરતાં કાંઈ પણ વિશેષની માગણી ન કરવી. બુદ્ધિપૂર્વક પોતાનો કેસ સામા પક્ષને સમજાવવા અને હકીકતોથી તેનું સમર્થન કરી તેની ખાતરી કરાવવા માટે તેણે સાચા દિલના પ્રયત્નો કરવા જોઈએ. જે મતભેદો પડ્યા હોય તે પંચ પાસે નિર્ણય માટે રજૂ કરવાની તેની હંમેશાં તૈયારી હોવી જોઈએ. કારણ કે એવું પણ બને કે અધૂરા જ્ઞાનને લીધે કે પોતાના હિતને લીધે અમુક સંજોગોમાં સત્યનું જે સ્વરૂપ એને પોતાને દેખાય તે યથાર્થ ન પણ હોય. પંચમાં નિમાયેલા ગૃહસ્થો તથા તેની કાર્યપદ્ધતિ સંપૂર્ણ સંતોષ આપે એવી ન પણ હોય. કોઈક વાર પંચના ચુકાદાથી અસંતોષ થવા જેવું પણ થાય. પરંતુ લડતમાં જે વેઠવું પડે, અને છતાં પરિણામ અનિશ્ચિત રહે, એ બધાંની ગણતરી કરતાં પંચ મારફતે નિકાલ કરાવવાનો માર્ગ વધુ લાભદાયક છે એમ મજૂરોએ અનુભવ્યું છે.

મજૂરચળવળનો હેતુ સ્થિતિમાં ઉત્તરોત્તર પ્રગતિકારક સુધારા કરાવવાનો છે એટલું જ નહિ, પણ નવી સમાજરચનાને મૂર્તસ્વરૂપ આપવાનો છે. તેને બદલે આ રીતે તો ઊલટું અત્યારની ઉત્પાદનની વ્યવસ્થા અને વહેંચણીની પદ્ધતિ છે, એ જ સ્વરૂપમાં કાયમ રહે એવું નહિ બને? ના, એમ થવાનું નથી; કારણ કે પંચમંડળ સામાજિક ન્યાયના જે સિદ્ધાંતો લક્ષમાં રાખે, તેના પર પ્રજામાનસમાં થતા ફેરફારોની અસર પડ્યા વિના રહે નહિ. સામાજિક પ્રશ્નોમાં તાલીમ આપી તેમજ સતત પ્રચાર વડે તેમાં રસ લેતા કરી લોકમતને અનુકૂળ રીતે વાળી શકાય. તેમ છતાં કશી ક્ષતિઓ રહી જાય તો તે રાષ્ટ્રીય

મહાસભા જેવી લોકસામુદાયની સંસ્થાઓના સહકારથી રાજકીય પ્રવૃત્તિઓ મારફતે કાયદાઓ ઘડી મજૂરો દૂર કરી શકશે.

મજૂરો પોતાના ધ્યેયની પ્રાપ્તિ સહેલાઈથી ક્રમિક પ્રગતિ મારફત કરી શકશે, એમ માની લેવાનું નથી. પ્રગતિનો માર્ગ સરળ કે સુગમ થાય એવો પણ સંભવ ઓછો છે. પંચ પાસેથી નિર્ણય મેળવવાનો અધિકાર પણ લડત કરીને મેળવવો પડે છે, અને તે ટકાવી રાખવા પણ વારંવાર લડત આપવી પડે છે કે કાયમ લડવાની તૈયારી રાખવી પડે છે. વધુ ઉદ્દામ ફેરફારો માટે વિશાળ પાયા પર લડત કર્યા વિના ચાલવાનું નથી. સત્યાગ્રહના શસ્ત્રાગારમાંથી ગાંધીજી તો આ માટે જુદાંજુદાં અનેક શસ્ત્રો સૂચવે છે. સત્યાગ્રહ એટલે સત્યનું અમલી સ્વરૂપ. સામાજિક ફેરફારોના ક્ષેત્રમાં હિંસક ઉપાયો અપનાવ્યાથી કદી પણ કાયમી કલ્યાણ ન સાધી શકાય, એ માનવવ્યવહારનું એક સ્વીકૃત સત્ય છે. અહિંસક કાર્યપદ્ધતિ લાંબે ગાળે ઓછો શ્રમ અને શક્તિનો ભોગ માગશે. પરંતુ સત્યાગ્રહ એટલે અ-પ્રતિકાર માત્ર નહિ. સત્યાગ્રહમાં તો લડાયક તત્ત્વ રહેલું છે. સત્ય અને અહિંસાની ભાવનામાંથી શરુ થયેલી અને એ જ રીતે ચલાવેલી હડતાળ એ સત્યાગ્રહનો સર્વોત્તમ પ્રકાર છે. આવા સત્યાગ્રહમાં અને હડતાળ વિષેના આપણા સામાન્ય ખ્યાલમાં એ ફરક છે, કે આમાં આત્મપરીક્ષા અને સંયમ પર ભાર મુકાય, જે ધ્યેય માટે લડત કરી હોય તેના વાજબીપણા વિષે નિરંતર ચિંતા રહે, વ્યક્તિઓ પ્રત્યે વૈરવૃત્તિ કે કડવાશ ન આદરાય અને પરિણામે કોઈ પણ વખતે હિંસક પ્રસંગો ઊભા ન થાય. સને ૧૯૧૮માં શાળખાતાના કારીગરોની હડતાળની જવાબદારી લેતાં પહેલાં ગાંધીજીએ હડતાળ સફળ કરવા માટે નીચેના ચાર મુદ્દાઓ મજૂરો પાસે કબૂલ કરાવ્યા હતાઃ

(૧) કદી તોફાન કરવું નહિ.
(૨) હડતાળ તોડવા જનારને પજવવા નહિ.
(૩) હડતાળ માટે બહારની કોઈ પણ જાતની આર્થિક મદદ પર આધાર રાખવો નહિ.
(૪) હડતાળ ગમે તેટલી લાંબી ચાલે, છતાં મક્કમ રહેવું; અને ગમે તે પ્રામાણિક મહેનત-મજૂરી કરી હડતાળ દરમિયાન રોજી મેળવવી.

ગાંધીજી હંમેશ કહેતા આવ્યા છે, કે જે માગણીનો અસ્વીકાર કરવાને પરિણામે હડતાળ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તે એટલી તો વાજબી, સ્વીકારી શકાય એવી અને સ્પષ્ટ હોવી જોઈએ, કે તેમાં વાટાઘાટને માટે અવકાશ જ ન હોય. જેથી આસપાસના બીજા લોકોને તેનું વાજબીપણું સ્વીકારવામાં જરા પણ મુશ્કેલી ન રહે. અનેક વાર અનુભવથી એ પુરવાર થયું છે કે હડતાળની સફળતા માટે આ જરૂરિયાતો કેટલી વાજબી છે.

મજૂરો એક વખત હડતાળ પર ઊતરે, પછી તો અનિશ્ચિત સમય સુધી કામ વગર રહેવા માટે તૈયાર રહેવું જોઈએ. ભૂખમરાથી કંટાળી જઈ હારીને પાછું ન જવું પડે એ

માટે તેઓએ પ્રથમથી જ સાવચેતી રાખવી જોઇએ. દરેક મજૂરની પાસે આવા કટોકટીને સમયે કામ આવે એવો કીમિયો હોવો જોઇએ—એટલે કે તેને બીજો કોઈ ધંધો આવડતો હોવો જોઇએ કે તે ધંધામાંથી આવા અનિવાર્ય એવા બેકારીના સમયમાં ગુજરાન જેટલું મેળવી શકે. મજૂર કામ ઉપર હોય અને કારખાનામાં કામ કરતો હોય ત્યારે તેને આવા કોઈ ધંધાની તાલીમ આપી દેવી જોઇએ. હડતાળ દરમિયાન કંઈનું કંઈ કામ કરીને મજૂરો પોતાનું ગુજરાન ચલાવે એને લગતો પહેલો અખતરો પૂ. ગાંધીજીએ સને ૧૯૧૮ ના માર્ચ માસમાં મજૂરોની ઐતિહાસિક હડતાળ દરમિયાન કર્યો હતો. આ હડતાળ દરમિયાન તે વખતે નવા સ્થપાયેલા સત્યાગ્રહ-આશ્રમનાં બાંધકામ માટે જોઈતી રેતીના ટોપલાઓ સારીને મજૂરોએ જણદીઠ રોજના થોડાક પૈસા કમાઈને પોતાનું ગુજરાન ચલાવ્યું હતું. ત્યાર પછી તો ઘણી વખત અમદાવાદના મજૂર મહાજનસંઘે હડતાળો દરમિયાન બહુ મોટા પાયા પર આ જાતના અખતરાઓ કર્યા છે. હડતાળ કે બીજી કોઈ પણ પ્રકારની અહિંસક લડતની સફળતા માટે સૌથી પહેલાં તો મજૂરોમાં સંપ જોઇએ અને તેમનું વ્યવસ્થિત સંગઠન જોઇએ. મજૂરોએ તેમના મહાજનનું લવાજમ નિયમિત રીતે આપવું જોઇએ કે જેથી કરીને મહાજન પાસે તેમની બધી પ્રવૃત્તિઓ ચલાવવા માટે પૂરતાં નાણાં હોય.

પૂ. ગાંધીજી એમ માને છે કે, એક દિવસ એવો આવશે કે જ્યારે મજૂરો બહારના માણસોની મદદ વિના પોતાનાં મહાજનો ચલાવતા હશે. અત્યારે મજૂરોએ હજી એટલી પ્રગતિ કરી નથી કે જેથી તેઓને તેમનામાંથી જ નેતાઓ કે મહાજનનું સંચાલન કરી શકે તેવા કાર્યકર્તાઓ મળી શકે, એ હકીકત પૂ. ગાંધીજીની જાણ બહાર નથી. જે મહાસભાવાદીઓ કે બીજા નેતાઓ મજૂરચળવળમાં સામેલ થાય છે, તેમને પૂ. ગાંધીજીની એ જ સલાહ હોય છે, કે તેમણે પોતાને મજૂરોના સેવકો તરીકે જ ગણવા. મજૂરોને ન્યાય મેળવવામાં મદદ કરવી, એ આવા સેવકોની ફરજ છે. મજૂરોની માગણીના ગુણદોષનો વિચાર કર્યા વિના તેમની કેવળ વકીલાત કર્યે જવી એથી પૂ. ગાંધીજી વિરુદ્ધ છે. રાજકીય કે બીજા કોઇ હેતુ માટે મજૂરોનો પ્યાદા તરીકે ઉપયોગ કરવાની નીતિના પૂ. ગાંધીજી કટ્ટર વિરોધી છે. મજૂર જે કોઈ પગલું ભરે, તે તેમાં રહેલાં જોખમો અને હિતો સંબંધી પૂરેપૂરી જાણકારી રાખીને ભરે, એમ પૂ. ગાંધીજી ઇચ્છે છે.

પૂ. ગાંધીજીએ મજૂરકાર્યને લગતો તેમનો પ્રથમ પ્રયોગ સને ૧૯૧૮માં અમદાવાદમાં શરુ કર્યો. એ વખતે અમદાવાદના મિલઉદ્યોગમાં લગભગ ૪૦ હજાર મજૂરો કામ કરતા હતા. અત્યારે આ ઉદ્યોગમાં લગભગ ૧,૨૦,૦૦૦ મજૂરો કામ કરે છે. સને ૧૯૧૮ ની સાલથી અત્યાર સુધીમાં મજૂરોને મૂંઝવતા અનેક પ્રશ્નો ઊભા થયા છે. જ્યારેજ્યારે આવા પ્રશ્નો પૂ. ગાંધીજી સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે ત્યારેત્યારે તેમણે તે પ્રશ્નો અંગે પોતાના વિચારો પ્રદર્શિત કર્યા છે. અમદાવાદના મજૂરવર્ગના જીવનનો મિલની અંદર તેમજ બહાર જે રીતે અને જેટલો વિકાસ થયો છે, તે વસ્તુ અને ઉદ્યોગે સાધેલો મોટા ભાગનો વિકાસ પૂ. ગાંધીજીના વિચારોની જોરદાર અસરની પૂરતી સાબિતી પૂરે છે. પૂ. ગાંધીજીના

આદર્શોને મજૂરોની રહેણીકરણી અને જીવનમાં ઉતારવાની જવાબદારી જે કાર્યકર્તાઓ માથે લે છે, તેમને કેટલીક મુશ્કેલીઓ પણ હોય છે. તેમને એક એવા સમૂહ વચ્ચે કામ કરવાનું હોય છે, જે દિવસેદિવસે વધતો જાય છે; અને જેમાં મોટે ભાગે વ્યક્તિઓ હંમેશાં બદલાતી જતી હોય છે. તેમની સમક્ષ આવતા પ્રશ્નો અંગે તેઓ પૂરતું ધ્યાન આપી શકયા નથી. વળી વારંવાર બદલાતી જતી રાજકીય પરિસ્થિતિને લઈને એકધારું કામ કરવાનું પણ તેમને માટે મુશ્કેલ બને છે. ઉપરનાં કારણોને લઈને અમદાવાદમાં જે કંઈ મજૂરકાર્ય થઈ રહ્યું છે, તે પણ, પૂ. ગાંધીજીના મજૂરચળવળ અંગેના ક્રાંતિકારી વિચારો પ્રમાણે જે કામ થવું જોઈએ તેના પ્રમાણમાં, ઘણું ઓછું છે. અમદાવાદનું કામ સારું દેખાય છે, કેમકે બીજાં કેન્દ્રોમાં મજૂર તદ્દન અવ્યવસ્થિત હાલતમાં છે અને કશું કરી શકતા નથી. ચોમેર અંધકાર ફેલાયેલો છે તેને લઈને જ અમદાવાદનું કામ ઊજળું દેખાય છે.

અમદાવાદ મજૂર મહાજનસંઘના અત્યારે લગભગ ૫૫,૦૦૦ સભ્યો છે. એટલે કે મહાજનમાં જોડાઈ શકે તેવા મજૂરો પૈકી અર્ધા કરતાં વધારે મજૂરો મહાજનના સભાસદ છે. અમદાવાદના મજૂર મહાજનની નીતિ અને દોરવણી નીચે ચાલતાં બીજાં મહાજનોને ગણીએ તો સભાસદોની સંખ્યા ૭૫,૦૦૦ કરતાં વધારે થાય છે. આ ગણતરીમાં એવા સભાસદોનો જ સમાવેશ થાય છે, કે જેઓ દર પગારે નિયમિત રીતે મહાજનનું લવાજમ ભરે છે અને તેથી ઉપરના આંકડાની સરખામણીમાં દેશનાં બીજાં મજૂર મહાજનો પોતાના સભાસદોના જે આંકડા પ્રસિદ્ધ કરે છે તેની સાથે થઈ શકે નહિ. સંઘની વાર્ષિક લવાજમની આવક લગભગ રૂા. ૨,૭૫,૦૦૦ છે, જે પૈકી અમદાવાદ મજૂર મહાજનસંઘની વાર્ષિક આવક રૂા. ૨,૩૦,૦૦૦ છે. મુંબઈ ઇલાકાનાં આ સિવાયનાં બીજાં રજિસ્ટર્ડ થયેલાં ૭૨ મહાજનોની સને ૧૯૪૦-૪૧ ની કુલ વાર્ષિક આવક રૂા. ૨,૫૦,૦૦૦ જ હતી, એ હકીકત ધ્યાનમાં લઈએ ત્યારે મજૂર મહાજનનું સ્થાન સહેજે ખ્યાલમાં આવી શકે છે. વળી આ સંસ્થા મજૂરોની રોજ-બ-રોજની તકલીફો અંગે કેટલું કામ કરે છે અને તેમાં કેટલી સફળતા મેળવે છે, એ હકીકત મહાજનમાં નોંધાતી ફરિયાદો અને તેના નિકાલના આંકડા ઉપરથી સહેજે સમજી શકાય એમ છે. ૧૯૪૦-૪૧ દરમિયાન મહાજનને દફતરે મજૂરોએ ૬૫૦૦ ફરિયાદો નોંધાવી હતી, તેમાંથી ૭૫ ટકા ફરિયાદોનો સંપૂર્ણ અંશે કે ઓછેવત્તે અંશે સફળ નિકાલ આવ્યો હતો. આ ઉપરાંત મજૂર-કાયદાઓ અને તેમાં યે ખાસ કરીને સુવાવડની મદદ અંગેના કાયદા અને અકસ્માતના કાયદાનો પૂરેપૂરો લાભ કારીગરોને મળે તે તે માટે પૂરતી વ્યવસ્થા રાખવામાં આવી છે. માલિકો સાથેની વાટાઘાટો સમૂહગત કરારોના ધોરણે થાય છે. બધા માલિકોએ અને તેમના મંડળે મજૂર મહાજનસંઘને મજૂરોનો અવાજ રજૂ કરનાર સંસ્થા તરીકે સ્વીકારી છે. એ ઉપરાંત મુંબઈ પ્રાંતના ઔદ્યોગિક ઝઘડાના કાયદા મુજબ એ સંસ્થા પ્રતિનિધિત્વ ધરાવતા મહાજનનો દરજ્જો ભોગવે છે. મજૂરો અને તેમણે ચૂંટેલા પ્રતિનિધિઓ મિલોમાં અધિકારીઓને છૂટથી અને નિર્ભયપણે મળે છે.

મજૂર મહાજનસંઘના બંધારણ મુજબ પંચનો સ્વીકાર ન થાય તો હડતાળનું હથિયાર વાપરવાની જોગવાઈ છે. આ હથિયારનો ઉપયોગ ઘણી વખત કરવો પડ્યો છે, અને મોટા ભાગના પ્રસંગોમાં તેમાં સફળતા મળી છે. દરેક વેળા લડત દરમિયાન સંપૂર્ણ શાંતિ જળવાઈ હતી.

અમદાવાદની મિલોની કામગીરીની સ્થિતિમાં હજી ઘણા સુધારા માટે અવકાશ છે, અને મજૂરોના પગારનું ધોરણ પણ હજી જીવનનિર્વાહ માટે જરૂરી ગણાય તે કરતાં નીચે છે; તેમ છતાં બીજાં મથકોની સરખામણીમાં અમદાવાદમાં જે સુધારા થયા છે તે નોંધપાત્ર છે. અમદાવાદના ઉદ્યોગમાં પગારનું જે ધોરણ અમલમાં છે તે દેશના બીજા કોઈ પણ ઔદ્યોગિક મથકમાં તે પ્રકારના કામ માટે મળતા પગાર કરતાં ઊંચું છે. મુંબઈના મજૂરો પગારની બાબતમાં એક વેળા ૨૦ ટકા જેટલી સરસાઈ ભોગવતા હતા, પણ અત્યારે અમદાવાદના મજૂરોનો પગાર મુંબઈ કરતાં ૧૦ ટકા વધુ છે. અમદાવાદના મજૂરોએ જે મોંઘવારી ભથ્થું મેળવ્યું, તે, દેશમાં કોઈ પણ મજૂરને મળ્યું તે કરતાં વધુ છે. જીવનનિર્વાહના ખર્ચની વધઘટ પ્રમાણે તે આપોઆપ નક્કી થાય છે અને વધુમાં વધુ ૧૯૪૩ના ડિસેમ્બર માસમાં ૭૭ રૂપિયા જેટલું માસિક મોંઘવારી ભથ્થું મજૂરોને મળ્યું હતું. ઉદ્યોગના મોટા ભાગના ધંધાઓ માટે પગારના દરો મુકરર કરવામાં આવ્યા છે.

મિલ બહારના મજૂરના જીવનના વિધવિધ અંગો સંબંધમાં પણ મજૂર મહાજન સંઘ રસ લે છે. મકાનમાલિક, વેપારી, મ્યુનિસિપાલિટી કે સરકારી તંત્ર અંગેના પોતાના વ્યવહારો સંબંધી મજૂરસંઘની સલાહ અને મદદ મળવાની મજૂરને ખાતરી હોય છે. મજૂરોના સામાજિક ઉદ્ધારની પ્રવૃત્તિઓ સંઘની પ્રવૃત્તિઓમાં અગત્યનો ભાગ ભજવે છે. મજૂર મહાજનસંઘના સમાજસુધારા વિભાગ તરફથી નિશાળો, છાત્રાલયો, બાલગૃહ, અક્ષરજ્ઞાનના વર્ગો, પુસ્તકાલયો, આનંદપ્રમોદ માટેનાં કેન્દ્રો, એક ઈસ્પિતાલ અને સેવિંગ બૅન્ક ચલાવવામાં આવે છે. પોતાના સભ્યો માટે સંઘ 'મજૂર સંદેશ' નામનું પત્ર પ્રસિદ્ધ કરે છે, અને તેની ૨૭૦૦૦ જેટલી નકલો કાઢવામાં આવે છે. સંઘનું પોતાનું મુદ્રણાલય અને ખાદીહાટ પણ છે. સને ૧૯૪૩-૪૪ના વર્ષમાં મજૂર મહાજનસંઘે સમાજસુધારાની પ્રવૃત્તિઓ અંગે રૂા. ૮૯,૦૦૦ ખર્ચ્યા હતા. છેલ્લાં ૨૫ વર્ષમાં આ પ્રવૃત્તિ પાછળ લગભગ ૧૪ લાખ જેટલા રૂપિયા ખર્ચાયા છે.

મુંબઈ ધારાસભામાં મજૂર મહાજનસંઘને બે બેઠકો મળી છે. અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં મજૂરવર્ગના ૧૮ સભાસદો છે અને તેઓ મ્યુનિસિપલ મહાસભા પક્ષમાં જોડાયેલા છે. અમદાવાદના મજૂરોએ દુઃખીઓની રાહત માટેની અપીલનો હંમેશાં સુંદર જવાબ વાળ્યો છે. બધાં ફંડમાં અત્યાર સુધીનો તેમનો ફાળો રૂા. ૩ લાખ ઉપરાંત થયો છે, જેમાં બંગાળ દુષ્કાળનિવારણ ફંડમાં આપેલા રૂ. ૭૩,૦૦૦નો સમાવેશ થાય છે. પૂ. કસ્તૂરબા સ્મારક ફંડમાં તેમણે રૂપિયા એક લાખ ઉપરાંતની રકમ એકઠી કરી છે. અમદાવાદના મજૂરોએ મહાસભાએ ઉપાડેલી દરેક લડતમાં સક્રિય ભાગ લીધો છે

અને ઘણા મજૂરોએ જેલ અને વિટંબણાઓ પણ વેઠી છે. સને ૧૯૪૨ ના ઑગસ્ટની ૯ મી તારીખે મહાત્માજી અને કારોબારી કમિટીના બીજા સભાસદોની ગિરફતારી અને અટકાયત સામેના વિરોધ તરીકે અમદાવાદના કાપડસૂતરના ઉદ્યોગમાં કામ કરતા સમસ્ત મજૂરોએ સમાચાર મળતાં થોડા કલાકમાં જ આપોઆપ સ્વેચ્છાએ કામ છોડી દીધું હતું, અને કોઈની પાસેથી કશી આર્થિક કે અન્ય પ્રકારની મદદ લીધા વિના ૧૦૫ દિવસ સુધી હડતાળ ચાલુ રાખી હતી.

પૂ. મહાત્મા ગાંધીજી જેના એક સભ્ય છે તે મહાજનની સલાહકારક સમિતિ, મહાજનના અન્ય હોદ્દેદારો અને કાર્યકર્તાઓની આ વિવિધ પ્રવૃત્તિઓના સંચાલનમાં અમદાવાદના મજૂરવર્ગને હમેશાં મદદ મળી છે. જોકે આ બધા કંઈ કારીગરો નથી. સંઘનું કામકાજ સંપૂર્ણ લોકશાહી તંત્રની રીતે, મજૂરોમાંથી તેમણે પોતે ચૂંટેલા પ્રતિનિધિઓનાં મંડળો અને કમિટીઓ મારફત ચાલે છે.

પૂ. મહાત્માજીએ 'રચનાત્મક કાર્યક્રમ—એનો અર્થ અને કાર્યપ્રદેશ' નામની પુસ્તિકામાં મજૂરપ્રશ્ન અંગે ચર્ચા કરતાં આપેલ લખાણ, ઉપરની હકીકતો વધુ સ્પષ્ટ રીતે સમજવામાં સહાયભૂત થશે.

"જો મારું ચાલે તો હું હિંદની બધી મજૂર સંસ્થાઓ અમદાવાદના ધોરણ પ્રમાણે ચલાવું. એ સંસ્થાએ કદી ટ્રેડ યુનિયન કૉંગ્રેસ સાથે અથડામણ કરવા પ્રયત્ન કર્યો નથી અને તેનાથી અલિપ્ત રહી છે. મને આશા છે કે એવો સમય આવશે, જ્યારે ટ્રેડ યુનિયન કૉંગ્રેસ માટે અમદાવાદની કાર્યપદ્ધતિ સ્વીકારવાનું શક્ય થાય અને અમદાવાદની સંસ્થા પણ અખિલ હિંદ મજૂર મહાસભામાં સામેલ હોય—પણ મને તેની કશી ઉતાવળ નથી. યથાકાળે એ થવાનું જ."



સેવાગ્રામે ગાંધીજી

લેખક: મહાદેવ દેસાઈ

વાઈસરૉય સાથેની ગાંધીજીની છેલ્લી મુલાકાત સાથે સંકળાયેલા એક પ્રસંગથી આ લેખની શરુઆત કરતાં હું કશું રહસ્યોદ્ઘાટન કરી દેતો હોઉં તેમ નથી. જ્યારે વાઇસરૉય અને ગાંધીજી બંનેને લાગ્યું કે તાત્કાલિક તો બંને વચ્ચે કશી સામાન્ય ભૂમિકા રચાય તેમ નથી, ત્યારે, એકબીજાને ફરી મળવા બદલ વાઇસરૉયને સંદેહ રહેતો હતો. પરંતુ જો કશી પુનર્વિચારણા થવાની જ ન હોય, તો દરેકે અન્યોન્યનો સમય બગાડવાનો શો અર્થ? પરંતુ 'વાટાઘાટો'ના આવા ઓચિંતા અંતથી જનતાને ચોટ ન પહોંચે?

જૂઠી આશાઓમાં રાચ્યા દેવા કરતાં તો પ્રજાને નગ્ન વાસ્તવિકતાથી વાકેફ કરી દેવી એ વધુ વીરત્વભર્યો માર્ગ હોવાનું પોતે સ્વીકારતા હોવાનું વાઇસરૉયે જણાવેલું. "તો પછી તમે ક્યારે સેગાંવ ઊપડો છો?" નામદાર વાઇસરૉયે સાશ્ચર્ય પ્રશ્ન કરેલો.

"બની શકે તો આજે સાંજે જ. અલબત્ત, મારી જરૂર જણાય ત્યાં સુધી હું આપની ઇચ્છાને અધીન જ છું. ૧૩ મી સુધી હું સહેલાઇથી રોકાઈ શકું." ગાંધીજીએ કહ્યું, "પરંતુ જો જરૂર ન હોય, તો હું તાબડતોબ પાછો સેગાંવ ઊપડી જવા માગું છું. મારું દિલ ત્યાં છે. કેટલાયે દર્દીઓને હું ત્યાં મૂકતો આવ્યો છું. તેઓ મારા સૌથી મૂલ્યવાન સહકારીઓમાંના છે અને એમના સાન્નિધ્યમાં મને સૌથી વધુ સુખ ઊપજે છે."

ગાંધીજીના નિકટના પરિચયમાં ન આવેલાઓ સહેજે કહી ઊઠે: "આ તે કેવું વિચિત્ર? દુનિયાના કોઈ પણ જાહેરપુરુષે આ રીતે કહ્યાનું જાણમાં નથી."

તદ્દન સાચું. પરંતુ એ જ એમનું સામર્થ્ય તેમજ એમની નબળાઈ છે. માનસિક કે શારીરિક કષ્ટ ભોગવી રહેલાઓની સુશ્રૂષા એ તો એમનો જીવનભરનો છંદ રહ્યો છે. અંગચ્છેદન પ્રત્યે એમનો મૂળથી જ વિરોધ ન હોત તો એ કદાચ ચિકિત્સાશાસ્ત્રી કે શલ્યશાસ્ત્રી જ હોત.

પરંતુ જોકે કાયદાને એમણે પોતાના વ્યવસાય તરીકે સ્વીકાર્યો અને પછી જાહેરજીવને એમનો મોટાભાગનો સમય રોકી લીધો, છતાં એમનો એ છંદ તો કાયમ રહ્યો છે. અને એક સમયે જે માત્ર શોખ હતો, તે એક પ્રકારની આધ્યાત્મિક જરૂરિયાતપર્યંત વિકસ્યો છે.

ગુજરાતીમાં તાજેતરમાં લખાયેલા એમના સૌથી અંગત લેખોમાંના એકમાં એમણે લખેલું: "મને સેવાગ્રામની એકાંતની જરૂર હતી. મારો એ અનુભવ છે કે મારી નૈસર્ગિક ઉપસ્થિતિ—હું રહું છું એ વાતાવરણ—માંથી જ હું મારી પ્રેરણા મેળવી શકું. સત્યાગ્રહની શોધથી માંડીને હું આશ્રમો કહેવાય એવાં સ્થાનોમાં જ મારો નિવાસ રાખતો આવ્યો છું અને મારી સાધના પાછળ પળતો આવ્યો છું. પરંતુ સેવાગ્રામને 'આશ્રમ'નું નામ



III PM
IV PM
V PM
VI PM
VII PM



આપતાં હું અચકાતો રહ્યો છું. મૂળે તો મારો વિચાર ત્યાં એકાંતમાં રહીને કામ કરવાનો હતો.

"પરંતુ એમ છતાં કશાં ધારાધોરણો વિના ય એ સ્થાન એક આશ્રમરૂપે વિકસ્યું છે. એ વૃદ્ધિ પામતું જ જાય છે અને નવી કુટીરો ઊભી થતી જાય છે. આજે એ એક ઇસ્પિતાલ બની ચૂકેલ છે. મેં મશ્કરીમાં એને 'અપંગાશ્રમ' કહેલું છે. હું શારીરિક તેમજ માનસિક દૃષ્ટિએ સુધ્ધાં અપંગ હોઇને મારી આસપાસ મેં અપંગોની ઠઠ જમાવી છે.

"મને એ ગાંડાઓનું આશ્રયસ્થાન સુધ્ધાં લાગ્યું છે—મુદ્દલ અયોગ્ય સરખામણી નથી. ચરખા દ્વારા સ્વરાજ એ નિઃશંક માત્ર ગાંડાનું જ પ્રતિપાદન હોઈ શકે. પરંતુ સદ્‌ભાગ્યે ગાંડાઓ પોતાના ગાંડપણથી અજાણ હોય છે, અને એને લઇને હું મને પોતાને શાણો માની બેઠો છું."

તો પછી, એમને એમની પ્રેરણા આપનાર આ પીડાગ્રસ્તો, અપંગો અને કહેવાતા ગાંડાઓ જ છે. વડા મથકેથી અમે દૂર હોઇએ ત્યારે, દિવસની ટપાલને અગ્રસ્થાને એવાઓના જ કાગળો રહેવા જોઇએ. એમના એકચિત્ત કાર્યમાં, એમની અત્યંત અગત્યની વાતચીત કે મુલાકાતમાં એ દર્દીઓનાં ભોજન, સ્નાન કે સારવાર માટે એમની સલાહ પૂછવા આવતો કોઈ પણ વિક્ષેપ પાડી શકે.

આ બાબતમાં એમની નબળાઈ સૌ કોઈ જાણે છે એ ઓછું કુતૂહલપ્રેરક નથી. અને એને લઈને કારોબારી સમિતિ વર્ધાની બહાર તો એકાદ-બે વિરલ અપવાદો પૂરતી જ મળેલી છે. એની ઔપચારિક બેઠકો વર્ધામાં મળેલી છે, જ્યારે અનૌપચારિક અને વધુ મહત્ત્વની બેઠકો તો ગાંધીજી રહે છે એ નાની કુટીરમાં—ત્રસાહતના સૌથી નાના છતાં સૌથી સુઘડ સ્થાને જ મળેલી છે.

લૉર્ડ લોધીઅન અને સર સ્ટેફર્ડ ક્રિપ્સ જેવા માણસોએ ત્યાં જ એમની સાથે વાતચીત કરેલી. કશું ઉપસ્કર ત્યાં નથી. પરંતુ સેવાગ્રામે ભોંય પર ખજૂરીની સાદડીઓ પથરાવી છે અને જેને પલાંઠીવાળીને બેસતાં ન ફાવે તેને માટે કોઈ વાર સ્ટૂલની જોગવાઈ કરી આપવામાં આવે છે.

જોકે કશા ઉપસ્કરની ગેરહાજરીને લઈને જગ્યાનો એઈલે તેટલો અવકાશ રહે છે. છતાં કોઈ વાર ૧૦ થી ૧૫ માણસોનાં પ્રતિનિધિમંડળો તેમની મુલાકાત લેવા માગે, ત્યારે ક્યારેક અમને વસમું થઈ પડે છે. મીરાંબેન કે જેમને માટે એ કુટીર મૂળ બનાવવામાં આવેલી, પરંતુ જેમની જિપ્સી પ્રકૃતિ કશા લાંબા સમયપર્યંત એક કુટીરમાં તેમને રહેવા નથી આપતી, એમણે માટીની ભાતમાં ઉતારેલાં તાડનાં વૃક્ષોથી તેની ભીંતો શણગારેલી છે.

ગાંધીજીએ માત્ર ઇચ્છા કરી હોત તો એમને માટે એકાદ મહાલય કે પાઈન-આચ્છાદિત ટેકરીઓ વચ્ચેનું ગ્રીષ્મોદ્યાન મળી રહેત. પરંતુ એમને તો અપેક્ષા છે માત્ર માટીના સાદા ઝૂંપડાની અને અન્યોનાં દુઃખનિવારણ પૂરતી નિરાંતની. હિંદનો વૈભવ એમને સહજ ઘેરી વળી શકત, ઠાઠમાઠથી આંજી નાખી શકત, પરંતુ એમણે તો પ્રિય

ગણ્યાં છે રેંટિયો તથા બાળકો. સરળ જીવન એ ગાંધીજીનો જાતપસંદગીનો માર્ગ છે. એમણે સેવાગ્રામમાં પહેલાં તો એકાંતવાસ શોધેલો, પરંતુ એમની કુટીરની આસપાસ પૂરઝડપે આશ્રમ ઊગી નીકળ્યું. કારણ, લગભગ દરેક જાતિના માણસોને પરીચિત અને કાંક્ષિત એવા એ પોતાને શી રીતે અલગ રાખી શકે?

કારેલ ચાપેક કહે છે કે, "લોકોના બે વર્ગ છે. એક વર્ગને આચરકોચર જે કંઈ આવ્યું તે સંઘરવાનું ગમે છે, અને તે એટલે સુધી કે એનું રહેઠાણ એથી લદાઈ જાય છે; જ્યારે બીજો વર્ગ શકય એટલી ઓછામાં ઓછી વસ્તુઓથી ચલાવશે." ગાંધીજીએ શકય એટલી ઓછામાં ઓછી જરૂરિયાત અને તેમ છતાં બધા પ્રકારના આચરકોચરના સંચય વડે આ બંને પ્રકારોનો સમન્વય સાધ્યો છે.

આવશ્યકને પકડી રાખી અનાવશ્યકને જતું કરતી એમની સ્મૃતિની માફક જ, કુટીરમાં થયેલા આ આચરકોચરના સંઘરાને પણ તેની પોતાની ઉપયોગિતા રહેલી છે. અને જે પળે એમને એકાદ ચૂંકની કે ટાંકણીની અથવા તો રદ્દી કાગળમાંથી હાથે બનાવેલા એકાદ પૂંઠા કે પરબીડિયાની જરૂર પડે, ત્યારે તેમનો હાથ અચૂક તે માટેના યોગ્ય સ્થાને જ પડવાનો.

પરંતુ માટીની કુટીર પર આવીએ તો, મુલાકાતીઓની ચાહે તેટલી સંખ્યા હોય અને ચાહે તે સમય હોય, પણ એ નાનીશી કુટીર સવારથી માંડીને રાત સુધીની ગાંધીજીની જુદીજુદી પ્રવૃત્તિઓનું જ દૃશ્ય બની રહે છે. દરરોજ ૧૧ વાગ્યે તે ભોજનખંડમાં ફેરવાઈ જાય છે; કારણ કે દર્દીઓની સામાન્ય સારવારનો હવાલો ડૉ. સુશીલા નાયરનો હોવા છતાં એમના આહારને લગતી અંતિમ સૂચનાઓ તો ગાંધીજીની જ રહેવાની.

એ રીતે દર્દીઓને—જેમાં કારોબારી સમિતિના સભ્ય શ્રી. જયરામદાસ દોલતરામ જેવી અસામાન્ય વ્યક્તિઓ પણ રહેલી—ગાંધીજી કે જે દરેક નાનામાં નાની વિગતમાં ઊતરે છે, તેમની સામે જ ભોજન પીરસવામાં આવે છે.

આ પછીના એક કલાકમાં દિવસની ટપાલ તથા છાપાં વડે કુટીર એક કાર્યાલયમાં ફેરવાઈ જાય છે, અને એમાંના મુખ્ય મુદ્દા સાંભળ્યા પછી કે ટપાલ પર નજર નાખી ગયા પછી, એ એમનું આરામગૃહ બની જાય છે. અને એમના અનેક સહાયકો પણ એ જ હેતુએ એ સમયનો ઉપયોગ કરે છે.

ત્યારબાદ લેખનકાર્ય અથવા તો મુલાકાતો આપવાનું શરૂ થાય છે. ક્યારેક તો પેડુ પર માટીનો લેપ લગાવી એ વાંસાભર પડયા હોય અને તે ચાલુ રહે છે. કોઈ દાક્તરો દ્વારા નહિ પણ પોતાની મેળે જ પ્રયોજેલું, લોહીના દબાણ માટેની એમની ચાલુ સારવારનું આ અંગ છે.

ગરમીની મોસમમાં માથે માટીનો પાટો એ એક વધારાનો ઉપક્રમ છે, અને આશ્ચર્યચકિત મુલાકાતીઓને ઘણી વાર માતા ધરિત્રીના ગુણોનું વર્ણન કરીને આહ્લાદ પમાડે છે. "એટલા માટે જ હું તે પર પદસંચાર કરવાને બદલે હું તેને મારા મસ્તકે તથા કટિસ્થાને રાખું છું."

ત્યારપછી આવે, લગભગ હમેશાં મુલાકાતો આપવા સાથે જ સંકળાયેલું કાંતણકામ. પરંતુ ક્યારેક તો રેંટિયાના કોઈ છેલ્લા નમૂનાની વિગતોમાં તલ્લીન થતા તથા તેના યોજકને સૂચનો કરતા પણ તે મળી આવે.

કદાચ બહુ જ ઓછા લોકો જાણતા હશે કે મૂળે વીમાવાળા નામે સૂરતના એક મિત્રે યોજેલા પૉર્ટેબલ રેંટિયાને ગાંધીજીએ જ યરોડા જેલમાં અનેક પ્રયોગો દ્વારા સંપૂર્ણતાએ પહોંચાડયો. એટલા માટે, એક ઉપવાસ દ્વારા એ જ જેલમાં મહોર મારવામાં આવેલી. સંધિને જેમ યરોડાસંધિ તરીકે ઓળખવામાં આવે છે, એ રીતે આ સંપૂર્ણ થયેલા રેંટિયાને પણ યરોડાચક્રનું નામ આપવામાં આવ્યું છે.

પરંતુ હું આડો ફંટાઈ ગયો. પાંચ વાગ્યે દિવસના છેલ્લા ભોજન માટેનો ઘંટ થાય છે અને દર્દીઓ, ફરી પાછી ભોજનખંડમાં ફેરવાઈ ગયેલી કુટીરમાં એકઠા થાય છે. હમના પોતાના અવિયોજ્ય સહચારીને લઈને સદાના દર્દી બાબુ રાજેન્દ્રપ્રસાદ ચાલુ કામકાજને લગતા રુક્ષ સવાલો સાથે ઘણી વાર આવી લાગે છે અને દર્દીઓ સાથે ભોજન લેવા રોકાય છે.

ભોજન પતી જતાં ઘણાખરા પોતાની સાયંચર્યા માટે કુટીર છોડી જાય છે. અને સાયંપ્રાર્થના પછી, નાનીસરખી પરસાળ સહિત કુટીર શયનખંડમાં ફેરવાઈ જાય છે.

સાંજ અને સવારની લટાર એ ગાંધીજીનો પ્રાર્થના જેવો જ નિયમિત નિત્યક્રમ છે. આ લટારો દરમિયાન પુષ્કળ કામ પતી જાય છે—રસોડાની, પાકની કે ગૌશાળામાં નવા જન્મેલા વેતરની વિગતો તે તે કામનો હવાલો ધરાવનાર સાથે ચર્ચવામાં આવે છે. વર્ધામાંના ચર્માલય કે ગ્રામોદ્યોગ સંઘના ઘણાખરા કાર્યકર્તાઓ પોતાને માટે ગાંધીજીનો જુદો સમય નથી માગી લેતા, પણ તેમની સાથે ફરવા નીકળી પડીને પોતાનું કામ પતાવી લે છે.

આ લટારો દરમિયાન ઘણી યે વાર ગંભીર પ્રકારની મુલાકાતો પણ ઉપસ્થિત થાય છે; પરંતુ જ્યારે એવો કોઈ મુલાકાતી નથી હોતો, ત્યારે ગાંધીજી પોતાની સાથેનાં બાળકો સાથે વાર્તાલાપ તથા ગેલ કરીને પોતાનો દિવસનો શ્રમ હળવો કરે છે. આ નાનાં બટુકો ક્યારેક તો ગાંધીજીને દિવસભરમાં સૌથી પ્રફુલ્લ પળો પૂરી પાડે છે.

"બાપુજી તમે દિલ્હી ઊપડો છો?" નાનું બાળક પૂછે છે.

"હા."

"કેમ?"

"વાઈસિરોયને મળવા."

"પણ તમે હમેશાં વાઈસિરોયને મળવા જાઓ છો; વાઈસિરોય કેમ તમને મળવા નથી આવતો?"

અને દરેક પેટ પકડીને હસે છે.

બીજું ૧૬ જ મહિનાનું એક બાળક વારંવાર એમની લાકડી ખેંચતું રહીને ઉપરાઉપરી 'બાબુજી' (બાપુજી) કહ્યા કરતું હોવા છતાં ગાંધીજી (જે મૌન હોય છે) તરફથી કશો ઉત્તર નથી પામતું ત્યારે હસી પડે છે ને સૌને હસાવી દે છે.

પરંતુ મારે કહેવું જોઈએ કે સતત વધયે જતા કામ સાથે આવી પળો બહુ ઓછી થઈ ગઈ છે. રાતે કે દિવસે બધોય વખત મુલાકાતો શોધતા છાપાંવાળાઓ લૉર્ડ ઝેટ્લૅન્ડના છેલ્લામાં છેલ્લા નિવેદન કે લૉર્ડ લિનલિથગોની છેલ્લામાં છેલ્લી જાહેરાત સાથે નાગપુરથી ધસતા આવીને ગાંધીજી પરનો તેનો પ્રત્યાઘાત પૂછે છે. ફરવા જતાં એ તેમને વાંચી સંભળાવવામાં આવે છે, અને પાછા વળીને એમનું નિવેદન લખાવવામાં આવે છે, અથવા તો દિવસની ગમે તે પળે લખી કાઢવામાં આવે છે.

કુતૂહલ દાખલ હું અત્રે જણાવી દઉં કે હિંદની પરિસ્થિતિ પર લૉર્ડ ઝેટલૅન્ડની છેલ્લી મુલાકાત પરનું નિવેદન ગાંધીજી જ્યારે માલીશ અને હજામત કરી રહ્યા હતા ત્યારે લખવામાં આવેલું. એમના સામાન્યતઃ પણ દુર્વાચ્ય રહેતા અક્ષરો આ ત્રિવિધ ક્રિયામાં માત્ર બિચારા ટાઈપિસ્ટોને જ નહિ પણ ક્વચિત ખુદ ગાંધીજીને પણ નિરાશારૂપ બની જાય છે.

કોઈને આશ્ચર્ય થાય કે આવી પરિસ્થિતિમાં કશું કાર્ય થઈ શકે ખરું? એ માત્ર શક્ય નથી, પણ થતું જ રહે છે. એ શક્ય બનાવનાર ગાંધીજીની એકલક્ષિતાની અદ્ભુત શક્તિ અથવા તો એમનું મનઃસ્થૈર્ય છે. પોતાના દર્દીઓ જેટલો જ પોતાની ગાયોમાં અને આશ્રમના કોઈ કચવાયેલા અંતેવાસીની છેલ્લામાં છેલ્લી ફરિયાદ જેટલો જ સીમલા કે લંડનની છેલ્લામાં છેલ્લી જાહેરાતમાં રસ ધરાવતો આદમી એમાંના કશાને ન્યાય આપી શકે ખરો?

પરંતુ ચાહે તેવો દોષદર્શી ટીકાકાર પણ બહાલ રાખશે કે ગાંધીજી એ સૌને અને એથી યે અધિક બાબતોને ન્યાય આપે છે—પછી તે ગંભીર હોય કે હળવી, જરૂરી હોય કે બિનજરૂરી. કારણ, એમણે પોતે પતાવવાની કોઈ પણ બાબત એમને માટે ક્ષુલ્લક નથી હોતી.

દરેક વસ્તુ પછી તે ઉચ્ચોચ્ચ દ્વારા આવતી હોય કે નિમ્નાતિનિમ્ન દ્વારા, પ્રજ્ઞ પાસેથી આવતી હોય કે તદ્દન અજ્ઞ પાસેથી, પરંતુ અન્ય કક્ષાથી પણ વિશેષ તો પોતાને સત્યના ઉદ્ગાતા તરીકે ઓળખાવનાર એમને દરેક વસ્તુમાં તન્નિહિત એ જ પવિત્રતા જણાય છે. અશુભ વસ્તુઓ સુધ્ધાંમાં પણ ઈશ્વર પ્રચ્છન્ન હોય છે, એ જ રીતે અસત્યમાં પણ ઘણી વાર સત્ય પ્રચ્છન્ન રહ્યું હોય છે.

એ જે કંઈ હાથ પર ધરે છે કે પતાવે છે, એ સર્વને જિંદગીની આ જ ફિલસૂફી હેતુ અને વાસ્તવિકતા અર્પે છે, અને ઈશ્વરમાંની એમની અનંત શ્રદ્ધા જ એમને જોબ જેટલું ધૈર્ય તથા સારી જેવી અચૂક રમૂજ પૂરાં પાડે છે. પંડિત મોતીલાલ નેહરુ કે દાસ જેવા નેતાઓ નહોતા સહી શકતા અને જવાહરલાલ કે સરદાર નથી સહી શકતા ત્યારે તેઓ મૂર્ખોને પણ શી રીતે ખુશીથી સહી લે છે તેનું કારણ આ છે.

સ્વાતંત્ર્યદિને અમારામાંનો એક તેમની કને પહોંચ્યો અને પ્રતિજ્ઞામાં રહેલા સંખ્યાબંધ અર્થાંતરો તેમની સમક્ષ રજૂ કર્યા. “તમે મને શું કરવાની સલાહ આપો? અને આટલી બધી અનેકાર્થક્ષમ પ્રતિજ્ઞા તમારે શા માટે ઘડવી પડે?”

"તમે નથી જાણતા." ગાંધીજીએ સસ્મિત ઉત્તર આપ્યો, "વેદો પણ તેમાંથી અગણિત અર્થો તારવી શકાય તેવા રહ્યા છે. આપણી પ્રતિજ્ઞા વેદસદૃશ છે. તમારામાં જો તેનો અર્થ કરવાને બુદ્ધિ તથા હિંમત હોય તો પ્રતિજ્ઞા લો, ન હોય તો નહિ."

'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'માં તેઓ અચૂક વાંચે છે તેમાંની એક, તથા ઘણી વાર તો જે એક જ માત્ર વાંચવાની ફુરસદ મળે છે તે, તેની અગ્રલેખ ઉપરની એ દિવસની વિચારકણિકા. અહિંસાના અંગરૂપ કહી શકાય અને પોતે સંપ્રજ્ઞપણે આજીવન આચરતા રહ્યા છે તેવી એક કણિકા કેટલાય સમય પર તેમાં આવેલી, અને હાલ તે તેમની બેઠક સામેની એક ભીંતને શોભાવી રહેલ છે.

"તમે સાચા હો ત્યારે તમારો મિજાજ તમે કાબૂમાં રાખી શકો તેમ છો, અને જ્યારે ખોટા હો ત્યારે તમારાથી તે ગુમાવી ન શકાય." વિચારકણિકાનો આ પાઠ છે.

હેતુલક્ષી નજરે તેઓ એ મુદ્રાલેખ સહેજ ફેરફાર સાથે વાંચે કે: "તમારો વિરોધી ખોટો હોય ત્યારે તમારો મિજાજ તમે ઠેકાણે રાખી શકો તેમ છો; અને જ્યારે તે સાચો હોય ત્યારે તમારાથી એ ગુમાવી ન શકાય."

આ કારણે જ કોઇ ઉચ્ચ પદાધિકારીના ઉદ્વેગકારક નિવેદન કે કોઇ જાહેર પુરુષનું રંગબેરંગી ભાષણ એમને ઉત્તેજના કે અસ્વસ્થ બનાવવામાં નિષ્ફળ નીવડે છે. તુલસીકૃત રામાયણ એ એમનો શાશ્વત પ્રેરણાસ્રોત છે અને એમની પ્રાર્થનાઓમાં ભગવદ્ગીતા જેટલું જ એનું સ્થાન છે.

અનેક વાર એમને હોઠે રમતા રહેતા આ પાઠને સહેજે એમનો મુદ્રાલેખ કહી શકાય, તેનો મુક્ત અનુવાદ આ છે:

"પ્રભુએ સજીવ કે નિર્જીવ—સઘળી વસ્તુઓ તેમના સારા અને નરસા બંને અંશો સાથે સરજી છે. સજ્જનો હંસની પેઠે એમાંથી શુદ્ધ ક્ષીર તારવી લઇને અશુદ્ધ નીરને પડતું મૂકે છે."

શેકસપીઅરે પણ ગાયું છે કે, "મનુષ્ય નિરીક્ષણ કરતો રહે તો અશુભ વસ્તુઓમાં પણ રહેલો શુભ આત્મા તે તારવી શકે," પરંતુ તુલસીદાસે જે કહ્યું છે તેની રમ્યતા તો એની પોતાની જ છે.

આ સંબંધે હું થોડાક વધુ પ્રસંગો ઉતારવાની છૂટ લઇશ.

સરદાર વલ્લભભાઇએ એક દિવસ તેમને કહ્યું, "છાપાં કહે છે કે લૉર્ડ લિનલિથગોએ પોતાના ભાષણની એક નકલ અગાઉથી તમારા પર મોકલાવેલી, તે સૂચનો માટે હતી કે સુધારાઓ માટે?"

"એ એવું મનગમતું જૂઠાણું છે કે એ કશાં સૂચનો કે સુધારા યોગ્ય નહિ પણ સર્વાંશે નિષેધાર્હ છે."

"પરંતુ," સરદારે હસતાં હસતાં કહ્યું, "સર્વે દેવોને તુષ્યમાન રાખવાની આવડત તમારામાં છે. વાઇસરૉયના ભાષણ વિષે સારું કહેવાનું હોય એ જ લેખમાં જયપ્રકાશ તથા સમાજવાદીઓ વિષે પણ તમારે સારું કહેવાનું હોય છે."

"હા, હા," ગાંધીજી પણ હાસ્યમાં સાથ પુરાવતા બોલ્યા, "મારી માતાએ મને એમ જ શીખવેલું. એ મને હવેલીએ જવાનું કહે તે સાથે શિવમંદિરે પણ. અને તમને જાણીને કુતૂહલ થશે કે અમે પરણ્યાં ત્યારે સઘળાં હિંદુ દેવમંદિરોમાં જ નહિ પણ એક ફકીરની દરગાહે પણ અમને લઈ જવામાં આવેલાં."

એક સાંજે એક અમેરિકન પત્રનો ખબરપત્રી એમની મુલાકાતે આવ્યો. એને અંદર બોલાવવાનો જ હતો, ત્યાં ખેતરોમાંથી કોઇએ દોડતા આવીને જણાવ્યું કે, શ્રી. આર્યનાયકમનો નાનો પુત્ર છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો. અરધાએક કલાક પહેલાં તો એ ચબરાક છોકરો બીજાં છોકરાં જોડે રમતો હોઇને અમે એ સમાચાર માની ન શકયા.

ગાંધીજી ખેતરોમાં થઇને ત્યાં ધસી ગયા અને માતાને આશ્વાસન આપતા બેઠા, જ્યારે છોકરો તો જેમાંથી કદી ઊઠવાનો નહોતો એવી મૂર્છામાં પડ્યો હતો. તેમ છતાં પેલો અમેરિકન મુલાકાતી એમને સ્મરણમાં હોઇને પોતે પાછા ફરી શકે ત્યાં સુધી તેને રાહ જોવાની વિનતિ કરવાનું મને જણાવ્યું. બીજે દિવસે માલૂમ પડયું કે ભૂલથી મીઠાઈની ટીકડીઓ માનીને સાકરિયા પડવાળી ક્વિનાઇનની ટીકડીઓની આખી બાટલી એ છોકરો ખાઈ ગયેલો જેનું ઝેર તેને ચડેલું.

સૌ કોઈ અત્યંત વ્યાકુળ બની ગયેલાં, પરંતુ ગાંધીજીએ જોયું કે બધું પતી ગયું છે. એટલે પાછા ફરીને એમણે અમેરિકન મુલાકાતીને અંદર બોલાવ્યો. એને કશો ખાસ પ્રશ્ન પૂછવાનો નહોતો, પણ જગતની સામાન્ય પરિસ્થિતિ પર એણે પ્રશ્નો કર્યા.

"હું તો કૂવામાંના દેડકા જેવો છું" તરત ગાંધીજીએ જવાબ આપ્યો, "અને મારે માટે તો આખું વિશ્વ હિંદમાં અને સેવાગ્રામમાં સમાઇ ગયું છે. મારા કેટલાક સહકારીઓની પેઠે હું જગતના બનાવોનો અભ્યાસ નથી કરતો."

બીજો પ્રશ્નઃ "આવતા છ મહિનામાં કશી નવાજૂની થવા પામશે?"

"કશા ધડાકા થવા નહિ પામે" પ્રશ્ન પાછળનો અમેરિકન મિત્રનો ભાવાર્થ સહજમાં કળી જતાં ગાંધીજીએ જણાવ્યું, "અમારે લાવવું પડવાનું દબાણ અત્યંત વિનમ્ર હશે. પશ્ચિમનાં હિંસક કૃત્યો જે સનસનાટી ઉપજાવે છે, તેના દસમા ભાગની પણ અમે હિંદમાં જે અહિંસક રીતે કરીએ છીએ તે ઉપજાવી શકે તેમ નથી. અને તમારે ભૂલવું ન જોઇએ કે અમારે માટે રેંટિયો એ જ યુદ્ધનું એકમાત્ર સાધન છે."

"પણ કશો ઉપદ્રવ નહિ નડે?" કંઇ નહિ તો એ વિના છાપાવાળાઓને માટે ઉપસ્થિતિ તદ્દન નિરુત્તેજક બની જશે એવા ખેદ સાથે એણે પ્રશ્ન કર્યો.

"એમ છે કે," ગાંધીજીએ જણાવ્યું, "બ્રિટિશ અધિકારીઓને ઉપદ્રવ જોઇતો હોય ત્યારે તે હંમેશાં તેમને મળી જ રહે છે. એટલે કે તેઓ અમને તે માટે ઘોંચપરોણી કરે તો ઉપદ્રવ થાય પણ ખરો. પરંતુ મને નથી લાગતું કે તેમને એ જોઇતું હોય. અને હું પોતે તો કંઇ લડવા માટે ઊંચોનીચો નથી થઈ રહ્યો."

"અને હવે, સાહેબ, આપની તબિયત કેમ છે?"

લાગલો જ જવાબ મળ્યો, "Middling like this Pencil" અને એમણે પેન્સિલ પર છપાયેલો 'Middling' શબ્દ દર્શાવવા પેન્સિલ સામે ધરી.

મુલાકાતીએ જોયું કે છોકરાના એકાએક અવસાને વાતાવરણને વિષાદથી ભરી દીધું હતું છતાં ગાંધીજી હસી તેમજ હસાવી શકતા હતા.

પરંતુ ઘણી વાર આ મુલાકાતીઓથી જ નહિ પણ પોતાની આસપાસમાં ક્ષોભકારક તત્ત્વોથી છટકવા માટે તેઓ પોતાની જાતને પોતાના મૌનના કવચમાં સંકેલી લે છે. ઉદ્વેગ, ચિંતા અને વ્યામોહજનક વસ્તુઓથી બચવા માટેનું આ એમનું વિશ્વાસપાત્ર સાધન છે, અને સંતપ્ત દિવસોમાં ઘણી યે વાર, માત્ર દર્દીઓ અથવા તો ખૂબ અગત્યની મુલાકાતો પ્રસંગે એનો ભંગ કર્યા સિવાય એમણે અખંડ મૌન ઉપાસેલું છે

માત્ર છટકવાનો જ અચૂક માર્ગ નહિ, પરંતુ પ્રેરણાનો પણ અચૂક સ્રોત એ છે. મૌનનું રહસ્ય જાણવા માગતા એક મિત્રને એમણે એકદા કહેલું: "હું જ્યારે મૌન રહું છું ત્યારે જીવન મને અનંત સાથે સંવાદ સાધતું જણાય છે. જોકે હું કબૂલ કરું છું કે આપણે નિરંતર એવો સંવાદ સાધવો જોઈએ, પછી મૌન હોઇએ કે બોલતા, એકાંતમાં હોઇએ કે વિપુલ મેદની વચ્ચે.

"મેં મૂળ તો એનો પ્રારંભ કરેલો અક્ષુબ્ધપણે કાર્ય કરવા માટે મૌનનો એક દિવસ મેળવવા. હું જ્યારે એકલક્ષે કાર્ય કરવા માગું છું ત્યારે ઘણી વાર સોમવાર ન હોય તો પણ હું મૌન જ રહું છે. પરંતુ ભૌતિક સાધ્યાર્થે એનો પ્રારંભ કર્યો હોવા છતાં મારે માટે એ મહાન આધ્યાત્મિક સહાયરૂપ થઈ પડેલ છે, અને દિવસો સુધીના મારા અક્ષુબ્ધ મૌનની પળો દરમિયાન પ્રભુનું વધુ ને વધુ સાંનિધ્ય હું અનુભવું છું."

હું દર્શાવી જ ચૂકયો છું તે મુજબ, સેવાગ્રામને મૂળ તો એકાદ એકાંતિક નિવાસસ્થાન બનાવવાનો ઉદ્દેશ તે પાછળ રહ્યો હતો. ગાંધીજીને કોઇનો સહચાર નહોતો જોઇતો, કસ્તૂરબા સુધ્ધાંનો નહિ. ઇ. સ. ૧૯૩૭ માં ડૉ. જૉન મૉટે તેમની મુલાકાત લીધી ત્યારે એ સ્થાન પરની ત્યારની એ એક માત્ર કુટીરમાં જ લીધેલી, અને એ એક ખંડ પણ ગ્રામસેવાર્થે ત્યાં જમા થયેલા પાંચ—છ જણે રોકી પાડેલો. પરંતુ નજીકના અને દૂરના કાર્યકર્તાઓએ ત્યાં થાણાં નાખવા માંડ્યાં અને તેમને 'ના' કહેવાનું દિલ એમનું નહોતું.

એ સ્થાને ચિકિત્સાલય ઊભું કરવાનો તો એમને ખ્યાલ સરખો નહોતો. શરુઆતના દિવસોમાં એ પોતે તો ઉપવાસ કે લગભગ નિરાહાર જ સૂચવતા, અને દવાઓમાં માત્ર દીવેલ, સોડિયમ બાયકાર્બોનેટ, ક્વિનાઈન તથા આયોડાઇન—એટલી જ વસ્તુઓ પોતાની વ્યાધિ સાથે ત્યાં આવેલાઓ માટે ઉપલબ્ધ હતી.

પરંતુ સંખ્યા તો દિનોદિન વધતી જ ગઈ અને એક ડાક્તરના આગમન સાથે અમને કંઇક ચિકિત્સાલય જેવું પણ મળી રહ્યું. શ્રીમતી સુશીલા નાયરનો એટલો આભાર કે આસપાસનાં ગામોમાં કોલેરાનું જોર હતું ત્યારે સેવાગ્રામ માત્ર ત્રણ જ મૃત્યુથી તેમાંથી બચી ગયું. ડૉ સુશીલાએ કંઈ ૪૦૦ ઇંજેક્શનો આપ્યાં અને કેટલાયે કેસોની સફળ ચિકિત્સા કરી.

રુકાવટ પર અમે મૂકેલા ભાર છતાં, ગ્રામવાસીઓના પરિચયમાં આવતાંવેંત હરકોઈને આ ગામડાંમાં વૈદકીય સહાયની જે દુઃખદ ઊણપ જણાઈ આવ્યા વિના ન રહે તે હકીકતથી છટકી શકાય તેમ નથી. જોકે મોટાભાગના કેસો મેલેરિયાના હોય છે, છતાં ડગલેપગલે એવા વિકટ કેસ થઈ પડે છે કે જે પર તાત્કાલિક લક્ષ અપાવું જોઈએ, અને છતાં કશું પ્રાપ્ય નથી હોતું.

આપણે ગામડાંનું ચાહે તેટલું આદર્શીકરણ કરીએ, પરંતુ જેટલો શહેરોમાં તેટલો જ ગામડાંમાં નૈતિક સડો રહેલો છે. તફાવત એ છે કે ઘણાખરા શહેરવાસીઓ ચિકિત્સા પામે છે, જ્યારે ગામડાંઓમાં તો રોગનું નિદાન સુધ્ધાં થવા નથી પામતું.

એક દિવસે કેટલાક માઈલ ચાલીને બીજે ગામથી એક સ્ત્રી આવી. કેટલાક દિવસ થયાં તેને તાવ આવતો હતો અને આંતરડાં પર તેની અસર પહોંચી હોય તેમ લાગતું હતું. તેને માટે એક સ્થાનની જોગવાઈ કરી આપવામાં આવી અને તેની ચિકિત્સા થવા માંડી. થોડા જ સમયમાં માલૂમ પડયું કે એ સ્ત્રી જાતીયરોગનો ભોગ બનેલી, અને એ પોતે તે જાણતી નહોતી. શહેરના કારખાનામાં કામ કરતા તેના બદબખ્ત ધણીએ તેને એ રોગ આપ્યો હતો. એની કાળજીભરી ચિકિત્સા થતી રહી અને સાજી થયા પછી તેને જવા દેવામાં આવી.

પેરિટોનિટિસ થયેલા એક છોકરાને તો ડૉ. સુશીલાએ તાત્કાલિક વર્ધાની સિવિલ હૉસ્પિટલમાં લઈ જઈને તેનું ઑપરેશન ન કરાવ્યું હોત તો તેનું મૃત્યુ જ થવા પામત. એ કારણે જ અમારે અત્યારે સારા જેવા કદનું ચિકિત્સાલય રહ્યું છે અને થોડા જ વખતમાં કદાચ એક હૉસ્પિટલ પણ અમે મેળવીએ.

વર્ધા શિક્ષણયોજના દાખલ થતાં વર્ધા મુકામે રહેલા આર્યનાયકમ્ સેવાગ્રામ પ્રત્યે આકર્ષાયા અને અનુકૂળ વાતાવરણમાં તેનો પ્રયોગ આદર્યો. વધતી જતી વસતિ તથા દર્દીઓ માટે દૂધની જરૂરિયાત વધતાં કોઈ ને કોઈના હવાલા નીચે ગૌશાળા અસ્તિત્વમાં આવી.

વસાહત માટે જોઈતું બધું દૂધ, માખણ અને દૂધની બીજી બનાવટો એ સ્થાને જ નિપજાવવામાં આવે છે, અને એ જ રીતે શાકભાજી તથા કેટલુંક ધાન્ય. બકરાંની વાત જતી કરીએ તો પણ એ માટે ઢોરોનું એક ટોળું જોઈએ.

એટલે કે સંન્યાસીની વાર્તાનું જ એ પુનરાવર્તન છે. સંન્યાસી કને એક બિલાડી હતી. તેને દૂધ પાવા માટે ગાયની જરૂર પડી, પછી ગાયની સારસંભાળ લેનાર કોઈકની, વગેરે. અને મને તો મુદ્દલ શંકા નથી કે ગાંધીજી હિમાલય પર નિવૃત્ત થાય તો ત્યાં પણ સંન્યાસીની વાર્તાનું તેના સઘળા વૈવિધ્ય સહિત પુનરાવર્તન થવાનું.

પરંતુ સરદાર વલ્લભભાઈ ઘણી વાર જે નામે ઓળખાવે છે એવો આશ્રમનો આ 'શંભૂમેળો' શી રીતે અસ્તિત્વમાં આવ્યો? સંક્ષેપમાં હું કહી શકું કે ગાંધીજીની પોતાના સહકારીઓ પ્રત્યેની વફાદારી તથા સહધર્મીઓ પ્રત્યેની નબળાઈમાંથી તેનો ઉદ્ભવ થવા

પામ્યો છે. તે ચાહે તેટલા બુદ્ધિપ્રધાન બને પરંતુ પોતાની અભિરુચિ તથા મિત્રો તેમજ સહકારીઓ સાથેના સંબંધમાં એ રૂઢિચુસ્ત છે. જૂના સહકારીઓને તેમનું ખેંચાણ રહે છે અને તેમને એમનું ખેંચાણ રહે છે.

આ વિલક્ષણ સમૂહને મોખરે રહ્યા છે બીજા બધાથી બધી રીતે જુદા પડતા શ્રી. ભણુશાળી. એક સમયના ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપક તથા તે પછીના કારાવાસના એ પંખી અંતે વેરાગી બની ગયા. અઠવાડિયાંઓના ઉપવાસો આદરવા માંડ્યા અને આખરે વનવાસ સ્વીકારીને વર્ષોપર્યંત અંગે એકે કપડા વિના ભટકતા રહ્યા. વર્ષોપર્યંત મૌનની પ્રતિજ્ઞા લઈને તાંબાની વાળીથી પોતાના હોઠ એમણે સીવી નાખેલા અને ઘઉંનો કાચો લોટ તથા લીંબડાનાં પાદડાં પર જ રહેલા.

ભટકતા ભટકતા એક વખત ગાંધીજીને એ ભટકાઈ પડ્યા અને તેમની પાસે રહ્યા. ગાંધીજીએ તેમની નમ્ર સુશ્રૂષા કરીને સામાન્ય જીવનક્રમમાં તેમને પાછા આણ્યા. અને જે વ્યક્તિ કાર્યની આવશ્યકતા સામે પ્રશ્ન કરીને તેને બંધનના એક પ્રકાર તરીકે તિરસ્કારતી રહેલી એ જ આજે રોજના ૧૭ કલાક જેટલો સમય કાર્યમાં રચીપચી રહે છે.

એ પોતાનું રૂ પીંજે છે, આઠથી દસ કલાક કાંતે છે અને સાત કલાક અધ્યાપન કરાવે છે. હવે એ માત્ર બોલતા જ નથી, પરંતુ આશ્રમ તથા તેના પડોશને ખડખડાટ હાસ્યથી ભરી દે છે. એક કટિવસ્ત્ર વીંટવા જેટલી હદે એ હવે સુધર્યા છે, પરંતુ સામાન્ય માનવી જેનો ગુલામ છે એવું કશું પણ ધરાવવાની નિર્બળતા એમનામાં નથી.

વીંછીઓ અને ઝેરી સર્પોથી ભરેલાં સ્થાનોમાં પણ એ દીવા કે જોડા વિના જ હરેફરે છે, તે એવું માનીને કે, આપણે જેમની સાથે રહીએ છીએ એ માનવપ્રાણીઓ જેટલા જ ઈશ્વરના એ જીવો આપણા ભાઈ છે. ક્વચિત એમની ઉગ્ર તપશ્ચર્યાનો અવાજ એમને પુનઃ સંભળાય છે અને ગાંધીજી પાસે આવીને ઊંધે માથે કૂવામાં લટકવાની અનુજ્ઞા માગે છે! પરંતુ ઈશ્વરનો એટલો આભાર કે ગાંધીજીની શિસ્ત એ માન્ય રાખે છે.

અમારી વચ્ચે એક જાપાની સાધુ પણ છે, જે અશ્વતુલ્ય કાર્ય કરે છે અને યોગીતુલ્ય જીવન નિર્ગમે છે. આશ્રમનું બધું અઘરું સફાઈકામ એ કરતો રહે છે અને સવારસાંજ આનંદપૂર્વક પોતાનું નગારું વગાડતા આમતેમ ફરતા રહીને '૩ઁ વાગ્યો હોમ રેન્ગે ક્યોમ'ના મંત્રનાદથી વાતાવરણ ભરી દે છે. એ અલબત્ત જાપાનનો તરફેણદાર છે, અને માને છે કે જાપાન ચીનની સેવા કરવા અને તેને સંસ્કારવા જ મેદાને પડ્યું છે

પરંતુ કેટલાક લોકોએ એ સરકારી જાસૂસ હોવાના એના પર મૂકેલા આરોપમાં કશો તથ્યાંશ હોય એમ હું નથી માનતો. એ જો જાસૂસ હોય, તો જાસૂસો માનવતાના સૌથી ચાહવા યોગ્ય નમૂના હોવા જોઈએ અને હું પોતે પણ એ થવાનું મન કરું. મારા મને તો ગાંધીજી સુધ્ધાં અમો સૌ કોઈ કરતાં ઉત્કૃષ્ટ રીતે અહિંસાના આદેશાનુસાર એ રહે છે.

દર્દીઓમાં એક કોઢિયો પણ છે. એ યરોડામાં અમારી સાથેનો એક રાજદ્વારી કેદી હતો અને ત્યાં જ તેને કોઢ નીકળ્યો અથવા તો તેનું નિદાન કરવામાં આવ્યું એ

મને સ્મરણમાં નથી. એ સંસ્કૃતનો પ્રકાંડ વિદ્વાન છે અને સંસ્કૃતમાં જ તમારી જોડે વાત કરતાં તમને એમ લાગ્યા વિના ન રહે, કે માતૃભાષા જેટલું જ એ સહેલું છે.

તરછોડાયેલા તરીકે વર્ષોપર્યંત રખડચા પછી, અને અત્યારે તો અત્યંત આગળ વધી ગયેલી કક્ષાએ પહોંચેલા ભયંકર રોગથી કંટાળીને અચોક્કસ ઉપવાસ સુધ્ધાં પર ઊતર્યા પછી, એક સવારે એ એવું કહેતો અહીં આવી ચડ્યો કે તેને અહીં જ પોતાનાં હાડ ગાળવાં હતાં. અહીં પોતાને આશ્રય મળશે એવું તે જાણતો હતો અને કાઢી મૂકવામાં આવશે તો પણ પોતે અહીંથી નહિ ખસે.

“હું તમને ના કેમ પાડી શકું?” ગાંધીજીએ કહ્યું, “હું મારા ક્ષયપીડિત જમાઈને આશ્રય આપું તો પછી તમને શા માટે ન આપું? એની કાળજી તો બા રાખે છે. વાલજી દેસાઈ સૌને પ્રિય હોઈને મને ખાતરી છે કે એમની કાળજી પણ લેવાતી રહેશે; પરંતુ જો હું નહિ રાખું તો તમારી કાળજી કોણ રાખશે? હું મારી કુટીર નજીક જ તમને કુટીર કરી આપીશ અને ત્યાં તમારો નિવાસ રાખજો. અહીં બીજું કોઈ નહિ હોય તો પણ તમે તો હશો જ.”

યંત્રક્ષેત્રની પ્રતિભાસમા મૉરિસ ફ્રીડમેન આ ચિત્રાલેખનમાં પૂર્તિરૂપ રહ્યા છે, જેમનો અજંપ્યો આત્મા એમને અહીં ઘસડી લાવ્યો છે. જર્મનીએ ભસ્મસાત્ કરેલા રાષ્ટ્રના તે વતની છે અને કજળેલા અંગારામાં છુપાયેલી આગ જેવી આગ એમનામાં રહી છે.

મ્હેસુરમાં ઇજનેર તરીકે તે સારી જેવી અર્થપ્રાપ્તિ કરી શક્ત, પરંતુ રમણ મહર્ષિના પ્રભાવ નીચે આવ્યા અને સંન્યાસી બન્યા—ભારતાનંદ એ એમનું નવું નામ છે—ઔંધમાં કાર્ય કર્યું અને હવે અહીં આવ્યા છે. એમની શોધક પ્રતિભા સદા સક્રિય રહી છે અને તે શા માટે ન રહે?

પૉલેન્ડના પ્રમુખ મોસ્ક્રિટ્સ્કીના નામે અનેક શોધો રહેલી છે, અને એવું જ ભારતાનંદનું બનવા પામે—એક રીતે બીજાઓ કરતાં વધુ વિશિષ્ટ, કારણ એ અહિંસા પર નિર્ભર એવી હસ્તોદ્યોગિક સંસ્કૃતિના આદેશને વરેલા છે.

બીજા પણ ઘણા એવા રહ્યા છે જેમનો ઉલ્લેખ મારે કરવો ઘટે, પરંતુ આટલા નમૂના પૂરતા ગણવા જોઈએ. વસતિમાં સદા ઉછાળો આવતો જ રહે છે, અને ગાંધીજીની પોતાની કુટીર માફક કસ્તૂરબાની કુટીર પણ જરૂર હોય તેટલા સઘળાનો સમાવેશ કરવા જેટલી સ્થિતિસ્થાપકતા ધરાવી રહે છે. સ્ત્રી-મહેમાનો એમણે જ લેવાના રહે છે, પરંતુ ક્યારેક તો અગવડકારક મહેમાનો પણ આવી ભરાય છે.

પોતાની કોમને થયેલા કશાક કલ્પી લીધેલા મનોદુઃખ સામે ઉપવાસ આદરવા માટે દલિતકોમના પેલા ‘સત્યાગ્રહીઓ’ આવી પહોંચેલા ત્યારે ગાંધીજીએ આખું આશ્રમ તેમની તહેનાતમાં મૂકી દઈને તેમનો રોષ ગાળી નાખ્યો હતો.

“તમારે રહેવું હોય તે સ્થાન તમે પસંદ કરી લો. તમને જોઈતું હોય તો આ કુટીર પણ હું ખાલી કરી આપું” એમણે તેમને જણાવ્યું. અને એમણે કસ્તૂરબાની કુટીર તથા તેની પરસાળ પસંદ કર્યાં.

" પરંતુ મારે પછી ક્યાં રહેવું ?" કસ્તૂરબાએ હસતાં હસતાં પૂછ્યું.

" જુઓ, તમને વધારે જગ્યાની જરૂર નથી રહેતી, અને મેં મારી જગ્યા તેમને સોંપી દીધી છે એ તમે જાણો છો."

" તમે તેમ કરો, કારણ એ તો તમારાં બાળકો છે," કસ્તૂરબાએ જવાબ આપ્યો.

" પણ એટલે જ અંશે એ તમારાં પણ બાળકો નહિ ?" ગાંધીજીએ કહ્યું અને એમણે નમતું મૂકયું. એ નાનીશી કુટીરમાં ક્યારેક તો અરધો ડઝન મહેમાનો સાથે એ નિદ્રા લે છે, કાંતે છે અને આરામ લે છે.

' તદ્દન પચરંગી મેળો ' એવો ઉદ્ગાર કોઈ કાઢશે. એમને એમની પોતાની ધૂનો જ માત્ર નહિ પણ અતડાઈ અને નબળાઇઓ પણ રહેલી છે. પરંતુ ગાંધીજી અને તેમના કાર્ય પ્રત્યેનો તેમનો પ્રેમ એમને માટે એક સર્વસામાન્ય બંધન બની રહ્યું છે. અને ઉમંગ તથા આનંદપૂર્વક તેઓ તેમનો પોતાનો ખોરાક રાંધે છે, પોતાનાં કપડાં ધૂએ છે, પોતાનાં સંડાસ સાફ કરે છે, વગેરે.

એમની વચ્ચે રહેતા અને કાર્ય કરતા ગાંધીજીની દિનચર્યા પરોઢના ત્રણ વાગ્યાથી શરુ થાય છે. તેઓ પોતાની પ્રાર્થનાઓ કે કાંતણ કદી ચૂકતા નથી, બીજા બધા કરતાં વધુ નિયમિત છે અને પોતાને શારીરિક તેમજ માનસિક ઉભય રીતે અશક્ત ગણતા હોવા છતાં હું ઓળખું છું એવા ઘણાખરા જાહેર પુરુષો કરતાં વિશેષ કાર્ય કરે છે.

ખાસ કશી પૂર્વયોજના વિના માટી ને વાંસડાનાં ઘરોથી બંધાયેલું, કશા અતિથિગૃહ કે અન્ય અનેક સંસ્થાઓને રંજકતા અર્પતી કલાત્મકતા વિનાનું સેવાગ્રામ આશ્રમ અનેક મુલાકાતીઓ અને કાર્યકરો સુધ્ધાંનું આકર્ષણ રહ્યું છે.

કંઈક અવર્ણનીય એવી આકર્ષકતા માત્ર ગાંધીજી સંબંધે નહિ પણ એમની આસપાસ જામેલા મેળા સંબંધે પણ રહેતી હોવી જોઇએ. નહિતર રાજકુમારી અમૃત કૌર જેવાં પણ પોતાનું નસીબ એ સાથે જોડવાનું શા માટે પસંદ કરે ? અને હું પોતે શા માટે ગાંડોતૂર બનીને એ સંબંધે આટલી લખાપટી કર્યા કરું ?

પરંતુ જેની પુનર્ઘટના સૌથી મુશ્કેલ હતી એવા એક ગામડા પર પસંદગી ઉતારીને જે કાર્ય માટે ત્યાં આવી વસવાનો ગાંધીજીએ અવિચળ સંકલ્પ કરેલો તેનું શું ? એ એને ન્યાય આપી શકયા છે ? ગાંધીજીના સાડાત્રણ વર્ષના વસવાટ પછી પણ ગામમાં કશું બહેતર પરિવર્તન થવા પામ્યું છે ?

હું કબૂલ કરું છું કે એનો ઉત્તર હકારમાં પ્રતિધ્વનિત ન થઇ શકે. અમે જે કંઇ કરી શકવાને શક્તિમાન થયા છીએ તે એ કે, મામૂલી વેતન પર અમે લોકોની સારી જેવી સંખ્યાને કામે ચડાવીએ છીએ. અસ્પૃશ્યતાને અમે સારો જેવો ફટકો લગાવ્યો છે, ગામમાં કેટલાક રેંટિયા દાખલ કર્યા છે, બાળકોને અમારા કાર્ય તથા પાયાની કેળવણી પ્રત્યે આકર્ષી શકયા છીએ અને ઘણાખરાને વૈદકીય સહાય અમે પહોંચાડી શકયા છીએ.

પરંતુ ગ્રામવાસીઓ અને અમારી વચ્ચે હજુ એક ઘાંચ રહેલી છે. અમારી વચ્ચે હજુ કશો જીવંત સંબંધ નથી બંધાયો. અમે અમારી પ્રાતર્ કે સાંયંપ્રાર્થનાઓ કર્યે જઇએ છીએ, પણ એ આ ભોળા લોકોને નથી સ્પર્શતી.

એવું પણ હોય કે અમારી સૌથી ઉત્કટ ઇચ્છા છતાં અમે તેમની સપાટીએ નીચા ઊતરીને તેમનામાંના એક થઈ રહેવામાં સફળ નથી નીવડ્યા. પાયાની કેળવણીની માફક ગ્રામપુનર્ઘટનાનો ઉમંગ પણ ગાંધીજીના જીવનમાં મોડો જાગ્રત થયો છે, અને એમને એવાં પૂર્વરોકાણો રહ્યાં છે કે એમની પોતાની ઇચ્છા અનુસાર ગામડાનો જીવંત પ્રશ્ન હાથ ધરવાને કશાં સમય કે શક્તિ એમને માટે રહેવા નથી દેતાં.

અને પોતપોતાની રીતે સારા હોવા છતાં ગાંધીજીએ પોતાને શિરે લીધેલો બોજો ઉઠાવવા અથવા તો એમાં ભાગ સુધ્ધાં લેવા માટે પણ યોગ્ય નહિ એવા એમની આસપાસ એકત્ર થયેલા આ લેખકના જેવા લોકો પણ ઓછા અંતરાયરૂપ નથી રહ્યા.

અમારું આશ્વાસન એ છે કે દેશમાં સુયોગ્ય સાધનરૂપ સેંકડો લોકો રહ્યા છે અને સેવાગ્રામમાં કામ ચાલે કે ન ચાલે પણ અન્યત્ર તો એ ચાલતું જ રહેશે.

ઉપરાંત, સેવાગ્રામ આશ્રમ એ સત્ય અને અહિંસાનો એક પ્રયોગમાત્ર છે. એમણે અત્યંત અસમાન સ્વભાવવાળાં તથા જુદાજુદા સંપ્રદાયોનાં સ્ત્રીપુરુષો એકત્ર કર્યાં છે. તેમાં કેટલાંક થોડુંઘણું સાહિત્યિક શિક્ષણ ધરાવે છે, જ્યારે કેટલાંક એ ઉપરાંત કશું વિશેષ નથી ધરાવતાં. ઘરઆંગણે અહિંસાના આચરણની એ પૂરતી તાલીમ એમને આપી રહે છે, અને એનું સફળ આચરણ રાજકીય ક્ષેત્રપર્યંતના તેના અધિકૃત વિસ્તારનો અર્થ સારશે.

પોતાનાં વધુ આત્મનિરીક્ષણ અને વધુ પ્રયોગશીલતા અર્થે છૂટા રહેવા માટે ગાંધીજી પાછા પોતાની પ્રયોગશાળાએ પહોંચવા શા માટે સદા ઝંખતા રહે છે તેનું કારણ આ છે. મુશ્કેલ સાધનો તેમનું તાત્કાલિક કાર્ય મુશ્કેલ બનાવે છે એ સાચું, પરંતુ એ સાથે એ પણ સાચું છે કે એ જ એમને વધુ વિશાળ કાર્ય માટે વિશેષ યોગ્ય બનાવે છે.





જનસમૂહ માટે ઔષધ

લેખક : સુશીલા નાયર

ઔષધોપચાર અંગેના ગાંધીજીના વલણ પરત્વે તમામ પ્રકારના ખ્યાલો પ્રવર્તે છે. ઘણા મનુષ્યો એમ ધારે છે કે ગાંધીજી વિજ્ઞાન અને જે કાંઇ અદ્યતન છે તેના અઠંગ વિરોધી છે. તેથી કરીને તેઓ એવા નિર્ણય ઉપર આવે છે કે ગાંધીજી એલૉપથીને ધિક્કારતા હોવા જોઇએ, અને એલૉપથિક ઔષધિને કદી અડકતા પણ નહિ હોય. બીજાઓ એમ ધારે છે કે ગાંધીજી મૂળ તો નિસર્ગોપચારમાં ભારોભાર માનનારા છે છતાં દવાઓથી એમની કુદરતી પ્રક્રિયાને સતત ઝેર દઇ રહેલા દાક્તરોનો તેઓ ભોગ થઇ પડ્યા છે. બીજા શબ્દોમાં, તેઓ એવી ફરિયાદ કરે છે કે ગાંધીજીએ પોતાની આજીવન માન્યતાઓ તજી દીધી છે. કેટલાકને એવી નવાઈ થાય છે કે સ્વદેશી પ્રત્યેનો ગાંધીજીનો અનુરાગ એમને આયુર્વેદિક સારવારને જ સંભાળીને બેસી રહેવા કેમ નહિ પ્રેરતો હોય?

બીજા ઘણાની માફક હું પણ એક વખત એવું માનતી હતી કે ગાંધીજી આધુનિક સમયની તમામ વૈજ્ઞાનિક પ્રગતિ તરફ અણગમો બતાવે છે; અને તેઓ દેશને દરેક અર્થમાં મધ્યયુગ ભણી ફરીને લઇ જવા માગે છે. પણ મને મારી ભૂલ તરત જ જણાઈ. વિજ્ઞાનનો હેતુ સત્ય ખોળી કાઢવાનો છે; અને ગાંધીજી સત્યના શોધક હોવાથી આવશ્યક રીતે વૈજ્ઞાનિક જ છે. એમનું સમગ્ર દૃષ્ટિબિંદુ શાસ્ત્રીય હોવાથી, પ્રત્યેક જીવનપ્રશ્નને શાસ્ત્રીય રીતે જ ઉકેલે છે. ઘણી બાબતોમાં, અર્વાચીનીકરણ અંગે મને ગાંધીજી કરતાં વધારે અર્વાચીન મનુષ્ય બીજો કોઈ મળ્યો નથી. પણ સત્યના શોધક હોવા ઉપરાંત તેઓ અહિંસાના ઉપાસક છે; અને જ્યાં વૈજ્ઞાનિક સંશોધન અને અર્વાચીનીકરણ અહિંસાથી જુદાં પડે ત્યાં આગલાને તેઓ વિદાય આપી દે છે. ગાંધીજી વાઢકાપના આટલા બધા દુરારાધ્ય વિરોધી છે તેનું કારણ એમની અહિંસા અને એમનો વિશ્વપ્રેમ છે; અને એટલે જ તેઓ ઔષધોપચારની એલૉપથિક પદ્ધતિના કડક ટીકાકાર છે; કેમકે વાઢકાપ એ આધુનિક તબીબી સંશોધનનો અને એલૉપથીને સંબંધકર્તા છે, ત્યાં સુધી તબીબી શિક્ષણનો અન્તર્ગત ભાગ છે. આજાર મનુષ્યો પ્રત્યેની ગાંધીજીની રીત એટલી બધી કુમાશભરી છે અને એમનો સ્પર્શ એટલો બધો શાન્તિપ્રદાતા છે, કે મેં એક વખતે જણાવ્યું હતું કે "બાપુજી, તમારે ડૉક્ટર બનવું જોઇતું હતું." ગાંધીજીએ જવાબ આપ્યો કે "મેં પોતે તો હંમેશા એવું ઇચ્છયું છે. દક્ષિણ આફ્રિકામાં ધમધોકાર પ્રેકટિસ હોવા છતાં હું એક ડૉકટરના દવાખાનામાં દરરોજ જતો. ત્યાં હું દવા આપતો, પાટાપીંડી કરતો અને મારાથી બીજી જે કાંઈ મદદ થઈ શકતી તે કરતો. મેં ત્યાં એકાદ વર્ષ કામ કર્યું હશે; પાછળથી બોઅર યુદ્ધમાં જ્યારે મેં તબીબી દળ સંગઠિત કર્યું ત્યારે આ અનુભવ મને ખૂબ જ મદદરૂપ બન્યો હતો. એ કામમાં મને ઊંડો રસ હતો. યુદ્ધ પછી હું જ્યારે ઈંગ્લેંડ ગયો

ત્યારે મેં તો રીતસર તબીબી અભ્યાસ જ કરવાનો વિચાર કરી નાખ્યો; પણ તપાસ કરતાં મારા જાણવામાં આવ્યું કે મારે વાઢકાપનું કામ કરવું જોઇશે. જો હું રીતસરનો નિયમિત તબીબી અભ્યાસ કરવા માગતો હોઉં તો, એમ કર્યા સિવાય છૂટકો નહોતો. હું એ કરી ન શકયો; અને તેથી કરીને દાક્તર થવાનો વિચાર મેં છોડી દીધો."

ગાંધીજી એલોપથીના મોટા પ્રશંસક છે. એમણે એના મહાન તજ્જ્ઞોને તેમની સંશોધનની ભાવના, તેઓની શ્રમશીલતા, તથા એલોપથી આજે જે કક્ષાએ છે ત્યાં એને લાવવા માટે તેમણે આપેલાં બલિદાનો માટે મુક્તમને અંજલિ આપી છે. "અને અત્યારે પણ તેઓ પોતાના પૂરોગામીઓની સિદ્ધિઓમાં રાચતા હાથ જોડીને બેસી રહ્યા નથી;" એમણે થોડા જ સમય પહેલાં કેટલાક મિત્રોને જણાવ્યું હતું, "તેઓ પોતાનું જ્ઞાન વધારવા સતત પ્રયાસ કરી રહ્યા છે. ખરેખર એલોપથી એ એક જ એવી તબીબી શાખા છે જેને જીવંત કહી શકાય. બીજી બધી બંધિયાર પાણી જેવી છે. તેઓ મૃત પ્રાય છે." પણ એમની આ પ્રશંસા હોવા છતાં એલોપથીની એમણે કાઢેલી ઝાટકણી પણ સખ્ત છેઃ "હું તમારા શાસ્ત્રને આસુરી કહું છું." એક વાર મને એમણે કહેલું, "તમે એક મનુષ્યને કોઇ પણ ભોગે જીવતો રાખવાનો પ્રયાસ કરો છો તેટલા પ્રમાણમાં તમે અસુરોના અનુયાયીઓ છો. શું માનવજીવન એટલું બધું કીમતી છે કે સમગ્ર સૃષ્ટિને એના સાધનભૂત બનવું પડે? એનો ખ્યાલમાત્ર મને ભયગ્રસ્ત બનાવી દે છે. મારે માટે સમગ્ર જીવન એક છે; અને વાઢકાપ દ્વારા ચલાવેલી શોધને પરિણામે રોગ નાબૂદ થઇ જાય તો યે મને એ ન ખપે."

હું એમની સાથે સંમત થઇ, કે મનુષ્યને જીવતો રાખવા માટે પ્રાણીઓને પીડવાં એ ભયંકર છે; "પણ જો આ પ્રયોગોથી દુઃખ નાબૂદ થતું હોય તો તમે તમારો અભિપ્રાય ફેરવશો? જ્યાં સુધી પ્રાણીઓ ઉપર પ્રયોગો કરવામાં ન આવે ત્યાં સુધી વિજ્ઞાનની પ્રગતિ થઇ શકે નહિ." એવી મેં હિમાયત કરી નહિ. "એને દુઃખ રહિત બનાવવામાં આવે તો યે વાઢકાપને હું છૂટ ન આપી શકું. મૃતશરીરની તમે વાઢકાપ કરો તે સામે મારે વાંધો નથી, અને તમે પોસ્ટમોર્ટમ પ્રયોગો કરો તે સામે પણ મને વાંધો નથી;" એમણે કહ્યું, "ખરેખર, હું ધારું છું કે પ્રત્યેક મૃતશરીરનો આ રીતે ઉપયોગ થવો જોઈએ; એ જ પ્રમાણે શરીરશાસ્ત્ર સમજવા માટે પ્રાણીઓનું અવયવછેદન થાય એ સામે મને વાંધો નથી. પણ હું વાઢકાપની છૂટ તો ન જ આપી શકું. જો આ કારણે તબીબી સંશોધનને સહન કરવું પડતું હોય તો માનવજ્ઞાનમાં આવા ઉમેરણનો હું ભોગ આપું. પણ તમને સાચું કહું તો, હું નથી ધારતો કે વાઢકાપને અટકાવી દેવામાં આવે તો સંશોધનને આખરે સાચેસાચ સહન કરવું પડે. પાણીને ઊંચે ચડાવવા માટે તમારે નીચેનાં બારાં બંધ કરીદેવાં જોઈએ. એ જ પ્રમાણે જ્યારે તમે સંશોધનની અમુક પદ્ધતિઓને દૂર કરો ત્યારે જ તમે તમારી બુદ્ધીનો ઉપયોગ કરી શકો અને આખરે એ જ વસ્તુ કરવા માટેનાં બીજાં માનવસાધનો તમને હાથ લાગે."

તંદુરસ્ત મન જ શરીરને તંદુરસ્ત રાખી શકે, એ સિદ્ધાન્તમાં ગાંધીજી મક્કમ રીતે માનનારા છે. મનના આરોગ્યમાં, અલબત્ત, તંદુરસ્તીના સામાન્ય નિયમોનું કડક પાલન તથા સર્વસ્પર્શી ઈન્દ્રિયનિગ્રહનો સમાવેશ થાય છે. એનો અર્થ પોતાની લાગણીઓ અને વિચારો પરનો કાબૂ તથા સામાન્ય પ્રકારે સુસંયમિત જીવન એવો થાય છે. એમણે ઘણી વખત કહ્યું છે કે હું લોહીના ઊંચા દબાણથી પીડાઉં છું તે એમ બતાવી આપે છે કે જેટલા પ્રમાણમાં મનોનિગ્રહ મેળવવો જોઈએ તેટલા પ્રમાણમાં મેં મેળવ્યો નથી. રોગ પાપનું પરિણામ છે એમ તેઓ જણાવે છે, અને જે કોઈ આરોગ્યના નિયમોનો ભંગ કરીને પાપ કરે તેણે તેની કિંમત આપવા તૈયાર રહેવું જોઈએ. તેથી કરીને માંદગીના હુમલાને ઔષધિથી ટૂંકાવવાના સિદ્ધાન્તને તેઓ ખોટો ગણે છે. દાખલા તરીકે, તેઓ જણાવે છે કે જો કોઈ માણસે વધુ પ્રમાણમાં ખાધું હોય અને એને પરિણામે અપચો થાય, તો તેણે વાતચ્છેદક મિશ્રણનો ઘૂંટડો પીવાને બદલે ઉપવાસ કરવો જોઈએ. ઉપવાસથી અપચો ચાલ્યો જશે; અને એ સાથે જ ભવિષ્યમાં વધુપડતું ન ખાવાનું એને શિખવશે.

પણ ગાંધીજી જોકે ઔષધિ વગર જ સર્વથા ચલાવી લેવાના આદર્શમાં માનતા હોવા છતાં તેઓ સૌથી વધુ બુદ્ધિસંપન્ન વ્યક્તિ છે. એમની વિચારશીલતા અને એમનો વ્યવહારુ સ્વભાવ એમને જણાવે છે કે સિદ્ધાન્તની દૃષ્ટિએ તો પાપીએ પોતાના પાપની કિંમત ચૂકવવી જોઈએ; છતાં વ્યવહારમાં, સજા ઘટાડવા માટે માફીનો વારંવાર ઉપયોગ કરવામાં આવે છે. દાખલા તરીકે એરંડિયાના તેલનો ડોઝ વધુ ખાવાને પરિણામે થતી ચૂંકના દુઃખને ઘટાડે છે; અને એનો ઉપયોગ કરવામાં ગાંધીજી અચકાતા નથી. પણ ભોજનસમારંભમાં હાજર રહી શકાય એટલા માટે કોઈને ક્ષુધા-ઉત્તેજક મિશ્રણનો ડોઝ અપાય તેને તેઓ કદી સહન કરી લેતા નથી.

એ જ પ્રમાણે દક્ષિણ આફ્રિકાના એક ગોરા મિત્રને સેવાગ્રામમાં ખરાબ પ્રકારનો મલેરિયા આવ્યો ત્યારે એમને ક્વિનાઇન લેવાનું સમજાવવામાં ગાંધીજી અચકાયા નહોતા. એ મિત્ર ગાંધીજીના જૂનામાં જૂના અનુયાયી હતા. તેઓ વર્ષોથી દવાને ઝેર તરીકે ગણતા હતા; અને જ્યારે ગાંધીજીએ એમને ક્વિનાઇન લેવાની સલાહ આપી ત્યારે એમને નવાઈ થઈ, પણ આખરે એમને સમજાવવામાં ગાંધીજી સફળ થયા.

તાજેતરમાં એમને આવેલા મેલેરિયા વખતે ગાંધીજી ક્વિનાઇન વગર જ ચલાવી લેવા માગતા હતા. તેમણે ઉપવાસ કરીને પોતાની સારવાર શરૂ કરી, અને એ રીતે ત્રણ દિવસ સુધી પોતાના શરીરમાંના ઝેરને દૂર કરવા માડયું; પણ તાવ હઠીલો બન્યો. એમને એવું સમજાવવામાં આવ્યું કે તમારી આ ઉંમરે, તથા તમારી તબિયતની આવી સ્થિતિમાં, તમારે વધારે દેહદમનનું જોખમ વહોરવું જોઈએ નહિ. તેમણે નમતું આપ્યું, અને ક્વિનાઈનના પહેલા બે ડોઝ પછી મેલેરિયા અદૃશ્ય થયો.

ગાંધીજીએ દવાનો હંમેશ ત્યાગ કરેલો હોવાથી એમની શરીરની પ્રક્રિયા એટલી બધી તેજીલી છે કે બીજાઓ કરતાં ઘણા નાના ડોઝની અસર પણ એમના ઉપર થાય

છે. તાજેતરના મેલેરિયા વખતે પાંચ દિવસના ગાળામાં એમણે ૩૩ ગ્રેઇન ક્વિનાઇન લીધું હતું; અને વારંવારની તબીબી તપાસણીમાં એમનું લોહી મેલેરિયાનાં જંતુઓથી મુક્ત થયેલું જણાયું હતું. એમને કદી ફરીને ઊથલો માર્યો નથી. એ શક્ય છે કે ત્રણ ત્રણ ગ્રેઇનના પહેલા બબ્બે ડોઝ પણ એમને પૂરતા થઈ ગયા હોત. ક્વિનાઇન, પહેલા ત્રણ દિવસના પોતે કરેલા ઉપવાસને એ આભારી હોવાનું ગાંધીજી માને છે. જેને તદ્દન જરૂરી હોય, તથા દવાની ચોક્કસ અસર થશે એવું એમને લાગે છે, ત્યારે જ તેઓ દવા લે છે અને લેવાની સલાહ આપે છે; અને તે વખતે પણ તેઓ ઓછામાં ઓછા પ્રમાણમાં એ લે છે. જે બિમાર મનુષ્ય દવાનો બાટલો આપવામાં ન આવે ત્યાં સુધી સંતોષ જ ન પામે એમના વલણને જ ગાંધીજી સમજી શકતા નથી.

દવા લેવાની બાબતમાં ગાંધીજી જનસમુદાયનો ખ્યાલ કરે છે. દવાની બાબતમાં બજારુપણાની ભાવના દાખલ થઈ છે તેનાથી એમને ઊંડું દુઃખ થાય છે. આ ઉમદા ધંધો છે અને તે બજારુપણાથી પર હોવો જોઇએ. પણ જ્યાં સુધી એમ ન થાય ત્યાં સુધી એમણે શું કરવું? જૂહુ ખાતે એમણે તાજેતરમાં પોતાનો એવો નિર્ણય જાહેર કર્યો હતો કે હું કોઈ પેટન્ટ દવા લઇશ નહિ. હું તો બની શકે ત્યાં સુધી ઔષધિ જ લઇશ; કેમકે સૌથી વધુ ગરીબોને એ ઉપલબ્ધ છે.

ગાંધીજી એલોપથ, વૈદો અને હકીમોની સાથે જરૂરી હોય ત્યાં સુધી સહકાર આપે છે, છતાં એમની પસંદગી નિસર્ગોપચારીઓની તરફ જ ઢળે છે. નિસર્ગોપચાર એ એમનું ચાગલું બાળક છે; તેઓ જણાવે છે તેમ એ એમનો શોખનો વિષય છે. જો કુદરતના કાયદાના ભંગનું પરિણામ રોગમાં આવતું હોય તો કુદરતને જ કામ કરવા દેવામાં આવે તો તે એને સુધારી શકે છે, એમ તેઓ દલીલ કરે છે. ૫૦ થી વધુ વર્ષ સુધી એમણે નિસર્ગોપચારની રીતિઓની અજમાયેશ કરી જોઈ છે; પણ એમનામાં મતાંધપણું નથી. વાસ્તવમાં, એમણે જે વ્યવહારમાં ઉતાર્યું છે તેને જનસમુદાય માટેના ઔષધોપચાર તરીકે ગણાવી શકાય. એમણે જલોપચાર, માટીની સારવાર, અનશન અને ઘરમાં થઇ શકે તેવી પરેજી વગેરે ઘરગથ્થુ ઇલાજોનો ઉપયોગ કર્યો છે. તેઓ નિસર્ગોપચારની મર્યાદાઓથી વાકેફ છે; અને સલામતીની સીમાથી આગળ એને ધકેલી દેતા નથી. એમનામાં એટલી બધી વ્યવહારુ બુદ્ધિ છે, કે પોતાના પ્રયોગોથી એમને કદીયે પસ્તાવાનો પ્રસંગ બન્યો નથી. નિસર્ગોપચાર સંપૂર્ણશાસ્ત્રમાં વિકસે એ જોવાની એમની ઝંખના છે. એક નિસર્ગોપચારી મિત્રને તેમણે આ પ્રમાણે તાજેતરમાં લખ્યું છે, " હું નિસર્ગોપચારમાં અડગ રીતે માનનારો છું. પણ મને જોતાં દિલગીરી થાય છે કે નિસર્ગોપચારીઓ સખ્ત મહેનત કરતા નથી, તેઓ વસ્તુમાં ઊંડા ઊતરતા નથી; અને પોતાની કલાનો વિકાસ કરવા તેઓ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવા તૈયાર નથી. તેઓ અભ્યાસ કરતા નથી; અને એકબીજા સાથે મળીને પોતાના ધંધાનું સંગઠન પણ કરતા નથી." ગાંધીજી જાણે છે કે નિસર્ગોપચાર તમામ રોગોનો ઇલાજ કરી શકે તેમ નથી, તેથી કરીને બીજા એક નિસર્ગોપચારી મિત્રને એમણે લખ્યું હતું કે, " હિન્દુસ્તાનનાં તમામ નિસર્ગોપચારીઓ

પાસેથી તેઓનો નિસર્ગોપચારનો ખ્યાલ કેવો છે, પ્રસ્તુત શબ્દમાં કોનો કોનો સમાવેશ થાય છે તથા તેઓનાં પોતાનાં અનુભવજન્ય પરિણામો કેવાં છે, તે તમારે ખોળી કાઢવું જોઈએ." બીજા મિત્રને એમણે કહેલું, "એ મને કેટલે સુધી લઇ જાય તેમ છે એની મારા મનમાં ચોખવટ કરવા હું માગું છું."

પણ નિસર્ગોપચારની બાબતમાં પણ ગરીબોનાં સાધનોથી પર એવી ખાસ ભારે જટિલ કળા એ બની જાય એવું ગાંધીજી માગતા નથી. એક નિસર્ગોપચારી મિત્ર નિસર્ગોપચારમાંના સંશોધનને માટે એક યોજના અમલમાં મૂકવા ગાંધીજીની મદદ માગી રહેલ છે. કેટલાક દિવસના વિચાર પછી ગાંધીજી એવા નિર્ણય ઉપર આવ્યા કે મારી કલ્પના મુજબની આદર્શ નિસર્ગોપચાર સંસ્થા તો એક આદર્શ ગામડું હોઈ શકે. એક આરોગ્યવાળા વિભાગમાં જમીનનો મોટોભાગ આ મિત્રને માટે હું ફાજલ પાડી શકું; ત્યાં તેઓ ખૂબ જ પ્રમાણમાં ફળો, વૃક્ષો અને વનસ્પતિ ઉગાડી શકે, અને જ્યાં પરેજી, જલોપચાર, માટીની સારવાર વગેરે અંગે સાદા પ્રયોગો ચલાવી શકાય એવાં સાદાં ઝૂપડાં ઊભાં કરી શકે. એ સ્થાન સ્વાવલંબી બને, કે જેથી કરીને ગરીબમાં ગરીબ માણસો પણ ત્યાં જઈ શકે અને નિસર્ગોપચારની સારવાર લઇ શકે. એમાં સાદી પણ અસરકારક આરોગ્ય-વર્ધક પદ્ધતિ હોવી જોઇએ. ઔષધોપચારની રોધક બાબત ઉપર ભાર મુકાવો જોઇએ, અને જે માંદા મનુષ્યો ત્યાં સારવાર માટે આવે તેઓ જ્યારે પોતાને ગામ પાછા જાય ત્યારે આરોગ્ય અને રોગ અટકાવવા અંગેની તમામ બાબતોમાં પોતાના મિત્રો અને પાડોશીઓને માર્ગદર્શન આપી શકે એવા હોવા જોઇએ.

આ મિત્ર તો શરૂઆતમાં જ અચકાઈ ગયા. એમણે જે માગ્યું હતું તે આ નહોતું. "ઇલેક્ટ્રિસિટી અને બીજાં આધુનિક સાધનો વગર હું શું કરી શકું?" એમણે દલીલ કરી. "તમે આટલાથી તો ઘણું યે કરી શકો," ગાંધીજીએ જવાબ આપ્યો, "આધુનિક સાધાનો માટે તમારે મને તમારા દૃષ્ટિબિંદુ ઉપર લાવવો પડશે; અને તમને એ મળશે. હું એવું કાંઈક માગું છું કે જે હજારોગણું થઈ જાય. આ અને આ એક જ ગામડાંઓને રાહત આપી શકે. હું જેની ઝંખના કરું છું તેમાંની આ પણ એક બાબત છે." નિસર્ગોપચારી મિત્ર આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓની સાથે નિસર્ગોપચારમાં સંશોધન ચલાવવા વાઢકાપની મદદ લેવા માગતા હતા, પણ ગાંધીજીને એ જોઈતું જ નહોતું. "જો વૈજ્ઞાનિક મંડળોમાં વાઢકાપની મદદ વગર નિસર્ગોપચાર સ્વીકારપાત્ર ન બની શકતો હોય તો મને એની પરવા નથી." ગાંધીજીએ કહ્યું, "હું તો શસ્ત્રક્રિયા દાખલ કરીને એને અભડાવવાને બદલે જંગલી સ્થિતિમાં રહેવાનું પસંદ કરું."

સ્વદેશીના પ્રેમી તરીકે આયુર્વેદ અને યુનાની પદ્ધતિઓ આગળ આવે એ જોવાનું ગાંધીજી પસંદ કરે છે; પણ અહીંયે એમને નિરાશ કરે એવું ઘણું એમને જણાયું છે. એમના પ્રત્યેનો ઊંડો અનુરાગ હોવા છતાં આયુર્વેદિક અને યુનાની દાક્તરોને ઘણી વખત બહુ આકરું સંભળાવી દેવાની એમને ફરજ પડી છે. તેઓમાં ઉદ્યમશીલતાના અભાવથી

એમને દુઃખ થાય છે. પૂર્વજોની આબરૂ ઉપર તેઓએ ખૂબ જ કમાઈ ખાધું છે. જે જ્ઞાન તેઓને વારસામાં મળ્યું છે તેમાં વધારો કરવા તેઓએ કાંઈક કરવું જ જોઈએ. વળી, ગુપ્તતાની ભાવના, પિતા તરફથી પુત્રને સુપરત થતી અસરકારક ઓસડની વિધિઓથી એમને ઊંડું દુઃખ થયું છે. એકધારા ઔષધક્રિયાકલ્પ ગ્રન્થોના અને ઔષધોના પ્રમાણભૂતપણાના અભાવથી એમના અભિપ્રાયમાં બીજું મોટું વિઘ્ન ઊભું થાય છે. એક આયુર્વેદિક કૉલેજમાં કેટલાક આયુર્વેદિક મિત્રો પાસેથી જ્યારે એમણે જાણ્યું કે તેઓ અપકવ ઔષધિઓનું પૃથક્કરણ કરી રહ્યા છે, ત્યારે ગાંધીજી બોલી ઊઠ્યા કે "તમે તમારી તૈયાર ચીજોનું પૃથક્કરણ કરીને તમારી તમામ બનાવટો માટે એકધારી શક્તિ કેમ મેળવતા નથી? હું તો તમારી તમામ બાટલીઓ ઉપર તમારા પૃથક્કરણનાં પરિણામો જણાવતાં લેબલો જોવા ઇચ્છું છું." આયુર્વેદમાં વેપારીપણાની ભાવનાથી એમને ત્રાસ થાય છે. "હું એલોપથીની ટીકા કરું છું, કેમકે ગરીબ ગામડિયા માટે એ ખૂબ જ ખર્ચાળ છે. પણ જો આયુર્વેદિક સારવાર પણ ખર્ચાળ બને, તો મારે જવું ક્યાં?" એવી ફરિયાદ એમણે કેટલાક આયુર્વેદિક મિત્રો પાસે કરી હતી. પૂનાની આયુર્વેદિક કૉલેજ પાસે પોતાની જ ઔષધિના છોડનો બગીચો નથી એ જાણીને એમને નિરાશા થઈ હતી. આયુર્વેદિક વૈદ્યો ગામડાંમાં જઈને રહે એવું તેઓ ઇચ્છે છે. સ્થાનિક મેળવી શકાતાં ઔષધોને જ એ વૈદ્યો ઉપયોગમાં લે એવું તેઓ માગે છે. તેઓએ ઔષધોના છોડ ઉગાડવા જોઈએ, અને તબીબી છોડની દૃષ્ટિએ તો દરેક ગામડાને તેમણે સ્વપર્યાપ્ત બનાવવું જોઈએ.

નિસર્ગોપચાર પ્રત્યેની એમની પસંદગી હોવા છતાં ગાંધીજી ઔષધોપચારની કોઈ ખાસ પદ્ધતિને વરેલા નથી. એમને એમ લાગે છે કે માનવશરીર છેવટે તો એક જ હોવાથી એનાં દુઃખોનો ઇલાજ કરવા માટે ઔષધોપચારની એક જ પદ્ધતિ આવવાની જ છે. નિસર્ગોપચારમાંથી કેટલી પ્રમાણમાં આવશે, એલોપથીમાંથી કેટલા પ્રમાણમાં આવશે, અને આયુર્વેદ તથા યુનાનીમાંથી કેટલા પ્રમાણમાં આવશે તે તેઓ જાણતા નથી. પણ રોધક અને ઇલાજાત્મક એવું આ શાસ્ત્ર સંશોધન અને સારવારની માનવપદ્ધતિઓ પૂરતું જ મર્યાદિત રહે એમ તેઓ ઇચ્છે છે. ગમે તેમ, પણ સારવાર ગરીબમાં ગરીબ માણસોની શક્તિબહારની ન હોવી જોઇએ એ જોવા તેઓ સૌથી વધુ આતુર છે. ગરીબ અને તવંગરને એકસરખી રાહત મફત સરકારી તબીબી સેવા મારફત મળે એવું તેઓ ઇચ્છે છે. તેઓ ઇલાજ કરતાં અટકાયતને વધારે પસંદ કરે છે.



વિદ્યાર્થીઓને હાકલ

લેખક : રાલ્ફ રિચાર્ડ કૈથાન

"**વિદ્યાર્થીઓ** ભાવિની આશા છે. દેશના ભાવિ આગેવાનો વિદ્યાર્થીઓમાંથી ઊભા થવાના છે." આવી ગાંધીજીની વ્યક્ત શ્રદ્ધા છે. હિન્દી વિદ્યાર્થીઓને થતો આ મહત્ત્વનો પડકાર છે. ક્રાન્તિ સર્વસ્પર્શી અને સર્વગ્રાહી છે. આપણે એ વિશ્વપ્રવાહમાં છીએ. આપણે આગેકદમ કરવાના છીએ કે સ્વાર્થ, હિંસા, શોષણ અને અન્યાયનાં બળોને ખરાબે આપણે ચડવાના છીએ?

હિંદના વિદ્યાર્થીઓને વિશ્વની એક સૌથી વધુ સમૃદ્ધ સંસ્કૃતિનો વારસો મળે છે. માત્ર ચીની વિદ્યાર્થી પણ એટલો જ નસીબવંતો છે. એની તહેનાતમાં ભૌતિક, માનવ અને આધ્યાત્મિક અગાધ સાધનો છે. અત્યારે હિંદ પોતાના સમૃદ્ધ ભૂતકાળમાંથી આધુનિક સ્વીકૃત લેબાશમાં જે ભેટ આપે, તેના સિવાય બીજા કોઈને માટે પણ વિશ્વ તલસતું નથી. ગાંધીજીએ જે ચીલે પહેલ કરી છે, તેને હિંદી વિદ્યાર્થીઓ પોતપોતાનો ફાળો આપીને સારી રીતે અનુસરી શકે તેમ છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ આત્મનાશ કરી રહી છે, કેમકે પોતાના મતભેદોનું સમાધાન સર્જનાત્મક તેમજ અહિંસક રીતે કરવાની કોઈ યુક્તિ તે હજી સુધી ઉકેલી શકી નથી. આ ક્ષેત્રમાં ગાંધીજીએ સૌથી વધુ હિમ્મતપૂર્વક અને નેકનિષ્ઠાથી પ્રયોગો કર્યા છે. એમનો દેશ ભારે નોંધપાત્ર પ્રમાણમાં એમની સાથે રહ્યો છે. આ અહિંસક લડતમાંથી સૌથી વધુ મહત્ત્વનાં પરિણામો આવવા પામ્યાં છે.

હિંદે પોતાનું સ્વમાન અને ગૌરવ ઊભું કર્યું છે. દેશભરમાં હવે નિષ્ઠાશીલ, રચનાત્મક, રાષ્ટ્ર-વિધાયકોનું મોટું અને મહત્ત્વનું જૂથ મળી શકે તેમ છે. જગતના શ્રેષ્ઠ દેશોમાં હિંદ માનભેર ઊભું રહી શકે છે. માનવજાતના કલહોનો શાન્તિથી ઉકેલ થાય એવા નવા રાહ માટે—જેનાથી નિઃસ્વાર્થ અગ્રગામી માનવતા ઉત્પન્ન કરી શકાય એવી પદ્ધતિ માટે—શાન્તિવાંછુઓ હિંદ તરફ આતુરતાભરી મીટ માંડે છે. આ લાંબા અને કપરા પંથે જવાની આપણે તો શરૂઆતમાત્ર જ કરી છે. નૂતન હિંદના વિધાયકોએ સુપરત કરેલી મશાલને આગળ ધપાવવા માટે શાસ્ત્રીય માનસ અને પદ્ધતિ, નિષ્કામ ફિરસ્તાની હિમ્મત તથા હઠીલા અગ્રદૂતની નિશ્ચલતા અને ધૈર્યવાળા નિષ્ઠાશીલ વિદ્યાર્થીઓની જરૂર છે.

હિંદ સદીઓથી સત્યનું રુક્ષ આરાધક રહ્યું છે. તાજેતરના સૈકાઓમાં પાશ્ચાત્ય જગત જેની શોધ પાછળ પોતાનો આટલો બધો સમય અને શક્તિ ખર્ચી રહેલ છે, તે નર્યા વૈજ્ઞાનિક સત્ય કરતાં હિન્દ માટેનું સત્ય કૈંક વિશિષ્ટ છે. હિન્દની કેળવણીપદ્ધતિ પશ્ચિમની દોરવણીને અનુસરે છે. પણ એને વિશાળતર દૃષ્ટિબિંદુની ખુદ સત્યના વિશાળતર પડકારની જરૂર છે. ગાંધીજી આ તરફ વારંવાર આપણું ધ્યાન દોરે છે. એમને માટે સત્ય અને

ઈશ્વર એક જ છે. હિમાલયના ઋષિ અને આધુનિક વૈજ્ઞાનિક પ્રયોગશાળાના ઋષિ વચ્ચેની સાંકળ અહીં પ્રત્યક્ષ થાય છે. હિન્દ ઝડપી ગતિએ આધુનિક વિજ્ઞાન ભણી વળી રહ્યું છે. મનુષ્યને પોતાનો ધંધો ચલાવવા વધારે સારાં સાધનો મળે એટલા માટે આપણા ભૌતિક ભંડારો પર અંકુશની લાક્ષણિકતાઓને એ વિકસાવી રહેલ છે તે સારી બાબત છે. આમ છતાં, સત્યની શોધને એના સંપૂર્ણ અર્થમાં વણથોભ રીતે મનુષ્ય આગળ ધપાવશે નહિ તો એને એના જીવનકર્તવ્યની ખબર પડશે નહિ; અને આજના યંત્રયુક્ત વિશ્વમાં આટલું બધું સ્પષ્ટ થયું છે તેમ એનાં ઓજારો એના અધમ દુશ્મનો બની જશે. આવા ફલક ઉપર જ આપણે મહાત્માજીએ આપેલા ફાળાનાં મૂલ્ય હંમેશ મૂલવવાં જોઈએ. તેઓ કદીયે કાર્યક્ષમ અને ઉપયોગી ઓજારને ફેંકી દેતા નથી. એમની કલ્પનાના સમાજમાં યંત્રને તેઓએ અમુક ચોક્કસ સ્થાન આપ્યું છે. એમના કહેવાનો તાત્પર્યાર્થ એ છે, કે યંત્ર એવું હોવું જોઈએ કે તમામને એકસરખી રીતે ઉપલબ્ધ બની શકે અને તે મનુષ્યજાતને એનું સાચું જીવન પ્રાપ્ત કરવામાં—એના સત્યની ઝાંખી કરવામાં સાચેસાચ કલ્યાણસાધક હોવું જોઈએ.

ગાંધીજી જો કયારે ય કાંઈ હોય તો તે વૈજ્ઞાનિક તો છે જ, પણ તેઓ નૂતન યુગના વૈજ્ઞાનિક છે; જેમનામાં બન્ને—પાશ્ચાત્ય અને પૌરસ્ત્ય ઋષિના શ્રેષ્ઠ તત્ત્વનો સમન્વય થયેલો છે. એમણે તો માત્ર દિશાસૂચન કર્યું છે. નૂતન દિનની ઝાંખી કરવી એ દીક્ષિત હિન્દી યુવકનું કર્તવ્ય છે.

હિંદ એ મનુષ્યની સત્ય અગર તો ઈશ્વરની અપરાજિત શોધનું ધામ છે. દરેક દેશમાં આરોગ્ય માટે ગટરો હોય છે. ગાંધીજીએ પોતે એક વાર આપણને એની યાદ આપી છે. પણ સૌંદર્ય, શિવ અને સત્યની બાબતમાં હિંદ જેટલો અહોભાગી દેશ ભાગ્યે જ બીજો કોઈ હશે. આ દિવ્યભૂતકાળ વિશે ઘણા ખરા વિદ્યાર્થીઓને બહુ જ થોડી ખબર હશે. જો તેઓ ભારતના સાચા વિદ્યાર્થીઓ હોય તો તેમણે પોતાના જ ભૂતકાળના ઉગમસ્થાનને શોધી કાઢીને એને પોતાનું બનાવી દેવું જોઈએ. ગાંધીજી કરતાં વધારે સર્જનાત્મક રીતે આ કામ બીજા કોઈએ કર્યું નથી.

ઘડીભર-આપણે ભૂતકાળને વીસરી જઈએ. વિદ્યાર્થીઓ સક્રિય હોવાથી તેઓ કુદરતી રીતે જ મૃત નેતાગીરીને નભાવી લે નહિ. હિંદી વિદ્યાર્થીઓ આજના જમાનાને લાયક હોય એવી રાષ્ટ્રીય નેતાગીરીની વાજબી રીતે માગણી કરે છે. પણ તેઓને ખોટા વાતાવરણમાં એવી રીતે કેળવવામાં આવ્યા છે, ઘણાખરા સંયોગોમાં તેઓને એટલી બધી સંપૂર્ણ રીતે પોતાના ભૂતકાળથી વંચિત રાખવામાં આવ્યા છે, કે તેઓની પોતાની જ મહાન નેતાગીરી જેણે એના પોતાના સમૃદ્ધ ભૂતકાળમાંથી આટલું બધું મેળવ્યું છે તેની કદર કરવાનું કદાચ તેઓ માટે મુશ્કેલ બને. પણ ગાંધીજી પોતે જ વિદ્યાર્થીઓને પડકારરૂપ છે; અને ઘણા જમાનાઓ સુધી તેઓ એમ જ રહેશે. આપણને તેઓ જે થવાનું કહે છે તે તેઓ પોતે જ છે.

ગાંધીજીએ હિંદ માટે નવજીવનની માત્ર વાતો જ કરી નથી. વિદ્યાર્થીઓના વર્ગોમાંથી, દ્રવ્યોપાર્જનની ઑફિસોમાંથી તેઓ ગામડામાં ગયા છે; કેમકે હિંદ ત્યાં જ જીવે છે. એમાં જ હિન્દનો ઉદ્ધાર સમાયેલો છે. સેવાગ્રામ એમનું ઘર, એમના કાર્યનું કેન્દ્ર, એમનું આરોગ્યગૃહ,—એમનું સર્વસ્વ બન્યું છે. ગાંધીજી, જેઓ સદાના વિદ્યાર્થી છે, તેમણે એક વિદ્યાર્થીની અદાથી ગામડાંનો અભ્યાસ કર્યો છે. એમણે એના ઘણા પ્રશ્નો, દારિદ્ર, ભૂખમરો, મંદવાડ, અને અનારોગ્ય વગેરે સ્પષ્ટતાપૂર્વક જોયાં. શરૂઆતમાં જ એમને એક પુરાણું, મનુષ્યનું જૂનું ઓજાર હાથ લાગ્યું, જેમાં એમને આ ઘણા અને મોટા પ્રશ્નોનો ઉકેલ દેખાયો. આ ચરખો ગામડાની ઝૂંપડીની લક્કડપટ્ટીમાં અટવાયે જતો હતો. આ સ્થળે હું એવું સૂચન કરીશ કે હિન્દને ગાંધીજીની આ સૌથી વધુ મહાન બક્ષિસ હતી. આધુનિક વિદ્યાર્થીને એમનો આ મહાન પડકાર હતો. સારા વિદ્યાર્થીએ ૧૯૨૦થી આજ સુધીમાં ચરખાએ જે ભાગ ભજવ્યો છે તેનો અભ્યાસ કરવો જોઇએ. ચરખો છે તો મામૂલી સાધન, પણ એણે જાદુઈ અસર કરી છે. માનવહસ્તની કારીગરીના આ પુરાણા પ્રસ્તરણ પર સુંદર કથા લખી શકાય તેવું છે. હું તો જણાવીશ, કે ચરખાનો અભ્યાસ કરો અને વર્તમાન હિંદના ગુરુએ શું આપવાનું છે તેનો તમને ખ્યાલ આવી જશે.

વિદ્યાર્થી કુદરતી રીતે જ શાળા અગર તો કૉલેજમાં હોય છે. શોષણ માટેનાં આ તો માત્ર આધુનિક માનવ–કારખાનાંઓ છે. આપણા વિદ્યાર્થીઓને આ સત્યની જેમ જેમ ઉત્તરોત્તર ઝાંખી થતી જાય છે, તેમ તેમ તેમનામાં હતાશાની જબ્બર લાગણી ફેલાતી જાય છે. માત્ર હકીકત બતાવીને જ ગાંધીજી બેસી નથી રહ્યા. એમણે નૂતન કેળવણીમાં પહેલ કરવાની બીજાઓને પ્રેરણા આપી. આ દિશામાં પોતાના સહકાર્યકરોની સંગાથે એમણે કાર્ય કર્યું છે. તેઓ કહેશે કે, આ ફાળો ગાંધીજીનો જ છે. આજે હિંદ માટે રજૂ થયેલી કેળવણીની સૌથી વધુ મહત્ત્વાકાંક્ષી યોજનામાં ગામડાના નાનકડા વૈજ્ઞાનિકની છાપ પડેલી છે. બેઝિક કેળવણી, જોકે હજીયે રડતું બાળક છે, છતાં નવી ગ્રામશાળા અંગે તેણે હિંદના પ્રત્યેક સહૃદયી કેળવણીકારને ગંભીર રીતે વિચાર કરતો કરી મૂકેલ છે. વિદ્યાર્થીએ આ મહાન અખતરાને આગળ ધપાવવો જોઇએ.

ગાંધીજીનો રચનાત્મક કાર્યક્રમ સંપૂર્ણ છે; અને ભાવિ માટેના પડકારરૂપ છે. હિન્દના પ્રત્યેક સાચા વિધાયકે કરવું જોઇએ તેમ ગાંધીજી ગામડામાંથી જ શરૂઆત કરે છે. એમાં આર્થિક કાર્યક્રમ, કેળવણીનો કાર્યક્રમ, હરિજનો અને સ્ત્રીઓ જેવા હિન્દના તમામ ઉપેક્ષિત સમુદાયોના વિકાસને માટેનો કાર્યક્રમ વગેરે છે.

પણ આમાં ગાંધીજીનો સૌથી વધુ મહત્ત્વનો ફાળો—વિદ્યાર્થીને એમનો સૌથી વધુ મહાન પડકાર—તે તો એમની પદ્ધતિ છે. એમને માટે પદ્ધતિ જ મુખ્ય બાબત છે. અન્યાયની સામે તેઓ ઝઝૂમે છે; અને આપણે પણ નવી રચના કરવા માગતા હોઈએ તો ઝઝૂમવું જ જોઇએ; ગાંધીજી તો આ ઝઝૂમવામાં યે સર્જન કરતા જાય છે. એમાં કોઇ વચગાળાનો અને વિનાશનો ભયંકર ગાળો કે આગામી શાન્તિના દિવસોમાં સર્જનની તૈયારીના સમયનો કોઇ પ્રશ્ન નથી. દુઃખના સ્થાન ઉપર જ મક્કમ રીતે નજર ઠેરવીને, પ્રશ્નનો મૂળભૂત પાયો આપણે પોતે જ છીએ એવી પ્રતીતિપૂર્વક તેઓ આત્મશુદ્ધિના—સંબંધ ધરાવતા તમામની આત્મશુદ્ધિના પાયા ઉપર લડત શરૂ કરે છે. તેઓ ફરીને

પાછા ભૂતકાળમાં પહોંચી ગયા છે, અને પોતાના ઉપયોગ માટે જીવનના એ મહાન સિદ્ધાંતો—સત્ય અને અહિંસાને અપનાવી લીધા છે. એમણે પોતાની આગવી મૌલિકતા અને નાજૂક સ્પર્શથી આ સિદ્ધાન્તોને, આપણે જેને નવી વૈજ્ઞાનિક શોધ કહીશું તે "સત્યાગ્રહ"માં વ્યક્ત કર્યા છે—શોષણ, સ્વાર્થ અને હિંસાના પ્રશ્નો પરત્વે નિઃસ્વાર્થ, આત્મવેદનાયુક્ત કોમનો આ નૂતન અને સર્જનાત્મક ઉકેલ છે. 'મધુર વાજબીપણા'ની આ ક્રાન્તિકારી પદ્ધતિ છે. સત્ય અને ન્યાય જ વિજયી બનશે એવું એમાં મક્કમ આગ્રહીપણું છે. એમણે આપેલી બક્ષિસ તથા આપણા માટેના એના પડકારને પૂરતી રીતે સમજવા માટે છેલ્લાં ૨૫ વર્ષ દરમ્યાન આ સૌથી વધુ બળવાન હથિયારના થયેલા ઉપયોગનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરવો આવશ્યક છે. હવે શરૂ થઇ ચૂકેલો આ મહાન અખતરો જેનાં પરિણામોની રાહ તમામ શાન્તિપ્રેમીઓ આતુરતાપૂર્વક જોઇ રહ્યા છે, તેને આગળ બઢાવવા માટે સમગ્ર જીવન અને શક્તિ ન્યોછાવર કરનારા સંશોધકોનું મોટું દળ ઊભું થવાની જરૂર છે. વિદ્યાર્થીઓ માટેનો કાર્યક્રમ આ રહ્યોઃ—

(૧) ગામડાંને તમારી પ્રયોગશાળા અને કાર્યમથક બનાવો.

(૨) સાચા બ્રહ્મચારીઓ બનો. શરીર, મન અને ભાવનાઓને સુદૃઢ બનાવો. હંમેશાં ઉઘાડે છોગે અને સાચી રીતે કાર્ય કરો. બહાદુર બનો. તમામ શક્તિઓને ઉત્પાદક દિશામાં જોતરો. અભ્યાસપૂર્ણ કાર્યક્રમ મુજબ જીવો અને એક પળ પણ કદી નકામી ન વેડફો. આ રીતે આમાં સર્જનાત્મક અને અગ્રગામી વ્યક્તિત્વનો પાયો રહેલો છે.

(૩) સત્ય અગર ઇશ્વરમાં દૃઢ અને જીવંત શ્રદ્ધા રાખો. સાચી વિનમ્રતા અને આદરની ભાવના કેળવો. રંક અને દરિદ્રોની અથાક, નિઃસ્વાર્થ સેવાની દીક્ષા લો.

(૪) ખાદી કાંતો અને પહેરો. શ્રમનું ગૌરવ શીખો. આર્થિક સ્વાતંત્ર્યને આગે બઢાવો.

(૫) હિંદની એકતા માટે સતત કાર્ય કરો. ટાગોરે આપણને સતત યાદ આપ્યા કરી છે કે 'મનુષ્યજાત એક જ છે' જાતિ અને વર્ગની ભાવનાઓ તથા કાર્યોથી દૂર રહો. રાષ્ટ્રભાષા શીખો અને શિખવો. માતૃભાષાને વફાદાર રહો.

(૬) સહેતુક અને સર્જનાત્મક કેળવણી માટે પ્રયત્નશીલ રહો. અભણ અને અજ્ઞાન લોકોને તમારા શિક્ષણનો લાભ આપો.

(૭) ગામડાંની સ્વચ્છતા, આરોગ્ય અને આબાદી માટે, દારૂનિષેધ માટે અને સુપુષ્ટ રાષ્ટ્ર માટે ક્રિયાશીલ રહો.

(૮) પ્રત્યેક સ્ત્રીને તમારી સમાન—તમારી માતા અગર તો બહેન સમજો અને નૂતન હિંદના પુનર્વિધાનમાં તમારી સહકાર્યકર છે એવી રીતે વર્તો.

(૯) સક્રિય અને જવાબદાર શહેરીઓ બનો. પક્ષિલ રાજકારણમાં અટવાશો નહિ. તમારા દેશના સર્વોત્તમ વિદ્યાર્થીઓ બનશો. કટોકટીના સમયમાં હિંદમૈયાને તમારું સર્વસ્વ અર્પણ કરી દેજો.

તાજેતરમાં ગાંધીજીએ મને કહ્યું હતુંઃ "મેં મારું દૃષ્ટિબિંદુ વિદ્યાર્થીઓ પર જ ઠેરવ્યું છે. જો તેઓ કામ કરવા માગતા હોય, તો તેઓએ શાળા—કૉલેજોમાંથી બહાર આવવું જોઇએ, અને પોતાનો આખો સમય આપવો જોઇએ." આપણે આ પડકાર માટે તૈયાર છીએ?

નવીન સંવિધાન

લેખક : એમ. એલ. દાંતવાલા

ગાંધીજીને મૂડીવાદીઓ સાથે મિત્રાચારીભર્યા સંબંધો હોવા છતાં તેઓ મૂડીવાદી આર્થિક વ્યવસ્થાના ટેકેદાર નથી એમ સ્વીકારી લેવા અનેક લોકો તૈયાર છે. આર્થિક સમાનતા વિષેનો તેમનો આગ્રહ, માલ કે માણસો, "સસ્તા દરે ખરીદવાં" એ મૂડીવાદી શાણપણની પરાકાષ્ઠ સમાન લેખાતા સૂત્રનો ગાંધીજીનો અસ્વીકાર અને ખાનગી મિલકત પરના અધિકારોનો નિષેધ સૂચવતો તેમનો ટ્રસ્ટીપણાનો સિદ્ધાંત, એ સર્વેએ તેમને સમાજવાદી આર્થિક વિચારસરણીની ખૂબ નિકટ લાવી મૂક્યા છે. છતાં તેમની યંત્રવિરોધી વિચારસરણીમાં તેમજ ટ્રસ્ટીપણાના તેમના સિદ્ધાંતમાં ઘણા લોકો હજી સંમત થઈ શકતા નથી.

તેમની યંત્રવિરોધી વિચારસરણીની વાત લઈએ, તો તે સામે એવી દલીલ કરવામાં આવે છે, કે યંત્રકલાની સિદ્ધિઓનો ત્યાગ માનવજાતને નાહક સતત પરિશ્રમ અને દારિદ્રનો ભોગ બનાવશે. યંત્રસંચાલનની વર્તમાન પદ્ધતિનાં બે મોટાં અનિષ્ટો—બેકારી અને આર્થિક અસમાનતાનો તોડ તો યંત્રોના સમાજીકરણથી, કામના કલાકોના ઘટાડાથી અને ભૌતિક વિપુલતાનું ઊંચું પ્રમાણ સતત વધારીને લાવી શકાય. યંત્રો પર સામાજિક માલિકી સ્થપાવાથી આર્થિક અસમાનતાઓ અને શોષણ ટળી જશે એ સ્વીકારવું જોઈએ, પરંતુ શાહીવાદનો કે યુદ્ધોનો આશ્રય લીધા વિના, બેકારી મટાડવાની તેની શક્તિ શંકાસ્પદ છે. ઉદ્યોગીકરણને અપનાવી ચૂકેલા તેમજ તે દિશામાં જઈ રહેલા સર્વ દેશોનો અનુભવ પુરવાર કરે છે કે, અતિ-ઉત્પાદન અને બેકારીના કોયડામાંથી તેઓ છટકી શકતા નથી. ઉત્પાદનના સમાજીકરણ અને સમાન વહેંચણી દ્વારા સમાજવાદ આ કોયડાનો ઉકેલ લાવી શકશે એમ ધારી લઈએ, તો પણ સમાજવાદને વરેલા અને શાંતિચાહક સમાજ સમક્ષ એક વધુ કોયડો, જોકે ભિન્ન પ્રકારનો, ખડો થશે. તે કોયડો નિરંકુશ ઉત્પાદનનો અથવા ફરજિયાત આળસ જેને કર્ણમધુર શબ્દોમાં 'ફુરસદ' તરીકે ઓળખી શકાય તેનો હશે. જો સર્વ સશક્ત સ્ત્રી-પુરુષોને ઉત્પાદન માટેનાં સૌથી છેલ્લી ઢબનાં ઓજારો આપવામાં આવે તો કાં તો માલ, કાં તો ફુરસદ, મૂંઝવી નાખે તેટલી હદે વધી પડશે. માલ કે ફુરસદની વિપુલતામાં મૂંઝાવવા જેવું શું છે એમ અનેક લોકોને લાગશે, પણ અહીં જ તેમની અને ગાંધીજી વચ્ચેનો મૂલગત તફાવત છે. ગાંધીજી જેની ભારપૂર્વક હિમાયત કરે છે તે જીવનફિલસૂફી જોકે બળાત્કારે લદાયલી ગરીબાઈને ચલાવી લેતી નથી, છતાં સાથોસાથ માનવજાતને તે પોતાના સુખ માટે ભૌતિક વિપુલતા પર ઓછો આધાર રાખતી બનાવવા માગે છે.

જગત હજી ય ગરીબાઈમાં ડૂબેલું છે, ત્યારે તેમાં વિપુલતા વિષેની આવી ચિંતા સંશયાસ્પદ અને પ્રતિગામી ન દેખાય તોપણ તે કવેળાની અને અનુચિત દેખાવાનો

સંભવ છે. અહીં જીવનફિલસૂફી અને સામાજિક મૂલ્યોનો પ્રશ્ન આવીને ઊભો રહે છે. મને લાગે છે કે સમાજવાદી વિચારસરણી જો કેવળ ભૌતિક વિપુલતા પરનો પોતાનો આગ્રહ કમી કરશે તો તે વધુ સમૃદ્ધ બનશે, અને યંત્રોનું નિયમન કરવું અનિવાર્ય છે. સમાજવાદી વિચારસરણીએ શાહીવાદનું અને યુદ્ધોનું કેટલુંક વેધક પૃથક્કરણ કરી આપ્યું છે. એ પૂર્વની ફિલસૂફીએ આ પ્રશ્નો અંગે ઊભો કરેલો ઘણો ગૂંચવાડો સ્પષ્ટ કરી આપીને તેણે એ હકીકતને છતી કરી છે કે એ બન્નેના મૂળમાં આર્થિક લાલસા રહેલી છે. જ્યાં સુધી અંગ્રેજ કે જાપાની કુદરતે તેમની પર લાદેલી આર્થિક મર્યાદાઓને અનુકૂળ જીવન ન ઘડે ત્યાં સુધી તેઓ શાહીવાદને કેવી રીતે ખંખેરી શકે? સુવર્ણ માટેનો આ તલસાટ આર્થિક વિપુલતા માટેની આ તૃષ્ણા જ શાહીવાદમાં અને યુદ્ધોમાં ઘસડી જાય છે. એટલે એ બન્નેનો કાયમી ઇલાજ એ છે કે જીવનમાં એવાં મૂલ્યોને રોપવાં જોઇએ કે ભૌતિક વિપુલતાને જ માનવજાત સુખનું એકમાત્ર સાધન ન માની બેસે. આંતરરાષ્ટ્રીય સમાજવાદની અને સુલેહશાંતિની રખેવાળી લાલ સૈન્યો દ્વારા નહિ પરંતુ વાજબી મૂલ્યોથી થવી જોઇએ.

યંત્રકલાની પૂજા એ મૂડીવાદનો અથવા હું એમ કહું કે અમીરવર્ગનો લાક્ષણિક ધર્મ છે. તેના વિના મૂડીવાદ અને તેના ભેરુઓ શાહીવાદ તથા યુદ્ધો પોતાનું અસ્તિત્વ ટકાવી શકે નહિ. ઇંગ્લૅન્ડ જેવો નૈસર્ગિક સંપત્તિમાં ગરીબ દેશ કે જર્મની જેવો હારેલો છતાં લોભી દેશ માત્ર યંત્રકલાની પૂજા દ્વારા જ શ્રીમંત બની શકે. યંત્રકલા જ તેમને શાહીવાદ માટેનાં ઓજારો, ઓછા ખર્ચે ઉત્પન્ન થયેલો નિકાસ માટેનો માલ અને જો શાહીવાદી કૂચનો સામનો થાય તો યુદ્ધ માટેનાં હથિયારો પણ પૂરાં પાડી શકે. ઉદ્યોગોને સમાજવાદી પાયા પર મૂકવાનો પ્રયોગ કરી રહેલા રશિયાને પણ તે જ માર્ગે જવું પડે એ આંતરરાષ્ટ્રીય સમાજવાદની નિર્બળતા છે, તેનું સામર્થ્ય નથી.

મોટાં યંત્રોના ઉપયોગથી બિનકુશળ કામદારોની અને નિષ્ણાતોની એમ બે છાવણીઓ અનિવાર્ય રીતે અસ્તિત્વમાં આવશે, એ દલીલ સાથે હજી પણ ઘણા લોકો સંમત થઇ શકતા નથી. યંત્ર જેમ વધુ મોટું તેમ કાર્યની વહેંચણી વધુ મોટા પ્રમાણમાં થવાની અને ઉત્પાદનની પ્રક્રિયાઓ સંખ્યાબંધ નીરસ, યંત્રવત્ કાર્યોમાં વિભક્ત થઇ જવાની. કાર્લ માર્ક્સે જણાવ્યું છે તેમ 'જો તે યંત્ર માણસની કાર્ય કરવાની એકંદર શક્તિના ભોગે એકપક્ષીય વિશિષ્ટતાને વિકસાવીને સંપૂર્ણતાએ પહોંચાડે છે, તો બીજા હાથે તે એના સર્વાંગી વિકાસના લોપને પણ વિશિષ્ટતાનું રૂપ આપે છે.' મોટા ભાગના કામદારોના જીવનને તે નીરસ, યંત્રવત્ અને કદાચ ડૉ. મેનહીમ જણાવે છે તેમ અતાર્કિક બનાવી મૂકે છે. વધુમાં તે સમાજને, જેમ રાજકારણના ક્ષેત્રમાં વહીવટી તંત્રની જટિલતાને લીધે બન્યું છે તેમ, વ્યવસાયી નિષ્ણાતોની દયા પર જ છોડી દે છે. અને મૂડીવાદને સ્થાને નિષ્ણાતને આપણો માલિક બનાવીએ એટલું જ. પછી તો રાજકારણના ક્ષેત્રની જેમ આર્થિક ક્ષેત્રમાં પણ પ્રજાકીય શાસન મૃગજળ સમાન જ બની જશે.

હવે ટ્રસ્ટીપણાના સિદ્ધાંતની વાત. લોકો આપણા મૂડીવાદીઓનાં અને જમીનદારોનાં કૃત્યો જુએ છે, પોતાના ખભા મચકોડે છે અને બોલી ઊઠે છે કે, 'શું આ અમારા ટ્રસ્ટીઓ બનશે?' આમાં એક મૂલગત ગેરસમજૂતી છે જે દૂર કરવી આવશ્યક છે. આજના મૂડીવાદને કાંઈ આપોઆપ આવતીકાલના ટ્રસ્ટીપદે સ્થાપી દેવામાં નહિ આવે. બન્નેનાં અધિકારો અને બંધનો ભિન્ન પ્રકારનાં છે. મૂડીવાદી જ્યાં સુધી પોતાનું આર્થિક સાર્વભૌમત્વ સંપૂર્ણ રીતે સોંપી દેવાને કબૂલ નહિ થાય ત્યાં સુધી તેને ટ્રસ્ટી તરીકે રાખવામાં નહિ જ આવે. વ્યક્તિગત ઉપયોગ માટે અમુક ટકા ધનને બાદ રાખી તેની માલિકીનો હક્ક, ન તો તે ધનના સ્વતંત્ર ઉપભોગ પર ન તો એના વહિવટ પર રહેશે. શ્રી. કિશોરલાલ મશરૂવાળાને ગાંધીજીના ખ્યાલોના પ્રમાણભૂત પ્રતિનિધિ તરીકે સ્વીકારીએ તો, ટ્રસ્ટીઓનું અંગત ધન કોઈ પણ સંયોગોમાં દેશના સૌથી ગરીબ માણસના ધનથી બારગણા કરતાં વધારે નહિ હોય. આ ફેરફાર જો સમજૂતીથી સિદ્ધ નહિ કરી શકાય તો અહિંસક સામનાથી સિદ્ધ કરવામાં આવશે. આ રીતે નૂતન સમાજ હેઠળ તેની તે જ વ્યક્તિઓ પોતાના આર્થિક સ્થાન પર ચાલુ રહે કે ન યે રહે, પરંતુ અત્યારના મૂડીવાદી વર્ગના હક્કો કે અધિકારો તો નિઃશંક ચાલુ નહિ જ રહે. આજનો મૂડીવાદી જો ધનની માલિકીમાંથી પોતાને આજે મળી રહેલા પ્રચંડ અધિકારોને ફગાવી દેવા સંમત થશે તો જ તેને ટ્રસ્ટી થવાની પરવાનગી આપવામાં આવશે. મૂડીવાદીને ટ્રસ્ટીમાં પલટાવવાના કાર્યમાં તેના મૂડીવાદી અધિકારોની ફારગતીનું આ પગલું સમાયેલું છે, તે ટીકાકારોના ધ્યાન બહાર રહેવાને કારણે ઘણી જ ગેરસમજૂતી પેદા થયેલી છે.

મહાત્માજી અને જાણીતા પત્રકાર લુઈ ફિશર વચ્ચેનો નીચેનો સંવાદ આ સંબંધમાં ઉદ્બોધક નીવડશે. સવિનયભંગની કાર્યપદ્ધતિની સમજૂતી આપતાં ગાંધીજીએ જણાવ્યું હતું કે, "ખેડૂતો કરવેરા આપવાનું બંધ પાડશે....તેમનું બીજું પગલું જમીનોનો કબજો લેવાનું હશે."

"હિંસા દ્વારા?" લુઈ ફિશરે પૂછ્યું.

"કદાચ હિંસા થાય, પરંતુ જમીનમાલિકો યે તેમને સહકાર આપે ખરા."

"તમે આશાવાદી છો." ફિશરે કહ્યું.

"જમીનમાલિકો પલાયન કરી જાય અને તે રીતે સહકાર આપે," એવો રમૂજી ઉત્તર ગાંધીજીએ આપ્યો હતો. વાર્તાલાપનો સંક્ષેપ કરતાં, ફિશરે ગાંધીજીને કહ્યું કે, "ત્યારે એનો અર્થ તો એ થયો કે જમીનોનો બદલો આપ્યા વિના જ તે લઈ લેવામાં આવશે?" ત્યારે ગાંધીજીએ તેને બડાલ રાખતાં કહેલું કે "અલબત્ત, જમીનમાલિકોને બદલો આપવો આર્થિક દૃષ્ટિએ તો અશક્ય જ હશે."

ગાંધીજીનાં આવાં સુસ્પષ્ટ નિવેદનો છતાં ય કેટલાક એવા પ્રસંગો આવે છે જ્યારે ગાંધીજીના આ પ્રશ્ન પરના મંતવ્ય વિષે ઘણી અસ્વસ્થતા અનુભવવી પડે છે. દૃષ્ટાંત

સંભવ છે. અહીં જીવનફિલસૂફી અને સામાજિક મૂલ્યોનો પ્રશ્ન આવીને ઊભો રહે છે. મને લાગે છે કે સમાજવાદી વિચારસરણી જો કેવળ ભૌતિક વિપુલતા પરનો પોતાનો આગ્રહ કમી કરશે તો તે વધુ સમૃદ્ધ બનશે, અને યંત્રોનું નિયમન કરવું અનિવાર્ય છે. સમાજવાદી વિચારસરણીએ શાહીવાદનું અને યુદ્ધોનું કેટલુંક વેધક પૃથક્કરણ કરી આપ્યું છે. એ પૂર્વેની ફિલસૂફીએ આ પ્રશ્નો અંગે ઊભો કરેલો ઘણો ગૂંચવાડો સ્પષ્ટ કરી આપીને તેણે એ હકીકતને છતી કરી છે કે એ બન્નેના મૂળમાં આર્થિક લાલસા રહેલી છે. જ્યાં સુધી અંગ્રેજ કે જાપાની કુદરતે તેમની પર લાદેલી આર્થિક મર્યાદાઓને અનુકૂળ જીવન ન ઘડે ત્યાં સુધી તેઓ શાહીવાદને કેવી રીતે ખંખેરી શકે? સુવર્ણ માટેનો આ તલસાટ આર્થિક વિપુલતા માટેની આ તૃષ્ણા જ શાહીવાદમાં અને યુદ્ધોમાં ઘસડી જાય છે. એટલે એ બન્નેનો કાયમી ઇલાજ એ છે કે જીવનમાં એવાં મૂલ્યોને રોપવાં જોઇએ કે ભૌતિક વિપુલતાને જ માનવજાત સુખનું એકમાત્ર સાધન ન માની બેસે. આંતરરાષ્ટ્રીય સમાજવાદની અને સુલેહશાંતિની રખેવાળી લાલ સૈન્યો દ્વારા નહિ પરંતુ વાજબી મૂલ્યોથી થવી જોઇએ.

યંત્રકલાની પૂજા એ મૂડીવાદનો અથવા હું એમ કહું કે અમીરવર્ગનો લાક્ષણિક ધર્મ છે. તેના વિના મૂડીવાદ અને તેના ભેરુઓ શાહીવાદ તથા યુદ્ધો પોતાનું અસ્તિત્વ ટકાવી શકે નહિ. ઇંગ્લેન્ડ જેવો નૈસર્ગિક સંપત્તિમાં ગરીબ દેશ કે જર્મની જેવો હારેલો છતાં લોભી દેશ માત્ર યંત્રકલાની પૂજા દ્વારા જ શ્રીમંત બની શકે. યંત્રકલા જ તેમને શાહીવાદ માટેનાં ઓજારો, ઓછા ખર્ચે ઉત્પન્ન થયેલો નિકાસ માટેનો માલ અને જો શાહીવાદી કૂચનો સામનો થાય તો યુદ્ધ માટેનાં હથિયારો પણ પૂરાં પાડી શકે. ઉદ્યોગોને સમાજવાદી પાયા પર મૂકવાનો પ્રયોગ કરી રહેલા રશિયાને પણ તે જ માર્ગે જવું પડે એ આંતરરાષ્ટ્રીય સમાજવાદની નિર્બળતા છે, તેનું સામર્થ્ય નથી.

મોટાં યંત્રોના ઉપયોગથી બિનકુશળ કામદારોની અને નિષ્ણાતોની એમ બે છાવણીઓ અનિવાર્ય રીતે અસ્તિત્વમાં આવશે, એ દલીલ સાથે હજી પણ ઘણા લોકો સંમત થઇ શકતા નથી. યંત્ર જેમ વધુ મોટું તેમ કાર્યની વહેંચણી વધુ મોટા પ્રમાણમાં થવાની અને ઉત્પાદનની પ્રક્રિયાઓ સંખ્યાબંધ નીરસ, યંત્રવત્ કાર્યોમાં વિભક્ત થઇ જવાની. કાર્લ માર્ક્સે જણાવ્યું છે તેમ 'જો તે યંત્ર માણસની કાર્ય કરવાની એકંદર શક્તિના ભોગે એકપક્ષીય વિશિષ્ટતાને વિકસાવીને સંપૂર્ણતાએ પહોંચાડે છે, તો બીજા હાથે તે એના સર્વાંગી વિકાસના લોપને પણ વિશિષ્ટતાનું રૂપ આપે છે.' મોટા ભાગના કામદારોના જીવનને તે નીરસ, યંત્રવત્ અને કદાચ ડૉ. મેનહીમ જણાવે છે તેમ અતાર્કિક બનાવી મૂકે છે. વધુમાં તે સમાજને, જેમ રાજકારણના ક્ષેત્રમાં વહીવટી તંત્રની જટિલતાને લીધે બન્યું છે તેમ, વ્યવસાયી નિષ્ણાતોની દયા પર જ છોડી દે છે. અને મૂડીવાદને સ્થાને નિષ્ણાતને આપણે માલિક બનાવીએ એટલું જ. પછી તો રાજકારણના ક્ષેત્રની જેમ આર્થિક ક્ષેત્રમાં પણ પ્રજાકીય શાસન મૃગજળ સમાન જ બની જશે.

હવે ટ્રસ્ટીપણાના સિદ્ધાંતની વાત. લોકો આપણા મૂડીવાદીઓનાં અને જમીનદારોનાં કૃત્યો જુએ છે, પોતાના ખભા મચકોડે છે અને બોલી ઊઠે છે કે, 'શું આ અમારા ટ્રસ્ટીઓ બનશે?' આમાં એક મૂલગત ગેરસમજૂતી છે જે દૂર કરવી આવશ્યક છે. આજના મૂડીવાદને કાંઈ આપોઆપ આવતીકાલના ટ્રસ્ટીપદે સ્થાપી દેવામાં નહિ આવે. બન્નેનાં અધિકારો અને બંધનો ભિન્ન પ્રકારનાં છે. મૂડીવાદી જ્યાં સુધી પોતાનું આર્થિક સાર્વભૌમત્વ સંપૂર્ણ રીતે સોંપી દેવાને કબૂલ નહિ થાય ત્યાં સુધી તેને ટ્રસ્ટી તરીકે રાખવામાં નહિ જ આવે. વ્યક્તિગત ઉપયોગ માટે અમુક ટકા ધનને બાદ રાખી તેની માલિકીનો હક્ક, ન તો તે ધનના સ્વતંત્ર ઉપભોગ પર ન તો એના વહિવટ પર રહેશે. શ્રી. કિશોરલાલ મશરૂવાળાને ગાંધીજીના ખ્યાલોના પ્રમાણભૂત પ્રતિનિધિ તરીકે સ્વીકારીએ તો, ટ્રસ્ટીઓનું અંગત ધન કોઈ પણ સંયોગોમાં દેશના સૌથી ગરીબ માણસના ધનથી બારગણા કરતાં વધારે નહિ હોય. આ ફેરફાર જો સમજૂતીથી સિદ્ધ નહિ કરી શકાય તો અહિંસક સામનાથી સિદ્ધ કરવામાં આવશે. આ રીતે નૂતન સમાજ હેઠળ તેની તે જ વ્યક્તિઓ પોતાના આર્થિક સ્થાન પર ચાલુ રહે કે ન યે રહે, પરંતુ અત્યારના મૂડીવાદી વર્ગના હક્કો કે અધિકારો તો નિઃશંક ચાલુ નહિ જ રહે. આજનો મૂડીવાદી જો ધનની માલિકીમાંથી પોતાને આજે મળી રહેલા પ્રચંડ અધિકારોને ફગાવી દેવા સંમત થશે તો જ તેને ટ્રસ્ટી થવાની પરવાનગી આપવામાં આવશે. મૂડીવાદીને ટ્રસ્ટીમાં પલટાવવાના કાર્યમાં તેના મૂડીવાદી અધિકારોની ફારગતીનું આ પગલું સમાયેલું છે, તે ટીકાકારોના ધ્યાન બહાર રહેવાને કારણે ઘણી જ ગેરસમજૂતી પેદા થયેલી છે.

મહાત્માજી અને જાણીતા પત્રકાર લુઈ ફિશર વચ્ચેનો નીચેનો સંવાદ આ સંબંધમાં ઉદ્બોધક નીવડશે. સવિનયભંગની કાર્યપદ્ધતિની સમજૂતી આપતાં ગાંધીજીએ જણાવ્યું હતું કે, "ખેડૂતો કરવેરા આપવાનું બંધ પાડશે....તેમનું બીજું પગલું જમીનોનો કબજો લેવાનું હશે."

"હિંસા દ્વારા?" લુઈ ફિશરે પૂછ્યું.

"કદાચ હિંસા થાય, પરંતુ જમીનમાલિકો યે તેમને સહકાર આપે ખરા."

"તમે આશાવાદી છો." ફિશરે કહ્યું.

"જમીનમાલિકો પલાયન કરી જાય અને તે રીતે સહકાર આપે," એવો રમૂજી ઉત્તર ગાંધીજીએ આપ્યો હતો. વાર્તાલાપનો સંક્ષેપ કરતાં, ફિશરે ગાંધીજીને કહ્યું કે, "ત્યારે એનો અર્થ તો એ થયો કે જમીનોનો બદલો આપ્યા વિના જ તે લઈ લેવામાં આવશે?" ત્યારે ગાંધીજીએ તેને બકાલ રાખતાં કહેલું કે "અલબત્ત, જમીનમાલિકોને બદલો આપવો આર્થિક દૃષ્ટિએ તો અશક્ય જ હશે."

ગાંધીજીનાં આવાં સુસ્પષ્ટ નિવેદનો છતાં ય કેટલાક એવા પ્રસંગો આવે છે જ્યારે ગાંધીજીના આ પ્રશ્ન પરના મંતવ્ય વિષે ઘણી અસ્વસ્થતા અનુભવવી પડે છે. દૃષ્ટાંત

તરીકે શ્રીમંતો સાથેના ગાંધીજીના ગાઢ સંબંધો અંગે ટીકાકારોને તાજેતરમાં જવાબ આપતાં ગાંધીજીએ એમ કહ્યાનું જણાવાયું છે કે તેઓ શ્રીમંતો સાથેના તેમના સંબંધો દ્વારા એ શ્રીમંતોના ધનનો ઉપયોગ માનવકલ્યાણનાં કાર્યોમાં કરાવવા માગે છે. ગાંધીજીના આવા ઉદ્ગારો આ વર્ગને નૈતિક પ્રતિષ્ઠા અપાવે છે, પરંતુ એ ધન ભેગું કરવા માટે લેવાયલા માર્ગો પર દૃષ્ટિપાત કરીએ તો તેમાંના અનેકો આવી નૈતિક પ્રતિષ્ઠા માટે નાલાયક ઠરશે. વ્યક્તિએ પોતાના ધનનો ઉપયોગ કરવા માટેની નીતિ તેની સમક્ષ ધરવી તે પૂરતું નથી. ધન પ્રાપ્ત કરવામાં પણ તેને સહાયરુપ નીવડે તેવું નૈતિક ધોરણ રચવું પણ તેટલું જ આવશ્યક છે, કારણ કે એક વસ્તુ ચોક્કસ છે કે કોઈ પણ વ્યક્તિ માનવતાનાં મૂલ્યોનો ભંગ કર્યા વિના ધનના પ્રચંડ ઢગલા પ્રાપ્ત કરી શકતી નથી. ધનનો ઉપયોગ કરવા માટેનાં ધ્યેયો પર જ ભાર મૂકે પરંતુ તેવું ધન પ્રાપ્ત કરવા માટેના માર્ગો દર્શાવવામાં મૌન સેવે તેવી આર્થિક વિચારસરણી દોષયુક્ત નહિ, તો અપૂર્ણ તો છે જ.

ગાંધીવાદી ફિલસૂફીનો પાયો એ છે કે તે વ્યક્તિ પર ભાર મૂકે છે અને કેવળ સંસ્થાઓ મારફત નવરચના સાધવાની શકયતામાં તે અવિશ્વાસ ધરાવે છે. અનેક વિચારકોના અભિપ્રાય મુજબ આ જ તેનો સૌથી મોટો દોષ છે. વ્યક્તિને સુધારીને તે દ્વારા સમાજને સુધારવાનો પ્રયત્ન અદ્ભુતરમ્ય, આદર્શવિહારી અને અવૈજ્ઞાનિક લેખાય છે. આવો પ્રયાસ ‘નૈતિક માણસ અને અનૈતિક સમાજ’ની અસંગતતા જન્માવશે એમ કહેવાય છે. આવી જ ભૂલ કરી રહેલા રસ્કિન, સેન્ટ સાઈમન અને ફુરીઅર જેવા આદર્શવિહારીઓ અને અદ્ભુતરમ્યતાવાદીઓના હાથમાંથી સમાજવાદને માર્કસે અને ઐતિહાસિક સંપ્રદાયે બચાવી લીધો હતો. તેમની દલીલ એ હતી કે માણસોને તો પરિસ્થિતિ ઘડે છે, તેથી સંસ્થાઓ પર ભાર મૂકવો જોઈએ, નહિ કે વ્યક્તિઓ પર.

પરંતુ સર્વ સુધારાઓ તથા ક્રાન્તિઓનો અનુભવ આપણને શીખવે છે કે ખ્યાલોનું મોત અનેક વાર સંસ્થાઓમાં થયું છે. લોકશાહીનું અવસાન પાર્લમેન્ટોમાં થયું અને સમાજવાદનું અવસાન સામ્યવાદી પક્ષમાં થયું. માનવજાતની આ બે આશાઓની થયેલી અવદશાએ તેમજ સંસ્થાઓમાં ઉતારવા જતાં વિપરીત બની જતા તેમના સ્વરૂપે, માણસોને ભાન કરાવવું જોઈએ કે સંસ્થાગત ઉપાયોની મર્યાદા કેવી હોય છે. આપણે ઘણી વાર ભૂલી જઈએ છીએ કે નવી અને વધુ સારી સંસ્થાઓ માટે નવા અને વધુ સારા માણસો આવશ્યક બને છે.

ગાંધીજીની ફિલસૂફીમાંથી સંસ્થાગત ઉપાયો પ્રત્યેનો આવો અણવિશ્વાસ ટપકે છે. ગાંધીજીની યોજનાઓમાં, જેમકે ટ્રસ્ટીપણાની યોજનામાં સંસ્થા કરતાં વ્યક્તિ પર વિશેષ આધાર રાખવામાં આવ્યો છે. ગાંધીવાદી સમાજનો પ્રેરણાસ્રોત બનશે નૂતન મનુષ્ય. આપણે ‘હૃદયપલટા’ વિષે આટલું બધું સાંભળીએ છીએ તેનો મર્મ પણ એ જ છે. તે સિદ્ધ ન થાય ત્યાં સુધી કોઈ પણ ક્રાન્તિ સંપૂર્ણ બનતી નથી. તેના વિના પણ ક્રાન્તિ

થાય પરંતુ પ્રગતિ નહિ. અને આખરે તો હૃદય સાથે કામ પાડવાનું આવે છે તેથી જ તમારે તિરસ્કાર (બંદૂકની ગોળી) સહિત નહિ પરંતુ પ્રેમ (અહિંસા) સહિત ધપવું જોઇએ. પ્રશ્ન એ છે કે નવાં મૂલ્યોને તમે કોની દ્વારા અસરકારક બનાવી શકશો? નવી સંસ્થાઓ દ્વારા કે નવા માણુસો દ્વારા? ગાંધીજીના સમાજમાં નૂતનસમાજનું સંચાલન કરવાની પ્રાથમિક જવાબદારી માણુસો પર રહેશે અને ખ્યાલોને સંસ્થાઓ ભરખી ન જાય તેથી સામાજિક યંત્રરચના શક્ય તેટલી સરળ રાખવાનો આશય રખાયો છે.


માણુસને કેવળ યંત્રસંચાલિત મનુષ્યની જેમ, રોબોટની જેમ પ્રતિક્રિયાત્મક કાર્ય કરનારો બનાવી મૂકનાર પ્રક્રિયાને 'વૈજ્ઞાનિક નિર્લેપતા' ગણી તેની પર ખૂબ આસક્તિ ધરાવનારાઓને, સંસ્થાઓ પરથી ઉલટાવીને વ્યક્તિઓ પર મુકાતો આ ભાર પીછેહઠ કરાવનારો દેખાવાનો સંભવ છે. પરંતુ કલ્યાણુ કે અકલ્યાણુ કરવાની માણુસની પ્રચંડ શક્તિ સમજનારાઓ તો પુનર્ઘટનાના હથિયાર તરીકે વિચારો, વ્યક્તિઓ અને સંસ્થાના નવા સમન્વયની જ ભલામણુ કરી રહ્યા છે.

હડમજલ અને કૂચ

લેખક : એમ. ચલપતિરાવ

ઈ. સ. ૧૯૧૩ના ઑક્ટોબરમાં સેંકડો હિંદી સ્ત્રીપુરુષો અને બાળકો દિવસમાં એક વાર જેવુંતેવું ભોજન લેવાની પ્રતિજ્ઞા લેનાર એક નાની દૂબળીપાતળી વ્યક્તિની સરદારી નીચે નાતાલમાં આવેલા ન્યૂકેસલ શહેરમાં એકઠા થયા હતા. તેમનો મોટો ભાગ નાતાલના ઉત્તર ભાગના ખાણિયાઓનો હતો અને પોતાના પર તેમજ પોતાની સ્ત્રીઓ અને દીકરા–દીકરીઓની સ્વતંત્રતા પર નાખવામાં આવેલા ૩ પૌંડના કર સામે વિરોધ દર્શાવવા તેઓ હડતાળ પર ઊતર્યા હતા. એમને કશાં ઘરબાર નહોતાં, કારણ કે તેમના માલિકોએ પૂરી પાડેલી કોટડીઓનો તેમણે ત્યાગ કર્યો હતો અને કપડાંલત્તાં તથા પથારી સિવાય બીજો કશો સરસામાન તેમની પાસે નહોતો. છાપરા તરીકે આકાશ, સૂવા માટે ખુલ્લું મેદાન તથા પોતાના નેતામાં શ્રદ્ધા એ જ એમની પાસે રહ્યાં હતાં. —અને સદ્‌ભાગ્યે એ નેતા હતા ગાંધીજી. એ દિવસોમાં સુધ્ધાં એમનામાં ચીવટ તથા એમની દૃષ્ટિમાં નિઃશંકતા અને સંતોષ રહેલાં. જમીનનો એક નાનો ટૂકડો અને નાનું મકાન ધરાવતા મધ્યમવર્ગના એક હિંદીને ત્યાં એમણે આશ્રય મેળવેલો. એ મકાન ધર્મશાળા બની ગયેલું અને ચૂલાને તો રાતદિવસ જંપ નહોતો મળતો. રુક્ષ હવામાનમાં કીચડભર્યો માર્ગ કાપતા વધુ ને વધુ માણસો આવી લાગતા હતા. થોડા જ સમયમાં મેદની હજારોની સંખ્યા પર પહોંચી ગઈ અને તેમાંના કેટલાક તો પહેલાંના ગુનેગારો હતા. પરંતુ કશું અવનવું બનવા નહોતું પામ્યું અને દિવસો શાંતિથી પસાર થયે ગયા હતા. એ બધાંને ક્યાં વસાવવા અને ખવડાવવા એનો ગાંધીજીને વિચાર થઇ પડ્યો. એનો એક રસ્તો જણાતો હતો. એ શ્રદ્ધાળુ યાત્રીઓને સત્યાગ્રહના સૈનિકોમાં શા માટે ન ફેરવી નાખવા? એ ‘સૈન્ય’ને ટ્રાન્સવાલ લઈ જઈને જેલ અપનાવતા અથવા તો ભલા કેલનબેક જ્યાં સઘળી જરૂરી વ્યવસ્થા કરી આપે તેમ હતું એ ટૉલ્સ્ટૉયફાર્મ પર ઠરીઠામ થતા શા માટે ન બનાવવા? પરંતુ સૈન્યસંખ્યા હવે લગભગ ૫૦૦૦ જેટલી હતી, રેલભાડા માટે પૈસા નહોતા અને ટ્રાન્સવાલની સરહદ તો દૂર રહેલી. ગાંધીજીએ પગપાળા જ કૂચ કરવાનો નિર્ણય કર્યો.

એ ઐતિહાસિક પ્રસંગ માટે ગાંધીજી લખે છે, “મારું દિલ મજબૂત બનાવ્યા સિવાય બીજો કોઈ માર્ગ નહોતો.” ખાણિયાઓ સાથે તેમનાં સ્ત્રીબાળકો પણ હતાં, પરંતુ તેમાંનું કોઈ પાછું ખાણો પર જાય તેમ નહોતું. કૂચના નિયમો વાંચી બતાવવામાં આવ્યા. દરેક સૈનિકદીઠ રોજની દોઢ રતલ બ્રેડ તથા એક ઔંસ ખાંડનું માપ રાખવામાં આવ્યું હતું. જરૂરી હોય તે કરતાં વધુ કપડાં કોઈએ રાખવાનાં નહોતાં, કે રસ્તે બીજા


DANDI MARCH
RAILWAY
AHMEDABAD
BARODA
KATHIRWAD
DANDI

કોઈની માલિકીની ચીજને હાથ અડાડવાનો નહોતો. એમણે ગિરફ્તારીને વધાવી લેવાની હતી અને ગાળફિસાદ કે ફટકા સુધ્ધાં શાંતિથી સહી લેવાનાં હતાં. ઑક્ટોબરની ૨૮મીએ કાફલાએ પોતાની મજલ શરૂ કરી અને સરહદ પર આવેલા હજારેકની વસતિવાળા ચાર્લ્સટન ગામે સૌ સહીસલામત પહોંચી ગયાં. ગામમાં માત્ર સ્ત્રીબાળકોનો સમાસ થઈ શક્યો, જ્યારે બાકીનાઓએ ખુલ્લામાં છાવણી નાખીને પોતાનું વાળઝૂડનું કામ પોતે કરી લેવા માંડયું. ન્યૂકેસલથી નવા મજૂરો આવી લાગ્યા અને રસોડું ચોવીસે કલાક ચાલુ રહેવા લાગ્યું. ભોજનની માપબંધીમાં હવે દાળ અને ભાતનો સમાવેશ થયો. પરંતુ હજુ ભૂખ્યા ચહેરા નજરે પડતા હતા અને મોદીખાનું મર્યાદિત હતું. ગાંધીજી રસોયાઓના નેતા બન્યા અને ભોજન પીરસવાનું બેકદર કાર્ય સ્વીકાર્યું. કાં તો દાળમાં ખૂબ પાણી રહેતું અથવા તો રસોઈ કાચી રહેતી, છતાં સૈન્ય એ આનંદથી આરોગી જતું. ગેરશિસ્ત કે ગેરમિજાજનું નામ નહોતું જણાતું. રેલમાર્ગે કે પગવાટે મજૂરોનો પ્રવાહ હજુ ચાલુ જ રહ્યો હતો. ઉગ્ર હિંમતપૂર્વક નીકળેલી બે સ્ત્રીઓ એમનાં બાળકો રસ્તામાં મરી જવા છતાં છાવણી પર આવી લાગેલી. ગાંધીજીએ સરકારને તાર કર્યો કે કૂચ કરનારાઓ ટ્રાન્સવાલની સરહદ પર પહોંચે ત્યાર પહેલાં તેમને ચાર્લ્સટન મુકામે પકડી શકાય તેમ હતું. અઠવાડિયા સુધી તેનો કશો જવાબ ન આવ્યો. સૈન્યને નવી સૂચનાઓ આપવામાં આવી. ટૉલ્સ્ટૉયફાર્મ પર પહોંચી જવાય અથવા તો રસ્તામાં ગિરફ્તાર થવાય ત્યાં સુધી તેમણે રોજના ૨૦થી ૨૪ માઈલનો પંથ કાપવાનો હતો.

નવેમ્બરની તા. ૬ ઠ્ઠી ની સવારે છ વાગ્યે ૨૦૩૭ પુરુષો, ૧૨૭ સ્ત્રીઓ અને ૫૭ છોકરાંઓએ પ્રાર્થના કરીને 'પ્રભુને નામે' કૂચ શરૂ કરી દીધી. ચાર્લ્સટનથી એક માઇલ દૂર સરહદને નાકે ઘોડેસવાર પોલિસ ફરજ પર રહેલી. પોતે સંજ્ઞા કરે ત્યારે સરહદ ઓળંગવાની સૈન્યને સૂચના કરીને ગાંધીજી તેમની પાસે પહોંચ્યા. પરંતુ એ હજુ પોલિસના માણસો સાથે વાતચીત કરી રહ્યા હતા ત્યાં જ ફાટ્યાંતૂટ્યાં વસ્ત્રોમાં સજ્જ હિંદીઓ હર્ષનાદ કરતા સરહદની બીજી બાજુએ આવેલા ફોક્સરૂસ્ટમાં ધસી ગયા. પોલિસે એમની ધરપકડ ન કરી. થોડી જ વારમાં સઘળું વ્યવસ્થિત થઇ ગયું અને ટ્રાન્સવાલમાંની કૂચ શરૂ થઇ. ફોક્સરૂસ્ટની શેરીઓમાંથી સરઘસ પસાર થઇ રહ્યું હતું, ત્યારે પણ હિંસાનો ભય બતાવી ચૂકેલા યુરોપિયનોએ કશું વિઘ્ન ઊભું નહોતું કર્યું. બીજા આઠ માઇલ વધારે, અને સાંજે તો યાત્રીગણ પાત્રનફર્ડ પહોંચી ગયો. પોતાનું નજીવું માપબંધ ભોજન લઈને સૌએ ખુલ્લી હવામાં પથારો કરી દીધો. કોઇ વાતો કરવા લાગ્યું તો કોઇ ભજનો લલકારવા લાગ્યું. પરંતુ કેડે છોકરાં સાથે આવેલી કેટલીક સ્ત્રીઓ થાકી ગઇ હોઇને તેમને એક હિંદી દુકાનદારને ત્યાં પાછળ રહેવા દેવામાં આવેલી. રાતને પહોરે ગાંધીજીને પકડવામાં આવ્યા. પરંતુ સવારમાં કૂચ ચાલુ જ રહી અને જામીન પર છૂટેલા ગાંધીજી તેમને આવી મળ્યા. સ્ટેન્ડરટન મુકામે એમની ફરી ધરપકડ થઇ; પરંતુ ફરી જામીન પર છોડવામાં આવ્યા. અને ભાગ્યે સૌ ત્રણેક માઇલ આગળ વધ્યા હશે ત્યાં તો તેમને જઇ મળ્યા.

પહેલેથી નિયત થયા મુજબ કાર્યક્રમ ચાલુ હતો. તેઓ જોહાનિસબર્ગ નજીક આવી લાગ્યા હતા અને માત્ર ચાર જ દિવસનો પંથ કાપવાનો રહ્યો હતો. એમનો જુસ્સો વધુ ને વધુ ઊંચે ચડતો હતો અને સરકાર વધુ ને વધુ ચિંતાતુર બનતી હતી. હિંદમાંથી ગોખલેજીએ મોકલેલા મિ. પોલાક, તા. ૯ મી નવેમ્બરે ટીકવર્થ મુકામે તેમને આવી મળ્યા. ચાર દિવસમાં ગાંધીજી ત્રીજી વખત ગિરફ્તાર થયા અને તેમને હાઈડેલબર્ગ લઈ જવામાં આવ્યા. સૈન્યની સરદારી પોલાકે લીધી. ગ્રેલિંગસ્ટાડ મુકામે રાતનો પવન ફુંકારતો હતો અને તેઓ વરસતા વરસાદમાં પડ્યા હતા, ત્યાં તેમને ખબર મળ્યા કે તેમની ધરપકડનો સંપૂર્ણ બંદોબસ્ત થઈ ગયો હતો. બીજી સવારે તેઓ ત્રણ કલાકમાં ૧૩ માઇલ દૂર આવેલા બાલ્ફર ગામે પહોંચ્યા, જ્યાં ત્રણ ખાસ ટ્રેનો જોડી રાખવામાં આવેલી. છેવટે તેમને નાતાલમાં હદપાર થવાનું હતું. પરંતુ તેમણે ધૃષ્ટ બનીને પોતાની વચ્ચેની પેલી નાની દૂબળીપાતળી વ્યક્તિની માગણી કરી, અને એ જો ટ્રેનમાં બેસી જવાની સલાહ આપે તો જ તેમ કરવાનું જણાવ્યું. પોલાકે સમજાવટથી કામ લેવા માંડયું અને ઘરબાર-વિહોણા, ધંધાધાપાવિહોણા અને હવે તો નેતાવિહોણા પણ એ ૨૦૦૦ નમ્ર વીરોએ અંતે ટ્રેનમાં ચડવાનું કબૂલ્યું. રસ્તામાં જબરી મુસીબત અને જેલમાં લાચારી એમને ભોગવવી પડી. ગાંધીજી બ્લોએમફોન્ટેઇનમાં, કેલનબેક પ્રીટોરિયામાં અને પોલાક જર્મિન્સ્ટનમાં—એમ એમના મુખ્ય નેતાઓ જેલવાસી બન્યા હતા. આખા યે નાતાલમાં આપમેળે હુલ્લડો થયાં અને હિંદમાંથી પણ વિરોધ દર્શાવવામાં આવ્યો. પરંતુ યાત્રા સંપૂર્ણ થઈ હતી અને અંતે યાત્રીઓ વિજયી થયા. ૩ પૌંડનો કર કાઢી નાખવામાં આવ્યો. સત્યને એક મહાન વિજય સાંપડ્યો.

૨૦ વર્ષ રહીને હિંદના વિશાળ પ્રદેશમાં એથી યે વધુ સુભાગી કૂચ થવાની હતી. પરંતુ ટ્રાન્સવાલના રસ્તે જાગરણની આ ઉત્સુક ઘડીઓથી આરંભીને, જીવન એ ગાંધીજીને માટે એક લાંબી કૂચ બની ગયેલ છે. આત્મબળ એની પોતાની વ્યૂહરચના કરતું ગયું અને ફિનિક્સ વસાહત તથા ટૉલ્સટૉય ફાર્મ, સાબરમતી તથા સેવાગ્રામ એ તો સત્યની આગેકૂચના માત્ર વિસામા જ રહ્યા છે. દક્ષિણ આફ્રિકાથી હિંદમાં પોતાનું અંતિમ આગમન થતાં ગોખલેજીને આપેલા વચનાનુસાર ગાંધીજી ઈ. સ. ૧૯૧૫ માં દેશના પ્રવાસે ઊપડ્યા. પોતાની તેમજ દેશની કાયાપલટનો એ પ્રવાસ હતો. હાર્દિક સ્વાગતો, ભવ્ય સમારંભો અને એવાં બીજાં માનદર્શક ચિહ્નોથી એ ચલિત ન થયા. એમનો ઉદ્દેશ તો દેશનું યથોચિત જ્ઞાન મેળવવાનો હતો, પરંતુ એનું પરિણામ દેશ માટેના શિક્ષણમાં આવ્યું. ખાનગી મંડળીઓનો જ્યારે પ્રચાર હતો ત્યારે કલકત્તાના વિદ્યાર્થીઓ સમક્ષ માર્ચ મહિનામાં એમણે હત્યાપ્રવૃત્તિને ધિક્કારી કાઢી. એપ્રિલ મહિનામાં બ્રિટિશ લૉ ડિનર સમક્ષ બ્રિટિશ સામ્રાજ્યની ખુશબખ્તી વાંછીને 'બંડ ઉઠાવવાનો હક્ક' એ બ્રિટિશ નાગરિકનો કદી ઝૂંટવી લઈ ન શકાય એવો અધિકાર હોવાની જાહેરાત કરી. મદ્રાસમાં એમણે જણાવ્યું કે વિદેશી શાસન બરદાસ્ત કરવામાં હિંદે કદી વિદેશી સંસ્કૃતિથી સોદો નહોતો કર્યો. માયાવરમ્ મુકામે એમણે સમાજસુધારા તથા સ્વદેશીનો પ્રશ્ન છેડ્યો અને ગુરુકુલમાં હિંદીમાં વ્યાખ્યાન

આપીને એમણે નવો આદર્શ ખડો કર્યો. ઈ. સ. ૧૯૧૫ની સાલનાં એમનાં ભાષણો અહિંસા, અસ્પૃશ્યતાવિરોધ, સ્વદેશી, હિંદી અને બંડના અધિકારના બોધના કહ્યાં છે, જે બોધ ૩૦ વર્ષ થયાં જરા યે સ્થગિત નથી બન્યો.

ઈ. સ. ૧૯૧૬ માં દેશને ત્યારપર્યંત અજ્ઞાત એવા છાજતા ગૌરવ અને ભાષાસંયમ સહિત એમણે યોજના ઘડી કાઢી. મદ્રાસ મુકામે જાહેર પ્રજાને એમણે સમાજસેવા પર, મિશનરીઓને સ્વદેશી પર અને વિદ્યાર્થીઓને પોતાના સત્યાગ્રહ આશ્રમ પર ભાષણો આપ્યાં. ડિસેમ્બરની ૨૨ મી એ અલ્લાહાબાદ મુકામે એમણે 'આર્થિક વિરુદ્ધ નૈતિક પ્રગતિ' નામક એક ચુનંદું ભાષણ આપ્યું. એક કાર્યપ્રાણ પુરુષ તરીકે એમની પહેલવહેલી પિછાણ બિહારને થઈ. ચંપારણ્યની લડત ટૂંકી છતાં અકસીર હતી. જિલ્લા મેજિસ્ટ્રેટની પ્રદેશ છોડી જવાની નોટિસ સામે એમણે તેમ કરવાને પોતે અશક્ત હોવાનો જવાબ આપ્યો. 'મારો ઇરાદો કેવળ અને એકમાત્ર માહિતીની સામાન્ય તપાસનો છે.' ૧૯૧૭ ની સાલ ખૂબ ધમાલભરી હતી. ગુજરાતમાં એમણે પોતાની લાક્ષણિક કુશાગ્રતાપૂર્વક કૉંગ્રેસ-લીગ એકતાની મહાન વિનતિનું કાર્ય હાથ ધર્યું. ખેડા જિલ્લામાં પડેલો દુકાળ તેમને ગામડાંના અંતઃપ્રદેશ સુધી લઈ ગયો. આ સમયે એમને એટલું બધું કામ રહેતું કે 'ઇન્ડિયન ઓપીનિયન'ને લખેલા એક પત્રમાં તેમણે જણાવેલું: "અદમ્ય રીતે હું અનેક પ્રવૃત્તિઓમાં ખેંચાઈ ગયો છું....એમને અને સ્થાનિક રોજિંદા પત્રવહેવારને હું ભાગ્યે જ પહોંચી વળું છું. મારો અરધો સમય તો હિંદી ટ્રેનોમાં જાય છે."

ટ્રેનોનો એ પ્રવાસ અને ગામડાંની દડમજલ હજુ એથી યે વધારે થવાનાં હતાં. રોલેટ બિલ સામેની એમની ચળવળ એમને મુંબઈ, અલ્લાહાબાદ, મદ્રાસ, તાંજોર અને ઠેઠ નેગાપટમ્ સુધીની ઊડતી મુલાકાતોએ લઈ ગઈ. સભાઓ બહુ જંગી હતી, પણ એમની સ્ફૂર્તિ યે અપૂર્વ હતી. હિંસાના સ્ફોટે એમને પશ્ચાત્તાપકારક મનોદશામાં મૂકી દીધા. ફરી ને ફરી વાર એ કહેતા રહેતા: "આ સત્યાગ્રહ નથી." પરંતુ એ સ્તબ્ધતા ક્ષણિક હતી. સત્યાગ્રહની વ્યૂહરચનામાં ઈ. સ. ૧૯૨૦ના જૂનની ૧૨મીએ લૉર્ડ ચેમ્સફર્ડને લખાયેલા પત્રમાં પ્રદર્શિત અસહકારની ચળવળ એ કદાચ સૌથી ઉત્તેજક લડત હતી. કૉંગ્રેસની કલકત્તાની બેઠકમાં એમનો નૈતિક વિજય થયા પછી એમની કૂચ અદમ્ય બની. કૉંગ્રેસ અને ખિલાફત સંસ્થાઓ એમના હાથમાં હતી. અલી બિરાદરોનો એમને સંગાથ હતો. રેંટિયા અને ગાંધીટોપીની સંજ્ઞાવાળા નવા પંથની સામુદાયિક દીક્ષાનો એ પ્રવાસ હતો. વખતના વહેવા સાથે સામાન્ય થઈ પડેલી નોંધપાત્ર યોજનાઓ પહેલી જ વાર પ્રત્યક્ષ થઈ. ગાંધીજી અને એમની મંડળી, વરસતા વરસાદમાં બિહારના એક ગામડામાં પહોંચેલી ત્યારે ગાંધીજીને શોધતી આવેલી એક વૃદ્ધ સ્ત્રીએ જણાવેલું: "મહેરબાન, હું હવે એકસો ને ચારની વયે પહોંચી છું અને આંખે પણ ઝાંખપ વળી છે. મેં કેટલાં યે તીર્થોની યાત્રા કરી છે. મારા પોતાના ઘરમાં પણ મેં બે દેવમંદિરો રાખ્યાં છે. રામ અને કૃષ્ણ આપણા અવતારો છે. એ રીતે ગાંધીજી પણ એક અવતાર હોવાનું હું સાંભળું છું.

એમને જોયા વિના મોત પણ મારી સામે નહિ ઢૂકે." હિંદના કરોડોને આ સરળ શ્રદ્ધા હલાવી રહી હતી અને માત્ર એક નામ તરીકે જ ન રહેતાં જીવંત મૂર્તિરૂપ બની ગયેલા મહાત્માને પ્રેમનો અત્યાચાર સહી લેવો પડ્યો. આસામમાં એમણે ૨૫૦૦૦ ની મેદની સમક્ષ નિઃસંકોચપણે જણાવી દીધું કે તેઓ માત્ર એમને સાંભળી લઈને ઘેર ભેગા જ થવા માગતા હતા કે પછી સ્વરાજ માટે કાર્ય કરવા માગતા હતા? પચીસ હજાર અવાજો એમને વીંટી વળ્યા કે: 'અમે તમને કદી અમારાથી છૂટા પડવા નહિ દઈએ.' જો તેઓ સંનિષ્ઠ હોય તો તેમને વિદેશી કાપડ છોડી દેવાનું ગાંધીજીએ જણાવ્યું. અને એ પછી જબરી હોળી થવા પામી.

એ લાંબો, કંટાળાભર્યો છતાં વિજયી પ્રવાસ ઠેર ઠેર વિદેશી કાપડની હોળીઓથી જ્વલંત બન્યો. પ્રજામાં આત્મવશતાની ભાવના ફરી વળી હતી. લોકો સવારથી સાંજ સુધી એમની રાહ જોતા રહેતા, ગામડાંના દૂરદૂરના રહેવાસીઓ રસ્તા પરનાં સ્ટેશનોએ ઊભા રહીને રાત્રે ગાંધીજીનાં દર્શન સારુ ટૉર્ચ લાઈટ પણ લેતા આવતા. એ રીતે એ અલીગઢથી દિબ્રુગઢ અને પછી ઠેઠ તિન્નેવલ્લી સુધી ગામડેગામડે અને શહેરેશહેરે, કોઈ વાર તો મંદિરો ને મસ્જિદોમાં ભાષણો આપતા ફરી વળ્યા. દોડતી ટ્રેનમાં ત્રીજા વર્ગના એક ખૂણે ભરાઈને કાગળો લખતા અથવા તો તરેહવાર મેદનીથી તદ્દન નિર્લિપ્તપણે એકાદ ખુલ્લા પ્લેટફૉર્મ પર ઊંઘ ખેંચી કાઢતા પણ નજરે પડે. બારિસાલની વેશ્યાઓ, કલકત્તાના મારવાડી વેપારીઓ, ઉડિયા મજૂરો, રેલવે હડતાળિયાઓ, ખાદીની ચાદરોની ભેટ ધરવા ઉત્સુક સંથાલો—સર્વે પર એમનું લક્ષ રહેતું. આંધ્રનો ચરાળુવેરો, મલબારનું મોપલાબંડ વગેરે સ્થાનવિશિષ્ટ પ્રશ્નો પણ હતા. વળી, બંગાળીઓ આવા સુખવસ્તુ કેમ બની ગયા હતા, તામિલો દક્ષિણ આફ્રિકામાં સારા કાર્યકરો હોવા છતાં ખાદી અપનાવવામાં આટલા મંદ કેમ હતા, વગેરે પ્રશ્નો પણ એમને મૂંઝવતા. ગાંધીજીએ આ પ્રવાસમાં દુઃખદ આત્મનિરીક્ષણના પરિણામે લંગોટી અપનાવી. આખો દેશ રોમાંચિત, ચકિત અને સ્તબ્ધ બની ઊઠ્યો. મહાન બનાવોના ભણકારા વાગવા માંડ્યા.

ઈ. સ. ૧૯૨૨–૨૪ માં એમણે વેઠેલાં કષ્ટો અને કસોટીઓ પણ ગાંધીજીને આત્મસંતોષ ન આપી શકયાં. ૧૯૨૪ ના ડિસેમ્બરમાં બેલગામ કૉંગ્રેસમાં એમણે પોતાની શ્રદ્ધાનું પુનઃસમર્થન કર્યું: "સત્યાગ્રહ એટલે સત્યની શોધ, અને સત્ય એટલે ઈશ્વર. અહિંસા એ સત્યનો મને સાક્ષાત્કાર કરાવતો પ્રકાશ છે. સ્વરાજ એ સત્યનું એક અંગ છે.... તમારા જિલ્લાઓમાં ઘૂમો, ખાદી તથા હિંદુ–મુસ્લિમ એકતાના સંદેશનો પ્રચાર કરો અને દેશના તરુણોને હાથમાં લઈને તેમને સ્વરાજના સાચા સૈનિકો બનાવો." ત્યારપછી તરત જ ઈ. સ. ૧૯૨૫ માં એમણે પ્રાસ્તાવિક પ્રવાસ માથે લીધો. કાઠિયાવાડનાં ગામડાંઓમાં હજુ અંધશ્રદ્ધા પ્રવર્તતી હોઈને તેઓ ત્રીજી વાર ત્યાં ગયા. અસ્પૃશ્યો પોતાની ફરિયાદો સાથે એમને ઘેરી વળ્યા અને સારું જેવું આશ્વાસન મેળવ્યું; પરંતુ તેમની સામે એમની પોતાની પણ ફરિયાદ હતી. 'મુડદાલ માંસ છોડી દો અને કાંતવા

માંડો' તેમને એમણે તાકીદ આપી. માંગરોળ મુકામે એમને સાંભળવા માટે હરિજનોને જુદા ખૂણે બેસવા દેવાને બદલે પોતે સભાસ્થાન છોડી જવાને તત્પર એવા સનાતનીઓને એમણે આગ્રહ કરી રાખ્યો. નાની નાની દૃષ્ટાંતકથાઓ, વાર્તાઓ અને ઉપાલંભો દ્વારા ગાંધીજીએ ત્યાં એવો તો માનસપલટો આણ્યો કે એક જૈન ગૃહસ્થના ઘરમાં ઢેડ ભજનિકોએ ભજન ગાયાં અને ખુદ બ્રાહ્મણ ધર્માચાર્યોએ હરિજનો માટે સભાઓ ભરવા માંડી. મે અને જૂનમાં ગાંધીજીએ બંગાળનાં ગામડાંની મુલાકાત લીધી અને ત્યાંની પરિસ્થિતિ સંતોષકારક જણાઈ. કોમિલ્લાએ જાહેર સંબોધનોનું નવું જ ધોરણ ઊભું કર્યુંઃ "સેંકડે બે ટકા ખાદી પહેરે છે, છ ટકા મિલની ખાદી પહેરે છે, વીસ ટકા અરધી ખાદી અને અરધી મિલની ખાદી પહેરે છે, બે ટકા દરરોજ કાંતે છે...." એમ એ આગળ ચાલતું જ રહેતું, અને ગાંધીજીને આ હકીકતો આગળ ધરવામાં આહ્‌લાદ આવતો. સ્વપ્નસિદ્ધિના એ દિવસોમાં તેમને મુખેથી જાજ્વલ્યમાન અને લાગણીભર્યા શબ્દોનો સ્રોત વહેતોઃ "હિંદની ગુલામી એ કર્કશમાં કર્કશ ખાદી કરતાં પણ વધુ કર્કશ છે, એ સમજી લો. હિંદની દરિદ્રતા એ ચટગાંવની કર્કશમાં કર્કશ ખાદી કરતાં યે અનંતગણી કર્કશ છે." ચટગાંવના શહેરીઓને એમણે જણાવેલું. બાગરા જિલ્લામાં તો, મહાત્મા ગાંધી કોણ છે એની પણ જેમને જાણ નહોતી એવી, મુસ્લિમ કોમની સાત વર્ષની છોકરીઓથી માંડીને એંશી વર્ષની વૃદ્ધાઓ ૫૦૦ વાર લેખે સૂતર કાંતતી એમણે સાહ્‌લાદ જોઇ. એ ત્રાવણકોર અને કોચીન ગયા તથા ત્યાંની પ્રજાને અસ્પૃશ્યતા તથા દારૂના અનિષ્ટ બદલ ઠપકો આપ્યો. યુક્તપ્રાંતોમાં જઈને ત્યાંના લોકોને સંસ્કૃતમય હિંદી અને ફારસીમય ઉર્દૂ બદલ ઠપકો આપ્યો. શાંતિનિકેતનમાં રવીન્દ્રનાથ ટાગોરના જ્યેષ્ઠબંધુ બડાદાદાએ ગાંધીજીના પ્રવાસનો પ્રભાવ આ શબ્દોમાં સમાવિષ્ટ કરેલોઃ "આપનો વિરોધ કરનાર સૌ કોઇ સમય બુદ્‌બુદોની પેઠે અદ્રશ્ય થઇ જશે. સત્યનો જય થશે!"

ચાર વર્ષની પૂર્વતૈયારી પછી ઈ. સ. ૧૯૨૯ સુધીમાં દેશમાં નવો પ્રાણ આવી લાગ્યો અને મહાત્મા ગાંધીજીએ લડતની ભયસંજ્ઞા રજૂ કરીઃ "સ્વાતંત્ર્ય માટે જ નિર્મિત થયેલા માનવીએ ભયંકર જોખમો વહોરીને સર્વ કંઈ હોડમાં મૂકવું જોઇએ." સર્વત્ર અભાવની લાગણી પ્રસરેલી હતી અને ધારાસભાઓમાંની માત્ર ચર્ચાઓથી લોકો તંગ બની ગયા હતા. ઈ. સ. ૧૯૩૦ ના માર્ચની ૨ જીએ ગાંધીજીએ રેજિનાલ્ડ રેનોલ્ડ્સ મારફત વાઈસરોય પર ૧૧ મુદ્દાઓનો આહ્‌વાનપત્ર મોકલાવ્યોઃ "આ અનિષ્ટોના નિવારણમાં તમને તમારો માર્ગ ન સૂઝતો હોય અને મારો પત્ર આપના હૃદયને જરા પણ સ્પર્શી શકતો ન હોય, તો પછી માર્ચની ૧૧ મી તારીખે મારાથી લઈ શકાશે તેવા આશ્રમના સહકારીઓને સાથે લઈને મીઠાના કાયદાનો ભંગ કરવા હું ઊપડીશ." વાઈસરોયનો જવાબ ઉડાઉ, ટૂંકો અને લાગણીશૂન્ય હતો. ગાંધીજીએ લખ્યુંઃ "ઘૂંટણિયે પડીને મેં રોટી માગી અને એને બદલે હું પથ્થર પામ્યો." માર્ચની ૧૧ મીએ સાબરમતીને કાંઠે એમણે પોતાનો 'છેલ્લો સંદેશ અને કરાર' આપ્યોઃ "આપણો મુદ્દો મજબૂત છે, આપણાં સાધનો વિશુદ્ધ છે અને પ્રભુ આપણી સાથે છે. સત્યાગ્રહીઓ સત્યનો ત્યાગ

ન કરે ત્યાં સુધી તેમને માટે કશો પરાજય નથી. આવતી કાલે શરૂ થનાર લડતની સફળતા માટે હું પ્રાર્થું છું."

સત્ય પુનઃ એક વાર વિજયપ્રસ્થાને ઊપડયું અને દાંડી આખી દુનિયામાં ખ્યાત બની ગયું. ગાંધીજીએ ન્યૂકૅસલના ખાણિયાઓને દોરેલા એવું દિઙ્મૂઢ, તૈયારી વિનાનું કે પંચભેળ ટોળું આ વખતે નહોતું. આશ્રમમાં બળિયાનો ઉપદ્રવ છતાં રસી મુકાવવા એમણે ન દીધી હોઈને સમય બહુ કસોટીનો તથા વેદનાપૂર્ણ હતો. પરંતુ સત્યાગ્રહીઓની પસંદગીમાં એમણે ખૂબ કાળજી રાખી. મુશ્કેલી કંઈ જેવીતેવી ન હતી. અનેકો કટિબદ્ધ બનેલા પણ થોડાકની જ પસંદગી થઇ. સ્ત્રીઓ પણ તેમાં જોડાવા ઉત્સુક હતી, પરંતુ ગાંધીજીએ તેની ના પાડતાં કરેલી દલીલ તેમને ગળે ઊતરી ગઈ: "પ્રતિસ્પર્ધીનો મારે ખ્યાલ કરવો જોઇએ. સ્ત્રીઓને જો આપણે મોખરામાં મૂકીએ તો સરકાર આપણા પર જે શિક્ષા લાદે તે લાદતાં કદાચ અચકાય. પહેલા જથ્થામાં સ્ત્રીઓનો સમાવેશ કરવાની વિરુદ્ધ મને નિર્ણય કરવા પ્રેરતી સ્ત્રીસંમાનની કોમળ ભાવના રહેલી છે." મીરાંબેન અને રેજિનાલ્ડ રેનોલ્ડ્સ, બુઝુર્ગ ઈમામસાહેબ અને મહાદેવ દેસાઈ, 'વધુ મહત્ત્વના અને અત્યંત પવિત્ર કાર્ય' આશ્રમની પ્રવૃત્તિઓનું સંચાલન કરવા માટે પાછળ રહેવાનાં હતાં. માર્ચની ૧૨ મી તારીખના 'યંગ ઇંડિયા'માં, ૬૧ વર્ષના ગાંધીજીથી માંડીને ૧૬ વર્ષના કુમારો સુધીના લગભગ આશ્રમમાંના જ સઘળા એવા ૭૯ સત્યાગ્રહીઓની યાદી પ્રસિદ્ધ થઇ. ખાદીવિદ્યાર્થીઓ, ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતકો, અસ્પૃશ્ય વણકરો, બ્રહ્મદેશના એક માજી ટપાલી, એક દુગ્ધાલયનિષ્ણાત, એક રંગકામના શિક્ષક, એક તંત્રી, આશ્રમના ચર્માલયના નિયામક એક સંસ્કૃત વિદ્વાનનો એમાં સમાવેશ થતો હતો. દિવસાનુદિવસ ગાંધીજી પોતાનો કાર્યક્રમ સમજાવતા, પ્રશ્નોના ઉત્તર આપતા તથા સવારની પ્રાર્થનામાં પોતાનો આદેશ સંભળાવતા રહ્યા. આશ્રમના મુલાકાતીઓનો પાર નહોતો રહ્યો અને વૃત્તનિવેદકોએ પ્રાર્થનાસ્થાનની પવિત્રતાનું પણ અતિક્રમણ કર્યું હતું. ક્રાન્તિકારી પક્ષ તરફથી 'કૉમરેડ ગાંધી'ને પોતાની અહિંસા સાધી જોવાને ત્રણ વર્ષનો સમય આપતો એક સરહસ્ય પત્ર આવેલો. એક જર્મન ડૉકટરે પોતે ચીતરેલા એક સુંદર ચિત્ર સાથે આવો પત્ર મોકલાવેલો કે, "દૂરદૂરના જર્મનીમાં એક વિનમ્ર સહયાત્રી તેમના માટે અને તેમના કાર્ય માટે સવાર–સાંજ પ્રાર્થના કરી રહેલ છે." જોન હાન્સ હોમ્સ તરફથી ન્યૂયોર્કથી મળેલો એક સંદેશો જણાવતો હતો: "પ્રભુ તમારું રક્ષણ કરે." ગાંધીજીની તોળાઇ રહેલી ગિરફતારી અને દેશપારી બદલ સતત અફવાઓ ઊડતી રહેલી. માર્ચની ૧૧ મીએ સાંજની પ્રાર્થનાના સમયે જનમેદની લગભગ દસ હજાર પર પહોંચેલી.

માર્ચની ૧૨ મીની સવારે છ વાગ્યે પોતાના ૭૯ સત્યાગ્રહીઓ સાથે ગાંધીજીએ આખા જગતનું લક્ષ જે પર મંડાયેલું એ દાંડીની ઐતિહાસિક કૂચ શરૂ કરી. જબરી મેદની તેમની સંગાથે થઇ. માઇલોના માઇલો સુધી રસ્તે પાણી છાંટવામાં આવેલું અને તોરણો બાંધવામાં આવેલાં. ધજાપતાકાઓથી એકાદ ઉત્સવ જેવો દેખાવ થઈ રહ્યો. સરઘસને મોખરે હાથમાં લાકડી સાથે ગાંધીજીએ ત્વરિત ડગલાં ભરવા માંડ્યાં.

મોતીલાલ નેહરુ એક સંદેશામાં કહી ઊઠ્યાઃ "રામચંદ્રની લંકા પરની ઐતિહાસિક કૂચની માફક દાંડીની કૂચ અવિસ્મરણીય બની રહેશે." પ્રફુલ્લચંદ્ર રાયે "હઝરત મુસાની દોરવણી નીચે નિર્વાસન કરતા ઇસરાએલીઓ" તરીકે તે ઓળખાવી. ખેડા જિલ્લાનાં ગામડાંઓમાંની સત્યાગ્રહીઓની દડમજલ તાપ અને રેતીને લઈને બહુ વસમી બનેલી. અસલાલી મુકામે ગાંધીજીએ જણાવ્યું કે મીઠાવેરો પાછો ખેંચી લેવામાં ન આવે ત્યાં સુધી પોતે આશ્રમમાં ફરી પગ મૂકવાના નહોતા. લોકોનાં ટોળાંનો ઉત્સાહ એવો તો જબરો હતો કે કૂચના પ્રારંભ પછીના ચાર દિવસે પણ નડિયાદ મુકામે ગાંધીજીને મળતાં મહાદેવ દેસાઈને મુશ્કેલી પડેલી. સાંજના છ વાગ્યા હતા અને સંતરામના પ્રસિદ્ધ દેવાલય બહારની ખુલ્લી જગામાં હજારોની મેદની ઊમટી પડેલી. ગાંધીજી કાર્યકરો સાથે વાર્તાલાપ કરતા ઉપરને માળે હળવી ચંપી કરાવી રહ્યા હતા. "મને લાગે છે કે સ્થાનો વચ્ચેના અંતરની ગણતરીમાં તમે ભૂલ કરી છે. શરૂઆતમાં રોજના દસથી બાર માઈલ કરતાં વધુ મજલ ખેડવાનો મારો ઇરાદો નહોતો, છતાં આપણે રોજના પંદર માઇલ ખેડી રહ્યા છીએ." દર અઠવાડિયે સોમવારે વિશ્રાંતિનો દિવસ રાખવાનો એમણે નિર્ણય કર્યો. મંડળીના બેત્રણ સભ્યોને થાકની અસર જણાયેલી અને તેમને ગાડાનો ઉપયોગ કરવો પડેલો. "ઈશ્વરેચ્છા હશે તો આખી મજલ પગે જ કરવાનો મારો ઇરાદો છે." ગાંધીજીએ જણાવ્યું, "મારો મનોભાવ અમરનાથ કે બદરીનાથના યાત્રાળુ સમો છે." વધુ ચર્ચા પછી કાર્યક્રમ ફેરવવામાં આવ્યો. ગાંધીજીની સ્ફૂર્તિ આ સમયે આશ્ચર્યકારક હતી. તેલને અભાવે નાનો શો દીવો ઠરી ગયો હોય છતાં કોઈને જગાડ્યા વિના સવારના ચાર વાગ્યે ચાંદનીના પ્રકાશમાં કાગળો લખતા તે નજરે પડતા.

માર્ચની ૨૯ મી તારીખે, સૂરત જિલ્લામાં આવેલા ભાતગામ મુકામે પોતે જેને આત્મનિમજ્જિત ગણાવેલું એવું ભાષણ ગાંધીજીએ આપ્યું. સ્થાનિક કાર્યકરોએ મોટરલોરીમાં સૂરતથી દૂધ મંગાવેલું, રાતની સફર માટે સ્ટૂલ પર એક કિટ્સન બત્તી ઉપાડવા માટે મજૂરની જોગવાઇ કરેલી અને બીજું કેટલુંક ખર્ચ કરેલું. ગાંધીજીએ તેમને સખત ઠપકો આપ્યોઃ "જે કંઈ મારી જાણમાં આવ્યું છે તે પરથી વાઇસરોયના દરમાયા પર ટીકા કરવાનો મને શો અધિકાર છે? આ કંઈ પૈસા વડે લડવાની લડત નથી." કૂચ ચાલુ રહી અને સંદેશનો ધ્વનિ વધુ સ્પષ્ટ અને વધુ દૃઢ બનતો ગયો. નવસારી મુકામે પારસીઓને એમણે દારૂ છોડી દેવાને હૃદયસ્પર્શી વિનતિ કરી. મહાસભાના પ્રમુખ જવાહરલાલ નેહરુએ 'યંગ ઇંડિયા'માં એક ઉત્સાહપૂર્ણ નોંધમાં લખ્યું: "આજે એ યાત્રી પોતાના લાંબા યાત્રાપથે આગેકૂચ કરી રહેલ છે. નિર્મળ દૃષ્ટિ અને દૃઢ પગલે, હાથમાં લાકડી સાથે ગુજરાતના ધૂળિયા રસ્તે એ આગળ ધપ્યે જાય છે...." મંડળીના અઢાર સભ્યોને ભરૂચ સેવાશ્રમ મુકામે બે દિવસની વિશ્રાંતિ લેવી પડેલી. બળિયાનો પણ એક હળવો કેસ બનેલો. એમાંના એકને થોડો સમય તાવ રહેલો. પરંતુ મંડળીમાંના બાકીના બધા હેમખેમ હોઈને રોજ કૂચ કરતા રહેલા. ૫ મી એપ્રિલે દાંડી પહોંચી જવાયું. ૨૦૦ માઇલની કૂચનો અંત આવ્યો.

બીજે દિવસે પ્રાર્થના પછી ગાંધીજી પોતાના સ્વયંસેવકોને દરિયાકિનારે લઈ ગયા, મીઠાના કાયદાનો ભંગ કર્યો અને આખા દેશને તેમ કરવા પડકાર કર્યો. ત્યારપછી જે અદ્‌ભુત સંગ્રામ ચાલ્યો તેનો બરાબર જેવો જોટો તો, ગાંધીપ્રણીત સત્યાગ્રહના લાંબા અને તરેહવાર ઇતિહાસમાં પણ મળે તેમ નથી. રોજેરોજ આજુબાજુનાં ગામડામાં જઈને સવિનયભંગનો આદેશ એ આપતા રહ્યા. દરમિયાનમાં કૂચનું સંક્ષિપ્ત વર્ણન, લાંબીટૂંકી તંત્રીનોંધો તથા કાર્યકરોને વિગતવાર સૂચનાઓ દર અઠવાડિયે 'યંગ ઈંડિયા' ને મોકલતા રહેતા. "ઈ. સ. ૧૯૨૦ ના તથા અત્યારના પડકાર વચ્ચેનો ભેદ મને સમજાવવા દો. ૧૯૨૦ નો પડકાર એ તૈયારી માટેનો પડકાર હતો. જ્યારે અત્યારનો પડકાર એ અંતિમ સંગ્રામ માટેનો છે." સંગ્રામના સાપ્તાહિક સમાચારો થોકબંધ આવી રહ્યા હતા. સરકારી દમન પણ વધુ તીવ્ર, વધુ ઘાતકી હતું. ગાંધીજીએ 'ગુંડારાજ' ના શીર્ષક નીચે એક લેખ લખ્યો. "ડાયરવાદ પણ આની પાસે કંઇ વિસાતમાં નથી. પ્રજાનું કર્તવ્ય સ્પષ્ટ છે. તેમણે આ વ્યવસ્થિત ગુંડાબાજીનો જવાબ જબરા કષ્ટસહનથી વાળવાનો છે." સર્વત્ર સવિનયભંગ પછી ગોળીબાર તથા લાઠીમાર પ્રવર્ત્યાં હતાં. ગાંધીજીનો પોતાનો પ્રત્યાઘાત ધારાસણા મુકામે મીઠાના કાયદાના વધુ નિશ્ચિત સ્વરૂપે ભંગમાં જણાઇ આવ્યો. વાઇસરોય માટે નોટિસ તૈયાર થઇ. બહુ ભયંકર સંગ્રામ—લડતની પરાકાષ્ઠારૂપ સંગ્રામ જામવાનો હતો.

પરંતુ મેની ૪ થીએ બહુ વિચિત્ર રીતે ગાંધીજીની ધરપકડ થઈ. બપોરે ૧૨–૪૫ વાગે સૂરતનો જિલ્લા મેજિસ્ટ્રેટ, પિસ્તોલસહિત બે હિંદી પોલિસ અફસરો અને બંદૂકધારી ત્રીસેક પોલિસો ગાંધીજી અને સત્યાગ્રહીઓ જ્યાં ઊંઘતા હતા એ નાનાસરખા શાંત પ્રાંગણમાં એકાએક છાનામાના આવી ચડ્યા અને સૌને ઘેરી લીધા. બ્રિટિશ અફસર ગાંધીજીની પથારી સુધી પહોંચીને તેમના પર ટૉર્ચલાઈટનો પ્રકાશ ફેંક્તો બોલ્યોઃ "મોહનદાસ કરમચંદ ગાંધી તમે જ?" "તમને મારી જરૂર છે?" ગાંધીજીએ નમ્રપણે પૂછ્યું અને પછી જણાવ્યું, "મહેરબાની કરીને મને શૌચ પૂરતો સમય આપો." એ સામે કશો વિરોધ બતાવવામાં ન આવ્યો. ગાંધીજી દાતણ કરી રહ્યા હતા ત્યાં સુધી અફસરો હાથમાં ટાઇમપીસ લઈને તેમના પર ચોકી રાખી રહ્યા હતા. સ્વયંસેવકો પોતાના નેતાની આસપાસ વીંટળાવા લાગ્યા કે પોલિસે કૉર્ડન કરી લીધું. થોડી જ વારમાં કૉર્ડન હટાવી લેવામાં આવ્યું અને સ્વયંસેવકોને તેમની કને જવાની છૂટ થઈ. ઈ. સ. ૧૯૨૨માં જે 'સેક્શન સમ્રાટ' હેઠળ તેમની ધરપકડ થઇને 'મહાન મુકદ્દમો' ચાલેલો એને કદાચ યાદ કરતાં ગાંધીજીએ પૂછ્યું, "મિ. જિલ્લા મેજિસ્ટ્રેટ, મને ક્યા આરોપ હેઠળ પકડવામાં આવે છે એ હું જાણી શકું ખરો? ૧૨૪મા સેક્શન હેઠળ તો નહિ?" "ના, ૧૨૪મા સેક્શન હેઠળ નહિ. મારી પાસે લિખિત ફરમાન છે." મેજિસ્ટ્રેટે જવાબ આપ્યો. "મારી સમક્ષ એ વાંચી બતાવવામાં કંઈ વાંધો નથી ને?" ગાંધીજીએ પૂછ્યું. મેજિસ્ટ્રેટે તે વાંચી સંભળાવ્યું. ઈ. સ. ૧૮૨૭ ના ૨૫ મા રેગ્યુલેશન હેઠળની એ ધરપકડ હતી. લગભગ એક વાગવા આવ્યો હતો. ગાંધીજીએ પોતાને જરૂરી થોડોઘણો સરસામાન બાંધી લીધો અને પત્રો એક સ્વયંસેવકને








સોંપી દીધા. "મહેરબાની કરીને પ્રાર્થના માટે મને થોડીક વધુ મિનિટો આપો" તેમણે માગ્યું અને એ માગણી માન્ય રહી. પોતાને પ્રિય જે ભજન સાથે એમણે કૂચ કરેલી એ ભજન ગાવાનું એક સત્યાગ્રહીને એમણે કહ્યું. ભજન ગવાતું હતું ત્યાં સુધી ગાંધીજી માથું નમાવી, નેત્રો બીડી, ઊભા રહ્યા હતા. ત્યારપછી મંડળીના સઘળાએ એક પછી એક એમને નમન કરીને ભાવભીની વિદાય આપી. એક પોલીસ કૉન્સ્ટેબલે એમની ખાદીની બે થેલીઓ તથા કપડાંની નાની ગાંસડી પોતાની પાસે રાખી. એક ને દસ મિનિટે એમને લારીમાં બેસાડવામાં આવ્યા અને તરત જ એ અદૃશ્ય થયા. "કાળી રાતે, ચોરોની માફક તેઓ એમને ચોરી જવા આવેલા" એમ મીરાંબેને જણાવ્યું.

ઈ. સ. ૧૯૩૦ના એ સંગ્રામમાં સત્ય વિજયી નીવડયું કે પછી તેને ધક્કો પહોંચ્યો એ કહેવું મુશ્કેલ છે; કારણ કે સરકારે પાછળથી ગાંધી–ઈર્વિન સંધિનો ભંગ કરેલો. પરંતુ ૧૯૩૩ સુધીમાં ગાંધીજી ફરી કૂચ કરતા થઇ ગયા. માણસોનો જુસ્સો નરમ પડયો હતો અને પશ્ચાદ્‌ભૂમિકા પણ બદલાઇ ગઈ હતી. 'દો રૂપિયે એક બાર,' 'તીન રૂપિયે', 'પાંચ રૂપિયે'નો નાદ સસ્મિત ચહેરાના આ નાના આદમીને કાને અથડાઇ રહ્યો હતો. દેશભરને માટે એ દૃશ્ય પરિચિત બની જવાનું હતું. ઇ. સ. ૧૯૩૩ના નવેમ્બરની ૭મીએ હરિજનોદ્ધાર માટેના શ્રમભર્યા પ્રવાસે એ ઊપડ્યા. દલિત, પતિત અને કચડાયેલા એ ૭૦ લાખ લોકો માટે એમણે કષ્ટો વેઠેલાં, ઉપવાસો આદરેલા અને પોતાના પ્રયાસોમાં સફળ થયેલા. એમને કામમાંથી નિરાંત કે ટોળાંઓમાંથી વિશ્રાંતિ મળતી જ નહિ, અને ઘણી વાર તો ગાડીમાં મુસાફરી કરતાંકરતાં જ ઊંઘ ખેંચી લેવી પડતી. બૅરિસ્ટર, ચંપલો બનાવનાર, સત્યાગ્રહીસેનાની પછી હવે એ અવિશ્રાંત લીલામ કરનારા બન્યા હતા. સ્વાગતસંભાષણો, કાસ્કેટો, હારતોરા સુધ્ધાંનું એ જ સ્થાને લીલામ થવા માંડયું. હરિજનો એ આ સમયે એમના પ્રથમ પ્રેમપાત્ર હોઇને તેમને માટે એમણે નાણાં એકઠાં કરવાં જ જોઇએ. યુરોપિયનો સુધ્ધાં ભાવ બોલાવતા, સનાતનીઓ એમની સાથે દલીલે ચડતા અને મતપરિવર્તન સાથે પાછા ફરતા. બાળકો નિઃસંકોચ પોતાનાં ઘરેણાં આપી દેતાં. છતાં લીલામ બોલાવનારો તો સર્વત્ર હજુ એથી યે વધારે મેળવવાનો આગ્રહ રાખતો અને તેની સમજાવટની નાનીશી અદ્‌ભુત કથાઓના અનેક અહેવાલો મળી આવે છે. નાનાં બાળકોને ત્યાગની ટોચે એ આણી શકતા. એક નાની છોકરીએ તેમના હાથમાં ફૂલ મૂકયાં. તેમણે સવાલ કર્યોઃ "તારી વીંટી તું હરિજન ફાળામાં કેમ નથી આપતી?" "હા, તે હમણાં જ આપી દઉં છું," એણે જણાવ્યું. "ના, એમ ન કરતી. તું આપી દઇશ તો તારાં બા કે બાપુજી તને પૂછશે." તેમણે કહ્યું. "ના બાપુ, એવું કશું નથી. તમે તમારે વીંટી રાખો." આગ્રહસૂચક ચહેરે માથું હલાવી એણે દલીલ કરી. "સારું તો આપી દે!" તેમણે કહ્યું અને તે આપી દેવામાં આવી. એક સ્થળે એક નાગરિકનું કાસ્કેટ સ્વીકારી એમણે શરૂ કર્યુંઃ "આની કિંમત રૂા. ૨૫૦" પછી પોતાની જાતે સુધારો કરતા બોલ્યા, "આની કિંમત રૂા. ૭૫." "રૂા. ૩૦૦" કોઇએ માગણી મૂકી, "મેં એક કાસ્કેટના ૧૦૦૦

રૂપિયા મેળવ્યા છે." મકાન લીલામ કરનારે જણાવ્યું. "રૂ. ૩૦૦ એક વાર, રૂ. ૩૦૦ બે વાર. મારી અપેક્ષા એથી વધારેની છે. આવી જાઓ." માગણી વધતી ગઇ. એક જિલ્લાબોર્ડનું સંબોધન એમની સમક્ષ ધરવામાં આવ્યું, ત્યારે આગ્રહપૂર્વક એમણે પૂછી જોયું, "થેલીઓ ક્યાં છે?" એ જ સરળ રમૂજ અને તોફાની વૃત્તિ સર્વત્ર પ્રવર્તતાં. એક આયુર્વેદિક વૈદ્યને મળતાં એમણે પૂછી જોયેલું, "અસ્પૃશ્યતા માટે કશું નિદાન છે ખરું?" પરંતુ એક જ્યોતિષીને તો એમણે લાગલી જ સજા ફરમાવી દીધી. એને ૧૦૦૦ રૂપિયા આપી દેવાનું એમણે જણાવ્યું. "હું હરિજનસેવક છું, મારો સમય કીમતી છે" ગાંધીજીએ કહેલું.

"પૈસો આપો, બે પૈસા આપો, તમે જે કંઇ આપી શકો તે આપો" એ જ એમનું મધ્યપ્રાંતમાં, વરાડમાં, દિલ્હીમાં અને ઠેઠ દક્ષિણમાં એક્નું એક ધ્રુવપદ હતું. "આંધ્રો એ કંઈ સ્કૉટ્સમેન નથી" એમણે કહેલું અને આંધ્રોએ પોતાની ભીડેલી મૂઠી ઢીલી કરી નાખેલી. એક જણ પોતાના ઘરમાં ગાંધીજીના વાસની દર મિનિટ દીઠ ૧૧૬ રૂપિયા આપવા તૈયાર થયેલો. જિંદગીની નાનીનાની બાબતો તરફ ઘણી વાર ગાંધીજી લક્ષ આપતા. એક હરિજન બાળકની હડપચી ખેંચતાં એમણે કહેલું, "તારું નાક સાફ કરી નાખ." હરિજનોએ હજુ જ્યાં પોતાના વિજયો પ્રાપ્ત કરવાના હતા એ કેરાળામાં એમણે હૃદયસ્પર્શી ભાષણો કરેલાં. ત્રિવન્દ્રમ્ મુકામે હરિજન છાત્રાલયના હિસાબો સુધારવાનો અવકાશ એમણે મેળવેલો. પૈસા ઉઘરાવવા અને લોકોને તેમનાં પાપ બદલ ઠપકો આપવા માટેની નહિ, પરંતુ તેઓ જે ધિક્કારતા એ કાયદાઓની અવજ્ઞા કરવાનું કહેવા માટેની એમની રાજકીય લડતો જેટલી જ જબરી મેદની આ સમયે પણ જામતી. મદ્રાસના દરિયાકિનારાની સભામાં ૧,૦૦,૦૦૦ ની મેદની એકઠી થયેલી. ચાર મહિનાના એ પ્રવાસનો અનિચ્છાએ અંત આણવો પડ્યો, કારણ કે બિહારનો પોકાર વધુ આગ્રહભર્યો હતો. પ્રવાસને અંતે જિજ્ઞાસુ અમેરિકનોએ એમને પૂછ્યું, "કેટલુંક એકઠું થયું?" "ત્રણ લાખ ને પચાસ હજાર" એમણે જણાવ્યું. "એ શામાં ખર્ચવા ધારો છો?" "રચનાત્મક કાર્યમાં, પ્રચારકાર્યમાં નહિ" એમણે જવાબ આપ્યો.

ઇ. સ. ૧૯૩૪ ના જબરા ધરતીકંપે હજારોને ભરખી લઇને અત્યંત નુકસાન કરેલું એ બિહાર પર એમનું લક્ષ એ પછી કેન્દ્રિત થયું. એ પ્રવાસ કેવળ સહાય કે સહાનુભૂતિનો નહોતો, પરંતુ શિક્ષણપ્રવાસ હતો. એક સ્થળે પર્દાનશીન સ્ત્રીઓને સંબોધતાં એમણે કહેલું, "આ આપત્તિએ પણ તમને કશું નથી શીખવ્યું? આ બેવકૂફી (પર્દો) શા માટે?" ભંડોળ વધતું ચાલ્યું, સ્ત્રીઓએ ફરી વાર પ્રસંગને માન આપીને પોતાનાં જરઝવેરાત હવાલે કર્યાં. લોકોને વારંવાર એ ઉપદેશતાઃ "દુષ્કાર્ય માટે અથવા તો વિના કામે પૈસો આપવો એ તો ભિખારીઓ નિપજાવવા જેવું છે. હિંદને આપણે ભિક્ષુકોની ભૂમિમાં પલટાવી દેવા નથી માગતા. અને તમારે તમારાં હૃદય અને જીવનમાંથી અસ્પૃશ્યતા દૂર કરવી જ જોઇએ." એ તો એમ જ કહેવાના કે, "કામ કરો, કામ કરો, ભીખ ન માગો પણ કામ કરો! કામ જ સર્વ કંઈ છે."

પોતાની ફત્તેહની કે દર્દની સઘળી પળોમાં ગાંધીજીએ એનો એ જ ઉપદેશ આપેલ છે. ઈ. સ. ૧૯૩૭ માં મંદિરપ્રવેશની ઘોષણા પછી એ ત્રાવણકોરની શાંતિયાત્રાએ ઊપડ્યા અને નામ્બુદ્રીઓ સુધ્ધાંએ હરિજનો માટે મંદિરો ખુલ્લાં મૂકી દીધાં. પરંતુ એમની અપેક્ષા હમેશાં વિશેષની રહેલી. લોકો પાસે ક્યારે માગણી મૂકવી અથવા ક્યારે તેમને ઠપકો આપવો કે મહાન પ્રયત્નો માટે ઉત્તેજિત કરવા એની બૂઝ એમને એકલાને જ હતી. સઘળા જ પ્રાંતોના લોકો સાથેની એમની નિકટતા અજોડ છે. એમને ગ્લાનિપ્રદ એવું ઘણું જણાયું છે પરંતુ પ્રેરણાપ્રદ પણ એમને પુષ્કળ મળી આવ્યું છે. એક વખત ભૂલથી જેમને ભીલો કે પિંઢારાઓની કક્ષામાં મૂકી દીધેલા એ આસામી લોકોને ઘેરઘેર હાથશાળ જોઈને એ ખુશ થઈ ગયેલા. પૂર્વ બંગાળમાં જબરી ગરીબી વચ્ચે જબરી કામગીરી એમણે જોઈ. ત્રાવણકોરનું ભૂમિસૌન્દર્ય, મલબારની પ્રજાનાં અનેક સામાજિક પાપ છતાં તેમની સરળતા એમને માટે પ્રેરણાપાત્ર થઈ પડ્યાં. બહાદુર પઠાણોમાંથી પણ એમને મિત્રો મળી આવ્યા છે અને લોકોમાં એ જેમ ભળતા ગયા તેમ લોકો પણ એક અદના મનુષ્યનું મહાત્મામાં થયેલું રૂપાંતર સમજતા ગયા. મહાદેવ દેસાઈએ લાક્ષણિક અને મનોહર રીતે કહેલી અનેક વાતોમાં ખ્રિસ્તના ઉપદેશ સાથેની એમની સમાંતર સમાનતા જોઈ શકાય છે. પરંતુ ગાંધીજીએ શ્રદ્ધા અને કાર્ય સિવાયની બીજી કશી ચમત્કારિકતાને પ્રોત્સાહન નથી આપ્યું. ગાંધીજીનું નામ રટણ કરવાથી પોતાનો પક્ષઘાત મટી ગયો હોવાનું જણાવનાર એક નામશૂદ્રને એમણે સખ્ત ઠપકો આપેલો. ગાંધીજીએ તેને કહેલું, “તમને મટાડનાર તો ઈશ્વર હતો, હું નહિ.” ઘણી વાર એ દર્દભર્યો ચિત્કાર કરી ઊઠ્યા છેઃ “જ્યારેજ્યારે હું ‘મહાત્મા ગાંધીની જય’ના પોકારો સાંભળું છું ત્યારેત્યારે એ વાક્યનો પ્રત્યેક ધ્વનિ તીરની માફક મારું દિલ ભેદી નાખે છે. એક પળ માટે પણ મેં ધાર્યું હોત કે એ પોકારોથી સ્વરાજ મળી રહેશે, તો મારા દુઃખનું સાંત્વન મને મળી રહેત. હું જ્યારે જોઉં છું કે લોકોનાં સમય અને શક્તિ માત્ર નિરર્થક પોકારોમાં જ વેડફાઈ રહ્યાં હતાં, જ્યારે ખરેખરા કાર્ય પર તો લક્ષ જ જતું નથી, ત્યારે મને લાગ્યા વિના નથી રહેતું, કે મારા નામના પોકારો કરતાં તો તેઓ મારા માટે એક ચિતા ખડકીને તેને દાહ મૂકે, જેથી હું એમાં કૂદી પડીને મારા દિલમાં પ્રજળતી આગને હમેશ માટે બુઝાવી દઉં.” જનહૃદયોમાં અસરકારક શ્રદ્ધા ઉપજાવવા સિવાય એમને નથી જોઈતાં જયનાદો કે કાસ્કેટો, નથી જોઈતાં સૂત્રાનુબદ્ધતા કે પ્રતિમાનિર્માણ. ઈ. સ. ૧૯૧૩ના ઑક્ટોબરમાં ન્યૂકેસલના ક્ષોભકારક દિવસોથી માંડીને આજ બત્રીસ વર્ષ થયાં તેમનો આજ અનાહત આદેશ રહ્યો છે.



મધરાતની ગિરફતારી


લેખક : વિનાયક એસ. મસોજી

ગાંધીજીની પ્રખ્યાત દાંડીકૂચ તથા તેમની ધરપકડની આ કથા છે, જે ચિત્રાંકિત કરવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. દરિયાના પાણીમાંથી મીઠું બનાવવાનો સત્યાગ્રહ આદરીને તે દ્વારા એક અન્યાયી કાયદાનો ભંગ કરવા માટે મહાત્માજી પોતે વયોવૃદ્ધ હોવા છતાં બસો માઈલ દૂર આવેલા દરિયાકાંઠા પરના દાંડી ગામ ભણી કૂચ કરવા માટે ઇ. સ. ૧૯૩૦ના માર્ચની ૧૨મીએ સવારે સાડા છ વાગે સાબરમતી આશ્રમથી પગપાળા ચાલી નીકળ્યા. એ સ્મરણીય કૂચમાં જોડાવા માટે પોતાના માત્ર ૭૯ અનુયાયીઓને એમણે રજા આપેલી. દેશભરમાં એથી જબરી રાષ્ટ્રીય જાગૃતિ ઉદ્‌ભવેલી. હિંદના સ્વાતંત્ર્યસંગ્રામના એક અદના સૈનિકની યોગ્યતા સંપાદન કરવાના ખ્યાલે અઢી દિવસના શ્રમભર્યા રેલપ્રવાસ પછી સખ્તમાં સખ્ત ઉનાળાના એક સંધ્યા સમયે હું સાબરમતી આશ્રમ આવી પહોંચેલો.

આશ્રમમાં મારો સત્કાર થયા પછી નદીકાંઠે આવેલા એક નાના મકાનમાં મને લઈ જવામાં આવ્યો. એનો કોઈ પણ ખાલી ખંડ ઉપયોગમાં લઈને નિરાંતપૂર્વક રહેવાનું મને કહેવામાં આવ્યું. આગળના ભાગમાં લાંબી પરશાળ સિવાય કશાં બારીબારણાં વિનાનું ઈંટનું એ સાદું મકાન પાટિયાંની દીવાલોથી અલગ પાડવામાં આવેલા ૧૦ ખંડનું બનેલું હતું. છાપરાનાં નળિયાં અને જમીન પરની લાદીમાંથી હજુ ગરમીના ધખારા ઊઠતા હોઈને, એકના એક ઉપસ્કર સમી ચારપાઈ પરની બેઠક આહ્‌લાદજનક નીવડી. સામાન્ય રીતે ઘાટ તરીકે ઓળખાતી, લાંબાં અને સાંકડાં પગથિયાંની નદી તરફ જતી શ્રેણી, સ્નાન માટેના એક સરસ સ્થાનરૂપ હતી. વાતાવરણમાં શાંતિમયતા અને પવિત્રતાનો ભાવ રહેલો.

મહાત્માજી ત્યાર પહેલાં જ દાંડી પહોંચી ગયેલા અને સત્યાગ્રહ ચળવળનો સફળતાપૂર્વક પ્રારંભ કરી દીધેલો. આશ્રમના ઘણાખરા પુરુષસભ્યો લડતમાં જોડાયા હોઈને આશ્રમની પ્રવૃત્તિઓનું સંચાલન સ્ત્રીકાર્યકરો દ્વારા થતું. ફાનસ અને સીડી સાથે નીકળી પડીને એમાંની બેને ત્યાંના કૉમ્પાઉન્ડના દીવા સળગાવતી જોવાનું દ્રશ્ય અપરિચિત હતું. બીજે દિવસે મીરાંબેન તથા બીજાંઓ રસ્તો વાળતાં તથા પાયખાનાં સાફ કરતાં મારી નજરે પડયાં.

દરેકેદરેક કાર્યકરના ચહેરા પર સુખદ છતાં દૃઢ નિર્ણય જણાતો હતો. આશ્રમમાં ક્યાંયે વૈભવનું ચિહ્‌ન સરખું નહોતું જણાતું. આશ્રમવાસીઓને જેલના 'ક' વર્ગના કેદીઓના ધોરણને ટેવાઈ જવાનું હતું. જેલના પુરસ્કારની તૈયારી તેઓ કરી રહ્યા હતા;



THE MIDNIGHT ARREST *by V. MASOJI*

સ્વસ્થ અને તંદુરસ્ત રહેવાનો પ્રયત્ન તેઓ કરી રહ્યા હતા, જેથી દેશની આઝાદી મેળવવા માટેની અહિંસાની જેહાદ ચાલુ રાખવા માટે તંદુરસ્તપણે મેદાને પડી શકાય.

પરંતુ, આશ્રમજીવનની ગમે તેટલી સાદાઈ અને સખ્તાઈ છતાં જ્યાં ગુનેગારોનાં જ પડોશ તથા સોબત રહેલાં હોય છે એ જેલજીવનની સાથે તેની બરાબરી શી રીતે થઈ શકે? વળી સામાન્યત: 'ક' વર્ગના કેદીઓ માટે મુકરર ખધાખોરાકી જેવી જ કાચી સામગ્રીમાંથી ભોજન તૈયાર થતું, અને ઘી, તેલ કે મીઠા વિના જ પીરસાતું, તેમજ ખુલ્લી જમીન પર બેસીને ખવાતું; છતાં આશ્રમનું રસોડું તથા ભોજનખંડ જેલખાનાનાં સૂચક ન હતાં. બંને વચ્ચેનો પ્રાથમિક તફાવત આશ્રમવાસીઓના મુદ્રાલેખ સમી જણાતી ઝીણવટભરી સફાઈ તથા સુઘડતામાં અને વહાલભરી સેવા તથા ટૂંકી આભારપ્રાર્થનામાં હતો જે સઘળા વાતાવરણને ગૌરવાન્વિત બનાવતાં.

પ્રાર્થના એ આશ્રમનો જીવનશ્વાસ હોય એમ જણાતું હતું. સૂર્યોદયથી યે પહેલાં ૪ વાગ્યે ઘંટ વાગે અને આશ્રમવાસીઓ નદીકાંઠાની રેતીમાં વૃક્ષો નીચે એકઠાં થાય. અહીં ટૂંકી પ્રાર્થના કરવામાં આવતી. સાંજે એ જ સ્થાને તેઓ પ્રાર્થના માટે પુનઃ એકઠા થતા. સત્યાગ્રહ અંગેના મુકદ્દમામાં બહાદુરીપૂર્વક ખડાં રહેનારાં સ્ત્રીપુરુષની નામાવલિ અહીં પણ વાંચી બતાવવામાં આવતી. તેમનામાંનાં કેટલાંક પર અદાલતોમાં મુકદ્દમા ચાલેલા અને લાંબા કારાવાસની સજા થયેલી. થોડોક સમય મૌનનું અવલંબન કરીને મંડળીના સઘળા સભ્યો શાંતિપૂર્વક પોતપોતાને સ્થાને પહોંચી જતા, જ્યાં સૂતરનું રોજિંદું પ્રમાણ પૂરું કરવાને ચરખા કે તકલી પર તેઓ કાંતવા બેસતા.

ઉનાળાનો તાપ બપોરે અસીમ બનતો અને નદીમાં પડીને કલાકોપર્યંત ત્યાં જ પડ્યા રહેવાનું જરૂરી બનતું. ત્યાં એક બપોરે આશ્રમના એક જૂના અંતેવાસી રેજિનાલ્ડ રેનોલ્ડ્સ નામક એક તરુણ અંગ્રેજે મને પૂછી જોયું કે તે પોતે બીજે દિવસે બાપુને મળવા જવાના હોઈને હું તેમને દાંડી સુધી સાથ આપી શકું તેમ છું કે નહિ. મહાત્માજીને મેં પહેલાં જોયેલા ન હોઈને તેમને છાવણીમાં મળવાની આવી અદ્વિતીય તક આપવા બદલ મેં એ અંગ્રેજનો આભાર માન્યો.

બીજે દિવસે મીરાંબેને આશ્રમવાસીઓ તથા બીજાઓના પત્રોનો થોકડો બાપુ માટે સોંપ્યો, અને અમે બે રેલવે સ્ટેશને ઊપડી નીકળ્યા. અમે સ્ટેશને પહોંચ્યા ત્યાં ટ્રેન ઊપડવાની તૈયારી હતી. પરંતુ ઠસોઠસ ભરેલા ત્રીજા વર્ગના ડબ્બાઓમાં મહાત્માજીના અનુયાયીનો કેવો સત્કાર થયો! દરેક તેમને પોતાના ડબ્બામાં લેવા આતુર જણાયું.

અને ચાલતી ટ્રેને અમે અંદર પેઠા કે તરત જ બીજા ઉતારુઓએ અમને જગા કરી આપી. મધરાતે અમે ટ્રેનમાંથી ઊતરી પડ્યા. સવારે અમને કશું વાહન મળશે કે કેમ તેની કશી માહિતી અમને નહોતી, પરંતુ છાવણીમાં રાત ગુજારનાર એક ગૃહસ્થે પોતાની પુરાણી ફોર્ડ કે જે રસ્તા વગરના માર્ગ માટે ટેવાઈ ગઈ હતી તેમાં અમને સ્થાન આપીને સઘળું અત્યંત સરળ બનાવી દીધું.

લગભગ નવ વાગ્યે, દાંડી તથા દરિયાની વચ્ચે આવેલી અમરાઈમાં મોટર થોભી. આંબાનાં ઝાડ નીચે તાડખજૂરીનાં પાંદડાંનાં કેટલાંક નાનાં ઝૂંપડાં ઊભેલાં, એ જ સત્યાગ્રહીની છાવણી હતી. બીજાઓના કરતાં સહેજ દૂર આવેલ એક નાનું સુઘડ ઝૂંપડું ગાંધીજીનું હોવાનું દર્શાવવામાં આવ્યું. મીરાંબેન તરફથી બાપુ માટે સોંપવામાં આવેલા પત્રોના થોકડાએ મારા માટે તાત્કાલિક મહાત્માજીની રૂબરૂ થવાના અનુજ્ઞાપત્રની ગરજ સારી. મારો ઇરાદો ત્યાં રહીને રોજિંદી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો હતો કે કેમ તે તેમણે પૂછી જોયું. મેં જ્યારે ના પાડી ત્યારે તે જ ઠીક હોવાનું મહાત્માજીએ જણાવ્યું. પ્રત્યેક જણ પોતાને સ્થાને રહીને પોતાનું કાર્ય કરે એ તેમની અપેક્ષા હતી.

સબરસસત્યાગ્રહ દેશભરમાં વ્યાપી ગયો હતો. છાવણીમાં, સ્વયંસેવકોને દેશમાંથી દારૂનું અનિષ્ટ દૂર કરવાનું ઉમદા કામ સોંપવામાં આવ્યું હતું. ગરીબોને સૌથી વધુમાં વધુ સહન કરવાનું રહેતું હોઇને ચળવળનો પ્રારંભ તેમનાથી જ કરવામાં આવ્યો. ગામડાંવાસીઓને કેળવવા તથા તેમને સૌથી સુલભ એવું તાડીનું પીણું તૈયાર કરતા તેમને અટકાવવા માટે સ્વયંસેવકોની નાની નાની ટુકડીઓ મોકલવામાં આવી.

છાવણીમાં પીરસાતું ભોજન આશ્રમના ભોજન જેવું જ હતું. સ્વયંસેવકો પોતાના વારા પર જાય ત્યારે ખભે લટકતી રહેતી એક નાની થેલી સાથે લઈ જતા જેમાં મૂઠીભર ભૂંજેલા કે સૂકવેલા ચણા, થોડીક મગફળી તથા ખજૂર અને ગોળનો ગાંગડો—એ સૂકાં ખાદ્યો રહેતાં. પાછા વળીને તેઓ ઊભી થયેલી કોઈ નવી મુશ્કેલીની ચર્ચા કરતા અને તેને પહોંચી વળવા માટે અસરકારક અને શાંતિપૂર્ણ ઇલાજો વિચારતા.

છાવણી મધ્યે જ્યાં ત્રિરંગી ઝંડો ફરકતો રહેતો ત્યાં બાપુજી દ્વારા સંચાલિત સાયંપ્રાર્થના સાથે દિવસ પૂરો થતો. ખુલ્લા આકાશ નીચેનું એ અત્યંત ભવ્ય મિલન હતું. સૌ કોઈ સંપૂર્ણ મૌન ઉપાસીને બાપુજીની આસપાસ જમીન પર બેસી જતા અને તમરાંઓના અસ્ખલિત સંગીત તથા દૂરથી આવતા સાગરના ઘેરા ઘુઘવાટને લઇને એ મૌન વિશેષ મુગ્ધકર નીવડતું. પ્રાર્થના પછી, પોલીસ દ્વારા ગિરફતાર થયેલા રાષ્ટ્રભક્તોની એક વિસ્તૃત યાદી વાંચી સંભળાવવામાં આવતી. ફાનસના ઝાંખા અજવાળામાં એ કરવામાં આવતું; ત્યારપછી સઘળા મૂંગા મૂંગા વીખરાઇ જતા.

રાત્રે લગભગ આઠ વાગ્યે પેલા તરુણ અંગ્રેજે બાપુજી પાસે વિદાય માગી. બાપુએ ખુશમિજાજમાં એને પૂછ્યું કે, બીજી જ ઘડીએ શું આવી પડે એ કોઇ જાણતું ન હોઈને લાંબા સમય માટે જ છેલ્લી સલામ કેમ ન કરવી? અને એમ જ બન્યું! બીજી જ સવારે, ટ્રેન પર, સવારે બે વાગ્યે ગાંધીજીની થયેલી ધરપકડની ગુસપુસ ઉતારુઓમાં ચાલવા લાગી. હું તો આશ્ચર્યમૂઢ બની ગયો. થોડા જ સમય બાદ વર્તમાનપત્રોએ સત્યાગ્રહછાવણીમાંની મધરાતની ધરપકડનું સમર્થન કર્યું.

દરિયાકિનારાના આંબાવાડિયામાંની છાવણીમાં ગુજારેલા શાંતિપ્રિય જીવનની છાપ મારા મનમાં તાજી હોઈને આ ઓચિંતા ક્ષોભકારક આઘાતે મારામાં બાળપણના

દિવસોની એ સ્મૃતિ જગાવી કે જ્યારે અજ્ઞાન અને ભારે શસ્ત્રસજ્જ સૈનિકદળ દ્વારા ગેથસામીરના બગીચામાં મધરાતે થયેલી ખ્રિસ્તની કથા હું સાંભળી રહ્યો હતો. એ આખા યે પ્રસંગ બદલ સ્કાઈબો તથા ફેરીસીઓએ દર્શાવેલો અજાણપણાનો ડોળ મને યાદ આવવા લાગ્યો. વળી હિંદમાં પ્રાચીન બૌદ્ધ અવશેષો ધરાવતા પ્રદેશોમાં હું રખડ્યો હોઈને, દરિયાકિનારા પરના આંબાવાડિયામાં રાતે શાંતિપૂર્ણ રીતે વિશ્રાંતિ લેતા બાપુના ચિત્ર સાથે બુદ્ધનિર્વાણની છબીની સ્મૃતિ એકાકાર બની રહી.

એ ચિત્ર ચીતરવાની આકાંક્ષા તો વર્ષો બાદ શિયાળામાં આબુ પર્વતના એકાંતમાં બર આવી.

ચિત્ર જ્યારે કૉંગ્રેસ પ્રદર્શનના કલામંડપમાં મૂકવામાં આવેલું ત્યારે રાજકુમારી અમૃત કૌર, મહાદેવ દેસાઈ તથા કેટલાક બીજાઓ સાથે મહાત્માજી કલામંડપની મુલાકાતે આવી ચડ્યા. તેઓ 'મધરાતની ગિરફતારી' નીરખી રહ્યા હતા ત્યાં બાપુને સંબોધતાં એક બહેને પૂછ્યું કે એ ચિત્ર ચિત્રકારની કલ્પનાનું જ માત્ર ફળ હતું કે ખરેખર તેમ બનવા પામેલું.

મહાત્માજીએ શાંતિપૂર્વક અને સસ્મિત ઉત્તર વાળ્યો: "હા, હા; એમ જ, એમ જ. તેઓ એ રીતે જ આવેલા."



ગાંધીજી મને પૂછે તો!

લેખક : ગગનવિહારી મહેતા

એકાદ વર્ષ પહેલાં હિંદની સરકારે 'દંગલ બદલ કૉંગ્રેસની જવાબદારી' નામે ખૂબ શ્રમપૂર્વક તૈયાર કરેલો એક ખરીતો બહાર પાડેલો. મને લાગે છે કે, આ એક પરિમિત અને ભળતી જ દિશાનો આરોપ હતો. ખરું જોતાં એ ગાંધીજીની જવાબદારી છે અને એ જવાબદારી કંઇ ફક્ત ઑગસ્ટ (સપ્ટેમ્બર–ઑક્ટોબરના સમાવેશ સહિત) ના દંગલ બદલ નથી, પરંતુ છેલ્લાં ચાલીસ વર્ષ થયાં જે કંઇ વિપરીત બન્યું છે, આપણા રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનમાં જે કંઈ અયુક્ત છે એ સર્વે માટેની છે.

હવે તો હિંદની પ્રજાને માટે પણ (જેનાથી સઘળાં રહસ્યો કાળજીપૂર્વક જાળવી રાખવામાં આવે છે) છાનું નથી રહ્યું કે, ઈ. સ. ૧૯૪૨ના શિયાળા તથા ચોમાસામાં બ્રહ્મદેશ પરના આક્રમણમાં થયેલો વિલંબ ગાંધીજીને આભારી હતો. ૧૯૪૩ ની સાલમાં તો એવી કશી ચળવળ હતી નહિ, છતાં એ વર્ષમાં પણ આક્રમણ મોકૂફ રહેવા બદલ તેમજ આ વર્ષે ઇમ્ફાલ વિસ્તારમાં જાપાનની પેશકદમી બદલ ગાંધીજી કેવા જવાબદાર હતા તે શોધી કાઢવા નિષ્ણાતો કામે લાગી ગયા છે. એ જ રીતે, બંગાળ તથા બીજે પ્રવર્તેલા ભયંકર દુકાળ (સત્તાધિકારીઓ જેને 'અનાજની તંગી' કહે છે તે)નાં મૂળ પણ આ નિષ્ણાતોએ બીજા કોઈમાં નહિ પરંતુ સરકારનાં ચલણ તથા શાખમાંનો જાહેર વિશ્વાસ કથળાવી દઇને જેલમાં રહ્યેરહ્યે કટોકટી ઊભી કરનાર ગાંધીજીમાં જ શોધી કાઢ્યાં છે—જોકે, અલબત્ત, જાહેર વિશ્વાસ તો પ્રચલિત શાસનસત્તામાં હતો તેવો ને તેવો મજબૂત રહ્યો છે. મૂલતઃ તો, આ દેશ અને તેના સ્વાતંત્ર્ય વચ્ચેની આડખીલીરૂપ ગાંધીજી જ છે. હિંદ તો મોન્ટેગ્યુ સુધારાઓ, ગોળમેજી, હોર બંધારણ તથા ક્રિપ્સ–દરખાસ્તો વખતે હતું તે ને તે રીતે સ્વાતંત્ર્ય મેળવવાની અણી પર જ હોય છે, પરંતુ એક માત્ર તેમના કારણે તે એ સ્વાતંત્ર્ય મેળવી શકતું નથી. બીજા મોરચામાં થયેલા વિલંબમાં, ઇટલીમાં થયેલી મંદતાભરી કૂચમાં તથા બ્રિટિશ–અમેરિકન ગેરસમજૂતીમાં પણ ગાંધીજી જ જવાબદાર હતા કે કેમ તે તો હું નથી જાણતો; પરંતુ અત્યારની રાજકીય નિષ્ફળતા તથા દેશની આર્થિક દુર્દશા બદલ સર્વથા નહિ તો મુખ્યત્વે ગાંધીજી જ જવાબદાર હોવા બદલ કશો શક નથી. એ જો ન હોત તો બ્રિટિશો અન્ય પક્ષો તથા નેતાઓનાં સહાય તથા સહકાર વડે આ દેશને જોજનબંધ પ્રગતિપંથે લઈ ગયા હોત—જોકે હજુ યે તેમને તેમ કરતાં શું અટકાવે છે તે હું નથી જાણતો. આને લઈને, આપણને જે કષ્ટો સહન કરવાં પડે છે તે બદલ ગાંધીજીની જવાબદારી નક્કી કરવાનું જરૂરી નથી રહેતું ?

આજે જ્યારે તેઓ છૂટા* હોઈને હાલની મડાગાંઠ છોડવા માટે (કેટલાક સત્તાધિકારીઓના મંતવ્ય મુજબ જે અસ્તિત્વમાં જ નથી) તેમજ બીજી નાની નાની ધાંધલો જવા દઈએ તો કોમી ગૂંચ ઉકેલવા માટે તેમણે કયો માર્ગ અખત્યાર કરવો તેની સલાહ આપવા માટે જુદા જુદા નેતાઓ અને અનુયાયીઓ, તટસ્થો ને અદના આદમીઓ તેમની મુલાકાતે જઈ રહ્યા છે. એવા સમયે તો આની ખૂબ જ અગત્ય હોવાનું હું સૂચવું છું. એ સાચું છે કે આપણામાંના ઘણાખરા આપણી પોતાની જવાબદારી, ઋણ કે ફરજની બાબતમાં સ્પષ્ટ નથી અને પોતાનો માર્ગ સ્પષ્ટ જોઈ શકતા નથી, તેમજ જેની શેખી કરીએ છીએ એ સિદ્ધાંતો વહેવારમાં મૂકવા શક્તિમાન નથી. પરંતુ આ બાબતમાં તો આપણે સઘળા ચોક્કસ છીએ કે, ગાંધીજીએ શું કરવું અને શું ન કરવું જોઇએ, એમણે શી રીતે પ્રવૃત્તિ કરવી અને તે સંકેલી લેવી જોઇએ, એમનાં કર્તવ્યો અને ફરજો શાં શાં છે, અને એમણે અવારનવાર શી શી ભૂલો અને ગલતીઓ કરેલી છે.

પરિણામે, કેટલાકો તરફથી તેમને ઑગસ્ટ ઠરાવ પાછો ખેંચી લેવાનું કહેવામાં આવે છે. જ્યારે બીજાઓ તરફથી તેને ચીટકી રહેવાનું તથા તેને એકનિષ્ઠ રહેવાનું કહેવામાં આવે છે; કાયદે આઝમને પગે પડવાની જેમ એને ન મળવાની પણ ચેતવણી તેમને આપવામાં આવે છે; યુદ્ધપ્રયત્નમાં સહાય આપવાની અને પોતાના અનુયાયીઓને પડતા ન મૂકવાની, યૂનિયનિસ્ટ પક્ષને બહાલ રાખવાની તેમજ તેની ઉપેક્ષા કરવાની, મુંબાઈ યોજનાને ટેકો આપવાની તેમજ તુચ્છકારવાની શિખામણ તેમને આપવામાં આવે છે. ટૂંકામાં, હું જો એમની જગ્યાએ હોઉં તો (સદ્ભાગ્યે જેનો સંભવ બહુ ઓછો છે) મિત્રો, પ્રશંસકો, દુશ્મનો, અનુયાયીઓ અને ઉચ્છૃંખલોનાં એકબીજાથી તદ્દન વિરુદ્ધ મંતવ્યો તથા પરસ્પર વિરોધી શિખામણોથી માત્ર ગભરાઈ જ જાઉં એમ નહિ, પરંતુ મારા હિત ખાતર જાહેર જીવનમાંથી જ ઘણુંખરું તો નિવૃત્તિ લઈ લઉં અને આપઘાત કરવા સુધ્ધાંનો ગંભીરપણે વિચાર ચલાવી જોઉં. આમ છતાં, જુદી જુદી વિચારસરણીના જુદા જુદા લોકો સાથે ગાંધીજીએ કેમ વર્તવું એ પ્રશ્ન ચર્ચ્યા પછી મને સંપૂર્ણ ખાતરી થવા પામી છે કે આપણે સઘળા ઇચ્છીએ છીએ એ રીતે જ ગાંધીજીએ પોતાનાં આચાર અને વર્તન રાખ્યાં હોત તો તેઓ માત્ર દેશને જ નહિ પરંતુ પોતાના પંડ સુધ્ધાંને બચાવી શક્યા હોત!

× × ×

દા. ત. એક નખશિખાંત સોએ સો ટકા ફાશિસ્ટ-વિરોધીનો મને ભેટો થયેલો. એનો ઉત્કટ અને ચોક્કસ અભિપ્રાય એ હતો કે ગાંધીજીએ હવે ખુલ્લંખુલ્લાં પોતાને સોવિયેટ સંઘના મિત્ર જાહેર કરી દેવા જોઇએ અને ફાશિઝમ, નાઝીઝમ, જાપાનીઝમ સામેના જગતસંઘર્ષ સાથે પોતાનું નસીબ જોડવું જોઇએ.

"ફ્રાન્કોનો યે તેમાં સમાવેશ થાય છે?" મેં બીતે બીતે પૂછ્યું.

---

* (૧૯૪૪ના જૂનમાં લખાયેલું)

"હા. બીજા દેશોના આંતરિક પ્રશ્નોમાં માથું ન મારવા માટે ચર્ચિલ ગમે તે કહે પરંતુ આ યુદ્ધ એ આદર્શોનું યુદ્ધ છે. જેઓ અમારી સાથે નથી તે—તુર્કી, સ્વીડન, સ્વિટ્ઝર્લૅન્ડ, સ્પેન અને દક્ષિણ અમેરિકા સિવાય—અમારી વિરુદ્ધ છે. મને કહેતાં દિલગીરી થાય છે, પણ ગાંધીજીની અસર મોટે ભાગે પ્રત્યાઘાતી છે."

"દિલગીર થવાની કંઈ જરૂર નથી. પરંતુ પ્રત્યાઘાતી શબ્દથી ખરેખરું શું સૂચિત થાય છે?" મેં પૂછ્યું.

"અમારા અભિપ્રાય મુજબ, અત્યારપૂરતું તો સ્તાલિનની સરકાર જેની વિરુદ્ધ હોય તે. દા. ત. ૧૯૪૨ ના જુનની ૨૨ મી સુધી આ યુદ્ધને ટેકો આપવો એ પ્રત્યાઘાતી હતું, જ્યારે હવે પછી તેનો વિરોધ કરવો એ પ્રત્યાઘાતી છે. સોવિયતે પોતે જ્યાં સુધી નહોતો આપ્યો ત્યાં સુધી બાદોગ્લીઓને ટેકો આપવો એ ભયંકર હદે પ્રત્યાઘાતી હતું. હવે જોઈએ તો, જાગતિક પરિબળો તથા પ્રવાહો પ્રત્યેની ઉદાસીનતા અને અજ્ઞાનને લઈને ગાંધીજી તદ્દન પ્રત્યાઘાતી છે, અહિંસાનો એમનો સિદ્ધાંત પ્રત્યાઘાતી છે, અને એને લઈને, સોરેલના કહેવા પ્રમાણે જ્યાં કેવળ હિંસા જ નિર્ણયાત્મક નીવડે છે એવા રાજકારણમાં તે નિષ્પ્રભાવી નીવડે છે. બંગાળના ક્રાન્તિકારીઓનાં પ્રોત્સાહનો એમણે હ્રાસ કરી દીધો છે અને રાષ્ટ્રીય પ્રતિકારનો જુસ્સો પણ ઘણી વાર ઠંડો પાડી દીધો છે. એ જો ન હોત તો યુદ્ધ પહેલાં ખરેખરી ક્રાન્તિકારી સામુદાયિક ચળવળ તથા તે પછી ક્રાન્તિકારી યુદ્ધમોરચો આપણે નિર્માણ કર્યો હોત."

"પરંતુ કૉંગ્રેસને પોતાને નહિ તો પણ દેશને અન્ય નેતાઓ રહેલા છે. તેમણે કોઇ એક દિશામાં અથવા તેની વિરુદ્ધમાં ક્રન્તિનો કેમ પ્રારંભ ન કર્યો?" મેં વિરોધ દર્શાવ્યો.

ફાશિસ્ટવિરોધી મિત્ર મુસ્તાક હતો "એ જ સાચી મુસ્કેલી છે. ગાંધીજી રાષ્ટ્રીય માનસને એવું મંત્રમુગ્ધ બનાવી દે છે અને ભોળી તથા સહેજે ફસાઇ જતી પ્રજા પર એવી ભૂરકી નાખી દે છે, કે તેમનો ખુલ્લેખુલ્લો વિરોધ કરવાને કોઇ શક્તિમાન નથી. તેમની આસપાસ સઘળા હાજીહા કરનારા એકઠા મળ્યા છે, જે પછીથી પણ બરાબર તેમની ઇચ્છાનુસાર વર્તે છે. આ અંધશ્રદ્ધા અબૌદ્ધિક અને રાષ્ટ્રીય પ્રગતિ માટે અત્યંત શત્રુતાભરી છે."

"પરંતુ એ ગાંધીજીનો દોષ છે?"

"ચોક્કસ વળી. આપણા લોકો ચિકિત્સક બુદ્ધિ વિનાના અને અંધ અનુકરણવૃત્તિના છે. પરંતુ ક્રાન્તિકારી નેતાની એ ફરજ છે કે તેણે તેમનું માનસ પલટાવીને વિદ્રોહીઓ પેદા કરવા. ગાંધીજીની નેતાગીરી તો કૉંગ્રેસને બોજારૂપ છે."

"તો પછી એક વખત એમણે કૉંગ્રેસમાંથી આપેલું રાજીનામું યોગ્ય જ હતું એમ હું માની લઉં?"

"બિલકુલ નહિ! નેતાઓને પોતાના કાર્યક્ષેત્રમાંથી નિવૃત્ત થવાને કદી અધિકાર છે ખરો? એ શું જવાબદારીની ભાવના દર્શાવે છે? નેતાગીરી એ કંઈ ધંધો નથી તેમ સેવા

પણ નથી, જેમાંથી નિવૃત્ત થઈ શકાય; એ તો આમરણ ચૂકવતા રહેવાનું ઋણ છે. ગાંધીજીએ નિવૃત્ત ન થવું જોઈએ, પરંતુ કૉંગ્રેસને ક્રાન્તિકારી ચળવળનું શસ્ત્ર બનાવવું જોઈએ.”

બીજી બાજુએ, એક વિનીત નેતાનું દૃષ્ટિબિંદુ એ હતું કે ગાંધીજીએ છેલ્લાં સોળ વર્ષથી દેશને ગેરમાર્ગે મૂક્યો છે અને પ્રજાને બેહદ નુકસાન પહોંચાડનાર ક્રાન્તિકારી પદ્ધતિઓને એ અનુસર્યા છે.

“શું તેઓ ક્રાન્તિકારી છે?” મેં પૂછ્યું.

“અલબત્ત વળી, સવિનય ભંગ અને જેલયાત્રા, કાનૂનભંગ અને શાસક સત્તાનો પ્રતિકાર તેમજ કરવેરા ભરવાનો ઇનકાર, એ કાર્યક્રમ ત્યારે બીજું શું છે? અહિંસા એ જાતે જ એક ક્રાન્તિકારી સિદ્ધાંત છે; કારણ કે તે લોકોને ઉત્થાન તથા પરિણામે હિંસા પ્રત્યે દોરે છે. પરંતુ અસહકાર તથા સવિનયભંગની આ ચળવળો દ્વારા ન તો શાસકોનો હૃદયપલટો થવા પામ્યો કે ન તો વહીવટ શિથિલ બન્યો. ગાંધીજી પ્રત્યેના સઘળા સદ્ભાવ છતાં, તેમને ક્રાન્તિકારી સિવાય બીજું કહી ન શકાય. સત્તાનો સામનો એમને માન્ય છે, જ્યારે સલામતી અમાન્ય છે. પરંતુ હવે પછી જો તેઓ વિનીતતાનો માર્ગ અનુસરશે તો સફળ થશે; જો પોતાની ઉદ્દામ વૃત્તિઓને પોતા પર સવાર થવા દેશે તો મડાગાંઠ તથા રાજકીય દિઙ્મૂઢતા ચાલુ રહેશે. કોઈ વિનીત નેતા, દા. ત. સર ચીમનલાલ સેતલવડ જેવાની પાસે એ શિખાઉગીરી હવે ન સ્વીકારી શકે તો કમમાં કમ એમની નક્કર અને ઠાવકી શિખામણ તો એમણે સાંભળવી જ જોઈએ અને બંધારણવાદ ભણી પુનઃ પ્રયાણ આદરીને અસહકાર, પ્રતિકાર, નાફરમાની વગેરેના ઉજ્જડ માર્ગનો ત્યાગ કરવો જોઈએ.”

× × ×

હિંદુ મહાસભા તથા સંગઠનના એક સ્તંભે ઉગ્રપણે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો કે ઠેઠ ખિલાફતના દિવસોથી મુસ્લિમોને વધારેપડતું મહત્ત્વ આપીને તથા હિંદુ હિતોના ભોગે મુસ્લિમોને હરકોઈ વાતમાં નમતું આપીને ગાંધીજી જ હિંદુ–મુસ્લિમ વૈમનસ્ય માટે જવાબદાર રહ્યા છે. હુલ્લડોમાં મુસ્લિમોની દુષ્ટતાને એ ધિક્કારી નથી કાઢતા અને ખુદ કૉંગ્રેસે પણ કોમી ચુકાદાના પ્રશ્ન પર તરફેણ કે વિરોધને બદલે તટસ્થ વલણ અખત્યાર કરી હતી. એમણે હંમેશાં એવો બોધ આપ્યે રાખ્યો છે કે કોમી એકતા વિના સ્વરાજ સંભવિત નથી. પાકિસ્તાન આપી દેવા સુધ્ધાં એ તૈયાર છે. આમ હોઈને મહાત્માએ હવે મુસ્લિમોને મનાવવાનું અને ઝીણાનાં અપમાનો વેઠવાનું પડતું મૂકવું જોઈએ. જો ઔપચારિક રીતે એ મહાસભામાં ન જોડાઈ શકતા હોય તો ઓછામાં ઓછું એને નબળી પાડતું તો એમણે હવે પછી કશું જ ન કરવું જોઈએ; અને, વસ્તુતઃ મુસ્લિમો સામે હિંદુઓ લડી શકે તે માટે તેમનાં ઐક્ય અને સામર્થ્ય માટે મથવું જોઈએ.

મુસ્લિમ લીગવાળા મારા એક મિત્રનો પણ એ અભિપ્રાય હતો કે, ગાંધી જ કોમી વિખવાદનું મૂળ છે, કારણ કે આ પ્રશ્નના મહત્ત્વની એમણે હમેશાં ઉપેક્ષા કર્યે

રાખીને એવી હિમાયત કરેલી છે કે પ્રથમ સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા વિના કોમી એકતા શકય નથી. મૂળે તો તે હિંદુ નેતા જ છે, અને નહિ કે રાષ્ટ્રીય નેતા; કારણ કે અસ્પૃશ્યતા અને ઉપવાસો તથા હિંદુ વિધિને રાજકારણમાં એ મહત્ત્વ આપી રહેલ છે. આ સઘળાં યે વર્ષો દરમિયાન મુસ્લિમોને કશી પણ છૂટછાટ મૂકવાનો એણે ઇનકાર કર્યે રાખ્યો છે અને એટલે જ પાકિસ્તાનની માગ ઊભી થવા પામી છે. આ માગણી સુધ્ધાંને એ એક પાપરૂપ માને છે, છતાં એકતાની ચાવી એમના હાથમાં છે. એમણે દેશના ભાગલા પાડવામાં સંમત થઈને મિ. ઝીણાની શરતો સ્વીકારી લેવી જોઈએ.

× × ×

એક મૂડીવાદી ઉદ્યોગપતિ તો હડતાળો અને ઔદ્યોગિક ખળભળાટના ઉલ્લેખમાત્રથી તપી ઊઠેલા. એમના કહેવા પ્રમાણે એ સઘળું ગાંધી તથા તેની ચળવળને આભારી હતું. શ્રમજીવીઓ તથા ખેડૂતોનાં માથાંમાં સઘળા ગાંડાગાંડા વિચારોનું ભૂસું ભરવા માટે એ જ જવાબદાર છે. એ તેમને ‘દરિદ્રનારાયણ’ તરીકે સંબોધે છે જે ઇશ્વરના અપમાનરૂપ છે એટલું જ નહિ પરંતુ દરિદ્રોને માટે એક જાતના કેફરૂપ છે.

“તમે કદાચ જાણતા હશો કે તેઓ વર્ગયુદ્ધના વિરોધી છે અને વાલીપણાનો એમનો સિદ્ધાંત છે—” મેં વચ્ચે જ જણાવ્યું.

“હા ! હા !” અધીરાઈથી એ બોલી ઊઠયા, “પરંતુ તમારા એ મહાત્માએ જ અસંખ્ય વખત એવું જણાવ્યું છે કે, બ્રિટિશો આ દેશ પર મિલકતદાર અને તવંગર વર્ગોની સહાયથી રાજ કરે છે, જેનો અર્થ એ થયો કે તેઓ દેશદ્રોહી છે. જ્યારે સાચા દેશભક્તો તો દરિદ્રો જ છે. તેઓ જણાવે છે કે સાચેસાચાં સ્થાપિત હિતો ધરાવનાર તો ગરીબ લોકો જ છે અને તેમનું કલ્યાણ એ સ્વરાજ સરકારની નીતિરીતિની કસોટી બનવું જોઈએ છે. વળી સર્વોપરી રાષ્ટ્રીય સરકારે કરેલી તપાસણી અન્વયે મિલકત પરનો સઘળો માલેકીહક્ક પણ તેમને જોઈએ છે. એવા સ્વરાજમાં કોણ સલામત રહેશે ? કોંગ્રેસ પ્રધાનમંડળોએ એમની પ્રેરણા અનુસાર કાપડઉદ્યોગ પરનો બોજો વધાર્યો હોય, મિલકત પર વેરો નાખ્યો હોય અને ધીરધાર કરનારા તથા ખાંડ બનાવનારાઓને નસીહતે પહોંચાડવાની મકસદ રાખી હોય તેમાં કશી નવાઈ નથી. ખાદી સુધ્ધાંની તેઓ મિલકતની સમવહેંચણી માટેના એક પગલા તરીકે હિમાયત કરે છે. જેથી મિલમાલિકોને પૈસા ન મળે. ના, સાહેબ ! અમને એવું સ્વરાજ ન જોઈએ, જેમાં મિલકતની સલામતી ન હોય, નફો અદૃશ્ય થઈ જતો હોય, મજૂરવર્ગ નાફરમાન અને શિસ્તહીન બની જતો હોય અને ખેડૂતો જમીનદારો તથા અધિકારીઓની અવજ્ઞા કરતા હોય. ગાંધી માટે હવે સર્વોત્તમ માર્ગ એ જ છે કે તેણે પોતાની સઘળી ભૂલો અને ગલતીઓનો સ્વીકાર કરવો તથા એવું કશું જ ન કરવું કે જેથી દેશનાં આર્થિક સલામતી, સ્થિરતા તથા વિકાસ નબળાં પડે.”

એથી ઊલટું, કામદારનેતાનો રોષ તો મહાત્માની ક્રાન્તિવિરોધી વલણ તથા મૂડીવાદની તરફેણદાર વૃત્તિને લઈને કાબૂમાં રહી શક્તો નહોતો. આંખોમાં લાલાશ આણતાં એમણે

ઘોષણા કરી કે, "આ દેશમાં મૂડીવાદ તથા મૂડીદાર વર્ગોના એ છેલ્લા આધારસ્તંભ છે." મેં વિનમ્રપણે સૂચવ્યું કે ગાંધીજી તો આ દેશના જનસમુદાય સાથેની પોતાની એકાત્મતા અર્થે પ્રયત્નશીલ રહ્યા હતા અને દીનદરિદ્રો માટે એમનું હૃદય દ્રવતું રહ્યું હતું, ત્યારે ટૂંકામાં જ એ વિચારોને એમણે પતવી દીધા. "આવા 'હૃદય' અને 'દ્રવવું' વગેરે ખ્યાલો માત્ર બુર્ઝવા લાગણીવેડાપણાના ખ્યાલો છે જે માકર્સવાદના ભૌતિક વિરોધવિકાસવાદના વાસ્તવવાદથી બંધબેસતા નથી. આપણને જરૂર છે તે હૃદયોની નહિ, મસ્તકોની—જગતના શ્રમજીવીઓની ઐતિહાસિક લડતમાં છિન્નભિન્ન થવા સુધ્ધાં તૈયાર રહેનાર મસ્તકોની. ગાંધીજીએ આ જગદ્વ્યાપી ગંજાવર હિલચાલ સાથે પોતાનું નસીબ જોડવા તત્પર બનવું જોઈએ અને દેશમાંથી મૂડી અને ખાનગી મિલકતના નિવારણ માટે સંમત થવું જોઈએ. એ સિવાય ગરીબ લોકોને રાષ્ટ્રીય લડતમાં કશો રસ નહિ રહે. ત્રાહિતોને બદલે આપણા પોતાના જુલ્મગારો અને શોષકોની સ્થાનપૂર્તિ કરવા સારુ તેમણે શા માટે સહન કરવું જોઈએ કે ભોગ આપવો જોઈએ? તો પછી માલેતુજારો અને શાહસોદાગરોના વર્ચસ્વ હેઠળની સંભવિત રાષ્ટ્રીય સરકારના કરતાં મૂળગત રીતે વધુ ફાશિસ્ટવિરોધી એવો અત્યારનો જ અમલ શા માટે ચાલુ ન રાખવો? લોકો કંઈ કાંતણસ્વાતંત્ર્ય માટે સ્વતંત્રતા નથી માગતા; એ તો અત્યારે પણ તેઓ ધરાવે છે. ગાંધીજી શ્રીમંતો સામે ગરીબોને દોરવણી ન આપે ત્યાં સુધી મોટા પાયા પરની કોઈ હિલચાલ હાલ શકય નથી."

× × ×

એક દેશી રાજ્યના દીવાને જણાવ્યું કે દેશી રાજાઓ તથા તેમની રૈયત વચ્ચે ચાલ્યા આવતા હાર્દિક સંબંધોમાં ઝેર રેડનાર તથા સત્તાની અવજ્ઞાને ઉત્તેજનાર ગાંધીજી જ હતા. "એમના આગમન પહેલાં બહિષ્કારો ને હડતાળો, કાળા વાવટા અને પિકેટિંગ, કરવેરા ન ભરવાનું, કાયદાનું ઉલ્લંઘન કરવાનું તથા કારાવાસને પુરસ્કારવાનું કોણ જાણતું હતું? વર્ષો પહેલાં બનારસમાં હિંદુ યુનિવર્સિટીનું ઉદ્ઘાટન કરતી વખતે રાજાઓના ઠાઠમાઠ પર એમણે ટીકા કરેલી એ યાદ છે? હિંદનાં દેશી રાજ્યોમાં પ્રવર્તતી સઘળી મુશ્કેલીઓ અને કલહો માટે મુખ્યત્વે જવાબદાર એ જ છે. હું તો કહું છું, એ દસ્તંદાજી ઉઠાવી લો." અને પછી એકીશ્વાસે બોલી ગયા કે, "બ્રિટિશ તથા બ્રિટિશ હિંદમાં વસનારાઓને જેની સાથે નિસ્બત છે એ બ્રિટિશ હિંદમાં જો એ સ્વરાજ માગતા હોય તો દેશી રાજ્યોની બાબતમાં એમણે માથું મારતા રહેવું ન જોઇએ."

પરંતુ રાજસ્થાન પ્રજા–પરિષદના એક પ્રતિનિધિએ મને જણાવ્યું કે રાજ્યો સંબંધેના ગાંધીજીના ખ્યાલો મધ્યયુગીન અને સામંતશાહીના છે. "એમનો રાગ રાજાઓની તરફેણમાં છે; કારણ કે એમને લાગે છે કે તેઓ ભારતીય ભાવનાને અનુકૂળ છે અને બીજું કંઇ નહિ તો યે તે આપણામાંના જ છે. આ શું એક પ્રકારનો વર્ણરાગ નથી? આપણે શું બ્રિટિશ નોકરશાહીને સ્થાને હિંદી નોકરશાહી સ્થાપિત કરવા માગીએ છીએ? બ્રિટિશ હિંદ કરતાં પણ દેશી રાજ્યોમાંની પદ્ધતિ વધુ પ્રત્યાઘાતી અને ગેરલોકશાહી

નથી? ગાંધીજીએ સૌ પ્રથમ તો રાજસ્થાની પ્રજાનો પ્રશ્ન ઉકેલવો જોઇએ, જેના વિના હિંદી સમસ્યાનો કશો ઉકેલ શકય નથી. સ્વરાજ માત્ર દેશી રાજયો દ્વારા જ પ્રાપ્ત કરી શકાશે.

× × ×

એક અગ્રગણ્ય અર્થશાસ્ત્રીનું મંતવ્ય એ હતું કે ગાંધીજીએ આર્થિક વ્યયકારક એવા 'ચરખા' તથા 'ખાદી'ના જરીપુરાણા અને પ્રાગૈતિહાસિક ખ્યાલો હવે પડતા મૂકવા જોઇએ અને મોટા પાયા પરના ઉદ્યોગીકરણ ભણી વળીને આધુનિક આર્થિક વિકાસને ટેકો આપવો જોઇએ.

અર્થશાસ્ત્રના બીજા એક અભ્યાસીએ વળી જણાવ્યું કે, અનાજ જેવા અત્યંત મહત્ત્વના પ્રશ્નને બદલે એકલા કાપડને જ શા માટે પકડી રાખતા હતા તે સમજાતું નહોતું. આપણી ખેતીવાડીની સુધારણા પર લક્ષ આપીને ખોરાકી માટેની રાષ્ટ્રીય ચળવળ તે કેમ નથી ઉપાડતા? પોતાને ઘણી યે વાર ખેડૂત તરીકે તો એ ઓળખાવે છે, તો પછી જમીન પર એ કેમ લક્ષ ન આપે? આપણું આર્થિક જીવન સંપૂર્ણ, વિવિધ અને આપણી પોતાની પરિસ્થિતિને અનુકૂળ રહે એ ગાંધીજીએ જોવાનું છે. કેવળ રાજકીય બખેડાઓને બદલે એમણે અનાજ, ભાવનિયમન, ફુગાવો, સ્ટર્લિંગ પુરાંતો, વાહનવ્યવહાર વગેરે આજના પ્રાણપ્રશ્નો પાછળ મંડયા રહેવું જોઈએ.

× × ×

એક વ્યવહારદક્ષ રાજદ્વારીનો દૃઢ અભિપ્રાય એવો હતો કે ગાંધીજી રાજકારણ માટે નથી નિર્માયા અને તે માટે એ યોગ્ય પણ નથી. રાજદ્વારી જીવનના કાવાદાવા માટે સ્વભાવે જ તદ્દન અણબંધબેસતા એવા એ સાધુચરિત, સંત અથવા જો કહી શકાય તેમ હોય તો એક પ્રકારના પેગંબર છે. એમના અનુયાયી બનવા કરતાં એમના પૂજક બનવું સહેલું છે. બુદ્ધ, ચૈતન્ય, કબીર અને સ્વામી વિવેકાનંદની હરોળના આપણા મહાન ધાર્મિક નેતાઓ અને સુધારકોમાંના એ એક છે. રાજકારણ એમણે એ કક્ષાપર્યંત નીચે ઊતરી શકતા અને બ્રિટિશ મુત્સદ્દીઓની છળનીતિ તથા મુસ્લિમલીગના મિજાજનો સામનો કરી જાણતા લોકોના હાથમાં જ છોડી દેવું જોઇએ. એમણે તો હવે રાજકારણમાંથી નિવૃત્ત જ થવું જોઇએ.

પરંતુ રાજકારણના એક અભ્યાસીને મળતાં તેણે જણાવ્યું કે ગાંધીજી એ આપણા રાજકીય જીવનની પ્રમુખ વ્યક્તિ હતા. એમનામાં દીર્ઘદૃષ્ટિ અને હિંમત છે, એ તડજોડ કરી શકે છે તેમ જોખમો ખેડી શકે છે—બ્રિટિશનો મુકાબલો કરી શકે એવી એ એક જ વ્યક્તિ છે. પરંતુ પોતાના ગૂઢ અને આધિભૌતિક ખ્યાલોને, ધાર્મિક ગ્રાહ્યાગ્રાહ્યતાને, આંતરિક ક્ષોભને કે 'અંતરના અવાજ'ને જાહેર સેવા તથા રાજકીય પ્રવૃત્તિના ક્ષેત્રમાં ઘૂસવા દે છે ત્યારે માત્ર મુશ્કેલી ઊભી થાય છે. આપણા રાજકીય વિકાસમાં આ પેશકદમી જબરી ગૂંચવણો ઊભી કરીને રાષ્ટ્રની શક્તિને વિમાર્ગે લઈ જાય છે. આપણે એમનું રાજકીય નેતૃત્વ સ્વીકારીએ એટલા માટે કંઈ એમના ધાર્મિક નિયમો કે આદેશોને વશ

વર્તવા બંધાયેલા નથી. પોતાના રહસ્યમય ‘ અંતરના અવાજ ’ માટે એ કશું કરી શકે તેમ નથી ? પોતાની ધર્મભીરુતા ત્યાગીને અર્વાચીન દૃષ્ટિકોણ એ અપનાવે તો રાષ્ટ્રભરના એક આદર્શ રાજકીય નેતા બની રહે.

× × ×

આ સઘળાં સંભાષણો, સંવાદો અને ચર્ચાઓ પછી હું એવા નિર્ણય પર આવ્યો છું કે ગાંધીજીએ સામુદાયિક ક્રાન્તિકારી ચળવળનું નેતૃત્વ સ્વીકારવું જોઈએ અને તે સાથે બંધારણવાદની મર્યાદાઓનું પણ ઉલ્લંઘન કરવું ન જોઇએ; એમણે હિંદુ–મુસ્લિમ એકતા માટે પ્રયત્ન કરવો જોઈએ તે સાથે તેની સદંતર ઉપેક્ષા પણ કરવી જોઇએ, તેમજ મુસ્લિમ લીગના આજ્ઞાધારી બનવા સાથે તેની અવજ્ઞા કરવી જોઈએ; એમણે માલમિલકતની રખેવાળી કરવી જોઈએ તે સાથે મૂડીવાદીઓનાં સ્થાપિત હિતો સામેની શ્રમજીવી લડતને પણ દોરવણી આપવી જોઇએ; એમણે દેશી રાજ્યોના પ્રશ્નમાં માથું ન મારવું જોઇએ પરંતુ તેમની પ્રજાનો પ્રશ્ન એમણે તાત્કાલિક હાથ ધરવો જોઈએ; આર્થિક પુનરુદ્ધારની પોતાની જરીપુરાણી રીતો એમણે છોડી દેવી જોઈએ તે સાથે તેનો અવકાશ એમણે વધારવો જોઇએ; રાજકીય જીવન માટે તેઓ તદ્દન અયોગ્ય છે, પરંતુ બીજી બધી પ્રવૃત્તિઓ છોડી દઈને માત્ર તેને જ વળગી રહે તો તે માટે યોગ્ય પણ છે.

વળી હું એવા નિર્ણય પર પણ આવ્યો છું કે આપણી સઘળી નિષ્ફળતાઓ, પરાજયો અને એળે ગયેલા પ્રયાસો બદલ જોકે ગાંધીજી જ મુખ્યત્વે જવાબદાર છે, છતાં રાષ્ટ્રનું સઘળું કાર્ય તેમણે જ હાથ ધરવું જોઈએ અને બોજો ઉઠાવવો જોઇએ.

ઉપરાંત એ પણ સ્પષ્ટ જ છે કે તેમણે સઘળાં પક્ષો તથા સંસ્થાઓ સાથે એકીસમયે જોડાઈ જવું જોઇએ—અલબત્ત, મુસ્લિમ લીગ સિવાયનાં, કારણ કે એ તેમને દાખલ કરી શકે તેમ નથી.

ગાંધીજીની ફરજો શી શી છે એ આપણે આટલા ઉત્કટ અને સંપૂર્ણપણે સમજતા થયા છીએ તથા તેમણે શું કરવું જોઇએ અને શું નહિ તેનું ચોક્કસ જ્ઞાન ધરાવતા થયા છીએ એ કંઈ જેવીતેવી સિદ્ધિ છે ?

'યંગ ઈન્ડિયા'

લેખક : આર. કે. પ્રભુ

અણકલ્પેલા સંયોગોએ મને ૧૯૧૮ની સાલના અંતભાગમાં 'યંગ ઈન્ડિયા'ના તંત્રીપદે મૂકી દીધો હતો. 'યંગ ઇન્ડિયા' સાપ્તાહિક હતું. જે તુર્ત જ, અને તે પછીનાં કેટલાંય વર્ષો સુધી હિન્દના ઇતિહાસમાં સૌથી વધુ ઊંડી અસર ફેલાવવા નિર્માયું હતું. જમનાદાસ દ્વારકાદાસ જેઓ બૉમ્બે ક્રૉનિકલ પ્રેસમાં તે વખતે છપાતા આ સાપ્તાહિકના નોંધાયેલા તંત્રી હતા, તેમણે મને જણાવ્યું કે આ અખબારના તંત્રીપણાની બાબતો મારે સંભાળવી, અને મેં સંમતિ આપી. આ અખબારનું કામકાજ મેં સંભાળ્યાને ભાગ્યે જ ત્રણેક માસ પસાર થયા હશે ત્યાં 'બૉમ્બે ક્રૉનિકલ'ના તંત્રી હૉર્નિમેનને મુંબઈમાંના પોતાના માંદગીના બિછાનેથી એકાએક ઇંગ્લેંડ લઈ જવામાં આવ્યા. અને 'બૉમ્બે ક્રૉનિકલ' તથા તેના મુદ્રણાલયને સરકારી સેન્સરશિપ હેઠળ મૂકવામાં આવ્યાં. પરિણામે 'યંગ ઈન્ડિયા'ના ડિરેક્ટરોની બોર્ડને અખબારની પ્રસિદ્ધિ મોકૂફ રાખવાની ફરજ પડી.

આ ૧૯૧૯ ના ફેબ્રુઆરીમાં બન્યું. બે'ક અઠવાડિયાં પછી જ્યારે સેન્સરશિપનો અંત આવ્યો અને ક્રૉનિકલ મુદ્રણાલયે ફરીને નિયમિત રીતે કામકાજ શરૂ કર્યું, ત્યારે 'બૉમ્બે ક્રૉનિકલ' અને 'યંગ ઇન્ડિયા' બન્નેના ડિરેક્ટરોએ આ અખબારો સંભાળવાનું ગાંધીજીને જણાવ્યું. ગાંધીજીએ 'ક્રૉનિકલ'ની માગણી ન સ્વીકારી પણ જો 'યંગ ઈન્ડિયા'ની પ્રસિદ્ધિનું સ્થાન મુંબઈથી અમદાવાદ ફેરવવામાં આવે તો તેને સંભાળવાનું કબૂલ કર્યું. 'યંગ ઇન્ડિયા'ના અધિકારની સોંપણી અંગેની વાટાઘાટો પૂરી થઈ ત્યારે મારો અધિકાર સુપરત કરવા માટે તથા અખબારના તંત્રીવહીવટ અંગે ગાંધીજીને જોઈતી માહિતી પૂરી પાડવા માટે મને ગાંધીજીને મળવાનું કહેવામાં આવ્યું.

એ સમયે, ગાંધીજી ગામદેવીમાં 'મણિભુવન'માં રેવાશંકરભાઈ ઝવેરીના મહેમાન તરીકે રહેતા હતા. અને હું ત્યાં પહોંચ્યો. મારી સાથે મારા એક પત્રકાર મિત્ર હતા જેઓ 'યંગ ઇન્ડિયા'ની કતારોમાં નિયમિત લેખક હતા. મને હંમેશા થયા કરતું હતું કે મારા આ સાથીને મારા કરતાં અંગ્રેજી શબ્દો તથા રૂઢ પ્રયોગો ઉપર વધારે સારું પ્રભુત્વ હતું, અને એમની આ શક્તિની મને અદેખાઈ આવતી હતી. 'મણિભુવન'માં આવતાં અમે અમારી મેળે અમારી ઓળખાણ ગાંધીજીને આપી. મેં એમને આપેલા 'યંગ ઇન્ડિયા'ના છેલ્લા અંકની તંત્રી લેખની કતારો તપાસતાં ગાંધીજીએ એ લેખ કોણે લખ્યો હતો એવું જાણવાની ઇચ્છા વ્યક્ત કરી. મને યાદ છે કે એમાં લૉઈડ જ્યૉર્જના હિન્દ વિષેના અસ્પષ્ટ ઉદ્ગારોની સખ્ત ઝાટકણી કાઢવામાં આવી હતી. મેં ગાંધીજીને કહ્યું કે એ લેખ મેં લખ્યો છે અને બીજા લેખ તરફ આંગળી બતાવતાં ગાંધીજીએ કહ્યું આ લેખ કોણે લખ્યો છે? મારા મિત્રે કહ્યું, "એ મેં લખ્યો છે."



Lancashire Block
Young India
Edited by M. K. Gandhi
हरिजन-सेवक
INDIAN OPINION
Edited by M. K. Gandhi
Young India
To American Friends
HARIJAN
UNSEEMLY IF TRUE
AN APPROPRIATE QUESTION
हिन्दी नवजीवन

થોડી વાર થોભીને ગાંધીજીએ જણાવ્યું, "મને આ પ્રથમ લેખ ગમે છે, જ્યારે આ બીજો લેખ મુદ્દલ ગમતો નથી. પહેલામાં તમે જેટલું કહેવા માગતા હતા તે બધું જ પ્રત્યક્ષ રીતે તમે કહી નાખ્યું છે; જ્યારે બીજા લેખના લેખક તમામ પ્રકારની વ્યંગોક્તિઓનો આશરો લે છે; અને પોતે જે સાચેસાચ નથી કહેવા માગતા તે કહે છે. દાખલા તરીકે," ગાંધીજીએ મારા મિત્ર તરફ જોઈને કહ્યું, "અમને ભીતિ છે કે....વગેરે" મને આ શબ્દજાળ મુદ્દલ ગમતી નથી. અહીં તમને ભીતિ છે એવું તમારા વાંચકો માને એમ સાચેસાચ તમે ઇચ્છતા નથી. તમારો ઇરાદો તો એથી ઊલટો જ છે. ખરું છે? જ્યારે તમારે કાંઇ વસ્તુ કહેવી હોય ત્યારે આડીઅવળી વાતો નહિ કરવી, શબ્દજાળનો આશરો લેવો જોઈએ નહિ, પણ સીધેસીધી રીતે કહી નાખો."

ગાંધીજી આ શબ્દો જ બોલેલા નહિ હોય પણ મને યાદ છે ત્યાં સુધી આવું કશુંક એમણે કહ્યું હતું. અલબત્ત, પત્રકારત્વ પરનો આ ટૂંકો ઉપદેશ અમને અપાતો હતો તે વખતે મારો મિત્ર અને હું બન્નેએ અમારી શાન્તિ પકડી રાખી હતી. થોડી વારે મારા મિત્રના ગયા પછી ગાંધીજીએ ટૂંકામાં અપાયેલા સમાચારોથી ભરેલા 'યંગ ઇન્ડિયા'ના પાના તરફ જોઇને મને પૂછ્યું, આ સમાચારો કોણે એકઠા કર્યા છે? એ માટે હું જવાબદાર છું એવું એમને કહેવામાં આવતાં, ગાંધીજીએ મને પૂછ્યું કે તમે આ સમાચાર ક્યાંથી ટપકાવ્યા હતા? મેં કહ્યું કે 'યંગ ઇન્ડિયા' અને 'બોમ્બે ક્રૉનિકલ'ના બદલામાં મળેલાં જુદાં જુદાં હિન્દી અખબારોના છેલ્લા અંકોમાંથી મેં કાપલીઓ ફાડી છે. "આવા સમાચારો એકત્ર કરવામાં તમને કેટલો સમય લાગે છે?" એમણે પૂછ્યું. મેં જણાવ્યું કે પાના માટે જોઈતા સમચારોની કાપલીઓ ફાડીને ચોડતાં અડધા કલાકથી ભાગ્યે જ વધારે સમય જાય છે.

"તમે આ માટે માત્ર અર્ધો કલાક જ ગાળો છો?" ગાંધીજીએ આશ્ચર્ય પામતાં કહ્યું અને ઉમેર્યું કે "જ્યારે દક્ષિણ આફ્રિકામાં હું 'ઇન્ડિયન ઓપીનિયન' ચલાવતો હતો ત્યારે અમને બદલામાં આશરે બસો છાપાં મળતાં હતાં; અને અઠવાડિયા દરમ્યાન હું એ બધાં જ કાળજીપૂર્વક જોઈ જતો, અને વાચકોને એ સાચી રીતે ઉપયોગમાં આવશે એવી સંપૂર્ણ રીતે ખાતરી કર્યા પછી જ હું પ્રત્યેક સમાચારની કાપલી તૈયાર કરતો હતો. જ્યારે આપણે તંત્રીપણાની જવાબદારી લઈએ છીએ ત્યારે, આપણે ફરજના સંપૂર્ણ ભાનથી એ અદા કરવી જોઈએ. એ રીતે જ પત્રકારત્વનો અમલ થવો જોઈએ. તમે મારી સાથે સંમત થાઓ છો?" શરમપૂર્વક મેં કહ્યું કે "હા," મેં ગાંધીજીને ખુલાસો કર્યો કે 'ક્રૉનિકલ'ના તંત્રીખાતાના સભ્ય તરીકે આખું અઠવાડિયું ખૂબ કામકાજમાં ગાળ્યા પછી 'યંગ ઇન્ડિયા' માટે મારે ઉતાવળથી કામ કરવાનું રહે છે; તંત્રીલેખ સહિત આ અખબાર માટેનો લગભગ મોટો ભાગ એકાદ બપોરમાં જ મારે પતાવી નાખવો પડે છે. ગાંધીજીએ વળી એકદમ પૂછ્યું: "આ બધા માટે તમને શું આપવામાં આવે છે?"

મેં જવાબ આપ્યો કે મને દર કૉલમે દસ રૂપિયા આપવામાં આવે છે અને કૉલમ ભાગ્યે જ ૧૨ ઇંચ કરતાં વધારે લાંબું હોય છે; અને તે પણ જાડા ૧૦ પૉઇન્ટના ટાઇપમાં. અને 'યંગ ઇન્ડિયા' માંથી મારી માસિક આવક ૧૦૦ થી દોઢસો રૂપિયાની હોય છે.

"'ક્રૉનિકલ'ના સ્ટાફના માણસ તરીકે તમને કેટલું આપવામાં આવે છે?" અડગ પ્રશ્નકારની અદાથી ફરીને ગાંધીજીએ પૂછ્યું.

"માસિક ચારસો રૂપિયા" મેં જવાબ આપ્યો.

મને અનંતકાળ લાગે એવી થોડીક ક્ષણો થોભીને ગાંધીજીએ જણાવ્યું: 'યંગ ઇન્ડિયા' માંથી તમને જે રકમ આપવામાં આવે છે તે લેવી વાજબી છે એમ તમે માનો છો? તમે જાણો છો કે આ અખબાર કાંઈ વેપારી સંસ્થા નથી, એ તો દેશદાઝવાળું કાર્ય છે. અને હું નથી માનતો કે એ સ્વાવલંબી પણ હોય. એના સંચાલકોના બોજામાં વધારો કરવો તમને વાજબી લાગે છે?"

મેં જવાબ આપ્યો કે આ અખબારના માલિકો મને જે આપે છે તે માટે હું તેઓને ફરજ પાડતો નથી. જમનાદાસ દ્વારકાદાસ મને આપે છે તે જ પ્રમાણે 'યંગ ઇન્ડિયા'ના તમામ લેખકોને સારા ધોરણ પર પગાર આપે છે. તેઓ સ્વેચ્છાપૂર્વક આમ કરે છે. મારા વળતર બદલ મેં કોઈ બોલી કરી જ નથી.

"આમ છતાં હું તમારી જગાએ હોઉં તો 'યંગ ઇન્ડિયા' માંથી એક પાઈ ન લઉં," ગાંધીજીએ કહ્યું અને ઉમેર્યું કે "તમારા આખા સમયની કામગીરી માટે 'ક્રૉનિકલ' માંથી તમને સારો પગાર આપવામાં આવે છે; અને 'યંગ ઇન્ડિયા' માટે તમે જે કરો છો તે તમારી નવરાશનો સમય છે. જે માણસને પોતાના આખા સમયની કામગીરી માટે પૂરતી રીતે પગાર આપવામાં આવે છે, તેણે એ જ સમય દરમ્યાન બીજે ઠેકાણે જે કાંઈ કામકાજ કરે તે માટે પગારની આશા ન રાખવી જોઈએ. તમે આ માનો છો?"

જોકે ગાંધીજીએ આ ઉદ્ગારો લક્ષ્યવેધી અને અર્ધસ્મિતપૂર્વક ઉચ્ચાર્યા હતા, છતાં હું જોઈ શક્યો કે તેઓએ તમામ ગંભીરતાપૂર્વક આ કહ્યું હતું. મને તેઓ જે નીતિશાસ્ત્ર શીખવવા માગતા હતા તેના આ નવા બોધપાઠથી હું આભો બની ગયો. હું તો સંમતિસૂચક ડોકું હલાવીને જ એમના પ્રશ્નનો ઉત્તર વાળી શક્યો.

એક કલાક*

લેખિકા: ભારતી સારાભાઈ

ઓક્ટોબર, ૧૯૩૯.

કાલે બાપુ જમવા બેઠા હતા ત્યારે અમે સેવાગ્રામ પહોંચી ગયાં. —ના અગત્યના નિવેદનની રાહ જોવાતી હતી, જોકે એનો સારાંશ આગલી સાંજે જ તારથી જણાઇ ગયો હતો અને કહેવામાં આવ્યું હતું કે મોડી રાતે એ વિષે વધારે રેડિયો દ્વારા સાંભળી શકાશે. રેડિયો જેવું સાધન અહીં નથી.

જયરામદાસજી સાધારણ રીતે આવીને બાપુને છાપાંમાંથી ખાસ સમાચાર વાંચી સંભળાવે છે તેમ આજે એમણે સંયુક્તપ્રાન્તમાં ખાકસાર 'સેના'એ મહમદઅલી ઝીણાને સલામી આપી તેના ખબર આપ્યા. વચમાં ગાંધીજીએ એકાએક મને પૂછ્યું, "અહીં જમવાની છો?" એમની સહજ, મીઠાશભરી કાઠિયાવાડી બોલી ભુલાઈ ગઈ નથી, ગુજરાતની 'તોછડાઈ' માં ઓગળી ગઇ નથી. "અહીં જમવાની છો?"

"જમીને આવી છું."

"તો મારું થોડું દૂધ, માખણ, શાક બચશે."

"બગડશે, એમ ને?" મેં સૂચવ્યું.

"હા."

"પણ મેં નહોતું કહ્યું કે જમીશ!"

"જુઠ્ઠી!" બાપુ હસીને બોલ્યા, "જુઠ્ઠી, કાલ તેં નહોતું કહ્યું કે તું ચાલીને સવારે વર્ધાથી આવીશ અને સાંજ સુધી રહીશ?"

કૃષ્ણદાસ ગાંધીનો ન્હાનકડો દીકરો દડો ઉછાળતો, દોડીને અંદર આવ્યો અને રાજકુમારી અમૃતકુંવરના ખોળામાં જોશભેર રમવા લાગ્યો. બાપુને પણ દડાથી જરા લગાડી દીધું. બાપુ ફરી હસી પડયા અને બોલ્યા, "ठीक, वो भी खाकसार हो गया है." રાજકુમારી રહેવાતું ન હોય એમ વારે વારે એ બેફિકર બાળકને ચુંબન કરતાં હતાં.

એટલામાં મીરાંબ્હેન આવ્યાં. એમના હાથમાં કાગળ તેમજ નિવેદન હતાં. બાપુએ કાગળ મોટેથી વાંચ્યો પણ બરાબર સંભળાયું નહિ. નિવેદન લઈને એમણે રાજકુમારીને આપ્યું અને કહ્યું, "You read it" (તમે વાંચો).

---

* અપ્રસિદ્ધ વર્ધા-રોજનીશીમાંથી એક પ્રસંગ

રાજકુમારીએ કાગળ છટાથી વાંચી સંભળાવ્યો. સલ્તનતની બ્રિટિશ ભાષામાં લખાયલો, હિન્દના એક ગામડાના ઝૂંપડામાં પાડવેલો, અને એક હિન્દવાણીને મુખે પૂરા, પાક્કા 'ઇંગ્લિશ ઍકસન્ટ' પૂર્વક સ્પષ્ટતાથી ઉચ્ચારાયલો. અવાજ સ્થિર હતો, ભાવ પરનો ભાર યોગ્ય, વધારે નહિ તેમ ઓછો નહિ અને ગતિ ધીમી નહિ તેમ ઉતાવળી નહિ, વાચકને એક વાર પણ પાછાં ફરવું ન પડે એવી હતી.

બાપુ એમ ને એમ બેઠા હતા. પગ લાંબા કરી, ડાબી તરફની, માટીની દીવાલના ખાલી ખૂણાને અને પાસેના જમણી તરફના દરવાજાના શૂન્યને, જાણે જોઈ રહ્યા હતા. સાંજે ફરવા જતી વખતે આ જ પ્રમાણે કોઈ વાર એમની નજર નીચી વળીને, પોતાથી આગળ, થોડે દૂર સ્થિર થઈ જાય છે.

સાધારણ રીતે હંમેશાં કોઈ આશ્રમવાસી કે સંબંધી આ વખતે એમને પવન નાખે છે. આજે કોઇ નહોતું. જયરામદાસજી હળવેથી પંખો નાખવા લાગ્યા.

લખાણ વંચાઈ તથા સંભળાઈ રહ્યું. રાજકુમારી એવું કાંઈક બોલ્યાં, "So much good writing wasted!" (લખાણનો કેટલો બગાડ)!

ગાંધીજીએ કહ્યું, "I had expected it to be better" (આના કરતાં તો સારું નીકળશે એમ મેં ધાર્યું હતું).

મને લાગ્યું કે કંઈક લાગણી આવરી લેતા વાદળાના રૂપે એમને થઈ આવી હતી એનો આવિર્ભાવ શબ્દ વગરના ઇંગિતથી, અને આપણે આશ્ચર્ય પામી જઇએ એટલી પૂર્ણ રીતે થયો. એ ક્રિયાની દેખીતી અસંબદ્ધતા બાલકને સૂઝે એવી હતી. પણ વ્યંગ્ય માટે અજબ રુચિ ધરાવતો કોઈ એક નાટય કલાકાર, આ હેતુપૂર્વકનું અપ્રાસંગિકપણું વ્યક્ત કરવા, જો આવો મૂક અભિનય યોજી શકયો હોત, સિદ્ધ કરી શકયો હોત, તો એને મગરૂરી થયા વિના રહેત નહિ.

લખાણની નીચે, દરેક પાના ઉપર સારા પ્રમાણમાં કોરી જગા રાખવામાં આવી હતી, સાચે જ આ કોરો ભાગ છૂટથી આપવામાં બાકી રાખી નહોતી. "દરેક પાનાની નીચે આટલી બધી જગા મારે માટે લખવાને રાખી હશે—મારે ઘણી નોંધ કરવાની હશે માનીને આ કોરી જગા મૂકી હશે." બાપુ બોલી ઊઠયા અને એમણે બધાં પાનાં છેલ્લી લીટી પૂરી થતી હતી ત્યાંથી વાળી નાખ્યાં. વાળીને દબાવ્યાં. અને પછી કાગળ બન્ને હાથ વડે પકડી, ત્યાંથી ચીરવા શરૂ કર્યા.

રાજકુમારી બોલ્યાં: "Take care you don't cut the important portion" (જોજો, જરૂરી ભાગ કપાઈ ન જાય)! રાજકુમારી ઘણુંખરું અંગ્રેજીમાં બોલે છે.

"The more important part is this, this space" (વધારે જરૂરી ભાગ તો આ અહીં છે). કાગળનો કોરો ભાગ બતાવી બાપુએ પણ અંગ્રેજીમાં જવાબ વાળ્યો.

રાજકુમારીએ આગ્રહ કર્યો, "Even so, don't cut the lines" (તો ય —લીટી કપાઈ ન જાય)!

" No fear " (કાંઈ ચિંતા નહિ), બાપુએ કંઈક અધીરાઈથી કહ્યું, " I'll be able to do it " (હું કરી શકીશ).

કાગળ અર્ધોક ફાડીને બાપુ અટકયા. વચમાંથી પાનાં ઊંચકયાં અને તપાસ્યાં. ખરેખર એક લીટી કપાઈ જતી હતી.

બાપુ ગંભીર બનીને બોલ્યા, " That is because they've not printed this properly " (એનું કારણ કે આ સારી રીતે છાપ્યું નથી)! ફરી બોલ્યા, " They have not done it well " (આ કામ બરાબર થયું નથી)!

રાજકુમારી અમૃતકુંવરે એમની તરફ જોયું અને ભાવથી કહ્યું, " Let me do it for you, Bapu " (હું તમને કરી આપું, બાપુ)!

" No fear ! I can do it just as well ! You will see ! " (ના, હું એટલું જ સારું કરી શકીશ, જોજો)!

" Look, you are cutting it again ! " (જુઓ, પાછો લીટી કપાઈ)! રાજકુમારી બોલી ઊઠ્યાં.

" No fear, " અધીરાઈથી બાપુએ કહ્યું. જોયું તો ફરી લીટી કપાઇ ગઇ હતી. " Sorry " એ બોલ્યા. છેવટે એમને કાતર લેવી પડી.

એટલામાં મહાદેવભાઈ આવ્યા. નિવેદનના સંબંધમાં બાપુનો જવાબ મેળવવા સરકાર તરફથી ખાસ સગવડ કરવામાં આવી હતી એની ખબર એ લાવ્યા. ટપાલના નિયમ, એની કાર્યપદ્ધતિ વગેરે વિષે બાપુ સાથે થોડી વાત થઈ. વ્યવહારુ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં કર્મકુશલતા કેવી રીતે સધાય એ વિષે બાપુ ખાસ રસ લે છે, ચીવટથી પોતાનો ફાળો આપે છે.

મહાદેવભાઈ ઉતાવળથી નિવેદન જોઈ ગયા. એક જગાએ એમને હસવું આવ્યું. એ ખૂબ હસ્યા, વ્યંગથી મહત્ત્વના સંદેશા ઉપર નજર ફેરવી લીધી અને બાલક સાથે રમવા બેસી ગયા. અને રમતમાં ગરકાવ થઈ ગયા. એમના હસવાથી વાતાવરણનો ભાર હળવો બની ગયો હતો.

ગાંધીજીએ કહ્યું, " मैं सोच रहा हूँ " અને થોડી વાર બેસી રહ્યા. પછી એમણે લખવાનું હાથમાં લીધું. નિવેદનનો જવાબ તે ઘડીએ આરંભાયો અને ત્યાં જ સમાપાયો. છાપાં ફરવાના અને પેલા બાલકની જોરની અજમાયેશના અવાજ વિના શાન્તિ પથરાઇ રહી.

બાપુ લખી રહ્યા. " હવે મને ઊંઘ આવે છે, તમે બધાં ભાગી જાઓ ! "



મીઠી યાદ

લેખક: જી. એ. નટેસન

ગાંધીજીની સરદારી હેઠળ ટ્રાન્સવાલની હિંદી લડતનો આરંભ થયો ત્યારનો હું એમને ઓળખું. એ વાત ઉપર તો આજે ચાર દાયકા વીતી ગયા. પણ એમનો પ્રત્યક્ષ પરિચય તો ૧૯૧૫ માં દક્ષિણ આફ્રિકાનું એમનું મહાકાર્ય પૂરું કરીને એ હિંદ આવ્યા તે પછી જ થયો. ઈન્ડિયન સાઉથ આફ્રિકન લીગના મદ્રાસ ખાતેના સેક્રેટરી તરીકે એમની સાથે વારંવાર પત્રવ્યવહાર કરવાનો લાભ મને મળ્યો હતો. હિંદીઓને માથે બળજબરીથી, સખતાઈ અને દૂરંદેશીથી ઠોકી બેસાડેલા ધારાઓ સામે પોતાના દેશવાસીઓની સહાયથી ગાંધીજીએ સત્યાગ્રહનું જબરદસ્ત આંદોલન શરૂ કર્યું હતું. એ ધારાઓ દુષ્ટ અને અન્યાયી હતા અને આપણા દેશવાસીઓને હલકા ગણીને આઘા કાઢવાને યોજાયેલા હતા એમ ગાંધીજીને સમજાઈ ગયું હતું. બ્રિટિશ પ્રજાતંત્ર અથવા બ્રિટિશ શહેરીપણા વિશે તેમજ એને અંગે આવી મળતા નાગરિક અધિકારો વિશે ગાંધીજીનો એવો ઊંચો અભિપ્રાય બંધાઈ ગયો હતો કે આ શરમજનક પરિસ્થિતિને પડકારવી એ એમનો ધર્મ છે એમ એમને લાગેલું. એટલે જ દક્ષિણ આફ્રિકાની સરકારના પશુબળ સામે પોતાના આત્મબળને યુદ્ધમાં ઉતારીને અન્યાયી ધારાઓ સામે એમણે કઠોર ધર્મસંગ્રામ માંડ્યો. દક્ષિણ આફ્રિકામાં વસતા લગભગ તમામ હિંદીઓ આ મહાન લડતના ન્યાયવિશુદ્ધ હેતુઓ વિશેની શ્રદ્ધાથી પ્રેરાઇને ગાંધીજીને આવી મળ્યા. ગાંધીજીના નેતૃત્વમાં એમને અપાર વિશ્વાસ હતો અને એમનો પડ્યો બોલ ઉપાડી લેવાને તેઓ તત્પર હતા. કેવા એ નેતા, ને કેવા એ અનુયાયીઓ! દુબળોપાતળો એક નાનકડો માણસ હિંદીઓના ભવ્ય સરઘસને મોખરે ચાલતો હતો. સરઘસ ખરેખરું ભાતીગળ હતું. હિંદના સઘળા પ્રાન્તોની પ્રજા એમાં આવી જતી હતી. બધાના ધંધા પણ જુદા જુદા હતા. ગુજરાતી વેપારીઓ, મદ્રાસી ફેરિયાઓ, યુક્ત પ્રાન્તો અને બંગાળના કારીગરો, બિહાર અને આસામના ખેડૂતો—એમ બધા વ્યવસાયીઓ એમાં ભળ્યા હતા. શું હિન્દુ કે શું મુસ્લિમ, શું ગરીબ કે શું તાલેવંત, ધર્મ, નાત, જાત, પદવી કે પૈસો, કશા ભેદને ગણકાર્યા વિના સઘળાં સ્ત્રીપુરુષો એમાં જોડાયાં હતાં ને પેલો મૂઠી હાડકાંનો બનેલો માણસ એમને ધરતીને છેડે લઈ જાય તો ત્યાં જવાને પણ તૈયાર હતાં. પોતાનું સર્વસ્વ હોમીને—સુખસગવડ, કુટુંબકબીલો, માલમિલકત—બધાંનો મોહ ત્યજીને તેમણે હસતે ચહેરે ને મક્કમ હૃદયે આવી પડેલાં તમામ કષ્ટ વેઠ્યાં ને કારાગારની યાતનાઓ પણ સહી લીધી. માતૃભૂમિ દૂર રહી રહી આ મહાન પ્રયોગને ચિન્તા, દુઃખ ને ગર્વની મિશ્રિત લાગણીથી નિહાળી રહી હતી અને પોતાના સ્વમાનની રક્ષા કાજે ઝૂઝી રહેલાં પોતાનાં દૂરવાસી સન્તાનોને યત્કિંચિત્ નૈતિક અને આર્થિક સહાય મોકલી રહી હતી. ગોખલેએ એક સમે

કહ્યું હતું તેમ, 'ગાંધી માટીમાંથી મરદો ઘડી રહ્યા હતા.' પણ ગાંધીજીએ તો લડત પૂરજોસમાં ચાલી રહી હતી ત્યારે પણ ૧૯૧૦ના જુલાઈમાં જોહાનિસબર્ગથી મને લખેલા પત્રમાં લાક્ષણિક નમ્રતાથી જણાવેલું :

જે કામ કરવાને અમે અહીં મથી રહ્યા છીએ તે હિંદના મહાન નેતાઓની પ્રેરણા મેળવીને જ, એટલે સત્યાગ્રહીઓના ગુણોને ઊંચા ચઢાવવાની કશી જ જરૂર હું જોતો નથી.

લડતમાં એમણે પોતે જે ભાગ ભજવેલો તે વિશે તો સ્વભાવગત વિનમ્રતાથી એ પોતે કશું જ ન કહે, તેમ છતાં, અનેક સંકટો અને યાતનાઓ વેઠીને એમના અનુયાયીઓએ જે યશસ્વી કાર્ય કરી બતાવેલું તેને એ ભૂલી કેમ શકે? "અચરજની વાત તો એ છે કે," મારા ઉપરના પત્રમાં એમણે લખેલું, "કોઈ કશો બખડાટફફડાટ કરતું નથી. લડતનો સઘળો જશ તો કંઈ પણ ફરિયાદ કર્યા વિના આટલી વીરતા ને આટલા ગૌરવથી લડનારાઓને જ ઘટે છે."

દક્ષિણ આફ્રિકાની એ લડત અને ગાંધીજી તેમજ એમના દેશવાસીઓએ એમાં આપેલો ફાળો એ તો હવે ઇતિહાસને ચોપડે ચઢી ચૂકયાં છે, એટલે અહીં એ વાતને ફરી ઉકેલવાની જરૂર નથી. માત્ર એને અંગે હું લૉર્ડ હાર્ડિંજનાં સૌજન્યપૂર્ણ વચનો અહીં ઉતારીશ; એટલું દર્શાવવા કે, દક્ષિણ આફ્રિકાના ઇતિહાસના એ ચિત્તવેધક પ્રસંગે માત્ર આ દેશની પ્રજા ઉપર જ નહિ પરંતુ એના પર રાજ કરતા શાસનચક્ર ઉપર પણ ભારે અસર કરી હતી.

તાજેતરમાં દક્ષિણ આફ્રિકામાં વસતા તમારા દેશબાંધવોએ કાયદો પોતાના હાથમાં લઇને નિઃશસ્ત્ર પ્રતિકારને નામે ઓળખાતી લડત ઉપાડી છે. પોતે જેને અન્યાયી ને દુષ્ટ માને છે એવા ધારાઓ—અને દૂર રહ્યાં રહ્યાં આ લડતને નિહાળી રહેલાં અમે, આ અભિપ્રાય સાથે સંમત છીએ—સામે આ લડત યોજાઈ છે. સંકલ્પપૂર્વક એમણે કાયદા તોડ્યા છે અને તોડવાથી કરીને શું સજા થશે તેના સંપૂર્ણ ભાનસહિત, ધીરજ ને હિંમતથી એ સજા ખમવાની તૈયારી સહિત કાયદા તોડ્યા છે. આ સર્વ પ્રત્યે હિંદ એના જલતા હૃદયના ઊંડાણમાંથી સહાનુભૂતિ વ્યક્ત કરે છે. અને એકલું હિંદ જ શા માટે? જેઓ પોતે હિંદીઓ નથી તેમ છતાં આ દેશની પ્રજા પ્રત્યે સમભાવ ધરાવનારા મારા જેવા સર્વ કોઇની લાગણી આ જ પ્રકારની છે.

સત્યાગ્રહની આ પ્રવૃત્તિના ગાંધીજી પ્રાણ હતા. આ મહાન લડતના ગાંધીજીના નેતૃત્વનું સાચું મૂલ્યાંકન મદ્રાસના મહાન ખ્રિસ્તી ધર્માધિકારી બિશપ વ્હાઇટહેડે કર્યું છે:

હું ખુલ્લે દિલે કબૂલું છું—જોકે એમ કરતાં મને ઊંડે ઊંડે ખેદ થાય છે—કે ન્યાય અને પ્રેમની ભાવનાને ખાતર ધીરજથી યાતનાઓ વેઠનાર મિ. ગાંધી, તેમને હેડમાં નાખનારા અને છતાં પોતાને ઇશુખ્રિસ્તના અનુયાયીઓ મનાવનારા લોકો કરતાં વધસ્તંભે ચઢનાર એ મહાન પિતાના લાખ દરજ્જે વધારે સાચા અનુયાયી છે.

*　　　　*　　　　*

આમ ગાંધીજીની કીર્તિ સામ્રાજ્યના એક છેડાથી બીજા છેડા સુધી પહોંચી ગઈ હતી અને ૧૯૧૫ ના જાન્યુઆરીમાં જ્યારે તે મુંબઈ બંદર ઊતર્યા ત્યારે એમનું ભારે દબદબાથી, કોઈ રાજવંશીને છાજે તેવું સ્વાગત કરવામાં આવ્યું હતું. મદ્રાસ માટે અને સત્યાગ્રહની પ્રવૃત્તિમાં ભાગ લેનારા અનેક તામિલો માટેનો ગાંધીજીનો પ્રેમ કદી વાસી થયો નથી. તામિલોની બહાદુરી અને અડગ વફાદારીનાં વખાણ કરતાં ગાંધીજી કદી ધરાયા નથી. આવાં ગામડિયા દેશભક્તોનાં સગાંવ્હાલાં ને મિત્રોને ખોળી કાઢવાં—ગામડાંઓમાં ઊંડે ઊંડે વસતાં, ગરીબીમાં દિવસો ગુજારતાં, અજાણ્યાં, અવગણાયલાં લોકોની ભાળ કાઢવી એ તો ગાંધીજીને જ આવડે ને? એપ્રિલ મહિનાની એક સાંજે એ તો પોતાનાં પત્ની સાથે મદ્રાસ આવી ચઢ્યા. અગ્રગણ્ય શહેરીઓનું મોટું જૂથ સ્ટેશન ઉપર એમનું સ્વાગત કરવાને હાથમાં ફૂલહાર સહિત ખડે પગે ઊભું હતું. સ્ટેશનની બહાર એમના દર્શનને માટે તલપી રહેલા ને હરખે ઊભરાતા લોકોની ભીડ જામી હતી. જયનાદોથી તેમણે વાતાવરણ ભરી મૂક્યું હતું. એ દિવસોમાં ગાંધીજી આજની માફક ઓછાંમાં ઓછાં વસ્ત્રોથી ચલાવતા નહોતા. હાથે કાંતેલી શુભ્ર ખાદીનાં કપડાં અદલ ગુજરાતી ઢબે એમણે પહેર્યાં હતાં, અને માથા ઉપર મોટો ફેંટો વીંટાળ્યો હતો. ત્રીજા વર્ગના ડબ્બામાંથી એ ને એમનાં પત્ની બેઉ જણ ઊતર્યાં. સાથે કપડાંનું પોટકું હતું. કેમ જાણે કોઈ ગરીબ ખેડૂતનું કુટુંબ ગામડેથી શહેર જોવા આવી ચઢ્યું ન હોય, એવો એ દેખાવ હતો. દૂર દૂરના મુલકમાં સેંકડો જંગ ખેલીને આવેલા પરાક્રમી કર્મવીર વિશેની લોકોની કલ્પનાનો આ દૃશ્ય સાથે મેળ બેસાડવો મુશ્કેલ હતો. એમની પરોણાગત કરવાનો લહાવો મારે ભાગે આવ્યો હતો. એમના વિશે અમે ઘણું બધું વાંચેલું ને સાંભળેલું, તથાપિ રહેણીકરણીમાં એ આટલા બધા સાદા હશે એવું અમે સ્વપ્ને પણ નહિ ધારેલું. એટલે એમની સગવડ સાચવવા માટે અંદરઅંદર કેટલીય ચર્ચાઓ કરીને, પુષ્કળ ચીવટથી ને ભારે ફિકરથી એસ્પ્લેનેડમાંની મારી ઓફિસવાળા મકાનમાં એમને જેમાં ઉતારો આપવો હતો તે ખંડો સજાવેલા. સુઘડ વસવાટ માટે મારા મનથી જે ઓછાંમાં ઓછાં સાધનો હતાં તે—બે ખાટલા, એક તકિયાવાળી ખુરસી, એક મેજ અને એક લખવા કરવા માટેનું ડેસ્ક, એટલાં વાનાં મેં એમાં મુકાવ્યાં હતાં. જ્યારે મેં એમનો વાસ એમને બતાવ્યો ત્યારે પળ વાર તો સ્તબ્ધ બનીને એ જોઈ જ રહ્યા અને પછી એકદમ ખડખડ હસી પડ્યા. કસ્તૂરબાના ખંડમાંથી ખાટલા, ફરસબંધી પરના ગાલીચા, ને બીજું બધું રાચરચીલું તાબડતોબ ખસેડાવી લેવાનું એમણે સૂચવી દીધું. એમને તો કશાયે રાચરચીલા વિનાની સાદી ઓરડી જ ફાવે તેમ હતી. જ્યાં સુધી આ વૈભવનાં ચિહ્નો ખસેડી લેવાયાં નહિ ત્યાં સુધી એમણે પગ વાળ્યો નહિ.

* * *

સ્વદેશ પધારેલાં ગાંધી દંપતીનું સન્માન કરવાને માટે ૧૯૧૫ ના એપ્રિલની ૨૧ મીએ વિક્ટોરિયા પબ્લિક હૉલમાં યોજાયેલા ભવ્ય સમારંભમાં મદ્રાસના શહેરીઓ થોકબંધ ઊલટ્યા હતા. ડૉ. સર સુબ્રહ્મણ્ય આય્યર પ્રમુખસ્થાને હતા. ઇન્ડિયન સાઉથ આફ્રિકન



KARAMCHAND UTTAMCHAND GANDHI

Inscription by Gandhiji —

'His son at his feet, Mohandas'



LAXMIDAS KARAMCHAND GANDHI

Gandhiji's eldest brother

લીગના પ્રમુખ, મદ્રાસના લૉર્ડ બિશપનો સંદેશો વંચાયાનું મને સ્પષ્ટ સ્મરણ છેઃ ગાંધી દંપતી, "જેમણે પોતાના દેશવાસીઓને કાજે દક્ષિણ આફ્રિકામાં ભવ્ય લડત ચલાવી હતી અને એ આખીયે લડત દરમ્યાન વ્યકત થતા રહેલા વીરત્વ, ધૈર્ય, આત્મનિગ્રહ, નિઃસ્વાર્થતા આદિ જેમના ગુણો માટે દેશવાસીઓને ભારે આદરભાવ હતો." તેમનું સ્વાગત કરવાને યોજાયેલી સભા પ્રત્યે પોતાની ઊંડી સહાનુભૂતિ તેમણે પ્રગટ કરી હતી. હું લીગનો સેક્રેટરી હતો એટલે સુંદર શબ્દોથી અંકિત થયેલું માનપત્ર મારે વાંચી સંભળાવવાનું હતું.

આપે જે કામ કરી બતાવ્યું છે તે જોતાં આપણા સૌની આ માતૃભૂમિની સેવા કરનારા અનેકોમાંથી આપની હારમાં બેસી શકે એવા બહુ થોડા મળી આવશે અને આપને ટપી જઈ શકે એવું તો કોઇ જ નથી........આ યુગને કાજે પ્રભુમય જીવન અને ગભીર પ્રજ્ઞાની આપ સાક્ષાત મૂર્તિ છો. પોતાના પતિમાં સમરસ થઈ ગયેલાં અને પતિને કાજે જ જીવી રહેલાં, શું સમૃદ્ધિમાં કે શું દારિદ્રમાં, શું આનંદમાં કે શું આપત્તિમાં, શું ઘરમાં, શું જેલમાં, શું કૂચમાં, પતિને છાયાની જેમ અનુસરનારાં શ્રીમતી કસ્તૂરબાઈ ગાંધી અમારે મન ધર્મપત્નીના ગુણોનો અવતાર છે, વગેરે.

ગાંધીજીએ માનપત્રનો જે ઉત્તર વાળ્યો તે એમની સરળ અને ગંભીર વાણીને લીધે સ્મરણીય બને તેવો હતો. પોતાના વ્યક્તિત્વ ને વાણીથી જેમણે લાખો હૈયાં પર આધિપત્ય મેળવ્યું હતું તેમને જાહેર સભામાં ભાષણ કરતાં અમે પહલી જ વાર સાંભળતાં હતાં. એમના વક્તૃત્વમાં ક્યાંયે ગર્જન નહોતું, એમની વાણીમાં કયાંયે આવેશ કે આડંબર નહોતો. અવાજ એમનો એકધારો ને શૈલી ગંભીર હતી. શબ્દોમાં નૈસર્ગિક લાવણ્ય ને ગૌરવ ઊતરતું હતું. પણ એમની વાણીમાં કશુંક એવું હતું જે શ્રોતાઓના હૃદયસોંસરું ઊતરી જતું. કેળવેલું વાક્પાટવ કદી આ સાધી ન શકે. અને મદ્રાસના વીર શહીદોનાં પરાક્રમ જ્યારે એમણે વર્ણવવા માંડ્યાં ત્યારે સભા મંત્રમુગ્ધ બનીને સાંભળી રહીઃ

સજ્જનો, આ માનપત્રમાં પ્રશંસાના જે શબ્દો અમારે કાજે વપરાયા છે તેના દશમા ભાગને પણ જો અમે લાયક હોઇએ, તો પછી જેમણે દક્ષિણ આફ્રિકામાંના આપણા પીડિત દેશબાંધવોને માટે પ્રાણ સમર્પી દીધા છે ને એ રીતે પોતાનું જીવનકાર્ય પૂરું કર્યું છે, તેમને માટે કેવા શબ્દો વાપરશો? નાગાપ્પન અને નારાયણ સ્વામી, સત્તરસત્તર અઢારઅઢાર વરસના કાચી ઉંમરના છોકરાઓ, જેમણે માત્ર શ્રદ્ધાથી માતૃભૂમિના સ્વમાનની રક્ષા કાજે અનેક યાતનાઓ, સતામણીઓ ને અપમાનો વેઠ્યાં તેમને માટે કયા શબ્દો વાપરશો? (હર્ષના પોકારો) મારિત્સબર્ગના જેલખાનામાંથી માત્ર હાડકાં ને ચામડાંભેર છૂટેલી પેલી સત્તર જ વર્ષની વહાલી લાગે એવી છોકરી વલ્લીઅમ્મા, જે બાપડી છૂટ્યા પછી એક જ મહિનામાં તાવે રિબાઇને મૃત્યુ પામી, તેને કેવી ભાષામાં વર્ણવશો? ('શરમ' 'શરમ'ના પોકારો.)

આપણા સૌના પર શાસન કરતી મહાન ઈશ્વરી સત્તાએ આ કાર્ય માટે સઘળા હિંદીઓમાંથી એકલા મદ્રાસીઓને જ પસંદ કર્યા હોય એમ લાગે છે. તમને એ વાતની

ખબર છે કે આઠઆઠ વર્ષ લગી દક્ષિણ આફ્રિકામાં વસતા તમારા દેશવાસીઓને જે ભયંકર કષ્ટો સહન કરવાં પડ્યાં તે કાળ દરમ્યાન જે મદ્રાસી એક કે બે વાર જેલમાં જઇ આવ્યો ન હોય તે જોહાનિસબર્ગ શહેરના મદ્રાસીઓમાં બેઆબરૂ થતો? તમે એમ જણાવ્યું છે કે આ મહાન સ્ત્રીપુરુષોને મેં પ્રેરણા આપેલી. મારાથી એ કેમ માન્યું જાય? ઊલટું, વળતરની આશા કર્યા વિના શ્રદ્ધાબળે કામ કરનારાં સરળ હૃદયનાં એ સ્ત્રીપુરુષોએ પ્રેરણા તો મને આપી હતી. તેમને લીધે જ મને એકધારું કામ કરવું ફાવતું હતું, મારી ધીરજને તેઓ જ ટકાવી રાખતાં હતાં અને એમની ઊંડી નિષ્ઠાથી, એમના ભવ્ય સ્વાર્પણથી, ઈશ્વર વિષે એમની અપાર શ્રદ્ધાથી, જે કામ હું કરી શક્યો છું તે કરવાની તેઓએ મને ફરજ પાડી હતી. (હર્ષના પોકારો) મારું એ દુર્ભાગ્ય છે કે આ કામને અંગે મને ને મારી પત્નીને આટલી બધી પ્રસિદ્ધિ મળી છે ને અમે જે અલ્પ કાર્ય કરી શક્યાં છીએ તેને ઘણું મોટું ચીતરી દેખાડવામાં આવ્યું છે. ('ના' 'ના' ના પોકારો.)

વાક્ધારા ચાલુ રાખતાં એમણે જણાવ્યું કે, જે તાજ તમે અમારે માથે પહેરાવવો ધાર્યો છે તેનાં સાચાં અધિકારી તો એ સ્ત્રીપુરુષો છે. વહાલથી, પણ આંખો મીંચી રાખીને, પ્રશંસાનો જે વરસાદ તમે અમારી પાસે વરસાવ્યો છે, તે ખરું જોતાં તો એ જુવાનિયાં પર વરસવો ઘટતો હતો. અમારી એ લડતમાં એકલા હિંદુઓ જ નહોતા; એમાં મુસલમાનો, પારસીઓ ને ખ્રિસ્તીઓ પણ હતા. હિંદુસ્તાનના એકેએક ભાગમાંથી લડતમાં સાથ આપવાવાળા આવી મળ્યા હતા. સૌને માથે કેવો ભય ઝઝૂમતો હતો તેની એ સૌને ખબર હતી, અને હિન્દીઓ તરીકે તેમને કાજે કેવું ભાવિ નિર્માયું છે તેની ય તેમને ખબર હતી અને એકલે હાથે તેમણે પશુબળનો આત્મબળથી સામનો કરવાની હામ ભીડી હતી. (હર્ષના પોકારો)

મદ્રાસને આ નવતર અનુભવ હતો. શબ્દો ઓછા હતા, પણ સાંભળીને હૈયું આખું સ્પંદી ઊઠતું હતું. ભાષણ કરવાની ઢબમાં કશું અસામાન્ય નહોતું, પણ વક્તવ્યમાં ઘણુંઘણું હતું. કોઇના બોલેલા બોલ ફરીફરીને બોલવાની એમને આદત નહોતી અને એકેએક વિષય પરનો એમનો અભિપ્રાય મૌલિક અને તાઝગીભર્યો લાગતો. ત્રાસવાદીઓની પ્રવૃત્તિને વખોડી કાઢવાની હોય, કે બ્રિટિશરાજ પ્રત્યેની વફાદારી વ્યક્ત કરવાની હોય, પણ એ જે બોલે તેમાં કશુંક અસામાન્ય તો હોવાનું જ. રોજરોજ જે સાંભળતાં તે કરતાં કંઇક જુદું તો એમાં હોવાનું જ. ને જે ખૂબીથી એ પોતાના વિચારના વળાંકોને રજૂ કરતા તેથી તો શ્રોતાઓનું આશ્ચર્ય માતું જ નહિ. આ પુરાણા દેશના પ્રશ્નો ઉકેલવાને સાવ નવીન તરેહનું મગજ લઇને એ અવતર્યા હતા. ને પ્રશ્નોનો એ જે તોડ કાઢતા તેથી તો આશ્ચર્ય કદી વિરમતું જ નહિ. મદ્રાસના ધારાશાસ્ત્રીઓએ ખાણાનો એક સમારંભ યોજ્યો હતો. હું યે તેમાં હાજર હતો. ગાંધીજીએ તેમાં 'એક સત્યાગ્રહી તરીકે' એમ કહીને બ્રિટિશ સામ્રાજ્યને દુવા ઇચ્છતાં જણાવ્યું હતું કે, મને એમ સમજાયું છે કે પ્રત્યેક સત્યાગ્રહીએ સત્યાગ્રહ પરત્વેનો પોતાનો અધિકાર સિદ્ધ કરવાનો હોય છે, પછી સંજોગો ફાવે તેવા કાં ન હોય? અને મેં એ પણ ખોળી કાઢ્યું

છે કે બ્રિટિશ સામ્રાજ્ય, મને જેના પર અતિશય પ્રેમભાવ છે તેવી કેટલીક ભાવનાઓ પર રચાયું છે. એમાંની એક ભાવના એ છે કે બ્રિટિશ સામ્રાજ્યના એકેએક પ્રજાજનને પોતાની શક્તિઓ પ્રગટ કરવા માટેની અને પોતાની ઇજ્જત તેમજ અંતઃકરણ કહે તે અનુસાર વર્તવાની જોઇએ તેટલી છૂટ છે. હું માનું છું કે બીજી કોઇ રાજસત્તા વિશે આમ કહી શકાય તેમ નથી. જ્યારે બ્રિટિશ સામ્રાજ્ય વિશે એ વાત સાચી છે. (તાળીઓ) તમને કદાચ ખબર હશે કે મને રાજસત્તા નામે ગમતી નથી અને વખતોવખત હું કહેતો આવ્યો છું કે તે જ રાજ્ય ઉત્તમ છે જે ઓછામાં ઓછું રાજ્ય કરે છે. મારી એવી સમજ છે કે જો હું ધારું તો મારા ઉપર ઓછામાં ઓછું શાસન ચાલે એ પ્રકારની અનુકૂળતા બ્રિટિશ સામ્રાજ્યમાં છે. તેથી જ હું સામ્રાજ્યને વફાદાર છું. (તાળીઓના ગડગડાટ)

* * *

પણ તેમના મદ્રાસવાસ દરમ્યાન બનેલો આથી યે વધુ રસિક પ્રસંગ હવે હું કહી સંભળાવું. થમ્બુ ચેટ્ટી મહોલ્લામાં એ મારે ત્યાં રહેતા હતા એ દિવસોમાં, એક વખત, જેને એ નાઈક્કર કહીને બોલાવતા હતા તેવા એક પંચમ જાતિના છોકરાને ઘેર તેડતા આવ્યા. હવે અસ્પૃશ્યો પ્રત્યેની અમારી પૂરી સહાનુભૂતિ છતાં, વર્તમાન દુર્દશામાંથી એમનો ઉદ્ધાર કરવાની અમારી તીવ્ર ઇચ્છા છતાં, અને વિચારોમાં હંમેશાં સમાનતાનો પક્ષ કરવા છતાં એક પંચમને ખરેખર ઘરમાં ઘાલવાની અમારી હિંમત નહોતી. પણ ગાંધીજી તો આપણી વાણી અને આપણા વિચારને અનુરૂપ આપણું વર્તન હોવું જોઇએ એવું માનનારા રહ્યા; એટલે પોતાને હાથે કશુંક અવનવું બની રહ્યું છે એના લગીરે ખ્યાલ વિના એ તો સીધા પેલા પંચમ છોકરાને ઘરમાં લઈને આવ્યા. મારી વૃદ્ધ માતા સહિત ઘરમાં રહેનારાં સૌ કોઈ—જેઓ જૂના આચારવિચારને દૃઢતાથી વળગી રહેલાં હતાં—આ 'ભ્રષ્ટાચાર'થી હેબતાઇ જ ગયાં. હજી તો એ જ વર્ષની વાત પર મદ્રાસની દલિત વર્ગોની પરિષદનું પ્રમુખસ્થાન મેં સ્વીકાર્યું હતું અને અસ્પૃશ્યો પ્રત્યે સવર્ણો જે અઘટિત વર્તાવ ચલાવતા હતા તેને એ સ્થાનેથી મેં સખ્ત શબ્દોમાં વખોડી કાઢયો હતો. ગાંધીજીએ મારું વ્યાખ્યાન વાંચ્યું હતું એટલે એમણે સ્વાભાવિક રીતે જ એમ માની લીધું હશે કે મારા ઘરમાં એ છોકરાને લાવવામાં કંઈ જ વાંધો હોઈ શકે નહિ. પણ હું ધર્મસંકટમાં આવી પડયો હતો. ગાંધીજી અને તેમની જીવનદૃષ્ટિ પરત્વેની મારી માનવૃત્તિ અને મારી વૃદ્ધ માતાની માન્યતાઓ પ્રત્યેનો મારો સ્નેહજનિત આદરભાવ—એ બે સામસામાં ખેડાયાં હતાં! પરિસ્થિતિ ખરેખરી વિકટ હતી. જેવા ગાંધીજી આ ઘટનાની વિચિત્રતા સમજ્યા કે લાગલા જ પોતાની શાન્ત નિશ્ચયાત્મક રીતે એનો નિવેડો આણવા બેસી ગયા. એક જોઇએ તેવી તક પણ આવી મળી. નાઈક્કર માંદો પડયો. દિનરાત ગાંધીજી દરદીની બાજુમાં બેસીને એની ચાકરી કરવા લાગ્યા. એમની સારવારથી છોકરો સાજો થઈ ગયો. ગમે તેટલા ઉપદેશથી જે હેતુ સધાયો ન હોત તે આ શાન્ત કર્તવ્યપરાયણતાએ સાધી આપ્યો. અને મેં જોયું કે મારી વૃદ્ધ માતા પણ ધીમે ધીમે નવી પરિસ્થિતિ સાથે

સમાધાન કરવા લાગી ગઇ હતી. એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના આ પરિવર્તન સધાયું હતું. પોતાના એક પત્રમાં ગાંધીજીએ એનો નિર્દેશ કર્યો હતો.

તમે જોયું હશે કે નાઇક્કર પ્રત્યેનું એમનું વર્તન કેવું ઉમદા હતું. તમારા મત સાથે એમને મળતાં કરવાની તમારી શક્તિમાં તમને શ્રદ્ધા ન હતી. આપણને સુધારકોને એવી ટેવ પડી ગઇ છે કે સુધારાની શરૂઆત પોતાના ઘરથી જ થાય એ વાત વીસરી જવી. અને હવે એ ટેવ સુધારવી મુશ્કેલ થઇ પડી છે.

હું ધારું છું કે માયવરમ્ ખાતે એમણે બ્રાહ્મણો અને પંચમો વિશે, તે સમયે પુષ્કળ સંક્ષોભ મચાવનારું ભાષણ કર્યું ત્યારે આ પ્રકારના અનુભવો મનમાં રાખીને એ બોલ્યા હશે. રૂઢિચુસ્તોના એ અડ્ડામાં જઈને જે થોડાંક સાદાં સત્યો એ સંભળાવી આવ્યા તેથી પુષ્કળ કડવી ચર્ચાઓ જાગી હતી. પણ અસ્પૃશ્યોની બાબતમાં ગાંધીજી ઓછા બાંધછોડ કરે તેમ હતા? આપણને ખબર છે કે યેરવડા જેલમાં પુરાયા હતા ત્યાંથી પણ એમણે દેશનાં પ્રત્યાઘાતી બળો સામે પોતાની આધ્યાત્મિક રીતિથી સંગ્રામ માંડચો હતો. મધ્યકાલના ભારતીય સંતોની જેમ હૃદયનાં ઊંડાણોને ભેદતી કરુણામય વાણી ગાંધીજીએ ઉચ્ચારી હતી.

મારે ફરીને જનમ ધરવાની ઇચ્છા નથી; પણ જો ધરવો જ પડે તો ઈશ્વર પાસે માગું છું કે મને હરિજનનો અવતાર આપે, જેથી એમની મુશ્કેલીઓમાં હું ભાગ પડાવી શકું અને એમના ઉદ્ધાર કાજે મથી શકું.

આ જ દૃષ્ટિબિન્દુ ગાંધીજીએ હંમેશાં ધાર્યું છે. અસ્પૃશ્યતાનો લોપ એ સત્યાગ્રહની પ્રતિજ્ઞાનું મહત્ત્વનું અંગ છે, જેમ સ્વરાજની એ મહત્ત્વની શરત છે. પણ ગાંધીજી સરખા નેતા ધર્મશ્રદ્ધાની કે વ્રતની ઘોષણાઓ કરીને કે સિદ્ધાન્તોનાં સુંદર ભાષ્યો રચીને બેસી રહે એમ તો કેમ જ બને?

* * *

આવા જે રહસ્યદર્શી બીજા કેટલાક પ્રસંગો, આટલાં બધાં વર્ષો વીતવા છતાં યે મારી સ્મૃતિને તાંતણે વળગી રહ્યા છે. મને યાદ છે કે એક વાર હું એમની સાથે મહાન સ્વદેશભક્ત અને પત્રકાર શ્રી. સુબ્રહ્મણ્ય આય્યરને ત્યાં ગયેલો. દુઃસાધ્ય વ્યાધિથી પીડાતા હોવા છતાં આય્યર દેશને માટે થાય તેટલું કરતા હતા. ગાંધીજી જે કરી રહ્યા હતા તેથી દેશ અભિમાન લઇ શકે એમ છે એમ કહીને આય્યરે શોકપૂર્ણ વદને પોતાની સ્થિતિનો ઉલ્લેખ કર્યો, અને ભયંકર વ્યાધિને લીધે પોતે દેશને માટે કંઈ પણ કરવાને અસમર્થ છે એમ કહીને પોતાની લાચારી પર અફસોસ કરતાં કરતાં એ ચોધાર આંસુએ રડી પડચા. એમને આશ્વાસન આપતાં ગાંધીજીએ જણાવ્યું કે દેશ માટે એમણે ઘણું કર્યું છે ને શોક કરવાની કંઇ જ જરૂર નથી. એમ કહીને ગાંધીજીએ તરત જ વસ્ત્રના છેડાવતી એમનાં આંસુ લૂંછવા માંડચાં. હું ને એક મિત્ર (તે વખતે મિં. પણ

હવે તો રાઈટ ઑનરેબલ ડૉ. શાસ્ત્રી) આ હૃદયસ્પર્શી ઘટનાના સાક્ષી હતા. અમારાં બન્નેનાં હૃદય એ જોઈને ખૂબ દ્રવી ઊઠેલાં.

*　　　　*　　　　*

ગાંધીજીએ પોતાના દીકરાઓને જે રીતે ઉછેર્યા છે તે વિશે મારે થોડુંક કહેવું જોઈએ. આજકાલ અપાતી કેળવણીમાં એમને કશો ભલીવાર દેખાતો નહોતો, એટલે એમણે પોતાના પુત્રોને એનો પાસ લાગવા દીધેલો નહિ. અનેક પ્રવૃત્તિઓનો ભાર સતત એ વહી રહ્યાં હતા છતાં એમણે પોતે જ પોતાના પુત્રોને કેળવણી આપવાનું માથે લીધેલું. પત્રકારત્વની સૃષ્ટિમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા શ્રી. દેવદાસ ગાંધીને સ્કૂલ કે કૉલેજનું શિક્ષણ મળ્યું જ નથી. પોતાનું જ્ઞાન પોતે જ સંપાદન કર્યાનો જશ એ ખુશીથી લઈ શકે તેમ છે. પોતાના મહાન પિતાની સાથે એક જ ઘરમાં વસીને એમની આજ્ઞાને અનુસરવું એટલામાં એમની સર્વાંગી કેળવણી આવી જાય છે. ઓછામાં ઓછું, દેવદાસ પૂરતી તો આ વાત સાચી છે જ. મને એક પ્રસંગ યાદ આવે છે. ૧૯૧૮ની સાલમાં હિન્દીપ્રચારના કામને અંગે ગાંધીજીએ દેવદાસને મારે ત્યાં રહેવા મોકલ્યા હતા. મને લખેલું કે, “ એ કોઈ ગુજરાતી કુટુંબમાં રહે એમ હું ઇચ્છતો નથી. એણે તામિલ શીખી લેવાનું છે ને હિન્દી શીખવવાનું છે.” આ છે શિક્ષણ આપવાની ગાંધીપદ્ધતિ.

દેવદાસે પોતાની તબિયત પોતે જ જાળવવી જોઈએ. જો એ માંદા પડે તો દોષ એમનો જ ગણાય. દેવદાસ મારે ઘેર હતા ને એક વાર માંદા પડ્યા. ગાંધીજીને આ વાતની ખબર પડતાં મને એમણે પત્ર લખ્યો: “મેં એવું નહિ ધારેલું કે માંદા પડવાનું થાય એવું અઘટિત આચરણ દેવદાસ કરશે.”

*　　　　*　　　　*

એક બીજો કિસ્સો પણ મને સાંભરે છે. એ એમના બીજા પુત્ર મણિલાલને લગતો છે. (અત્યારે એ દક્ષિણ આફ્રિકામાં ‘ઇંડિયન ઓપીનિયન’ના તંત્રી છે.) મણિલાલ ગાંધીજીએ સ્થાપેલા સત્યાગ્રહાશ્રમના વાસી હતા. આશ્રમવાસી તરીકે આશ્રમના નિયમો પાળવાને એ બંધાયેલા હતા. હવે નિયમાનુસાર કોઈ આશ્રમવાસીએ ખાનગી મિલકત રાખવાની નહોતી. બનેલું એવું કે આશ્રમમાં જોડાતાં પહેલાં મણિલાલની એક નાની રકમની થાપણું સેવિંગ્ઝ બૅન્કમાં પડી હતી. એ અરસામાં દૂર રહેતા એમના એક ભાઈએ એમને થોડાક પૈસા મોકલી આપવાને લખ્યું હશે તેથી ભાઈને મદદ કરવા અને આશ્રમવાસીને વર્જ્ય એવી એ મિલકતનો નિકાલ કરી નાખવાના બેવડા હેતુથી એમણે એ રકમ બૅન્કમાંથી ઉપાડીને પોતાના ભાઈને મોકલી દીધી. યથાસમય આશ્રમમાં એની પહોંચ આવી રહી ને ગાંધીજીના હાથમાં પડી. પોતાનો દીકરો એક તો ખાનગી મૂડી ધરાવે ને પાછો મરજી મુજબ એનો ઉપયોગ કરવાની હદ સુધી આશ્રમની શિસ્ત પ્રત્યે દુર્લક્ષ કરે, એ ગાંધીજીને મન તો મસ મોટો અપરાધ કહેવાય. એનું ઘટતું પ્રાયશ્ચિત થવું જ જોઇએ. એટલે દીકરો ખુલાસા કરતો રહ્યો ને માતા એનું ઉપરાણું લઈને ખોળા પાથરતી રહી, છતાં ગાંધીજી એકના બે ન થયા. મણિલાલ આશ્રમમાંથી નીકળી જાય એ જ વાત એમણે ઝાલી રાખી.

એક રાતે જ્યૉર્જટાઉનમાંના મારા ઘરનું બારણું મણિલાલે ખખડાવ્યું ને એમણે જ મને બધી વાત કરી. પોતાના પિતાનો પત્ર પણ આપ્યો. બીજી બધી વાતો ભેગું એમાં એ પણ લખ્યું હતું કે મણિલાલ પાસે કડક શિસ્ત પળાવવાની છે, એની રસોઇ એની પાસે જ રંધાવવાની છે અને એની પાસે કંતાવવાનું છે.

*　　　　*　　　　*

હજી એક બીજો પ્રસંગ, જે હું કદી ભૂલી શકું તેમ નથી. મદ્રાસના એમના નિવાસકાળ દરમ્યાન મને માલૂમ પડયું કે કસ્તૂરબા કોઇક કારણે વ્યગ્ર રહ્યા કરે છે. મેં આ વાત ગાંધીજીના ધ્યાન પર આણી. એમને જવાબ આપવા માટે વિચારવાનું હતું જ નહિ. પરભારું એમણે કહી દીધું કે, એણે જ પેટ ચોળીને શૂળ ઊભું કર્યું છે. “ એનું કહેવું એમ છે કે છોકરાંનાં છોકરાં માટે કીમતી કપડાં ખરીદવા સારું મારે એને એના પૈસા આપી દેવા.” મેં મજાકમાં ટકોર કરી કે, “ તમે તો નિર્દય પતિ છો.” તરત જ સામો સપાટો આવ્યો. “ જુઓ, નિર્દય તો તમારો મારા પરનો આક્ષેપ છે. જો હું આ ને આવી બીજી બાબતોમાં એની ઇચ્છાઓને નમતું આપતો જાઉં તો મારે મારા સિદ્ધાન્તો જતા કરવાનો સવાલ ઊભો થાય છે. મારા વિચારોથી એ પૂરેપૂરી વાકેફ છે. હું કઈ રીતે જીવવા માગું છું તેની પણ એને બરાબર ખબર છે. મેં એને વારંવાર વિનવી વિનવીને કહ્યું છે કે મારાથી આઘે જઇને સુખેથી એ છોકરાં જોડે રહે ને આવી બધી અગવડોમાંથી ઊગરી જાય. પણ એ માનતી નથી. એને તો વફાદાર હિન્દુ પત્નીને છાજે તેમ જ્યાં હું જાઉં ત્યાં મારી પૂંઠે પૂંઠે આવવું છે.” સ્વભાવે પુષ્પકોમલ છતાં શિસ્તપાલનમાં વજ્રકઠોર ગાંધીજી વિશે આ વાત સમજાય તેવી છે.

*　　　　*　　　　*

બીજો પણ એક પ્રસંગ મને યાદ આવે છે. ડૉ. બેસંટે ગાંધીજીને અડ્યારની મુલાકાતે આવવાનું આમંત્રણ આપ્યું હતું. થિયોસોફિકલ સોસાયટીની મનોહર ભૂમિ ઉપર અમારું સ્વાગત કરવામાં આવેલું અને મોહક વિનયપૂર્ણ રીતે અમારું આદરાતિથ્ય થયેલું. આ દેશને પોતાનું જીવન સંપૂર્ણપણે સમર્પી દેનારી આ મહાન સન્નારી પ્રત્યે ગાંધીજીને અનહદ આદરભાવ હતો. ડૉ. બેસંટે પોતાના મોંઘેરા મહેમાનને સંસ્થાના ભવ્ય સભાગૃહમાં ને સરસ રીતે સજાવેલા બીજા ખંડોમાં ફેરવ્યા ને પછી અમને સૌને, પડખે જ આવેલા, સંસ્થાની ભવ્ય ઇમારત આગળ રંક દીસતા, છાપરું ઢાંકીને ઊભા કરેલા એક મકાનમાં એ લઈ ગયાં. એ અસ્પૃશ્યો માટેની શાળા હતી. હવે એક રીતે જોતાં પંચમોને કેળવણી આપવાની સૌ પહેલી ઝુંબેશ ઉઠાવનાર ડૉ. બેસંટ જ હતાં, પણ એક બાજુ ઉચ્ચ ગણાતા વર્ગને રહેવા માટેનાં આલિશાન મકાનો ને બીજી બાજુએ હલકી મનાતી વર્ણોને માટે જેમતેમ ઊભી કરેલી આ છાપરી—આ ભેદ ગાંધીજીથી સહ્યો કેમ જાય ?

એમને એટલું બધું લાગી આવ્યું કે રાત ત્યાં ગાળવાનો કાર્યક્રમ હતો તે ફેરવાવીને એમણે જ્યૉર્જટાઉનમાં પોતાના સ્થાનકે પહોંચી જવાનો નિર્ણય કરી લીધો, અને આગ્રહથી

એ નિર્ણયને વળગી રહ્યા. મેં એમને ખૂબ સમજાવ્યાં ને કહ્યું કે બીજું બધું તો ઠીક, પણ એથી ડૉ. બેસંટને પુષ્કળ દુઃખ થશે; વળી મારી ઉપર એ ચિડાશે. પણ મારું બોલ્યું ફોગટ ગયું. ગાંધીજી ન માન્યા તે ન જ માન્યા. નિર્ણય અફર રહ્યો ને મોડી રાતે એમણે અધ્યારને રામરામ કર્યા.

* * *

મેં હંમેશાં એમ માન્યું છે કે આપણા કાળમાં અતીવ સુંદર એવો ઉચ્ચ કોટિનો મૈત્રી સંબંધ ગોખલે અને ગાંધીજી વચ્ચે દૃઢ થયો હતો. ગોખલે ગાંધીજીથી ત્રણ જ વર્ષે મોટા હતા છતાં રાજકારણમાં ગાંધીજી એમને પોતાના ગુરુ ગણતા. સ્વભાવ અને જીવનદૃષ્ટિમાં બન્ને વચ્ચેનો ફરક ઊડીને આંખે બાઝે તેવો હતો, છતાં બન્નેને એકમેક માટે પુષ્કળ માનભાવ હતો. એકમેકના રૂડા અંશો સિવાય બીજું કશું ધ્યાન પર નહિ લેવાની એ બેઉની પરંપરા પળાતી જોવી એ કોઈ ઓર લહાવો હતો. ગાંધીજીને મન "ગોખલે વીરતા અને આત્મત્યાગની મૂર્તિ હતા; જનતા જેમની પ્રત્યે અહોભાવથી જોતી હતી તેવા ભારતના એ શ્રેષ્ઠ સુપુત્ર હતા." ગાંધીજી વિશેનો ગોખલેનો ભાવ પણ એવો જ લાક્ષણિક હતો: "ગાંધી તે કેવો અદ્ભુત પુરુષ છે તેની પ્રતીતિ માત્ર એના અંગત પરિચયમાં જેઓ આવ્યા છે તેમને જ થશે. જેમાંથી વીરો અને શહીદો ઘડાય છે એ સત્ત્વમાંથી તે ઘડાયો છે એમાં સંશય નથી." આગળ ચાલતાં એ ઉમેરે છે: "મારી આખી જિંદગીમાં બે જ એવા માણસોને મેં જાણ્યા છે જેમણે ગાંધીની માફક મારા મન ઉપર ઊંડી આધ્યાત્મિક છાપ નાખી છે. એક છે આપણા મહાન પિતામહ દાદાભાઈ નવરોજી અને બીજા તે મારા ગુરુ રાનડે. આ સૌ એવા પુરુષો છે, જેમના દેખતાં કોઈ પણ અઘટિત કાર્ય કરતાં શરમાઈ મરવાનું થાય તે તો ઠીક, પણ એમની હાજરીમાં કોઈ અઘટિત વિચાર કરતાં પણ મનને બીક લાગે."

આ પ્રશંસા ખરેખર ભારે છે, પણ એમાં અતિશયોક્તિ નથી, પણ ગોખલેને ગાંધીજી વિશે મનમાં એક ધાસ્તી એ હતી કે ગાંધીજી ઘણા લાંબા વખત સુધી દેશની બહાર રહેલા એટલે હિંદી જીવનનાં કેટલાંક અંગોને એ કદાચ મોટાં કરીને દેખતા હોવા જોઈએ. એ દોષ રહી ન જાય તે માટે એમણે ગાંધીજીને એક વર્ષ સુધી દેશમાં માત્ર ભ્રમણ કરવાની ને દેશનું યથાવત્ દર્શન કરવાની સલાહ આપેલી, જે ગાંધીજીએ અક્ષરશઃ પાળી હતી. ગોખલે પોતાના મનમાં કદાચ એવી આશા સેવતા હતા કે પોતાની પછી સર્વન્ટ્સ ઑફ ઈંડિયા સોસાયટીનો ભાર ગાંધીજી ઉઠાવી લેશે, પણ તે જ અરસામાં 'હિંદ સ્વરાજ' પ્રગટ થયું ને પ્રગટ થતાંવેંત જપ્ત સુદ્ધાં થયું. એ પુસ્તિકામાં ગાંધીજીએ ઘણા જ આગળપડતા વિચારો દર્શાવેલા તેથી ગોખલેને ઘણો સંતાપ થયો હતો. આમ તો એ બંને નેતાઓ દેશસેવા ને ઉગ્ર કર્તવ્યપાલનની બાબતમાં અંતરથી એકરૂપ હતા, છતાં બ્રિટિશ ઉદારમતવાદનું ધાવણ ધાવીને ઊછરેલા બંધારણવાદીની અને થૉરો અને ટૉલ્સ્ટૉયમાંથી પ્રેરણા મેળવીને ઘડાયેલા નિર્ભય ક્રાન્તિકારની પદ્ધતિ એકસરખી ક્યાંથી હોય? સોસાયટીના સભ્યોની મૂંઝવણ ગાંધીજી પરખી ગયા ને એમને મુશ્કેલીમાં નહિ મૂકવાનો એમણે

નિશ્ચય કર્યો. સ્વભાવની જે સૂક્ષ્મતા ને ઉદારતા ગાંધીજીની પોતાની જ છે તે દાખવીને તેમણે જે સંસ્થા પોતાને પ્રભાવિત કરે તે કરતાં પોતાની અવસ્થા ને પોતાના કેટલાક ઘડાઈઘડાઈને પાકા થયેલા વિચારોને કારણે પોતાથી પ્રભાવિત થાય એમ હતી તેમાં, જોડાવાનું માંડી વાળ્યું. ૧૯૨૦ માં પણ બરાબર આવો જ પ્રશ્ન તેમની સન્મુખ ખડો થયેલો. તે વખતે હોમરૂલ લીગમાં જોડાવાની વાત હતી. આ બાબતમાં મિત્રોની સલાહ લેતાં એમણે નિખાલસપણે જણાવ્યું હતું કે, તેઓ ઑલ ઇંડિયા હોમરૂલ લીગમાં જોડાવાનું મને કહ્યા કરે છે. હું એમને કહી ચૂક્યો છું કે આ ઉંમરે ને કેટલીય બાબતો વિશે દઢ અભિપ્રાયો બંધાઈ ચૂક્યા છે ત્યારે હું જો કોઈ સંસ્થામાં જોડાઉં તો તે એ સંસ્થાની કાર્યપદ્ધતિ સ્વીકારવા નહિ પણ મારી કાર્યપદ્ધતિ એની પાસે સ્વીકારાવવા જ જોડાઉં. એનો અર્થ એવો નથી કે હું મારા મનનાં દ્વાર વાસીને બેઠો છું ને હવે નવો પ્રકાશ મેળવવાની મારી વૃત્તિ જ નથી. મારે તો માત્ર ભાર દઈને એટલું જ કહેવું છે કે નવો પ્રકાશ જે કોઈ હોય તે મને મોહ પમાડવા માટે વિશેષે કરીને ઝળહળતો હોવો જોઈશે.

એટલે પછી જે કૉંગ્રેસમાં એ પાછળથી જોડાયા તેને એ પોતાની ભાવનાના રંગે પૂરેપૂરી રંગી દે એમાં અચરજ શું? એને ખુશીથી ગાંધીકૉંગ્રેસ કહી શકાય. કૉંગ્રેસ અને ગાંધી પર્યાયવાચક શબ્દો બન્યા છે.

ગાંધીજીના જોડાયા પછી કૉંગ્રેસનું સ્વરૂપ ફેરવાઈ ગયું એ કહી રહ્યો છું ત્યારે ભેગાભેગી મારે ને ગાંધીજીને એક વાર જે વાત થયેલી તે પણ કહી લઉં. કૉંગ્રેસના પ્રત્યેક અધિવેશનમાં વિષયવિચારિણી સમિતિમાં એ નિયમિત હાજરી આપતા પણ મૂંગેમૂંગા બેસી રહેતા. મેં એમને પ્રશ્ન કર્યો કે, "તમે કેમ આમ મૂંગા બેસી રહો છો? સમિતિની ચર્ચાઓમાં ભાગ કેમ નથી લેતા?" એમણે આપેલો ઉત્તર હજી મારા કાનમાં રણકે છેઃ "સાચું કહું, નટેશન્? આ સભાઓ ને ચર્ચાઓની મારા મન ઉપર કંઈ જ અસર થતી નથી. એ બધી કહેવાતા ભણેલા ને બુદ્ધિશાળી લોકોની ખાલી જીભાજોડી છે. લોકોના હૃદયને સ્પર્શ કરે એવું કશું આ સંસ્થામાં હું દેખતો નથી. કૉંગ્રેસે જે ધ્યેય સિદ્ધ કરવું જોઈએ તે કરવું હોય તો લોકોનાં મન પર અસર કરે તેવું કંઈક એની પાસે કરાવવું જોઈએ અને સૌમાં ચેતન પ્રેરે તેવું કોઈ નવું જ બળ પ્રગટાવવું જોઈએ."

સૌને ખબર છે કે એ પોતે કૉંગ્રેસમાં જોડાયા તે પછી કૉંગ્રેસે આ સામર્થ્ય પ્રાપ્ત કર્યું છે. ચાર આનાવાળા સભ્યોની પ્રથા તેમજ કૉંગ્રેસનાં અધિવેશનો દેશના અંદરના ભાગમાં આવેલા ગ્રામ્યવિસ્તારોમાં ભરવાની પ્રથા એમણે જ દાખલ કરેલી. મોટી સંખ્યામાં કૉંગ્રેસમાં જોડાવાનું અને અધિવેશનોમાં ભાગ લેવાનું જનસમુદાયને સુગમ પડે એ એની પાછળનો હેતુ હતો. લોકોની કલ્પનાને આ રીતે જ સતેજ કરી શકાય.

અને જોકે અમારી ને ડૉ. બેસંટની વચ્ચે મતભેદો ઘણા હતા, તેમ છતાં, જ્યારે હોય ત્યારે, મારી આગળ ગાંધીજી એમનો સબહુમાન ઉલ્લેખ કરતા અને હોમરૂલની



VALLIAMMA



MAGANLAL GANDHI
& HIS WIFE, SANTOK

Tolstoy Farm,
Lawley Station,
Transvaal.

ભાદરવા વદ ૨

ચિ. મગનલાલ,

सिय राम प्रेम पियूष पूरण
होत जनम न भरत को
मुनि मन अगम यम नियम
शम दम विषम व्रत आचरत को
दुख दाह दारिद दंभ दूषण
सुयश मिसु अपहरत को
कलिकाल तुलसी से शठहिं
हठि राम सनमुख करत को.

આ છંદ આપણે ખાસ કરીને
ગોખ્યો છે. તે વિચારી જોજે.
મારા કાગળમાં તેના [illegible]
[illegible] કરે છે. [illegible]
[illegible] ગાઈને [illegible]
પદ મગાવું. તે [illegible] કરવાને
[illegible] [illegible] [illegible]
[illegible]. તેમાં આપણી
[illegible] તે [illegible]
[illegible] [illegible] તે
[illegible] [illegible] તો
[illegible] [illegible] છું. [illegible]
[illegible] [illegible] વધુ
આવ્યું ?

ચિ. આણંદલાલનો
[illegible] તેને
[illegible] [illegible] [illegible]
[illegible] તેનો વિચાર
કરું છું. [illegible]
[illegible] [illegible]

મોહનદાસના
આશીર્વાદ

પ્રવૃત્તિથી એમણે દેશમાં જે નવી સ્ફૂર્તિ, નવી ચમક આણી હતી તેનાં એ ભારોભાર વખાણ કરતા.

× × ×

ગાંધીજીના અસાધારણ ગુણોમાંનો એક તે દ્વેષરહિતતાનો ગુણ છે. એમણે ઘણુંઘણું સહ્યું છે, પણ એમના પર ચાલેલાં કામથી કે જેલની સજાઓ ભોગવવાથી પણ એમનામાં કડવાશની લાગણી કદી ઉત્પન્ન થઇ નથી.

બીજો એમનો ગુણ તે મતાન્તરક્ષમાનો ગુણ છે. જે વિચારો સાથે પોતે મળતા ન થતા હોય તેમની પ્રત્યે એ સહિષ્ણુવૃત્તિ ધારણ કરે છે. એમના મિત્રો ને સાથીદારોની બુદ્ધિ પણ કહ્યું ન કરે એવી વિચિત્ર પ્રકારની હઠથી એ પોતાની વાતને વળગી રહે છે, પણ તેથી કરીને એ બીજા કોઇનો, એને રુચતા વિચારો ધરાવવાનો હક્ક છીનવવાનું કરતા નથી. એમની આવી અસાધારણ જાહેર કારકીર્દિમાં અનેક ઊથલપાથલો મચી અને એવા તો કેટલાય એક વારના સાથીદારો ભાવનાઓ અને દૃષ્ટિબિન્દુઓ વચ્ચે ઘર્ષણ થવાથી એમનાથી છૂટા પણ પડ્યા. એમના કેટલાક જૂના સહકાર્યકરો તો વિરોધી પક્ષમાં સુધ્ધાં ભળી ગયા છે. પણ એ તો ગમે તે હોય ને, એમની સાથેના સંબંધની મીઠાશ જેવી ને તેવી રહે છે. મારી પોતાની જ વાત કરું. એમના સિદ્ધાન્તોનાં તેમજ એમની જાહેર પ્રવૃત્તિનાં કેટલાંક અંગો વિશેની મારી અશ્રદ્ધા મેં એમનાથી કદીયે છાની રાખી નથી. પરંતુ એથી કરીને મારા જેવા એક જૂના મિત્ર પ્રત્યેના એમના અવિચલ સ્નેહમાં કંઈ જ ઘટાડો થયો નથી. મદ્રાસમાં રોકાવાના થોડું હોય ત્યારે પણ ભરચક રોકાણોમાંથી વખત કાઢીને એમના 'જૂના ઘર'ની—મારા ઘરને હંમેશાં એ આ રીતે જ વર્ણવે છે—મુલાકાતે આવી જવાના જ. એમના પ્રત્યેની માત્ર માનબુદ્ધિને કારણે સહેજ વાતમાં પોતાના વિચારોને જતા કરનારો માણસ એમની નજરમાં ઓછો ઊતરે છે. જાહેર પ્રવૃત્તિઓના સંચાલનની બાબતમાં હું ને એ એકમત ન હોઇએ ત્યારેત્યારે હંમેશાં મેં એમની સાથે ઝગડો ઉઠાવ્યો છે. ૧૯૪૦ના મે મહિનામાં જ્યારે એમના યુદ્ધ વિશેના વિચારોની ટીકા કરવાનું બીડું મેં ઝડપ્યું ને યુદ્ધમાં કૉંગ્રેસની ભાગીદારી સંબંધેના એમના વિચારોને ફરી તપાસી જઇને સુધારવાની મેં એમને વિનંતી કરી, ત્યારે મિત્રભાવે એમણે એ ટીકા સહી લીધી અને ચિડાઇને નહિ પણ ગ્લાનિવશ બનીને વળતો ઉત્તર લખ્યો:

એક પરાધીન દેશ તરીકે હિંદ પાસેથી જે કામ લેવામાં આવે છે તેથી વિશેષ એ શું આપી શકવાનું હતું?........નૈતિક ટેકા સિવાય મહાસભા કને આપવાનું બીજું કશું નથી. હિંદને એ લોકોએ એવું અસહાય બનાવી દીધું છે કે આંથી વધારે કશું થઈ શકે જ નહિ. પરાધીન રહીને હિંદ બ્રિટનને બચાવી શકે એમ નથી, સ્વતંત્ર દેશ બનીને બચાવે તો બચાવે.

ભિક્ષુક સમ્રાટ

લેખક: એસ. એન. અગરવાલ

ગાંધીજીનું વ્યક્તિત્વ સમૃદ્ધ અને બહુપ્રતિભ હોઇને અદ્વિતીય છે, પરંતુ તેની સાથેસાથ એ નિપુણ ભિક્ષુક પણ હોવાની વાત લોકો સામાન્યત: નથી જાણતા. એમની ભિક્ષાપદ્ધતિ જેટલી નવી છે એટલી જ મૌલિક છે.

માલવીયાજી એ બીજા એક એવા ભિક્ષુકસમ્રાટ છે. બનારસ હિંદુ યુનિવર્સિટી તથા અન્ય જાહેર સંસ્થાઓ માટે તેમણે શ્રીમંત શેઠિયાઓ તથા માલદાર રાજામહારાજાઓ પાસેથી કરોડો રૂપિયાની સામટી રકમ ઉઘરાવેલી છે; પરંતુ ગાંધીજીએ તો સોના કે ચાંદીને બદલે તાંબાનાણું ઉઘરાવવાની જ વિશિષ્ટતા પસંદ કરી છે. તેઓ ઇચ્છે તો એકાદ લાખ રૂપિયા માટે કોઈ શ્રીમંત મિત્ર કે પ્રશંસક પાસે જઈ પહોંચી શકે તેમ છે. પરંતુ તેને બદલે લાખ જણ પાસેથી એકેક રૂપિયો ઉઘરાવવાનું એમને અધિક પસંદ છે. એ એમની લોભવૃત્તિ નથી તેમ તેમની 'ધૂનો' માંની પણ એક નથી. આ વહેવાર પાછળ એક ચોક્કસ સિદ્ધાંત રહેલો છે. તેઓ જાહેર કાર્યો અને સંસ્થાઓ માટે ભિક્ષા માગે છે, અને એ કાજે નાણાં ઉઘરાવવા ઉપરાંત તેમનાં ધ્યેયો ને આદર્શોનો પણ પ્રચાર કરે છે. હરિજનસેવા કે ખાદીકાર્ય અંગે પોતાના કરોડો ગરીબ દેશબંધુઓ સમક્ષ 'ભિક્ષાપાત્ર' ધરીને તથા અસંખ્ય તાંબાનાણાં વડે તે છલકાવીને તેઓ તેની આવશ્યક આર્થિક વ્યવસ્થા જ નથી કરતા, પરંતુ અસ્પૃશ્યતાવિરોધ તથા સ્વદેશીના આદર્શો કરોડોમાં ફેલાવે છે. કોઈ જો સામટી રકમનું દાન કરે તો તે, કદાચ અજાણ્યે, કશાક સ્વાર્થી હેતુ માટે જ કરે, અને ગાંધીજીને તેથી પોતાના કાર્યને એક વધુ ટેકો આપનાર અને સહાનુભૂતિ દર્શાવનાર મળી રહે છે.

પોતાના પ્રવાસો દરમિયાન, ગાંધીજી એક કુશળ ભિક્ષુકનો ભાગ ભજવે છે. લગભગ દરેક સ્ટેશને ટોળાંનાં ટોળાં તેમનો સત્કાર કરે છે. મહાત્માની ઊડતી ઝાંખી મેળવવા લોકો ટોળેબંધ તેમના ડબ્બા પર ધસી આવે છે. ટોળાંઓના ભક્તિભાવભર્યા અભિવાદનોના શાંત સ્વીકાર માત્રથી જ આવી સોનેરી સંધિને એ અગ્રગણ્ય રાષ્ટ્રીય ભિક્ષુક કેમ છટકવા દે ? પોતાનાં 'દર્શન'નું એણે મૂલ્ય માગવું જોઇએ; અને એમ હોઇને એમનો ભિક્ષુક કર તરત જ બારીમાંથી લંબાય છે. 'હરિજનો માટે એકેક પૈસો !' ગાંધીજી સંભળાવે છે, અને તેમની હથેળીમાં તાંબાના સિક્કા ધરતા લોકો આનંદ અને સંતોષની એક ચમક અનુભવે છે. એક હાથ ભરાઇ જાય કે બીજો હાથ લંબાવવામાં આવે છે, અને રાતના ભાગે સુધ્ધાં દરેક સ્ટેશને ગાંધીજી ચબરાકીપૂર્વક સારી જેવી રકમ એકઠી કરે છે. ગાંધીજી પોતે ચાલાક અને અનુભવી ભિક્ષુક હોઇને દરેક ભાષામાં કમમાં કમ

'પૈસા'નો પર્યાયવાચક શબ્દ શીખી લેવાની ખાસ કાળજી રાખે છે. 'મહાત્મા ગાંધી કી જય'ના બૂમરાણથી લોકોનાં ટોળાં તેમની ઊંઘમાં ખલેલ પાડે તો પણ ગાંધીજી ચિડાતા કે ગુસ્સે થતા નથી. લોકો જ્યારે 'ભિક્ષા' આપવા માટે પોકારી રહ્યા હોય ત્યારે એક ગરીબ રાષ્ટ્રના નેતાએ નિદ્રા ઉપાસવી ન ઘટે. અને એને લઈને શાંતિપૂર્વક એ ઊઠે છે, બારી જો બંધ હોય તો તે ખોલે છે અને પોતાનું ઉઘરાણાનું કાર્ય શરૂ કરે છે.

મેં એવાં પણ દૃશ્યો ક્વચિત્ જોયાં છે કે, બેહદ થાકને કારણે ગાંધીજી અમુક સ્ટેશને ન ઊઠ્યા હોય તો, તેમની મંડળીના સભ્યોના વિરોધ છતાં કેટલાક લોકો ડબ્બામાં પેસી આવીને એમને ઢંઢોળીને ઉઠાડે અને કેટલાક સિક્કા તેમના હાથમાં મૂકી દઈને 'મહાત્મા ગાંધી કી જય' સાથે ચાલતા થાય. ગાંધીજી સ્મિત કરીને પાછા પાટલી પર પડે અને ગાઢ ઊંઘમાં પડી જાય. સામાન્ય ભિક્ષુક તો ગમે તે કંઈ પૈસા હાથમાં આવે કે આનંદિત બની જાય; પરંતુ આ અદ્ભુત ભિક્ષુકસમ્રાટની બાબતમાં તો, લોકો તેના હાથમાં પૈસા ધરી દેવાની પોતાની ફરજ હોવાનું માને છે. ક્યારેક ફાટ્યાંતૂટ્યાં વસ્ત્રોમાં એકાદ વૃદ્ધ ને જર્જરિત સ્ત્રી, ટોળા વચ્ચેથી મુશ્કેલીએ માર્ગ કરીને, ગાંધીજીની હથેળીમાં એક 'પૈસો' ધરી દે અને કેટલીક ક્ષણોપર્યંત ભક્તિભાવપૂર્વક તેમને તાકી રહ્યા પછી પોતાને માર્ગે પડે. દેવળના એકાદ ખૂણે શાંતપણે બેસી રહેતી એક ગરીબ વૃદ્ધ સ્ત્રીના નજીવામાં નજીવા ફાળાનું ઊંચામાં ઊંચું મૂલ્ય આંકતાં ખ્રિસ્તનું ત્યારે સ્મરણ થાય છે.

કોઈ વાર, ટ્રેન આવ્યા પહેલાં થોડીક-વારે ગાંધીજી સ્ટેશન-પ્લૅટફૉર્મ પર પહોંચી જાય તો તેમની આસપાસ સારી જેવી મેદની જામી જવા પામે, અને વર્તમાનપત્રોના પ્રતિનિધિઓને પ્રશ્નો પૂછવાની સરસ તક મળી રહે. પરંતુ ગાંધીજી એમ સહેજે સમજી જાય તેમ નથી હોતા; અને ઘણી વાર તેમના પ્રશ્નો સામે પ્રતિપ્રશ્નો કરીને ઊભા રહે છે. હોદ્દાસ્વીકાર અને અસહકાર એ બંને વચ્ચે કૉંગ્રેસ હજુ અટવાયા કરતી એ ૧૯૩૭ની શરૂઆતનો કદાચ એ સમય હતો, જ્યારે એક પત્રકારે કુતૂહલપૂર્વક પૂછેલું: "બાપુજી, કૉંગ્રેસ હોદ્દાસ્વીકાર કરશે?" "શા માટે, તમારે શું પ્રધાનબ્રધાન થવું છે?" ગાંધીજીએ રમૂજભર્યા મલકાટ સાથે પૂછ્યું. બિચારો ખબરપત્રી લેવાઈ ગયો અને પાછાં પગલાં કરવા લાગ્યો. પરંતુ ગાંધીજી એમ સહેલાઈથી તેને છટકવા દે તેમ ન હતા: "મહેરબાની કરીને તમારી હૅટ મને ભિક્ષાપાત્ર તરીકે વાપરવા આપશો?" એમણે સવાલ કર્યો. અલબત્ત, હૅટ તત્કાળ સોંપી દેવામાં આવી અને ગાંધીજીએ તેના માલિકથી જ શરૂઆત કરવા માટે તત્ક્ષણ તે તેની સામે લંબાવી! અને એ 'ભાવિ પ્રધાન'ને બધાંના હાસ્ય વચ્ચે થોડુંક રૂપાનાણું પણ પધરાવી દેવું પડ્યું. કેવો વિચિત્ર અને અદ્ભુત ભિક્ષુક છે આ અર્ધનગ્ન ફકીર!

ગાંધીજીએ ભિક્ષુકકળાને સંપૂર્ણ વિજ્ઞાનને પાયે મૂકી દીધી છે. પોતાની જન્મજાત સર્ગશક્તિ દ્વારા પ્રત્યેક પ્રસંગનો ઉપયોગ એ હરિજનફાળો ઉઘરાવવામાં કરે છે. હસ્તાક્ષરોમાં સહી મેળવવાનું ઘેલું લાગેલાઓનાં સંપુટોમાં તે પોતાની સહી મૂકશે, પણ દરેક સહી

બદલ પ્રથમથી રૂ. ૫) લઈને સ્વાગતસંબોધન અથવા તો બીજી કોઈ પણ વસ્તુનું ખુદ એ અર્પણ કરનારને જ લીલામ કરી નાખશે અને બદલામાં હરિજનો માટે કંઈક રકમ એકઠી કરશે. એમની પ્રાતઃ કે સાયંપ્રાર્થનાઓમાં ભાગ લેવા આવનારાઓ પાસેથી પૈસા ઉઘરાવવાની એમની રીત તો એટલી જાણીતી છે કે તેનો ખાસ ઉલ્લેખ કરવાની જરૂર નથી રહેતી. પોતાને તપાસતા ડૉકટરો સુધ્ધાંને ગાંધીજી નથી છોડતા. તેમને પોતાના શરીરને અડકવા દેતાં પહેલાં પોતાની અજોડ રમૂજપૂર્વક તેઓ પોતાની 'ફી' માગે છે. અને ડૉકટરો આ ભિક્ષુક જાદૂગરના પ્રભાવી જાદૂનો પ્રતિકાર કરી શકતા નથી.

પરંતુ લોકભિક્ષુક હોવા છતાં ગાંધીજી મુદ્દલ લોભી નથી. કોઈ પણ જાહેર સંસ્થા માટે બિનજરૂરી ભંડોળ એકઠું કરવાનો એ કદી પ્રયત્ન નથી કરતા. જો કોઈ સંસ્થા ખરેખરી રાષ્ટ્રીય હોય અને લોકકલ્યાણ અર્થે જ હયાતી ધરાવતી હોય, તો તેણે કદી નાણાંની તંગી ભોગવવી ન જોઈએ. જો તે એમ થવા દે, તો પોતાને એક જાહેર સંસ્થા કહેવડાવવાનો નૈતિક અધિકાર એ ગુમાવી બેસે છે; અને એમ હોઈને, તેનું અસ્તિત્વ બંધ થવું જોઈએ. સંસ્થાઓની ખરેખરી જરૂરિયાત તો સારા કાર્યકરોને પૂરા પાડવાની હોવાની. એટલા માટે જ ગાંધીજી સદા હિમાયત કરી રહ્યા છે, કારણ કે યોગ્ય માણસો હશે તો પૈસા તો નિઃશંક આવી મળશે.

અવારનવાર કેટલાક રૂઢિચુસ્ત હિંદુઓ એકાદ–બે લાખની બક્ષિસ સાથે ગાંધીજી પાસે આવી ચડે છે અને તેમને કહે છેઃ "મહાત્માજી, દાન સાથેની એક માત્ર શરત એ છે કે તે મુસ્લિમો અને હરિજનો માટે ન વપરાવવું જોઈએ" "તો પછી તમારે બીજો કોઈક મહાત્મા શોધી લેવાનો રહ્યો" પોતાના લાક્ષણિક સ્મિત સાથે ગાંધીજીનો શીઘ્ર જવાબ મળવાનો. એ પોતે જ્યાં હિંદની એકતા માટે જીવે છે અને તે માટે પ્રાણાર્પણ કરવા સુધ્ધાં તૈયાર છે, ત્યાં પોતાની શુદ્ધ અને સંસ્કારી ભિક્ષુકકળામાં કશી કોમી ગણતરીઓને કેમ પ્રવેશવા દે?

રેલવેસ્ટેશનો, પ્રાર્થનાઓ કે એવા અન્ય પ્રસંગોએ થયેલાં પોતાનાં સઘળાં ઉઘરાણાંનો વિગતવાર હિસાબ રાખવામાં ગાંધીજી ખૂબ જ ચોક્કસ છે. એક પાઈ સુધ્ધાંની ચૂક તેઓ સહન ન કરે, અને હિસાબ રાખનારાઓને નજીવી ચૂકો શોધી કાઢવામાં કલાકો વિતાવવા પડે છે.

ભિક્ષુકોને તેમની પોતાની પસંદગી જેવું ન રહેતું હોવાનું કહેવામાં આવે છે. પરંતુ આ નિયમ ગાંધીજીને લાગુ નથી પડતો. એમને માટે, વસ્તુતઃ એથી ઊલટું જ છે. જો તમે શ્રીમંત હો, તો તેઓ સોનુંરૂપું માગશે; જો ગરીબ હો, તો અદના પાઈ–પૈસો; જો કશા પૈસા આપી શકો તેમ ન હો તો હાથે કાંતેલું સુતર માગશે; અને તે પણ તમારાથી ન બની શકે તેમ હોય તો તમારે ઉપવાસ કરી, બચાવીને આપવાનું રહ્યું. ગાંધીજી એ કઠોર ભિક્ષુક છે, સખ્ત કામ લેનારા છે અને છતાં આટલા પ્રિય, પ્રેમપૂર્ણ અને ક્ષમાશીલ છે.

પાયાની કેળવણી

લેખક : કે. જી. સૈયદૈન્

મહાત્મા ગાંધી એ એક એવી અદ્‌ભુત બહુપ્રતિભ વ્યક્તિ છે જે જુદા જુદા અનેક પ્રકારે પોતાની અભિવ્યક્તિ કરી ચૂકેલ છે. આમ છતાં રાજકારણપટુ અને સમાજસુધારક એ વ્યક્તિને હિંદની કેળવણીની જટિલ સમસ્યામાં પણ કાયમી અને દૂરગામી ફાળો આપવા માટેનાં માત્ર સમય અને શક્તિ જ નહિ પરંતુ અંતઃપ્રવેશ અને કલ્પના પણ મળી રહેશે એમ કોણ કલ્પી શકયું હોત ? કેળવણીના ક્ષેત્રમાં અનભિજ્ઞ વ્યક્તિનો ચંચુપાત એક અસામાન્ય વસ્તુ છે એટલા માટે નહિ, પરંતુ એમાંનો મોટો ભાગ ચર્વિતચર્વણ કરતો કે અવહેવારુ સૂચનાઓ મૂકતો રહે છે અથવા તો પોતે શાને વિષે બોલી રહેલ છે તેનું ભાન સુધ્ધાં તેને નથી હોતું. છતાં મહાત્મા ગાંધીની દરમિયાનગીરી એક આવકારપાત્ર અપવાદ બની છે. દેશની કેળવણીના પ્રશ્નમાં એમનો અંતઃપ્રવેશ પુસ્તકોના અભ્યાસને કે શિક્ષણના સામાન્ય અનુભવને આભારી નથી; માનવ સ્વભાવના તથા હિંદની સામાજિક સ્થિતિના એમના તલસ્પર્શી જ્ઞાનને એ આભારી છે.

કેળવણીના ક્ષેત્રમાં એમના ફાળાની સૂચકતા દ્વિવિધ છેઃ એક તો એ કે હિંદની કેળવણીવિષયક પરિસ્થિતિને હિંદી પ્રતિભાના વિશિષ્ટ પ્રત્યુત્તરરૂપ એ છે, આ ભૂમિની જ એ સહજ નીપજ છે, બહારથી આયાત થયેલી નહિ. બીજું, એમાં સર્વમાન્યપણાના એવા અમુક અંશો રહેલા છે જે તેને આ યુગની કેળવણીવિષયક પ્રગતિશીલ વિચારસરણી સાથે એક હરોળમાં લાવે છે. વિદેશોમાંની કેળવણીવિષયક આધુનિક હિલચાલો સાથે કશો બૌદ્ધિક સંપર્ક ન ધરાવનાર ખુદ મહાત્મા ગાંધીને પણ આ હકીકત આશ્ચર્યપ્રેરક થઈ પડે તેમ છે, અને કદાચ થઈ જ ચૂકી છે.

ગાંધીજીને તેમની પોતાની વિશિષ્ટ કાર્યપદ્ધતિ હોય તેમ લાગે છે. જ્યાં જ્યાં કશી નવી સામાજિક, રાજકીય કે સાંસ્કૃતિક પ્રવૃત્તિનું ઉદ્‌ઘાટન એ કરે છે, ત્યાં ત્યાં પોતાના વિચારો બેધડકપણે, હું માનું છું ત્યાં સુધી એવા ઉદ્દામ સ્વરૂપે મૂકે છે, કે લોકો પોતાની ઉદાસીનતાને વિમનસ્કતામાંથી સફાળા જાગી ઊઠે છે. બીજા કશા વધુ સાવચેતીભર્યા કે 'વાજબી' પ્રકારે આ પ્રશ્નને હલ કરવાને બદલે આ રીતે તેઓ વધુ ઉગ્ર ચર્ચા ઉત્તેજવાને શક્તિમાન તથા સ્થાપિત પ્રણાલિકાને પડકારવામાં વધુ સફળ થાય છે. સાત વર્ષ પહેલાં 'હરિજન'માં કેળવણી પર લેખમાળા લખતાં તેમણે આમ જ કરેલું. જુદાં જુદાં કારણોસર એ લેખમાળાએ જબરા વિવાદ તથા વિરોધને જન્મ આપેલો; પરંતુ એની સાથોસાથ, ભણતરના મર્યાદિત પર્યાયમાં નહિ પરંતુ અસંદિગ્ધ વિધાનોના ક્રમમાં લોકોને એણે કેળવણીવિષયક વસ્તુસ્થિતિનાં મૂળભૂત તત્ત્વો પર વિચાર ચલાવતા કરી મૂકેલા. હવે જ્યારે દેશના અનેક ભાગોમાં યોજનાનો વાજબી પ્રયોગ થઈ રહ્યો છે ત્યારે આ વિધાનો અને તેમના પરની ટીકાને તટસ્થ રીતે ચકાસી જોવા જેવું છે.

ગાંધીજી ખરેખર શું સિદ્ધ કરવા માગે છે? પહેલું તો એ કે, સાર્વજનિક કેળવણી મફત, ફરજિયાત અને સર્વલક્ષી બનાવવી જોઈએ. આ માગણીમાં તેની તીવ્ર જરૂરિયાત સિવાય કશું નવીન નથી, અને લગભગ બધા સુધરેલા દેશોએ સિદ્ધ કરેલું એ લક્ષ્ય છે. બીજું, આ સાર્વજનિક કેળવણી વેઠરૂપ ન હોવી જોઈએ, બાળકોએ હજુ તો અક્ષરજ્ઞાન મેળવ્યું હોય અને કશાં ઉપયોગી જ્ઞાન કે સામાજિક તાલીમ પામવાની એમની તક હજુ નહિવત્ હોય છે ત્યાં જ એનો અંત આવી જવો ન જોઈએ. પાછળથી વિકાસ પામેલી વ્યાખ્યા મુજબની આ 'પાયાની રાષ્ટ્રીય કેળવણી'નો ઓછામાં ઓછો ગાળો સાત વરસનો, વયના ૭ થી ૧૪ વરસ સુધીનો હોવો જોઈએ. દાખલા તરીકે ગ્રેટબ્રિટનને જ્યારે આ ગાળો ફરજિયાત પ્રાથમિક કેળવણી માટે અત્યંત ટૂંકો લાગે છે ત્યારે આ માગણીને ઘણી વધારેપડતી ગણવી વાજબી છે? ત્રીજું, આ કેળવણી માતૃભાષા દ્વારા અપાવી જોઈએ. આવા એક પ્રાથમિક અધિકારની માગણી તો માત્ર હિંદ જેવા દેશમાં જ જરૂરી રહે છે. ચોથું—અને યોજનાનો કેળવણીવિષયક કેન્દ્રિય આધારસ્તંભ આ છે કે—આ સાર્વજનિક કેળવણી કાંતણ અને વણાટ જેવા ગ્રામોદ્યોગો તથા (મુખ્યત્વે નહિ) પુસ્તકો મારફત અપાવી જોઈએ. બાળકોએ એવી વસ્તુઓ નિપજાવવી જોઈએ કે જે બજારમાં ખરેખર વેચી શકાય, અને કેળવણીને તેનો પોતાનો ભાર ઉપાડતી બનાવવા માટે એનું વેચાણ થવું જોઈએ. ગાંધીજીએ એ પણ સૂચવેલું કે, માધ્યમિક અને ઉચ્ચ કેળવણી ખાનગી પ્રોત્સાહન પર જ છોડી દેવી જોઈએ અથવા તો કાયદો, વૈદક, ઇજનેરી વગેરે જુદા જુદા ધંધા તથા ઉદ્યોગો દ્વારા તેની જોગવાઈ થવી જોઈએ; પરંતુ રાજ્યે પોતાની સાધનસામગ્રી એ પાછળ ન યોજતાં મુખ્યત્વે ગ્રામસમુદાયની કેળવણી પર પોતાનું લક્ષ કેન્દ્રિત કરવું જોઈએ.

કેળવણીના ક્ષેત્રમાં સ્થાપિત મત સામેનાં આ બંડખોર મંતવ્યો સામે દેશનો શો પ્રત્યાઘાત હતો? અનિવાર્યપણે એનો મિશ્ર સત્કાર થવા પામેલો. એવા પણ લોકો હતા જેમને સામાજિક–આર્થિક પ્રશ્નો પરત્વે ગાંધીજી સાથે મૂળભૂત મતભેદ રહ્યો છે. તેઓ ઉદ્યોગીકરણના હિમાયતી છે અને નાના પાયા પરના હાથઉદ્યોગોને તેઓ મધ્યકાલીન અર્થકારણના સદંતર રદ થવા જોઈતા અંગ તરીકે માને છે. હિંદના ઔદ્યોગિક વિકાસને સ્થગિત બનાવી દઈને તેને ગૃહ–ઉદ્યોગોની સપાટી પર મૂકી દેવાની ગણતરી એ યોજના પાછળ રહેલી હોવાનું માનીને તેઓ તેને અવહેવારુ જ નહિ પરંતુ ભયંકર પણ માનતા હતા. મોટા ભાગની પુસ્તકિયા કેળવણીના કરતાં કામ દ્વારા અપાયેલી કેળવણીથી કુશળ અને પાવરધા ઔદ્યોગિક કામદારો નિપજાવવાનો વધુ સંભવ છે. તેમજ સિદ્ધાંતોને લગતા શિક્ષણ કરતાં કારીગરકામ ઉદ્યોગોની વધુ નજીકનું છે એ કંઈક અંશે દેખીતો મુદ્દો એમના લક્ષ બહાર જ રહી ગયેલો. વળી એવા 'રૂઢિચુસ્ત' કેળવણીકારો પણ રહેલા, જેઓ શાળાઓમાં પાઠ્યપુસ્તકોના જમાનાજૂના વર્ચસ્વને પડકારતા કારીગરકામના તથા નાનાં બાળકો પોતાનો શાળાનો સમય 'હાથકારીગરી'માં ગુમાવે એના ખ્યાલથી સ્તબ્ધ થઈ ઊઠેલા. તેમને એવી આશંકા રહેતી કે આવી કેળવણીયોજનાથી એકાદ ઇકબાલ કે એકાદ

ટાગોર–કદાચ તેમના પંડના જેવી જ મૂલ્યવાન વ્યક્તિઓ નહિ નિપજાવી શકાય. તેમને એવો ખ્યાલ ન રહ્યો કે, આજ્ઞાનુસાર પ્રતિભા ન નિપજાવી શકાય, માનવપ્રાણીઓના જુદાજુદા પ્રકારો અપાર જુદાજુદા માર્ગે પોતાની આત્મ–અભિવ્યક્તિ અને આત્મસંતૃપ્તિ સાધે છે, તથા પુસ્તકો એ કંઇ સંસ્કારિતાના એકમાત્ર પ્રવેશદ્વાર નથી એટલું જ નહિ, પરંતુ સ્વયંપર્યાપ્ત—જીવન અને કાર્યથી વિરક્ત—રીતે તો એ સંસ્કારિતાનું પ્રવેશદ્વાર હરગીઝ નથી. વળી, ગાંધીજીના એવા ચુસ્ત શિષ્યો પણ હતા કે જેમને મન ગાંધીજીનો પ્રત્યેક શબ્દ શાસ્ત્રાજ્ઞા સમાન હતો, અને એવાઓ સ્વાભાવિક રીતે જ સઘળું જેવા ને તેવા સ્વરૂપે સ્વીકારી લેવા તૈયાર હતા. પોતાના ઉત્સાહના પ્રથમ ઊભરામાં એ લોકોએ કદાચ એટલું પણ યાદ ન રાખ્યું કે, ગાંધીજીનું વાસ્તવિક કાર્ય તો કેળવણીનો સંપૂર્ણ ચિતાર રજૂ કરવાનું નહોતું પરંતુ કેળવણીકારો દ્વારા સમીક્ષા કરવામાં, સુધારા કરવામાં અને લાગુ પાડવામાં આવે એવા અમુક વિશાળ અને ફળદાયી વિચારો રજૂ કરવાનું હતું.

પરંતુ ગાંધીજી પોતાના સિદ્ધાંતયુક્ત પ્રશંસકો તથા સૈદ્ધાંતિક ટીકાકારો—બંનેના કરતાં મહાન અને નિખાલસ છે. તેઓ પોતાના વિચારોને ત્રિકાલાબાધિત સત્ય તરીકે નહિ પરંતુ વિશેષ પરીક્ષા માટેના પ્રારંભિક મુદ્દાઓ તરીકે ગણતા હતા. એને લઇને પોતાની યોજનાની રૂપરેખાનાં યોગ્ય સ્વરૂપ અને ચકાસણી માટે એમણે પ્રથમ તો કેળવણીકારોની એક પરિષદ સમક્ષ એને મૂકેલી, અને ત્યાર પછી એક સમિતિ સમક્ષ, જેના અધ્યક્ષપદે એમણે નિઃસંકોચ ડૉ. ઝાકિર હુસેનને ચૂંટી કાઢેલા. અલબત્ત, પરિષદ સમક્ષ એ યોજનાનું તેમણે કરેલું ગુણદર્શન બૌદ્ધિક અને રચનાત્મક ટીકાને લઇને સપ્રમાણ રહેલું. બીજી કોઈ પણ વ્યક્તિએ કદાચ એ સમૃદ્ધ કાચી ધાતુમાંથી આના કરતાં વધુ સફળતાપૂર્વક સોનું શોધી કાઢયું ન હોત. ડૉ. ઝાકિર હુસેન, એ પોતપોતાના જુદાજુદા માર્ગોએ કેળવણીપદ્ધતિનું બુદ્ધિગમ્ય રૂપાંતર આણવા મથી રહેલા અને કેળવણીની વધુપડતી વિદ્વદ્ભોગ્યતા તથા પુસ્તકિયા પરંપરા સામે પોતાનો જોરદાર વિરોધ નોંધાવી ચૂકેલા એક નાના છતાં વિશિષ્ટ વર્ગમાંના એક છે. ગાંધીજીની અંતઃપ્રેરણાના ફળરૂપ નવી યોજના તથા તેના કેન્દ્રીય ખ્યાલમાં એમણે જબરી શકયતાઓ જોઈ, અને કેળવણીવિષયક પ્રગતિશીલ વિચારસરણીનાં સર્વોત્તમ લક્ષણો સાથેની તેની સુસંહતતાને લઇને તેમના પર તેની જબરી અસર થવા પામી.

એ ખ્યાલ શો હતો ? એ જ કે મનુષ્યને સાચેસાચી કેળવણી આપવાનું એકમાત્ર યોગ્ય માધ્યમ છેવટે તો સચોટતા અને બુદ્ધિપૂર્વક કરેલું કામ જ છે. અને શાળાઓ 'કાર્ય' તથા 'કાર્ય દ્વારા શિક્ષણ'નાં સક્રિય કેન્દ્રોરૂપ બનવી જોઇએ, તેમજ બંનેનો અંતર્ગત સંબંધ હોવો જોઇએ. કાર્ય, શિક્ષણ અને જીવન વચ્ચેના આ અંતર્ગત સંબંધનું ગુણદર્શન એ કંઈ ગાંધીજીની જીવનવિષયક ફિલસૂફીએ રજૂ કરેલો એક અકસ્માત 'ફાંટો' નથી; એમના ગહનતમ ચિંતનસ્રોતમાંથી એનો ઉદ્ભવ થયેલો છે. 'જોન બુલ્સ અધર આઇલૅન્ડ'માંના ધર્માચાર્યની પેઠે એમના માટે 'જીવન એ કાર્ય છે અને કાર્ય

એ આરાધના છે—ત્રણેમાં એક અને એકમાં ત્રણે.' જીવનભર તેઓ એક કાર્યકર છે, અને કાર્યકરોના સંસર્ગમાં રહેલા છે, જેને લઈને પ્રત્યક્ષ અનુભવ તથા નિરીક્ષણ પરથી તેઓ જાણે છે કે સઘળી વાસ્તવિક મૂલ્યવત્તા પ્રામાણિક કાર્ય દ્વારા નિષ્પન્ન થાય છે, અને સાચેસાચી સંસ્કારિતા તો પુસ્તકાલય કે વ્યાખ્યાનખંડના કરતાં પણ વાડી, ખેતર તથા કારખાનાંની જ પેદાશ હોવાનું એથી યે વધુ ભારપૂર્વક કહી શકાય તેમ છે. કેળવાયેલા વર્ગે રાષ્ટ્રીય જીવનની ગતિશીલતાથી પોતાને અલગ રાખવા પર એ ખિન્ન થઈ ઊઠેલા, અને તેના ઇલાજ તરીકે એમણે સૂચવેલું કે, ઘડતરનાં વરસો દરમિયાન જુવાનોને તો શાળામાં વાસ્તવિક કાર્યના સાંચામાં નાખી દેવા જોઈએ. અહીં તેમણે ખેતીવાડીના ક્ષેત્ર તરીકે કપાસ અને ઊન, લાકડા અને માટી જેવા નમતું ન આપે તેવા કાચા પદાર્થોને વશ બનાવતાં શીખવું જોઈએ. આ વાસ્તવિક અને હેતુપુરઃસરના કાર્ય દરમિયાન તેઓ માત્ર વેચી શકાય તેવી વસ્તુઓ જ નહિ નિપજાવે પરંતુ સારું જેવું જરૂરી વહેવારુ જ્ઞાન પણ મેળવશે, અને પુસ્તકોનો તો જરૂરી પ્રસંગે વધુ ઉપયોગી જ્ઞાન મેળવવા પૂરતો જ ઉપયોગ કરશે. આ રીતે પુસ્તકો કાર્યનું સ્થાન પચાવી નહિ પાડે પરંતુ તેને સહાયક નીવડશે, અને એથી પ્રાપ્ત થયેલું જ્ઞાન ચારિત્ર્ય અને વ્યક્તિત્વમાં સંનિહિત બનશે. આવું જ્ઞાન–એની વ્યાપકતા મર્યાદિત રહેવા છતાં–પુસ્તકોમાંથી યંત્રવત્ મેળવાતા અને શીખનારના માત્ર નિષ્ક્રિય કબજારૂપ બની રહેતા અતિ વિશાળ જ્ઞાનના કરતાં, ગાંધીજીની વિચારસરણી મુજબ, વધુ કીમતી અને અસરકારક રહે છે. બાળકોના કારીગરીમાં નૈપુણ્ય ઉપરાંત કેળવણીના વધુ વિશાળ હેતુઓમાં ગાંધીજીને ઓછો રસ હોવાનું માનવું એ ગેરવાજબી છે. પાયાની રાષ્ટ્રીય કેળવણીના અહેવાલની પોતાની પ્રાસ્તાવિક સમીક્ષામાં તેઓ આ નોંધ કરે છે : "ગામડાંના હાથઉદ્યોગો દ્વારા કેળવણીનો અર્થ એ કે, શિક્ષકોએ પોતપોતાનાં ગામનાં બાળકોને તેમની સઘળી શક્તિઓને બહાર આણવા માટે, કશાં બાહ્ય નિયંત્રણો કે દરમિયાનગીરીથી મુક્ત એવા વાતાવરણમાં ગામડાંના કેટલાક ચૂંટી કાઢેલા હાથઉદ્યોગો દ્વારા કેળવણી આપવી જોઈએ." ઉત્પાદક કાર્ય દ્વારા કેળવણી તથા મુક્ત વાતાવરણમાં કેળવણી વિષેનો આ આગ્રહ કોઈ પણ 'નૂતન કેળવણીકાર'ના દિલને આહ્‌લાદિત બનાવે તેમ નથી?

આ તબક્કે એ નિર્દેશ ઉચિત થઈ પડશે કે, તેમના ચુસ્ત અનુયાયીઓ તેમજ ટીકાકારો બંને અજબ રીતે માને છે તેમ, ગાંધીજીએ જે પ્રતિપાદિત કરેલ છે તે વસ્તુતઃ તદ્દન નવો કેળવણી સિદ્ધાંત નથી. વિચક્ષણ શિક્ષકો જાણ્યે કે અજાણ્યે, કાર્ય દ્વારા કેળવણીના આ સિદ્ધાંતથી જ સર્વદા પ્રેરાયા છે. તાજેતરમાં 'પ્રોજેક્ટ મેથડ' તથા 'ઍક્ટીવિટી સ્કૂલ' જેવી કેળવણીવિષયક હિલચાલો દ્વારા યુરોપ, અમેરિકા તથા સોવિયેટ રશિયામાંની શાળાઓમાં આ સિદ્ધાંતને માનભર્યું સ્થાન આપવામાં આવ્યું છે. ગાંધીજીના ફાળાની વિશિષ્ટ સૂચકતા તો એમાં રહેલી છે કે પ્રથમ તો ખરું જોતાં એને ઘાટ આપનાર એ જ છે, અને બીજું, એમના પહેલાં હિંદમાં બીજા કોઈએ આ સિદ્ધાંત આટલો ભારપૂર્વક કે અસંદિગ્ધપણે રજૂ નથી કરેલો, કે નથી કોઈએ કેળવણીની સમગ્ર પ્રક્રિયાના પાયારૂપ

બનાવવાનો પ્રયત્ન કરેલો. હિંદમાં સદીઓ થયાં કેળવણીની 'એકેડેમિક' પરંપરા ચાલુ રહેવાનું પરિણામ એ આવ્યું હતું કે સંસ્કારિતા કાર્યથી તદ્દન નોખી પડી ગયેલી અને શારીરિક શ્રમ નિઃશંકપણે અપ્રતિષ્ઠિત ગણાતો થયેલો. ગાંધીજીએ આ પૂર્વગ્રહના ગઢ પર મારો ચલાવ્યો—બીજાઓ તેમ કરતા રહ્યા હતા પણ, કદાચ, એટલી અસરકારક રીતે નહિ—અને એવું ઠરાવ્યું કે, કોઈ પણ બાળક, પછી તે શ્રીમંત હોય કે ગરીબ, 'ઉચ્ચવર્ણીય' હોય કે 'નીચવર્ણીય' પરંતુ ખરેખરા હાથમહેનતના કામમાં તેણે હૃદયપૂર્વક ભાગ લેવો જોઇએ. પુનરુક્તિ કરવાની ભાગ્યે જ જરૂર છે કે, આ પગલું જેટલું સામાજિક એટલું જ માનસશાસ્ત્રીય નજરે વાજબી છે; કારણ કે કાર્યકરની કેળવણી એ તદ્દન સાચા અર્થમાં 'મનુષ્યોની કેળવણીનું પ્રવેશદ્વાર છે.' ઉત્પાદનશીલ કાર્ય આ રીતે શિક્ષણક્રમનું એક પ્રધાન તથ્ય જ નથી રહેતું; એની ભાવના કેળવણીની પદ્ધતિઓને પણ પ્રેરણા આપવા લાગે છે.

યોજનાનું સૌથી વધુ વાદગ્રસ્ત અંગ એ છે કે ઉત્તરોત્તર ખર્ચને લાગેવળગે છે ત્યાં સુધી કાર્ય દ્વારા આ કેળવણી આત્મનિર્ભર રહેવી જોઈએ. પરિષદમાં આ ખ્યાલ એટલો હળવો બનાવવામાં આવ્યો કે પાયારૂપ શાળાઓ દરમાસે રૂ. ૨૫ લેખે શિક્ષકોનું રફતે રફતે વેતન કાઢવા જેટલી શક્તિમાન નીવડવી જોઇએ. હવે, ગાંધીજીએ યોજનાના આ અંગ પર કેમ સૌથી વધુ ભાર મૂકેલો છે? હું ધારું છું ત્યાં સુધી એ અંશતઃ એમના ગંભીર ખ્યાલને આભારી છે કે ખપ પડચે કામમાં આવે એવા આર્થિક એ ઇલાજો યોજવામાં ન આવે ત્યાં સુધી હિંદ જેવા એક ગરીબ દેશને માટે પાયાની કેળવણીની જોગવાઇ સાર્વજનિક પ્રમાણમાં શકય ન બને. એ ખ્યાલ ગલત નથી. એ હિંદ સરકારના કેળવણીવિષયક સલાહકારે પાયાની કેળવણીની દર્શાવી આપેલી આર્થિક ફલશ્રુતિ પરથી જણાય છે, જે ઉત્કટ ઉદ્યોગીકરણ દ્વારા દેશની સમૃદ્ધિ અનેકગણી વધારવામાં ન આવે ત્યાં સુધી નિખાલસપણે એથી દૂર રહેવાનું જણાવે છે. ગાંધીજી ધરખમ ઉદ્યોગીકરણના પક્ષમાં ન હોઇને તેમને માટે આ વિધાન સિવાય અન્ય કશો વિકલ્પ રહ્યો નહોતો.

આ ખ્યાલ માટેનું બીજું એક વધુ નક્કર અને માનસશાસ્ત્રીય કારણ પણ રહેલું છે. જો કારીગરીકામ એ માત્ર શોખ કે ગમ્મત ઉપરાંત કશું વિશેષ બનવાનું હોય, તો તેણે સમગ્રતા, કાર્યક્ષમતા, સઘળા સમય અને સાધનોના કરકસરભર્યો ઉપયોગ તથા સાચા કારીગરીકામ સાથે જોડાયેલાં બીજાં ગુણો તથા લક્ષણોને પણ મન પર લેવાં જોઇએ. આ નિશ્ચિત કરવાને માટે બાળકના કારીગરીકામની નીપજો પર સપ્રમાણ અંકુશ મુકાવો જોઇએ, અને મોટે પાયે તાત્કાલિક અને અંદાજી કસોટી એ દેખીતી રીતે જ એમની વિક્રયશક્તિ બની રહે છે. ઝાકિરહુસેન સમિતિએ ગાંધીજીના વિધાનના આર્થિક અંગથી તદ્દન જુદી રીતે આ ગણતરી પર ભાર મૂકેલ છે. નિપજાવેલી વસ્તુઓની વેચાણક્ષમતા અંગે તેમની સારી જાત પર આપણે ભાર નહિ મૂકીએ—અલબત્ત કેટલાંક વર્ષોની તાલીમ પછી—તો પછી અધૂરા મનની ને જેવીતેવી કામગીરી સામે કશી બાંહેધરી નહિ રહે. એવું પણ સૂચવાયું છે કે આ વિધાન શાળાઓને કારખાનાંમાં ફેરવી નાખીને

બાળકોના શ્રમને અવમાનભર્યા સ્વરૂપે પુનર્જીવિત કરશે. સારી શાળા અને ખરાબ કારખાના વચ્ચે રહેતા પ્રોત્સાહ, ઘાટી તથા વાતાવરણના મૂળભૂત તફાવતને લક્ષ પર લેવાની નિષ્ફળતા જ એ દર્શાવે છે. બાળકોની મજૂરી અંગેનો સાચો વાંધો તો કારખાનાંઓમાં અમાનુષીય અને તંદુરસ્તીને હાનિકારક પરિસ્થિતિમાં બાળકો પાસેથી લેવામાં આવતા કામ સામે તથા એ પ્રક્રિયાને લાક્ષણિક રીતે કાર્ય તથા તેના ઉદ્દેશ વચ્ચે રહેતા આવતા છૂટાછેડા સામે રહેલો છે. બાળકને કામ પ્રત્યે અણગમો નથી હોતો, વસ્તુતઃ એનો ક્રિયાત્મક પ્રાણ તો સદાયે ઝંખતો હોય છે અને નિરુદ્દેશ પુસ્તકિયા શિક્ષણ સામે વિરોધ પોકારતો હોય છે. 'ક્રિયાશાળાઓ'માં કામ કરવા માટેનું વાતાવરણ જો તંદુરસ્ત અને પરસ્પર ક્રિયોત્તેજક હોય, બાળકોની સ્વાભાવિક રસવૃત્તિને જો યોગ્ય રીતે આમેજ કરવામાં આવતી હોય, અને, ગાંધીજીના શબ્દોમાં તેઓ જેમાં પરોવાયેલા હોય એ સઘળી પ્રક્રિયાઓનાં 'કેમ અને શા માટે' નાં સંપૂર્ણ ચર્ચા તથા નિદર્શન થતાં રહેતાં હોય, તો પછી હાથની અને બુદ્ધિકુશળતાભરી કામગીરી સામાન્ય અને મોકળી કેળવણીમાં એક સમર્થ મિત્ર બની રહે. અલબત્ત, ટૂંકી દૃષ્ટિના કેટલાક શિક્ષકો પોતાની કામગીરીનાં વહેવારુ અને સાંસ્કૃતિક લક્ષ્યો વચ્ચે યોગ્ય સમતુલા જાળવવામાં નિષ્ફળ નિવડવાનો ભય ઊભો જ છે. પરંતુ કોઈ કેળવણીયોજના એવી ક્ષતિરહિત છે ખરી કે જેને અકુશળ શિક્ષકો દ્વારા ખમવું પડતું ન હોય?

યોજનાનો મર્મ યોગ્ય રીતે સમજાવવામાં આવે તો તેમાં બાળકોના તંદુરસ્ત સાર્વદેશીય વિકાસને પ્રતિરોધક એવું એમાં કશું નથી. હું પ્રથમ નજરે જ આ કહી નથી બેસતો. મેં ઘણી બેઝિક શાળાઓને કામ કરતી જોઈ છે, અને એમણે કરાવેલી ખાતરી નિર્ણયાત્મક છે.

પરંતુ ગાંધીજીને પદ્ધતિઓ અને પાઠ્યક્રમોના પક્ષોમાં પ્રધાન રસ નથી રહ્યો. દરેક મહાન કેળવણીકારની માફક (એ શબ્દના વિશાળ પર્યાયમાં) એમને મન પણ અત્યંત મહત્ત્વનો પ્રશ્ન આ છેઃ કેળવણીવિષયક પ્રયત્નોને ઉત્તેજવા માટેની મૂળભૂત વિચારસરણી શી હોવી જોઈએ? અહીં જ એમના સામાન્ય અને કેળવણીવિષયક તત્ત્વજ્ઞાન વચ્ચેના આદર્શો અને હેતુઓની એકાત્મતા મળી આવે છે. ગાંધીજીનાં ભાષણો અને લેખોને બારીકાઈથી આપણે તપાસીએ તો તેમાં કેટલાક મૂળભૂત વિચારો સતતપણે વહેતા જણાઈ આવશે. એ એક એવી સમાજરચના મૂર્ત કરવા માગે છે જેમાં પ્રત્યેક વ્યક્તિ તેનો એક ઉત્પાદનશીલ સભ્ય બનશે અને સહકારી પ્રવૃત્તિ દ્વારા સામાન્ય હિતાર્થે આપેલા પોતાના લાક્ષણિક ફાળા બદલ મગરૂબ બનશે. એમનું કાન્તદર્શન એવી સંસ્કૃતિનું છે જે શિક્ષણ અને કામગીરી વચ્ચે, જ્ઞાન અને કર્મ વચ્ચે પરાપૂર્વથી ચાલતી આવતી દ્વિધાને પડતી મૂકી દેશે. વર્તમાન રચનાએ કેળવાયેલા અને બિનકેળવાયેલા વચ્ચે જબરું અંતર ઊભું કરી દઈને કેળવાયેલાઓની સંસ્કૃતિને ઉપરછલ્લી અને ધરતીમાંનાં એનાં સ્વભાવિક મૂળથી છેદાયેલી દશામાં મૂકી દીધી છે, જ્યારે બિનકેળવાયેલાઓને અજ્ઞાન તથા વહેમમાં ખચિત રાખેલ છે, એ અંતરને તેઓ સાંધવા માગે છે. સ્પર્ધાને સ્થાને સહકારનું, શોષણને સ્થાને સેવાનું, હિંસાને સ્થાને અહિંસાનું વર્ચસ્વ એ માગે છે,

એ સઘળા ઉપરાંત એમની કેળવણી યોજના—સમિતિમાંથી બહાર આવેલા એના અંતિમ સ્વરૂપ મુજબ—એવી આશાએ પ્રેરાયેલી છે કે, હાથકામ દ્વારા સઘળાં બાળકોને સહકારીપણે શીખતાં તથા એ રીતે લોકોનાં જીવન તથા શ્રમમાં ભાગ લેતાં કરવાથી સર્વસામાન્ય હિતની સેવામાં તેમની ઉત્પાદકશક્તિ જ માત્ર મુક્ત નહિ બને પરંતુ જગતભરનાં પોતાનાં માનવબંધુઓ પ્રત્યે માનવતા અને આત્મીયતાની એમની ભાવના પણ ઊંડી બનશે.

અત્યાર સુધીમાં એ યોજનાએ દેખીતી કેટલીક સફળતા મેળવી? મને નથી લાગતું કે ગાંધીજી પોતે પણ આની બહુ દરકાર કરે, કારણ કે કોઈ પણ વિચારના સામાન્ય સ્વીકારના કરતાં તેની સત્યતામાં તેમને વધુ રસ છે. કેળવણી એ સ્વાભાવિક જ મંદપણે વૃદ્ધિ પામતો છોડ છે અને કેળવણીવિષયક ફેરફારો કેવળ ક્રમાનુક્રમે થવા પામે છે. આમ છતાં, આ યોજનાને તો અણધાર્યા પ્રમાણમાં સફળતા મળી ચૂકી છે. કેળવણીક્ષેત્રોમાં એણે ખરેખર વિચારોત્તેજના તથા આત્મશોધન પ્રવર્તાવ્યાં છે અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જુદાંજુદાં પ્રાંતો અને દેશી રાજ્યોમાં કેળવણીની પુનર્ઘટનાના પ્રયાસો પર પ્રભાવ પાડ્યો છે. હિંદનો એવો એકે ભાગ નથી જ્યાં પ્રયોગપૂરતી કે વિશાળ પાયે, બેઝિક શાળાઓની, એમની શકયતાઓ દર્શાવી આપવાના હેતુએ સ્થાપના થવા પામી ન હોય.

હિંદ સરકારની કેળવણીવિષયક મધ્યસ્થ સલાહકાર સમિતિએ આ યોજનામાં અંતર્હિત સામાન્ય સિદ્ધાંતોનો સ્વીકાર કરેલો છે, અને તેનો છેલ્લો શકવર્તી હેવાલ તો ચોક્કસપણે નિર્ધારે છે કે, સાર્વજનિક કેળવણી બેઝિક ધોરણે યોજવામાં આવશે. આશંકિત રાજદ્વારી સ્રોતોમાંથી થોડાં જ વર્ષો પર ઉદ્ભવેલી અને કેળવણીનાં ઉચ્ચ અધિકારીઓ અને પ્રબંધકર્તાઓ દ્વારા ગાંધીજીના વળી એક રસપ્રદ છતાં તદ્દન અવહેવારુ 'તરંગ' તરીકે જોવામાં આવતી યોજના માટે આ જેવીતેવી સફળતા ન કહેવાય.

બેઝિક શાળાઓ જ્યાં જ્યાં યોગ્ય રીતે ચલાવવામાં આવે છે ત્યાં ત્યાં તેમના અંતર્હિત સિદ્ધાંતોની નક્કરતા એમણે સફળતાપૂર્વક સાબિત કરી આપી છે. ફરી ને ફરી વાર મને—કાશ્મિર રાજ્યની બેઝિક શાળાઓ તપાસતી વખતે જણાયું છે કે બીજી પ્રાથમિક શાળાઓમાંનાં બાળકો કરતાં એમાંનાં બાળકો માનસિક નજરે વધુ ચકોર, વધુ સુખી અને વધુ સહકારી વૃત્તિનાં છે. અને બાળકોનું જીવન સમૃદ્ધ અને ઉલ્લાસપૂર્ણ બનાવવા તેમજ તેમનામાં સુષુપ્ત રહેલી શક્તિઓને ઉલ્લાસ અને સ્વાતંત્ર્યપૂર્ણ વાતાવરણમાં બહાર આણવા કરતાં એક શિક્ષકને બીજી શી મહત્ત્વાકાંક્ષા હોય? યોજનાની વિચારસરણીની પીઠિકાનાં કેટલાંક અંગો સામે કે તેની કેટલીક વિગતો સામે પ્રામાણિક મતભેદ ધરાવતી અનેક વ્યક્તિઓ રહેલી છે એ સાચું છે. પરંતુ એવા પણ અનેક છે જેમણે તદ્દન ક્ષુલ્લક કારણોએ તેનો વિરોધ કર્યો હોય અથવા તો તેના અભ્યાસ અને સમજણમાં નિષ્ફળ ગયા હોય. આમ છતાં મને તો ખાતરી છે કે રાજદ્વારી મતમતાંતરો જ્યારે નાબૂદ થશે અને કેળવણીવિષયક પ્રશ્નો શાંત અને નિરાસક્તપણે હાથ ધરવામાં આવશે, ત્યારે પાયાની રાષ્ટ્રીય કેળવણીની યોજના એ હિંદી કેળવણીના ઇતિહાસમાં એક જ્વલંત સીમાચિહ્ન બની રહેશે અને ગાંધીજીનું નામ એક મહાન રાજદ્વારી કે સમાજપ્રણેતા તરીકે જ નહિ પરંતુ એક મહાન શિક્ષણસુધારક તરીકે પણ સંમાનપાત્ર રહેશે.

કરકસરની કલા

લેખકઃ અપ્પા પટવર્ધન

સેવાગ્રામના આશ્રમમાંના ભોજનખંડમાં બાપુના નામે આ સદુપદેશનું એક પાટિયું લટકાવેલું છે કે: 'આશ્રમની આબાદીને સૌ કોઈ પોતાની અને ગરીબમાં ગરીબની તરીકે ગણશે એવી હું આશા રાખું છું. મીઠું સુધ્ધાં પણ કોઈને તેની જરૂરિયાત કરતાં વધુ ન પીરસાવું જોઈએ. પાણીનો પણ દુર્વ્યય ન થવો જોઈએ.' ગાંધીજી સાથે હું પહેલવહેલો ઇ. સ. ૧૯૧૯ ના જૂનમાં મુંબઈમાં મણિભુવન મુકામે જોડાયો ત્યારથી આ કરકસર હું જોતો આવ્યો છું. તેમના લખાવ્યા કે સૂચવ્યા મુજબના કાગળો લખવા એ ત્યાંની મારી ફરજોમાંની એક ફરજ હતી. એક વખત એમની સૂચનાઓ મેળવ્યા પછી એક નોટપેપર લઈને હું કાગળ લખવાની તૈયારીમાં હતો. પરંતુ મારી હિલચાલ નીરખતા રહેલા બાપુએ, 'પોસ્ટકાર્ડ નહિ ચાલે?' એમ તરત ઠપકો આપ્યો. અને પોસ્ટકાર્ડથી જ કામ ચાલ્યું.

મેં એ સૂચના પકડી લીધી અને મારા કાર્યાધ્યક્ષને કરકસરના પ્રયાસે રિઝવવાની વૃત્તિ મને થઈ. કાગળો ચડાવવાના તથા અન્ય સબબે જોઈતી ઑફિસફાઈલો ખૂબ જ ઓછી હતી અને નવી ફાઈલોની જરૂર હતી. મેં એટલામાં જ પડેલા કાર્ડબોર્ડના બે ટુકડા ઊંચકી લઈ, તેમાં કાણાં પાડી, બંનેને દોરીથી જડી લઈને ઊભી કરેલી ફાઈલ બાપુ સમક્ષ મૂકી. મારાં કરકસર અને ચાતુર્ય બદલ તેઓ મારી પીઠ થાબડશે એવી આશા મેં રાખેલી, પરંતુ મારી બેહદ હતાશા વચ્ચે એમણે તો મારી કારીગરીને હાથ પણ અડાડવાનો ઇન્કાર કરતાં જણાવ્યુંઃ "આવી બેડોળ ચીજો મને નથી જોઈતી." એક કૃપણ આદમી આવો સુઘડ અને કલાત્મક પણ બની શકે તેમ હોવાનો મને કદી ખ્યાલ નહોતો આવ્યો.

ત્યારબાદ હું સાબરમતી મુકામે સત્યાગ્રહ આશ્રમમાં રહેવા ગયો. સાંજની પ્રાર્થના વખતે ગીતાના બીજા અધ્યાયના અંતિમ શ્લોકો સઘળા આશ્રમવાસીઓ એકસાથે બોલતા. એક વખત એવું બન્યું કે ઉચ્ચારોનો સંવાદ ન જળવાયો અને પાઠની ગતિ એકધારી ન રહી. પ્રાર્થનાને અંતે બાપુએ આ ખામી તરફ અમારું લક્ષ દોર્યું. આશ્રમના વ્યવસ્થાપક મગનલાલભાઈએ કહ્યું, "કેટલાક બહુ ઉતાવળા જાય છે. મને લાગે છે કે અપ્પા તેમાંના એક છે." ગાંધીજીએ શીઘ્ર જવાબ વાળ્યો, "હું પોતે ઉતાવળો જતો હતો. એ રીતે આપણે થોડીક મિનિટો બચાવી શકીએ." એ ખરેખર સમયનો બચાવ કરવા માગતા હતા કે મારો, તેની મને પૂરેપૂરી ખાતરી નહોતી.

સાબરમતી આશ્રમ મેલેરિયાયુક્ત હતો અને ખુદ ગાંધીજી પોતે એક વખત તેમાં સપડાયા હતા. દાક્તરોએ મચ્છરદાનીના ઉપયોગની સલાહ આપી. પરંતુ હિંદનાં ગામડાંમાં વસનાર કરોડો નિષ્કિંચનો માટે તેનો કશો અર્થ નહોતો એમ ગાંધીજીને લાગ્યું. મચ્છરોના

ડંખથી પોતાની જાતને બચાવવા માટે તેમને એવો કોઈ ઇલાજ બતાવવો જોઇએ કે જે તેમને લગભગ મફત પડે. આને લઇને એક ચાદરમાં કાળજીપૂર્વક લપેટાઈને એ સૂવા જવા લાગ્યા અને પથારીમાં પડતાંવેંત ચહેરા પર ઘાસતેલનાં થોડાંક ટીપાં લૂંસી નાખવામાં આવતાં.

જૂના એકચક્રી ઊભા નમૂનાનું સ્થાન લેનાર ચરોડાચક્રની ખુદ ગાંધીજીએ શોધ કરી ત્યાર પહેલાં રેંટિયામાં મેં થોડાક નાનાનાના સુધારા તથા કરકસર યોજેલી. હું મારા નમૂના સાથે ગાંધીજી પાસે પહોંચ્યો. એમણે રેંટિયાની બારીક પરીક્ષા કરી અને ચામડાના 'ચમાર ખાસ'ની ખાસ કરીને. "લક્ષ્મીદાસભાઈનો ચીંદરડીનો મફત પડતો ચમાર ખાસ હું પસંદ કરું છું" એમણે ટીકા કરી. "ચામડાના કકડા ભાગ્યે એક પૈસાના થવા જાય." મેં એમનું લક્ષ ખેંચ્યું. તરત સામો જવાબ મળ્યો, "પરંતુ તમારે એ પૈસાનો કરોડોલેખે ગુણાકાર કરવાનો છે." હિંદના પ્રત્યેક ઘર માટે એમને કરોડો રેંટિયા જોઈતા હતા અને દરેક રેંટિયાદીઠ એક પૈસો એમને લાખો રૂપિયાના કુલ ખર્ચ જેવો હતો.


પરંતુ એ કૃપણુની ઉત્કૃષ્ટતા તો ચિરસ્મરણીય નમકસત્યાગ્રહના દિવસોમાં ઈ. સ. ૧૯૩૦ના એપ્રિલની ૧૧મીએ પ્રદર્શિત થઇ. દાંડી મુકામે છાવણી નાખીને મીઠાના કાયદાના સામુદાયિક ભંગનો ઉપદેશ આપતા એ દરરોજ આસપાસનાં ગામડાંની મુલાકાત લેતા. એ જ ચોક્કસ દિવસે કયું ગામ સામુદાયિક સત્યાગ્રહના દશ્યરૂપ બની ગયેલું તેનું નામ હું ભૂલી ગયો છું. મીઠાનું પડ જામેલી કળણવાળી જમીન નજીક એક જંગી સભા ભરાયેલી. શેકી નાખતા તાપથી બચવા માટે તાપડાંના છાપરાવાળા એક ગામડામાંથી ગાંધીજી એ વિપુલ મેદનીને સંબોધી રહ્યા હતા. સભાને અંતે, ગાંધીજીને અનુસરી, એક પછી એક એમ આખી મેદનીએ કળણ પાસે પહોંચીને મૂઠી ભરીને મીઠાવાળો કીચડ ઉપાડ્યો. એમાં મોટે ભાગે તો કીચડ જ હતો, અને મીઠું તો માત્ર નામનું જ. ગાંધીજી ત્યારપછી આખા યે રસ્તે એ કીચડસમૃદ્ધિ હાથમાં જ રાખીને બે માઇલ દૂર આવેલા ગામડે પાછા પહોંચ્યા. પોતાના વિશ્રાન્તિસ્થાને પહોંચીને એક પવાલામાં પોતાનો હાથ એમણે ધોયો, અને કીચડને ઠરવા દીધા પછી તેમાંનું ખારું પાણી નિતારી લઈ, ઉકાળીને તેનું મીઠું બનાવવાનું એક પરિચારક સ્વયંસેવકને જણાવ્યું. મીઠાનો પ્રાપ્ય એવો કણેકણ મેળવીને તે સાચવી રાખવાનો વિચાર એ પાછળ રહેલો. ગેરકાનૂની મીઠાનાં પડીકાં મોંમાગ્યા દામે જાહેરમાં વેચીને તેનાં નાણાં સત્યાગ્રહ ફાળામાં ભરવાની એ વખતે મુંબઈમાં ફૅશન ચાલતી. પરંતુ ગાંધીજીની ઇચ્છા તો મીઠું મોટા જથ્થામાં મેળવીને ગામડાંની ગરીબ વસ્તીને ખૂબ સસ્તા ભાવે એ ચીજ સુલભ્ય બનાવી દેવાની હતી.

પાછા દાંડી જતાં રસ્તામાં અમે મહાદેવભાઈના ગામમાંથી પસાર થયા. ગાંધીજી મહાદેવભાઇને ઘેર જઈ તેમનાં માતુશ્રીને મળવા માટે રોકાયા. અમે પાછા મોટર પર આવ્યા ત્યારે મંડળીમાંના કોઇએ પાણી પીવા માગ્યું. એક ગામવાસી પીવા માટે પિત્તળના પવાલા સાથે લોટો ભરીને પાણી લાવ્યો. દરમિયાનમાં ગામવાસીઓ મોટર

પાસે એકઠા થઈને ગાંધીજીને રોકડ નજરાણું ધરી રહ્યા હતા. હું તરસ્યા મિત્રને પાણી આપવાની તૈયારીમાં જ એક હાથમાં લોટો અને બીજા હાથમાં પવાલું લઈને મોટર પાસે ઊભો હતો. એ જ વખતે ગાંધીજીને એક રૂપિયો પહોંચાડવાના ફાંફાં મારતી એક સ્ત્રી પર મારી નજર ગઈ. મારા બંને હાથ રોકાયેલા હોઈને જમણા હાથમાંના ખાલી પવાલામાં એ રૂપિયાનો સિક્કો લઈ લીધો અને તરત જ તે મોટરમાં એ માટે જ પાથરવામાં આવેલા રૂમાલમાં તે ઠલવી દઈને પેલા મિત્રને પીવા માટે પવાલું ભરી કાઢ્યું. તપતા બપોર હતા અને ગાંધીજીએ પોતાની ટેવ મુજબ માથે ભીનો નેપકિન મૂકેલો. હું પેલા તરસ્યા મિત્રને પાણી આપુ તે પહેલાં ગાંધીજીએ પોતાનો નેપકિન આગળ ધરીને તે પર પાણી રેડવા ઇચ્છયું. ઘોંઘાટમાં હું તેમને સાંભળી શક્યો નહિ. મને માત્ર ત્યારપછીની ટીકા કાને પડી કે, "પવાલામાં સિક્કો પડ્યો હતો, એટલે પાણી પીવા લાયક નહોતું." મને મારી પ્રક્રિયાની અસ્વચ્છતા સમજાઈ, પવાલું હલાવી તેમાંનું પાણી ફેંકી દીધું અને તરસ્યા મિત્રને માટે તે ફરી ભર્યું. પવાલું ભરીને પાણી ઢોળી દેવામાં આવ્યું અને નકામું ગયું તે બદલ ગાંધીજીને ખૂબ જ ખેદ થયો. પીવા માટે એ યોગ્ય નહોતું પરંતુ પોતાના માથા પરનો નેપકિન ફરી ભીંજવવા માટે તો તેનો સારી પેઠે ઉપયોગ થઈ શક્યો હોત. આ પ્રસંગ અણિશુદ્ધ સ્વચ્છતા માટેના ગાંધીજીના ટેવરૂપ થઈ પડેલા આગ્રહની સાથોસાથ પાણીનો થોડોસરખો જથ્થો પણ નકામો ન જવા દેવાની તેમની ઉત્કંઠા એ નિર્દર્શિત કરે છે.

યુદ્ધ શરૂ થયું તે પહેલાં પણ, કાગળ જ્યારે, મોંઘો કે દુર્લભ નહોતો ત્યારે, માત્ર એક જ બાજુએ લખાયેલો કાગળ કચરાની ટોપલીમાં જવા દેવાનું બાપુ ન સાંખી શકતા. એમના પર આવતા થોકબંધ પત્રોમાંથી એવી સઘળી પસ્તી કાળજીપૂર્વક જુદી તારવી લેવામાં આવે છે. એમાંની કોરી બાજુનો ઉપયોગ તેઓ કાચા ખરડા લખવામાં કે બીજા હેતુ માટે કરે છે. એક નોટપેપરને એ અડધો ડઝન નાનાનાના ટુકડાઓમાં કાપી કાઢીને જુદાજુદા આશ્રમવાસીઓને એક જ પરબીડિયામાં એટલા જુદાજુદા અંગત પત્રો લખશે.

અલબત્ત, માત્ર આશ્રમવાસીઓના નહિ પરંતુ હિંદનાં કરોડો ભૂખ્યાંઓના બાપુ, દરિદ્રનારાયણના ઉપાસક, અન્નના એક કણ કે પાણીના એક ટીપા સુધ્ધાંનો દુર્વ્યય ખમી શકે તેમ નથી.



કલાકાર ગાંધી

લેખક : નંદલાલ બોઝ

ભાષા એ મારો પ્રદેશ નથી, અને મારા દિલમાં જેમને માટે ઊંડામાં ઊંડા આદર અને પ્રેમ રહેલ છે એમને વિષે જાહેર પ્રજાને માટે લખતાં મને એક પ્રકારનો ક્ષોભનો અનુભવ થાય છે. એ પ્રેમ એમને માટે મહાત્માજી નહિ પરંતુ બાપુજી લખવા પ્રેરે છે. એમના મારા પ્રત્યેના તથા મારા એમના પ્રત્યેના પ્રેમથી હું પરિબદ્ધ છું. જાહેર પ્રજાને આ સંબંધ સાથે, જેનો કદી અંત નથી આવવાનો એવા સંબંધ સાથે બહુ નિસ્બત નથી.

મોહનદાસ કરમચંદ ગાંધી પ્રત્યે હું પહેલવહેલો આકર્ષાયો તે એમના અનેકવિધ અને અદ્વિતીય ગુણોથી. દૃઢ અને વિશુદ્ધહૃદયી, સત્કાર્યમાં નિર્ભય, પ્રત્યેક મનુષ્યને પ્રિય ગણનાર, સર્વે પ્રાણીઓ પ્રત્યે અસીમ અનુકંપા ધરાવનાર, પતિત અને દલિત હિંદને તેના પહેલાંના ગૌરવસ્થાને સ્થાપવાને પોતાના જીવનું જોખમ ખેડનાર, અને જેમની સહૃદયતા શત્રુઓને તેમના અજ્ઞાન બદલ ક્ષમા કરે છે, જે સઘળી હિંસા અને પ્રમાદથી પર છે, જે ઇન્દ્રિયનિગ્રહજનિત અપ્રતિહત આત્મપ્રભાવના આસ્થાન છે, પીડિતો અને સંતપ્તો પ્રત્યેની સહાનુભૂતિએ જેમને સંન્યાસી બનાવ્યા છે અને તેમના કલ્યાણમાં સર્વથા રત રહેવાને પોતાના સર્વસ્વનો જેમણે ભોગ આપેલ છે એવા ગાંધીજી સર્વગુણરાશિ છે, પ્રભુના એ સ્વપ્રેરિત સ્વશાસિત પ્રેમી છે, સદ્ધર્મના અનુયાયી અને સંપૂર્ણ સત્યાગ્રહી છે.

હું ચિત્રકાર છું અને એને લઈને મારો પ્રત્યય મૌખિકના કરતાં દૃશ્ય સ્રોતો દ્વારા થવા પામે છે; અને એ કારણે જ એમને મળવાની તક હું શોધતો હતો. હું જ્યારે ખરેખર એમને મળ્યો ત્યારે પ્રશંસક અને પ્રશસ્તના કરતાં અમારા બંને વચ્ચે પ્રેમ અને મૈત્રીનો સંબંધ બંધાયો.

એક દિવસ લખનૌ કૉંગ્રેસ માટે હિંદી ચિત્રોના એક પ્રદર્શનની આયોજના કાજે મને નિમંત્રતો એક સંદેશો તેમના તરફથી મળ્યો. એ નિમંત્રણમાં પ્રતિકાર ન કરી શકાય તેવી કેટલી બધી શક્તિ ભરી પડી હતી ! એ નકારવાની મારી હિંમત ન ચાલી. આટલા બધા દૂરના સ્થાને આવી ભારે કામગીરીની જવાબદારી સ્વીકારતાં મને પુષ્કળ ક્ષોભ થવા પામેલો; આમ છતાં, એ નિમંત્રણથી છટકવું મારે માટે અશક્ય હતું. મેં મારા પર એ ભાર ઉપાડી લીધો અને, એમના આશીર્વાદ સહિત, સંતોષપૂર્વક એ કાર્ય પૂરું કર્યું.

કલાને લગતી બાબતો માટે એમને બહુ પડી નથી એવું મેં સાંભળેલું; પરંતુ મારા પર પડેલી એ છાપ સંપૂર્ણ ગલત પુરવાર થઈ. લખનૌ પ્રદર્શનમાં મુકાયેલા એકેએક ચિત્રને એમણે સુતીક્ષ્ણ કલાદૃષ્ટિએ તપાસેલું. એક નાના બનાવે એમની સૌન્દર્ય અને સંવાદિતાની અંતર્દૃષ્ટિ મને વધુ સ્પષ્ટ કરી આપી. પ્રદર્શનખંડ બરૂ, વાંસ તથા લાકડાના કકડાઓનાં સાદાં સાધનોથી શણગારવામાં આવેલો. સામાન્ય શોભાપ્રભાવના કરતાં આવાં

સાદાં સાધનોનો ઉપયોગ કોઈ રીતે ઓછો ઊતરવો ન જોઈએ એ અમારો સતત ખ્યાલ રહેલો. લોકોએ પહેલી જ વાર જોયું કે આવાં સાદાં સાધનોના ઉપયોગથી પણ સૌન્દર્ય નિષ્પન્ન કરી શકાતું હતું. જોકે અમારા આશ્રમ (શાંતિનિકેતન)માં તો કલાપ્રભાવ અર્થે અમે આવાં જ સાધનોનો ઉપયોગ કરતા રહ્યા છીએ.

બાપુજી પોતે પણ તદ્દન સાદાં સાધનોના ઉપયોગ દ્વારા કલાસર્જનના પક્ષપાતી છે. આને લઈને એમણે ઉમંગપૂર્વક અમારા કાર્યની પ્રશંસા કરી અને અમારાં પ્રયત્નથી ખુશ થયા. જોકે પ્રદર્શનખંડમાંની ગોઠવણી બધી રીતે પૂરતી હતી, પરંતુ કોઈકે બેદરકારીને લઈને મેજ નીચે એક બાલદી મૂકી દીધેલી. અમારા એ ધ્યાન બહાર રહેલું; પરંતુ બાપુજીના ધ્યાન બહાર એ ન રહ્યું. ખંડમાં આવતાંવેંત તરત તેમનું લક્ષ ત્યાં ગયું અને એમણે ટીકા કરીઃ "આ બાલદી આ સ્થાનની સુંદરતાને કદ્રૂપ બનાવતી હોય એમ નથી લાગતું?" એ પ્રદર્શનમાં આવતા રહેતા અને રોજ સારો જેવો વખત ત્યાં ગાળતા.

ત્યારબાદ, ફૈઝપુર મુકામે કોંગ્રેસ બોલાવવામાં આવેલી ત્યારે, તેમણે મને ત્યાં આવીને સજાવટની વ્યવસ્થા સંભાળી લેવાને લખેલું. એમના પત્રનો સાર આ રીતે વ્યક્ત કરી શકાય: "હૃદય, એની અલ્પપ્રાપ્તિને લઈને, સર્વકંઈ ઝંખે છે." એ જ પત્રમાં એમણે મને સેવાગ્રામ આવીને તેમને ત્યાં મળવાની વિનંતિ કરેલી. જવાબમાં મેં નિર્દેશ કર્યો કે હું માત્ર ચિત્રકાર હતો અને સ્થાપત્યનું મારું જ્ઞાન નહિજેવું હોઈને એ કાર્ય માટે સિદ્ધહસ્ત નહોતો. એના પ્રત્યુત્તરરૂપે એમણે મને એવો સરસ કાગળ લખ્યો કે હું એમનું નિમંત્રણ સ્વીકારી લેવા પ્રેરાયો. કાગળ કંઈક આ પ્રકારે લખાયેલો: "મારે નિષ્ણાત પિયાનો વગાડનારની નહિ પરંતુ નિષ્ઠા અને અનુરાગભર્યા બજવૈયાની જરૂર છે." તદનુસાર હું સેવાગ્રામ ઊપડચો. મહાદેવ દેસાઈ મને એમની સમક્ષ લઈ ગયા. એમની કુટીરમાં મારી બેઠક લેતાં મેં જોયું કે તેઓ માંદાં પડેલાં મીરાંબેન તથા બીજા એક સત્યાગ્રહીની ચાકરીમાં રોકાયેલા હતા. કમરાને બે ખૂણે તેઓ પથારીમાં પડચાં હતાં અને મહાત્માજી તેમને દવા આપી રહ્યા હતા. હું તેમની નજીકમાં જ બેઠો હતો, છતાં તેમણે મને એથી યે વધુ નજીક આવવાનું કહેતાં જણાવ્યું કે કમરામાં દર્દીઓ હોઈને વાતચીત બહુ ધીમે સાદે કરવાની રહેશે. મેં પૂજ્યભાવે એમનો ચરણસ્પર્શ કર્યો. એમના સરળ ગૌરવે મારા પર ઊંડી અસર કરી. એમની દૃષ્ટિ કેવી પારદર્શી અને મર્મવિદ્ધ હતી! સીધેસીધું હૃદયના અંતસ્તલ સુધી જોઈ શકતા હોય એમ મને લાગ્યું. એમની દૃષ્ટિ સંમુખે મારું હૃદય ખોલી નાખીને મારા સઘળા અંતસ્તમ વિચારો તેમને નિવેદિત કરી દેવાની સતત સ્ફુરણા મને થતી લાગી. અને કેવું એ દિવ્ય સ્મિત! વજ્રહૃદયોને પણ એ અલબત્ત પિગાળવી નાખે. એમના શબ્દોમાં ક્ષોભ કે અસ્પષ્ટતાનો છાંટો સરખો નહોતો. એકેએક શબ્દમાં પહેલદાર હીરા સમો ચમકાર રહેલો. હું જે કંઈ પણ કહેવા માગું તે હજુ તો કહેવાનું શરૂ કરું ત્યાં જ એ પૂરું થયાની રાહ જોયા વિના તેઓ તેનો જવાબ આપતા. કેમ જાણે મારા અવ્યક્ત વિચારો એ પામી જતા ન હોય! ભાષાભિવ્યક્તિની આવશ્યકતા ગૌણ બની ગઈ હોય તેમ લાગ્યું. અને















ફૈઝપુર પહોંચાડવા માટે સથવારાની તથા એ સ્થાન જોઇ આવ્યા પછી વળતી મુસાફરીની જોગવાઇ માટે જમનાલાલજીને વિનંતિ કરવાનું એમણે મહાદેવને કહ્યું.

હું આ રીતે મહાત્માજી સાથે રોકાયેલો હતો ત્યાં એક જુવાન અમેરિકન મિશનરીએ તેમને પ્રશ્ન કર્યો કે તેઓ કયો ધર્મ પાળતા હતા અને હિંદનો ભવિષ્યનો ધર્મ કેવો આકાર પકડે તેમ હતો. એમનો જવાબ તદ્દન ટૂંકો હતો. કમરામાંની બે બીમાર વ્યક્તિઓ તરફ આંગળી ચીંધતા તે બોલ્યા : "સેવા એ મારો ધર્મ છે; ભવિષ્યની ચિંતા હું નથી રાખતો." ફૈઝપુરના કેટલાક કૉંગ્રેસકાર્યકરો પરના ઓળખપત્રો એમણે મને આપ્યા અને ખાસ કરીને વિનોબાજીનો પરિચય સાધવાનું કહેતાં એમણે જણાવ્યું, "એમને મળીને તમને ખૂબ આનંદ થશે; એ વિદ્વાન છે અને સત્પુરુષોના ચાહક છે; માતૃભૂમિ માટે એમણે સર્વસ્વનો ત્યાગ કર્યો છે." વિશેષમાં એમણે જણાવ્યું, "ફૈઝપુર કૉંગ્રેસની એક ખાસ લાક્ષણિક્તા હું તમને કહી દઉં, કે જે મારા પોતાના એક નવા ખ્યાલરૂપ છે. આ કૉંગ્રેસ ગામડાંનાં રહેનારાંઓ માટે હશે, શહેરનાં રહેનારાંઓ માટે નહિ. એને લઇને એની રચના ગામડાંના રહેવાસીઓને અનુકૂળ થવી જોઇશે અને સામાન્યતઃ ગામડામાં પ્રાપ્ય એવાં સાધનો દ્વારા ગામડાંના કારીગરોથી જ ઊભી થવી જોઈશે. પ્રત્યેક કૉંગ્રેસસેવક તમારા કાર્યમાં જોઈતી સઘળી સહાય તમને આપશે. મને ખાતરી છે કે તમે સફળ જ થશો." આ રીતે સજાવટની સઘળી જવાબદારી એમણે મારે ખભે નાખી.

હું ફૈઝપુર ગયો, ત્યાં ઇજનેરોને મળ્યો અને મારા કાર્ય માટે સુસજ્જ થતો ગયો. કૉંગ્રેસનું અધિવેશન ભરાવાનું હતું તેના બે મહિના પહેલાં અમારા કલાભવનના કેટલાક વિદ્યાર્થીઓની સહાય વડે તેનો વાસ્તવિક પ્રારંભ થયો. કૉંગ્રેસ ખુલ્લી મુકાયાના કેટલાક દિવસ પહેલાં મહાત્માજીએ અમારી કામગીરી તપાસી અને ગામડાની કૉંગ્રેસને પ્રશસ્ય રીતે અનુરૂપ એવી સજાવટ જોઇને ખૂબ ખુશ થયેલા.

મારે એક બીજો પ્રસંગ અહીં નોંધવો જોઇએ છે. કૉંગ્રેસપ્રમુખ જવાહરલાલજીને પંડાલ સુધી લઈ જવાને માટે ગામડાના રંગબેરંગી ઝૂલામાંથી એક રથ તૈયાર કરવામાં આવેલો અને બળદોની છ જોડી તેને જોડવામાં આવેલી. કૉંગ્રેસ અંગેની તૈયારીના થોડાક દિવસો બાદ મહાત્માજીએ મને બોલાવીને કહ્યું, "હું મારી પૌત્રીતુલ્ય ગણું છું એવી એક નાની છોકરી સાથે મેં હોડ બકી છે કે જવાહરલાલના સ્વાગત માટે આપણે બનાવ્યો છે એવો જ રથ તમે બે દિવસમાં બનાવી કાઢશો અને બળદોની છ જોડી સહિત સંપૂર્ણપણે તે પ્રદર્શનવિભાગમાં મૂકશો—અલબત્ત, રમકડારૂપે. એ હોડ હું જીતું એ તમારે જોવાનું રહ્યું." અમો કલાકારો એ ખ્યાલે ગેલમાં આવી ગયા અને કામે મંડી પડ્યા. વાંસની ચીપોમાંથી અમે બળદોની છ જોડી બનાવી કાઢી, રથને તે જોડી અને એ આખી યે વસ્તુ મહાત્માજીને બતાવી. એ જોતાંવેંત તેઓ છોકરાપેઠે ખડખડાટ હસી ઊઠ્યા. પ્રસંગોપાત્ત, પોતાના જાહેર ભાષણમાં એમણે અમારી કલાત્મક કામગીરીનો ખાસ ઉલ્લેખ કરેલો.

હરિપુરા કૉંગ્રેસ અંગે મને પુનઃ નિમંત્રણ આવ્યું. આ વખતે કૉંગ્રેસનું કદ ખૂબ મોટું રહેવાનું હતું, અને એને લઈને, અમે લોકો ત્યાં ત્રણ કે ચાર મહિના પહેલાં જમા થઈ ગયેલા. અમારા કાર્ય પરત્વે બાપુજીની સૂચના એવી હતી કે ગામડાંના લોકો રસ્તે ચાલતાં ચાલતાં કલાકારોનું કલાસર્જન જોઈ શકે એવું પ્રદર્શન હોવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, આખું યે કૉંગ્રેસનગર અમારે લલિતકલાઓના પ્રદર્શનમાં ફેરવી નાખવાનું હતું. આને લઈને અમે પટવર્ગનાં લગભગ ૪૦૦ જેટલાં ચિત્રો ચીતર્યાં અને ઊંચી કમાનો તથા નગરના આવાસો શણગારવામાં તેમનો ઉપયોગ કર્યો. ચિત્રોનું એક પ્રદર્શન પણ હતું. ચિત્રો એવી રીતે ગોઠવાયાં હતાં કે જગતના જુદા જુદા દેશોના કલાસંસ્કારનો જોનારને ખ્યાલ મળી રહે. ગાંધીજીએ હરિપુરા આવીને મને મળતાંવેંત વધાવી લીધો: "હાશ! હજી તમે જીવંત છો!" મારા તથા મારા કાર્ય બંને પ્રત્યેનો તેમનો ચાહ આ થોડાક શબ્દો કેવી સુંદર રીતે વ્યક્ત કરે છે?

બીજા એક પ્રસંગે સેવાગ્રામ મુકામે કલા સંબંધે થોડીક વાતચીત કરવાની તક મને મળેલી. એ વખતે જમનાલાલજીના એક મંદિરના જીર્ણોદ્ધાર તથા તેમાં કેટલાંક ભિત્તિચિત્રો અંગે એમણે મને બોલાવેલો. પરંતુ મંદિરની સ્થિતિ જોતાં તેમાં કશા સુધારાવધારાને અવકાશ નહોતો. "તો પછી બીજું મંદિર બાંધીએ તો કેમ?" એમણે વાતચીત દરમિયાન મને જણાવ્યું. મારા એ વખતના વિચારો દર્શાવતાં મેં ટીકા કરી, "આટલાં બધાં મંદિરો પડયાં છે તો પછી વધારેનું શું કામ છે?" લાંબા સમય સુધી શાંત રહ્યા પછી એ બોલ્યા, "મંદિરો તો ફરી ને ફરી વાર ઊભાં કરવાં પડશે; કારણ કે મનુષ્યને જ્યારેજ્યારે એક સાચા આદર્શની નવેસરથી પ્રતીતિ થશે ત્યારેત્યારે તેને એક મંદિર સમર્પિત કરવાની સ્ફુરણા થશે જ. તદુપરાંત, શાશ્વત સત્ય એવા આદર્શને ધારતા મંદિરનો પૃથ્વી પરથી કદી લોપ નહિ થઇ શકે." અહીં મેં એમને એક પ્રશ્ન પૂછવાની ધૃષ્ટતા કરી. માનવીના સંસ્કારક્ષેત્રમાં કલાત્મક સર્જનોને તેઓ બહુ ઉચ્ચ સ્થાન ન આપતા હોવાની આશંકા હજુ મારા મનમાં રહેલી. એમણે જણાવ્યું કે સઘળી કલાસિદ્ધિ એમને પ્રિય હતી, જો એ અંતિમ સત્યના સાક્ષાત્કારમાં સહાયભૂત નીવડતી હોય તો. ભજનો ખાસ કરીને એમને આશ્વાસનદાયક હતાં. વધુમાં એમણે જણાવ્યું, "મારા દેશની મુક્તિ કાજે મેં સત્યાગ્રહનું પણ ન લીધું હોત તો કદાચ મારી જાત મેં ભજનોમાં જ પરોવી દીધી હોત. પણ હવે એ સિવાય છૂટકો નથી. મેં મારા ધર્મકાર્યરૂપે એ સ્વીકાર્યું છે. આ જીવનમાં તો બીજી કોઈ વસ્તુ મન પર લેવા હું શક્તિમાન નહિ થાઉં, પરંતુ એનો અર્થ એ નથી કે માનવસંસ્કારિતાનાં આવશ્યક અંગો સમી કલાઓ પ્રત્યે હું ઉદાસીન છું." સસ્મિત એમણે આગળ ચલાવ્યું, "કલાના વિરોધી તરીકે મેં ખ્યાતિ મેળવી છે એ હું જાણું છું."

અમે વ્યવસાયી કલાકારો જે અર્થમાં કલાકારો છીએ એ અર્થમાં ગાંધીજી કદાચ કલાકાર નહિ હોય, છતાં મારાથી તો તેમને સાચા કલાકાર ગણ્યા વિના નથી રહેવાતું. પોતાની વ્યક્તિમત્તા વિકસાવવામાં અને અન્યોને પોતાના ઉચ્ચ આદર્શાનુરૂપ ઘડવા પાછળ

એમણે સમગ્ર જીવન ખર્ચ્યું છે. માટીના માનવોમાંથી દેવો સરજવાનું એમનું જીવનકાર્ય છે. મને ખાતરી છે કે એમનો આદર્શ જગતભરના કલાકારોને પ્રેરણાપાત્ર બની રહેશે.

એમને લગતી બીજી એક બાબત હજુ ઘણાના સમજવામાં નથી આવી, અને તે યંત્રો દ્વારા બનતા માલ સામેના વિરોધની. તેઓ યંત્રોને માન્ય ન રાખતા હોવાનું માનવું એ ભૂલભરેલું છે. અમો કલાકારોને મન એમના મંતવ્યનો પરામર્શ આ મુજબનો રહે: યંત્રોત્પાદિત વસ્તુઓ કદાચ ઉપયોગી પણ હોય અને રાષ્ટ્રોની ભૌતિક સમૃદ્ધિમાં પૂર્તિ પણ કરતી હોય, પરંતુ સર્જનના પ્રાણની સંવેદ્યતા કે અભિવ્યક્તિની બાબતમાં તે સર્વથા અશક્ત છે. મહાત્માજીનું મંતવ્ય કલાકારોની સાચી લાગણી નિદર્શિત કરે છે. કોઈ પણ કૃતિ કલાકારની વ્યક્તિમત્તા તથા તેના માનસની છાપ ન ધરાવતી હોય તે રસની અથવા કલાના અંતર્ભૂત પ્રાણની અભિવ્યક્તિ ન કરી શકે. કલાભિવ્યક્તિ માટેની કોઈ સાર્વભૌમ પદ્ધતિ નથી; કલાનું હાર્દ માત્ર સાર્વભૌમ છે. જો એમ ન હોત તો સર્જનમાં આટલી વિસ્મયકારક વિવિધતા ન આવત. જગતની આ નાનાવિધતામાંથી સંવાદિતા સાધવી એ શ્રેષ્ઠ કલાકારનું કર્તવ્ય છે. કલા તો સદાકાળ માટે એકની એક હોય છે પરંતુ વ્યક્તિગત દરેક કલાકારને તેનો સાક્ષાત્કાર જુદોજુદો થાય છે અને એમાં જ કલાની મૌલિકતાનો ઉદ્ગમ રહેલો છે. સામુદાયિક ઉત્પાદનની વસ્તુઓ કલાકાર કે કારીગરના ઉત્પાદન કરતાં જુદી પડે છે અને સમાજને તથા વ્યક્તિને ઉપદ્રવકારક છે. સમાજમાં એ મૂઢતા, વિસંવાદ અને દુર્વ્યવસ્થા આણે છે. યંત્રો મનુષ્યની ભૌતિક સમૃદ્ધિમાં ઉમેરો કરે છે, પરંતુ સર્જનના આનંદથી એના મનને વંચિત રાખે છે. આધ્યાત્મિક ગુણો વિકસાવવાને બદલે મનુષ્ય પશુકોટિ પર ઊતરી પડે છે. કલાકારો પોતાની વધુમાં વધુ શક્તિ અનુસાર કલાસર્જનમાં સાદામાં સાદી સાધનસંપત્તિનો વિનિયોગ કરવા મથતા હોય છે. શક્ય એટલાં ઓછાંમાં ઓછાં અને સાદાંમાં સાદાં સાધનો કલા કાજે છે, કારણ કે તેઓ એ રીતે જ વધુ સારી અભિવ્યક્તિ સાધી શકે છે, અને નહિ કે તેમને યંત્રો કે ઓજારો પ્રત્યે કશી જન્મજાત સૂગ રહેલી હોય છે.

સૌન્દર્યનિષ્પત્તિમાં અને સમભાવી કલાકારને નિસર્ગાભિમુખ બનાવવામાં સાદી વસ્તુઓ કેવી સહાયકારક થઈ પડે છે તેનું એક ઉદાહરણ હું હવે આપીશ. સેવાગ્રામ મુકામે બાપુજી સાથેની મારી પ્રથમ મુલાકાતનું વર્ણન મારું દૃષ્ટિબિંદુ સમજાવી રહેશે. ગામની સરેરાશ કુટીરો કરતાં ગાંધીજીની કુટીર કંઈક મોટી હતી. એની ત્રણ બાજુએ પરશાળ, નળિયાંવાળું છાપરું તથા હવા અને પ્રકાશની અવરજવર માટે સારાં જેવાં બારીબારણાં રહેલાં. એની જમીન તથા ભીંતો છાણથી લીંપેલી હતી. એક ખૂણે વાળેલી ખાદીના ટુકડા પર ઓશિકા કે તકિયા સાથે બેસવા કે વિશ્રાંતિ લેવાને એક સાદડી પાથરેલી હતી. ખાદીની એ બેઠકની જમણી બાજુએ દેવદાર તથા પૂંઠાના કાગળો અને ફાઈલો ભરેલાં કેટલાંક ખોખાં પડેલાં. એની અગાડી લખવાના પાટલાની ગરજ સારતું ખાદીથી આચ્છાદિત એક ખોખું રહેલું. એક બાજુએ ચોખ્ખા ઉકાળેલા પાણીની મોટી બાટલી, પીપળાના પાંદડાના આકારના પતરાથી ઢાંકવામાં આવેલો પંચધાતુનો પાલીશ

કરેલો એક નાનો ગુજરાતી લોટો તથા વાંસની એક નાની ટોપલી રહેલાં. કમરો જોકે છાણથી જ લીંપવામાં આવેલો છતાં તેનું વાતાવરણ સ્વચ્છ, સુઘડ અને શાંત સૌન્દર્યયુક્ત હતું. કમરામાં એકે ચિત્ર, ફોટોગ્રાફ, પ્રતિમા કે પૂતળું નહોતું. એકાદ–બે ગોખલા પર મીરાંબેને માટીની દોરેલી કિનારી હતી.

કમરાની બહાર હું મીરાંબેન અને બાને આશ્રમવાસીઓ તથા અતિથિઓની સઘળી વ્યવસ્થા પર કાળજીભર્યું લક્ષ આપતાં આમતેમ ફરતાં જોઇ શકતો હતો. પરશાળમાં કેટલાંક ગ્રામનિવાસીઓ બેઠેલાં; તરેહવાર કારણે અવારનવાર તેઓ આવીને બાપુજીને મળતાં. કમરાની બાજુમાં જ ગૌશાળા હતી જેની દેખરેખ મહાત્માજી પોતે રાખતા. ઘઉંવર્ણી ચામડીવાળા ગાંધીજી એવાં જૂજ વસ્ત્રો પરિધાન કરી બેઠેલા, જાણે સાક્ષાત્ સાદાઈ. કમર આસપાસ ચસચસીને વીંટાળેલો ખાદીનો એક કકડો હતો, જેમાંથી એક નાનું ઘડિયાળ લટકતું. એમના હોઠ પર હમેશાં મુગ્ધ સ્મિત રમ્યા કરતું. એમને જોતાં રહેતાં મને મ્યાન બહાર રહેલી પાણીદાર તરવાર જેવા એ ભાસવા લાગ્યા—હિંસા સિવાયના તરવારના સઘળા જ ગુણો ધરાવતા અને માનવઅંધારના અતલ ઊંડાણને ભેદવા શક્તિમાન. અમે પ્રસંગોપાત્ત કલા, કારીગરી અને શાંતિનિકેતનની વાતો કરી રહ્યા હતા. મારી નજર લોટાના ઢાંકણારૂપે રહેલા પતરાના પીપળાના પાન પર ચોંટી રહેલી જોઈ એ બોલ્યા, "સુંદર છે, નહિ? એના પર કુદરતની છાપ અંકાયેલી છે. વિશેષ તો એ છે કે આ જ ગામના એક લુહારે તે બનાવીને પોતાના પ્રેમની નિશાની દાખલ તે મને આપેલ છે. મારે મન તો એ ખૂબ કીમતી છે." મને લાગે છે કે આ ગણ્યાગાંઠ્યા શબ્દોમાં કલાત્મક સર્જનના સિદ્ધાંતોની સંપૂર્ણ સમજણ મળી રહે છે. કમરામાં જોકે કશી કલાકૃતિઓ નહોતી, પરંતુ લોખંડના પતરાના બનેલા પીપળાના આ પાને એ ઊણપનો બદલો વાળી આપેલો. બાપુજીના કમરાના મેં આંકેલા ચિત્રને ખૂણે કલાદેવીની સહી કે મુદ્રારૂપે પીપળાનું એ ચકચકતું પાંદડું રહેલું.

ગામડાંના ઉદ્યોગો

લેખક : વિ. એલ. મહેતા

ગાંધીજી માત્ર આદર્શવાદી જ ન હોવાથી યંત્રો પ્રત્યેની પોતાની દુશ્મનાવટ અને વિકેન્દ્રિત (decentralized) ઉત્પાદન માટેનો પક્ષપાત વ્યક્ત કરીને જ બેસી રહેતા નથી. છેલ્લાં ૨૫ વર્ષમાં એમણે પોતાના સિદ્ધાન્તોને પ્રથમ ચરખાના અને પાછળથી સૂર્યની આસપાસના ગ્રહમંડળની જેમ ચરખા સાથે જોડાયેલા બીજા તમામ ગ્રામોદ્યોગોને પુનર્જીવન આપીને આચારમાં મૂકયા છે. અખિલ હિંદ ચરખાસંઘ અને અખિલ હિંદ ગ્રામોદ્યોગ મંડળ જેમની મારફત આ કાર્યક્રમ અમલમાં મુકાય છે, તેના કાર્યનો મૂળભૂત પાયો તમામ કારીગરોને ઓછામાં ઓછા વેતનવાળા રોજગારના સંવ્યાપનમાં રહેલો છે. આ સાથે જ ઉદ્યોગનું વિકીરણ પણ ઊભું થાય છે જેમાં ઉત્પાદકની શક્તિ અનુસાર અને એના હિત ખાતર શાસ્ત્રીય સંશોધન અને સુધારણા માટેના વેગ પૂરતી જ સંકળાયેલી સાહસવૃત્તિ અને સત્તાના વિકેન્દ્રીકરણનો સમાવેશ થાય છે.

અખિલ હિંદ કૉંગ્રેસ મહાસમિતિના નીચેના ઠરાવ અનુસાર ૧૯૨૫ની સાલમાં અખિલ હિંદ ચરખાસંઘ રચાયું હતું.

"એવું ઠરાવવામાં આવે છે કે દેશના હિત ખાતર આવશ્યક એવું રાજકીય કાર્ય હાથ ધરવા અને આગળ ધપાવવાનું કૉંગ્રેસ માથે લે છે; અને એ હેતુ માટે કૉંગ્રેસનાં સમગ્ર સાધનો અને ભંડોળોનો ઉપયોગ કરશે. સિવાય કે અખિલ હિંદ ખાદીબોર્ડ અને પ્રાંતિક ખાદીબોર્ડો માટે જ ખાસ નક્કી કરેલાં અને એની માલિકીનાં ફંડો અને ભંડોળો જેને એની અસ્તિત્વ ધરાવતી તમામ નાણાકીય જવાબદારીઓ સાથે મહાત્મા ગાંધીએ શરૂ કરેલા અખિલ હિંદ ચરખાસંઘને કૉંગ્રેસ સંસ્થાના મૂલગત ભાગ તરીકે પોતાના હેતુઓની સિદ્ધિ માટે આ અને બીજાં ભંડોળોનો વહીવટ કરવા માટેની સંપૂર્ણ સત્તા અને સ્વતંત્ર અસ્તિત્વ સાથે સુપરત કરી દેવામાં આવશે."

આ સંઘને નીચેના ઉદ્દેશો અને ધ્યેયો છેઃ–

"હાથ કંતામણ દ્વારા તથા હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદીની બનાવટ અને વહેંચણી દ્વારા તથા એને અંગેની તમામ આનુષંગિક પદ્ધતિઓથી

(૧) ગરીબોને આખા કે અમુક સમય પૂરતી રોજી આપીને રાહત આપવી.

(૨) તેઓને માટે શક્ય હોય ત્યાં સુધી આધારભૂત રોજી મેળવી આપવી.

(૩) ખાસ કરીને દુકાળના સંયોગોમાં, પાકની નિષ્ફળતા અગર તો બીજી કુદરતી આફતમાં બેકારી સામે તેઓને રક્ષણ અને સલામતી આપવી.


(૪) સામાન્ય રીતે અને પ્રસંગોપાત્ત તેઓને કેળવણી, તબીબી, અને બીજી સગવડો આપવી.

(૫) હાથકંતામણની પદ્ધતિઓ અને ખાદીની બનાવટ તથા વહેંચણીમાં, તથા આનુષંગિક તમામ પદ્ધતિઓમાં સંશોધન ચલાવતી તથા શિક્ષણ આપતી સંસ્થાઓ ખોલવી, સ્થાપવી કે એને મદદ આપવી.

(૬) ઉપર્યુક્ત હેતુઓને અનુરૂપ એવી આવી બીજી પ્રવૃત્તિઓ ચલાવવી.”

આ સંઘ સામાન્ય અને આજીવન સભ્યોને દાખલ કરે છે. સામાન્ય સભ્યોમાં ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના હંમેશ ખાદી પહેરનારા અને વાપરનારાઓનો સમાવેશ થાય છે. સામાન્ય સભ્યે સુરેખ અને એકધારું હાથે કાંતેલું ૧૦૦૦ વાર સૂતર દર મહિને ભેટ આપવાનું હોય છે અગર તો સંઘને રૂ. ૧૨ વાર્ષિક લવાજમના આપવાના હોય છે. આવા સભ્યોની સંખ્યા ૧૯૪૨ ની ૩૦ મી જૂને ૩૦૦૦ થી સહેજ વધુ હતી. આજીવન સભ્યોમાં ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના હંમેશ ખાદી પહેરનારા અને વાપરનારા તથા સંઘને એકી–

ખાદીકાર્ય



સાથે રૂ. ૫૦૦ નું લવાજમ આપનારાઓનો સમાવેશ થાય છે. સંઘનું કામકાજ આજીવન સભ્યો અને વાર્ષિક સભ્યોના બનેલા ટ્રસ્ટીઓની સમિતિ ચલાવે છે. સંઘની મિલકત અને ભંડોળની સત્તા આ સમિતિને સોંપવામાં આવી છે. એ એનું કામકાજ તથા વહીવટ ચલાવે છે. આ સમિતિને શાખાઓ ખોલવાની તથા એવી દરેક શાખાને સેક્રેટરીના હાથ નીચે મૂકવાની સત્તા છે. આ સેક્રેટરી સમિતિની સૂચના અને અંકુશ હેઠળ કામ કરે છે.

અ. હિં. ચરખાસંઘની પ્રવૃત્તિઓ ૧૫૧૧૦ ગામોને આવરી લે છે, અને ૩,૫૪,૨૫૭ કારીગરોની સેવા કરે છે. ૧૯૪૨ ના ૩૦ મી જૂને પૂરા થતા ૧૮ માસના ગાળામાં

(આ પછીના આંકડા હોદ્દેદારો જેલમાં જવાથી ૧૯૪૨–૪૩ નો અહેવાલ પ્રગટ ન થવાને કારણે મળી શકતા નથી.) રૂા. ૧,૨૦,૦૨,૪૩૦ ની કિંમતની ખાદી ઉત્પન્ન થઇ હતી. રૂા. ૧,૪૯,૮૪,૫૧૩ નું વેચાણ થયું હતું. અને રૂા. ૮૦ લાખનું વેતન વહેંચવામાં આવ્યું હતું. ચરખાસંઘના અસ્તિત્વનાં ૧૮ વર્ષમાં એણે રૂા. ૬,૮૩,૫૭,૮૬૨ ની કિંમતની ખાદી ઉત્પન્ન કરી છે. વેચાણ રૂા. ૯૦,૧૮૯,૨૩૧ નું થયું છે. અને કુલ રૂા. ૪,૧૦,૩૦,૦૩૧ નું વેતન વહેંચ્યું છે. મોટા પાયા પરના સંગઠિત કાપડઉદ્યોગના ૨૨ ટકાની સામે ઉત્પાદન ખર્ચનો લગભગ ૬૦ ટકા ભાગ આ છે. સંઘની પ્રવૃત્તિઓમાં રોકાયેલી કુલ રકમ રૂા. અર્ધા કરોડ જેટલી છે.

ચરખાસંઘના કામનો લાભ લેનારા કારીગરોના બે વર્ગ છે; કાંતનારાઓ, જેમની સંખ્યા ૩,૨૪,૩૯૧ છે અને વણકરો, જેમની સંખ્યા ૨૫૦૨૪ ની છે; લોઢનારાઓ, પીંજારાઓ અને બીજા કારીગરોની સંખ્યા માત્ર ૪૮૪૨ ની જ હતી. મજૂરીમાં તેઓનો આનુક્રમિક હિસ્સો રૂા. ૨,૦૪,૨૦,૪૨૫, રૂા. ૧,૫૭,૮૫,૨૮૮ અને રૂા. ૪૮,૨૪,૩૬૮ હતો. કારીગરોની કુલ સંખ્યામાં ૭૪૦૫૧ મુસ્લિમો હતા, અને ૨૩૯૬૮ હરિજનો હતા. ભંડારો મારફત માલનું વેચાણ થાય છે. કેટલાંક ભંડારો ચરખાસંઘ ચલાવે છે અને બીજાને પ્રમાણિત બનાવાય છે. પહેલાની સંખ્યા ૨૪૯ ની છે અને બીજાની સંખ્યા ૯૪ ની છે. કુલ સંખ્યા ૩૪૬ ની થાય છે.

એ જ પ્રમાણે ઉત્પાદનમથકો કાં તો ચરખાસંઘ ચલાવે છે અગર તો તેને તે પ્રમાણિત બનાવે છે. પહેલાની સંખ્યા ૫૧૭ ની છે અને બીજાની સંખ્યા ૩૪૩ ની છે. ચરખાસંઘે પોતા સમક્ષ બે સ્પષ્ટ ઉદ્દેશો મૂક્યા છે. પહેલું તો દરેક ઘરમાં ઓછામાં ઓછો એક ચરખો અને દરેક ગામમાં ઓછામાં ઓછી એક સાળ વસે તે જોવું. કપડાંની બાબતમાં સ્વયંપર્યાપ્તતા એ કાર્યક્રમમાં હંમેશ મોખરાનું સ્થાન ભોગવે છે; પણ એટલો જ મહત્ત્વનો બીજો ઉદ્દેશ એ છે કે ખેડૂતો અને ગ્રામજનતાના વર્ગો વડે હાથ–કંતામણના સૂતરનું અને હાથે વણેલા કાપડનું ઉત્પાદન ઉત્તેજીને ગામડાંની રોજગારીનું પ્રમાણ વધારવું. આમ છતાં, કારીગરને નિભાવમૂલક વેતન મળી રહે એવા પાયા ઉપર રોજગારીનું સંગઠન કરવું જ પડે. છેલ્લાં દસ વર્ષ દરમ્યાન બન્ને કાંતનારાઓ અને વણકરો માટે, ખાસ કરીને પહેલા માટે વેતનનો દર વધારવા માટે ઉત્તરોત્તર પ્રયાસો કરવામાં આવ્યા છે. ખાદીના ભાવ ઉપર આવા વધારાથી અસર થવાની હોવા છતાં ૧૯૩૫ માં નિભાવમૂલક વેતનનો સિદ્ધાન્ત ચોક્કસતાપૂર્વક અખત્યાર કરવામાં આવ્યો. ઓજારો અને ઉત્પાદનની કારીગરીમાં સુધારો થવાને કારણે આ વધારો શક્ય બન્યો. આ બધા સમય દરમ્યાન ચરખાસંઘનું ધ્યાન ગ્રામોદ્યોગનો પાયો મજબૂત કરીને તેનો પુનરુદ્ધાર કરવાના પ્રશ્ન પર કેન્દ્રિત થયું છે. પણ ખાસ કરીને છેલ્લાં દશ વર્ષ દરમ્યાન ઉત્પાદનની પદ્ધતિઓ તથા ઓજારોમાં સુધારો કરવામાં ખૂબ જ પ્રગતિ થઈ છે. ચરખાસંઘની સ્થાનિક શાખાઓ લોઢવાનો સાંચો, પીંજવાની પંઝેટી, પૂણીઓ બનાવવાનાં સાધનો, તકલીઓ, ત્રાકો, ચરખા અને સાળો વગેરે જુદાંજુદાં સુધારેલાં ઓજારો બનાવે છે.

યરવડા ચરખો, મગન ચરખો અને ધનુષતકલી વગેરેએ કાંતવાની કારીગરીમાં લગભગ ક્રાન્તિકારી ફેરફારો કર્યા છે. સાબરમતી, વર્ધા, બારડોલી, અને બીજાં સંખ્યાબંધ મથકોએ સતત તપાસણી, સંશોધન, અને અખતરાનું આ પરિણામ છે. આવા સુધારાઓએ જ યુદ્ધ પહેલાંના સમયમાં વેતનનો દર ઉત્તરોત્તર વધતો જતો હોવા છતાં ખાદીના ભાવ ઘટાડવાનું શકય બનાવ્યું તથા કાપડની જાત, ટકાઉપણું અને ઉઠાવમાં જબ્બર ફેરફાર લાવી દીધો. આ દિશામાં મદદરૂપ બનેલી એક બીજી બાબત એ છે કે સૂતરના ઉત્પાદનમાં એની પ્રારંભિક પદ્ધતિઓ સહિતની તાલીમ વ્યાપક બની તથા ઉદ્યોગની કારીગરી તેમજ અર્થકારણમાં તમામ કક્ષાના કારીગરોને પદ્ધતિસરનું શિક્ષણ મળ્યું. સેવાગ્રામમાં મધ્યસ્થ તાલીમકેન્દ્ર છે અને ચરખાસંઘની કેટલીક શાખાઓએ કારીગરીનું શિક્ષણ આપવાની વ્યવસ્થા કરી છે. અખિલ હિંદ ગ્રામોદ્યોગ મંડળ ઘણું પાછળથી હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસે પોતાના ૪૮ મા અધિવેશનમાં પસાર કરેલા નીચેના ઠરાવ અનુસાર ૧૯૩૪ના ડિસેમ્બરમાં સ્થાપવામાં આવ્યું.

“દેશભરમાં કૉંગ્રેસીઓની મદદથી અગર તો મદદ વગર સ્વદેશીનો ફેલાવો કરવાનો દાવો કરતી સંસ્થાઓ ઊભી થયેલી હોવાથી તથા જાહેર પ્રજાના મનમાં સ્વદેશીના સાચા સ્વરૂપ વિષે ખૂબ ગોટાળો ઊભો થયેલો હોવાથી, અને કૉંગ્રેસનું ધ્યેય એના જન્મથી જ જનસમૂહ સાથે પ્રગતિશીલ સાયુજ્યનું હોવાથી અને કૉંગ્રેસના રચનાત્મક કાર્યક્રમમાં ગ્રામ-પુનર્ઘટના અને પુનર્રચનાની બાબત પણ હોવાથી, અને આવી પુનર્રચનામાં આવશ્યક રીતે હાથકંતામણના મધ્યસ્થ ઉદ્યોગ ઉપરાંત મૃત અને મૃતપ્રાયઃ ગ્રામઉદ્યોગોના પુનરુદ્ધાર અને ઉત્તેજનનો સમાવેશ થતો હોવાથી તેમજ હાથકંતામણની પુનર્ઘટનાની માફક આ કામ પણ કૉંગ્રેસની રાજકીય પ્રવૃત્તિઓથી અલગ અને સ્વતંત્ર એવા ખાસ અને ધ્યેયલક્ષી પ્રયાસો દ્વારા જ શકય હોવાથી શ્રી. જે. સી. કુમારાપ્પાને આથી ગાંધીજીની સલાહ અને દોરવણી હેઠળ અખિલ હિન્દ ગ્રામોદ્યોગ મંડળ નામની સંસ્થાને કૉંગ્રેસની પ્રવૃત્તિના એક ભાગ તરીકે રચવાની સત્તા આપવામાં આવે છે. ઉપર્યુક્ત સંસ્થા ઉપર્યુક્ત ઉદ્યોગોના પુનરુદ્ધાર અને ઉત્તેજન માટે તથા ગામડાંઓના નૈતિક અને સ્થૂળ વિકાસ માટે કામ કરશે. એને એનું પોતાનું બંધારણ ઘડવાની તથા ભંડોળો ઊભાં કરવા તેમજ એના ઉદ્દેશો અનુસાર આવશ્યક એવાં પગલાં લેવાની સત્તા રહેશે.”

આ સંસ્થાનો ઉદ્દેશ ગ્રામપુનર્ઘટના અને પુનર્રચનાનો રાખવામાં આવ્યો છે જેમાં ગ્રામોદ્યોગોના પુનરુદ્ધાર, ઉત્તેજન અને સુધારણા તથા હિન્દના ગ્રામજનોના નૈતિક અને શારીરિક વિકાસનો સમાવેશ થાય છે. બંધારણ મુજબ આ સંસ્થા ગાંધીજીની દોરવણી અને સલાહ મુજબ કામ કરશે અને એને સંશોધનકાર્ય કરવાની, સાહિત્ય પ્રકટ કરવાની, પ્રચાર કરવાની, એજન્સીઓ સ્થાપવાની, ગામડાંનાં ઓજારો સુધારવાનાં પગલાં લેવાની તથા એના ઉદ્દેશને આગળ બઢાવવા માટે આવશ્યક એવું બધું જ કરવાની સત્તા આપવામાં આવી છે.





સંસ્થાનાં ફંડો અને મિલકતને સંભાળતા ટ્રસ્ટીમંડળને જવાબદાર એવી એક કાયમી વહીવટી સમિતિ છે. સંસ્થાનું કાર્યક્ષેત્ર વિસ્તૃત હોવાથી અને ગામડાંના સામાજિક અને આર્થિક જીવનના સમગ્ર ક્ષેત્રને આવરી લેતું હોવાથી એ ચરખાસંઘ જેવી ગાઢ રીતે સંકળિત સંસ્થા નથી. તેથી કરીને ઇરાદાપૂર્વક ઉત્પાદન અને વહેંચણીની દિશામાંની એની પ્રવૃત્તિઓનું ક્ષેત્ર મર્યાદિત બન્યું છે.

ટ્રસ્ટીઓ અને વહીવટ કરનારાઓની સમિતિઓને બાજુએ મૂકીએ તો આ સંસ્થામાં બે પાયરીના સભ્યો છે. સામાન્ય સભ્યો અને એજન્ટો. સંસ્થાના ધ્યેયમાં માનનારા તથા ગામડાંમાં રહેતા ગરીબોની રાહત તથા સેવાના એના ઉદ્દેશને આગળ બઢાવવા માટે પોતાની સર્વોત્તમ શક્તિઓ આપવાની પ્રતિજ્ઞા લેનારાઓને સભ્ય તરીકે દાખલ કરવામાં આવે છે, અને તેઓએ સંસ્થાના આદર્શો મુજબ જીવવાની પ્રતિજ્ઞા લેવી પડે છે તથા બીજાં કરતાં ગામડાંની બનાવટોના વપરાશને પહેલી પસંદગી આપવાની હોય છે. આ પ્રતિજ્ઞા મુજબ રાજકારણમાં ગમે તેવા મતભેદો હોય તો યે મદદ અને સહકાર આપવા તત્પર હોય એવા તમામની પાસેથી આ સંસ્થાના સભ્ય એ મેળવશે; અને સંઘમાં હોય ત્યાં સુધી તેઓ સવિનયભંગમાં ભાગ નહિ લે. એજન્ટોએ આવી જ પ્રતિજ્ઞા પર સહી કરવાની હોય છે. વધુમાં, તેઓ ગામ, ગામડાં કે જિલ્લા—જ્યાં સેવા કરવાનું પસંદ કરે ત્યાં બિનવેતન કામ કરવાનું હોય છે. જે વિસ્તારમાં તેઓ રહેવાના હોય, ત્યાંની સંગઠનશક્તિ અને સ્થાનિક વગ પરથી જ તેઓની પસંદગી કરવાની હોય છે. ૧૯૪૨ને અંતે સભ્યોની સંખ્યા ૨૧૪ અને એજન્ટોની સંખ્યા ૧૩૨ ની હતી. સભ્યો અને એજન્ટોએ પોતે કરેલા કામનો ત્રૈમાસિક અહેવાલ મોકલવાનો હોય છે.

અ. હિં. ગ્રા. ઉ. મંડળના કાર્યમાં ઉત્પન્ન અને વહેંચણી એ લાક્ષણિક કે આવશ્યક બાબત નથી. તેથી કરીને મંડળે નક્કી કરેલાં ધારાધોરણો અનુસાર વર્તવાની બાંહેધરી આપતી હોય તથા જોડાણ, સ્વીકાર કે પ્રમાણપત્ર મેળવવા માગતી હોય તેવી સંસ્થાઓ મારફત કામ કરાવવાની બંધારણમાં જોગવાઈ કરવામાં આવી છે. ગ્રામોદ્યોગોની આબાદી અને ગ્રામજનોનું કલ્યાણ જેનું ધ્યેય છે એવી પ્રચારલક્ષી કે કેળવણી સંસ્થાઓ માટે જ મુખ્યત્વે કરીને જોડાણ રાખવામાં આવ્યું છે. એના હોદ્દેદારોએ સંઘના આદર્શો મુજબ જીવવાનું હોય છે, અને એના ધ્યેયને બઢાવવા માટે કરેલા કાર્યનો અહેવાલ પૂરો પાડવાનો હોય છે. નીચેની શરતોએ ઉત્પાદનમથકોને માન્ય કરવામાં આવે છે અને વહેંચણી કરતી એજન્સીઓને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

(૧) માલના ઉત્પાદનમાં ઓછામાં ઓછો વેતનનો દર આઠ કલાકના સુંદર કામ માટે રોજના ૩ આનાથી ઓછો ન હોવો જોઇએ.

(૨) જે કાચા માલનો ઉપયોગ કરવામાં આવે તે કારખાનામાં બનેલો કે બહારથી આયાત કરેલો ન હોવો જોઇએ; અને જો એવું કેટલીક ચીજોનું થયું હોય તો એની નામાવલિ આપવી જોઇએ. અને તૈયાર થયેલા માલની કિંમતની સરખામણીમાં આવા

કાચામાલની કિંમતની ટકાવારી જણાવવી જોઈએ. શકય હોય ત્યાં કાચો માલ સંઘે માન્ય કરેલાં ઉત્પાદનમથકોએથી મેળવવો જોઈએ અગર તો એવી બાંહેધરી આપવી જોઈએ કે આ કલમ (૧), (૨), (૩) માં જણાવેલી શરતો અનુસાર આવી ચીજો મેળવવામાં આવી છે.

(૩) ઉત્પાદનની તમામ કક્ષાએ માલ હાથ અગર તો બળદશક્તિથી જ ઉત્પન્ન થવો જોઈએ. જો કોઈ પણ કક્ષાએ બીજી કોઈ શક્તિનો ઉપયોગ થયો હોય તો તે જણાવવું જોઈએ; અને કુલ ઉત્પાદનના ખર્ચની સરખામણીમાં એનું ખર્ચ જણાવવું જોઈએ. પ્રમાણિત વેચનારાઓએ સંઘે માન્ય કરેલાં ઉત્પાદનમથકોએથી પોતાનો પુરવઠો મેળવવો જોઈએ; અને જ્યાં એ શકય ન હોય ત્યાં એવો માલ ઉપર્યુક્ત શરતો અનુસાર મેળવવામાં આવ્યો છે એવી બાંહેધરી સાથે તેઓ પોતાનો પુરવઠો અન્ય સ્થળેથી મેળવી શકે છે. અત્યારે આ કલમો, નીચેની ચીજો અંગે જ સ્વીકાર અને પ્રમાણપત્ર આપવાની જોગવાઈ કરે છે. હાથે છડેલા ચોખા, હાથે દળેલો લોટ, ઘાણીનું તેલ, ગ્રામ–બનાવટનો ગોળ, હાથે બનાવેલી ખાંડ, અહિંસક મધ, હાથબનાવટના કાગળો અને સ્ટેશનરી, ઘરગથ્થુ ચીજોમાંથી બનાવેલો સાબુ, કતલ ન થઈ હોય એવી ગાયો, બળદો અને ભેંસોના ગ્રામોદ્યોગના પાયા ઉપર તૈયાર કરાવેલા ચામડાની ચીજો અને માટીનાં વાસણો. ૧૯૪૨ને અંતે જોડાયેલી સંસ્થાઓની સંખ્યા ૧૪ ની હતી અને માન્ય થયેલાં અને પ્રમાણિત કેન્દ્રોની સંખ્યા અનુક્રમે ૨૦ અને ૩૭ ની હતી.

જ્યારે આ સંઘની શરૂઆત થઈ ત્યારે માર્ગદર્શન માટે ગાંધીજીએ ઘડી કાઢેલા કાર્યક્રમના જ એક ભાગ તરીકે આ વસ્તુઓ છે. આ કાર્યક્રમનો અમલ મગનવાડી, વર્ધા ખાતે વડા મથકે થાય છે તથા જોડાયેલી, માન્ય થયેલી અને પ્રમાણિત સંસ્થાઓ તેમજ સભ્યો અને એજન્ટો મારફત થાય છે. તાત્કાલિક કાર્યક્રમમાં જનતાના મોટા સમુદાય માટે રોજના વપરાશની આવશ્યક એવી હાથે તૈયાર થયેલી અને હાથબનાવટની ચીજોને ઉત્તેજન આપવાનો સમાવેશ થાય છે. આ ચીજો મોટા જથ્થામાં અને કારીગરોની મોટી સંખ્યાએ ઉત્પન્ન કરવાની છે, પણ આર્થિક કારણોને લઈને તથા રસવૃત્તિ અને ટેવોમાં થતા ફેરફારોને કારણે ધીમે ધીમે તેનું સ્થાન મિલ અગર યંત્રથી તૈયાર થયેલ ચીજો લઈ રહી જ છે. સ્થાનિક કાચા માલનો સંપૂર્ણ ઉપયોગ લોકોના પોતાના ઘરમાંનાં સ્થાનિક ઓજારો અને સ્થાનિક મજૂરીની મદદથી થાય એ સંઘની વિકેન્દ્રિત ઉત્પાદનની પદ્ધતિને ઉત્તેજન આપવાની રીત છે.

આમાંની એક ચીજ હાથે છડેલા ચોખા છે અને બીજી હાથે દળેલો ઘઉંનો લોટ છે. પણ આની ભલામણ કરવામાં આવે છે તેનું કારણ તેઓની વધારે મોટી પોષકશક્તિ છે. અને ગ્રામવિસ્તારોમાં તે રોજ આપી શકે છે. તબીબી તજ્જ્ઞો એવો અભિપ્રાય ધરાવે છે કે દૂર પૂર્વની મજૂર જનતામાં જ્યાં ચોખા મુખ્ય ખોરાક છે ત્યાં યંત્રથી છડેલા ચોખાના વપરાશ જેવી પોષણહીન બીજી કોઈ ભાગ્યે જ ચીજ હશે. આનું કારણ એ

છે કે ચોખા છડવામાં અર્ધો ખનીજજન્ય, પ્રોટીનનો ચોથોભાગ અને એનાં તમામ વિટામિનો અને ચરબી ચોખામાંથી નાબૂદ થાય છે. વળી એમાં ⅙ ભાગના અનાજનો પણ બગાડ થાય છે.

ખનીજત્વ અને વિટામિનોના અભાવને લઇને યંત્રથી છડેલા ચોખા ઉપર નભતા શરીરને જોઇતાં પોષણદ્રવ્યો મળી શકતાં નથી, અને બીજા ખોરાકમાંથી આવશ્યક એવાં દ્રવ્યો પચાવવા માટે અશક્ત બને છે. મશીનમાં દળાવેલા ઘઉંના વધતા જતા ઉપયોગને અટકાવવા માટે પણ આવી જ વિચારણાઓ વ્યાપક બનવી જોઇએ.

આમાં પૂરતું જરૂરી પ્રોટીન હોતું નથી કે પૂરતું જરૂરી વિટામિન ગ હોતું નથી; તથા અમુક આવશ્યક ખનીજક્ષારો પૂરતા પ્રમાણમાં હોતા નથી. આ વિચારણાઓ એવા માણસો માટે જ ઉપલબ્ધ છે જેઓ પોતાને વખતોવખત જોઇતો લોટ હાથની ઘંટીમાં દળવા માટે ઘઉં ખરીદે અગર તો સંઘરે છે. સર રોબર્ટ મેક્કેરીસનના જણાવ્યા મુજબ ધોળા ઘઉંની રોટલી તાજા દળેલા લોટની રોટલી જેવી અસરકારક યીસ્ટની મદદથી પણ બનતી નથી. આ રીતે જ્યારે દેશનાં ખોરાકનાં સાધનો સાચવી રાખવાનાં હોય તથા તેનો ઉત્તમ રીતે ઉપયોગ કરવાનો હોય, ત્યારે આર્થિક કરકસરના દૃષ્ટિબિંદુથી આ હાથે દળવાની પદ્ધતિ ખાસ અસર કરે એવો કાર્યક્રમ બની જાય છે.

આ કાર્યક્રમની બીજી બે બાબતો પણ ઉલ્લેખપાત્ર છે. ધોયેલી ખાંડ કરતાં ગ્રામબનાવટના ગોળની વધારે ભલામણ કરવામાં આવે છે; કેમકે ગોળનું પોષકદ્રવ્ય ખાંડ કરતાં ચડિયાતું છે અને એ ગ્રામોદ્યોગ હોવાથી ઉત્તેજનપાત્ર છે. આધુનિક વિજ્ઞાન આપણને જણાવે છે કે ધોળી ખાંડમાં તો માત્ર શક્તિપ્રદ કાર્બોહાઇડ્રેટ્સ જ છે; જ્યારે ગોળમાં તો આ ઉપરાંત સંખ્યાબંધ ઉપયોગી ખનીજદ્રવ્યો છે. આમ સામાન્ય ખાંડને રાસાયણિક બનાવટ ગણવામાં આવે છે; જે ખોરાકની આવશ્યક ચીજ નથી પણ કંઇક શંકાપાત્ર વિલાસની વસ્તુ છે. શેરડીમાંથી બનેલો ગોળ સમગ્ર હિંદમાં પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. આમ છતાં, અ. હિં. ગ્રામોદ્યોગ સંસ્થાએ વધુમાં સમગ્ર દેશમાં મળી આવતાં તાડીનાં ઝાડની સંખ્યાબંધ જાતોમાંથી કાઢેલા મીઠા રસમાંથી ગોળની બનાવટને ઉત્તેજન આપ્યું છે. ઘાણીનું તેલ પણ આપણાં ગામડાંનો એક મૂળભૂત ઉદ્યોગ છે. અને અ. હિં. ગ્રામોદ્યોગ સંસ્થાએ પોતાનું ધ્યાન એના ફેલાવવા માટે તથા સુધારણા માટે ખૂબ કેન્દ્રિત કર્યું છે.

ગામડાંની ઘાણીમાંથી કાઢેલા મીઠા તેલમાં, યંત્રમાંથી બનાવેલા તેલ કે વેજિટેબલ ઘી કરતાં વધારે સારાં પોષકદ્રવ્યો છે; અને એનો વપરાશ મૃતઃપ્રાય બનેલા એક ઉદ્યોગને જીવતો રાખે છે. અ. હિં. ગ્રામોદ્યોગ મંડળે કરેલા સુધારાઓનો હેતુ ઉત્પાદન વધારવાનો, પ્રાણીઓ ઉપરનો બોજો ઘટાડવાનો, અને માથાદીઠ લાગત ઘટાડવાનો છે. આ સુધારાઓની સાથે જ અ. હિં. ગ્રામોદ્યોગ મંડળ ઉત્પાદક અને માલ વાપરનાર વચ્ચેના સહકારનો વિકાસ—અગર તો કહો પુનરુદ્ધાર—નો ઇરાદો રાખે છે. આવા

સહકારથી ઉત્પાદકને અત્યારે છે તેમ તેલીબીઆંનો જંગી જથ્થો રાખવાની અને એ રીતે પલટાતા બજારમાં નુકસાન સહન કર્યા કરવાની ફરજ પડયા વગર જ વેપાર ચલાવવાની સગવડ મળે છે.


ઘાણીના તેલના મૂળભૂત ઉદ્યોગની એક આનુષંગિક ઉત્પન્ન તરીકે બીજા બે ઉદ્યોગો છે, જેનું અ. હિં. ગ્રામોદ્યોગ મંડળ પુનરૂસંગઠન કરવા માગે છે. સાબુની બનાવટ, વેજિટેબલ તેલ બાળવા માટે ફાનસની બનાવટ, સાબુનો વપરાશ વધી રહ્યો છે; પણ આ વધેલી માગને મિલ-બનાવટનો માલ પહોંચી વળતો નથી. ગામડાંમાં કાચાં સાધનો છૂટક દશામાં મળી આવે છે; જેનો ઉપયોગ આયાતી રસાયણોનો આશરો લીધા વગર જ, સ્થાનિક સાબુઉદ્યોગ ઊભો કરવામાં સારી રીતે થઈ શકે તેમ છે. વર્ધા અને સાબરમતી ખાતે આ દિશામાં થયેલા પ્રયાસો સફળ બન્યા છે.

હરિકેન ફાનસ અને વાંચવાની બત્તીઓ માટેની આધુનિક આવશ્યકતાને પહોંચી વળવા અ. હિં. ગ્રામોદ્યોગ મંડળે દેશભરમાં મોટા પ્રમાણમાં મળતાં અને તરત ન ખપી જનારાં વિવિધ તેલો બાળવા માટે અનુકૂળ એવી બત્તીઓની જુદીજુદી ડિઝાઈનોના અખતરા કર્યા છે. પ્રયોગો અને સંશોધનને પરિણામે "મગનદીપ"ની ડિઝાઈન ઊભી થઇ છે; જે વેજિટેબલ તેલની નવી બત્તી છે અને અમુક ફેરફારો કર્યા પછી ઘાસતેલથી બળતી અસ્તિત્વ ધરાવતી બત્તીઓ અને ફાનસો ચાલી શકે એ ઉદ્દેશથી તૈયાર થયેલ છે. જે વખતે ઘાસતેલની તીવ્ર તંગી હોય ત્યારે આવી નવીનતાની ઉપયોગિતા ઉપર ભાગ્યે જ ભાર મૂકવાની આવશ્યકતા રહે છે.

કાગળ–બનાવટ એ જોકે ઉદ્યોગોમાં મોખરાનું સ્થાન નથી લેતી, છતાં મુસલમાની સમયમાં દેશની જરૂરિયાત પૂરી પાડવા જેટલો એમાં વિકાસ થયો હતો. આધુનિક હિંદમાં, આવી જરૂરિયાતો ખૂબ જ વધી પડી છે; અને તેને માટે કાગળોની આયાત કરવામાં આવે છે અગર તો હિંદી મિલોએ પરદેશી માવામાંથી અગર તો સ્થાનિક કાચા માલમાંથી બનાવેલો કાગળ વપરાય છે. યુદ્ધે આપણી અસહાયતા, માવો અને કાગળની આયાત પરની આપણી પરતંત્રતા અને ઘરગથ્થુ હાથબનાવટના કાગળઉદ્યોગની ઉપેક્ષાનાં કરુણ પરિણામો બહાર આણ્યાં છે. છેલ્લાં દસ વર્ષથી અ. હિં. ગ્રામોદ્યોગ મંડળે હાથબનાવટના કાગળોનો વપરાશ લોકપ્રિય બનાવવાનો તથા એનું ઉત્પન્ન વધારવાનો અને જાત સુધારવાનો પ્રયાસ કર્યો છે. સંશોધનોને લીધે અ. હિં. ગ્રામોદ્યોગ મંડળને સાધનો, ઉપકરણો, ઉત્પાદનની પદ્ધતિઓ, તથા ઉપયોગ માટે સૌથી વધુ અનુકૂળ સ્થાનિક કાચા માલની પસંદગી કરવાનું સૂઝયું છે.

રાષ્ટ્રીય અર્થતંત્રમાં કાપડની બનાવટ (જે ચરખાસંઘનું ખાસ ક્ષેત્ર છે)થી ઊતરતા દરજ્જાનો ઉદ્યોગ ચામડાનો છે, જે પ્રત્યેક ગામને માટે ભારે અગત્યનો છે. બીજા ઉદ્યોગોની માફક આ ઉદ્યોગ પણ નવાં સામાજિક આર્થિક બળોના ઘસારામાં પડી ભાંગ્યો છે. મરેલાં પ્રાણીઓ એના માલિકોને માટે બોજારૂપ થઇ પડ્યાં છે. અને તાત્કાલિક નિકાસ





માટે ચામડાંને ગમે તેમ અણઘડ રીતે સાફ કરવામાં આવે છે. એટલે મડદાનો બાકીનો કચરો એ લતામાં ગંદકી ઊભી કરે છે. અ. હિં. ગ્રામોદ્યોગ મંડળના આશ્રય હેઠળ થયેલા સંશોધન અને પ્રયોગોએ ગામડાંમાં જનાવરનાં મડદાંનો નિકાલ કરવા માટે સાદી, કરકસરવાળી અને વ્યવહારુ પદ્ધતિઓ યોજી કાઢી છે. અત્યારે હવે મડદાંને સંભાળપૂર્વક ખસેડવામાં આવે છે અને એવી રીતે ચામડું ઉતારવામાં આવે છે કે નકામા કાપ થતા નથી. મૃત જનાવરના દરેક ભાગને ઉપયોગમાં લેવામાં આવે છે. માંસમાંથી સરેશ બનાવવામાં આવે છે; અને આંતરડાં વગેરેની તાંત બનાવવામાં આવે છે. ચરબીનો ઉપયોગ લ્યુબ્રિકેટિંગ અને ઔદ્યોગિક હેતુઓમાં કરવામાં આવે છે. ઉકાળેલા માંસ અને હાડકાંમાંથી બનાવેલા પાવડરનું ખાતર બને છે. હાડકાં અને શિંગડાં બન્ને દાંતિયા, માથાની પીનો, ચપ્પુના હાથા, છત્રીના હાથા વગેરે રોજિંદી વપરાશની ચીજો બનાવવા માટે અનુકૂળ સાધનો છે. કોમના ચામડાનો ઉદ્યોગ પણ વિકાસ પામ્યો છે.

અ. હિં. ચરખાસંઘની સાથોસાથ અ. હિં. ગ્રામોદ્યોગ મંડળ પાસે પણ ગ્રામ-કાર્યકરોને તથા જુદાજુદા ઉદ્યોગોના નિષ્ણાતોને તાલીમ આપવાની સગવડો છે. વર્ધાની તાલીમી સંસ્થામાં કાગળબનાવટ અને ઘાણીના તેલનું પદ્ધતિસરનું શિક્ષણ આપવામાં આવે છે; અને સાબુની બનાવટ–મધપૂડો, ગોળની બનાવટ, અને અનાજ હાથે તૈયાર કરવાની પદ્ધતિઓનું પણ ટૂંક શિક્ષણ અપાય છે. આનુષંગિક અને જોડાયેલી સંસ્થાઓએ ચામડાંના કામકાજ, દીવાસળીની બનાવટ, બટન, વાડકા અને કાથાના ઉદ્યોગની તાલીમ માટે સગવડો કરી છે. ગ્રામોદ્યોગોનો આ પુનરુદ્ધાર ગાંધીજી જે રીતે જોવા ઇચ્છે છે તે તેમના શબ્દોમાં જ સારી રીતે વર્ણવી શકાય: "હું માનું છું કે અન્યથા બેકાર એવા લાખ્ખો મનુષ્યો જે કામ સહેલાઇથી કરી શકે તેમ છે, તે જ કામ માટે યાંત્રિક પદ્ધતિ હાનિકારક છે. ૧૯૦૦ માઈલ લાંબા અને ૧૫૦૦ માઇલ પહોળા હિન્દના વિસ્તાર પર પથરાયેલા કરોડો માણસો પોતાનો ખોરાક તૈયાર કરે છે તેમ પોતાનાં જ ગામડાંઓમાં પોતાનું કાપડ બનાવે એ તેઓને માટે કોઈ પણ વખતે વધારે સારું અને સલામતીભર્યું છે. આ ગામડાંઓ જીવનની પ્રાથમિક જરૂરિયાતોના ઉત્પાદન ઉપર કાબૂ નહિ રાખે તો સૈકાઓથી તેઓ જે સ્વાતંત્ર્ય ભોગવતા આવ્યા છે તેને ટકાવી શકશે નહિ."

આર્થિક ક્ષેત્રમાં ગાંધીજી હિન્દ અને માનવજાતને જે અહિંસક માર્ગે એની તમામ સરવાણીઓ સહિત જવાનું ઇચ્છે છે તે લાંબો અને કપરો છે. આમ છતાં એ વાત ચોક્કસ છે કે પ્રત્યેક વ્યક્તિને જીવનની સલામતી અને સ્વાતંત્ર્ય આપવાના તેમજ ન્યાયી અને ચિરંતન સમાજની સ્થાપના કરવાના અધીન ધ્યેય ભણી માનવજાતને એ માર્ગ દોરી જશે.

❀

મહાદેવ

લેખક: વેરિયર એલવિન

શ્રી. મહાદેવ દેસાઇના અવસાનના સમાચાર રેડિયો પર સાંભળતાં મારી આસપાસનું જંગલ વધુ નિર્જન બની ગયું અને મારા મનમાં એ અત્યંત પ્રિય મિત્રની સ્મૃતિઓ જગવતો એ રાત્રે હું જાગતો જ પડી રહ્યો. એમને પ્રિય એવા બારડોલીના ખેડૂતો વચ્ચે રણાંગણ પરનાં એમનાં સ્મરણો જાગ્યાં; સાબરમતી મુકામે એમણે જે રીતે મને ટૉલ્સ્ટૉય વાંચતાં શીખવેલો એ યાદ આવવા લાગ્યું. જેલમાં હું એમની મુલાકાત લેવા ગયેલો અને જેને કોઇ પણ બંદીવાન ન બનાવી શકે એવા એ આદમીનાં સ્ફૂર્તિ અને સૌન્દર્યે એ ગમગીન નાના કમરાને પણ કેવો ફેરવી નાખેલો તે મારી નજર સામે તરવા લાગ્યું. ત્યારબાદ ગોળમેજી પરિષદ પછીની ગાંધીજીની ધરપકડ સમયની એમની યાદ આવી; ઘણાખરા મંત્રીઓ મ્લાન કે વિચારમૂઢ બની જાય એવી પળે પણ એ કેવા શાંત, ધીર અને સતત ઉત્કૃષ્ટતાપૂર્વક કાર્યદક્ષ રહેલા !

મહાદેવભાઇ ઇ. સ. ૧૯૧૮ માં ચંપારણ્ય સત્યાગ્રહના સમયે ગાંધીજી સાથે જોડાયેલા; મુંબઇ ઇલાકાના સ્વયંસેવકોની સૂચિમાં ત્યારે પહેલી જ વાર મહાદેવ હરિભાઈ દેસાઇ બી. એ., એલએલ. બી. દેખાયા. ઈ. સ. ૧૯૧૮ ના જાન્યુઆરીની ૧૭ મીએ મધુવન મુકામે શેઠ ઘનશ્યામદાસના મકાનમાં એક શાળા ખોલવામાં આવી અને મહાદેવ તથા તેમનાં પત્ની તેના કાર્યકરોમાં હતાં. પરંતુ મહાદેવ ગાંધીના મંત્રી બની ચૂક્યા હતા અને થોડા જ સમયમાં ગામડાની એક શાળાના કરતાં વધુ વિશાળ અને શ્રમસહ પ્રશ્નોની છણાવટ કરતા થયા હતા. ત્યારથી માંડીને ઈ. સ. ૧૯૪૩ માં આગાખાનના મહેલમાં થયેલા અવસાનપર્યંત મહાદેવ ગાંધીના સતત જોડીદાર રહ્યા હતા. અધિકૃત રીતે એ મંત્રી હોવા છતાં એના કરતાં યે ખૂબ અધિક હતા. વસ્તુતઃ એ સંયુક્ત ગૃહમંત્રી અને વિદેશમંત્રી હતા. સઘળી જ વ્યવસ્થા એ કરતા. સઘળો જ બંદોબસ્ત એ જાળવતા. કાર્યાલય, અતિથિગૃહ કે રસોડું સઘળાંમાં એમને સરખી જ આસાની રહેતી. અનેક અતિથિઓની એ સારસંભાળ લેતા અને બિનજરૂરી મુલાકાતીઓથી ગાંધીને દૂર રાખીને એમનો દસેક વરસ જેટલો સમય બચાવ્યો હશે. મોટે ખાંચરેની સ્ત્રીઓ સાથે વર્તવાની એમની પાસે અદ્‌ભુત રીત હતી. એમિલી કિનેર્ડને કેમ સાચવવી એ એમને અવગત હતું. એ ઇંગ્લેંડ ગયેલા ત્યારે મારાં પોતાનાં પ્રિય માતુશ્રીને એમણે એવાં મુગ્ધ કરી દીધેલાં કે રૂઢિચુસ્ત વર્ગનાં હોવા છતાં એક જ સાંજરે એમને પોતાના રાજકારણમાં સંપૂર્ણતઃ અને પોતાના ધર્મમાં અરધેપડધે અંશે પલટાવી નાખેલાં.

સૌ ઉપરાંત, મહાદેવ એ ગાંધીના બોસવેલ હતા. કદાચ ડૉ. જોનસનના આવેશયુક્ત પ્રહારના ચાહને લક્ષમાં લેતાં (જે પક્ષપાત એના ચરિતકારમાં પણ અધિકાંશે હતો) ગાંધીના સોક્રેટીસના મહાદેવ પ્લેટો હતા એમ કહેવું વધારે ઉચિત થઈ પડશે. પરંતુ

પ્લેટો સાથે કશી સંધિ ન પામેલા સોક્રેટીસથી વિરુદ્ધ રીતે ગાંધી તો પોતાને વિષે નોંધાતુ સૌ કંઈ વાંચતા અને ચોકસાઈ કરતા રહેલા. મહાદેવનું કાર્ય લાખોને ગાંધી પ્રત્યક્ષ કરી આપવાનું હતું. એમણે કદાચ તેમને જગતની સૌથી પરિચિત વ્યક્તિ બનાવ્યા; નિઃશંક સર્વપ્રિય. જગતભરના વાચકો સમક્ષ એક પછી એક અઠવાડિયે 'યંગ ઇંડિયા' તથા 'હરિજન'માંની નિયમિત, વૈવિધ્યપૂર્ણ અને અંતઃસ્પર્શી વાતો એવી પ્રેમપાત્ર વ્યક્તિનું નિદર્શન કરાવતી કે એના પ્રત્યુત્તરરૂપે અચૂક પ્રેમનો જ ઉદય થતો. મને લાગે છે કે અન્ય કોઈ પણ જીવંત વ્યક્તિના કરતાં ગાંધી વધુ લોકોનાં અંગત પ્રેમ અને ચાહ ધરાવે છે એ બાબતમાં કશી શંકા કરી શકાય નહિ. એ ચાહના ઉદ્ભવમાં મહાદેવનો મહત્ત્વનો હિસ્સો રહેલો છે, કારણ કે પરિચય વિના ચિરઃસ્થાયી પ્રેમ ન રહે. મહાદેવ વિના હીરા કરતાં પણ વધુ મૂલ્યવાન હજારો રત્નો જગતના ધ્યાન બહાર જ રહેત.

પરંતુ મહાદેવે અઠવાડિયે અઠવાડિયે નિદર્શિત કરેલા ગાંધી સાચા ગાંધી હતા કે પછી પ્રજા સમક્ષ રજૂ કરવા માટેના ભાવારોપણ અને અદ્ભુતીકરણ પામેલા ઠાઠમાઠપૂર્ણ ગાંધી હતા? મને લાગે છે કે આપણને સત્ય જ મળ્યું છે. મહાદેવ પત્રકાર હતા એ સાચું—બોસવેલને હતું એ જ રીતે એમનું ઘડતર એક અત્યંત મહાન પત્રકારનું હતું—પરંતુ સઘળા મહાનમાં મહાન પત્રકારોની માફક એમને માત્ર સમાચારોની સૂઝ જ નહિ પરંતુ સત્યની સહજપ્રેરણા રહેલી. હું માનું છું કે જગતને એમણે ધરેલું ગાંધીજીનું ચિત્ર સર્વાંગે સાચું છે.

એ તસ્વીરમાં મુખ્ય તત્ત્વો કયાં? પહેલી જ લક્ષપાત્ર બીના માનવભાવી, પ્રેમપૂર્ણ અને ચકોર વ્યક્તિ તરીકે ગાંધી પર અપાયેલો ભાર છે. પોતાના નાયકને જુદી જુદી દરેક તરાહના લોકો સાથે લોકસંપર્કમાં દર્શાવવાનું મહાદેવને ગમે છે. એમણે લખેલાં કેટલાંક સર્વોત્તમ લખાણો એ એમની ઇંગ્લીશ સફરોની નોંધ છે.

વળી ગાંધીને સંવાદકર્તા તરીકે દર્શાવવામાં મહાદેવ ઉત્કૃષ્ટતાએ પહોંચે છે. અહીં સાચી સુકરાતી છટા વ્યક્ત થાય છે. વિરોધીને દલીલથી મૂંઝવતા, હંફાવતા અને તોડી પાડતા પોતાના બાપુને દર્શાવતી વખતે એમને અપૂર્વ એવો અધિક આનંદ થતો. મને એવી શંકા જવા માંડેલી કે કેટલીક વાર તો ગાંધીજીની મર્મવૃત્તિને પાનો ચઢાવવા અને સંવાદની એમની ખરેખરી અદ્ભુત શક્તિ દર્શાવવાના જ ખાસ હેતુએ એ જાણીજોઇને લોકોને તેમની સમક્ષ લઈ જતા; કારણ કે ગાંધી એ આત્મસંબોધનમાં જ રાચતી વ્યક્તિ નથી. તમે તેમની સમક્ષ જાઓ ત્યારે તમે જાણે એકાદ જાહેર સભા હો એ રીતે એ તમને નથી સંબોધતા, એ વાર્તાલાપ કરે છે. જગતના મહાન વાર્તાલાપકારોમાંના એ એક છે.


સમગ્રતયા, મહાદેવની તસ્વીરમાં, રાજદ્વારી પુરુષ તરફ કંઈક દુર્લક્ષ થતું લાગે છે. એ સ્વાભાવિક જ હતું, કારણ કે ગાંધી એક રાજદ્વારી તરીકે તેમનાં પોતાનાં વ્યાખ્યાનો અને નિવેદનોમાં સંપૂર્ણતઃ પ્રતીત થાય છે. મહાત્માને જાહેર મંચથી દૂર અને વ્યાસપીઠ નીચે જગતને નિદર્શિત કરાવવાનો મહાદેવને વિશિષ્ટ અધિકાર પ્રાપ્ત થયો હતો. આમ

છતાં, એ વસ્તુઓ પર ભાર મૂકતાં એ કદી થાકતા નહોતા. એક તો ગાંધીનો ખાદીપ્રેમ તથા બીજી એમની અસ્પૃશ્યતા સામેની સતત ઝુંબેશ.


સૌ ઉપરાંત, મહાદેવની આધ્યાત્મિક અને બૌદ્ધિક પ્રતિભા એમને વસ્તુના મર્મ સુધી પહોંચાડવાને શક્તિમાન નીવડતી. લડતના વાસ્તવિક અર્થ જેવું કંઈક આપણને દર્શાવી આપવાને એ સમર્થ હતા. ગાંધીનાં કથોને એ કદી લઈ મંડચા નહોતા; એ પર એમણે કદી ભાર નહોતો મૂકયો; પરંતુ પ્રસંગોપાત્ત પરદો હટાવીને તેઓ એક જ માનવ આત્મામાં સંનિહિત અને કેન્દ્રિત બનેલા, ઐક્ય અને સ્વાતંત્ર્ય અર્થે મથી રહેલા એક આખાયે રાષ્ટ્રનાં આવેગ, મક્કમ દબાણ, લગભગ અસહ્ય બોજા તથા તેનાં વજૂદ અને અગત્યની ઝાંખી આપણને કરાવી રહેતા.

લેખક તરીકે મહાદેવ કાવ્ય, કલા અને સાહિત્યમાં ઉદાત્ત રસવૃત્તિ સાથેની ખૂબ વિશાળ અને સર્વસ્પર્શી સંસ્કારિતાની પ્રતીતિ આપતા. એમની પાસે સ્પષ્ટ, નિર્મળ, વ્યંજનાયુક્ત અંગ્રેજી શૈલી હતી. એ થોકબંધ લખતા, પરંતુ કશી પણ બેદરકારી કે અચોક્કસતા વિના. મારા જમાનાની બીજી હજારો વ્યક્તિઓની પેઠે હું પણ મહાદેવે પ્રસિદ્ધ કરાવેલો એકેએક શબ્દ કદાચ વાંચી ગયો છું. આટલા બધા નિયમિત વાંચનારાઓ બહુ ઓછા લેખકો બની શકે છે. એમના અઠવાડિક લેખો ઉપરાંત એમનાં સંખ્યાબંધ લખાણો પુસ્તકાકારે સંઘરાયાં છે. એમાંનાં ચાર પુસ્તકો મારા પુસ્તકાલયમાં હું ધરાવું છું. હું માનું છું કે એમની સઘળી પ્રકાશિત કૃતિઓનું પ્રતિનિધિત્વ એ ધરાવી રહે છે. એમણે જે કંઈ લખ્યું છે તે સઘળાનો સંગ્રહ કરીને એકસરખી સ્મારક આવૃત્તિરૂપે એ પુનઃ પ્રસિદ્ધ કરવામાં આવે તો એમની સ્મૃતિ માટેનું એ ખૂબ ઉચિત પ્રેમચિહ્ન બની રહે.

મારી પાસેનાં પુસ્તકોમાંના સૌથી પ્રથમનું નામ છે 'હિંદી ગામડાંમાં ગાંધી' અને તે ઈ. સ. ૧૯૨૭ માં ગણેશન્ તરફથી પ્રસિદ્ધ થયેલું. ઇ. સ. ૧૯૨૫ માં મહાત્માએ કાઠિયાવાડ, બંગાળ, મલબાર તથા ત્રાવણકોરનાં ગામડાંમાં કરેલા પ્રવાસની એ ઉત્કૃષ્ટ નોંધ છે. એ પછીને વરસે ગણેશને 'ગાંધી સાથે સિલોનમાં' નામક બીજી પ્રવાસકથા બહાર પાડી, જેમાં એ નામ પરથી સૂચિત થાય છે એ મુજબ ગાંધીએ ઈ. સ. ૧૯૨૭ માં લંકાની લીધેલી મુલાકાતનો હેવાલ છે. ત્યારપછી આપણી પાસેની વૃત્તનિવેદનની પ્રશસ્ય કૃતિ તે ઈ. સ. ૧૯૨૯ માં અમદાવાદ મુકામેથી પ્રસિદ્ધ થયેલી 'બારડોલીની કથા.' મહાદેવ પોતે જણાવે છે તે મુજબ, 'ન્યાય અને સ્વાતંત્ર્યપ્રાપ્તિના શસ્ત્રરૂપે સત્યાગ્રહપદ્ધતિમાં રસ ધરાવનાર સૌ કોઈને ખૂબ કીમતી અને પ્રમાણભૂત તથા કંઈક અંશે અંતઃસ્પર્શી હેવાલ' એ છે. જોકે કોઈ પણ સશસ્ત્ર યુદ્ધના જેવી જ એ અહિંસક પ્રકારની નિશ્ચયાત્મક અને તંતોતંતની લડત હોવા છતાં અહિંસાની સાચી ધગશપૂર્વક પુસ્તક લખાયું છે. મહાદેવ પોતે કબૂલ કરે છે કે એનું લખાણ 'વિધાયક અને અત્યંત દુઃસાધ્ય એવા પ્રેમના ગુણરૂપી શાહીમાં ઝબકોળેલી કલમ કદાચ નહિ નિર્દશિત કરતું હોય, પરંતુ એમાં એવું કશું જ નથી જે દ્વેષ કે ઈર્ષાની સહેજસરખી પણ છાંટ ધરાવતું હોય.' મને લાગે છે કે આ એક જ પુસ્તક એવું છે જે ખુદ ગાંધી સાથે સીધી રીતે સંલગ્ન ન હોવા છતાં એનું પાનેપાનું એમનાં ચારિત્ર્ય અને શિક્ષા પર પ્રકાશ પાડતું હોય. મેં પોતે એ દિવસોમાં ગુજરાતના પ્રજાપ્રાણનો કંઈક અંશે સાક્ષાત્કાર કર્યો અને બીજા







કોઈ પણ સમય કરતાં એ સમયે ગાંધીની પ્રાણશક્તિનો વધુ સાચો પરામર્શ અને વધુ નિર્ભીક અભિવ્યક્તિ થવા પામેલાં.

છેવટે રહ્યો મહાદેવના ઇંગ્લેંડથી લખાયેલા પત્રોનો 'રાષ્ટ્રવાણી'માં એકત્રિત થયેલો સંગ્રહ. હું કહી ચૂકયો છું તેમ એ કદાચ એમની સર્વોત્તમ કૃતિ છે. અપવાદરૂપ કહી શકાય એવી એ તેજસ્વી કૃતિ છે. દેશના અદનામાં અદનાથી માંડીને ઉચ્ચમાં ઉચ્ચ વચ્ચે મુક્તપણે વિહરતા, ગૌરવ અને સ્વાતંત્ર્યપૂર્વક વિહરતા રહીને પ્રત્યેક પ્રસંગે પ્રેમ અને સત્યની ભાવનામાં પોતાનો સંદેશો આપતા હિંદની પ્રજાના મહાત્મા અને પ્રતિનિધિનો એણે તેમને સાક્ષાત્કાર કરાવી આપ્યો. એ કંડિકાઓની તુલનામાં ઊભું રહી શકે એવું કશું પણ હોય તો તે પૂનાની સાસૂન હૉસ્પિટલમાંના ઑપરેશનનું મહાદેવે આપેલું અદ્‌ભુત બયાન. ઇ. સ. ૧૯૨૪ માં દિલ્હી ઉપવાસનાં પારણાના સી. એફ. ઍણ્ડ્રૂઝે કરેલા વર્ણનની સાથેસાથ એ ગાંધીને લગતા સાહિત્યસમુચ્ચયમાં સ્થાન પામે એમ છે.

મહાદેવે, અગાઉ નિરૂપ્યા મુજબ એક વાકયમાં એવા આવિર્ભાવપૂર્ણ શબ્દો કહેલા કે પ્રેમ એ 'વિધાયક અને અત્યંત દુઃસાધ્ય ગુણ' છે. પરંતુ એમનો વિચાર કરતી વખતે મને લાગે છે કે, બીજા કોઈ પણ ગુણ કરતાં વધુ ઉત્કૃષ્ટપણે એમણે સાધ્ય કરેલો ગુણ કદાચ એ હતો. એમની અથાક કાર્યશક્તિ પ્રત્યે હું દુર્લક્ષ કરું છું એમ નથી; એમની ઊંડી વફાદારી, એમનું હેતુસામર્થ્ય, એમની નિર્ભયતા અને હજારોલેખે મિત્રો મેળવી આપનાર એમના આકર્ષણને હું ભૂલી નથી જતો. એ સઘળી વસ્તુઓ એમનામાં હતી, પરંતુ પ્રેમની ધગશમાં તો એ સર્વોત્કૃષ્ટ હતા. સર ટૉમસ બ્રાઉનની પેઠે જો એ કદીક સાબરમતી નદીના સાંધ્યસૌન્દર્યમાં મંત્રમુગ્ધ બનીને પોતાની જાતને વિરાટમાં લુપ્ત કરતા બેસતા હોય તો પણ, હર્બર્ટની માફક વૃદ્ધ ખેડૂતની દર્દકથા એ સવિશેષ સાંભળતા રહેતા. સાબરમતીઆશ્રમમાં જે સુંદર ભજનો ગવાતાં મને યાદ છે તેમાંનું એક તુકારામનું હતું :

> જે કા રંજલે ગાંજલે, ત્યાંસિ મ્હણે જો આપુલે;
> તોચિ સાધુ ઓળખાવા દેવ તેથેંચિ જાણાવા.
> મૃદુ સબાહ્ય નવનીત, તૈસેં સજ્જનાચેં ચિત્ત;
> જ્યાસિ આપંગિતા નાહીં, ત્યાસિ ધરી જો હૃદયીં.
> દયા કરણેં જે પુત્રાસી, તેચિ દાસા આણિ દાસીં;
> તુકા મ્હણે સાંગેં કિતી, તોચિ ભગવંતાચી મૂર્તિ.

પરંતુ હું એમ નહિ કહું કે પ્રભુ મહાદેવમાં 'ભવ્યતાપૂર્વક વિરાજમાન' હતા; એ કરતાં તો એમનામાં સરળ, સહૃદય, પ્રેમાળ અને નૈસર્ગિક માનવ–આત્માની અભિવ્યક્તિ થતી હતી. એમનાથી ઓછી ઠાઠમાઠપ્રિય વ્યક્તિ કોઈ નહિ હોય. પોતાની મહાન શક્તિઓથી એમના કરતાં ઓછી સભાન વ્યક્તિ કોઇ નહિ હોય. પ્રેમ, કરુણા અને નમ્રતાથી એમનું હૃદય ભરેલું હતું; એમનું ચિત્ત મહાન અને પવિત્ર હેતુથી વ્યાપ્ત હતું. સ્વાર્થ કે અહંકાર માટે એમાં કશો અવકાશ નહોતો. નીચી પાયરી પર એમનાથી ઊતરી જ ન શકાય એટલી હદે એ ઉદ્યમી રહેતા. એ હેતુની મહત્તામાં તથા પોતાના મહાન નેતા અને મિત્રમાં મહાદેવ દેસાઇએ આત્મસાક્ષાત્કાર કરેલો અને એ આત્મસાક્ષાત્કારે હિંદનાં ઐકય, સ્વાતંત્ર્ય અને શાંતિને વધુ નજીક આણ્યાં હતાં.

❀

બંડખોર અને પયગંબર

લેખક : યુસુફ મહેરઅલી

મહાત્મા ગાંધી એ હિંદે અકબરના મૃત્યુથી તે આજપર્યંત નિપજાવેલ એક સૌથી મહાન અને પ્રધાન વ્યક્તિ છે. એના ઇતિહાસમાં આપણે ખૂબ દૂર સુધી પહોંચીએ તો પણ તેમની સરખામણીમાં ઊભાં રહે એવાં માત્ર બે નામ મળે છે–બુદ્ધ અને અશોક. અને દેશમાં આજે એવા પણ કંઇ થોડાઘણા નથી જે તેમને એ બંને તત્ત્વજ્ઞ–રાજવીઓના કરતાં યે ઉચ્ચ કક્ષામાં મૂકે.

આપણા ત્રાસદાયક જગત સમક્ષ એ જુદી જુદી બે ભૂમિકાઓમાં ઉપસ્થિત થાય છે. એક તો, હિંદમાંના બ્રિટિશ અમલ સામેના બળવાખોર તરીકે અને બીજું, એક નવી સંસ્કૃતિ અને નવા સામાજિક દર્શનના પેગંબર તરીકે.

હિંદની એમણે બજાવેલી સેવા અદ્વિતીય છે. ભગ્ન અને દલિત પ્રજાને એમણે નવી આશા ને નવું સ્વાભિમાન આપ્યાં, એને એમણે યોજના અને દિશાસૂચન, યુદ્ધઘોષ અને લડતનું વિલક્ષણ શસ્ત્ર આપ્યાં.

વિશાળ જગતની એમની સેવાઓ વધુ ને વધુ પ્રતીત થતી જાય છે. એમનો ખરેખર શો ફાળો રહ્યો છે?

પૃથ્વી પર નવું સ્વર્ગ સરજવાનો પ્રશ્ન યુગો થયાં માનવજાતને અકળાવી રહ્યો છે. જગતના મહાનમાં મહાન પેગંબરો, દાર્શનિકો અને રાજનીતિજ્ઞોને ફરી ને ફરી વાર એ મહાન પ્રશ્નાર્થનો સામનો કરવો પડ્યો છે: દમન અને શોષણનો પ્રતિકાર શી રીતે કરવો? વિકાસની શી રીતે પ્રાપ્તિ અને રક્ષા થઈ શકે? આયોજિત હિંસાની કિંમતે જ માત્ર સલામતી મેળવી શકાય? ઇતિહાસ એ શું ખૂનામરકીની જ પરંપરા છે? એમાંથી છૂટવાનો કશો માર્ગ છે ખરો?

આ જમાનાજૂના પ્રશ્નોના જવાબ પૂરા પાડવાનો ગાંધીનો પ્રયત્ન છે.

કાર્લ માકર્સના અવસાન સમયે ગાંધીજીની ઉંમર ચૌદ વર્ષની હતી અને એંગેલ્સના અવસાન સમયે છવ્વીસની. આમ છતાં, તે સમયે તો એ બંનેમાંના એકેના ફાળાથી અપરિચિત હતા. એ એવા દેશમાં વસતા જ્યાં યુદ્ધરીતિ કરતાં શાંતિગુણનો પરંપરાનુગત મહિમા હતો, અને જ્યાં સઘળા ચંચળ યશથી ખચિત સેનાની કરતાં જીવનની સઘળી પ્રિય વસ્તુઓનો ત્યાગ કરનાર દ્રષ્ટા લોકનાયકપદે હતો. ઉપરાંત એ એવા એક દેશમાં વસતા હતા જેને એક શક્તિશાળી વિદેશી સામ્રાજ્યવાદ દ્વારા બળાત્કારે નિઃશસ્ત્ર અને લાચાર બનાવી દેવામાં આવેલો. સાંયોગિક હકીકતો જે સૂચવે છે અને ઇતિહાસ જે ઘોષિત કરે છે એવા આ દેશમાં પછી સાંપ્રત સ્થિતિમાં બીજી કોઈ પણ વ્યક્તિ નહિ ને

ગાંધી જ જીવનનાં મહત્તમ ઉદ્દેશોની સિદ્ધિ અર્થે અહિંસક ઉકેલ યોજી કાઢે એમાં શી નવાઇ?

સક્રિય અહિંસાના સાથમાં એમણે સીધાં પગલાંના શસ્ત્રને મૂકયું. આમ કરીને એમણે ક્રમવાદીઓની સાવચેતી તેમજ વિદ્રોહીઓની અધીરાઇ બંને સામે મોરચો માંડયો. એમણે નવો વચલો જ માર્ગ કાઢયો—અલબત્ત શ્રમ અને મુશ્કેલીભર્યો, છતાં ખુદ પોતાની માનવતા દ્વારા વિરોધીના સ્વભાવના ઉત્તમાંશને ઢંઢોળીને એના પ્રતિકારની ધારને બુઠ્ઠી બનાવી દેનાર એ માર્ગ હતો. ગાંધીના અભિપ્રાય મુજબ આવાં સીધાં પગલાંથી થતા લાભો સફળ બળવાથી થતા લાભો કરતાં વધારે સ્થાયી હોય છે. કારણ કે બળવામાં પોતામાં અસંતોષનાં બી રહેલાં હોય છે જેની ફલશ્રુતિ ઘણી વાર એથી પણ વધારે રક્તરંજિત પ્રતિક્રાન્તિમાં થવા પામી છે.

એમની કાર્યપદ્ધતિ પણ એમની પોતાની લાક્ષણિક રહેલી છે. અન્યાયનો એ દઢતાપૂર્વક પ્રતિકાર આદેશે છે—જેવાની સાથે તેવા થઈને નહિ, પરંતુ વિરુદ્ધ પક્ષનાં મન અને હૃદયને સ્પર્શીને, કષ્ટસહનના પોતાના સામર્થ્ય દ્વારા, બદલો વાળ્યા વિના વેઠેલું કષ્ટ, ધીરજ અને ઉલ્લાસપૂર્વક વેઠેલું કષ્ટ એ એક અભિનવ મંત્ર છે. અંતતઃ સહન કરનારનો જ વિજય નિશ્ચિત કરવા માટે નહિ પરંતુ એ પ્રક્રિયામાં ખુદ અન્યાય કરનારને પણ શિક્ષા આપવા એ યોજાયેલ છે. દોષપાત્ર અને નિષ્ઠુર વિરોધીને પણ હૃદયપલટા દ્વારા શકય મિત્રમાં ફેરવી નાખવા માટે એ યોજાયેલ છે. ટૂંકામાં કહીએ તો, અન્યાય સામે નિષ્ઠુરતાપૂર્વકનો વિરોધ અને અન્યાય કરનારની સામે બેહદ સમભાવ એ ગાંધીનો માર્ગ છે.

એમના જીવનની હકીકતો, એમના વ્યક્તિત્વ અને એમના આધ્યાત્મિક વિકાસનો અંતઃસ્પર્શી ખ્યાલ આપણને આપી રહે છે. ઘણી વાર બને છે તેમ એ બળવાખોર પેગંબરનો જન્મ રૂઢિચુસ્ત કુટુંબમાં થયેલો. ૧૯ વર્ષની વયે બેરિસ્ટર થવા સારુ એ ઇંગ્લેંડ ઊપડેલા ત્યારે એમને પરણ્યે સાત વર્ષ થઈ ગયેલાં અને એ પિતા બની ચૂકેલા.

જીવનના અત્યંત ધાર્મિક પરામર્શનો વારસો એમને એમનાં માતા તરફથી મળેલો. સમર્થ વ્યક્તિત્વ ધરાવતાં એમનાં સરળ ભક્તિભાવ તથા ઊંડી ધર્મિષ્ઠતાએ તેમના મન પર કાયમી છાપ પાડેલ છે. અવારનવાર એ ઉપવાસ કરતાં. હવેલીએ ગયા વિનાનો ભાગ્યે જ કોઇ દિવસ જતો. વર્ષો બાદ ગાંધીને કહેવાતા અસ્પૃશ્યો માટે મંદિરો ખુલ્લાં મૂકી દેવાનું સનાતનીઓને સમજાવવા માટેના ઉપવાસમાં પોતાના જીવનું જોખમ ખેડવું પડયું હતું. જેમને પોતાને એ અધિકાર આટલો મૂલ્યવાન નહોતો લાગતો તે પર ગાંધીજીએ ધરી રાખેલા આગ્રહથી ખૂબ વ્યગ્ર બની ઊઠેલા બુદ્ધિજીવીઓ માટેની ચાવી અહીં જ રહેલી છે કે, માતા સાથેની એમની મંદિરની રોજિંદી મુલાકાતોની સ્મૃતિ મહાત્માનાં અવ્યક્ત સંભારણાંમાંથી કેવી વ્યક્ત થાય છે, અને કેટલી નિષ્ઠાપૂર્વક એમનાં માતા તથા બીજાઓ એ અધિકારને ભૂલવી રહ્યાં હતાં. હવે એમણે એનો વિનિયોગ

ક્રૂર રૂઢિએ હરિજનોની આસપાસ બાંધેલી સામાજિક દીવાલોને તોડી પાડવાના ઉત્કૃષ્ટ પ્રયત્નમાં કરવા માંડ્યો.

ત્રણ પેઢીઓ સુધી એમના કુટુંબે કાઠિયાવાડનાં જુદાં જુદાં રાજ્યોને દીવાનો પૂરા પાડ્યા છે. કુટુંબાભિમાન જેટલું ખ્યાત હતું એટલી જ ખ્યાત એની વફાદારી હતી. એક પ્રસંગે રાજ્યના કાવાદાવાને લઈને એમના દાદાને પોરબંદરના દીવાનપદેથી પડોશના એક રાજ્યમાં આશ્રય લેવો પડયો હતો. ત્યાંના રાજાને એમણે ડાબા હાથે સલામ ભરેલી. આવી હડહડતી બેઅદબીનું કારણ પૂછવામાં આવતાં એમણે મક્કમપણે જણાવી દીધું કે એમનો જમણો હાથ તો પોરબંદરને જ વર્યો હતો. પોરબંદરમાં એમની સામે વાજબી વર્તાવ નહોતો થયો એ હકીકત પણ એમની ઊંડી વફાદારીને ચલાવી શકી નહોતી.

એ જ રીતે એમના પિતા રાજકોટ રાજ્યના દીવાન હતા અને રાજ્યના પેન્શનર તરીકે જ અવસાન પામેલા. ગાંધીએ પોતાની સત્યાગ્રહની લડતોમાંની એક નોંધપાત્ર લડત રાજકોટ રાજ્ય તથા જેમના વર્ચસ્વ નીચે એ હતું એ એના બ્રિટિશ સલાહકારોના ગંભીર વિશ્વાસઘાત સામે ઉપાડેલી. દેશને એક છેડેથી બીજા છેડા સુધી ખળભળાવી નાખનાર એમના બીજા એક યાદગાર આમરણ ઉપવાસનો એ પ્રસંગ હતો.

દક્ષિણ આફ્રિકામાંની એમની લડતકથા તો માનવસંબંધોના ઇતિહાસમાં એક અદ્ભુત પ્રકરણ બની રહે છે. ત્યાં એમના ૧,૫૦,૦૦૦ જેટલા દેશભાઈઓ નિષ્ઠુર વર્ણદ્વેષને કારણે સઘળા રાજકીય અને સામાજિક અધિકારોથી વંચિત બનીને લગભગ અરધી ગુલામી દશા ભોગવી રહ્યા હતા.

ડર્બનથી એમના પહેલા જ પ્રસ્થાન વખતે પ્રથમ વર્ગની ટિકિટ ધરાવતા હોવા છતાં મારિત્સબર્ગ મુકામે રેલવે કૉમ્પાર્ટમેન્ટમાંથી એમને ફેંકી દેવામાં આવેલા. આત્મવ્યથાની એક રાત્રિએ એમને નિશ્ચળ રહીને જે કંઈ ગુજરે તેનો સામનો કરવાનો નિર્ણય કરી આપ્યો. ગાંધીને બહાર ફેંકી દેનાર પ્રમાદી ગોરાને ખ્યાલ સરખો નહિ હોય કે એ ઇતિહાસ સરજી રહ્યા હતા; કારણ કે આ ઘટના એમના જીવનમાં પરિવર્તનકર નીવડી. એ દક્ષિણ આફ્રિકામાંથી ન હઠ્યા એટલું જ નહિ પરંતુ બેહદ સતામણી છતાં લગભગ બે દાયકાપર્યંત ત્યાં રહ્યા. ફૂટપાથ પર ચાલવા બદલ તેમને ફટકારવામાં આવ્યા. અદાલતમાં વકીલાત કરતા એમને અટકાવવાના પ્રયાસો થયા. એમની જિંદગી વારંવાર જોખમમાં આવી પડવા લાગી. પરંતુ બળજબરીથી કે વારંવારની જેલયાત્રાથી પણ કશો તફાવત ન પડ્યો. 'કૂલી બેરિસ્ટર' એ એક દુઃસ્વપ્ન બની રહ્યું. અહિંસક સત્યાગ્રહની એમની લડતોએ ચકિત અને દુર્ધર્ષ જનરલ સ્મટ્સ પાસેથી સમાધાન મેળવ્યું. ત્યારપછી એમણે પોતાની જબરી અને સારી જેવી અર્થપ્રાપ્તિ કરાવતી વકીલાતનો ત્યાગ કરીને ફિનિક્સ વસાહત સ્થાપી અને સમાજજીવનનો એક નવો પ્રયોગ આરંભ્યો. ટૉલ્સ્ટૉયે એ પર મુગ્ધ બનીને એવી જાહેરાત કરેલી કે 'જગતમાં હાલ થઈ રહેલા સઘળા કાર્ય કરતાં અધિક મહત્ત્વના' એ પ્રયાસો હતા.

દક્ષિણ આફ્રિકા સામે હિંદમાંથી જ લડીને જીતવાનું રહેશે એવી પ્રતીતિ સાથે ગાંધી દેશમાં પાછા ફર્યા. અહીં એમની બ્રિટિશ અમલ પ્રત્યેની ઊંડી વફાદારીએ જબરો આઘાત અનુભવ્યો. પહેલા મહાયુદ્ધની સમાપ્તિ પછી, હિંદે આપેલા જબરા ભોગ છતાં એને સ્વરાજની નહિ પરંતુ રોલેટ કાયદાની, અમૃતસરના હત્યાકાંડની તથા તેની કલ્પી ન શકાય તેવી ભીષણ અનુપૂર્તિની બક્ષિશ મળી. દેશભરમાં રોષનું જબરું મોજું ફરી વળ્યું. ગાંધીએ પોતાની અસહકારની લડતનાં મંડાણ કર્યાં. પંજાબના તથા ખિલાફત અંગેના અન્યાયના દ્વિવિધ પ્રશ્ન પર હિંદુઓ અને મુસલમાનો એકત્ર થયા. લડત પરાકાષ્ટાએ પહોંચેલી એ જ સમયે યુક્ત પ્રાંતોમાંના ચૌરીચૌરા નામક એક નાનકડા ગામડામાં લોકોના હિંસક કૃત્યને લઈને એમણે એ લડત સમેટી લીધી. આ નિર્ણય સામે સ્તબ્ધતા અને તીવ્ર નિરાશા ફેલાઈ ગયાં. પરંતુ મહાત્માને અહિંસા એ સૌથી મહત્ત્વની વસ્તુ હતી. પાવરધી બ્રિટિશ સરકારે દેખીતી જ રીતે રાહત અનુભવવાને એ તક ઝડપી લીધી. તરતમાં જ ગાંધીને ગિરફતાર કરીને તેમને છ વર્ષની જેલની સજા કરી દેવામાં આવી. એમના યાદગાર મુકદ્દમાને ઘણી યે વાર આજથી ૨૦૦૦ વર્ષ પહેલાં જેરૂસલેમમાં ચાલેલા બીજા એક મુકદ્દમા સાથે સરખાવવામાં આવે છે.

એક દાયકા પછી બ્રિટિશરાજ સામે બીજી એક જંગી લડતની દોરવણી એ કરી રહ્યા હતા. એમના લાખોલેખે અનુયાયીઓએ, સ્ત્રીપુરુષ સહુએ એકસરખી રીતે, બીજી અનેક મુસીબતોની વાત જતી કરીએ તો, કારાવાસ વેઠી લીધો. વિદેશી સરકાર તેના પાયામાંથી ધ્રૂજી ઊઠી અને તેણે સુલેહ કરી. વાઇસરોય લૉર્ડ ઇરવિન તથા મિ. વિન્સ્ટન ચર્ચિલના કથન મુજબના અર્ધનગ્ન ફકીર વચ્ચેના ગાંધી–ઈરવિન કરારે કાળજીપૂર્વક રચાયેલી બીજી ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ભાગ લેવાનો માર્ગ સરળ કરી આપ્યો. એની કશી ફલશ્રુતિ થવા ન પામી અને પાછા આવતાંવેંત સવિનયભંગની બીજી લડતનાં મંડાણ કરવાની એમને ફરજ પડી. બીજાં બે વર્ષ સુધી હિંદમાં લાઠી અને ગોળીનો જેલ અને લશ્કરી કાયદાનો દોર ચાલ્યો.

ઈ. સ. ૧૯૩૪ માં કૉંગ્રેસ અને જાહેરજીવનમાંથી એ નિવૃત્ત થયા અને સેવાગ્રામ મુકામેના પોતાના આશ્રમમાં પોતાને પ્રિય એવા રચનાત્મક કાર્યક્રમ પાછળ ઉત્સાહપૂર્વક મંડી પડ્યા. હિંદનાં ૭,૦૦,૦૦૦ ગામડાંઓમાં પથરાયેલા અરધા ભૂખ્યા, અરધા નાગા અને દેવામાં ડૂબેલા ગામડાંના લોકોનાં દારુણ ગરીબી તથા શોષણનો પ્રશ્ન સતત્ એમની નજર સામે રહેલો. એમની સહાયના એમના પ્રયત્નો એ મોટેભાગે રાષ્ટ્રીય પ્રવૃત્તિને ગામડાં સુધી પહોંચાડવાની જ એક કથા બની રહી છે.

ઔદ્યોગિક સંસ્કૃતિ પરત્વેના એમના પહેલાંના ખ્યાલો સમયના વહેવા સાથે પરિપક્વ બન્યા છે એની નોંધ રસપ્રદ થઇ પડશે. યંત્ર સામેનો એમનો વિરોધ એ પ્રધાનતયા યાંત્રિક પ્રગતિને નામે થઈ રહેલા માનવજાતના શોષણ સામેનો જ વિરોધ છે. એમણે જાહેર કર્યું છે તેમ, રેંટિયો પોતે પણ એક ચુનંદી યાંત્રિક રચના છે. એમને વિહ્વળ બનાવતું તત્ત્વ શોષણનું છે.

ગાંધીનું હાથવણાટનું કાપડ એ રાષ્ટ્રીય ચળવળનો ગણવેશ થઈ પડેલ છે. ઈ. સ. ૧૯૨૩ માં સ્થપાયેલા અખિલ ભારત ચરખા સંઘની પ્રવૃત્તિ ઈ. સ. ૧૯૪૧–૪૨ માં ૧૫,૧૧૦ ગામડાં સુધી પહોંચી હતી અને ૩,૫૪,૨૫૭ કારીગરોને રોજી આપતી હતી. માત્ર ૫૦ લાખ રૂપિયાના ભંડોળ પર એ સંસ્થા એથી સેંકડોગણી મૂડી ધરાવતા હિંદના સમગ્ર કાપડઉદ્યોગ જેટલી સંખ્યાને કામ આપે છે એથી અરધા જેટલી સંખ્યાને કામ આપે છે એ એક નોંધપાત્ર બીના છે. એ જ રીતે એમનો ગ્રામોદ્યોગ સંઘ ગામડાંના નષ્ટ થયેલા ઉદ્યોગોને પુનર્જીવન આપીને ગામડાંની મોટા ભાગની બેકાર પ્રજાને સહાયક કામગીરી પૂરી પાડે છે.

સર સ્ટેફર્ડ ક્રિપ્સની વિષ્ટિ નિષ્ફળ નીવડ્યા પછી 'ક્વિટ–ઇન્ડિયા' (હિંદ છોડી ચાલ્યા જાઓ)ની ચળવળે તખ્તો સર કર્યો. ગાંધીના પ્રભાવ અને લોકપ્રિયતામાં એણે નવો જુવાળ આણ્યો. એમના જીવનની એ જબરામાં જબરી વસ્તુ હતી. પ્રસંગોપાત્ત, સ્વાતંત્ર્ય અર્થે મથી રહેલા એક દેશનો, જગતના ઇતિહાસમાં એ સૌથી જબરો અહિંસક પ્રયાસ પણ બની રહ્યો.

ભૂતકાળ તેમજ વર્તમાનકાળમાં અન્ય મહાન નેતાઓ શક્તિશાળી દેશોના સૂત્રધારો તરીકેની પોતાની સત્તા દ્વારા લોકોનાં મન તથા હૃદયનું શાસન કરતા રહેલા તેમજ કરતા રહ્યા છે. કશી રાજ્યાશ્રિત સત્તા વિના તેમ કરી શકવાના સામર્થ્યનો યશ એકલા ગાંધીને જ ફાળે જાય છે. આ જ એક ઉપસ્થિતિ જગતનું એમનું નૈતિક નેતૃત્વ સિદ્ધ કરી આપે છે. જગતના ઇતિહાસમાં બીજી કોઈ એક જ વ્યક્તિને એમના કરતાં અરધી પણ અનુયાયીસંખ્યા હશે કે કેમ એ શંકાસ્પદ છે. અત્યાર પહેલાં જ એ દંતકથાને પાત્ર બની ચૂક્યા છે.

હાસ્યવિનોદથી એ ભરપૂર છે અને ખૂબ આકર્ષક રમૂજવૃત્તિ ધરાવે છે. એમના અત્યંત બુદ્ધિપ્રધાન ભક્તોમાંના એક આચાર્ય કૃપાલાનીએ એક વખત એવી ટકોર કરેલી કે કૉંગ્રેસ એ ગાંધીની રાજનીતિનું પ્રતિનિધિત્વ ધરાવે છે, આશ્રમ એમની ભવ્યતાનું તથા ગુજરાત વિદ્યાપીઠ એમના હાસ્યનું.

વિદેશોમાં કોઇ પણ હિંદીને લગભગ પહેલો જ પ્રશ્ન ગાંધી વિષે પૂછવામાં આવે છે. ઈ. સ. ૧૯૩૮ માં હું ન્યૂયૉર્કથી મેક્સિકોનો પ્રવાસ કરી રહ્યો હતો. વચ્ચે આવતા કોઈ સર્વિસ–સ્ટેશન પર ગાડી પુરવઠા માટે થોભેલી. ત્યાંના પહેરેદારે કેટલાક વખત પર્યંત મારા હિંદી પોશાકનું નિરીક્ષણ કર્યા પછી વધુ વાર સુધી તેનાથી રહી શકાયું નહિ.

'ક્યા દેશથી આવો છો?' તેણે પૂછ્યું.

'હિંદુસ્તાનથી.' મેં જવાબ આપ્યો.

'હેં, હિંદુસ્તાન? ભલા ગાંધીદાદા કેમ છે?'

'લહેરમાં.'

'હજુ એ ઉપવાસ કરતા રહે છે?'

'બેશક.'

'એમની બકરી કેમ છે?'

'ધીંગીધડણી.'

નજીકમાં નજીકના શહેરથી પણ અનેક માઈલ દૂર વર્જિનિયા સંસ્થાનમાં કોઈક સ્થળે આ બનેલું. એ અને બીજાઓએ મારા પર બીજા પ્રશ્નોની ઝડી વરસાવી અને અમે ઊપડવાને તૈયાર થતાં નાસ્તા બદલ કશી પણ રકમ લેવાની ના પાડી. ગાંધીમાં સરેરાશ માનવીને સર્વત્ર આવો રસ રહ્યો છે.

આથી તદ્દન જુદા જ પ્રકારનો એક બીજો પ્રસંગ મને યાદ આવે છે. મોટે ભાગે કોલંબિયા યુનિવર્સિટી સાથે જોડાયેલા શિક્ષણશાસ્ત્રીઓની એક નિમંત્રિત સભામાં મારે હિંદ વિષે બોલવાનું હતું. મેં તેમના પ્રત્યાઘાતો જાણવા માટે જાણીજોઈને અરધા ઉપરાંતનું મારું વક્તવ્ય કેળવણીની વર્ધાયોજના અંગે કર્યું. એની મુખ્ય મુખ્ય વિચારણાને પ્રશંસવામાં તેઓ એકબીજાની જાણે હરીફાઈ કરી રહ્યા હોય એમ મેં સાશ્ચર્ય અનુભવ્યું. એમાંના એકે એને 'ક્રાન્તિકારી અને ઉચિત' જણાવી. બીજાએ જણાવ્યું કે એ 'નિઃશંક નવજીવનપ્રદ' હતી. ત્રીજાએ ઉલ્લેખ કર્યો, 'અહીં પણ એ પ્રયોજવામાં આવે તો આનંદદાયક ન થઇ પડે?' આ સમૂહપ્રશસ્તિ એવી તો જોરદાર હતી કે ચર્ચાને પ્રવાહિત રાખવા માટે છેવટે મારે જ વર્ધાયોજનામાં રહેલા વાંધાઓ સૂચવવા પડ્યા.

'હિંદમાં ઘણા એમ માને છે કે આ યોજના આત્મનિર્ભર નહિ બની શકે' મેં જણાવ્યું.

'અલબત્ત, એ તો દેખીતું જ છે,' જવાબ મળ્યો, 'પરંતુ ગુણદૃષ્ટિએ તો ભાગ્યે કશું વાંધાપડતું છે. અમારી કેટલીક યુનિવર્સિટીઓને તો લાખોલેખે દેણગી મળવા છતાં હજુ આત્મનિર્ભર નથી. તેથી શું થયું? એ ખાધ જાહેર નાણાંથી જ ભરપાઈ થવી જોઈએ એ ખુલ્લું છે.'

'તો પછી એનો અભ્યાસક્રમ જુઓ,' મેં આગળ ચલાવ્યું, 'પાંચ કલાકના અભ્યાસકાળમાં માત્ર એક કલાક અને વીસ મિનિટ જ શાળાશિક્ષણને આપવામાં આવી છે. જ્યારે ધંધાદારી શિક્ષણને ત્રણ કલાક અને ચાળીશ મિનિટ. નિઃશંક, સમયની આ યોગ્ય ફાળવણી તો નથી જ.'

એક પ્રસિદ્ધ પ્રોફેસરે જણાવ્યું, 'હું એ આ નજરે જોઉં છું. અમે લોકોએ માનેલો તે કરતાં તમારો આ ગાંધી ખૂબ જ વધારે ચકોર અને વ્યવહારદક્ષ વ્યક્તિ જણાય છે. એ સારી પેઠે જાણતા હતા કે અમારા જેવા મહાનુભાવો તેમની યોજના પર તૂટી પડીને તેને વેરણછેરણ કરી નાખશે. આને લઈને જાણીજોઈને એમણે શાળાશિક્ષણ અને ધંધાદારી તાલીમ વચ્ચે સમયની આવી બેહૂદી વહેંચણી કરી હોવી જોઈએ. મને લાગે છે કે અરધોઅરધ જેટલી છૂટછાટ એમાં આપવા એ તદ્દન રાજી હોય.'

વધુ વિગતો અને વધુ સાહિત્ય માટેની દરેકની માગણીમાં આ સભાનો અંત આવ્યો. મારે માટે તો એ ખરેખર આનંદપ્રેરક અવસર હતો.

ગાંધી વસ્તુતઃ ત્રણે કાળના અને અખિલ માનવજાતના છે. એમને જગતના રાજનૈતિક પુરુષ તરીકે કોઈ વિચારે કે હિંદી રાષ્ટ્રભક્ત તરીકે, પરંતુ એમને વિષે અમરતાનો તો અચૂક ભાવ રહેવા પામે છે. 'દરેક આંખમાંનું દરેક આંસુ લૂછવા'ની એમની મહત્ત્વાકાંક્ષા કરતાં આવી એક ભવ્ય અને મહત્તાપૂર્ણ કારકિર્દીને બીજા કયા વધુ સારા શબ્દોથી નવાજી શકાય?

❀

કસ્તુરબા

લેખક : મોહનદાસ ગાંધી

૧૩ વર્ષની ઉમ્મરે મારાં લગ્ન થયાં એની નોંધ લેતાં અકળામણ થાય છે. તેર વર્ષે થયેલા મારા લગ્નના સમર્થનમાં એક પણ નૈતિક દલીલ મને નથી સૂઝી શકતી.

મારી એક પછી એક ત્રણ વાર સગાઇ થયેલી. ત્રણે સગાઈ કયારે થઈ એની મને કશીયે ખબર નથી.

એ વેળાએ મને તો, સારાં સારાં કપડાં પહેરશું, વાજાં વાગશે, ફુલેકાં ચડશે, સારાં ભોજનો મળશે, એક નવી બાળા સાથે વિનોદ કરશું, વગેરે અભિલાષા ઉપરાંત બીજું વિશેષ હોય એવું સ્મરણ નથી.

વિવાહ થયા એ દિવસોમાં નિબંધોનાં નાનાં ચોપાનિયાં—પૈસાનાં કે પાઈનાં એ તો યાદ નથી—નીકળતાં. એમાં દંપતીપ્રેમ, કરકસર, બાળલગ્ન વગેરે વિષયો ચર્ચવામાં આવતા. આમાંના કોઈ નિબંધ મારા હાથમાં આવતા ને તે હું વાંચી જતો. એ તો ટેવ હતી જ કે વાંચવું. તે પસંદ ન પડે તો ભૂલી જવું, ને પસંદ પડે તો તેનો અમલ કરવો. એકપત્નીવ્રત પાળવું એ પતિનો ધર્મ છે એમ વાંચેલું, એ હૃદયમાં રમી રહ્યું. સત્યનો શોખ તો હતો જ, એટલે પત્નીને છેતરાય તો નહિ જ. એથી યે બીજી સ્ત્રી સાથે સંબંધ ન થાય એ પણ સમજાયું હતું. નાનકડી ઉમ્મરે એકપત્નીવ્રતનો ભંગ થવાનો સંભવ બહુ થોડો જ હોય.

પણ આ સદ્વિચારોનું એક માઠું પરિણામ આવ્યું. જો મારે એકપત્નીવ્રત પાળવું જોઇએ તો પત્નીએ એકપતિવ્રત પાળવું જોઈએ. આ વિચારથી હું અદેખો ઘણો બન્યો. 'પાળવું જોઇએ' માંથી 'પળાવવું જોઇએ' એ વિચાર ઉપર આવ્યો. અને જો પળાવવું જોઇએ તો મારે ચોકી રાખવી જોઇએ. મને કાંઈ પત્નીની પવિત્રતા વિષે શંકા લાવવાનું કારણ નહોતું; પણ અદેખાઈ કારણ જોવા કયાં બેસે છે? મારી સ્ત્રી હમેશાં ક્યાં જાય છે એ મારે જાણવું જોઇએ, તેનાથી મારી રજા વિના કયાંયે જવાય નહિ. આ વસ્તુ અમારી વચ્ચે દુ:ખદ ઝઘડાનું મૂળ થઇ પડી. રજા વિના કયાંયે ન જવાય એ તો એક જાતની કેદ જ થઈ. કસ્તુરબાઈ એવી કેદ સહન કરે એમ હતી જ નહિ. ઇચ્છામાં આવે ત્યાં જરૂર મને પૂછ્યા વિના જાય. જેમ હું દાબ મૂકું તેમ તે વધારે છૂટ લે, અને તેમ હું વધારે ચિડાઉં. આથી અમ બાળકો વચ્ચે અબોલા એ સામાન્ય વસ્તુ થઇ પડી. કસ્તુરબાઇએ જે છૂટ લીધી તેને હું નિર્દોષ માનું છું. એક બાળા જેના મનમાં પાપ નથી એ દેવદર્શને જવા ઉપર કે કોઇને મળવા જવા ઉપર દાબ કેમ સહન કરે? જો હું તેના પર દાબ મૂકું તો તે મારા ઉપર કાં ન મૂકે?—આ તો હવે સમજાય છે. ત્યારે તો મારે મારૂં ધણીપણું સિદ્ધ કરવું હતું.








પણ વાંચનાર એમ ન માને કે અમારા આ ઘરસંસારમાં ક્યાંયે મીઠાશ નહોતી. મારી વક્રતાનું મૂળ પ્રેમમાં હતું. મારે મારી પત્નીને આદર્શ સ્ત્રી બનાવવી હતી. એ સ્વચ્છ થાય, સ્વચ્છ રહે, હું શીખું તે શીખે, હું ભણું તે ભણે અને અમે બન્ને એકબીજામાં ઓતપ્રોત રહીએ, એ ભાવના હતી.

કસ્તુરબાઈને એ ભાવના હતી એવું મને ભાન નથી. તે નિરક્ષર હતી. સ્વભાવે સીધી, સ્વતંત્ર, મહેનતુ અને મારી સાથે તો ઓછું બોલનારી હતી. તેને પોતાના અજ્ઞાનનો અસંતોષ નહોતો. હું ભણું છું તે પોતે પણ ભણે તો સારું, એવી એની ઇચ્છા મેં કદી મારા બચપણમાં અનુભવી નથી. એથી હું માનું છું કે મારી ભાવના એકપક્ષી હતી. મારું વિષયસુખ એક સ્ત્રી ઉપર જ નિર્ભર હતું અને હું તે સુખનો પ્રતિઘોષ ઇચ્છતો હતો. જ્યાં પ્રેમ એક પક્ષ તરફથી પણ હોય ત્યાં સર્વાંશે દુઃખ તો ન જ હોય.

મારે કહેવું જોઇએ કે હું મારી સ્ત્રી પરત્વે વિષયાસક્ત હતો. નિશાળમાં યે તેના વિચાર આવે, રાત્રિ ક્યારે પડે અને ક્યારે અમે મળીએ એ વિચાર રહ્યા જ કરે. વિયોગ અસહ્ય હતો. મારી કેટલીક કાલીઘેલી વાતોથી હું કસ્તુરબાઈને જગાડ્યા જ કરું. આ આસક્તિની જ સાથે જો મારામાં કર્તવ્યપરાયણતા ન હોત તો રોગથી પીડાઇ મૃત્યુને વશ થયો હોત, અથવા આ જગતમાં વૃથા જીવી રહ્યો હોત, એમ મને ભાસે છે. સવાર થાય એટલે નિત્યકર્મો તો કરવાં જ જોઇએ, કોઇને છેતરી ન જ શકાય, આવા મારા વિચારોથી હું ઘણાં સંકટોમાંથી બચ્યો.

હું જણાવી ગયો કે કસ્તુરબાઈ નિરક્ષર હતી. તેને ભણાવવાની મને ઘણી હોંશ હતી. પણ મારી વિષયવાંછના મને ભણાવવા ક્યાંથી દે ? એક તો મારે પરાણે ભણાવવું રહ્યું. તે પણ રાત્રે એકાંતે જ થઇ શકે. વડીલોના દેખતાં તો સ્ત્રીના ભણી જોવાય જ નહિ. વાત તો થાય જ શેની ? કાઠિયાવાડમાં લાજ કાઢવાનો નકામો અને જંગલી રિવાજ ત્યારે હતો; આજે પણ ઘણેભાગે મોજૂદ છે. એટલે ભણાવવાના સંજોગો પણ મારે સારુ પ્રતિકૂળ. તેથી જુવાનીમાં મેં ભણાવવાના જેટલા પ્રયત્નો કર્યા તે બધા લગભગ નિષ્ફળ ગયા એમ મારે કબૂલ કરવું જોઇએ. જ્યારે હું વિષયની ઊંઘમાંથી જાગ્યો ત્યારે તો હું જાહેર જીવનમાં ઝંપલાવી ચૂક્યો હતો, એટલે બહુ વખત આપી શકું એવી મારી સ્થિતિ નહોતી રહી. શિક્ષક મારફતે ભણાવવાના મારા પ્રયત્નો પણ નિષ્ફળ ગયા. પરિણામે આજે કસ્તુરબાઇની સ્થિતિ માંડ કાગળ લખી શકે ને સામાન્ય ગુજરાતી સમજી શકે એવી છે. જો મારો પ્રેમ વિષયથી દૂષિત ન હોત તો આજે તે વિદુષી સ્ત્રી હોત એવી મારી માન્યતા છે. તેના ભણવાના આળસને હું જીતી શકત. શુદ્ધ પ્રેમને કંઈ જ અશક્ય નથી એમ હું જાણું છું.

એક વસ્તુ આ સમયની છે તે કહેવી પડશે. અમ દંપતી વચ્ચે કેટલોક અંતરાય પડતો અને કંકાસ થતો તેનું કારણ આ મિત્રતા પણ હતું. હું આગળ જણાવી ગયો કે હું પ્રેમી તેવો જ વહેમી પતિ હતો. મારા વહેમમાં વૃદ્ધિ કરનાર આ મિત્રતા હતી,

કેમકે મિત્રની સચ્ચાઈ ઉપર મને અવિશ્વાસ જ નહોતો. આ મિત્રની વાતો માનીને મેં મારી ધર્મપત્નીને કેટલુંક દુઃખ દીધું છે. તે હિંસાને સારુ મેં મને કદી માફી નથી આપી. એવાં દુઃખો હિંદુ સ્ત્રી જ સાંખતી હશે. અને તેથી મેં હંમેશાં સ્ત્રીને સહનશીલતાની મૂર્તિરૂપે કલ્પી છે. નોકર ઉપર ખોટો વહેમ જાય ત્યારે નોકર નોકરી છોડે, પુત્ર ઉપર એવું વીતે તો બાપનું ઘર છોડે. મિત્ર મિત્ર વચ્ચે વહેમ દાખલ થાય એટલે મિત્રતા તૂટે. સ્ત્રી ધણી ઉપર વહેમ લાવે તો તે સમસમીને બેસી રહે. પણ જો પતિ પત્નીને વિષે વહેમ લાવે તો પત્નીના તો બિચારીના ભોગ જ મળ્યા. તે ક્યાં જાય? ઉચ્ચ મનાતા વર્ણની હિંદુ સ્ત્રી અદાલતમાં જઈ બંધાયેલી ગાંઠને કપાવી પણ ન શકે, એવો એકપક્ષી ન્યાય તેને સારુ રહેલો છે. એવો ન્યાય મેં આપ્યો તેનું દુઃખ કદી વીસરી શકું તેમ નથી. એ વહેમનો સર્વથા નાશ તો જ્યારે મને અહિંસાનું સૂક્ષ્મ જ્ઞાન થયું ત્યારે જ થયો. એટલે કે જ્યારે હું બ્રહ્મચર્યનો મહિમા સમજ્યો, ને સમજ્યો કે પત્ની પતિની દાસી નથી પણ તેની સહચારિણી છે, સહધર્મિણી છે, બન્ને એકબીજાનાં સુખદુઃખનાં સરખાં ભાગીદાર છે, અને જેટલી સ્વતંત્રતા સારુંનઠારું કરવાની પતિને છે તેટલી જ સ્ત્રીને છે. એ વહેમના કાળને જ્યારે સંભારું છું ત્યારે મને મારી મૂર્ખતા ને વિષયાંધ નિર્દયતા ઉપર ક્રોધ આવે છે, ને મિત્રતાની મારી મૂર્છાને વિષે દયા ઊપજે છે.

મારો દ્વેષી સ્વભાવ વિલાયત જતાં પણ હું ન મૂકી શક્યો. દરેક વાતમાં મારી ખાંખદ અને મારો વહેમ જારી રહ્યાં. આથી મારી ધારેલી મુરાદો હું પાર ન પાડી શક્યો. પત્નીને અક્ષરજ્ઞાન હોવું જ જોઈએ અને તે હું આપીશ એમ ધારેલું. પણ મારી વિષયાસક્તિએ મને તે કામ કરવા જ ન દીધું, અને મારી ઊણપનો રોષ મેં પત્ની ઉપર ઉતાર્યો. એક સમય તો એવો આવ્યો કે મેં તેને એને પિયર જ મોકલી દીધી અને અત્યંત કષ્ટ આપ્યા પછી ફરી સાથે રહેવા દેવાનું કબૂલ કર્યું. આમાં કેવળ મારી નાદાની જ હતી એમ હું પાછળથી જોઈ શક્યો.

ઘર (ડરબનમાં)ની બાંધણી પશ્ચિમઘાટની હતી. તેમાં કોટડીઓમાં ખાળ હોતી નથી—હોવી પણ ન જોઈએ એમ હું માનું છું—તેથી દરેક કોટડીમાં મોરીને બદલે પેશાબને સારુ ખાસ વાસણ હોય છે. તે ઉપાડવાનું કામ નોકરનું નહોતું, પણ અમારું ધણીધણિયાણીનું હતું. મહેતાઓ જે પોતાને ઘરના જેવા માનતા થઈ જાય તે તો પોતાનું વાસણ પોતે ઉપાડે પણ ખરા. આ પંચમ કુળમાં જન્મેલ મહેતા નવા હતા. તેમનું વાસણ અમારે જ ઊપાડવું જોઈએ. બીજાં તો કસ્તુરબાઈ ઊપાડતી, પણ આ તેને મન હદ આવી. અમારી વચ્ચે કલેશ થયો. હું ઉપાડું એ તેને ન પાલવે, તેને પોતાને ઉપાડવું ભારે થઈ પડ્યું. આંખમાંથી મોતીનાં બિન્દુ ટપકાવતી, હાથમાં વાસણ ઝાલતી, અને મને પોતાની લાલ આંખોથી ઠપકો આપતી સીડીએથી ઊતરતી કસ્તુરબાઈને હું આજે પણ ચીતરી શકું છું.

પણ હું તો જેવો પ્રેમાળ તેવો ઘાતકી પતિ હતો. મને પોતાને હું તેનો શિક્ષક પણ માનતો ને તેથી મારા અંધ પ્રેમને વશ થઈ સારી પેઠે પજવતો.

આમ તેના માત્ર વાસણ ઊંચકી જવાથી મને સંતોષ ન થયો. તે હસતે મુખે લઈ જાય તો જ મને સંતોષ થાય. એટલે મેં બે બોલ ઊંચે સાદે કહ્યા : 'આ કંકાસ મારા ઘરમાં નહિ ચાલે,' હું બબડી ઊઠ્યો.

આ વચન તીરની જેમ ખૂંચ્યું.

પત્ની ધગી ઊઠી : 'ત્યારે તમારું ઘર તમારી પાસે રાખો, હું ચાલી.'

હું તો ઈશ્વરને ભૂલ્યો હતો. દયાનો છાંટો સરખો નહોતો રહ્યો. મેં હાથ ઝાલ્યો. સીડીની સામે જ બહાર નીકળવાનો દરવાજો હતો. હું આ રાંક અબળાને પકડીને દરવાજા લગી ખેંચી ગયો, દરવાજો અરધો ઊઘાડ્યો.

આંખમાંથી ગંગાજમના વહી રહ્યાં હતાં, અને કસ્તુરબાઈ બોલી :

"તમને તો લાજ નથી, મને છે. જરા તો શરમાઓ. હું બહાર નીકળીને ક્યાં જવાની હતી? અહીં માબાપ નથી કે ત્યાં જાઉં. હું બાયડી થઈ એટલે મારે તમારા ધૂંબા ખાવા જ રહ્યા. હવે લજવાઓ ને બારણું બંધ કરો. કોઈ જોશે તો એમાંથી એકે નહિ શોભીએ.'

મેં મોં તો લાલ રાખ્યું, પણ શરમાયો ખરો. દરવાજો બંધ કર્યો. જો પત્ની મને છોડી શકે તેમ નહોતી તો હું પણ તેને છોડીને ક્યાં જનારો હતો? અમારી વચ્ચે કજિયા તો પુષ્કળ થયા છે, પણ પરિણામ હંમેશાં કુશળ જ આવ્યું છે. પત્નીએ પોતાની અદ્દભુત સહનશક્તિથી જીત મેળવી છે.

આ વર્ણન હું આજે તટસ્થ રીતે આપી શકું છું, કારણ કે એ બનાવ તો અમારા વીત્યા યુગનો છે.

ઉપરનો બનાવ ૧૮૯૮ ની સાલમાં બન્યો. ત્યારે બ્રહ્મચર્યના પાલન વિષે હું કાંઇ જાણતો નહોતો. એ સમય એવો હતો કે જ્યારે પત્ની એ કેવળ સહધર્મિણી, સહચારિણી અને સુખઃદુખની સાથી છે એવું મને સ્પષ્ટ ભાન નહોતું. તે વિષયભોગનું ભાજન છે, પતિની આજ્ઞા ગમે તે હોય તો પણ તે ઊઠાવવા સર્જાયેલી છે એમ માની હું વર્તતો એ હું જાણું છું.

સને ૧૯૦૦ ની સાલથી મારા વિચારોમાં ગંભીર પરિવર્તન થયું. ૧૯૦૬ ની સાલમાં પરિણામ આવ્યું. પણ એ પરિણામને આપણે તેની સાથે ચર્ચશું.

અહીં તો આટલું જણાવવું બસ છે, કે જેમ જેમ હું નિર્વિકાર થતો ગયો તેમ તેમ મારો ઘરસંસાર શાંત, નિર્મળ ને સુખી થતો ગયો છે ને હજુ થતો જાય છે.

નાતાલના હિંદીઓએ મને પ્રેમામૃતથી નવડાવી મૂક્યો. ઠેકઠેકાણે માનપત્રો આપવાની સભાઓ થઈ, અને દરેક ઠેકાણેથી કીમતી ભેટો આવી.

વળી આ ભેટોમાં એક પચાસ ગીનીનો હાર કસ્તુરબાઇને સારુ હતો. પણ એને મળેલી વસ્તુ પણ મારી સેવાને અંગે હતી, એટલે તેને નોખી તારવી ન શકાય.

જે સાંજે આમાંની મુખ્ય ભેટો મળી હતી તે રાત્રી મેં બહાવરાની જેમ જાગીને ગાળી. મારા ઓરડામાં આંટા માર્યા કર્યા. પણ કંઈ ગૂંચ ઊકલે નહિ. સેંકડોની ભેટો જતી કરવી એ ભારે પડતું હતું. રાખવી એ વધારે ભારે લાગતું હતું.

હું કદાચ ભેટો જીરવી શકું. પણ મારાં બાળકોનું શું? સ્ત્રીનું શું? તેમને શિક્ષણ તો સેવાનું મળતું હતું. સેવાના દામ લેવાય નહિ એમ હંમેશાં સમજાવવામાં આવતું. ઘરમાં કીમતી દાગીના વગેરે હું નહોતો રાખતો. સાદાઈ વધતી જતી હતી. આવી સ્થિતિમાં સોનાની ઘડિયાળો કોણે વાપરવી? સોનાના અછોડા ને હીરાની વીંટીઓ કોણે પહેરવાં? ઘરેણાંગાંઠાનો મોહ તજવા ત્યારે પણ હું બીજાઓને કહેતો. હવે આ દાગીના ને ઝવેરાતનું મારે શું કરવું?

મારાથી આ વસ્તુઓ ન જ રખાય એવા નિર્ણય ઉપર હું આવ્યો. પારસી રૂસ્તમજી ઇત્યાદિને આ દાગીનાઓના ટ્રસ્ટીઓ નીમી તેમના પર લખવાનો કાયદો ઘડ્યો, ને સવારમાં સ્ત્રી-પુત્રાદિની સાથે મસલત કરી મારો ભાર હળવો કરવાનો નિશ્ચય કર્યો.

ધર્મપત્નીને સમજાવવાનું મુશ્કેલ થઇ પડશે એ હું જાણતો હતો. બાળકોને સમજાવવામાં મુદ્દલ મુશ્કેલી નહિ આવે એવી મને ખાતરી હતી. તેમને વકીલ નીમવાનો વિચાર કર્યો.

બાળકો તો તુરત સમજ્યા. 'અમારે એ દાગીનાઓનું કામ નથી. આપણે તે બધું પાછું જ આપવું. ને કદાચ આપણને એવી વસ્તુ જોઇતી હશે તો આપણે પોતે ક્યાં નથી લઇ શકતા?' આમ તેઓ બોલ્યા.

હું રાજી થયો. 'ત્યારે બાને તમે સમજાવશોને?' મેં પૂછ્યું.

'જરૂર, જરૂર. એ અમારું કામ. એને ક્યાં એ દાગીના પહેરવા છે? એ તો અમારે સારુ રાખવા ઇચ્છે. અમારે એ ન જોઇએ, પછી એ શાની હઠ કરે?' પણ કામ ધાર્યા કરતાં વસમું નીવડ્યું.

'તમારે ભલે ખપ ન હોય, તમારા છોકરાઓને ભલે ન હોય. બાળકોને જેમ ચડાવો તેમ ચડે, ભલે મને પહેરવા ન દો, પણ મારી વહુઓનું શું? એમને તો ખપ આવશે? અને કોણ જાણે છે કે કાલે શું થશે? એટલા હેતથી આપેલી વસ્તુઓ પાછી ન દેવાય.' આમ વાગ્ધારા ચાલી ને તેની સાથે અશ્રુધારા મળી. બાળકો મક્કમ રહ્યા, મારે ડગવાપણું નહોતું.

મેં હળવેથી કહ્યું: 'છોકરાઓ પરણે તો ખરા. આપણે ક્યાં બાળવયે પરણાવવા છે? મોટા થાય ત્યારે તો તે પોતે જ ભલે કરવું હોય તે કરે. અને આપણે ક્યાં ઘરેણાંની શોખીન વહુઓ ગોતવી છે? છતાં કંઈ કરાવવું જ પડે તો હું ક્યાં નથી બેઠો?'

'જાણ્યા તમને. મારાં ઘરેણાં પણ લઈ લીધાં એ જ તમે ના? મને સુખે નથી પહેરવા દીધું એ તમે મારી વહુઓને સારુ શું લેવાના હતા? છોકરાઓને આજથી વેરાગી બનાવી રહ્યા છો! એ દાગીના નહિ પાછા અપાય. અને મારા ઉપર તમારો શો હક?'

'પણ એ હાર તારી સેવાને ખાતર કે મારી સેવાને ખાતર મળ્યો છે?' મેં પૂછ્યું.

'ભલે ને, તમારી સેવા એટલે મારી પણ થઈ. મારી પાસે રાતદહાડો મજૂરી કરાવી એ સેવામાં નહિ ગણાતું હોય? રડાવીને પણ જેને ને તેને ઘરમાં રાખ્યા ને ચાકરીઓ કરાવી તેનું શું?'

આ બધાં બાણ અણિયાળાં હતાં. એમાંનાં કેટલાંક વાગતાં હતાં. પણ ઘરેણાં તો મારે પાછાં આપવાં જ હતાં. ઘણી વાતોમાં હું જેવીતેવી સંમતિ લઈ શક્યો. ૧૮૯૬ માં મળેલી ને ૧૯૦૧ માં મળેલી ભેટો પાછી આપી. તેનું ટ્રસ્ટ બન્યું ને તેનો જાહેર કામને સારુ ઉપયોગ, મારી ઇચ્છા મુજબ અથવા ટ્રસ્ટીઓની ઇચ્છા મુજબ, થાય એ શરતે તે બૅન્કમાં મુકાઈ.

કસ્તુરબાઈ ઉપર ત્રણ ઘાતો ગઈ, અને ત્રણેમાંથી તે કેવળ ઘરઘરાઉ ઉપચારોથી બચી ગઇ. તેમાંનો પહેલો પ્રસંગ બન્યો ત્યારે સત્યાગ્રહનું યુદ્ધ ચાલી રહ્યું હતું. તેને વારંવાર રક્તસ્રાવ (લોહીવા) થયા કરતો. એક દાક્તર મિત્રે શસ્ત્રક્રિયા કરવાની ભલામણ કરી હતી. કેટલીક આનાકાની બાદ પત્નીએ શસ્ત્રક્રિયા કરાવવા હા પાડી. શરીર તો ઘણું ક્ષીણ થઇ ગયું હતું. દાક્તરે ક્લોરોફૉર્મ વિના શસ્ત્રક્રિયા કરી. ક્રિયા વખતે દરદ ખૂબ થતું હતું, પણ જે ધીરજથી કસ્તુરબાઇએ તે સહન કર્યું તેથી હું તો આશ્ચર્યચકિત થયો. ક્રિયા નિર્વિઘ્ને પૂરી થઈ. દાક્તરે અને તેમનાં પત્નીએ કસ્તુરબાઇની સરસ બરદાસ કરી.

આ બનાવ ડરબનમાં બન્યો હતો. બે કે ત્રણ દિવસ પછી મને નિશ્ચિતપણે જોહાનિસબર્ગ જવાની દાક્તરે રજા આપી. હું ગયો. થોડા જ દિવસમાં ખબર મળ્યા, કે કસ્તુરબાઈનું શરીર મુદ્દલ વળતું નથી, ને તે પથારીએથી ઊઠીબેસી જ શકતી નથી. એક વાર બેહોશ પણ થઈ ગઇ હતી. દાક્તર જાણતા હતા કે મને પૂછ્યા વિના કસ્તુરબાઇને દારૂ અથવા માંસ દવામાં કે ખાવામાં ન અપાય. દાક્તરે મને જોહાનિસબર્ગ ટેલિફોન કર્યો: 'તમારાં પત્નીને માંસનો સેરવો અથવા 'બીફટી' આપવાની જરૂર જોઉં છું. મને રજા મળવી જોઇએ.'

મેં જવાબ આપ્યો, 'મારાથી એ રજા નહિ અપાય, પણ કસ્તુરબાઇ સ્વતંત્ર છે. તેમને પૂછવા જેવી સ્થિતિ હોય તો પૂછો, ને તે લેવા માગે તો બેલાશક આપો.'

મેં તે જ દહાડે ડરબનની ટ્રેન લીધી. ડરબન પહોંચ્યો. દાક્તરે સમાચાર આપ્યા, 'મેં તો સેરવો પાઈને તમને ટેલિફોન કર્યો હતો!'

'દાક્તર, આને હું દગો માનું છું,' મેં કહ્યું.

'દવા કરતી વખતે દગોબગો હું સમજતો નથી. અમે દાક્તરો આવે સમયે દરદીને કે તેના સંબંધીઓને છેતરવામાં પુણ્ય માનીએ છીએ. અમારો ધર્મ તો ગમે તેમ કરીને દરદીને બચાવવાનો છે!' દાક્તરે દૃઢતાપૂર્વક જવાબ આપ્યો.

મને ખૂબ દુઃખ થયું. હું શાંત રહ્યો. દાક્તર મિત્ર હતા, ભલા હતા. તેમનો અને તેમનાં પત્નીનો મારા ઉપર ઉપકાર હતો. પણ ઉપલી વર્તણૂક સહન કરવા હું તૈયાર નહોતો.

'દાક્તર, હવે ચોખવટ કરો. શું કરવા માગો છો? મારી પત્નીને હું કદી તેની ઇચ્છા વિના માંસ દેવા નહિ દઉં. તે ન લેતાં મૃત્યુ થવાનું હોય તો તે સહન કરવા તૈયાર છું.'

દાક્તર બોલ્યા: 'તમારી ફિલસૂફી મારે ઘેર તો નહિ જ ચાલે. હું તમને કહું છું કે તમારી પત્નીને મારે ઘેર રહેવા દેશો ત્યાં લગી હું તેને જરૂર માંસ અથવા જે કાંઇ આપવું પડશે તે આપીશ. જો એમ ન કરવું હોય તો તમે તમારી પત્નીને લઈ જાઓ. મારા જ ઘરમાં હાથે કરીને હું તેનું મરણ થવા નહિ દઉં.'

ત્યારે શું તમે એમ કહો છો કે મારે મારી પત્નીને હમણાં જ લઇ જવી?'

'હું ક્યાં કહું છું લઇ જાઓ? હું તો કહું છું કે મારા ઉપર કશા પ્રકારનો અંકુશ ન મૂકો, તો અમે બન્ને તેની જેટલી થઈ શકે તેટલી બરદાસ કરશું ને તમે સુખે જાઓ. જો આવી સીધી વાત તમે ન સમજી શકો તો મારે લાચારીથી કહેવું જોઇએ કે તમારી પત્નીને મારા ઘરમાંથી લઈ જાઓ.'

હું ધારું છું કે તે વેળા મારો એક દીકરો મારી સાથે હતો. તેને મેં પૂછ્યું. તેણે કહ્યું, 'તમે કહો છો એ મને કબૂલ છે. બાને માંસ તો ન જ અપાય.'

પછી હું કસ્તુરબાઈ પાસે ગયો. તે બહુ અશક્ત હતી. તેને કંઈ પણ પૂછવાનું મને દુઃખદેણ હતું. પણ ધર્મ સમજી મેં તેને ટૂંકામાં ઉપરની વાત કહી સંભળાવી. તેણે દૃઢતાપૂર્વક જવાબ આપ્યો: 'મારે માંસનો સેરવો નથી લેવો. મનખાદેહ વારે વારે નથી આવતો. ભલે તમારા ખોળામાં હું મરી જાઉં. પણ મારાથી આ દેહ વટલાવાશે નહિ.'

મેં સમજાવાય તેટલું સમજાવ્યું, અને કહ્યું: 'તું મારા વિચારોને અનુસરવા બંધાયેલી નથી.' અમારી જાણના કેટલાક હિંદુઓ દવાને અર્થે માંસ અને મદ્ય લેતા તે પણ કહી સંભળાવ્યું. પણ તે એક ટળી બે ન થઈ અને બોલી: 'મને અહીંથી લઈ જાઓ.'

હું બહુ રાજી થયો. લઇ જતાં ગભરાટ થયો. પણ નિશ્ચય કરી લીધો. દાક્તરને પત્નીનો નિશ્ચય સંભળાવ્યો. દાક્તર ગુસ્સે થઈ બોલ્યા: ....

ઝરમર ઝરઝમર મેહ વરસતો હતો. સ્ટેશન દૂર હતું. ડરબનથી ફિનિક્સ રેલરસ્તો ને ફિનિક્સથી લગભગ અઢી માઈલનો પગરસ્તો હતો. જોખમ સારી પેઠે હતું. પણ ઈશ્વર સહાય થશે એમ મેં માની લીધું.

પત્નીને મારે હિંમત આપવાપણું નહોતું, ઊલટું તેણે મને હિંમત આપીને કહ્યું: 'મને કંઈ નહિ થાય. તમે ચિંતા ન કરજો.'

આ હાડપિંજરમાં વજન તો રહ્યું જ નહોતું. ખોરાક કંઇ ખવાતો નહોતો. ટ્રેનમાં ડબ્બા સુધી પહોંચતાં સ્ટેશનના વિશાળ પ્લેટફૉર્મ ઉપર લાંબે સુધી ચાલીને જવાનું હતું. ત્યાં રીક્ષા જઈ શકે એમ નહોતું. હું તેને તેડીને ડબ્બા લગી લઈ ગયો. ફિનિક્સ તો પેલી ઝોળી આવેલી. તેમાં અમે દરદીને આરામથી લઇ ગયા. ત્યાં કેવળ પાણીના ઉપચારથી ધીમે ધીમે શરીર બંધાયું.

ફિનિક્સ પહોંચ્યા પછી બે કે ત્રણ દહાડામાં એક સ્વામી પધાર્યા. તેમણે અમારી 'હઠ'ની વાત સાંભળી દયા ખાધી ને અમને બન્નેને સમજાવવા લાગ્યા. સ્વામીજીએ માંસાહારની નિર્દોષતા ઉપર વ્યાખ્યાન ચલાવ્યું, મનુસ્મૃતિના શ્લોકો ટાંક્યા. તેના શ્લોકોની મને ખબર હતી. તેને પ્રક્ષિપ્ત ગણનારો પક્ષ છે એમ હું જાણતો હતો. કસ્તુરબાની શ્રદ્ધા કામ કરી રહી હતી. તે બિચારી શાસ્ત્રનાં પ્રમાણ શું જાણે? તેને સારુ બાપદાદાની રૂઢિ ધર્મ હતો.

'સ્વામીજી, તમે ગમે તેમ કહો પણ મારે માંસનો સેરવો ખાઇને સાજાં નથી થવું. હવે તમે મારું માથું ન દુઃખાવો તો તમારો પાડ, બાકી વાતો તમે છોકરાઓના બાપની સાથે પાછળથી કરવી હોય તો કરજો. મેં મારો નિશ્ચય તમને જણાવી દીધો.'

પેલી શસ્ત્રક્રિયા પછી જોકે કસ્તુરબાઇને રક્તસ્રાવ થોડા સમયને સારુ બંધ રહ્યો હતો પણ પાછો તેણે ઊથલો માર્યો. તે કેમે ય મટે નહિ. તેથી જ્યારે મારા બીજા ઉપચારોમાં સફળતા ન મળી ત્યારે મેં તેને મીઠું અને કઠોળ છોડવા વીનવી. છતાં માને નહિ. છેવટે તેણે કહ્યું: 'કઠોળ ને મીઠું છોડવાનું તો **તમને** કોઈ કહે તો તમે પણ ન છોડો.' મને દુઃખ થયું ને હર્ષ પણ થયો. મારો પ્રેમ ઠલવવાનો મને પ્રસંગ મળ્યો. 'તારી માન્યતા ભૂલભરેલી છે. મને દરદ હોય અને વૈદ આ વસ્તુ કે બીજી કોઈ વસ્તુ છોડવાનું કહે તો જરૂર છોડી દઉં. પણ જા, મેં તો એક વર્ષને સારુ કઠોળ અને મીઠું બંને છોડયાં. તું છોડે કે ન છોડે એ નોખી વાત છે.'

પત્નીને ભારે પશ્ચાત્તાપ થયો. તે બોલી ઊઠીઃ 'મને માફ કરો. તમારો સ્વભાવ જાણતાં છતાં કહેતાં કહેવાઇ ગયું. હવે હું તો કઠોળ ને મીઠું નહિ ખાઉં. પણ તમે તો તમારું વેણ પાછું ખેંચી લો. આ તો મને બહુ સજા કહેવાય.'

મેં કહ્યું: 'તું કઠોળ મીઠું છોડશે તો તો બહુ જ સારું, મારી ખાતરી છે કે તેથી તને ફાયદો જ થશે. પણ લેવાયેલી પ્રતિજ્ઞા મારાથી ફેરવાય નહિ. મને તો લાભ જ થવાનો. ગમે તે નિમિત્તે માણસ સંયમ પાળે તો યે તેમાં લાભ જ છે. એટલે તું મને આગ્રહ ન કરજે. વળી મને પણ મારી પરીક્ષા થઇ રહેશે, ને તે બે વસ્તુઓ છોડવાનો જે નિશ્ચય તેં કર્યો છે તેમાં કાયમ રહેવામાં તને મદદ મળશે.' આ પછી મને મનાવવાપણું તો રહ્યું જ નહિ.. 'તમે તો બહુ હઠીલા છો. કોઈનું કહ્યું માનવું જ નહિ,' કહી બોબો આંસુ ઢાળી શાંત રહી.

કસ્તુરબાઈનું નંખાઇ ગયેલું શરીર વળવા માંડયું, રક્તસ્રાવ બંધ થયો, ને 'વૈદરાજ' તરીકે મારી શાખ કંઈક વધી.

સને ૧૯૦૬ ની સાલમાં મેં બ્રહ્મચર્યનું વ્રત લીધું. સેવાને અર્થે એ આવશ્યક છે એમ હું સ્પષ્ટ જોઇ શકયો. મને લાગ્યું કે આવા પ્રકારની સેવા તો મારે ભાગે વધારે ને વધારે આવશે, અને જો હું ભોગવિલાસમાં, પ્રજોત્પત્તિમાં, સંતતિઉછેરમાં રોકાઉં તો મારાથી સંપૂર્ણ સેવા નહિ થઈ શકે; મારાથી બે ઘોડે નહિ ચડાય.

વ્રત લેતાં લગી મેં ધર્મપત્ની સાથે મસલત નહોતી કરી; પણ વ્રતને સમયે કરી. તેના તરફથી મને કશો વિરોધ ન થયો. પણ આ વ્રત લેતાં તો મને બહુ ભારે પડયું. મારી શક્તિ ઓછી હતી....પણ શક્તિ ઈશ્વર આપી રહેશે એમ વિચારી મેં ઝંપલાવ્યું.

મેં બ્રહ્મચર્યનો પ્રારંભ કર્યો તે દિવસથી અમારી સ્વતંત્રતાની શરૂઆત થઈ. મારી પત્ની પ્રભુ અને માલિક તરીકેના મારા અધિકારથી મુક્ત સ્ત્રી બની અને તેને સંતોષવી પડતી મારી પોતાની ભોગવૃત્તિની ગુલામીમાંથી હું મુક્ત થયો. મારી પત્ની પ્રત્યે હતો એવા જ ભાવમાં બીજી કોઈ સ્ત્રીનું આકર્ષણ મને ન હતું. પતિ તરીકે હું તેના પ્રત્યે તેમજ બીજી કોઈ પણ સ્ત્રીના ગુલામ ન બનવાની મારી માતા સમક્ષ લીધેલી પ્રતિજ્ઞાને હું ખૂબ જ વફાદાર હતો. પરંતુ બ્રહ્મચર્ય જે રીતે મેં અપનાવ્યું હતું તેને લઈને સ્ત્રીને હું માનવજાતની જનેતાની નજરે જોતો થયો. તેની પવિત્રતા વિષયભોગ કરતાં ખૂબ ચડિયાતી હતી. અને એને લઈને દરેક સ્ત્રી મને તત્કાળ બહેન કે દીકરી સમી બની ગઈ....

આફ્રિકામાં પ્રથમ સત્યાગ્રહના દિવસોમાં કસ્તુરબાએ મને કહ્યું: "મને આને વિષે કશું જણાવતા નથી તેથી અફસોસ થાય છે. મારામાં એવી કઈ ખોડ છે જેથી જેલ માટે હું યોગ્ય ન ગણાઉં ? તમે બીજાઓને જે માર્ગ લેવાને નોતરી રહ્યા છો એ જ માર્ગ મારે પણ લેવાની ઈચ્છા છે!'

'તું જાણે છે કે તને હું કોઇ કાળે દુઃખી થવા ન દઉં. તારામાં અવિશ્વાસનો કશો સવાલ જ નથી રહેતો. તું જેલ જાય એથી વધુમાં વધુ આનંદ મને થાય તેમ છે. પરંતુ મારા કહેવાથી તેં તેમ કર્યું એમ બિલકુલ લાગવું ન જોઈએ. આવી બાબતમાં તો દરેકે કેવળ પોતાની શક્તિ તથા હિંમત પર જ આધાર રાખીને વરતવું જોઈએ. હું જો કહું તો મારી માગણી સંતોષવાને ખાતર જ જેલમાં જવાને તું તૈયાર થાય. અને પછી જો અદાલતમાં તું ધ્રૂજી જાય અથવા તો જેલની મુસીબતોથી ત્રાસી જાય તો તને તો મારાથી કશો દોષ ન દઈ શકાય પણ મારે માટે એ કેવું બને ? તો પછી હું તને કઈ રીતે સાચવી લઇ શકું કે દુનિયાને મોઢું બતાવી શકું ? તને પણ જેલ જવાનું કહેતાં આવી આવી દહેશત મને રોકી રહેલ છે.'

'જેલના ત્રાસે માફી માગીને હું છુટકારો મેળવું તો તમારે મારાથી કશો સંબંધ ન રાખવો.' તેણે જણાવ્યું, 'તમે અને મારા દીકરા પણ જો મુસીબતો વેઠી શકો તેમ છો તો પછી હું શા માટે નહિ ? લડતમાં હું જોડાવાની જ.'

મારી પત્ની રાજકોટની લડતમાં જોડાઈ તે વિષે કશું કહેવાનો મારો ઇરાદો ન હતો. પરંતુ એમની દરમિયાનગીરી અંગેની કેટલીક ક્રૂર ટીકા મને તેના ખુલાસા માટે પ્રેરે છે. તેણે એમાં ભાગ લેવો જોઇએ એમ મને કદી નહોતું લાગ્યું. એક તો આવી મુસીબતો વેઠવાની તેની ઉમ્મર નહોતી. પરંતુ કેટલાક ટીકાકારોને કુતૂહલ નીપજવા છતાં તેમણે મારાં વચનોમાં વિશ્વાસ મૂકવો જોઇએ છે કે, પોતે અભણ હોવા છતાં પોતાને



NINTH AUGUST *by BABU HERUR*

ઠીક લાગે તેમ કરવાને વર્ષો થયાં એ સ્વતંત્ર હતી. દક્ષિણ આફ્રિકામાં શું કે હિંદમાં શું, પોતાની અંતઃપ્રેરણા વડે જ એણે લડતમાં ઝંપલાવેલું. અને એવું જ આ વખતે બન્યું. મણિબહેનની ગિરફ્તારી એણે સાંભળી અને એનાથી રહી ન શકાતાં મારી રજા માગી. એને પુષ્કળ નબળાઈ હોવાનું મેં જણાવેલું. હજુ તો એ અરસામાં જ દિલ્હીના પોતાના સ્નાનખંડમાં એને મૂર્છા આવી ગયેલી, અને દેવદાસે જો મગજ ઠેકાણે ન રાખ્યું હોત તો કદાચ એનું અવસાન જ નીપજ્યું હોત. પરંતુ એને એની પરવા ન હોવાનું એણે જણાવ્યું. આ પછી એ બાબત મેં સરદાર પર છોડી. એ પણ એને દાદ આપે તેમ નહોતા.

પરંતુ આ વખતે એ પીગળી ગયા. રેસિડન્ટની પ્રેરણાએ ઠાકોરસાહેબે કરેલા વિશ્વાસભંગ પરની મારી વ્યથા એમણે જોઈ હતી....કસ્તુરબા રાજકોટની દીકરી હતી. તેને એ અંગત આહ્વાન સમું જણાયું. રાજ્યનાં સ્ત્રી–પુરુષોના સ્વાતંત્ર્ય માટે રાજકોટની દીકરીઓ કષ્ટ સહન કરી રહી હોય ત્યારે તેનાથી શાંત બેસી રહેવાય તેમ નહોતું.

ઘણીખરી હિંદુ સ્ત્રીઓમાં જે ગુણ હોય છે એ મહાન ગુણ એનામાં સારા જેવા પ્રમાણમાં રહ્યો હતો. અને તે આ—ઇચ્છાએ કે અનિચ્છાએ, સભાનપણે કે અભાનપણે, મારે પગલે પગલે ચાલવામાં એ પોતાની જાતને કૃતાર્થ ગણતી હતી.

પહેલેથી જ એ એક દૃઢ સંકલ્પવાળી સ્ત્રી હતી. શરૂઆતમાં એના આ સ્વભાવને હું ભૂલથી જિદ્દ માની બેસતો. પરંતુ એના આ દૃઢસંકલ્પે અહિંસક અસહકારના કૌશલ્ય તથા પ્રયોગમાં અજાણતાં જ એને મારી ગુરુ બનાવી. કેટલી ય વાર જેલ જઇ આવ્યા છતાં અત્યારનો કારાવાસ (૧૯૪૨–૪૪) એનાથી વધાવી લઇ શકાયો નહિ; જોકે જોઈતી સઘળી સગવડો તેની તહેનાતમાં હતી. બીજાઓની સાથોસાથ મારી અને પછી તરતમાં જ એની ધરપકડને લઇને એને ઊપજેલા જબરા આઘાતે તેનામાં કડવાશ આણી. મારી ધરપકડ માટે એ બિલકુલ તૈયાર ન હતી. મેં એને ખાતરી આપી હતી કે સરકારને મારી અહિંસામાં વિશ્વાસ હતો અને હું પોતે તત્પરતા બતાવું તે સિવાય સરકાર મને ગિરફ્તાર નહિ કરે. બેશક આ માનસિક આઘાત એટલો જબરો હતો કે એની ધરપકડ પછી તરત જ એને મરડો થઈ આવ્યો. કસ્તુરબા (સ્વર્ગસ્થ)ની ધરપકડ વખતે જ જેની ધરપકડ થવા પામેલી એ ડૉ. સુશીલા નાયરની સારવાર એને ન મળી હોત તો અટકાયતી છાવણીમાં મારી સાથે જોડાઈને મારી હાજરીમાં મળેલા આશ્વાસન તથા કશા વિશેષ ઔષધોપચાર વિના મટી ગયેલા મરડાને બદલે તેના જીવનનો વહેલો જ અંત આવી ગયો હોત. પરંતુ એની કડવાશ ન ગઈ. એ કડવાશે પ્રેરેલા ચીડિયાપણાને લઇને વેદનાભરી રીતે ધીમે ધીમે એનું શરીર ઘસાતું ચાલ્યું. જોકે જીવતી વેદનામાંથી મુક્તિપ્રદ એના મૃત્યુને મેં એને ખાતર વધાવી લીધું છે, પરંતુ એની ખોટ મને સાલવી જોઇએ તેથી વધુ સાલે છે. અમે સામાન્ય કરતાં અનોખાં જ દંપતી હતાં. અમારું જીવન એ સુખ, સંતોષ ને પ્રગતિનું જીવન હતું.

રાજવીઓ અને રૈયત

લેખક : એચ. સી. દાસપ્પા

"આ પ્રચંડ આપખુદી બ્રિટિશ લોકશાહીને સદંતર જૂઠી ઠરાવનારી છે અને તે ન તો રાજવીઓને શોભારૂપ છે, ન તો એ નિર્બળ આપખુદી હેઠળ નછૂટકે રહેતી દુઃખી રૈયતને શોભારૂપ છે. પોતાના ગૌરવનું ભાન ધરાવનાર કોઈ પણ માનવી ન રાખે તેવી સત્તાઓ રાજવીઓ પોતાને માટે રાખે છે તે હકીકત રાજવીઓ માટે કાંઈ શોભારૂપ નથી. મૂંગે મોંએ પ્રાથમિક માનવસ્વાતંત્ર્યનો લોપ વેઠનારી રૈયતને માટે પણ તે શોભારૂપ નથી. અને હિંદમાંના બ્રિટિશ શાસનનું તો કદાચ એ સૌથી મોટું લાંછન છે. પરંતુ આપણે આ પરિસ્થિતિની એટલા બધા નજીક છીએ કે 'રાજવીઓનું હિંદ' અથવા 'હિંદી હિંદ' તરીકે ઓળખાતું જૂઠાણું આપણે સમજી શકતા નથી. આ પદ્ધતિ તેના પોતાના જ અસહ્ય બોજ હેઠળ તૂટી પડવાની છે. ત્રણે પક્ષોને આ ત્રેવડું પાપ ધોઇ નાખવાને સમજાવવાનો હું નમ્ર અહિંસક પ્રયાસ કરું છું. ત્રણમાંથી એક પણ પક્ષ નિર્ણયાત્મક પગલું ભરી શકે છે અને તેની અસર સર્વ પર થશે. જો ત્રણે પક્ષો આ પાતકની પ્રચંડતા સમજી લે અને સંયુક્ત પ્રયાસથી તેને ધોઇ નાખે, તો તે સ્તુત્ય થઇ પડશે." ગાંધીજીએ હિંદી રાજસ્થાનોની વિવાદગ્રસ્ત સમસ્યા પ્રત્યેના પોતાના વલણનો ઉપસંહાર હૃદયસ્પર્શી શબ્દોમાં કરેલો છે.

હિંદી રાષ્ટ્રીય મહાસભાએ હંમેશાં સમસ્ત હિંદનું પ્રતિનિધિત્વ ધરાવવાનો અને સ્વતંત્ર અને એકત્ર હિંદ માટે પ્રયત્નો કરવાનો દાવો કરેલો છે. ૧૯૩૧માં લંડનમાં ભરાયલી બીજી ગોળમેજી પરિષદમાં ગાંધીજીએ મહાસભાના એકમાત્ર એલચી તરીકે બોલતાં ઉદ્‌ગારો કાઢ્યા હતા કે, "સૌથી મહત્ત્વની વસ્તુ એ છે કે હિંદની ધરતીના એક છેડાથી બીજા છેડા સુધી પથરાયલાં સાત લાખ ગામડાંઓના લાખો મૂંગા અને અધભૂખ્યા લોકોનું મહાસભા તાત્ત્વિક પ્રતિનિધિત્વ ધરાવે છે, એ લોકો પછી બ્રિટિશ હિંદના હોય કે જેને હિંદી હિંદ કહેવામાં આવે છે તેના હોય."

આમ હિંદનાં બ્રિટિશ અને રાજસ્થાની અડધિયાં વચ્ચે જોકે ધ્યેય અંગેનો કોઇ તફાવત નહોતો, છતાં બન્નેની સમસ્યાઓ હાથ ધરવામાં જુદી જુદી કાર્યપદ્ધતિઓ અખત્યાર કરાઇ હતી. આ તફાવત સર્વાંશે નહિ તો અધિક અંશે ગાંધીજીને આભારી હતો. મહાસભાએ શરૂઆતથી જ રાજસ્થાનો સંબંધમાં બિનદરમ્યાનગીરીની નીતિ અપનાવી હતી. આ નીતિનો પ્રથમ ખ્યાલ ૧૯૨૦ માં જન્મ્યો હતો. ૧૯૨૮ માં મહાસભાના કલકત્તા અધિવેશને રાજવીઓને પોતાનાં રાજ્યોમાં જવાબદાર રાજ્યતંત્ર દાખલ કરવાને અને નાગરિકત્વના પ્રાથમિક અધિકારોની રૈયતને બાંહેધરી આપવાને જણાવ્યું હતું. કેવળ સહાનુભૂતિ પૂરતી નહોતી, અને લોકોએ ગાંધીજીને મહાસભા તરફથી રાજસ્થાની રૈયતને

સક્રિય સહાય અપાવવા વિનંતિ કરી. ૧૯૩૪ના જુલાઈમાં ગાંધીજીએ અખિલ હિંદ રાજસ્થાની પ્રજાપરિષદના પ્રમુખ શ્રી. ન. ચિ. કેળકર પર લખેલા પત્રમાં પોતાનું વલણ સ્પષ્ટ કરી બતાવ્યું. રાજસ્થાની બાબતોમાં મહાસભાની બિનદરમ્યાનગીરીની નીતિ શાણપણભરી અને સંગીન હતી એમ ફરીથી જણાવીને ગાંધીજીએ તે પત્રમાં કહેલું કે, આ નીતિ બેકદરદાની કે નામરજીમાંથી નહિ પરંતુ 'અમારી નિરુપાયતા'માંથી જન્મી હતી, અને દરમ્યાનગીરીથી રાજસ્થાની રૈયતના ધ્યેયને નુકસાન જ પહોંચે તેમ હતું. ગાંધીજીને ખાતરી હતી કે યુગબળ આપોઆપ આવશ્યક પલટો કરાવશે અને બ્રિટિશ હિંદમાં જે કાંઈ બનશે તેની અસર રાજસ્થાનોને થયા વિના નથી જ રહેવાની. આ બિનદરમ્યાનગીરીની નીતિ તે સમયે ઘણાને વાજબી નહોતી જણાતી.

૧૯૩૫ના ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા ઍક્ટ હેઠળ પ્રાંતોમાં ચૂંટણીઓ થઈ અને કેટલાક પ્રાંતોમાં મહાસભાએ હોદ્દા ધારણ કર્યા, તેથી રાજસ્થાનોમાંની પ્રજાકીય હિલચાલોને નવો વેગ મળ્યો. સામનો ન થઈ શકે તેવી રીતે 'યુગબળ' પોતાનું કાર્ય કરતું હતું. રાજસ્થાનોમાંની પ્રજાને પોતાના નસીબ વિષે અસંતોષ થાય અને રિયાસતી રૈયત હોવાનાં પાપ બદલ ભોગવાતી સજા સામે તેને રોષ ચડે તે સ્વાભાવિક હતું. રાષ્ટ્રીય મહાસભા સમિતિઓ તે વખતે રિયાસતોમાં કામ કરી શકતી હતી, પરંતુ મોટે ભાગે તેમણે રચનાત્મક કામ કરવા માંડયું હતું. મહાસભાએ કોઈ પણ રાજસ્થાનમાં એક બળવાન રાજદ્વારી પક્ષ જેવો વિકાસ સાધ્યો નહોતો. છતાં મ્હૈસુરમાં ૧૯૩૭ના ઑક્ટોબરમાં મહાસભાના ધ્વજ હેઠળ સર્વ પક્ષોનું એકીકરણ થયું ત્યારે ત્યાં મહાસભાપક્ષ બળવાન બન્યો હતો. સત્તાધારીઓ માટે તે વિચિત્ર અને અપચિહ્ન સમાન હતું. નેતાઓની ગિરફતારીઓથી વાતાવરણ ઊલટું વધુ તંગ બન્યું અને દમનનાં મંડાણ થયાં. કલકત્તામાં મહાસમિતિએ મ્હૈસુર સરકારનાં દમનકારી પગલાં સામે વિરોધ ઉઠાવતો અને હિલચાલ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતો ઠરાવ પસાર કર્યો. ગાંધીજીને લાગ્યું કે આવો ઠરાવ બિનદરમ્યાનગીરીની સ્વીકારાયલી નીતિની વિરુદ્ધ હતો. પરંતુ બિનદરમ્યાનગીરીની મુખ્ય નીતિમાંથી ફંટાયા વિના યે સ્થિતિની પુનર્વિચારણા કરવાની જરૂર છે એમ ઘણાઓને લાગતું હતું.

૧૯૩૮માં હરિપુરા ખાતે આખા ય પ્રશ્નની ફેરતપાસ થઈ અને રાજસ્થાનો પ્રત્યેની મહાસભાની નીતિ એક વ્યાપક ઠરાવમાં માંડી બતાવવામાં આવી. તેમાં જણાવવામાં આવ્યું કે કૉંગ્રેસનું જે ધ્યેય હતું તે પૂર્ણસ્વરાજ્ય કે પૂર્ણસ્વાતંત્ર્ય, રાજસ્થાનોને સમાવી લેતા સમગ્ર હિંદને માટે હતું. રાજસ્થાનોમાં તે ધ્યેયને અર્થે કામ કરવાનો મહાસભાને અધિકાર હતો. મહાસભાએ હિમાયત કરી કે રાજસ્થાનોમાં સંપૂર્ણ જવાબદાર શાસન હોવું જોઈએ અને નાગરિક સ્વાતંત્ર્યની બાંહેધરી મળવી જોઈએ; પરંતુ સ્વાતંત્ર્ય અંગેની હિલચાલો જો રાજસ્થાની પ્રજાઓમાંથી તાકાત મેળવે તો એ હિલચાલો વધુ ત્વરાથી વિકસે તેવો સંભવ હતો, એટલે ઠરાવમાં એમ જણાવવામાં આવ્યું કે હાલના સમયે રાજસ્થાની મહાસભા સમિતિઓએ ન તો પાર્લામેન્ટરી પ્રવૃત્તિઓમાં રોકાવું જોઈએ, ન

તો તેમણે મહાસભાનાં નામ અને આશ્રય હેઠળ કોઈ સીધી લડત ઉપાડવી જોઈએ. કાં તો સ્વતંત્ર સંસ્થાઓ શરૂ કરવી જોઈએ, કાં તો રાજસ્થાનોની અંદર જે સંસ્થાઓ મોજૂદ હોય તેમને જ ચાલુ રાખવી જોઈએ.

ગાંધીજીની આ ઊંડી પહોંચ અચૂક પુરવાર થઈ. ૧૯૩૮ અને ૧૯૩૯ નાં વર્ષોમાં રાજસ્થાની પ્રજાઓમાં મહાન જાગૃતિ આવી. ઠરાવ સંપૂર્ણતઃ વાજબી નીવડ્યો, અને તેણે 'રાજસ્થાની રૈયતને પાણી ચડાવ્યું હતું.' છતાં રાજસ્થાની સત્તાધારીઓને મહાસભાની મૈત્રીભરી સલાહ કે સહાય પણ ગમતી નહોતી. અને તેઓ પેલા ઠરાવને મહાસભાની વિરુદ્ધ ટાંકી બતાવતા હતા એમ જ્યારે ગાંધીજીએ જોયું ત્યારે તેમણે સ્થિતિની ચોખવટ કરી બતાવી. ૧૯૩૮ના ઑક્ટોબરમાં તેમણે કહ્યું કે 'બિનદરમ્યાનગીરીને કદીય સિદ્ધાંતરૂપ લેખવામાં આવી નહોતી. એ મર્યાદા તો મહાસભાએ પોતાને ખાતર અને રાજસ્થાની પ્રજાઓને ખાતર પોતે જ પોતાની પર લાદી હતી.' બે માસ પછી તેમણે કહ્યું હતું કે 'અસરકારક દરમ્યાનગીરી કરવાની તાકાત પોતાનામાં છે એમ જો મહાસભાને લાગતું હશે તો હાકલ પડશે ત્યારે દરમ્યાનગીરી કર્યા વિના મહાસભાનો છૂટકો જ નહિ થાય.' પાછળથી લુધીઆનામાં જવાહરલાલ નેહરુએ કહ્યું હતું કે 'બિનદરમ્યાનગીરીનો પ્રશ્ન જ નહોતો. હિંદી પ્રજાજનોની મરજીનું પ્રતિનિધિત્વ ધરાવનાર તરીકે મહાસભા એવા કોઈ પણ અંતરાયોને સ્વીકારતી નથી કે જે હિંદ અને તેના પ્રજાજનોને લગતી બાબતોમાં મહાસભાના કાર્યસ્વાતંત્ર્યને મર્યાદિત બનાવી મૂકતા હોય.' કોઈ પણ મર્યાદા હોય તો તે મહાસભાએ જાતે જ નિર્માણ કરેલી છે. ગાંધીજી ટૂંક સમયમાં જ જયપુર અને રાજકોટ ખાતે જોનાર હતા કે અન્ય રાજ્યોમાંની લડતોની જેમ ત્યાંની લડતો પણ હિંદની મુક્તિ અર્થેની લડતનો એક ભાગ જ હતી. જયપુરમાં મહાસભા કારોબારી સમિતિના સભ્ય, જયપુર પ્રજામંડળના પ્રમુખ અને ખુદ જયપુર રાજ્યના પ્રજાજન શ્રી. જમનાલાલ બજાજને સત્યાગ્રહ કરવો પડ્યો હતો. રાજકોટમાં લડતનો હવાલો સરદાર વલ્લભભાઈ પટેલે લીધો હતો, કસ્તુરબાએ સત્યાગ્રહ કર્યો હતો અને પાછળથી ગાંધીજીને જાતે દરમ્યાનગીરી કરવી પડી હતી.

'જયપુર અને રાજકોટનાં ઉદાહરણો સહેલાઈથી સમગ્ર હિંદની કટોકટી તરફ દોરી જાય એવો સંભવ છે,' એ રીતે પોતાની ચેતવણીની સમજૂતી આપતાં ગાંધીજીએ ફરીથી સ્થિતિની ચોખવટ કરી બતાવી હતી. 'રાજસ્થાની પ્રજાઓ જ્યારે જાગ્રત નહોતી થઈ ત્યારે મહાસભાની બિનદરમ્યાનગીરીની નીતિ, મારા અભિપ્રાય મુજબ, પૂરેપૂરી મુત્સદ્દીગીરી સમાન હતી. રાજસ્થાની પ્રજાઓમાં જ્યારે સાર્વત્રિક જાગૃતિ આવી હોય અને તેમના અધિકારોની પ્રાપ્તિ માટે લાંબા સમય સુધીનાં સંકટો વેઠી લેવાનો નિર્ધાર થયો હોય ત્યારે તો બિનદરમ્યાનગીરીની નીતિ એ કાયરતા લેખાય. આને એક વાર માન્ય કરવામાં આવે એટલે તો મુક્તિની લડત જ્યાં જ્યાં ચાલે ત્યાં ત્યાં તે સમગ્ર હિંદ માટેની લડત છે, મહાસભાને જ્યારે જ્યારે લાગે કે તેની દરમ્યાનગીરી ઉપયોગી નીવડે તેવી છે ત્યારે ત્યારે તેણે દરમ્યાનગીરી કરવી જ જોઈએ.' આ પ્રશ્ન પરત્વે મહા-

સભાવાદીઓમાં મતભેદો હતા તે મિટાવી દેવામાં આવ્યા હતા. ગાંધીજીએ ઉત્ક્રાન્તિની સમજૂતી આપી હતી. 'મારા શબ્દો અને કૃત્યો પ્રવર્તમાન પરિસ્થિતિ અનુસાર ઘડાય છે. મારી આસપાસની પરિસ્થિતિમાં ક્રમિક ઉત્ક્રાન્તિ થઈ છે અને સત્યાગ્રહી તરીકે હું તેનો પ્રત્યાઘાત પાડતો રહું છું.'

પોતાનાં જ સાધનો પર છોડી દેવામાં આવેલી રાજસ્થાનોમાંની મુક્તિની હિલચાલોએ જમીનમાં મૂળ નાખ્યાં, એ હિલચાલો મજબૂત અને વ્યાપક બની. એમ દેખાવા માંડયું કે લડતો જાણે જુદી જુદી નહોતી પરંતુ સર્વ લડતો મુક્તિ માટે ઝંખતી પ્રજાની એક મહાન લડતના ભાગરૂપે જ હતી. આ સંસ્થાઓ સમક્ષ મહાસભાનો સમૃદ્ધ અનુભવ પડેલો હતો અને ઝાઝી મુશ્કેલી વિના તે બાકીના હિંદની પંગતમાં આવી ગઇ. ત્રાવણકોર, મ્હૈસુર, રાજકોટ, જયપુર, તાલચર, ધાનકંદ, લીંબડી અને બીજાં રાજ્યોમાં ચાલેલી લડતો સારી રીતે જાણીતી છે. ગાંધીજીએ અંતઃપ્રેરણાથી જ હાકલને ઝીલી લીધી અને લગભગ સર્વ હિલચાલો તેમના જ માર્ગદર્શન હેઠળ આવી ગઇ. શ્રી. નેહરુએ લુધીઆના ખાતેના ભાષણમાં જણાવેલું કે 'રાજસ્થાનોની આ કટોકટીની પળે, હિંદની મુક્તિનો નિરંતર વિચાર કરનાર અને તેની પ્રતિષ્ઠાની કાળજી રાખનાર હિંદના નેતા (ગાંધીજી) બહાર પડે અને આપણને સુપરિચિત એવી તેમની એ જ રણકાર કરતી વાણીથી આપણી પ્રજાને શ્રદ્ધા અને હિંમત પ્રેરે, તે યોગ્ય જ છે.'

૧૯૩૫ નો ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ સમૂહતંત્રમાં પ્રાન્તોમાંના પ્રજાજનોના નાગરિકત્વના અધિકારોમાં રાજસ્થાની પ્રજાજનોના ભાગીદાર બનવાના અધિકારનો ઈન્કાર કરતો હતો અને એ કાયદાની નેમ આપખુદ શાસકો અને પ્રાન્તોની લોકશાહી સરકારો વચ્ચે એકતા લાવવાની હતી. આવા સમૂહતંત્ર પ્રત્યે દેશનાં રાષ્ટ્રીય તત્ત્વોના વિરોધને લીધે અને તેથીય કદાચ વધુ અંશે તો યોગ્ય સંખ્યાનાં રાજસ્થાનોએ સમૂહતંત્રને ન સ્વીકાર્યું તે કારણે, કાયદાનો એ ભાગ અભરાઈ પર ચડી ગયો. સર સ્ટેફર્ડ ક્રિપ્સની ૧૯૪૨ ની દરખાસ્તમાં પણ એને મળતી આવતી ખામી હતી. તેમણે એમ સૂચવ્યું હતું કે બંધારણ ઘડનાર મંડળમાં દેશી રાજ્યો પોતાના રાજસ્થાની પ્રતિનિધિઓને બ્રિટિશ હિંદના ચૂંટાઇને આવનારા પ્રતિનિધિઓની માફક જ વસતિના ધોરણે અને તેમના જેવી જ સત્તાઓ આપીને નીમી શકે (ચૂંટે નહિ). મહાસભાની કારોબારી સમિતિએ એને વાજબી રીતે જ લોકશાહી તેમજ આત્મનિર્ણયના ઈન્કાર તરીકે ઓળખાવ્યું હતું.

રાજવીઓ જો પોતાની પ્રજાઓની ઇચ્છાનું પ્રતિનિધિત્વ ધરાવનાર મુક્ત એજન્ટો તરીકે આવે તો રાષ્ટ્રીય હિંદ તેમને સમૂહતંત્રમાં ભાગીદારો તરીકે અપનાવી લેવા રાજી હતું, ત્યારે રાજવીઓ પોતાના સંધિ–અધિકારો પર આક્રમણ થવા સામે ચોકી રાખવાનો નિર્ધાર કરી બેઠા હતા. સાર્વભૌમત્વના હેતુઓ માટે ગવર્નર જનરલના હોદ્દાએ વાઈસરોયને તાજના પ્રતિનિધિનું સ્થાન આપ્યું હતું. બિકાનેરના મહારાજા અને બીજાઓ રાજસ્થાનો માટે તાજથી મુક્ત એવા સ્વતંત્ર દરજ્જાનો દાવો કરતા હતા અને પોતાની

સત્તા પ્રજાને સોંપવાનું કે તાજ પ્રત્યેની પોતાની વફાદારી હિંદની ભાવિ સરકાર પ્રત્યે રાખવાનું કોઈ બંધન પોતા પર હોય એમ તેઓ સ્વીકારતા નહોતા. રાજસ્થાનો તાજ સાથે સંધિ કર્યા પહેલાંના પોતાના સ્વતંત્ર અસ્તિત્વ પાછાં ફરે એવું તેમનું દૃષ્ટિબિંદુ હતું.

શ્રી. પ્યારેલાલે પ્રમાણભૂત નોંધો પર રચાયેલ 'હિંદી રાજવીઓનો દરજ્જો' (States of Indian Princes) નામક પોતાના ઉદ્બોધક ગ્રન્થમાં આ સાર્વભૌમત્વનો ખરો અર્થ કેવો છે તે ખુલ્લું પાડ્યું છે. લૉર્ડ રિડિંગનો નિઝામ પરનો મશહૂર પત્ર તેમાં ટાંકવામાં આવ્યો છે. 'હિંદમાં બ્રિટિશ તાજનું સાર્વભૌમત્વ સર્વોચ્ચ છે અને તેથી હિંદી રાજસ્થાનનો કોઈ પણ રાજવી બ્રિટિશ સરકાર સાથે સમાનતાના ધોરણે વાટાઘાટ કરવાનો ન્યાય્ય દાવો કરી શકે નહિ....સાર્વભૌમત્વ સાર્વભૌમ જ રહેવું જોઈએ.' આ દૃષ્ટિ અંગે બટલર સમિતિનો ઉપસંહાર અગત્યનો છે. 'હિંદી રાજ્યો બ્રિટિશ સત્તા સાથે સંપર્કમાં આવ્યાં ત્યારે તે સ્વતંત્ર હતાં, એ ઐતિહાસિક હકીકતો સાથે બંધબેસતું નથી. કેટલાંક રાજ્યોને બચાવી લેવામાં આવ્યાં હતાં, બીજાંઓને બ્રિટિશોએ સર્જ્યાં હતાં.'

રાજવીઓ પ્રત્યેની ગાંધીજીની હાકલ જેટલી સ્પષ્ટ અને સહૃદય છે તેટલી જ મિત્રાચારીભરી છે. રાજવીઓ કદાચ તેમના નિખાલસપણાની જ કદર કરી શકતા નથી. તા. ૨ જી ઑગસ્ટ ૧૯૪૨ ના રોજ તેમણે રાજવીઓને હિંદમાંની તેમની ખરી સ્થિતિની અને તેમના દેખીતા કર્તવ્યની યાદ દેવડાવી હતી. તેમણે કહ્યું હતું કે 'હાલના પરવશ રાજવીઓ શાહી સત્તાનાં જ સર્જનો છે. શાહી સત્તાનો કેવળ ભ્રુભંગ તેમને નષ્ટ કરી શકે છે. પરંતુ અત્યારે તેઓ શાહી સત્તાના ભાગરૂપ છે તેને બદલે પોતાને જો પ્રજાના ભાગરૂપ ગણી શકે, તો તેમણે આટલી નિઃસહાયતા અનુભવવાની જરૂર નથી....હિંદ હંમેશને માટે ગુલામ દેશ નહિ જ રહે. રાજવીઓ સમય સાથે કૂચ કરશે, કે તેમને શાહી રથના ચક્ર સાથે જ બંધાઈ રહેવું છે?' ગાંધીજીએ કહ્યું હતું કે રાજવીઓ રાષ્ટ્રના ધ્યેયમાં ભાગીદાર ન બની શકે તો પણ તેમની પ્રજાઓને સત્તાઓમાં હિસ્સો આપીને સદ્ભાવ પ્રાપ્ત કરી લેવાનો વચલો માર્ગ તો તેઓ અપનાવી શકે.

જયપ્રકાશ નારાયણ અને બીજા કેટલાકો એવા છે, જેઓ રાજસ્થાનોની સંપૂર્ણ નાબૂદી સૂચવે છે. ગાંધીજીનો મત, કાંઈ નહિ તો, મોટાં રાજસ્થાનોની બાબતમાં જુદો પડે છે. ગાંધીજી તેમની નાબૂદી નથી ઇચ્છતા 'પણ તેમની આપખુદી, માત્ર નામમાં નહિ પરંતુ ખરેખરી રીતે ટ્રસ્ટીપણામાં પલટાય' એમ ઇચ્છે છે. છતાં જાગીરો કરતાં ભાગ્યે જ મોટાં એવાં નાનાં રાજ્યોનો પ્રશ્ન ખડો જ રહેશે. કૉંગ્રેસ પ્રત્યે જરાય મિત્રતા નહિ દાખવતા The Indian States and Indian Federation (1942) નામના પોતાના ગ્રન્થમાં સર જ્યોફ્રે ડી મોન્ટમોરેન્સી કહે છે કે 'તેઓ (નાનાં રાજ્યો) હિંદમાં હાલ પણ એટલાં સંખ્યાબંધ છે કે વિકાસકાર્યમાં તેઓ ગંભીર સમસ્યા બની રહ્યાં છે જેનો કોઈ જ ઉકેલ અત્યારે નથી મળતો....હિંદમાં બ્રિટનનો સર્વોચ્ચ સત્તા તરીકે જો કદાચ અંત આવવાનો હોય તો એવાં રાજ્યો અદૃશ્ય બને અને ગરક થઈ જાય તે અલબત્ત

અનિવાર્ય બની રહે.' ગાંધીજી ઇચ્છે છે કે નાનાં રાજ્યો 'તેમને કદાચ નહોતી મળવી જોઇતી તે સત્તાઓ છોડી દે.' વધુમાં તેઓ કહે છે કે 'હું એવું સમાધાન કલ્પી શકતો નથી જેમાં રાજવીઓએ પોતાને ભૂંસી નાખ્યા હશે....એટલે હું એવું જ સમાધાન કલ્પી શકું, જેમાં મોટાં રાજ્યો તેમનો દરજ્જો ચાલુ રાખશે. એક રીતે તો તે આજના કરતાં ચડિયાતો હશે પરંતુ બીજી રીતે તે એવો મર્યાદિત બનશે કે હિંદના અન્ય ભાગોના લોકો ભોગવે છે તેવા જ અધિકારો રાજસ્થાની પ્રજાઓને રાજ્યોની અંદર અપાશે.'

છતાં એવા રાજવીઓ પણ છે, જેઓ આ ફેરફાર ચડિયાતો દરજ્જો અપાવશે તે જોવાની ના પાડે અને શાહી રથના ચક્ર સાથે જ બંધાઇ રહે! જુલાઈ ૧૯૪૪ માં નિઝામે કહેલું કે 'હિંદી રાજ્યોએ સાર્વભૌમ સત્તા સાથેનું ઐતિહાસિક જોડાણ તોડવાનું કદીય શક્ય નહિ બને, કેમકે ઇતિહાસ દર્શાવે છે કે તેમનું અસ્તિત્વ બ્રિટિશ સરકાર સાથે જોડાયલું છે.' અને 'તે કદી પણ જતું કરાય નહિ તેવું વરદાન છે.' આનો શ્રી. પ્યારેલાલનો જવાબ વાજબી જ છે. 'હિંદની ભૂતકાળની અને વર્તમાન સરકારોનો રચનાપ્રકાર પરદેશી હતો અને હિંદી મતદારોને તે સરકારો જવાબદાર નહોતી તે કારણે રાજવીઓને તે સ્વીકાર્ય હતી, અને હિંદની ભાવિ સરકાર તેના પોતાના પ્રજાજનોને જવાબદાર રહેશે તેથી રાજવીઓ તેને સ્વીકારી શકશે નહિ, એવી દલીલ કરવામાં નથી કશું ગૌરવ કે નથી કશી દેશભક્તિ.' છતાં રાજવીઓના વલણ માટે તેમની નાખુશી જવાબદાર છે કે તેમની નિઃસહાયતા, તેની ખાતરી યે કોને છે?

રાજસ્થાનોમાં સર્વત્ર એકસાથે આવેલી જાગૃતિએ રાજવીઓને આશ્ચર્યમાં નાખી દીધા. દમન કે મનામણાં, કયું વધારે સારું તે તેમને સમજાતું નહોતું. મનામણાંના કેટલાંક રાજ્યોના પ્રયાસને બીજાં રાજ્યોએ સત્કાર્યો નહોતો. પછી તેમણે ખ્યાલ કર્યો 'લાતો અને ચુંબનો'ની નીતિનો તથા 'ભાગલા પાડો અને રાજ્ય કરો'ની નીતિનો, જેને માટે આ ધરતી અત્યંત ફળદ્રૂપ છે. રાજસ્થાનોમાં સ્વાતંત્ર્યની લડત વધુ કે ઓછે અંશે બ્રિટિશ હિંદની જેમ સત્ય અને અહિંસાના સિદ્ધાંતો પર જ ચાલવા લાગી. પરંતુ રાજસ્થાનોમાં વધુ અંતરાયો હતા. રાજસ્થાનો અલગ અને સ્વતંત્ર હતાં. ત્યાં દમન અને જુલ્મ પરનો અંકુશ બ્રિટિશ હિંદ કરતાં ઓછો હતો. તેથી યે વિશેષ ખરાબ એ હતું કે સાર્વભૌમ સત્તાએ, જો દમનને તેણે ખરેખર ઉત્તેજન ન આપ્યું હોય તો, અંકુશની સલાહ આપવા કશું જ ન કર્યું. રાજસ્થાની પ્રજાએ સ્વાભાવિક રીતે ગાંધીજીનું માર્ગદર્શન માગ્યું. ગાંધીજીએ રાજસ્થાનોમાંની હિલચાલોનું સંચાલન શાણપણથી કર્યું અને તેઓ તેમને કડક અહિંસાના માર્ગે દોરવી ગયા તે માટે ત્યાંના પ્રજાજનોની જેમ રાજવીઓએ પણ હંમેશને માટે ગાંધીજીનું ઋણ માનવું ઘટે છે. છતાં ખેદની વાત છે કે તેમની શાંતિદાયી અસરની કદર ન રાજવીઓએ કરી કે ન કરી સાર્વભૌમ સત્તાએ.

ગાંધીજીએ રાજસ્થાની પ્રજાને આપેલી સલાહમાં તેના સ્વીકાર વિષે કોઈ જ શરત રાખી નહોતી. તેઓ તેમની સલાહ હંમેશાં એવી સમજૂતી પર જ આપતા કે રાજસ્થાની

પ્રજા તેને સ્વીકારવા કે ફગાવી દેવા સ્વતંત્ર હતી. વસ્તુતઃ તેમની સલાહ પ્રજાની બુદ્ધિને અને હૃદયને વાજબી જણાય અને પ્રજા પોતે જ જેનો વધુ સારો નિર્ણય કરી શકે તેવી સ્થાનિક પરિસ્થિતિના તેણે પોતે કરેલા અર્થ સાથે તે સલાહ મેળ ખાતી હોય તો જ તેને સ્વીકારવી એમ ગાંધીજી જણાવતા.

ગાંધીજી રાજવીઓને સ્પષ્ટ વાત કહી દેતા તેમ પ્રજાને પણ તેટલી જ સ્પષ્ટ વાત કહી દેતા. ગાંધીજીની પ્રજાજોગી સલાહ પર, પોતાને રાજકોટમાં મળેલા અનુભવના પરિણામની અધિક અસર હતી. રાજકોટ ગાંધીજીને મન એક 'અણમોલ પ્રયોગશાળા' હતું. ગાંધીજીનું મંતવ્ય એવું હતું કે ભૂતકાળમાં તેમણે નિર્ભેળ અહિંસાનો આગ્રહ નહોતો રાખ્યો પણ પોતાની જાત સાથે સમાધાન કરી લીધું હતું અને કેવળ શારીરિક અહિંસાને વર્જ્ય ગણવાથી તેમને સંતોષ હતો. પ્રજાને સફળતા ન વરી તેનું કારણ એ કે તે કિંમત ચૂકવવા તૈયાર નહોતી. ગાંધીજીએ રાજસ્થાની પ્રજાને સલાહ આપેલી કે 'તાત્કાલિક માગણીઓની કક્ષાને, જો જરૂરી હોય તો, નીચી ઉતારવી, જેથી અંતિમ ધ્યેય તરફની પ્રગતિ ત્વરિત બને,' અને સૌથી ઓછામાં ઓછી માગણીઓમાં આ વસ્તુઓનો સમાવેશ કરવો. અંગત શાસનથી ભિન્ન એવું કાયદાનું શાસન, નાગરિક સ્વાતંત્ર્ય, સ્વતંત્ર ન્યાયવ્યવસ્થા, તથા રાજવીઓનું મુકરર ખર્ચ. સત્તાવાળાઓ સાથેની માનભરી વાટાઘાટોને અહિંસાના શસ્ત્રાગારમાં હંમેશાં સ્થાન રહેતું. ગાંધીજીએ રાજકોટપ્રકરણ પછી તેમની વાતચીતોમાં અને લખાણોમાં આ નવો કસબ નિર્દિષ્ટ કર્યો હતો.

રાજસ્થાનોમાંના આ ખળભળાટનાં વર્ષો દરમ્યાન, સાર્વભૌમ સત્તાએ ભજવેલો ભાગ તો પ્રકાશ ફેંકનારો બની રહે છે. રાજસ્થાની પ્રજાઓની મહાન જાગૃતિએ અને જવાબદાર સરકાર માટેની તેમની વધતી જતી અને આગ્રહભરી માગણીએ રાજવીઓને એવી વિચિત્ર દલીલ કરવા પ્રેર્યા કે જવાબદાર સરકાર તો રાજવીઓની સંધિ અનુસારની ફરજો સાથે સુસંગત નહોતી. પરંતુ અર્લ વિન્ટરટને પાર્લામેન્ટમાં અને લૉર્ડ લિન્લિથગોએ હિંદુસ્તાનમાં ચોખવટ કરી કે પ્રજાની જરૂરિયાતો સાથે સૌથી સારી રીતે બંધબેસતું બંધારણ અખત્યાર કરવા કોઈ રાજવી પર જોકે દબાણ નહિ લાવવામાં આવે, પરંતુ સંધિ અનુસારની તેની ફરજોની સાથે સુસંગત હોય તેવી બંધારણીય પ્રગતિ કરવાની જો તેની ઇચ્છા હશે તો સાર્વભૌમ સત્તા તેમાં અંતરાય પણ નહિ નાખે. આ જાહેરાતોએ તે સમયે રાજસ્થાની પ્રજાઓમાં ભારે આશાઓ જન્માવી, કારણ કે સંધિઓ સાથે અસંગત હોય તેવું કશું જ તેઓ નહોતા માગતા; પરંતુ રાજવીઓના રક્ષણ હેઠળ જવાબદાર સરકાર માગતા હતા. રાજવીઓએ પ્રજાની મહત્ત્વાકાંક્ષાને સંતોષવાનું તો દૂર રહ્યું, તેઓ ઊલટા વધુ કડક બન્યા. સાર્વભૌમ સત્તા એવી રીતે વર્તી જણાય છે કે તેણે રાજવીઓને રાજ્યોમાં સુધારા દાખલ કરવા અંગે સ્વતંત્ર રહેવા દેવાનું વચન આપ્યું હતું તે વાંઝિયું નીવડે. ગાંધીજીએ કહેલું કે 'સાર્વભૌમ સત્તા નાખુશ થવાનો પોતે સંભવ માનતા હોય તેવું કશું કરવાની રાજવીઓની હિંમત નથી તે ખુલ્લી વાત છે.'

ધનકેનાલ, તાલચર અને લીંબડી જેવાં રાજ્યોમાં જુલમ અને દમન વધવા માંડયાં ત્યારે ગાંધીજીએ સાર્વભૌમ સત્તાને તરત જ યાદ દેવડાવ્યું હતું કે 'સંધિઓ જો બ્રિટિશ સરકારને રાજવીઓનું રક્ષણ કરવાની ફરજ પાડતી હોય તો પ્રજાજનોના અધિકારો રક્ષવાની પણ તેમને તેટલી જ ફરજ પાડે છે.' છેક ૧૮૭૫માં લોર્ડ નોર્થબ્રુકે વિધાન કર્યું હતું કે 'બ્રિટિશ સરકારનું જેને પીઠબળ હોય તેવું ખરાબ શાસન એ એવું ખરાબ શાસન છે કે જેની જવાબદારીમાં બ્રિટિશ સરકાર પણ અમુક અંશે સંડોવાય છે.'

નિઃશંક રીતે શાહીવાદી પૂર્વગ્રહ ધરાવનાર બટલર સમિતિના નિવેડા જો કોઈ પ્રકારનું માર્ગદર્શન કરાવતા હોય તો તો રાજવીઓને બ્રિટિશ હિંદના પ્રાન્તોની હરોળમાં લાવવા માટે, તેમને બંધારણીય ફેરફારો દાખલ કરવાની 'સલાહ' આપવામાં કે તેમની પર દબાણ સુધ્ધાં લાવવામાં સાર્વભૌમ સત્તાની આડે કશું જ ન આવવું જોઇએ. પ્રોફેસર બેરીડેલ કીથે બંધારણીય દૃષ્ટિ ખૂબ સ્પષ્ટતાથી રજૂ કરી છે: 'તાજના સલાહકારોને એવી દલીલ કરવાનું અશક્ય છે કે પ્રાન્તોમાંના હિંદીઓના અધિકારો રાજસ્થાની પ્રજાઓને નહિ આપવામાં આવે, તેમની સ્પષ્ટ ફરજ છે કે તેઓ સમ્રાટ્‌ને સલાહ આપે કે સમ્રાટ્ પોતાની સત્તાનો ઉપયોગ કરે જેથી રાજવીઓ એવા બંધારણીય સુધારા કરે કે તેમાંથી ટૂંક સમયમાં જવાબદાર સરકાર પ્રાપ્ત થાય. પ્રાન્તોની પ્રજાના પ્રતિનિધિઓને બેજવાબદાર રાજવીઓના નીમેલા પ્રતિનિધિઓ સાથે બેસવું પડે તેવું કોઈ પણ સમૂહતંત્ર હિંદુસ્તાનના હિતમાં જ કહેવાય. પ્રજાને સત્તા સોંપવામાં રાજવીઓએ પણ તાજને અનુસરવું પડશે એવા મિ. ગાંધીના દાવા સામે કોઈ જવાબ જ નથી.'

ગાંધીજી પોતાના નમી ચૂકેલા ખભા પર આટઆટલી જવાબદારીઓનો બોજ શી રીતે ઊઠાવે છે અને દરેક વસ્તુ આટલી સંપૂર્ણતાથી શી રીતે કરે છે. તે વિષે કોઇને પણ આશ્ચર્ય થયા વિના ન રહે. માણસો અને કામોને હાથ ધરવામાં ગાંધીજી પાસે પોતાનો જ કસબ છે. કોઈ દેશી રાજ્યની પ્રજાને માર્ગદર્શન આપવાનું હોય તો તેઓ તેના એક પ્રતિનિધિને સેવાગ્રામ ખાતે પોતાના નિવાસસ્થાને બોલાવશે. આ રીતે એક હાથે એક આખી પ્રજાની અને પોતાની વચ્ચે અભંગ ગાંઠ બંધાય છે અને બીજા હાથે લડતની પ્રત્યક્ષ ધરતી પર અહિંસાનો સંદેશો પહોંચાડાય છે.

જાહેર પ્રજા રાજસ્થાનો અંગેનાં ગાંધીજીનાં કેવળ લખાણો વાંચે છે. રાજસ્થાની પ્રજાઓ માટેનું તેમનું ઘણુંખરું કાર્ય ખાનગીમાં મિત્રતાભર્યા પત્રવ્યવહાર દ્વારા કે વાટાઘાટો દ્વારા ચાલે છે. લડત આપવા ઉત્સુક બનેલી પ્રજાને તેઓ મર્યાદશીલતા રાખવાની સલાહ આપતા હોય અને તેને વારી રહ્યા હોય પરંતુ તેનો અર્થ એવો ન થાય કે તેઓ શાંત બેસી રહેતા. તેઓ પોતાના પક્ષની લડતમાં રહેલા અંતર્ગત નૈતિક ન્યાય વડે અને પ્રજાની અહિંસક તાકાત વડે નિસ્બત ધરાવતા રાજ્ય સાથે બાથ ભીડતા. રાજ્ય જો તેમની નૈતિક સમજૂતીને તાબે ન થતું તો પછી તેઓ, પ્રજાનું હિત સધાય તેમ હોય તો, 'હરિજન'ની કટારોમાં ઝુંબેશ ઉપાડી લેતા–તેઓ હંમેશાં રાજવીઓની તરફેણનો

એકાદ મુદ્દો રજૂ કરતા. પ્રજાએ વહીવટ સામે આક્ષેપો કર્યા હોય તો ગાંધીજી બારીકાઇથી જોઇ જતા અને ઘણી વાર બીજું ડગલું ભરતાં પહેલાં રાજવીઓનું દૃષ્ટિબિંદુ જાણવા એ આક્ષેપોને રાજ્યના સત્તાધારીઓની જાણ પર લાવતા. કેટલાક મહત્ત્વના પ્રસંગોએ પરિસ્થિતિની માગણી અનુસાર તેઓ પોતાના જ વિશ્વાસુ પ્રતિનિધિને રાજ્યમાં મોકલતા.

રાજસ્થાની પ્રજાઓના ધ્યેય સાથેની ગાંધીજીની એકરૂપતા સંપૂર્ણ બની ચૂકેલી છે. ગાંધીજીને ગમે તે સમાધાનમાં ભાગ ભજવવાનો હોય પરંતુ પ્રજાને ખાતરી રહેતી કે તેનું હિત સલામત રહેશે. તાજેતરમાં જ ગાંધીજી પંચગનીમાં સાજા થઇ રહ્યા હતા ત્યારે મડાગાંઠના ઉકેલની પોતાની નવી દરખાસ્તો સમજાવતાં તા. ૧૩ મી જુલાઈ ૧૯૪૪ ના રોજ તેમણે પત્રકારોને કહ્યું હતું, કે ‘ મારા વલણમાં એક પાયારૂપ તત્ત્વ એ છે કે બ્રિટિશ હિંદની પ્રજાના સ્વાતંત્ર્ય ખાતર રાજસ્થાની પ્રજાના અધિકારોના વેચાણમાં હું ભાગીદાર નહિ થાઉં. તે સાથે હું રાજવીઓનો પણ દુશ્મન નથી. હું મને તેમનો મિત્ર ગણું છું અને જો કોઈને સમજવાની દરકાર હોય તો તેમને માટે તેમજ પ્રજા માટે માનભર્યો ઉકેલ સૂચવવા હું તૈયાર છું.’ બે દિવસ પછી ક્રિપ્સ યોજનાનો ઉલ્લેખ કરતાં તેમણે કહેલું કે ‘ હિંદનાં દેશી રાજ્યોને એ યોજનામાં સર્વત્ર વિસ્તરતાં ભાગલા પાડનારાં તત્ત્વો તરીકે રજૂ કરેલાં હોઇને મારા મતે તેનો અર્થ હિંદનો અંગેવિચ્છેદ હતો.’

નૂતન વિશ્વવ્યવસ્થા આવવાની જ છે, અને દેશી રાજ્યો ફેરફારોમાંથી છટકી શકનાર નથી. આપણે આશા રાખીએ કે ગાંધીજીએ ‘ સમયનાં ચિહ્નો પારખી લેવાની ’ રાજવીઓને કરેલી હૃદયપૂર્વકની અપીલ વ્યર્થ નહિ નિવડે.



ગાંધીજી સમાજવાદી?

લેખક : મીનુ મસાણી

"હું પણ સમાજવાદી હોવાનો દાવો કરું છું." એક સમે ગાંધીજીએ એવું કહ્યું હતું. એમને વિશેના નિરતિશય આદરભાવને કારણે એ દાવાનો શાબ્દિક વિરોધ તો થઇ શકે એમ નહોતો, એટલે સાંભળીને હું મૂંગો રહેલો. પણ રખેને મૌન સંમતિમાં ખપે એ બીકે શંકાનું એક સ્મિત કરીને મેં સંતોષ ધરેલો. આ બન્યું આજથી બરાબર એક દશકા પહેલાં, એટલે કે ૧૯૩૪ના મે મહિનામાં. પટણા ખાતે મહાસમિતિની સભા મળી તે પછી ઓરિસામાં ગાંધીજીએ જે પગપાળો પ્રવાસ કર્યો તેમાં પોતાની સાથે થવાનું આમંત્રણ આપવાની તેમણે મારા ઉપર કૃપા કરી હતી. મેં પણ એ તક ઉત્સાહથી ઝડપી લીધેલી. એ પ્રસંગે સમાજવાદ વિશેની લાંબી ચાલેલી અમારી ચર્ચાઓને અંતે હું ગૂંચવાડામાં પડી ગયો હતો અને ગાંધીજી ખરેખર શું માનતા હતા તે મારે મન સ્પષ્ટ થતું જ નહોતું. ક્યારેક એવું લાગતું કે હાશ, આખરે હવે સમજાવા માંડયું તો છે, પણ થોડીક પળો વીતે ને એમના જ મુખમાંથી ટપકતા શબ્દો એ આશાનો ભાંગીને ભૂકો કરતા. એથી તો ઊલટું એવી લાગણી થતી કે ગાંધીજી સાથે મેળ ખવડાવવો મુશ્કેલ છે; એમના ને આપણા વિચારોમાં જોજનોનાં અંતર છે. આખો વખત એમ જ લાગ્યા કરતું કે આપણી માફક ગાંધીજી એક જ મુદ્દાને કે ચર્ચાની અમુક જ ભૂમિકાને વળગી રહેતા નથી. આમ છતાં એમની સાથેની એ ચર્ચાઓ તે મારે સારુ એક ધન્ય ને વિરલ પ્રસંગ હતો. અને ૧૯૪૪ના મે મહિનામાં જૂહુમાં જ્યારે એમણે મને એ પ્રસંગ સંભારી આપ્યો ને જણાવ્યું કે પોતે એ ભૂલી ગયા નથી, ત્યારે મને અપાર આનંદ થયો હતો.

આજે હવે પોતાનો સમાજવાદી હોવાનો દાવો મારી આગળ એ રજૂ કરે તો મારા મનમાં કેવો પ્રતિભાવ જાગે? આ એક જટિલ પ્રશ્ન છે—લોકોની ઉપર આ કે તે વાદ કે સંપ્રદાયની ચિઠ્ઠીઓ ચોંટાડવાનો સ્તો! અને ગાંધીજી સરખા જટિલ પુરુષની બાબતમાં તો એ સવિશેષ જટિલ છે. એમને જટિલ કહેવા એ પણ કદાચ એમનું ઉચિત વર્ણન નથી. લુઈ ફિશરે યથાર્થ રીતે કહ્યું છે તેમ, "કોઇ સુભગ શિલ્પકૃતિની જેમ એ તો અખંડ એક જ પદાર્થમાંથી કંડારાયા છે." એમની બાબતમાં મુશ્કેલી એ છે કે જુદા જુદા વાદો, અને પશ્ચિમના રાજકારણે જુદા જુદા લોકોને ઓળખાવવા આજકાલ જે જુદાં જુદાં ખાનાં કર્યાં છે તે સર્વને વીંધીને ગાંધીજી આરપાર નીકળી જાય છે. એ સર્વને સ્પર્શવા કે આવરવા છતાં પોતે એનાથી પર છે.

વળી ગાંધીજીને સમાજવાદી કહેવા કે નહિ એ નક્કી કરતાં પહેલાં સમાજવાદ શું છે એ પણ નક્કી કરવું પડે તેમ છે. સમાજવાદ શું છે એ સવાલના ઉત્તરો નિરનિરાળા જ

મળવાના, અને એમાં ઝાઝું મળતાપણું પણ નહિ હોવાનું. સમાજના પીડિત ને દલિત વર્ગો પ્રત્યેનો સમભાવ તેમજ એમને પડખે ઊભા રહેવાની પ્રવૃત્તિ—એને સમાજવાદ કહી શકાશે? તો ગાંધીજી નિઃસંશય સમાજવાદી છે. સામાજિક ન્યાય માટેનો એ ઉત્કટ ભાવ છે? તો ગાંધીજીના દાવાને કોઈથી નકારાય તેમ નથી. માનવીના વ્યક્તિત્વનો અનિરુદ્ધ વિકાસ સાધે તેવો એ આર્થિક ઉપાય છે? તો તો એ ધર્મયુદ્ધમાં ગાંધીજીનું સ્થાન સુનિશ્ચિત છે. સમાજવાદ તે શું કોઈ પણ પ્રકારના અન્યાય કે શોષણથી મુક્ત એવો શાંતિમય આંતરરાષ્ટ્રીય સમાજ છે? તો પછી ગાંધીજી જેવો ચુસ્ત સમાજવાદી બીજો કયો જડવાનો છે? પણ ખાનગી મિલકતનો નાશ એ જ જો સમાજવાદનું સારસર્વસ્વ હોય, અથવા તો ઉત્પાદન, વિભાજન અને વિનિમયનાં સાધનોનું રાષ્ટ્રીયકરણ એ જ જો એનું પ્રાણરૂપ તત્ત્વ હોય, તો ગાંધીજીએ એને છેડા ફાડી આપ્યા છે.

આ સર્વ સમાજવાદના જ નાનામોટા અંશો હોવાથી અને સમાજવાદીએ સમાજવાદીએ એ અંશોનું પ્રમાણ ફરતું રહેતું હોવાથી આપણા આ પ્રશ્નનો એકસરખો જવાબ ન આવે એ દેખીતું છે.

"શાસ્ત્રશુદ્ધ" સમાજવાદીઓના બખાળાને લક્ષમાં ન લઈએ તો મૂડીવાદ સામેનો ગાંધીજીનો વિરોધ અસંદિગ્ધ છે. ગાંધીજીએ મૂડીવાદને જ્યારે હોય ત્યારે ઉતારી પાડ્યો છે. હિંદના સ્વાતંત્ર્યયુદ્ધને પણ એમણે ઓળખાવ્યું છે તે મુખ્યત્વે બ્રિટિશ અને હિંદી બેઉ પ્રકારનાં સ્થાપિત હિતોને નાબૂદ કરવાના પ્રયત્ન તરીકે જ. "સંપત્તિ સામે મારે વાંધો નથી. હું તો સંપત્તિવાદ સામે લડી રહ્યો છું." ૧૯૨૬ના ઑકટોબરની ૭ મીએ એમણે "યંગ ઇન્ડિયા"માં એ પ્રમાણે લખ્યું હતું. ૧૯૩૯ના ડિસેમ્બરની ૧૬ મીએ "હરિજન"માં એમણે એ જ વાતનું પુનરુચ્ચારણ કર્યું હતું: "ખૂબ આગળ વધેલો સમાજવાદી કે પછી સામ્યવાદી, જેટલો મૂડીવાદનો અંત આણવા માગે છે તેટલો તો હું પણ આણવા માગું છું. પણ અમારી રીતો જુદી છે, અમારી ભાષા જુદી છે."

પણ મૂડીવાદી વ્યવસ્થાનો અંત આણવાની ઇચ્છા સેવવી એટલું જ સમાજવાદી થવાને પર્યાપ્ત નથી. મૂડીવાદનો અંત આણ્યા પછી એને ઠેકાણે કઈ નવી વ્યવસ્થા મૂકશો તેના ઉપરથી સમાજવાદીપણું નક્કી કરવાનું હોય છે. એમ તો ફાસિસ્ટો પણ મૂડીવાદનો નાશ તાકે છે. ગાંધીજી જે નવી વ્યવસ્થા ઉપજાવવા માગે છે તે, ને સમાજવાદીઓએ કલ્પેલી વ્યવસ્થા તે એક ને એક જ છે? જોકે અહીં સાધ્ય અને સાધન એકમેકમાં ગૂંચવાઈ ગયાં છે ને એમને છૂટાં કરી શકાય તેમ પણ નથી; તેમ છતાં આપણે પહેલાં સમાજવાદીઓ અને ગાંધીજીનાં સાધ્ય અને પછી તેમનાં સાધનોની તુલના કરશું તો કદાચ આ પ્રશ્નોનો જવાબ મેળવવો સુગમ થઈ પડશે.

સમાજવાદી વ્યવસ્થાને એક જ વાક્યમાં વ્યાખ્યાબદ્ધ કરવી હોય તો એમ કહી શકાય કે એ "સ્વતંત્ર અને સમાન" વ્યક્તિઓનો એવો સમાજ છે, જેમાંથી રાજસત્તા (એટલે કે લશ્કર અને પોલીસ) "ખરી પડી" હોય, અને જેમાં "દરેકની પાસેથી

એના ગજા પ્રમાણે કામ લેવું અને દરેકને એની જરૂરત પૂરતું આપવું" એ સિદ્ધાન્ત પર નિર્ભર એવી આર્થિક પદ્ધતિ અમલમાં આવી હોય. હવે આવો સમાજ જ્યારે એની આસપાસ બીજા મૂડીવાદી સમાજોથી ઘેરાયેલો હોય ત્યારે લાંબો વખત નભી શકે નહિ એટલે, અને વળી "શ્રમજીવીઓને પિતૃભૂમિ હોય નહિ" એ સમાજવાદનું સૂત્ર છે એટલે, સમાજવાદીઓની કલ્પના પ્રમાણેની નવી વ્યવસ્થા સ્વાતંત્ર્યભાવી અને સમાનતાભાવી જ નહિ કિન્તુ આન્તરરાષ્ટ્રીય પણ હોય જ. સઘળા સમાજવાદીઓનો, ફેબિયનોનો તેમજ માર્ક્સવાદીઓનો, જેમ રૉબર્ટ ઓવેન અને બર્નાર્ડ શૉનો તે જ રીતે માર્ક્સ અને લેનિનનો પણ આ જ આદર્શ છે.

ગાંધીજીએ પણ આદર્શ સમાજ વિશેનાં સ્વપ્નાં સેવી રાખ્યાં છે. ૧૯૩૯ના સપ્ટેમ્બરની ૧૫મીએ મહાસમિતિને ઉદ્દેશીને એમણે કહ્યું હતું: "ક્યારેક માણસ એનાં દિવાસ્વપ્નોની સૃષ્ટિમાં વસતો હોય છે. મારે પણ એવી સૃષ્ટિ છે. ખરેખર સારાં—ન છૂટકે સારાં હોવાનો ડોળ ઘાલનારાં નહિ—મનુષ્યોથી ઊભરાતી એ સૃષ્ટિ મારી નજર સમક્ષ તરવરે છે. સમાજવાદીની ભાષામાં કહું તો સમાજની નવી ઇમારત ચણાશે, નવી વ્યવસ્થા આવશે. હું પણ આખી દુનિયાને ચકિત કરી મૂકે તેવી નવી વ્યવસ્થા અવતારવાનાં સ્વપ્નાં સેવી રહ્યો છું."

ગાંધીજીનું આ સ્વપ્ન તે શું છે? હું માનું છું કે એમના મનમાં જે કલ્પના છે તેનો તાગ લેતાં લેનિને કલ્પેલો "સ્વતંત્ર અને સમાન" વ્યક્તિઓનો સમાજ એનો સારામાં સારો ખ્યાલ આપી રહેશે. ચુસ્ત વ્યક્તિવાદી અને સ્વતંત્રતાના હિમાયતી હોઈને ગાંધીજી પ્રત્યેક વ્યક્તિની એના પોતાના અંતઃકરણની અધીનતામાં માનનારા છે, પછી ભલે એમ કરતાં રાજસત્તાના હુકમોનું ઉલ્લંઘન થતું હોય. ગાંધીજીની આ માન્યતા સ્વૈરવાદીઓની માન્યતાને ઘણે અંશે મળતી આવે છે.

સમાનતા એમને સ્વતંત્રતા જેટલી જ પ્યારી છે. ૧૯૨૭ના માર્ચની ૧૭મી તારીખે "યંગ ઈન્ડિયા"માં એમણે લખેલું: "ઉત્પન્નની સમાન વહેંચણી એ મારો આદર્શ છે." એ જ પ્રમાણે રચનાત્મક કાર્યક્રમને અંગે એમણે લખેલું: "આ કાર્યક્રમનું મંડાણ જો આર્થિક સમાનતાના સંગીન પાયા પર નહિ થાય, તો એ રેતીમાં બાંધેલી મહેલાત જેવો નીવડશે."

લોકશાસિત અને સમાનતાવાળી સમાજનું નિર્માણ કરવાની બાબતમાં ગાંધીજી જો સમાજવાદીઓ સાથે એકમત છે, તો પછી એમના જેવા શાન્તિવાદી આન્તરરાષ્ટ્રીય વ્યવસ્થામાં આડે આવશે એમ માનવાને કંઈ જ કારણ નથી.

એટલે સાધ્ય અથવા હેતુઓ અને ઉદ્દેશો પૂરતો ગાંધીજી અને સમાજવાદીઓ વચ્ચે કોઈ મહત્ત્વનો વિરોધ શોધી કાઢવો મુશ્કેલ થઈ પડશે. પણ એનો અર્થ એવો નથી કે પશ્ચિમના સમાજવાદીઓએ નિશ્ચિત કરેલી ભાવનાને ગાંધીજીએ અપનાવી લીધી છે. એમ છે જ નહિ. સાવ મૌલિક રીતે, પોતાની જ તર્કસરણીથી ગાંધીજી આ નિર્ણય પર આવ્યા

છે. સમાજવાદી સાહિત્યથી ગાંધીજી રજમાત્ર પ્રભાવિત થયા નથી એમ કહેવું અત્રે અસ્થાને નહિ જ લેખાય. આ વિષયમાં છેલ્લામાં છેલ્લું એમણે જો કંઈ પણ વાંચ્યું હોય તો તે માર્કસનું "કૅપિટલ" હતું. આગાખાનના મહેલમાં એ એમણે વાંચેલું. ત્યારે ધીરજપૂર્વક એ વાંચી રહ્યા પછી એમણે એવી ટીકા કર્યાનું સાંભળ્યું છે, કે "આના કરતાં તો મેં સારું લખ્યું હોત, અલબત્ત આટલો બધો અભ્યાસ કરવાની ફુરસદ મને મળે તો જ તો." એટલે ગાંધીજી સમાજવાદી ધ્યેયને સ્વીકારે છે એમ કહેવા કરતાં એમના ધ્યેયની ભૌતિક સીમાઓમાં સમાજવાદી સમાજ રચનાનો સમાવેશ થઈ જાય છે એમ કહેવું તે વધારે વાસ્તવિક છે.

બેઉના સામાન્ય હેતુને સિદ્ધ કરવાની પદ્ધતિનો હવે વિચાર કરવા લાગીશું તો સમજાશે કે હેતુની માફક પદ્ધતિની વાત સ્પષ્ટ નથી. મૂંઝવણમાં નાખે તેવી એક બાબત તો એ છે કે ખુદ સમાજવાદીઓમાં જ પોતાની પદ્ધતિઓ વિશે આપસઆપસમાં એકરાગ નથી. જ્યાં જ્યાં રાજકીય લોકશાસનનું ચલણ છે ત્યાં ત્યાં સમાજવાદીઓએ મોટે ભાગે ટ્રેડ યુનિયનો અને ધારાસભાના પક્ષની રચના દ્વારા વર્ગવિગ્રહ ઊભો કરી, બહુમતી કેળવીને મૂડીવાદમાંથી સમાજવાદમાં ચાલ્યા જવામાં કૃતાર્થતા માની છે. "ધીમે ધીમે સુધારાનો સાર" એ નિયમનાં અકળાવી નાખે એવાં બંધનોનો એમણે સ્વીકાર કરી લીધો છે. સત્તા હસ્તગત કર્યા પછી પણ તેમને તો ગણીગણીને જ ડગલાં ભરવાં છે ને એમ કકડેકકડે આગળ વધવું છે; અર્થાત્ જે લોકોની મિલકત પડાવી લઈને રાજ્યની માલિકીની બનાવી હોય તેમને વળતર પણ ભરપાઈ કરી આપવું છે. આમ ક્રમે ક્રમે ખાનગી મિલકતનો વધુ ને વધુ લોપ થતો રહેવાથી જુદા જુદા વર્ગો વચ્ચેની અસમાનતાઓ ઓસરતી જશે અને સમાનતાભાવી સમાજ રચાઈ રહેશે એમ એમને આશા છે.

લેનિનના નેતૃત્વ હેઠળ સામ્યવાદીઓએ વિકલ્પે એક જુદી કાર્યપદ્ધતિ ઉપજાવી હતી. જુદા જુદા સામ્યવાદી પક્ષોની દશા રશિયાના પરદેશખાતાના પૂંછડાં જેવી થઈ ગઈ હોવાથી આ પદ્ધતિને અત્યારે તો ટ્રોટ્સ્કીના અનુયાયીઓ જ વળગી રહ્યા છે. આ વિકલ્પ એમ સૂચવે છે, કે વર્ગવિગ્રહને એવો તીવ્ર બનાવી મૂકવો કે એમાંથી પ્રચંડ હિંસક ક્રાન્તિ ફાટી નીકળે. એ સમયે સામ્યવાદી પક્ષ સત્તા હસ્તગત કરી લે અને શ્રમજીવીઓ વતી સરમુખત્યારી સ્થાપે. સઘળા મૂડીદાર વર્ગોને બીજા રાજકીય પક્ષોને પછી ઉખેડી નાખવામાં આવે અને એ રીતે કુલ સત્તા અને સંપત્તિ રાજ્યમાં સંક્રાન્ત થાય. આ રીતે વર્ગહીન સમાજનો ઉદ્ભવ થાય એટલે સરમુખત્યારીનો હેતુ સિદ્ધ થયેલો હોઈને એ વિગલિત બને અને પ્રજાને એની મુક્તિ બક્ષવામાં આવે. રાજસત્તા પછી આપોઆપ "ખરી પડે" અને "સ્વતંત્ર અને સમાન" વ્યક્તિઓનો બનેલો સમાજ એમાંથી ઊપસી આવે.

આટલા પરથી સમજાશે કે આ બંને પ્રવૃત્તિઓમાં આટલું સામાન્ય છે: વર્ગવિગ્રહને પ્રચંડ બનાવવો, ઉત્પાદન, વિભાજન અને વિનિમયનાં સાધનોમાં રહેલું ખાનગી મિલકતની પ્રથાનું તત્ત્વ નાબૂદ કરવું ને એ સર્વનું રાષ્ટ્રીયકરણ કરવું અર્થાત્ રાજસત્તાને હસ્તક એ બધું સુપરત કરવું.

એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં થનારા સંક્રમણની આ પ્રક્રિયામાં એવી કેટલીક બાબતો આવે છે જેને કારણે ગાંધીજી સમાજવાદ કે સામ્યવાદ કે પછી બંને વાદને રામ રામ કરવાનું પસંદ કરે. મને લાગ્યું છે તે પ્રમાણે અહિંસા વિશેનો ગાંધીજીનો જે તીવ્ર આગ્રહ છે તેમાંથી જ એમના મતભેદો ફૂટી નીકળે છે અને એ મતભેદો ડગલે ડગલે, સમાજવાદી સત્તા સ્થપાય તે પહેલાં અને સ્થપાયા પછી પણ વર્તાય એવા છે.

માર્કસે ગાઇવગાડીને જે એમ કહ્યું છે કે સઘળા ઈતિહાસો તે વર્ગવિગ્રહના જ ઇતિહાસો છે તે જો ડાર્વિનના વિકાસવાદનો રાજપ્રકરણી મથિતાર્થ છે તો જનસમાજ વિશેની ગાંધીજીની માન્યતા પ્રિન્સ પિટર ક્રોપોટકિનનો સિદ્ધાન્ત કે અન્યોન્યાશ્રય એ જ પ્રકૃતિનો મહાનિયમ છે તેના ઉપર મંડાઈ છે. વર્ગવર્ગનાં હિતો વચ્ચે સંઘર્ષ મચે એ સંભવનો ગાંધીજી ઇનકાર નથી કરતા પરંતુ સર્વસમાન હિતો અને પરસ્પરાવલંબનની આવશ્યકતા ઉપર એ ભાર મૂકી બતાવે છે. શોષણનો વિરોધ કરવા માટે અકિંચનોની સામુદાયિક સ્વાર્થવૃત્તિને એ સતેજ નહિ કરે પરંતુ શ્રીમંત અને દરિદ્ર બન્ને વર્ગોની સામાજિક ન્યાય અને સંગઠનની ભાવનાને સતેજ કરશે. The end of economic man નામના પુસ્તકમાં પિટર ડ્રૂકરે જે કહ્યું છે તે ગાંધીજીએ તો ક્યારનું ય સમજી મૂકેલું: છેક ૧૯૨૦ના મેની ૧૨મીએ "યંગ ઇન્ડિયા"માં એમણે લખેલું કે:

"એક વાત મેં પાકી સમજી લીધી છે કે જે વસ્તુ પ્રજાને અતિ મહત્ત્વની હોય તે તાર્કિક દલીલો કરવાથી આવી મળતી નથી; એને માટે તો પ્રજાને કષ્ટ સહન કરવું પડે છે. મેં જેટલી અરજીઓ ઘડી છે ને અરણ્યરુદન કર્યાં છે, તેટલું કદાચ બીજા કોઇએ નહિ કર્યું હોય; ને અંતે હું આ નિશ્ચય પર આવ્યો છું કે તમારે ખરેખર અગત્યનું એવું કંઇક પ્રાપ્ત કરવું હોય તો માત્ર બુદ્ધિને સંતોષ્યે કંઇ નહિ વળે; તમને હૃદય હલાવતાં આવડવું જોઈએ. તાર્કિક દલીલો બુદ્ધિને સ્પર્શીને રહી જાય છે, જ્યારે હૃદય તો યાતના સહન કરવાથી જ ભેદાય છે. તિતિક્ષા માણસના આંતરમનનાં બારણાં ખોલી નાખે છે."

અહિંસાનું પાલન કરવાથી શ્રમજીવીઓનાં હિતોને ધોકો પહોંચશે એમ માર્કસવાદીઓએ ભલે ધારી લીધું હોય પણ હજી સુધી તો એવું બન્યું નથી. War Without Violence નામના પોતાના પુસ્તકમાં કૃષ્ણલાલ શ્રીધરાણી એનું રહસ્ય સમજાવે છે:

"અમદાવાદની મજૂર હડતાળમાં અહિંસક લડતને જે સફળતા મળી તેથી પ્રતીત થયું કે વર્ગવિગ્રહના ક્ષેત્રમાં પણ ગાંધીજીની ભાવના કાર્યસાધક નીવડે એમ છે. સુખવાસી મધ્યમવર્ગનો સ્વભાવપલટો શક્ય જ નથી એવી લેનિનની માન્યતાની યોગ્યતા વિશે શંકા કરવાનું કારણ એ લડતમાં અહિંસાને વરેલા વિજયથી મળી રહે છે. પણ વિજય કરતાં ય વધારે મહત્ત્વનો તો એમાંથી જે વિચાર ફલિત થઈ રહે છે તે છે. એ લડતે સ્પષ્ટ કરી આપ્યું કે શ્રમજીવીઓ (કે પછી પોતાના વિરોધી કરતાં ઊતરતું બળ ધરાવનાર કોઈ પણ સમૂહ) હિંસા ધારણ કરે તેના કરતાં અહિંસાથી એમની લડતમાં વધુ બરકત આવશે.


"આ જ વાત શબ્દફેરે કહીએ તો, જેટલે અંશે સત્યાગ્રહ દ્વારા શ્રમજીવીઓ પોતાનો હેતુ સિદ્ધ કરી શકશે તેટલે અંશે સશસ્ત્ર બંડ ઉઠાવવાથી એ નહિ કરી શકે. એનું કારણ તો એ કે, વાત જયારે પશુબળ વાપરવા સુધી વીફરે ત્યારે બધું જ મૂડીદારો અથવા સ્થાપિત હિત ધરાવનારને પક્ષે જઈને ભળે છે. એક વાર કામદારો સાથે બાથ ભિડાવવાનું બહાનું મળે એટલે પત્યું. પછી તો એમનો હત્યાકાંડ માઝા મૂકીને મજૂર આંદોલન અને કેટલાય મજૂરોને સાફ કરી નાખવાનો. પણ આ સર્વથી વિશેષ તો જે વિચારસરણી લોહી રેડાવે છે તે પરિણામે જનસમુદાયમાં ત્રાસ ફેલાવે છે તેના કરતાં અહિંસાત્મક લડાઈમાં શ્રમજીવીઓને સંગઠિત થવા માટે તેમજ વાટાઘાટો ચલાવવા માટે વિશેષ સમય મળી રહે છે તે છે."

શ્રીધરાણી આજે લખતા હોય તો કદાચ એમ પણ ઉમેરત કે ૧૯૪૨ ના ઑગસ્ટમાં ને તે પછીની રાજકીય પરિસ્થિતિમાં અમદાવાદ અને મુંબઈના મિલકામદારો જે રીતે વર્ત્યા તેની તુલના કરી જોયા પછી શ્રમજીવી વર્ગોમાં ક્રાન્તિ પ્રેરવા માટે ગાંધીવાદી શિક્ષણ કરતાં માર્કસવાદી શિક્ષણ ચડિયાતું છે એ વિધાન ઝટ ગળે ઊતરે તેવું લાગતું નથી.

સત્તા હાંસલ કરવાની ગાંધીવાદી પદ્ધતિ, એટલે કે, અહિંસક અસહકાર અને સવિનય પ્રતિકારની પદ્ધતિ, લોકશાસન જેમાં સમૂળગું નથી એવી પરિસ્થિતિમાંથી પ્રગટી છે. ગાંધીજીએ તો તેમ છતાં સ્પષ્ટ કહ્યું છે કે સ્વતંત્ર અને લોકશાસિત ભારતમાં પણ કોઈ પણ લઘુમતી યા વ્યક્તિને કોઈ પણ અન્યાયી ધારાનો વિરોધ કરવા સત્યાગ્રહનો આશ્રય લેવાનો અને એ રીતે ઇષ્ટ સામાજિક પરિવર્તન સાધવાનો અધિકાર રહેશે. અને એક પશુબળ વાપરવાનાં સાધનોનો એમનો વિરોધ અપવાદરૂપ ગણીએ તો, સાચે જ રાજસત્તા પ્રત્યેની વલણમાં ગાંધીજી સ્વૈરવાદીઓને ઘણા જ મળતા આવે છે.

પણ રૂઢ સમાજવાદથી ગાંધીવાદ પોતાનો પંથ નોખો તારવે છે તે તો જ્યાં સમાજવાદી શાસન સ્થાપવાની વાત આવે છે ત્યાં. પ્રો. એમ. એલ. દાંતવાલાએ Gandhism Reconsidered નામની પોતાની રહસ્યપૂર્ણ પુસ્તિકામાં ક્રાન્તિ પછીની પુનર્ઘટનાની પ્રક્રિયાનું વર્ણન આ પ્રમાણે કર્યું છે:

"જમીનદારો અને મૂડીદારોના તમામ શોષણપ્રકારો પ્રત્યેનો પોતાનો તીવ્ર અણગમો ગાંધીજીએ કદી છુપાવી રાખ્યો નથી. મૂડીદારોની નફટાઈથી ઊકળી ઊઠીને આપણે એમને જડમૂળથી ઉખેડી નાખવાનો ખ્યાલ કરીએ છીએ પણ અહિંસાની રીતે વિચારતાં એમ કરવામાં આપણે એક પગલું ચૂકી જઈએ છીએ. અન્યાય આચરનારનો નાશ કરીએ તે પહેલાં આપણે અન્યાયનો નાશ કરવાનો પુરુષાર્થ કરવો રહે છે. એટલે જ ગાંધીજી સંપત્તિવાનોને વીનવીવીનવીને, એમને સમજાવીને અને એમની સાથે ચર્ચા કરીને તેમને પોતાની સંપત્તિના સ્વેચ્છાએ ટ્રસ્ટી–રખવાળ બનવા પૂરતો નિગ્રહ રાખવાનું કહે છે. એમને સાચો રસ્તો બતાવો. તમારી યોજનામાં રહેલું ન્યાયનું તત્ત્વ તેમના ધ્યાન પર આણો. પોતાની રીત સુધારવાની એમને તક આપો. આ પ્રયોગ સફળ થશે





(Mr. Gandhi: "Another Round Table Conference is promised at the end of the war. Like its predecessor it is bound to fail.)

INDIAN ROPE TRICK



J. C. Hill in the Star] [Auckland, N.Z.



Low in the Evening Standard] [London

Exchange of condiments on Dandi seashore


WAIT FOR THE ROPE TRICK





Kladderadatsch] [Berlin

Gandhi



Reynolds in the Morning Post] [London

RECIPROCAL COURTESIES

(A Suggestion made at the time of the Round Table Conference)



Strube in the Daily Express] [London

The non-violent Mahatma

તો અનિષ્ટનો અંત આવશે, એટલું જ નહિ, આપણે એક મહત્ત્વનો નાગરિક પામીશું; અને આમ ભાવાત્મક રીતે ન કહેવું હોય તો એમ કહીએ કે આપણો એક દુશ્મન ઓછો થશે.

"એથી ઊલટું, લડતની જે પદ્ધતિ પ્રથમથી જ સામાની મિલકત પડાવી લેવાનું જાહેર કરે છે, તે જાણે સામે જઈને પ્રતિક્રાન્તિને સંગઠિત થઈને આવવાનું નોતરું આપી આવે છે. ક્રાન્તિના સઘળા પ્રયાસોમાંથી એક અનુભવ એ નીતરી રહે છે કે રાજસત્તાને ઉથલાવી પાડવા કરતાં અતિઘણો વિકટ પ્રશ્ન તો પ્રતિક્રાન્તિકારીઓની ભાંગફોડ અને અવરોધોને પહોંચી વળવાનો હોય છે. આના કરતાં તો અહિંસક ક્રાન્તિનું વાતાવરણ ક્યાંયે અનુકૂળ હોય છે. ક્રાન્તિ વડે જે સંપડાવ્યું હોય તે પાણીમાં જાય એટલી બધી હિંસાવૃત્તિ કે તિરસ્કારવૃત્તિ ઉશ્કેરાવાનો એમાં અવકાશ નથી. અહિંસક પદ્ધતિ અજમાવવાથી ક્રાન્તિ પછીની પુનર્ઘટનાનું કાર્ય ઘણું સરળ થઇ પડે છે. પછી એમાં નજરકેદીઓની છાવણીઓ ઊભી કરવાની કે રાજદ્રોહના મુકદ્દમા ચલાવવાની બહુ ઓછી જરૂર પડે છે. પરિવર્તનની આ પદ્ધતિને એક વાર ભલી ભાતે અજમાવી તો જુઓ! એમ પણ બને કે એ નિષ્ફળ જાય. પણ ત્યારે ય ગુમાવવાનું કશું નથી. ટ્રસ્ટીને એને સ્થાનેથી પછી ઉઠાડી મૂકવાનો રહેશે, કેમકે આપણી અહિંસાનો અર્થ એવો નથી કે અનિષ્ટને નભાવી લેવું.

"ગાંધીવાદી પદ્ધતિ અનુસાર આ ઉઠાડી મૂકવાનું પણ બને ત્યાં સુધી રાજસત્તાના શાસનથી નહિ પણ જે તે સમાજની અનુમતિથી જ અમલમાં આવે. પણ મૂડીદારને જ્યાં દેખે ત્યાં તાબડતોબ કચડી નાખવાની વિકલ્પરૂપ પદ્ધતિથી ધાર્યાં પરિણામ તુરતાતુરત આવે છે એવું કંઇ નથી. સોવિયેટ રશિયાના સમાજવાદી પ્રયોગે એ બરાબર દર્શાવી આપ્યું છે. ત્યાં છેક ૧૯૩૯ સુધી, એટલે કે, ક્રાન્તિ પછી બે દશકા લગી, ભાંગફોડ અને રાજદ્રોહની પજવણી રાજસત્તાને સતત નડી રહી હતી.

"સમાજની આ અનુમતિ વિરુદ્ધ રાજસત્તાના શાસનનો આખો યે પ્રશ્ન તપાસી લીધા પછી એમ કહી શકાય કે અનુમતિ વિશેની ગાંધીજીની તરફદારી અહિંસાત્મક પદ્ધતિના એમના આગ્રહમાંથી તાર્કિક રીતે જ ફલિત થઈ રહે છે. આ બાબતમાં ગાંધીજી સ્વૈરવાદીઓને મળતા આવે છે. સઘળી સુદૃઢ સત્તા વિશેનો અવિશ્વાસ એના મૂળમાં રહેલો છે. આની સામે હરહંમેશ જે આક્ષેપ ધરવામાં આવે છે કે એથી તાત્કાલિક અને આત્યંતિકનો ગૂંચવાડો ઊભો થાય છે; વળી રાજસત્તા ખરી પડે પણ તે ધીમેધીમે; અને આરંભથી જ રાજસત્તાના અધિકારોનો ઈનકાર કર્યે રાખવામાં બિલકુલ બેજવાબદાર એવી ફાંટાબાજી સિવાય બીજું કંઇ જ નથી—એની સામે ગાંધીજીને આટલું જ કહેવાનું છે કે અહિંસાત્મક ક્રાન્તિમાં સત્તા 'પડાવી' લેવાની હોતી જ નથી, સત્તા એની મેળે ધીમે ધીમે લોકોને આવી મળે છે; આથી જ વચગાળાની સરમુખત્યારીની એમાં જરા ય જરૂર રહેતી નથી; કેમકે ક્રાન્તિ છેલ્લે તબક્કે પહોંચે તેટલામાં તો સમાજ પોતાનાં ધારાધોરણોનો અમલ કરાવી શકે એટલું બળ અચૂક જમાવી બેઠો હોવાનો.

"અહિંસાની રીત નવી વ્યવસ્થા રૂપી ફળને વૃક્ષ ઉપર જ પાકવા દે છે; ફળ કાચું બાકી હોય ને જ ઉતારી લઇએ તો પછી એને રાજસત્તાના શાસનની કૃત્રિમ ગરમીથી પકવવું

પડે. નવું રૂપક પ્રયોજીએ તો અહિંસાત્મક પદ્ધતિમાં ઝૂડઝપટ કરવાનો શ્રમ લેવાની જરૂર પડતી નથી; લાગલું પુનર્ઘટનાનું કામ જ એમાં તો આરંભી દેવાનું રહે છે. હિંસક ક્રાન્તિ દ્વારા સત્તા 'પડાવી' લીધા પછી જે વિષમ પરિસ્થિતિમાં આપણે આવી પડીએ તે કરતાં અહિંસક ક્રાન્તિ પછીની અવસ્થા અવશ્ય ઘણી વધારે સારી હોવાની. એમાં સત્તા 'પડાવી' લીધી નહિ હોય એટલે ક્રાન્તિના ફળને પ્રતિક્રાન્તિકારોની કે પરરાજ્યોની દખલગીરીમાંથી 'સાચવવા'પણું પણ નહિ રહ્યું હોય. 'નહ્રટકાના અનિષ્ટ'નું એમાં શરણું નહિ લેવાયું હોય એટલે પાછળથી એના વિસર્જનની ઉપાધિ પણ નહિ રહી હોય."

જે દેશે મોટા પાયા પર ઉદ્યોગો સ્થાપ્યા હોય તેની સમગ્ર અર્થવ્યવસ્થામાં સમાજવાદનું તત્ત્વ દાખલ કરવાથી માનવજાતની આજની વિકાસાવસ્થા લક્ષમાં લેતાં ખરેખરું જોખમ એ રહેલું છે કે એમ કરવાથી જે ટોળકીનું ચલણ હશે તેના હાથમાં કુલ સત્તા ચાલી જશે ને પરિણામે એમાંથી "સ્વતંત્ર અને સમાન" વ્યક્તિઓનો સમાજ તો ક્યાં ય રહ્યો, પણ જર્મની કે રશિયામાં છે તે જાતનો સરમુખત્યારીવાળો સમૂહવાદ નીપજશે, ભલે પછી એને ફાસિઝમ કે વહીવટદારી રાજસત્તા કે એવું મનફાવતું નામ અપાય. ઉદ્યોગીકરણના સ્વરૂપ અને વિસ્તાર વિષેની ગાંધીજીની કલ્પના આથી જુદા પ્રકારની છે, ને આવા કોઇ પણ પ્રકારના જોખમને એમાં અવકાશ નથી. વહીવટદારી રાજસત્તાના જે અંધારા કૂવામાં પશ્ચિમનો સમાજવાદ ભૂસકો મારી બેઠો છે તેમાંથી ઊગરવાની વેતરણ ગાંધીવાદી પદ્ધતિમાં હશે કદાચ, તેમ છતાં ગાંધીજીને મન તો તે જ શાસન શ્રેષ્ઠ, જે ઓછામાં ઓછું શાસન કરે.

મોટાં કારખાનાં અને યંત્રોના ઉપયોગના ગાંધીજી વિરોધી છે એમ તેમને વિષે વારંવાર કહેવામાં આવે છે. પણ એમના અભિપ્રાયની એ વિકૃતિ છે એ તો આ વિષે ગાંધીજીએ જે કહ્યું છે તેમાંથી બેત્રણ અવતરણો આપીને પુરવાર થઈ શકે તેમ છે: "હું યંત્રોને નાબૂદ કરવા માગતો નથી પણ એને વશમાં રાખવા માગું છું....ઝૂંપડાંઓમાં રહેતાં કરોડો મનુષ્યોનો ભાર હળવો કરનારાં ને મજૂરી ઘટાડનારાં યંત્રોને હું આવકારું છું....ગામડાંના એકેએક ઘરમાં વીજળી પહોંચી જવાની હોય તો ગ્રામવાસીઓ વીજળીની મદદથી ઓજારો વાપરે તેમાં મને કશો વાંધો નથી...."

પણ આંખો મીંચીને જે યંત્રીકરણ થઈ રહ્યું છે તેની સામેના પોતાના વિરોધનો ખુલાસો ગાંધીજીએ કર્યો છે: "મૂઠીભર માણસોના હાથમાં ધન અને સત્તાની જમાવટ થાય એ જાતનાં યંત્રોના ઉપયોગને હું અન્યાય અને પાપ ગણું છું. આજે યંત્રોનો એ રીતે ઉપયોગ થઈ રહ્યો છે....હિંદનાં સાત લાખ ગામડાંમાં જે કરોડો જીવતા સાંચા વેરાયલા પડ્યા છે તેમને રખડતા કરીને એમને ઠેકાણે નિર્જીવ સાંચા મુકાવા ઘટતા નથી. સાંચાનો સદુપયોગ તો જ કર્યો કહેવાય, જો એથી માણસોની મહેનત ઊગરતી હોય ને કામ સહેલું થતું હોય. પણ આજે તો એ થોડાક ભાગ્યશાળીનાં ગજવાં ભરવાનું કામ કરે છે. જે કરોડો માણસોનો રોટલો યંત્રોએ ખૂંચવી લીધો છે તેમની પ્રત્યે તો ધ્યાન જ

અપાતું નથી. મારા દેશને જોઇતી સઘળી ચીજો ત્રણ કરોડને બદલે ત્રીશ હજાર માણસોની મહેનતથી પેદા કરી શકાતી હોય તો મને એમાં કશો જ વાંધો નથી. પણ પછી પેલા ત્રણ કરોડ બેકાર કે બેઠાડુ બની જવા ન જોઇએ."

કયો સમાજવાદી આ મંતવ્યો સામે તકરાર ઊઠાવવા માગતો હશે? તેમ છતાં બીજાં કેટલાંક સામાજિક અને અતિભૌતિક કારણોને લીધે પણ, માનવજાતની હાલની વિકાસાવસ્થામાં જ્યારે યંત્રોને અંકુશમાં રાખવાની મનુષ્યની શક્તિ મર્યાદિત છે ત્યારે યંત્રીકરણમાં રહેલું જોખમ ગાંધીજી સમજે છે. ૧૯૪૦ ના સપ્ટેમ્બરની ૨૯મીના 'હરિજન'માં તેમણે પોતે જ સમાજવાદ અને પોતાની વચ્ચેના મતભેદનું સૂચન કરેલું: "પંડિત જવાહરલાલને ઉદ્યોગીકરણનો આગ્રહ છે, કેમકે એ માને છે કે ઉદ્યોગો એક વાર સમાજની માલિકીના બન્યા એટલે મૂડીવાદનાં અનિષ્ટોમાંથી મુક્ત થઈ જવાશે. મારો પોતાનો મત એવો છે કે એ અનિષ્ટો તો ઉદ્યોગીકરણના હાડમાં જ રહેલાં છે ને ફાવે તેટલી સમાજની માલિકી ઉદ્યોગો પર સ્થપાય તો પણ એ દૂર થઇ શકે તેમ નથી."

કેન્દ્રિત અર્થવ્યવસ્થાના વિરોધમાં ગાંધીજીનો ઠીક ઠીક તાજો કહી શકાય તેવો મત A Week With Gandhi નામની લુઈ ફિશરની પુસ્તિકામાં નોંધાયેલી લેખક સાથેની ગાંધીજીની ચર્ચામાં પ્રગટ થતો જોઇએ છીએ.

"જુઓને," ગાંધીજીએ કહેવા માંડ્યું, "આજે સત્તાનું મધ્યબિન્દુ ન્યુ દિલ્હી છે અથવા કલકત્તા ને મુંબઈ છે, એટલે કે મોટાં શહેરો છે. મારે તો એ સત્તા હિંદનાં સાત લાખ ગામડાંને વહેંચી આપવી છે. એનો અર્થ એ કે સત્તા રહેશે જ નહિ. બીજી રીતે કહું તો જે સાત લાખ ડોલરની થાપણ આજે ઈંગ્લેંડની ઈમ્પીરિયલ બેંકમાં જમા પડી છે તે હું ઉઠાવી લેવા માગું છું ને સાત લાખ ગામડાંમાં વહેંચી દેવા માગું છું. એમ કરવાથી દરેક ગામને એનો એકેકો ડોલર મળી જશે જેમાં પછી ગુમાવવાપણું રહેશે જ નહિ.

"જો એ સાત લાખ ડોલર હિંદની ઇમ્પીરિયલ બેંકમાં જમા કરાવીએ," ગાંધીજીએ કહેવાનું ચાલુ રાખ્યું, "તો કો'ક દિવસ જાપાની વિમાનમાંથી પડેલો એક જ બોમ્બ એના ફનાફાતિયા કરી નાખે. પણ જો સાત લાખ ભાગદારોને એ રકમ વહેંચી આપી હોય તો પછી કોઈ એ મૂડી છીનવી લઇ શકે નહિ. તે પછી એ સાત લાખ એકમો સ્વેચ્છાએ સહકાર કરશે—સ્વેચ્છાએ હો, નાઝી રીતના દબાણથી નહિ. એવો સ્વેચ્છાયુક્ત સહકાર સાચી સ્વતંત્રતા અને નવી વ્યવસ્થા ઉપજાવશે, જે સોવિયેટ રશિયાવાળી નવી વ્યવસ્થા કરતાં જરૂર ચડિયાતી હશે."

"ઈંગ્લેંડની ઇમ્પીરિયલ બેન્કમાંથી ગામડાં કને પાછાં આવેલાં નાણાંનો એ કેવોક ઉપયોગ કરશે?" મેં પૂછ્યું.

"એક વાત બનશે," ગાંધીજીએ ભારપૂર્વક જણાવ્યું, "આજે નાણાં રોકનાર ભાગદારોને કંઇ જ વળતર મળતું નથી; દલાલો જ બધું મારી જાય છે. જો ખેડુતો તેમને મળેલાં નાણાંના સાચા માલિકો હશે તો એમને ઠીક લાગશે એ રીતે એનો ઉપયોગ કરશે."

"પણ ખેડૂત તો ધનને જમીનમાં દાટે છે," મેં જણાવ્યું.

"ના, ના, એ જમીનમાં કદી નહિ દાટે." ગાંધીજીએ વિરોધ કર્યો. "એને પણ જીવવું જોશે ને? એ લોકો બેંક આગળ, એમની પોતાની બેંક આગળ જશે અને બેંક સલાહ આપશે તે પ્રમાણે સારામાં સારાં કામ પાછળ નાણાં ખરચશે. એમ કરીને પછી તેઓ પવનચક્કી ચલાવે કે વીજળી પેદા કરે, અથવા મન ફાવે તે કરે. એક મધ્યસ્થ રાજતંત્ર એમાંથી પ્રગટશે, પણ એ પ્રજાની ઇચ્છા પ્રમાણે વહીવટ કરશે અને પ્રજાના સંકલ્પો ઉપર ટકી રહેશે."

હિન્દ જેવા ખેડૂતોના દેશમાં મિલકતનું ધોરણ જમીન જ ગણાય. એ કારણે જમીનની માલકી વિશેનું ગાંધીજીનું દૃષ્ટિબિન્દુ અતિ મહત્ત્વનું ગણવું ઘટે: "સાચો સમાજવાદ તો આપણા વડવાઓ આપણને વારસામાં આપતા ગયા છે. એમણે પઢાવેલું કે, 'સબી ભૂમિ ગોપાલકી' એમાં વાડ કરવાની વાત જ ક્યાં આવી છે જે? વાડ તો માણસે કરી છે એટલે માણસ કાઢી નાખી શકે એમ છે. 'ગોપાલ'નો અક્ષરાર્થ 'ગાયો ચારનાર' થાય છે. એનો અર્થ 'ભગવાન' પણ થાય છે. આજની ભાષામાં એનો અર્થ રાજસત્તા એટલે કે પ્રજા એવો થાય. આજે જમીન લોકોની માલકીની નથી એ તો સાવ સાચું છે. પણ એમાં વાંક વડવાઓના શિક્ષણનો નથી, વાંક આપણો છે; કેમકે એમના પઢાવ્યા પ્રમાણે આપણે જીવતા નથી....જો એ પ્રમાણે જીવીએ તો રશિયા સુધ્ધાં દુનિયાના કોઇ પણ દેશમાં રૂડી રીતે સમાજવાદ દાખલ કરી શકાય અને તે યે હિંસાનો ઉપયોગ કર્યા વિના."

જોકે પોતાની નવી વ્યવસ્થારૂપી ઈમારત, સમૃદ્ધ અને અધિકાંશે સ્વયંસંપૂર્ણ એવા ગ્રામસમાજોના પાયા પર ગાંધીજી ચણવા માગે છે, તેમ છતાં, ગ્રામોદ્યોગ અને ખેતીને ઉપયોગી એવાં સાંચા, ઓજારો, આધુનિક સાધનો, વીજળી, વાહનો આદિ પૂરાં પાડે તેવા મોટા પાયા પર નભતા ચાવીરૂપ ઉદ્યોગો અને સાર્વજનિક સુખાકારી સંસ્થાઓમાં શ્રમજીવીઓની ભાગીદારીની વાતને એ અવગણતા નથી. એ સર્વને એ સાર્વજનિક સંપત્તિમાં પલટી નાખવા માગે છે. "આ જાતનાં કારખાનાંનું રાષ્ટ્રીયકરણ થવું જોઇએ અથવા એમના પર રાજ્યનો અંકુશ હોવો જોઈએ એટલું કહેવા પૂરતો સમાજવાદી તો હું છું જ. એ કારખાનાં અત્યંત આકર્ષક અને આદર્શ ધોરણે ચાલતાં હોવાં જોઇએ. નફાને ખાતર નહિ પણ માનવજાતના કલ્યાણ ખાતર એ ચાલતાં હોવાં જોઇએ. એનું ચાલક બળ આજે જોકે લોભ છે પણ તે પ્રેમ હોવો જોઈએ. હું જે માગું છું તે તો શ્રમવ્યવસ્થાનું પરિવર્તન છે. પૈસાની આ ઘેલીતૂર હાયવરાળનો અંત આવવો જોઇએ અને શ્રમજીવીને નિર્વાહ પૂરતી રોજીની જ નહિ પણ કામની યે બાંહેધરી મળવી જોઇએ. વળી એ કામ ગધ્ધાવૈતરા જેવું ન જોઇએ. આવી પરિસ્થિતિ જો પેદા થાય તો સાંચો એના ચલાવનાર કારીગરને તો ખરો જ, પણ રાજસત્તા કે માણસ જે કોઈ એનો માલિક હશે તેને સુધ્ધાં ઉપકારક થઈ પડશે. આજની ધન માટેની ઘેલીતૂર દોડધામ એ રીતે શમી જશે અને હું કહી ચૂક્યો છું તેમ શ્રમજીવી પછી આકર્ષક અને આદર્શ

વાતાવરણમાં કામ કરશે....ચરાણની જમીનની માલકીના જેવી રાજસત્તા અથવા ગ્રામસમાજની માલકી પછી વીજળી મથકો પર સ્થપાશે."

પાયારૂપ અથવા ચાવીરૂપ ઉદ્યોગો અને સંસ્થાઓ તેમજ જમીન સમાજની માલકીનાં બનવાનાં અને બાકીની બાબતોમાં પેદાશનો એકમ (પેદાશ ખેતીવાડીની કે કારખાનાની જે હોય તે) નાનો ઉત્પાદક હોવાનો એટલે પછી સવાલ એ ઊભો થાય છે કે આ વ્યવસ્થામાં પેલા 'ટ્રસ્ટી'ને કેવુંક સ્થાન હશે. એમાં એવું અટકળી શકાશે કે ક્રાન્તિ પછી તરતના ગાળામાં જ ટ્રસ્ટી નભી શકવાનો, એટલે કે પ્રજા પોતે થઈને ક્રાન્તિના ફળરૂપ અધિકારોને સંભાળી ન લે અને એમનો અમલ કરવા ન લાગે ત્યાં સુધી જ એ નભવાનો. સામ્યવાદમાં પણ એમ જ કરવાનું છે ને? એમાં જે 'શ્રમજીવીઓની સરમુખત્યારી'નો મુદ્દો છે તે પક્ષનું ટ્રસ્ટીપણું નથી તો શું છે? પોતાને પ્રાપ્ત થયેલા અધિકારોનો છૂટથી અમલ કરી શકે તેવો વર્ગહીન સમાજ ઊપજી રહે ત્યાં સુધી જ એ સરમુખત્યારી અથવા ટ્રસ્ટીપણાનો આવરદા સામ્યવાદે મુકરર કર્યો છે.

સમાજવાદીઓ અને ગાંધીજી જ્યાં એકઠા મળે છે ને વિખૂટા પડે છે, તે આખી યે ભૂમિ આપણે ખૂંદી વળ્યા છીએ. આપણે જોયું કે બેઉનું અંતિમ લક્ષ્ય એકનું એક જ છે, છતાં મૂડીવાદ પછીની જે અવસ્થા, ગાંધીજી કલ્પે છે તે અહિંસા વિશેના એમના આગ્રહને કારણે મોટા ભાગના સમાજવાદીઓની કલ્પના અને સઘળા સામ્યવાદીઓના સિદ્ધાન્ત કરતાં જુદી રીતે રંગાયેલી છે. સામ્યવાદીઓ સાથે તો ગાંધીજી જરાય મળતા થતા નથી. સામ્યવાદીઓનું સ્વતઃસિદ્ધ સત્ય કે "સાધ્ય જ સાધનોને વાજબી ઠેરવે છે" તેને અને ગાંધીજીના સત્ય અને અહિંસાના સ્વીકારને ઊભા રહે બને તેમ નથી. ફર્ડિનાન્ડ લાસલે મોટો સમાજવાદી છે અને એણે પ્રાર્થેલું કે:

અમને પ્રયાણનો પંથ દાખવ્યા વિના લક્ષ્ય દાખવશો મા; કેમકે, આ જગતમાં સાધ્ય અને સાધનની એવી સેળભેળ થઈ ગઈ છે, કે એકને પલટવાથી બીજું પણ પલટાય છે. પ્રત્યેક ન્યારો પંથ ન્યારાં જ લક્ષ્યોની ઝાંખી કરાવે છે.

સમાજવાદીઓની પરંપરા પ્રમાણેનો પ્રેમ અને સ્વાતંત્ર્યનો પંથ છોડીને સરમુખત્યારી અને દ્વેષનો પંથ સામ્યવાદીઓએ ઝાલ્યો છે. પરિણામે એમનું લક્ષ્ય પણ બદલાયું છે. જે માર્ગે રશિયા ગયું છે ને હજી જઈ રહ્યું છે તે પરથી આટલું સમજાઈ રહેશે.

ગાંધીજી હવે વાજબી રીતે એમ કહી શકે કે "આવું જ થશે એમ હું તમને કહી શક્યો હોત." પણ એમણે એવું કહ્યું નથી. છતાં લુઈ ફિશર સાથેની વાતચીતમાં રશિયાના નવતર પ્રયોગના પરિણામને એમણે અસંદિગ્ધ રીતે નાપાસ જાહેર કર્યું છે. "કેટલાક એમ દલીલ કરે છે કે રશિયામાં નિષ્ઠુર હિંસા છે, પરંતુ તેનો ઉપયોગ નિર્ધન અને દલિત વર્ગના હિતમાં થઈ રહ્યો છે એ કારણે એ અવકારયોગ્ય છે. મને એમાં કંઈ જ સાર દેખાતો નથી."

બીજે પક્ષે સામ્યવાદીઓએ ગાંધીજીને હર વખત (ક્યારેકક્યારેક કટાક્ષયુક્ત જાહેરાતો એ કરે છે તે બાદ કરતાં) પોતાના વાદના કટ્ટરમાં કટ્ટર વિરોધી તરીકે જ પ્રમાણ્યા છે. હિંદના સામ્યવાદીઓ ગાંધીજીના હિંદી મૂડીવાદના દલાલ તરીકેની અને ક્રાન્તિને ધોકો પહોંચાડનાર તરીકેની બાલિશ ઓળખાણ આપે છે તે બાજુએ રાખીએ તો, ગાંધીજી સામે એમને જે મૂલગત વિરોધ છે તે કોસલરના Darkness at Noon માં નવી ઢબના સામ્યવાદી ઈવાનોવના મુખમાં સરસમાં સરસ રીતે મુકાયો છે: "ઇતિહાસમાં મોટામાં મોટા અપરાધીઓ તરીકે ઓળખાવાલાયક આદમીઓ તે નીરો કે ફોશની જાતના નહિ પરંતુ ગાંધી અને ટૉલ્સ્ટૉયની જાતના આદમીઓ છે. હિંદની સ્વાતંત્ર્ય-પ્રાપ્તિની આડે જેટલો ગાંધીજીનો અંતરનાદ આવ્યો છે તેટલી તો બ્રિટિશ બંદૂકો પણ નથી આવી. ત્રીશ રૂપરડી કાજે પોતાની જાત વેચવાના સોદામાં પ્રામાણિકતા છે, પણ પોતાના અંતઃકરણને જાત વેચી દેવી એ તો માનવજાતનો દ્રોહ કરવા બરાબર છે. સ્વરૂપતઃ ઇતિહાસ નીતિ–અનીતિ વિશે ઉદાસીન છે. એને અંતઃકરણ જેવું કશું છે જ નહિ. ઇતિહાસક્રમને ધર્મનાં સૂત્રો પ્રમાણે ચલાવવાનું કરવું એ તો 'જેમ ચાલે છે તેમ જ ચાલવા દો' એમ કહેવા બરાબર છે."

જેઓ સમાજવાદ એટલે માર્કસવાદ, નહિ વત્તો કે નહિ ઓછો, એવો અર્થ કરે છે, તેમને મન ગાંધીજીનું જગતને જે અર્પણ છે તે કાં તો 'પ્રત્યાઘાતી' છે અથવા તો મિથ્યા છે. પણ ઇતિહાસપ્રસિદ્ધ એવા જે સમર્થ નરોએ સામાજિક ન્યાય કાજેની લડતમાં ભાગ લીધો છે તેમના વિશાળ પુણ્યપ્રવાહમાં ગાંધીજીનું સ્થાન સુનિશ્ચિત છે. માર્ક્સની પહેલાં થઇ ગયેલા ને 'તરંગી' સમાજવાદીઓ તરીકે વખોડાતા સમાજવાદીઓને વટાવીને જેમ માર્ક્સ આગળ નીકળી ગયો છે, તેમ ગાંધીજી માર્ક્સને વટાવીને આગળ નીકળી ગયા છે એમ ખુશીથી કહી શકાય. પ્રો. દાંતવાલા લખે છે કે, "ઔદ્યોગિક ક્રાન્તિએ નિપજાવેલા યુગનો ફિરસ્તો જેમ માર્ક્સ છે, તેમ ફાસિઝમ અને સરમુખત્યારવાદે નિપજાવેલા યુગનો ફિરસ્તો ગાંધીજી છે. ઔદ્યોગિક હુન્નરવિજ્ઞાનમાં માર્ક્સે સ્વપ્ને પણ નહિ ધાર્યું હોય એવું જબ્બર પરિવર્તન થયું છે. નવો રોગ નવા ઇલાજો માગે છે. હુન્નરવિજ્ઞાનના હુમલા સામે સંપત્તિની સામાજિક માલકીનો ઇલાજ કામ લાગે તેવો નથી....માર્ક્સે ઓગણીસમી સદીના મૂડીવાદનો રોગ કાઢવાનો ઇલાજ બતાવ્યો હતો. પણ ગાંધીજીને વીસમી સદીના રોગને નજરે જોવાનો લાભ મળ્યો હોવાથી પાછળથી મૂડીવાદ વત્તા સરમુખત્યારવાદનો જે નવો રોગ ઊભળ્યો તેની નવી દવા તેમણે બતાવી છે."

સામાજિક મુક્તિને કાજે જે મહાન લડતો લડાવી હજી બાકી છે તેમાં ગાંધીજીના વિચારો કેવો ભાગ ભજવવાના છે તેનો અત્યારથી નિશ્ચિત તોલ કરવાના પ્રયત્નમાં વધારેપડતી ઉતાવળ થતી દેખાય છે. પહેલી વાત તો એ કે ગાંધીજીના વિચારો કે સમાજવાદ એ કંઇ જડ વસ્તુઓ નથી. પરિસ્થિતિ અનુસાર તેમાં પણ રૂપાન્તર અર્થાત્ વિકાસ થાય છે. મહાસભા સમાજવાદી પક્ષ વિષે ગાંધીજીએ મને લખ્યું હતું :

“ મહાસભામાં સમાજવાદી પક્ષનો ઉદય થયો છે તેને હું આવકારું છું. પણ એને અંગેના છાપેલા ચોપાનિયામાં જે જાતનો કાર્યક્રમ વર્ણવાયો છે તે મને ગમ્યો છે એમ હું ન કહી શકું. મને એમ લાગે છે કે એમાં દેશની જે સાચી પરિસ્થિતિ છે તે પ્રત્યે દુર્લક્ષ થયું છે. વળી એના કેટલાયે પ્રસ્તાવોના ગર્ભમાં જે એવો પૂર્વસ્વીકાર છે કે, ઉપલા વર્ગો અને આમપ્રજા અથવા મૂડીદારો અને શ્રમજીવીઓ વચ્ચે અવશ્યમેવ એવો તીવ્ર વિરોધ છે કે પરસ્પરનાં હિત માટે એ ભેળા મળીને કશું જ ન કરે, એ મને રુચતો આવતો નથી. ઘણાં વર્ષોનો મારો અનુભવ આથી ઊલટું જ કહે છે.”

૧૯૪૦માં, હિંદી રાષ્ટ્રીય મહાસભાનું રામગઢ અધિવેશન ભરાવા ટાણે, શ્રી. જયપ્રકાશ નારાયણે સ્વતંત્ર હિંદી રાજ્ય કેવું હોય તેનું ચિત્ર રજૂ કરતો એક પ્રસ્તાવ ઘડીને ગાંધીજી સમક્ષ મૂકેલો. (ગાંધીજીએ નાપાસ કરેલો પેલો કાર્યક્રમ પણ જયપ્રકાશે જ દોરેલો હતો.) એ અહીં સવિસ્તર ઉતારવો ઠીક પડશે, કેમકે હિંદી સમાજવાદ વિશે અધિકારયુક્ત વાણીથી જયપ્રકાશ બોલી શકે એમ છે. આ રહ્યું એ ચિત્ર :

“ સ્વતંત્ર હિંદ જુદી જુદી પ્રજાઓ વચ્ચે સુલેહ પ્રવર્તાવવા માટે, સંપૂર્ણ શસ્ત્રવિસર્જન કરાવવા માટે, તેમજ સૌની રાજીખુશીથી સ્થપાયેલી અધિકારયુક્ત આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા રાજ્યોરાજ્યો વચ્ચેના ઝઘડાઓનું શાન્તિમય નિરાકરણ આણવાની પદ્ધતિ ઉપજાવવા માટે મથશે. ફાવે તેવડાં નાનાં કે મોટાં પણ પાડોશી રાજ્યો સાથે અત્યંત મિત્રભાવે વર્તવા એ ખાસ મથશે અને કોઈ પણ પારકો પ્રદેશ ઓળવવાની લાલચને વશ નહિ થાય.

“ પ્રજાએ મોકળે મને વ્યક્ત કરેલી ઇચ્છાને અનુસરીને રાજ્યનો કાયદો ઘડવામાં આવશે. વ્યવસ્થા જાળવવાની બાબતમાં પણ અંતિમ ધોરણ પ્રજાની સંમતિ અને પીઠબળને જ લેખવામાં આવશે.

“ સ્વતંત્ર હિંદી રાજ્યમાં સૌને પૂરેપૂરા વૈયક્તિક તેમજ નાગરિક સ્વાતંત્ર્યની અને ધાર્મિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિના પણ સ્વાતંત્ર્યની એ શરતે બાંહેધરી મળશે કે લોકપ્રતિનિધિસભા દ્વારા હિંદી પ્રજાએ ઘડેલા બંધારણને હિંસાબળથી ઉથલાવી નાખવાની છૂટ કોઇને નહિ હોય.

“ દેશના જુદા જુદા પ્રજાવર્ગો પરત્વે વહાલા–અળખામણાના ભેદ રાજ્ય કોઇ રીતે નહિ કરે, નાગરિકોને એકસરખા હક્કોની બાંહધેરી મળશે. જન્મજાત ભેદો અને ખાસ હક્કો નાબૂદ કરવામાં આવશે. વંશપરંપરાના સામાજિક દરજ્જાથી કે રાજ્ય તરફથી મળતા આવેલા હકદાવા કે ઇલકાબો મંજૂર રાખવામાં આવશે નહિ.

“ રાષ્ટ્રની રાજકીય તેમજ આર્થિક તંત્રરચના સામાજિક ન્યાય તથા આર્થિક સ્વાતંત્ર્યના સિદ્ધાંતને અનુસરીને થશે. આવી તંત્રરચનાની રૂખ સમાજની પ્રત્યેક વ્યક્તિની નૈસર્ગિક જરૂરિયાતો પૂરી પાડવાની રહેશે, તેમ છતાં એકલી ભૌતિક જરૂરિયાતો પૂરી પાડવાની જ તેની નેમ નહિ હોય. નીરોગી જીવન અને વ્યક્તિનો નૈતિક તેમજ બૌદ્ધિક વિકાસ સાધવાનો પણ એનો હેતુ રહેશે. રાજ્ય આવો સામાજિક ન્યાય મેળવવાના હેતુસર,

વ્યક્તિ અગર સહકારી સમૂહોના પ્રયત્નથી લાગતાવળગતા સૌના સમાન હિતને અર્થે ચાલતા નાના પાયા પરના ઉત્પાદક ધંધાઓને ઉત્તેજન આપશે. મોટા પાયા પરનાં તમામ સામુદાયિક ઉત્પાદનો અંતે સામુદાયિક માલકી તથા કાબૂ હેઠળ આણવામાં આવશે, અને આ દિશામાં ભારે વાહનવ્યવહાર, વહાણવ્યવહાર, ખાણો તેમજ ગંજાવર ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરવાથી શરૂઆત થશે. કાપડઉદ્યોગને ચડતા જતા પ્રમાણમાં દેશ આખામાં વહેંચી નાખવામાં આવશે.

"ગ્રામજીવનની નવેસરથી વ્યવસ્થા કરવામાં આવશે અને ગામડાંને શકય તેટલા વધુ પ્રમાણમાં સ્વયંસંપૂર્ણ અને સ્વશાસિત એકમો બનાવવામાં આવશે. જમીનને લગતા દેશના કાયદાઓમાં એ ધોરણે ધરમૂળના ફેરફારો કરવામાં આવશે કે જમીન એને સાચમાચ ખેડનારની જ માલકીની ગણાય અને કોઇ પણ ખેડૂત કને સુયોગ્ય જીવનધોરણ અનુસાર તેનું અને તેના કુટુંબનું ભરણપોષણ કરવા જરૂરી ગણાય તે ઉપરાંત વધુ જમીન રહેવા દેવામાં ન આવે. આમ કરવાથી એક બાજુએ જુદી જુદી જાતની જમીનદારીઓનો તેમજ બીજી બાજુએ ખેતીને જ વળગી રહેવાની ગુલામી મનોદશાનો અંત આવશે.

"રાજ્ય સુખવાસી વર્ગોના હિતની રક્ષા કરશે, પણ જ્યારે એવાં હિતો ગરીબો તથા દલિતોનાં હિતો પર આક્રમણ કરતાં જણાશે ત્યારે તે ગરીબો અને દલિતોની વહારે ધાશે અને એ રીતે સામાજિક ન્યાયનું પલ્લું સમતોલ રાખશે.

"રાજ્યની માલકીના અથવા રાજ્યના વહીવટ હેઠળના સઘળા ઉદ્યોગોમાં કામગારોને તેમના ચૂંટેલા પ્રતિનિધિઓ દ્વારા સંચાલનમાં પ્રતિનિધિત્વ મળશે અને સરકારના પ્રતિનિધિઓના જેટલો જ હિસ્સો તેમનો પણ રહેશે.

"દેશી રાજ્યોમાં સંપૂર્ણ લોકશાસનવાળાં રાજતંત્રો સ્થપાશે અને સામાજિક દરજ્જાના ભેદ ભૂંસવાના તથા સઘળા પ્રજાજનોની સમાનતા જાળવવાના સિદ્ધાંતને અનુસરીને રાજ્યોમાં રાજાઓ કે નવાબો જેવી કોઇ વ્યક્તિઓને રાજના ટીલાધારીઓ તરીકે રહેવા દેવામાં નહિ આવે."

એની વિધિયુક્તતામાં અમુક વાંધો પડવાથી આ મુસદ્દો રામગઢ અધિવેશન સમક્ષ મહાસભાની કારોબારીએ રજૂ કર્યો નહોતો, પણ ગાંધીજીને એ એટલો ગમી ગયેલો કે ૧૯૪૦ ના એપ્રિલની ૨૦ મીના 'હરિજન'માં એની ઉપર એમણે નીચે પ્રમાણે વિવેચન કરેલું :

"હિંદ મુક્ત થતાંવેંત શકય તેટલા પ્રમાણમાં સિદ્ધ કરવાના આદર્શ તરીકે, માત્ર એક બાબતના અપવાદ સિવાય, શ્રી. જયપ્રકાશે દોરેલા આખા ચિત્રમાં હું મારી સામાન્ય સંમતિ પુરાવું છું. આ દેશમાં જેમને હું સમાજવાદી તરીકે ઓળખું છું તેમણે સમાજવાદ અંગીકાર કર્યાનું જાહેર કર્યું તે અગાઉનો હું પોતે સમાજવાદી હોવાનો દાવો કરતો આવ્યો છું. પણ મારો સમાજવાદ મારામાં સ્વાભાવિકપણે વિકસ્યો છે,

કશાં ગ્રંથકિતાબોમાંથી ગ્રહણ કરેલો નથી. અહિંસા વિશેની મારી અવિચળ શ્રદ્ધામાંથી તે આવ્યો છે. સક્રિય અહિંસાની સાધના કરતો થકો કોઈ પણ માણસ સામાજિક અન્યાય સામે પડ્યા વિના રહેજ નહિ, પછી એવો અન્યાય ગમે ત્યાં થતો હોય. કમનસીબે પશ્ચિમના સમાજવાદીઓએ સમાજવાદના સિદ્ધાંતોનું પાલન કરવામાં, મને ખબર છે ત્યાં સુધી, હિંસાને જરૂરી માની છે.

"મેં હંમેશાં માન્યું છે કે હિંસા વાટે નાનામાં નાના અને નીચલામાં નીચલા સુધીનાને સામાજિક ન્યાય અપાવવાનું અશકય છે. વધુમાં મેં એમ પણ માન્યું છે કે સૌથી નીચલા થરના લોકોને પણ અહિંસા વાટે યોગ્ય તાલીમ આપવામાં આવે તો તેમનાં દુઃખો અને અન્યાયોની દાદ મેળવવી શકય છે. એ માર્ગ અહિંસક અસહકારનો છે........તેથી શ્રી. જયપ્રકાશને, તેમના મુસદ્દામાં મેં વાંચ્યું છે તે પ્રમાણે, પોતે કલ્પેલી તંત્રવ્યવસ્થા સ્થાપવાને અર્થે અહિંસાને સ્વીકારતા નિહાળીને હું અંતરથી રાચું છું....

"જમીનને લગતી શ્રી. જયપ્રકાશની દરખાસ્તો ભડકામણી લાગે એવી છે. ખરું જોતાં તે તેવી નથી. ભલી ભાતે જીવવારહેવા જોઈએ તે કરતાં વધુ જમીન કોઈ માણસ પાસે ન હોવી જોઈએ. આપણી આમપ્રજાનું દારુણ દારિદ્ર તેમની પાસે પોતાની કહી શકાય એવી કશી જમીન ન હોવાને કારણે જ છે એ વાતની કોનાથી ના પડાય એમ છે?

"પણ એ સુધારો એમ ઝટપટ કરાવી લેવાય તેવો નથી એ પણ સમજવું જરૂરી છે. જો એ અહિંસક માર્ગે કરાવવો હોય તો માલદાર તેમજ મુફલિસ બેઉની કેળવણીથી જ એ સાધી શકાય........હેતુસિદ્ધિ મેળવવી હોય તો મેં કહી તેવી કેળવણી અત્યારે જ શરૂ કર્યે છૂટકો. પ્રારંભિક પગલા તરીકે એકબીજા પ્રત્યે વિશ્વાસ અને આદરનું વાતાવરણ જમાવવું જોઈએ. ઉપલા વર્ગો અને આમપ્રજા વચ્ચે હિંસક સંઘર્ષ મચાવવો ન ઘટે.

"તેથી શ્રી. જયપ્રકાશે અહિંસાની ભૂમિકા પર આંકેલી દરખાસ્તોને સામાન્ય રૂપે સંમતિ આપવામાં જોકે મને હરકત નથી, તો પણ રાજાઓની બાબતમાં તેમણે કરેલી દરખાસ્તમાં હું મારો સૂર પુરાવી શકતો નથી. કાયદાની નજરે રાજાઓ સ્વતંત્ર છે. એ ખરું છે કે એમની સ્વતંત્રતાની ખાસ કશી કિંમત નથી, કારણ કે તે બળિયાની બાંહેધરી પર અવલંબીને રહી છે. પણ આપણી સમક્ષ તો તેઓ પોતાની સ્વતંત્રતાનો હકદાવો ધરી શકે જ. શ્રી. જયપ્રકાશના મુસદ્દામાં સૂચવાયું છે તેમ જો આપણે અહિંસક માર્ગે આઝાદ થઈ શકીએ તો સમાધાનીની મારી કલ્પના એવી નથી જેમાંથી રાજાઓનું નામ ભૂંસાઈ ગયું હોય. જે કંઈ સમાધાની થશે તે પ્રજાએ સંપૂર્ણપણે પાળવી જોશે જ.

"તેથી હું તો એવી સમાધાની કલ્પુ છું જેમાં મોટાં રાજ્યો પોતાનો દરજ્જો ટકાવી રહ્યાં હશે. એક રીતે એમની એ સ્થિતિ અત્યારની સ્થિતિ કરતાં ઘણી ચડિયાતી હશે, પણ બીજી રીતે એ મર્યાદિત હશે; કારણ કે એમાં દેશી રાજ્યોની પ્રજા હિંદના બીજા ભાગોની પ્રજા ભોગવતી હશે તેવા જ સ્વરાજ્યના હક્કો ભોગવશે. તેમને વાણી-સ્વાતંત્ર્ય હશે, છાપાં નિર્ભય હશે, શુદ્ધ ન્યાય સૌને મળવાની બાંહેધરી હશે. કદાચ શ્રી.

જયપ્રકાશને રાજાઓ આપમેળે પોતાની સત્તા છોડે એવી શ્રદ્ધા નથી. મને છે. કારણ, એક તો તેઓ આપણા જેવા જ માનવી છે; અને બીજું એ કે સાચી અહિંસાની અમોઘ શક્તિમાં મને અપાર શ્રદ્ધા છે. તેથી અંતમાં હું એમ કહીને પૂરું કરીશ કે જો આપણે આપણી પોતાની જાતને, આપણામાં શ્રદ્ધા હોય તો તેવી શ્રદ્ધાને અને પ્રજાને માટે સાચા નીવડીશું તો રાજાઓ અને બીજા બધા પણ સાચા થશે અને આપણને અનુકૂળ થશે. અત્યારે તો આપણે જ સાચા દિલવાળા નથી. આજની આપણી અધકચરી શ્રદ્ધામાંથી કદી સ્વાતંત્ર્યનો ઉદય થવાનો નથી. અહિંસાનો આરંભ તેમજ અંત આત્મ-પરીક્ષણ—અંતરખોજમાં જ રહેલો છે."

આટલા પરથી હવે સમજી શકાશે કે કેવી રીતે ગાંધીજીનું તેમજ હિંદી સમાજવાદીઓનું દૃષ્ટિબિંદુ આ થોડાંક વર્ષોમાં બદલાતું રહ્યું છે અને આજે તો બેઉનાં દૃષ્ટિબિન્દુઓ એકબીજામાં ઘૂસી ગયાં છે એવી સ્થિતિ ઊપજી ચૂકી છે.

તો ગાંધીજીને સમાજવાદી કહેવા કે નહિ, એ આપણા પ્રશ્નનો જવાબ શો? આજના મોટા ભાગના સમાજવાદીઓ બોલી ઊઠશે કે, 'ના', પણ એમ તો આજના મોટા ભાગના 'ખ્રિસ્તીઓ' પણ જો ઈશુખ્રિસ્ત તેમની વચ્ચે પાછો ખડો થવાનો હોય તો એને ખ્રિસ્ત તરીકે કબૂલ ન રાખે. સમાજવાદીઓ ગાંધીજીનો છાંયડો લેવા નથી માગતા એનું મોટું કારણ મને તો ગાંધીજી સમાજવાદી જેવો જડબાતોડ બકવાદ કરતા નથી એ દેખાયું છે. ગાંધીજીએ સમાજવાદી હોવાનો જે દાવો વારંવાર આગળ કર્યો છે તેને નકારવાં માટે આટલું જ કારણ ઓછું પડશે કે નહિ એ હવે વિચારી લેવાનું રહે છે.

ગાંધીજી પ્રત્યે ટૉલ્સ્ટૉયનો પત્ર

ગાંધીજીએ ટૉલ્સ્ટૉયને પહેલવહેલું ઇ. સ. ૧૯૦૯માં લંડન મુકામેથી લખેલું. એમના એ પત્રના જવાબમાં ટૉલ્સ્ટૉયે પોતાના હિંદી શિષ્યમાં જીવંત રસ તથા સહાનુભૂતિ દર્શાવ્યાં જ: 'તમારો અત્યંત રસપ્રદ પત્ર હાલમાં જ મળ્યો, જેથી મને ખૂબ આનંદ થવા પામ્યો છે. પ્રભુ ટ્રાન્સવાલમાંનાં આપણાં પ્રિય ભાંડુઓ તથા સહકાર્યકર્તાઓને સહાયભૂત થાઓ....બંધુભાવે હું તમને અભિનંદું છું.'

ઈ. સ. ૧૯૧૦માં ગાંધીજીએ ટૉલ્સ્ટૉયને ફરી વાર લખીને પોતાની 'હિંદ સ્વરાજ'ની ચોપડી તેને મોકલેલી. એની જોડેના પત્રમાં ગાંધીજીએ પોતાની ટૉલ્સ્ટૉયના 'નમ્ર અનુયાયી' તરીકે સહી કરેલી અને એ પોતે એ પુસ્તિકા વિષે શું ધારે છે તે એ નવલકથાકારને પુછાવી જોયેલું.

ટૉલ્સ્ટૉયે આ વિનતિનો પહેલાં સંક્ષિપ્ત ઉત્તર આપેલો, અને ત્યારપછી બીજા વધુ વિગતવાર પત્રમાં નીચે મુજબ લખેલું:

કોચ્ચેટી, રશિયા,
સપ્ટે. ૭, ૧૯૧૦.

તમારી પુસ્તિકા મળી, અને સત્યાગ્રહીઓ સંબંધે એમાં લખાયેલું સર્વકંઇ જાણીને આનંદ થયો; અને એ વાંચીને પ્રેરેલા સઘળા વિચારો તમને કહી જવા જેવું મને લાગ્યું.

મારું આયુષ જેમ લંબાતું જાય છે, અને ખાસ કરીને તો હમણાં, જ્યારે મૃત્યુનું ઘનિષ્ઠ સામીપ્ય હું અનુભવી રહ્યો છું ત્યારે, મને જે આટલી વિશિષ્ટ સ્પષ્ટતાપૂર્વક જણાય છે અને જે મારા મને અત્યંત મહત્ત્વનું છે તે વિષે—એટલે કે, જે સત્યાગ્રહ કહેવાય છે પરંતુ વસ્તુતઃ તો જૂઠાં ભાષ્યોથી ભ્રષ્ટ ન બનેલા પ્રેમના શિક્ષણ ઉપરાંત કશું જ નથી તે વિષે મને શું લાગે છે તે હું બીજાઓને જણાવી દેવા માગું છું. માનવ આત્માઓના જોડાણ માટેના પ્રયત્નરૂપ એ પ્રેમ છે અને તેમાંથી પ્રાપ્ત થતી ક્રિયાત્મકતા માનવજીવનનો ઊંચામાં ઊંચો અને એકમેવ નિયમ છે; દરેક માનવ વ્યક્તિ (આપણે બાળકોમાં અત્યંત સ્પષ્ટપણે જોઇએ છીએ તેમ) પોતાના આત્માના ઊંડાણમાં એ અનુભવતી તેમજ જાણતી હોય છે; જગતના અસત્યોપદેશથી ફસાતાં સુધી તે એ જાણતી હોય છે. હિંદી તેમજ ચીની, હીબ્રુ, ગ્રીક અને રોમન—જગતના સર્વે સંતો દ્વારા આ નિયમ ઉદ્ઘોષિત થયેલો છે. મને લાગે છે કે, 'પ્રેમમાં જ સમગ્ર કાનૂન તથા પેગંબરો નિહિત છે' એવું સરળતાપૂર્વક કહી દેનાર ખ્રિસ્ત દ્વારા આ નિયમ સૌથી વધુ સ્પષ્ટ રીતે વ્યક્ત થયેલો છે.

પરંતુ, સાંસારિક હિતોમાં રચ્યાપચ્યા રહેતા લોકોને સ્વાભાવિક એવી જે ભ્રષ્ટતાને પાત્ર આ નિયમ નીવડે તેમ છે તેનો પહેલેથી ખ્યાલ કરીને, બળપ્રયોગ અથવા તો એણે પોતે કહ્યું છે તેમ 'પ્રહારનો જવાબ પ્રહારથી વાળવો, છિનવાયેલી વસ્તુઓ બળથી પાછી મેળવવી' વગેરે દ્વારા તેવાં હિતોને ન્યાય્ય ઠરાવતી એ ભ્રષ્ટતાના ભયનો તેણે સીધેસીધો નિર્દેશ કરેલો છે. દરેક સુજ્ઞ વ્યક્તિએ જાણવું જોઈએ તેમ એ પણ જાણતો

હતો કે, જીવનના મૂળભૂત નિયમ તરીકે પ્રેમ સાથે બળનો ઉપયોગ અપ્રયોજ્ય છે; અને, ગમે તે દાખલામાં હિંસાની છૂટ મળે કે પ્રેમના નિયમની અપૂર્ણતાનો સ્વીકાર થઈ જ ચૂકે છે, અને એને લઈને ખુદ પ્રેમના નિયમનો જ ઇનકાર થવા પામે છે. બાહ્યતઃ આટલી તેજસ્વી સમગ્ર ખ્રિસ્તી સંસ્કૃતિ, ક્વચિત જાણતાં પરંતુ વિશેષતઃ અજાણતાં, આ પ્રત્યક્ષ અને વિચિત્ર ગેરસમજણ તેમજ વિરોધાભાસ પર જ વૃદ્ધિ પામી.

વસ્તુતઃ, પ્રેમમાં બળનો સ્વીકાર થતાંવેંત પ્રેમનું અસ્તિત્વ જ ન રહ્યું; જીવનના નિયમ તરીકે પ્રેમ શક્ય જ ન રહ્યો; અને પ્રેમના નિયમ જેવું કશુ ન રહેતાં હિંસા સિવાય, એટલે કે બલિષ્ઠોની સત્તા સિવાય, કશો નિયમ જ ન રહ્યો. તેર સૈકાઓ સુધી ખ્રિસ્તી માનવતા આ પ્રકારે જીવી. સાચું છે કે, લોકો પોતાના જીવનની તજવીજમાં સદા હિંસાથી જ દોરાયા હતા.

ખ્રિસ્તી દેશો તથા બીજા બધા યે દેશો વચ્ચેનો તફાવત માત્ર એ જ છે કે, ખ્રિસ્તી જગતમાં પ્રેમનો નિયમ સ્પષ્ટ અને નિઃશંકપણે વ્યક્ત થવા પામેલો, જ્યારે અન્ય કોઈ ધર્મોપદેશમાં તે એ રીતે વ્યક્ત નથી થયેલો; અને, હિંસાની છૂટ રાખીને પોતાના જીવનનું નિર્માણ હિંસા પર કર્યું હોવાની સાથે ખ્રિસ્તી જગતે આ નિયમને ગાંભીર્યપૂર્વક સંમત રાખેલો છે.

ખ્રિસ્તી પ્રજાનું સમગ્ર જીવન, એ જેનો દાવો કરે છે તથા જે સિદ્ધાંતો પર જીવનનું અનુષ્ઠાન કરે છે તે બંને—જીવનનિયમ તરીકે પ્રેમ, તથા પ્રમાણિત, પ્રશસ્ત, અને શાસકોની સત્તા, અદાલતો તેમજ સૈન્ય જેવાં જીવનનાં જુદાં જુદાં અંગો સુધ્ધાંમાં એક આવશ્યકતારૂપ સ્વીકારાયેલી હિંસા, એ ઉભય—ના સ્વીકાર વચ્ચેના સતત વિરોધાભાસરૂપ કેમ રહ્યું છે તેનું કારણ આ છે. ખ્રિસ્તી જગતની પ્રજાના વિકાસ સાથે આ વિરોધાભાસ પણ સતત વૃદ્ધિગત થતો રહ્યો અને છેલ્લેછેલ્લે તે પોતાની અંતિમ કક્ષાએ પહોંચ્યો.

દેખીતી રીતે જ હવે ઉપસ્થિત પ્રશ્ન આ છેઃ કાં તો આપણે કોઈ પણ પ્રકારનું ધાર્મિક-નૈતિક શિક્ષણ મુદ્દલ સંમત નથી રાખતા અને માત્ર બલવત્તરોની સત્તા દ્વારા જ જીવનની વ્યસ્થા કરીએ છીએ એ કબૂલ રાખવું, અથવા તો, આપણા સઘળા જ ફરજિયાત કરવેરા, અદાલતો અને પોલીસ સંસ્થાઓને, પરંતુ મુખ્યત્વે આપણાં સૈન્યોને, પડતાં મૂકવાં.

આ વર્ષે વસંતઋતુમાં મૉસ્કોની એક છોકરીઓની હાઈસ્કૂલમાં શાસ્ત્રપરીક્ષામાં હાજર રહેલા શિક્ષક તથા ધર્માધ્યક્ષે છોકરીઓને શાસ્ત્રાજ્ઞાઓ પરત્વે અને ખાસ કરીને 'તારે હત્યા ન કરવી' એ છઠ્ઠી આજ્ઞા પરત્વે પ્રશ્નો પૂછેલા. તેના સાચા જવાબ પછી ધર્માધ્યક્ષે હત્યા એ સઘળા દાખલાઓમાં ઈશ્વરના કાનૂન દ્વારા નિષિદ્ધ હતી કે કેમ એવો બીજો પ્રશ્ન સામાન્ય રીતે કર્યો, અને બિચારી તરુણ છોકરીઓને પહેલેથી અપાયેલી સૂચના મુજબ એવો જ જવાબ આપવો પડ્યો કે 'હંમેશાં નહિ'—યુદ્ધમાં તથા અપરાધીઓના દેહાંતમાં હત્યાની છૂટ હતી. આમ છતાં એમાંની એક કમનસીબ યુવતીને (હું જે કહું છું તે કપોલકલ્પિત નહિ પરંતુ નજરોનજર જોનારે જણાવેલી હકીકત છે) તેની પહેલી પરીક્ષા પછી રાબેતા મુજબનો સવાલ પૂછવામાં આવ્યો કે, હત્યા હંમેશાં પાપપૂર્ણ હોય છે કે કેમ, ત્યારે લાલચોળ હદે ઉત્તેજિત થઈને તેણે નિશ્ચયાત્મક જવાબ આપેલો કે 'હંમેશાં,' અને ધર્માધ્યક્ષના રોજિંદા યુક્તિવાદ સામે એવી નિશ્ચિત પ્રતીતિ-પૂર્વક જવાબ આપેલો કે જૂના કરારમાં હત્યા હમેશને માટે નિષિદ્ધ હતી, અને ખ્રિસ્ત

દ્વારા માત્ર હત્યા જ નિષિદ્ધ નહોતી, પરંતુ ભાઈભાઈ સામેનું પ્રત્યેક દુર્વર્તન સુધ્ધાં નિષિદ્ધ હતું. પોતાના સઘળા દમામ અને વાક્ચાતુર્ય છતાં ધર્માધ્યક્ષ મૌન બની ગયો અને છોકરી વિજયી રહી.

હા, આપણાં વર્તમાનપત્રોમાં આપણે વૈમાનિક પ્રગતિની, જટિલ રાજનૈતિક સંબંધોની, જુદાંજુદાં મંડળ–મંડળીઓની, તરેહતરેહના સંઘોની, કહેવાતી કલાકૃતિઓની વાતો કરી શકીએ છીએ અને પેલી જુવાન છોકરીએ જે કહ્યું તે સંબંધે મૌન સેવતા રહીએ છીએ. પરંતુ મૌનથી તે નિવારી નહિ શકાય; કારણ, ખ્રિસ્તી જગતની પ્રત્યેક વ્યક્તિને તેનું સંવેદન, ઓછે કે વત્તે અંશે અસ્પષ્ટ પરંતુ સદૈવ એ સંવેદન રહ્યા કર્યું છે. સમાજવાદ, સામ્યવાદ, અરાજકતાવાદ, મુક્તિફોજ, અપરાધવૃદ્ધિ, બેકારી, તવંગરોનો વધતો જતો દીવાનો વિલાસ તથા ગરીબોની હાલાકી, આપઘાતોની ભયપ્રેરક સંખ્યાવૃદ્ધિ—આ સઘળાં પેલા આંતરિક વિરોધાભાસનાં ચિહ્નો છે જેનો ઉકેલ થવો જ જોઈએ, એ અણઉકેલ ન રહી શકે. અને હિંસાના નિષેધ તથા પ્રેમના નિયમની સ્વીકારવૃત્તિએ જ તેનો ઉકેલ થવો જોઈએ.

એટલા માટે, જગતને આ છેડે અમને જણાય છે તેમ, ટ્રાન્સવાલમાંની તમારી પ્રવૃત્તિ એ અત્યંત આવશ્યક—જગતમાં અત્યારે થઈ રહેલા કાર્યમાં સૌથી મહત્ત્વનું—કાર્ય છે, જેમાં માત્ર ખ્રિસ્તી જ નહિ પણ જગતનાં બધાં રાષ્ટ્રો અનિવાર્યપણે ભાગ લેશે.

હું ધારું છું કે તમે જાણીને ખુશ થશો કે અહીં રશિયામાં પણ આ પ્રવૃત્તિ, લશ્કરમાં જોડાવાનો ઇનકાર કરવાના રાહે, ઝડપથી વિકસતી જાય છે અને તેની સંખ્યા વર્ષાનુવર્ષ વધતી જાય છે. સૈન્યમાં જોડાવાની ના પાડનારા રશિયામાંના અમારા સત્યાગ્રહી લોકોની સંખ્યા ગમે તેટલી નજીવી હોય, છતાં તેઓ અને બીજાઓ નિર્ભીકપણે કહી શકે તેમ છે કે પ્રભુ તેમની સાથે છે. અને પ્રભુ મનુષ્ય કરતાં વધુ સત્તાવાન છે.

ખ્રિસ્તી રાષ્ટ્રોમાં દાવો કરવામાં આવે છે એવા ભ્રષ્ટરૂપે પણ ખ્રિસ્તી ધર્મને માન્ય રાખવાની સાથોસાથ યુદ્ધમાં વધુ પ્રમાણમાં હત્યા સાધવા માટે સૈન્યોની અને શસ્ત્રાસ્ત્રોની આવશ્યકતાને પણ માન્ય રાખવામાં એવો સ્પષ્ટ રણકતો વિરોધાભાસ રહેલો છે કે, વહેલે યા મોડે, સંભવતઃ તદ્દન નજીકમાં જ, એણે પોતાનો નિઃસંશય સ્ફોટ કરી દેવો પડશે; અને, આ બંનેને નભાવવામાં અનિવાર્ય એવો ખ્રિસ્તી ધર્મનો દાવો લુપ્ત કરવો પડશે અથવા તો સત્તા અર્થે સહેજ પણ ઓછાં આવશ્યક નહિ એવાં સૈન્યો તથા તેમના દ્વારા નભતી તમામ હિંસાના અસ્તિત્વનો લોપ કરવો પડશે.

તમારી બ્રિટિશ સરકારને શું કે અમારી રશિયન સરકારને શું, આ વિરોધાભાસ બધી જ સરકારોને જણાય છે, અને સ્વસંરક્ષણની સામાન્ય વૃત્તિને લઈને પ્રતિકારના અન્ય કોઈ પણ પ્રકાર કરતાં સરકારવિરોધી ઉપર્યુક્ત પ્રવૃત્તિ સામે (રશિયામાં તેમજ તમે મોકલેલી ચોપડીમાં દેખાય છે તેમ) તેમના દ્વારા વધુ સ્ફૂર્તિપૂર્વક દમન ચલાવવામાં આવે છે. સરકારો જાણતી હોય છે કે પોતાનો મુખ્ય ભય ક્યાં રહ્યો છે, અને આ પ્રશ્નમાં પોતાનાં હિતો જ માત્ર નહિ પરંતુ પોતાની હયાતીનો સવાલ પણ સજાગપણે જાળવી રાખે છે.

આપનો અત્યંત વિશ્વાસુ
લીઓ ટૉલ્સ્ટૉય

સત્યાગ્રહ સંગ્રામો

૩ દક્ષિણ આફ્રિકામાં

લડત—ત્રણ તબક્કામાં

સપ્ટેમ્બર ૧૧, ૧૯૦૬	જોહાનિસબર્ગમાં ઉપાડેલી.
ઑગસ્ટ ૧૬, ૧૯૦૮	જોહાનિસબર્ગમાં ફરી ઉપાડેલી
ઑક્ટોબર ૨૮, ૧૯૧૩	ન્યૂકેસલથી વોલ્કરસ્ટ સુધીની મહાન કૂચ.

એશિયાટિક લૉ એમેન્ડમેન્ટ ઑર્ડિનન્સ જે દક્ષિણ આફ્રિકામાંના એશિયાવાસી વસાહતીઓના વધુ હક્કો પર તરાપ મારવા માટેનો હતો તે ૧૯૦૬ ના ઑગસ્ટની ૨૨ મી તારીખે ટ્રાન્સવાલ સરકારી અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. જોહાનિસબર્ગ ખાતે હિંદી વસાહતીઓના આશરે ત્રણ હજાર પ્રતિનિધિઓ ૧૯૦૬ ના સપ્ટેમ્બરની ૧૧ મી તારીખે મળ્યા, અને "ઈશ્વરની સાક્ષીએ" એવી પ્રતિજ્ઞા, ગંભીર રીતે કરી કે, જો આ બિલ કાયદાનું સ્વરૂપ ધારણ કરે તો તેનો અહિંસક રીતે સામનો કરવો. ગાંધીજી સહિત ૨૦૦ માણસોને જુદી જુદી મુદતની કેદની સજાઓ કરવામાં આવી. ૧૯૦૭ ના જાન્યુઆરીની ૩૦ મીએ ગાંધીજી અને જનરલ સ્મટ્સ વચ્ચે સમજૂતી થઈ. બેઠો સામનો અગર તો હિંસક સામનાથી જુદા જ એવા સત્યાગ્રહની અગર તો સવિનય સામનાની પહેલી કક્ષા પૂરી થઈ.

હિંદીઓ સ્વેચ્છાપૂર્વક નામ નોંધાવશે તો ઑર્ડિનન્સ રદ કરવામાં આવશે એવું જનરલ સ્મટ્સે જે વચન આપ્યું હતું તેનું તેઓ પાલન કરી શક્યા નહિ. તેથી કરીને ૧૯૦૮ ઑગસ્ટની ૧૬ મીએ જોહાનિસબર્ગમાં એક જાહેર સભામાં વસાહતીઓનાં ૨૦૦૦ ના સર્ટિફિકેટોની હોળી કરીને સત્યાગ્રહ ફરી હાથ ધરવામાં આવ્યો. પછીનાં છ વર્ષ સુધી લડત ચાલુ રાખવામાં આવી. જેલ, દંડ, મુકદ્દમા વગેરે સત્યાગ્રહીઓ ઉપર લાદવામાં આવ્યાં. ખાણિયા વિભાગોમાં મોટા પાયા ઉપર ફટકા અને ગોળીબાર પણ થયા.

ત્રીજી અને છેલ્લી કક્ષા ત્યારે આવી જ્યારે ગાંધીજીએ નાતાલમાં ન્યૂકેસલથી ટ્રાન્સવાલની સીમા પર મહાન કૂચ કરી. છ હજારથી વધુ હિંદી ખાણિયાઓએ હડતાળ પાડી. સેંકડો બહાદુર સ્ત્રીપુરુષો જેલમાં ગયાં. સરકારને યોગ્ય નોટિસ આપ્યા પછી ૨૦૩૭ પુરુષો, ૧૨૭ સ્ત્રીઓ અને ૭૫ બાળકોએ ૧૯૧૩ ના ઑક્ટોબરની ૨૮ મીએ ન્યૂકેસલથી ટ્રાન્સવાલમાં વોલ્કરસ્ટ સુધીની ૩૬ માઇલની કૂચ કરી.

ત્યાર પછી કામચલાઉ સમજૂતી થઈ અને વિધિસરની તપાસસમિતિ નિમાઈ; અને ડિસેમ્બરની ૧૮ મીએ ગાંધીજી, પોલાક અને કેલનબેકનો છુટકારો થયો. ૧૯૧૪ ના જાન્યુઆરીની ૨૧ મી તારીખે જનરલ સ્મટસ સાથે થોડો પત્રવ્યવહાર થયા પછીથી

સત્યાગ્રહને છેલ્લી વારને માટે મુલતવી રાખવામાં આવ્યો. હિંદી રાહતધારો ૧૯૧૪ ના જુલાઈમાં કાયદો બન્યો. એમાં ૩ પૌંડના કરને નાબૂદ કરતી કલમો હતી અને હિંદી વસાહતીઓની લગભગ તમામ માગણીઓ સંતોષવામાં આવી હતી.

ૐ હિન્દમાં

(૧) વિરમગામ (ગુજરાત) ૧૯૧૫ઃ—વિરમગામની લાઈનદોરી નંખાવાથી કાઠિયાવાડના ઉતારુઓની પજવણી થતી હતી. ગાંધીજીએ આ પ્રશ્ન ઉપાડી લીધો અને વાઈસરોય સમક્ષ ફરિયાદ કરી. એમણે પ્રજાને પણ સત્યાગ્રહ માટે તૈયાર રહેવાની હાકલ કરી. મધ્યસ્થ સરકારે જકાત નાબૂદ કરી. સત્યાગ્રહ માટેની તૈયારીઓને કારણે આ નિર્ણય ઝડપથી કરવામાં આવ્યો હતો.

(૨) ચંપારણ (બિહાર) એપ્રિલ ૧૭, ૧૯૧૭ઃ—યુરોપિયન ગળીના ઉદ્યોગ-માલિકોએ ચંપારણના ખેડૂતોને પોતાની જમીનના $\frac{૩}{૨૦}$ મા ભાગમાં ગળીનું વાવેતર કરવાની ફરજ પાડી હતી અને સંખ્યાબંધ લાગતો ઠોકી બેસાડી હતી. ખેડૂતોનાં દુઃખની તપાસ કરવા ગાંધીજી ત્યાં ગયા. ૧૯૧૭ ના એપ્રિલની ૧૭મીએ મોતીહારી જિલ્લો છોડવાની એમના પર નોટિસ બજાવવામાં આવી. એમણે એ ફરમાનનો ભંગ કર્યો. એમના ઉપર કામ ચલાવવામાં આવ્યું પણ સજા ન થઈ. સરકારે તપાસ ચલાવી અને છ માસમાં તમામ દુઃખો દૂર કર્યાં. ગાંધીજી ત્યાં છ માસ રહ્યા.

(૩) મુંબઈ, મે ૩૧, ૧૯૧૭ઃ—ઇન્ડિયન ઈમીગ્રેશન એક્ટ સામે સત્યાગ્રહ. ખાંડના બગીચાઓમાં કામ કરવા માટે મજૂરોની ભરતી કરવામાં આવતી હતી. મુંબઈમાં મળેલી સભાએ ગિરમિટિયા મજૂરી બંધ કરવા માટે ૩૧મી મે મુકરર કરી. પહેલાં તો સ્ત્રીઓનું એક પ્રતિનિધિમંડળ વાઈસરોયને મળવા ગયું. આ પ્રથાની અધમતાઓ સામે ગાંધીજીએ પોતાના સત્યાગ્રહનું હથિયાર ઉગામ્યું.

જે જહાજોમાં મજૂરોને પરદેશ ચઢાવવામાં આવતા હતા ત્યાં પિકેટિંગ કરવાનો એમણે વિચાર કર્યો. વાઇસરોય લૉર્ડ ચેમ્સફૉર્ડને સવિનય સામનાની લડત ઊભી થવાનો ભય જણાયો, અને ગાંધીજીને મળવા માટે બોલાવ્યા. પરિણામ એ આવ્યું કે યુદ્ધ દરમ્યાન તમામ પ્રકારનું વધુ દેશાન્તર મોકૂફ રાખવામાં આવ્યું. સત્યાગ્રહ માટેની તૈયારીથી સફળતા સાંપડી. મહાન નૈતિક વિજય સાંપડ્યો હતો. ૧૯૨૦ ના જાન્યુઆરીની ૧લી તારીખ પછીથી ગિરમિટિયા પદ્ધતિ નાબૂદ કરવામાં આવી. અને સૈકાજૂના અનિષ્ટનો અંત આવ્યો.

(૪) અમદાવાદ (ગુજરાત) ફેબ્રુઆરી ૨૬, ૧૯૧૮ઃ—વેતનવધારા માટે ગાંધીજીએ મજૂર હડતાલની દોરવણી કરી. એ હડતાલ ૨૨ દિવસ ચાલી. એને પૈસા કરતાં નૈતિક ટેકો વધારે હતો. જ્યારે હડતાલિયાઓની શિસ્ત તૂટતી દેખાઈ ત્યારે ગાંધીજી ઉપવાસ પર ઊતર્યા અને ત્રણ જ દિવસમાં સંતોષકારક સમાધાન થયું. મજૂરોને તેઓના ૧૯૧૭ના જુલાઈના પગારના ધોરણ પર ૩૫ ટકા વધારો મળ્યો.


(૫) ખેડા (ગુજરાત) માર્ચ ૧૯૧૮:—પાક નિષ્ફળ જવાથી ખેડૂતોએ નિયમ મુજબ મહેસૂલ મોકૂફ રાખવાની માગણી કરી. સત્તાવાળાઓએ ના પાડી. ગાંધીજીએ લોકોને કર ન ભરવાની સલાહ આપી. રીતસરની સમજૂતી વગર જ લોકોએ ઘણી યાતનાઓ અને નુકસાની સહન કર્યા પછી સરકારે માગણી મંજૂર કરી.

(૬) રૉલેટ-કાયદા અંગેનો સત્યાગ્રહ: એપ્રિલ ૬, ૧૯૧૯:—ગાંધીજીની દોરવણી હેઠળની આ પહેલી જ અખિલ–હિંદ લડત હતી. રાજદ્રોહ માટેના મુકદ્દમાઓની બાબતમાં પ્રાથમિક નાગરિક હક્કો છીનવી લેતા રૉલેટ કાયદાના અમલ સામેની આ લડત હતી. ગાંધીજીએ ૧૯૧૯ના માર્ચની ૨૩મીએ મદ્રાસથી સૂચનાઓ બહાર પાડી. ઉપવાસ, પ્રાર્થના, હડતાલ, વિરોધસભાઓ વગેરેની સલાહ આપી હતી. પ્રતિજ્ઞાબદ્ધ સત્યાગ્રહીઓએ પ્રેસકાયદાનો અને પ્રતિબંધિત સાહિત્ય અંગેના કાયદાનો સવિનય ભંગ કરવાનો હતો. એપ્રિલની છઠ્ઠીથી તેરમી સુધીનું એક આખું અઠવાડિયું આ કામ માટે રાખવામાં આવ્યું હતું. અડધો ડઝનેક સ્થળે પોલીસના ગોળીબાર અને લોક–હિંસાના બનાવો બન્યા. અમૃતસરમાં સરકારી ફોજોએ ૪૦૦૦ નિઃશસ્ત્ર શહેરીઓને ઠાર કર્યા અને ૧૨૦૦ને ઘાયલ કર્યા. પંજાબમાં લશ્કરી કાયદો જાહેર કરવામાં આવ્યો. એ સમય રાષ્ટ્રીય અપમાનનો હતો.

ગાંધીજીએ ૧૯૧૯ ના એપ્રિલની ૧૮ મીએ લડત મોકૂફ રાખી અને જણાવ્યું કે મેં અનિષ્ટનાં બળોની ખોટી ગણતરી કરી હતી, અને 'હિમાલય જેવડી ભૂલ' કરી છે. પણ એમણે સત્યાગ્રહમાં પોતાની શ્રદ્ધાનું પુનર્‌સમર્થન કર્યું, અને ભારપૂર્વક જણાવ્યું કે સત્યાગ્રહ આ હિંસાના બનાવોનું કારણ નથી પણ એને અંકુશમાં રાખનારી અસર છે.

(૭) અહિંસક અસહકાર: ઑગસ્ટ ૧, ૧૯૨૦:—આ બીજી અખિલહિન્દવ્યાપી લડત હતી. એ લડત પંજાબ, ખિલાફતઅન્યાયો, અને સ્વરાજપ્રાપ્તિ માટેની હતી. ખિલાફત કમીટિએ ગાંધીજીના કાર્યક્રમનો સ્વીકાર કર્યો હતો. ગાંધીજીએ ઑગસ્ટની પહેલી તારીખે પોતાનો કૈસરે–હિંદ–ચાંદ સોંપી દીધો અને અહિંસક અસહકારની લડત શરૂ કરી.

અહિંસક અસહકાર, સપ્ટેમ્બર ૪, ૧૯૨૦:—કલકત્તા ખાતે કૉંગ્રેસના ખાસ અધિવેશનમાં અસહકારની લડતને અપનાવવામાં આવી. ઇલકાબો અને માનદ હોદ્દાઓનો ત્યાગ, સરકારી શાળા–કૉલેજો, અદાલતો, ચૂંટણીઓ અને ધારાસભાઓનો અસહકાર, રાષ્ટ્રીય શાળાઓ ખોલવી, પચાયતો સ્થાપવી, કૉંગ્રેસના સભ્યો વધારવા, ખાદીનો પ્રચાર, સ્વરાજ ફંડનું ઉઘરાણું વગેરે આ કાર્યક્રમની કેટલીક મહત્ત્વની બાબતો હતી. ૧૯૨૧ ના અંત સુધીમાં આશરે ૩૦૦૦૦ માણસો જેલમાં ગયા હતા. ૧૯૨૨ ના ફેબ્રુઆરીમાં બારડોલી તાલુકામાં ના–કર ની લડત સહિત અસહકારના સંપૂર્ણ કાર્યક્રમનો અમલ કરવાનો હતો. દરમ્યાન, ચૌરીચૌરા ખાતે હિંસા થઇ; અને ગાંધીજીએ તરત જ પોતાનો બારડોલીનો કાર્યક્રમ મોકૂફ રાખ્યો. માર્ચની ૧૦ મીએ એમને ગિરફતાર કરવામાં આવ્યા, અને



માર્ચની ૧૮ મીએ છ વર્ષની સજા થઈ. ૧૯૨૨ના નવેમ્બરમાં લડતને મોકૂફ રાખવામાં આવી અને ધારાસભા–પ્રવેશનો કાર્યક્રમ જોર પર આવતો ગયો. કોઈ તાત્કાલિક પરિણામ દૃષ્ટિગોચર થતું નહોતું; પણ જનસમુદાયમાં સ્પષ્ટ જાગૃતિ દેખી શકાતી હતી.

(૮) વિકોમ (ત્રાવણકોર) ૧૯૨૪–૨૫:—ત્રાવણકોર રાજ્યના વિકોમ નામના ગામડામાં જાહેર રસ્તા પરથી અસ્પૃશ્યોને પસાર થવા દેવામાં આવતા નહોતા. થોડાક સ્વયંસેવકોએ હરિજનોની સાથે એ રસ્તા પરથી પસાર થવાનો પ્રયત્ન કરીને સત્યાગ્રહ શરૂ કર્યો. રાજ્યે પોલીસમદદ આપીને સવર્ણોનો પક્ષ લીધો. અંતરાયો ઊભા કરવામાં આવ્યા, અને પોલીસકૉર્ડન ગોઠવવામાં આવી. ગાંધીજીએ એવી સૂચના કરી કે સ્વયંસેવકોએ પ્રાર્થનાલીન બનીને અંતરાયોની આગળ ઊભા રહેવું. આખરે, રાજ્યે પોતાની મદદ પાછી ખેંચી લીધી અને સવર્ણોએ નમતું જોખ્યું. ૧૯૩૬ માં ત્રાવણકોરના મહારાજાએ હરિજનો સહિત તમામ હિન્દુઓને માટે રાજ્યનાં તમામ મંદિરો ખુલ્લાં મૂકયાં.

(૯) મદ્રાસ, ઑગસ્ટ, ૧૯૨૭:—મદ્રાસના કેટલાક કૉંગ્રેસીઓએ ૧૮૫૭ના બળવા સાથે સંકળાયેલા નેઇલ નામના એક બ્રિટિશ જનરલનું બાવલું દૂર કરવા માટે ૧૯૨૭ના ઑગસ્ટમાં સત્યાગ્રહ શરૂ કર્યો. ગાંધીજીએ "યંગ ઇન્ડિયા" માં આ સત્યાગ્રહને ટેકો આપ્યો. થોડા વખત પછી સત્યાગ્રહ બંધ પડ્યો. ૧૯૩૭ માં કૉંગ્રેસ પ્રધાનમંડળે એ બાવલું કાઢી નાખ્યું.

(૧૦) બારડોલી (ગુજરાત) ફેબ્રુઆરી, ૧૨, ૧૯૨૮:—બારડોલી તાલુકામાં રીવીઝન સેટલમૅન્ટ અફસરોએ જમીનમહેસૂલમાં વધારો કરવાથી ના–કર ની લડત ઉપાડવામાં આવી. લડત છ માસ જેટલી ચાલી. ખેડૂતોએ ભારે યાતનાઓ સહન કરી. ટાંચ, જપ્તી, ગિરફતારીઓ વગેરે ચાલુ રહ્યું. છેવટે સરકારે તપાસ કરવાનો હુકમ કર્યો. બ્રૂમફીલ્ડ કમીટિને એવું જણાયું કે ખેડૂતો સાચા હતા; અને જમીનમહેસૂલમાંનો ૨૨ ટકા વધારો એ તો 'નરી લૂંટ' જ હતી.

(૧૧) સવિનય ભંગ: માર્ચ ૧૨, ૧૯૩૦:—અખિલ હિંદ સત્યાગ્રહની આ ત્રીજી લડત હતી. ૧૯૨૯ના ડિસેમ્બરમાં કૉંગ્રેસે પોતાના ધ્યેય તરીકે મુકમ્મિલ આઝાદી જાહેર કરી અને ૧૯૩૦ના જાન્યુઆરીની ૨૬મીને હિંદભરમાં સ્વાતંત્ર્યદિન તરીકે ઊજવવામાં આવ્યો. સ્વરાજ માટેની લડતમાં ભાગ લેવા માગનારા તમામે પ્રતિજ્ઞા લીધી. માર્ચની ૧૨મી તારીખે ગાંધીજીએ અમદાવાદથી દાંડીની ૨૦૦ માઈલની ઐતિહાસિક કૂચ શરૂ કરી. નિમકના કાયદાનો ભંગ કરવા માટે એપ્રિલની ૬ઠ્ઠી તારીખ મુકરર કરવામાં આવી હતી. લાખો માણસોએ નિમકના કાયદાનો ભંગ કર્યો અને જેલમાં ગયા. ધારાસણા, વડાલા, શિરોડા, સેનકટ્ટા ખાતેના મીઠાના અગરો ઉપર હુમલા કરવામાં આવ્યા. લાઠીનો છૂટથી ઉપયોગ થયો. એકલા ધારાસણામાં જ ૨૮૯ સ્વયંસેવકો ઘાયલ થયા હતા. બીજા પણ સંખ્યાબંધ કાનૂનોનો ભંગ કરવામાં આવ્યો હતો. ૧૯૩૧ના માર્ચ સુધીમાં ૬૫૦૦૦થી વધુ માણસો જેલમાં ગયા. લાઠીમારથી હજારો ઘાયલ થયા. કેટલેક સ્થળે ગોળીબારો

થયા. અમુક વિભાગોમાં ના-કર ની લડત પણ શરૂ કરવામાં આવી. ૧૯૩૦ના મેમાં ગાંધીજી જેલમાં ગયા. એકાદ માસની વાટાઘાટો પછી વિખ્યાત ગાંધી—ઇરવિન તહકૂબી પર ૧૯૩૧ના માર્ચ ની ૫ મી તારીખે સહી થઈ. તમામ ઑર્ડિનન્સો પાછા ખેંચી લેવાયા. નિમકના કાનૂનને હળવો કરીને ગરીબ લોકોને મીઠાનો ઉપયોગ મફત કરવાની છૂટ આપવામાં આવી.

(૧૨) સીરસી-સિદ્દાપુર, હીરેકરૂર (કર્ણાટક), નાકર લડત, માર્ચ, ૧૯૩૧:—પાક નિષ્ફળ જવાથી કર્ણાટકના ત્રણ તાલુકામાં ખેડૂતોએ સરકારને મહેસૂલ મોકૂફ રાખવા વિનંતિ કરી, પણ સરકારે ના પાડી; અને કહ્યું કે આ તો રાજકીય હિલચાલ છે. એ સમય સવિનય ભંગની લડતનો હતો. ખેડૂતોને ના-કરની લડતનો આશરો લેવો પડ્યો. મિલકત પર ટાંચ, જપ્તી અને બીજી પજવણીઓ શરૂ થઇ. પણ ખેડૂતો અડગ રહ્યા. ગાંધી—ઇરવિન તહકૂબી પછી પણ આ લડત ચાલુ રહી, કેમકે એ રાજકીય લડત નહોતી. ગાંધીજીએ એને પોતાનો નૈતિક ટેકો આપ્યો. સ્થાનિક સત્તાવાળાઓએ ૧૯૩૧ના મેમાં થોડી છૂટછાટો આપવાનું કબૂલ કર્યું. ટાંચ મારેલી મિલકત પાછી સુપરત કરવામાં આવી. જપ્તીની નોટિસો પાછી ખેંચાઈ. ગિરફતાર થયેલા ઈસમોને છોડી મૂકવામાં આવ્યા. અને બાકી રહેલા મુકદ્દમાઓ રદ થયા. નવેમ્બરમાં સીરસી અને સિદ્દાપુરમાં વધારે છૂટછાટો જાહેર કરવામાં આવી.

(૧૩) ફરી વાર સવિનય ભંગ, ડિસેમ્બર ૩૧, ૧૯૩૧:—લંડનની બીજી ગોળમેજીમાંથી ગાંધીજી ૧૯૩૧ના ડિસેમ્બરની ૨૮મીએ હિંદ પાછા ફર્યા. દરમ્યાન, યુક્તપ્રાંત અને સરહદમાં એક ઑર્ડિનન્સ જાહેર કરવામાં આવ્યો હતો. જવાહરલાલ નેહરુ અને ખાન અબ્દુલ ગફારખાનને ગિરફતાર કરવામાં આવ્યા હતા. ગાંધીજીએ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવાનો હતો. એમણે વાઈસિરોયની મુલાકાત લેવાનો પ્રયાસ કર્યો. પણ વાઇસરોયે ઑર્ડિનન્સો અને ગિરફતારીઓ અંગે ચર્ચા કરવાની ના પાડી. કૉંગ્રેસને સવિનય ભંગ ફરી હાથ ધરવાની ફરજ પડી. ગાંધીજીએ ફરી એક વાર વાટાઘાટનો પ્રયાસ કરી જોયો. પણ લોર્ડ વિલિંગ્ડને નિર્બંધ મુલાકાત આપવાની ના પાડી. ૧૯૩૨ના જાન્યુઆરીની ૪થી તારીખે ગાંધીજી અને વલ્લભભાઇ પટેલ ગિરફતાર થયા. ઑર્ડિનન્સ જાહેર કરવામાં આવ્યો. સૈકડો કૉંગ્રેસ કમીટિઓ, સંખ્યાબંધ રાષ્ટ્રીય શાળાઓ, કિસાનસભાઓ વગેરેને ગેરકાયદેસરની જાહેર કરવામાં આવી. હજારો આગેવાન કૉંગ્રેસકાર્યકરોને અટકમાં કે જાપ્તા હેઠળ લેવામાં આવ્યા. હજારોએ કાયદા ભંગ કર્યા; પરદેશી કાપડ અને પરદેશી પેઢીઓ તથા વેપારી સંસ્થાઓનો અસહકાર જોરદાર બન્યો. ગુજરાત, કર્ણાટક, અને બંગાળમાં ના-કર ની લડતો શરૂ કરવામાં આવી. ૧૯૩૨ ના સપ્ટેમ્બરમાં ગાંધીજીના હરિજનઉપવાસ અંગે ધ્યાન ફંટાયું. ૧૯૩૨ના અંત સુધીમાં એક લાખ માણસો જેલમાં ગયા હતા. પેશાવર અને બીજાં સ્થળોએ ગોળીબારો થયા હતા. ૧૯૩૩ના મેમાં સવિનય ભંગ મોકૂફ રખાયો, અને વ્યક્તિગત સવિનય ભંગ શરૂ થયો. ૧૯૩૪ના જુલાઇ સુધી તે ચાલુ રહ્યો; અને પછી ગાંધીજીની ભલામણથી અ. હિં. કૉં. મહાસમિતિએ સમગ્ર

લડતને મોકૂફ રાખી. ગાંધીજીનો સંદેશો જનસમુદાયમાં વ્યાપક રીતે ફેલાયો; અને ધારાસભાઓની ચૂંટણીઓમાં કૉંગ્રેસને સાત પ્રાંતોમાં બહુમતી મળી.

(૧૪) વ્યક્તિગત સત્યાગ્રહ : ઑક્ટોબર, ૧૯૪૦:—વાણીસ્વાતંત્ર્યનો આમાં પ્રશ્ન હતો. ગાંધીજીની દલીલ એ હતી કે દરેક હિંદીને યુદ્ધ અંગે પોતાના વિચારો વ્યક્ત કરવાની અને પ્રચાર કરવાની છૂટ હોવી જોઈએ. પણ સરકારે એ વાત મંજૂર ન કરી. યુદ્ધવિઘાતક અને નીતિનાશક છે એવો યુદ્ધની વિરુદ્ધમાં પહેલો ઉપદેશ દેવા માટે પ્રથમ સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ વિનોબા ભાવેને પસંદ કર્યા. વિનોબા ગિરફતાર થયા અને એમને સજા થઈ. આ સત્યાગ્રહમાં આશરે ૩૦ હજાર લોકોને સજા થઈ અગર તો અટકાયતમાં લેવામાં આવ્યા. પ્રાન્તિક ધારાસભાઓના આશરે ૪૦૦, અને મધ્યસ્થ ધારાસભાના ૩૧ સભ્યો, તથા કૉંગ્રેસ કારોબારીના બધા જ સભ્યોને ગિરફતાર કરવામાં આવ્યા. આ “પ્રતિનિધિ સત્યાગ્રહ” હતો. ગાંધીજીને પોતાને ગિરફતાર કરવામાં આવ્યા નહોતા. ૧૯૪૧ના ડિસેમ્બરમાં સરકારે સમાધાનની હિલચાલ તરીકે તમામ વ્યક્તિગત સત્યાગ્રહીઓને છોડી મૂકયા, જોકે કૉંગ્રેસે આ દિશામાં કોઇ હિલચાલ કરી નહોતી. કૉંગ્રેસે લડત સજીવન કરી નહિ. જાપાન હિન્દના સીમાડાની બહુ જ નજદીક હોવાથી સ્વપર્યાપ્તતા અને સ્વરક્ષણના પ્રશ્નમાં જ એનું ધ્યાન રોકાયું હતું.

(૧૫) ‘હિન્દ છોડો’ લડત, ઑગસ્ટ ૮, ૧૯૪૨:—ક્રિપ્સ વાટાઘાટો નિષ્ફળ જવાથી ગાંધીજીએ ‘હિન્દ છોડો’ લડત શરૂ કરી. જ્યારે બ્રિટિશ સરકારે હિંદી આઝાદીનો સ્વીકાર કરવાની તથા સાચી રીતે આપવાની ના પાડી, ત્યારે મુંબઈમાં અ. હિં. કોં. મહાસમિતિએ ૧૯૪૨ના ઑગસ્ટની ૮મી તારીખે એવી જાહેરાત કરી કે હિન્દની પાસે પોતાની મુક્તિના હક્ક માટે ગાંધીજીની આગેવાની હેઠળ અહિંસક સામુદાયિક લડત મંજૂર કરવા સિવાય બીજો કોઇ આરો નથી. ઠરાવ પસાર થયા પછી ગાંધીજીએ જણાવ્યું હતું કે લડત શરૂ કરતાં પહેલાં વાઇસરોય સાથે હું પત્રવ્યવહાર કરીશ. આમ છતાં સરકારે રાહ ન જોઈ, અને ૧૯૪૨ના ઑગસ્ટની ૯મીની સવારે ગાંધીજીને જ નહિ પણ કારોબારીના સભ્યો તથા હજારો કૉંગ્રેસીઓને ગિરફતાર કરી તેઓને અટકમાં લીધા. કેટલા ય ઑર્ડિનન્સો બહાર પડયા અને કૉંગ્રેસસંસ્થાઓ ગેરકાયદેસર જાહેર થઇ.

માંદગીને કારણે ૧૯૪૪ની ૬ઠ્ઠી મેના રોજ ગાંધીજીને છોડવામાં આવ્યા.



ગાંધીજીની જેલયાત્રા


(૧) દક્ષિણ આફ્રિકામાં

સમય	સ્થળ	વિગતો
જાન્યુઆરી ૧૦, ૧૯૦૮	જોહાનિસબર્ગ	બે માસની સાદી કેદની સજા, જાન્યુઆરી ૩૦, ૧૯૦૮ના રોજ મુક્તિ.
ઑક્ટોબર ૧૫, ૧૯૦૮	વૉલ્કરસ્ટ અને પ્રિટોરિયા	જુદી જુદી જેલોમાં બે માસ.
નવેમ્બર ૬, ૧૯૧૩	પામફોર્ડ	ગિરફતાર થયા અને જામીન પર છૂટ્યા.
નવેમ્બર ૮, ૧૯૧૩	સ્ટેન્ડર ટાઉન	ગિરફતાર થયા અને જામીન પર છૂટ્યા.
નવેમ્બર ૯, ૧૯૧૩	ટીકવર્થ	ગિરફતાર થયા અને કામ ચલાવવા માટે ડૂંડી લઇ જવાયા.
નવેમ્બર ૧૧, ૧૯૧૩	ડૂંડી	નવ માસની સખ્ત કેદની સજા.
નવેમ્બર ૧૭, ૧૯૧૩	વૉલ્કરસ્ટ	ત્રણ માસની સખ્ત કેદની સજા.
નવેમ્બર ૧૭, ૧૯૧૩	વૉલ્કરસ્ટ.	થોડા દિવસ માટે જેલમાં રાખવામાં આવ્યા.
ડિસેમ્બર ૧૯૧૩	બ્લોએમફોન્ટીન	વૉલ્કરસ્ટ બદલી. ડિસેમ્બર ૧૮, ૧૯૧૩ના રોજ મુક્તિ.

ગાંધીજીની પહેલી જેલયાત્રા જોહાનિસબર્ગમાં જાન્યુઆરી ૧૦, ૧૯૦૮ ના રોજ થઇ. ટ્રાન્સવાલ છોડવાના હુકમનો ભંગ કરવા માટે એમને બે માસની સાદી કેદની સજા થઇ હતી. જેલ-કપડાંમાં એમને જોહાનિસબર્ગના કિલ્લામાં લઈ જવામાં આવ્યા હતા; અને હબસીઓ તથા સામાન્ય કેદીઓ સાથે કોટડીમાં ગોંધી મૂકવામાં આવ્યા હતા.

એમની અને જનરલ સ્મટ્સની વચ્ચે સમાધાન થઇ જવાથી ૧૯૦૮ ના જાન્યુઆરી માસની ૩૦મીના રોજ એમને છોડી મૂકવામાં આવ્યા હતા.

જનરલ સ્મટ્સે વચનભંગ કરવાથી, ૧૯૦૮ ના ઑગસ્ટની ૧૬ મી તારીખે ફરીને લડત ઉપાડવામાં આવી; પણ ૧૯૦૮ ના ઑક્ટોબરમાં બે માસ સુધી ગાંધીજીને જેલમાં



પૂરવામાં આવ્યા નહિ. છેક ૧૯૧૩ ના નવેમ્બરની છઠ્ઠી તારીખે જ્યારે એમણે નાતાલમાં ૨૦૩૭ પુરુષો, ૧૨૭ સ્ત્રીઓ, અને ૫૭ બાળકોની ન્યૂકેસલથી ટ્રાન્સવાલની સીમા પર જંગી કૂચની આગેવાની લીધી ત્યારે ટ્રાન્સવાલમાં વૉલ્કરસ્ટથી ૮ માઇલ દૂર પામફોર્ડ ખાતે એમને ગિરફતાર કરવામાં આવ્યા. પણ તરત જ એમને જામીન પર છોડવામાં આવ્યા હતા.

૧૯૧૩ ના નવેમ્બરની ૮ મી તારીખે સ્ટેન્ડરટન ખાતે ગાંધીજીને ફરી વાર ગિરફતાર કરવામાં આવ્યા, અને તરત જ જામીન પર છોડવામાં આવ્યા. ટીકવર્થ ખાતે નવેમ્બરની નવમીએ તેઓ ફરીથી ગિરફતાર થયા અને તેમના ઉપર કામ ચલાવવા માટે નવેમ્બરની ૧૧મીએ તેમને ડૂંડી લઈ જવામાં આવ્યા. ગિરમિટિયાઓને નાતાલ છોડવાની લાલચ આપવા માટે એમને નવ માસની સખ્ત કેદની સજા કરવામાં આવી હતી. પ્રતિબંધિત ઇસમોને ટ્રાન્સવાલમાં પ્રવેશ કરવામાં મદદ કરવા માટે તથા તેઓને ઉશ્કેરવા માટે એમની પર બીજી વાર કામ ચલાવવા એમને વૉલ્કરસ્ટ લઇ જવામાં આવ્યા. બીજા આરોપ માટે એમને ૧૯૧૩ ના નવેમ્બરની ૧૭મી તારીખે ત્રણ માસની સખ્ત કેદની સજા કરવામાં આવી. થોડા દિવસ માટે એમને વૉલ્કરસ્ટ જેલમાં લઈ જવામાં આવ્યા; અને ત્યાંથી હિંદી કેદીઓથી એમને અલગ પાડવા માટે ઓરેન્જ ફ્રી સ્ટેટના પાટનગર બ્લોએમફોન્ટીનમાં લઈ જવામાં આવ્યા.

સમાધાન માટે વાટાઘાટો ચલાવવા ૧૯૧૩ ના ડિસેમ્બરની ૧૮મીએ એમને છોડવામાં આવ્યા. આ સમાધાન હિંદીઓ માટે સંપૂર્ણ રાહતમાં પરિણમ્યું.

એકંદરે, દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને બે માસની સાદી અને નવ માસની સખ્ત કેદની સજા થઈ હતી. પણ જેલમાં તેઓ ૫૮ દિવસ જ રહ્યા છે.

(૨) હિન્દમાં

સમય	સ્થળ	વિગતો
એપ્રિલ ૧૭, ૧૯૧૭	મોતીહારી	ચાલ્યા જવાની નોટિસ મળી, પણ ગિરફ્તાર કરવામાં ન આવ્યા.
એપ્રિલ ૧૦, ૧૯૧૯	કોસી	ગિરફ્તાર થયા અને પાછા મુંબઈ મોકલી દેવામાં આવ્યા.
માર્ચ ૧૦, ૧૯૨૨	સાબરમતી	રાજદ્રોહ માટે ગિરફ્તાર થયા.
માર્ચ ૧૮, ૧૯૨૨	યરવડા	છ વર્ષની સજા થઈ અને યરવડા લઇ જવામાં આવ્યા. ૧૯૨૪ના ફેબ્રુઆરીની ૭ મીએ છોડી મૂકવામાં આવ્યા.
મે ૫, ૧૯૩૦	યરવડા	કરાડી ખાતે ગિરફ્તાર થયા અને યરવડા લઈ જવામાં આવ્યા. ૧૯૩૧ના જાન્યુઆરીની ૨૬મીએ છૂટ્યા.
જાન્યુઆરી ૪, ૧૯૩૨	યરવડા	મુંબઈમાં ગિરફ્તાર થયા અને યરવડા લઈ જવામાં આવ્યા ૧૯૩૩ના મેની ૮ મીએ છૂટ્યા.
જુલાઈ ૩૧, ૧૯૩૩	યરવડા	ગિરફ્તાર થયા અને અટકાયતમાં રાખવામાં આવ્યા. મુક્તિ મળી, પણ ૧૯૩૩ના ઑગસ્ટની ૪ થી તારીખે અંકુશ હેઠળ રાખવામાં આવ્યા.
ઑગસ્ટ ૯, ૧૯૩૩	પૂના	એક વર્ષની સજા થઈ. ૧૯૩૩ના ઑગસ્ટની ૨૩મીએ છૂટ્યા.

ઑગસ્ટ ૯, ૧૯૪૨ આગાખાન મહેલ મુંબઈમાં ગિરફતાર થયા અને આગાખાન મહેલમાં અટકાયતમાં રાખવામાં આવ્યા. માંદગીને કારણે ૧૯૪૪ના મેની છઠ્ઠીએ છૂટ્યા.

ગાંધીજી હિન્દના સત્તાવાળાઓ સાથે ૧૯૧૭ ના એપ્રિલની ૧૭ મી તારીખે પહેલી જ વાર અથડામણમાં આવ્યા.

ચંપારણના ખેડૂતોનાં દુ:ખની તપાસ કરવા માટે તેઓ મોતીહારી ગયા હતા. એ જિલ્લો છોડવાની એમને નોટિસ આપવામાં આવી, પણ એમ કરવાની એમણે ના પાડી. પાછળથી એમના ઉપર કામ ચલાવવામાં આવ્યું, પણ સજા કરવામાં ન આવી. એમની સામેનો મુકદ્દમો પાછો ખેંચી લેવામાં આવ્યો.

૧૯૧૯ માં સત્યાગ્રહ સપ્તાહ દરમ્યાન (એપ્રિલની ૬ઠ્ઠી થી–૧૩ મી) તાકીદનું તેડું આવવાથી તેઓ પંજાબ જતા હતા તે વખતે દિલ્હી નજીક કોસી ખાતે એપ્રિલની ૧૦ મીએ એમને ગિરફતાર કરવામાં આવ્યા, અને પાછા મુંબઈ મોકલી દેવામાં આવ્યા. પણ કોઇ મુકદ્દમો ચલાવવામાં આવ્યો નહોતો.

ત્યારબાદ ૧૯૨૨ ના માર્ચની ૧૦ મી તારીખે સાબરમતી ખાતે 'યંગ ઇન્ડિયા' માંના ત્રણ લેખો માટે રાજદ્રોહના આરોપસર એમને ગિરફતાર કરવામાં આવ્યા અને છ વર્ષની સાદી કેદની સજા કરવામાં આવી; અને યરવડા મોકલી આપવામાં આવ્યા. ત્યાં એમને એપેન્ડિસાઇટિસ થવાથી ૧૯૨૪ ના ફેબ્રુઆરીની ૭ મી તારીખે છોડી મૂકવામાં આવ્યા.

ત્યારપછી ૧૯૩૦ ના માર્ચની ૧૨ મી તારીખે મહાન દાંડીકૂચ આવી. તેઓ કરાડીમાં આવ્યા અને નિમકના કાયદાનો ભંગ કર્યો, પણ ગિરફતાર કરવામાં આવ્યા નહિ. આમ છતાં ૪ થી મેની રાતે તેમને લઈ જવામાં આવ્યા; અને કામ ચલાવ્યા વગર જ મેની ૫ મીએ યરવડા જેલમાં રાખવામાં આવ્યા. ૧૯૩૧ ના જાન્યુઆરીની ૨૬ મી તારીખે એમને છોડી મૂકવામાં આવ્યા. લોર્ડ ઇરવિન સાથેની એમની વાટાઘાટોને પરિણામે વિખ્યાત ગાંધી–ઈરવિન તહકૂબી થઈ.

૧૯૩૧ ની ૩૧ મી ડિસેમ્બરે ફરીથી સવિનય ભંગ શરૂ કરવામાં આવ્યો અને ૧૯૩૨ ના જાન્યુઆરીની ૪ થી તારીખે સવારમાં વહેલા ગાંધીજીને વલ્લભભાઇ પટેલની સાથે ગિરફતાર કરવામાં આવ્યા, અને ૧૮૧૮ ના ધારા હેઠળ કામ ચલાવ્યા વગર જ અટકાયતમાં લેવામાં આવ્યા.

ગાંધીજીએ ૨૧ દિવસના આત્મશુદ્ધિના ઉપવાસ શરૂ કર્યા, એટલે ૧૯૩૩ ના મેની ૮મી તારીખે એમને છોડી મૂકવામાં આવ્યા. સામુદાયિક સવિનય ભંગ પાછો ખેંચી લેવામાં આવ્યો, અને વ્યક્તિગત સવિનય ભંગ શરૂ કરવામાં આવ્યો. જુલાઇની ૩૧મીએ વ્યક્તિગત

સવિનય ભંગ કરવાનો એમણે નિર્ણય કર્યો. એમને ગિરફતાર કરીને થોડા દહાડા માટે યરવડામાં અટકાયતમાં રાખવામાં આવ્યા. પણ એમને મુક્તિ આપવામાં આવી અને ઑગસ્ટની ૪થી તારીખે અંકુશ હેઠળ રાખવામાં આવ્યા. એ જ દિવસે એમણે એનો ભંગ કર્યો અને ત્યારબાદ એમને એક વર્ષની સાદી કેદની સજા કરવામાં આવી. એમને યરવડામાં પૂરવામાં આવ્યા.

હરિજનોને કોમી ચુકાદા હેઠળ અલગ મતદાર મંડળો આપવા સામે વિરોધ તરીકે એમણે ઉપવાસ શરૂ કર્યો. જેને પરિણામે તેમને મુક્તિ આપવામાં આવી. પોતાની સજાની મુદત ૧૯૩૪ના ઑગસ્ટની ૪થી તારીખે પૂરી થાય ત્યાં સુધીના સમય દરમ્યાન અસ્પૃશ્યતાનિવારણનું કાર્ય જ કરવાનો એમણે નિર્ણય કર્યો.

ગાંધીજીની છેલ્લી ગિરફતારી ૧૯૪૨ની ૯મી ઑગસ્ટે મુંબઈમાં થઈ હતી. હિંદ સંરક્ષણ ધારાની ૨૬ મી કલમ અનુસાર એમને અટકમાં લઈને આગાખાન મહેલમાં પૂરવામાં આવ્યા. રક્તક્ષીણતા અને બીજી કેટલીક બિમારીથી એમની જિંદગી ભયમાં આવી પડતાં ૧૯૪૪ના મેની ૬ઠ્ઠી તારીખે સવારના ૮ વાગ્યે એમને મુક્તિ આપવામાં આવી.

એકંદરે હિંદમાં એમને સાત વખત ગિરફતાર કરવામાં આવ્યા અને બે વખત કુલ્લે ૭ વરસની સજા થઈ હતી. અનિશ્ચિત મુદત સુધી બે વખત અટકાયતમાં રાખવામાં આવ્યા છે. હિન્દનાં જેલખાનાંમાં તેમણે પાંચ વરસ, આઠ માસ અને બાર દિવસ વિતાવ્યાં છે.


SOUTH AFRICA

ગાંધીજીના ઉપવાસો

૧૯૧૩, ફિનિક્સઃ—વસાહત ખાતે બે આશ્રમવાસીઓની નૈતિક શિથિલતા માટે એક અઠવાડિયાના પ્રાયશ્ચિત્ત માટેના ઉપવાસ, સાડા ચાર માસ સુધી રોજનું એક વખતનું ભોજન. થોડા વખત પછી એ જ કારણોસર ૧૯૧૪ માં ફિનિક્સ ખાતે ૧૪ દિવસના ઉપવાસ.

૧૯૧૮, માર્ચ ૧૨, અમદાવાદઃ—અમદાવાદના હડતાલિયાઓની શિથિલતા જોઈને ગાંધીજીએ જાહેર કર્યું કે "જ્યાં સુધી હડતાલિયાઓ સંગઠિત થઈને સમાધાન થતાં સુધી હડતાલ ચાલુ નહિ રાખે ત્યાં સુધી અગર તો તેઓ મિલનો સમૂળગો ત્યાગ ન કરે ત્યાં સુધી હું ખોરાકને અડકીશ નહિ." ત્રણ દિવસના ઉપવાસ પછી હડતાલ બંધ પડી.

૧૯૨૨, ફેબ્રુઆરી બીજું સપ્તાહ, બારડોલીઃ—ચૌરીચૌરાના બનાવ અંગે પાંચ દિવસના ઉપવાસ.

૧૯૨૪, સપ્ટેમ્બર, ૧૮, દિલ્હીઃ—કોહાટ બનાવોને પરિણામે મહમદઅલીના ઘરમાં ૨૧ દિવસના ઉપવાસ.

૧૯૨૫, નવેમ્બર, ૨૪, સાબરમતી આશ્રમવાસીઓની ક્ષતિઓ બહાર આવ્યા પછી ૭ દિવસના ઉપવાસ.

૧૯૩૨, સપ્ટેમ્બર, ૨૦ (બપોરે) યરવડા જેલ :—મેકડોનાલ્ડના કોમી ચુકાદા સામે મીઠા સાથે અગર એના વગર પાણી અને સોડા સિવાય કોઈ પણ ખોરાકનો ત્યાગ કરીને મરણાન્ત ઉપવાસ શરૂ કરવાનો ગાંધીજીનો નિર્ધાર. સપ્ટેમ્બરની ૨૬ મી તારીખે સાંજે પાંચ વાગે ગાંધીજીને સરકારી યાદી સુપરત કરવામાં આવી જેનાથી એમને સંતોષ થયો. પ્રાર્થના અને આનંદની વચ્ચે સાંજે ૫–૧૫ વાગે પારણાં થયાં.

૧૯૩૨, ડિસેમ્બર, ૨૨, યરવડા જેલઃ—આપ્પા સાહેબ પટવર્ધને જેલમાં ઝાડુવાળાનું કામ કરવાની માગણી કરી હતી પણ સત્તાવાળાઓએ તેનો ઈનકાર કરવાથી તેમણે આદરેલા ઉપવાસની સાથે સહાનુભૂતિ બતાવવા માટે ગાંધીજીએ ઉપવાસ કર્યા. બે દિવસમાં જ બાંહેધરી આપવામાં આવતાં પારણાં થયાં.

૧૯૩૩, મે ૮, યરવડા જેલઃ—૨૧ દિવસના આત્મશુદ્ધિના ઉપવાસ. "હરિજન કાર્ય અંગે વધારે મોટી સાવચેતી અને ખબરદારી માટે મારી અને મારા સાથીઓની સંશુદ્ધિ માટેની હાર્દિક પ્રાર્થના." સરકારે ગાંધીજીને તે જ દિવસે છોડી મૂકયા. પૂનામાં પર્ણકૂટીમાં મેની ૨૯ મી તારીખે પારણાં થયાં.

૧૯૩૩, ઑગસ્ટ ૧૬, યરવડા જેલઃ—જેમાં છુટકારા પહેલાં આપવામાં આવેલી સગવડોનો ગાંધીજીએ ઈનકાર કર્યો. જેલમાંથી હરિજનકાર્યની છૂટ ન આપવામાં આવી. ઑગસ્ટની ૨૦ મી તારીખે કેદી તરીકે જ સાસૂન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. ઑગસ્ટની ૨૩ મી સુધીમાં સ્થિતિ ગંભીર બની. બિનશરતી છુટકારો થયો.

૧૯૩૪, જુલાઈ:—ક્રોધાંધ સુધારકે હરિજન ચળવળના વિરોધી ઉપર લાઠીથી હુમલો કર્યો. પરસ્પર વિરોધીઓએ જે અસહિષ્ણુતા બતાવી તે માટે ગાંધીજીએ 'પ્રાયશ્ચિત્ત' રૂપ સાત દિવસના ઉપવાસ કર્યા.

૧૯૩૯, માર્ચ ૩, (બપોરે) રાજકોટઃ—પ્રજા સાથે થયેલી ગંભીર તહકૂબીનો ભંગ કરવાનો રાજકોટનરેશ ઉપર આક્ષેપ મૂક્યો. માર્ચની ૭ મી તારીખે બપોરે ૨–૨૦ વાગ્યે પારણાં થયાં. રાજકોટનરેશની સંમતિથી વાઇસરોયે હિન્દના વડા ન્યાયાધીશ સર મૉરિસ ગ્વાયરના લવાદની સૂચના કરી.

૧૯૪૩, ફેબ્રુઆરી ૧૦, (બપોરે) આગાખાન મહેલ:—અટકાયતમાં ત્રણ અઠવાડિયાંના ઉપવાસ. માર્ચની ૩ જી તારીખે સવારે ૯–૩૪ વાગ્યે પારણાં થયાં. કસ્તૂરબાએ પાણીમાં નારંગીના રસના ૬ ઔંસનો પ્યાલો ગાંધીજીને આપ્યો. એ રસ પી જતાં એમને ૨૦ મિનિટ લાગી હતી.



હું મથવાનો છું તે એવા હિંદ માટે, જેમાં ગરીબમાં ગરીબને પણ એમ લાગે કે એ એમનો પોતાનો દેશ છે; જેના ઘડતરમાં એમનો અસરકારક અવાજ રહેલો હોય; એવું હિંદ કે જેમાં પ્રજાનો કોઈ ઉચ્ચ ન હોય કે નીચ ન હોય, જેમાં સઘળી કોમો સંવાદપૂર્વક જીવતી હોય .... એવા હિંદમાં અસ્પૃશ્યતાના શાપને કે માદક પીણાં અને દ્રવ્યોને કશું સ્થાન ન હોઈ શકે ....સ્ત્રીઓ પુરુષોના જેવા જ અધિકારો ભોગવશે ....આ છે મેં સેવેલાં સ્વપ્નોનું હિંદ.

મો. ક. ગાંધી

ત્રિરંગાનું નિર્માણ

૧૯૦૬:—ત્રણ રંગો–આઠ તારા વાળા કેસરી, વંદેમાતરમ્ સાથે શ્વેત, અને જમણી બાજુએ ચંદ્ર, ડાબી બાજુએ સૂર્યવાળો લીલો ભાગ. ઇંગ્લૅંડ અને ફ્રાન્સમાંના કેટલાક હિંદીઓ જેમણે ‘ હિન્દી રાષ્ટ્રીય ઝંડા ’નો વિચાર કર્યો હતો તેમણે એ ખ્યાલ રજૂ કર્યો હતો, જે હિંદમાં માન્ય થયો નહોતો.

૧૯૧૬:—દ્વિરંગી–લાલ અને લીલો–સુંદર લાલ પટ્ટા–અને ચાર લીલા પટ્ટા, સપ્તર્ષિનું ચિહ્ન. ઉપર મથાળે ડાબી બાજુએ યુનિયન જેક. હોમરૂલ દરમ્યાન પ્રચલિત.

૧૯૨૧:—ત્રણ રંગો—શ્વેત, લીલો અને લાલ. તમામ ભાતમાં ચરખો અ. હિં. મહાસમિતિના બેઝવાડાના અધિવેશન વખતે ગાંધીજીએ હિમાયત કરી. ૧૯૩૧ સુધી કૉંગ્રેસનાં અધિવેશનોમાં વપરાયો. જોકે કૉંગ્રેસે સત્તાવાર રીતે તેને મંજૂર કર્યો નહોતો.

૧૯૩૧:—એક રંગ–કેસરી–ઉપરના ભાગમાં ડાબી બાજુએ ચરખો. કરાંચી કૉંગ્રેસ પછી કારોબારીએ નીમેલી કમીટિએ ભલામણ કરી. કારોબારીએ મંજૂરી ન આપી.

ઑગસ્ટ:—ત્રણ રંગો–કેસરી, શ્વેત, અને લીલો. મધ્યમાં શ્વેત રંગ પર આસમાની રંગમાં ચરખો, લંબાઈ અને પહોળાઈ ૩ : ૨ના પ્રમાણમાં. કારોબારીએ ભલામણ કરી, ધ્વજનું સ્વરૂપ ગાંધીજીએ સૂચવ્યું. રંગ અને ચરખાના સ્થાન અંગે સહેજ ફેરફારો સાથે એનો સ્વીકાર થયો. મહાસમિતિએ મુંબઇમાં સત્તાવાર રીતે એને બહાલી આપી. રંગો કોઈ કોમનાં ચિહ્નો નથી. કેસરી રંગ હિંમત અને બલિદાન માટે, શ્વેત રંગ સત્ય અને શાન્તિ માટે, લીલો શ્રદ્ધા અને તાકાત માટે છે.

૧૯૨૭માં:—‘ યંગ ઇન્ડિયા ’માં ગાંધીજીએ ધ્વજ પરના ચરખાનું મહત્ત્વ સમજાવ્યું હતું: “ ચરખો ધનિક અને નિર્ધન વચ્ચે એકતા ઉત્પન્ન કરવાની શક્તિ છે. પ્રજાના મોટા સમુદાયના જે કલ્યાણ માટે આપણે રાષ્ટ્રીય સેવા કરી રહ્યા છીએ તેની કાર્યકરોના મન ઉપર અસર પાડી શકે એવી કોઇ પણ બાબત હોય તો તે એકલો ચરખો જ છે. ”

૧૯૩૧થી માંડીને એપ્રિલની ૨૬મીને ‘ ઝંડાદિન ’ તરીકે ઊજવવામાં આવે છે.



वंदेमातरम्
1906
1916
1921
1931
1931
August 1st.

ગાંધી તવારીખ

ગાંધી તવારીખ

લેખક : ડી. જી. તેંડુલકર

૧૮૬૯—૧૯૪૪

૧૮૬૯ : મોહનદાસ કરમચંદ ગાંધીનો પોરબંદર અથવા સુદામાપુરી (કાઠિયાવાડ) મુકામે તા. ૨જી ઑક્ટોબરના રોજ કરમચંદ ગાંધી ઉર્ફે કબા ગાંધીને ત્યાં જન્મ. એમનાં ચોથી વારનાં પત્ની પૂતળીબાઈથી થયેલાં એક પુત્રી અને ત્રણ પુત્રોમાં તે સૌથી નાના. ગાંધી કુટુંબ કાઠિયાવાડનાં રાજ્યોમાં બે પેઢીઓથી દીવાનગીરી કરતું આવેલું. પોરબંદરમાં મોહનદાસે ગામઠી શાળામાં અભ્યાસ શરૂ કર્યો.

૧૮૭૬ (વય ૭) : રાજકોટના ન્યાયાધીશપદ અર્થે કરમચંદ ગાંધીએ પોરબંદર છોડ્યું. મોહનદાસે ત્યાં પાંચ વર્ષ પ્રાથમિક શાળામાં ગાળ્યાં.

ગોકુલદાસ મકનજી નામક વેપારીનાં પુત્રી કસ્તૂરબા સાથે સગાઇ. કસ્તૂરબાનો જન્મ ઈ. સ. ૧૮૬૯ માં.

૧૮૮૧–૮૪ (વય ૧૨–૧૫) : રાજકોટમાં કાઠિયાવાડ હાઈસ્કૂલમાં, ઈ. સ. ૧૮૮૭માં મૅટ્રિક થતાં સુધી ત્યાં જ રહ્યા.

તેર વરસની વયે ઇ. સ. ૧૮૮૩માં કસ્તૂરબાઈ સાથે લગ્ન. 'તેર વર્ષે થયેલા મારા વિવાહના સમર્થનમાં એક પણ નૈતિક દલીલ મને નથી સૂઝી શકતી.'

હાઇસ્કૂલના હજુ ચોથા ધોરણમાં જ હતા ત્યાં ધાર્મિક કટોકટીમાંથી પસાર થયા. એમના કેટલાક મિત્રોમાંનો એક એમને વિમાર્ગે દોરી ગયો. રાજકોટમાં ત્યારે 'સુધારાપંથ' પ્રવર્તતો હતો. આ જ દિવસોમાં નર્મદનું નીચલું કાવ્ય નિશાળોમાં ગવાતું :

> 'અંગ્રેજો રાજ કરે, દેશી રહે દબાઇ,
> દેશી રહે દબાઇ, જોને બેનાં શરીર ભાઇ;
> પેલો પાંચ હાથ પૂરો, પૂરો પાંચસેંને.'

'આપણે માંસાહાર નથી કરતા તેથી આપણે નમાલી પ્રજા છીએ' એવી એ મિત્રની દલીલ પરથી મોહનદાસ માનતા થતા કે, 'દેશ આખો માંસાહાર કરે તો અંગ્રેજોને હરાવી શકાય.' કુટુંબ માંસાહારનું સખ્ત વિરોધી હતું. મોહનદાસે કોઈ દેખી ન શકે એવો ખૂણો શોધ્યો. આમ એક વર્ષ વીત્યું હશે. પછી માંસાહાર સદાને માટે છોડ્યો. મોહનદાસને બીડી પીવાનો શોખ લાગેલો, પણ પાછળથી એ છંદ છોડી દીધો.

પંદરેક વર્ષની વયે સોનાના કડાના કકડાની ચોરી કરેલી, પરંતુ પિતાજી પર ચિઠ્ઠી લખીને દોષ કબૂલ કરી, સજા માગી, અને ભવિષ્યમાં ફરી એવો દોષ ન કરવાની પ્રતિજ્ઞા કરી. તેમણે ચિઠ્ઠી વાંચી. આંખમાંથી મોતીનાં બિન્દુ ટપક્યાં. મોહનદાસ પણ પિતાજીને થતું દુઃખ સમજ્યા અને રડ્યા. 'એ મોતી—બિન્દુના પ્રેમબાણે મને વીંધ્યો. હું શુદ્ધ થયો....મારે સારુ આ અહિંસાનો પદાર્થપાઠ હતો. તે વેળા તો મેં એમાં પિતાપ્રેમ ઉપરાંત બીજું ન જોયું.'

૧૮૮૫ (વય ૧૬): રાજકોટ રાજ્યના પેન્શનર પિતાજીનું ૬૩ની વયે અવસાન.

માંદગીને બિછાનેથી પિતાજી તેમના પારસી અને મુસલમાન મિત્રો સાથે તેમના ધર્મ સંબંધે વાર્તાલાપ કરતા. "આવા વાર્તાલાપો વખતે હું 'નર્સ' હોવાથી ઘણી વેળા હાજર હોઉં. આ બધા વાતાવરણની અસર મારા ઉપર એ પડી કે સર્વ ધર્મો પ્રત્યે મારામાં સમાનભાવ પેદા થયો."

૧૮૮૭–૮૮ (વય ૧૮–૧૯): ભાવનગરની શામળદાસ કૉલેજમાં જોડાયા. ત્યાં કશું આવડે નહિ અને પહેલી ટર્મ (એટલે સત્ર) પૂરી કરી ઘેર આવ્યા. કુટુંબના મિત્રે કાયદાના અભ્યાસાર્થે વિલાયત મોકલવાનું સૂચવ્યું. માતાને વિયોગની વાત જ ન ગમી, પરંતુ છેવટે સંમતિ આપી. મોહનદાસે માંસ, મદિરા અને સ્ત્રીસંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લીધી. રૂઢિચુસ્ત જ્ઞાતિજનોમાં એમના પરદેશ જવા અંગે ખળભળાટ ઊઠ્યો. મોહનદાસે તે પર લક્ષ ન આપ્યું. નાતના શેઠે હુકમ કર્યો: 'આ છોકરાને આજથી નાતબહાર ગણવામાં આવશે. જે કોઈ તેને મદદ કરશે અથવા વળાવવા જશે તેને નાત પૂછશે, ને તેનો સવા રૂપિયો દંડ થશે.'

આ વિરોધ છતાં, ભાઈની સહાય અને અનુજ્ઞાપૂર્વક જૂનાગઢના એક વકીલના સંગાથમાં મોહનદાસે ૧૮૮૮ના સપ્ટેમ્બરની ૪થી તારીખે મુંબઈનું બંદર છોડયું. મહિનાને આખરે સાઉથેમ્પ્ટન બંદરે પહોંચ્યા. સ્ટીમર પર કાળાં કપડાં પહેરતા, અને સફેદ ફ્લાલીનનાં કપડાં પહેરીને કાંઠે ઊતર્યા. 'આવાં કપડાં પહેરનારો મને એકલાને જ મેં જોયો.'

સારા અંગ્રેજ સમાજમાં શોભે એવાંએવાં નવાં કપડાં અને 'ચીમની' ટોપી ખરીદ્યાં. નાચવાના એક વર્ગમાં છએક પાઠ લીધા, પરંતુ તાલસર પગ પાડવાનું મુશ્કેલ જણાયું. પાશ્ચાત્ય સંગીતના તાલસૂરની ગમ પડે તે માટે વાયોલિન વગાડતાં શીખવાનું શરૂ કર્યું. છટાદાર ભાષણ કરવાના તથા ફ્રેન્ચ ભાષાના પાઠ શીખ્યા. થોડા જ સમયમાં 'સભ્ય' બનાવવાની આ ઘેલછા છોડી દીધી અને જીવનમાં સંપૂર્ણ પરિવર્તનનો નિશ્ચય કર્યો.

૧૮૮૯–૯૧ (વય ૨૦–૨૨): ખરચના ફાર્ધિંગેફાર્ધિંગનો હિસાબ રાખવા માંડ્યો. રહેણીનું ખર્ચ અરધું કરી નાખવાનો નિર્ણય કર્યો. કુટુંબોમાં રહેતા હતા તેને બદલે પોતાની જ કોટડી લઈને રહેવા લાગ્યા. હમેશાં આઠદસ માઈલ પગે ચાલી નાખીને ગાડીભાડું બચાવ્યું. સાદી રહેણીનાં પુસ્તકો વાંચવામાં આવ્યાં ને સવારનું હાથે પકાવવાનું શરૂ કર્યું. રોજના સવા શિલિંગ પર રહેવા લાગ્યા.

લંડનમાં અન્નાહારીઓના એક સંમેલનમાં પહેલવહેલું જાહેર ભાષણ આપ્યું, પણ પહેલા વાકયથી આગળ ચાલી જ ન શકયા.

ઉત્કટ અભ્યાસનો સમય. લંડન મેટ્રિકયુલેશનની પરીક્ષામાં બીજી વાર બેઠા અને પાસ થયા.

વિલાયતમાં રહેતાં વર્ષેક થયું હશે તેવામાં બે થીઓસૉફિસ્ટ મિત્રોની ઓળખાણ થઇ. એડવિન આર્નોલ્ડનો ગીતાજીનો અનુવાદ 'The Song celestial' એ વાંચતા હતા પરંતુ પછી એમની સાથે એ સંસ્કૃતમાં વાંચવાને તેમને નોતર્યા, એ પહેલાં તેમણે ગીતા સંસ્કૃતમાં કે પ્રાકૃતમાં વાંચી જ નહોતી. તેમના મન પર એની બહુ ઊંડી અસર પડી. પાછળથી એ તેમના હમેશના વાચનનો ગ્રંથ બન્યો.

નાસ્તિકવાદી બ્રેડલૉની અંતક્રિયામાં હાજરી આપી.

દાદાભાઈ નવરોજજીનાં ભાષણોમાં જવા લાગેલા, પણ માત્ર એક જ વાર એમની સાથે વાતચીત થયેલી.

૧૮૯૧-૯૩ (વય ૨૨-૨૪): ૧૮૯૧ની ૧૦મી જૂને બારિસ્ટર કહેવાયા અને ૧૨મી જૂને હિંદુસ્તાન પાછા ફરીને જુલાઇમાં મુંબઇ આવી પહોંચ્યા. એ વિલાયતમાં હતા ત્યારે જ થઇ ચૂકેલા માતાના અવસાનના દુઃખદ સમાચાર પ્રાપ્ત થયા.

કેટલોક સમય રાજકોટ રહ્યા. હાઈકૉર્ટનો અનુભવ લેવા મુંબઈ ગયા. ત્યાં પ્રૅક્ટિસ જમાવવી મુશ્કેલ લાગી. મહિને સરેરાશ ૩૦૦ રૂપિયા કમાતા.

ભાઇના મોં પર એમના ઓળખીતા પોલિટિકલ એજન્ટને મળ્યા. તેમણે ગાંધીની કશી વાત સાંભળવાની ના પાડીને દરવાજો બતાવી દીધો. સર ફિરોઝશાહ મહેતાની સલાહ પુછાવતાં તેમણે જણાવ્યું: 'ગાંધીને કહેજો....તું નવોસવો છે....તું બ્રિટિશ અમલદારને ઓળખતો નથી....જિંદગીનો અનુભવ તને હજુ હવે મળવાનો છે.'

કાઠિયાવાડનું જીવન ખટપટથી ભરેલું લાગ્યું અને પોલિટિકલ એજન્ટ સાથેનો ઝઘડો વકીલાતમાં આડે આવવા લાગ્યો.

દક્ષિણ આફ્રિકામાંની પોરબંદરની એક મેમણ પેઢી અબ્દુલ્લા એન્ડ કં. તરફથી ત્યાં જવાનું કહેણ આવતાં તે સ્વીકારી લીધું.

૧૮૯૩-૯૪ (વય ૨૪-૨૫): ઈ. સ. ૧૮૯૩ના એપ્રિલમાં ગાંધી દક્ષિણ આફ્રિકા ઊપડ્યા. મેના અંતભાગે નાતાલ પહોંચ્યા. એ વખતે એમણે 'ફ્રૉકકોટ' વગેરે પહેર્યાં હતાં અને માથે બંગાળી ઘાટની પાઘડી પહેરી હતી. યુરોપિયનોને હિંદીઓ તરફ તોછડાઇથી વર્તતા જોયા. બીજે કે ત્રીજે દિવસે ડરબનની કૉર્ટ જોવાને તેમને લઇ જવામાં આવ્યા. મૅજિસ્ટ્રેટે તેમને પાઘડી ઉતારવા કહ્યું. તેમણે તે ઉતારવાની ના પાડી, ને કૉર્ટ છોડી. આ કિસ્સા ઉપર પાઘડીના બચાવનો કાગળ છાપામાં લખ્યો. છાપામાં પાઘડીની ખૂબ ચર્ચા થઈ. 'અનવેલકમ વિઝિટર'-'વણનોતર્યો પરોણો'—એવા મથાળાથી છાપે ચઢ્યા અને અનાયાસે જાહેરાત મળી.

હિંદીઓને પોતપોતાના વાડા રચીને બેસી ગયેલા જોયા. મુસલમાન વેપારીઓ પોતાને 'અરબ'ને નામે ઓળખાવે. પારસી પર્શિયન તરીકે ઓળખાવે. મોટો વર્ગ તામિલ, તેલગુ ને ઉત્તર તરફના ગિરમિટિયાનો અને ગિરમિટમુક્ત હિંદીઓનો હતો. આ ગિરમિટિયાને અંગ્રેજો 'કુલી' તરીકે ઓળખે. અને તેમની સંખ્યા મોટી એટલે બીજા હિંદીઓને પણ કુલી જ કહે. કુલીને બદલે 'સામી' પણ કહે. ગાંધી 'કુલી બારિસ્ટર' જ કહેવાયા.

આગમન પછીના સાતમા કે આઠમા દિવસે પ્રિટોરિયા જવા માટે ડરબન છોડયું. એમના સારુ પહેલા વર્ગની ટિકિટ કઢાવવામાં આવી. એ જ રાતે નાતાલની રાજધાની મેરિત્સબર્ગ પહોંચ્યા. ગોરા ઉતારુને એક જ ડબ્બામાં 'ભાતીગર' ને મળેલી બેઠક ન ગમી. એક અમલદારે આવીને જણાવ્યું, 'આમ આવો, તમારે છેલ્લા ડબ્બામાં જવાનું છે.' ગાંધીએ ના પાડતાં સિપાઇએ ધક્કો મારીને તેમને નીચે ઉતાર્યા. ગાંધી વેઇટિંગરૂમમાં ટાઢે થરથરતા બેસી રહ્યા. રંગદ્વેષનો મહારોગ દૂર કરવા અને તેમ કરતાં જાત ઉપર દુઃખ પડે તે બધાં સહન કરવાનો નિશ્ચય કર્યો.

એ જ રાત્રે ટ્રેન પકડીને સવારે ચાર્લ્સટાઉન પહોંચ્યા—ત્યારપછીની મુસાફરી સિગરામથી કરી. સિગરામની બહારની બે બેઠકમાંની એક પર સિગરામની કંપનીનો એક ગોરો મુખી બેસતો. તેણે ગાંધીને હાંકનારને પડખેની એ બેઠક પર બેસાડીને પોતે અંદર જગ્યા લીધી. થોડાક કલાક જતાં એ મુખીએ પોતાને પાછું એ બેઠક પર બેસવાનું જણાવીને ગાંધીને પગ રાખવાના પાટિયા પર બેસવાનું કહ્યું. ગાંધીએ આનાકાની કરતાં તેમના પર તમાચાનો વરસાદ વરસ્યો અને પેલા ગાળો આપતા રહી તેમને ખેંચવા માંડ્યા. ગાંધીએ બેઠકની પાસેના પિત્તળના સળિયા ઝોડની જેમ પકડી રાખ્યા. રાત પડતાં સ્ટેંડરટન પહોંચ્યા અને ત્યાં દાદા અબ્દુલ્લાના મિત્ર લેવા આવ્યા. સિગરામ કંપનીના એજન્ટ પર ચિઠ્ઠી લખીને તેને આ બનાવથી વાકેફ કર્યો, પણ પેલા મારનાર પર કામ ચલાવવાનો વિચાર સુધ્ધાં ન કર્યો.

તે રાત્રે જોહાનિસબર્ગ પહોંચ્યા. ગ્રાન્ડ નૅશનલ હોટેલમાં ઊતરવા ગયા પણ ના પાડવામાં આવી. ચુસ્ત ખ્રિસ્તીઓ સાથે પ્રાર્થનાઓ કરતા તથા ધાર્મિક રોજનીશી રાખતા.

દક્ષિણ આફ્રિકામાંની હિંદીઓની સ્થિતિનો હવે ગાંધીને સંપૂર્ણ અભ્યાસ થઇ ચૂકયો. પ્રિટોરિયામાં હિંદીઓની એક સભા ભરીને તેમની આગળ ટ્રાન્સવાલમાંની સ્થિતિનો ચિતાર રજૂ કર્યો. તેમાં મુખ્ય ભાગે મેમણ વેપારીઓ હાજર હતા. પ્રિટોરિયામાં હિંદુઓની વસતી જ ઘણી થોડી હતી. ગાંધીએ પોતાની જિંદગીનું પહેલું ભાષણ આપ્યું. વેપારમાં સત્યની આવશ્યકતા પર, રહેણીમાં રહેલી ગંદકી દૂર કરવા પર તથા સઘળા જ હિંદીઓ વચ્ચેના ભેદો ભૂલી જવા ઉપર ભાર મૂકયો. લગભગ દરેક હિંદીના સંબંધમાં આવ્યા. પ્રૌઢ શિક્ષણ આપવા માંડ્યા.

ટ્રાન્સવાલ અને ઑરેંજ ફ્રી સ્ટેટના હિંદીઓની હાલતનો ખ્યાલ મેળવ્યો. પ્રિટોરિયામાં મળેલું એક વરસ એમના જીવનમાં અમૂલ્ય થઈ પડ્યું. જાહેર કામ કરવાની શક્તિનું કંઈક માપ મળ્યું અને તે શીખવાનું મળ્યું.

આ વરસમાં એંશીએક જેટલાં પુસ્તકો વાંચી નાખ્યાં. આખું બાઈબલ, કુરાન, ટૉલ્સ્ટૉયનું 'વૈકુંઠ તારા હૃદયમાં છે,' મૅક્સમૂલરનું 'હિંદુસ્તાન શું શીખવે છે?' 'જરથુસ્તનાં વચનો,' ઉપનિષદો વગેરે.

ગાંધીને દક્ષિણ આફ્રિકા લાવનાર કેસનો ઈ. સ. ૧૮૯૪માં પંચ દ્વારા અંત આવ્યો. હિંદુસ્તાન પાછા જવાની તૈયારી કરવા ડરબન ગયા. દાદા અબ્દુલ્લાએ એમને સારુ કરેલા ખાનપાનના મેળાવડામાં 'નાતાલ મર્ક્યુરી'નો અંક જોયો. તેમાં 'ઇન્ડિયન ફ્રૅન્ચાઇઝ' એ મથાળા નીચેના એક ફકરા પર નજર પડી. હિંદીઓના મતાધિકાર લઇ લેવાનો કાયદો નાતાલ સરકાર ઘડી રહી હતી. હિંદીઓએ ગાંધીને રહી જવાનો આગ્રહ કર્યો અને તે કેટલોક વખત રોકાવાને સંમત થયા.

એ જ રાતે ગાંધીએ ધારાસભા પર મોકલવાને અરજી ઘડી કાઢી. કાર્યવાહક સમિતિ નિમાઇ અને તેના નામે સરકારને તાર કરવામાં આવ્યો કે બિલનો વધુ વિચાર મુલતવી રાખવો. દક્ષિણ આફ્રિકાની ધારાસભા પર ગયેલી હિંદીઓની એ પહેલી જ અરજી. સંસ્થાનોના પ્રધાન લૉર્ડ રિપનને એક જ મહિનામાં દસ હજાર સહીઓ સાથેની જંગી અરજી કરી. જબરી હાજરી સાથેની રોજ સભાઓ ભરાવા માંડી.

ગાંધીએ હિંદુસ્તાન પાછા ફરવાની રજા માગી પણ લોકોએ રહી જવાનો આગ્રહ કર્યો. વકીલ તરીકેનું સાલિયાણું સ્વીકાર્યું પરંતુ જાહેર કામને માટે નાણાં લેવાની ના પાડી.

નાતાલની વડી અદાલતમાં ઍડ્વોકેટ તરીકેની સનદ મેળવવા અરજી કરી. ત્યાંની વકીલસભાએ વિરોધ ઉઠાવ્યો પરંતુ અદાલતે સનદ આપી.

કામચલાઉ સમિતિને કાયમી પાયા પર મૂકી. ગાંધીએ હિંદી રાષ્ટ્રીય મહાસભામાં કદી હાજરી નહોતી આપી છતાં દાદાભાઈ પ્રત્યેના આદરને લઈને એ સંસ્થાને 'નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ'નું નામ આપ્યું. ૧૮૯૪ના મેની ૨૨મીએ તેની સ્થાપના થઇ. હિંદી મહાસભાની જેમ નહિ પણ વરસભર તેની કામગીરી ચાલુ રહેવા લાગી. વરસે ઓછામાં ઓછા ત્રણ પૌંડ આપે તે જ સભ્ય થઇ શકે. હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી વગેરે મળીને દર માસે ૩૦૦ જેટલા સભ્યો નોંધાવા લાગ્યા. દરમિયાનમાં લૉર્ડ રિપને મતાધિકાર લઇ લેતું બિલ નામંજૂર કર્યું. આથી હિંદીઓમાં આત્મવિશ્વાસ કેળવાયો.

બાહ્ય ચળવળની સાથોસાથ આંતરિક સુધારણા હાથ ધરવામાં આવી. ભાષણો અપાયાં, ચર્ચાઓ ગોઠવાઈ અને કોંગ્રેસની બેઠકમાં સુખાકારી તથા અંગત આરોગ્યરક્ષણ વગેરેનાં સૂચનો થયાં.

'નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ'ની છત્રછાયા નીચે 'નાતાલ એજ્યુકેશનલ' એસોસીએશન'ની સ્થાપના નાની વયના હિંદીઓના લાભાર્થે કરવામાં આવી.

પ્રચારમાં કશી અતિશયોક્તિ ન હોવી જોઇએ એવો ગાંધીનો આગ્રહ હતો. સમાનતાને દાવે યુરોપિયનો સાથે સહકારના શક્ય એવા એકેએક પ્રસંગનો લાભ લેવામાં આવ્યો. છાપાંઓ પોતે જેટલી હદે છાપી શકે એટલી હદે હિંદી કોમની માહિતી છાપવા લાગ્યાં. હિંદી કોમ પરનાં અણછાજતાં આક્રમણોના જવાબો વાળવામાં આવ્યા. ટ્રાન્સવાલ અને કેપટાઉનમાં નાતાલના નમૂના મુજબની સંસ્થાઓ સ્થપાઇ.

૧૮૯૬ (વય ૨૭): ઘણુંખરું રાજદ્વારી કાર્ય કરતા રહેલા ગાંધીને નાતાલમાં અઢી વરસ થવા આવ્યાં હતાં. વકીલાત પણ સારી જેવી જામી હતી. લોકોને તેમની હાજરીની જરૂર હોવાનું લાગતાં કુટુંબને દેશમાંથી લાવીને નાતાલમાં જ સ્થાયી થવાનું નક્કી કર્યું.

વરસને વચગાળે છ મહિના માટે ગાંધી હિંદુસ્તાન ઊપડયા. સર ફિરોઝશાહ મહેતા, જસ્ટિસ બદરૂદ્દીન તૈયબજી, જસ્ટિસ રાનડે, લોકમાન્ય ટિળક તથા ગોપાલકૃષ્ણ ગોખલે એ હિંદી મહાસભાના નેતાઓ તથા બીજાઓને મળ્યા.

રાણી વિક્ટોરિયાની ડાયમંડ જ્યુબિલીની તૈયારીઓ શરૂ થઈ ગઇ હતી. એ માટેની રાજકોટની એક સમિતિમાં ગાંધી જોડાયા. કુટુંબનાં બાળકોને તથા ટ્રેનિંગ કૉલેજના વિદ્યાર્થીઓને 'ગૉડ સેવ ધ કિંગ' શીખવતા. નાતાલમાં દરેક સભામાં ગવાતું હોઇને તે એ શીખી ગયેલા. 'શુદ્ધ રાજનિષ્ઠા મેં જેટલી મારે વિષે અનુભવી છે તેટલી ભાગ્યે જ મેં બીજામાં જોઈ હોય.' એ ગીતમાંની નીચેની બે લીટીઓ પાછળથી એમને ખટકવા માંડી:

> 'તેના શત્રુઓનો તું નાશ કરજે,
> તેમનાં કાવતરાંને નિષ્ફળ કરજે.'

રાજકોટમાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે ગાંધી પ્લેગ કમિટીમાં જોડાયા. પાયખાનાં વગેરે તપાસવા માંડીને તે સાફ રખાવવા માંડયાં.

દક્ષિણ આફ્રિકામાંની હિંદીઓની હાડમારીઓના હેવાલોએ હિંદની લાગણી ઉત્તેજી મૂકી. રોઇટરે ગાંધીએ રાજકોટથી બહાર પાડેલા 'લીલા ચોપાનિયા'નું તારણ પોતાના શબ્દોમાં ઇંગ્લૅંડ મોકલ્યું કે, 'હિંદમાં પ્રસિદ્ધ થયેલું એક ચોપાનિયું જણાવે છે કે નાતાલમાં હિંદીઓને લૂંટવામાં અને તેમના પર આક્રમણ કરવામાં આવે છે. તેમને પશુતુલ્ય ગણીને તેમની સામે વર્તાવ કરવામાં આવે છે અને કશી દાદ મેળવવાને તેઓ અશક્ત છે. દક્ષિણ આફ્રિકામાં ગાંધી પર એ સંસ્થાનના શુભ નામને કલંકિત કરવાનો આરોપ મુકાયો.

કલકત્તામાં જાહેર સભા મેળવવાની તજવીજ કરતી વખતે જ ગાંધીને ડરબનથી તાર મળ્યો : 'પાર્લામેન્ટ જાનેવારીમાં મળશે. જલદી પાછા ફરો.' પહેલી સ્ટીમરે જવાની ગોઠવણ કરી તેઓ મુંબઈ આવ્યા અને પત્ની અને બે દીકરા (આઠ અને ચાર વર્ષની વયના)ને લઈ નવેમ્બરની ૨૮મીએ બીજી વાર નાતાલ ઊપડયા.

'નાતાલ ઍડવર્ટાઈઝર'માં નીચેની નોટિસ તા. ૩૦ મી ડિસેમ્બરે છપાઈ : 'બંદર પર પહોંચીને એશિયાવાસીઓના ઉતરાણ સામે વિરોધપ્રદર્શન કરવાને સારુ સરઘસ યોજવા માટે તા. ૪થી જાન્યુઆરી ને સોમવારે ભરાનારી સભામાં ડરબનની એકેએક વ્યક્તિ હાજરી આપે.' લગભગ ૨૦૦૦ જેટલા લોકોએ સભામાં હાજરી આપેલી. ગાંધી પ્રત્યે સખ્તમાં સખ્ત નાપસંદગી દર્શાવવામાં આવી. બળનો ઉપયોગ કરવો પડે તો તે કરવાને તત્પર સખ્સોની યાદી સાથે તૈયારીઓ સંપૂર્ણ કરવામાં આવી.

૧૮૯૭–૯૮ (વય ૨૮–૨૯) : ગાંધી આગબોટમાંથી ઊતર્યા (૧૮૯૭) તેવા જ કેટલાક યુરોપિયન છોકરાઓએ એમને ઓળખી કાઢ્યા અને 'ગાંધી, ગાંધી!' એમ બૂમ પાડી. જાણીતા ઍડ્વોકેટ મિ. લૉટને ટોળું વધી જશે એમ જોઈને રિક્ષા મંગાવી, પણ છોકરાઓ શાના બેસવા દે? તેમણે એમના પર કાંકરા, ઈંટાળા, સડેલાં ઈંડાંનો વરસાદ વરસાવ્યો. કોઈએ એમની પાઘડી ઉડાડી દીધી અને લાતો શરૂ થઈ. ગાંધીને તમ્મર આવતાં પડખેના ઘરની જાળી પકડી લીધી. હુમલાખોરો એમને શ્વાસ પણ ખાવા દે તેમ નહોતું. તમાચા પડવા લાગ્યા. એટલામાં પોલીસના વડાની સ્ત્રી જે ગાંધીને ઓળખતી હતી તે ત્યાંથી પસાર થઈ અને ગાંધી પર નજર પડતાં તેમની અને ટોળાની વચ્ચે ઊભી રહી. આથી ટોળું કંઈક નમ્યું.

દરમ્યાન પોલીસટુકડીએ આવીને ગાંધીને ઘેરી લઈ બચાવી લીધા અને તેમને પોલીસ થાણા પર લઈ ગઈ. એક દાક્તર મિત્રે ત્યાં તેમની સારવાર કરી. ગાંધીને થાણામાં આશ્રય લેવાનું કહેવામાં આવ્યું પણ તેમણે ના પાડી અને કહ્યું, 'જ્યારે લોકો પોતાની ભૂલ જોશે ત્યારે શાંત થશે. મને તેમની ન્યાયબુદ્ધિમાં વિશ્વાસ છે.' એમનાં પત્ની અને બાળક જ્યાં હતાં એ પારસી રૂસ્તમજીને ત્યાં પોલીસટુકડી સાથે સહીસલામત પહોંચ્યા.

ગોરાઓએ બહારથી ઘરને ઘેર્યું. 'અમને ગાંધી સોંપી દો' એવી બૂમો ચાલી રહી હતી. પોલીસ સુપરિન્ટેન્ડન્ટે ગાંધીને આવી મતલબનો સંદેશો મોકલ્યોઃ 'જો તમે તમારા મિત્રના મકાનને તેમજ માલને તથા તમારા કુટુંબને બચાવવા માગતા હો, તો તમારે હું સૂચવું તે રીતે આ ઘરમાંથી છૂપી રીતે ભાગવું જોઈએ.' ગાંધીએ હિંદી સિપાઈનો પહેરવેશ પહેર્યો. માથે કદાચ માર પડે તો તેમાંથી બચવા સારુ પિત્તળની એક તાસક રાખી, તે ઉપર મદ્રાસીનો મોટો ફેંટો લપેટ્યો. સાથે બે ડિટેક્ટિવ હતા, તેમાંના એકે હિંદી વેપારીનો પોશાક પહેર્યો. પોતાનું મોઢું હિંદીના જેવું રંગ્યું. ગુણોની થપ્પીઓ તથા વાડો વગેરે ટપીને જે થાણામાં આશ્રય લેવાનું કહેવામાં આવ્યું હતું તે જ થાણામાં પહોંચ્યા.

સંસ્થાનોના મંત્રી જોસફ ચેમ્બરલેને ગાંધી પર હુમલો કરનારાઓ પર કામ ચલાવવા નાતાલ સરકાર પર તાર કર્યો. ગાંધીએ નાતાલ સરકારને જવાબ આપ્યોઃ 'મારે કોઈના ઉપર કામ ચલાવવું નથી.... હું હુમલો કરનારાઓને દોષિત પણ નથી ગણતો. તેમને તો એમ કહેવામાં આવ્યું હતું કે, મેં હિંદુસ્તાનમાં અતિશયોક્તિ કરી નાતાલના

ગોરાઓને વગોવ્યા....દોષ તો ઉપરીઓનો અને, મને કહેવા દો તો, તમારો ગણાય....મારે કોઈના ઉપર કામ ચલાવવું નથી. જ્યારે ખરી હકીકત જાહેર થશે ને લોકો જાણશે ત્યારે તેઓ પસ્તાશે.'

ગોરાઓ શરમાયા. છાપાંઓએ ગાંધીને નિર્દોષ ઠરાવ્યા અને હુલ્લડ કરનારાઓને નિંદ્યા. 'એમ પરિણામે તો મને લાભ જ થયો. અને મારો લાભ તે કાર્યનો જ લાભ હતો. હિંદી કોમની પ્રતિષ્ઠા વધી ને મારો માર્ગ વધારે સરળ થયો.'

આ અરસામાં ગાંધીએ પોતાના જીવનમાં ધરમૂળનો ફેરફાર કરી નાખ્યો. કપડાં હાથે ધોવાનું રાખ્યું. ધોવાની કળાની ચોપડી વાંચીને તે શીખ્યા અને પત્નીને પણ શીખવ્યું. પ્રિટોરિયામાં એક અંગ્રેજ હજામની દુકાને વાળ કપાવવા જતાં તેણે ઘસીને ના પાડી. આથી વાળ કાપવાનો સંચો ખરીદ્યો ને અરીસાની સામે ઊભા રહીને વાળ કાપવાનું શરૂ કર્યું.

જ્યાં બીજાં હિંદી બાળકોને ભણવા દેવામાં નહોતાં આવતાં તેવી શાળાઓમાં પોતાનાં બાળકોને મોકલવાનું ન રુચ્યું. એમનો વ્યવહાર બાળકો સાથે કેવળ ગુજરાતીમાં જ રહેતો તેમાંથી તેમને કંઈક ગુજરાતી મળી રહેતું.

હમેશના સેવાકાર્યની પ્રબળ ઇચ્છાને લઈને ગાંધીએ એક નાનકડી ઇસ્પિતાલમાં દરરોજ કેટલાક કલાકની સેવા આપવા માંડી. આ કાર્યથી દુઃખી હિંદીઓના ગાઢ સંબંધમાં એ આવ્યા, જેમનામાંનો મોટો ભાગ તામિલ અથવા તેલગુ અગર તો ઉત્તર હિંદુસ્તાની ગિરમિટિયાઓનો હતો.

'માને શિખામણ' નામનું પુસ્તક વાંચીને છેલ્લા બે બાળકોને જાતે ઉછેર્યાં અને છેલ્લા બાળકના જન્મ વખતે તો દાઈ તરીકેનું સઘળું કાર્ય જાતે કરવું પડ્યું. વધુ સંતતિની ઇચ્છા ન હોઇને સંયમ માટે મથવા લાગ્યા. એમને લાગ્યું કે પ્રજોત્પત્તિ અને પ્રજાઉછેર જાહેરસેવાનાં વિરોધી છે.

૧૮૯૯–૧૯૦૦ (વય ૩૦–૩૧) : બોઅર યુદ્ધ. ગાંધીની પોતાની લાગણી કેવળ બોઅરો તરફ હતી, પરંતુ આવી બાબતોમાં વ્યક્તિગત વિચારો મુજબ કામ કરવાનો અધિકાર હજુ પોતાને પ્રાપ્ત ન થયો હોવાનું માનતા. બ્રિટિશ રાજ્ય તરફની એમની વફાદારી એમને તે યુદ્ધમાં ભાગ લેવા બળાત્કારે ઘસડી ગઈ. હિંદુસ્તાનની સંપૂર્ણ ઉન્નતિ બ્રિટિશ સામ્રાજ્યમાં થઈ શકે એવો એમનો અભિપ્રાય એ કાળે હતો.

લગભગ ૧,૧૦૦ જણની એક ટુકડી ઊભી કરી. તેમાં લગભગ ૪૦ મુખી હતા. બીજા ત્રણસેંક સ્વતંત્ર હિંદીઓ ભરતીમાં દાખલ થયા હતા. બાકીના ગિરમિટિયા હતા. મહામુસીબતે છેવટે ઘાયલ થયેલાઓની સુશ્રૂષા કરનારી ટુકડી તરીકે તેનો સ્વીકાર થયો. સામાન્ય કાર્યકરોને ડોળી ઊંચકનારનો સામાન્ય પગાર મળતો, જ્યારે મુખીઓ વિનાવેતને સેવા આપતા. માલસામાન તથા ગણવેશો હિંદી વેપારીઓએ પૂરાં પાડ્યાં.

એ દિવસોમાં અધાને ઘણી વાર દહાડાની વીસપચીસ માઈલની મજલ કરવી પડતી, અને એક વખત તો ઘાયલોને ડોળીમાં ઊંચકીને તેટલા માઈલ ચાલવું પડયું હતું. જનરલ વુડગેટ જ્યારે મરણતોલ જખમી થઈને પડયા ત્યારે, છાવણીમાં પહોંચતાં પહેલાં જ એમનું અવસાન થવા ન પામે તે માટે તાપ અને રેતી વેઠીને એમને મોરચા પરની ઇસ્પિતાલમાંથી મથક પરની ઇસ્પિતાલમાં પહોંચાડવામાં ગાંધીએ મદદ કરેલી.

છ અઠવાડિયાંને અંતે ટુકડીને વિદાયગીરી આપવામાં આવી. 'છેવટ હિંદીઓ સામ્રાજ્યના વારસ તો છે જ' એવાં ગીતો ગવાયાં અને બહુ સ્તુતિ થઈ.

લડાઈના કામમાંથી છૂટા થયા પછી ગાંધીને લાગ્યું કે હવે પોતાનું કામ દક્ષિણ આફ્રિકામાં નથી પણ દેશમાં છે. સાથીઓ આગળ મુક્ત થવાની માગણી કરી. મૂળે તો એક જ મહિનાનો ઇરાદો છતાં છ વર્ષ કાઢી નાખ્યાં હતાં. ઘણી મુસીબતે એ માગણીનો સ્વીકાર થયો કે, 'એક વર્ષની અંદર જો કોમને મારી જરૂર જણાય તો મારે પાછું દક્ષિણ આફ્રિકા જવું.'

સંસ્થાનવાસીઓને ભારતવર્ષ પ્રત્યેનો ધર્મ સમજાવ્યો. સન ૧૮૯૭ માં અને ૧૮૯૯ માં દુકાળને સમયે દક્ષિણ આફ્રિકાથી હિંદમાં રાહત અર્થે સારી મદદ ગયેલી. ગિરમિટિયા હિંદીઓએ પણ પોતાનો ફાળો ભર્યો હતો.

૧૯૦૧–૦૨ (વય ૩૨–૩૩) : ઈ. સ. ૧૯૦૧ની આખરે ગાંધી દેશ જવા વિદાય થયા. ઠેકઠેકાણે માનપત્રો આપવાની સભાઓ થઈ. સોનાચાંદી તેમજ હીરાની ભેટ મળેલી વસ્તુઓ ઉપરાંત કસ્તૂરબાને ભેટ મળેલો કીમતી હાર સુધ્ધાં સઘળી વસ્તુઓ પાછી આપી. તેનું ટ્રસ્ટ બન્યું ને તેનો જાહેર કામને સારુ ઉપયોગ, ગાંધીની ઇચ્છા મુજબ અથવા ટ્રસ્ટીઓની ઇચ્છા મુજબ થાય, એ શરતે બેન્કમાં મુકાઈ. 'જાહેર સેવકને અંગત ભેટો ન હોય એવા અભિપ્રાય ઉપર હું આવેલો છું.'

ડિસેમ્બર ૧૯૦૧માં કલકત્તા મુકામે ભરાયેલી હિંદી રાષ્ટ્રીય મહાસભામાં હાજરી આપી. સ્વયંસેવક તરીકે નામ નોંધાવ્યું. સફાઈ રાખવાનાં તથા ગંદકી દૂર કરવાનાં કામો કરી સ્વયંસેવકોને બોધપાઠ આપ્યો. અનુભવ મેળવવાને માટે મહાસભાના સામાન્ય મંત્રીઓમાંના એકના કારકુન અને 'બેરા' (બેરર)નું કામ કર્યું.

પહેલેથી જ ગાંધીને પોતાના સગા નાના ભાઈ તરીકે ગણનાર ગોખલેની સહાયે દક્ષિણ આફ્રિકાની પરિસ્થિતિ અંગે મહાસભામાં ઠરાવ રજૂ કર્યો. ગાંધીની સઘળી પ્રવૃત્તિમાં એ ઊંડો રસ લેતા. ગાંધી ફિરોઝશાહ મહેતા, દીનશા વાચ્છા, ચીમનલાલ સેતલવડ, લોકમાન્ય ટિળક, મોતીલાલ ઘોષ અને સુરેન્દ્રનાથ બેનરજીને મળ્યા. 'સમયનો પુષ્કળ બગાડ થતો જણાયો. આપણા વ્યવહારમાં અંગ્રેજી ભાષાએ મેળવેલું અગ્રગણ્ય સ્થાન પણ ત્યારે ખેદપૂર્વક જોયું.'

બ્રહ્મદેશની ઊડતી મુલાકાત લીધી.

ફરીકામ થતાં પહેલાં ત્રીજા વર્ગમાં હિંદુસ્તાનની મુસાફરી કરી. મુસાફરીને સારુ ગોખલેએ પિત્તળનો ડબ્બો આપ્યો. ગાંધીએ બાર આનાની કંતાનની પાકીટ લીધી. છાયા (પોરબંદર નજીકનું ગામ)ની ઊનનો ડગલો બનાવડાવ્યો હતો. પાકીટમાં એ ડગલો, ટુવાલ, પહેરણ અને ધોતિયું હતાં. ઓઢવાને સારુ એક કામળી હતી. ઉપરાંત એક લોટો સાથે રાખ્યો હતો. આ મુસાફરી કલકત્તાથી રાજકોટ સુધીની હતી. તેમાં કાશી, આગ્રા, જયપુર, પાલણપુર અને રાજકોટ એમ જવાનું હતું. દરેક જગ્યાએ એકએક દિવસ રહ્યા. પાલણપુર સિવાય બધે ધર્મશાળામાં અથવા 'પંડા'ઓને ઘેર, જાત્રાળુઓની જેમ, ઊતર્યા હતા. આટલી મુસાફરીમાં ગાડીભાડા સહિત એકત્રીસ રૂપિયા ખર્ચ થયેલું. ત્રીજા વર્ગની મુસાફરીમાં પણ મેલ કરતાં ઘણેભાગે સામાન્ય ગાડી પસંદ કરતા.

કાશીમાં મંદિરોમાં દર્શને ગયા. બીમારીમાંથી તાજાં જ ઊઠેલાં એની બેસંટનાં દર્શન કર્યાં.

ઈ. સ. ૧૯૦૨ના આશરે માર્ચ મહિનામાં ગાંધીએ મુંબઈમાં ઑફિસ ખોલી. ત્રણ કે ચાર જ મહિના ત્યાં વીત્યા હશે ત્યાં દક્ષિણ આફ્રિકાની પરિસ્થિતિ ગંભીર હોવાનું જણાવતો તાર મળ્યો. ઑફિસ પાછી સંકેલી લીધી અને પહેલી જ મળતી સ્ટીમરમાં ૧૯૦૨ના અંતભાગે ત્યાં જવા રવાના થયા.

૧૯૦૩—૦૫ (વય ૩૪–૩૬): ઇ. સ. ૧૯૦૩ના જાન્યુઆરીની ૧લીએ પ્રિટોરિયા પહોંચ્યા. અમલદારો નવા અને અતડા હતા. એશિયાવાસીઓને સારુ નોખું ખાતું ઊભું કરવામાં આવેલું અને તેના અમલદારોને હિંદીઓ પ્રત્યે કશી સહાનુભૂતિ નહોતી. એશિયાવાસીઓના ખાતાવાળા ડેવિડસનનો સંપર્ક સાધવાનો ગાંધીએ પ્રયાસ કર્યો, પણ નિષ્ફળ ગયો. વારંવારના પ્રયાસો પછી ડેવિડસનની મુલાકાત થતાં તેણે પોતાના મહદનીશને મળવાનું કહેતાં જણાવ્યું કે હિંદીઓનાં હિતની સંભાળ એ રાખતો હતો. સંસ્થાનમાં પાછા ફરવા બદલ ગાંધીને એણે સખ્ત ઊધડા લીધા. અમલદારો ગાંધીથી બીતા રહેવા લાગ્યા.

હિંદીઓને સવિશેષપણે સ્પષ્ટ થઈ ગયું કે ગાંધીએ ટ્રાન્સવાલમાં જ રહેવું જોઇએ અને મુખ્યત્વે અદાલતોમાં જ લડત ચલાવવી જોઈએ. ઍડ્વોકેટ તરીકેની સનદ માટે અરજી કરવામાં આવી. ઇ. સ. ૧૯૦૩ના એપ્રિલમાં સુપ્રીમ કૉર્ટના સંપૂર્ણ લાયક એટર્ની તરીકેની સનદ મળી. 'ટ્રાન્સવાલ બ્રિટિશ ઇન્ડિયન એસોસીએશન'ની સ્થાપના કરી, જેના એ છેલ્લી વાર હિંદ આવવા પર્યંત માનાર્હ મંત્રી અને કાયદાના સલાહકાર હતા.

ઈ. સ. ૧૯૦૪ના માર્ચની ૧લીએ ગાંધીને ચિઠ્ઠી મળી કે, ખાણોમાંથી મરકીના ભોગ બનેલા હિંદીઓને મરેલા કે મરવાની અણી પર પાછા લાવવામાં આવતા હતા. તરત જ ગાંધીએ સંકટને પહોંચી વળવાનું હાથ પર લીધું.

ગીતામાં વધુ ઊંડા ઊતરતાં અંતર્દષ્ટિને ઉત્તેજન મળ્યું. તેર અધ્યાય લગી મોઢે કરી લીધી. વિવેકાનંદનો 'રાજયોગ', 'પાતંજલ યોગદર્શન' વાંચ્યાં. ગીતાનું પુસ્તક એમનો

ધાર્મિક કોપ થઈ પડયું. અપરિગ્રહ, સમભાવ વગેરે શબ્દોએ પકડ જમાવી. 'મારું સર્વસ્વ હું સમર્પી ન દઉં ત્યાં સુધી હું એને અનુસરી ન શકું. અપરિગ્રહી અને સમભાવી થવામાં હેતુનું, હૃદયનું પરિવર્તન આવશ્યક છે એમ મને દીવા જેવું લાગ્યું.' રૂા. ૧૦,૦૦૦ની વીમાની પૉલિસી બંધ કરી દેવાનું મુંબઈ મિત્રોને લખ્યું અને ભાઈને લખ્યું: 'આજ લગી તો મારી પાસે બચ્યું તે તમને અર્પણ કર્યું. હવે મારી આશા છોડજો. હવે જે બચશે તે અહીં કોમને અર્થે વપરાશે.'

આ જ અરસામાં (૧૯૦૪) ગુજરાતી, હિંદી, તામિલ અને અંગ્રેજીમાં નીકળતા અને દક્ષિણ આફ્રિકાના હિંદીઓના પ્રશ્નો ચર્ચતા 'ઇન્ડિયન ઓપીનિયન' નામક સાપ્તાહિકપત્રનું સંપાદનકાર્ય સંભાળ્યું. પોતાની ૨૦૦૦ પાઉંડ જેટલી બચત રકમ તેમાં જોડી. આ પત્રમાં એમણે 'આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન' નામે ચાલુ લેખમાળા લખેલી, જે પાછળથી 'ગાઈડ ટુ હેલ્થ' નામે અંગ્રેજીમાં ભાષાંતર પામી. પશ્ચિમના તેમજ અહીંના અનેક વાચકો પર તેણે જબરી અસર કરેલી છે.

ડરબન જતાં ટ્રેનમાં રસ્કિનનું 'અન્ટુ ધિસ લાસ્ટ' પુસ્તક વાંચી કાઢયું. એ પુસ્તકે એમની જિંદગીમાં તત્કાળ મહત્ત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો. રસ્કિનનું એમણે વાંચેલું આ પહેલું જ પુસ્તક હતું. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો નિશ્ચય કર્યો.

એ નિશ્ચયનું પહેલું ફળ તે 'ઇન્ડિયન ઓપીનિયન'ને એક ખેતર ઉપર લઈ જવાનો નિર્ણય, જ્યાં સહુ એકસરખો ખાધાખરચ પૂરતો ઉપાડ કરે, સહુ પોતાની ખેતી કરે અને બચતા વખતમાં 'ઇન્ડિયન ઓપીનિયન'નું કામ કરે. દરેકનું માસિક ખાધા-ખરચ ત્રણ પાઉંડનું નક્કી કરવામાં આવ્યું. આમ ફિનિક્સ આશ્રમની સ્થાપના થઈ. બોઅર યુદ્ધમાં એમની સાથે કામગીરી બજાવનારા હિંદી સુતારોની મદદથી કારખાના માટે મકાન તૈયાર થયું. આશ્રમમાંથી 'ઇન્ડિયન ઓપીનિયન'નો પહેલો બહાર પડેલો અંક હાથે ચલાવવાના ઘોડા વડે છપાઇને બહાર પડેલો, કારણ કે એંજિન ખોટકાઈ ગયું હતું. 'જ્યાં ખેતી પણ હાથ વડે કરવાની હતી ત્યાં છાપું પણ હાથે જ ચલાવી શકાય એવાં યંત્રોથી ચાલે તો સારું એમ મનમાં હતું.'

ગાંધીને થોડા જ સમયમાં જોહાનિસબર્ગ જવા સારુ આશ્રમ છોડવો પડયો. રસ્કિનની અસર નીચે પોતાના ગૃહજીવનની જે કંઈ પણ પુનર્વ્યવસ્થા કરી શકયા એટલેથી એમને સંતોષ માનવો પડયો. સઘળા શારીરિક શ્રમનો ઉમંગ વધી ગયો. દવાઓ પ્રત્યે તિરસ્કાર વધ્યો. માંચેસ્ટરમાં 'નો-બ્રેકફાસ્ટ એસોસિએશન' સ્થપાયા વિષે વાંચ્યું અને સવારનું ખાણું છોડયું. જુસ્ટનું 'રીટર્ન ટુ નેચર' નામનું પુસ્તક વાંચ્યું અને માટીના ઉપચાર સહિત આરોગ્ય તેમજ આહાર વિષયક વધુ પ્રયોગો આદર્યા.

૧૯૦૬ (વય ૩૭) : ઝુલુ 'બળવો'. ગાંધીએ જોહાનિસબર્ગનું ઘર ભાંગી નાખી પત્ની અને છોકરાંને ફિનિક્સ મોકલાવી આપવાનો નિર્ણય કર્યો. ગવર્નરને જખમીઓની સારવાર કરનારી હિંદીઓની ટોળી લઈને પોતે સેવા કરવા તૈયાર હોવાનું લખી જણાવ્યું. ગવર્નરનો તરત જ હકારમાં જવાબ આવ્યો.

'બળવા'ના સ્થળ ઉપર પહોંચતાં ગાંધીએ જોયું કે વસ્તુતઃ એ નવો મુકાયેલો કર ન આપવાની લડત હતી. હિંદી ટુકડીએ લગભગ છ અઠવાડિયાં સેવા કરી. ગોરા કોઈ ઝૂલુ જખમીઓની સારવાર કરવા તૈયાર નહોતા. ગાંધીની સારવાર હેઠળના જખમીઓનો એક ભાગ શકથી પકડાયેલા કેદીઓનો હતો અને જનરલે તેમને ચાબખા ખાવાની સજા કરી હતી. જ્યાંથી ભયના સમાચાર આવે ત્યાં દોડી જતી છાવણી સાથે હિંદી ટુકડી જોડાયેલી હતી અને બેત્રણ પ્રસંગે તો એકે દિવસે ચાળીસ માઈલની કૂચ કરવાનો વખત આવેલો. 'અહીં લડાઈ નહિ પણ મનુષ્યનો શિકાર હતો....હું કડવો ઘૂંટડો કરી પી ગયો અને મારે હાથ જે કામ આવ્યું તે તો કેવળ ઝૂલુ લોકની સેવાનું જ આવ્યું. અમે જો ન જોડાયા હોત તો બીજા કોઈ આ ન કરત એ તો હું જોઈ શક્યો. આથી મેં મારા અંતરાત્માને શાંત કર્યો.' ગોરા સિપાહીઓને સારુ પણ દવા મેળવવાનું ને તેમને દવા આપવાનું કામ ગાંધીને સોંપવામાં આવ્યું હતું.

ઝૂલુભૂમિનાં ભવ્ય પહાડો અને ખીણોમાં ગાંધીના બ્રહ્મચર્ય વિષેના વિચારો પરિપક્વ થયા અને સાથીઓની જોડે તેની કેટલીક ચર્ચા કરી. ફિનિક્સમાં પહોંચીને વ્રત લઈ લીધું કે હવે પછી જિંદગીપર્યંત બ્રહ્મચર્યનું પાલન કરવું. કસ્તૂરબાએ કશો વાંધો ન લીધો.

ટ્રાન્સવાલ સરકારના તા. ૨૨ મી ઑગસ્ટના અસાધારણ ગેઝેટમાં હિંદથી આવનારાઓ સામે મુકાનારા વટહુકમોનો મુસદ્દો છપાયો હોવાના સમાચાર ગાંધીને પહોંચ્યા.

તા. ૧૧ મી સપ્ટેમ્બરે જોહાનિસબર્ગના જૂના એમ્પાયર થીએટરમાં વિરોધદર્શક સભાઓ ભરવામાં આવી. આખાયે ટ્રાન્સવાલમાંથી હિંદી પ્રતિનિધિઓએ તેમાં હાજરી આપી. સૌથી અગત્યનો ચોથો ઠરાવ હતો. આ નવો વટહુકમ જો કાયદામાં પરિણમે તો સઘળી સજા વેઠીને પણ તેને નમતું ન આપવાનો હિંદીઓએ ગંભીરતાપૂર્વક નિર્ણય કર્યો. હિંદી, તામિલ અને તેલગુમાં સઘળો વ્યવહાર ચાલતો. ટ્રાન્સવાલના પ્રત્યેક કેન્દ્રે સત્યાગ્રહની પ્રતિજ્ઞા લેવામાં આવી.

૧૨ મી સપ્ટેમ્બરે કાયદો પસાર થયો.

ગાંધીએ લડતને કામચલાઉ 'પેસિવ રેઝિસ્ટન્સ' એ નામ આપેલું. તેને સારુ સારો શબ્દ શોધી કાઢનાર વાચકને 'ઇંડિયન ઓપીનિયન' દ્વારા નાનાસરખા એક ઇનામની હરીફાઈ યોજવામાં આવી. આ હરીફાઈને પરિણામે સત્–આગ્રહ એમ મેળવીને 'સદાગ્રહ' શબ્દ મગનલાલ ગાંધીએ બનાવી મોકલ્યો અને ઇનામ મેળવ્યું. પણ 'સદાગ્રહ' શબ્દને વધારે સ્પષ્ટ કરવા ખાતર ગાંધીએ 'ય' અક્ષરને વચ્ચે ઉમેરીને 'સત્યાગ્રહ' શબ્દ બનાવ્યો ને તે પ્રચલિત થયો.

હિંદી કોમે પોતાનો કેસ સંસ્થાનોના મંત્રી સમક્ષ રજૂ કરવા માટે એક ડેપ્યુટેશન ઇંગ્લેંડ મોકલવાનો નિર્ણય કર્યો. ગાંધી અને એચ. ઓ. અલીને પ્રતિનિધિઓ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા. ઇંગ્લેંડના માર્ગે જ ખરીતો તૈયાર કરવામાં આવ્યો (ઑક્ટોબર).

ઑક્ટોબરની ૨૦ મીએ ગાંધી લંડન પહોંચ્યા અને ડિસેમ્બરમાં દક્ષિણ આફ્રિકા પાછા ફર્યા. દાદાભાઈ નવરોજજીએ ચળવળમાં ગાંધીને સહાય કરી. પાછા ફરતાં પહેલાં ગાંધીએ આમસભાના સોએક જેટલા સભ્યોની સભામાં દક્ષિણ આફ્રિકાના હિંદીઓની હાલત સંબંધે ભાષણ આપ્યું. એ ત્યાં રહ્યા એ દરમિયાન જ હિંદીઓના હિતરક્ષણ માટેની એક સમિતિ રચવામાં આવી.

ગાંધીના આ મિશનને દુર્દૈવે માત્ર વિલંબમાં નાખ્યો.

૧૯૦૭ (વય ૩૮): ૧ લી ઑગસ્ટથી અમલમાં આવનારો 'ખૂની કાયદો' જાહેર થયો. જુલાઈની ૩૧ મી પહેલાં નામ નોંધાવીને પરવાના મેળવી લેવાની અરજી કરી દેવાનું હિંદીઓને કહી દેવામાં આવ્યું. 'સત્યાગ્રહ'ની ચળવળે વહેવારુ સ્વરૂપ લીધું. ત્યાં વસતા હજારેક ચીનાઓ પણ હિંદીઓ સાથે જોડાયા, કારણ કે કાયદો તેમને યે લાગુ પડતો હતો. હજારો લેખે હિંદીઓને જેલમાં નાખવામાં આવ્યા અને જેલો પૂરી ન પડતાં કેટલાકને ખાણોની અંદર રાખવામાં આવ્યા.

ચળવળ શરૂ થઈ ત્યારે ગાંધી એક જામતા જતા બૅરિસ્ટર હતા અને વરસે લગભગ પાંચથી છ હજાર પાઉન્ડ કમાતા. તેમણે પ્રૅક્ટિસ છોડી દીધી, બચત બધી દાનમાં આપી દીધી અને ત્યાગી જીવનનો પુરસ્કાર કર્યો.

જુલાઈ મહિનો આવતાં ટ્રાન્સવાલમાં સઘળે પરવાના કાઢવાની ઑફિસો ખૂલી. હિંદી કોમે દરેક ઑફિસને ખુલ્લી રીતે પિકેટ કરવાનો નિર્ણય કર્યો. જુલાઈની ૩૧મીએ પ્રિટોરિયાની મસ્જિદમાં હિંદીઓની ખુલ્લી જાહેર સભા ભરવામાં આવી. સપ્ટેમ્બરની ૧૮મીએ ગોખલેનો ઉત્તેજન આપતો તાર મળ્યો.

સરકારે પરવાનાની છેલ્લી તારીખ નવેમ્બરની ૩૦મી ઠરાવી પણ ૧૩૦૦૦માંથી માત્ર ૫૧૧ જણે પરવાના લીધા. પરિણામે ગાંધી તથા ચીની લોકોના પ્રમુખ ક્વીન સહિત ૨૪ બીજાને તા. ૨૮મી ડિસેમ્બરે મૅજિસ્ટ્રેટ સમક્ષ હાજર થવાની નોટિસ આપવામાં આવી. ગાંધીને અડતાલીસ કલાકમાં ટ્રાન્સવાલ છોડી જવાનું જણાવવામાં આવ્યું. ડિસેમ્બરમાં રેવ. જે. જે. ડૉક પહેલી જ વાર ગાંધીને મળ્યા. ત્યારબાદ તરતમાં જ ડૉકે 'એમ. કે. ગાંધી—ઍન ઇન્ડિયન પેટ્રિયટ ઇન સાઉથ આફ્રિકા' એ ઉત્કૃષ્ટ કૃતિ લખી.

ખૂની કાયદામાં પૂર્તિરૂપ 'ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન ઍક્ટ' એટલે નવી વસતિ ઉપર અંકુશ મૂકતો કાયદો સ્મટ્સે ટ્રાન્સવાલને લાગુ પાડ્યો. આ કાયદામાં એક પણ નવો હિંદી દાખલ ન થઈ શકે તેવી યુક્તિ રહેલી હતી.

૧૯૦૮ (વય ૩૯): જાન્યુઆરીની ૧૦મીએ ગાંધીને તેમના સાથીઓ સાથે સજા મેળવવાને માટે અદાલતમાં હાજર થવાનું હતું. કોઈને કંઈ બચાવ કરવાનો તો હતો જ નહિ. સૌએ પોતાના ગુના કબૂલ કરવાના હતા. વિચારપૂર્વક અને ધર્મ સમજીને જ પોતે ખૂની કાયદાની સામે થયેલા છે અને તેને સારુ સજા મળે એ સહન કરવામાં પોતે માન સમજશે; એવા ભાવાર્થનું ગાંધીએ જણાવ્યું હતું. બે માસની આસાન કેદની સજા થઈ.

અદાલતમાં સેંકડો હિંદી ભાઈઓ, વકીલ મિત્રો વગેરે હાજર હતા. ગાંધીને તરત જ હવાલે લેવામાં આવ્યા અને તેમને જોહાનિસબર્ગની જેલ તરફ હાંકી જવામાં આવ્યા. ગાંધીનો એ જેલનો પહેલો જ અનુભવ. હિંદી કોમે જેલો ભરી દેવાનો નિશ્ચય કર્યો. હિંદી ફેરિયાઓએ આગેવાની લીધી. તેઓને પકડાવું પણ સહેલું હતું. ફેરીના પરવાના ન બતાવે એટલે પકડાય. એમ પકડાઇને એક અઠવાડિયાની અંદર તો ૧૦૦થી વધારે સત્યાગ્રહી કેદી થઈ ગયા. થોડા જ સમયમાં આ સંખ્યા ૧૫૦ પર પહોંચી.

જાન્યુઆરીની ૩૦મીએ ગાંધીને જનરલ સ્મટ્સને મળવા માટે પ્રિટોરિયા જવાનું કહેણ આવ્યું. હિંદીઓમાંના ઘણા મરજિયાત પરવાના કઢાવે તો ખૂની કાયદો પાછો ખેંચી લેવાની અને કેદીઓને છોડી મૂકવાની દરખાસ્ત રજૂ કરી. ગાંધી જોહાનિસબર્ગ પહોંચ્યા અને રાતના ૧૧ કે ૧૨ વાગ્યે મસ્જિદના ફળિયામાં સભા ભરી. લગભગ હજારેક માણસ ભેળાં થઈ ગયાં હશે. કેટલાક પઠાણોને બાદ કરતાં આખી સભાએ એકીમતે સમાધાનીને બહાલ રાખી.

૧૦મી ફેબ્રુઆરીની સવારે ગાંધી તથા કેટલાક સહકાર્યકરો પરવાના કઢાવવા નીકળ્યા. મીર આલમની આગેવાની નીચે પઠાણો પાછળ થયા. મીર આલમે ગાંધીની ખોપરી પર લાકડીનો ફટકો માર્યો અને એ બેભાન થઇને ઊંધા પડ્યા. તેમને વધુ લાકડીઓ અને પાટુનો માર મારવામાં આવ્યો. પઠાણોને પકડી લેવામાં આવ્યા. ગાંધીને રેવરંડ ડોકને ઘેર લઈ જવામાં આવ્યા, જ્યાં ભાનમાં આવતાં હુમલાખોરો પર કામ ચલાવવાની ના પાડતાં કોમને જણાવ્યું: ‘ હું ખુદાની આગળ માગું છું કે કોમનું ભલું કરે, તેને સત્ય રસ્તે ચડાવે અને હિંદુ તથા મુસલમાનને મારા લોહીના પાટા વડે સાંધે....ઘણે ભાગે બધાંએ દશ આંગળાં આપવાં, તેમાં જ કોમનું અને ગરીબોનું ભલું તથા રક્ષણ થાય છે.’ ખાટલાવશ હોવા છતાં ગાંધીએ આંગળાંની છાપ આપી. શક્તિ પ્રાપ્ત થતાં કામ કરતાં કરતાં ઊંઘ લઈ લેવાની અને થોડી વાર પછી તાઝગીપૂર્વક જાગ્રત થવાની ટેવ પાડી.

થોડા દિવસ રહીને ડરબનમાં એક સભા ભરી. પઠાણોને ભેળા કરી તેમને વસ્તુસ્થિતિ સમજાવી પણ તેમને શાંત ન કરી શક્યા. એમનું કુટુંબ જ્યાં હતું ત્યાં ફિનિક્સ જવા રવાના થયા.

હિંદીઓએ મરજિયાત પરવાના કઢાવ્યા પરંતુ ખૂની કાયદો રદ કરવાને બદલે તેણે જે ખરડો બહાર પાડ્યો તે વડે ખૂની કાયદો બહાલ રાખ્યો અને મરજિયાત પરવાના કાયદેસર ગણ્યા.

ગાંધીએ સ્મટ્સને પત્ર લખ્યો અને બીજા પત્રમાં ટ્રાન્સવાલ સરકારને જણાવ્યું કે, ‘ જો સમાધાનીની શરત પ્રમાણે એશિયાટિક કાયદો રદ કરવામાં નહિ આવે તો, અને તેમ કરવાના નિશ્ચયની ખબર કોમને અમુક મુદતમાં કરવામાં નહિ આવે તો, કોમે એકઠા કરેલા પરવાનાઓ બાળી મૂકવામાં આવશે અને તેમ કરવાથી જે મુસીબતો કોમ ઉપર આવી પડશે તે વિનય અને દૃઢતાપૂર્વક સહન કરી લેશે.’

અલ્ટિમેટમ અથવા નિશ્ચયપત્રની મુદત જે દિવસે બીજો એશિયાટિક કાયદો પસાર થવાનો હતો તે દિવસની જ નાખેલી હતી. બાળવા સારુ ૨,૦૦૦ ઉપરાંત પરવાના આવી ચૂકયા હતા. જોહાનિસબર્ગની હમીદિયા મસ્જિદમાં તા. ૧૬મી ઑગસ્ટે મળેલી સભામાં એ પરવાનાની ગાંસડી એક કઢાઇમાં પધરાવી, ઉપર ઘાસતેલ રેડીને ગાંધીએ દીવાસળી મેલી.

ગાંધીએ પોતાનો પરવાનો બાળી નાખ્યો હોઈને પ્રિટોરિયાથી પાછા આવતાં પોતાનો પરવાનો ન બતાવવા બદ્દલ તા. ૧૫ મી ઑક્ટોબરે એમને ગિરફતાર કરીને સજા કરવામાં આવી. આંગળાંની છાપ આપવાની એમણે ના પાડી. બે વરસની સખત સજા તેમને ફરમાવવામાં આવી. બીજા સત્યાગ્રહીઓથી એમને નોખા પાડવા માટે પ્રિટોરિયા જેલમાં લઈ જવામાં આવ્યા અને તોફાની કેદીઓને સારુ રાખવામાં આવતી એકાંત કોટડીમાં પૂરવામાં આવ્યા. પોતાની પોટલી સાથે એમને પહેરા નીચે કેદીનાં કપડાંમાં શેરીઓમાં થઈને લઈ જવામાં આવ્યા. ડિસેમ્બરની ૧૩મીએ છોડી મૂકવામાં આવ્યા.

દરમિયાનમાં બોઅર અને બ્રિટિશ લોકો આફ્રિકાનાં ચારે સંસ્થાનો એકત્ર કરી વધારે સ્વતંત્રતા ચાહતા હતા. હિંદવાસીઓએ જોયું કે જો એકત્રતા—યુનિયન—થાય તો તેમની સ્થિતિ હતી તે કરતાં વધારે કફોડી થાય તેમ હોઈને તેમણે એક ડેપ્યુટેશન વિલાયત મોકલવાનું નક્કી કર્યું.

૧૯૦૯ (વય ૪૦): ગાંધી અને હાજી હબીબનું બનેલું ડેપ્યુટેશન તા. ૨૩મી જૂને વિલાયત ઊપડયું. સંસ્થાનોના એકીકરણનો કેસ રજૂ કરવા માટે સ્મટ્સ અને બીજાઓ ત્યાં પહેલેથી પહોંચી ગયેલા.

યુનિયન બિલ પસાર થયું. ગાંધીએ ૧૩મી નવેમ્બરે ઇંગ્લેંડ છોડયું. ત્યાં રહ્યા એ દરમિયાન સ્ત્રીઓની મતાધિકારની લડતનું નિરીક્ષણ કરવાની તક મળી, અને તેના કેટલાક અગ્રગણ્ય નેતાઓના પરિચયમાં આવ્યા.

ગાંધીજીએ પહેલી જ વાર ટૉલ્સ્ટૉયને પત્ર લખ્યો. ટૉલ્સ્ટૉયે જવાબ આપ્યો: "....તમારો અત્યંત રસપ્રદ પત્ર મળ્યો....ટ્રાન્સવાલમાંના આપણા પ્રિય બંધુઓ તથા સહકાર્યકરોની પ્રભુ સહાય કરો.'

વળતી મુસાફરીમાં ગાંધીએ 'હિંદ સ્વરાજ' લખ્યું.

૧૯૧૦ (વય ૪૧): કેપટાઉન ઊતરતાં જ ગાંધીને વિલાયતથી તાર મળ્યો કે સર રતનજી જે. તાતાએ સત્યાગ્રહ ભંડોળમાં રૂા. ૨૫,૦૦૦ આપ્યા છે. બધા સત્યાગ્રહીઓનાં કુટુંબોને એક સ્થળે રાખવાનો પ્રબંધ કર્યો. જર્મન સ્થપતિ અને ગાંધીના ગાઢ મિત્ર કેલનબેકે જોહાનિસબર્ગથી ૨૧ માઇલ દૂર આવેલી ૧૧૦૦ એકર જમીન જે 'ટૉલ્સ્ટૉય ફાર્મ' કહેવાતી તે સત્યાગ્રહીઓના ઉપયોગ સારુ આપી દીધી. સ્ત્રીઓ અને પુરુષોનાં મકાનો નોખાં અને થોડે દૂર રાખવામાં આવ્યાં. પાયખાનાથી માંડીને રસોઈ સુધીનું બધું કામ હાથે જ કરવાનું હતું. હિંદના

જુદા જુદા ભાગમાંની જુદી જુદી કોમો એ સ્થાને રહેવા આવી. નિરામિષ રસોડું ચલાવવામાં સૌની સંમતિ મેળવી લીધી. શરાબ અને તમાકુની પણ બંધી હતી. નાના હાથધંધા વડે સૌ ઉદ્યોગી રહેવા લાગ્યા. ગાંધીએ ચંપલ બનાવવાનું શીખી લીધું.

ગાંધીએ છોકરાંને શિક્ષણ આપવા માંડયું. સઘળાંને સર્વદેશીય ધાર્મિક શિક્ષણ આપવા માંડયું. શિક્ષણના મુખ્ય ભાગરૂપે ગાંધી રસપ્રદ વાર્તાઓ કહેતા કે વાંચી બતાવતા. આ શિક્ષણપ્રયોગ વ્યર્થ ન ગયો. છોકરાઓમાં કદી અસહિષ્ણુતા નહોતી આવી. એકબીજાના ધર્મ પ્રત્યે ને એકબીજાના રીતરિવાજો પ્રત્યે ઉદારતા શીખ્યા. તેઓ બધા સગા ભાઈની જેમ રહેતાં શીખ્યા, એકબીજાની સેવા શીખ્યા, સભ્યતા શીખ્યા, ઉદ્યમી થયા. ગાંધીએ કદી દંડનીતિ નહોતી વાપરી. એક વખત ક્રોધે ભરાઈને એક છોકરાની બાંય ઉપર આંકણી મારેલી પરંતુ એ આંકણી મારવાનો પશ્ચાત્તાપ આજ સુધી એમને રહ્યો છે. પોતાના દીકરાઓમાંથી એકને માર્યો હોવાનો એક જ પ્રસંગ એમને યાદ છે.

ફાર્મ પર હજામત અને વાળ કાપવાનું કામ સૌ અરસપરસ કરી લેતા. પુરુષવર્ગે યુરોપીય ઢબનો પણ જેલના અનુકરણમાં મજૂરનો એટલે કે મજૂરિયા પાટલૂન અને મજૂરિયા ખમીસનો પોશાક રાખેલો. સ્ત્રીઓએ રસોઈનું અને સીવણનું કામ માથે લીધું. રોજ ત્રણ ટંક ખોરાક અપાતો. સાંજે જમ્યા પછી પ્રાર્થના કરવામાં આવતી. પ્રાર્થનામાં ભજન, કોઈ વેળા રામાયણ હોય, અને કંઈક ઇસ્લામનાં પુસ્તકોમાંથી. રાતના નવ વાગ્યે સૌકોઈ સૂઇ જતાં. ઘણુંખરાં પોતપોતાના ધાર્મિક દિવસોએ ઉપવાસ કરતાં.

માંદગીને સારુ કશી સામાન્ય સગવડો પણ રાખવામાં નહોતી આવી. ગાંધીને કુદરતી ઉપચારોમાં શ્રદ્ધા હતી. એમનું આરોગ્યનું પુસ્તક એ એમના પ્રયોગોની અને એમની તે વેળાની શ્રદ્ધાની નોંધપોથી છે—કેવળ પાણીના, માટીના કે ઉપવાસના પ્રયોગોથી ને ખોરાકના ફેરફારોથી બધી જાતની માંદગીને પહોંચી વળાય એમ માનતા. અને ફાર્મમાં એક પણ માંદગીને સમયે દવાનો કે દાક્તરનો ઉપયોગ કર્યો જ નહોતો.

ફાર્મમાં સત્યાગ્રહીઓની ભરતીઓટ થયાં કરતી. એ સમય દરમિયાન શારીરિક કામ કરવાની સંપૂર્ણ શક્તિ ગાંધીએ મેળવી હતી, તે એટલે સુધી કે એક દિવસની અંદર પગે ચાલીને ૫૫ માઈલની મુસાફરી કરી શકતા હતા.

છૂટાછવાયા સત્યાગ્રહી કેદમાં જતા હતા. એપ્રિલમાં ગાંધીએ ટૉલ્સ્ટૉયને ફરી પત્ર લખીને તેમને 'હિંદસ્વરાજ' ની નકલ મોકલાવી. ટૉલ્સ્ટૉયના 'વિનમ્ર અનુયાયી' તરીકે પોતાની સહી કરી અને પુસ્તક વિષે પોતાનો અભિપ્રાય આપવાની તેમની પાસે માગણી કરી.

(૧૯૧૨) (વય ૪૩) : સરકાર તથા સત્યાગ્રહીઓ વચ્ચેના મધ્યસ્થ તરીકે તા. ૨૨ મી ઑક્ટોબરના રોજ ગોખલે કેપટાઉન બંદરે ઊતર્યા. જનરલ બોથાને મળ્યા પછી એમણે જણાવ્યું કે ખૂની કાયદો તથા ૩ પાઉન્ડનો કર આવતે વરસે રદ થશે. સર્વત્ર ઉત્સાહભર્યો સત્કાર થયો. થોડાક દિવસ ટૉલ્સ્ટૉય ફાર્મ પર રહ્યા. જોહાનિસબર્ગમાં કેવળ

હિંદીઓની જંગી સભામાં ગોખલેને મરાઠીમાં બોલવા ગાંધીએ વીનવ્યા અને મરાઠી ન જાણનારાઓ માટે તેનો તરજૂમો કરવામાં આવ્યો. નવેમ્બરની ૧૭મીએ ગોખલેએ દક્ષિણ આફ્રિકા છોડયું.

ગાયભેંસો પર ગવલી લોકો તરફથી ગુજારવામાં આવતા ઘાતકીપણા વિષેનું કેટલુંક સાહિત્ય વાંચવામાં આવતાં દૂધનો ત્યાગ કર્યો અને તાજાં તથા સૂકાં ફળોનો જ ખોરાક લેવાનું રાખ્યું. ગાંધીના 'આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન' તથા 'નીતિધર્મ' એ પુસ્તકો પ્રસિદ્ધ થયાં.

૧૯૧૩ (વય ૪૪): ટૉલ્સ્ટૉય ફાર્મના વાસીઓએ ફરી સત્યાગ્રહની તૈયારીઓ કરવા માંડી. ત્રણ પાઉંડનો કર રદ કરાવવાનો ઉદ્દેશ તેમાં હતો. ગોખલેને આપવામાં આવેલી બાંહેધરીએ સત્યાગ્રહીઓનો માર્ગ સરળ કરી આપ્યો. સત્યાગ્રહ પુનઃ શરૂ થતાં સત્યાગ્રહીઓના ભંડોળમાં હિંદ તરફથી ઉદાર સહાય આપવામાં આવી. હિંદમાંથી એન્ડ્રૂઝ અને પીઅર્સન દક્ષિણ આફ્રિકા ગયા. ગિરમિટિયાઓએ લડતમાં ભાગ લીધો. ગાંધીએ ટૉલ્સ્ટૉય ફાર્મ બંધ કરવાનો નિશ્ચય કર્યો; ફિનિક્સ સત્યાગ્રહપ્રવૃત્તિનું મથક બન્યું.

ફિનિક્સમાં બે વ્યક્તિઓના ભયંકર પતનના સમાચાર મળતાં તેના પ્રાયશ્ચિત્તરૂપે સાત દિવસના ઉપવાસ તથા સાડાચાર માસ એકટાણું કરવાનું વ્રત લીધું.

હજી લડત શરૂ કરવાની તૈયારીઓ ચાલી રહી હતી તેટલામાં એક નવું વિઘ્ન આવી પડયું, જેથી સ્ત્રીઓને પણ લડાઈમાં દાખલ થવાની તક મળી.

માર્ચની ૧૪મીએ કેપ સુપ્રીમ કૉર્ટે દક્ષિણ આફ્રિકાના કાયદામાં ખ્રિસ્તી ધર્મ પ્રમાણે થયેલ વિવાહ—વિવાહના અમલદારની પાસે જે રજિસ્ટર થયેલ હોય તે—સિવાયના સઘળા વિવાહને રદ ગણ્યા. પરણેલી હિંદી સ્ત્રીઓના દરજ્જાને પણ એથી અસર થઈ.

ગાંધીએ હિંદી સ્ત્રીઓને સત્યાગ્રહમાં દાખલ થવા નોતરી અને તે ખુશીથી જોડાઈ. બીજાં સ્ત્રીસત્યાગ્રહીઓ સાથે કસ્તૂરબાને પણ સજા થઈ. અઢાર વર્ષની બાળા વાલિયામા જેલમાંથી તાવ લઈને નીકળ્યા બાદ એ તાવે તેને થોડા જ દિવસમાં પ્રભુને ત્યાં પહોંચાડી. લડત સામુદાયિક સત્યાગ્રહમાં વિકસી અને ખાણોના મજૂરો તેમાં જોડાયા. ન્યૂકેસલથી ટ્રાન્સવાલની ૩૬ માઈલ દૂરની સરહદ બે દિવસની પગપાળા મુસાફરી કરીને તા. ૨૮મી ઑક્ટોબરે ઓળંગવાનું ગાંધીએ મજૂરોને જણાવ્યું.

ગાંધીએ સરહદ ઓળંગવાના ઇરાદાની તારથી સરકારને જાણ કરી. સરકારે તથા ખાણમાલિકોએ બળનો આશ્રય લઈને અનેક મજૂરોને ઈજા કરી. જો રસ્તામાં ન પકડે તો કાફલાએ હમેશાં વીસથી ચોવીસ માઇલની કૂચ આઠ દિવસમાં કરીને ટૉલ્સ્ટૉય ફાર્મ પહોંચવાનું હતું. બીજે દહાડે (૬ ઠ્ઠી નવેમ્બર) ધારેલે ટકોરે પ્રાર્થના કરીને

અહિંસક સૈન્યે કૂચ કરી. કાફલામાં ૨૦૨૭ પુરુષો, ૧૨૭ સ્ત્રીઓ અને ૫૭ બાળકો હતાં. ગાંધીને ભાઈ તરીકે સંબોધવાની સૌને ટેવ પડેલી. પોશાકમાં માત્ર ખમીસ અને પાટલૂન હતાં.

નવેમ્બરની ૬ ઠ્ઠીએ ગાંધીને પકડવાનું વૉરંટ કાઢવામાં આવ્યું અને તે શાંતિપૂર્વક પોલીસને હવાલે થયા. વોલ્કરસ્ટ મુકામે ઇમીગ્રેશન ઍક્ટના ભંગ બદલ કામ ચલાવવામાં આવ્યું પણ જામીન પર છોડવામાં આવ્યા. ગાંધી ફરી પાછા કૂચમાં સામેલ થયા.

સ્ટૅંડરટન મુકામે તા. ૮ મી નવેમ્બરે ફરી વાર પકડાયા અને ફરી વાર જામીન પર છૂટ્યા.

તા. ૯ મી નવેમ્બરે, ચાર દિવસમાં ત્રીજી વાર પકડાયા અને ૧૧ મી નવેમ્બરે નવ માસની સખ્ત કેદની સજા કરવામાં આવી.

નાતાલના વધુ ૨૦,૦૦૦ મજૂરો હડતાળ પર ઊતર્યા અને તેમની સામે બળાત્કાર તથા બંદૂકનીતિ અખત્યાર કરવામાં આવી.

નવેમ્બરની ૧૩ મીએ ગાંધીને વોલ્કરસ્ટ લઈ જઈને તેમના પર બીજી વાર કામ ચલાવવામાં આવ્યું અને પોલાક તથા કેલનબેકની સાથે ત્રણ મહિનાની કેદની સજા કરવામાં આવી. ૭૫ વર્ષથી ઉપરની વયના વૃદ્ધ સત્યાગ્રહી હરબતસિંગનું જેલમાં જ તા. ૫ મી જાન્યુઆરી ૧૯૧૪ના રોજ મૃત્યુ થયું.

સ્મટ્સે સમાધાનની આશાએ ગાંધીને ૧૮ મી ડિસેમ્બરે બિનશરતે છોડી મૂક્યા. છુટકારાથી માંડીને સમાધાનપર્યંત ગાંધીએ એકટાણાનું અને ગિરમિટિયા મજૂરનાં કપડાં પહેરવાનું વ્રત લીધું.

કરાંચી કૉંગ્રેસે ‘ ગાંધી અને તેમના અનુયાયીઓના દક્ષિણ આફ્રિકામાંના વીરત્વભર્યા પ્રયાસો ’ બદલ અભિનંદન આપતો ઠરાવ કર્યો.

વાટાઘાટો ચલાવવા માટે ગોખલેએ ઍન્ડ્રૂઝ તથા પીઅર્સનને મોકલેલા પણ ગાંધીના કેદ પકડાયા બાદ તે પહોંચેલા. ગાંધીની ઍન્ડ્રૂઝ સાથેની પહેલી મુલાકાત. વાટાઘાટોથી કાર્ય સરળ ન બનતાં ગાંધીએ જેલની તૈયારી કરી. જાહેરનામાં બહાર પાડયાં કે, સને ૧૯૧૪, ૧ લી જાન્યુઆરીએ ડરબનથી જેલ જનારાની કૂચ શરૂ થશે. હિંદભરમાં ખળભળાટ. વાઈસરૉય લૉર્ડ હાર્ડિંગે જાહેર પ્રજામતને નમતું આપીને દક્ષિણ આફ્રિકાની સરકાર સામે વિરોધ નોંધાવ્યો.

૧૯૧૪ (વય ૪૫): ફિનિક્સવાસીઓમાંની નીતિભ્રષ્ટતા સામે ચૌદ દિવસના ઉપવાસ.

સ્મટ્સ, ઍન્ડ્રૂઝ અને ગાંધી વચ્ચેની અનેક મુલાકાતો બાદ પ્રાથમિક સમાધાન થવા પામ્યું અને ૨૧મી જાન્યુઆરીએ છેલ્લી વારે સત્યાગ્રહ મુલતવી રહ્યો. ત્રણ પાઉન્ડનો કર રદ કરતો, જે વિવાહ હિંદુસ્તાનમાં કાયદેસર ગણાય તેને દક્ષિણ આફ્રિકામાં પણ કાયદેસર ગણતો તથા દક્ષિણ આફ્રિકામાં રહેવાના પ્રમાણપત્ર ધરાવનારના અંગૂઠાની

હિંદીઓની જંગી સભામાં ગોખલેને મરાઠીમાં બોલવા ગાંધીએ વીનવ્યા અને મરાઠી ન જાણનારાઓ માટે તેનો તરજૂમો કરવામાં આવ્યો. નવેમ્બરની ૧૭મીએ ગોખલેએ દક્ષિણ આફ્રિકા છોડયું.

ગાયભેંસો પર ગવલી લોકો તરફથી ગુજારવામાં આવતા ઘાતકીપણા વિષેનું કેટલુંક સાહિત્ય વાંચવામાં આવતાં દૂધનો ત્યાગ કર્યો અને તાજાં તથા સૂકાં ફળોનો જ ખોરાક લેવાનું રાખ્યું. ગાંધીના 'આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન' તથા 'નીતિધર્મ' એ પુસ્તકો પ્રસિદ્ધ થયાં.

૧૯૧૩ (વય ૪૪): ટૉલ્સ્ટૉય ફાર્મના વાસીઓએ ફરી સત્યાગ્રહની તૈયારીઓ કરવા માંડી. ત્રણ પાઉંડનો કર રદ કરાવવાનો ઉદ્દેશ તેમાં હતો. ગોખલેને આપવામાં આવેલી બાંહેધરીએ સત્યાગ્રહીઓનો માર્ગ સરળ કરી આપ્યો. સત્યાગ્રહ પુનઃ શરૂ થતાં સત્યાગ્રહીઓના ભંડોળમાં હિંદ તરફથી ઉદાર સહાય આપવામાં આવી. હિંદમાંથી એણ્ડ્રૂઝ અને પીઅર્સન દક્ષિણ આફ્રિકા ગયા. ગિરમિટિયાઓએ લડતમાં ભાગ લીધો. ગાંધીએ ટૉલ્સ્ટૉય ફાર્મ બંધ કરવાનો નિશ્ચય કર્યો; ફિનિક્સ સત્યાગ્રહપ્રવૃત્તિનું મથક બન્યું.

ફિનિક્સમાં બે વ્યક્તિઓના ભયંકર પતનના સમાચાર મળતાં તેના પ્રાયશ્ચિત્તરૂપે સાત દિવસના ઉપવાસ તથા સાડાચાર માસ એકટાણું કરવાનું વ્રત લીધું.

હજી લડત શરૂ કરવાની તૈયારીઓ ચાલી રહી હતી તેટલામાં એક નવું વિઘ્ન આવી પડયું, જેથી સ્ત્રીઓને પણ લડાઈમાં દાખલ થવાની તક મળી.

માર્ચની ૧૪મીએ કેપ સુપ્રીમ કૉર્ટે દક્ષિણ આફ્રિકાના કાયદામાં ખ્રિસ્તી ધર્મ પ્રમાણે થયેલ વિવાહ—વિવાહના અમલદારની પાસે જે રજિસ્ટર થયેલ હોય તે—સિવાયના સઘળા વિવાહને રદ ગણ્યા. પરણેલી હિંદી સ્ત્રીઓના દરજ્જાને પણ એથી અસર થઈ.

ગાંધીએ હિંદી સ્ત્રીઓને સત્યાગ્રહમાં દાખલ થવા નોતરી અને તે ખુશીથી જોડાઈ. બીજી સ્ત્રીસત્યાગ્રહીઓ સાથે કસ્તૂરબાને પણ સજા થઈ. અઢાર વર્ષની બાળા વાલિયામા જેલમાંથી તાવ લઈને નીકળ્યા બાદ એ તાવે તેને થોડા જ દિવસમાં પ્રભુને ત્યાં પહોંચાડી. લડત સામુદાયિક સત્યાગ્રહમાં વિકસી અને ખાણોના મજૂરો તેમાં જોડાયા. ન્યૂકેસલથી ટ્રાન્સવાલની ૩૬ માઈલ દૂરની સરહદ બે દિવસની પગપાળા મુસાફરી કરીને તા. ૨૮મી ઑક્ટોબરે ઓળંગવાનું ગાંધીએ મજૂરોને જણાવ્યું.

ગાંધીએ સરહદ ઓળંગવાના ઇરાદાની તારથી સરકારને જાણ કરી. સરકારે તથા ખાણમાલિકોએ બળનો આશ્રય લઈને અનેક મજૂરોને ઈજા કરી. જો રસ્તામાં ન પકડે તો કાફલાએ હમેશાં વીસથી ચોવીસ માઈલની કૂચ આઠ દિવસમાં કરીને ટૉલ્સ્ટૉય ફાર્મ પહોંચવાનું હતું. બીજે દહાડે (૬ ઠ્ઠી નવેમ્બર) ધારેલે ટકોરે પ્રાર્થના કરીને

અહિંસક સૈન્યે કૂચ કરી. કાફલામાં ૨૦૨૭ પુરુષો, ૧૨૭ સ્ત્રીઓ અને ૫૭ બાળકો હતાં. ગાંધીને ભાઈ તરીકે સંબોધવાની સૌને ટેવ પડેલી. પોશાકમાં માત્ર ખમીસ અને પાટલૂન હતાં.

નવેમ્બરની ૬ ઠ્ઠીએ ગાંધીને પકડવાનું વૉરંટ કાઢવામાં આવ્યું અને તે શાંતિપૂર્વક પોલીસને હવાલે થયા. વૉલ્કરસ્ટ મુકામે ઇમીગ્રેશન ઍક્ટના ભંગ બદલ કામ ચલાવવામાં આવ્યું પણ જામીન પર છોડવામાં આવ્યા. ગાંધી ફરી પાછા કૂચમાં સામેલ થયા.

સ્ટૅંડરટન મુકામે તા. ૮ મી નવેમ્બરે ફરી વાર પકડાયા અને ફરી વાર જામીન પર છૂટ્યા.

તા. ૯ મી નવેમ્બરે, ચાર દિવસમાં ત્રીજી વાર પકડાયા અને ૧૧ મી નવેમ્બરે નવ માસની સખ્ત કેદની સજા કરવામાં આવી.

નાતાલના વધુ ૨૦,૦૦૦ મજૂરો હડતાળ પર ઊતર્યા અને તેમની સામે બળાત્કાર તથા બંદૂકનીતિ અખત્યાર કરવામાં આવી.

નવેમ્બરની ૧૩ મીએ ગાંધીને વૉલ્કરસ્ટ લઈ જઈને તેમના પર બીજી વાર કામ ચલાવવામાં આવ્યું અને પોલાક તથા કેલનબેકની સાથે ત્રણ મહિનાની કેદની સજા કરવામાં આવી. ૭૫ વર્ષથી ઉપરની વયના વૃદ્ધ સત્યાગ્રહી હરબતસિંગનું જેલમાં જ તા. ૫ મી જાન્યુઆરી ૧૯૧૪ના રોજ મૃત્યુ થયું.

સ્મટ્સે સમાધાનની આશાએ ગાંધીને ૧૮ મી ડિસેમ્બરે બિનશરતે છોડી મૂક્યા. છુટકારાથી માંડીને સમાધાનપર્યંત ગાંધીએ એકટાણાનું અને ગિરમિટિયા મજૂરનાં કપડાં પહેરવાનું વ્રત લીધું.

કરાંચી કૉંગ્રેસે ‘ ગાંધી અને તેમના અનુયાયીઓના દક્ષિણ આફ્રિકામાંના વીરત્વભર્યા પ્રયાસો ’ બદલ અભિનંદન આપતો ઠરાવ કર્યો.

વાટાઘાટો ચલાવવા માટે ગોખલેએ ઍન્ડ્રૂઝ તથા પીઅર્સનને મોકલેલા પણ ગાંધીના કેદ પકડાયા બાદ તે પહોંચેલા. ગાંધીની ઍન્ડ્રૂઝ સાથેની પહેલી મુલાકાત. વાટાઘાટોથી કાર્ય સરળ ન બનતાં ગાંધીએ જેલની તૈયારી કરી. જાહેરનામાં બહાર પાડયાં કે, સને ૧૯૧૪, ૧ લી જાન્યુઆરીએ ડરબનથી જેલ જનારાની કૂચ શરૂ થશે. હિંદભરમાં ખળભળાટ. વાઈસરૉય લૉર્ડ હાર્ડિંગે જાહેર પ્રજામતને નમતું આપીને દક્ષિણ આફ્રિકાની સરકાર સામે વિરોધ નોંધાવ્યો.

૧૯૧૪ (વય ૪૫): ફિનિક્સવાસીઓમાંની નીતિભ્રષ્ટતા સામે ચૌદ દિવસના ઉપવાસ.

સ્મટ્સ, ઍન્ડ્રૂઝ અને ગાંધી વચ્ચેની અનેક મુલાકાતો બાદ પ્રાથમિક સમાધાન થવા પામ્યું અને ૨૧મી જાન્યુઆરીએ છેલ્લી વારે સત્યાગ્રહ મુલતવી રહ્યો. ત્રણ પાઉન્ડનો કર રદ કરતો, જે વિવાહ હિંદુસ્તાનમાં કાયદેસર ગણાય તેને દક્ષિણ આફ્રિકામાં પણ કાયદેસર ગણતો તથા દક્ષિણ આફ્રિકામાં રહેવાના પ્રમાણપત્ર ધરાવનારના અંગૂઠાની

છાપને જ યુનિયનમાં પ્રવેશવાના તેના અધિકારની પૂરતી સાબિતીરૂપ ગણતો હિંદી રાહત ધારો પ્રસિદ્ધ થયો.

પોતે કશાં પગલાં પાછાં નહિ ખેંચે એમ ઇ. સ. ૧૯૦૯માં કહેનાર સ્મટ્સે ૧૯૧૪માં જણાવ્યું કે પોતે તેના નિવારણ માટે રાજી હતો.

સત્યાગ્રહની મહાન લડતનો આમ સફળ અંત આવ્યો.

જુલાઈની ૧૮મીએ કસ્તૂરબા તથા કેલનબેક સાથે ગાંધી ગોખલેને મળવા વિલાયત ઊપડયા.

ઑગસ્ટની ૪થીએ યુદ્ધ જાહેર કરવામાં આવ્યું. ઑગસ્ટની ૬ઠ્ઠીએ ગાંધી લંડન પહોંચ્યા. ગોખલે પારિસમાં જ રહી ગયેલા.

દાક્તર જીવરાજ મહેતા ઇત્યાદિ જેઓ વિલાયતમાં અભ્યાસ કરતા હતા તેમની સાથે મસલત કરીને ગાંધીએ વિલાયતમાં રહેનાર હિંદીઓની એક સભા બોલાવી અને તેમને યુદ્ધમાં ભાગ લેવાની શિખામણ આપી. કંઈક મસલતો પછી લૉર્ડ ક્રૂએ હિંદી માગણીનો સ્વીકાર કર્યો. લગભગ ૮૦ જણ સાથે ગાંધીએ જખમીઓની સારવાર કરવાની પ્રાથમિક તાલીમનો છ અઠવાડિયાંનો ક્રમ શીખીને પરીક્ષા પસાર કરી. કસ્તૂરબા જોડાયાં ત્યારે લંડનમાં રહેલાં સરોજિની નાયડુ પણ યુદ્ધકાર્યમાં જોડાયાં. ગાંધીનો પહેલવહેલો જ પરિચય એમને થયો.

પાંસળીના વરમના ગંભીર આક્રમણને લઈને ગાંધીને હિંદ પાછા ફરવું પડયું.

૧૯૧૫ (વય ૪૬): જાન્યુઆરીના બીજા અઠવાડિયામાં ગાંધી હિંદુસ્તાન આવી પહોંચ્યા. એપોલો બંદરે એમનો સત્કાર કરવામાં આવ્યો. હિંદી મિલોના કાપડનાં બનેલાં, કાઠિયાવાડી અંગરખું, ફેંટો તથા ધોતિયું એમણે પહેરવા માંડ્યાં.

લાંબા સમયથી ચાલતા દમનમાંથી દેશને ધીમે ધીમે કળ વળતી જતી હતી. છાપાંઓને લગતો કાયદો તથા ફિતૂરી સભાઓને લગતો કાયદો હજુ અમલમાં હતો. લોકમાન્ય ટિળક તથા મિસિસ બેસન્ટને છોડવામાં આવ્યાં હતાં, છતાં અનેક દેશભક્તો જેલમાં હતા.

ગાંધી મુંબઇ પહોંચ્યા કે તરત ગોખલેએ તેમને ખબર આપી કે ગવર્નર લૉર્ડ વિલિંગ્ડન એમને મળવા ઇચ્છે છે. વિલિંગ્ડને એમને જણાવ્યું: 'સરકારને લગતું તમારે કંઈ પણ પગલું ભરવું હોય તે પહેલાં તમે મને વાત કરો ને મળી જાઓ એમ હું ઇચ્છું છું.' નવા વર્ષનાં માનચાંદની લહાણીમાં લૉર્ડ હાર્ડિંગ દ્વારા ગાંધીને કૈસરે હિન્દ સુવર્ણચંદ્રક એનાયત થયો.

ગોખલે તથા સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના સભ્યોને મળવા માટે ગાંધી પૂના ગયા. ગોખલેની ઇચ્છા હતી કે ગાંધી સોસાયટીમાં જોડાઈ જાય, પણ સભ્યોનું મંતવ્ય એથી જુદું હતું. ગાંધીની ધારણા ગુજરાતમાં કયાંક સ્થિર થઇને આશ્રમ કાઢવાની

હતી જેમાં ગોખલે સંમત થયા. ગોખલેએ ગાંધી પાસેથી વચન લીધેલું કે એક વર્ષ લગી તેમણે ભ્રમણ કરવું, કોઇ જાહેર પ્રશ્ન પર વિચાર ન બાંધવો, ન બતાવવો.

પૂનાથી ગાંધી પોતાનાં કુટુંબીઓને મળવા રાજકોટ અને પોરબંદર ઊપડ્યા. મુંબઇથી કાઠિયાવાડ ત્રીજા જ વર્ગમાં ગયા અને પહેરવેશમાં માત્ર પહેરણ, ધોતિયું ને આઠદશ આનાની કાશ્મીરી ટોપી રાખ્યાં. વઢવાણ સ્ટેશને ત્યાંના પ્રજાસેવક તરીકે પંકાયેલા દરજી મોતીલાલે વિરમગામની જકાતતપાસણી અને તેને અંગે થતી વિટંબણાઓની વાત કરી. ગાંધીએ પૂછ્યું: 'તમે જેલ જવા તૈયાર છો?' તેમને હકારમાં જવાબ મળ્યો. કાઠિયાવાડમાં જ્યાં જ્યાં ફર્યા ત્યાં ત્યાં વિરમગામની જકાતની તપાસને અંગે થતી હાડમારીની ફરિયાદો સાંભળી. આ બાબતમાં મળ્યાં એટલાં કાગળિયાં વાંચ્યાં. લૉર્ડ વિલિંગ્ડનને પણ મળ્યા. બે વર્ષના પત્રવ્યવહાર બાદ લૉર્ડ ચેમ્સફર્ડને મળવાનો પ્રસંગ મળતાં એમણે ગાંધીની વાત ધ્યાનપૂર્વક સાંભળી અને આ મેળાપ પછી થોડા જ દિવસમાં જકાત રદ થઈ. બગસરા મુકામે કરેલા ભાષણમાં આને અંગે ગાંધીએ સત્યાગ્રહનો ઉલ્લેખ કરેલો.

૧૮ મી ફેબ્રુઆરીના પત્રમાં ટાગોરે ગાંધીનો મહાત્મા તરીકે ઉલ્લેખ કરી જણાવેલું, 'મને આશા છે કે મહાત્મા અને શ્રીમતી ગાંધી બોલપુર આવી પહોંચ્યાં હશે.'

ફેબ્રુઆરીની ૧૯ મીએ ગોખલેનું અવસાન થયું અને શાંતિનિકેતનમાં રહેલા ગાંધી પૂના પહોંચ્યા. ત્યાં ઉત્તરક્રિયા વગેરે ઊજવીને કુંભ મેળામાં ભંગી કામ કરવાને મગનલાલ ગાંધી સાથે હરદ્વાર ઊપડ્યા. દક્ષિણ આફ્રિકામાં જે કંઈ સેવા થઈ શકી હતી તેની અસર હરદ્વારમાં પણ થઇ હતી અને દર્શનાભિલાષીઓ એમની આસપાસ ટોળે વળવા લાગ્યા હતા. અહીં એમણે ખોરાકની વધુ મર્યાદા બાંધવાનો નિશ્ચય કર્યો અને અંધારા પહેલાં જમી લેવાનું અને ચોવીસ કલાકમાં પાંચ વસ્તુઓ ઉપરાંત કંઈ ખાવાનું ન લેવાનું વ્રત લીધું. ત્યાંથી સ્વામી શ્રદ્ધાનંદ—એ વખતના મહાત્મા મુનશીરામજીનાં દર્શન કરવા ને તેમનું ગુરુકુલ જોવા ગયા. હૃષીકેશ મુકામે એક સંન્યાસીએ ગાંધીને તેમણે વિલાયત જતાં પહેલાં કાઢી નાખેલાં જનોઈ અને શિખા રાખવાનો આગ્રહ કર્યો. શિખાની વાત એમણે સ્વીકારી. પરંતુ અસંખ્ય હિંદુઓ જનોઈ ન પહેરતા છતાં હિંદુ ગણાતા હોવાનું જણાવીને જનોઈ પહેરવાની ના પાડી.

મેની ૨૨મીએ માયાવરમ્ મુકામે એમણે સનાતનીઓના એ મથકમાં સામાજિક સુધારણાનો પ્રશ્ન ચર્ચ્યો: 'હિંદ બહાર રહીને હિંદુ ધર્મ વિષે જે કંઈ અભ્યાસ કરવા હું શક્તિમાન થયો છું તે પરથી મને લાગે છે કે હું જેમને 'અસ્પૃશ્યો' જ કહું એવા મોટા ભાગના લોકોને પોતાના અંગ તરીકે રાખવા એ સાચો હિંદુ ધર્મ નથી. એ જો હિંદુ ધર્મની વિશિષ્ટતા હોવાનું સાબિત થાય તો હું ખુદ એ હિંદુ ધર્મ સામે ખુલ્લો બળવો પોકારું.'

ઘણા મિત્રોએ ગાંધીને અમદાવાદમાં વસવાનું દબાણ કર્યું. પોતે ગુજરાતી હોઇને ગુજરાતી ભાષા મારફતે દેશની વધારેમાં વધારે સેવા કરી શકાશે અને અમદાવાદ ગુજરાતનું પાટનગર હોવાથી અહીંના ધનાઢ્ય લોકો ધનની વધારે મદદ કઈ શકશે એ પણ આશા હતી. એ પૂર્વે હાથવણાટનું મથક હોવાથી રેંટિયાનું કામ અહીં જ વધારે સારી રીતે થઈ શકાશે એવી માન્યતા હતી.

મેની ૨૫મીએ શ્રી. જીવણલાલ બારિસ્ટરનું અમદાવાદ નજીક કોચરબમાં આવેલ મકાન ભાડે લઈને લગભગ પચીસ સ્ત્રી–પુરુષોથી સત્યાગ્રહાશ્રમનો આરંભ કરવામાં આવ્યો. આશ્રમના સભ્યોએ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, સ્વાદેન્દ્રિયના કાબૂનું, ચોરી ન કરવાનું, અપરિગ્રહ, સ્વદેશી, નિર્ભયતા, અસ્પૃશ્યતાનિવારણ, માતૃભાષા દ્વારા કેળવણી અને ખાદીનું વ્રત લીધું.

બધાં એકરસોડે જમતાં હતાં, ને એક જ કુટુંબ હોય એવી રીતે વર્તવાનો પ્રયત્ન કરતાં હતાં. થોડા જ મહિનામાં દૂદાભાઈ, તેમનાં પત્ની દાનીબહેન અને રીખતી ધાવણી લક્ષ્મી એ અંત્યજ કુટુંબને આશ્રમમાં લેવામાં આવ્યું. સહાયક મિત્રમંડળમાં ખળભળાટ થયો. પૈસાની મદદ બંધ પડી. બહિષ્કારની અફવા કાને આવવા માંડી. થોડા જ સમય પછી કોઈક શેઠ આવીને પોતાનું નામ જણાવ્યા વિના રૂ. ૧૩૦૦૦ની નોટો ગાંધીના હાથમાં મૂકી ચાલતા થઈ ગયા.

ડિસેમ્બરમાં મુંબઈ મુકામે કૉંગ્રેસનું અધિવેશન. ગાંધી વિષય વિચારિણી સમિતિમાં ન ચૂંટાયા. પ્રમુખ સર એસ. પી. સિંહે તેમને નિયુક્ત કર્યાં.

૧૯૧૬ (વય ૪૭) : ફેબ્રુઆરીની ૪થીએ બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉદ્‌ઘાટન સમારંભમાં ગાંધીએ જણાવ્યું : ‘હિંદની મુક્તિ માટે અંગ્રેજોએ નિવૃત્ત થવું જોઈએ કે તેમને હાંકી કાઢવા જોઈએ એવી આવશ્યકતા મને જણાય તો પછી તેમણે ચાલ્યા જ જવું જોઇએ એવું જાહેર કરતાં મને ક્ષોભ ન થાય, અને મને લાગે છે કે મારી એ માન્યતાના બચાવમાં મૃત્યુ માટે પણ હું તૈયાર રહું.’

ગાંધીએ લખનૌ કૉંગ્રેસમાં હાજરી આપી. મહમૂદાબાદના રાજા તથા ઝીણા ત્યાં હાજર રહેલા. પહેલી જ વાર એક ખેડૂતે બિહારના ખેડૂતોનું દુઃખ એમને કહી સંભળાવ્યું. હિંદ સંરક્ષણ ધારાનો તથા ૧૮૧૮ ના ત્રીજા રેગ્યુલેશનનો વ્યાપક અમલ કૉંગ્રેસે વખોડી કાઢયો. જવાહરલાલ નેહરુની ગાંધી સાથે પ્રથમ મુલાકાત.

કેટલાક પ્રાસંગિક ઉલ્લેખોમાંના એકમાં ગાંધીએ જણાવ્યું, ‘હું કંઈ સમાજવાદી નથી.’

નવેમ્બરની ૫મીએ ફિરોજશાહ મહેતાનું અવસાન.

૧૯૧૭ (વય ૪૮) : ફેબ્રુઆરીમાં પંડિત માલવીયજીએ ગિરમિટ પ્રથા સદંતર નાબૂદ કરવાનો કાયદો રજૂ કરવાની વડી ધારાસભામાં રજા માગી ત્યારે વાઇસરોય લૉર્ડ ચેમ્સફર્ડે તે નામંજૂર કરી.

આ પ્રશ્નને અંગે હિંદુસ્તાનમાં ભ્રમણ શરૂ કરતાં પહેલાં ગાંધીએ વાઇસરોયને મળી લેવાનું ઉચિત ધાર્યું, અને મેળાપની રજા મળી. વાઇસરોયે નિશ્ચયપૂર્વક કંઈ ન કહ્યું.

ગાંધીએ મુંબઈથી ભ્રમણનો આરંભ કર્યો. ઇમ્પીરિયલ સિટિઝનશિપ એસોસીએશનને નામે સભા થઈ અને મોડામાં મોડું ૩૧ મી જુલાઈ સુધીમાં ગિરમિટની પ્રથા બંધ કરવાની વિનંતિ કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો.

૩૧મી જુલાઈ પહેલાં સરકારે ગિરમિટની પ્રથા બંધ થવાનો ઠરાવ બહાર પાડ્યો. સૈકાજૂના અનિષ્ટનો અંત આવ્યો. ગાંધી કરાંચી, કલકત્તા વગેરે જગ્યાએ પહોંચી વળેલા. ડિટેક્ટિવો તો પાછળ હોય જ. લોકોની સારી જેવી સંખ્યાની હાજરીવાળી કેટલીક સભાઓ ભરેલી.

એપ્રિલની ૧૦ મીએ ગાંધી પટણા પહોંચ્યા. પહેલી જ વાર બાબુ રાજેન્દ્રપ્રસાદને મળ્યા. ચંપારણના ખેડૂતોની હાડમારીથી વાકેફ થયા.

ગળીનાં વાવેતરોના માલિકોના મંત્રીની મુલાકાત વખતે તેણે સાફ જણાવ્યું કે, તમે પરદેશી ગણાઓ, તમારે અમારી અને ખેડૂતોની વચ્ચે નહિ આવવું જોઈએ. કમિશ્નરને મળતાં એણે તો ધમકાવવાનું જ શરૂ કર્યું ને ગાંધીને આગળ વધ્યા વિના તિરહુત છોડવાની ભલામણ કરી. વકીલોએ તેમને કારકુનો તરીકે સેવા આપવા તત્પરતા બતાવી. ૧૫મી એપ્રિલે મોતીહારીથી હાથી ઉપર સવારી કરીને ગાંધી નીકળી પડ્યા. 'બીજી જ મળતી ટ્રેને ચાલ્યા જવા'ની નોટિસ મળી. ગાંધીએ હુકમનો અનાદર કરતાં બીજે જ દિવસે કૉર્ટમાં હાજર રહેવાનો સમન મળ્યો. વાત બધે ફેલાઇ ગઇ. દૂરદૂરનાં ગામડાંનાં સેંકડો રહેવાસીઓ કૉર્ટ આગળ જમા થઈ ગયાં. એ ભાગમાં કૉંગ્રેસનું નામ પણ કોઈ નહોતું જાણતું એમ કહીએ તો ચાલે.

લેફ્ટેનન્ટ ગવર્નરે ગાંધી સામેનો કેસ પાછો ખેંચી લેવાનું ફરમાન કર્યું. એમણે માથે લીધેલી તપાસ ચલાવવાની એમને છૂટ મળી. જિલ્લાના અંદરના ભાગમાં પ્રવાસ કરીને ખેડૂતો, ગળીનાં વાવેતરોના માલિકો તથા અમલદારોને મળ્યા. જૂનની ૪થીએ લેફ્ટેનન્ટ ગવર્નરે મુલાકાત માટે નિમંત્ર્યા. ત્રણ દિવસ લંબાયેલી એ મુલાકાતને પરિણામે એક તપાસસમિતિ નીમીને તેમાં ગાંધીને પણ સભ્ય તરીકે મૂકવાનું નક્કી થયું.

જુલાઈની ૧૬મીએ થોડા વખત માટેની આશ્રમની મુલાકાતે ગાંધી ઊપડ્યા. કોચરબમાં મરકીએ દેખાવ દેતાં એ સ્થાન છોડવાની ફરજ પડી. સાબરમતીને કાંઠે સેન્ટ્રલ જેલની નજીકમાં ૨૦ એકર જમીનનો નવો ટુકડો પસંદ કર્યો. આ વખતે આશ્રમની વસતી વધી હતી. આશરે ચાળીસ નાનાંમોટાં સ્ત્રી-પુરુષો હતાં. બધાં તંબૂમાં રહેતાં.

જૂનની ૩૦મીએ દાદાભાઈ નવરોજજીનું અવસાન.

ઑગસ્ટમાં મૉન્ટેગ્યુ સુધારાની યોજના જાહેર થઇ. ગુજરાત સભાએ ગાંધીની દોરવણી નીચે કૉંગ્રેસ-લીગ ઐક્યના ટેકામાં જંગી અરજી ઘડી. દેશભરમાં તેનું અનુકરણ કરવામાં આવ્યું.

સપ્ટેમ્બરની ૨૫મીએ ગાંધીએ ચંપારણમાં પ્રવર્તતી સ્થિતિ અંગે વર્તમાનપત્રો જોગ એક કડક કાગળ લખ્યો. તપાસસમિતિએ સર્વાનુમત અહેવાલ પર તા. ૩જી ઑક્ટોબરે દસ્તખત કર્યા. સરકારે ભલામણો પરથી નવેમ્બરમાં ચંપારણ ઍગ્રેરિયન બિલ તૈયાર કર્યું. જે ૧૯૧૮ના માર્ચમાં કાયદારૂપે પસાર થયું.

બિહારમાં ગાંધીને પ્રતીતિ થવા પામી કે ગામડાંઓમાં યોગ્ય કેળવણી વિના કાયમી સ્વરૂપની કશી કામગીરી થઈ શકવી અશક્ય હતી. પ્રથમ તો છ ગામડાંમાં બાળકોને સારુ નિશાળો ખોલી. ગુજરાત તથા મહારાષ્ટ્રમાંથી ચુનંદા શિક્ષકોનો સાથ મળ્યો. પ્રો. કૃપલાની જોડાયા. મહાદેવ દેસાઇ અને એમનાં પત્ની દુર્ગાબેન તથા નરહરિ પરીખ અને એમનાં પત્ની મણિબહેન પણ ગાંધીજીને મળી ગયાં.

ગાંધીનાં સાથીદારોએ શેરીઓ અને આંગણાં વાળવા માંડ્યાં, કૂવાઓની પાસેનો કાદવ સાફ કરવા માંડ્યો, ખાડા પૂરવા માંડ્યા અને ગામવાસીઓને સ્વયંસેવકો ઊભા કરવા સમજાવવા માંડ્યા. કસ્તૂરબાએ ભાગ લેવા માંડ્યો.

હજુ ચંપારણમાં હતા ત્યાં જ ગાંધીને ખેડા તથા અમદાવાદનાં કહેણ આવ્યાં. ખેડા જિલ્લામાં પાક નિષ્ફળ ગયેલો અને ખેડૂતો મહેસૂલ ભરવાને અશક્ત હતા. અમદાવાદમાં મજૂરો પાસેથી કામ વધારે લેવામાં આવતું અને પગારો ટૂંકા હતા.

નવેમ્બરમાં પહેલી જ ગુજરાત રાજકીય પરિષદના પ્રમુખપદે ગાંધી આવ્યા. તેમણે જણાવ્યું : હિંદ એ યુરોપ નથી, હિંદ એ જાપાન નથી, હિંદ એ ચીન નથી એ હું નથી વીસરી શકતો....મને લાગે છે કે બીજાઓ કરતાં હિંદનું મિશન જુદું જ છે.'

ડિસેમ્બરમાં કૉંગ્રેસ સપ્તાહ દરમિયાન કલકત્તા મુકામે સમાજ સેવા સંઘની બેઠકના પ્રમુખ થયા.

૧૯૧૮ (વય ૪૯) : દેશ પાછા ફર્યા ત્યારથી ગાંધી અમદાવાદના મિલમજૂરોનાં હિત પાછળ લક્ષ આપી રહ્યા હતા. ૧૯૧૭ના અંત અને ૧૯૧૮ના પ્રારંભમાં મજૂરો અને મિલમાલિકો વચ્ચેનો સંબંધ તંગ બનવા પામેલો.

મજૂરો તરફથી શ્રી. શંકરલાલ બૅન્કર અને વલ્લભભાઇ પટેલ તથા મિલમાલિકો તરફથી શ્રી. અંબાલાલ સારાભાઇ સાથે ગાંધી પંચ નિમાયા. પરંતુ પંચસમિતિ પોતાનું કામકાજ શરૂ કરે ત્યારપહેલાં મિલમાલિકોએ ૨૨મી ફેબ્રુઆરીના રોજ સામાન્ય લૉક–આઉટ જાહેર કરી દીધો. ગાંધીના દરમિયાનગીરીના પ્રયાસો નિષ્ફળ નીવડ્યા અને તા. ૨૬મી ફેબ્રુઆરીએ એમણે મજૂરોને હડતાળ પાડવાની સલાહ આપી. ત્રીજે અઠવાડિયે મજૂરો ડગવા લાગ્યા. મજૂરોની આ નબળાઈ માટે પોતાને જવાબદાર સમજીને એમનાથી કહેવાઈ ગયું: 'જો મજૂરો પાછા સજ્જ ન થાય ને નિકાલ ન થાય ત્યાં લગી હડતાળ નિભાવી ન શકે, તો બને ત્યાં લગી મારે ઉપવાસ કરવા છે.' શ્રી. અંબાલાલનાં સગાં બહેન અનસૂયાબાઇ ગાંધીના પક્ષમાં હતાં. ગાંધીના ત્રણ જ ઉપવાસ બાદ હડતાળ છૂટી. ૨૧ દિવસની હડતાળ પછી સમાધાન થવા પામ્યું.

ત્યાર પછી તરતમાં જ ગાંધીને ખેડા સત્યાગ્રહનું કામ હાથ લેવું પડ્યું. પાક નિષ્ફળ જવાને લઈને ખેડા જિલ્લામાં દુષ્કાળ જેવી સ્થિતિ ઊભી થઈ હતી. ગાંધી આ વખતે જેના પ્રમુખ હતા એ ગુજરાત સભાએ સરકારને અરજીઓ કરી, તારો કર્યા, પરંતુ સરકારના પેટનું પાણી ન હલ્યું. ગાંધીએ પોતાના સાથીઓ શ્રી. વલ્લભભાઇ પટેલ, શંકરલાલ બૅન્કર અનસૂયાબેન, ઈંદુલાલ યાજ્ઞિક, મહાદેવ દેસાઈ અને બીજાઓ સાથે મસલત કર્યા બાદ પાટીદારોને સત્યાગ્રહ કરવાની સલાહ આપી.

નડિયાદ અનાથાશ્રમ વડું મથક બન્યું અને માર્ચની ૨૨મીએ સત્યાગ્રહીઓએ ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા લીધી કે, 'અમારી જમીન ખાલસા થશે તો પણ અમે થવા દઈશું, પણ અમારે હાથે પૈસા ભરીને જૂઠા ઠરી સ્વમાન નહિ ગુમાવીએ. સરકારે ઉગ્ર પગલાં લેવાનું શરૂ કર્યું. જપ્તીદારોએ લોકોનાં ઢોર વેચ્યાં, ઘરમાંથી ગમે તે માલ ઘસડી ગયા, ચોથાઈની નોટિસો નીકળી, કોઈ ગામનો આખો પાક જપ્ત થયો.

લડત અંતે સફળ નીવડી. જે સ્થિતિવાળા પાટીદારો મહેસૂલ ભરી આપે તો ગરીબોનું મહેસૂલ મુલતવી રહેવાની કબૂલાત મળી. સત્યાગ્રહે ખેડાની લડત મારફતે ગુજરાતમાં જડ ઘાલી.

એપ્રિલ મહિનામાં વાઇસરોય લૉર્ડ ચેમ્સફર્ડે યુદ્ધપરિષદ અંગે ગાંધીને નોતર્યા. તે વેળા અલીભાઇઓ જેલમાં હતા. લોકમાન્ય અને મિસિસ બૅસંટને નોતરવામાં નહોતાં આવ્યાં. આને લઈને ગાંધીએ નિમંત્રણનો અસ્વીકાર કર્યો. અલીભાઈઓને મળવા દેવાની અરજી કરી પણ તેની રજા ન મળી. કલકત્તાની મુસ્લિમ લીગની બેઠકમાં ગાંધીએ અલીભાઈઓને છોડાવવાનો મુસલમાનોનો ધર્મ સમજાવ્યો. આ પછી અલીગઢની મુસ્લિમ કૉલેજમાં આપેલા ભાષણમાં એમણે યુવાનોને દેશને ખાતર ફકીરી લેવા નોતર્યા.

વાઇસરોય ગાંધીને યુદ્ધપરિષદમાં ભાગ લેવાનું સમજાવવામાં સફળ થયા. સૈન્યભરતીના ઠરાવને ટેકો આપતાં હિંદી–હિંદુસ્તાનીના એક જ વાક્યમાં પોતાનું ભાષણ પતાવ્યું કે, 'મને મારી જવાબદારીનું પૂરતું ભાન છે, ને તે જવાબદારી સમજવા છતાં હું આ ઠરાવને ટેકો આપું છું.' વાઇસરોયના પ્રમુખપદ નીચે ભરાયેલી સભામાં હિંદુસ્તાનીમાં બોલવાનો આ પહેલો દાખલો. હિંદે ૯,૮૫,૦૦૦ માણસોનો ફાળો આપ્યો અને જબરા ભોગ આપ્યા.

યુદ્ધપરિષદ પછી તરતમાં જ કેમ્બ્રિજ મિશનવાળા મિ. આયર્લેંડ દ્વારા ગાંધીએ વાઇસરોય પર પત્ર મોકલાવ્યો જેમાં જણાવ્યું કે લોકમાન્ય, મિસિસ બૅસંટ તથા અલી-ભાઈઓને પરિષદમાં નોતરવામાં નહોતા આવ્યા એ એક ગંભીર ભૂલ હતી. લોકોની ઓછામાં ઓછી રાજકીય માગણીને સમજાવતાં લખ્યું : 'પાર પાડેલી ફરજ સ્વતઃ જ પોતાનો વળતો અધિકાર સિદ્ધ કરે છે. તેથી લોકોને આટલું માનવાનો અધિકાર છે કે, જે સુધારાઓ તુરતમાં થવાની આશા આપના ભાષણમાં આપવામાં આવેલી છે, તે સુધારામાં મહાસભા અને મુસ્લિમ લીગની મુખ્ય માગણીઓનો સમાવેશ થશે. મારાથી

બની શકતું હોય તો હું આવે ટાણે હોમરૂલ વગેરેનું ઉચ્ચારણ સરખું ન કરત. પણ સામ્રાજ્યની અણીને વખતે બધા શક્તિશાળી હિંદીઓને તેના રક્ષણને અર્થે મૂંગે મોઢે હોમાઈ જવા પ્રેરત. એટલું કરવાથી જ અમે સામ્રાજ્યના મોટામાં મોટા અને આદરણીય ભાગીદાર બની જાત અને રંગભેદ તથા દેશભેદ ભૂંસાઇ જાત.'

દિલ્હીથી પાછા વળીને ગાંધીએ રંગરૂટોની ભરતી માટેની ઝુંબેશ ખેડાથી શરૂ કરી, પરંતુ લોકો અને સરકાર વચ્ચેનું વૈમનસ્ય એવી તીવ્રતાએ પહોંચ્યું હતું કે તેમને પૈસા આપતાં છતાં ગાડી દોહ્યલી થઇ પડી તો પછી ખાવાનું તો કોણ આપે? અમલદારોને એમનાથી સંતોષ નહોતો. ભરતીને અંગે એમણે પત્રિકા બહાર પાડેલી: 'બ્રિટિશ રાજ્યનાં ઘણાં અપકૃત્યોમાં આખી પ્રજાને શસ્ત્રરહિત કરવાના કાયદાને ઇતિહાસ તેનું કાળામાં કાળું કામ ગણશે. આ કાયદો રદ કરાવવો હોય અને શસ્ત્રનો ઉપયોગ શીખવો હોય તો આ સુવર્ણતક છે.'

રંગરૂટની ભરતીના શ્રમભર્યા કાર્યે ગાંધીના સૂકલકડી શરીર પર ભારે અસર કરી. મહિનાઓ સુધી પથારીમાં જ પડયા રહેવું પડયું અને લગભગ મરણાસન્ન બની ગયા. દાક્તર તથા કસ્તૂરબાના દબાણને લઈને બકરીનું દૂધ લેવાનું શરૂ કર્યું. દૂધની પ્રતિજ્ઞા વખતે જોકે ગાય અને ભેંસનું દૂધ જ એમની નજરમાં હતું, છતાં બકરીનું દૂધ લઈને પ્રતિજ્ઞાના આત્માને હણ્યો હોવાનું માન્યું. પથારીવશ સ્થિતિમાં કાંતતાં શીખી ગયા અને રેંટિયાનો ઘસાઇ ગયેલો ઉપયોગ ફરી ચાલુ કર્યો.

ઠેઠ ૧૯૧૮ ના જુલાઈપર્યંત સ્વરાજની એમની વ્યાખ્યા બ્રિટિશ સામ્રાજ્યના એક અંગ અને ભાગીદારરૂપે હતી.

દિલ્હીમાં ડિસેમ્બર મહિનામાં ભરાયેલી કૉંગ્રેસની બેઠકમાં એમની ગેરહાજરીમાં એમને વર્સાઇ સુલેહ પરિષદ માટેના ત્રણ પ્રતિનિધિઓમાંના એક તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા, પરંતુ એમને એ દિશામાં કશી મહત્ત્વાકાંક્ષા ન હતી.

૧૯૧૯ (વય ૫૦) : મરડાને કારણે ગુદાદ્વારમાં પડેલા ચીરા પર ડા. દલાલે શસ્ત્રક્રિયા કરી ને તે બહુ સફળ નીવડી.

પથારીમાંથી ઊઠવાની કંઈક આશા બાંધી રહ્યા હતા ત્યાં જ રૉલૅટ કમિટીનો તેવામાં છપાયેલો રિપોર્ટ ગાંધીના વાંચવામાં આવ્યો. ઈ. સ. ૧૯૧૯ સુધી ગાંધીએ હિંદી રાષ્ટ્રીય ચળવળમાં સક્રિય ભાગ નહોતો લીધો. વલ્લભભાઇ સાથેની વાતચીતને પરિણામે તેમણે પોતાના ઠીક ઠીક પ્રસંગમાં આવેલા માણસોની એક નાનકડી સભા બોલાવવાનો નિશ્ચય કર્યો, જેમાં વલ્લભભાઇ ઉપરાંત શ્રીમતી સરોજિની નાયડુ, મિ. હોર્નિમેન, સ્વ. ઉમર સોબાની, શ્રી. શંકરલાલ બૅન્કર, અનસૂયાબહેન વગેરે હતાં. સત્યાગ્રહ માટેનું પ્રતિજ્ઞાપત્ર ઘડાયું અને તેમાં હાજર રહેલાં બધાંએ સહી કરી. ગાંધીના હાથે એ વખતે કોઇ પત્ર નીકળતું ન હોઈને અવારનવાર દૈનિકપત્રો દ્વારા પોતાનાં મંતવ્યો દર્શાવતા રહેતા.

સત્યાગ્રહસભા નામક જુદી સંસ્થાની સ્થાપના થઈ અને તેનું મુખ્ય મથક મુંબઈ રાખવામાં આવ્યું. ગાંધી એ સભાના પ્રમુખ બન્યા.

ફેબ્રુઆરીમાં રૉલેટ બિલ રજૂ થયું.

રૉલેટ બિલની ચર્ચા સાંભળવા ગાંધી પહેલી અને એક જ વાર ધારાસભાની બેઠકમાં ગયા.

માર્ચની ૧૮મીએ રૉલેટ બિલ કાયદા તરીકે પસાર થયું. વળતે દિવસે ગાંધીએ રાજગોપાલાચાર્યને વાત કરી: 'મને રાતની સ્વપ્નાવસ્થામાં વિચાર આવ્યો કે, આ કાયદાના જવાબમાં આપણે આખા દેશને હડતાળ પાડવાનું સૂચવવું.'

માર્ચની ૨૩મીએ ગાંધીએ એક ટૂંકી અરજ બહાર પાડી. હડતાળની તારીખ મૂળ તો ૧લી એપ્રિલ રાખવામાં આવેલી પરંતુ પાછળથી એ 'દમન અને પ્રાર્થના'ના દિવસની તા. ૨ જી અને પછી ૬ઠ્ઠી એપ્રિલ રાખવામાં આવી.

દક્ષિણમાં થોડી મુસાફરી કરીને એપ્રિલની ૪ થીએ ગાંધી મુંબઈ પહોંચ્યા. ૬ ઠ્ઠી એપ્રિલ સુધી હડતાળ લંબાયાના સમાચાર મોડા પહોંચ્યા હોવાને લઈને દિલ્હીમાં હડતાળ ૩૦ મી માર્ચે પાડવામાં આવી હતી. સ્વામી શ્રદ્ધાનંદજીને જુમામસ્જિદમાં નોતરવામાં આવ્યા હતા ને ત્યાં તેમને ભાષણ કરવા દેવામાં આવ્યું હતું. હડતાળ અંગેના સરઘસને રોકીને પોલીસે ગોળીબાર કરેલા, જેમાં કેટલાક લોકો જખમી થયેલા, કંઈ ખૂન થયેલાં. જેમ દિલ્હી તેમ જ લાહોર—અમૃતસરનું હતું.

મુંબઈની હડતાળ સંપૂર્ણ સફળ હતી. કાયદાના સવિનય ભંગની પૂરેપૂરી તૈયારી હતી. જે કાયદાઓ રદ થવા લાયક હતા એવા અને જેમનો ભંગ બધા સહેલાઈથી કરી શકે એવા હતા તેમનો જ ઉપયોગ કરવાનું નક્કી થયું હતું. ગાંધીએ સૂચના કરી કે, બધા લોકો પરવાના વિના દરિયાના પાણીમાંથી ઘેર મીઠું પકાવે. સરકારે પ્રસિદ્ધ થતાં અટકાવેલાં પુસ્તકો વહેંચવામાં અને વંચાવવામાં આવે. આવાં બે પુસ્તકો એમનાં પોતાનાં જ હતાં: 'હિંદ સ્વરાજ' અને 'સર્વોદય.' એ પુસ્તકો છપાવ્યાં અને એપ્રિલની ૬ ઠ્ઠીની સાંજે સ્વયંસેવકો એ વેચવા નીકળી પડ્યા. બધી નકલો તરત જ વેચાઈ ગઈ.

મુસ્લિમ મિત્રોએ ગાંધી તથા સરોજિની નાયડુને મસ્જિદમાં ભાષણો આપવાને નિમંત્ર્યા.

એપ્રિલની ૭મીની રાત્રે ગાંધી દિલ્હી—અમૃતસર જવા નીકળ્યા. મહાદેવ દેસાઈ એમની સાથે હતા. પલવલ સ્ટેશન આવે તે પહેલાં પંજાબની સરહદમાં દાખલ ન થવાનો હુકમ ગાંધી પર બજાવવામાં આવ્યો. એમને ટ્રેનમાંથી ઊતરી જવાનું કહેવામાં આવ્યું પણ ઊતરવાની ના પાડી. પલવલ સ્ટેશને એમને પોલીસને હવાલે કરવામાં આવ્યા. દિલ્હીથી આવતી કોઈ ટ્રેનના ત્રીજા વર્ગના ડબ્બામાં એમને બેસાડવામાં આવ્યા અને મથુરા પહોંચતાં પોલીસબેરેકમાં લઈ જવામાં આવ્યા. સવારના ચાર વાગ્યે

ઉઠાડીને મુંબઇ તરફ જતી માલગાડીમાં લઈ જવામાં આવ્યા અને બપોરે સવાઈ માધુપુર ઉતારી મૂકવામાં આવ્યા. ત્યાંથી પહેલા વર્ગમાં બેસાડવામાં આવ્યા અને પોતાની મેળે પાછા જવા તથા પંજાબની સરહદ ન ઓળંગવા વીનવવામાં આવ્યા. એમણે ના પાડી અને એપ્રિલની ૧૧મીએ એમને મુંબઈ લઈ જવામાં આવ્યા.

ગાંધીના પકડાવાના ખબર મળવાથી લોકો ગુસ્સામાં આવી ગયા અને ગાંડા જેવા બની ગયા. પાયધૂની પાસે હુલ્લડનો ભય ઊભો થયેલો. ગાંધી સત્વર ત્યાં પહોંચ્યા અને ઘોડેસવારોની ટુકડીથી સરઘસને વિખેરવામાં આવતું જોયું. ચોપાટીની રેતી પર સભા ભરી અને કહ્યું : 'સત્યાગ્રહી તો અહિંસાને વરેલો હોય, અને લોકો તે વિચારમાં અને કાર્યમાં ન જાળવે તો મારાથી સામુદાયિક સત્યાગ્રહ કદી ન થઈ શકે.'

નડિયાદની પાસે રેલના પાટા ઉખેડી કાઢવાનો પ્રયત્ન પણ થયો હતો. ૧૩મીને રવિવારે ગાંધીએ સાબરમતી આશ્રમની જમીન પર જાહેર સભા ભરી અને પોતે ત્રણ દિવસના ઉપવાસ પ્રાયશ્ચિત્તરૂપે કરવાનું જાહેર કરીને લોકોને એક દિવસનો ઉપવાસ કરવાની સલાહ આપી. જેમણે ખૂન વગેરેમાં ભાગ લીધો હોય તેમને પોતાના ગુના કબૂલ કરવાની સૂચના કરી.

ત્યારપછી તરત ગાંધી નડિયાદ ગયા. 'પહાડ જેવડી ભૂલ' નો શબ્દપ્રયોગ એમણે પહેલવહેલો ત્યાં કર્યો. સવિનયભંગની તાલીમ બહુ ઝડપી નહિ થઈ શકે એમ લાગ્યું. આવા વિચારોભર્યા એ મુંબઈ પહોંચ્યા ને સત્યાગ્રહ સભા મારફતે સત્યાગ્રહી સ્વયંસેવકોનું દળ ઊભું કર્યું. તેની મારફતે લોકોમાં સવિનય ભંગની સમજ આપવાની તાલીમનો આરંભ કર્યો.

સરકારની દમનનીતિ પૂરજોરમાં ચાલી રહી હતી. એપ્રિલની ૧૦ મીએ પંજાબમાં ડૉ. કિચલૂ તથા ડૉ. સત્યપાલને ગિરફતાર કરી લઇ જવામાં આવ્યા. લોકોના ટોળા પર ગોળીબાર થતાં તે શહેરમાં પાછું ફર્યું. પાંચ અંગ્રેજોને જાનથી મારી નાખવામાં આવ્યા.

વૈશાખી ઉત્સવ આવતો હોઈને યાત્રાળુઓ જમા થયા હતા. એપ્રિલની ૧૩ મીએ અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં એક સભા ભરવામાં આવેલી. એની આગલી રાતે જનરલ ડાયરે જાહેર સભાઓ ન ભરવાનો હુકમ બહાર પાડેલો પણ એના વિષે કોઈના કશું સાંભળવામાં નહોતું આવ્યું. આમ છતાં બંદૂકધારી ટુકડીઓ લઈને જનરલ ડાયર જલિયાંવાલા બાગ આવી પહોંચ્યો અને કશી ચેતવણી વિના અરક્ષિત લોકો પર દસ મિનિટ સુધી ગોળીઓ વરસાવવામાં આવી. ચારે બાજુ ઊંચી દીવાલો હોઇ ને કોઇથી નાસી છુટાય એમ નહોતું. સરકારી આંકડાઓ મુજબ લગભગ ચારસો મરાયા અને હજારથી બે હજારની સંખ્યા વચ્ચેના ઘાયલ થયા.

એ હત્યાકાંડ પછી તરત જ માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો. પંજાબમાં નાદીરશાહી ચાલુ થઇ. પ્રજા માટે પાણી અને વીજળીની જોગવાઈ પર કાપ મૂકી દેવામાં આવ્યો. જાહેરમાં ફટકા મારવાનું સામાન્ય થઈ પડયું અને નાલેશીભર્યો 'પેટે ચાલવાનો હુકમ' લાદવામાં આવ્યો.

ગાંધીએ એપ્રિલની ૮મીએ સત્યાગ્રહ મુલત્વી રાખ્યો. ગવર્નર સર માઈકેલ ઓ'ડવાયરે જનરલ ડાયરના કૃત્યને સંમતિ આપી કે, 'તમારું કૃત્ય વાજબી છે.' સમાચારો પરનો અંકુશ એટલો સખ્ત હતો કે અ. હિં. મહાસભા સમિતિને પણ અમૃતસરના હત્યાકાંડના વિગતવાર સમાચાર ઠેઠ જુલાઈમાં કલકત્તા મુકામે મળી શકયા.

તોફાનોનો ઝડપી અંત આણવા માટે પ્રાપ્ય એટલું સઘળું બળ કામે લગાડવાનો તા. ૧૪ મી એપ્રિલનો સરકારી નિર્ણય લૉર્ડ ચેમ્સફર્ડે પ્રસિદ્ધ કર્યો. માર્શલ લૉ જૂનની ૧૧ મી સુધી લાગુ પાડવામાં આવ્યો.

મિ. બી. જી. હોર્નિમેન, જેમણે 'બૉમ્બે ક્રૉનિકલ'ને એક પ્રચંડ શક્તિરૂપ બનાવી મૂકયું હતું, તેમને ગવર્નર સર જ્યૉર્જ લૉઈડ દ્વારા દેશનિકાલ કરવામાં આવ્યા. આમ થવાથી 'ક્રૉનિકલ'ના વ્યવસ્થાપકોએ તે ચલાવવાનો બોજો ગાંધી પર મૂકયો, પરંતુ થોડા જ સમયમાં સરકારે એ બંધ કરાવ્યું. આથી વ્યવસ્થાપકોએ પોતાના અઠવાડિક 'યંગ ઇન્ડિયા'ની જવાબદારી ઓઢી લઈને અઠવાડિયામાં એક વખતને બદલે બે વખત બહાર પાડવાનું ગાંધીને જણાવ્યું. ઑક્ટોબરની ૮ મીએ તેનો પહેલો અંક બહાર પડયો. ભાઈ ઈન્દુલાલ યાજ્ઞિકના હાથમાંનું અમદાવાદનું ગુજરાતી માસિક 'નવજીવન' પણ ગાંધીને સોંપી દેવામાં આવ્યું અને એને માસિકને બદલે સાપ્તાહિકમાં ફેરવી નાખવામાં આવ્યું.

દરમિયાન 'ક્રૉનિકલ' સજીવન થયું, એટલે 'યંગ ઇન્ડિયા' અઠવાડિક બન્યું ને ગાંધીની સૂચનાથી તેને અમદાવાદ લઈ જવામાં આવ્યું. છાપામાં જાહેરખબર ન લેવાનો ગાંધીનો આગ્રહ અસલથી જ હતો. અમદાવાદમાં એમણે સ્વતંત્ર છાપખાનું વસાવ્યું.

ગાંધી પંજાબ જવા અધીરા થઇ રહ્યા હતા પણ દેશનું વાતાવરણ તંગ હોઇને કાયદાનો ભંગ કરવાની તેમની ઇચ્છા નહોતી, તેમજ વાઇસરોય પણ 'હજુ વાર છે' એમ દર વખતે જણાવ્યા કરતા.

પંજાબમાં લશ્કરી કાયદાના અમલ અંગે તપાસ ચલાવવા હંટર કમિટી નિમાઈ. વાઇસરોયે ગાંધીને તાર કર્યો કે ૧૭મી ઑક્ટોબર પછી તેઓ પંજાબ જઈ શકે છે.

પંજાબના મુખ્ય નેતાઓ જેલમાં હોઇને તેમની જગ્યા પંડિત માલવીયજી, પંડિત મોતીલાલજી ને સ્વામી શ્રદ્ધાનંદજીએ લીધેલી. અહીં પહેલી જ વાર ગાંધી પંડિત મોતીલાલજીના નિકટ સંપર્કમાં આવ્યા. સઘળાએ એકમતે નિશ્ચય કર્યો કે હંટર કમિટીની પાસે કશો પુરાવો ન દેવો. કૉંગ્રેસ તરફથી એક બિનસરકારી કમિટી નીમવામાં આવી જેમાં પંડિત મોતીલાલ નેહરુ, ચિત્તરંજન દાસ, અબ્બાસ તૈયબજી, જયકર, ગાંધી ને પંડિત માલવીયજીને આ કમિટી પર નીમ્યા. કમિટીની વ્યવસ્થાનો બોજો ગાંધી પર આવી પડયો અને પંજાબનાં અનેક ગામડાંની વિસ્તૃત તપાસ એમણે આદરી. કમિટીએ ત્રણ મહિનાથી યે વધુ વખત કામગીરી બજાવી, લગભગ ૨,૦૦૦ જેટલા સાક્ષીઓને તપાસ્યા અને ઈ. સ. ૧૯૨૦ના ફેબ્રુઆરીના અંતભાગમાં રિપોર્ટ તૈયાર કર્યો. એ રિપોર્ટમાંની એક પણ વાત ખોટી નથી ઠરી.

પંજાબની ડાયરશાહીની મહાસભા તરફથી તપાસ ચાલતી હતી તેટલામાં દિલ્હી મુકામે નવેમ્બરમાં હિંદુ–મુસલમાનની એકઠી થનારી સભામાં હાજર રહેવાનું આમંત્રણ આપતો પત્ર ગાંધીને મળ્યો. તેમાં હકીમ અજમલખાન અને અફસઅલીનાં નામ હતાં.

ખિલાફત દિન તરીકે જાણીતા તા. ૧૭મી ઑક્ટોબરના રોજ જબરા દેખાવો થયા. નવેમ્બરની ૨૪મીએ અ. હિં. ખિલાફત પરિષદનું ઉદ્ઘાટન થયું. ગાંધી પ્રમુખ થયા અને હિંદુસ્તાનીમાં ભાષણ આપ્યું.

ઘણા ઠરાવોમાં એક ઠરાવ હિંદુ–મુસલમાન બધાએ સ્વદેશી વ્રતનું પાલન કરવું, ને તે અર્થે વિદેશી કાપડનો બહિષ્કાર કરવો, એમ હતો. 'તમારો બહિષ્કાર ભલે રહે, પણ એથી વધારે જલદ વસ્તુ તમારે બતાવવી જોઇએ,' એમ મૌલાના હસરત મોહાનીએ જણાવ્યું. ગાંધીએ 'નોન–કૉઑપરેશન'(અસહકાર)ની સૂચના કરી. જે શબ્દનો પહેલો જ ઉપયોગ એમણે એ સભામાં કર્યો.

તા. ૨૫મીએ અલીભાઇઓ છૂટીને આવ્યા. અમૃતસરની મહાસભામાં એ મહાસભામાં જોડાયા. પંડિત મોતીલાલ નેહરુ મહાસભાના પ્રમુખ હતા. ૩૬૦૦૦ પ્રતિનિધિઓએ મહાસભામાં હાજરી આપેલી.

બાદશાહનું નવા સુધારા વિષેનું ફરમાન પ્રગટ થયું હતું. સદરહુ ફરમાનમાં સૂચવેલા સુધારાથી ગાંધીને પૂર્ણ સંતોષ નહોતો થયો, છતાં તે સ્વીકારી શકાય તેવા હોવાનું તેમણે કહ્યું. દેશબંધુ અને લોકમાન્ય તે અવગણી નાખવાના મતના હતા. ગાંધી અને ટિળક એક જ રાજકીય વ્યાસપીઠ પર અહીં પહેલી અને છેલ્લી જ વાર ભેગા થયેલા.

સુધારા અંગેના ઠરાવ પર ટિળક અને દાસ સાથે ગાંધી અનુકૂળ સમાધાન પર આવ્યા. પ્રિન્સ ઑફ વેલ્સનો સત્કાર કરવાનો ઠરાવ પસાર થયો. ઝીણા, માલવીયજી અને બિપિનચંદ્ર પાલે તેને અનુમોદન આપ્યું.

હાથકાંતણ અને હાથવણાટના પ્રાચીન ઉદ્યોગના પુનરુદ્ધારની ભલામણ કરતો ઠરાવ. અમૃતસર મહાસભાએ ખેડૂતો અને મજૂરોની દશા પ્રત્યે પોતાનું લક્ષ ફેરવ્યું.

કૉંગ્રેસે જલિયાંવાલા બાગ સ્મારક ફંડના એક ટ્રસ્ટી તરીકે ગાંધીને નિયુક્ત કર્યા, જે અંગે એમણે સારી જેવી રકમ એકઠી કરી. શ્રી. ન. ચિ. કેળકર તથા આઇ. બી. સેનની સાથે રહીને કૉંગ્રેસનું નવેસરથી બંધારણ ઘડવાનું કામ તેમને સોંપાયું. જૂનું બંધારણ તે ગોખલેએ મૂકેલી પૂંજી હતી.

આ નિમણૂક અંગે ગાંધી લખે છે, 'એ જવાબદારી લઈને મેં મહાસભામાં ખરો પ્રવેશ કર્યો.'

લોકમાન્ય દેશનું લક્ષ ધારાસભાપ્રવેશ પરત્વે કેન્દ્રિત કરી રહ્યા હતા, જ્યારે ગાંધી અસહકારની વિગતો ઘડી રહ્યા હતા.

ખિલાફતનું આંદોલન વિકસતું હતું. દિલ્હી પરિષદમાં પસાર થયેલા ઠરાવ અન્વયે મૌલાના મહમદઅલીની સરનશીની નીચે ગાંધીના આશીર્વાદ સહિત એક ડેપ્યુટેશન વિલાયત ઊપડયું.

'૧૯૧૯ નું હિંદ' એ સરકારી પ્રકાશને જણાવ્યું: 'મિ. ગાંધી ઉચ્ચ આદર્શો અને સંપૂર્ણ સ્વાર્થત્યાગવાળા એક ટૉલ્સ્ટૉયવાદી સામાન્યતઃ ગણાય છે....પોતે જેને દમનનો ભોગ બનેલી માનતા હોય તેવી કોઇ પણ વ્યક્તિ કે વર્ગ માટે ખડા રહેવાની તત્પરતાએ તેમના દેશવાસી લોકોમાં તેમને પ્રિય બનાવ્યા છે.'

૧૯૨૦ (વય ૫૧) : વાઇસરોય સમક્ષ જનારા ખિલાફત પ્રતિનિધિમંડળ અંગે ગાંધીની મૌલાના અબુલ કલામ આઝાદ સાથે તા. ૧૮ જાન્યુઆરીના રોજ પહેલવહેલી મુલાકાત થઈ. લોકમાન્ય પણ હાજર હતા.

ગાંધીના નેતૃત્વ નીચે જાન્યુઆરીની ૧૯મીએ પ્રતિનિધિમંડળ વાઇસરોય સમક્ષ પહોંચ્યું.

મે મહિનામાં હંટર કમિટીનો રિપોર્ટ પ્રસિદ્ધ થયો. ગાંધીને સખ્ત આઘાત લાગ્યો. ચુસ્ત સહકારી મટીને એ અસહકારી બન્યા.

વાઇસરોયના તા. ૧૪મી મેના સંદેશાની સાથે તુર્કી પર લદાયેલી સુલેહની શરતો પણ જાહેર કરવામાં આવી, જે નિરાશાજનક હોવાની કબૂલાત છતાં મુસ્લિમોને તે અનિવાર્યરૂપે સ્વીકારી લેવાની સલાહ આપવામાં આવી.

મેની ૨૮મીએ ગાંધી, શૌકતઅલી, અબુલકલામ આઝાદની બનેલી ખિલાફત પેટા સમિતિએ અસહકાર અપનાવ્યો. અલાહાબાદની મુસ્લિમ પરિષદમાં જૂનની ૩૦મીએ તે મંજૂર રહ્યો.

ગાંધીનો વાઇસરોયને ખુલ્લો પત્ર: 'મેં આપ નામદારની સરકારને ટેકો આપવાનું છોડી દેવાની મારા મુસ્લિમ મિત્રોને સલાહ આપી છે અને હિંદુઓને તેમાં તેમની સાથે જોડાવાની સલાહ આપી છે.' વાઇસરોયે અસહકારને 'સઘળી મૂર્ખાઈભરી યોજનાઓમાં સૌથી વધુ મૂર્ખાઈભરી' ગણાવી.

ગાંધીએ જાહેર કર્યું કે જુલાઈની ૩૧મીએ ઉપવાસ અને પ્રાર્થના પછી અસહકાર અમલમાં આવશે.

અસહકાર માટે સઘળું તૈયાર હતું. લોકમાન્યે અ. હિં. મહાસભા સમિતિના નિર્ણયને મંજૂર રાખવાનું વચન આપ્યું હતું, પણ જુલાઇની ૩૧મીની રાતે એ વિદેહ થયા. ગાંધીએ ઉદ્ગાર કાઢ્યા, 'મારે ભારે ઓથ હતી તે તૂટી પડી.'

ઑગસ્ટની ૧લીએ ગાંધીએ કૈસરેહિંદનો સોનાનો ચાંદ તથા બોઅર યુદ્ધ અંગેની સેવાનો ચાંદ પાછા વાળતાં વાઇસરોયને પત્ર લખ્યો. રવીન્દ્રનાથ ટાગોરે પોતાનું નાઇટહૂડ પાછું વાળ્યું.

દરમિયાનમાં મુસ્લિમો અફઘાનિસ્તાનમાં હિજરત પર ઊતરી પડ્યા. ઑગસ્ટમાં ૧૮,૦૦૦ લોકો ચાલી નીકળેલા, પરંતુ અફઘાન્ સત્તાધિકારીઓએ પ્રવેશવાની રજા ન આપી.

સપ્ટેમ્બરની ૪થીથી ૯મી સુધી કલકત્તામાં મહાસભાની ખાસ બેઠક ભરવામાં આવી. મોતીલાલજીની વિનતિથી ગાંધીએ સ્વરાજની માગણી ઠરાવમાં દાખલ કરી.

મોતીલાલજી ચળવળમાં સૌથી પ્રથમ જોડાયા. બેસંટ, માલવીયજી, દેશબંધુ હાજર હતાં. વિસ્તારપૂર્વક ગંભીર ને કંઇક તીખી ચર્ચાઓ પછી અસહકારનો ઠરાવ પસાર થયો.

ઑક્ટોબરની ૨જીએ અ. હિં. મહાસભા સમિતિએ અ. હિં. ટિળક સ્મારક ફંડ તથા સ્વરાજ ફંડ ઊભાં કરવાનો ઠરાવ કર્યો.

પ્યારેલાલ ગાંધી સાથે ઑક્ટોબરમાં જોડાયા.

નવેમ્બરમાં ગાંધીએ ગુજરાત રાષ્ટ્રીય વિદ્યાપીઠનો પાયો નાખ્યો.

લાલા લજપતરાય અને દેશબંધુના આગ્રહથી થોડાઘણા ફેરફાર સાથે નાગપુરની મહાસભાએ શાંતિમય અસહકારનો ઠરાવ તા. ૨૬મી ડિસેમ્બરે સર્વાનુમતે પસાર કર્યો. ઠરાવ દેશબંધુએ મૂકેલો અને લજપતરાયે તેને અનુમોદન આપેલું. શ્રી. સી. વિજયરાઘવાચાર્ય એ બેઠકના પ્રમુખ હતા.

આ જ બેઠકમાં ગાંધીએ મહાસભાના ઘડેલા બંધારણનો સ્વીકાર થયો. મહાસભામાં સ્વરાજના ધ્યેય પર તીવ્ર ચર્ચા થવા પામેલી : 'શક્ય હોય તો બ્રિટિશ સામ્રાજ્યમાં રહીને અને આવશ્યક જણાય તો તે વિના સ્વરાજ મેળવવું.' પંડિત માલવીયજી અને મિ૰ ઝીણા સામ્રાજ્યમાં રહીને જ સ્વરાજ મેળવવા માગતા હતા, પરંતુ કૉંગ્રેસે મૂળ મુસદ્દો જ અપનાવ્યો. આ જ બેઠકમાં હિંદુમુસ્લિમ ઐક્ય વિષે, અસ્પૃશ્યતાનિવારણ વિષે તથા ખાદીપ્રચાર વિષે ઠરાવો થયા.

ડ્યૂક ઑફ કૉનૉટના માનમાં થનારા સમારંભોમાં ભાગ ન લેવાનું દેશને જણાવવામાં આવ્યું. આયરિશ સ્વાતંત્ર્ય અર્થે ૬૫ દિવસના ઉપવાસ પછી પ્રાણત્યાગ કરનાર કૉર્કના મેયર મેક્સ્વિનીને સ્મરણાંજલિ આપવામાં આવી.

ત્યારથી માંડીને ગાંધી અને કૉંગ્રેસ એ એકબીજાના પર્યાયવાચક શબ્દો બની રહ્યા.

રોજ અરધો કલાક કાંતવાનો પોતાનો હિસ્સો પૂરો ન કરે ત્યાં સુધી ભોજન ન લેવાનું વ્રત લીધું.

૧૯૨૧ (વય ૫૨): પોતાનો રાવબહાદુરનો ખિતાબ છોડી દેનાર જમનાલાલ બજાજે ટિળક સ્વરાજ ફાળામાં રૂ. એક લાખ ભર્યા.

જાન્યુઆરીને વચગાળે દેશબંધુની અરજને વશ થઈને હજારો વિદ્યાર્થીઓએ શાળાઓ તથા કૉલેજોનો ત્યાગ કર્યો.

ગાંધી દ્વારા મુંબઈમાં પહેલવહેલો ખાદીભંડાર જાન્યુઆરી મહિનામાં ખોલવામાં આવ્યો.

ગાંધીએ કલકત્તાની મુલાકાત લીધી અને ફેબ્રુઆરીની ૯મીએ 'નેશનલ કૉલેજ' ની સ્થાપના કરી. રાષ્ટ્રીય કેળવણીને મળેલા આ વેગને પરિણામે પત્રક પર હજારો વિદ્યાર્થીઓ સાથેની અલીગઢની નેશનલ મુસ્લિમ યુનિવર્સિટી, ગુજરાત વિદ્યાપીઠ, બિહાર વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ, બેંગાલ નેશનલ યુનિવર્સિટી, ટિળક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ તથા મોટી સંખ્યાની રાષ્ટ્રીય શાળાઓ ચાર મહિનાથી યે ઓછા સમયમાં શરૂ થઈ ગઈ.

માર્ચની ૩૧ મી અને એપ્રિલની ૧લીએ બેઝવાડા મુકામે મળેલી કારોબારી સમિતિમાં ટિળક સ્વરાજફાળા માટે એક કરોડ રૂપિયા એકઠા કરવાનું, કૉંગ્રેસના એક કરોડ સભ્ય નોંધવાનું તથા ૨૦ લાખ રેંટિયા ચાલુ કરવાનું આંદોલન શરૂ થયું. પંચાયતોની સ્થાપના તથા દારૂનિષેધનો પુરસ્કાર કરવામાં આવ્યો. ગાંધીએ કર ન ભરવાનો કાર્યક્રમ આગળ ધર્યો. ઉપર ચરખા સાથે સફેદ, લીલો અને લાલ એવો ત્રિરંગી રાષ્ટ્રધ્વજ ગાંધીએ સૂચવ્યો. અધિકૃતપણે તેનો સ્વીકાર ન થયો છતાં તે સર્વત્ર પ્રચલિત થયો.

સરકારે નિયંત્રણહુકમો બહાર પાડ્યા. બીજા અઠવાડિયામાં સરકારે દેશબંધુને માઈમનસિંગમાં પ્રવેશવાનો મનાઈહુકમ કર્યો. એ જ સાથે બાબુ રાજેન્દ્રપ્રસાદને આરામાં તથા લાલા લજપતરાયને પેશાવરમાં પ્રવેશવાનો મનાઈહુકમ કર્યો.

મે મહિનામાં આસામના ચાના બગીચામાં ૧૨,૦૦૦ મજૂરોએ હડતાળ પાડી અને ગુરખાઓએ તેમના પર આક્રમણ કર્યું. પૂર્વ બંગાળામાં રેલવે કામદારોએ હડતાળ પાડી. ગાંધીએ પરિસ્થિતિને શાંત પાડવાને પોતાથી બનતું બધું કર્યું. નવા વાઈસરૉય લૉર્ડ રીડિંગ સાથે લાંબી મુલાકાત.

જુલાઈની ૮મીએ અ. હિં. ખિલાફત પરિષદ કરાંચી મુકામે મળી. મૌલાના મહમદઅલી પ્રમુખ હતા. ગાંધીની ગેરહાજરીમાં એવો નિર્ણય કર્યો કે કોઈ મુસલમાને લશ્કરમાં ન જોડાવું અને ડિસેમ્બર સુધીમાં ખિલાફત પ્રત્યેની બ્રિટિશ વલણમાં ફેર ન પડે તો સવિનય ભંગ આદરીને હિંદી પ્રજાસત્તાકની ઘોષણા કરવાની ધમકી આપી.

જુલાઈની ૨૮ થી ૩૦ સુધી મુંબઈમાં અ. હિં. મહાસભા સમિતિની બેઠક મળી. ટિળક સ્વરાજફાળો અપેક્ષિત ફાળા કરતાં પણ ૧૫ લાખ રૂપિયા જેટલી રકમ કુદાવી ગયો. રેંટિયાની સંખ્યા ૨૦ લાખ પર પહોંચી. સમિતિએ વિદેશી કાપડનો તથા પ્રિન્સ ઑફ વેલ્સની મુલાકાત અંગેના સમારંભોનો બહિષ્કાર કરવાની ભલામણ કરી.

ઑગસ્ટમાં ગાંધીએ વિદેશી કાપડની હોળી કરવાને અનુમતિ આપી. દેશભરમાં જબરી હોળીઓ સળગી. ટિળકના મૃત્યુની સંવત્સરી પ્રસંગે તા. ૧ લી ઑગસ્ટે મુંબઈમાં ગાંધીની હાજરીમાં જંગી હોળી થવા પામી. ટાગોર અને એણ્ડ્રૂઝે વિરોધ દર્શાવ્યો.

પ્રસંગો ઝડપથી પસાર થવા લાગ્યા. સપ્ટેમ્બરમાં અલીભાઈઓની ધરપકડ થઈ અને નવેમ્બરની ૧લીએ બે વર્ષની જેલની સજા થઈ.

ઑક્ટોબરની ૫મીએ મુંબઈ મુકામે કારોબારી સમિતિની બેઠક મળી અને જાહેર કર્યું કે, 'કોઈ પણ પ્રકારની સરકારી નોકરીમાં જોડાવું કે ચાલુ રહેવું એ રાષ્ટ્રીય ગૌરવ અને રાષ્ટ્રીય હિતની વિરુદ્ધ છે.' પ્રાંતિક કૉંગ્રેસ સમિતિઓના અધિકારિત્વ હેઠળ વ્યક્તિઓના સવિનય ભંગને બહાલી આપી.

ઑક્ટોબરની ૧૬મીએ કરાંચી ઠરાવ પર ગાંધી તથા કૉંગ્રેસના અગ્રગણ્ય નેતાઓની સહીઓ થઈ. હિંદભરમાં હજારો સભાઓમાં તે પસાર કરવામાં આવ્યો.

ખાદીને વેગ મળ્યો. ગાંધીએ પહેરણ અને ટોપી પહેરવાનું છોડી દઈને એકલી લંગોટી પહેરવાનો નિશ્ચય કર્યો. સ્વરાજપ્રાપ્તિ માટેના કૉંગ્રેસના કાર્યક્રમમાં ખાદી અને ચરખાને અત્યંત મહત્ત્વનું સ્થાન મળ્યું.

નવેમ્બરની ૧૭મીએ પ્રિન્સ ઑફ વેલ્સ હિંદ આવી પહોંચ્યા. આગમનને દિવસે હુલ્લડ અને રક્તપાત થવા પામ્યાં, જે ચાર દિવસ ચાલ્યાં. પરિણામે વ્યવસ્થાના એ અનિશ્ચિત કાળે ગાંધીએ નવેમ્બરની ૧૯મીથી ૨૩મી સુધી પાંચ દિવસના ઉપવાસ આદર્યા.

દેશબંધુની ધરપકડ. ડિસેમ્બરની ૨૫મીએ પ્રિન્સ ઑફ વેલ્સ કલકત્તાની મુલાકાત લેવાના હતા. લજપતરાય, મોતીલાલ અને જવાહર જેલમાં.

કૉંગ્રેસ અને સરકાર વચ્ચે વાટાઘાટો શરૂ થઈ. ગાંધી અને દેશબંધુ દાસે સઘળા જ રાજદ્વારી કેદીઓના છુટકારાની હિમાયત કરી. ગાંધીએ પિકેટિંગના હક્કની પણ હિમાયત કરી. વાટાઘાટો પડી ભાંગી. મિ. ઝીણા અને માલવીયજી મધ્યસ્થ હતા.

ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં અમદાવાદ મુકામે કૉંગ્રેસનું અધિવેશન. તેના ચૂંટાયેલા પ્રમુખ જેલમાં હોઈને હકીમ અજમલખાનને ચૂંટવામાં આવ્યા. દિલ્હીમાં હિંદુ મહાસભાની બેઠકે પણ એમને પ્રમુખ ચૂંટ્યા.

સામુદાયિક સવિનય ભંગનો ઉત્સાહ પ્રવર્તી રહ્યો હતો. ભંગ કરનારા ૨૦,૦૦૦ જેટલા જેલમાં હતા જ. કૉંગ્રેસને રાજદ્વારી બાબતોમાં સલાહ આપવામાં મુસ્લિમ ઉલેમાઓએ પ્રધાન ભાગ ભજવ્યો. સઘળી કારોબારી સત્તા સાથે કૉંગ્રેસ તરફથી, તેનું સામાન્ય તંત્ર જો પડી ભાંગે તો, પોતાનો અનુગામી નીમવાની પણ સત્તા ગાંધીને આપવામાં આવી. પરંતુ સુલેહ તો કૉંગ્રેસની અનુજ્ઞાથી જ માત્ર થવી જોઇએ. ગાંધીએ દરેક પ્રતિનિધિની છાવણીમાં પહોંચીને સવિનય ભંગની કાર્યપદ્ધતિ સમજાવવા માંડી.

૧૯૨૨ (વય ૫૩) : ઇ. સ. ૧૯૨૧ ના ડિસેમ્બર અને ૧૯૨૨ ના જાન્યુઆરી દરમિયાન આશરે ૩૦,૦૦૦ જેટલા શખ્સોને સજા કરવામાં આવી. જાન્યુઆરીની ૧૨ મીએ ગંતૂરે નાકરની લડત જાહેર કરી.

સુલેહ માટે તા. ૧૪ થી ૧૬ જાન્યુઆરીએ સર્વપક્ષીય પરિષદ બોલાવવામાં આવી. પ્રયત્ન નિષ્ફળ ગયો.

ફેબ્રુઆરીની ૧લીએ વાઇસરૉય પરના પત્રમાં ગાંધીએ પોતાના અંગત નિરીક્ષણ હેઠળ બારડોલીમાં સત્યાગ્રહ શરૂ કરવાનો ઇરાદો વ્યક્ત કર્યો. તત્કાળ સરકાર તરફથી દમનનીતિને ન્યાય્ય ઠરાવતો પ્રત્યુત્તર મળ્યો.

ફેબ્રુઆરીની ૫મીએ યુક્તપ્રાંતના ચૌરીચૌરા મુકામે ૨૧ પોલીસો અને સબ ઇન્સ્પેક્ટરને લોકોના ટોળા દ્વારા પોલીસ ચાવડીમાં ધકેલી દઈને જીવતા બાળી નાખવામાં આવ્યા.

૧૨મી ફેબ્રુઆરીએ કારોબારી સમિતિ બારડોલી મુકામે મળી. સામુદાયિક સત્યાગ્રહ મોકૂફ રહ્યો. ગાંધીએ પોતાની જાતે પાંચ દિવસના ઉપવાસ વેઠ્યા.

ફેબ્રુઆરીની ૨૪–૨૫મીએ દિલ્હી મુકામે મળેલી અ. હિં. મહાસભા સમિતિએ બારડોલી ઠરાવને બહાલ રાખીને વ્યક્તિગત સત્યાગ્રહ માટે છૂટ આપી.

૧૯૨૦ ના નવેમ્બરની ૧૦મીથી ગાંધી ધરપકડની રાહ જોઈ રહ્યા હતા. માર્ચની ૯મીએ એમણે લખ્યું : 'સરકાર દ્વારા રક્તપાતની નદીઓ મને ભયભીત બનાવી શકે તેમ નથી.' પોતાની ધરપકડ થતાં હડતાળ અને દેખાવોની લોકોને મનાઈ કરીને રચનાત્મક કાર્યક્રમ આગળ ધપાવવાની તથા સત્યાગ્રહને મજબૂત બનાવવાની અરજ કરી.

'યંગ ઇન્ડિયા' માંના ત્રણ લેખો બદલ બૅન્કર સાથે ગાંધીની તા. ૧૦મી માર્ચે રાજદ્રોહના આરોપસર ધરપકડ કરવામાં આવી. 'મહાન તપાસ' ૧૮મી માર્ચે અમદાવાદ મુકામે શરૂ થઈ. તહોમત બાદ ગાંધીએ અપરાધનો સ્વીકાર કરતાં એક નિવેદન કર્યું 'યંગ ઇન્ડિયા' સાથેના પોતાના સંબંધથી યે કેટલાંય વર્ષ પહેલાં પોતે અસંતોષનો ઉપદેશ કરવા માંડેલો એ રીતે તેનો ઉપોદ્ઘાત કર્યો. મદ્રાસ, મુંબઈ તથા ચૌરીચૌરા મુકામે બનેલા સઘળા બનાવોની સંપૂર્ણ જવાબદારી પોતાને માથે લઈ લીધી અને જણાવ્યું, 'હું જાણું છું કે હું આગ સાથે ખેલતો હતો....હજુ પણ હું તેમ જ કરું....મહેરબાન ન્યાયાધીશ સાહેબ, તમારે માટે જે એક જ માર્ગ ખુલ્લો છે તે....તમારી જગ્યાનું રાજીનામું આપવું અથવા તો મને સખ્ત સજા ફરમાવવી.'

જજ બ્રૂમફીલ્ડે ગાંધીને છ વરસની કેદની સજા ફરમાવી : 'મને લાગે છે કે ટિળકની કક્ષામાં તમને મૂકવામાં તમને કશું અજુગતું નહિ લાગે.' લોકમાન્ય સાથે પોતાનું નામ જોડાય એને પોતે ગર્વજનક અધિકાર ગણતા હોવાનું જણાવીને ગાંધીએ ન્યાયાધીશનો આભાર માન્યો. કસ્તૂરબાએ લોકોને શાંત રહીને રચનાત્મક કાર્યક્રમ પર લક્ષ આપવાનો આગ્રહ કર્યો.

'સત્યના પ્રયોગો' એ ગાંધીની ગુજરાતી આત્મકથા ઈ. સ. ૧૯૨૨–૨૪ના જેલનિવાસ દરમિયાન એક સહનિવાસી રાજદ્વારી કેદીને એમણે લખાવેલી અને પાછળથી ચાલુ હફ્તે 'નવજીવન'માં છપાયેલી. ગાંધીના કાળજીભર્યા પુનર્નિરીક્ષણ સહિત મહાદેવ દેસાઈ તથા પ્યારેલાલ નાયર દ્વારા તેનું અંગ્રેજી ભાષાંતર થયું. તેનું અંતિમ અંગ્રેજી સ્વરૂપ ઘડવામાં મીરાંબેને—મિસ સ્લેડે—સહાય કરી.

જેલમાંથી એક જ સંદેશો હતોઃ 'શાંતિ, અહિંસા, કષ્ટસહન.'

ઇ. સ. ૧૯૨૨ના નવેમ્બરની આખરે તુર્કીમાં કમાલપાશાએ મુલ્કી વહીવટ લઈ લીધો અને ત્યાંનો સુલતાન બ્રિટિશ જહાજમાં માલ્ટા નાસી છૂટ્યો. ખિલાફતના પ્રશ્નનો અણધાર્યો અંત આવ્યો.

ડિસેમ્બરમાં ગયા મુકામે મળેલી કૉંગ્રેસની બેઠકે ગાંધી તથા અહિંસાનો સાથ જાહેર કર્યો. ૧૭૪૦ વિરુદ્ધ ૮૯૦ મતે તેણે ધારાસભાઓમાં ભાગ લેવાનો નિષેધ કર્યો. પ્રથમ ખાદીપ્રદર્શન અધિવેશનને અંતે બ્રિટિશ તથા ઍંગ્લો–ઇન્ડિયન વર્તમાનપત્રોએ લોકચળવળની પ્રગતિ પ્રત્યે આશ્ચર્ય અને નિરાશા વ્યક્ત કર્યાં.

૧૯૨૩ (વય ૫૪) : કોમી મતભેદોથી રાજદ્વારી વાતાવરણ મલિન બન્યું.

મેની ૧લી તારીખે ગાંધીએ જેલસુપરિન્ટેન્ડેન્ટને લખી જણાવ્યું કે અન્ય રાજદ્વારી કેદીઓને એવી છૂટછાટો ન મળે ત્યાં સુધી પોતે ખાસ છૂટછાટો નહિ સ્વીકારે.

સપ્ટેમ્બરના ત્રીજા અઠવાડિયામાં દિલ્હી મુકામે કૉંગ્રેસનું ખાસ અધિવેશન. મૌલાના આઝાદ પ્રમુખપદે હતા. ધારાસભાપ્રવેશની છૂટ મુકાઈ. ધારાસભાઓ વિરુદ્ધનો પ્રચાર મોકૂફ રહ્યો. રચનાત્મક કાર્યક્રમનો આગ્રહ ધરવામાં આવ્યો.

કોમેકોમ વચ્ચેના સંબંધો પરત્વે સંયમ જાળવવાની વર્તમાનપત્રોને સલાહ આપવામાં આવી. ખાદી દ્વારા વિદેશી કાપડના બહિષ્કારનો આગ્રહ કરવામાં આવ્યો. સ્વદેશીના ઉત્તેજન તથા બ્રિટિશ માલના બહિષ્કાર માટેની પદ્ધતિનો નિર્ણય કરવાને એક સમિતિ નીમવામાં આવી.

નવેમ્બરમાં ગાંધીએ પોતાનું ભોજન મર્યાદિત કરવાની જેલઅધિકારીઓને સલાહ આપી; કારણ કે એમની સાથેના એક જેલવાસીને એટલી છૂટ આપવામાં નહોતી આવતી.

ડિસેમ્બરમાં કોકનદ કૉંગ્રેસ. મહમદઅલી પ્રમુખપદે હતા. રચનાત્મક કાર્યક્રમની તથા વિશાળ પાયે સત્યાગ્રહની કૉંગ્રેસે હાકલ પાડી. ધારાસભાઓના બહિષ્કારનું પુનઃ સમર્થન કર્યું. દેશવ્યાપી સ્વયંસેવક સંસ્થા—હિંદુસ્તાન સેવાદળ–નો પાયો નાખ્યો.

૧૯૨૪ (વય ૫૫) : જાન્યુઆરીની ૧૨મીએ ગાંધીની એકાએક એપેન્ડીસાઇટિસની બીમારીએ ચિંતા ફેલાવી દીધી. કર્નલ મેડૉક દ્વારા શસ્ત્રક્રિયા કરવામાં આવી. સર્જ્યને વીજળીક ટૉર્ચનો ઉપયોગ કરેલો, જેનો ઑપરેશનની અધવચ્ચે જ ફ્યુઝ ઊડી જવા પામ્યો. ઑપરેશન પૂરું થતાં સુધી નર્સે હરીકેન ફાનસ પકડી રાખ્યું—'પવિત્ર અનુભવ'. ફેબ્રુઆરીની ૫મીએ ગાંધીને બિનશરતે છોડી મૂકવામાં આવ્યા. સ્વાસ્થ્યપ્રાપ્તિ અર્થે એ જૂહુ ગયા.

દાસ અને મોતીલાલ દ્વારા કૉંગ્રેસનીતિનું નવું પ્રસ્થાન. ૧૯૨૩ની સામાન્ય ચૂંટણીમાં સ્વરાજિસ્ટોએ જબરું મતદાન મેળવ્યું.

માર્ચની ૨૨મીએ ગાંધીએ મૈત્રીના પ્રસ્તાવરૂપે રોમાં રોલાંને પહેલો કાગળ લખ્યો.

એપ્રિલના પહેલા અઠવાડિયામાં ગાંધીએ 'યંગ ઇન્ડિયા' તથા 'નવજીવન' નું તંત્રીપદ પાછું સંભાળી લીધું. જેલડાયરી તથા આત્મકથાની ક્રમશઃ પ્રસિદ્ધિ.

દાસ અને મોતીલાલ નવી પરિસ્થિતિની વધામણી ગાંધીને આપવા જૂહુ પહોંચ્યા. પરંતુ તેમની સાથે જોડાવાની એમણે ના પાડી. મેમાં એક નિવેદન બહાર પાડ્યું : 'નાફેરવાદીઓ ને સ્વરાજિસ્ટો જે કરી કે કહી રહ્યા છે તે વિષે જરા પણ ઉદ્વેગ ન પામતાં એકત્રિત શક્તિ અને લક્ષપૂર્વક રચનાત્મક કાર્યક્રમ પાછળ મંડ્યા રહીને પોતાની શ્રદ્ધા પુરવાર કરી આપવાનું મારે કહેવું જોઈએ.'

અ. હિં. મહાસભા સમિતિના તા. ૨૭–૨૯ જૂને થયેલા નિર્ણયનો માર્ગ એથી મુકરર થઇ જવા પામ્યો. ચૂંટાયેલા દરેક સભ્યને માટે દર મહિને ૨૦૦૦ વાર એકધારું

સૂતર પહોંચાડવાનું જરૂરી બન્યું. વિદેશી કાપડ, કાયદાની અદાલતો, શાળાઓ, કૉલેજો, ખિતાબો તથા ધારાસભાઓના બહિષ્કાર પર ભાર મૂકવામાં આવ્યો. સરકારની બેવડી નીતિને તિરસ્કારી કાઢવામાં આવી. ગોપીનાથ સહા દ્વારા થયેલા અર્નેસ્ટ ડેના ખૂનને વખોડી કાઢતો ઠરાવ પસાર કરવામાં આવ્યો. દાસ એની વિરુદ્ધ પડ્યા. કેટલાક સાથીદારોને વિરુદ્ધ મત આપતા જોઈને ગાંધીને નિરાશા ઊપજી. જાહેરમાં રડી પડ્યા.

દિલ્હી, ગુલબર્ગા, નાગપુર, લખનૌ, શાહજહાંપુર, અલ્લાહાબાદ, જબલપુર અને કોહાતમાં કોમી બખેડા. ગાંધી તથા શૌકતઅલીએ એ ઉત્પાત પરનો રિપોર્ટ તૈયાર કર્યો.

કોહાતના બનાવોને પરિણામે ગાંધીએ ૨૧ દિવસના ઉપવાસનો નિશ્ચય કર્યો. એમણે જણાવ્યું : ‘ હું કોઈને દોષ નથી આપતો, માત્ર મારી જાતને જ દોષ આપું છું.’ સપ્ટેમ્બરની ૧૮ મીએ મહમદઅલીના મકાન પર ઉપવાસ શરૂ કર્યા. સપ્ટેમ્બરની ૨૬મી સુધીમાં તો બધી જ કોમોના નેતાઓ દિલ્હી ધસી ગયા. સાત દિવસની પરિષદ ભરી અને ‘ ગાંધીના ઠરાવો અમલમાં મુકાય તથા ઉલ્લંઘન કરનાર સઘળાઓને સખ્ત રીતે વખોડી કાઢવામાં આવે એવું નિશ્ચિત કરવાને પોતે વધુમાં વધુ કરી છૂટવાને’ બંધાયા.

નવેમ્બરની ૨૩–૨૪મીએ ભરાયેલી અ. હિં. મહાસભા સમિતિની બેઠકમાં ગાંધી ધારાસભાપ્રવેશની બાબતમાં દાસ તથા મોતીલાલથી સંમત થયા.

ડિસેમ્બરમાં બેલગામ મુકામેની કૉંગ્રેસના ગાંધી પ્રમુખ બન્યા. નોંધ પરનું ટૂંકામાં ટૂંકું ભાષણ. ખુલ્લી બેઠકમાં માત્ર સાર જ જણાવવામાં આવ્યો. ખાદીનો તથા વિદેશી માલના બહિષ્કારનો આગ્રહ ધરી રાખ્યો. ધારાસભાપ્રવેશને કૉંગ્રેસ દ્વારા બહાલી મળી.

ગાંધીના નિર્દેશથી જવાહરલાલ નેહરુ કૉંગ્રેસના કાર્યવાહક મંત્રી ચૂંટાયા. કૉંગ્રેસ ભરાવાના સમયે જ દાસે પોતાની સઘળી માલમિલકતનો ત્યાગ કરીને દેશના વારસા તરીકે તે મૂકી.

૧૯૨૫ (વય ૫૬) : બેલગામ કૉંગ્રેસ પછી ગાંધીએ હિંદની વિસ્તૃત સફર કરી. માર્ચ–એપ્રિલમાં દક્ષિણ હિંદની મુલાકાત લીધી.

ત્રાવણકોર રાજ્યના વાઈકોમ મુકામે અસ્પૃશ્યોને જાહેર રસ્તા પરથી પસાર થવા દેવામાં આવતા નહોતા. ગાંધીની સલાહે એ દુઃખ દૂર કરવાને સત્યાગ્રહ શરૂ કરવામાં આવ્યો. એમની હાજરી સમાધાન આણવામાં સહાયક નીવડી.

દક્ષિણથી ગાંધી કલકત્તા ગયા ‘ ચરખાના આર્થિક અને આધ્યાત્મિક મૂલ્ય ’ પર રૉટરી ક્લબમાં વ્યાખ્યાન આપ્યું.

મેની ૨૯ મીએ શાંતિનિકેતન મુકામે ટાગોરની મુલાકાત લીધી.

જૂનની ૧૬ મીએ દાસના મૃત્યુ પર ગાંધીએ ખુલના મુકામે હૃદયદ્રાવક ભાષણ આપ્યું. લાંબો સમય બંગાળમાં રહ્યા. દાસના મકાનને સ્ત્રીબાળકોની હૉસ્પિટલમાં ફેરવી નાખવાને માટે દશ લાખ રૂપિયા એકઠા કર્યા.

અ. હિં. મહાસભા સમિતિએ સપ્ટેમ્બરની ૨૨ મીએ પટણાની બેઠક વખતે પસાર કરેલા ઠરાવ અનુસાર રાજકીય પરિવર્તનોથી અલિપ્ત છતાં કોંગ્રેસના એક અંતર્ગત ભાગ તરીકે હાથવણાટ અને ખાદીના વિકાસ અર્થે અ. હિં ચરખાસંઘની સ્થાપના કરી. ગાંધી એના મુખ્ય સમર્થક રહ્યા છે. રાજદ્વારી કામગીરી સ્વરાજપક્ષને સોંપી દેવામાં આવી. સ્વરાજિસ્ટ સભ્યો હવે ધારાસભાઓમાં કોંગ્રેસ સભ્યો કહેવાવા લાગ્યા.

ગાંધીને આશ્રમમાં શિથિલતા નજરે પડી· નવેમ્બરની ૨૪મીએ સાત દિવસના ઉપવાસ કરવાનું નક્કી કર્યું.

ડિસેમ્બરની ૨૬મીએ કાનપુર મુકામે કોંગ્રેસનું અધિવેશન. પ્રમુખસ્થાને સરોજિની નાયડુ હતાં· પોતાના પાંચ વર્ષના કાર્યનું અવલોકન કરતું પાંચ મિનિટનું ભાષણ ગાંધીએ આપ્યું. એમણે જણાવ્યું કે એમને કોઈ મુદ્દો ફરી શોધી કાઢવાનો નહોતો કે કોઈ નિવેદન પાછું ખેંચી લેવાનું નહોતું. 'લોકોમાં જુસ્સો અને ઉત્સાહ હોવાનું જણાય તો હું આજે સત્યાગ્રહ કરું·' રાજકીય મૌનવ્રત લીધું.

કોંગ્રેસ તથા અ. હિં. મ. સ.ની કાર્યવહી માટેની ભાષા તરીકે હિંદુસ્તાની સ્વીકારાઈ. અ. હિં. મ. સ.ને પરદેશોમાં હિંદની હિતરક્ષા અર્થે પરદેશખાતું ખોલવાની સત્તા આપવામાં આવી.

ગાંધીએ સમાજવાદને સાવધાનીભરી અનુમતિ આપી.

૧૯૨૬ (વય ૫૭) : કોંગ્રેસે પહેલી જ વાર પૂર્વના દલિત દેશોને લક્ષમાં લીધા. હિંદી સૈન્યની સરકાર તરફથી ચીન કરવામાં આવેલી રવાનગી પર ટીકા કરતાં ગાંધીએ કહ્યું, 'મારું મન ચીન ભણી દોડે છે. હું ઈચ્છું છું કે હું સહાય કરી શકું તેમ હોઉં.' ચીની વિદ્યાર્થીઓના આમંત્રણનો સ્વીકાર કરી લઈને ચીન જઈ ત્યાં પ્રતિકારની પોતાની રીતો દાખલ કરવાનું વિચાર્યું· હિંદમાંની કામગીરીએ એમને ત્યાં જતા રોકી લીધા.

ઑક્ટોબર ૨જીના 'યંગ ઇન્ડિયા'માં ગાંધીએ હડકાયાં કૂતરાંને મારી નાખવાનું સ્તુત્ય જણાવ્યું.

ડિસેમ્બરની ૨૬મીએ ગૌહાટી મુકામે કોંગ્રેસનું અધિવેશન ભરાયું. શ્રીનિવાસ આયંગર પ્રમુખપદે હતા. સમાચારોએ જણાવ્યું કે સ્વામી શ્રદ્ધાનંદનું તેમની માંદગીને બિછાને એક મુસ્લિમ દ્વારા ગોળીબારથી ખૂન થવા પામેલું· ગાંધી દ્વારા રજૂ થયેલો ખેદપ્રદર્શક ઠરાવ કોંગ્રેસે પસાર કર્યો, જેને મહમદઅલીએ ટેકો આપ્યો. સ્વાતંત્ર્યનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો. ગાંધીએ વિરોધ કર્યો. રાજકીય મૌનવ્રત છૂટયું.'

૧૯૨૭ (વય ૫૮) : વાઇસરોય લૉર્ડ ઈરવિને હિંદી નેતાઓને પોતાને મળવા માટે તા. ૫ મી નવેમ્બરે બોલાવ્યા. મુલાકાત માટે ગાંધી માંગ્ળુરથી દિલ્હી પહોંચ્યા. ઈરવિને એમના હાથમાં સાઈમન કમિશનને લગતી જાહેરાત મૂકી. એ જ કામ હતું કે કેમ, એના જવાબમાં ઇરવિને કહ્યું, 'હા.' નવેમ્બરની ૮મીએ લોકોને તે જાહેર કરવામાં આવી.

નવેમ્બરમાં ગાંધીએ ત્રણ અઠવાડિયાં સીલોનમાં ખાદીકાર્ય અંગે નાણાં એકઠાં કરવામાં ગાળ્યાં.

ડિસેમ્બરની ૨૬ મીએ મદ્રાસ મુકામે કૉંગ્રેસનું અધિવેશન મળ્યું. ડૉ. અનસારી પ્રમુખપદે હતા. પોતાના ભાષણમાં એમણે જણાવ્યું, 'અસહકારે આપણને નિષ્ફળ નથી બનાવ્યા, આપણે અસહકારમાં નિષ્ફળ ગયા છીએ.'

જવાહરલાલના પ્રભાવ તળે કૉંગ્રેસના માર્ગની વ્યાખ્યા કરવામાં આવી : 'હિંદી પ્રજાનું ધ્યેય સંપૂર્ણ રાષ્ટ્રીય સ્વાતંત્ર્યનું છે.' ગાંધીએ 'યંગ ઈન્ડિયા'માં લખ્યું: 'ગયે વરસે અસ્વીકાર પામેલો સ્વાતંત્ર્યનો ઠરાવ આ વરસે લગભગ કશા વિરોધ વિના પસાર થયો. પોતે અમલમાં મૂકવાને શક્તિમાન નથી એવું જાણ્યા છતાં વરસોવરસ આવા ઠરાવોનું પુનરુચ્ચારણ કરતી રહીને કૉંગ્રેસ પોતાને કુંઠિત બનાવી રહી છે.'

ડિસેમ્બરની ૨૯ મીએ હકીમ અજમલખાનનું અવસાન.

૧૯૨૮ (વય ૫૯) : ફેબ્રુઆરીની ૩ જીએ સર જોન સાઈમનના અધ્યક્ષત્વ હેઠળનું કમિશન મુંબઈને કિનારે ઊતર્યું. સઘળા રાજદ્વારી પક્ષો એના બહિષ્કારમાં શામેલ થયા. એના આગમનના દિવસે હિંદભરમાં હડતાળ. સર્વત્ર કાળા વાવટાથી તથા 'સાઈમન પાછા જાઓ' ના પોકારોથી સ્વાગત કર્યું.

ફેબ્રુઆરીની ૨૨મીએ ઇરવિને જાહેર કર્યું કે હિંદી સહાય મળે કે ન મળે છતાં સાઈમન કમિશનની તપાસ ચાલુ રહેશે.

સફળ બહિષ્કાર. સરકારે જુલમ તથા દમનનો ઉપયોગ કર્યો. લાઠી દ્વારા કરવામાં આવેલા આક્રમણમાં ૬૪ વર્ષના લજપતરાય તથા જવાહરલાલ પણ આવી ગયેલા. પ્રહારોને પરિણામે લજપતરાયનું નવેમ્બરની ૧૭ મીએ અવસાન થયું.

જમીનમહેસૂલમાં થયેલા વધારા સામે ફેબ્રુઆરીની ૧૨ મીએ ગુજરાતમાં બારડોલીના પ્રખ્યાત સત્યાગ્રહનો પ્રારંભ થયો. ગાંધીના આશીર્વાદ સહિત વલ્લભભાઈએ તેનું નેતૃત્વ લીધું. સામ્રાજ્યનાં સઘળાં સાધનો નાકરની લડતને કચડી નાખવાને વપરાશે એવી મુંબઈ સરકારે જાહેરાત કરી, પરંતુ થોડા જ સમય બાદ સમાધાન થયું.

નેહરુ કમિટીના રિપોર્ટ પર વિચારણા ચલાવવાને ઑગસ્ટની ૨૮-૩૦ સુધી લખનૌ મુકામે સર્વપક્ષીય પરિષદ.

ડિસેમ્બરમાં કલકત્તા મુકામે કૉંગ્રેસનું વાર્ષિક અધિવેશન. પ્રમુખસ્થાનેથી પંડિત મોતીલાલ નેહરુએ સાંસ્થાનિક સ્વરાજની હિમાયત કરી. ઈ. સ. ૧૯૨૯ના અંત સુધીમાં સાંસ્થાનિક સ્વરાજ આપવામાં ન આવે તો સ્વાતંત્ર્યના પક્ષમાં જોરદાર ઠરાવ પસાર કરાવવામાં જવાહરલાલ શ્રી. સુભાષ બોઝના ટેકે વિજયી નીવડ્યા. સમાધાનના પ્રકારરૂપે ઠરાવ ખુદ ગાંધીએ રજૂ કરેલો.

કૉંગ્રેસની ભૂમિ પર રાષ્ટ્રધ્વજ રોપવાની સાથે ૫૦,૦૦૦ કાર્યકરોની કૂચનું જંગી દૃશ્ય. તેમણે સ્વાતંત્ર્ય માટેનો ઠરાવ પસાર કરીને ધ્વજવંદન કર્યું.

સાઈમન કમિશનના બહિષ્કારમાં મહત્ત્વનો ભાગ ભજવતાં યુવકમંડળોની દેશભરમાં આયોજના કરવામાં આવી.

અ. હિં. મ. સ.ની શાખા તરીકે મજૂરોના પ્રશ્નો અંગે તપાસખાતું ખોલવામાં આવ્યું.

૧૯૨૯ (વય ૬૦) : ગાંધીને યુરોપનું નિમંત્રણ. ૧૯૨૯ના પ્રારંભે યુરોપીય પ્રવાસનો ઇરાદો રાખેલો. પરંતુ ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં એમણે જણાવ્યું, 'મને જવા પ્રેરે તેવો કશો અવાજ અંતરમાંથી ઊઠતો નથી. એથી ઊલટું, કૉંગ્રેસ સમક્ષ રચનાત્મક ઠરાવ મૂક્યા પછી અને એ માટે સાર્વજનિક ટેકો મેળવ્યા પછી હું અત્યારે યુરોપ ચાલ્યો જાઉં તો તેને છેહ આપવાનો હું અપરાધી બનું એમ મને લાગે છે....એ સૌ ઉપરાંત મારે આવતા વરસની લડત માટે તૈયારી કરવી જોઈએ, પછી તે ચાહે તે સ્વરૂપ લે.'

માર્ચની ૨૦મીએ સરકારે એકાએક મજૂરસંગઠન પર પ્રહાર કર્યો. આગેવાન કાર્યકર્તાઓને ગિરફતાર કરવામાં આવ્યા. સાડાચાર વર્ષ સુધી ચાલેલા મીરત ખટલાનો પ્રારંભ.

ગાંધી બ્રહ્મદેશ જતાં હિંદની સફર કરતા કલકત્તાથી પસાર થયા. વિદેશી કાપડની હોળી અંગેનું તહોમત તેમના પર મૂકવામાં આવ્યું. એ બ્રહ્મદેશ ભણી આગળ વધ્યા અને વળતાં તેમના પર મુકદ્દમો ચલાવીને રૂા. એકનો દંડ કરવામાં આવ્યો.

સાઈમન કમિશને પોતાનો શ્રમ એપ્રિલમાં સમાપ્ત કર્યો. એ હજુ તો માંડ ઇંગ્લૅંડ પહોંચ્યું હશે ત્યાં મેની સામાન્ય ચૂંટણીમાં કૉન્ઝર્વેટિવ સરકારની હાર થઈ અને રામસે મેકડોનલ્ડના પ્રમુખપદ નીચેની મજૂર સરકારને માર્ગ આપવો પડ્યો.

સુભાષ બોઝ તથા અન્ય અગ્રગણ્ય મહાસભાવાદીઓ સામે કામ ચલાવવામાં આવ્યું.

ઑગસ્ટ મહિનામાં જતીન્દ્રનાથ દાસે જેલમાં હિંદીઓ તરફના ઉપેક્ષાપૂર્ણ વર્તાવ સામે વિરોધ તરીકે ભૂખ–હડતાળ શરૂ કરી. ૬૧મા દિવસે સપ્ટેમ્બરની ૧૩મીએ અવસાન થયું.

ઑક્ટોબરની ૩૧મીએ ઇરવિને બ્રિટિશ સામ્રાજ્યમાં જવાબદાર રાજતંત્રની ક્રમિક પ્રાપ્તિના હિંદમાંની બ્રિટિશ રાજનીતિના ધ્યેયનું પુનઃ સમર્થન કર્યું. લંડનમાં ગોળમેજી પરિષદ ભરવાનો ઇરાદો જાહેર કર્યો. હિંદ માટે સાંસ્થાનિક સ્વરાજને 'ગુનો' ગણતી ચળવળની ચર્ચિલે શરૂઆત કરી.

ગાંધી સહિત સઘળા પક્ષના નેતાઓ નવેમ્બરની ૧૬મીએ દિલ્હી મુકામે મળ્યા અને વાઇસરોયની સહૃદયતાની પ્રશંસા કરતો ઠરાવ પસાર કર્યો. સુભાષે કારોબારી સમિતિમાંથી રાજીનામું આપ્યું.

ડિસેમ્બરની ૨૩મીએ વાઇસરોયની દિલ્હી જતી ટ્રેનને બૉમ્બથી ઉડાડી મૂકવાનો પ્રયત્ન. એ જ દિવસે ગાંધીએ મોતીલાલ, ઝીણા, સપ્રુ તથા વિઠ્ઠલભાઈ પટેલ સાથે વાઇસરોયની મુલાકાત લીધી. ગાંધીએ સાંસ્થાનિક સ્વરાજના પ્રશ્ન પર લક્ષ કેન્દ્રિત કર્યું. વાઇસરોયે જણાવ્યું કે ગોળમેજી પરિષદ અંગે પોતે 'સાંસ્થાનિક સ્વરાજના કશા નિશ્ચિત વચન' પૂર્વક નિમંત્રણ આપી શકે એવી સ્થિતિમાં નહોતા.

ડિસેમ્બરમાં જવાહરલાલના પ્રમુખપદે લાહોર મુકામે કૉંગ્રેસની બેઠક મળી. ગાંધીના કહેવાથી કૉંગ્રેસે તા. ૩૧મી ડિસેમ્બરની મધરાતે જાહેર કર્યું કે 'સાંસ્થાનિક સ્વરાજનો ખ્યાલ હવે વીતી ચૂક્યો હતો અને કૉંગ્રેસપંથમાં સ્વરાજનો અર્થ સંપૂર્ણ સ્વતંત્રતાનો રહેશે.' એ પછી તરત જ જવાહરલાલ તથા બીજા નેતાઓએ લોકમેદની સાથે મળીને ૧૯૩૦ના હિંદી સ્વાતંત્ર્યના પ્રથમ દિને ગંભીરભાવે ધ્વજવંદન કર્યું.

૧૯૩૦ (વય ૬૧) : જાન્યુઆરીની ૨૫મીએ ધારાસભામાં આપેલા ભાષણમાં વાઇસરોયે સ્પષ્ટ કર્યું કે આત્મનિર્ણયનો પ્રશ્ન ઉપસ્થિત જ થતો નહોતો. જવાબમાં ગાંધીએ 'યંગ ઇન્ડિયા'માં લખ્યું : 'વાતાવરણની સ્પષ્ટતા કરી આપવા બદલ દરેક મહાસભાવાદીએ નામદાર વાઇસરોયનો આભાર માનવાનું તથા વસ્તુતઃ તેઓ અને આપણે ક્યાં ઊભા છીએ તે જાણવું ઘટે છે.'

જાન્યુઆરીની ૨૬મીએ દેશભરમાં સ્વાતંત્ર્યપ્રતિજ્ઞા લેવામાં આવી અને એ દિવસે દર વરસે સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરવામાં આવે છે.

જાન્યુઆરીની ૩૦મીના 'યંગ ઇન્ડિયા'માં ગાંધીએ પોતાના પ્રખ્યાત અગિયાર મુદ્દાઓ પ્રસિદ્ધ કર્યા.

સરકારે ધરપકડો શરૂ કરી. સુભાષ તથા બીજા અગિયારને વરસદિવસની સખ્ત કેદની સજા ફરમાવવામાં આવી.

કૉંગ્રેસનિહિત સત્તાને શિરે ચડાવીને કૉંગ્રેસ ધારાસભ્યોએ રાજીનામાં આપી દીધાં. તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીના 'યંગ ઇન્ડિયા'માં ગાંધીએ લખ્યું, 'અહિંસા જો કેવળ સાનુકૂળ વાતાવરણમાં જ વિકસી શકતી હોય તો તે બહુ ઉપયોગની નથી.'

ફેબ્રુઆરીની ૧૪-૧૬ તારીખે સાબરમતી મુકામે કારોબારી સમિતિ મળી. પૂર્ણ સ્વરાજની પ્રાપ્તિ અર્થે સવિનય ભંગનો નિર્ણય કર્યો. ગાંધીએ એકત્ર થયેલા સભ્યોને મીઠાનો કાયદો તોડવાની સહજ સલાહ આપી.

ફેબ્રુઆરીની ૨૭મીએ ગાંધીએ લેખ લખ્યો, 'હું પકડાઉં ત્યારે.' મોતીલાલ દ્વારા કૉંગ્રેસને આનંદભવનની બાદશાહી ભેટ.

માર્ચની ૨૨મીએ ગાંધીએ ઇરવિનને આખરીનામું મોકલ્યું. 'પ્રિય મિત્ર....સવિનય ભંગ પર ઊતરતાં અને આ વરસો દરમિયાન જેનો ભય મને રહેતો આવેલો એ જોખમ ઉઠાવતાં પહેલાં આપનો સંપર્ક સાધીને કશો માર્ગ કાઢવાનું મને ઠીક લાગે છે,' એ રીતે તેની શરૂઆત કરવામાં આવેલી. રેજિનાલ્ડ રેનોલ્ડ્સ એ પત્ર દિલ્હી લઈ ગયા. જવાબમાં ઇરવિને 'ગાંધી કાયદાનું ઉલ્લંઘન કરવા માગતા હોવાનું સાંભળતાં' માત્ર ખેદ પ્રદર્શિત કર્યો.

'ઘૂંટણિયે પડીને મેં રોટી માગી અને તેને બદલે પથ્થર મળ્યો,' ગાંધીએ લખ્યું.

માર્ચના પહેલા અઠવાડિયામાં રાસ મુકામે વલ્લભભાઈની ધરપકડ કરવામાં આવી.

ગાંધીએ પોતે સત્વર સત્યાગ્રહની તૈયારી કરી. સાબરમતીને તીરે એકઠી થયેલી ૭૫૦૦૦ની મેદની વચ્ચે ગાંધીએ 'સંપૂર્ણ અહિંસાને ધર્મનિયમ તરીકે' સ્વીકારવાની શરતે હિંદની પ્રજાને 'સ્વાતંત્ર્યસંગ્રામ' અર્થેના સવિનય ભંગમાં જોડાવાનો અનુરોધ કર્યો.

માર્ચની ૧૨મીએ 'મીઠાનો કાયદો પાછો ખેંચી લેવડાવવામાં હું સફળ ન થાઉં ત્યાં સુધી' આશ્રમમાં પાછા ન ફરવાના નિશ્ચય સહિત ૭૯ આશ્રમવાસી સ્વયંસેવકો સાથે સવારે ૬-૩૦ વાગ્યે ગાંધીએ મીઠાનો કાયદો તોડવા માટે દાંડીની ઐતિહાસિક કૂચ આદરી.

કૂચનો આગલો દિવસ ઉપવાસ અને પ્રાર્થના માટે રાખવામાં આવ્યો હતો. હાથમાં લાકડી અને પડખે થોડાઘણા સામાનની ઝોળી સાથે ત્રણત્રણની હારમાં કૂચ કરતા અહિંસક સૈન્યને મોખરે ગાંધી હતા. એમને રસ્તે ફૂલ-શ્રીફળ ધરાવવામાં આવતાં અને રસ્તાઓને પાણી છાંટીને વાવટાથી શણગારવામાં આવતા. ગાંધીનાં દર્શન તથા સંદેશ અર્થે નજીકની અને દૂરની જબરી લોકમેદની ઊમટેલી.

દરેકેદરેક વિરામસ્થાને ગાંધી લોકોને ખાદી અપનાવવાનું, દારૂ છોડવાનું, સરકારને સહકાર આપવાનું બંધ કરવાનું તથા સત્યાગ્રહમાં જોડાવાનું કહેતા. ગામડાંના ૩૯૦ જેટલા અધિકારીઓએ રાજીનામાં આપી દીધાં.

૨૦૦ માઇલની કૂચ પછી એપ્રિલની તા. ૫મીની સવારે ટુકડી દરિયાકાંઠે આવેલા દાંડી ગામે પહોંચી, જ્યાં ગાંધીએ મીઠાનો કાયદો તોડવાની તૈયારી કરી.

માર્ચની ૨૧મીએ અલ્લાહાબાદ મુકામે અ. હિં. મ. સ.ની બેઠક મળી. ગાંધીની ધરપકડ થતાંવેંત, અથવા તો તેઓ કહે તો તેમની ધરપકડની પણ પહેલાં, તા. ૬ઠ્ઠી એપ્રિલથી સવિનયભંગ શરૂ કરવાનો નિર્ણય કર્યો.

એપ્રિલની ૬ઠ્ઠીની સવારની ગાંધીની પ્રાર્થનાસભા એમના ગંભીર વક્તવ્યને લઈને નોંધપાત્ર બની રહી. એમણે નિર્દેશ્યું કે એમની ધરપકડ થવા પામે તો કોંગ્રેસે અબ્બાસ તૈયબજી પાસેથી હુકમો મેળવવા, અને એમના પછી સરોજિની નાયડુ પાસેથી. એમણે જણાવ્યું: 'હિંદમાંના બ્રિટિશ અમલે આ દેશનો નૈતિક, ભૌતિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક હ્રાસ જ સાધ્યો છે. હું આ અમલને એક અભિશાપ ગણું છું. હું સરકારની આ તંત્રપદ્ધતિનો નાશ કરવાને બહાર પડ્યો છું.... આપણે કોઈની હિંસા કરવાની નથી, પરંતુ આ સરકારના અભિશાપને નાબૂદ કરી દેવાનો તો આપણો ધર્મ છે.'

પ્રાર્થના પછી તરત જ એપ્રિલની ૬ઠ્ઠીએ સવારે ૬ વાગ્યે ગાંધી પોતાના અનુયાયીઓ સહિત સમુદ્રસ્નાને ઊપડ્યા. શ્રીમતી નાયડુ સહિત જબરી મેદની ટુકડીની સાથે રહી. સાડાઆઠ વાગ્યે દરિયાકિનારેથી મીઠું ઊંચકીને ગાંધી તથા સ્વયંસેવકોએ મીઠાના કાયદાનો ભંગ કર્યો. શ્રીમતી નાયડુએ ગાંધીને 'કાનૂનભંજક' તરીકે વધાવી લીધા. કોઇ પોલીસનો માણસ એ સ્થાને નહોતો.

એ પછી તરતમાં જ ગાંધીએ છાપાંજોગું નિવેદન બહાર પાડ્યું : 'હવે જ્યારે મીઠાના કાયદાનો મુદ્દાસરનો કે વિધિસરનો ભંગ થઈ ચૂક્યો છે, ત્યારે મીઠાના કાયદા હેઠળ થતા ખટલાનું જોખમ ખેડનાર કોઈ પણ વ્યક્તિને માટે જ્યાં જ્યાં ઇચ્છા થાય અને જ્યાં જ્યાં સગવડપડતું જણાય ત્યાં મીઠું બનાવવાની છૂટ છે....ગામડાંના રહેવાસીને મીઠાના કાયદાઓ તોડવાની રીતની સંપૂર્ણ સમજણ પાડવી જોઈએ....મને અધિક ને અધિક પ્રતીતિ થતી જાય છે કે સ્વાતંત્ર્યપ્રાપ્તિમાં પુરુષો કરતાં સ્ત્રીઓ જબરો હિસ્સો આપી શકે તેમ છે.'

દાંડીકૂચની ફિલ્મ પર પ્રતિબંધ મુકાયો.

દેશ આખો એક છેડેથી બીજે છેડે સળગી ઊઠ્યો. લાખો લેખે શ્રોતાઓ ધરાવતી જંગી જાહેર સભાઓ બધાં જ મોટાં નગરોમાં ભરાવા લાગી.

એપ્રિલની ૧૪મીએ જવાહરલાલની ધરપકડ. પેશાવરમાં લશ્કરે ગોળીબાર ચલાવીને અનેકોનાં મોત નિપજાવ્યાં. મદ્રાસમાં ગોળીબાર. એપ્રિલની ૨૩મીએ બંગાળનો વટહુકમ ફરી જારી થયો. કરાંચી, શીરોડા, રત્નાગિરિ, પટણા, કલકત્તા તથા સોલાપુર અખબારોને પાને ચમકી રહ્યાં.

એપ્રિલની ૨૭મીએ વાઇસરોયે છાપાંને લગતો વટહુકમ અમલમાં મૂક્યો. ગાંધીએ નવજીવન મુદ્રણાલયને જામીનગીરી ભરવાને બદલે જપ્તી વહોરી લેવાનું જણાવ્યું. નવજીવન મુદ્રણાલયનો કબજો લઈ લેવામાં આવ્યો. 'યંગ ઇન્ડિયા' શિલાયંત્ર પર પ્રસિદ્ધ થવા લાગ્યું.

વિઠ્ઠલભાઈ પટેલે ધારાસભાના સભ્યપદ તથા પ્રમુખપદનું રાજીનામું આપ્યું.

દરમિયાનમાં ગાંધીની પ્રવૃત્તિઓ તો નિઃસંકોચ ચાલુ જ રહી. મેની ૪થીએ સૂરત મુકામે સ્ત્રીઓની એક સભામાં બોલતાં ગાંધીએ જણાવ્યું કે ભવિષ્યમાં તેમણે તકલી વિના એમની સભામાં હાજરી ન આપવી. નવસારી મુકામે એમણે લોકોને સરકારી અમલદારોના સામાજિક બહિષ્કાર સામે ચેતવણી આપી.

ગાંધીએ વાઇસરોય પરના બીજા પત્રનો મુસદ્દો ઘડી કાઢ્યો અને ધારાસણા તથા ચારસદ્દાનાં મીઠાનાં મથકો પર ધાડ પાડવાનો ઇરાદો વ્યક્ત કર્યો. એમણે દલીલ કરેલી કે કુદરતી મીઠું એ હવા તથા પાણી માફક જાહેર મૂડી હતી. બ્રિટિશશત્રુઓ માટે ઘડવામાં આવેલા, મુંબઇના ૧૮૨૭ના ૨૫મા ધારા હેઠળ એમની ધરપકડ કરવામાં આવી.

લગભગ ૨૦ શસ્ત્રસજ્જ પોલીસો સહિત જિલ્લા મેજિસ્ટ્રેટ તથા જિલ્લા સુપરિન્ટેન્ડેન્ટ બપોરે ૧૨–૪૫ વાગ્યે કરાડી પહોંચ્યા. ગાંધી ઘસઘસાટ ઊંઘતા હતા એ ખાટલા ભણી એ આગળ વધ્યા. એમના પર ફ્લૅશ લાઈટ ફેંકીને એમણે એમને જગાડ્યા અને ખાટલાને ઘેરી વળ્યા. ગુજરાતે જે રીતે પોતાનો આદેશ ઝીલી લીધો હતો એ પ્રત્યે સંતોષ દર્શાવતો સંદેશ એમણે લોકો માટે ઉતરાવ્યો. લોરીમાં લઈ જઇને એમને યેરવડા જેલમાં ખસેડવામાં આવ્યા.

ગાંધીની ધરપકડને પરિણામે સર્વત્ર દેખાવો થયા. ન્યૂયોર્કના કૉમ્યુનિટી ચર્ચવાળા જોન હેન્સ હોમ્સની આગેવાની નીચે ૧૦૨ અમેરિકન પાદરીઓએ બ્રિટિશ વડાપ્રધાનને

ગાંધી અને હિંદી પ્રજા સાથે સમાધાન પર આવવાને, અને એના અભાવે સમગ્ર માનવજાતિ પર આવી પડનારી આપત્તિમાંથી બચાવવાને અનુરોધ કર્યો. પનામામાં રોકાયેલા હિંદીઓએ ૨૪ કલાકની સહાનુભૂતિદર્શક હડતાળ પાડી. ફ્રેન્ચ વર્તમાનપત્રો ગાંધીના જીવનકાર્યથી ભરપૂર રહેવા લાગ્યાં.

હિંદભરમાં સંપૂર્ણ હડતાળ. મુંબઈના લગભગ ૫૦,૦૦૦ જેટલા કાપડઉદ્યોગના કામદારોએ ઓજારો મૂકી દીધાં. રેલવે કામદારો તેમની સાથે જોડાયા. કાપડના વેપારીઓ છ દિવસની હડતાળ પર ઊતર્યા. માનાર્હ અધિકારીઓ તથા સરકારી નોકરોનાં અવારનવાર રાજીનામાં ચાલુ રહ્યાં.

સોલાપુરમાં થયેલા તોફાનમાં છ પોલીસચાવડીઓને સળગાવી દેવામાં આવી. પોલીસે કરેલા ગોળીબારને પરિણામે ૨૫ જણાની હત્યા થઈ અને ૧૦૦ ઘાયલ થયા. કલકત્તામાં પણ પોલીસે ગોળીબાર ચલાવ્યો.

મેમાં અલ્લાહાબાદ મુકામે કારોબારી સમિતિએ મળીને સવિનયભંગનો અવકાશ વિસ્તૃત બનાવ્યો.

મીઠાનો સત્યાગ્રહ ચાલુ રહ્યો. દક્ષિણ આફ્રિકાના ગાંધીના જૂના સાથીદાર ૬૩ વર્ષના બુઝર્ગ ઇમામસાહેબની દોરવણી નીચે ૨૫૦૦ જેટલી સંખ્યાએ ધારાસણાના મીઠાના મથક પર ધાડ પાડી. પોલીસે કેટલી યે વાર લાઠી વીંઝી, જેને પરિણામે ૧ની હત્યા અને ૨૯૦ ઘાયલ થયા.

વડાળાના મીઠાના મથક પર કેટલી યે ધાડો પડી. મીઠાના કાયદાનું ઉલ્લંઘન કરવાની સાથોસાથ રાજદ્રોહના કાયદાનો તથા પ્રતિબંધક હુકમોનો પણ ભંગ ચાલુ થયો. વરાડ તથા અન્ય સ્થળોએ જંગલોના કાયદાનો અનાદર કરવામાં આવ્યો. નાકરની લડત શરૂ થઇ. વિદેશી કાપડના બહિષ્કારની તથા દારૂતાડીનાં પીઠાંના પિકેટિંગની પ્રવૃત્તિ ખાસ કરીને સ્ત્રીઓ દ્વારા વેગીલી બની. એકલા મુંબઇમાં જ ૩૦ કરોડ જેટલી કિંમતના વિદેશી કાપડ પર કૉંગ્રેસનાં સીલ લાગી ગયાં. દારૂતાડીની આબકારી આવક લગભગ ૭૦ ટકા—૯૦ લાખ રૂપિયા જેટલી ઘટી ગઇ. જંગલોની આવક રૂા. ૧૬ લાખ જેટલી ઘટી ગઇ. સાડાપાંચ લાખ રૂપિયા જેટલું જમીનમહેસૂલ વસૂલ થયા વિનાનું રહ્યું. બારડોલીમાં ખેડૂતોએ સરકારને ગણોત આપવાની ના પાડી દીધી. પાક સળગાવી મૂક્યો અને વડોદરા ચાલ્યા ગયા. મિદનાપુરમાં સરકારી અમલદારો અને એમના ટેકેદારોને કશી સામગ્રી મળવી અશક્ય બની.

સરકારે કપરે હાથે કામ લીધું. વરસ પૂરું થતાં પહેલાં તો વાઇસરોય દ્વારા ઓછામાં ઓછા બાર વટહુકમો અમલમાં મુકાઈ ગયા. સજા પામેલાઓની સંખ્યા ૧,૦૦,૦૦૦ પર પહોંચી ગઈ, જેમાં ૧૨,૦૦૦ મુસ્લિમો હતા.

જૂનની પહેલીએ ૧૫,૦૦૦ જેટલા સ્વયંસેવકો અને પ્રેક્ષકોએ વડાળાની ધાડમાં ભાગ લીધો.

જૂનની ૩૦મીએ મોતીલાલનેગિરફતાર કરીને છ મહિનાની સજા કરવામાં આવી.

જાહેર સભાઓ પર પ્રતિબંધ મુકાયો. જુલાઈની ૧૫મીએ પેશાવરમાં ગોળીબાર થયો. અબ્દુલ ગફારખાનના નેતૃત્વ નીચે સરહદનો મુલક સક્રિય બન્યો. ઓરતો પરદા ફેંકી દઈને મર્દોની સાથે ખભેખભા મેળવીને લડી. દમન દરમિયાન કેટલાક ગઢવાલી સૈનિકોએ લોકો પર ગોળી ચલાવવાની ના પાડતાં તેમના પર લશ્કરી અદાલતમાં કામ ચલાવવામાં આવ્યું. ૧૦ થી ૧૪ વર્ષની સજા કરવામાં આવી.

સર તેજબહાદુર સપ્રુ તથા શ્રી. એમ. આર. જયકરની વિનતિ પરથી ગાંધી, મોતીલાલ તથા જવાહરલાલની મુલાકાતની સગવડ કરી આપવામાં આવી ઑગસ્ટની ૧૪–૧૫મીએ યેરવડા જેલમાં સંયુક્ત મુલાકાત. વાટાઘાટ નિષ્ફળ નીવડી.

કૉંગ્રેસના પ્રતિનિધિત્વ વિના નવેમ્બરની ૧૨મીએ ગોળમેજી પરિષદ મળી.

સઘળા જ નેતાઓ જેલમાં હોઈને ડિસેમ્બરમાં કૉંગ્રેસનું કોઈ અધિવેશન ન ભરાયું.

૧૯૩૧ (વય ૬૨): મહમદઅલીનું તા. ૪થી જાન્યુઆરીએ ઈંગ્લેંડમાં મૃત્યુ.

હિંદમાંની બ્રિટિશ નીતિની વ્યાખ્યા આપતા વડાપ્રધાનના જાહેરનામા તથા પોતે હિંદના ઇતિહાસમાં એક નવું પ્રકરણ ઉઘાડયું હોવાના અને મહાસભાવાદીઓની સેવા પ્રાપ્ત કરવાનાં પગલાં લેવાવાના ઈંગ્લેંડના રાજાના સંદેશ સહિત પહેલી ગોળમેજી પરિષદ તા. ૧૮મી જાન્યુઆરીએ પૂરી થઈ.

જાન્યુઆરીની ૨૧મીએ અલ્લાહાબાદ મુકામે સ્વરાજભવનમાં કારોબારી સમિતિની બેઠક મળી. કહેવાતી ગોળમેજીને માન્ય રાખવા કૉંગ્રેસ તત્પર ન હોવાનું જાહેર કર્યું. રાજેન્દ્રબાબુ પ્રમુખસ્થાને હતા. પંડિત માલવીયજી હાજર હતા.

જાન્યુઆરીની ૨૫મીએ ગાંધી તથા કારોબારી સમિતિના સભ્યોના બિનશરતી છુટકારાની ઇરવિનની જાહેરાત. વળતે દિવસે ગાંધી તથા આશરે ત્રીસેક નેતાઓને છોડી મૂકવામાં આવ્યા અને કૉંગ્રેસ સંસ્થાઓ સામેના હુકમો પાછા ખેંચી લેવામાં આવ્યા.

મુક્ત થયેલા નેતાઓ શીઘ્ર અલ્લાહાબાદ ઊપડ્યા, જ્યાં મોતીલાલ સખ્ત માંદગીમાં પટકાયા હતા. સારવાર માટે જેમને લખનૌ લઈ જવામાં આવ્યા, જ્યાં તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ એમનું અવસાન થયું.

ફેબ્રુઆરીની ૧૭મીએ ૨–૩૦ થી ૬–૧૦ વાગ્યા સુધી ગાંધીએ દિલ્હી મુકામે ઇરવિનની મુલાકાત લીધી. 'અર્ધનગ્ન ફકીર વાઇસરોયના મહેલનાં પગથિયાં ચડી ચૂક્યો' એવું ચર્ચિલ બોલ્યો. ડૉ. અનસારીના નિવાસે કારોબારી સમિતિની બેઠક. ગાંધીને સ્પષ્ટ આદેશ તથા સંપૂર્ણ અધિકાર આપવામાં આવ્યા.

ફેબ્રુઆરીની ૨૨મીએ ગાંધીએ મુસ્લિમ લીગ સમિતિને ભાષણ આપ્યું.

ફેબ્રુઆરીની ૨૭મીએ વાઇસરોયની મુલાકાત લીધી. ફેબ્રુઆરીની ૨૮મીએ ગાંધીએ પિકેટિંગ અંગેની અપેક્ષિત યાદી મોકલાવી અને વાઇસરોયે નિર્ધારિત સમાધાનની યાદી

મોકલાવી. માર્ચની ૧લી સુધીમાં વાઇસરૉયને ચોક્કસ જવાબ જોઈતો હતો. પ્રતિદ્વંદ્વિતાનો પુનઃ પ્રારંભ અનિવાર્ય જણાવા લાગ્યો. પરંતુ માર્ચની ૧લીએ વાઇસરૉયનું વલણ મિત્રાચારીભર્યું હતું.

માર્ચની ૪થીએ ગાંધી–ઇરવિન કરારનામા પર સહી થઈ. બહિષ્કાર બંધ કરવાનો હતો, પરંતુ સ્વદેશી માટે પ્રચાર કરવાની છૂટ હતી. શાંતિપૂર્ણ પિકેટિંગની છૂટ રહી. કાયદાઓનો સઘળો આયોજિત અનાદર બંધ રાખવાનો હતો. સઘળા વટહુકમો પાછા ખેંચી લેવાના હતા. સામાન્ય ક્ષમાપ્રદર્શન. દરિયાકિનારાના લોકોને મીઠું ઉપાડવાનો, પકવવાનો તથા વેચવાનો હક્ક આપવામાં આવ્યો. ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસનું પ્રતિનિધિત્વ ભાવિ ચર્ચા અંગે ખુલ્લું રહ્યું.

પંદર દિવસની મંત્રણામાં ગાંધીએ વાઇસરૉયના આવાસની આઠ વખત મુલાકાત લીધી અને લગભગ ચોવીસ કલાક તે પાછળ ગાળ્યા. એક સાંજે વાઇસરૉયે ગાંધીને પોતાની સાથે ચા પીવા નોતર્યા. ગાંધીએ કાગળનું એક પડીકું છોડતાં કહ્યું, ' આભાર થયો. આપણને પ્રખ્યાત બોસ્ટન ચા–મંડળીની યાદ તાજી કરાવે એ માટે હું મારી ચામાં થોડુંક કાયદેસરનું મીઠું નાખીશ. ' મંત્રણા દરમિયાન ગાંધી અને ઇરવિનને લાહોર કાવતરા કેસમાં સૉન્ડર્સના ખૂનના તહોમત હેઠળ દેહાંતદંડની સજા પામેલા ભગતસિંગ, રાજગુરુ તથા સુખદેવની સજાની ફેરબદલ અંગે વાતચીત થયેલી.

માર્ચની ૧૯મીએ ગાંધીએ વાઇસરૉયની મુલાકાત લીધી અને રાજદ્વારી કેદીઓના છુટકારાનો પ્રશ્ન ચર્ચ્યો.

અધિકારીઓને ' ખળભળાટ ' મચવાની આશંકા હોઈને ભગતસિંગની ફાંસીની તારીખ છાની રાખવામાં આવી. યુરોપિયન સ્ત્રીઓને કમમાં કમ દસ દિવસ સુધી યુરોપિયન લત્તામાં જ રહેવાની ચેતવણી આપવામાં આવી. માર્ચની ૨૩–૨૪મીની રાતે ભગતસિંગને ફાંસી આપવામાં આવી.

કરાંચી કૉંગ્રેસમાં ગાંધીની સ્થિતિ અત્યંત કફોડી બની ગઈ. કરાંચીમાં આગમન થતાં તરુણ ક્રાન્તિકારીઓએ કાળા વાવટાઓથી એમનું સ્વાગત કર્યું અને શોકના ચિહ્નરૂપે કાળાં ફૂલોની એમને ભેટ ધરી.

કૉંગ્રેસના અધિવેશન પહેલાં ગાંધીને નવજવાન સભાના નેતા સુભાષ સાથે વાતચીત થયેલી અને તેમને કૉંગ્રેસનો દૃષ્ટિકોણ અપનાવી લેવાની સલાહ એમણે આપેલી.

માર્ચની ૨૫મીએ જાહેર સભામાં ગાંધીએ જણાવ્યું, ' ગાંધીનું અવસાન થશે તો પણ ગાંધીવાદ તો સદાને માટે જીવતો રહેશે. '

માર્ચની ૩૧મીએ કરાંચી કૉંગ્રેસની ખુલ્લામાં બેઠક મળી. સરદાર વલ્લભભાઈ પ્રમુખસ્થાને હતા. મોતીલાલ તથા મહમદઅલી અંગેના શોકપ્રદર્શન પછી પહેલો જ ઠરાવ ભગતસિંગ પરનો લેવામાં આવ્યો. હિંદના હિતલક્ષી આવશ્યક ફેરફારો સહિત પૂર્ણસ્વરાજની માગણીના આદેશ સહિત ગોળમેજી પરિષદ અંગેનું કૉંગ્રેસ પ્રતિનિધિમંડળ,

ગાંધીના ૧૧ મુદ્દાઓમાં જવાહરલાલ તરફના કેટલાંક વધુ ઉમેરીને 'પ્રજાના મૂળભૂત અધિકારો'નો સમાવેશ કરતો ઠરાવ કૉંગ્રેસે સ્વીકાર્યો.

એપ્રિલની ૭મીએ હિંદી વેપારી મહામંડળનું ઉદ્ઘાટન કરતાં ગાંધીએ જણાવ્યું કે, સ્વરાજ એટલે ન્યાયનું શાસન હોઇને અંગ્રેજોના અધિકારોને રક્ષણ આપવું જોઇએ.

અમૃતસર મુકામે શીખ લીગમાં ગાંધીએ હાજરી આપી. અમદાવાદ પુનરાગમન થતાં ગુજરાત વિદ્યાપીઠના પદવીદાનસમારંભનું પ્રમુખસ્થાન લીધું.

એપ્રિલની ૧૮મીએ ઇરવિને હિંદ છોડયું અને ગાંધીએ એને મુંબઈ મુકામે વિદાયગીરી આપી. લૉર્ડ વિલિંગ્ડન વાઈસરૉય પદે આવ્યો. ગાંધી નવા વાઈસરૉયને સીમલા મુકામે મળ્યા.

જૂનની ૧૦મીએ મળેલી કારોબારી સમિતિએ ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ગાંધીને નિયુક્ત કર્યા.

જુલાઇની ૧૧મીએ ગાંધીએ સંધિની શરતો પ્રત્યેની ઉદાસીનતા અંગે વિલિંગ્ડનને તાર કર્યો અને તેમને એ બદલ ખાતરી મળી.

ઑગસ્ટની ૧લીએ કારોબારી સમિતિએ અમુક ફેરફારો સહિત ગાંધીનિર્દિષ્ટ રાષ્ટ્રધ્વજ અપનાવ્યો. સફેદ, લીલો અને કેસરી. માત્ર સફેદ ભાગમાં જ રેંટિયાની સંજ્ઞા. કેસરી રંગ નિર્ભયતા અને બલિદાનનો સૂચક. સફેદ રંગ શાંતિ અને સત્યનો. લીલો રંગ સામર્થ્ય અને શ્રદ્ધાનો. રેંટિયો લોકોનો કલ્યાણદર્શક. અ. હિં. મ. સ.એ મુંબઇ મુકામે એનો અધિકૃત રીતે સ્વીકાર કર્યો.

ગાંધીનો ઇંગ્લૅંડ ઊપડવાનો સમય જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ પ્રાંતિક સરકારો દ્વારા સંધિની શરતોના થવા માંડેલા ઉલ્લંઘનને લઇને દેશમાંની પરિસ્થિતિ ગંભીર બનતી ગઇ. ઑગસ્ટની ૧૫મીએ નિશ્ચિત થયેલો પ્રવાસ ગાંધી, સરોજિની નાયડુ તથા માલવીયજીએ રદ કર્યો. ઑગસ્ટની ૧૧મીએ ગાંધીએ વાઇસરૉયને તાર કર્યો. કલકત્તાનો પ્રવાસ ટૂંકાવી દઇને વિલિંગ્ડન ઝડપે સીમલા પાછો ફર્યો. પટેલ તથા નેહરુ સાથે ગાંધી ત્યાં ઊપડયા. લાંબી મંત્રણા પછી કૉંગ્રેસનો રક્ષણાત્મક પગલાં લેવાનો અધિકાર અબાધિત રાખતી નવી સમજૂતી તા. ૨૭મી ઑગસ્ટે ગાંધી અને વિલિંગ્ડન વચ્ચે થવા પામી. બારડોલીના ઝઘડાની તપાસની છૂટ મુકાઇ.

ઑગસ્ટની ૨૭મીએ ખાસ ટ્રેન મારફત ગાંધીએ સીમલા છોડયું. ઑગસ્ટની ૨૯મીની બપોરે 'રાજપૂતાના' સ્ટીમર પર પહોંચવાને વેળાસર મુંબઈ પહોંચી ગયા. એમણે જણાવ્યું, 'મારામાં મૂકેલા વિશ્વાસ બદલ હું તમને નિરાશ નહિ કરવાનું વચન આપું છું.' હિંદથી વિદાય થતાં એક સંદેશમાં એમણે કહ્યું, 'કૉંગ્રેસ મુખ્યત્વે જેમને માટે હસ્તી ધરાવે છે એ કરોડો બેજબાનોના હિતમાં ઘર્ષણ ન ઉપજાવતાં હોય એવા એકેએક હિતને રજૂ કરવા હું પ્રયત્ન કરીશ.' માલવીયજી, સરોજિની નાયડુ, સર પ્રભાશંકર

પટ્ટણી, દેવદાસ ગાંધી, મીરાંબેન, મહાદેવ દેસાઈ, પ્યારેલાલ તથા જી. ડી. બિરલા એમની સાથે ઊપડ્યાં.

એડન મુકામે અરબો તથા હિંદીઓએ હિંદી રાષ્ટ્રધ્વજ હેઠળ માનપત્ર તથા ૩૨૮ ગીનીની થેલી એનાયત કર્યાં.

વફદ પક્ષના પ્રમુખ નહાસપાશાએ 'મહાન નેતા અલ મહાત્મા ગાંધી'ને અભિનંદનનો તાર પાઠવ્યો. થોડાક વૃત્તનિવેદકો સિવાય સત્તાધિકારીઓએ ઇજિપ્તવાસીઓને ગાંધીની રૂબરૂ જવાની રજા ન આપી. પોર્ટ સૈયદ મુકામે શૌકતઅલી જોડાયા. ગાંધી સાથે એમને બહુ લાંબી વાતચીત થઇ.

માર્સેલ્સ મુકામે એણ્ડ્રૂઝ, પ્રો. પ્રીવાં, રોગાં રોલાં બીમાર હોઈને એમની અવેજીમાં એમનાં બહેન તથા માર્સેલ્સના વિદ્યાર્થીઓએ ગાંધીનું સ્વાગત કર્યું. માર્સેલ્સથી બુલોં સુધીનો પ્રવાસ. ગાંધી વર્તમાન પત્રકારો સમક્ષ ભાષણ આપે એટલા માટે ઊપડતી ટ્રેનને રોકી રાખવામાં આવી.

સપ્ટેમ્બરની ૧૨મીએ ગાંધી લંડન પહોંચ્યા. મિસ મ્યૂરીએલ બેસ્ટર સાથે ઇસ્ટ એન્ડમાં કિંગ્સ્લે હૉલ મુકામે રહ્યા. પોપ્લરના નગરપતિ દ્વારા સ્વાગત થયું. તેમની માત્ર ઝાંખી કરવાને સેંકડો ગરીબ સ્ત્રીપુરુષો ને બાળકો એ સ્થાનને ઘેરી વળ્યાં. રોજિંદાં વર્તમાનપત્રોને પહેલે પાને ગાંધીની છબી દેખાવા લાગી

વર્તમાનપત્રોમાં ગાંધી વિષે અનેક તુક્કા બહાર પડવા લાગ્યા. જ્યૉર્જ સ્લોકોમ્બે ગાંધીને પ્રિન્સ ઑફ વેલ્સ હિંદ આવેલા ત્યારે તેમની સમક્ષ ઘૂંટણીયે પડેલા રજૂ કર્યા. ગાંધીએ જણાવ્યું, 'આ તમારી કલ્પના સુધ્ધાંને યશ અપાવે એવું તો નથી જ. હું દરિદ્રમાં દરિદ્ર ભંગીને, રંક અસ્પૃશ્યને, સદીઓ થયાં એને કચડવામાં ભાગ લીધો હોવા બદલ ઘૂંટણિયે પડું. હું એની ચરણરજ સુધ્ધાં લઉં, પરંતુ પ્રિન્સ ઑફ વેલ્સ તો શું પણ ખુદ શહેનશાહને પણ હું દંડવત્ ન કરું.'

ચંપલ સિવાય ઉઘાડા પગવાળા અને ચાદર સિવાય ઉઘાડાં અંગવાળા 'ગાંધીચાચા' એક લોકપ્રિય વ્યક્તિ બની રહ્યા અને ઇસ્ટ એન્ડનાં બાળકો દર સવારે તેમની આસપાસ ટોળે મળવા લાગ્યાં. કપડાં વિષે સવાલ થતાં ગાંધીએ જણાવ્યું, 'તમે તમારા દેશમાં વત્તાં ચાર પહેરો છો, મને ઓછાં ચાર પસંદ છે.'

લંડનમાંના એમના બીજા દિવસે, હિંદમાં જપ્ત થયેલા 'That strange little Brown Man, Gandhi'ના લેખક ગાંધીના પુરાણા મિત્ર બિશપ ફિશરના નિમંત્રણથી કિંગ્સ્લે હૉલ મુકામેથી અરધો કલાક એમણે અમેરિકાને વાયુપ્રવચન આપ્યું. એમનું એ પહેલું જ વાયુપ્રવચન. 'હું આ ચીજમાં બોલું' ગાંધીએ માઇક્રોફોન સામે ઊભીને કહ્યું અને તે શબ્દો કેલિફૉર્નિયા બરાબર ઊતર્યા. પછી બંધ નેત્રે મસ્તક નમાવ્યું અને શરૂ કર્યું : '...હું, અંગત રીતે તો, લોહિયાળ સાધનો વડે મારા દેશની મુક્તિ મેળવવા

મથવાને બદલે, જો જરૂર જણાય તો, યુગો સુધી રાહ જોયા કરું....કદાચ એમાંથી માર્ગ દર્શાવવાનો અધિકાર હિંદની આ પ્રાચીન ભૂમિનો જ હશે.'

સપ્ટેમ્બરની ૧૪મી અને સોમવારે લૉર્ડ સેન્કીના પ્રમુખપદ નીચે ગોળમેજી પરિષદની સમવાયી રચના અંગેની પેટાસમિતિની સભામાં ગાંધી સૌના રસકેન્દ્ર થઈ પડ્યા. સેન્કીની નજીક જ ડાબી બાજુએ એ બેઠેલા. એમનો મૌનવાર હોઈને કાર્યવહી દરમિયાન એ કશું બોલતા નહિ, પરંતુ પ્રસંગોપાત્ત પ્રમુખને લખીને ટૂંકા પ્રશ્નો પૂછતા જેના લખેલા જવાબો પ્રમુખ આપતા.

સપ્ટેમ્બરની ૧૫મીએ ગાંધી સમિતિ સમક્ષ બોલ્યા. એમણે જણાવ્યું કે કોઈ પણ તબક્કે સરકારને અથવા તો પરિષદમાંના જોડીદારોને મૂંઝવણમાં નાખવાનો પોતાનો ઇરાદો નહોતો. કૉંગ્રેસના આશયનો ખ્યાલ આપ્યો. 'મને એવી પ્રતીતિ સાથે પાછા ફરવાનું ગમશે કે, બ્રિટન અને હિંદ વચ્ચે માનપ્રદ અને સમાન ભાગીદારી બંધાવાની છે.'

ઑક્ટોબરની ૨જીએ ગાંધીની જન્મતિથિ કિંગ્સલે હૉલ મુકામે ખૂબ ઉમંગનો દિવસ બની રહી. સ્વીડિશ સ્ત્રી મારફત એક પુરાણો અંગ્રેજી રેંટિયો એમને ભેટ ધરવામાં આવ્યો.

નવેમ્બરની ૧૩મીએ લઘુમતીઓ અંગેની સમિતિમાં ગાંધીએ જાહેર કર્યું કે દલિત વર્ગો માટેની અલગ મતદારીનો પોતે પ્રાણાંત સામનો કરશે.

ડિસેમ્બરની ૧લીએ પરિષદની પૂર્ણાહુતિ. ગાંધીએ પ્રમુખ માટે આભારનો પ્રસ્તાવ રજૂ કર્યો. 'મારો માર્ગ કઈ દિશામાં હશે એ હું નથી જાણતો, પરંતુ મને એની ફિકર નથી. મારે જો આથી તદ્દન વિરુદ્ધ દિશામાં જવું પડે તો પણ મારા હૃદયના ઊંડાણમાંથી આવતા આભારપ્રસ્તાવના તમે અધિકારી છો.'

ગોળમેજી પરિષદમાં ગાંધીની હાજરી એ તો ઇંગ્લૅંડમાંની પ્રવૃત્તિઓનો માત્ર નજીવો ભાગ હતો. સઘળા વર્ગો અને સંપ્રદાયોના પ્રતિનિધિઓને એ મળેલા. અન્ય પ્રતિનિધિઓ સાથે બકિંગહામના શાહી મહેલમાં પણ તેમને નિમંત્રવામાં આવેલા. કટિવસ્ત્ર સાથે જ એ ત્યાં ગયેલા. જ્યૉર્જ પાંચમા તથા રાણી મેરી સાથે વાર્તાલાપ કરેલો.

કાપડવેપારના કેન્દ્ર સમા માંચેસ્ટરની મુલાકાત. મૈત્રીભર્યો સત્કાર થયો. ઈટન, ઑક્સફર્ડ અને કેમ્બ્રિજની મુલાકાત લીધી. પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ સત્કાર કર્યો. બર્નાર્ડ શૉ, આર્થર હેન્ડરસન, લૉઇડ જ્યૉર્જ, કેન્ટરબરીના વડા ધર્માધ્યક્ષ, ચાર્લી ચેપ્લીન, લૉર્ડ ઇરવિન, હેરોલ્ડ લાસ્કી તથા બીજી અનેક જાણીતી વ્યક્તિઓને મળ્યા.

અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઇટલી, પાલેસ્ટાઇન, ઇજિપ્ત, હંગરી, ડેનમાર્ક તથા આયર્લૅન્ડથી આગ્રહભર્યાં નિમંત્રણો. એ સ્વીકારી શકે તેમ નહોતું.

ડિસેમ્બરની ૫મીએ ઇંગ્લૅંડ છોડયું.

એ જ સાંજે પારિસના મોટામાં મોટા સિનેમામાં મેજ પર બેસીને ગાંધીએ ફ્રેન્ચ રાજધાનીના નાગરિકોને સંબોધ્યા. એક દિવસ પારિસમાં રોકાઇને સ્વિટ્ઝર્લૅન્ડ ઊપડ્યા.

વિલાનૂવા મુકામેના રોમાં રોલાંના નિવાસે ડિસેમ્બરની ૬ઠ્ઠીએ તેની મુલાકાત લીધી. પાંચ દિવસ રોકાયા.

રોમમાં ગાંધીએ ડિસેમ્બરની ૧૨મીએ મુસોલિનીની મુલાકાત લીધી. પોપને મળી શક્યા નહિ, પરંતુ વેટિકન સંગ્રહસ્થાન તથા પુસ્તકાલયની મુલાકાત લીધી.

ડિસેમ્બરની ૧૪મીએ ગાંધી અને તેમની મંડળીએ બ્રિન્ડીસી છોડયું અને તા. ૨૮મી ડિસેમ્બરની સવારે સૌ મુંબઈ ઊતર્યા.

ગાંધી હિંદને કાંઠે ઊતર્યા ત્યારપહેલાં યુક્તપ્રાંતની કૉંગ્રેસે નાકર લડતની જાહેરાત કરી દીધેલી. સરહદપ્રાંત, યુક્તપ્રાંત તથા બંગાળમાં ઑર્ડિનન્સરાજ. ડિસેમ્બરની ૨૫મીએ અબ્દુલગફારખાન તથા બીજા કેટલાકની ધરપકડ. અઠવાડિયામાં તો હજાર ઉપરાંત લાલ ખમીસવાળાઓને દબાવી દેવામાં આવ્યા. જવાહરલાલની ધરપકડ. ૧૯૩૦–૩૧માં દસ જ મહિનામાં ૯૦,૦૦૦ જેટલા લોકોને જેલમાં ભરી દેવામાં આવ્યા.

ડિસેમ્બરની ૨૮મીની સાંજે ગાંધીએ મુંબઈમાં આઝાદ મેદાનમાં મળેલી જંગી સભાને ઉદ્દેશીને ભાષણ આપ્યું. ધરપકડો સંબંધે એમણે જણાવ્યું કે, ‘હું આપણા ખ્રિસ્ત વાઇસરોય લૉર્ડ વિલિંગ્ડન તરફની ભેટરૂપે આ વસ્તુ સ્વીકારું છું, કારણ કે નાતાલ દરમિયાન ભેટો અને મુબારકબાદીઓના વિનિમયની પ્રથા છે જ ને?’

ડિસેમ્બરની ૨૯મીએ ગાંધીએ મુલાકાતની વિનતિ કરતો તાર વાઇસરોય પર મોકલ્યો.

ડિસેમ્બરની ૩૧મીની મધરાતે કારોબારી સમિતિએ ગાંધીને સત્યાગ્રહના પુનઃ પ્રારંભનો અધિકાર આપ્યો.

૧૯૩૨ (વય ૬૩): ગાંધી અને વાઇસરોય વચ્ચે છ દિવસ સુધી પત્રવ્યવહાર. જાન્યુઆરીની ૩જીએ ગાંધીનો અંતિમ તાર. કારોબારી સમિતિએ કડક નિયમો નીચે દેશને ફરી સવિનય ભંગ અપનાવવાનો આદેશ આપ્યો અને ‘લડતની પ્રગતિનાં નિરીક્ષણ તથા અભ્યાસ અર્થે જગતની મુક્ત પ્રજાઓ તથા તેમની સરકારોને’ નિમંત્રી.

સરકારી આક્રમણશીલતાનો તા. ૪થી જાન્યુઆરીએ પ્રારંભ થયો. કૉંગ્રેસ સંસ્થાઓ પર પ્રતિબંધ મુકાયો, અનેક કૉંગ્રેસવાદીઓની ધરપકડ થઈ. ૪થી જાન્યુઆરીની સવારે ગાંધીને ૧૮૨૭ના ૨૫મા રેગ્યુલેશન હેઠળ મુંબઈ મુકામે પકડવામાં આવ્યા અને યેરવડા સેન્ટ્રલ જેલમાં અટકાયતમાં રાખવામાં આવ્યા.

સુભાષ બોઝ, વલ્લભભાઈ પટેલ, ડૉ. અનસારી તથા બીજા નેતાઓને અટકમાં લેવામાં આવ્યા. એ પછીના થોડા જ દિવસે આશ્રમો, રાષ્ટ્રીય શાળાઓ તથા બીજી રાષ્ટ્રીય સંસ્થાઓને ગેરકાયદે જાહેર કરીને તેમની મિલકત જપ્ત કરવામાં આવી. ઘણાખરા અગ્રગણ્ય કૉંગ્રેસવાદીઓ જેલમાં. મીઠાના કાયદાનો અનાદર. ગેરકાયદે સાહિત્ય ઊભરાઈ નીકળ્યું. બ્રિટિશ માલનો ઉગ્ર બહિષ્કાર, રાજદ્વારી કેદીઓ પર લાઠીમાર. સજા વેરા તથા સામુદાયિક દંડો સખ્તાઈપૂર્વક લાદવામાં આવ્યાં. ગોળીબારો તો સામાન્ય બની ગયા. સરહદપ્રાંતને સૌથી વધુ સોસવું પડયું.

કોમી પ્રશ્ન પર બ્રિટિશ સરકારનો નિર્ણય બહાર પડવાની તૈયારીમાં હતો ત્યાં માર્ચની ૧૧મીએ ગાંધીએ લંડનમાં પોતે કરેલી જાહેરાતને અનુસરીને સર સેમ્યુએલ હોરને લખ્યું, 'સરકાર જો દલિત વર્ગો માટે અલગ મતદારી ઊભી કરશે તો મારે આમરણ ઉપવાસ આદરવા પડશે.'

એપ્રિલમાં દિલ્હી મુકામે પોલીસની ખબરદારી છતાં ૫૦૦ પ્રતિનિધિઓ કૉંગ્રેસના અધિવેશનમાં ઉપસ્થિત થયા. પ્રમુખપદે ચૂંટાયેલા માલવીયજીની માર્ગમાં જ ધરપકડ કરવામાં આવી. ચાંદનીચોકમાં ક્લૉક-ટાવર નીચે બેઠક ભરવામાં આવી. અધિવેશનસ્થાનને લગતી જાહેરાત માત્ર ઓઠારૂપ હોવાની શંકા લાવીને પોલીસે હાજર રહેનારાઓની તપાસ અન્યત્ર ક્યાંક ચલાવેલી.

ઑગસ્ટની ૧૭મીએ મૅકડોનાલ્ડના કોમી ચુકાદાની જાહેરાત.

ઑગસ્ટની ૧૮મીએ ગાંધીએ ઉપવાસનો નિર્ણય કર્યો અને વડાપ્રધાનને જણાવ્યું કે સપ્ટેમ્બરની ૨૦મીની બપોરથી ઉપવાસનો પ્રારંભ કરવામાં આવશે. વડાપ્રધાને દલિત વર્ગોની બાબતમાં દુશ્મનાવટભર્યા ઇરાદાનું આરોપણ કરતો પત્ર ગાંધીને તા. ૮મી સપ્ટેમ્બરે લખ્યો.

સપ્ટેમ્બરની ૯મીએ ગાંધીએ અંતિમ નિર્ણય વડાપ્રધાનને જણાવી દીધો.

સપ્ટેમ્બરની ૧૨મીએ ગાંધી-હોર-મૅકડોનાલ્ડ પત્રવ્યવહાર બહાર પાડવામાં આવ્યો.

સપ્ટેમ્બરની ૧૫મીએ મુંબઈ સરકાર પર ગાંધીનો પત્ર.

સપ્ટેમ્બરની ૧૯મીએ, અસ્પૃશ્યોને હિંદુઓથી અલગ વર્ગમાં મૂકતી વિખવાદજનક મતદારી યોજના પાછી ખેંચી લેવાની માગણી કરતી જબરી સભાઓ દેશભરમાં ભરવામાં આવી.

સપ્ટેમ્બરની ૨૦મી તારીખ ઉપવાસ અને પ્રાર્થનાના દિવસ તરીકે પાળવામાં આવી.

ગાંધીએ 'મીઠા અને સોડા સાથે અથવા તે વિના એકલા પાણી ઉપરાંત કશો ખોરાક ન લેતાં આમરણ સતત ઉપવાસ' તા. ૨૦મી સપ્ટેમ્બરના મધ્યાહ્નથી શરૂ કરવાનું જાહેર કર્યું.

સપ્ટેમ્બરની ૧૯મીથી ૨૪મી સુધીના પાંચ દિવસ સુધી સઘળી જ કોમોના નેતાઓની પરસ્પર તથા ગાંધી સાથે મંત્રણા.

હવેથી 'હરિજન' અભિધાન પામેલા અસ્પૃશ્યો માટે રોજેરોજ મંદિરો, વાવો તથા અન્ય જાહેર સ્થાનો ખુલ્લાં મુકાતાં ગયાં.

સપ્ટેમ્બરની ૨૩મીએ ગાંધીની સ્થિતિએ ખરાબ પલટો લીધો. શૌકતઅલીએ ગાંધીના છુટકારાની માગણી કરી.

સપ્ટેમ્બરની ૨૪મીએ ગાંધીની હાજરીમાં હરિજન, હિંદુ તથા કૉંગ્રેસ નેતાઓએ યેરવડાકરાર પર સહીઓ કરી, સત્તાધિકારીઓને તેની માહિતી આપવામાં આવી.

ડૉ. આંબેડકર, એમ. સી. રાજા, માલવીયજી, રાજગોપાલાચારી તથા ઠક્કરબાપાએ એમાં ભાગ લીધેલો. ઉચ્ચવર્ણીય હિંદુઓએ આપવાની કેટલીક અગત્યની સલામતીઓને અનુલક્ષીને દલિત વર્ગોએ અલગ મતદારી જતી કરવાની હતી.

સપ્ટેમ્બરની ૨૬મીની સવારે ગાંધીએ ભયપ્રદેશમાં પ્રવેશ કર્યો. સાંજે સવાચાર વાગ્યે એક સરકારી યાદી એમના હાથમાં મૂકવામાં આવી, જેથી એમને સંતોષ થયો. પ્રાર્થના અને ઉમંગ વચ્ચે સવાપાંચ વાગ્યે પારણાં કરવામાં આવ્યાં. ગાંધીએ હિંદુઓને ચેતવણી આપી કે હરિજનોની સામાજિક અને ધાર્મિક નિવારણની 'અવિશ્રાંતપણે પાછળ પડીને ચોક્કસ સમયમાં તે સિદ્ધ કરવામાં નહિ આવે' તો પોતે પુનઃ ઉપવાસ આદરશે. રવીન્દ્રનાથ ટાગોરે ગાંધીની મુલાકાત લીધી. કરારના સ્વીકાર અંગેની ઈંગ્લૅંડ તથા હિંદમાં એકસાથે જાહેરાત કરવામાં આવી. ભોપાલના નવાબે હિંદુઓની સુધારણાપ્રવૃત્તિ અર્થે રૂ. ૫,૦૦૦ આપવા તત્પરતા બતાવી.

ગાંધીને મુલાકાતીઓ અંગેના તથા હરિજનપ્રવૃત્તિ અંગેના અપાયેલા સઘળા અધિકારો સપ્ટેમ્બરની ૩૦મીએ પાછા ખેંચી લેવામાં આવ્યા. જયકરને એમને મળવાની રજા આપવામાં ન આવી. હરિજનસેવા અંગેની તકોથી એકાએક વંચિત બનાવી દેવા સામે ગાંધીએ વિરોધ પ્રદર્શિત કર્યો. ખૂબ જ લાંબા પત્રવ્યવહાર પછી સરકારે નવેમ્બરની ૭મીએ સઘળાં નિયંત્રણો પાછાં ખેંચી લીધાં.

ગુરુવાયુર મંદિરપ્રવેશના પ્રશ્ન પર બીજા ઉપવાસની શક્યતા જાહેર કરતું ગાંધીનું પ્રથમ નિવેદન.

જેલમાં ભંગીકામ કરવાની રજા માગતાં સત્તાધિકારીઓ તરફથી તેની ના પાડવામાં આવ્યાને કારણે અપ્પાસાહેબ પટવર્ધને આદરેલા ઉપવાસની સહાનુભૂતિમાં ડિસેમ્બરની ૨૨મીએ ગાંધી ઉપવાસ પર ઊતર્યા. બે જ દિવસમાં તે બદલની ખાતરી મળતાં પારણાં કર્યાં.

ત્રીજી ગોળમેજી પરિષદમાં શાસ્ત્રી, ફિરોઝ શેઠના તથા ઝીણા જેવા પ્રતિનિધિઓને બાકાત રાખવામાં આવ્યા.

૧૯૩૩ (વય ૬૪): હરિજનો માટે ગુરુવાયુર મંદિર ખુલ્લું મુકાવવા માટે કેલાપનની સહાનુભૂતિમાં તા. ૧લી જાન્યુઆરીએ ઉપવાસ કરવાની ગાંધીએ જાહેરાત કરેલી. જાહેર મતગણતરીના પરિણામે એ ઉપવાસનું નિવારણ થયું; કારણ કે વિપુલ સંખ્યામાં લોકોએ મંદિરપ્રવેશની તરફેણમાં મત આપ્યા.

ફેબ્રુઆરીમાં હરિજન સેવક સંઘની આયોજના કરવામાં આવી અને સાપ્તાહિકરૂપે 'હરિજન' શરૂ કરવામાં આવ્યું.

પ્રતિબંધ હેઠળ માર્ચમાં કલકત્તા મુકામે કૉંગ્રેસની બેઠક ભરવામાં આવી.

મેની ૮મીએ ગાંધીએ આત્મશુદ્ધિ અર્થે ૨૧ દિવસના ઉપવાસ આરંભ્યા. 'હરિજન સેવા અંગે વધુ જાગૃતિ અને ખબરદારી માટે મારા તથા મારા સહકાર્યકરોની આત્મશુદ્ધિ

અર્થેની હાર્દિક પ્રાર્થના' ૩૫ એ ઉપવાસો હતા. એ જ દિવસે સરકારે ગાંધીને મુક્ત કર્યા. ઉપવાસનો સમય સવિનય ભંગના કાર્ય પાછળ યોજવામાં નહિ આવે એવું નિવેદન એમણે બહાર પાડ્યું. ગાંધીની સલાહને અનુસરીને કાર્યવાહક પ્રમુખ શ્રી અણેએ તા. ૯મીએ સવિનય ભંગને ૬ અઠવાડિયાં માટે મોકૂફ રાખ્યો. સરકારે તા. ૯મીએ જણાવ્યું, 'સવિનય ભંગ પાછો ખેંચી લેવાની કે કેદીઓના છુટકારાની બાબતમાં કૉંગ્રેસ સાથે વાટાઘાટ ચલાવવાનો કોઇ જાતનો ઇરાદો નથી.'

વિઠ્ઠલભાઈ પટેલ તથા સુભાષ બોઝે વિયેનાથી જાહેર કર્યું, 'સવિનય ભંગ મોકૂફ રાખવાનું ગાંધીનું છેલ્લામાં છેલ્લું કૃત્ય નિષ્ફળતાની કબૂલાત છે....ઉદ્દામ તત્ત્વોનો બનેલો એક નવો પક્ષ કૉંગ્રેસની અંદર ઊભો કરવાનો રહેશે.'

ગાંધી સાથે પરિસ્થિતિની ચર્ચા માટે કાર્યકરોની પરિષદ મેળવવાને સત્યાગ્રહની મોકૂફી બીજાં છ અઠવાડિયાં લંબાવવામાં આવી.

મેની ૨૯મીએ પૂનામાં 'પર્ણકુટિ'માં ગાંધીએ ઉપવાસની પૂર્ણાહુતિ કરી.

જુલાઈની ૧૨મીએ પૂના મુકામે કોંગ્રેસવાદીઓની અવિધિસરની પરિષદ મળી. પરિષદે વાઇસરોયની મુલાકાત મેળવી જોવાનો ગાંધીને અધિકાર આપ્યો. જુલાઈની ૧૫મીએ વાઇસરોયને તાર કરવામાં આવ્યો. મુલાકાતની ના સંભળાવાઇ. સામુદાયિક સવિનયભંગ મોકૂફ રહ્યો અને વ્યક્તિગત સવિનય ભંગની છૂટ રહી.

ચળવળમાં જેમણે માલમિલકત ગુમાવ્યાં હતાં તેમના પ્રત્યે સહાનુભૂતિના ભાવે તા. ૨૬મી જુલાઈના રોજ સાબરમતી આશ્રમ વિખેરી નાખીને ગાંધીએ વ્યક્તિગત સવિનય ભંગની લડતનાં મંડાણ કર્યાં. આશ્રમવાસીઓને અન્ય પ્રવૃત્તિઓ છોડીને લડતમાં જોડાવાને આમંત્ર્યા. જંગમ મિલકત જાહેર ઉપયોગ માટે સોંપી દીધી, જ્યારે આશ્રમની જમીન, મકાનો તથા ખેતરો સરકારને સોંપી દીધાં. એનો અસ્વીકાર થતાં ગાંધીએ તે હરિજન ચળવળ માટે સુપરત કર્યાં. ૧૯૩૦ના એપ્રિલની ૧૨ મીએ લીધેલી પ્રતિજ્ઞાને વળગી રહીને આશ્રમની એ પ્રસંગોપાત્ત જ મુલાકાત લેતા રહેલા.

ગાંધીએ ઑગસ્ટની ૧લીએ રાસ તરફ કૂચ કરવાનો ઇરાદો રાખેલો. એની આગલી જ મધરાતે એમની તથા ૩૪ આશ્રમવાસીઓની ધરપકડ થઈ. ગાંધીને ઑગસ્ટની ૪થીની સવારે છોડી દેવામાં આવ્યા અને યેરવડા છોડીને પૂનામાં રહેવાનો એમને હુકમ ફરમાવવામાં આવ્યો. હુકમનો અનાદર કરવામાં આવ્યો અને છૂટ્યા પછીના અરધા જ કલાકની અંદર ગાંધીની ધરપકડ કરીને તેમને એક વર્ષની કેદની સજા કરવામાં આવી.

સઘળા જ પ્રાંતોમાં વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ થઈ ચૂક્યો. પહેલા જ અઠવાડિયામાં સેંકડો કાર્યકરોએ કારાવાસ સ્વીકાર્યો. અણેને તેમના ૧૩ સાથીદારો સાથે આકોલાથી કૂચ શરૂ કરતાં તા. ૧૪મી ઑગસ્ટના રોજ ગિરફતાર કરી લેવામાં આવ્યા. ૧૯૩૩ના ઑગસ્ટથી તે ૧૯૩૪ના માર્ચપર્યંત કૉંગ્રેસ કાર્યકરોએ સર્વત્ર સવિનય પ્રતિકારની લડત ટકાવી રાખી.

એમાં છુટકારો થતાં પહેલાંની સઘળી સગવડો બદલ ગાંધીએ ના પાડી દીધી. ઑગસ્ટની ૧૬મીએ ઉપવાસ આરંભ્યા. સ્થિતિ ઝડપથી બગડતી ચાલી. કેદી તરીકે જ ઑગસ્ટની ૨૦મીએ તેમને સાસૂન હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. ઑગસ્ટની ૨૩મી સુધીમાં તો સ્થિતિ બહુ ધાસ્તીભરી બની ગઈ અને પરિણામે બિનશરતે છોડી દેવામાં આવ્યા. ઇ. સ. ૧૯૩૪ના ઑગસ્ટની ૩જીએ સજાની મુદત પૂરી ન થાય ત્યાં સુધી પોતાને મુક્ત ગણીને તેઓ સવિનય ભંગ પર નહિ ઊતરે એવી સ્પષ્ટતા કરી. વચગાળાનો સમય હરિજનોદ્ધારની પ્રગતિ પાછળ ખર્ચવાનો નિર્ણય કર્યો.

સપ્ટેમ્બરની ૨૦મીએ ડૉ. બૅસંટનું અવસાન.

સપ્ટેમ્બરની ૨૨મીએ વિઠ્ઠલભાઈ પટેલનું અવસાન.

નવેમ્બરની ૭મીએ હરિજનોદ્ધાર માટે વર્ધાના સત્યાગ્રહ આશ્રમેથી ગાંધી પ્રવાસે ઊપડ્યા. દસેક મહિનામાં હિંદનો હરેક પ્રાંત ફરી વળીને એ પ્રશ્નનો ઊંડો અભ્યાસ કર્યો. પ્રવાસનું શિક્ષણાત્મક મૂલ્ય ખૂબ જ હતું. એ કાર્ય માટે આ વખતે આઠ લાખ રૂપિયા એકઠા કર્યા.

૧૯૩૪ (વય ૬૫) : જાન્યુઆરીની ૧૫મીએ બપોરે સવાબે વાગ્યે ધરતીકંપનો આંચકો, જેથી ઉત્તર બિહારમાં ભયંકર નુકસાન તથા ત્રણથી યે ઓછી મિનિટમાં હજારો જિંદગીઓનો નાશ થવા પામ્યો. પ્રાદેશિક હાનિનો વિસ્તાર ૧૫,૦૦૦ ચોરસમાઈલથી યે વિશેષ હતો.

ગાંધીને જે પહેલો જ મનોભાવ થવા પામ્યો તે બીજું બધું જ છોડી દઈને સંકટગ્રસ્તોની સહાયે દોડી જવાનો હતો, પરંતુ હરિજનો એ પોતાનું પ્રથમ લક્ષ્ય હોવાનું લાગ્યું. રાજેન્દ્રપ્રસાદનો પત્ર મળતાં તરત જ માર્ચની ૧૧મીની રાતે બિહાર જવા ઊપડી ગયા. બિહારમાં પ્રવાસ કરતા અને સભાઓમાં ભાષણો આપતા રહ્યા. એમણે કહ્યું, 'આ આપત્તિએ તમને શું શીખવ્યું છે? સરકાર અને કૉંગ્રેસ વચ્ચે, હિંદુ અને મુસ્લિમ વચ્ચે, સ્પૃશ્ય અને અસ્પૃશ્ય વચ્ચેના ભેદોનો આ સમય નથી. રાહતફંડમાંથી તમે નાણાં લો તો તે બદલનું વાજબીપણું વિચારજો.' સ્ત્રીઓને કે જેમાંની ઘણીખરી પરદામાં હતી તેમને બિહારમાં ગાંધી કહે: 'આ આપત્તિએ તમને કશું જ નથી શીખવ્યું?' આ મૂર્ખાઇ (પરદો) શા માટે? હૃદય સિવાય પરદા માટે બીજું કોઈ સ્થાન છે જ નહિ? સ્ત્રીઓ પાસેથી એમણે ઝવેરાત એકઠું કર્યું. જ્યાં જ્યાં એમણે ભાષણ કર્યું ત્યાં ત્યાં જણાવ્યું, 'કામ કરો! કામ કરો! ભીખ ન માગો, પણ કામ કરો! કામ માગો અને તે વફાદારીપૂર્વક કરતા રહો.' પગપાળા જ એ એક ગામથી બીજે ગામ ચાલતા જતા. બિહારના એક માસના વિસ્તૃત પ્રવાસ પછી એ પુનઃ હિંદભરના હરિજનકાર્ય પાછળ મંડી પડ્યા.

એપ્રિલની ૭મીએ ગાંધીએ સવિનય ભંગની લડત મુલતવી રાખી. ઘણાખરા રાજદ્વારી કેદીઓનો છુટકારો થયો. એમણે જણાવ્યું: 'જુદાં જુદાં સ્થળોએ પ્રયોજ્યતાની

પ્રક્રિયામાં આવેલી દૂષિતતાને લઈને લોકો સત્યાગ્રહનો સંપૂર્ણ સંદેશ પ્રાપ્ત કરી શક્યા નથી એમ મને લાગે છે.'

ડૉ. અનસારીએ એક નિવેદનમાં એ સ્પષ્ટ કર્યું કે ગાંધીના આશીર્વાદ સહિત ભવિષ્યમાં ધારાસભાઓની અંદર અને બહાર ઉભય પ્રકારે લડત ચાલશે. મેની ૧૮–૧૯ મીએ પટણામાં અ. હિં. મહાસભા સમિતિની બેઠક. ડૉ. અનુસારીની અધ્યક્ષતા હેઠળ સ્વરાજપાર્ટી એ ધારાસભાઓમાંની લડત માટે કૉંગ્રેસનો એક અંતર્ગત ભાગ બની.

મેની ૧૭ મીએ પટણા મુકામે કૉંગ્રેસ સમાજવાદી પક્ષની પહેલી પરિષદ ભરાઈ. આચાર્ય નરેન્દ્રદેવ પ્રમુખ હતા.

હરિજન ચળવળ સદા આસાનીથી જ ચાલતી નહોતી રહી. એક અજાણી, અને હજુ પણ જેની ભાળ નથી લાગી એવી એક વ્યક્તિએ પૂના મ્યુનિસિપાલિટી તરફથી ગાંધીને માનપત્ર આપવા યોજાયેલા જાહેર સમારંભ દરમિયાન તા. ૨૫મી જૂનના રોજ તેમના પર બૉમ્બ ફેંકવાનો પ્રયત્ન કરેલો. નિષ્ફળ ગયેલા હત્યારાએ ગાંધીની મોડી પહોંચેલી ગાડીને બદલે બીજી જ ગાડી ધારી લીધેલી. સાત જણને ઈજા થઈ.

એકાદ પખવાડિયા બાદ એક ક્રોધાવિષ્ટ સુધારકે હરિજન ચળવળના એક સસંકલ્પ વિરોધી પર લાઠી વતી હુમલો કર્યો. વિરોધીઓમાં પરસ્પર દર્શાવાતી અસહિષ્ણુતા બદલ પ્રાયશ્ચિત્તરૂપે ગાંધીએ જુલાઈમાં સાત દિવસના ઉપવાસ કર્યા.

ઑક્ટોબરની ૨૪મીએ મુંબઈનું કૉંગ્રેસ અધિવેશન ભરાયું. રાજેન્દ્રપ્રસાદ પ્રમુખપદે હતા.

ઑક્ટોબરની ૨૬મીએ અખિલ હિંદ ગ્રામોદ્યોગ સંઘની સ્થાપના થઈ. રાજકારણથી ચુસ્તપણે અલિપ્ત રહીને ગાંધીની દેખરેખ નીચે એનું કામકાજ ચલાવવાનું હતું. વર્ધા નજીક મગનવાડી એનું મુખ્ય મથક બન્યું.

મુંબઈ અધિવેશનનો અપ્રતિમ બનાવ એ ગાંધીએ કૉંગ્રેસમાંથી લીધેલી વિદાય હતો. 'શાંતિપૂર્ણ અને ન્યાયસંગત' સાધનોને સ્થાને 'સત્યપૂર્ણ અને અહિંસક' સાધનો એવો સુધારો અ. હિ. મહાસભા સમિતિએ ફેંકી દીધો. ગાંધીએ સત્ય અને અહિંસા માટે કૉંગ્રેસની બિનતૈયારી જોઈ. ચાર આના સભ્ય તરીકે રહેવાનું પણ માંડી વાળ્યું. પહેલાંના કરતાં પણ બમણા ઉમંગ અને સ્ફૂર્તિપૂર્વક ગ્રામોદ્યોગોના પુનરુદ્ધાર અને વિકાસ, હરિજનોદ્ધાર તથા પાયારૂપ હાથધંધાઓ દ્વારા કેળવણી પાછળ એ મંડી પડ્યા. નિવૃત્તિનું કારણ : 'મારે સંપૂર્ણ અલિપ્તતાની અને કાર્યની નિરપેક્ષ સ્વતંત્રતાની જરૂર છે.' કૉંગ્રેસના બંધારણમાંના સુધારા દ્વારા હવે પછીથી કારોબારી સમિતિની પસંદગી અ. હિ. મહાસભા સમિતિએ નહિ પરંતુ પ્રમુખે કરવાની રહી.

મુંબઈ અધિવેશન પછી દેશ વડી ધારાસભાની ચૂંટણીમાં મગ્ન બની ગયો. કૉંગ્રેસે પ્રતીતિજનક વિજય મેળવ્યો.

૧૯૩૫ (વય ૬૬) : અ. હિં. ગ્રામોદ્યોગ સંઘની તા. ૧ થી ૪ ફેબ્રુઆરી સુધીની વર્ધા મુકામેની બેઠકમાં ગાંધીએ હાજરી આપી.

તા. ૧૫મી ફેબ્રુઆરીના 'હરિજન'નું મુખપૃષ્ઠ ગાંધીએ 'લીલાં શાકભાજી અને ખોરાક તરીકેનું તેમનું મૂલ્ય' એ પાછળ રોકયું. તેમણે લખેલું, 'લગભગ પાંચ મહિના થયાં હું કેવળ વગર રંધાયેલા ખોરાક પર રહ્યો છું.' 'ગામડાંના રહેવાસીઓ અત્યારે ભોગવી રહ્યા છે એવી અનેક વ્યાધિઓને તેઓ પોતાના ભોજનમાં લીલાં શાકભાજીની પૂર્તિ કરીને નિવારી શકવા શક્તિમાન થશે.' 'ચોખા વિષે બધું' એ પર તંત્રીનોંધ લખી અને વગરછડેલા ચોખાની ભલામણ કરી. ૨૨મી ફેબ્રુઆરીનું મુખપૃષ્ઠ 'ગાયનું દૂધ વિ. ભેંસનું' એ પાછળ રોકવામાં આવ્યું.

માર્ચના બીજા અઠવાડિયામાં ગાંધીના નજીકના સહકાર્યકરોએ વર્ધા નજીકનાં ગામડાંમાં ગ્રામસફાઈની ઝુંબેશ ઉપાડી. માર્ચની ૨૩મીએ ગાંધીએ ચડી ગયેલા કાર્યને પહોંચી વળવા માટે ચાર અઠવાડિયાંનું મૌન સ્વીકાર્યું.

એપ્રિલમાં ઇંદોર મુકામે ભરાયેલી હિંદી સાહિત્ય પરિષદના ગાંધી પ્રમુખ થયા. 'આપણા ખેડૂતો અને મજૂરો સમજી શકે એવી ભાષા જ રાષ્ટ્રભાષા બની શકે. ભાષાના ક્ષેત્રમાં એ જ સાચી લોકશાહી હશે.' ગાંધીએ પહેલા જ અ. હિં. ગ્રામોદ્યોગ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું. તેમણે જણાવ્યું, 'આપણી જાતને સુધરેલા કહેતા આપણે લોકો જ ગ્રામોદ્યોગોના નાશ માટે સર્વથા જવાબદાર છીએ.'

મુંબઈની હાફકીન ઇન્સ્ટીટ્યૂટની મુલાકાત લીધી.

જૂનમાં ગાંધીના બોરસદનિવાસ દરમિયાન ઘરોને ઉંદરોથી તથા માનવશરીરને રોગથી અભેદ્ય બનાવતાં તત્ત્વો પર એમણે પુસ્તિકાઓની એક શ્રેણી પ્રસિદ્ધ કરાવી.

ઑગસ્ટની ૪થીએ ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટને શાહી મંજૂરી મળી. કારોબારી સમિતિએ તેનો ધરમૂળથી અસ્વીકાર કર્યો.

ઑક્ટોબરની ૧૧-૧૩મીએ અ. હિં. ચરખા સંઘની સમિતિ મગનવાડી મુકામે મળી. ગાંધી પ્રમુખ હતા. કાંતનારાઓની મજૂરીના દરો ઊંચા આણવાનો તથા ઓછામાં ઓછું ધોરણ મુકરર કરવાનો ઠરાવ કર્યો.

ઑક્ટોબરની ૨૨મીએ વર્ધા નજીક સેગાંવ મુકામેની નાની કુટિરનો પાયો નાખવામાં આવ્યો. મીરાંબેન ત્યાં રહેવાને ઑક્ટોબરની ૧૯મીએ પહોંચેલાં.

ડિસેમ્બરની ૨૮મીએ કૉંગ્રેસનો સુવર્ણજયંતીમહોત્સવ. અ. હિં. મ. સ. વતી ડૉ. પટાભી સીતારામૈયાનો 'હિંદી રાષ્ટ્રીય મહાસભાનો ઇતિહાસ' પ્રસિદ્ધ થયો.

૧૯૩૬ (વય ૬૭): જાપાની કવિ યોન નેગુચીએ જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં સેગાંવ મુકામે ગાંધીની મુલાકાત લીધી. થોડાંક અઠવાડિયાં બાદ ગાંધીને જાપાન આવવાનું નિમંત્રણ આપવાને ડૉ. તોમિકા કોરૂએ તેમની મુલાકાત લીધી.

સંતતિનિયમનની હિલચાલની નેતા મિસિસ માર્ગરેટ સેંગરે જાન્યુઆરીના છેલ્લા અઠવાડિયામાં વર્ધા મુકામે ગાંધીની મુલાકાત લીધી. એમણે જણાવ્યું: 'હું સ્ત્રીઓને જો એ સ્વતંત્ર હોવાનું સત્ય સમજાવી શકું તો પછી હિંદમાં અમારે માટે સંતતિનિયમનનો પ્રશ્ન નહિ રહે.'

ફેબ્રુઆરી ૨૯ના 'હરિજન'માં પહેલી જ વાર લખ્યું. મજ્જાતંત્રને લાગેલો થાક દસ અઠવાડિયાં ઉપરાંત ચાલ્યો.

માર્ચના પહેલા સપ્તાહમાં ગાંધી સેવા સંઘના સભ્યો તથા સુહૃદોએ સાવલી મુકામે બીજું વાર્ષિક સંમેલન ભર્યું. ગાંધી પ્રમુખસ્થાને હતા. 'ગાંધીવાદ જેવી કોઈ વસ્તુ જ નથી; અને મારી પાછળ હું કશો સંપ્રદાય છોડી જવા માગતો નથી.'

માર્ચના બીજા અઠવાડિયામાં ગાંધીએ હબશી પ્રતિનિધિમંડળને બારડોલી મુકામે બે કલાકની મુલાકાત આપી.

માર્ચના છેલ્લા અઠવાડિયામાં લખનૌ મુકામે કૉંગ્રેસનું અધિવેશન. યુરોપથી પુનરાગમન પછી તરતમાં જ જવાહરલાલ નેહરુ તેના પ્રમુખપદે આવ્યા. ૧૯૩૫ના ધારાને 'નાગરિક સ્વાતંત્ર્યના વ્યાપક નિયંત્રણ અને દમનને સાથ આપવા માટે'ની સજા રૂપે વખોડી કાઢવામાં આવ્યો.

માર્ચની ૨૨મીએ ગાંધીએ અ. હિં. ચરખાસંઘ તથા અ. હિં. ગ્રામોદ્યોગ સંઘ તરફથી લખનૌ મુકામે યોજાયેલું ખાદી તથા ગ્રામોદ્યોગોનું પ્રદર્શન ખુલ્લું મૂક્યું.

સેગાંવની મુલાકાત લીધી અને તત્કાળ પૂરતો ત્યાં વસવાનો નિશ્ચય કર્યો.

એપ્રિલના અંતભાગે નાગપુર મુકામેની અ. ભા. સાહિત્ય પરિષદના પ્રમુખ થયા. 'મારી પાસે સત્તા હોય તો હું કોમવાદ, ઝનૂન તથા વ્યક્તિઓ, વર્ગો અને જાતિઓ વચ્ચેનો તિરસ્કાર ઉત્તેજવાને રચાયેલા સઘળા સાહિત્યનો નિષેધ કરું.'

એપ્રિલની ૩૦મીની વહેલી સવારે ગાંધી પગપાળા મગનવાડીથી લગભગ પાંચ માઈલ પર આવેલા સેગાંવ પહોંચ્યા. એમની કુટિર હજુ તૈયાર નહોતી થઈ. ઊઠવાબેસવા માટે વાંસમાંથી બનેલી સાદડી તથા તડકાથી બચવા માટે ઝાડ સાથે બાંધેલી તાપડાંની દીવાલો ઊભી કરી દેવામાં આવી. બીજે દિવસે સાંજની પ્રાર્થના પછી ગ્રામજનો સમક્ષ કાંતણકામ કરી બતાવ્યું. ડૉ. આંબેડકરને મુલાકાત આપી.

મેની ૧૦મીએ ડૉ. અનસારીનું અવસાન.

મેના ત્રીજા અઠવાડિયામાં ગાંધીએ ગ્રામકાર્યકરો કેળવવા માટે મગનવાડી મુકામે તાલીમી શાળા ખોલી.

જૂનમાં અબ્બાસ તૈયબજીનું અવસાન.

ઑગસ્ટમાં કૉંગ્રેસે ચૂંટણી અંગેનું જાહેરનામું બહાર પાડ્યું.

ઑક્ટોબરમાં ગાંધીએ રાષ્ટ્રીય કેળવણી પરિષદનું પ્રમુખસ્થાન લીધું.

નવેમ્બરના પહેલા અઠવાડિયામાં અમદાવાદ મુકામે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા. તેમણે જણાવ્યું: 'હું તો કરોડોને પહોંચી શકે એવાં કલા અને સાહિત્ય માગું છું....આપણું સાહિત્ય એ એક દુઃખદ ઘટના છે.'

ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ફૈઝપુર મુકામેના કૉંગ્રેસ અધિવેશનમાં ખાદી તથા ગ્રામોદ્યોગ પ્રદર્શન ભરવામાં આવ્યું. કલાવિધાન નંદલાલ બોઝના હાથમાં હતું. ગાંધીએ ઉદ્ઘાટન કર્યું. ગામડામાં કૉંગ્રેસનું પહેલું જ અધિવેશન. સ્વયંસેવકો ગામડાંમાંથી ઊભા કરવામાં આવેલા. જવાહરલાલ નેહરુ પ્રમુખ હતા. યુરોપમાં ફાશિઝમનો વધતો જતો ભય, સ્પેનમાંનો આંતરવિગ્રહ, હિંદ માટે બંધારણ ઘડનારી સભાની જરૂર તથા મજૂરો અને ખેડૂતોની સ્થિતિસુધારણાનો તેમણે નિર્દેશ કર્યો.

૧૯૩૬ નું 'હરિજન' મુખ્યત્વે ગ્રામોદ્યોગ અને ખાદીને જ વળગી રહેલું. સર્પદંશ તથા મેલેરિયા પરના લેખો. મિસિસ સૅંગરની મુલાકાત પછી સંતતિનિયમન પર ચર્ચા. હિંદની રાષ્ટ્રભાષા તરીકે હિંદુસ્તાની પર કેટલાક લેખો. વિનિમયપદ્ધતિમાં ઊંડો રસ. ગાંધીએ પોતાની શક્તિ હરિજનોના ઉદ્ધાર પાછળ યોજી.

૧૯૩૭ (વય ૬૮): જાન્યુઆરીમાં ગાંધીએ અસ્પૃશ્યતા વિરોધી કામગીરી અંગે ત્રાવણકોરની મુલાકાત લીધી. રસ્તાઓ અને રાજ્યનાં મંદિરો હરિજનો માટે ખુલ્લાં રખાયાં. ગાંધીએ મંદિરોમાં ભાષણો આપ્યાં. મંદિરોની આંતરસુધારણાની હિમાયત કરી.

ઠેઠ આ વરસના ફેબ્રુઆરીમાં પણ ગાંધીએ પોલાકને લખેલું કે છૂટા પડવાના હક્ક સહિત જો સાંસ્થાનિક સ્વરાજ આપવામાં આવતું હોય તો એ પોતે તો એ સ્વીકારી જ લે.

ફેબ્રુઆરીની ચૂંટણીઓનું પરિણામ કૉંગ્રેસના નક્કર વિજયમાં આવ્યું. હિંદના અગિયારમાંથી આઠ પ્રાંતોનો કાબૂ કૉંગ્રેસહસ્તક આવ્યો. લંડન 'ટાઈમ્સે' નોંધ્યું: 'એકમાત્ર કૉંગ્રેસપક્ષ જ પ્રાંતિક કરતાં વિશાળ પાયા પર આયોજિત થયેલ છે. પક્ષે પોતાનો વિજય સંપાદન કર્યો છે....એવા મુદ્દાઓ પર કે જેમાં હિંદના લાખો ગ્રામ્ય મતદારો તથા કરોડો બિનમતદારોને રસ હતો.'

માર્ચમાં અ. હિં. મ. સ.એ હોદ્દાસ્વીકારનો અધિકાર આપતો ઠરાવ પસાર કર્યો, પરંતુ ગવર્નરો દરમિયાનગીરી કરવાની પોતાની ખાસ સત્તાનો ઉપયોગ નહિ કરે એ બાબે કૉંગ્રેસને સંતોષ થતાં સુધી પ્રધાનપદાં સ્વીકારવાનાં નહોતાં. ગાંધીએ આખો યોજનાક્રમ ઘડી કાઢ્યો. કૉંગ્રેસની ધારાસભાવિષયક પ્રવૃત્તિ પર નજર રાખવાને પાર્લામેન્ટરી પેટાસમિતિ રચવામાં આવી.

એપ્રિલમાં મદ્રાસ મુકામે હિંદી સાહિત્ય સંમેલનમાં ગાંધીએ ભાષણ આપ્યું. ભારતીય સાહિત્ય પરિષદને પ્રમુખસ્થાને આવ્યા. 'અહીં તો આપણાં પ્રાંતીયતાવાદ અને સંકુચિતતાથી મુક્ત થવાનો સવાલ છે. મુશ્કેલી કોઈ જાતની નથી....હું સાહિત્યને ખાતર સાહિત્યનો શોખીન નથી.'

કર્ણાટકમાં આવેલા હુદલી ગામે એપ્રિલમાં ગાંધી સેવા સંઘની વાર્ષિક બેઠક. ગાંધીએ જણાવ્યું: 'ધારાસભાઓનો ત્યાગ એ સત્ય તથા અહિંસાના જેવો શાશ્વત સિદ્ધાંત નથી....આપણે આપણાં સત્ય તથા અહિંસાને ત્યાં પાર પાડવાં જોઈએ છે.'

જુલાઈમાં કૉંગ્રેસે અનેક પ્રાંતોમાં હોદ્દાસ્વીકાર કર્યો. સમૂહશક્તિને એણે અનિર્બદ્ધ બનાવી અને કિસાનો તથા કામદારો વધુ સક્રિય ભાગ ભજવવા લાગ્યા.

ગાંધીએ લખ્યું: 'કૉંગ્રેસના પૂર્ણસ્વાતંત્ર્યના ધ્યેયના પર્યાયમાં પ્રધાનો જો માત્ર પ્રામાણિક, નિઃસ્વાર્થ, ઉદ્યમી, જાગ્રત તથા ભૂખે મરતા કરોડોના ખરેખરા કલ્યાણના પુરસ્કર્તાઓ રહે તો તેમના સમક્ષ જબરી તક રહેલી હું જોઈ શકું છું.'

તાત્કાલિક સુધારાઓ રૂપે ગાંધીએ દારૂનિષેધ, ખેડૂતોને રાહત, પાયાની કેળવણી તથા જેલોને સુધારક શાળાઓમાં ફેરવી નાખવાનું સૂચવ્યું.

દારૂનિષેધનો પ્રયોગ મદ્રાસ પ્રાંતમાં સાલેમ મુકામે તા. ૧લી ઑક્ટોબરે શરૂ કરવામાં આવ્યો.

ઑક્ટોબરમાં મળેલી અ. હિં. મ. સ.ની બેઠકમાં અસ્પષ્ટ છતાં અસંતોષની સામાન્ય લાગણી. મ્હૈસુરમાં દમનને લગતો અસુખદ શબ્દોમાં ઘડાયેલો ઠરાવ પસાર થયો. ગાંધીએ 'હરિજન'માં તે સખ્ત રીતે વખોડી કાઢ્યો. જવાહરલાલનો રાજીનામું આપવાનો વિચાર.

કલકત્તામાં સુભાષ બોઝ સાથેના ગાંધીના નિવાસ દરમિયાન બીમાર રવીન્દ્રનાથ લથડી ગયેલા ગાંધીને જોવા આવ્યા.

ઑક્ટોબરની ૧૭મીએ અ. હિં. મુસ્લિમ લીગે લખનૌ મુકામે ઠરાવ કર્યો કે તેનું ધ્યેય સ્વાતંત્ર્યનું હતું.

ઑક્ટોબરની ૨૨–૨૩મીએ વર્ધા મુકામે કેળવણી પરિષદ. પ્રમુખસ્થાન ગાંધીએ લીધેલું. નામાંકિત સભ્યો સમક્ષ પોતાનો પાયાની કેળવણીનો સિદ્ધાંત રજૂ કર્યો.

૨૦મી નવેમ્બરના અંકમાં ગાંધીએ કામદારોના ઝઘડા તથા કોમી હુલ્લડોમાં કરેલો બળનો પ્રયોગ વખોડી કાઢ્યો.

ડિસેમ્બરમાં તબિયતને કારણે સેગાંવથી જૂહુ ગયા.

ડિસેમ્બરમાં સાવરકરના અધ્યક્ષપદે અમદાવાદ મુકામે ભરાયેલા હિંદુ મહાસભાના અધિવેશને પૂર્ણસ્વરાજની પ્રાપ્તિ એ પોતાનું ધ્યેય હોવાનો ઠરાવ અપનાવ્યો.

૧૯૩૮ (વય ૬૯): મહિનો દિવસ જૂહુ રોકાઇને જાન્યુઆરીની ૮મીએ ગાંધી સેગાંવ પાછા ફર્યા. હજુ લોહીના દબાણથી પીડાતા હોવા છતાં આંદામાનના કેદીઓ તથા બંગાળના અટકાયતીઓનો પ્રશ્ન એમણે ઉપાડી લીધો. પત્રવ્યવહાર કરવાની કે 'હરિજન' માટે લખવાની દાક્તરોની રજા ન હતી.

જાન્યુઆરીમાં મુંબઈ ધારાસભાએ હરિજનો માટે મંદિર–પ્રવેશનો ખરડો પસાર કર્યો. છેલ્લા અઠવાડિયામાં એણે ઠરાવ કર્યો કે ઇંગ્લૅંડના રાજા અથવા તો વાઇસરોય

દ્વારા કોઈ પણ પ્રાંતની કોઈ પણ વ્યક્તિને એનાયત થતા માનદ ઇલકાબો ધારાસભાની ઇચ્છાની વિરુદ્ધ હતા. બીજા કૉંગ્રેસપ્રાંતોએ તેનું અનુસરણ કર્યું.

ગાંધીને લૉર્ડ લોથીઅન સાથે સેગાંવમાં ત્રણ દિવસ વાતચીત થઈ.

ફેબ્રુઆરીમાં કૉંગ્રેસનું હરિપુરા અધિવેશન ભરાયું. સુભાષ બોઝ પ્રમુખસ્થાને હતા. યુક્તપ્રાંત તથા બિહારમાંની પ્રધાનમંડળની કટોકટી પર વિચારણા. રાજદ્વારી કેદીઓની મુક્તિની બાબતમાં ગવર્નરોની દરમિયાનગીરીને ગાંધીએ વખોડી કાઢી. મહિનાઓના બાહેર મૌન પછી ગાંધીએ હરિપુરામાં અ. હિં. ગ્રામોદ્યોગ સંઘના ખાદીપ્રદર્શનમાં પહેલું ભાષણ આપ્યું.

ગાંધી સેવા સંઘની ચોથી પરિષદ પુરી નજીક ડાલંગ મુકામે માર્ચની ૨૫મીથી ૩૧મી પર્યંત ભરવામાં આવી. ગાંધીએ આત્મપરીક્ષણ માટે આગ્રહ કરીને અહિંસાની શક્તિ પર ભાર મૂક્યો.

એપ્રિલમાં જવાહરલાલે 'કૉંગ્રેસ રાજકારણમાં બનાવોએ લીધેલા પલટા' અંગેનું પોતાનું મનોદુઃખ ગાંધીને લખી જણાવ્યું. 'તેઓ જૂનવાણી તંત્રને હદથી જ્યાદે અનુકૂળ થવાનો પ્રયત્ન કરી રહ્યા છે અને તે વાજબી ઠરાવવા મથે છે....આપણે સત્તા ધરાવીએ છીએ એવા ભ્રમથી આપણો ગેરમાર્ગે દોરાવાનો સંભવ છે.'

એપ્રિલમાં ગાંધીએ મહાદેવ દેસાઈને ખાનબંધુઓને મળવા અને સરહદની સ્થિતિનો અભ્યાસ કરવા મોકલ્યા.

મેના બીજા અઠવાડિયામાં ગાંધીએ ખાનસાહેબ સાથે પેશાવર જિલ્લાનો પ્રવાસ કર્યો. ગામડાંમાં પઠાણોએ તેમનું હાર્દિક સ્વાગત કર્યું. અહિંસા પર એમણે ભાર મૂક્યો.

મધ્યપ્રાંતના પ્રધાનમંડળમાં મતભેદને કારણે ચાર પ્રધાનોએ ડૉ. ખરે પર એ મહિનામાં પોતાનાં રાજીનામાં મોકલાવી આપ્યાં. ખરેએ કારોબારી સમિતિની સૂચનાથી વિરુદ્ધ વર્તન કરેલું. જુલાઈની ૧૮મીએ રાજીનામું આપી દીધું. ગાંધીએ મધ્ય પ્રાંતના ગવર્નરે ભજવેલા ભાગને વખોડી કાઢ્યો.

૯મી જુલાઈના 'હરિજન'માં ફરી એક વાર ગાંધીએ દેશી રાજ્યોની બાબતમાં કૉંગ્રેસની બિનદરમિયાનગીરીનું સમર્થન કર્યું. 'પોતાના બિનદરમિયાનગીરીના ઠરાવથી કોંગ્રેસે દેશી રાજ્યોની પ્રજાને તેમના પોતાના પગ પર ઊભતી બનાવી છે.'

સપ્ટેમ્બરમાં કેટલાક હરિજનોએ સેગાંવ મુકામે સત્યાગ્રહ આદર્યો. મધ્યપ્રાંતમાં હરિજન પ્રધાન નીમવાની તેમની માગણી હતી. કસ્તૂરબાની છાપરીમાં ઉપવાસ કરવાની જિદ. ગાંધીએ તેની રજા આપી.

ઑક્ટોબરની ૨-૩ તારીખે સુભાષના અધ્યક્ષત્વ હેઠળ દિલ્હી મુકામે પ્રાંતિક પ્રધાનોની પરિષદ. રાષ્ટ્રીય નિયોજના સમિતિ નિમાઈ.

ઑક્ટોબરમાં ચેક લોકોની શરણાગતિ અંગે ગાંધીએ જણાવ્યું: 'કશી કડવાશ વિના અહિંસક સામનો આપતાં નિઃશસ્ત્રી સ્ત્રીપુરુષો અને બાળકો એ એમને માટે એક

નવો અનુભવ થઈ પડશે....ડૉ. બેનેશને હું કાયરોનું નહિ પણ વીરોનું શસ્ત્ર ભેટ ધરી રહ્યો છું.'

મ્યુનિક કરારો પર ટીકા કરતાં ગાંધીએ લખ્યું, 'યુરોપે મ્યુનિક મુકામે મેળવેલી સુલેહ એ હિંસાનો વિજય છે; એ એનો પરાજય પણ છે....હું તો સૂચવું છું કે આપત્તિ સામે ઝઝૂમતાં જણ—બચ્ચા સુધ્ધાં ખપી જવામાં જો વીરતા હોય, તો લડવાની ના પાડવામાં અને છતાં અન્યાયપૂર્વક પચાવી પાડનારને નમતું આપવાનો ઈનકાર કરવામાં વધુ વીરતા રહેલી છે.'

૨૬મી નવેમ્બરના હરિજનમાં ગાંધીએ લખ્યું: 'મારી તમામ સહાનુભૂતિ યહૂદીઓ પ્રત્યે છે....હું જો જર્મનીમાં જન્મેલો યહૂદી હોત અને મારી રોજી ત્યાં કમાતો હોત, તો ઊંચામાં ઊંચો ખ્રિસ્તી જર્મન સ્વીકારે એ જ રીતે હું પણ જર્મનીને મારા વતન તરીકે સ્વીકારત અને મને ગોળીએ ફૂંકી દેવા અથવા તો કેદમાં નાખવા પડકારત; ભેદભાવભર્યા વર્તાવને તાબે થવાની અથવા તો દેશ તજી જવાની હું ના જ પાડત.'

ડિસેમ્બરની ૩જીએ ગાંધીએ લખ્યું: 'દેશી રાજાઓ જો પ્રજાના કલ્યાણમાં જ પોતાનું કલ્યાણ હોવાનું માનતા હોય તો તેઓ કૃતજ્ઞતાપૂર્વક કૉંગ્રેસની સલાહ માગે અને તેનો સ્વીકાર કરે. બહુ દૂરના નહિ એવા ભવિષ્યમાં સાર્વભૌમ સત્તાનું સ્થાન મેળવવાનો જેને માટે સંભવ રહ્યો છે એવી સંસ્થા સાથે મિત્રાચારી કેળવવી એ અલબત્ત એમના જ હિતમાં છે.'

રાષ્ટ્રીય નિયોજના સમિતિએ ૧૭મી ડિસેમ્બરના રોજ જવાહરલાલ નેહરુના પ્રમુખપદે પોતાની પહેલી બેઠક ભરી.

ડિસેમ્બરની ૨૪મીએ ગાંધીએ હરિજનમાં લખ્યું કે, 'જે ભાવનાપૂર્વક કલ્પવામાં આવેલો તે મુજબ કૉંગ્રેસ પ્રાંતોમાં દારૂનિષેધ નથી ચાલતો. દારૂ અને માદક પદાર્થોની ટેવના શિકાર બનવાનું આપણે ચાલુ રાખીએ તો આપણી સ્વતંત્રતા એ ગુલામોની જ સ્વતંત્રતા રહેશે.'

જાપાની પાર્લામેન્ટના સભ્ય તાકાઓકાએ સેગાંવની મુલાકાત લીધી. ગાંધીએ તેને જણાવ્યું: 'એશિયા એશિયાવાસીઓ માટેના સૂત્રનો માયનો જો યુરોપવિરોધી જોડાણનો થતો હોય તો હું એમાં સંમત નથી.... એણે તો બુદ્ધના સંદેશનો પુનરભ્યાસ કરીને જગતને આપવાનો છે. મારે આના સિવાય બીજો કશો સંદેશ તમને આપવાનો નથી કે, તમારે તમારા પ્રાચીન વારસોને વફાદાર રહેવું જોઈએ.'

સેગાંવમાં નાતાલ શાંત છતાં દર્શનીય રીતે ઊજવવામાં આવી. ગાંધીએ જણાવ્યું: હિંદ આ અદ્વિતીય પ્રયોગ—સત્યાગ્રહ કરી રહેલ છે ત્યારે, જો તેના માટે મેળવવી શક્ય હોય તો હું આખી દુનિયાની સહાનુભૂતિ તેના માટે માગું છું.'

૧૯૩૯ (વય ૭૦): જાન્યુઆરીની ૪થીએ શૌકતઅલીનું અવસાન. ગાંધીએ દ્રવિત બનીને આંસુ સાર્યાં. 'સરકાર' એ શૌકતઅલીએ ગાંધીને આપેલું હેતભર્યું નામ હતું.

ગાંધીના જાપાની પ્રશંસક ડૉ. કાગાવાએ જાન્યુઆરીમાં સેગાંવની મુલાકાત લીધી. સહકારી પ્રવૃત્તિ પર તેમણે ચર્ચા કરી.

જાન્યુઆરીની ૨૮મીએ ગાંધીએ 'હરિજન'માં લખ્યું 'દેશી રાજ્યોમાં સ્વાતંત્ર્ય માટેની હિલચાલ નવી ભૂમિકામાં પ્રવેશ કરી રહી છે.'

ફેબ્રુઆરીની ૪થીએ ગાંધીએ રાજકોટ પર અગ્રલેખ લખ્યો. 'રાજકોટની પ્રજાના સ્વાતંત્ર્યના કરારનામાનો ત્યાંના બ્રિટિશ રેસિડેન્ટની પ્રેરણાથી થયેલો મનસ્વી ભંગ એ એક એવો અન્યાય છે જે વહેલામાં વહેલી પળે દુરસ્ત થવો જોઈએ છે.' ધરપકડનો પુરસ્કાર કરવાને કસ્તૂરબાએ રાજકોટમાં પ્રવેશ કર્યો.

કૉંગ્રેસના પ્રમુખ તરીકે સુભાષની ફરી થયેલી ચૂંટણી અંગે ગાંધીએ તા. ૪થી ફેબ્રુઆરીના 'હરિજન'માં લખ્યું: 'કૉંગ્રેસમાં હોવા બદલ અસ્વસ્થતા અનુભવનારાઓએ કશી બેદિલીપૂર્વક નહિ પરંતુ વધુ અસરકારક સેવા બજાવવાના નિશ્ચિત ઉદ્દેશપૂર્વક બહાર પડવું જોઈએ છે.'

પોતાનું એક પૂતળું ઊભું કરવામાં આવનારું હોવાનું સાંભળવામાં આવતાં ગાંધીએ લખ્યું, 'આવાં પ્રદર્શનો પ્રત્યે મને અંતરથી ઘૃણા છે. મારામાં શ્રદ્ધા ધરાવનારાઓ જો હું જે માટે ઉદ્યુક્ત થયો છું એ પ્રવૃત્તિઓ આગળ ચાલુ રાખી શકશે તો તેને હું યથોચિત સમ્માન સમજી લઈશ.'

ફેબ્રુઆરીની ૨૫મીએ વલ્લભભાઈએ ગાંધીની સૂચના મુજબ સવિનય ભંગ મોકૂફ રાખ્યો. ફેબ્રુઆરીની ૨૭મીએ ગાંધી સુલેહના શુભકાર્યે રાજકોટ પહોંચ્યા.

માર્ચની ૨જીએ ગાંધીએ રાજકોટના ઠાકોરને પત્ર લખીને માર્ચની ૩જીથી પોતાના આમરણ ઉપવાસની કાર્યદિશાથી વાકેફ કર્યા.

માર્ચની ૩જીએ બપોરથી ઉપવાસનો પ્રારંભ થયો. બીજે દિવસે ગાંધીએ વાઇસરોયને દરમિયાનગીરી કરવાની હિમાયત કરતો પત્ર લખ્યો.

વાઇસરોયે હિંદના વરિષ્ઠ ન્યાયાધીશ સર મૉરિસ ગ્વાયરની લવાદીનું ઠાકોરની સંમતિ સહિત સૂચન કર્યું. ૭મી માર્ચે ઉપવાસનો અંત આવ્યો.

માર્ચમાં કૉંગ્રેસ જ્યારે ત્રિપુરી મુકામે મળી ત્યારે વાતાવરણ તંગ હતું. સુભાષ બીમાર હતા. રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય અંગેના ઠરાવો ફરી વ્યક્ત કરવામાં આવ્યા અને દેશી રાજ્યોમાંની પ્રજાની હિલચાલને કૉંગ્રેસનો ટેકો હોવાનું જાહેર કરવામાં આવ્યું. ગાંધીમાં તથા રાજીનામું આપી ચૂકેલા કારોબારીના સભ્યોમાં વિશ્વાસની નોંધ લેવામાં આવી.

માર્ચની ૧૫મીથી એપ્રિલની ૭મી સુધી ગાંધી દિલ્હી રોકાયા. વાઇસરોયની મુલાકાત લીધી. એપ્રિલની ૩જીએ વરિષ્ઠ ન્યાયાધીશે રાજકોટની લડતમાં વલ્લભભાઈની તરફેણમાં ચુકાદો આપ્યો. ગાંધીએ ચુકાદાને પડતો મૂકવાનો નિર્ણય કર્યો. એપ્રિલની ૯મીએ પાછા રાજકોટ આવ્યા.

મેમાં કલકત્તા મુકામે અ. હિ. મ. સ.ની બેઠક. સુભાષે રાજીનામું આપ્યું. ૧૯૩૯–૪૦ માટે રાજેન્દ્રપ્રસાદ કૉંગ્રેસના પ્રમુખ ચૂંટાયા.

મેમાં ગાંધીએ રાજકોટમાંના બળજબરીભર્યાં વર્તાવ બદલ ખેદ વ્યક્ત કર્યો અને વાઈસરોય, રાજકોટના ઠાકોર તથા લાગતાવળગતા અન્ય લોકોની માફી માગી.

મેની ૭મીએ વૃંદાવન મુકામે ગાંધી સેવા સંઘની બેઠક. ગાંધીએ સભ્યોને આત્મશુદ્ધિની સલાહ આપી.

મેની ૨૧મીએ સુભાષે 'ફૉરવર્ડ બ્લૉક' ઊભો કર્યો.

જૂનમાં રાષ્ટ્રીય નિયોજના સમિતિની બીજી બેઠક. નિવેદનપત્રમાં જવાહરલાલે નિર્દેશ્યું કે એ નિયોજના 'મુક્ત અને સ્વતંત્ર હિંદ માટે યોજાવી' જોઈએ.

જુલાઈની ૧૩મીએ ગાંધીએ મુંબઈમાંની દારૂબંધીની લડતનો વિરોધ કરવાનાં પગલાં પાછાં ખેંચી લેવાને સુભાષને વીનવ્યા. પખવાડિયા સુધી સરહદનો પ્રવાસ કર્યો.

જુલાઈમાં હિટલરને, જગતને યુદ્ધમાં ઉતારતાં દૂર રહેવાની અરજ કરતો ખુલ્લો પત્ર લખ્યો.

ઑગસ્ટની ૧લીએ કૉંગ્રેસ સરકારે મુંબઈમાં સંપૂર્ણ દારૂબંધીની જાહેરાત કરી.

ઑગસ્ટની ૯થી ૧૨મીએ કારોબારી સમિતિએ કટોકટીનો પૂર્વવિચાર કરતાં વર્ધા મુકામે જાહેર કર્યું: 'આ જાગતિક કટોકટીમાં કારોબારી સમિતિની સહાનુભૂતિ સંપૂર્ણતઃ એવા લોકોની સાથે છે જેઓ લોકશાહી તથા સ્વાતંત્ર્યને પડખે છે, અને કૉંગ્રેસે ફરી ને ફરી વાર યુરોપ, આફ્રિકા તથા એશિયાના દૂર પૂર્વના ભાગમાં ફાશિસ્ટ આક્રમણને વખોડી કાઢયું છે....યુદ્ધ જો ઉપસ્થિત થાય તો કૉંગ્રેસ, વિશેષમાં, પોતાની એ અંગેની નીતિની સ્પષ્ટ વ્યાખ્યા આપી ચૂકેલ છે અને હિંદ પર યુદ્ધ લાદવાના સઘળા પ્રયાસોનો વિરોધ કરવાનો તેનો નિર્ણય જાહેર કરી ચૂકેલ છે.' પ્રથમ પગલા તરીકે કૉંગ્રેસે મધ્યસ્થ ધારાસભાના સઘળા સભ્યોને આવતી બેઠકમાં હાજરી આપવાથી દૂર રહેવાનું જણાવ્યું. સમિતિએ બ્રિટિશ સરકારની યુદ્ધતૈયારીમાં કોઈ પણ રીતે સહાય ન કરવાની પ્રાંતિક સરકારોને વિનતિ કરી.

બંગાળ પ્રાંતિક સમિતિના ત્રણ વર્ષપર્યંત પ્રમુખ તરીકે ચાલુ રહેવાની ગંભીર ગેરશિસ્ત બદલ સુભાષને બિનલાયક ઠરાવવામાં આવ્યા.

વટહુકમ તરીકે બહાર પાડવામાં આવેલો હિંદ સંરક્ષણ ધારો ઑગસ્ટની ૨૦મીએ મધ્યસ્થ ધારાસભામાં પસાર થયો.

સપ્ટેમ્બરની ૩જીએ યુદ્ધની જાહેરાત પછી તરતમાં જ વાઈસરોયે ગાંધીને સીમલા નિમંત્ર્યા. એમણે જણાવ્યું, હું વાઈસરોયના મહેલમાંથી ખાલી હાથે અને કશી સમજૂતી વિના પાછો ફર્યો છું. જો કશી સમજૂતી થવાની હોય તો તે કૉંગ્રેસ અને સરકાર વચ્ચે જ થશે....મેં નામદાર વાઈસરોયને જણાવ્યું કે મારી પોતાની સહાનુભૂતિ ઇંગ્લૅંડ પ્રત્યે હતી.'

સપ્ટેમ્બરની ૮મીથી ૧૫મી સુધી વર્ધા મુકામે કારોબારી સમિતિની બેઠક. ઝીણાને હાજર રહેવાનું નિમંત્રણ મોકલાયેલું પણ ના પાડેલી. સુભાષ, અણે, નરેન્દ્રદેવ તથા જયપ્રકાશ નારાયણ ખાસ નિમંત્રણે હાજર રહેલા. સમિતિએ જણાવ્યું: 'કૉંગ્રેસે વધુમાં એ પણ નિશ્ચિત કર્યું છે કે હિંદને માટે યુદ્ધ યા શાંતિના પ્રશ્નનો હિંદી પ્રજા દ્વારા જ નિર્ણય થવો જોઈએ....સહકાર બંને સમોવડિયાઓ વચ્ચે, પોતે જેને પુરસ્કાર્ય ગણતા હોય એવા મુદ્દા પર, પરસ્પર સંમતિપૂર્વકનો હોવો જોઈએ....લોકશાહી સ્વતંત્રતા માટે કહેવામાં આવતું હોવા છતાં એ જ સ્વાતંત્ર્યનો તેને પોતાને માટે જ્યાં ઇનકાર કરવામાં આવે એવા યુદ્ધ સાથે હિંદ પોતાની જાતને ન જોડી શકે. આમ છતાં પ્રસંગની ગંભીરતાને લક્ષમાં લેતાં....સમિતિ કશા અંતિમ નિર્ણય પર ન આવવાનું ઇચ્છે છે.'

પરિસ્થિતિને પહોંચી વળવાને કારોબારી સમિતિએ જવાહરલાલ, મૌલાના આઝાદ તથા વલ્લભભાઇ પટેલની બનેલી એક પેટાસમિતિ નીમી.

કૉંગ્રેસના નિવેદન પર સપ્ટેમ્બરની ૧૫મીએ સેગાંવ મુકામેથી ગાંધીની ટીકા: 'બ્રિટિશોને જે કંઈ પણ સહકાર આપવામાં આવે એ બિનશરતી આપવામાં આવે એવી વિચારણામાં મને એકલો પડેલો જોતાં મને ખેદ ઊપજ્યો....પરંતુ મને આશા છે કે કૉંગ્રેસવાદીઓમાંના સઘળા પક્ષોનો એ નિવેદનને સર્વાનુમત ટેકો મળશે....કશાની પણ આવશ્યકતા હોય તો તે બ્રિટિશ રાજદ્વારીઓને પક્ષે માનસિક ક્રાન્તિની છે.'

કૉંગ્રેસ પ્રાંતોના વડાપ્રધાનોને પોતાનો દૃષ્ટિકોણ પ્રાંતિક ધારાસભાઓ તથા ગવર્નરો સમક્ષ રજૂ કરવાની સૂચનાઓ આપતો યુદ્ધપેટાસમિતિનો તા. ૧૭મી સપ્ટેમ્બરનો પ્રાંતિક કૉંગ્રેસ સમિતિઓ પર પરિપત્ર. ગાંધી વાઇસરોય સાથે મંત્રણા ચલાવતા હોઈને કૉંગ્રેસે કેટલોક સમય સત્તા ધરી રાખી. સપ્ટેમ્બરની ૩૦મીએ રાષ્ટ્રીય માગણીના ઠરાવ પરત્વેનાં પગલાં વિલંબમાં નાખવાની વધુ સૂચના કૉંગ્રેસ તરફથી મળી. દરમિયાનમાં પ્રધાનોએ લાભદાયી પગલાં ઝડપે ભરવાનો નિર્ણય કર્યો.

હિંદ પરની ઉમરાવસભાની ચર્ચાની અગાઉથી મળેલી નકલના જવાબમાં ગાંધીએ તા. ૨૮મી સપ્ટેમ્બરે સેગાંવથી લખ્યું, 'બ્રિટિશોના મિત્ર તરીકે હું અંગ્રેજ રાજદ્વારીઓને અરજ ગુજારું છું કે તેઓ સામ્રાજ્યવાદીઓની પુરાણી ભાષા ભૂલી જાય અને એક નવું પ્રકરણ ખોલે.'

ઑક્ટોબરની ૨જીએ ગાંધીની સિત્તેરમી જન્મજયંતી નિમિત્તેનો ગ્રન્થ 'મહાત્મા ગાંધી' પ્રસિદ્ધ થયો. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને તેનું સંપાદન કરેલું.

ઑક્ટોબરની ૩જીએ વાઇસરોયે રાજેન્દ્રબાબુ તથા જવાહરલાલ નેહરુ સાથે વાતચીત કરી. ૯–૧૦ ઑક્ટોબરે વર્ધા મુકામેની અ. હિં. મ. સ.ની બેઠકે કારોબારી સમિતિના નિવેદનનું સમર્થન કર્યું. ઑક્ટોબરની ૧૭મીએ વાઇસરોયનું નિવેદન. સારાંશમાં એણે જણાવ્યું: 'યુદ્ધનો અંત આવતાં નામદાર શહેનશાહની સરકાર વાટાઘાટોમાં ઊતરવાને ખૂબ તત્પર રહેશે.'

ઑક્ટોબરની ૧૮મીએ ગાંધીએ જણાવ્યું : ' વાઈસરૉયનું નિવેદન ખૂબ જ નિરાશાજનક છે.... કૉંગ્રેસ સમર્થ તેમજ પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં નિઃશંક બને ત્યાં સુધી પુનઃ એને સત્તાત્યાગ કરવો પડશે. કૉંગ્રેસે રોટી માગી અને તેને પત્થર મળ્યો છે.'

ઑક્ટોબરની ૨૨–૨૩ મીએ વર્ધા મુકામે કારોબારી સમિતિની બેઠક મળી અને જણાવ્યું કે, ' કશો પણ પ્રતિકાર કરવાનો આવશે તો તે સઘળી હિંસાથી રહિત હોવો જોઈશે ' અને કૉંગ્રેસ પ્રધાનોને રાજીનામાં આપી દેવાને જણાવ્યું. નવેમ્બરની ૧લીએ ગાંધી, રાજેન્દ્રપ્રસાદ તથા ઝીણા એકીસાથે વાઇસરૉયને નવી દિલ્હી મુકામે મળ્યા. નવેમ્બરની ૫મીએ વાઇસરૉયે વાટાઘાટોની નિષ્ફળતા જાહેર કરી.

નવેમ્બરની ૮મી સુધીમાં સઘળાં કૉંગ્રેસ પ્રધાનમંડળોએ રાજીનામાં આપી દીધાં. એમને સ્થાને બીજાં પ્રધાનમંડળો ઊભાં કરવાના અધૂકડા દિલના પ્રયાસો પછી ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટના ૯૩ મા સેક્શનનો આશ્રય લેવામાં આવ્યો અને ' કૉંગ્રેસ ' પ્રાંતોમાં રાજબંધારણ મોકૂફ રાખવામાં આવ્યું.

નવેમ્બરની ૧૯–૨૩ મીએ અલ્લાહાબાદ મુકામે મળેલી કારોબારી સમિતિએ જણાવ્યું : ' કૉંગ્રેસ સંસ્થાએ ભવિષ્ય માટેના કૉંગ્રેસકાર્યક્રમની નીતિનો સંદેશ લોકોને સમજાવવો જોઈએ.' નવેમ્બરની ૨૫મીના ' હરિજન 'માં ગાંધીએ ' કૉન્સ્ટીટ્યૂઅન્ટ ઍસેમ્બ્લી 'ના વિચારનું સમર્થન કર્યું.

ડિસેમ્બરની ૧૮–૨૨મીએ વર્ધા મુકામે કારોબારી સમિતિની બેઠક. કૉંગ્રેસ સંસ્થાઓને રચનાત્મક કાર્યને વેગ આપવાનું તથા સાદ થતાંવેંત તૈયાર રહેવાનું જણાવવામાં આવ્યું. ઇ. સ. ૧૯૪૦ નો જાન્યુઆરી ૨૬મીનો સ્વાતંત્ર્યદિન ઊજવવાના મહત્ત્વ ભણી તમામ કૉંગ્રેસ સમિતિઓનું લક્ષ ખેંચવામાં આવ્યું.

૧૯૪૦ (વય ૭૧): ફેબ્રુઆરીની ૫મીએ ગાંધીની વાઇસરૉય સાથે મુલાકાત. ગાંધીની ટીકા હતી કે, ' શાંતિપૂર્ણ અને માનભર્યા સમાધાનનો કશો સંભવ મને નથી દેખાતો.'

ફેબ્રુઆરીની ૧૭મીએ ગાંધી તથા કસ્તૂરબાએ શાંતિનિકેતનની મુલાકાત લીધી. બીજે દિવસે ટાગોરે આમ્રકુંજમાં તેમનું વિધિપુરઃસર સ્વાગત કર્યું. ગાંધીને ' આ સંસ્થા આપના રક્ષણ નીચે સ્વીકારવા અને તેને કાયમીપણાની ખાતરી આપવા ' વીનવ્યા. ' વિશ્વભારતી એ મારા જીવનની સર્વોત્તમ સંપત્તિને વહેતું એક જહાજ છે.'

ફેબ્રુઆરીની ૨૧મીએ ગાંધીએ બંગાળમાંના મલકાનન્દા સ્થાનેથી ગાંધી સેવા સંઘની વાર્ષિક પરિષદમાં ભાષણ આપીને એ સંસ્થાને વીંટી લેવાની સલાહ આપી. કામકાજ ચાલુ રાખવાને નવ સભ્યોની એક સમિતિ નીમી. કલકત્તામાં રોગવશ પડેલા એન્ડ્રૂઝની મુલાકાત લીધી.

માર્ચની ૫મીએ સેગાંવનું ' સેવાગ્રામ ' તરીકે નામસંસ્કરણ થયું.

મૌલાના આઝાદ માર્ચ મહિનામાં કૉંગ્રેસના પ્રમુખ ચૂંટાયા અને ત્યારથી રાષ્ટ્રપતિ તરીકેનાં સૂત્રો સંભાળી રહ્યા છે.

માર્ચની ૧૯–૨૦મીએ રામગઢ કૉંગ્રેસે જાહેર કર્યું: 'મહાસભાવાદીઓ તથા કૉંગ્રેસની અસર નીચેનાઓ માણસો, નાણાં તથા સાધનસામગ્રી વડે યુદ્ધસંચાલનમાં સહાય ન કરી શકે.' વિષયવિચારિણી સમિતિને ઉદ્દેશીને ગાંધીએ જણાવ્યું: 'પ્રત્યેક કૉંગ્રેસ સમિતિ સત્યાગ્રહ સમિતિ બની જવી જોઇએ.

એપ્રિલની ૫મીએ ગાંધીના નજીકમાં નજીકના અંગ્રેજ મિત્ર સી. એફ. એણ્ડ્રૂઝનું કલકત્તા મુકામે અવસાન.

જૂનમાં ફ્રાન્સનું પતન થયું. જુલાઈની ૧૭–૨૦મીએ કારોબારી સમિતિ વર્ધા મુકામે મળી ત્યારે તેણે નવો જ ધ્વનિ ઉપજાવ્યો: 'દૂર રહેલા પ્રશ્નો હવે ખૂબ નજીક આવી ગયા છે અને તરતમાં જ કદાચ ઉકેલ માગે....રાષ્ટ્રીય સ્વાતંત્ર્યનો પ્રશ્ન હવે તેની સાથોસાથના બહારના શકય આક્રમણ તથા આંતરિક અવ્યવસ્થાના પ્રશ્નો સાથે વિચારવાનો છે. વર્ધાના નિર્ણયે કૉંગ્રેસની કારોબારી સમિતિને હિંસા કે અહિંસાના પર્યાયમાં નીકળતા ફલિતાર્થનો ખ્યાલ રાખ્યા વિના રાજદ્વારી નિર્ણયો પર આવવાને છૂટ મૂકી દીધી. એણે બ્રિટન દ્વારા હિંદના સ્વાતંત્ર્યની કબૂલાતની તથા કેન્દ્રસ્થાને કામચલાઉ રાષ્ટ્રીય સરકારની તાત્કાલિક સ્થાપનાની દરખાસ્ત રજૂ કરી. બાહ્ય આક્રમણ અને આંતરિક અવ્યવસ્થા માટે કૉંગ્રેસે અનુસરવાનાં કાર્યક્રમ તથા પ્રવૃત્તિ અંગેની જવાબદારીમાંથી કારોબારી સમિતિએ ગાંધીને મુક્ત કર્યા.'

'ગાંધીજીને લાગ્યું, અને કદાચ વાજબીપણે લાગ્યું કે, જગત માટેનો પોતાનો સંદેશ એ પડતો ન મૂકી શકે કે તેનો ધ્વનિ હળવો બનાવી ન શકે. પોતે ઇચ્છે એ રીતે એ આપવાની એમને છૂટ હોવી જોઇએ અને રાજદ્વારી તકેદારીએ તેમ કરતાં એમને વારવા ન જોઈએ. આ રીતે પહેલી જ વાર તેઓ એક માર્ગે ગયા અને કૉંગ્રેસની કારોબારી સમિતિ બીજા માર્ગે,' જવાહરલાલે ટીકા કરેલી.

વાઇસરોયે ફરી એક વાર ગાંધીને બોલાવ્યા. સીમલામાં લાંબી વાતચીત ચાલી. જુલાઈની ૨જીએ ગાંધીએ 'પ્રત્યેક બ્રિટનને' અહિંસાની પદ્ધતિનો સ્વીકાર કરવાની પ્રખ્યાત અરજ બહાર પાડી.

જુલાઇની ૩જીથી ૭મી સુધી દિલ્હી મુકામે કારોબારી સમિતિની બેઠક. વિદેશી આક્રમણ સામે અહિંસાનું શસ્ત્ર અમાન્ય રાખવામાં આવ્યું. રાષ્ટ્રીય સરકાર માટેની માગણી. બેઠકને ટાંકણે જ સુભાષની ધરપકડ. ગફારખાને અહિંસાના પોતાના ચુસ્ત અવલંબનને લઈને કારોબારી સમિતિમાંથી રાજીનામું આપ્યું.

ગાંધીએ જણાવ્યું: 'રાજાજીનો ઠરાવ કૉંગ્રેસની વિચારપુરઃસર નીતિની રજૂઆત કરે છે. બિનમહાસભાવાદીઓ જેઓ કૉંગ્રેસને મારા ધાર્મિક વલણથી મુક્ત બનીને શુદ્ધ રાજકીય વલણને અપનાવતી જોવા આતુર હતા તેમણે એ ઠરાવને આવકારીને તેનું

હૃદયપૂર્વક સમર્થન કરવું જોઈએ. મુસ્લિમ લીગે તેમજ પોતાની હકુમતો કરતાં હિંદનો વધુ ખ્યાલ રાખતાં દેશી રાજ્યોએ પણ તેમ જ કરવું જોઈએ' સમિતિની જુલાઈ તા. ૨૫–૨૭મીની બીજી બેઠક તથા જુલાઈ ૨૭–૨૮મીની અ. હિં. મ. સ.ની બેઠકમાં ગાંધી હાજર ન રહ્યા: પૂના મુકામે અ. હિં. મ. સ.એ વર્ધા તથા દિલ્હી મુકામે પસાર થયેલા ઠરાવને સમર્થન આપ્યું.

ગાંધીએ ટીકા કરી: 'સરકારનું શાણપણ રાજાજી મારા માટે દાવો કરે છે તેટલા પ્રમાણમાં ધૂંધળાઈ જવા પામ્યું હોય એ સિવાય તેઓ સ્વતંત્રતાને રોકી રાખી શકે તેમ નથી.'

ઑગસ્ટની ૮મીએ વાઇસરોયની જાહેરાત, 'પ્રતિનિધિત્વ ધરાવતા હિંદીઓની અમુક સંખ્યાને....પોતાની કારોબારી મંડળીમાં જોડાવા માટે' આમંત્રવાને પોતે અધિકારસંપન્ન હોવાનું જાહેર કર્યું. કૉંગ્રેસે સહયોગ માટેના વાઇસરોયના આમંત્રણને પાછું ઠેલ્યું. કૉંગ્રેસની રાષ્ટ્રીય સરકારની માગણીને અનુલક્ષીને એમરીએ જણાવ્યું: 'એ માગણી સમગ્રપણે અનિશ્ચિત બંધારણીય પ્રશ્ન ખડો કરે છે.'

ઑગસ્ટની ૧૮થી ૨૩મી સુધી વર્ધા મુકામે કોરોબારી સમિતિની બેઠક મળી અને જાહેર કર્યું કે, 'બ્રિટિશ સરકારનો ઇરાદો તલવારના બળે હિંદનો કબજો ચાલુ રાખવાનો હતો.' કૉંગ્રેસે ગાંધીના નેતૃત્વ નીચે કામ કરવાનું અભિવચન આપ્યું અને એમને તેને દોરવણી આપવાની વિનંતિ કરી. ગાંધીએ જણાવ્યું: 'ઇંગ્લૅંડ પરાજિત થવાનું હું નથી ઇચ્છતો; ઇંગ્લૅંડનો માનભંગ થવાનું હું નથી ઇચ્છતો....જેઓ પોતે જ ભયમાં હોય એ બીજાઓને ન બચાવી શકે....પરંતુ એ આત્મનિગ્રહના ગુણને આત્મવિલોપન—મહાસભાવાદીઓમાં કે બિનમહાસભાવાદીઓમાં કયાંય પણ વસતી રાષ્ટ્રીય ભાવનાના લોપની હદે તો ખેંચી જઈ ન શકાય. વાણીસ્વાતંત્ર્ય અને તેને અનુષંગી કાર્યસ્વાતંત્ર્ય એ તો લોકશાહી જીવનનો શ્વાસોચ્છ્વાસ છે. યુદ્ધગ્રસ્ત રાષ્ટ્રો દ્વારા જ્યારે અસભ્ય જંગલીપણાનો અપરાધ ચાલી રહ્યો છે, ત્યારે તો યુદ્ધની સ્થાનપૂર્તિ લેખે અહિંસાનો પ્રચાર કરવા દેવાની છૂટ સૌથી વધુ સુસંબદ્ધ છે.'

સપ્ટેમ્બરની ૨૭મીએ ગાંધીએ સીમલા મુકામે વાઇસરોયની મુલાકાત લીધી. એમણે જાહેર કર્યું: 'તાત્કાલિક પ્રશ્ન તો જીવવાના અધિકારનો છે, જે વિશાળ અર્થમાં લઈએ તો એનો અર્થ વાણીસ્વાતંત્ર્યનો થાય. કૉંગ્રેસને જો મૃત્યુ પામવાનું આવે તો તેણે પોતાની શ્રદ્ધાની ઘોષણા કરવાના કૃત્ય દ્વારા તેમ કરવું જોઈએ.'

ઑક્ટોબરની ૧૧–૧૩મીએ કારોબારી સમિતિની બહાલી સહિત ગાંધીએ વ્યક્તિગત સત્યાગ્રહની લડત ઉપાડી. પ્રથમ સત્યાગ્રહી તરીકે વિનોબા ભાવેની પસંદગી કરવામાં આવી. વર્ધાથી સાત માઈલ પર ગામડાંઓના શ્રોતાવર્ગ સમક્ષ તા. ૧૭મી ઑક્ટોબરે યુદ્ધવિરોધી ભાષણ દ્વારા નૈતિક વિરોધની ચળવળનો એમણે પ્રારંભ કર્યો. ઑક્ટોબરની ૨૧મીએ દેવલી મુકામે ધરપકડ થઈ, વર્ધા મુકામે કામ ચલાવવામાં આવ્યું અને ત્રણ મહિનાની કેદની સજા થઈ. રોજેરોજ સત્યાગ્રહીઓ યુદ્ધવિરોધી સૂત્રો પોકારતા અને ગિરફતાર થતા રહ્યા.

ઑક્ટોબરની ૩૧મીની સાંજે જવાહરલાલની ધરપકડ થઈ અને ચાર વર્ષની કેદની સજા થઈ.

ઑક્ટોબરની ૩૧મીએ ગાંધીએ 'હરિજન', 'હરિજનબંધુ' તથા 'હરિજનસેવક'નું પ્રકાશન મુલતવી રાખ્યું. સરકારે લડતની પ્રગતિનો હેવાલ છાપાંમાં લેવાની મનાઈ ફરમાવેલી.

ડિસેમ્બરની ૩૦મીએ અલ્લાહાબાદ મુકામે મૌલાના આઝાદની ધરપકડ કરીને તેમને ૧૮ માસની કેદની સજા કરવામાં આવી.

નાતાલ અંગેના શુભેચ્છાપ્રદર્શન અર્થે ૧૯૪૦ના ડિસેમ્બરની ૨૫મીથી ૧૯૪૧ના જાન્યુઆરીની ૪થી સુધી ગાંધીએ સત્યાગ્રહ મોકૂફ રાખ્યો.

૧૯૪૧ (વય ૭૨) : ૧૯૪૧નું આખું યે વર્ષ લડત ચાલતી રહી અને થોડા જ સમયમાં હિંદના દૂરદૂરના ભાગોમાં પહોંચી ગઈ. જાન્યુઆરીની ૫મીએ સ્થાનિક કૉંગ્રેસ સમિતિઓ દ્વારા સત્યાગ્રહીઓની યાદી તૈયાર કરવામાં આવી. કેટલાક લોકોએ જેલયાત્રા સ્વીકારી.

ઑગસ્ટની ૭મીએ રવીન્દ્રનાથ ટાગોરનું અવસાન.

ડિસેમ્બરની ૩જીએ હિંદભરના સત્યાગ્રહીઓને છોડી દેવાના પોતાના નિર્ણયની સરકારે જાહેરાત કરી ત્યાં સુધીમાં લગભગ ૨૫,૦૦૦ની ધરપકડ અને સજા થવા પામેલી અને લગભગ છ લાખ રૂપિયા જેટલી રકમનો દંડ કરવામાં આવેલો. એ જ દિવસે ગાંધીએ નિવેદન કર્યું: 'મને લાગેવળગે છે ત્યાં સુધી હિંદ સરકારનો નિર્ણય મારામાં કશો પ્રત્યુત્તરકારક કે પ્રશંસક ધ્વનિ પ્રેરે તેમ નથી. સરહદ પ્રાંતમાં અને અમુક અંશે બંગાળમાં સત્યાગ્રહીઓને પોતાનું કાર્ય નિર્વિઘ્ને ચલાવવા દેવામાં આવ્યું.

ડિસેમ્બરની ૭મીએ જાપાને પર્લહાર્બર પર હલ્લો કર્યો.

ડિસેમ્બરની ૮મીથી એક માસ માટે ગાંધી બારડોલી મુકામે વલ્લભભાઈના આશ્રમમાં રહ્યા.

ડિસેમ્બરની ૨૩મીથી ૩૦મી સુધી કૉંગ્રેસ કારોબારી સમિતિની બારડોલી મુકામે બેઠક. અહિંસાના તારતમ્ય અંગેના મૂળભૂત મતભેદને લઈને ગાંધીને તેમની વિનતિ પરથી કૉંગ્રેસના નેતૃત્વપદેથી મુક્ત કરવામાં આવ્યા. ગાંધીના કહેવા મુજબ અહિંસાની પ્રયોજ્યતા સર્વદેશીય હતી. સમિતિએ જાહેર કર્યું : 'દેશનું સંરક્ષણ ઉપાડી લેવાની તથા યુદ્ધના તોફાનમાંથી ઉદ્ભવતા વિશાળ ઉદ્દેશોને આગે ધપાવવામાં સહાયભૂત થવાની સ્થિતિમાં હિંદ રાષ્ટ્રીય પાયા પર જ આવી શકે.' 'બ્રહ્મદેશમાંના અને નોંધપાત્ર રીતે રંગૂન શહેરમાંના છેલ્લેછેલ્લેના અસામાન્ય બનાવો' અંગેનો ઠરાવ અપનાવવામાં આવ્યો. ઠરાવની પ્રસિદ્ધિ પર સરકારે પ્રતિબંધ મૂક્યો. સમિતિએ મલાયા, બ્રહ્મદેશ તથા ઈસ્ટ ઇન્ડીઝના લોકો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી, ચીન તથા રશિયાને અભિનંદનો પાઠવ્યાં, ગામડાંના રહેવાસીઓને અનાજનો પાક વધુ ઉગાડવાની ભલામણ કરી, વેપારીઓને

સંઘરાખોરી તથા નફાખોરી સામે ચેતવણી આપી, ભયની વચ્ચે પણ સ્વસ્થ અને સંગઠિત રહેવાને લોકોને પડકાર્યા તથા સ્વરક્ષણ અને રાહતમાં લોકોને કેળવવા તથા સહાય કરવાને સ્વયંસેવકસંસ્થાઓ ઊભી કરવાનો નિર્ણય કર્યો. સપ્ટેમ્બર ૧૯૪૦ પછીની આ પહેલી જ બેઠક હતી.

૧૯૪૨ (વય ૭૩) : જાન્યુઆરીની ૧૩–૧૪મીએ વર્ધા મુકામે કારોબારી સમિતિની બેઠક. જાન્યુઆરીની ૧૫–૧૬મીએ અ. હિં. મ. સ.ની બેઠક, જેમાં ગાંધીએ પોતાની શરતે કૉંગ્રેસને દોરવણી આપવાની સંમતિ આપી. સઘળા મહાસભાવાદીઓને એમણે સ્થાનિક સંસ્થાઓ મજબૂત બનાવવાની, સ્વયંસેવકો નોંધવાની તથા લોકો સાથે નજીકનો સંપર્ક કેળવવાની સૂચના આપી. 'પ્રત્યેક ગામડાને કૉંગ્રેસનો સંદેશ પહોંચાડવો જોઈએ અને જે કંઈ ભય ઉપસ્થિત થાય તેનો સામનો કરવાને તૈયાર કરવું જોઈએ.' આ ભાષણમાં એમણે જણાવ્યું, 'જવાહરલાલ મારા ઉત્તરાધિકારી થશે.'

૧૫ મહિનાના ગાળા પછી ગાંધીએ 'હરિજન' તથા તેનાં જોડિયાં પ્રકાશનો ફરી પ્રસિદ્ધ કર્યાં.

જાન્યુઆરીની ૨૧મીએ બનારસ હિંદુ યુનિવર્સિટીના રજતમહોત્સવ પ્રસંગે તેના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન આપ્યું. અભિવ્યક્તિના માધ્યમ તરીકે અંગ્રેજીની પસંદગી કરવા બદલ અધ્યાપકો તથા વિદ્યાર્થીઓની ટીકા કરી.

ફેબ્રુઆરીની ૧૧મીએ જમનાલાલ બજાજનું અવસાન.

ફેબ્રુઆરીની ૧૮મીએ માર્શલ અને માદામ ચ્યાંગ–કે–શેક સાથે કલકત્તા મુકામે ગાંધીની ઐતિહાસિક મુલાકાત. (માર્શલને દિલ્હી મુકામે મળવા માટે વાઇસરોયે ગાંધીને નહોતા નિમંત્ર્યા.) સાડચાર કલાક સુધી ચર્ચા ચાલી. ખાદીની સાડી તથા લલાટે કંકુના ચાંલ્લાથી અલંકૃત માદામે દુભાષિયા તરીકેનું કામ કર્યું.

માર્ચની ૭મીએ રંગૂનનું પતન.

માર્ચની ૧૧મીએ ક્રિપ્સ મિશનની જાહેરાત કરતાં ચર્ચિલની સરકારે નિવેદન કર્યું : 'આગેકૂચને લઈને હિંદની બાબતમાં ઉદ્ભવ પામતી કટોકટીએ બ્રિટિશોમાં એવી ઇચ્છા પ્રેરી છે કે, આક્રમકના ભય સામે પોતાની ભૂમિનું રક્ષણ કરવા માટે હિંદી જીવનનાં સઘળાં બળોને એકત્રિત કરવાં.'

માર્ચની ૧૭–૧૮મીએ વર્ધા મુકામે કારોબારી સમિતિની તાકીદે બેઠક મેળવવામાં આવી. મૌલાના આઝાદે એક જ પંક્તિનું નિવેદન કર્યું : 'અમે નિવેદનનો કશો પૂર્વનિર્ણય બાંધવા નથી ઇચ્છતા.'

માર્ચની ૨૨મીને રવિવારે સર સ્ટેફર્ડ ક્રિપ્સ કરાંચી આવી પહોંચ્યો. માર્ચની ૨૩મીએ દિલ્હી પહોંચ્યો અને માર્ચની ૨૫મીએ જુદા જુદા પક્ષોના નેતાઓની મુલાકાત શરૂ કરી.

માર્ચની ૨૭મીએ ગાંધી નવી દિલ્હી મુકામે ક્રિપ્સને મળ્યા અને તેની દરખાસ્તોને 'વીતી ગયેલી મુદતના ચેક' તરીકે વર્ણવી. માર્ચની ૨૯મીએ ક્રિપ્સે દરખાસ્તો પ્રકાશિત

કરી અને જણાવ્યું: 'સઘળા પક્ષો ઇચ્છતા હોય તો પણ હિંદનું સંરક્ષણ હિંદીઓ હસ્તક નહિ રહે.'

પોતાની પહેલી બે અખબારી પરિષદોમાં એણે જાહેર કર્યું કે, યોજનામાં કશા મોટા પ્રમાણના મૂલગામી ફેરફારો થઈ શકે તેમ નહોતું.

જુદાં જુદાં કારણે હિંદના સઘળા પક્ષોએ દરખાસ્તોનો અસ્વીકાર કર્યો. કારોબારી સમિતિએ એપ્રિલની ૧લીએ પોતાનો અભિપ્રાય ક્રિપ્સને પહોંચાડ્યો. વાટાઘાટો દરમિયાન આઝાદ તથા જવાહરલાલે એપ્રિલની ૩જીએ જનરલ વેવલ તથા યુનાઇટેડ સ્ટેટ્સની સરકારના હિંદમાંના ખાસ પ્રતિનિધિ કર્નલ લૂઈ જોનસનની મુલાકાત લીધી.

એપ્રિલની ૫મીએ કોલંબો પર જાપાનનો વિમાની હલ્લો. બીજે દિવસે હિંદની ધરતી પર વિઝાગાપટમ્ તથા કોકનદ મુકામે જાપાનની પહેલીપ્રથમ બૉમ્બવર્ષા.

એપ્રિલની ૧૦મીએ ગાંધીએ ઍન્ડ્રૂઝ સ્મારક ફાળો એકઠો કરવાને મુંબઈની મુલાકાત લીધી. કારોબારી સમિતિએ ક્રિપ્સ દરખાસ્તોનો આખરી અસ્વીકાર કર્યો.

એપ્રિલની ૧૨મીએ ક્રિપ્સે ઇંગ્લૅંડ જવા દિલ્હી છોડયું. વાટાઘાટોની નિષ્ફળતા પર સામાન્ય નિરાશા.

એપ્રિલની ૧૯મીના 'હરિજન'માં ગાંધીએ બ્રિટિશ યોજનાને 'ક્યાંય પણ સ્વીકાર પામવા માટે દેખીતી રીતે જ અત્યંત હાંસીપાત્ર' તરીકે વર્ણવી.

એપ્રિલની ૨૩મીએ રાજગોપાલાચારીએ મદ્રાસ ધારાસભાના પોતાના જૂના મહાસભાવાદી ટેકેદારોની જ મુખ્યત્વે બનેલી એક નાનકડી સભા સમક્ષ ભાષણ કર્યું અને બે પ્રસ્તાવ મૂક્યા—એક તો કૉંગ્રેસ અને લીગ વચ્ચે સમાધાનના પાયા તરીકે પાકિસ્તાનનો એક સિદ્ધાંતરૂપે સ્વીકાર કરવાની ભલામણનો, તથા બીજો, મદ્રાસમાં જવાબદાર સરકારની પુનઃસ્થાપનાનો. મહાસભાવાદીઓમાં ગ્લાનિ પ્રવર્તી રહી. રાજગોપાલાચારીએ કારોબારી સમિતિમાંથી રાજીનામું આપ્યું.

એપ્રિલની ૨૮મીએ અલ્લાહાબાદ મુકામે કારોબારી સમિતિની મળેલી બેઠકમાં ગાંધીએ વિચારણા અર્થે મોકલાવેલા ઠરાવના મુસદ્દાનો સ્વીકાર ન થયો.

એપ્રિલની ૨૯મીથી મેની ૨જી સુધી અલ્લાહાબાદ મુકામે અ. હિં. મ. સ.ની બેઠક. રાજગોપાલાચારીએ મદ્રાસ પ્રસ્તાવ રજૂ કર્યો, પણ ૨૦૦ની સંખ્યામાંથી માત્ર ૧૫ મત મળ્યા. અ. હિં મ. સ.એ ઠરાવ પસાર કર્યો કે, 'કદાચિત આક્રમણ થવા પામે તો તેનો પ્રતિકાર થવો જોઈએ. બ્રિટિશ સરકારે લોકો દ્વારા બીજા કોઈ પણ પ્રકારે રાષ્ટ્રીય સંરક્ષણની આયોજના થતી રોકી હોઈને એવો પ્રતિકાર માત્ર અહિંસક અસહકારનું જ સ્વરૂપ લઈ શકે.' કેટલાક ઠરાવોની પ્રસિદ્ધિ પર સરકારે પ્રતિબંધ મૂક્યો.

મેની ૨૪મી સુધીના એક જ અઠવાડિયામાં ગાંધીએ શાંતિનિકેતનમાં એન્ડ્રૂઝ સ્મારક અર્થે પાંચ લાખ રૂપિયા એકઠા કર્યા.

મેની ૨૯મીએ સરકારે અલ્લાહાબાદ મુકામેની અ. હિં. મ. સ.ની કચેરી પર ધાડ પાડીને કારોબારી સમિતિની ચર્ચાની અમુક નોંધો હાથ કરી.

ગાંધી હવે કૉંગ્રેસના નેતા હતા. 'હરિજન'માંની નીડર લેખશ્રેણી દ્વારા કૉંગ્રેસનીતિની રૂપરેખા દોરી. અમેરિકન પત્રકારોએ સેવાગ્રામ મુકામે તેમની મુલાકાત લીધી. મેની ૨૪મીએ તેમણે જણાવ્યું, 'હિંદને પ્રભુના હાથમાં, આધુનિક ચોક્કસ ભાષામાં કહીએ તો, અરાજકતાને, સોંપી દો....એમાંથી અત્યારે આપણે જોઇએ છીએ એ અવાસ્તવિક હિંદને સ્થાને સાચા હિંદનો ઉદ્‌ભવ થશે.'

જૂનની ૩જીથી ૧૦મી સુધી પ્રસિદ્ધ અમેરિકન પત્રકાર અને લેખક લૂઈ ફિશર, ગાંધી સાથે સેવાગ્રામ મુકામે રહ્યો. પોતાના અનુભવ તથા છાપને અમેરિકામાં ૧૯૪૨માં બહાર પડેલા 'A week with Gandhi' પુસ્તકમાં આલેખી. સરકારે પાછળથી તેના લેખો પર પૂર્વનિયંત્રણનું ફરમાન બહાર પાડયું.

જુલાઈની ૬ઠ્ઠીએ વર્ધા મુકામે કારોબારી સમિતિની બેઠક મળી. ગાંધીએ હાજરી આપેલી. 'હિંદ છોડી જાઓ' ('Quit India') ઠરાવ પસાર થયો અને જુલાઇની ૧૪મીએ પ્રસિદ્ધ થયો—લડતનો પ્રસંગ આવી લાગતાં ગાંધીએ દેશનાં નેતૃત્વ તથા દોરવણી સંભાળવાનાં હતાં. ઠરાવે એ સ્પષ્ટ કર્યું હતું કે હિંદમાંનાં સાથી સૈન્યોને તત્કાળ પાછાં ખેંચી લેવાના પ્રશ્ન પરત્વેનો પોતાનો ખ્યાલ ગાંધીએ બદલ્યો હોય તો પણ બ્રિટિશ શાસનના તત્કાળ પરિત્યાગની બાબતમાં એ મક્કમ હતા.

ઑગસ્ટની ૨જીએ લખતાં, ગાંધીએ પોતાની બહાલી સહિત આઝાદનું એ નિવેદન ટાંકયું કે, બ્રિટન મુસ્લિમ લીગને કે બીજા કોઈ પણ પક્ષને સત્તાની સોંપણી કરે તે સામે વાંધો ન હતો, જો એ સાચેસાચી સ્વતંત્રતા હોય તો.

ઑગસ્ટની ૫મીએ કારોબારી સમિતિએ અ. હિં. મ. સ.માં પેશ કરવાને નવો ઠરાવ પસાર કર્યો. એમાં એવું જાહેર કરવામાં આવેલું કે સ્વતંત્ર હિંદ યુક્ત રાષ્ટ્રોનું મિત્ર બની રહેશે.' 'સત્તા જ્યારે પણ આવશે ત્યારે એ હિંદની સમગ્ર પ્રજાની હશે' એણે હિંદી લોકોને ભય અને મુશ્કેલીઓનો હિંમત અને સહનશીલતાપૂર્વક સામનો કરવાની તથા હિંદી સ્વાતંત્ર્યના શિસ્તબદ્ધ સૈનિકો તરીકે ગાંધીના નેતૃત્વ નીચે એકત્ર થઈને તેમની સૂચનાઓનો અમલ કરવાની અરજ કરી.

અ. હિં. મ. સ.ની બેઠકની શરૂઆતમાં જ માર્શલ ચ્યાંગ-કે-શેક પર ગાંધીનો અંગત પત્રઃ 'હું એવો દિવસ ઝંખી રહ્યો છું કે જ્યારે સ્વતંત્ર હિંદ અને સ્વતંત્ર ચીન એકબીજાથી સહકાર કરશે.'

ઑગસ્ટની ૮મીએ અ. હિં. મ. સ.એ મુંબઈ મુકામે 'હિંદ છોડી જાઓ' એ ઠરાવ પસાર કર્યો. ગાંધીએ ભાષણમાં જણાવ્યું કે કશાં સાબૂત પગલાં લેતાં પહેલાં વાઇસરોય પર એક પત્ર મોકલવાનો તેમનો ઇરાદો હતો.

વાઇસરોયે કારોબારીસભામાં એવો ઠરાવ પસાર કર્યો કે, 'હવે કૉંગ્રેસ તરફથી અપાઇ ચૂકેલા પડકારની મોજૂદી છતાં હિંદની સરકાર પોતાનું કામકાજ ચલાવ્યે રાખશે.'

ઑગસ્ટની ૯મીના પ્રભાત પહેલાં સરકારે ગાંધી, કારોબારી સમિતિના સભ્યો તથા સેંકડો મહાસભાવાદી નેતાઓ તથા કાર્યકરોની હિંદસંરક્ષણ ધારા હેઠળ ધરપકડ કરી. ગાંધીને કેટલાક નજીકના સાથીદારો સાથે ખાસ ટ્રેન મારફત પૂના નજીકના આગાખાનના મહેલમાં લઈ જવામાં આવ્યા.

ઑગસ્ટની ૧૦મીએ કૉંગ્રેસ સમિતિઓને ગેરકાયદેસર જાહેર કરવામાં આવી. કૉંગ્રેસના સમાચારો સંબંધે વર્તમાનપત્રો પર અંકુશો મૂકવામાં આવ્યા.

ઑગસ્ટની ૧૪મીએ ગાંધીએ લિનલિથગોને પહેલો જ પત્ર લખતાં જણાવ્યું, 'ઝડપી કટોકટી આણવામાં હિંદની સરકાર દોષિત હતી.... તમારા કૃત્ય પ્રત્યે મને ગમે તેટલો અણગમો છતાં તમે મને પિછાણો છો એવો ને એવો જ હું તમારો મિત્ર રહ્યો છું.... પ્રભુ તમને દોરે.' વાઇસરોયે ઑગસ્ટની ૨૨મીએ ટૂંકો પ્રત્યુત્તર મોકલાવ્યો.

ઑગસ્ટની ૧૫મીએ ગાંધીના મંત્રી તથા અંતેવાસી મહાદેવ દેસાઈનું આગાખાનના મહેલમાં અવસાન. વર્તમાનપત્રો પરના કડક અંકુશોને કારણે કેટલાંક પત્રોએ પ્રકાશન મોકૂફ રાખ્યું.

સપ્ટેમ્બરની ૧૦મીએ પાર્લામેન્ટમાં ચર્ચિલનું નિવેદનઃ 'મિ. ગાંધીએ લાંબા સમયથી ઠસાવેલી અહિંસાની નિતિનો કૉંગ્રેસપક્ષે હવે ત્યાગ કર્યો છે અને એક ક્રાન્તિકારી હિલચાલરૂપે તે બહાર આવી છે.... વિશેષમાં મારે જણાવવું જોઈએ કે મોટા પ્રમાણમાં વધુ સૈન્ય હિંદ પહોંચી ગયેલ છે....બ્રિટિશ સંબંધના બીજા કોઈ પણ સમય કરતાં તે વધુ પ્રમાણમાં છે....અત્યારની પળે હિંદમાંની પરિસ્થિતિ કોઈ પણ પ્રકારે અકારણ નિરાશા કે ભયનું કારણ નથી આપતી.'

સપ્ટેમ્બરની ૧૫–૧૮મીએ પરિસ્થિતિ અંગે મધ્યસ્થ ધારાસભામાં ચર્ચા. ગાંધી તથા અન્ય કૉંગ્રેસનેતાઓના તાત્કાલિક છુટકારાની માગણી. ગૃહમંત્રીએ દોષનો ટોપલો કૉંગ્રેસ ઉપર ઢોળ્યો.

સપ્ટેમ્બરની ૨૨ થી ૨૪ સુધી રાજસભામાં ત્રણ દિવસની ચર્ચા.

સપ્ટેમ્બરની ૨૩મીએ ગૃહખાતાના મંત્રી પર ગાંધીનો પત્રઃ 'કૉંગ્રેસની નીતિની વિરુદ્ધ સર્વ કંઈ કહેવાયા છતાં મારો દાવો છે કે એ હજુ પણ અસંદિગ્ધપણે અહિંસક છે. મને લાગે છે કે જે કંઈ પણ વિનાશ થવા પામ્યો છે તે માટે કૉંગ્રેસ નહિ પણ સરકાર જવાબદાર છે. દમન માત્ર અસંતોષ અને કડવાશ જ જન્માવી શકે.' સરકાર દ્વારા પત્રની ઔપચારિક પહોંચ.

દેશમાં પોલીસ તથા લશ્કરી અત્યાચારોના આક્ષેપોની તપાસ માટે એક તપાસસમિતિ નીમવાની ભલામણ કરતો ઠરાવ શ્રી. કે. સી. નિયોગીએ તા. ૨૪મી સપ્ટેમ્બરે મધ્યસ્થ

ધારાસભામાં રજૂ કર્યો. ૧૯૪૩ના ફેબ્રુઆરીની ૧૨મી તથા ૧૮મીએ તેની ફરી ચર્ચા થઈ. ઠરાવનો અસ્વીકાર થયો.

ઑક્ટોબરની ૧૦મીએ સિંધના વડાપ્રધાન અલ્લાહબક્ષને 'ખિતાબોના એમના તાજેતરના ત્યાગ' બદલ ગવર્નરે વડાપ્રધાનપદેથી દૂર કર્યા. અલ્લાહબક્ષે રાષ્ટ્રીય સરકાર ઊભી કરવાની માગણી કરી.

ચિમૂરનાં 'ઘોર કૃત્યો'ના વિરોધમાં પ્રો. ભણુશાળીએ દિલ્હી મુકામે વાઇસરૉયની કારોબારીના સભ્ય શ્રી. અણેના નિવાસે ઉપવાસ શરૂ કર્યા.

શ્રી. રાજગોપાલાચારીની ગાંધીને મળવાની માગણીનો તા. ૧૨મી નવેમ્બરે વાઇસરૉય દ્વારા અસ્વીકાર.

નવેમ્બરની ૧૬મીએ બંગાળના નાણાખાતાના પ્રધાન ડૉ. શ્યામપ્રસાદ મુખરજીએ મધ્યસ્થ સરકારની રાજનીતિના વિરોધમાં પોતાના પદનું રાજીનામું આપ્યું. ગાંધી તથા અન્ય કૉંગ્રેસનેતાઓને મળવાની એમની માગણીનો અસ્વીકાર.

૧૯૪૩ (વય ૭૪) : વર્તમાનપત્રોના નિયંત્રણ સામે તા. ૬ઠ્ઠી જાન્યુઆરીના રોજ હિંદભરનાં વર્તમાનપત્રોની હડતાલ.

ફેબ્રુઆરી ૧૦, બપોરના સમયે આગાખાન મહેલની અટકાયતમાં ગાંધીએ એકવીસ દિવસના ઉપવાસનો પ્રારંભ કર્યો. 'શક્તિ મુજબ ઉપવાસ એવો સત્યાગ્રહીઓ માટે સૂચિત નિયમ મારે વધાવી લેવો જોઈએ. સરકાર જો જરૂરી રાહત આપે તો આ ઉપવાસનો અંત વહેલો આવી શકે તેમ છે.'

હિંદી સરકારે પ્રસિદ્ધ કરેલ ભાંગફોડ અંગેની જવાબદારી અંગે ગાંધી અને લિનલિથગો તથા ગાંધી અને ગૃહમંત્રી વચ્ચે પત્રવ્યવહાર.

ઉપવાસને પહેલે દિવસે ગાંધી પ્રફુલ્લિત હોવાનું જણાવવામાં આવ્યું.

ત્રીજે દિવસે એમણે રોજ સવારનાં ફરવા જવાનું તથા મહાદેવ દેસાઈનો જ્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવેલો એ સ્થળની રોજ સાંજે મુલાકાત લેવાનું બંધ કર્યું.

ફેબ્રુઆરી ૧૩, ગૃહખાતાના વધારાના મંત્રી સર રિચાર્ડ ટોટનહામે 'ભાંગફોડ બદલ મિ. ગાંધી તથા કૉંગ્રેસ હાઈ કમાન્ડની જવાબદારી પર ત્રાટકી પડતું,' '૧૯૪૨-૪૩ની ભાંગફોડ અંગે કૉંગ્રેસની જવાબદારી' પ્રસિદ્ધ કર્યું.

ફેબ્રુઆરીની ૧૫મીએ ડૉ. બી. સી. રૉય પૂનાં આવી પહોંચ્યા અને ઉપવાસના અંતપર્યંત સુશ્રૂષામાં રહ્યા. તબિયતની યાદીઓ ખૂબ જ ઉદ્વેગકારક હતી. મધ્યસ્થ ધારાસભામાં ઉપવાસ પર ચર્ચા.

ફેબ્રુઆરી ૧૬, ૭ ડૉક્ટરોએ જાહેરાત કરી કે ગાંધીની સ્થિતિ 'વધુ માઠી કક્ષા'એ પહોંચી છે.

ફેબ્રુઆરી ૧૭, ગાંધીના ઉપવાસના મૂળભૂત મુદ્દા પરત્વે સર એચ. પી. મોદી, એન. આર. સરકાર, અને અણે એ વાઇસરૉયની કારોબારી સમિતિના સભ્યોએ રાજીનામાં આપી દીધાં.

ફેબ્રુઆરી ૧૮, ચિંતા વધુ ઊંડી બની. ગાંધીએ, 'એ સવારથી વાતચીત પ્રત્યે કશો ભાવ નહોતો દર્શાવ્યો કે મુલાકાતીઓમાં પહેલાંના જેવો રસ નહોતો દર્શાવ્યો.' બધા મળીને ૩૦ મુલાકાતીઓ માટે છૂટ હતી.

ફેબ્રુઆરી ૧૯–૨૦, દિલ્હી મુકામે ૨૦૦થી પણ અધિક વ્યક્તિઓની બનેલી બે દિવસની અખિલ હિંદ નેતા પરિષદ. પરિષદે ગાંધીનો તાત્કાલિક છુટકારો માગતો ઠરાવ એકીમતે પસાર કર્યો. વાઇસરોયે તા. ૨૧મી ફેબ્રુઆરીના રોજ એ વિનતિ તરછોડી કાઢી.

હિંદભરમાં ગાંધીનો છુટકારો માગતી જંગી સભાઓ.

ફેબ્રુઆરી ૨૧, વિષમ સ્થિતિ આવી ઊભી અને ડૉક્ટરોએ જણાવી દીધું કે ઉપવાસનો વિનાવિલંબે અંત આણવામાં નહિ આવે તો બચવું ભારે થઈ પડશે. ઉપવાસ દરમિયાન 'ખાટાં ફળોના રસ'વાળું પાણી લેવાનો જે ઇરાદો ગાંધીએ જાહેર કરેલો તેમાં તે રુચિકર બનાવવાને લીંબુને સ્થાને મોસંબીનો રસ લેવાને ડૉક્ટરો તેમને મનાવી શક્યા. બ્રિટિશ વૃત્તનિવેદકે આને અંગે દ્વેષપૂર્ણ સમાચારો ફેલાવ્યા. ઉપવાસનો પ્રાણઘાતક અંત આવે તો તે માટે પણ સરકારની પૂરી તૈયારી હોવાનાં ચિહ્ન જણાયાં. પોલીસ અને લશ્કરી તકેદારી રાખવામાં આવી.

પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટના અંગત પ્રતિનિધિ વિલિયમ ફિલિપ્સે વૃત્તનિવેદકોને એવું સાંકેતિક નિવેદન પેશ કર્યું કે: 'હિંદમાંની પરિસ્થિતિનાં સ્વરૂપોને યુનાઇટેડ સ્ટેટ્સ તથા ગ્રેટ બ્રિટનની સરકારોના ઉચ્ચ અધિકારીઓ હાથ ધરી રહ્યા છે.'

ફેબ્રુઆરી ૨૩, ગાંધીનું માનસ સ્પષ્ટ થઈ ગયેલું લાગ્યું. ફ્રેન્ડ્સ ઍમ્બ્યુલન્સ યુનિટ વતી હોરેસ ઍલેક્ઝાંડરે સમાધાન માટે પ્રયાસ કરી જોયો. સરકાર તરફથી એવી દરમિયાનગીરીનો સદ્ય અસ્વીકાર કરવામાં આવ્યો.

ફેબ્રુઆરી ૨૭, અણેએ ગાંધીની મુલાકાત લીધી.

ફેબ્રુઆરી ૨૮, પારણાંના બે દિવસ પહેલાં ગાંધી વધુ પ્રફુલ્લ જણાતા હતા. મૂંઝારો દૂર થયો હતો.

માર્ચ ૩, ઉપવાસની પૂર્ણાહુતિ. જેલના સહવાસીઓએ 'વૈષ્ણવ જન તો....' એ ગાંધીનું પ્રિય ભજન, ટાગોરની 'ગીતાંજલિ'માંનાં બે પદો તથા 'લીડ કાઈન્ડ્લી લાઈટ' ગાયાં. સરોજિની નાયડુએ ટાગોરની 'મારા પ્રભુમિલનની આ પ્રાર્થના' ગાઈ. ૯–૩૪ વાગ્યે કસ્તૂરબાએ છ ઔંસ જેટલા મોસંબીના રસવાળા પાણીનો પ્યાલો ગાંધીજીને આપ્યો. એ રસ ઉતારતાં એમણે વીસ મિનિટ લીધી.

ઉપવાસને છેલ્લે દિવસે અથવા તો પારણાંને દિવસે ગાંધીને મળવા દેવાની હિંદના તેમજ પરદેશોના ખબરપત્રીઓએ કરેલી વિનતિનો સરકારે અસ્વીકાર કર્યો. મહિનાને અંતે ડૉ. બી. સી. રૉય પોતાને છેલ્લી દાક્તરી મુલાકાત આપે એવી ઇચ્છા ગાંધીએ દર્શાવેલી, પરંતુ તેવી છૂટ નામંજૂર કરવામાં આવી.

પારણાં કરવામાં આવ્યાં એ જ સવારે, જેલમાં સાચવી રાખવામાં આવેલાં મહાદેવ દેસાઈનાં ફૂલને ઈન્દ્રાયણી નદીમાં પધરાવવામાં આવ્યાં

માર્ચ ૬, ગાંધીએ પાણી સાથે મેળવેલું બકરીનું દૂધ, ફળોનો રસ તથા ફળોનો કેટલોક ગરભ લેવા માંડયો. તબિયત અંગેની યાદીઓ હવે બહાર પડતી બંધ થઈ.

માર્ચ ૧૦, ગાંધીની મુક્તિ અને પરિસ્થિતિની પુનર્વિચારણાનો આગ્રહ કરતું ૩૫ અગ્રગણ્ય વ્યક્તિઓની સહી સાથેનું નિવેદન બહાર પાડવામાં આવ્યું.

એપ્રિલ ૧, વાઈસરોય સમક્ષ સપ્રુ પરિષદના પ્રતિનિધિમંડળની દરખાસ્ત. વાઇસરોયે કાર્યવહીમાં અંગત ચર્ચાના પ્રતિબંધને પકડી રાખતાં એ પડતું મુકાયું. નેતાઓને ગાંધીને મળવાની છૂટ આપવાની વાઇસરોયે ના પાડી દીધી.

એપ્રિલ ૨૫, અમેરિકા ઊપડવાની છેલ્લી ઘડીએ વૃત્તનિવેદકો સાથેના વિદાયસંભાષણમાં ફિલિપ્સે જણાવ્યું : 'ગાંધીને મળવાનું ને વાતચીત કરવાનું મને મન હતું. એ માટે મેં લાગતાવળગતા સત્તાધિકારીઓની અનુજ્ઞા માગેલી અને મને જણાવવામાં આવેલું કે જરૂરી સગવડો બક્ષવાને એ અશક્ત હતા.'

મે ૨૪, બિનપક્ષીય નેતાઓ નિષ્પક્ષ ન્યાયસમિતિની અને ગાંધી તથા અન્ય કૉંગ્રેસનેતાઓના છુટકારાની માગણી કરે છે.

મે ૨૬, દિલ્હીથી બહાર પડેલી અખબારોજોગી સરકારી યાદી : 'મિ. ઝીણાને મળવાની ઇચ્છા દર્શાવતો પોતાનો એક ટૂંકો કાગળ તેમના પર મોકલાવી આપવાની મિ. ગાંધીની માગણી હિંદની સરકાર પર આવી છે....એ પત્ર પહોંચાડી શકાય તેમ ન હોવાનો નિર્ણય હિંદની સરકાર કરી ચૂકેલ છે અને મિ. ગાંધી તથા મિ. ઝીણાને તેની જાણ કરાવવામાં આવી છે.'

મે ૨૮, એક નિવેદનમાં મિ. ઝીણાએ જણાવ્યું : 'મિ. ગાંધીના આ પત્રને કેવળ પોતાના છુટકારા અર્થે મુસ્લિમ લીગને બ્રિટિશ સરકાર સાથે અથડામણમાં ઉતારવાના એક પગલા તરીકે જ ગણી શકાય.'

જૂન ૧૮, વાઇસરોય તરીકે વેવેલની નિમણૂક. એમરીએ તા. ૨૪મી જૂને આમસભામાં જાહેરાત કરી : 'નામદાર શહેનશાહની સરકારની નિશ્ચિત નીતિમાં આ નવી નિમણૂક કશો ફેરફાર નથી સૂચવતી.

ડિસેમ્બર ૪, યાદીએ જણાવ્યું, 'અઠવાડિયા દરમિયાન શ્રીમતી ગાંધીના હૃદય પર બે વધુ આક્રમણો થવા પામેલાં.' એમની વિનતિથી સરકારે એમને અટકાયતી છાવણીમાં એમના પુત્ર તથા પૌત્રોને મળવાની રજા આપી.

ડિસેમ્બર ૧૫, ઉમરાવસભામાં કસ્તૂરબાની માંદગીનો પ્રશ્ન ઊભો થતાં હિંદના નાયબ વઝીરે જવાબ આપ્યો : 'શ્રીમતી ગાંધી જ્યાં છે ત્યાં જ રહેવું તેમના પોતાના હિતનું છે.'

ડિસેમ્બર ૨૦, યાદીએ હૃદય પર એક વધુ આક્રમણની જાહેરાત કરી.

ડિસેમ્બર ૨૪, હિંદની સરકારે છાપાંજોગી એક યાદીમાં જણાવ્યું : 'આમ છતાં એમનો છુટકારો એમને માંદગી દરમિયાન એમના પતિથી વિખૂટાં પાડે તેમ છે.... આગાખાનના મહેલમાંથી એમને ખસેડવામાં....કશી રહેમ રહેવા નહિ પામે.'

૧૯૪૪ (વય ૭૫) : ફેબ્રુઆરી ૨૦, સરકારી યાદીએ જાહેર કર્યું : 'છેલ્લા કેટલાક દિવસ થયાં શ્રીમતી ગાંધીની સ્થિતિ વધુ માઠી થતી જાય છે અને અત્યારે તે અત્યંત ગંભીર છે.'

ફેબ્રુઆરી ૨૨, ગાંધીનાં પત્ની અને જીવનસંગાથી કસ્તૂરબાનું આગાખાનના મહેલમાં શિવરાત્રિને દિવસે સાંજે ૭–૩૫ વાગ્યે અવસાન.

ફેબ્રુઆરી ૨૩, સવારે ૧૦–૪૦ વાગ્યે કસ્તૂરબાના દેહને અગ્નિસંસ્કાર. સૌથી નાના પુત્ર દેવદાસે અંત્યેષ્ટિક્રિયા કરી. ગાંધી કુટુંબનાં સો ઉપરાંત સ્નેહીસંબંધીઓ હાજર રહેલાં.

ફેબ્રુઆરી ૨૫, કસ્તૂરબાની ભસ્મનો અસ્થિસંચયનવિધિ આગાખાનના મહેલમાં કરવામાં આવ્યો.

અનેક શહેરો અને ગામડાંઓમાં હડતાળ પાડીને અંજલિઓ આપવામાં આવી. જાહેર સભાઓ અને સરઘસો માટેના પ્રયાસોને લઈને સંખ્યાબંધ ધરપકડો થવા પામી.

માર્ચ ૫, માલવીયજીની વિનતિને લઈને દેશભરમાં કસ્તૂરબાદિન તરીકે આ દિવસ પાળવામાં આવ્યો.

એપ્રિલ ૬, મુંબઈ સરકારે યાદી બહાર પાડી : 'મિ. ગાંધી છેલ્લા ત્રણ દિવસથી મેલેરિયાનો ભોગ બન્યા છે. નબળાઈ જણાય છે, પરંતુ એમની સામાન્ય સ્થિતિ અપેક્ષા મુજબ સંતોષકારક છે.'

એપ્રિલ ૧૮, યાદી : 'મિ. ગાંધીનું તાપમાન છેલ્લા ૪૮ કલાકથી સમધારણ રહ્યું છે અને પ્રગતિ સંતોષકારક છે.'

એપ્રિલ ૨૭, આમસભામાં એક પ્રશ્નકારને એમરીએ પોતાને કશી વિશેષ માહિતી ન હોવાનો જવાબ આપ્યો.

એપ્રિલ ૨૮, મુંબઈ સરકારની યાદી : 'જોકે મિ. ગાંધીને તાવનો ઊથલો થવા નથી પામ્યો, છતાં તેમના પરના છેલ્લા આક્રમણમાંથી એ અપેક્ષાનુસાર મુક્ત નથી થયા.' 'એમની સામાન્ય સ્થિતિ નબળી હોઈને કંઈક ચિંતાકારક છે.'

એપ્રિલ ૨૯, યાદી : 'મુંબઈ સરકારના સર્જ્યન–જનરલ મેજર–જનરલ કેન્ડી આઈ એમ. એસ. તરફથી મિ. ગાંધીને તપાસવામાં આવેલા. એમનો હેવાલ જણાવે છે કે ગઈ કાલના કરતાં મિ. ગાંધીની સ્થિતિમાં સારો જેવો ફેર પડવા પામ્યો છે....એ ખુશ હાલતમાં છે. વધુ પોષણ અને પુષ્ટિ મેળવવાની તેમને સલાહ આપવામાં આવી છે.'

એપ્રિલ ૩૦, મિ. ગાંધીની તબિયત સુધારા પર છે. જરૂરી જણાય તે સિવાય કશી વિશેષ યાદી બહાર પાડવામાં નહિ આવે. પૂના થઈને પસાર થતા ડૉ. બી. સી.

રોચે મિ. ગાંધીને તપાસવા દેવાની વિનતિ કરી છે અને એ વિનતિ મંજૂર કરવામાં આવી છે.'

મે ૨, 'વિશેષજ્ઞો દ્વારા વધુ તપાસ ચાલુ છે.'

મે ૩, 'મિ. ગાંધીની રક્તક્ષયની સ્થિતિ કંઈક બગડી છે અને લોહીનું દબાણ વધુ નીચું ગયું છે. એમની સામાન્ય સ્થિતિ પાછી ગંભીર ચિંતાજનક બની છે.'

મે ૪, 'મિ. ગાંધીની સામાન્ય સ્થિતિમાં કશો સધ્ધર ફેરફાર થવા નથી પામ્યો.'

ગાંધીના છુટકારા માટે દેશભરમાં ઝુંબેશ.

મે ૬, નવી દિલ્હીની યાદી જણાવતી હતી: 'મિ. ગાંધીની તબિયત અંગેના દાક્તરી હેવાલોને લક્ષમાં લઈને સરકારે તેમને વિનાશરતે છોડી મૂકવાનો નિર્ણય કર્યો છે. કેવળ વૈદકીય કારણોએ આ નિર્ણય કરવામાં આવ્યો છે. મેની ૬ઠ્ઠીએ સવારના આઠ વાગ્યે તેમને મુક્ત કરવામાં આવશે.' કેદખાનાના ઈન્સ્પેક્ટર જનરલ દ્વારા ગાંધીને 'પર્ણકુટિ' લઈ જવામાં આવ્યા. ડૉ. સુશીલા નાયર, ડૉ. ગિલ્ડર, પ્યારેલાલ તથા મીરાબેનને પણ છોડવામાં આવ્યાં. અટકાયતી છાવણી છોડતાં પહેલાં ગાંધીએ મહાદેવ દેસાઈ તથા કસ્તૂરબાનો અગ્નિસંસ્કાર જ્યાં કરવામાં આવેલો એ સ્થાનની મુલાકાત લીધેલી અને પુષ્પો ચડાવેલાં.

ડૉ. ગિલ્ડર તથા ડૉ. સુશીલા નાયરની સહી સાથેની યાદી બહાર પાડવામાં આવી: 'એપ્રિલની ૧૦મીથી મહાત્મા ગાંધીની બેચેની વધતી જતી હતી અને એપ્રિલની ૧૪મીએ એમને ધ્રુજારી સાથે સખ્ત તાવ ચડી આવેલો. બીજે દિવસે પણ તાવ રહેલો અને ૧૬મીએ તો એ ખૂબ જ વધી ગયેલો અને સખ્ત ધ્રુજારી શરૂ થયેલી. જ્યારે જ્યારે તાવ ચડતો ત્યારે એ બેભાન બની જતા. લોહીમાં વિષમ પ્રકારના તરિયા તાવનો ચેપ જણાયો....એ ખૂબ જ નબળા પડી ગયા છે. અને આનંદિત રહેવા છતાં શારીરિક અને માનસિક થાક ખૂબ જણાય છે.'

મે ૮, આગાખાનના મહેલના દરવાજા પરના તથા એની આસપાસના હથિયારબંધ ચોકિયાતોને ખસેડી લેવામાં આવ્યા.

મે ૯, મહાદેવ દેસાઈ તથા કસ્તૂરબાને સ્મરણાંજલિ આપવા માટે ગાંધીએ આગાખાનના મહેલની મુલાકાત લીધી અને એમની સમાધિઓ પર ફૂલ ચડાવ્યાં. ત્યાર પછી પ્રાર્થના કરવામાં આવી.

મે ૧૧, જૂહુમાં ગાંધીગ્રામ મુકામે રહેવાને ગાંધી મુંબઈ આવ્યા.

મે ૧૪, અક્ષુબ્ધ વિશ્રાંતિ લેવાને માટે ગાંધીએ પંદર દિવસનું મૌન આરંભ્યું.

મે ૧૫, દાક્તરોએ ગાંધીને કૃમિવિકાર લાગુ પડ્યો હોવાનું જણાવ્યું.

મે ૧૮, અટકાયતી છાવણીમાંથી મિ. ઝીણાને તા. ૮મી મે ૧૯૪૩ના રોજ લખાયેલો પત્ર ગાંધીની સૂચનાથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો.

મે ૧૯, મુંબઈમાં એપ્રિલ મહિનામાં થયેલા ધડાકાથી થયેલી હોનારતવાળા વિસ્તારમાં ગાંધીને દોઢ કલાક ફેરવવામાં આવ્યા. જૂહુનો પોતાનો નિવાસ પહેલી જ વાર ગાંધીએ છોડયો.

મે ૨૧, ગાંધીએ પહેલી જ વાર બોલપટ જોયું. 'મિશન ટુ મોસ્કો' એ ચિત્ર ગાંધીગ્રામ મુકામે એમને માટે ખાસ દર્શાવવામાં આવ્યું.

મે ૨૨, એડમંડ પ્રિવેટનો તા. ૧૫મી માર્ચનો કરેલો તાર મળ્યો: 'રોલૅન્ડ મઝામાં, અમારા બંને તરફનો ચાહ.'

મે ૨૯, ગાંધીએ પોતાનું સંપૂર્ણ 'વૈદકીય મૌન' બપોરે ૩ વાગ્યે છોડયું. અમુક સમય સુધી રોજના ૨૦ કલાક મૌન પાળીને સાંજે ૪ થી ૮ સુધી જ બોલવાનો નિશ્ચય કર્યો.

મે ૩૧, ગાંધીએ તા. ૨૦મી મેનો જયકર પરનો પોતાનો પત્ર પ્રસિદ્ધિમાં મૂક્યો. 'દેશને મારી પાસેથી ખૂબ જ અપેક્ષા રહે છે. તમને આ છુટકારો કેવો જણાય છે તે હું નથી જાણતો. મને તો જરા પણ સુખ નથી જણાતું. મને શરમ પણ આવે છે. મને માંદગી નહોતી આવવી જોઈતી. માંદા ન પડવાની કોશિશ મેં કરી, પણ અંતે લાચાર નીવડયો. અત્યારની નબળાઈમાંથી મુક્ત થવાની જાહેરાત થતાં જ તેઓ મને જેલ ભેગો કરશે એમ મને લાગે છે. અને જો તેઓ મને ન પકડે, તો પછી હું શું કરી શકું? 'ઑગસ્ટ ઠરાવ' તો હું પાછો ખેંચી શકું નહિ. તેવા અધિકાર બદલ તમારો મત કદાચ જુદો પડે. મારે માટે તો એ જીવનરાણર છે.'

જૂન ૧૫, એક માસ ઉપરાંતના જૂહુનિવાસ પછી ગાંધીએ ડૉ. દિનશા મહેતાના ચિકિત્સાલયમાં પૂના રહેવા માટે તે છોડયું.

જૂન ૧૮, ગાંધીની અટકાયત દરમિયાનના લિનલિથગો તથા વેવેલ સાથેના તેમના પત્રવ્યવહારનો કેટલોક ભાગ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયો.

જૂન ૨૦, ગાંધી અને સરકાર વચ્ચે ચાલેલો પત્રવ્યવહાર એક પુસ્તિકારૂપે પ્રસિદ્ધ કરવાના સરકારી ઇરાદાની અખબારી યાદી દ્વારા જાહેરાત થઈ.

જૂન ૨૭, ગાંધીએ વાઇસરોયને તાર કરીને તા. ૧૭મી જૂનનો પત્ર પ્રસિદ્ધ કરવા દેવાની રજા માગી.

જૂન ૨૯, મહારાષ્ટ્રના કોંગ્રેસકાર્યકરો સમક્ષ ગાંધીએ કરેલા ૩૫ મિનિટના વાર્તાલાપમાં જણાવ્યું કે, સરકારને 'ના' એ સ્વરાજની ચાવી છે.

જુલાઈ ૧, ગાંધીનો ૧૭મી જૂનનો પત્ર તથા વાઇસરોયનો ૨૨મી જૂનનો પ્રત્યુત્તર બહાર પાડવામાં આવ્યાં. વાઇસરોયે લખેલું: 'આપણાં દૃષ્ટિબિંદુ વચ્ચે રહેલો મૂળગત તફાવત લક્ષમાં લેતાં અત્યારે આપણા વચ્ચેની મુલાકાતનું કશું મૂલ્ય ન હોઈ શકે.'

પૂનામાં મળેલી કસ્તૂરબા રાષ્ટ્રીય સ્મારકનિધિના ટ્રસ્ટીઓને ઉદ્દેશીને ગાંધીએ જણાવ્યું: 'કસ્તૂરબાનિધિનો વાસ્તવિક હેતુ ગામડાંનાં સ્ત્રીબાળકોના કલ્યાણનો છે.'

જુલાઈ ૨, ગાંધી આરામ માટે પંચગની પહોંચ્યા.

જુલાઈ ૯, કૉંગ્રેસ–લીગ સમજૂતી માટે શ્રી. રાજગોપાલાચારીએ ઝીણા સમક્ષ મૂકેલી યોજના પ્રસિદ્ધ થઈ. રાજગોપાલાચારીએ ૧૯૪૩ના માર્ચમાં ગાંધી સાથે તેની ચર્ચા કરેલી.

જુલાઈ ૧૨, 'ન્યૂસ ક્રૉનિકલ'ના ખબરપત્રી સાથેની ગાંધીની મુલાકાતનો અધિકૃત હેવાલ બહાર પડ્યો. ગાંધીએ કારોબારી સમિતિના સંપર્ક માટે માગણી કરી. રાષ્ટ્રીય સરકાર અંગેના પ્રશ્નનો ખુલાસો કરતાં તેમણે જણાવ્યું: 'વાઇસરૉય એ જવાબદાર પ્રધાનો દ્વારા દોરવણી પામતા ઇંગ્લૅંડના રાજા જેવો રહેશે.'

જુલાઈ ૧૩, એક અવિધિસરના વાર્તાલાપમાં ગાંધીએ જણાવ્યું, 'હું ઉદ્દેશપૂર્વક જીવું છું અને નષ્ટ થઈશ તો પણ એ ઉદ્દેશ અર્થે.' ક્રિપ્સ યોજના સાથેના મતભેદ પર પ્રકાશ પાડ્યો.

જુલાઈ ૧૪, 'ન્યૂસ ક્રૉનિકલ'ની મુલાકાતમાં પોતે સૂચવેલું તેની અને ઑગસ્ટ ઠરાવમાં પ્રતિપાદિત થયેલા સિદ્ધાંતોની વચ્ચે કશું ઘર્ષણ ન હોવાનું ભારપૂર્વક જણાવ્યું.

'કેદીઓ પ્રત્યે અને ખાસ કરીને તો માત્ર શંકા પરથી અટકાયતમાં રહેલા અથવા તો સામાન્ય કાનૂન નીચેના નહિ પણ ખાસ વટહુકમો નીચેના ગુનાઓ બદલ અપરાધી એવા કેદીઓ પ્રત્યે માનવતાભર્યા વર્તાવ'ની હિમાયત.

જુલાઈ ૧૬, અખબારોજોગી એક મુલાકાતમાં ગાંધીએ જણાવ્યું: 'યુદ્ધકાલ દરમિયાન સાથીદળોની હિલચાલ માટે જરૂરી એવી મર્યાદાઓને પાત્ર, પરંતુ સમગ્ર હિંદુસ્તાનની સંપૂર્ણ આઝાદીનો તાત્કાલિક સ્વીકાર મારી યોજનામાં નિર્ધારિત છે; જ્યારે ક્રિપ્સ યોજના તો તાત્કાલિક વ્યવસ્થાને બદલે ભવિષ્ય સાથે વધુ નિસ્બત ધરાવતી હતી.'

જુલાઈની ૧૯મીએ ગાંધીએ જણાવ્યું, 'જો કદમ પાછાં ભરવાનું પરિણામ હિંદની સ્વાતંત્ર્યસિદ્ધિમાં આવતું હોય તો તેમ કરવામાં મને વાંધો નથી.' સાનુકૂળ યુદ્ધપરિસ્થિતિને પોતાની દરખાસ્ત સાથે કશી નિસ્બત હોવાનો એમણે ઇનકાર કર્યો, 'બીજા કોઈ નહિ તો કેવળ એ કારણે કે નજીક આવી રહેલા વિજયના ઊભરામાં મારી દરખાસ્તને સહેજે દાદ મળે તેમ નથી લાગતું.' પોતાની દરખાસ્તની ફલશ્રુતિ આ યુદ્ધને 'જગતની શોષિત પ્રજાઓની મુક્તિ' માટેના યુદ્ધમાં ફેરવી નાખે તેમ હોવાનું જાહેર કર્યું.

જુલાઈની ૨૨મીએ પંચગની મુકામે ગાંધીની જાહેર પ્રાર્થનાની સમાપ્તિ પ્રસંગે કેટલાક જુવાનોએ પાકિસ્તાનવિરોધી તથા કૉંગ્રેસવિરોધી સૂત્રો પોકાર્યાં.

જુલાઈની ૨૫મીએ ઉમરાવસભામાં હિંદના નાયબ વઝીર અર્લ ઑફ મન્સ્ટરે જણાવ્યું, 'ગાંધી હજુ યે ક્રિપ્સ મિશનને ભાંગી પાડનાર દાવાને ચીવટથી વળગી રહેલ છે....વાઇસરૉયની ખાસ સત્તાઓ જાળવવા સાથે વચગાળાની સરકાર રચવાનો સ્વીકાર કરવામાં....આજે પણ એ અધિક તત્પર નથી.

જુલાઈની ૨૬મીએ નવજીવન ટ્રસ્ટના મંત્રી તથા વ્યવસ્થાપક જીવણજી દેસાઈએ જિલ્લા મેજિસ્ટ્રેટને પત્ર લખીને મકાન તથા છાપખાનાનો કબજો લીધો; 'મિલકતને થયેલા સર્વ કંઈ નુકસાન બદલ સરકારને જવાબદાર ગણવાના નવજીવન મુદ્રણાલયનાં અધિકારને અંગે કશા પૂર્વગ્રહ વિના.' (સરકારે ૧૯૪૨ના ઑગસ્ટમાં મુદ્રણાલયનો કબજો લીધેલો અને થોડા સમય પર વ્યવસ્થાપકને તે પરત કરવાનું જણાવેલું.)

જુલાઈની ૨૮મીએ આમસભામાં હિંદ પરની બે દિવસની ચર્ચામાં એમરીએ જણાવ્યું કે ગાંધીએ તાત્કાલિક પરિસ્થિતિ પરત્વેનું પોતાનું મંતવ્ય જણાવ્યું હતું, અને જ્યાં સુધી એ જ એમની દરખાસ્તનો પાયો હોય ત્યાં સુધી વાઇસરોય અથવા તો કારાવાસી કૉંગ્રેસનેતાઓ સાથે પરિણામસાધક ચર્ચાનો પ્રારંભિક મુદ્દો પણ એમાંથી હાથ લાગતો નહોતો. ચર્ચિલે કશો ભાગ ન લીધેલો. હાજરી પણ બહુ કંગાલ હતી.

છાપાંજોગી મુલાકાતમાં ગાંધીએ રચનાત્મક કાર્યક્રમની મહત્તા પર ફરી ભાર મૂક્યો અને નાસતા ફરતા કાર્યકરોને સલાહ આપી કે, 'તમે તમારી મેળે છતા થઈને જેલ જવાનું જોખમ સ્વીકારી લો અને શ્રદ્ધા રાખો કે આ રીતે મેળવેલી જેલ પણ સ્વાતંત્ર્યની ચળવળમાં મદદરૂપ થઈ પડે છે.'

જુલાઈ ૨૯, લીગ સમિતિએ ઝીણાના નિવેદન પછી સઘળું ઉત્તરદાયિત્વ એમને સોંપીને કોમી પ્રશ્ન અંગે સમાધાન પર આવવા માટે ગાંધી સાથે મંત્રણા ચલાવવાની સત્તા એમને આપી. ઝીણાએ લીગને કરેલા નિવેદનમાં જણાવેલું કે ઑગસ્ટ ૧૯૪૨નો ઠરાવ મુસ્લિમોની ખિલાફ હોઈને તે પડી ભાંગવો જ જોઈએ. કૉંગ્રેસ–લીગ સહકારની પૂર્વશરત એ કે, પાકિસ્તાનની બિનશરતી સ્થાપના. રાજગોપાલાચારીનું નિદાન તો ઓળો અને ફોતરું, કુંઠિત, પાંગળું અને કાંણાં પડેલું પાકિસ્તાન આપતું હતું. ઑગસ્ટને વચગાળે પોતે મુંબઈમાંના પોતાના નિવાસસ્થાને ગાંધીને મળનાર હોવાનો સ્ફોટ કર્યો.

જુલાઈની ૩૦મીની મુલાકાતમાં ગાંધીએ કહ્યું, 'બ્રિટિશ સરકારે મારી દરખાસ્તનો કરેલો અસ્વીકાર કોઈ પણ રીતે કોમી પ્રશ્નના નિદાનમાં આડે આવે તેમ નથી.... નિદાનની પ્રસિદ્ધિ કોમી સમાધાન અર્થેની વાટાઘાટોને અનુલક્ષીને જ છે. એ પદ્ધતિ નકામી નથી. સંપૂર્ણ સહૃદયતાપૂર્વક તેનો ખ્યાલ કરવામાં આવ્યો છે.'

આમસભામાંની ચર્ચા પર ટીકા કરતાં ગાંધીએ જણાવ્યું : 'એ મને મારા અભિપ્રાયમાં દૃઢ બનાવે છે કે "હિંદ છોડી જાઓ"નો ઠરાવ એ રોષવશ બનીને અપનાવાયેલો ઉતાવળો પોકાર ન હતો. પાર્લામેન્ટરી ભાષામાં એને એ જ ઠરાવ મૂકીએ તો એની માગણી એ છે કે હિંદનું શાસન હવે તેની પોતાની પ્રજા દ્વારા ચૂંટાયેલા—અમુક ગણ્યાગાંઠ્યા નહિ પણ જાત, પંથ કે રંગના કશા ભેદભાવ વિના પ્રજાસમગ્ર દ્વારા ચૂંટાયેલા—હિંદીઓ દ્વારા ચાલવું જોઈએ.'

ગાંધીએ જણાવ્યું કે હિંદનો આર્થિક વિકાસ એની રાજદ્વારી મડાગાંઠના ઉકેલ—કેન્દ્રસ્થાને યોગ્ય રાષ્ટ્રીય સરકાર—પર અવલંબતો હતો.

યુદ્ધની આલોચના કરતાં એમણે જણાવ્યું, 'શું આવા પોકળ વિજય માટે રક્તની સરિતાઓ વહેતી રહેવાની ?'

જુલાઈની ૩૧મીએ ગાંધી–ઝીણા પત્રવહેવાર અખબારો જોગ મોકલવામાં આવ્યો. પંચગનીથી તા. ૧૭મીએ લખેલા પત્રમાં ગાંધીએ લખેલું: 'ભાઈ ઝીણા, એક દિવસ એવો હતો કે હું તમને માતૃભાષામાં બોલવાને પ્રેરી શકતો હતો. આજે એ જ ભાષામાં તમને લખવાની હિંમત હું કરું છું. હું જેલમાં હતો ત્યારે મને મળવાને મેં તમને નિમંત્ર્યા હતા. મારા છુટકારા પછી મેં તમને નથી લખેલું. પરંતુ આજે મારું દિલ કહે છે કે મારે તમને લખવું જોઇએ. તમને જ્યારે પણ ઠીક લાગે ત્યારે મને મળશો. મને ઇસ્લામનો કે આ દેશના મુસ્લિમોનો દુશ્મન ન માનશો. માત્ર તમારો જ નહિ પણ જગતભરનો હું મિત્ર અને સેવક છું. મને નિરાશ ન કરશો. હું આ સાથે આ પત્રનો ઉર્દૂ તરજૂમો મોકલું છું. તમારો ભાઇ, ગાંધી.'

ઝીણાએ શ્રીનગરથી તા. ૨૪મીએ જવાબ વાળ્યો: 'પ્રિય મિ. ગાંધી....હું મુંબઈના મારા નિવાસસ્થાને તમને ખુશીથી મળીશ....તમે જલદી સાજા થઈ જશો એ આશા. હૃદયપૂર્વક આપનો, એમ. એ. ઝીણા.'

સઘળાં અગ્રગણ્ય રશિયન વર્તમાનપત્રોએ રૂઝવેલ્ટના એલચીએ કરેલી કહેવાતી એ દરખાસ્ત છાપી કે આટલાંટિક હક્કનામું હવે હિંદને લાગુ પાડવું જોઇએ. હિંદના વિવાદગ્રસ્ત રાજદ્વારી સમાચારોને સોવિયેટે પહેલી જ વાર સ્પર્શ્યા. જગતસ્પર્શી બાબતો તથા રાજકારણ અંગેની મોસ્કો સંસ્થાએ હિંદના ઇતિહાસ, ક્રિપ્સ યોજના, રાજકીય પક્ષો, અર્થકારણ તથા દેશી રાજાઓની વસ્તુલક્ષી આલોચના કરતું હિંદવિષયક પુસ્તક બહાર પાડયું.

ઑગસ્ટની ૧લીએ સેવાગ્રામનો પ્રવાસ કરતા ગાંધી પૂના પહોંચ્યા. ઘાટોની તળેટીથી માંડીને પૂના સુધીના માર્ગે ગામડાંનાં લોકોની જબરી મેદનીની કતાર જામેલી.

ઑગસ્ટની ૧ થી ૬ સુધી 'કસ્તૂરબા સપ્તાહ.'

ઑગસ્ટની ૨જીની સવારે ગાંધીએ કસ્તૂરબા તથા મહાદેવ દેસાઈની સમાધિઓની મુલાકાત લઈને પ્રાર્થના તથા પુષ્પાંજલિ સમર્પ્યાં. વર્ધા જવા રવાના થયા.

'ડેઈલી વર્કર' અંગે આપેલી મુલાકાતમાં ગાંધીએ જણાવ્યું: 'સાથી રાજ્યો આજે લોકશાહી તથા મુક્તિની બુલંદ ઘોષણાઓ કરી રહ્યા છે જેનો મારે મન અથવા તો ચોખ્ખા શબ્દોમાં કહીએ તો શોષિત રાષ્ટ્રોને મન કશો ય અર્થ નથી. માત્ર કર્ણપ્રિય ઘોષણાઓ પીડિતોને કશો સંતોષ પ્રેરી શકે તેમ નથી. 'શોષિત રાષ્ટ્રો'નો મારો ભાવાર્થ એશિયાવાસીઓ તથા આફ્રિકાવાસીઓ એ છે. સાથી રાજ્યો જો લોકશાહી અર્થે લડી રહ્યાં હોય તો તેમની લોકશાહીમાં જગતની સર્વ શોષિત જાતિઓનો સમાવેશ હોવો જોઈએ. મને દેખાય છે તેમ હકીકતો તો એથી ઊલટું જ પુરવાર કરે

છે. સઘળા નહિ તો લગભગ સઘળા પક્ષો કબૂલ રાખે છે કે હિંદ અત્યારે છે તેના કરતાં કદી વધુ પ્રમાણમાં વિદેશી વર્ચસ્વ હેઠળ નહોતું.'

અમેરિકન રેડિયો સમીક્ષક રેમંડ ગ્રેહામ સ્વિંગે 'મિ. ગાંધીની છેલ્લામાં છેલ્લી દરખાસ્ત પ્રત્યે આદરદૃષ્ટિના સંપૂર્ણ અભાવ' ની બ્રિટિશ સરકારની વલણ બદલ ખેદ પ્રદર્શિત કર્યો.

ઑગસ્ટની ૩ જીએ વર્ધા સ્ટેશને ગાંધીને સત્કારવાને છ હજાર લોકો હાજર હતા. રસ્તે ગાંધીચોકમાંના એ સ્થાને થઈને ગાંધી નીકળ્યા, જ્યાં ઑગસ્ટ ૧૯૪૨માં થયેલા ગોળીબારને પરિણામે એક જંગલીનું મૃત્યું થવા પામ્યું હતું.

રસ્તાના અમુક ભાગે સ્વયંસેવકોની કતાર સાથે ખાસ શણગારેલા રથમાં ગાંધીને સેવાગ્રામ આશ્રમે લઈ જવામાં આવ્યા. સવારે ૯ વાગ્યે આશ્રમ પહોંચ્યા.

ત્યાર પછી તરત જ કસ્તૂરબાની કુટિરની મુલાકાત લીધી. કસ્તૂરબાની છબી ત્યાં ટિંગાડવામાં આવેલી અને દીવો બળતો હતો. ગાંધી દ્રવિતહૃદય બની ગયાં.

ઑગસ્ટ ૪, સરકારે ઊભી કરેલી ખોરાક સલાહકાર સમિતિ અંગે એક કૉંગ્રેસ કાર્યકરે કરેલા પ્રશ્નના જવાબમાં ગાંધીએ ટીકા કરી: 'આ સરકારી મંડળીઓમાં કોઈ તેની પોતાની શરતે કામ કરી શકે તેમ હોય તો એમાં કશો વાંધો નથી. પરંતુ એ અશક્યવત્ લાગે છે.'

ઑગસ્ટની ૫મીએ સેવાગ્રામ મુકામેથી ગાંધીનું નિવેદન: 'હું બધી યે વાર કૉંગ્રેસના માનસનું પ્રતિનિધિત્વ નથી ધરાવતો હોતો એનું મને ભાન છે....કારોબારી સમિતિ એ જ એકમાત્ર એવી સંસ્થા છે જે કાયદેસર અને સાચી રીતે કૉંગ્રેસનું પ્રતિનિધિત્વ ધરાવી શકે....તેમ છતાં દેશના એક પુરાણા સેવક તરીકે હું નીચે મુજબની સલાહ આપી શકું. નવમી એ એક વિશિષ્ટ પ્રસંગ છે. કૉંગ્રેસના તથા મારા ઉદ્દેશ સંબંધે ઘણી ગેરસમજણ ઊભી થવા પામી છે. ત્યાજ્ય એવાં સઘળાં જોખમોનો મારે ત્યાગ કરવો જોઇએ. એટલા માટે મારી સલાહ એ છે કે મુંબઈ સિવાયનાં બીજાં સઘળાં સ્થાને એ દિવસ નિમિત્તે મુકાયેલા ખાસ પોલીસ પ્રતિબંધોની અવજ્ઞા ન કરવી. હું મુંબઈના નગરપતિ દ્વારા એ સલાહ આપી જ ચૂક્યો છું....મુંબઇને મેં સૌથી અનુકૂળ સ્થળ તરીકે પસંદ કર્યું છે તે કેવળ એટલા જ કારણે, કે મારાથી ત્યાં સૌથી વધુ સહેલાઈપૂર્વક પહોંચી શકાય તેમ છે; અને ૧૯૪૨ના ઑગસ્ટની જે ઐતિહાસિક બેઠક ભરવામાં આવેલી તેનું સ્થળ પણ એ છે. ગમે તેમ હોય પણ એ પગલું બહુ સૂચક નીવડશે....કુતૂહલ એ સ્વાભાવિક તેમજ ક્ષમ્ય છે. પરંતુ હું સંયમ માટે આગ્રહ કરું છું. સ્વેચ્છાપૂર્વકનો સંયમ દેશને હિતકર બનશે. માનવકુટુંબને હું એટલી પ્રતીતિ કરાવી આપવામાં સફળ થાઉં કે પ્રત્યેક પુરુષ અથવા સ્ત્રી, શરીરે ગમે તેટલાં નિર્બળ હોવા છતાં, પોતાનાં સ્વમાન અને સ્વાતંત્ર્યના રક્ષક છે, તો પછી મારું કાર્ય સમાપ્ત થશે. વ્યક્તિગત પ્રતિકાર કરનારની સામે ભલે આખું જગત હોય, છતાં આ પ્રકારનું રક્ષણ સાર્થક નીવડે જ છે. અત્યારની સંજ્ઞાત્મક

પ્રક્રિયા મેં એ જોવા માટે જ સૂચવી છે કે દેખાવો યોજનારાઓને સ્થાનિક પ્રજાનો સહકાર છે કે નહિ. પોલાદી શિસ્ત—બહારથી લદાયેલી નહિ પણ અંતરમાંથી સ્વાભાવિક ઉદ્ભવેલી—નો મહિમા સમજ્યા વિના કેવળ અહિંસક પ્રયાસ વડે ચાળીસ કરોડની પ્રજાની મુક્તિ સાધી શકાય તેમ નથી. આવશ્યક શિસ્ત વિના અહિંસા એ માત્ર આવરણ બની રહે. આગામી નવમી ઑગસ્ટે જે બીજી વસ્તુ થવી જોઇએ એમ મને લાગે છે તે એ કે જેઓ નાસતા ફરે છે તે પોતાની મેળે છતા થાય. સત્તાધિકારીઓને પોતાની પ્રવૃત્તિ તથા સ્થાનથી વાકેફ કરીને અથવા તો પોલીસથી નાસવાના કે તેને થાપ આપવાના કશા પ્રયત્ન વિના સાહજિક તેમજ સ્વાભાવિક રીતે જાહેરમાં જ પોતાનું કામ કર્યે રાખીને તેઓ તેમ કરી શકે છે. સંતાતા ફરવું એટલે પોલીસને થાપ આપવી. એટલે સાચી શોધ તો થાપ પામનાર પક્ષ સમક્ષ પોતે છતા થવામાં રહેલી છે....ઉદ્દેશપ્રાપ્તિ અર્થે અમુક પગલું આવશ્યક છે એવી અંતઃપ્રતીતિ વિના કશું થવું ન જોઇએ. એવી અંતઃપ્રતીતિનો જેમનામાં અભાવ હોય તેવાઓને આ નોંધ નજરે પડતાં તેની ઉપેક્ષા કરીને દેશને માટે તેમને જે કંઈ સર્વોત્તમ લાગતું હોય તેને અનુસરે....અહિંસાની બાબતમાં કશી અંતઃપ્રતીતિ હોય કે ન હોય, કૉંગ્રેસવાદી હોય કે ન હોય, છતાં નવમીના રોજ દરેક જણે જે કરવાનું છે તે એ કે, મારી તાજેતરની યાદીમાં જેની પુનરુક્તિ કરવામાં આવી છે એ ચૌદ મુદ્દાઓના કાર્યક્રમને પૂર્ણતઃ અથવા એના ગમે તે કોઇ ભાગને અમલમાં મૂકવો. દાખલા તરીકે ....હિંદુઓ અને મુસલમાનો પ્રાર્થનાઓનો સંયુક્ત કાર્યક્રમ યોજી કાઢે–હિંદના હિતમાં સામાન્ય સમજૂતી પર આવવા પ્રભુ મને અને કાઇદે આઝમને શાણપણ પ્રેરે....સેવા અને પરગજુપણાની ભાવના વાતાવરણમાં સર્વત્ર વ્યાપી જવી જોઇએ....એમને (અંગ્રેજોને તથા અમેરિકનોને) ભાન થવા દો કે ઑગસ્ટ ઠરાવ રોષજનિત નહોતો. દેશની પ્રજાના નૈસર્ગિક અધિકારનું કશો ઓપ ચડાવ્યા વિનાનું, એ નિવેદન હતું....મેં સેવી છે એવી ભાવનાપૂર્વક જો નિદર્શન કરાવવામાં આવશે તો એ, લોકોની બેહાલીના વહેલા અંત ભણી દોરી જશે એ નિઃશંક છે.'

લાહોરના પત્રકારોની મુલાકાતમાં ઝીણાએ જણાવ્યું : 'પ્રજાના એકેએક વિભાગ માટે સ્વતંત્રતા હોવી જોઇએ એ અમારી ઇચ્છા છે. અમે તરતમાં જ મળવાના છીએ. મને અને ગાંધીજીને તમારી દુવા બક્ષો કે સમાધાન પર આવી શકીએ. ત્રીજો પક્ષ મોજૂદ છે અને તે કોશિશ કરશે. પરંતુ ગાંધીજી દુર્ભાવમુક્ત હોવાના ભાનપૂર્વક તથા એટલી જ હદે મારામાં ઇતબારપૂર્વક આપણે એ ત્રીજા પક્ષના અસ્તિત્વ છતાં સમાધાન પર આવી શકીએ તેમ છે.' ગાંધીના સાત મુદ્દાઓને અનુલક્ષીને એમણે જણાવ્યું : 'આ મૂળભૂતતા એ જ પાયા પર સાધ્ય થઈ શકે કે અત્યારના રાજબંધારણના ટુકડા ઉડાવી દઈને તેનું સ્થાન નવા રાજબંધારણે પૂરવાનું છે.'

ઑગસ્ટની ૮મીએ ગાંધીએ છાપાંજોગી મુલાકાતમાં જણાવ્યું કે, 'સામીક્ષકોને હું મારી કહેવાતી અથવા સાચેસાચી અસંગતતાઓને લક્ષ પર ન લેવાનો આગ્રહ કરું છું. પ્રશ્નને તેની ગુણવત્તા પર જ તેઓ તપાસે અને જો શક્ય હોય તો પ્રયત્નને

આશીર્વાદ આપે. નવમી ઑગસ્ટના નિવેદનની સમીક્ષા કરતાં જણાવ્યું કે, 'નિવેદન એક સાર્વજનિક અધિકારનું પ્રતિપાદન કરે છે, જે એના સામાન્ય અમલ પર પણ આક્રમણ થવા પામે ત્યારે ફરજરૂપ બની જાય છે. એટલા માટે સવિનય ભંગનો ખ્યાલ તો સરકારની એ માટેની ઇચ્છા પૂરતો જ એમાં રહેલો છે.'

ગાંધીના નિવેદન પર નવી દિલ્હીની ટીકા: 'જે વિધિ માટે અધિકૃત પરવાનગી માગવામાં આવી હતી તેમાં ઑગસ્ટ ૧૯૪૨ના 'હિંદ છોડી જાઓ' એ ઠરાવના, મુંબઈમાં સઘળી જાહેર સભાઓ માટે પસંદગી પામેલા સ્થાને, સાદ્યંત પાઠના થતા સમાવેશની મહત્ત્વની હકીકત છોડી દેવામાં આવી છે. પરવાનગીની ના પાડવામાં આવી હોવાનું મનાય છે.'

વર્ધાના જિલ્લા મૅજિસ્ટ્રેટે પહેલેથી પોતાની પરવાનગી વિના ઑગસ્ટની ૯મી તથા ૧૦મીએ વર્ધામાં જાહેર સભાઓ, સરઘસો તથા અન્ય જાહેર દેખાવોની મનાઈ કરતો હુકમ બહાર પાડ્યો. શેરીઓમાં પડો વગડાવીને એ જાહેર કરવામાં આવ્યો.

રવીન્દ્રનાથ ટાગોરના મૃત્યુની ત્રીજી સંવત્સરી સેવાગ્રામ મુકામે પ્રાર્થનાઓ સહિત ઊજવવામાં આવી.

ઑગસ્ટની ૯મીએ સરઘસરૂપે કૂચ કરતા જે મહાસભાવાદીઓની મુંબઈ પોલીસે સવારના ભાગમાં ધરપકડ કરેલી તેમને એ જ દિવસે સાંજે ૭ વાગ્યે છોડી દેવામાં આવ્યા. હડતાળ સફળ થઈ.

સેવાગ્રામ આશ્રમના સભ્યોએ ઑગસ્ટની ૯મી ઉપવાસ, પ્રાર્થના તથા કાંતણ વડે ઊજવી. વર્ધામાંની હડતાળ સફળ થઈ. કશા દેખાવો થવા નહોતા પામ્યા.

ઑગસ્ટની ૧૦મીએ કેટલાક સંતાતા ફરતા કૉંગ્રેસકાર્યકરો ગાંધીની સલાહ મુજબ પોલીસ સમક્ષ છતા થયા.

આગાખાનના મહેલમાં અટકાયતમાં હતા ત્યારે ગાંધીને સોંપવામાં ન આવેલા હજાર ઉપરાંત પત્રો અને લેખો હવે તેમને સોંપવામાં આવ્યા.

આગામી ગાંધી–ઝીણા મુલાકાતની સફળતા માટે મહાસભાવાદીઓ તથા મુસ્લિમ લીગવાદીઓએ સાથે રહીને પ્રાર્થના કરી. અલ્લાહાબાદ મુકામે આનંદભવનમાં અગ્રગણ્ય મહાસભાવાદીઓ તથા મુસ્લિમ લીગવાદીઓએ હિંદુ–મુસ્લિમ એકતાનો ઠરાવ અપનાવ્યો.

વહેલી સવારે આશ્રમમાં ધ્વજવંદન.

'આજનો દિવસ બીજા દિવસોથી જુદો છે. આજે તમે પ્રભુને પ્રાર્થો છો કે હિંદના હિતમાં સામાન્ય સમજૂતી પર આવવાને તે કાઇદે આઝમ તથા મારામાં સદ્બુદ્ધિ પ્રેરે. તમે કાંતતા રહો તે દરમિયાન તમારી એ સતત પ્રાર્થના રહો,' ગાંધીએ બપોરના ભાગે સેવાગ્રામ મુકામે અવિરામ સમૂહકાંતણનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું.

ટીકાકારોને જવાબ આપતાં ગાંધીએ જણાવ્યું કે: બંને (કસ્તૂરબા તથા મહાદેવ) વચ્ચેનો તફાવત ધ્યાનબહાર ન રહે તેટલો નોંધપાત્ર છે. એક પૂરેપૂરા પ્રાકી ગયેલા

ફળની પેઠે ખરી પડવાને તૈયાર થઈ ચૂકેલી હતી, જ્યારે બીજાને તો હજુ પાકવાનું હતું. સામાન્ય ધોરણો મુજબ તો મહાદેવ સમક્ષ હજુ જિંદગી પડી હતી. સો વરસ જીવી જવાનો એનો ઉદ્દેશ હતો. એની દળદાર નોટબૂકોમાં એણે એકઠી કરેલી સામગ્રી વર્ષોપર્યંતનો ધીરજભર્યો શ્રમ માગી લે તેમ હતી અને તેણે એ સઘળું પતાવી જવાની આશા રાખેલી. એની ટ્રંકમાંથી એના અંતકાળને આગલે દિવસે ઉતારી લેવામાં આવેલી મારી વાતચીતની નોંધ મળી આવેલી. કદાચ મારા સિવાય બીજું કોઈ એ આજે ઉકેલી શકે તેમ નથી, અને હું પોતે પણ, એ તેને કેવા ઉપયોગમાં આણત તે નથી જાણતો. અમરતા અને શાશ્વત યુવાની માટે જ જન્મ્યા હોય એ રીતે જીવતા અને કાર્ય કરતા પ્રજ્ઞ પુરુષોનું એ જીવંત ઉદાહરણ હતા. પરંતુ, આપણાં સઘળાં જ સ્વપ્નો જો પાર પડે તો જીવન પ્રેતસૃષ્ટિ સમું બની જાય અને પૃથ્વી પર તદ્દન અસ્તવ્યસ્તતા ફરી વળે. એટલા માટે તો ઈશ્વરે દયાભાવે એવું નિર્માણ કર્યું છે કે જગત પર એકમાત્ર તેની જ ઇચ્છા પ્રવર્તશે. આદર્શવાદી અને સ્વપ્નદ્રષ્ટા હોવા છતાં મહાદેવે પોતાના કદમ નક્કર ધરતી પરથી કદી ખસવા નહોતા દીધા. એને લઈને એમણે જે કંઈ હાથ ધર્યું એ સઘળાને દિપાવ્યું. મહાદેવના પ્રશંસકોને હું માત્ર આ આશ્વાસન આપી શકું તેમ છું કે, મારી સાથેના સંસર્ગમાં એમણે કશું ગુમાવ્યું નહોતું. એમનાં સ્વપ્નો વિદ્વત્તા અને સાક્ષરતાની પાર જતાં હતાં. દોલતનું એમને કશું આકર્ષણ નહોતું. પ્રભુએ એમને ઉચ્ચ પ્રતિભા અને વ્યુત્પન્ન રસવૃત્તિ બક્ષી હતી, પરંતુ એમનો આત્મા તો ભક્તિભાવ માટે તૃષાર્ત હતો. એ મારી પાસે આવ્યા ત્યારપહેલાં પણ એ હૃદયપૂર્વક ભક્તોનો તથા પ્રભુજનોનો સત્સંગ શોધતા રહેલા. એમ કહી શકાય કે તેઓ મારી પાસે આવ્યા તે, એ શોધ વધુ આગળ ચલાવવાને, અને, મારાથી પણ સંપૂર્ણ તુષ્ટ ન થતાં, (મારે કહી દેવું જોઈએ કે) ભરજુવાનીમાં એ મારાથી વિમુખ બની, પોતાની પાછળ અશ્રુ સારતાં સંબંધીજનો અને મિત્રો મૂકીને પોતાના સરજનહારના ઉરમાં પોતાની શોધનું સાર્થક્ય અનુભવવાને ચાલી નીકળ્યા. એમની સ્મૃતિને ઉચિત એવી જે સેવા હું બજાવી શકું તે પોતાની પાછળ એમણે અધૂરા મૂકેલા કાર્યને પૂરું કરીને એમના ભક્તિભાવને પાત્ર નીવડવાનું—દેખીતી રીતે જ, માત્ર એમના સ્મારક માટે ફાળો ઉઘરાવવાના કાર્ય કરતાં એ વધુ મુશ્કેલ છે. માત્ર દૈવી કૃપા વડે જ તે પાર પડી શકે. મહાદેવનું બાહ્ય લક્ષ્ય સ્વરાજપ્રાપ્તિનું હતું; પરંતુ આંતરિક લક્ષ્ય તો ભક્તિભાવનો પોતાનામાં સંપૂર્ણ આવિર્ભાવ સાધીને, શક્ય હોય તો, બીજાઓને તે સાધ્ય કરાવવાનું હતું.

'કશા ભૌતિક સ્મારકનું નિર્માણ એ મારા કાર્યક્ષેત્રની બહારનું છે. એ કાર્ય તો એમના મિત્રો અને પ્રશંસકોએ ઉપાડી લેવાનું છે. કોઈ પિતા એના પુત્રના સ્મારક માટે કોઈને પ્રેરે ખરો? કસ્તૂરબા સ્મારકની જવાબદારી પણ મેં નહોતી લીધેલી....હું એ માટેની સમિતિનો પ્રમુખ થયો છું તે પણ સ્મારકનિધિનાં નાણાંનો ઉપયોગ તેના હેતુની અનુસાર થવા પામે એટલા જ માટે. મહાદેવનાં મિત્રો અને પ્રશંસકો પણ એવી જ રીતે સ્મારકનિધિ ઊભો કરવા માટે સમિતિ નીમીને તેના યોગ્ય ઉપયોગ અર્થે

મને તેનું પ્રમુખપદ સંભાળવાને અને દોરવણી આપવાને નિમંત્રે તો હું એનો સહર્ષ સ્વીકાર કરું....સાહિત્યકારોને બે બોલ કહી દઉં. તેઓ જાણે છે અથવા તો જાણતા થવા જોઈએ કે મહાદેવે ચરખાને સાહિત્યથી વિશેષ ગણ્યો હતો. કલાકો સુધી કાંતતા રહેવામાં એ આહ્‌લાદ લેતા. એ નિત્યધર્મ હતો. રોજનું ઓછામાં ઓછું મુકરર કરેલું કાંતવાનું પૂરું કરવા માટે એ પોતાના નિદ્રાના સમયનો ભોગ આપતા. આવો આગ્રહ શા માટે? મને રાજી રાખવા માટે તો નહિ તેની હું એમને ખાતરી આપું છું. પુષ્કળ વિચારણા પછી તેમણે પોતાનું ભાગ્ય મારી સાથે યોજ્યું હતું. અંતઃપ્રતીતિ વિના એ કદી કશું કરતા હોવાનું મને નથી લાગ્યું. મારી સાથે એમનું માનવું પણ એ હતું કે હિંદની કરોડોની વિપુલ છતાં ભૂખપીડિત જનતાનો ભૌતિક ઉદ્ધાર ચરખા સાથે સંકળાયેલો હતો. એમણે એ પણ ખોળી કાઢેલું કે રોજની આ હાથમહેનત એ જે કંઈ લેખનકાર્ય હાથ ધરતા તેને સમૃદ્ધ બનાવતી હતી. અન્યથા એમાં રહેલો વાસ્તવિકતાનો અભાવ એ વડે ભરપાઈ થતો હતો. ફાળો ઊભો કરવો એ ઈષ્ટ અને જરૂરી છે. પરંતુ મહાદેવના રચનાત્મક કાર્યનું હાર્દિક અનુસરણ એ એથી બહેતર છે. કોઈ પણ સ્મારક ફાળાના આર્થિક હિસ્સાએ એથી વધુ નક્કર ગુણાનુરાગનું સ્થાન લઈ લેવું ન જોઈએ.'

ઑગસ્ટની ૧૭મીએ ગાંધીને ઝીણાનો તાર: 'બેહદ દિલગીર, તાવથી પટકાયો છું. દાક્તરોની ૧૯મીને શનિવારે મળવાનું અશક્ય દર્શાવતી સલાહ. સારું થતાં તરત જ તારીખ જણાવીશ.'

ગાંધીને ૧૫મી ઑગસ્ટની તારીખનો વાઇસરોયનો પત્ર મળ્યો.

ઑગસ્ટની ૧૮મીએ સરકારે ગાંધી–વેવેલ પત્રવ્યવહાર બહાર પાડચો.

ગાંધીએ જુલાઇની ૧૫મીએ પત્રવ્યવહાર શરૂ કરેલો. અંગત મુલાકાતના અભાવે, કારોબારી સમિતિ સાથે મસલત ચલાવવાની સગવડ કરી આપવાની વાઇસરોયને એમણે વિનંતિ કરેલી. વાઇસરોયે જુલાઈની ૨૨મીએ જવાબ આપેલો: 'મને જો કશી ચોક્કસ અને રચનાત્મક કાર્યનીતિ જણાવશો તો તે પર હું ખુશીથી વિચાર કરી જોઈશ.' ગાંધીએ જુલાઇની ૨૭મીએ પાછું લખેલું: 'પ્રિય મિત્ર....નિરાશા વચ્ચે રહીને કામ કરવાને હું ટેવાઈ ગયેલો છું. આ રહી મારી નક્કર દરખાસ્ત. હું કારોબારી સમિતિને એવી સલાહ આપવાને તૈયાર છું કે, બદલાયેલી પરિસ્થિતિને લક્ષમાં લેતાં, ઑગસ્ટ ૧૯૪૨ના ઠરાવમાં નિર્ધારિત સામુદાયિક સવિનય ભંગ હવે ઉપાડી શકાય તેમ નથી, અને, હિંદની સ્વતંત્રતાની જો તાત્કાલિક જાહેરાત કરવામાં આવે, તેમજ યુદ્ધ ચાલુ રહે ત્યાં સુધી લશ્કરી હિલચાલો અત્યારની માફક ભલે ચાલુ રહે, પરંતુ હિંદ પર એનો કશો આર્થિક બોજો ઉતારવામાં ન આવે એવી જોગવાઈ સાથે મધ્યસ્થ ધારાસભાને જવાબદાર એવી રાષ્ટ્રીય સરકારની સ્થાપના કરવામાં આવે, તો કોંગ્રેસે યુદ્ધપ્રયાસોમાં સંપૂર્ણ સહકાર આપવો. બ્રિટિશ સરકારને પક્ષે જો સમાધાન માટેની કશી ઇચ્છા રહેલી હોય તો પત્રવ્યવહારનું સ્થાન મિત્રાચારીભરી વાતચીતે લેવું જોઇએ. પણ હું તો તમારા હાથમાં

છું. માનભર્યા સમાધાનની નહિજેવી પણ આશા રહ્યા કરશે ત્યાં સુધી હું બારણાં ખખડાવતો રહીશ.'

વેવેલે ઑગસ્ટની ૧૫મીએ જવાબ આપ્યો : 'તમે જે પ્રકારની દરખાસ્તો રજૂ કરી છે તે તદ્દન અસ્વીકાર્ય છે....અલબત્ત, મૌલાના આઝાદે ૧૯૪૨ના એપ્રિલમાં સર સ્ટેફર્ડ ક્રિપ્સ સમક્ષ મૂકેલી દરખાસ્તો સાથે એ ખૂબ સાદૃશ્ય ધરાવે છે....આમ છતાં જો હિંદુઓ, મુસ્લિમો તથા મહત્ત્વની અન્ય લઘુમતીઓના નેતાઓ અત્યારના જ તંત્ર હેઠળ સ્થપાયેલી અને ચાલતી વચગાળાની સરકારમાં સહકાર આપવાને તત્પર હોય તો.... સારી જેવી પ્રગતિ કરવી જોઇએ....અત્યારે છે તેના કરતાં હિંદના નેતાઓ એકબીજાની સાથે વધુ નજીક ન આવે ત્યાં સુધી હું કશી પણ રીતે મદદગાર નીવડી શકું કે કેમ એ શંકા છે. મને યાદ આપવા દો કે લઘુમતીની સમસ્યાઓ સરળ નથી. એ ખરેખરી છે અને માત્ર પરસ્પર તડજોડવૃત્તિ તથા સહિષ્ણુતાપૂર્વક જ તે ઉકેલી શકાય તેમ છે.'

એક બાજુ ગાંધીને આ જવાબ પહોંચવાની સાથોસાથ બીજી બાજુએ વાઇસરોયે ગાંધી–ઝીણા મુલાકાત માટે મુકરર થયેલી તારીખના આગલા દિવસે આખો યે પત્રવ્યવહાર વર્તમાનપત્રો પર મોકલાવી આપ્યો.

વાઇસરોયના જવાબ અંગે મુલાકાત લેવામાં આવતાં ગાંધીએ જણાવ્યું : 'છપાયેલો પત્રવ્યવહાર દર્શાવે છે કે વાઇસરોયની જરૂરિયાતોને અનુરૂપ થવાને મેં કશો પ્રયત્ન બાકી નથી રાખ્યો. સરકારનો અંતિમ જવાબ એ જાહેર પ્રજાનો ટેકો મેળવવાનો બ્રિટિશ સરકારનો મુદ્દલ ઇરાદો ન હોવાનો નક્કર પુરાવો છે. હું મારી જાતને કૉંગ્રેસ સાથે બાંધી લેતો નથી, કારણ કે એની મુખ્ય માગણીને દેશના લગભગ બધા જ રાજદ્વારી પક્ષોનો ટેકો મળી ચૂક્યો છે. એ તો દીવા જેવું સ્પષ્ટ છે કે બ્રિટિશ સરકાર પોતે ચાળીસ કરોડ પર જે સત્તા ધરાવે છે તે છોડી દેવાને તે તત્પર નથી, સિવાય કે તેઓ પોતે તેની પાસેથી એ છીનવી લેવા જેટલું બળ કેળવે. હિંદ શુદ્ધ નૈતિક સાધનોએ તેમ કર્યા વિના નહિ રહે એવી આશા મારાથી કદી નહિ છૂટે....કાઇદે આઝમ તરતમાં જ મારી મુલાકાત લેવાને સાજા થઈ જાય એમ આપણે પ્રાર્થીએ અને પ્રભુ અમારાં દિલમાં વસીને અમને સાચા ઉકેલ ભણી દોરે....કોઈ પણ ઉકેલ, એ સાચો હોય અને સમગ્રતયા હિંદની પ્રજાને સ્વીકાર્ય હોય તે વિના, તે કાયમી બનવાનો સંભવ નથી.'

ઑગસ્ટ ૧૯–૨૦, મુંબઇના માજી વડાપ્રધાન બી. જી. ખેરે કાઉન્સિલ હોલમાં મુંબઈ કૉંગ્રેસ ધારાસભા પક્ષને સંબોધતાં જણાવ્યું કે, 'વાઇસરોયે પ્રજાના પ્રતિનિધિને મળવા સુધ્ધાંની તથા કારોબારી સમિતિના પોતાના સાથીદારોને મળવા દેવાની કેવી ના પાડી દીધી એ આપણને અહીં હિંદમાં જોવા મળે છે.' પચાસ ઉપરાંત સભ્યો સભામાં હાજર રહેલા. ૮મી ઑગસ્ટના ઠરાવમાં જણાવ્યા મુજબ હિંદની સ્વતંત્રતાની તત્કાળ જાહેરાત તથા હિંદમાંની બ્રિટિશ સત્તા પાછી ખેંચી લેવાની માગણીનું સર્વાનુમત સમર્થન. સભાએ રાજગોપાલાચારીના નિદાનને લીગ સાથે સમાધાનની ઇષ્ટ ભૂમિકા તરીકે વધાવી લીધો અને મડાગાંઠના અંત માટેની ગાંધીની દરખાસ્તોને અનુમોદન આપ્યું.

ઑગસ્ટની ૩૦મીએ ગાંધીને ઝીણાનો તારઃ 'તમારો તાર મળ્યો. ઑગસ્ટ ૨૯મીનો મારો પત્ર પહોંચ્યો હોવાની આશા. તમને અનુકૂળ હોય તો સપ્ટેમ્બરની ૭મીએ અથવા તે પછીના કોઈ પણ દિવસે મળવાને ખુશી. મહેરબાની કરી મને જણાવશો.'

ઑગસ્ટની ૩૧મીએ અખબારી મુલાકાતમાં ગાંધીએ જણાવ્યું: 'મારા મુંબઈ આગમન પ્રસંગે મેં ખાકસારોની સલામી લેવાની હા પાડી હોય તેમ દર્શાવતો હેવાલ છાપાંમાં મારા જોવામાં આવ્યો છે. મારે કહેવું જોઈએ કે મેં એવી કશી સંમતિ નથી આપેલી. હું વૈયક્તિક રૂપે મુંબઈ જઈ રહ્યો છું. એટલે કશી સલામી મારાથી લઈ શકાય નહિ. અમને બંનેને પ્રભુ હિતાવહ દોરવણી આપે તેવી શાંતિપૂર્વક પ્રાર્થના કરવાનો હું વ્યક્તિઓ તથા સંસ્થાનોને અનુરોધ કરું છું. કશા પણ દેખાવોથી દૂર રહેવાનું હું તેમને જણાવું છું. સઘળી કોમોના નેતાઓ પરસ્પર મિત્રાચારીભર્યા સંબંધો કેળવવાના માર્ગ શોધી કાઢે.'

અખિલ હિંદ પાકિસ્તાનવિરોધી મોરચાના મંત્રી તથા કેટલાક સ્વયંસેવકોએ ગાંધીને મુલાકાત લેતાં પાછા વાળવા માટે સેવાગ્રામ મુકામે તેમની કુટિર પર પિકેટિંગ આદર્યું. તેમની સાથે દીવાલપત્રો હતાં અને પાકિસ્તાનવિરોધી સૂત્રોનો પોકાર કરતા હતા.

સપ્ટેમ્બરની ૧લીથી ૩જી સુધી સેવાગ્રામ મુકામે અ. હિં. ચરખા સંઘની બેઠક. સભ્યો સાથેની વાતચીત દરમિયાન ગાંધીએ જણાવ્યું કે, સરકાર જો ધારે તો ચરખા સંઘને કચડી નાખે તેમ છે એ જાણીને એમને ઊંડો આઘાત થયો હતો. પોતે સરકારની દયા પર નભવા નહોતા માગતા. પ્રભુ સિવાય કોઈની દયા એમને નહોતી જોઈતી. વર્તમાન પરિસ્થિતિમાં ચરખા સંઘ વિખેરી નાખીને તેની મિલકત ગામડાંઓમાં વહેંચી દેવાનું બહેતર નહોતું. હિંદનાં સાત લાખ ગામડાં સુધી એ પહોંચ્યો હોય તો એને કોણ કચડી શકે તેમ હતું? સરકાર કંઈ ચાળીસ કરોડને જેલમાં પૂરી શકે કે એ તમામને ગોળીએ ઉડાવી દઈ શકે તેમ નહોતું. ચાળીસ કરોડમાંના એક કરોડ ઠાર થઈ જવા પામે તો એથી એમની ધ્યેયપ્રાપ્તિમાં વિલંબ થવાને બદલે ઊલટી એ ત્વરિત બનશે. તેમણે એમને વારંવાર કહ્યું હતું કે રાજકારણને ભૂલી જઈને એમણે ચરખા પર જ એની સઘળી અનુષંગિતા સહિત લક્ષ કેન્દ્રિત કરવું. એ અને માત્ર એ જ રાજકારણ, સાત્ત્વિક રાજકારણ ગણવું જોઈએ. ચરખાનો સંદેશ આત્મસાત્ કરનાર પ્રત્યેક ગામડું સ્વતંત્રતાની ચમક અનુભવશે. ચરખાસંઘે પોતાના અપવાદોની પૂર્તિ કરવી હોય તો તેના સભ્યો અહિંસાનાં જીવંત ઉદાહરણો બનવા જોઈએ. એમનું સમગ્ર જીવન વ્યવહારમાં અહિંસાનું બોધક બનવું જોઈએ, એમનાં શરીર અને મન નિરામય હોવાં જોઈએ. એમણે બનવું જોઈએ એવા બન્યા હોત તો ગામડાંના રહેવાસીઓ ચરખાનો ખૂબ ઉત્સાહભર્યો પુરસ્કાર કરી ચૂક્યા હોત. પ્રભાતના સૂર્ય સામે અદૃશ્ય થઈ જતી ઝાકળની માફક કોમી વિખવાદ તથા અસ્પૃશ્યતાના કોયડા અદૃશ્ય થઈ ગયા હોત. સંઘને તેનાં જુદાં જુદાં અંગોમાં વિખેરી નાખવાની તેમની

સૂચનાને લાગતુંવળગતું હતું ત્યાં સુધી એ સંઘ, ત્યાર સુધીમાં જે સાધ્ય કરવાને અસમર્થ નીવડયું તે માટે તેને સમર્થ બનાવવા માટે જ હતી. ચરખાના પ્રચાર પાછળ જીવન પરોવી દેવાના નિર્ણય સહિત ગામડાંમાં જવા તૈયાર શક્તિશાળી કાર્યકરોમાં સંઘનાં નાણાં વહેંચી નાખવાનું પણ એ સૂચવે તેમ હતા. આજે ચરખાસંઘ અત્યંત હદે કેન્દ્રીકૃત સંસ્થા બની ગયો હતો. આવતીકાલે એ સંપૂર્ણ તથા વિકેન્દ્રીકૃત બનશે. ગામડાંમાં જનાર પ્રત્યેક કાર્યકર પોતાનાં સ્વતંત્ર કેન્દ્રો ચલાવશે. મધ્યસ્થ કાર્યાલય તેમના કાર્યની તપાસ રાખશે તથા સંઘ જે સિદ્ધાંતો પર અસ્તિત્વમાં આવ્યો હતો તેની ઉપેક્ષા થવા ન પામે તે માટે તેમને જરૂરી દોરવણી આપશે. ચરખાસંઘ, ગ્રામઉદ્યોગ સંઘ તથા તાલીમી સંઘનું એક સંયુક્ત તંત્રવાહક મંડળ ઊભું કરવું જોઇએ અને તેણે નવી કાર્યનીતિને અમલમાં આણવા સારુ પ્રસંગોપાત્ત જરૂરી સૂચનાઓ આપતા રહેવું જોઇએ. અહિંસાના સંપૂર્ણ વિકાસ માટે એમણે પોતાને સંયુક્તપણે જવાબદાર ગણવા જોઇએ. નિમ્નમાં નિમ્ન તથા ઉપેક્ષિતને નિશ્ચિંતતા અર્પી શકે એવી સ્વતંત્રતા માત્ર અહિંસા દ્વારા એટલે કે ચરખા દ્વારા જ આવશે. એટલે તેઓ સંઘને એ ઉદ્દેશ પૂરો પાડતો બનાવી શકે તેમ હશે તો તેમને એમનો સંપૂર્ણ સહકાર મળશે. જો એમ નહિ થાય તો, એ માત્ર એક લોકોપકારક સંસ્થા તરીકે ચાલુ રહી શકશે, પણ એ એમને માટે પૂરતું નહિ હોય. એવા સંજોગોમાં તેમણે એમને એમનો ભવિષ્યનો માર્ગ જાતે કરી લેવા દેવો જોઇએ.

સપ્ટેમ્બરની ૯મીની સવારે ગાંધી મુંબઈ પહોંચ્યા. રાતે એક વાગ્યે સાયણ સ્ટેશને ઊતર્યા અને બિરલાહાઉસ તરફ હંકારી ગયા. સવારથી માંડીને આખા યે મલબાર હિલના વિસ્તાર પર પોલીસ તથા લશ્કરનો રક્ષક પહેરો ગોઠવાઈ ગયો.

ચારમાં પાંચ મિનિટે ગાંધી પ્યારેલાલ સહિત ઝીણાના નિવાસે પહોંચ્યા. ઝીણાએ સ્વાગત કર્યું, અને ગાંધીના કુશળસમાચાર પૂછયા. ગાંધીએ વહાલપૂર્વક પોતાનો હાથ ઝીણાને ગળે પરોવ્યો. પોતે કુશળ હોવાનું જણાવ્યું. ઝીણાએ ફોટોગ્રાફરોને સંતોષ આપવાની ગાંધીને વિનંતિ કરી.

ગાંધી અને ઝીણા અભ્યાસખંડમાં પહોંચ્યા. સાંજે ૭ વાગ્યા સુધી બંધ બારણે ચર્ચા. મુલાકાતને અંતે એમના બંનેની વતી ઝીણાએ નીચેનું નિવેદન પત્રકારો સમક્ષ કર્યું: “ત્રણ કલાક સુધી અમારી વચ્ચે નિખાલસ અને મિત્રભાવભરી વાતચીત ચાલી, અને સોમવારે સાંજે સાડાપાંચથી અમે ફરી એ વાતચીત હાથ ધરવાના છીએ. આવતી કાલે રમઝાનની ૨૧મી તારીખ હોઇને બધા મુસલમાનોએ તે પાળવાની હોય છે, અને એટલા માટે રમઝાનની ૨૧મીએ કશી મુલાકાત ન રાખવાનો એહસાન કરવાની મેં મિ. ગાંધીને વિનંતિ કરી છે.’

ઝીણાએ જ્યારે ‘એહસાન કરવાની મેં મિ. ગાંધીને વિનંતિ કરી છે’ એ શબ્દો વાપર્યા, ત્યારે ગાંધીએ સ્મિતપૂર્વક જણાવ્યું: ‘એહસાન જેવું કશું જ નથી; હું તો આધીન થવાને તત્પર છું.’

સપ્ટેમ્બરની ૧૧મીએ સાંજે ઝીણા સાથેની વાતચીત પછી તરતમાં જ પ્રાર્થના માટે મળેલી સભામાં ગાંધીએ હિંદુસ્તાનીમાં જણાવ્યું કે અત્યારના તબક્કે એ જે કંઈ કહી શકે તેમ હતું એ એટલું જ કે એ અને ઝીણા શનિવારે તથા ફરી પાછા તે દિવસે જૂના મિત્રો તરીકે મળ્યા હતા. ઝીણા અને એમની વચ્ચે માત્ર પ્રભુ જ સાક્ષી હતો. 'આ દિવસો દરમિયાન મારી એ સતત પ્રાર્થના રહી છે કે તે મારી વાણીને એવી રીતે દોરે કે ઝીણાસાહેબની લાગણીને દૂભવે, અથવા તો અમો બંનેના પ્રિય ઉદ્દેશને ક્ષતિ પહોંચાડે એવો એક પણ શબ્દ મારા હોઠેથી બહાર પડવા ન પામે....અમારું લક્ષ્ય સમગ્ર હિંદ માટે સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું છે. એટલા માટે જ અમે પ્રાર્થીએ છીએ અને જીવન સમર્પિત કરવા બંધાયા છીએ....અમને અમારી જવાબદારીનું પૂરેપૂરું ભાન છે અને સમાધાન પર આવવાને અમે તનતોડ પ્રયત્ન કરી રહ્યા છીએ.'

અમેરિકન પત્ર 'પી. એમ.' ને આપેલી મુલાકાતમાં ગાંધી–ઝીણા મંત્રણા પર ટીકા કરતાં સર સ્ટેફર્ડ ક્રિપ્સે જણાવ્યું: 'બહારની કોઈ પણ સત્તા કોંગ્રેસ અને લીગને સમાધાન પર આવવાની ફરજ ન પાડી શકે. આ બે મોટા પક્ષોના કશી સહમતિ પર આવ્યા પછી પણ, એક બીજી અગ્રગણ્ય લઘુમતીઓને તેમને નવા બંધારણ નીચે, પૂરતું રક્ષણ આપવામાં આવશે એવી પ્રતીતિ કરાવી આપવાની જરૂર ઊભી જ હશે.'

સપ્ટેમ્બરની ૧૨મીએ સવારે સાડાદસ વાગ્યે ગાંધી ઝીણાને નિવાસે પહોંચ્યા. ૧ વાગ્યા સુધી વાતચીત ચાલી. ફરી પાછી ૫–૩૦ થી ૭ સુધી તે હાથ ધરવામાં આવી. ગાંધીનું બપોરનું તથા સાંજનું ભાણું એમને ઝીણાને નિવાસે પહોંચાડવામાં આવ્યું. કશું નિવેદન બહાર પાડવામાં ન આવ્યું. ઝીણાના નિવાસથી પ્રાર્થનાસ્થાન સુધી ગાંધી પગે ચાલતા પહોંચ્યા, જ્યાં પ્રાર્થના માટે મોટી મેદની જમા થયેલી.

સપ્ટેમ્બરની ૧૩મીએ ગાંધી–ઝીણા વાતચીત બપોરે ૧૧ થી ૧ અને સાંજે ૫–૩૦થી ૭ સુધી ચોથો દિવસ ચાલુ રહી. ગાંધી સાથે એમની હમેશની લાંબી ઝીણી ફાઇલ હતી, જ્યારે ઝીણા સાથે લીલા પૂંઠાની પાતળી ચોપડી હતી. ગાંધીએ સાંજનું ભાણું ઝીણાને ત્યાં જ લીધું.

સપ્ટેમ્બરની ૧૪મીએ હિંદુ પંચાંગ મુજબ ગાંધીની ૭૫મી જન્મજયંતી ઊજવવામાં આવી. હિંદભરમાંથી અભિનંદનો.

ગાંધી–ઝીણા વાતચીતનો પાંચમો દિવસ. ૫–૩૦થી ૭ સુધી વાતચીત ચાલી.

સપ્ટેમ્બરની ૧૫મીએ ઝીણાએ અખબારોજોગું ટૂંક નિવેદન કર્યું. 'હું તમને જણાવવા માગું છું કે મારા પર એટલા બધા તારો અને પત્રો આવી પડ્યા છે અને એમાં એવો હજારો લેખે ઉમેરો થતો જાય છે કે એ બધાનો જવાબ આપવાનું, ખાસ કરીને અમે અહીં અમારી વાતચીતોમાં રોકાયેલા છીએ તેવે વખતે, તદ્દન અશક્ય છે.

મારા પર શુભેચ્છા પાઠવનારા સૌ કોઇને હું ખાતરી આપું છું કે હું એની કદર કરું છું અને તે બદલ આભાર માનું છું. મારી વિચારણા માટે પોતાની સૂચનાઓ, દરખાસ્તો કે ખ્યાલો મારા પર મોકલાવી આપનાર સૌ કોઇને હું ખાતરી આપું છું કે મેં ખૂબ જ કાળજીપૂર્વક તે તપાસ્યા છે તથા તે પાછળ વધુમાં વધુ લક્ષ આપ્યું છે, અને હું જો એની પહોંચ સ્વીકારવાને શક્તિમાન ન થયો હોઉં તો તેનું કારણ એ કે, એ દેખીતું જ અશક્ય છે. મને આશા છે કે તેમને કશી ગેરસમજણ થવા નહિ પામે.

૫–૩૦થી ૭–૧૦ સુધી ગાંધી–ઝીણા વાતચીત ચાલુ. ઝીણાએ વર્તમાનપત્રો જોગ જણાવ્યું: 'કાલે અમે મળવાના નથી, કારણ કે રમઝાનનો એ મોટો દિવસ છે અને એ દિવસે કુરાનનો આવિર્ભાવ થયો હોઇને ઉત્સવનો દિવસ છે. ત્યારપછી અમે પહેલાંના જ સમયે મળતા રહેવાના છીએ....કશી વિશેષ જાહેરાત ન થાય ત્યાં સુધી.'

સપ્ટેમ્બરની ૧૬મીએ છૂપી પોલીસના એક અમલદારે બપોરના ભાગમાં લીધેલી ગાંધીની મુલાકાતે ખૂબ કુતૂહલ જન્માવ્યું. પત્રકારોએ પૂછી જોતાં અમલદારે એ બાબતમાં કશું પણ કહેવાની ના પાડી.

સાંજે પ્રાર્થના શરૂ કરતાં પહેલાં ગાંધીએ લોકોને ટોળે નહિ વળતાં શાંતિપૂર્ણ વાતાવરણ જાળવી રાખવાની અરજ કરતું ટૂંકું ભાષણ આપ્યું.

ગાંધી–ઝીણા વાતચીત પડી ભાંગશે એવા કશા નિવેદનથી ગેરમાર્ગે દોરાઇ ન જતાં તેની સફળતા માટે હાર્દિક પ્રાર્થના કરતા રહેવાની શ્રી. રાજગોપાલાચારીએ દાદાભાઈ નવરોજજીની ૧૨૦મી જન્મજયંતીના સમારંભમાં લોકોને અરજ કરી.

સપ્ટેમ્બરની ૧૭મીની સવારે ડૉ. ગિલ્ડર તથા ડૉ. જીવરાજ મહેતાએ ગાંધીને તપાસ્યા.

સાંજે ૫–૩૦ વાગ્યે ગાંધી–ઝીણા વાતચીત હાથ ધરવામાં આવી, જે ૭ વાગ્યા સુધી ચાલુ રહી.

સોમવારે સાંજે ૭ વાગ્યા સુધી ગાંધીનું મૌન ન છૂટતું હોઇને એ દિવસે કશી વાતચીત નહોતી થવાની. ચાંદ દેખાય અને ઈદ જો એ જ દિવસે પાળવામાં આવે તો મંગળવારે પણ કશી વાતચીત ચાલવાની નહોતી.

વિશેષ જાહેરાત થતાં સુધી વાતચીત ચાલુ જ રહેવાનું ઝીણાએ પત્રકારોને જણાવ્યું.

સપ્ટેમ્બરની ૧૮મી, મૌનનો દિવસ. સાંજની પ્રાર્થનાની સભામાં પોલીસે વધુ તકેદારી રાખી. ઝીણાએ ઇદના સંદેશમાં જણાવ્યું: '....આ એક ખરેખરી કસોટી છે....સંપૂર્ણ સ્વતંત્રતા મેળવતાં સુધી અને પાકિસ્તાનના ધ્યેયપર્યંત સફળતાપૂર્વક પહોંચતાં સુધી ચાહે તે ભોગ આપવાને....આપણે આ અત્યંત ભવ્ય દિને એક વાર ફરી નિશ્ચય કરીએ.'


સપ્ટેમ્બરની ૧૯મીએ ૫–૩૦ થી ૭ સુધી ગાંધી–ઝીણા વાતચીત. ઈદને લઇને વધુ વાતચીત ૨૧મીની સાંજે મુલતવી રહી.

સાયંપ્રાર્થનાની પૂર્ણાહુતિ કરતાં ગાંધીએ જણાવ્યું કે હાજર રહેલા સર્વકોઇને એમની હૃદયપૂર્વકની પ્રાર્થના હતી કે, દેશનું હિત તેમને હૈયે હોય અને વહેલામાં વહેલી પળે હિંદ મુક્ત અને સ્વતંત્ર બને એવી અકાંક્ષા હોય, તો તેમણે હિંદુઓ અને મુસલમાનો તથા અન્ય કોમોના સભ્યો સાથે દોસ્તીનો વધુમાં વધુ નજીકનો નાતો સ્થાપવો જોઇએ. તેમનામાંના પ્રત્યેકે ઓછામાં ઓછું એટલું તો કરી છૂટવું જાઇએ, અને તે કરી શકાય તેમ હતું. શું એવો કોઈ રહ્યો હતો જે સઘળા એકદિલ બન્યા પછી સ્વાતંત્ર્યનું આગમન ઝડપી બનવાની બાબતમાં શંકાશીલ હતો ? પોતે હિંદ પાછા આવ્યા ત્યારથી એ સત્ય છાપરે ચડીને પોકારતા રહ્યા હતા. એનો અર્થ એ નહોતો કે તેઓ પ્રમાદ સેવી શકે તેમ હતું અને સ્વતંત્રતા તો આપમેળે ખોળામાં આવી પડવાની હતી. એ જો સિદ્ધ થાય તો બીજી અનેક વસ્તુઓ તો તેની પાછળપાછળ અવશ્યમેવ ચાલી આવવાની હતી.

ઑક્ટોબરની ૨જીએ અંગ્રેજી પંચાંગ અનુસાર ગાંધીનો ૭૯મો જન્મજયંતી મહોત્સવ-



બાપુના આશીર્વાદ : ચિત્ર તવારીખ


બાપુના આશીર્વાદ







Gandhiji's Birth-place, Porbandar ←



1877

Primary school, Rajkot →




1890

Law student, London



1883

High School, Rajkot




1905

Johannes-burg



1886

Last year at school



1906

Leader, Indian Ambulance Corps, 'Zulu Rebellion'

Courtesy : Gandhi Sangraha,



1890

As member, Vegetarian Society, London


Courtesy :
Gandhi Sangraha



1899

With Indian Ambulance Corps, Boer War

Courtesy :
R. K. Prabhu



1906

With Indian Ambulance Corps, 'Zulu Rebellion'

Courtesy :

1912

With Gokhale in South Africa

Courtesy :
Gandhi Sangraha




1914-15

With Kasturba

i. In London

ii. In India

Courtesy :
Gandhi Sangraha





1921

With Mrs. Besant and Srinivasa Sastri

Courtesy :





At Tolstoy Farm with Kallenbach (1910)



Leader of Satyagraha, South Africa (1913)



Non-cooperation days (1920)



President, Belgaum Congress (1924)

Courtesy : Gandhi Sangraha

Bonfire of foreign cloth, Bombay (1921)

Courtesy : R. K. Prabhu





Rest house, Dandi March



Addressing en rou

SALT SATYAGRAHA, 1930



Baton charge

Courtesy : Gandhi Sangraha




March to the sea

Death of volunteer, Babu Genu



Women volunteers





At Tolstoy Farm with Kallenbach (1910)



Leader of Satyagraha, South Africa (1913)



Non-cooperation days (1920)



President, Belgaum Congress (1924)

Courtesy : Gandhi Sangraha

Bonfire of foreign cloth, Bombay (1921)

Courtesy : R. K. Prabhu





Rest house, Dandi March



Addressing en rou

SALT SATYAGRAHA, 1930



Baton charge



March to the sea

Courtesy : Gandhi Sangraha

Death of volunteer, Babu Genu



Women volunteers





On S. S. Rajputana
←

With Charlie Chaplin
→

At the rudder
→

On deck
→

In sculptor's studio
→

At 10, Downing Street
→

Courtesy :
Kusumben N. Desai

R. T. C. VISIT 1931



On bridge

R. T. C. session




On way to R. T. C.

















Fast, 'Parnakuti,' Poona (1933)

Harijan tour (1934)
Courtesy : N. Jasani



Fasting (1933)

Courtesy :
R. K. Prabhu

Presiding at Gujarati Sahitya Parishad (1935) →

Courtesy :
Gandhi Sangraha

Rajkot fast (1939) →

Courtesy :
N. Jasani


Literacy campaign (1939) →

Photo : D. G. Tendulkar

Last day at Sabarmati (1933)

Courtesy : Gandhi Sangraha

Harijan tour (1934)

















Visit to Viceroy,
Simla (1939)

With Louis Fischer
at Sevagram (1942)

With Vinoba Bhave,
Individual Satyagraha (1940)

Journey by bus

Photos : Kanu Gandhi

August 1942
Inset - Bhansali's fast









